# એક શતકનું પત્રકારત્વ :
# સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભે
## [ઈ.સ. ૧૮૨૨ થી ૧૯૨૨]

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની
વિનયન વિદ્યાશાખાના ગુજરાતી વિષયમાં
પીએચ. ડી.ની પદવી માટે રજૂ કરેલ મહા શોધનિબંધ
[ભાગ–૧]


: પ્રસ્તુતકર્ત્રી :

ચારુલતાબેન ભાણાભાઈ ગામીત
[રજિસ્ટ્રેશન નં. ૨૪૧૪, તા. ૨૮–૪–૨૦૧૦]

: માર્ગદર્શક :

**પ્રા. ડૉ. જશુ પટેલ**
[એમ. એ., એમ.ફિલ.,પીએચ. ડી.]
ઍસોસિએટ પ્રોફેસર
ડિપાર્ટમેન્ટ ઑફ ગુજરાતી
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત**



જૂન – ૨૦૧૩

# CERTIFICATE

*This is to certify that*
*Charulataben B. Gamit has completed*
*her research work in Gujarati entitled*
**એક શતકનું પત્રકારત્વ : સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભે**
**[ઈ.સ. ૧૮૨૨ થી ૧૯૨૨]**
*for the degree of*

## Doctor of Philosophy

[Gujarati]

*in the Faculty of Arts. She has submitted her Thesis under my guidance and supervision.*
*It is a memorable record of the bonafide research work carried out by her is satisfactory.*
*She fulfils all the statutory conditions deserved as a Ph. D. student of the*
**Veer Narmad South Gujarat University, Surat.**

**Place : Surat**
**Date : -06-2013**

*Dr. Jashu Patel*
Guide
*Professor, Dept. of Gujarati*
*Veer Narmad South Gujarat University, Surat*

# CERTIFICATE

This is to certify that

the Thesis work on

*એક શતકનું પત્રકારત્વ : સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભે*

*[ઈ.સ. ૧૮૨૨ થી ૧૯૨૨]*

is submitted by

Charulataben B. Gamit

is satisfactory and is accepted for

Examination.

**Place : Surat**

**Date : -06-2013.**

# ઋણ સ્વીકાર

આ મહા શોધનિબંધ માટે સૌ પ્રથમ તો હું પૂજ્ય શ્રીમોટાને કૃતજ્ઞતાપૂર્વક નતમસ્તક પ્રણામ કરું છું. એમની પ્રેરણા અને અજ્ઞાત આશીર્વાદ થકી મારું કાર્ય સારી રીતે શક્ય બન્યું છે.

શોધકાર્ય શરૂ કરતી વખતે સૌથી મોટો અને વિકટ પ્રશ્ન એક સારા માર્ગદર્શક મેળવવાનો હોય છે. પરંતુ આ બાબતમાં હું ભાગ્યવાન ગણાઉં કે મને આદરણીય પ્રા. ડૉ. જશુભાઈ પટેલનું માર્ગદર્શન, સલાહ–સૂચન મળ્યાં. વળી એમનું માર્ગદર્શન સતત પ્રોત્સાહિત કરનારું રહ્યું. એમણે ઉત્તમોતિઉત્તમ કાર્ય કરવાને અને મારી શક્તિઓમાં પ્રાણ પૂરી સતત પરિશ્રમશીલ બની રહેવાની  તેમજ ધ્યેયને પામવાની પ્રેરણા આપી, મને નવી ક્ષિતિજે પહોંચાડવાને માટે એમનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. એમના ધર્મપત્ની હંસાબેને પણ મને હંમેશા સ્નેહપૂર્વક આતિથ્યભાવથી આવકારી છે, એમના એ આતિથ્યને હું ક્યારેય ભૂલી શકીશ નહિ. એમની પણ હું આભારી છું.

મારા એમ. ફિલ.ના શોધકાર્યના માર્ગદર્શક માનનીય પ્રા. વિપીન કીકાણી સાહેબને અત્રે હૃદયપૂર્વક યાદ કરું છું. જેમણે મને આ પથ બતાવ્યો. આ પથનો પાયો નાંખવાનું શ્રેય નિઃશંકપણે કીકાણી સાહેબને આભારી છે. તેમના સતત પ્રોત્સાહિત કરનાર માર્ગદર્શનને કારણે આજે હું આ ક્ષિતિજે પહોંચી છું, તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

હું મારા માતા–પિતાના ચાર સંતાનો પૈકી સૌથી નાની અને વહાલી પુત્રી છું. આર્થિક રીતે સામાન્ય સ્થિતિના હોવા છતાં પેટે પાટા બાંધીને પણ પોતાની પુત્રીને

શિક્ષણ અપાવ્યું. મારી મહેચ્છાઓને પરિપૂર્ણ કરવા માટે તેઓએ પ્રતિકૂળ સંજોગોમાં પણ આત્મબળ અને પ્રેરણા પૂરી પાડી. આમ, મારા શિક્ષણનો પ્રવાહ સતત વધતો રહ્યો. મારા લગ્ન થયા ત્યારબાદ આ પ્રવાહને અટકાવવાનો પ્રયત્ન થશે એવો મનમાં સતત ડર રહેતો હતો. પરંતુ મારા સાસુ–સસરાએ એમના સ્નેહ અને હૂંફ થકી એ ડરને દૂર કર્યો. માતા–પિતાની જેમજ મારા શિક્ષણકાર્યને અવરોધ્યા વગર મને આવકારી, એના માટે જે કંઈ કરવાની જરૂર લાગી તે દરેક સુવિધાઓ પૂરી પાડી મને પ્રોત્સાહિત કરી. મારા શિક્ષણકાર્યને આગળ વધારવામાં તેમનો પણ મહત્ત્વનો ફાળો રહ્યો છે. એમના ઋણને હું આજીવન ભૂલી શકીશ નહિ. એમને સાદર વંદન કરું છું.

સાહિત્ય સંશોધનની પ્રક્રિયા સતત વિકાસ પામનારી પ્રક્રિયા છે. કોઈ પણ કાર્ય માનવી એકલા હાથે પરિપૂર્ણ કરી શકતો નથી, એને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદની આવશ્યકતા રહે છે. એમાં સાહિત્ય સંશોધનની પ્રક્રિયા માટે તો ઘણા મહાનુભાવોની, સાહિત્યકારોની, ગુરુજનોનાં સહકાર અને માર્ગદર્શનની જરૂર પડે છે. મારા આ શોધનિબંધને પરિપૂર્ણ કરવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નામી–અનામી સ્વજનોએ જ્ઞાનરૂપી દીવાને પ્રજ્વલિત કરવાનું કાર્ય કર્યું હોય, આવા સૌ આત્મીય ગુરુજનોનો ઋણભાર મારા શીરે હંમેશા રહેશે.

મારા પતિશ્રી મુકુંદનો હું સૌથી વિશેષ આભાર માનું છું. એમના સાથ–સહકાર વિના હું આ કાર્ય પૂર્ણ કરી શકી ન હોત. એમનો આ સુઅવસરે જેટલો આભાર માનું એટલો ઓછો છે. એમના અગાધ પ્રોત્સાહન વડે જ લગ્ન પછી પણ હું મારું શોધકાર્ય પૂર્ણ કરી શકી છું.

મારી શોધકાર્યની આ સફરમાં સતત મારી પડખે ઊભા રહી મારા કાર્યને સફળતાના મુકામે લઈ જવામાં મારી ભગિની નીતા અને મિત્રવૃંદને ભાવપૂર્વક સ્મરું છું.

મારા આ શોધકાર્યમાં સાહિત્યની ખોટ પૂરી કરવામાં ભો. જે. વિદ્યાભવન, અમદાવાદના લાયબ્રેરી વિભાગનો ઘણો ફાળો રહ્યો છે. લાયબ્રેરી વિભાગના વડા ડૉ. આર. ટી. સાવલિયા સાહેબ તેમના કર્મચારી શ્રી પ્રવીણસિંહ વાઘેલા અને હર્ષદ શિહોરાએ જે સહકાર આપ્યો છે, તે બદલ તેમની આભારી છું.

અંતે ભારે જહેમત લઈ મારી અપેક્ષા મુજબ સરસ અક્ષરાંકન તથા સ્વચ્છ અને સુઘડ રીતે શોધનિબંધનું નિર્ધારિત સમયમાં કોમ્પ્યુટર ટાઈપીંગ કરી આપનાર સુબંધુ પટેલ તથા શોધનિબંધના બાઈન્ડિંગ–પ્રિન્ટીંગ સુધીની તમામ જવાબદારી સ્વીકારીને મારા આ કાર્યને સુપેરે પાર પાડનાર મુ. કલ્યાણજીકાકા પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું.

આ શોધનિબંધ તૈયાર કરવામાં જે કોઈ નામી–અનામી વ્યક્તિઓ કે જેમનો નામોલ્લેખ કરવો શક્ય નથી પણ મને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી છે, તે સર્વનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

મારા આ શોધનિબંધમાં વિચારદોષ કે ભાષાદોષ રહી ન જાય તેની મેં પૂરતી કાળજી રાખી છે તેમ છતાં કદાચ ક્યાંય ભૂલ રહી ગઈ હોય તો ક્ષમ્ય ગણી માફ કરશો એજ અભ્યર્થના સહ વિરમું છું.

અસ્તુ.

સુરત,
તા. –૦૬–૨૦૧૩.

**[ચારુલતાબેન બી. ગામીત]**
**અધ્યેત્રી**

# પ્રસ્તાવના

સાંપ્રતયુગમાં આધુનિકતાના વિકાસની સાથે માનવીના સામાજિક વિકાસની સવિશેષ જરૂરિયાત ઊભી થઈ છે. આધુનિક સમયના માનવીમાં રહેલી અજ્ઞાનતા, જડતાને દૂર કરી તેમના જીવનને જ્ઞાનપથ પર આગળ વધારવા માટે વિવિધ લોકોએ પ્રયત્નો કર્યો છે. જેમાં, સાહિત્યકારો, સંતો, ઋષિઓ અને પત્રકારોનો સમાવેશ થાય છે. એમાં પત્રકારોનું પ્રદાન વિશેષ મહત્ત્વનું રહ્યું છે. સાહિત્યકારો, સંતો, ઋષિઓ અને પત્રકારોના વિચારો લોકો સુધી પહોંચાડવામાં વર્તમાનપત્રો, પુસ્તકો અને સામયિકોનો ફાળો છે. એ દ્વારા લોકજાગૃત્તિનું ઉત્તમ કાર્ય હાથ ધરવામા આવ્યું. એ સમય હતો સમાજ સુધારાનો. એ સુધારકયુગમાં ભારતીય સમાજમાં અજ્ઞાનતા, જડતા, અંધશ્રદ્ધા, વહેમ જેવા દુષણોએ લોકમાનસ પર કબજો જમાવ્યો હતો. એ દુષણોમાંથી ભારતીય સમાજને મુક્ત કરવા માટે આવા સુધારકો અને એમના હથિયાર તરીકે વર્તમાનપત્રો, પુસ્તકો અને સામયિકોએ પોતાનું યોગદાન આપ્યું. આ માધ્યમો થકી જ સમાજને ઉન્નતિના માર્ગે દોરી જવાયું.

આપણે પ્રાચીનયુગનો અભ્યાસ કરીશું તો, જાણવા મળશે કે તે સમયે લોક કેળવણી નહિવત્ હતી. લોકોમાં અજ્ઞાનતા, જડતા અને અંધશ્રદ્ધા જેવા દુષણો ઘર કરી ગયા હતા. એ દુષણોને નાથવા અને દૂર કરવા માટે વિદ્વાનોએ આવા વર્તમાનપત્રોને લોકો સમક્ષ ખુલ્લાં મૂક્યા. તે થકી લોકજાગૃતિ આવી. લોકમાનસ પરિવર્તન પામ્યું. પ્રાચીન લોકમાનસનો અભ્યાસ કરતાં એક વાત આંખે ઊડીને વળગી તે એ છે કે, પ્રાચીન લોકમાનસમાં સામાજિક અને સાંસ્કૃતિક પરિવર્તન આવ્યું એ તે સમયના

વર્તમાનપત્રોને આભારી હતું. વર્તમાનપત્રો જાણે કે જનમાનસના સંતો, મહાત્માઓ બની રહ્યાં.

માનવી સદા જીવનમાં સત્યપ્રિય બનવા મથતો રહ્યો છે. તેમણે સત્યને પોતાના જીવનનું આદર્શ બનાવ્યું છે અને તે સત્યનો મહિમા ગાતો રહ્યો છે. પ્રાચીન સમયમાં સત્યનો કેવો મહિમા રહ્યો છે એના અનેક ઉદાહરણો આપણને આપણા ધર્મગ્રંથો જેવાં કે રામાયણ, મહાભારત, ભગવદ્‌ગીતા, પુરાણો, ઉપનિષદો, વેદો વગેરેમાંથી મળી રહે છે.

મારા વિષયના અનુસંધાનમાં સુધારકયુગમાં ગુજરાતી પત્રકારત્વનું સવિશેષ મહત્ત્વ રહ્યું છે. તેમના થકી લોકમાનસમાં જાગૃતિ, સમાજમાં જાગૃતિ અને આપણી સંસ્કૃતિ પ્રત્યે લોકજાગૃતિ આવી છે. એ લોકજાગૃતિ માટે વિવિધ વર્તમાનપત્રોએ પોતપોતાના સમયમાં સવિશેષ કાર્ય કર્યું છે. એવા વર્તમાનપત્રો લુપ્ત થઈ જાય એ પહેલાં, એના અલભ્ય અવશેષો મેળવી, એમનો અભ્યાસ કરી, એમનો લોકપરિવર્તનમાં રહેલો ફાળો, જનમાનસ કે જનસમાજ સમક્ષ પ્રત્યક્ષ કરવાનો મારો પ્રયત્ન રહ્યો છે.

આ સંશોધન થકી માનવજાગૃતિમાં વર્તમાનપત્રોનું યોગદાન જાણી શકાશે. આ સંશોધન દ્વારા અલ્પ સમય સુધી ટકેલા દુર્લભ વર્તમાનપત્રો, દીર્ઘજીવી છાપ ઉપસાવનારા વર્તમાનપત્રોનો પરિચય પ્રાપ્ત થશે. એના અભ્યાસથી તેમની સવિશેષ શક્તિનો પરિચય મળશે. આ સંશોધન સમાજને સુધારા તરફ દોરી જતું મહત્ત્વનું પરિબળ બની રહેશે.

સુધારકયુગમાં પ્રકાશિત થતા અનેક સામયિકો અને વર્તમાનપત્રોએ લોકોમાં રહેલી બદીઓ દૂર કરવાનું કાર્ય કર્યું છે. આજે આપણને જે પરિવર્તન થયેલો સમાજ

મળ્યો છે, તે પરિવર્તન પાછળ આવા સામયિકો, ચોપાનિયાઓ અને વર્તમાનપત્રોનો ફાળો રહ્યો છે. તે દૃષ્ટિએ પણ આવા વર્તમાનપત્રો, સામયિકો અને ચોપાનિયાનો અભ્યાસ મહત્ત્વનો બની રહ્યો. આવા પત્રને કારણે એક નવો પરિવર્તિત સમાજ પ્રાપ્ત થયો.

સુધારકયુગમાં જુદા જુદા પ્રાંતમાંથી વર્તમાનપત્રો અને સામયિકો બહાર પાડવામાં આવતા હતાં. તેમનો વાચકવર્ગ નહિવત્ હતો. આમ છતાં સમાજને ઉન્નત બનાવવા માટે આવા સામયિકો અને વર્તમાનપત્રો કટિબદ્ધ રહ્યાં, એજ તેમનું ઘણું મહત્ત્વ દર્શાવે છે. તેમની મહત્તા લુપ્ત ન થઈ જાય તે માટે, તેમના થકી થયેલું ઉન્નત કાર્ય લોકો સમક્ષ મૂકી, તેમના અસ્તિત્વને ટકાવી રાખવામાં આ સંશોધન સહાયભૂત થશે. આ રીતે મારું સંશોધન દસ્તાવેજી મૂલ્ય ધરાવે છે. લોકો તેને એક સામાન્ય કે તુચ્છપત્ર ન ગણતા તેના હેતુઓ અને તેમના કાર્યને સમજતા થાય, તો સામયિકો અને વર્તમાનપત્રોને સમાજમા વિશેષ દરજ્જો પ્રાપ્ત થાય.

મારા સંશોધનનો વિષય છે. **''એક શતકનું પત્રકારત્વ : સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભે'' (ઈ.સ. ૧૮૨૨ થી ૧૯૨૨)** મેં મારા આ શોધનિબંધને કુલ આઠ પ્રકરણમાં વિભાજિત કર્યો છે. જેનો સંક્ષિપ્ત સારાંશ આ પ્રમાણે છે :

**પ્રકરણ–૧ :** 'પત્રકારત્વની ભૂમિકા અને ઉદ્‌ભવ' – પત્રકારત્વનું આજના આધુનિકયુગમાં અનેરું મહત્ત્વ છે. પરંતુ પત્રકારત્વને આ સ્થાન પ્રાપ્ત થયું ત્યાં સુધીનો એનો ઇતિહાસ દિલચશ્પ રહ્યો છે. તેનો ઉદ્‌ભવ ક્યારે અને કેવા સંજોગોમાં થયો એ ઘટના મહત્ત્વની છે. તેમના ઉદ્‌ભવ થકી તેમણે પોતાના કાર્યથી સમાજના દૂષણોને દૂર કરવામાં કેવી ભૂમિકા ભજવી તેનો ઇતિહાસ રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે.

આ સાથે આપણને એક પ્રશ્ન થાય કે પત્રકારત્વ એટલે શું ? પત્રકારત્વનો અર્થ કઈ કઈ બાબતો સાથે સંકળાયેલો છે. તે અર્થ અને આપણે વાસ્તવમાં પત્રકારત્વ કોને કહીશું ? તેની વિગત પણ આ સંશોધનમાં આવરી લીધી છે. જુદા–જુદા વિદ્વાનોનાં મંતવ્યોને ટાંકીને તેમના અર્થમાં પત્રકારત્વ કોને કહી શકાય તેની વિગત દર્શાવી છે.

પત્રકારત્વના ક્ષેત્રે પત્રકારત્વનો ઉદ્‌ભવ, તેની ભૂમિકા અને સાથે સાથે આપણે પત્રકારત્વ કોને કહીશું તે વિગત દર્શાવીને એ ક્ષેત્રે કાર્ય કરનાર પત્રકારનો ધર્મ શું છે ? તેનાં કેવાં સિદ્ધાંતો હોવાં જોઈએ ? એક પત્રકાર તરીકે કઈ કઈ બાબતોને ધ્યાનમાં રાખીને કાર્ય કરવાનું છે, તે બાબત નિશ્ચત કરવામા આવી છે. પત્રકારત્વ લોકમાધ્યમ કઈ રીતે બન્યું અને તેમણે તેમની સેવા થકી લોકોને અંધકારમાંથી પ્રકાશ તરફ ગતિ કરાવી એની વિગત પ્રશંસનીય છે. તેમણે લોકો વચ્ચેનું માધ્યમ બની, વિદ્વાનોના સમાજસુધારાના વિચારોને લોકો સુધી પહોંચાડી સમાજની અને દેશની મોટામાં મોટી સેવા કરી છે.

પત્રકારત્વને 'ચોથી જાગીર' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ચોથી જાગીર શબ્દ ક્યારે ઉદ્‌ભવ્યો અને એનો પ્રથમ ઉલ્લેખ કોણે કર્યો ? એ વાત પણ મહત્ત્વની છે. આમ, પત્રકારત્વને ચોથી જાગીરમાં સમાવી તેમની મહત્તાને વધારી દીધી છે. તેનું સમાજ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ વધી ગયું છે. તે તેમના કાર્યથી જ સમજાય છે.

**પ્રકરણ–૨ :** 'મુંબઈના સમાચારપત્રો' – જ્યારે ગુજરાત રાજ્ય અને મહારાષ્ટ્ર રાજ્ય ભેગું હતું તે સમયે ઈ.સ. ૧૮૨૨માં સૌ પ્રથમ ગુજરાતી ભાષાનું વર્તમાનપત્ર 'મુંબઈ સમાચાર' મુંબઈથી પ્રગટ થયું. તેમણે કરેલી સેવા નોંધપાત્ર છે. એ પત્ર આજ પર્યન્ત પ્રગટ થતું રહ્યું છે. તેની સફળતા તેમના અભ્યાસ થકી સમજાય છે. તેની સફળતા તેમના કાર્ય થકી દીપી ઊઠી છે. તેમના તંત્રીઓની કામગીરી પ્રશંસનીય રહી છે.

કટોકટીની પરિસ્થિતિમાં પણ આ પત્રનું સંચાલન વ્યવસ્થિતપણે કરીને તેમની સફળતામાં ચાર ચાંદ લગાવી દીધા છે.

આ પત્રનો ઉદ્‌ભવ જ પત્રકારત્વના ક્ષેત્રનો ઉદ્‌ભવ ગણાય છે. તેમના કાર્ય થકી સમાજની બદીઓ દૂર થઈ છે અને આજે પણ એ પત્ર સમાજને ઉજાગર કરવા સતત પ્રયત્નશીલ રહ્યું છે. તો આવા મહત્ત્વપૂર્ણ વર્તમાનપત્રનો અભ્યાસ કરવો સવિશેષ બની રહે છે. અહીં આ પત્રનો ઇતિથી અંત સુધીનો ઇતિહાસ વણી લેવામા આવ્યો છે. તેમણે આ ક્ષેત્રનો પાયો નાંખવા મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. તેની મહત્તા દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે.

આમ, સમાજમાં નજીવા ગણાતા પત્રોએ સમાજને જે ઉચ્ચ સ્થાન અપાવ્યું છે. તે મુંબઈમાં આ અખબારે બીજા અખબારોના પ્રકાશનની દિશા ઉઘાડી, પારસીઓના અરસપરસના મતભેદોને લીધે ‘ઈબતાલી કબીસે’ અને ‘અખબાર ઈ કબીસે’ નામના બે અલ્પજીવી અખબાર પ્રકાશિત થયાં તે પછી ઈ.સ. ૧૮૩૦માં ૧ સપ્ટેમ્બરે ‘મુમબઈના વરતમાન’ નામનું ગુજરાતી સાપ્તાહિક બહાર પ ું. આ અખબારના તંત્રી નવરોજી દોરાબજી ચાનદારુ ઉર્ફ હલકારુએ ફરદુનજી મર્ઝબાન પાસેથી પત્રકારત્વના પાઠ લીધા હતા. ૮ નવેમ્બર ઈ.સ. ૧૮૩૧ થી તેણે પોતાના પત્રમાં અંગ્રેજી વિભાગ શરૂ કર્યા. પણ પછી સમગ્ર અખબારનું નવું નામ ‘મુમબઈના હલકારુ’ અને ‘વરતમાન’ આપ્યું. ૫ નવેમ્બર ઈ.સ. ૧૮૩૩થી તેમાંથી અંગ્રેજી વિભાગ બંધ કર્યો અને નામ પણ બદલાવ્યું. ‘મુમબઈના ચાબુક !’ ચાબુકને પ્રારંભે તો ‘મુંબઈ સમાચાર’ સામે કોઈ વેર નહોતું, પણ પછીથી બંને પત્રો અરસપરસ ઝઘ ાં, ‘ચાબુક’ પર ઘણા બદનક્ષીના મુકદ્દમા થયા. સરકારે એકવાર તેનો પરવાનો છીનવી લીધો. અંતે ઈ.સ. ૧૮૫૯માં

નવરોજજી ચાનદારુનું મૃત્યુ થયું અને તેના ભત્રીજાએ 'ચાબુક' સંભાળ્યું. ઈ.સ. ૧૮૭૨માં તે 'અખબારે સોદાગર તથા સમાચાર દર્પણ' સાથે જોડાઈ ગયું.

ઉપર્યુક્ત વર્તમાનપત્રો તથા સામયિકોની જેમ જ તે સમયે 'મુંબઈ સમાચાર' (૧૮૨૨) તથા બીજાં અનેક સામયિકો અને વર્તમાનપત્રોએ પણ પોતાની કામગીરી બજાવી હતી. તેમાં 'સમાલોચક' (૧૮૯૬), 'બામદાદ' (૧૮૫૮), 'ફુરસદ' (૧૮૮૧), 'સ્ત્રીબોધ' (૧૮૫૬), 'મુસાફર' (૧૯૦૩), 'ત્રિમાસિક ટીકાકાર' (૧૮૮૩), 'સુખ દુઃખનો સાથી' (૧૮૭૮), 'ગુજરાત' (વિ. સં. ૧૯૭૮) વગેરે સામયિકોએ પણ તે સમયમાં પોતાનો બહુમૂલ્ય ફાળો આપ્યો છે. જેની વિગતે ચર્ચા આ પ્રકરણમાં કરવામાં આવી છે.

**પ્રકરણ–૩ :** 'સુરતના સમાચારપત્રો' – સુરત શહેરમાંથી પ્રકાશિત થતા પત્રોમાં મહત્ત્વના બે પત્રો છે. જેમાં 'ગુજરાતમિત્ર' અને 'ડાંડિયો'નો સમાવેશ થાય છે.

ઈ.સ. ૧૮૬૩માં 'ગુજરાતદર્પણ' નામે વર્તમાનપત્ર પ્રકાશિત થયું તે સમયકાળે બદલાતા 'ગુજરાતમિત્ર' નામે પ્રકાશિત થયું અને તે આજ પર્યન્ત પ્રકાશિત થતું રહ્યું છે. તેણે ૧૪૯ વર્ષમાં જે કાર્ય કર્યું તે મહત્ત્વનું રહ્યું છે. તે પત્રકારત્વ ક્ષેત્રનું એક નિષ્ઠાવાન પત્ર છે. તેમણે પોતાના કાર્યથી સમાજની જે સેવા કરી છે. તે કોઈપણ પત્ર એ સેવાની ભરપાઈ કરી શકે તેમ નથી. આમ આ વર્તમાનપત્રના કાર્યને સમાજના લોકો સુધી પહોંચાડવાનો નાનકડો પ્રયાસ આ સંશોધન થકી હાથ ધર્યો છે.

નર્મદયુગનું સામયિક 'ડાંડિયો' અલ્પ સમય સુધી કાર્યરત હતું. પરંતુ તેમના આ અલ્પ સમયનો કાર્યકાળ સમાજ માટે સુવર્ણકાળ બની રહ્યો છે. આ સામયિકે અલ્પ

સમયમર્યાદામાં સમાજ માટે ઘણું કાર્ય કર્યું છે. સમાજને અંધકારમાંથી તેજ તરફ લઈ જવામાં આ પત્રનો મહત્ત્વનો ભાગ રહ્યો છે. તો આવા પત્રનું સમાજ માટેનું કાર્ય સમય સાથે ભુલાઈ ન જાય તે માટે આ સંશોધનમાં તેમના કાર્યને સમજાવવાનો નજીવો પ્રયાસ કર્યો છે.

'ડાંડિયો'નો પ્રારંભ કરવામાં નર્મદ, ગિરધારીલાલ દયાળદાસ અને નગીનદાસ તુલસીદાસની ત્રિપુટીએ મહત્ત્વનો ભાગ ભજવ્યો. આ પત્રમાં લખનારાઓ પણ નિશ્ચિત લોકો હતા, જેમાં ગિરધારીલાલ દયાળદાસ, નગીનદાસ તુલસીદાસ, કેશવલાલ ધીરજીરામ, શ્રીધરનારાયણ, ઠાકોરદાસ આત્મારામ વગેરે હતાં. 'ડાંડિયો'ની સામગ્રી નર્મદની તીખી અને વેધક શૈલીથી શોભતી. તેમાં સુધારાનો જંગ ખેલવામા આવ્યો છે, મીઠા પરના કરનો વિરોધ કરાયો છે. હિન્દીઓને લશ્કરી તાલીમ આપવાનો અનુરોધ કરાયો છે. અમલદારોને પણ તેણે છો ા નથી. તેના સપાટામાં અનેકો આવ્યા. ગુજરાતનું તે 'સ્પેકટેટર' બન્યું. 'જેમ મોર–બપૈય' મેઘ માટે આતુર હોય છે તેમ ગરીબ તવંગર, મુરખ–ભણેલા, સ્ત્રી અને પુરુષ પહેલી પંદરમીના 'ડાંડિયો'ને માટે વાટ જોતાં.

ઈ.સ. ૧૮૬૪ થી ૧૮૬૯ સુધી આમ 'ડાંડિયો' ગાજ્યા કર્યો. ઈ.સ. ૧૮૬૪ થી સુરતમાંથી સોરાબાજી ખરશેદજી ઈજનેરે 'સન્ડે રિવ્યુ' શરૂ કરેલું તેની સાથે 'ડાંડિયો' પણ ૧૮૬૯માં જોડાઈ ગયું. શ્રી વિ. ક. વૈદ્ય તેનો એક અંક કામા. ઈન્સ્ટિ. માં જોયેલો. જે ૧૬ જન્યુઆરી ઈ.સ. ૧૮૮૦નો અંક હતો અને તેમાં 'સન્ડે રિવ્યુ' તથા 'ડાંડિયો' એવું નામ હતું. સન્ડે રિવ્યુ ઈ.સ. ૧૮૭૧માં બંધ થયું.

સુરતના વર્તમાનપત્રોમાં 'ડાંડિયો' અને 'ગુજરાતમિત્ર' સિવાયના સામયિકોએ પણ પોતાનું યોગદાન આપ્યું છે. એવા કેટલાક પ્રાપ્ય સામયિકોના નામ આ

પ્રમાણે છે : ‘દેશીમિત્ર’, ‘જ્ઞાનદીપક’ (૧૮૫૬), ‘મનોદય’ (૧૮૬૦), ‘વિનોદ’ (૧૯૨૧), ‘વિદ્યા–વિલાસ’ (૧૮૬૯), ‘ગુજરાત નીતિ પ્રકાશ’ (૧૮૭૦) જેવાં સામયિોએ પણ તે સમયના સમાજસુધારાના પ્રવાહને આગળ ધપાવવાના કાર્યમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

**પ્રકરણ–૪ :** ‘અમદાવાદના સમાચારપત્રો ’ – પોતાના શહેરના ખબર અંતર લોકો સુધી પહોંચાડવા અને લોકોને જાગ્રત કરવા જે તે પ્રાંતમાં તે સમયે અલગ–અલગ શહેરથી સામયિકો પ્રકાશિત કરવામા આવતા હતા. અમદાવાદ શહેરમાંથી તે સમયે પ્રકાશિત થતા સામયિકનો અભ્યાસ કરીને લોકોની માનસિક સ્થિતિને કઈ રીતે ઉજાગર કરવી એ માટે આવા સામયિકોએ ઘણા પ્રયત્ન કર્યા છે. હાલ આ સામયિકો અસ્તિત્વ ધરાવતા નથી. તેમણે કરેલ કાર્ય મહત્ત્વપૂર્ણ હતું. સમયકાળે તે લુપ્ત થઈ જાય એ પહેલા એવા સામયિકોનો અભ્યાસ કરી તેમની કામગીરી કેવી મહત્ત્વની હતી તે રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે.

અમદાવાદ શહેરમાંથી ‘બુદ્ધિપ્રકાશ’ નામે સામયિક પ્રકાશિત થતું હતું. એ સામયિક તે સમયના સામજનું તાદૃશ ચિત્ર આપણને આપે છે. આ સંશોધનમાં તેમના ઘણા બધા અસલી અંશોનો સમાવેશ કરી, તે સમયના સમાજનો ચિતાર બતાવી, તેમના કાર્ય વડે સમાજની આરસી કેવી રીતે બદલાઈ અને તેમાં તે સામયિકોનું મહત્ત્વનું પ્રદાન જાણી શકીએ તથા તેના કાર્યને બિરદાવી શકીએ તેવા પ્રયત્નો આ સંશોધન દ્વારા કરવાનું વિચાર્યું છે.

અમદાવાદમાં વર્તમાનપત્રોનો જન્મ કે ઉદ્ભવ થોડો મોડો થવા પામ્યો હતો. વર્તમાનપત્રોનો ફેલાવો કે વિકાસ પ્રમાણમાં મંદ હતો. અમદાવાદ મુખ્યત્વે સામયિકોનું

કેન્દ્ર રહ્યું હતું. આથી મારા આ સંશોધનકાર્યમાં હાલનાં વર્તમાનપત્રોનો અભ્યાસ મેં ઉચિત માન્યો નથી.

આમ, ગુજરાતી પત્રકારત્વનો પ્રારંભ થયો. તેમાં દરેક પ્રાંતમાં સામયિકો, ચોપાનિયા દ્વારા લોકજાગૃતિ માટેની ઝૂંબેશ ચાલી તેમાં અમદાવાદ શહેર પણ પાછળ નથી. શરૂઆતમાં સૌરાષ્ટ્રના પત્રકારત્વના પ્રારંભકાળના ઇતિહાસમાં 'ગુજરાતી શાળાપત્ર'નો પણ ઉલ્લેખ કરવો જોઈએ. આ પત્ર મૂળ તો અમદાવાદમાંથી ઈ.સ. ૧૮૬૨ના જુલાઈ માસમાં શરૂ થયેલું. સરકારના કેળવણી ખાતાએ એનો આરંભ કરેલો અને સ્વ. મહિપતરામ નીલકંઠને એના તંત્રી પદે નીમવામાં આવેલા એનો ઉદ્દેશ શિક્ષણ અને કેળવણીના પ્રશ્નોની ચર્ચા કરવાનો તથા શિક્ષક અને વિદ્યાર્થીના સંબંધો વિકસાવવાનો તથા શિક્ષણની વિવિધ પદ્ધતિઓનો ખ્યાલ આપવાનો હતો. ઈ.સ. ૧૮૭૬માં નવલરામ રાજકોટ આવ્યા અને ઈ.સ. ૧૮૮૮માં તેમનું અવસાન થયું ત્યાં સુધી એ પત્ર રાજકોટથી જ પ્રગટ થતું રહ્યું.

અમદાવાદના સમાચારપત્રોમાં પણ ઘણા બધા સામયિકો અને વર્તમાનપત્રોએ તે સમયે પોતાની જેહાદ જગાવી હતી. તેમાંના કેટલાંક પ્રાપ્ય સામયિકો આ મુજબ છે : 'બુદ્ધિપ્રકાશ' (૧૮૫૪), 'વસંત' (૧૯૦૨), 'નવચેતન' (૧૯૨૨), 'સેવક' (૧૯૧૯) 'માસિકમિત્ર' (૧૮૭૧), 'ખેડા ખેતીવાડી પત્ર' (૧૮૭૯), 'ગુજરાત શાળાપત્ર' (૧૮૬૪), 'સુંદરી સુબોધ' (૧૯૦૪), 'ભાગ્યોદય' (૧૯૧૩), 'બુદ્ધિપ્રભા' (૧૯૦૯), 'ધર્મપ્રકાશ' (વિ. સં. ૧૯૧૫), 'સાબરમતી' (વિ. સં. ૧૯૭૮) વગેરે સામયિકોની દુર્લભ પ્રતો પ્રાપ્ત થઈ છે. તેમાંથી સમાજને લગતા ઘણા લેખો તથા વિગતોનો સમાવેશ આ પ્રકરણમાં કરવામાં આવ્યો છે.

**પ્રકરણ–૫ :** 'સૌરાષ્ટ્રના સમાચારપત્રો' – સૌરાષ્ટ્ર પ્રાંતમાંથી તે સમયે જે પત્રો પ્રકાશિત થતા હતા અને તેમણે તે પ્રાંતમાં જે મહત્ત્વની કામગીરી દર્શાવી તે લોકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે. સૌરાષ્ટ્રના પત્રકારત્વનો ઇતિહાસ બહું પ્રાચીન નથી. એની આવરદા દોઢસો એક વર્ષની છે. ઈ.સ. ૧૮૨૨માં ગુજરાતી ભાષાનું પ્રથમ અખબાર 'મુંબઈ સમાચાર' મુંબઈથી શરૂ થયું અને ઈ.સ. ૧૮૪૯માં ગુજરાતનું સૌથી પહેલું પત્ર શરૂ થયું. આમ ગુજરાતી ભાષાનું પત્રકારત્વ ઈ.સ. ૧૮૫૭ના બળવાથી પણ આગળ જાય છે અને ગુજરાતનું પત્રકારત્વ લગભગ એ અરસાથી શરૂ થાય છે, ત્યારે સૌરાષ્ટ્રમાં ઈ.સ. ૧૮૬૪–૧૮૬૫ની આસપાસ પત્રકારત્વની ચળવળ શરૂ થાય છે. ત્યાં સુધી સૌરાષ્ટ્રમાં મુંબઈ અને ગુજરાતનાં અખબારો વાંચવાનું વલણ વિશેષ રહ્યું અને દેશી રાજ્યોના વહીવટમાંથી જન્મેલા પ્રશ્નોએ સૌરાષ્ટ્રનું પોતાનું છાપું હોવાની લાગણીને વેગ આપ્યો અને એમાંથી સૌરાષ્ટ્રમાં સ્વતંત્ર પત્રકારત્વનો જન્મ થયો.

પત્રકારત્વના ઉદ્‌ભવની સાથે દરેક પ્રાંતમાં સમાજના વિકાસ માટે સમાજની જાગૃતિ માટે અને લોકજાગૃત્તિના અભિગમ રૂપે સમાચારપત્રોનો ઉદ્‌ભવ થયો. તેમાં જુદાં જુદાં પ્રાંતના જુદાં જુદાં સમાચારપત્રોએ પોતાના પ્રાંતના લોકમાનસને પરિવર્તિત કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. જૂનાગઢમાંથી પ્રકાશિત થતા સામયિકો આ પ્રમાણે છે. (૧) આર્ય સહોદર, (૨) સૌરાષ્ટ્ર દર્પણ, (૩) વરતમાનપત્ર, (૪) બાળ જ્ઞાનોદય વગેરે.

રાજકોટમાંથી પ્રકાશિત થતાં સમાચારપત્રો અને સામયિકો રાજકોટના આજુબાજુના વિસ્તારને આવરીને ત્યાંની ઘટના, બનાવો, પ્રસંગો, રમત–ગમત, રાજકારણ વગેરે વિવિધ વિષયોને અનુસંધાનમાં સમાચાર લોકો સુધી પહોંચાડવા માટે આવા સમાચારપત્રોનો ઉપયોગ કરે છે અને તેના ઉપયોગ થકી સમાજનું નવનિર્માણ

શક્ય બન્યું છે. આવા રાજકોટના સમાચારપત્રો આ મુજબ છે : (૧) વિજ્ઞાન વિલાસ, (૨) કાઠિયાવાડ સમાચાર, (૩) વિદ્યાગુણ પ્રકાશ વગેરે.

સમાચારપત્રોનો નહિવત્ સમાજ હોય છે. એ સમાજમાં નહિવત્ વાચકો હોય છે. તેથી આવા સામયિક પ્રાંત માટે જ બહાર પાડવામાં આવે છે. તેમાં ભાવનગર પ્રાંતમાંથી 'ખેડૂત' નામનું સામયિક બહાર પાડવામાં આવતું હતું. તેમાં ભાવનગરના દેશી રજવાડાની ખટપટ વગેરે વિષયોને ધ્યાને લઈને સામયિકોમાં પ્રસિદ્ધ કર્યા છે.

સૌરાષ્ટ્રના સમાચારપત્રોમાં ઘણા પત્રો સૌરાષ્ટ્રમાંથી જ તે સમયે બહાર પડતાં હોવા છતાં એ દુર્લભ વર્તમાનપત્રોની પ્રત પ્રાપ્ય બની નથી. તેમાંથી જે કોઈ સામયિકની પ્રત પ્રાપ્ય બની છે, તેનો ઉલ્લેખ પ્રકરણમાં વિગતે કરવામાં આવ્યો છે. તેમાં જૂનાગઢથી પ્રકાશિત થતાં સમાચારપત્રોમાં માત્ર 'સૌરાષ્ટ દર્પણ' (૧૮૬૩)ની પ્રતો પ્રાપ્ત થઈ છે. તેની વિગતે ચર્ચા કરવામાં આવી છે. ત્યાર બાદ રાજકોટથી પ્રકાશિત થતાં સમાચાર–પત્રોમાં 'વિજ્ઞાન–વિલાસ' (૧૮૬૮) અને 'શ્રીમાલી શુભેચ્છક' (વિ. સં. ૧૯૪૦) પ્રાપ્ત થયું છે. તેની વિગત પણ પ્રકરણમાં દર્શાવી છે અને ભાવનગર પ્રાંતમાંથી પ્રકાશિત થતાં સમાચારપત્રોમાં 'સ્ત્રી સુખ દર્પણ' (૧૯૧૯) અને 'સુબોધ પ્રકાશ' (૧૮૮૨) તથા 'ખેડૂત' (૧૮૮૫)ની વિસ્તારથી છણાવટ કરવામાં આવી છે.

આમ, સૌરાષ્ટ્ર પ્રાંતમાંથી જુદા જુદા સ્થળોએ અલગ–અલગ સામયિકોનો આરંભ કરી સમાજના નવનિર્માણમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

**પ્રકરણ–૬** : રાણપુરથી પ્રકાશિત થતું સામયિક 'સૌરાષ્ટ્ર'નું તે પ્રાંતમાં વિશેષ મહત્ત્વ રહ્યું છે. તેમનો ઉદ્ભવ કઈ રીતે થયો ? અને કોણે કર્યો ? કેવા સંજોગોમાં થયો ? તે બાબત આ પત્રના અભ્યાસ થકી જાણવા મળે છે.

સૌરાષ્ટ્રનાં પ્રારંભના પત્રોમાંથી મોટાભાગનાં રાજ્યાશ્રિત હતા અથવા રાજ્યના અનુમોદનની અપેક્ષાએ ચાલતાં હતાં. એ પત્રો સીધી રીતે રાજ્યની મદદ ન મેળવતા હોય તો પણ રાજ્ય જે કંઈ કરે તે નીતિની સાથે રહીને જ એમણે પત્ર ચલાવવાનું છે એવી ધારણા સાથે એ પત્રો ચાલ્યાં. એમાંથી કોઈ પત્રની રાજ્યની ટીકા કરવાની કે એમની ત્રુટીઓ તરફ નિર્દેશ કરવાની કોઈ તૈયારી ન હતી. બીજી તરફ એ પત્રોનો ઢાંચો મુખ્યત્વે રૂઢિચુસ્ત રહ્યો અને નર્મદના 'ડાંડિયો'ની જેમ સામાજિક રૂઢિ દાસ્ય સામે પડવાની પણ એમાંથી કોઈની તૈયારી ન હતી.

આ સંદર્ભમાં સૌરાષ્ટ્રમાં જોમવંતા, નીડર અને પ્રજાલક્ષી પત્રકારત્વનું મંડાણ સ્વ. અમૃતલાલ દલપતભાઈ શેઠ દ્વારા 'સૌરાષ્ટ્ર'ના પ્રારંભથી થાય છે. સને ૧૯૨૧ની બીજી ઓકટોબરે સૌરાષ્ટ્રના રાણપુર નામના નાનકડા ગામમાંથી 'સૌરાષ્ટ્ર'નો પ્રારંભ થયો અને આ પત્રે તથા એના સ્થાપક શ્રી અમૃતલાલ શેઠે સમગ્ર સૌરાષ્ટ્ર જ નહીં, પણ ગુજરાત અને દેશના પત્રકારત્વના ઇતિહાસમાં એક નવો સીમાસ્થંભ સ્થાપ્યો. એણે સૌરાષ્ટ્રના પત્રકારત્વનું સમગ્ર કલેવર ધડમૂળથી બદલી નાંખ્યું અને પત્રકારત્વને એક નવી વ્યાખ્યા આપી નવો સંદર્ભ આપ્યો અને સૌરાષ્ટ્રમાં દેશી રજવાડાંના પ્રભાવના ઘેન હેઠળ લગભગ સુસ્ત અને નિષ્પ્રાણ બની ગયેલાં પત્રકારત્વમાં જોમ રે ું અને એ અખબારોને ચેતનવંતા બનાવ્યાં.

૨૫મી ઓગષ્ટ ઈ.સ. ૧૮૯૧ના રોજ લીંબડીમાં જન્મેલા '''જુઠાણાંવાળો' વકીલાતનો ધંધો મારાથી નહીં થાય.'' એમ કહીને એ છોડીને લીંબડીના મેજિસ્ટ્રેટ બનેલા શેઠે પાછળથી એ ધંધો પણ છોડીને એક પણ પૈસો મેળવવાની જેમાં ગુંજાઈશ ન હતી પણ હોય તે ગુમાવવાની અને રાજવીઓની આંખે ચડવાની તથા સમગ્ર જીવન અને કારકિર્દી જોખમમાં મુકાવાની જેમાં બીક હતી, તેવો પત્રકારત્વનો કંટકવાળો પંથ શા માટે પસંદ કર્યો ? તે એમના પોતાના જ શબ્દોમાં જોઈએ.

‘‘આ પ્રકારના વર્તમાનપત્રોથી દેશસેવા થઈ શકશે નહીં. દેશસેવા કરવી હશે તો નવાં વર્તમાનપત્રો સ્થાપવા પડશે, નવી ભાષામાં લખવા પડશે. એ વર્તમાનપત્રો આજની કાળી શાહીથી નહીં લખાય. એ તો લખાશે અમારા લોહીની લાલ શાહીથી. એ વર્તમાનપત્રો ધ્રાંગધ્રાના આવા બનાવો જોયા પછી પણ મૂંગા મરી નહીં રહે. એના દુઃખના, વેદનાના બળવાના પોકારથી ધરતી ધણધણી ઊઠશે, રાજાઓનાં દિલ થરથરશે અને એમનાં સિંહાસનો ડોલવા માંડશે, પ્રજાકલ્યાણના નવા યજ્ઞો અમે વર્તમાનપત્રોના કાર્યાલયોમાં માંડીશું.’’

આમ, અમૃતલાલ શેઠે આ સમયનાં સૌરાષ્ટ્રનાં વર્તમાનપત્રોની કાયરતા સામે એમના મનમાં જાગેલા પ્રકોપને વાચા આપી અને એટલેથી બેસી ન રહેતા પોતે સક્રિય બનીને સાચુ વર્તમાનપત્ર કોને કહેવાય, એની પોતાના મનમાં જે કલ્પના હતી, તે ખુદ સાકાર કરી બતાવી અને મુંબઈની સભામાંના એમના વક્તવ્યનો એક એક શબ્દ સાચો ઠરાવ્યો. એમના પત્રોએ ખરેખર રાજાઓના દિલ થથરાવ્યાં, એમનાં સિંહાસનો ડોલાવ્યાં અને પ્રજાકલ્યાણનો યજ્ઞ માં ો.

**પ્રકરણ–૭ :** ‘સુધારકયુગના વિવિધ સામયિકો’ – સામયિકોના જન્મને વિવિધ વિષયક જ્ઞાનની ઉત્કંઠાનું પરિણામ દર્શાવવામાં આવ્યું છે. ગુજરાતી સામયિકોને માટે પણ આ વાત સાચી છે. ઓગણીસમી સદીના ઉઘાડ સાથે જે પ્રવાહ શરૂ થયો હતો, તેણે વિવિધ માધ્યમોથી જ્ઞાન પ્રાપ્ત કરવાના મનોરથને બળ આપ્યું. જ્ઞાનની બધી બારીઓ ખૂલ્લી રાખવાના હેતુસર અર્વાચીન શિક્ષણની આવશ્યકતા સમજાવા લાગી, પરસ્પર ચર્ચા અને વિમર્શ માટે વિવિધ સ્થાનોએ ‘મંડળીઓ’ રચી અને આ જ્ઞાનવાર્તાઓ વધુ લોકો સુધી પહોંચે એ માટે ચોપાનિયાં અને સામયિક શરૂ થયા.

એક રીતે જેમ વૃત્તપત્ર તેમ સામયિક પણ પશ્ચિમની ભેટ છે. અંગ્રેજી વૃત્તપત્ર સત્તરમી સદીનાં છેલ્લા પચાસ વર્ષોમાં 'ન્યૂઝશીટ' તરીકે વિકસિત થયા, તો સામયિક એ પછીના નજીકના ગાળામાં આકાર લેતા થયાં, પશ્ચિમનાં સામયિક સાહિત્ય ઉપરાંત ઈતર વિષયો પરની સામગ્રી આપતાં. પછીથી એમાં શુદ્ધ સાહિત્યિક સામયિક, ચોક્કસ વિષય પરના સામયિક એવું વર્ગીકરણ થતું રહ્યું.

ગુજરાતમાં આ વર્ષોમાં સમાજ–સુધારા પ્રવૃત્તિનો વંટોળ શરૂ થયો હતો તેણે પણ નવા જન્મતા સામયિક પત્રકારત્વને વેગ આપ્યો. દુર્ગારામે 'માનવ ધર્મસભા' સ્થાપી એ પૂર્વે 'પુસ્તક પ્રકાશન મંડળી' સ્થપાઈ ચૂકી હતી. (ઈ.સ. ૧૮૪૪) ફાર્બસે અમદાવાદમાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સ્થાપવા કેટલાંક મહાનુભાવો પ્રેર્યા અને આ સંસ્થા ઈ.સ. ૧૮૪૮ના અંતભાગમાં સ્થપાઈ. મુંબઈમાં ઈ.સ. ૧૮૫૧માં 'બુદ્ધિવર્ધક સભા'ની સ્થાપના થઈ. 'ફાર્બસ ગુજરાતી સભાની' સ્થાપના થઈ. 'ફાર્બસ ગુજરાતી સભા', 'જ્ઞાન પ્રચારક મંડળી', 'બાળ જ્ઞાનોદય', 'મનોરંજન' જેવી મંડળીઓ વિવિધ સ્થાનોએ આકાર લેતી ગઈ. આ મંડળીએ જ્ઞાનપ્રચારના ધ્યેય માટે કેટલાંક પત્ર શરૂ કર્યા. તેઓનું સ્વરૂપ સાપ્તાહિકોનું હતું અને તેઓમાં વિવિધ વિષયોનાં લખાણ આવતાં હતાં. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ ઈ.સ. ૧૮૪૯માં 'વરતમાન' શરૂ કર્યું. તો મુંબઈમાં 'રાસ્ત ગોફતાર' અને ઈ.સ. ૧૮૫૨માં 'સત્યપ્રકાશ' શરૂ થયાં. આ બધા સાપ્તાહિક હતા. કેટલાકે પછીથી એના પ્રકાશન ગાળામાં ફેરફાર કર્યા.

આ દૃષ્ટિએ આપણું પહેલું ગણનાપાત્ર સામયિક 'બુદ્ધિ પ્રકાશ' છે. ઈ.સ. ૧૮૫૦માં એનો પ્રારંભ થયો. એ પહેલાં સામયિક પ્રકાશનના પ્રયત્ન પણ થયેલા. ઈ.સ. ૧૮૫૦ અને આસપાસનાં વર્ષો આ દૃષ્ટિએ ગુજરાતી સામયિકોના પ્રકાશનમાં મહત્ત્વનાં હતાં. સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં વિવિધ સ્થળોએ જે 'મંડળીઓ' સ્થપાઈ હતી

તેઓના પોતાના સામયિક શરૂ થયાં. રાજકોટમાં 'વિજ્ઞાન વિલાસ' અને 'ગુજરાત શાળાપત્ર'ની શરૂઆત થઈ, તો જુનાગઢથી 'સૌરાષ્ટ્ર દર્પણ' પ્રકાશન સમિતિ એ આચાર્ય વલ્લભજી હરિદત્તના તંત્રીપદે 'સૌરાષ્ટ્ર દર્પણ' શરૂ કર્યું. ભાવનગરથી 'મનોરંજક રત્ન' ત્રણ ભાષામાં નીકળતું. આ ઉપરાંત 'સુબોધપ્રકાશ', 'ધર્મદર્પણ', 'વિવેચક', 'ધર્મપ્રકાશ', 'માસિક સારસંગ્રહ', 'ત્રિમાસિક ટીકાકાર', 'જગતમિત્ર', 'માનવધર્મ', 'જ્ઞાનપ્રસારક', 'વસંત', 'આર્યજ્ઞાનવર્ધક' વગેરે સૌરાષ્ટ્રમાંથી પ્રકાશિત થતાં સામયિક હતાં.

આમ, સુધારકયુગમાં વર્તમાનપત્રો તથા વિવિધ સામયિકો જુદી જુદી જગ્યાએથી પ્રકાશિત થતાં હતાં. પ્રસ્તુત વર્તમાનપત્રો તથા સામયિકોમાં વિવિધ વિષયોની છણાવટ કરવામાં આવી છે. તેમાંના ઘણા સામયિકો પ્રાપ્ય બન્યાં હોવાથી તેની વિગતો રજૂ કરી છે. આવાં જ કેટલાંક સામયિકો આ પ્રમાણે છે : 'વિદ્યામિત્ર', 'જ્ઞાનવર્ધક' (૧૮૭૩), 'બાળોદય' (૧૮૭૭), 'સુદર્શન' (૧૮૮૫), 'વિવેચક' (૧૯૧૩), 'વીસમી સદી' (૧૯૧૬), 'કચ્છ જૈન મિત્ર' (૧૯૧૭), 'ભટ્ટ ભાસ્કર' (૧૯૨૦), 'શ્રી ઋષિ મુખ' (૧૯૨૦), 'ટીકાકાર' (૧૮૬૮), 'ખડાયતામિત્ર' (વિ. સં. ૧૯૭૧), 'કચ્છ વર્તમાન' (વિ. સં. ૧૯૮૦), 'આર્યધર્મ પ્રકાશ' (વિ. સં. ૧૯૨૯), 'કેળવણી' (વિ. સં. ૧૯૬૫) વગેરે સામયિકોએ કરેલ કાર્યોને વિસ્તારથી સમજાવવામાં આવ્યાં છે. જેથી એમના કાર્યને સમજવું હોય તો આ પ્રકરણનો અભ્યાસ કરવો જ રહ્યો.

**પ્રકરણ–૮ :** 'પત્રકારત્વની આજ અને આવતી કાલ' – પત્રકારત્વનો આજથી ૧૯૦ વર્ષ પહેલાંનો ઇતિહાસ ઉખેળીએ એટલે રસપ્રદ બાબતો જાણવા મળે. એ સમયે આજનાં જેવાં તોતિંગ યંત્રો ન હતાં અને તોતિંગ છાપાં ન હતાં, દૈનિકપત્રો કે

સમાચારપત્રો ન હતાં, ત્યારે નાનાં–નાનાં સામયિકો અને ખાસ કરીને માસિકો મોરચો જાળવતાં. પણ એ માસિકો પણ મોટાભાગે ખોટમાં ચાલતાં. જો કે ખોટમાં જ ચાલશે એ વાત એના તંત્રીઓ પ્રથમથી જાણતા જ હતા. થોડા ગાંઠના પૈસા ઓછા કરવાની તૈયારીથી જ છાપુ નીકળે. ક્યારેક કોઈકની મદદથી એ ખોટ પુરાય અને ક્યારેક ઘરના પૈસા જાય, પણ ભૂલે ચૂકે નફો થઈ જાય તો ? તો નફાનો એક પૈસો પણ ખિસ્સામાં ન રખાય. આ વાત આજે આપણા માન્યામાં કદાચ ન આવે, પણ ઇતિહાસમાં આની સાક્ષી પૂરનારા અનેક પ્રસંગો પ   ા છે.

સૌરાષ્ટ્રના સર્વપ્રથમ સામયિક 'સૌરાષ્ટ્ર દર્પણ' રાજ્યાશ્રય ઉપર ચાલતું હતું. એ વખતના જુનાગઢના સાક્ષર મણિશંકર કીકાણી પોતાના પત્રના મુખપૃષ્ઠ ઉપર નવાબ સાહેબની મદદથી પત્ર ચાલે છે એવો ઉલ્લેખ મુકતાં. એમની જ પ્રેરણાથી રાજકોટનું સર્વપ્રથમ સામયિક ઈ.સ. ૧૮૬૮માં શરૂ થયું. એનું નામ 'વિજ્ઞાન દર્પણ'. એના મુખપૃષ્ઠ ઉપર ધ્યાન ખેંચતી એક સૂચના હોય 'શેઠ ઝવેરીરામ સાદીરામની મદદથી.'

સ્વાતંત્ર્યોત્તર ભારતીય પત્રકારત્વનો વિચાર કરીએ તો જે તથ્ય તરત જ નજરે ચડે છે તે એ છે કે સ્વાતંત્ર્ય પૂર્વેના અખબારોમાં હેતુલક્ષીપણું હતું. સ્વાતંત્ર્યોત્તર પત્રકારત્વમાં એ જોવા મળતું નથી. આમાં ગુજરાતી પત્રકારત્વનો પણ સમાવેશ થઈ જાય છે. સ્વાતંત્ર્ય પૂર્વે ગાંધીજી પણ પત્રકાર હતા. ૧૪ ભાષામાં એ સામયિક ચલાવતા. એ બધા શુદ્ધ હેતુલક્ષી સામયિક હતા. દેશને સ્વતંત્રતા મળે એ એનું મુખ્ય ધ્યેય હતું, પણ એની સાથે અસ્પૃશ્યતા–નિવારણ જેવા સામાજિક હેતુઓ પણ સમાયેલા હતા. સૌરાષ્ટ્રમાંથી 'ફુલછાબ' નીકળતું તેનો હેતુ સૌરાષ્ટ્રની પ્રજાને દેશી રાજવીઓના ગેરવહીવટ સામે જાગૃત કરવાનો હતો. નર્મદનું 'ડાંડિયો' અને કરશનદાસ મુળજીનું 'સત્યપ્રકાશ' આ જ હેતુથી શરૂ થયા હતા. એમની પાછળ નફો કમાવાનો કોઈ હેતુ ન હતો. ઉલટું સમાજસુધારક તરીકે તે સતત ભયમાં જીવતા હતા. ઈચ્છારામ દેસાઈનું

'ગુજરાતી' પણ આ હરોળમાં આવે. 'મુંબઈ સમાચાર' અને 'જામે જમશેદ'નો હેતુ પણ સમાજ સુધારાનો જ હતો.

દેશના સર્વપ્રથમ અખબાર ઈ.સ. ૧૭૮૦માં કલકત્તાથી શરૂ થયેલું એના ૪૦ જેટલા વર્ષ પછી ઈ.સ. ૧૮૨૨માં 'મુંબઈ સમાચાર'નો પ્રારંભ મુંબઈથી થયો. આ પત્ર ભારતનું નહીં પણ એશિયાનું સૌથી જૂનું વર્તમાનપત્ર છે. જેનું ગુજરાતને ગૌરવ હોવું જોઈએ.

રતન માર્શલે ગુજરાતી પત્રકારત્વનો ઇતિહાસ લખ્યો એમાં પત્રકારત્વના ત્રણ તબક્કા ગણાવ્યા છે. પહેલો તબક્કો 'મુંબઈ સમાચાર' ઈ.સ. ૧૮૨૨માં શરૂ થયું તે ઈ.સ. ૧૮૮૦ સુધી ચાલ્યો. બીજો તબક્કો ઈ.સ. ૧૮૮૦માં 'ગુજરાતી સાપ્તાહિક' શરૂ થયું ત્યારથી તે ગાંધીજીએ ઈ.સ. ૧૯૧૯માં 'નવજીવન' સંભાળ્યું ત્યાર સુધીનો, અને ત્રીજો તબક્કો ઈ.સ. ૧૯૧૯ થી શરૂ થયો તે ઈ.સ. ૧૯૪૭ સુધી.

દેશમાં સ્વતંત્રતા આવ્યા પછી આપણે જોયું તેમ અખબારી જગતમાં સમાજ સુધારાનો મુદ્દો ભુલાઈ ગયો. અખબારોના પાના વધ્યાં, ફેલાવો વધ્યો, પણ આઝાદી પહેલાનો હેતુ ભુલાઈ ગયો. આ સંદર્ભમાં જોઈએ તો આજના અખબારો રૂપરંગમાં ભલે સુશોભિત લાગે, પણ સામગ્રીની દૃષ્ટિએ દિશા–શૂન્ય લાગે છે.

આમ, મારા આ શોધકાર્યમાં દુર્લભાતિદુર્લભ સામયિકોને શોધી તેનાં કાર્ય–હેતુ દર્શાવી તેની મહત્તા સમજાવી છે અને જે જે સામયિકો પ્રાપ્ય બન્યાં છે, તે અંકોના મુખપૃષ્ઠ નમૂના તરીકે પરિશિષ્ટમાં પ્રસ્તુત કર્યા છે. આમ, મારું આ સંશોધન એક બહુમૂલ્ય ધરાવતું દસ્તાવેજી સંશોધન બની રહેશે. એજ અભ્યર્થના.

# અનુક્રમણિકા


ઋણ સ્વીકાર .... .... .... .... iv

પ્રસ્તાવના .... .... .... .... vii

| પ્રકરણ | શી ર્ષ ક | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | પત્રકારત્વની ભૂમિકા અને ઉદ્‌ભવ | | ૧-૬૧ |
| | ૧.૧ | પ્રાસ્તાવિક | ૨ |
| | ૧.૨ | પત્રકારત્વ એટલે શું | ૧૨ |
| | ૧.૩ | પત્રકારનો ધર્મ | ૨૪ |
| | ૧.૪ | પત્રકારત્વ લોકમાધ્યમ તરીકે | ૩૮ |
| | ૧.૫ | પત્રકારત્વ – ચોથી જાગીર | ૫૪ |
| | પાદટીપ | | ૫૮ |
| ૨ | મુંબઈનાં સમાચારપત્રો | | ૬૨-૧૭૧ |
| | ૨.૧ | ‘મુંબઈ સમાચાર’ (૧૮૨૨) | ૬૩ |
| | ૨.૨ | ‘સ્ત્રીબોધ’ (૧૮૫૬) | ૯૫ |
| | ૨.૩ | ‘બામદાદ’ (૧૮૫૮) | ૧૦૯ |
| | ૨.૪ | ‘સુખ દુઃખનો સાથી’ (૧૮૭૮) | ૧૨૨ |
| | ૨.૫ | ‘ફુરસદ’ (૧૮૮૧) | ૧૨૯ |
| | ૨.૬ | ‘ત્રિમાસિક ટિકાકાર’ (૧૮૮૩) | ૧૩૬ |
| | ૨.૭ | ‘સમાલોચક’ (૧૮૯૬) | ૧૪૭ |
| | ૨.૮ | ‘મુસાફર’ (૧૯૦૩) | ૧૫૩ |
| | ૨.૯ | ‘ગુજરાત’ (વિ. સં. ૧૯૭૮) | ૧૬૪ |
| | પાદટીપ | | ૧૬૮ |

| પ્રકરણ | | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૩ | સુરતનાં સમાચારપત્રો | | ૧૭૨-૨૬૧ |
| | ૩.૧ | પ્રાસ્તાવિક | ૧૭૩ |
| | ૩.૨ | 'જ્ઞાનદીપક' (૧૮૫૬) | ૧૭૩ |
| | ૩.૩ | 'મનોદય' (૧૮૬૦) | ૧૭૮ |
| | ૩.૪ | 'ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ' (૧૮૬૩ – ૧૮૯૪) | ૧૮૭ |
| | ૩.૫ | 'ડાંડિયો' (૧૮૬૪) | ૨૧૧ |
| | ૩.૬ | 'વિદ્યા વિલાસ' (૧૮૬૯) | ૨૨૮ |
| | ૩.૭ | 'ગુજરાત નીતિ પ્રકાશ' (૧૮૭૦) | ૨૩૭ |
| | ૩.૮ | 'વિનોદ' (૧૯૨૧) | ૨૪૯ |
| | પાદટીપ | | ૨૫૭ |
| ૪ | અમદાવાદનાં સમાચારપત્રો | | ૨૬૨-૩૯૨ |
| | ૪.૧ | પ્રાસ્તાવિક | ૨૬૩ |
| | ૪.૨ | 'બુદ્ધિપ્રકાશ' (૧૮૫૪) | ૨૬૪ |
| | ૪.૩ | 'ગુજરાત શાળા પત્ર' (૧૮૬૪) | ૨૮૬ |
| | ૪.૪ | 'માસિકમિત્ર' (૧૮૭૧) | ૩૦૩ |
| | ૪.૫ | 'ખેડા ખેતીવાડી પત્ર' (૧૮૭૯) | ૩૧૧ |
| | ૪.૬ | 'વસંત' (૧૯૦૨) | ૩૧૬ |
| | ૪.૭ | 'સુંદરી સુબોધ' (૧૯૦૪) | ૩૨૦ |
| | ૪.૮ | 'બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિક પત્ર' (૧૯૦૭) | ૩૩૫ |
| | ૪.૯ | 'બુદ્ધિપ્રભા' (૧૯૦૯) | ૩૩૬ |
| | ૪.૧૦ | 'ભાગ્યોદય' (૧૯૧૩) | ૩૪૬ |
| | ૪.૧૧ | 'સેવક' (૧૯૧૯) | ૩૫૬ |
| | ૪.૧૨ | 'નવચેતન' (૧૯૨૨) | ૩૬૮ |
| | ૪.૧૩ | 'ધર્મપ્રકાશ' (વિ. સં. ૧૯૧૫) | ૩૭૩ |
| | ૪.૧૪ | 'સાબરમતી' (વિ. સં. ૧૯૭૮) | ૩૮૪ |
| | પાદટીપ | | ૩૮૭ |

| પ્રકરણ | | શી ર્ષ ક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૫ | સૌરાષ્ટ્રનાં સમાચારપત્રો | | ૩૯૩-૫૧૦ |
| | ૫.૧ | સૌરાષ્ટ્રમાં પત્રકારત્વ | ૩૯૪ |
| | ૫.૨ | જૂનાગઢથી પ્રકાશિત થતાં સમાચારપત્રો | ૩૯૭ |
| | | [૧] 'સૌરાષ્ટ્રદર્પણ' (૧૮૬૩) | ૩૯૭ |
| | ૫.૩ | ભાવનગરથી પ્રકાશિત થતાં સામયિકો અને સમાચારપત્રો | ૪૨૫ |
| | | [૧] 'સુબોધ પ્રકાશ' (૧૮૮૨) | ૪૨૫ |
| | | [૨] 'ખેડૂત' (૧૮૮૫) | ૪૩૮ |
| | | [૩] 'સ્ત્રી સુખ દર્પણ' (વિ. સં. ૧૯૧૯) | ૪૪૪ |
| | ૫.૪ | રાજકોટથી પ્રકાશિત થતાં સમાચારપત્રો | ૪૭૫ |
| | | [૧] 'વિજ્ઞાન–વિલાસ' (૧૮૬૮) | ૪૭૫ |
| | | [૨] 'શ્રીમાલી શુભેચ્છક' (વિ. સં. ૧૯૪૦) | ૪૯૫ |
| | પાદટીપ | | ૫૦૬ |
| ૬ | સૌરાષ્ટ્ર (૧૯૨૧) | | ૫૧૧-૫૫૩ |
| | ૬.૧ | પ્રાસ્તાવિક | ૫૧૨ |
| | ૬.૨ | અમૃતલાલ શેઠ તથા 'સૌરાષ્ટ્ર'નો પરિચય | ૫૧૩ |
| | ૬.૩ | અમૃતલાલ શેઠ અને 'સૌરાષ્ટ્ર'નું પત્રકારત્વ | ૫૧૮ |
| | ૬.૪ | 'સૌરાષ્ટ્ર' | ૫૩૧ |
| | ૬.૫ | 'સૌરાષ્ટ્ર'નું કાર્ય | ૫૩૪ |
| | ૬.૬ | 'સૌરાષ્ટ્ર'માંથી 'ફૂલછાબ'માં રૂપાંતર | ૫૩૫ |
| | પાદટીપ | | ૫૫૨ |
| ૭ | સુધારકયુગના વિવિધ સામયિકો | | ૫૫૪-૬૫૨ |
| | ૭.૧ | પ્રાસ્તાવિક | ૫૫૬ |
| | ૭.૨ | 'રાસ્ત ગોફ્તાર' (૧૮૫૧) | ૫૬૦ |
| | ૭.૩ | 'સત્યપ્રકાશ' (૧૮૫૫) | ૫૬૩ |
| | ૭.૪ | 'ટીકાકાર' (૧૮૬૮) | ૫૭૧ |
| | ૭.૫ | 'જ્ઞાનવર્ધક' (૧૮૭૩) | ૫૮૮ |
| | ૭.૬ | 'બાળોદય' (૧૮૭૭) | ૫૮૯ |

| પ્રકરણ | શી ર્ષ ક | | પૃષ્ઠ |
|---|---|---|---|
| | ૭.૭ | ‘સુદર્શન’ (૧૮૮૫) | ૫૯૭ |
| | ૭.૮ | ‘વિવેચક’ (૧૯૧૩) | ૫૯૯ |
| | ૭.૯ | ‘વીસમી સદી’ (૧૯૧૬) | ૬૧૧ |
| | ૭.૧૦ | ‘કચ્છી જૈન મિત્ર’ (૧૯૧૭) | ૬૧૩ |
| | ૭.૧૧ | ‘શ્રી ઋષિ મુખ’ (૧૯૨૦) | ૬૧૫ |
| | ૭.૧૨ | ‘ભટ્ટ ભાસ્કર’ (૧૯૨૦) | ૬૧૯ |
| | ૭.૧૩ | ‘આર્ય ધર્મ પ્રકાશ’ (વિ. સં. ૧૯૨૯) | ૬૨૬ |
| | ૭.૧૪ | ‘કેળવણી’ (વિ. સં. ૧૯૬૫) | ૬૩૫ |
| | ૭.૧૫ | ‘ખડાયતા મિત્ર’ (વિ. સં. ૧૯૭૧) | ૬૩૯ |
| | ૭.૧૬ | ‘કચ્છ વર્તમાન’ (વિ. સં. ૧૯૮૦) | ૬૪૭ |
| | પાદટીપ | | ૬૪૯ |
| ૮ | **પત્રકારત્વની આજ અને આવતીકાલ** | | **૬૫૩-૬૯૨** |
| | ૮.૧ | પત્રકારત્વ અને પત્રોનું સમગ્રલક્ષી અવલોકન | ૬૫૪ |
| | ૮.૨ | પત્રકારત્વની આજ | ૬૭૨ |
| | ૮.૩ | પત્રકારત્વની આવતીકાલ | ૬૮૮ |
| | પાદટીપ | | ૬૯૧ |
| | **સંદર્ભ ગ્રંથ સૂચિ** | | **૬૯૩-૬૯૮** |
| | **પરિશિષ્ટ** | | **૬૯૯-૭૪૭** |

પ્રકરણ–૧

# પત્રકારત્વની ભૂમિકા અને ઉદ્ભવ


૧.૧ પ્રાસ્તાવિક

૧.૨ પત્રકારત્વ એટલે શું ?

૧.૩ પત્રકારનો ધર્મ

૧.૪ પત્રકારત્વ લોકમાધ્યમ તરીકે

૧.૫ પત્રકારત્વ – ચોથી જાગીર

પાદટીપ

## ૧.૧ પ્રાસ્તાવિક :

આજનો યુગ માહિતીનો યુગ છે. ટેકનોલોજીના સાધનોની હરણફાળ વચ્ચે આજના માનવીએ જગતના બધાજ ખૂણાઓ ખૂંદી નાંખ્યા છે. જગત આખું જાણે એક માળો બની ગયું છે. આ માહિતીના વિસ્ફોટક ટાપુ ઉપર આજનો માનવી બેઠો છે. સાહિત્ય, શિક્ષણ, સમાજ, આરોગ્ય, ધંધારોજગાર જેવા અનેક વિષયોની જાણકારી કે માહિતી એ ઘડીના છઠ્ઠા ભાગમાં મેળવી શકે છે. જ્ઞાનના વિસ્ફોટનું આ પરિણામ છે.

આ માહિતીના યુગમાં પણ પત્રોએ તો પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. સમાચારપત્ર વિનાની સવાર જ સંભવિત નથી. સવાર પડતાંની સાથે વિશ્વના તાજા સમાચાર લખી સમાચારપત્ર આપની સામે હાજર થઈ જાય છે. હજી તો તમે આંખ ચોળતાં ચોળતાં ઊભાંજ થાઓ છો ત્યાં વિશ્વમાં બનેલી ઘટનાઓ સમાચારપત્રમાં છપાઈ જાય છે.

“પત્રકારત્વએ આજના યુગમાં અનેરું મહત્ત્વ ધારણ કર્યું છે. આજે તો અખબારોનો જમાનો છે. સવારના પહોરમાં ચા પીતાં પીતાં સાથે છાપું વાંચ્યા વિના માણસને આજે ચેન પડતું નથી. અખબારે આજના માનવીના જીવનમાં હટાવી ન શકાય તેવું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. અખબારનું મહત્ત્વ આજે તો એટલું વધી ગયું છે કે છાપાં વગરની દુનિયાની કલ્પના પણ કરવી મુશ્કેલ છે. બે કે ત્રણ રૂપિયામાં અખબારો આપણી જે સેવા કરે છે તે અજોડ છે. આટલી કિંમતમાં અખબાર પાનાંના પાનાં ભરીને સમાચાર આપે, અવનવા વિભાગો આપે ને વધારામાં જાતજાતના ધંધાની જાહેરાતો છાપે. ઘરબેઠાં જાણે કે આખી દુનિયાની માહિતી આપણને મળી જાય છે.”[૧]

દુનિયામાં સૌથી પ્રથમ મુદ્રણકળા ચીનમાં શરૂ થઈ. એમ ઘણા ઇતિહાસકારો માને છે. ઈ.સ. ૧૭૫માં ચીનમાં છપાયેલા પુસ્તકોના કેટલાક ભાગો આજે પણ ઉપલબ્ધ છે એમ કહેવાય છે. એ જ રીતે ઈ.સ. ૧૩૩૭માં કોરિયામાં મુદ્રણકળા અસ્તિત્વમાં હતી એમ મનાય છે. અને ત્યાં છૂટાં બીબાં વડે છપાયેલાં પુસ્તકોની કેટલીક પ્રતો આજે બ્રિટીશ મ્યુઝિયમમાં સચવાયેલી પડી છે.

છાપકામના આદિકાળમાં લાકડાંના બ્લોકો વડે છપાઈ થતી. મોટેભાગે બાઈબલમાંના ધાર્મિક પ્રસંગો તથા ઈસુ ખ્રિસ્તના જીવનપ્રસંગોના પ્રચાર માટે આ પદ્ધતિનો ઉપયોગ થતો, એમાં લાકડાના ટુકડા પર કોઈ પ્રસંગનું ચિત્ર કોતરવામાં આવતું અને એના ઉપર રંગની શાહી લગાડીને તે બ્લોક કાગળના ટૂકડા ઉપર દબાવવામાં આવતો, જેનાથી ચિત્ર કાગળ ઉપર ઊતરી આવતું. અલબત્ત, આ પદ્ધતિ ખૂબ ધીમી, ખર્ચાળ અને મહેનતવાળી હતી. આ પછી આ દિશામાં ધીમી ગતિએ પ્રગતિ થતી રહી અને અંતે ઈ.સ.૧૪૫૦માં જર્મનીમાં જોન ગુટેનબર્ગે શબ્દોનાં છૂટાં બીબાં તૈયાર કર્યા. આ પદ્ધતિથી બાઈબલની પ્રતો તૈયાર કરવામાં આવી. છાપકામની આ પ્રથમ વ્યવસ્થિત શરૂઆત કહી શકાય, જે ધીમે ધીમે યુરોપના બીજા દેશોમાં ફેલાતી ગઈ. ગુટેનબર્ગે જ પ્રથમવાર છાપકામની શાહી બનાવી.

અંગ્રેજો આપણા દેશમાં વેપાર અર્થે આવ્યા પણ આ વેપારની સાથે વાણિજ્ય જોડાવેલું હતું. વેપારની સાથે સાથે સંદેશા વ્યવહાર પણ એક મહત્ત્વનો પૂરક વ્યવસાય હતો. પત્રવ્યવહાર વિના તો અંગ્રેજોને પણ ચાલી શકે એમ ન હતું. અંગ્રેજોની જરૂરિયાતના ભાગરૂપે ભારતમાં મુદ્રણકળાનો વિકાસ થયો. “ભારતમાં છાપકામ કળાની શરૂઆત સૌપ્રથમ ૧૫૫૦માં થઈ એમ મનાય છે. એ શરૂ કરનાર ગોવાના પોર્ટુગીઝો હતા. એ લોકોએ યુરોપથી બે પ્રિન્ટીંગ મશીન ગોવામાં મંગાવેલા અને એમને

સેન્ટ પોલ તથા રશોલ કૉલેજમાં રાખવામાં આવેલાં. ૧૫૫૭માં સંત ફ્રાંસીસ ઝેવીયરની થોડીક ધાર્મિક ઉક્તિઓ પોર્ટુગીઝ ભાષામાં આ પ્રેસમાં છાપવામાં આવી. એનું નામ 'Castechismo de Doctrina' હતું. ભારતમાં છપાયેલું આ પ્રથમ પુસ્તક કહી શકાય. આ પછી ઈસ્ટ ઈન્ડીયા કંપનીએ ઈ.સ. ૧૬૭૦ની આસપાસ હેન્ની હીલ નામના માણસને મુદ્રક તરીકે ભારતમાં બોલાવેલો પણ એણે કોઈ ખાસ કામ કર્યું નહીં. પરિણામે થોડાં વર્ષો પછી એક બીબાં પાડનાર માણસને ઇંગ્લેન્ડથી બોલાવવામાં આવ્યો. એણે શી કામગીરી બજાવી એની કોઈ ખાસ નોંધ સાંપડતી નથી એમ શ્રી રતન માર્શલે પોતાના પુસ્તક 'ગુજરાતી પત્રકારત્વનો ઇતિહાસ'માં નોંધ્યું છે."[૨]

ગુજરાતનું પ્રથમ છાપખાનું સુરતમાં ઈ.સ.૧૮૨૦માં શરૂ થયું હતું. એ મિશન છાપખાનું આમ તો શિલા છાપખાનું હતું. આ પછી ઈ.સ.૧૮૨૦માં સુરતની લિટરરી સોસાયટીએ છાપખાનું શરૂ કર્યું હતું. એ જ સાલમાં અમદાવાદથી 'બુદ્ધિપ્રકાશ' શરૂ થયું, પણ એ પણ શિલાપત્ર ઉપર છપાતું હતું. 'બુદ્ધિપ્રકાશ'ને ટાઈપ પર છાપવા માટે 'અમદાવાદ યુનાઈટેડ પ્રેસ' નામની કંપની સ્થાપીને ૧૮૬૪માં એની ઉપર 'બુદ્ધિપ્રકાશ' છાપવામાં આવ્યું. ડૉ. રતન માર્શલ એને ગુજરાતનું પ્રથમ ટાઈપ છાપખાનું કહે છે. ઈ.સ. ૧૮૬૫માં જૂનાગઢથી 'સૌરાષ્ટ્રદર્પણ' શરૂ થયું અને એ પ્રથમથી જ ટાઈપ પ્રેસમાં છપાઈને પ્રગટ થયેલું, એટલે એ જ અરસામાં સૌરાષ્ટ્રમાં પણ ટાઈપવાળા પ્રેસ શરૂ થયા હશે, એમ માની શકાય.

'મુંબઈ સમાચાર' ગુજરાતી ભાષાનું પ્રથમ વૃત્તપત્ર ગણાય છે. એની શરૂઆત મુંબઈથી શ્રી ફરદુનજી મર્ઝબાને ૧૮૨૨માં કરેલી. પારસીઓ ઈરાન દેશમાંથી ભારત આવ્યા. આ એક માત્ર પરદેશી પ્રજા ભારતના લોકો સાથે ભળી ગઈ. ભારતની થઈને રહી. એના પરિપાકરૂપે ભારતને ઘણો ફાયદો થયો. પારસીઓ વેપાર, વાણિજ્ય,

શિક્ષણ પરત્વે સભાન હતા. એઓની દૂરંદેશીનીતિને પરિણામે મુદ્રણકળાનો વિકાસ ગુજરાતમાં થઈ શક્યો. એ સમયે એનું નામ ‘શ્રી મુમબઈના શમાચાર’ હતું. મુંબઈ શબ્દ ત્યારે ‘મુમબઈ’ તરીકે લખાતો અને સમાચારનો ‘સ’‘શ’ તરીકે લખાતો. આ પત્ર ભલે ૧૮૨૨માં શરૂ થયું, પણ એની પશ્ચાદ્દભૂમિકા એની અગાઉ રચાઈ ગઈ હતી. ઈ.સ.૧૮૧૨માં શ્રી મર્ઝબાને ગુજરાતી છાપખાનું સ્થાપેલું અને એનાથી પણ અગાઉ તેઓએ ખેપિયા અને આડતિયાની પદ્ધતિનો અમલ કરેલો. આ અગાઉ મોગલયુગમાં પ્રચલિત કાસદની પદ્ધતિની નોંધ લીધી છે. એ પદ્ધતિ સુધારા પામતી પામતી અહીં પહોંચેલી એની વચ્ચે વેપારીઓ દ્વારા નિમાતા ખબરપત્રીઓનો યુગ પણ આવી ગયો. આવા ખબરપત્રોની પદ્ધતિમાંથી જ ‘નેથોનિયમ બટર’ નામનું અંગ્રેજી ભાષાનું પહેલ વહેલું અખબાર ઈ.સ. ૧૬૨૨માં નીકળ્યું હોવાનું મનાય છે.

શ્રી મર્ઝબાનને આમ ગુજરાતી મુદ્રણ અને પત્રકારત્વના આદ્ય પિતા ગણવા જોઈએ. એમના મુદ્રણાલયનું કોઈ ચોક્કસ નામ નહોતું, પણ ‘મુંબઈ સમાચાર’ શરૂ થયા પછી એ ‘શ્રી મુમબઈ શમાચાર છાપખાનું’ તરીકે ઓળખાવા લાગેલું. મુંબઈ પછી સુરતમાં ‘મિશન પ્રેસ’ નામનું છાપખાનું સ્થપાયું. આ પછી ઈ.સ.૧૮૪૮માં અમદાવાદમાં એ વખતના ત્યાંના મદદનીશ ન્યાયધીશ શ્રી ફાર્બસે ‘ગુજરાત વર્નાક્યુલર સોસાયટી’ની સ્થાપના કરી અને એમના પ્રયાસોથી જ ત્યાંથી ગુજરાતનું પ્રથમ સાપ્તાહિક ‘વરતમાન પતર’ શરૂ થયેલું. શરૂઆતમાં એની છપાઈ શિલાપ્રેસ ઉપર થતી. ટાઈપના છાપખાનાં ઉપર ગુજરાતમાં ‘બુદ્ધિપ્રકાશ’ પ્રથમ છપાયું હોવાનું મનાય છે. શ્રી ઈચ્છારામ દેસાઈએ ગુજરાતી પ્રિન્ટીંગ પ્રેસ સ્થાપીને એના ઉપર સુઘડ અને વ્યવસ્થિત રીતે ‘ગુજરાતી’ સાપ્તાહિક છાપીને પ્રથમ વાર ગુજરાતીમાં સારા છાપકામની શરૂઆત કરી. તેઓ બીજી ગુજરાતી પત્રકાર પરિષદના પ્રમુખ પણ હતા.

ત્યારથી આજ સુધીમાં ગુજરાતી મુદ્રણકળામાં ઘણો બધો વિકાસ થયો છે અને આજે તો રાજકોટ જેવા પ્રમાણમાં નાનાં કહી શકાય એવા શહેરોમાં પણ વર્તમાનપત્રો મોનો અને લાઈનો ટાઈપમાં અને વિશાળ કદનાં સ્ટીરીઓ ઓફસેટ મશીનો ઉપર છપાય છે. ગુજરાતીમાં પ્રથમ લાઈનો ટાઈપ મશીન ઈ.સ.૧૯૪૦માં મુંબઈના 'જામે જમશેદ' દ્વારા મંગાવવામાં આવેલું. આજે આવી સુવિધા મુંબઈ અને ગુજરાતનાં સંખ્યાબંધ વર્તમાનપત્રો ધરાવે છે. રાજકોટનું 'જયહિન્દ' દૈનિક ભારતભરમાં મુદ્રણ મશીનરીની દૃષ્ટિએ અનેકવાર નામના મેળવી ગયું છે. એણે પ્રથમવારે જ ગુજરાતમાં મોટું ઓફસેટ મશીન મંગાવ્યું અને પાછળથી કોમ્પ્યુટર વડે કમ્પોઝ કરવાની સગવડ પણ એણે વસાવી. આ સુવિધા તો ભારતભરમાં પ્રથમવાર આવી હોવાનું કહેવાય છે.

"ઈ.સ.૧૯૫૦માં ડૉ. રતન માર્શલે પોતાના પુસ્તક 'ગુજરાતી પત્રકારત્વનો ઇતિહાસ'માં નોંધેલું કે, "મુદ્રણકામમાં આપણે એટલા પછાત છીએ કે ગુજરાતી બીબાંની બનાવટમાં પણ આપણે નવીનતા કે વૈવિધતા આણી શક્યા નથી." ગુજરાતીઓ વેપાર વાણિજ્યમાં પ્રમાણમાં આળસુ, સાહસિકવૃત્તિનો સદંતર અભાવ ગુજરાતીઓમાં એમના ગુણો ન આવ્યાં. ઊલટું એમ બન્યું કે પારસીઓએ કેટલાક ગુજરાતી રીતરિવાજો અપનાવ્યા. પારસીઓમાં રહેલો સાહસિકતાનો ગુણ ગુજરાતીઓએ લેવાનો હતો, પણ તેમ તેઓ ન કરી શક્યા.

આજથી ૫૦ વર્ષ પહેલાં કરાયલું આ વિધાન આજે પણ એટલું જ સાચું છે. વાસ્તવમાં, આપણે આજથી પચીસ વર્ષ પહેલાંના કોઈ ગુજરાતી સામયિકનો અંક લઈને એને આજના કોઈ સામયિકની સાથે સરખાવીશું તો મુદ્રણની દૃષ્ટિએ એમાં ભાગ્યે જ કોઈ ખાસ ફરક દેખાશે. અંગ્રેજીમાં અવારનવાર જુદા જુદા કદમાં નવા નવા ટાઈપો જોવા મળશે, પણ ગુજરાતીમાં હજી જૂની ઘરેડ ચાલુ રહી છે. છેલ્લાં થોડાં વર્ષોમાં

'મુંબઈ સમાચાર' દ્વારા મથાળામાં ફેન્સી ટાઈપો શરૂ થયા અને હાલ કેટલાંક અખબારોમાં 'ઈટાલીક' ટાઈપો જોવા મળે છે. એને બાદ કરતાં ટાઈપોની બાબતમાં આપણે ત્યાં ભાગ્યે જ કોઈ નોંધપાત્ર પ્રગતિ જોવા મળે છે.

એથી ઉલટું, આજે પણ ઘણાં મુદ્રણાલયોમાં જોડાક્ષરો અને હસ્વદીર્ઘની બાબતમાં કેટલાક ટાઈપો હોતા જ નથી અને પરિણામે અશુદ્ધ ભાષાવાળું મુદ્રણ કરવું પડે છે. ઉપર કે નીચેના રેફ તો મોટાભાગે આપણાં વૃત્તપત્રોમાં આજે પણ અદશ્ય જોવા મળે છે. આ સ્થિતિ વીસમી સદીમાં કોઈપણ ક્ષેત્રને માટે ગૌરવપ્રદ ગણી શકાય તેવી નથી જ. ગુજરાતી લિપિને આને માટે ઘણા દોષિત ઠરાવે છે, પણ આજના શોધયુગમાં આવી મુશ્કેલી આસાનીથી નિવારી શકાય તેમ છે. ડૉ. રતન માર્શલનું કહેવું છે કે, "પશ્ચિમમાં આ ક્ષેત્રે જે પ્રગતિ થઈ છે, તેની સરખામણીમાં હજી આપણે આ બાબતમાં ઠીક ઠીક પછાત છીએ એમ કહેવું જ પડશે. ટાઈપોગ્રાફીને લગતાં સંખ્યાબંધ પુસ્તકો પણ અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ છે. આપણે ત્યાં તો એની વૈજ્ઞાનિક તાલીમ કે સાહિત્યનો પણ મહદ્અંશે અભાવ વર્તાય છે."[૩]

ભારતીય પત્રકારત્વમાં ગુજરાતી પત્રકારત્વનું પોતાનું એક આગવું સ્થાન રહ્યું છે. જેમ ગુજરાતે દેશને ઘણી બાબતોમાં દોરવણી આપી છે, એમ ગુજરાતી પત્રકારત્વે પણ દેશના પત્રકારત્વમાં ઘણી નવી કેડીઓ કંડારી છે. ગુજરાતી પત્રકારત્વ પાસે ગૌરવ લઈ શકાય એવી ઘણી વસ્તુઓ છે. દેશનું જૂનામાં જૂનું અખબાર 'મુંબઈ સમાચાર' ગુજરાતી ભાષામાં પ્રગટ થાય છે. ભારતમાં અખબારોના પ્રારંભકાળમાં પ્રાદેશિક ભાષાઓની બાબતમાં બંગાળીની સાથે ગુજરાતીમાં અખબારો પ્રગટ થયેલાં.

ભારતીય પત્રકારત્વના ઇતિહાસમાં ૨૯મી જાન્યુઆરી સુવર્ણાક્ષરે નોંધાયેલી છે. કારણકે, એ તારીખે, બરાબર બસોત્રીસ વર્ષ પહેલાં, ઈ.સ.૧૭૮૦ના જાન્યુઆરી

માસની આ તારીખે, હિંદુસ્તાનનું સર્વપ્રથમ અખબારનું પ્રકાશન થયું. તે વખતે પણ એ અખબાર ફરફરિયાનાં સ્વરૂપનું જ હતું અને આજના હિસાબે તો એ અધૂરું જ કહી શકાય. છતાં એ અખબાર સાથે હિંદુસ્તાનમાં પત્રકારત્વના શ્રીગણેશ મંડાયા. એ સર્વપ્રથમ અખબાર અંગ્રેજી ભાષાનું હતું. એના પછી અંગ્રેજી ભાષામાં પણ બીજાં ઘણાં અખબારો નીકળ્યા અને હિંદુસ્તાનની અન્ય ભાષાઓમાં પણ અખબારો નીકળવાની શરૂઆત થઈ. પણ શરૂઆતના મોટાભાગનાં અને અંગ્રેજી સહિત ઘણીખરી ભાષાઓમાં નીકળેલાં અખબારો ક્ષણજીવી જ નીવ ાં. પરિણામે આજે ભારતમાં પ્રકટ થતાં જૂનામાં જૂનાં અખબારોમાં મોખરાનું સ્થાન ગુજરાતી ભાષાનાં બે અખબારો લઈ જાય છે. એ અખબારો છે. ઈ.સ. ૧૮૨૨માં શરૂ થયેલું 'મુંબઈ સમાચાર' જે આજે ૧૮૮માં વર્ષમાં પ્રગતિ કરતું આગળ વધી રહ્યું છે. બીજું અખબાર પણ ગુજરાતી જ છે. એ ઈ.સ. ૧૮૩૨માં પ્રગટ થયેલું ને ૧૭૮માં વર્ષમાં જીવી રહ્યું છે.

સૌથી પ્રથમ અખબાર અંગ્રેજી ભાષામાં નીકળ્યું હોવા છતાં આજે એ ભાષાનું પણ જૂનામાં જૂનું અખબાર 'મુંબઈ સમાચાર' પછી ૧૬ વર્ષે પ્રગટ થયેલું 'ટાઈમ્સ ઓફ ઇન્ડિયા' છે. હા, કલકત્તાનું 'સ્ટેટ્સમેન' પત્ર પોતાની પ્રકાશન સાલ ઈ.સ. ૧૮૧૮ની આપે છે. એ રીતે એ સૌથી જૂનામાં જૂનું, અખબાર લેખાય. પણ વાસ્તવમાં એ સાચું નથી. 'સ્ટેટ્સમેન' પત્રની સ્થાપના તો છેક ઈ.સ. ૧૮૭૫માં થઈ હતી. પણ ઈ.સ. ૧૮૧૮માં પ્રગટ થયેલું 'ફ્રેન્ડ ઓફ ઇન્ડિયા' નામનું અખબાર ઘણા પાછળથી નીકળેલા 'સ્ટેટ્સમેન' પત્રમાં ભળી ગયું ને 'સ્ટેટ્સમેન' પત્ર તેની પ્રકાશન સાલને પોતાને નામે ચઢાવી દીધી !

ઈ.સ. ૧૪૪૫માં જર્મનીના ગુટનબર્ગે સિસકાક્ષરોની છૂટાં બીબાંની શોધ કરીને મુદ્રણકળાનો સર્વપ્રથમ પાયો નાખ્યો. ઇંગ્લાંડનો કેક્ષટન જર્મની જઈને આ કળા શીખી

લાગ્યો અને તેણે ઈ.સ. ૧૪૭૬માં ત્યાં સૌ પ્રથમ છાપખાનું શરૂ કર્યું અને પછી યુરોપમાં મુદ્રણકળાનો ઝડપી વિકાસ થયો. હિંદુસ્તાનમાં ફિરંગી વસાહતીઓએ સર્વપ્રથમ છાપખાનું ૧૫૫૬માં સ્થાપ્યું હતું. પણ મુદ્રણકળાના ઇતિહાસમાં અત્યારે ઊંડા ઉતરવું નથી. આપણે અખબારી વ્યવસાય અંગે જ વિચારીએ તો યુરોપમાં, ઇંગ્લાંડમાં, હિન્દુસ્તાન કરતાં ઘણો પહેલો પત્રકારત્વનો પ્રારંભ થયો હતો. પણ મળતી માહિતી પ્રમાણે, શરૂઆતમાં પ્રકટ થયેલાં ઘણાભાગનાં પત્રો ક્ષણજીવી નીવ ાં. પણ ઈ.સ. ૧૭૭૫માં જોન વોલ્ટરે સ્થાયેલું લંડનનું ‘ટાઈમ્સ’ હમણાં લગભગ એક વર્ષ બંધ રહીને પાછું શરૂ થયું છે. એ આપણી જાણમાંનું જૂનામાં જૂનું અખબાર જણાય છે.

એ વેળા હિંદુસ્તાનમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીનાં શાસનનો જમાનો શરૂ થયો હતો. અગાઉ ઉલ્લેખેલા ફિરંગી વસાહતીઓના છાપખાનાની પ્રગતિની કશી માહિતી સુલભ નથી. પણ ઈસ્ટ ઇન્ડિયા કંપનીની પ્રેરણાથી હિંદુસ્તાનનું સૌથી પહેલું છાપખાનું ઈ.સ. ૧૬૭૪માં મુંબઈમાં સ્થપાયું. આ હકીકતની નોંધ પ્રેસ કમીશનના હેવાલના બીજા ભાગમાં આપેલા હિંદી પત્રકારત્વના ઇતિહાસમાં લેવાઈ છે. એ પછી ૯૮ વર્ષે ઈ.સ. ૧૭૭૨માં મદ્રાસમાં બીજુ છાપખાનું સ્થપાયું અને કંપનીનું સત્તાવાર છાપખાનું એ પછી છ–સાત વર્ષે, ૧૭૭૯માં સ્થપાયું. આમ છતાં આ છાપખાનાઓમાંથી અંગ્રેજી અખબાર પ્રગટ કરવાનો કોઈ પ્રયાસ થયેલો જણાતો નથી. હા, ઈ.સ. ૧૭૭૬માં શ્રી વિલિયમ બોલ્ટસ નામના કંપની સરકારના એક બરતરફ નોકરે અંગ્રેજી ભાષામાં અખબાર પ્રગટ કરવાનો સર્વ પ્રથમ પ્રયત્ન કરેલો જણાય છે. આ વિલિયમ બોલ્ટસ, કંપનીને નામે ખાનગી વેપાર કરવા માટે ડિરેકટર બોર્ડના ઠપકાને પાત્ર ઠર્યો હતો અથવા કહો કે તને બરતરફ કરવામાં આવ્યો હતો. ઈ.સ. ૧૭૬૮માં આવો પ્રયાસ થયાનું પણ કેટલાંક વર્તુળો સૂચવે છે. પણ એની નક્કર વિગત મળતી નથી. શ્રી બોલ્ટસે જાહેર પ્રજા જોગ

એ અપીલ વગર પરવાનગીએ કાઉન્સિલ હાઉસને બારણે ચોંટાડી હતી. આથી સત્તાવાળાઓમાં ખળભળાટ મચી ગયો હતો અને બોલ્ટસના ઈરાદાઓ વિશે પણ ભારે શંકા સેવાવા લાગી હતી. એટલે તેનો આ પ્રયાસ સફળ થાય તે પહેલાં જ તેને યુરોપ રવાના થવાની ફરજ પાડવામાં આવી. આમ અખબાર કાઢવાનો પહેલો પ્રયાસ વાંઝીયો નીકળ્યો.

એ પછી બરાબર બાર વર્ષે, ૧૭૮૦ના જાન્યુઆરી માસની તા.૨૯મીને શનિવારે હિંદુસ્તાનભરનું સૌથી પહેલું અખબાર પ્રગટ થયું. કલકત્તમાં પ્રગટ થયેલા એ અખબારનું નામ પણ ભારે લાંબુ લચક હતું. 'હીકી'ઝ બેન્ગાલ ગેઝેટ, ઓફ ધ ઓરીજીનલ કલકત્તા જનરલ એડવર્ટાઈઝર'. એના તંત્રી હતા જેક્સ ઓગસ્ટ્સ હીકી. 'ઓનરેબલ કંપનીના માજી પ્રિન્ટર' તરીકે હીકીએ પોતાનો પરિચય આપ્યો હતો. તમામ પક્ષ માટે જેનાં દ્વારા ખુલ્લાં છે અને જે કોઈની જ લાગવગ હેઠળ નથી, એવું રાજકીય અને વેપારી સાપ્તાહિક અખબાર તરીકે એની ઓળખ આપવામાં આવી હતી.

બે જ વર્ષ જીવેલું એ અખબાર મને રોમાંચક, સનસનાટીભર્યું અને કરુણ જીવન ભોગવી ગયું. કંપની સરકારના અગ્રણી અધિકારીઓ સામે એ અખબાર દ્વારા હીકીએ ભયંકર લડત ચલાવી અને એમ કરતાં કારાવાસની યાતના સાથે ગરીબી પણ તેણે વેઠી લીધી. કંપની સરકારના અધિકારીઓના ખાનગી જીવન પર વેધક પ્રકાશ પાડવા સાથે તેણે ગવર્નર જનરલ વોરન હેસ્ટીંગ્ઝને પણ બાકી ન રાખ્યો ને મીસીસ હેસ્ટીંગ્ઝ પર પણ અંગત પ્રહાર કર્યા. બીજા મોટા મોટા અધિકારીઓ સામે પણ તેણે આકરા પ્રહાર કર્યા. કદાચ, આથી જ હીકી વિષે કશી જ જાણવાજોગ નોંધ ક્યાંય મળતી નથી. એક ટીકાકારે જણાવ્યા પ્રમાણે "હીકી નકામો માણસ હતો. પણ હિંદી પત્રકારત્વના પુરોગામી લેખે તેનું નામ ને કામ ખરેખર નોંધપાત્ર છે."

આમ બે અખબારો વચ્ચે હરીફાઈ શરૂ થઈ. 'ધ ઈન્ડિયા ગેઝેટ'ને સ્વીડીશ મિશનરી જોન ઝકરીયા કીરનાન્ડર ટાઈપો અને છાપકામની બીજી સામગ્રી પૂરી પાડતા હતા, એટલે હીકીએ તેમના પર આકરા પ્રહારો કરવા માં ા. ધર્મના પ્રચાર માટે મળેલી સામગ્રીનો આ રીતે દુરૂપયોગ થતો હોવાના આક્ષેપ કીરનાન્ડર સામે હીકીએ કરતા તે મુશ્કેલીમાં મૂકાઈ ગયો, એટલે તેના પત્ર માટે અપાયેલી ટપાલની છૂટછાટો પાછી ખેંચી લેવાઈ.

હીકી પર કીરનાન્ડરે બદનક્ષીની ફરિયાદ પણ માંડી. તેમાં તે ગુનેગાર ઠરતાં તેને ચાર માસની કેદ ને રૂ.૫૦૦ના દંડની સજા થઈ. આમ છતાં હીકી ડર્યા નહિ. તેણે ગવર્નર જનરલ, વડા ન્યાયમૂર્તિ વગેરે સામે ગંભીર આક્ષેપો કરતાં લખાણો છાપ્યાં. વધુમાં 'ઈન્ડિયા ગેઝેટ'ને ટપાલની છૂટ હતી. હીકીના અખબારની એવી છૂટ છીનવી લેવાઈ હતી. એટલે હીકીએ છંછેડાઈ જઈને એવી ટીકા કરી કે તેને પણ આવી છૂટછાટ મળી હોત, જો તેણે એક સ્ત્રીની કૃપા મેળવવાનો પ્રયત્ન કર્યો હોત તો. આ સ્ત્રી તે વોરન હેસ્ટીંગ્ઝનાં પત્ની. આથી વોરન હેસ્ટીંગ્ઝ છંછેડાઈ ગયા ને ૧૯૮૦ના નવેમ્બરની તા.૧૪મીએ હેસ્ટીંગ્ઝે હીકીનું પત્ર જનરલ પોસ્ટ ઓફિસ દ્વારા વહેંચવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દીધો. હીકીએ ઘણો વિરોધ કર્યો પણ તેની કશી અસર થઈ નહિ. આથી હીકીને મહિને રૂ.ચારસોની ખોટ જવા લાગી. આની સામે 'ગેઝેટમાં તંત્રીલેખ લખીને હીકીએ ભારે આકરી ટીકા કરી. "હું કોઈનો દબાયેલો દબાઈશ નહિ. મારે માત્ર ત્રણ જ વાત ગુમાવવાની છે. મારા પત્રને જીવાડવા માટેનું મારું સ્વમાન, મારી સ્વતંત્રતા અને મારું જીવન અને મારાં સ્વાતંત્ર્ય અને જીવનનો મારાં પત્રને જીવાડવા માટે ભોગ આપતાં હું નહિ જ ડરૂં." વગેરે વગેરે.

આમ હિન્દુસ્તાનના સર્વપ્રથમ અખબારનું તેના તંત્રીની મર્દાનગી અને હિંમતભરી લડત પછી કરુણ અવસાન થયું. આજે આ અખબારની પૂરી ફાઈલ પણ

નથી. જે કાંઈ અવશેષ રૂપે રહ્યું છે તે બ્રિટીશ મ્યુઝિયમમાંની એ અખબારની બાંધેલી ફાઈલ રૂપે છે, એના પર ધૂળ ચડી ગઈ છે. 'બંગાલ ગેઝેટ' માર્ચ ૧૭૮૦ થી માર્ચ ૧૭૮૨"[૪]

## ૧.૨ પત્રકારત્વ એટલે શું ? :

પત્રકારત્વ એટલે 'વૃત વિવેચન' એવો અર્થપર્યાય થાય છે. લેખકે "હરતી ફરતી સમાચાર સંસ્થા" જેવા મહર્ષિ નારદને આદ્ય પત્રકાર હોવાનું રમૂજપ્રદ ગૌરવ બક્ષ્યું છે. તેઓ અત્ર તત્ર સર્વત્ર ઘુમતા રહીને ત્રિલોક્યના સમાચારોનું આદાન પ્રદાન કરતા હતા. પુરાણો, ગાથાઓ, ઇતિહાસગ્રંથો, રાસોનો સમાવેશ રમેશનાથ ગૌતમે "જર્નલ્સ"માં કર્યો છે. વાલ્મીકિ અને વ્યાસ પણ એક રીતે વૃત્તાંત નિવેદકો જ હતા. સંજયે ધૃતરાષ્ટ્રને મહાભારતના યુદ્ધનો દિવ્યદ્રષ્ટિ દેખ્યો જે અહેવાલ આપ્યો તે કેટલો મહત્ત્વપૂર્ણ હતો ! ઢંઢેરો પીટવાની પ્રથા પણ મૌખિક સમાચાર પ્રદાનમાં આગવું મહત્ત્વ ધરાવતી હતી. ઉત્સવ, પર્વ, સભા–મેળાવડાથી માંડીને અપરાધીને દેહાંતદંડ ફરમાવ્યા સુધીના સમાચારો ઢંઢેરામાં વણી લેવામાં આવતા હતા.

ભારતમાં મોગલ સલ્તનતના ઉદય સાથે સમાચાર આદાન–પ્રદાનના ક્ષેત્રે નૂતન યુગનું નિર્માણ થયું. મોગલોએ સમાચાર સેવાર્થે માહિતી અધિકારીઓનું અખિલ હિંદુસ્તાની ધોરણે સંગઠન કર્યું હતું. ઔરંગઝેબે સરકારી તંત્ર સુપેરે ચલાવવા માટે તથા લશ્કરી વ્યવસ્થાને સાવધાન રાખવા માટે સૂચનાઓ અને હુકમો પહોંચતા કરવાનો પ્રયોગ કર્યો હતો. પ્રત્યેક પ્રાન્તની રાજધાનીમાં એણે જાસૂસી જાળ ગોઠવી હતી અને સમાચારો મોકલવા માટે 'સંવાદદાતાઓ'ની નિમણૂંકો કરી હતી. તેઓ 'વાક્ય નવીસ' કહેવાતા હતા. તેમણે મોકલેલા સમાચાર દિલ્હીમાં વાંચી સંભળાવવામાં આવતા હતા. ગુપ્તચરો 'ખૂફિયા નવીસ' કહેવાતા.

કિરીટ ભટ્ટ જણાવે છે કે, "ઉત્તેજનાસભર, ગપસપભર્યા, અધૂરા, અસ્પષ્ટ, દિગભ્રમિત કરે તેવા નહીં પણ વાચકની સમજ કેળવે, તેને વિચાર કરતો કરે, યોગ્ય માર્ગદર્શન આપે અને તેને નેતૃત્વ પૂરું પાડે એવા વર્તમાનપત્ર મને રુચે."

હસમુખ ગાંધી જણાવે છે કે,"પત્રકારત્વ એક સીરિયસ અને રાઉન્ડ ધી કલોક પ્રોફેશન છે."

મહાત્મા ગાંધીજી જણાવે છે કે, "વર્તમાનપત્રો સેવાભાવથી જ ચાલવા જોઈએ. એ હું 'ઈન્ડિયન ઓપિનિયન'ના પહેલા વર્ષની કારકીર્દિમાંથી જોઈ ગયો. વર્તમાનપત્રો એ ભારે મોટી શક્તિ છે, પણ જેમ નિરંકુશ પાણીનો ધોધ ગામ ડુબાડે છે અને પાકનો નાશ કરે છે તેમ નિરંકુશ કલમનો ધોધ નાશ કરે છે. એ અંકુશ બહારથી આવે તો તે નિરંકુશતા કરતા વધારે ઝેરી નીવડે છે. અંદરનો અંકુશ જ લાભદાયી હોઈ શકે."[૫]

મહાદેવભાઈ દેસાઈ જણાવે છે કે, "વર્તમાનપત્રો એ બેધારી તલવાર જેવા થઈ શકે એમ છે કારણકે વર્તમાનપત્રોની બે બાજુ છે. વર્તમાનપત્ર એ ધંધો બની શકે છે, કમાવાનું સાધન અને વેપાર થઈ શકે છે. વર્તમાનપત્રો એ નળની જેમ, સુધરાઈની જેમ, ટપાલખાતાની જેમ, લોકસેવાનું એક અમૂલ્ય સાધન પણ થઈ શકે છે. જ્યારે એ કમાવાનું સાધન માત્ર બને છે ત્યારે તે નખ્ખોદ વાળે છે. જ્યારે પોતાનો ખર્ચ કાઢતાં કાઢતાં વર્તમાન પત્રકાર વર્તમાનપત્રને સેવાનું સાધન કરી મૂકે છે ત્યારે તે લોકજીવનનું આવશ્યક અંગ બને છે."

હરીન્દ્ર દવે જણાવે છે કે, "અખબારનો સંબંધ સત્ય સાથે છે. એ સત્ય પ્રગટ કરવા માટે એણે સત્તા કે વૈભવની શેહશરમમાં ન આવવું જોઈએ."

અમૃતલાલ શેઠ કહે છે કે, "પત્રકારત્વ ઉદ્યોગ કે વ્યવસાય નહીં પણ યજ્ઞ છે."

સીરિલ કોનેલી કહે છે કે, "પત્રકારત્વ ભારે મહેનતનું કામ છે અને ઘણાં કૌશલ્યની જરૂર એમાં પડે છે. સાહિત્ય લેખનની એવી કળા છે કે જે બે વાર વંચાય છે. પત્રકારત્વ તો એક સાથે અંદર ઉતારાય છે."[૬]

આપણા દેશમાં અંગ્રેજ અમલ શરૂ થયો તે પહેલાં વર્તમાનપત્રો ન હતાં, પરંતુ રાજ્યોમાં ખબર ખાતાંઓ હતાં. ખબરખાતાંઓ મારફતે રાજ્યોમાં સમાચાર મેળવવાનો વ્યવસ્થિત પ્રબંધ કરવામાં આવ્યો હતો. તેમાં દરેક મોટા રાજ્ય તરફથી તેમજ મોટા વેપારીઓ તરફથી ચોક્કસ સ્થળે ખબરપત્રીઓ રાખવામાં આવતા હતા. તેવા ખબરપત્રીઓ પોતે રાખેલા કાસદ દ્વારા આસપાસમાંથી તમામ સમાચારો–માહિતી એકત્ર કરતા હતા અને એકઠી કરેલી માહિતી મુખ્ય મથકે મોકલતા હતા. તેવી માહિતીથી ખબર ખાતા તરફથી લોકોને માહિતગાર કરવામાં આવતા હતા.

એકલા અયોધ્યા રાજ્યમાં ૬૬૦ ખબરપત્રીઓ હતા. તેનું માસિક ખર્ચ રૂા. ૩,૧૯૪/– થતું હતું. આવા ખબરપત્રીઓમાં લાંચરુશવતનું પણ દૂષણ હતું. અમુક બનાવો પર ઢાંકપિછોડો પણ થતો હતો.

અંગ્રેજ રાજ્યના અમલના આરંભકાળે એક અંગ્રેજ અમલદાર અયોધ્યા રાજ્યમાં એક ગુનેગારને પકડવા ગયો હતો. આ પ્રસંગે ગુનેગાર સાથે ધિંગાણું થતાં તેમાંના એક માણસનું મોત થયું હતું. આ બનાવ રાજ, દરબાર કે રેસિડેન્ટ ન જાણે તે માટે ખબરપત્રીઓને તેડાવી ખુશ કર્યા હતા. પરિણામે, આ ઘટના અંગે કોઈ નોંધ લેવામાં આવી નહોતી.

"બીજા એક બનાવમાં રજપૂતો સાથેના એક સંઘર્ષમાં અમલદારે માર ખાધો હતો. જો બિના બહાર આવે તો પોતાની નાલેશી ગણાય, તેથી ચોતરફના ૨૦ ગાઉના ખબરપત્રીઓને ફોડી આ બનાવ અંગેના ખબર દબાવી દેવામાં આવ્યા હતા."[૭]

જેફર્સન જણાવે છે કે, "જો મને સમાચાર વગરનું રાજ્ય (શાસન) અથવા રાજ્ય વિનાનું સમાચારજગત – આ બેમાંથી કોઈ એકને પસંદ કરવાનું જણાવે તો હું બીજું જ પસંદ કરું."

એ વાત પત્રકારત્વને ય લાગુ પાડી શકાય કે દરેક ઇતિહાસમાં રહી ગયેલી અપ્રકટ બાબતો અને પ્રવાહો તેના સાચુકલા ઇતિહાસને ઘડતી હોય છે. એટલે જ વારંવાર, તવારીખના વિશાળ પ્રવાહમાં રહી ગયેલી, વિલોપિત કે વિસ્મૃત થઈ ચૂકેલી ઘટનાઓ અને વિગતોનું સંશોધન કરીને ઇતિહાસનું પુનરાલેખન કરતાં રહેવું જરૂરી બની જાય છે.

ભારતીય પત્રકારત્વનાં મુખ્ય વહેણોથી આપણે સુપરિચિત છીએ. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના આગમન સાથે, મુદ્રણકળાની આછી–પાતળી સગવડો મેળવીને જેનો આરંભ થયો તેમાંથી પુસ્તક–પ્રકાશન અને અખબાર–પ્રકાશનને વેગ મળ્યો. અભિવ્યક્તિની મથામણ આનું ચાલક પરિબળ બની રહી.

પરંતુ આટલાં વર્ષોની દીર્ઘ અક્ષરયાત્રાના દરેક વળાંકે, વ્યક્તિએ અને સંસ્થાએ, પ્રવૃત્તિએ અને પ્રકૃતિએ, વ્યવસાયે અને અભિનિવેશે જે ઉતારચઢાવ અનુભવ્યા, ભરતી–ઓટ સહ્યાં અને મથામણનો સમુદ્ર ઉલેચ્યો એ સઘળું હજુ પત્રકારત્વના ઇતિહાસનાં પાનાં પર નોંધ્યું નથી.

ભારતમાં પત્રકારત્વનો પ્રારંભ થયો ત્યારનું વાતાવરણ ઘણી રીતે સંક્રાંતિકાળનું હતું. પરોઢ પૂર્વેના અંધકાર જેવી સ્થિતિમાંથી જનસમાજને બહાર લાવવા નાનામોટા, ભારતીય અને કેટલાંક વિદેશી પત્રકારોએ કેવાં પ્રયાસો કર્યા હતા તેની વિગતો નિર્ણાયક અને રોચક છે. અહીં એવી કેટલીક અજાણ ખૂણે પડેલી વિગતો આપવાનો પ્રયાસ છે.

"એમ્મા રોબર્ટ્સ ? ભારતની આ પ્રથમ મહિલા પત્રકાર વિશે હજુ આપણા પત્રકારત્વના ઇતિહાસવિષયક પુસ્તકો પણ અંધારામાં છે.

ભારતીય પત્રકારત્વનાં પ્રારંભકાળે તેની કલમ અનેક વિષયો પર ચાલી હતી. ભારતની સામાજિક–રાજકીય સમસ્યાઓ પર તેણે સંશોધનાત્મક લેખો લખ્યા અને તે જુદાં જુદાં પત્રોમાં છપાયા. પહેલાં ૧૮૨૮ થી ૧૮૩૨ અને ત્યાર બાદ ૧૮૩૯ થી ૧૮૪૦ સુધી ભારતનિવાસ દરમિયાન ભારતીયોની શોષિત અવસ્થાનો તેણે અભ્યાસ કર્યો. તેના પર આધિપત્ય જમાવી બેઠેલા જમીનમાલિકો, સંપ્રદાયોના આચાર્યો અને બ્રિટિશ શાસકોની કડક ટીકા કરી.

ભારતીય પત્રકારત્વના પ્રારંભે જે રીતે બ્રિટિશ અને અન્ય વિદેશી પત્રકારોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો તેવું જ પ્રદાન ભારતીય પત્રકારોનું પણ રહ્યું. આ સમાજ અને દેશની સમસ્યાઓને તેઓ સાંગોપાંગ જાણતા હતા. સામાન્ય નાગરિકના ચિત્તમાં સમાચાર–વિચારના માધ્યમથી કઈ રીતે સક્રિયતા સર્જવી તેમાં તેઓ નિષ્ણાંત હતા. તેમણે કલમનો ઉપયોગ પણ એવા ચોક્કસ ધ્યેય સાથે કર્યો."[૮]

આવા કેટલાંક, ભાષાકીય પત્રકારોનાં જીવન અને કારકીર્દિ વિશે હજુ ઘણું સંશોધન બાકી છે.

રાજા રામમોહન રાયે અંગ્રેજી, હિન્દી, બંગાળી, પર્શિઅન અને ઉર્દૂ એમ પાંચ ભાષામાં અખબારો શરૂ કરેલાં ! આ પો હતાં : 'સંવાદ કૌમુદી', 'મીરાતુલ અખબાર', 'બ્રાહ્મમિનિકલ મૅગેઝિન', 'બેગાલ હેરોલ્ડ' અને 'બંગલદૂત'. ૧૮૨૩માં બ્રિટિશ સરકારે લાદેલી સેન્સરશિપનો તેણે સખત વિરોધ કર્યો હતો. ૨૨ મે, ૧૭૭૨માં રાધાનગર (બંગાળ)માં જન્મેલા રાય ૨૭ સપ્ટેમ્બર, ૧૮૩૩માં બ્રિસ્ટોલમાં મૃત્યુ પામ્યા

ત્યાં સુધીમાં સ્વતંત્રતા, ઉદારવાદ, સતીપ્રથાની નાબૂદી, વિધવાવિવાહ અને શિક્ષણમાં તેમના પત્રકારત્વથી પરિવર્તનનો પ્રવાહ શરૂ થઈ ગયો હતો.

“કાશીપ્રસાદ ઘોષે ‘હિન્દુ ઈન્ટેલિજન્સ’ સાપ્તાહિક ૧૮૪૬માં શરૂ કર્યું. ૧૮૫૭માં લોર્ડ કેનિંગે અખબારોને સકંજામાં લેતો કાયદો ‘લાઈસન્સિંગ એકટ’ દાખલ કર્યો, તેના વિરોધમાં તે સાપ્તાહિક બંધ કરવામાં આવ્યું હતું .બાળશાસ્ત્ર જાંભેકરે ૪ મે, ૧૮૩૨ના ભારતનું પહેલવહેલું ઍંગ્લો–મરાઠી સામયિક ‘મુંબઈ દર્પણ’ શરૂ કર્યું. ભારતમાં તકનીકિ શિક્ષણ શરૂ કરવાની હિમાયત કરનારા એ પહેલા ભારતીય હતા. સતીપ્રથા, ધર્માંતર, પરદેશગમન નિષેધ જેવા રિવાજો સામે તેમણે મુક્તપણે કલમ ચલાવી. આ વિદ્વાન તંત્રી માંડ પાંત્રીસની વયે, ૧૭ મે, ૧૮૪૬માં અવસાન પામ્યા.

ભારતમાં અંગ્રેજી પત્ર તો હિકીના પ્રયત્નથી વહેલું શરૂ થયું. પણ પહેલું હિન્દી પત્ર ૧૬ ફેબ્રુઆરી, ૧૮૨૬માં આરંભાયું, તેના તંત્રી જુગલકિશોર શુકલ હતા અને પ્રકાશનભૂમિ કલકત્તા. નામ ‘ઉદ્દંત માર્વડ’ અંગ્રેજી છાપાંઓને મળતી કોઈ સવલતો તેને મળી નહીં છતાં તે ભારે મુશ્કેલીઓની વચ્ચે પ્રકાશિત થતું રહ્યું અને ૧૧ ડિસેમ્બર, ૧૮૨૭માં બંધ પ ું. તેના છેલ્લા અગ્રલેખમાં તંત્રીએ લખ્યું હતું : “આ પત્ર બંધ પડવાનું કારણ બ્રિટિશ સરકાર સાથેના મતભેદો છે.” રસકૃષ્ણ મલ્લિકે અંગ્રેજી–બંગાળી સાપ્તાહિક ‘જ્ઞાનાન્વેષણ’ ૧૮૩૩માં શરૂ કર્યું તેનું બંગાળમાં વિદ્યાકીય વાતાવરણ સર્જવામાં મોટું પ્રદાન રહેલું. એ જ રીતે રાજા અલી બેગે લખનૌથી ‘સુલતાન–અલ–અખબાર’ ૧૮૩૫માં શરૂ કર્યું. તેણે બ્રિટિશ હકુમતોની સામે સંઘર્ષ કરેલો. પર્શિઅન ભાષાનું એ પહેલું અખબાર હતું.”[૯]

ભારતીય પત્રકારત્વના આકાશમાં ચમકીને વિલીન થઈ ગયેલા આ કેટલાક દીવડાઓ, આવાં બીજાં ઉદાહરણો પણ મળી આવે. ભારત અને ભારત બહાર પડેલા

દસ્તાવેજો તેમાં ઉપયોગી થઈ શકે. એક વાત નિશ્ચિત છે કે જેમ જેમ વધુ સામગ્રી ઉપલબ્ધ થાય છે તેમ તેમ કોઈપણ પ્રવાહને સમજવાનું વધુ સ્પષ્ટ થાય છે. ભારતમાં પત્રકારત્વને અખંડ રીતે સમજવું હોય તો હજુ ઘણું સંશોધન માંગી લે છે અને તેથી જ પત્રકારત્વ ઇતિહાસનાં પુનરાલેખનના પડકાર માટે સજ્જ બનવું રહ્યું.

આ બધાંએ સેવાવ્રતી અને વૈચારિક પત્રકારત્વની પરંપરા ચાલુ રાખી હતી. સમાજજીવનનું એ સકારાત્મક પત્રકારત્વ હતું.

સકારાત્મક પત્રકારત્વમાં સમજદારી, સંઘર્ષ, સંશોધન અને સત્ય આ ચાર 'સ'નો મેળાપ થઈ શકે છે. લિઓનાર્ડ સિલ્કે એક અમેરિકી મીડિયા–સેમિનારમાં કહ્યું હતું : "The aim is not just making money; but is also essentially the same as the business of university : truth-seeking and truth-telling !"

"સત્યનું શોધન અને સત્યનું પ્રબોધન : આ વિરાસતને જાળવવા મથે તે સકારાત્મક ! .... પણ આ આગ્રહ–પૂર્વગ્રહના પ્રદૂષણ વચ્ચે કેટલુંબધું અઘરું છે, નહીં ?"[૧૦]

આજે પત્રકારત્વની દિશા અને દશા બંને બદલાયાં છે તેમ છતાં, વ્યાવસાયિક પત્રોમાં કામ કરનારા, પણ વિચારબળના આધાર લેનારા પત્રકારોને વિશ્વસનીયતા સાંપડે છે તે ભૂલી જવા જેવું નથી. આવો પત્રકાર સમાચાર સાથે જોડાયેલો હોય કે અહેવાલકથન કરતો હોય યા લેખ લખે, તેનું લખાણ વાચકને માટે વિચારવાની બારી ઉઘાડી આપે છે. વાચક પણ હવે હોંશિયાર બની ગયો છે. તે જાણે છે કે કોણ કેટલામાં છે, કયા માટલાને ટકોરાની જરૂર નથી અને કયા માત્ર ખાલીખમ દેખાડો કરે છે. વાચક તેવા પત્રકારત્વને ય, સમજવા છતાં, કશું બોલ્યા વિના સ્વીકારી લે છે, પણ આદર તો

પેલા વિચારબળ પૂરું પાડનારાઓને જ આપે છે. જર્નાલિઝમનો આ મૂળ ગુણ છે અને તે નષ્ટ થતો નથી એટલે પત્રકારત્વ ટકી રહેવાની આશા બંધાય છે.

આ ભેદરેખા સમજનારા, સમજાવનારા અને તેવી કેળવણી આપનારા વાતાવરણની આજે તાકીદે જરૂર છે. નવી ટેક્નોલોજી, નવું બજાર અને નવું ઉત્પાદન અખબાર જગતમાં વધતું રહેશે. તેના લાભાલાભ માલિકોને છે, પત્રકારોને છે, વાચકોને ય છે એવો ભરોસો પેદા કરવા જેવો છે. આ દોડમાં પત્રકારત્વનાં ઉત્તમ લક્ષણો પ્રગટ થાય અને અપલક્ષણ હાંસિયામાં ધકેલાતાં રહે તે કામ પત્રકારત્વની તાલીમી સંસ્થાઓ, અભ્યાસક્રમો, શિક્ષકો અને અખબારોએ કરવું એ આજનો યુગધર્મ છે. જે નવી પેઢી સમૂહ માધ્યમોમાં કામ કરવા થનગને છે તેમાં વિશ્વાસ કરવા માટે આશાનાં કિરણો અને આશાનાં કારણો – બંને અસ્તિત્વ ધરાવે છે.

જેમ બીજે બન્યું છે તેવું પત્રકારત્વમાં પણ દેખાય છે; બહારથી મોટી હિલચાલ કરતી દેખાતી સ્થગિતતા. ભારતીય પત્રકારત્વની દિશા અને દશા વિશે હવે કંઈ ખાસ ચર્ચાતું નથી. બહું બહું તો થોડાક પરિસંવાદો થાય છે અને તાલીમી વિદ્યાર્થીઓને ભણાવવામાં તે વિષય સંકોચાતો રહે છે. જે વાસ્તવિક મેદાનમાં છે પત્રકાર અને પત્રકારત્વ, તેની ચિંતા બીજી જ છે; અસ્તિત્વની ચિંતા એટલે તેમાં તે નવાં રૂપરંગ સામગ્રી પૂરતી તો મહેનત કરે છે, પણ કોઈ મોટા સમાજપરિવર્તનમાં ભાગ ભજવવાનો કેફ ભૂતકાળની બાબત બની ગઈ છે. ‘સબ ચલતા હૈ’ના સર્વસ્પર્શી સૂત્રથી જિવાતું હોય તો, બીજી ચિંતાઓ શા માટે ? છાપાંઓની સંખ્યા વધે છે. પ્રેસ રજિસ્ટ્રાર દર વર્ષે પાછલા વર્ષનો હિસાબ આપતો ગ્રંથ પ્રકાશિત કરીને કહે છે કે જુઓ, આટલાં નવાં અખબારો નોંધાયાં, આટલું સર્ક્યુલેશન વધ્યું. સંસદમાં આ અહેવાલો રજૂ થાય ત્યારે થોડીક સુફિયાણી સલાહો આપવામાં આવે છે પણ દરેક રાજનેતા બરાબર સમજે છે કે

તેમની તસવીર બરાબર છપાતી રહે, તેના અને તેના પક્ષને માટે કંઈ ખાસ આડુંઅવળું લખાય નહીં, બની શકે ત્યાં 'પ્રેરિત' લખાણો આવતાં રહે એટલી જ તેમને પત્રકારત્વની સાથે નિસબત છે. સરવાળે, તેને માટે એ રોજિંદા ઉપયોગ પૂરતું 'છાપું' છે, પત્રકારત્વની કોઈ પ્રતિભાનો અંદાજ નહીં, એટલે પત્રકારત્વ આજની પળે કઈ ભેખડ પર ઊભું છે અને ત્યાંથી તેણે આગળ જવા શું કરવું પડશે, તેની ચિંતા એ શા માટે કરે ?

"અખબારોની પાસે તેની પોતાના અસ્તિત્વની દુનિયા છે. ટેલિપ્રિન્ટર્સ રોજિંદા અહેવાલોનો ઢગલો કરે છે. સ્થાનિક–પ્રાદેશિક–રાષ્ટ્રીય સંવાદદાતાઓ પોતાની શક્તિમતિ પ્રમાણે સમાચારો મોકલે છે. કોલમો લખાય છે. વાચકો પત્રો લખે છે. વ્યાપાર–વાણિઝ્યનો રોજિંદો અસબાબ ચાલે છે. તસવીરો છપાય છે. સમાચારથી કંટાળેલાઓને માટે સામગ્રીનું વૈવિધ્ય હાજર છે : લેડી ડાયેનાએ તેના પ્રેમી સાથે કેવા ફાગ ખેલ્યા હતા, ડ્રગ એડિક્ટ્સ કેવાં પરિણામો ભોગવી રહ્યાં છે, ભારતીય બંધારણમાં હોમોસેક્સુઅલને માટે કોઈ અધિકારો કેમ અપાયા નથી, ગાંધી સવાસોમાં વર્ષે કેવા સંવાદથી જરૂરત છે, પેલો પ્લેગ નહોતો – કાંઈક બીજું જ હતું, માનવાધિકારોનોભંગ ચાલુ છે, સુસ્મિતા સેન લગ્ન કરવાની છે કે કેમ, માઓ–ત્સે–તુંગના જીવનમાં કેટલી સ્ત્રીઓ આવી હતી, હર્ષદ મહેતા આજકાલ શું કરી રહ્યો છે, શોભા ડેની અને ખુશવંતસિંઘની નવી નવલકથામાં કેવીક પોર્નોગ્રાફી હશે, સાંઈબાબા એ છેલ્લો ચમત્કાર કોને બતાવ્યો, મારા પરદેશ પ્રવાસમાં મેં કેવી નવી બાબતો નિહાળી, સરદાર વલ્લભભાઈ આજે જીવતા હોત તો .... વગેરે વગેરે. દરેક મોસમમાં આ વિષય વૈવિધ્યની ઉપસ્થિતિ, વગર દિવાળીએ પણ ફૂલઝર આપ્યા કરતી હોય છે."[૧૧]

આમાં ઘરેડબંધ કસરતનો જ મહિમા છે. શિક્ષણ વધ્યું છે તો સર્ક્યુલેશન વધશે. સર્ક્યુલેશનની ટેક્‌નિક આવડી તો વિસ્તાર વધશે. સરકારી–અર્ધસરકારી જાહેરાતોનું

ભાણું હાજર છે, કોણ કેટલું ઝાપટી શકે છે એ પોતપોતાની શક્તિ અનુસાર રહેશે. નિવૃત્ત અધ્યાપકો અને માસ્તરો તેમજ સર્વસંગ્રાહકોને કહેશો એટલે જેવી જોઈએ તેવી સામગ્રી આપશે : રમતગમત, અધ્યાત્મ, જ્યોતિષ, સમાજચિંતા, શિક્ષણ, સ્ત્રી – યુવાન – બાળક – પ્રેમ – આરોગ્ય – ફિલ્મ – રમૂજ : જેની જેવી આવશ્યક્તા. આ અફલાતૂન સામગ્રી ઉત્પાદનનાં રૂપરંગ મહત્ત્વનાં છે, ગુણવત્તાની ખાસ જરૂર નથી : ધસમસતા પ્રવાહમાં ગુણવત્તાનું કોણ સ્મરણ કરવાનું હતું, વળી ?

આ 'રાબેતા મુજબ'ના વ્યવહારનું લક્ષણ કાંઈ એકાએક આવ્યું નથી : પત્રકારત્વના પ્રશ્નો, કેવા અને કેટલા ? એક સવાલ શાસન સાથેના વ્યવહારનો. તેમાં કોઈકવાર જ ઈમર્જન્સી જેવા આઘાતો લાગે છે તે સેન્સરશિપન સહન કરવી પડે છે. એ વખતે અખબારો 'સાંસ્કૃતિક–સામાજિક બાબતો'ની સામગ્રી પ્રસ્તુત કરતું મ્યુઝિયમ બની જાય છે – બીજા કોઈ અવરોધો સરકારોમાં નડતા નથી કેમ કે લોકશાહી છે રાજકીય પક્ષોની સંભવિત તકનું મેદાન છે : આજે આ, કાલે બીજો પક્ષ. બધાંને સહજપ્રાપ્ત સમૂહમાધ્યમો સાથે બગાડવાની દુર્બુદ્ધિ શા માટે સૂઝે ! હા, કોઈકવાર પત્રકારત્વના સંદર્ભે ક્યાંક સભા–સમારંભ–સેમિનારમાં ભાષણ કરવાનું આવે તો વળી ફટકારી દેશે.

વિકાસશીલ દેશમાં અખબારો પોતાની જવાબદારીને બરાબર સમજે તે સારું છે. તેમણે નકારાત્મક વલણ છોડીને વિધેયક વલણ અખત્યાર કરવું જોઈએ. આ નકારાત્મક અને વિધેયક એ બે શબ્દો ભારે લચીલા છે. તેનો અર્થ એટલો જ કે તેવી સલાહ આપનારની વિરુદ્ધ ન જવું તે વિધેયક છે !

પત્રકારત્વ આજે છે, તે જ બરાબર છે કે નહીં એવી ચિંતા કરવા જેવી ખરી ? ક્યાંક કોઈક ધીમા અવાજે એવું કહે તો સંભળાય એવું લાગતું નથી, પણ પ્રશ્નો તો છે. પ્રશ્ન છે – અખબારોને રોજિંદા કાર્યકલાપથી વિશેષ કશુંક કરવાની ઉત્કંઠાનો, તેની

સજ્જતાનો અને તે માટેના સંઘર્ષનો. પ્રશ્ન છે – સામગ્રીની ચીલાચાલુ દશા બદલાવીને તેમાં ગુણવત્તા ઉમેરવાનો. પ્રશ્ન છે – આસપાસના સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય સ્તરે અલગ અલગ જગ્યાએ સર્જાયેલી સમસ્યાઓનાં મૂળમાં જઈને તેના વિશે વિદશ્ સામગ્રી આપવાનો. પ્રશ્ન છે – ભાષાકીય અખબારોમાં 'ભાષા' અને 'નવી ભાષા'નાં ઓજારનો. પ્રશ્ન છે – વાચક લગી કેવળ માહિતી અને 'માહિતીનાં મનોરંજન'ને બદલે તેના વિચારને જગવે તેવી રીતે પહોંચવાનો. પ્રશ્ન છે – સમસ્યાઓની સમજદારીનો અને ગેરમાર્ગે દોરવતાં તત્ત્વોના હાથા બન્યા સિવાયની રજૂઆતનો. પ્રશ્ન છે – અંદર–બહારની અસરો વિનાના રણકારનો.

"ભારતના પત્રકારત્વના નસીબે આવા અંદરના અને બહારના પડકારોનો મોટો મોરચો છે. રાષ્ટ્રીય અખબારો અન પ્રાદેશિક અખબારો, પ્રાદેશિક મોટાં અખબારો અને જિલ્લાનાં અખબારો, શહેરી અખબારો અને ગામડાંના–ગામડા માટેનાં અખબારો, સમાચારનાં અને વિચારોનાં પત્રો સર્વવિષયક અને ચોક્કસ વિષયનાં પત્રો : આના આર્થિક, માનસિક અને સત્ત્વનાયે મોટા મતભેદ છે. રાષ્ટ્રીય ગણાતાં અખબારોનો મોટો ભાગ અંગ્રેજીભાષી છે, તેની અસર દિલ્હીના રાજકારણ પર પડે છે. પણ, એવા કેટલા બધા વિષયો છે – જેમાં પ્રાદેશિક કે ભાષાકીય અખબારો વધુ વિશદ્ અને સંતુલિત સામગ્રી આપે છે. કેટલાંક ગ્રામીણ અખબારોની પાસે તેમના વિસ્તારની વેદના અને મહત્ત્વાકાંક્ષાનું ચિત્ર વધુ સ્પષ્ટ હોય તે બીજે મળી શકતું નથી. મનમોહનસિંહના 'ગ્લોબલાઈઝેશન'થી હવે વિદેશી અખબારો ભારતમાં છપાવાં શરૂ થશે તો એક નવો સંઘર્ષ અને સ્પર્ધા, ભારતનાં અંગ્રેજી 'રાષ્ટ્રીય' અખબારો અને વિદેશી અંગ્રેજી અખબારોની વચ્ચે શરૂ થશે. અત્યારે બુમરાણ કરવા માટે આ એક બાબતે પત્રકારત્વ ક્ષેત્રને હલબલાવ્યું છે, થોડાક આઘાતો–પ્રત્યાઘાતો જન્માવ્યા છે ને તેથી જીવંતતા લાગે

છે આ સ્થગિત થઈ ગયેલા પત્રકારત્વમાં ! ફરિયાદ એવી છે કે, વિદેશી અખબારો વળી ગંજાવર સાધનસામગ્રી અને નાણાં ખર્ચશે તો અમારું શું થશે ? તો તેમાં કાંઈ સમોવડિયાની સ્પર્ધા રહેશે નહીં. નાનાં, ભાષાકીય અખબારો કહે છે કે, ભલે ને વિદેશી અખબારો આવે, તેની સ્પર્ધા તો પેલાં મોટેરાં રાષ્ટ્રીય અંગ્રેજી અખબારો સાથે જ થવાની ને ?"[૧૨]

પણ, એક બીજો ખતરો ગણાવાઈ રહ્યો છે. વિદેશી અખબારો ભારતમાં સ્થાયી થાય પછી પણ તેમની નીતિ 'ભારતીય' રહેવાની, કે 'વિદેશી' ? કોઈ અમેરિકન અખબાર ભારતમાં છપાવું શરૂ થયું તે કાશ્મીર વિશે શું લખશે–છાપશે ? ચીની અખબાર આવ્યું તો તેનો દૃષ્ટિકોણ મૅકમોહન રેખા વિશે શો રહેશે ? અરબ રાષ્ટ્રોનું અખબાર પાકિસ્તાનની તરફેણ કરશે કે ભારતની ? આ અખબારોની વિદેશનીતિ તેમના માલિકોનાં દેશ કે હિતોની હોય તો વાચકો પર તેની કેવી અસર થાય ? એક ઉદાહરણ એ અપાયું છે કે, પૂર્વ પાકિસ્તાન પર પાકિસ્તાનનું આક્રમણ થયું અને 'બાંગ્લાદેશ'નું નિર્માણ થયું ત્યારે ભારત–બાંગ્લાદેશ વચ્ચે મૈત્રીનું વાતાવરણ હતું.

સાંપ્રત સાથે જોડાયેલાં તમામ ક્ષેત્રોની સમસ્યાઓ તો રહેવાની જ છે, અહીં એક તો બીજે બીજા પ્રકારની. હમણાં 'ટાઈમ' સામયિકના પૂર્વ તંત્રી હેનરી ગ્રનવાલ્ડે ગણતરી કરીને બદલાયેલી વૈશ્વિક પરિસ્થિતિમાં અમેરિકી અખબારોની સમસ્યાઓ કહી છે તે આટલી છે : ઇતિહાસ–ભૂગોળ. વૈશ્વિક વિકલ્પો, જર્નાલિસ્ટિક એજન્ડા. સંવેદનશીલતા અને વાચકવર્ગ ! તેમણે લખ્યું છે કે સોવિયત રશિયાના વિઘટન પછી છૂટા પડેલા નાનકડા દેશોની સમસ્યાઓ પણ એવી પ્રભાવશાળી છે કે તેના વિશે અખબારોએ લખ્યા વિા છૂટકો નથી. પણ તેનું કાંઈ વૉશિંગ્ટનમાં બેસીને તો થાય નહીં. તેને માટે તેવા દૂરસુદૂરના ટચૂકડા દેશોમાં પ્રતિનિધિ મોકલવા પડે ને તેય ત્યાં પૂર્ણકાલીન

સંવાદદાતા તરીકે રહે એ જરૂરી છે. આવું બનતું નથી એટલે વાચક સાંપ્રત વૈશ્વિક પ્રવાહોનાં મર્મ સુધી પહોંચવાથી બાકાત રહી જાય છે.

"આ ચિંતા સુધી તો આપણે પહોંચીએ ત્યારે ખરા, પણ જિંદગીનાં ૬૦ વર્ષો સુધીનું પત્રકારત્વ ખેડી ચૂકેલા આપણા એક સંનિષ્ઠ પત્રકાર–ચિંતક શામલાલે હમણાં જે ચિંતા પ્રગટ કરી છે તે સૌની સહિયારી છે. તેમણે કહ્યું છે કે, 'જેમ રાજકારણ દિશા સુઝાડવાની તાકાતને ગુમાવી બેઠું છે, તેવું અખબારો માટે ય થયું છે ....' ગુજરાતના સંદર્ભમાં પણ જો આ વાત સાચી લાગતી હોય તો ગુજરાતી પત્રકારત્વે તેનું સહચિંતન કરવા જેવું તો ખરું !!"[૧૩]

ગુજરાતી પત્રકારત્વની પાયાની નબળાઈ તેની ટોચથી શરૂ થાય છે એટલે પત્રકારત્વની શાન–ભાન વિનાનાં તત્ત્વોનો અખબારો પર અંકુશ બીજાં ઘણાં દૂષણો તરફ ધકેલે છે. તેની અસર મુખ્યત્વે સામગ્રી પર થતી રહે છે.

એકવીસમી સદીમાં પત્રકારત્વ પાસે – પછી તે ગુજરાતનું હોય કે દેશ અથવા વૈશ્વિક–કેટલીક અપેક્ષાઓ મનુષ્યસમાજની ગતિમાંથી સ્વાભાવિક રીતે જન્મી છે; તેને પૂરી પાડવાનો પડકાર સર્વત્ર છે. શક્ય છે કે આ અપેક્ષાઓ બજારવાદની આકર્ષક લાગતી બિમારીથી દૂર રહે તો જ સંતોષી શકાય.

## ૧.૩ પત્રકારનો ધર્મ :

સાક્ષરશ્રી આચાર્ય આનંદશંકર ધ્રુવે 'વસંત'નું સંચાલન કર્યું. પણ પત્રકાર વિશેનું એમનું મંતવ્ય આજે પણ યાદ કરવા જેવું છે. પત્રકારની નિર્ભીકતા વિશે એમણે કહ્યું છે કે "તમને ઠપકો મળે, જેલ મળે, તમે નિંદાના ભોગ બનો, અરે ! ફાંસીના માંચડે પણ ચડજો; પરંતુ તમારા અભિપ્રાયો તો પ્રસિદ્ધ કરજો જ. એ માત્ર હક્ક નથી. એ ધર્મ છે, ફરજ છે."[૧૪]

સાહિત્ય પરિષદના પત્રકારત્વ વિભાગના પ્રમુખપદેથી શ્રી મહાદેવભાઈ દેસાઈએ 'સત્યનિષ્ઠા'ને પત્રકારના પ્રથમ ધર્મ તરીકે ગણાવી ઉમેર્યું હતું કે, "સમાચાર એ પવિત્ર વસ્તુ છે. એને બદલીને કે મચડીને કે એમાં વધઘટ કરીને એને ભ્રષ્ટ કરવાનો કોઈને અધિકારી નથી."[૧૫]

આથી જ મોહનલાલ મહેતા એ કહ્યું છે કે, "પત્રકારના આદર્શનો હું જ્યારે વિચાર કરું છું અને મારા અંતઃકરણને પૂછું છું કે પત્રકારનો આરાધ્યદેવ કોણ – વર્તમાનપત્ર ? જવાબ 'ના'માં મળે છે. 'લોકકલ્યાણ' ઉપર પણ મન ઠરતું નથી. પત્રકારનો આરાધ્યદેવ તો સત્ય સિવાય બીજો કોઈ હોઈ શકે નહીં, થઈ શકે નહીં. સમાચારમાં અને વિચારમાં એણે નિરંતર એ જ દેવની ઉપાસના કરવી જોઈએ. આવી ઉપાસના નિર્ભયતા વિના, લોકકલ્યાણની ઉચ્ચ ભાવના વિના, રાગદ્વેષરહિત તટસ્થ દૃષ્ટિ વિના, વ્યવસાયની પ્રામાણિકતા વિના, સતત અભ્યાસ, અવલોકન, ચિંતન વિના શક્ય નથી, એટલે આરાધ્યદેવ તરીકે સત્યનું પ્રતિષ્ઠાપન અને પૂજા–ભક્તિ થતાં આપોઆપ અન્ય દેવોની આરાધના થઈ જાય છે."[૧૬]

'નેશનલ એન્ડ પેન અમેરિકન કોંગ્રેસ'ના ઉપક્રમે ઈ.સ. ૧૯૪૨માં મેક્સિકોમાં એક 'પત્રકાર અધિવેશન' ભરાયું હતું, જેમાં પત્રકારની આચારસંહિતાના 'દસ ધર્મસૂત્રો' જાહેર કરવામાં આવ્યા હતાં. આ ધર્મસૂત્રોમાં પત્રકાર માટે વાંછનીય અને અવાંછનીય કર્તવ્યોનો સ્વર સમાવિષ્ટ છે.

(૧) તમારા સમાચારની પ્રતિષ્ઠાનો ગર્વ કરજો, જોશ સાથે ઉત્સાહ પણ દાખવજો, પણ મિથ્યાભિમાની ન બનશો.

(૨) પત્રકારત્વમાં જડતા અને શિષ્ટપોષણ બન્ને મૃત્યુ સમાન છે.

(૩) તક ગુમાવશો નહીં, બહુજ્ઞ બનો અને નવીનતાનું પ્રદર્શન કરવાનું ચૂકશો નહીં.

(૪) વ્યક્તિથી મોટો છે સમાજ અને સરકારથી મોટો છે દેશ. મનુષ્ય મર્ત્ય છે, પણ સંસ્થા અને સિદ્ધાંત અમર છે.

(૫) શત્રુ અને મિત્ર બન્ને ધર્મ બજાવજો. મિત્ર એવો હોય, જેને તમારી પાસેથી આદર મળે. શત્રુ એવો હોય, જેના પ્રત્યે આપ દ્વેષ ન કરો.

(૬) આર્થિક અને સાહિત્યિક બન્ને ક્ષેત્રોમાં આક્રમણનો જવાબ આક્રમણથી આપજો. શાંતિથી રહેવું હોય તો પોતાના રક્ષણ માટે હંમેશાં તૈયાર રહેજો.

(૭) તલવાર અને પૈસો બન્ને કલમના શત્રુ છે. જરૂરિયાત ઉપસ્થિત થતાં આત્મ–ગૌરવની રક્ષા ખાતર જીવન અને ધનની કુરબાની આપજો.

(૮) દ્રઢ રહેજો, પણ હઠાગ્રહી નહીં. પરિવર્તનશીલ બનજો, પણ નિર્બળ નહીં. ઉદાર બનજો, પણ હાથ બિલકુલ ખૂલ્લા ન મૂકી દેશો.

(૯) સ્પષ્ટવાદી, સ્વાભિમાની, સાવધાન તથા ચેતનવંતા રહો તો જ આપનો આદર થશે. નબળાઈ એ નરી નપુંસક્તા છે.

(૧૦) જે કાંઈ છપાય તેની જવાબદારી લેજો. વ્યર્થ દોષારોપણ પાપ છે. પ્રતિષ્ઠાને હાનિકર્તા વસ્તુઓ ન છાપશો. લાંચ લેવી એ પાપ છે. સહકાર્યકર પત્રકારની જગ્યા મેળવી લેવાની ઈચ્છા રાખવી, ઓછા પગારે કામ સ્વીકારીને સહકાર્યકર પત્રકારને કાઢવો એ પણ પાપ છે અને કોઈની જાહેરાત લેખની જેમ છાપવી એ પણ પાપ છે. રહસ્યનું કાળજીથી જતન કરજો, સમાચારપત્રના સ્વાતંત્ર્યનું કે તેની શક્તિનો વ્યક્તિગત લાભાર્થે ઉપયોગ કદાપિ ન કરશો.”[૧૭]

ઝેડ. જી. શેખ જણાવે છે કે, "પત્રકાર લોભીની લલચાતો નથી, ધમકીઓથી ગભરાતો નથી, નિંદાઓથી કંટાળતો નથી, અપમાન થી ખિન્ન થતો નથી કે પ્રશંસાથી પીગળતો નથી. યાતનાઓની પરવા કર્યા વિના સત્ય ખાતર તન, મન, ધન અને જીવનનું સર્મપણ કરે એ સાચો પત્રકાર."[૧૮]

કાકાસાહેબ કાલેલકર કહે છે કે, "પત્રકાર એટલે લોકશિક્ષણનો આચાર્ય, બ્રાહ્મણોનો બ્રાહ્મણ અને ચારણોનો ચારણ. પ્રજા યુયુત્સુ થઈ જાય ત્યારે પત્રકારે લડવૈયા અને સેનાપતિ પણ થવું પડે."[૧૯]

લોર્ડ મોર્લે જણાવે છે કે, "પત્રકાર વકીલોનો વકીલ અને શિક્ષકોનો ય શિક્ષક છે. તે હરતો ફરતો 'વિશ્વકોશ' છે. અજ્ઞ અને સુજ્ઞ વચ્ચેની કડી છે. શબ્દ અને વાક્ય એના દાસ હોય છે. એની કામના શક્તિ પ્રબળ હોય છે. એ ઝરણા અને વૃક્ષોમાં ય સંવાદ શોધી શકે છે. કારણ કે પત્રકારને અનેક આંખ અને અનેક કાન હોય છે ! પરિશ્રમ–પ્રિયતાએ પત્રકાર માટેની પાયાની લાયકાત છે. પત્રકારત્વનો માર્ગ વિકટ છે. એની સામે પ્રજા, સરકાર, કાયદો અને માલિક એમ ચતુર્દિશ બાણવર્ષા થતી રહે છે."[૨૦]

નેપોલિયન જણાવે છે કે, "પત્રકાર કચકચાટ કરનાર, ઠપકો આપનાર, નિંદા કરનાર, સલાહ આપનાર, સ્વતંત્રતાનું રક્ષણ કરનાર અને રાષ્ટ્રોનો શિક્ષક છે. તે રાષ્ટ્રો ઉપર અંકુશ રાખે છે."[૨૧]

પત્રકારનો વ્યવસાય એક રીતે જોતાં દુનિયાનો કઠણમાં  કઠણ વ્યવસાય છે. દરેક જણ તેની સમક્ષ એક મુખવડો પહેરી પેશ થાય છે. દરેક જુઠાણું તેની સમક્ષ સત્યનું આવરણ ઓઢાડી રજૂ કરાય છે. પત્રકારનું કામ છે આ દેખીતા સત્યના આવરણ હટાવી જુઠાણાને જુઠાણું સાબિત કરવાનું. સામેના માણસે ઓઢેલો મુખવટો ચીરી તેનો અસલી

ચહેરો ઉજાગર કરવાની, આ માટે તેનામાં નૈતિક હિંમત જોઈએ. આ માટે તેનામાં તપાસના ઘેરને પકડી રાખવાનો તંત જોઈએ. આ માટે તેનામાં ક્ષીર–નીર વિવેક જોઈએ જે દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી શકે. આ માટે તેનામાં તરણા ઓથેનો ડુંગર કળી કાઢવાની બુદ્ધિમત્તા જોઈએ. આ માટે તેનામાં એક અને એક બે કરવાની કોઠાસૂઝ જોઈએ અને આ માટે તેનામાં સત્યનું મોતી શોધી કાઢવા જુઠાણાંના દરિયામાં જાતે ઝંપલાવવાની તૈયારી જોઈએ.

"પત્રકારનું વહાણ વિશ્વાસે નથી ચાલતું. આંધળો વિશ્વાસ તો તેના વહાણ ડુબાડી દે છે. તેની સામે જે રજૂ થયું છે, મોટા ઉપાડે પિરસાયું છે તેની ઉપર ભરોસો મૂકી તે સ્વીકારી લેતાં તેને ઊલ્ટાવી–પુલ્ટાવી તેને જાંચવું અને પરખવું એ તેની ફરજ બને છે. સાચો પત્રકાર સંશયાત્મા છે. તેની સમક્ષ રજૂ થતી દરેક વાત પર તે કરે છે તેમાં રહેલા સત્યાસત્યને પારખી તે તેમાંના સત્યને જ સ્વીકારે છે. ડાઉટિંગ થોમસ હોવું એ સાચા પત્રકારની પ્રકૃતિ છે."[૨૨] પણ આ પ્રકૃત્તિ જ તેને તેના અંગત જીવનમાં પરેશાન કરે છે. વિશ્વાસનો અભાવ તેના સહજ માનવસંબંધોમાં પણ આડે આવે છે. દરેક વાતની ખાતરી કરવાનો તેનો સ્વભાવ તેને તેની રોજબરોજની જિંદગીમાં આમ આદમી બનતા રોકે છે. તે માણસ મટી અશ્વત્થામા બની જાય છે, જે પોતાના મસ્તકમણિની શોધમાં ભટક્યા કરે છે. આયનો જોવાનું તે બંધ કરી દે છે. કારણકે તેને પોતાના જ પ્રતિબિંબ પર વિશ્વાસ રહ્યો નથી. તેણે પોતાના જ પડછાયાનો ભરોસો છોડી દીધો છે કારણ કે કદાચ તેનો પડછાયો જે દેખાડે છે તે પોતાનો હોય તો ?

અશ્વિનકુમાર ભટ્ટનું એક પુસ્તક પત્રકારને પોતાનું જ પ્રતિબિંબ ધ્યાનથી જોવાની ફરજ પાડે છે. પત્રકારને પત્રકારત્વના સારાં–નરસાં બધાં સ્વરૂપનું દર્શન કરાવે છે

તથા તેની જાતને ઓળખવા અને પારખવાની તક આપે છે. એટલે જ આ પુસ્તક આવકાર્ય છે.

અખબારી મશીનરી અને નાણાંકીય પ્રબંધ વધે એટલે તેનું ઉત્પાદન રંગબેરંગી બને છે. સ્પર્ધામાં ઊભા રહેવા માટે અખબારનાં મૂલ્યમાં પણ વધારો–ઘટાડો થાય છે. આપણે ત્યાં સંચાર માધ્યમોમાં એકલું બી.એસ.એન.એલ. જ એવું છે કે જે રેઢિયાળ સેવા કરીને ગ્રાહકોને ગુમાવે છે. અખબારી વ્યવસાયમાં જાહેરખબરને ભલે પ્રાથમિક્તા અપાતી હોય, વાચક પ્રત્યે સાવ દુર્લક્ષ સેવવું સારાં છાપાંને પરવડતું નથી. આમાંથી જ ભાવઘટાડાની મોસમ ખીલે છે. દિલ્હીથી તેની શરૂઆત થઈ તે હવે પ્રદેશોના ઊંબરે આવીને ઊભી છે. વળી પાછી કિંમત વધે છે.

આ એક એવું બજાર છે જ્યાં ક્રમશઃ અખબારોના ભેદ–પ્રભેદ સ્પષ્ટ થતા જાય છે, જેમ કે સારાં અખબારો, ખરાબ અખબારો. રાષ્ટ્રીય, પ્રાદેશિક અને જિલ્લાનાં સ્થાનિક અખબારો. તાલુકાના અખબારો પણ છપાય છે, પણ તેમાંના કેટલાંકનાં નામ આગળ પ્રદેશ, દેશ કે વિશ્વ પણ લાગે છે ! અખબારોનાં વર્ગીકરણનું એક પાસું વાચકો પર આધારિત છે, તે શહેરી પત્રકારત્વ અને ગ્રામલક્ષી પત્રકારત્વ. તેમાં પણ હવે ભેળસેળ જોવા મળે છે. આવો વિનિયોગ આવકાર્ય છે. પણ તેમાં ગ્રામ–જગતને વધુ જગ્યા આપવા જેવી છે. એ તો દેખીતું છે કે વ્યાવસાયિક પત્રકારત્વનો આ જમાનો છે એટલે તમામ પ્રકારનાં યુદ્ધો પ્રાઈસવોર, મેટરવોર, સર્ક્યુલેશનવોર આવવાનાં જ. વાચકને માટે આ મેરેથોન એક પ્રકારની પ્રતિક્રિયા જન્માવે છે તો વ્યવસાયી પત્રકારને માટે બીજા પ્રકારની. પત્રકારત્વમાં ઘણા લાંબા સમય સુધી માંદી મિલોના જેવી હાલત હતી. એવો પણ સમય કે નિષ્ણાત પત્રકારો દિવસરાત મહેનત લઈને અખબાર તૈયાર કરી આપતા. આપણા એક સ્વર્ગસ્થ પત્રકાર વાસુદેવ મહેતાને રાતપાળી સોંપવાની

જીવલેણ ક્ષયની બિમારી થઈ ગઈ હતી અને ત્યારે આજના જેવી દવાઓ પણ નહોતી. પણ તેમણે કામ કરવાનું ચાલુ રાખ્યું હતું. એ સમયે સંપાદકીય પરિબળ પર માર્કેટિંગ મેનેજમેન્ટનો અંકુશ નહોતો ! એટલે એક વર્ગ પત્રકારત્વમાં ગળાડૂબ રહેવાનું સાહસ કરે તો ખરો જ.

એકવાર વાસુદેવ મહેતાએ કહ્યું હતું, “આ એક પ્રકારનો નશો છે. બંધાણી ગમે ત્યાંથી પાછો ફરે તેવું પત્રકારનું છે. તેને છપાયેલા શબ્દોથી વધારે ગાઢ સગાં–સ્વજનો મળતાં જ નથી.” ‘સમભાવ’ના તંત્રી ભૂપતભાઈને એક રાજપુરુષે, પ્રેમથી આમંત્રિત કર્યા કે તમે ચૂંટણી લડો. તેમણે સૌજન્યપૂર્વક ના પાડી દીધી હતી. સ્વધર્મે નિધન શ્રેયની તેમની વાત સાચી હતી. આજે પણ અમુક અંશે સાચી છે અને એટલા અંશે પત્રકારત્વ ઘોર વ્યવસાયિક નથી. પણ તેણે સાવ જાહેરજીવનથી અલગ થવું જોઈએ નહીં.

પત્રકારને શબ્દની સાથે જોડાવું ગમે છે. તેમાં માત્ર જાણીતા થવાનો રોમાંચ જ નથી, બીજું ઘણું છે. ઘટનાને નિહાળવી, તેનું મૂલ્યાંકન કરવું, તેને અસરકારક શબ્દોથી આકાર આપવો અને છેવટે ‘પ્રિન્ટેડ વર્ડ્સ’ તરીકે વાચકો સુધી પહોંચાડવો – આ પોતે જ એવી રસપ્રદ પ્રક્રિયા છે કે તેની સજા અને મજાનો સ્વાદ પત્રકાર જ જાણે છે. આમાંથી જ ક્યાંક શોધખોળની તલપ જાગે, કંઈક અલગ અને વિશેષ આપવાનો સળવળાટ થાય, કોઈ વિચાર મૂકવાનું મન થાય, કોઈવાર આગ્રહ પણ તેમાં દેખાય, પ્રતિક્રિયા તો પત્રકારત્વનો આત્મા છે એટલે કોઈપણ ઘટના હોય – ચૂંટણી કે રમખાણ, યુદ્ધ કે ભ્રષ્ટાચાર, દબદબો કે દુકાળ, વહીવટ કે વેપાર .... પત્રકારને તેના વિશે કોઈક પ્રતિક્રિયા આપવાની ઈચ્છા થાય છે અને તેને અનુવર્તે છે. એટલે તો ઈલેકટ્રોનિક મીડિયાથી વધુ તેની આબરૂ હજુ સુધી જળવાઈ છે.

આ બાબતમાં ક્યાંક વ્યવસાયની જગ્યા મિશન પણ લે છે. આપણા શ્રેષ્ઠ પત્રકારોના કામને તપાસો, તેઓ વિચારબળને કેન્દ્રમાં રાખીને પત્રકારત્વની દુનિયામાં રહ્યા છે. હમણાં કોઈક નિષ્ણાંતના લેખમાં એવું વિધાન જોયું કે 'મિશનરી' હોવું તો એક તૂત છે. તેનો આશરો લઈને પત્રકારનું શોષણ થાય છે. આ વાતમાં સંપૂર્ણ તથ્ય નથી. શોષણ કરવાના તો બીજા ઘણા રસ્તા હોય છે પણ વિચારબળને વરેલા પત્રકારને એમ ખલાસ કરી શકાતો નથી કેમ કે તેણે કેટલું મૂલ્યાંકન પોતે જ મિશનરી જર્નાલિઝમનો એક ભાગ બની જાય છે.

સ્વતંત્રતાપૂર્વના વર્ગમાં એવા સેંકડો પત્રકારોનાં પ્રમાણો છે, તેઓ કંઈ પત્રકારત્વમાં શોષિત હોવાનો ભાવ અનુભવતા નહોતા. એટલે તો 'વંદે માતરમ્', 'સંધ્યા', 'ઈન્ડિયન ઓપિનિયન', 'ફોરવર્ડ', 'ઈન્ડિયન સોશિયોલોજિસ્ટ', 'બોમ્બે ક્રૉનિકલ', 'કેસરી', 'મરાઠા' જેવા તેજ નક્ષત્રો આજે ય કોઈને કોઈ વર્ગને અતીતનું અનુસંધાન કરાવીને આત્માનું બળ પૂરું પાડે છે.

આ છાપાં અંધારી કોટડીમાં છપાયાં હતાં, રાત–દિવસના ઉજાગરા કરીને, 'રાજદ્રોહ'ના ઓછાયાની પરવા કર્યા વિના પ્રકાશિત થતાં હતાં, આપણે ત્યાં સમાજસુધારની ઝૂંબેશ પણ આવાં અખબારોએ મિશનરીભાવે ચલાવી હતી. સમાજના વિભિન્ન વર્ગો અને વલણો પણ જેટલી વિધેયક અસર પત્રકારત્વની રહી તેમાં વ્યાવસાયિક અંગ્રેજી પત્રકારત્વનો હિસ્સો નહોતો. આજે પત્રકારત્વની દિશા અને દશા બંને બદલાયાં છે તેમ છતાં, વ્યાવસાયિક પત્રોમાં કામ કરનારા પણ વિચારબળનો આધાર લેનારા પત્રકારોને વિશ્વસનીયતા સાંપડે છે તે ભૂલી જવા જેવું નથી. આવો પત્રકાર સમાચાર સાથે જોડાયેલો હોય કે અહેવાલકથન કરવાનો હોય યા લેખ લખે, તેનું લખાણ વાચકને માટે વિચારવાની બારી ઉઘાડી આપે છે. વાચક પણ હવે હોંશિયાર

બની ગયો છે. તે જાણે છે કે કોણ કેટલામાં છે, કયા માટલાંને ટકોરાની જરૂર નથી અને કયાં માત્ર ખાલીખમ દેખાડો કરે છે. વાચક તેવા પત્રકારત્વને ય, સમજવા છતાં, કશું બોલ્યા વિના સ્વીકારી લે છે પણ આદર તો પેલા વિચારબળ પૂરું પાડનારાઓને જ આપે છે. જર્નાલિઝમનો આ મૂળ ગુણ છે અને તે નષ્ટ થતો નથી એટલે પત્રકારત્વ ટકી રહેવાની આશા બંધાય છે.

આ ભેદરેખા સમજનારા, સમજાવનારા અને તેવી કેળવણી આપનારા વાતાવરણની આજે તાકીદે જરૂર છે. નવી ટેક્નોલોજી, નવી બજાર અને નવું ઉત્પાદન અખબાર જગતમાં વધતું રહેશે. તેના લાભાલાભ માલિકોને છે, પત્રકારોને છે, વાચકોને ય છે એવો ભરોસો પેદા કરવા જેવો છે. આ દોટમાં પત્રકારત્વનાં ઉત્તમ લક્ષણો પ્રગટ થાય અને અપલક્ષણો હાંસિયામાં ધકેલાતાં રહે તેવું કામ પત્રકારત્વની તાલીમી સંસ્થાઓ, અભ્યાસક્રમો, શિક્ષકો અને અખબારોએ કરવું એ આજનો યુગધર્મ છે. જે નવી પેઢી સમૂહ માધ્યમોમાં કામ કરવા થનગને છે તેમાં વિશ્વાસ કરવા માટે આશાનાં કિરણો અને આશાનાં કારણો બંને અસ્તિત્વ ધરાવે છે.

નવા અને જૂના પત્રકારનો રસ્તો ભારે જોખમી છે, કારણ કે, જે રાજ્યસત્તા ચલાવે છે તેનો સ્વભાવ મોટે ભાગે એવો દેખાય છે કે અખબારે કાં તો તેની ખુશામત કરવી અથવા તો ચૂપ રહેવું, ટીકા તો ન કરવી ! મોટાભાગના જાહેરજીવનનાં લોકોને માટે અખબાર એ ‘છાપું’ છે અને એથી વધુ વર્ગ કેવળ માહિતીનાં મનોરંજન માટે તે વાંચે છે.

પત્રકારત્વમાં વ્યાવસાયિકતા હોય તેમાં કશું ખોટું નથી. માત્ર તે વ્યાવસાયિકતા ‘હલકા ધંધા’માં ફેરવી નાખવામાં ન આવે એટલું તો જોવું જ પડે. એવું છાપું આપોઆપ વાચકના અભાવથી ખરી પડે, એટલે મિત્ર અરુણ સૌરીએ સાચું કહ્યું છે કે, “ખરું

બ્રહ્માસ્ત્ર તો વાચકની પાસે છે.'' તે ઈચ્છે તેટલું જ ટકશે. અત્યારે તો ઘણીવાર 'પ્રોફેશનલ જર્નાલિસ્ટ' એટલે જે સત્તા પર આવે તેની સાથે રહેનારો, અનુકૂળ થનારો પત્રકાર એવું ગણવામાં આવે છે. એમનાં વખાણ કે વિરોધ બંને નિરર્થક છે.

પ્રિન્ટિંગના આધુનિક યુગે ટેક્નોલોજીમાં ધરખમ ફેરફારો કરી આપ્યા છે. થોડીક મિનિટોમાં દુનિયાને કાગળની સીટ પર રજૂ કરી દેતાં ટેલિપ્રિન્ટર્સથી માંડીને કમ્પ્યુટરો હવે પ્રચલિત છે. શું આનો લાભ નવા યુગનો જાગ્રત પત્રકાર ન લઈ શકે ? સાહસિક માલિક તેને યોગ્ય દિશામાં લઈ જતા પત્રકારત્વ સાથે બાંધી ન શકે ?

એવું થવું તો જોઈએ પણ થતું નથી. કારણ પેલું બજારું કલ્ચર. માલિક અને પત્રકાર અજુગતાં સમાધાનો અને ગઠબંધનો કરી લેતા હોય છે. પત્રકાર એટલે 'નાના મોઢાવાળો' નાણાંથી ખરીદાતો માણસ છે એમ આજે કહેનારાઓની અને અનુભવનારાઓની ખોટ નથી. આ વાતને સાચી પાડનારા પત્રકારોનીયે લાંબી કતાર છે. નાનાં ફરફરિયાં નહીં, મોટાં અખબારોમાં પણ આવી હાલત છે. જે સમાજમાં પોલિટિશિયન ભ્રષ્ટ અને બેઈમાન છે, જે સમાજમાં પોલીસ લાંચ લે છે, જેમાં સંપ્રદાયો સડો અનુભવે છે ત્યાં વળી પત્રકાર એકઅકેલો પ્રામાણિક્તાનો પૂજારી રહે ક્યાંથી ? એટલે જે ખરા અર્થમાં પત્રકારત્વ સાથે જોડાય છે તેવો કેટલોક યુવાવર્ગ પણ એકલો પડી જાય છે.

આવી સ્થિતિ–પરિસ્થિતિનો એક ઉપાય છે. નવીન પર્વ કે લિયે નવીન પ્રાણ ચાહિયે ! એક સામૂહિક પુરુષાર્થની સાથે પત્રકારત્વને પણ જોડી દેવામાં આવે અને તેને પરિવર્તન માટે સજ્જ કરવામાં આવે તો આપોઆપ તંત્રીઓ, માલિકો, પત્રકારોની એવી ટીમ તૈયાર થશે, જેનું 'પ્રોફેશનાબિઝમ' પણ 'મિશન'ની સાથે જોડાયેલું હશે ! અને 'મિશન'ના પણ કેટલાક બોધપાઠ છે. તે કૂપમંડૂક ન હોવું જોઈએ. તે

મિથ્યાભિમાની તો નહીં જ હોય. તેમાં જડતા ન આવવી જોઈએ. તેમાં ઝનૂન ન હોય. બેવડાં વલણો–આચરણોનો ત્યાં પ્રવેશ ન હોઈ શકે. બીજા આગંતુકોનું .... નવી પેઢીનું ત્યાં સંવર્ધન અને પ્રોત્સાહન થતું રહે તો 'સાતત્ય યોગ' સર્જાય. અન્યથા ગમે તેવો ઉત્તમ ભૂતકાળ ધરાવતું મિશનરી અખબાર કે સામયિક પણ તદ્દન અપ્રસ્તુત થઈ જાય છે. તેનાં કેટલાંક ઉદાહરણો છે ?

પત્રકારત્વે આવી જટાજૂટ અરણ્યની યાત્રામાંથી પસાર થવાનું હોય ત્યારે તે સમુચિત શબ્દોનો જ ઉપયોગ કરશે. નિર્ભીકતાથી અને સૌજન્યપૂર્વક કરશે. એવા શબ્દોના સંવાહક પત્રકારો જ 'વિશ્વસનીયતા'ને મેળવી શકે છે.

લેખક પત્રકારનું સન્માન એ અભિવ્યક્તિનો એક અવસર છે. 'પાંચજન્ય'નો તો ગૌરવપૂર્ણ અતીત છે અને જાજરમાન વર્તમાન. અટલબિહારી વાજપેયીથી તરુણ વિજય સુધીના તંત્રીઓ જે સાપ્તાહિકને સાંપ ા હોય તેનું લક્ષ્ય પણ ઊંચું જ હોય ને ? મંચ પરથી તરુણ વિજયનો તરુણ સ્વર ગરજતો હતો. ત્યારે રાજનીતિજ્ઞ વાજપેયીજીએ નવા વર્ષે લખેલા પત્રનું વિધાન મને બરાબર સ્મરણમાં આવ્યું : 'શબ્દ એ સાધના છે, ને પત્રકારત્વનો તેનો દુર્ગમ પથ એવા જ યાત્રિક પર ફૂલ ખેરવશે, જે શબ્દ–સાધક હોય !'

સ્મરણ છે કે ૧૯૮૫માં મુંબઈના પાટકર હોલમાં એ કાર્યક્રમમા વાજપેયી હૃદયભેર ખીલ્યા હતા. પછીથી પૂછ્યું તો કહે : 'કભી કભી રાજનીતિ સે હટકર વે પુરાને દિન દિલ મેં બસ જાતે હૈ .... તો ઐસા હો જાતા હૈ !'

પત્રકારત્વનાં ત્રીસેક વર્ષોના કડવા મીઠા અનુભવોની તડકી છાંયડી વચ્ચે એક વધુ સન્માનનું સ્મરણ કરું .... અત્યાર લગીના તમામ પ્રતિઘોષમાં તેને સર્વોચ્ચ ગણ્યો છે. ૧૯૭૫–૭૬ની સાલમાં કટોકટી હતી ત્યારે દેશનાં ૨૦,૦૦૦ પ્રકાશનોના ગળાને દબાવી દેવાયું હતું. બોલો તો ખુશામત કરો અથવા ચૂપ મરો. અન્યથા જપ્તી, જડતી,

કારાવાસ એવા સમયગાળામાં પ્રિ–સેન્સરશિપ સામેની લડાઈ ‘સાધના’ જેવા નાનકડા સાપ્તાહિકના તંત્રી તરીકે હાથ પર લીધી. ભારે તાણના એ દિવસો હતા. દરેક બુધવારે પાનું છેલ્લા પ્રિન્ટિંગમાં જાય તે પછી પણ, ક્યારે પોલીસ જપ્તી–જડતી માટે આવશે તેની અનિશ્ચિતતા રહે. ગુજરાત સરકારના એક પૂર્વ પ્રધાને દિલ્હી ગૃહખાતાને પણ બધા અંકો પહોંચાડીને ફરિયાદ કરી હતી. મુખ્ય સેન્સરને તેની જાણ હતી, તે અઠવાડિયે એકાદ નોટિસ પરથી ખબર પડતી.

આવા સંજોગોમાં સેન્સરવિરોધી સંઘર્ષનો પ્રતિસાદ ચૂપકે–ચૂપકે પણ મળતો. પુણેની યરવડા જેલમાંથી હંસાબહેન રાજડા, થાણેથી જયવંતીબહેન, મધ્યપ્રદેશમાં ભૂગર્ભવાસી પ્યારેલાલ ખંડેલવાલ, બેંગ્લોર જેલમાંથી અડવાણીજી – પીલુ મોદી, પૂણેથી યદુનાથ થતે અને દિલ્હીની તિહાડ જેલનાં રાજકીય મુસાફરોએ લખેલા પત્રોમાં ‘માહિતીની ચેતના’ને કાળાદિબાંગ વાદળામાં અલપઝલપ વીજરેખા સરખો–અહેસાસ રહેતો. વાજપેયી દિલ્હીની હોસ્પિટલમાં સારવાર લેતા હતા ત્યાંથી પત્રો આવ્યા.

હળવદ (સુરેન્દ્રનગર)થી એક મહિલાએ પોસ્ટકાર્ડ લખ્યું હતું : “થોડાક દિવસો પહેલાં અમારું લવાજમ પૂરું થયાનો તમારો કાગળ મળ્યો છે. મારી એક મુશ્કેલી છે. અમારા ઘરમાં ‘સાધના’ માટે હું અને મારા વૃદ્ધ શ્વસુર ભેગા મળીને રકમ એકઠી કરીને ચૂપચાપ મોકલાવતાં. મહિનામાસ પર એ ગુજરી ગયા છે, મારા પતિ કંજૂસ છે, પણ મારે ‘સાધના’ વાંચવું છે કેમકે તમે મોટી લડાઈ લડી રહ્યા છો. હું મારી ઘરખર્ચીના પૈસા ભેગા થતાં જ મોકલી આપીશ. ત્યાં સુધી ‘સાધના’ બંધ ના કરો એવી વિનંતી છે.”

એક લગભગ અર્ધશિક્ષિત મહિલા, તેણે કોઈ બંધારણ કે ઇતિહાસ, ન વાંચ્યા હોય તોયે તેમના મનમાં જે હતું તે – લોકતંત્રમાં નિર્ભય બનીને મોકળાશથી જીવવાની લડાઈ જ હતી ને ? કોઈ મહાપંડિત કે સરકાર કે સંસ્થા કરતાંયે મારે મન એ પોસ્ટકાર્ડ

અદકેરું સમ્માન રહ્યું છે .... કારણકે તે પત્રકારત્વમાં જીવતા સાચુકલા શબ્દનું સમ્માન હતું !

એટલે કહેવાનું મન થાય છે : "આ સ્વતંત્રતા અને સંઘર્ષ અને સમજદારી ત્રણેનો વિનિયોગ થયા વિના, એકબીજા છેડેથી ચાલવાનું વલણ દેશ અને દુનિયામાં ચાલી રહ્યું છે તેનો નિષેધ કર્યા વિના છૂટકો નથી. સમાજ પત્રકારત્વની પાસે એટલી અપેક્ષા તો જરૂર રાખી શકે."[૨૩]

આ 'પત્રકાર'ની વ્યાખ્યા થઈ શકે ? એના જવાબમાં કહી શકાય કે એ વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. પત્રકારો અંગેનાં પગારધોરણો માટે પાલેકર પંચે એવું કહ્યું હતું કે અખબાર એક ઉદ્યોગ છે અને તેમાં પૂરા સમય માટે કામ કરે તે પત્રકાર છે. તેમાં પ્રૂફરીડરો પણ આવી જાય. અંતરિયાળ નગર કે ગામડામાં જાઓ તો અખબારનું વિતરણ, જાહેરખબર અને સમાચાર ત્રણેયનું કામ એક વ્યક્તિ કરે. તે 'ખબરપત્રી' હવે પોતાને 'પત્રકાર' ગણે છે અને લોકો પણ તેવું માનીને ચાલે છે. તાલુકાથી માંડીને જિલ્લા અને બીજા વિસ્તારોમાં નાનાં–મોટાં છાપાઓ બહાર પડતાં હોય છે તેમાંના દસેક ટકાને બાદ કરતાં બાકીના કોઈ ખાસ સમાચાર વિચારસામગ્રી હોતી નથી. ચૂંટણી વખતે રાજકીય પક્ષોને તેમાં પ્રસિદ્ધિ મળે કે કોઈ દાતાનો, શેઠિયાનો, ધાર્મિકોનો કાર્યક્રમ હોય તો તેની જાહેરાત હોય. સરકાર પણ 'ઉદારતા'થી કોઈ કોઈવાર જાહેરખબર આપે છે.

રોજેરોજ સમાચાર મેળવતો, લખતો, સંપાદિત કરતો સંવાદદાતા એ આગલી હરોળનો પત્રકાર બની શકે, પણ બને છે એવું કે તેમાંનો એક મોટો વર્ગ તડજોડ કે તોડ કરવામાં, કોઈને આગળ ધકેલવા કે બીજાને પાછો પાડવામાં, બ્લેકમેઈલિંગમાં,

ધાકધમકીમાં, સગવડો મેળવીને તે અનુસાર લખવામાં વધુ સમય વીતાવે છે, એટલે તેની સરખામણી ટ્રાફિક સર્કલ પાસે નાણાં પડાવતા પોલીસની સાથે કરાય છે.

પત્રકાર તરીકે પૂરો સમય આપનારો એક ત્રીજો વર્ગ છે. સંપાદકીય વિભાગનો. હવે તેની મહત્તા ઓછી થતી જાય છે. પણ સંપાદકીય – તંત્રી વિભાગ એ કોઈપણ અખબારનો આત્મા અને આભૂષણ બંને થઈ શકે. ત્યાં રોજે રોજની સમાચાર, સામગ્રીને વધુ સુઘડ, અસરકારક અને વિશ્વાસપાત્ર બનાવવામાં આવે છે. ત્યાં નાના–મોટા લેખોની સામગ્રી અખબારને 'સાર્વજનિક જીવનમાં વિવિધ ક્ષેત્રોનું પ્રવક્તા' બનાવી શકે છે. સમાજમાં સાહિત્ય, કળા, સામાજિક પ્રવાહો રાજકીય પ્રસંગો અને વિશ્લેષણો સહિતની સામગ્રીથી વાચકને વિચારવાની દિશા મળે છે. તેઓ નિયમિત આવતા સ્તંભોનું ચયન કરે છે, તેને મઠારે છે, તેને યોગ્ય શીર્ષક આપે છે, ફોટોગ્રાફ મૂકે છે.

અખબારોમાં જે સ્તંભલેખકો પોતાના લેખો આપે છે તે 'પત્રકાર' નથી, 'લેખકો' છે અને જો કોઈ 'ફ્રી લાન્સ જર્નાલિસ્ટ' હોય તો તેણે એકલી કોમલ નહીં, પત્રકારત્વના બીજા પ્રકારો અહેવાલ, વિશેષ અહેવાલ, આર્થિક સમાચાર, સંશોધનાત્મક અહેવાલો વગેરેમાં પણ કુશળતાપૂર્વક હાથ અજમાવવો જોઈએ.

૧૯૮૪ના વર્ષમાં પંજાબમાં હરમંદર સાહેબમાંથી ભીંદરાંવાલે સહિતના ખૂંખાર આતંકવાદીઓને હટાવવા માટે ભારતીય લશ્કરે 'ઓપરેશન બ્લ્યૂ સ્ટાર'નો પ્રયોગ કર્યો હતો. બેશક, તે રક્તરંજિત ઘટના બની ગઈ. સુવર્ણમંદિરમાં લશ્કરે ટેન્ક અને મશીનગનોથી હુમલો કર્યો. ભીંદરાંવાલે તેમાં માર્યા ગયા, પણ આ ઐતિહાસિક ઈમારતને, ઉપાસના માટેના શ્રદ્ધાકેન્દ્રને ભારે નુકસાન પહોંચ્યું.

પત્રકારને શબ્દની સાથે જોડાવું ગમે છે, તેમાં માત્ર જાણીતા થવાનો રોમાંચ જ નથી, બીજુ ઘણું છે. ઘટનાને નિહાળવી, તેનું મૂલ્યાંકન કરવું, તેને અસરકારક શબ્દોથી

આકાર આપવો અને છેવટે 'પ્રિન્ટ વર્ડ્ઝ' તરીકે વાચકો સુધી પહોંચાડવો આ પોતે જ એવી રસપ્રદ પ્રક્રિયા છે કે તેની સજા અને મજાનો સ્વાદ પત્રકાર જ જાણે છે. આમાંથી જ ક્યાંય શોધખોળની તલપ જાગે, કંઈક અલગ અને વિશેષ આપવાનો સળવળાટ થાય, કોઈ વિચાર મૂકવાનું મન થાય, કોઈવાર આગ્રહ પણ તેમાં દેખાય, પ્રતિક્રિયા તો પત્રકારત્વનો આત્મા છે એટલે કોઈપણ ઘટના હોય, ચૂંટણી કે રમખાણ, યુદ્ધ કે ભ્રષ્ટાચાર, દબદબો કે દુકાળ, વહીવટ કે વેપાર, પત્રકારને તેના વિશે કોઈક પ્રતિક્રિયા આપવાની ઈચ્છા થાય છે અને તેને અનુવર્તે છે. એટલે તો ઈલેક્ટ્રોનિક મીડિયાથી વધુ તેની આબરૂ હજુ સુધી જળવાઈ છે.

આપણા શ્રેષ્ઠ પત્રકારોના કામને તપાસો, તેઓ વિચારબળને કેન્દ્રમાં રાખીને પત્રકારત્વની દુનિયામાં રહ્યા છે. હમણાં કોઈક અંગ્રેજી નિષ્ણાતના લખવામાં એવું વિધાન જોયું કે, "મિશનરી હોવું તો એક તૂત છે. તેનો આશરો લઈને પત્રકારનું શોષણ થાય છે." આ વાતમાં ક્યાંય સંપૂર્ણ તથ્ય નથી. શોષણ કરવાના તો બીજા ઘણા રસ્તા હોય છે, પણ વિચારબળને વરેલા પત્રકારને એમ ખલાસ કરી શકાતો નથી, કેમ કે તેણે કરેલું મૂલ્યાંકન પોતે જ મિશનરી જર્નાલિઝમનો એકભાગ બની જાય છે. પૂર્વેના જંગમાં એવા સેંકડો પત્રકારોનાં પ્રમાણે છે, તેઓ કંઈ પત્રકારત્વમાં શોષિત હોવાનો ભાવ અનુભવતા નહોતા. પત્રકારને પોતાને મળેલા કામમાં હોંશિયાર તેમજ સજાગ રહેતો, વધુમાં વધુ કોશિશ કરતો, મિથ્યાભિમાની થવાનું તેને પોસાય તેમ નહોતું.

## ૧.૪ પત્રકારત્વ લોકમાધ્યમ તરીકે :

શ્રી ઓલિવ શ્રાઈનર જણાવે છે કે, "જે દૈનિક પત્ર સત્યનો પ્રસાર કરવાના પુરુષાર્થ ઉપર નિર્ભર નથી, એ પ્રત્યેક સવારે પ્રજાનું જીવન હરવા માટે મોકલેલો વિષનો પ્યાલો છે."[૨૪]

સ્વ. મહાદેવભાઈ દેસાઈએ ઉચ્ચારેલા શબ્દો આજે પણ એટલા જ યથાર્થ છે. એમણે કહ્યું હતું કે, "વર્તમાનપત્રો એ ધંધોબની શકે છે. કમાવાનું સાધન અને વેપાર થઈ શકે છે અને થયાં છે. છતાં વર્તમાનપત્રો પાણીના નળની જેમ, સુધરાઈખાતાની જેમ, ટપાલખાતાની જેમ લોકસેવાનું અમૂલ્ય સાધન થઈ શકે છે. એ કમાવાનું સાધન માત્ર બને છે ત્યારે એ નખ્ખોદ વાળે છે. પરંતુ પોતાનો ખર્ચ કાઢતાં કાઢતાં એ સેવાનું સાધન બને છે, ત્યારે એ લોકજીવનનું આવશ્યક અંગ બને છે."[૨૫]

"આઝાદી સંગ્રામમાં ગુજરાતી અખબારોએ આપેલો ફાળો નોંધપાત્ર રહ્યો છે. પશ્ચિમ ભારતમાં આઝાદીની લડતને મુખ્ય ટેકો પ્રાદેશિક અખબારોનો મળ્યો હતો અને એમાં પણ ગુજરાતી અખબારોની ભૂમિકા ઉલ્લેખનીય રહી હતી. અમૃતલાલ શેઠ અને શામળદાસ ગાંધી જેવા એ સમયના મહાન પત્રકારોએ આઝાદીની લડતમાં સર્વસ્વ હોમી દીધું હતું અને અનેક યાતનાઓ વેઠીને વર્તમાનપત્રો ચલાવ્યાં હતાં. એ સમયે, 'જન્મભૂમિ' અને 'વંદમાતરમ્' જેવા અખબારોએ ઇતિહાસ સર્જેલો. આ જ રીતે, સૌરાષ્ટ્રમાં કેટલાંક રજવાડી રાજ્યોમાં થતા અન્યાયોની સામે અવાજ ઉઠાવવાની બાબતમાં અખબારોએ અગ્ર ભાગ ભજવેલો એ જાણીતી હકીકત છે. અન્યાયી રાજવીઓની સામે એ સમયના પત્રકારત્વે પ્રબળ લોકમત ઊભો કરેલો અને ભૂગર્ભ પ્રવૃત્તિ પણ ચલાવેલી."[૨૬]

પત્રકારત્વ લોકોને સ્પર્શતું પ્રબળ માધ્યમ છે. વ્યક્તિ અને વ્યક્તિ કે વ્યક્તિ અને સમૂહ વચ્ચે સતત સંપર્કનો વ્યવહાર ચાલતો રહે છે. માણસ એ સામાજિક પ્રાણી છે અને એ ટાપુ પર જીવતો નથી, એકલો રહી શકતો નથી. એનું અસ્તિત્ત્વ, એનુ જીવન, એની પ્રવૃત્તિ સતત બીજા મનુષ્યો સાથે કોઈને કોઈ રીતે સંકળાયેલી રહે છે. આત્મનિવેદન (Self projection) એ માણસના વ્યક્તિત્વની એક અનિવાર્ય અવસ્થા છે. દરેક માણસ

ઈચ્છતો હોય છે કે બીજા લોકો એને બરોબર સમજે અને એની કામગીરીને યોગ્ય માન્યતા આપે, પ્રશંસિત કરે. માણસની આ ઈચ્છા જ મનુષ્ય સમૂહ કે સંસ્થાની કામગીરીમાં વિસ્તરણ પામે છે. એમાં પત્રકારત્વ પણ એમની સેવા પૂરી પાડવા માટેનું એક લોકમાધ્યમ બની રહે છે.

વ્યક્તિ અને વ્યક્તિ વચ્ચે કે વ્યક્તિ અને સમૂહ વચ્ચેના સંબંધો માનવસંસ્કૃતિના આદિકાળથી ચાલ્યા આવે છે. જનસંપર્કનો વ્યવસ્થિત ઉદ્‌ભવ નહોતો થયો ત્યારે પણ આ સંબંધો તો પોતાની રીતે કામ કરતા જ હતા. આજનું જનસંપર્કનું શાસ્ત્ર આ સંબંધોને વધુ વ્યવસ્થિત અને સંગીન ભૂમિકા પર મૂકે છે અને માનવવર્તણૂંક અને વલણોની ઉપરની વ્યાખ્યામાં કહ્યું છે તેમ સપ્રયોજન, વ્યવસ્થિત અને સતત વિકાસ કરે છે. પત્રકારત્વના બીજા મોટાભાગના ક્ષેત્રોની જેમ જનસંપર્ક પણ ઔદ્યોગિક ક્રાંતિ પછી જે સંકુલતાનાં પરિબળો જન્મ્યાં એમાંથી બહાર આવ્યું છે. જે વાચકના જીવન, સુખ–દુઃખ, ભાવનાઓ અને વિચારોને લોકો સુધી પહોંચાડવા માટેનું એક ઉત્તમ માધ્યમ છે.

દરરોજ નવીનતમ ઘટનાઓનું સાચેસાચું વિવરણ, વિચાર–વિનિમયનું સફળ માધ્યમ, વિવિધ વિષયો દ્વારા સ્વસ્થ લોકમતનું નિર્માણ, સમાજોપયોગી તથા સ્વસ્થ મનોરંજનના સાધનો લભ્ય, આર્થિક, સાંસ્કૃતિક વિકાસ માટેનો અંગુલીનિર્દેશ, રાષ્ટ્રીય એક્તાને પ્રોત્સાહન વગેરે ઉત્તમ કાર્ય લોક સુધી પહોંચાડવાનું પત્રકારત્વ દ્વારા શક્ય બન્યું છે.

આમ, લોકજાગૃતિ માટેનું એ સમયનું નિષ્ઠાવાન, સત્યનિષ્ઠ અને સચોટ માધ્યમ એટલે પત્રકારત્વ.

આ અર્થમાં જનસંપર્ક એક જગ્યાએથી કોઈ સંદેશો લઈને એને વ્યક્તિ કે વ્યક્તિના સમૂહ સુધી પહોંચાડવાનું કાર્ય કરે છે. આ સંદેશો મોટે ભાગે સચ્ચાઈ પર

આધારિત હોય છે. ઔદ્યોગિક કંપનીઓની જેમજ આજના યુગમાં સરકારે પણ પોતાની નીતિઓ, કાર્યક્રમો અને એ અંગે લેવાતા નિર્ણયોના પ્રજા પર શા પ્રત્યાઘાત પડે છે એ જાણવા માટે આતુર હોય છે. સમય સમય પર લોકોનાં વલણો જાણીને સરકારો એ મુજબ પોતાની નીતિઓ બદલતી હોય છે અથવા એમાં સુધારા કરતી હોય છે. જનસંપર્ક એનું આ કાર્ય સરળ બનાવી આપે છે. સરકારો દ્વારા ચલાવાતાં માહિતીખાતાં આ અર્થમાં જનસંપર્કનાં જ કેન્દ્રો છે. કદાચ જનસંપર્કની મોટામાં મોટી સંસ્થા આજની સરકારો દ્વારા ચલાવાતા આવા માહિતી વિભાગો જ છે. પોતાના કોઈ પગલાંની પ્રજામાં ગેરસમજ ફેલાતી હોય તો સરકાર જનસંપર્કની ઝૂંબેશ દ્વારા એ દૂર કરી શકે છે. એ જ રીતે કોઈ મહત્ત્વની નીતિ ઘડવામાં આવી હોય તો પ્રજા પાસેથી એની અનુમતિ પણ જનસંપર્ક દ્વારા જ જાણી શકાય છે. જે સરકાર જનસંપર્કનું મહત્ત્વ સમજતી નથી એનો પાયો ડગમગી જાય છે. આ જ રીતે જે કંપની જનસંપર્કનું મૂલ્ય ઓછું આંકે છે એ પાછી પડી જાય છે.

કંપની કે સરકાર ગમે તેટલી કાળજી અને મહેનતથી નીતિઓ બનાવે અને યોજનાઓ ઘડે પણ લોકોમાં એ અંગે પૂરતી માહિતી ફેલાવવામાં ન આવે અને એમને એના મહત્ત્વથી વાકેફ કરવામા ન આવે ત્યાં સુધી એ યોજનાઓ અધૂરી જ રહી જાય છે અને એના મૂળ ઉદ્દેશો સિદ્ધ થઈ શકતા નથી.

### ૧.૪.૧ દૈનિકપત્રોના ફેલાવામાં ક્રાઈમ રિપોર્ટિંગનું મહત્ત્વ :

દિલધડક અને સનસનાટીભરી ક્રાઈમ વાર્તાઓના સર્જક સર આલ્ફ્રેડ હિચકોકે એક વાર કહ્યું હતું કે, દુનિયાભરમાં સૌથી વધુ વંચાતું સાહિત્ય ક્રાઈમ છે. પછી એ સનસનાટીભરી જેમ્સ બોન્ડની ડિટેકટીવ નોવેલ હોય યા તો પછી દૈનિકપત્રોના પાને રોજબરોજ ચમકતાં સનસનાટીભર્યા ક્રાઈમના સાંપ્રત સમાચાર હોય. વાચકોના હાથમાં

છાપું આવે છે ત્યારે તેનું એક નજરે અવલોકન કરશો તો ઉપરોક્ત વાત આસાનાથી સમજાઈ જશે. છાપાના પાના ઉપર ફરતી વાચકની નજર દૈનિકપત્રોમાં છપાયેલા અહેવાલના મથાળા ઉપર ફરતી જશે અને ક્રાઈમ ગુનાખોરીને લગતા સમાચાર ઉપર એ નજર અટકી જશે. ક્રાઈમના સમાચાર જો સરળ અને પ્રવાહી ભાષામાં લખાયેલ હશે તો તે વાચક પહેલેથી છેલ્લે સુધી વાંચી જશે. પહેલા કે છેલ્લા પાના પરનું અનુસંધાન જે પાના ઉપર છપાયેલું હશે તે પાનું શોધવા વાચક તલપાપડ બનેલો નજરે પડશે. આ જ મહત્ત્વની બાબત ક્રાઈમ રિપોર્ટિંગની અગત્યતા સૂચવે છે. જો ક્રાઈમનું રિપોર્ટિંગ સરળ, પ્રવાહી અને સઘન રીતે નહિ થયું હોય તો વાચક માત્ર મથાળું અને પ્રથમ ફકરો વાંચીને પોતાની નજર બીજા સમાચાર ઉપર ફેરવી લેશે. દરેક દૈનિકપત્ર કે સામયિકમાં છપાતાં ક્રાઈમ રિપોર્ટ સચોટ અને ધારદાર હોવા જોઈએ.

૨૧મી સદીના સાયબર યુગમાં ક્રાઈમનું ક્ષેત્ર વ્યાપક અને વધુ વિશાળ છે. એક જમાનો હતો કે કોઈ એકલ દોકલ વ્યક્તિને ઠાર મારવામાં આવે તો તેના સમાચાર અખબારમાં મોટા મથાળા સાથે પ્રસિદ્ધ થતા હતા. અત્યારે આવી ઘટનાઓના સમાચાર નાના મથાળા સાથે પ્રસિદ્ધ થતા જોવા મળે છે. ક્રાઈમ વિભાગમાં કોઈને ઠાર મારવાની કે કોઈ કાતિલ દ્વારા કોઈની ઘાતકી હત્યા કરવાની ઘટનાઓની સાથે સાથે બનાવટી દસ્તાવેજો દ્વારા લાખો–કરોડો રૂપિયાની ઠગાઈ અને ષડ્યંત્રની સનસનાટીભરી ઘટનાઓના અહેવાલોનું પણ મહત્ત્વ વધ્યું છે.

ક્રાઈમ રિપોર્ટિંગ પણ પત્રકારત્વના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. પોલીસ રિપોર્ટિંગ ઉપરાંત ખાનગી પહેરવેશમાં અને સીધાસાદા નાગરિકના સ્વાંગમાં જાસૂસી પ્રવૃત્તિઓ સાથે કામ કરતાં ઈન્ટેલિજન બ્રાંન્ચના અધિકારીઓ અને તેઓની ઓફિસો, કૌભાંડો શોધવા દરોડા પાડતા સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટીગેશન (સી.બી.આઈ.)ના અધિકારીઓ અને તેઓની પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખવાની

કામગીરી ક્રાઈમ રિપોર્ટરના કાર્યક્ષેત્રમાં આવી જાય છે. ક્રાઈમ રિપોર્ટરે ક્રાઈમનું ક્ષેત્ર સંભાળતા અગાઉ પોતાના કાર્યક્ષેત્રમાં આવતી એજન્સીઓ અને તેની પ્રવૃત્તિઓનો પ્રાથમિક ખ્યાલ મેળવવો જરૂરી છે. આ એજન્સીઓ અને તેના અધિકારીઓનો સંપર્ક ક્રાઈમ રિપોર્ટર માટે આવશ્યક છે. આમ, પત્રકારત્વના ફેલાવામાં ક્રાઈમ સમાચાર વિશેષ અગત્યના બની રહે છે.

તેથી જ તો મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે, "જેલના સમયો બાદ કરતાં એટલે કે દસ વર્ષો સુધીના (૧૯૧૪ સાલ સુધી) 'શ્વડિયન ઓપિનિયન'ના એવા અંકો ભાગ્યે જ હશે, જેમાં મેં કંઈ લખ્યું નહીં હોય. એમાં એક પણ શબ્દ મેં વગર વિચાર્યે, વગર તોળયે લખ્યો હોય કે જાણી જોઈને અતિશયોક્તિ કરી હોય એવું મને યાદ નથી. મારે સારું એ છાપું સંયમની તાલીમ થઈ પ ું હતું, મિત્રોને સારું મારા વિચારો જાણવાનું વાહન થઈ પ ું હતું, ટીકાકારોને તેમાંથી ટીકા કરવાનું બહુ ઓછું મળી શકતું."[૨૭]

ઝવેરચંદ મેઘાણીએ પણ જણાવ્યું છે કે, "પત્રકારજીવને મારો માનવસંપર્ક અને માનવલીલાની માહિતીને લીલીછમ રાખી છે. એ જીવન સામગ્રીની વિપુલ પ્રાપ્તિ જો ન થતી રહી હોય તો એકલી વાણીનો સંગ મને કંગાલ કરી મૂકત. માત્ર વાર્તાના વીરો અને નાટકના નાયકોથી કામ ન ચાલ્યું હોત. અહીં પત્રકારત્વમાં મને જીવનના મૂંગા વીરો અને નાયકો જોવા, સમજવાને મળ્યા છે."[૨૮]

તો લિયોનાર્ડ સિલ્ક જણાવે છે કે, "તેનું કામ માત્ર વ્યવસાય કે ઉદ્યોગ બનીને નાણાં કમાવાનું નથી. જેમ યુનિવર્સિટીઓની સ્થાપનાનું લક્ષ્ય હતું, તેવું જ પત્રકારત્વનું પણ છે : 'સત્યનું સંશોધન અને સત્યનું પ્રબોધન'."[૨૯]

'જર્નલ' ઉપરથી જન્મેલો 'જર્નાલિઝમ' શબ્દ સમાચારપત્રો તથા વિવિધ સમયે પ્રકાશિત થતાં સામયિકોના સંપાદન, લેખન અને તે સાથે સંકળાયેલાં કાર્યોનો

પત્રકારત્વની પરિધિમાં સમાવેશ થયો. Journalism includes the writing and editing of news paper. આમ સમય જતાં પત્રકારત્વમાં સમાચારપત્રો, વિવિધ સમયે પ્રકાશિત થતી પત્રિકાઓના લેખન–સંપાદનને જ નહીં, સંપાદનકળા તેમજ સમાચારપત્રના વ્યાવસાયિક સંગઠનને પણ આવરી લેવામાં આવ્યું. આજે પત્રકારત્વમાં પત્ર–પત્રિકાઓ ઉપરાંત રેડિયો, ટેલિવિઝન વગેરે સંચાર માધ્યમો પણ સ્થાન પામી ચૂક્યાં છે.

New Websters Dictonary – જર્નાલિઝમની વ્યાખ્યા આ રીતે આપે છે : 'The occupation of conducting a news media including publishing, editing, writing or broadcasting.' પ્રકાશન, સંપાદન, લેખન અને પ્રસારણયુક્ત માધ્યમના વ્યવસાયનું નામ છે પત્રકારત્વ. 'આધુનિક પત્રકારકલા'માં અજુન તિવારીએ એટલે જ પત્રકારત્વની વિશાળ વ્યાખ્યા આપતાં કહ્યું છે કે, "પ્રકાશન, ચિત્રો દ્વારા રજૂઆત તથા પ્રસારણ માટે સામયિક અને સરસ તથ્યોના સંગ્રહ અને સંપાદનને 'પત્રકારત્વ' કહી શકાય."[૩૦]

ડેવીડ વેન રાઈટ Journalism made simpleમાં પત્રકારત્વની વ્યાખ્યા આપતાં કહે છે, "What is journalism ? Journalism in information. It is communication. It is the events of the day distilled in to few words, sounds or pictures, processed by the mechanics of communication to satisfy the human curiosity of a world that is always eager to know what is new."[૩૧] મતલબ કે પત્રકારત્વ એટલે શું ? પત્રકારત્વ એટલે માહિતી, પત્રકારત્વ એટલે પ્રત્યાયન. પત્રકારત્વ એ નવીનતા માટે સદાય ઉત્સુક રહેનાર જગતની મનુષ્યસહજ જિજ્ઞાસાવૃત્તિને સંતોષવા માટે થોડાક શબ્દો, અવાજ અને ચિત્રો

સ્વરૂપે સંચાર માધ્યમના તજ્જ્ઞોએ પ્રવિધિસર ગાળી–ચાળીને તૈયાર કરેલા દૈનિક બનાવો–ઘટનાઓની રજૂઆત છે.

'આધુનિક પત્રકારકલા'માં 'પત્રકલા' મતલબ કે પત્રકારત્વ વિશે કહેવામાં આવ્યું છે કે જ્ઞાન અને વિચાર શબ્દો તથા ચિત્રો રૂપે બીજા સુધી પહોંચાડવાની કલા તે 'પત્રકલા' છે.

'What Journalism is all about'માં પત્રકારત્વની સરળ વ્યાખયા આપવામાં આવી છે. તદ્નુસાર પત્રકારત્વ એટલે ઘણીબધી બાબતો. પહેલું તો એ કે લોકો ઝડપી સમજી શકે તે રીતે લખવાની ક્ષમતા અને પોતાના વિચારો તેમના સુધી પહોંચાડવાની આવડત. ઉપરાંત પત્રકારત્વ એટલે લાંબાલચ લેખોને સપ્રમાણ બનાવવા, પોતાના વિષયના દરેક પાસાનું સમજદારીપૂર્વકનું રચના–કૌશલ્ય. વળી પત્રકારત્વ સમાચારનું નાક છે, શબ્દોની અનુભૂતિ છે, સત્યનો સમાદર છે અને સેવાની ભાવના છે; સ્થળ ઉપર જ પરિસ્થિતિનો તાગ પામવાની ક્ષમતા અને માનવ–અવસ્થાઓમાં ઊંડા ઉતરવાની દૃષ્ટિને વિકાસ.

'ધી કેનન્સ ઓફ ધ અમેરિકન સોસાયટી ઓફ ન્યૂઝપેપર એડિટર્સ'ના આમુખમાં પત્રકારત્વના પાયાના ઉદ્દેશને વણી લેતી વ્યાખ્યા ઉલ્લેખનીય છે : "માનવ–સમાજના સભ્યો જે કાંઈ કરતા હોય, અનુભવતા હોય, વિચારતા હોય, તેને અભિવ્યક્તિ આપવી એ પત્રકારત્વનું પ્રધાન કાર્ય છે. એટલે પત્રકારત્વના વ્યવસાયમાં માણસો પાસે બુદ્ધિનો ભારે વ્યાપ, જ્ઞાન અને અનુભવની વિશાળતા અને સ્વાભાવિક રીતે કેળવાયેલી નિરીક્ષણ અને તાર્કિક્તાની શક્તિ હોવી જરૂરી છે."

પત્રકારત્વની પરિભાષાની પ્રદક્ષિણા કર્યા પછી પત્રકારત્વના સ્વરૂપ અને મહત્ત્વનું પણ વિહંગાવલોકન કરીએ.

**પત્રકારત્વનાં માધ્યમો**

- **મુદ્રણ માધ્યમ** → અખબારો → સામયિકો → પુસ્તકો
- **ઘોષિત શબ્દ** → પ્રસારણ વ્યવસ્થા → આકાશવાણી
- **દશ્ય–શ્રાવ્ય** → પ્રસારણ વ્યવસ્થા → દૂરદર્શન → વીડિયો ફિલ્મ
- **પરંપરાગત સાધનો** → લોકનૃત્ય → ભવાઈ → નૌટંકી → કઠપુતળી → સમૂહગાન → મેળા
- **મૌખિક માધ્યમ** → વ્યક્તિગત સંપર્ક → જાહેરસભા → કથાઓ
- **ક્ષેત્રીય પ્રચાર તંત્ર** → ડોક્યુમેન્ટરી ફિલ્મ સ્લાઈડ → મુદ્રિત સામગ્રી

આજે સમાચાર આપવાનાં કાર્યમાં કેવળ અખબારો–સામયિકો જ કાર્યરત નથી, આકાશવાણી, દૂરદર્શન, કેબલ ટી.વી. તેમજ માહિતી ચલચિત્રો–વીડીયો મેગેઝીન્સ પણ સમાચાર ક્ષેત્રે કાર્યરત છે. મતલબ કે મુદ્રણ માધ્યમ ઉપરાંત દશ્ય–શ્રાવ્ય માધ્યમો પણ સમાચારવિષયક કામગીરી બજાવે છે. એ દૃષ્ટિએ પત્રકારત્વનું ક્ષેત્ર આજે અત્યંત વિકસ્યું છે. લોકોની સમૂહ માધ્યમો પાસેની અપેક્ષાઓ પણ વધી છે. મુદ્રણ માધ્યમ એ અન્ય સમૂહ માધ્યમો મતલબ કે આકાશવાણી, ચલચિત્ર અને ટેલિવિઝન કરતાં વયની દૃષ્ટિએ વડપણ ધરાવે છે. સમૂહ માધ્યમોના વિકાસ પૂર્વે માણસની સમાચારજિજ્ઞાસા કેટલા બધા વિલંબે સંતોષાતી હતી ! ક્રિસ્ટોફર કોલંબસે ૧૨ ઓકટોબર, ૧૪૯૨માં અમેરિકા શોધ્યું, પણ સ્પેનના રાજાને એની ખબર પડી પાંચ મહિના બાદ ! અમેરિકાના

રાષ્ટ્રપ્રમુખ અબ્રાહમ લિંકનની હત્યા થઈ હતી ૧૪મી એપ્રિલ, ૧૮૬૫ના રોજ, જેની યુરોપને જાણ થઈ ૧૪ દિવસ પછી. પરંતુ ૧૯૬૯માં પ્રથમ અવકાશયાત્રીએ ચંદ્ર પર પદાર્પણ કર્યું. એ ઘટના લોકોએ ધરતી પર પોતાના ટેલિવિઝન પર તે જ સમયે નિહાળી.

વર્તમાનપત્રનું મહત્ત્વ એ છે કે જાહેરજીવનમાં કોઈપણ બળ તેના જેટલી અસરકારકતાથી લોકમત કેળવી શકતું નથી. સમાચારપત્રો લોકોને પોતાની જાત અને દુનિયાને પોતાની જાતે જ જોવાની દૃષ્ટિ આપે છે. 'અન્ડરસ્ટેન્ડિંગ કોમ્યુનિકેશન મીડિયા'માં મિ. જેકબ જે. શ્રમ્પી કહે છે તેમ પત્રકારત્વ મનુષ્યને પોતાના આત્મા તથા વિશ્વને સાંભળવા માટે કાન આપે છે. તે લોકોને એક અવાજ આપે છે, જેના થકી તેઓ પોતાનો અવાજ દુનિયાને સંભળાવી શકે છે.

પોતાની આસપાસના લોકોનાં જીવન–સ્પંદનોનો અનુભવ પત્રકાર કરી શકે એવી અપેક્ષા તેની પાસે, તેના વ્યવસાય પાસે રાખવામાં આવે છે. વર્તમાન જીવનમાં જાણકારીનું વૈવિધ્ય અત્યંત મહત્ત્વનું બની ગયું છે. આપણે અખિલ માનવ–સમાજ રાજનૈતિક તથા સામાજિક પરિસ્થિતિઓ, રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય પ્રવાહોથી પરિચિત બનીએ એ અપેક્ષિત જ નહીં આવશ્યક બની ગયું છે. સમાચારપત્રો, આકાશવાણી, ચલચિત્રો અને ટેલિવિઝન વગેરે માધ્યમો દ્વારા વિકાસની હરણફાળ ભરતું પત્રકારત્વ સમાચાર અને માહિતી સંચારનું સામાજિક વિજ્ઞાન બની ગયું છે. પત્રકારત્વ એટલે સમાજનો સિસ્મોગ્રાફ. સમાજની નાડ પારખવાની એનામાં આવડત છે. સમાજ–જીવનનાં રંગ–રાગ અને રોનકને સમેટીને જનતાની ભાષા દ્વારા જનહૃદય સુધી પહોંચતું, જનતાને શિક્ષણ માહિતી અને મનોરંજનની ભેટ ધરતું પત્રકારત્વ એક 'મહાશક્તિ' છે. એટલે જ એને 'Fourth Estate' ('ચોથી જાગીર') કહેવામાં આવ્યું

છે. પત્રકારત્વ લોકભાવનાની અભિવ્યક્તિનું માધ્યમ હોવાની સાથે–સાથે સંસ્કૃતિ અને સ્વાતંત્ર્યનો અવાજ છે. સમાજ–પરિવર્તન અને ક્રાન્તિનું એ અગ્રદૂત છે. નેપોલિયન જેવા સરમુખત્યારો પણ એટલે જ કહેતા હતા કે ચાર વિરોધી અખબારોની તાકાત એ ચાર હજાર બંદૂકોની તાકાતથી પણ વધારે ખતરનાક છે.

પત્રકારત્વ રાજનીતિના મેદોન્મત્ત 'ગજરાજો'ને અંકુશમાં રાખીને 'કીડીને કણ' મળી રહે તેની ચિંતા કરે છે. નિરાધારો અને લાચારોનું એ બેલી છે, તો બીજી તરફ સમાજ–પરિવર્તન તથા રાજકીય ઊથલપાથલ માટેનું એ શંખનાદ છે. હિન્દીના સુપ્રસિદ્ધ કવિ રામધારી સિંહ 'દિનકરે' એટલે જ કહ્યું હતું :

"કલમ દેશ કી બડી શક્તિ હૈ, ભાવ જગાનેવાલી,
દિલ મેં નહીં દિમાગો મેં ભી આગ લગાનેવાલી !"[૩૩]

અખબારની અસાધારણ શક્તિને નવાજતાં શાયર અકબર ઈલાહાબાદી કહે છે :

"ખીંચો ન કમાનોં કો, ન તલવાર નિકાલો,
જબ તોપ મુકાબિલ હો તો અખબાર નિકાલો."[૩૪]

એક રાષ્ટ્રને બીજા રાષ્ટ્ર સાથે જોડનારી કડી સમાન પત્રકારત્વને દેશ–વિદેશના સીમાડા સાથે કશી લેવા–દેવા નથી. કારણકે એની નજર વિશ્વબંધુત્વ અને સમગ્ર માનવજાતિના ઉત્કર્ષ અને કલ્યાણ પર કેન્દ્રિત થયેલી છે. નૂતન ચેતનાની ચિનગારી ચાંપી પત્રકારત્વ વ્યક્તિના ઘડતરમાં મહત્ત્વનું યોગદાન આપે છે. લોકસંપર્કના મહત્ત્વપૂર્ણ સાધન તરીકે ખપ લાગતું પત્રકારત્વ કેવળ સાધન જ નથી, સાધ્ય હોવાનું ગૌરવ પણ ધરાવે છે. એનું મહત્ત્વ પારખીને જ જેમ્સ મેક્ડોનલ્ડે કહેવું પ ું હતું કે, "પત્રકારત્વને હું રણભૂમિથી પણ વધુ મહત્ત્વની વસ્તુ માનું છું. પત્રકારત્વ એ કાંઈ ધંધો

નથી, પરંતુ ધંધા–વ્યવસાયથી પણ એવી ઊંચેરી વસ્તુ છે. એ એક એવું જીવન છે, જેમાં મેં મારી જાતને સ્વેચ્છાએ હોમી દીધી છે !"[૩૫]

પત્રકારત્વ રાષ્ટ્રીય ચેતનાનું સંવાહક છે. પરતંત્રતાની બેડીઓ તોડવામાં, આઝાદી બાદ પ્રજાજીવનના હિત, હક અને ગૌરવના સંતરી બનવામાં પત્રકારત્વનું કાર્ય અત્યંત મહત્ત્વનું છે. એટલે જ પત્રકારત્વને 'કાયમી સંસદ' કહેવામાં આવે છે. સમાજ અને રાષ્ટ્રના ઉત્થાનમાં પત્રકારોએ જાતની પરવા કર્યા સિવાય પોતાના કર્તવ્યનું સમુજ્જવળ રીતે પરિપાલન કર્યાનાં હજારો ઉદાહરણો વિશ્વ પત્રકારત્વનાં પાનાંઓ પર નોંધાયાં છે.

એટલે જ પત્રકારત્વના મહત્ત્વનો જયજયકાર કરતાં 'પત્ર ઔર પત્રકારકલા'માં કમલાપતિ શાસ્ત્રીએ કહ્યું છે : 'સાધક માટે સાધનાનું, ત્યાગી માટે ત્યાગનું, તપસ્વી માટે સહનશીલતા તથા અનાશક્તિનું, યૌદ્ધા માટે સંઘર્ષ અને યુદ્ધનું કવિ માટે અનુભૂતિ અને અભિવ્યક્તિનું કલાકાર માટે સંસારનાં ગૂઢ રહસ્યોના ચિત્રાંકનનું, સમીક્ષક માટે જીવનની સ્થૂળ અને સૂક્ષ્મ, ઘટનાઓના વિવેચનનું, સાહિત્યકાર માટે લૌકિક અને અલૌકિક, યથાર્થ અને ભાવનાશીલ જગતને પ્રકાશિત કરવાનો માર્ગ એકસાથે સુલભ બનાવવાની તાકાતન આજે પત્રકારત્વ સિવાય બીજા કોનામાં છે ? જ્ઞાનવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને સાહિત્ય, કલા અને કારીગરી, ઉત્થાન અને પતન, સંઘર્ષ અને ક્રાંતિ, સર્જન અને વિસર્જન, પ્રગતિ અને અધોગતિના નાનામોટા પ્રવાહોને પ્રતિબિમ્બિત કરવામાં પત્રકાર સિવાય બીજું કોણ સફળ થઈ શકે ? સમાજ, સંસ્કૃત્તિ, જીવન અને વિશ્વનું સર્વશ્રેષ્ઠ દર્પણ બની શકવાની ક્ષમતા આજે પત્રકારત્વ સિવાય અન્ય કોણ ધરાવી શકે ? અન્યાયનો વિરોધ કરવામાં, નૂતન વિચારો અને નવ્ય કલ્પનાઓને વાચા આપવામાં, નવર્સજનના અગ્રદૂત બનવામાં તથા જીવનસાગરમાં ઉત્પન્ન થનારાં મોજાં અને તોફાનોનું પ્રતિનિધિત્વ કરવામાં પત્રકારત્વનું કાર્ય અદ્વિતીય છે."[૩૬]

દેશ–દુનિયાના ઇતિહાસ–નિર્માણમાં પત્રકારત્વની મહત્ત્વની ભૂમિકા લક્ષમાં રાખીને જ મહાદેવી વર્માએ એવું મંતવ્ય દર્શાવ્યું હતું કે, “પત્રકારત્વ એક રચનાશીલ વિદ્યા છે. એના વગર  સમાજ પરિવર્તન અશક્ય છે. એટલે પત્રકારોએ પોતાની જવાબદારી અને કર્તવ્યોનું પાલન સન્નિષ્ઠપણે કરવું જોઈએ, કારણકે પત્રકારોના પગે પડેલા ફોલ્લાઓ વડે જ ઇતિહાસ લખાવાનો છે.”[૩૭]

ગતિશીલ યુગમાં કોઈ અખબાર જડતાને ન જ વરી શકે. દૈનિક સમાચારપત્રોનું કામ કેવળ જરૂરી માહિતી સુલભ બનાવવાનું નથી. પરંતુ વાચકોની ચિંતનશક્તિને પાથેય મળે તથા વાચક–સમાચારશ્રોતા–દર્શકની ફાજલ ક્ષણોમાં રચનાત્મક સહભાગી બનવાનું પણ છે. એટલે જ બલ્ગેરિયન પત્રકાર રાદી વૉસીલોવે કહ્યું કે, “પત્રકારે સાચા સમાચારો આપવા ઉપરાંત પ્રગતિ, શાન્તિ અને રાષ્ટ્રો વચ્ચે મૈત્રીની જાળવણી તથા ઉજ્જવળ અને વધુ સારા ભવિષ્ય માટે સંઘર્ષરત રહેવું એ પણ પત્રકારત્વનું વ્રત છે.”[૩૮]

સમૂહમાધ્યમ અંતર્ગત પત્રકારત્વ એક એવું માધ્યમ છે કે જેના દ્વારા લોકમત કેળવી શકાય છે. લોકશિક્ષણની પાયાની ગરજ એ સારે છે. સમાજસુધારણા માટેનું એ હાથવગું હથિયાર છે. પ્રસાર અને લોકશિક્ષણની મહત્ત્વની કામગીરી જોઈને લોકશાહી દેશોમાં પત્રકારત્વને અનિવાર્ય મનાયું છે.

અમેરિકાના સ્વાતંત્ર્યનું જાહેરનામું ઘડનારા પ્રમુખ થોમસ જેફરસનનું પ્રસિદ્ધ વાક્ય છે : “જો મારે નિર્ણય કરવાનો હોય કે આપણે ત્યાં વર્તમાનપત્ર વિનાની સરકાર હોવી જોઈએ કે સરકાર વિનાનાં વર્તમાનપત્રો, તો હું એક ક્ષણના વિલંબ વિના બીજી સ્થિતિ પસંદ કરું.” પત્રકારત્વનો આ પ્રભાવ જોઈને એમને પવિત્ર વ્યવસાય સાથે સાંકળવામાં આવે છે. તેને લીધે પત્રકાર કે સંપાદક સામે આચારસંહિતા આવી અને સમૂહની અપેક્ષાઓ પણ ઉત્તરોત્તર વધતી ગઈ છે.

કાકાસાહેબ કાલેલકરે પત્રકારને લોકશિક્ષણનો આચાર્ય, બ્રાહ્મણોનો બ્રાહ્મણ અને ચારણોનો ચારણ કહ્યો છે. તેઓ નોંધે છે : “પ્રસંગે પ્રસંગે વિચાર, માહિતી, સંસ્કારો, અભિરુચિ અને આદર્શોની પરબ ચલાવીને સમાજના સેવાધર્મને એમણે નિભાવવાનો, અજ્ઞાન, અદૂરદષ્ટિને શુદ્ધ કરવાનો અને સમાજચક્રનાં પૈડાં જ્યારે એકરાગ ભૂલી જઈ ચિત્કાર કરે છે ત્યારે પત્રકાર યોગ્ય ઠેકાણે સ્નેહ રેડી ઘર્ષણ દૂર કરે છે. જ્યારે જ્યારે સરકારના દરબારમાં પ્રસંગ આવે છે ત્યારે તે પ્રજાનો પ્રતિનિધિ થઈ લોકમતને એકધારો બનાવી લોકશક્તિ ચેતવે છે. આવી રીતે લોકસેવક, લોકપ્રતિનિધિ, લોકનાયક અને લોકગુરુની ચતુર્વિધ પદવી પત્રકાર ભોગવી શકે છે.”[૩૯]

આમ, પત્રકારત્વના ક્ષેત્રને લોકશિક્ષણના બ્રાહ્મણવ્યવસાયનો આદર્શ ચીંધવામાં આવ્યો. પ્રજાના સર્વાંગી વિકાસની જવાબદારી એના ખભે આવી. તંદુરસ્ત, શુદ્ધ, સત્યાગ્રહી અને અભ્યાસશીલ લખાણોની અપેક્ષા આંકવામાં આવી. ધ્યેયનિષ્ઠ પત્રકારત્વની આ ઊંચાઈને કારણે નિરંકુશ કલમનો ધોધ વિનાશ નોતરે છે. એવી ચેતવણી પણ ઉચ્ચારાઈ. આજના પ્રવર્તમાન સમયસંજોગોમાં પત્રકારત્વને ઉદ્યોગ ગણવામાં આવતો હોવા છતાંય એમની સાથે સંકળાયેલાં મૂલ્યો યથાતથ છે. એ મૂલ્યો વત્તા–ઓછા અંશે ક્ષીણ પામતાં ગયાં છે તે છતાં સમય સમય સંજોગ અનુસાર માથું પણ ઊંચકે છે. આપણા કુલદીપ નાયર, અરુણ શૌરી, એમ. વી. કામથ જેવા પત્રકારો આ દિશાના ખ્યાત ઉદાહરણો છે.

યાત્રાના સંઘો અને સાધુ–સંતો ભ્રમણશીલ રહેતા. તેઓ જ્ઞાનનો બોધ કે ઉપદેશ આપતા. એ જ રીતે જ્ઞાન અને માહિતીનું વિતરણ થતું ને સંસ્કૃતિની વ્યાપક લાક્ષણિકતાઓ પ્રસાર પામતી. આ ઉપરાંત પ્રાચીન કાળમાં હસ્તલિખિત ગ્રંથોની નકલ લહિયાઓ કરતા. આ વારસાની પ્રતો તપાસીએ ત્યારે તેમાં રહેલા અક્ષરોના મરોડ,

કૃતિની આસપાસ સચિત્રતાના અંશો અને ઘૂંટાયેલા રંગોમાં લખેનકળા પરત્વેનો લહિયાઓનો જીવંત રસ પ્રકટ થયેલો દેખાશે. શિલાલેખે, તામ્રપત્રો, ભૂર્જપત્ર, તાડપત્ર પર લખાણો લખવાની પદ્ધતિ પણ આપણા દેશમાં પ્રચલિત હતી.

વ્યકિતગત ધોરણે ખેપિયાઓ દ્વારા સંદેશાઓની આપ–લે થતી. વેપારીના લે–વેચના સોદાઓ સાથે પણ સંદેશાઓ લખવામાં આવતા. જનમાધ્યમો પણ વ્યાપક રીતે માહિતીનું વિતરણ કરતા. આ પ્રક્રિયાઓ એટલી સીમિત હતી કે ભાગ્યે જ કોઈ સમૂહ એકસાથે આ સંદેશાઓને ગ્રહણ કરી શકતો. પરંપરાગત સમાજમાં પ્રત્યક્ષ સંબંધો હતા. સંસ્કૃતિના દૃઢ તાણાવાણાથી આ સંબંધ જોડાયેલો હતો. છેલ્લી બે સદીની પરિસ્થિતિઓએ પરંપરાગત સમાજનું ચિત્ર પલટી નાંખ્યું છે. પરિવર્તનની ખોજ અને એના સ્વીકારનો ઉત્સાહ સમૂહસમાજને ઘડવામાં નિમિત્ત બન્યો છે.

ઔદ્યોગિક ક્રાન્તિએ માનવસમાજોને એક મોટા પરિવર્તનના આરે લાવી દીધા. વ્યક્તિગત માનવકૌશલ, કલાકારીગરીની આગવી લાક્ષણિકતા, માનવવર્તન અને જાણકારીના આદાન–પ્રદાનમાં રહેલી પ્રત્યક્ષતાએ બધા પર ઔદ્યોગિક ક્રાન્તિનું મોજું ફરી વળ્યું ને એક વિરાટકાય ઔદ્યોગિક સમાજ, કહો કે, સમૂહસમાજ અસ્તિત્ત્વમાં આવ્યો. એના મૂળમાં હતું યંત્રઉદ્યોગોએ નીપજાયેલું વિપુલ ઉત્પાદન.

માણસની ઉત્પાદનક્ષમતાને આ યંત્રોએ અનેકગણી વધારી દીધી. કારખાનાઓમાં ત્વરાથી બનતી ચીજવસ્તુઓમાં જેમ નવીનતા હતી તેમ વૈવિધ્ય પણ હતું. આજે લીધે ગ્રામોદ્યોગ પર નભતા કારીગરવર્ગની માઠી દશા થઈ. રોજી મેળવવા લોકો ગામડાંઓ છોડીને શહેર તરફ આવવા માં  ા. નગરો મહાનગરોમાં પલટાઈ ગયાં. ઔદ્યોગિકરણના પરિણામે શહેરીકરણ અસ્તિત્વમાં આવતાં આખાયે સમાજનું

ચિત્ર બદલાવા લાગ્યું. યાંત્રિકીકરણને લીધે માનવજાતની ભૌતિક સુખસગવડોમાં વધારો થવા લાગ્યો અને માનવવિકાસમાં યંત્રો આદરભર્યું તેમજ પ્રતિષ્ઠા આપનારાં સાધનો ગણાવા લાગ્યાં.

ઉત્પાદનનું પ્રમાણ વધતાં એના વેચાણ અને વિતરણ માટે જાહેરાતની આવશ્યક્તા ઊભી થઈ. ઉત્પાદનવર્ધક યંત્રોની સાથે જ મુદ્રણયંત્ર પણ આવ્યુ હતું. એણે આ જાહેરાતનાં પ્રસારને વ્યાપક અને ઝડપી બનાવ્યો. વધારેમાં વધારે માણસો સુધી ઓછામાં ઓછા સમયમાં પહોંચતો—સંદેશ એ સમૂહમાધ્યમો માટે પાછળથી પ્રચલિત બનેલું સૂત્ર મુદ્રણયંત્ર દ્વારા જાહેરાતના પ્રસાર માટે સાચું પુરવાર થયું. ઔદ્યોગિક ક્રાન્તિએ જે વિરાટ સંકુલ તેમજ અપ્રત્યક્ષ ઔદ્યોગિક સમાજ રચેલો એને માહિતી અને જ્ઞાન પહોંચાડવા માટેના સમાચારોએ પણ આવા જ એક સંદેશનું સ્થાન લીધું. આવી વિશિષ્ટ આવશ્યક્તાએ પત્રકારત્વનું એક પ્રાથમિક રૂપ ઝડપથી સર્જી લીધું હતું.

વિજ્ઞાનના વિકાસે પણ માહિતીજ્ઞાનની જિજ્ઞાસાને તીવ્ર કરી હતી, કેમ કે નવા સમાજ માટે તદ્દન નવી શોધની જાણકારી અનિવાર્ય બનતી જતી હતી. માનવસમાજમાં લગભગ રોજ જવા સમાચારો, નવા ખ્યાલો, નવી માહિતી ઝડપથી ઉમેરાતાં જતાં હતાં. 'માહિતી' અને 'જ્ઞાન' એકરૂપ થઈ જાય એવું જ્ઞાનનું એક વ્યાપક સ્વરૂપ બંધાયુ હતું તો બીજી બાજુ માનવજ્ઞાનનાં વિવિધ ક્ષેત્રોમાં પેટાક્ષેત્રોની તજજ્ઞતા પણ વધતાં ચાલ્યાં હતાં.

આ બધાંને પરિણામે વર્તમાનપત્ર એ આખા સમાજને જોડેલો રાખનારી એક અનિવાર્ય આવશ્યક્તા બની ગઈ. પછીથી આવતા યંત્રવૈજ્ઞાનિક યુગે અને વિશ્વયુદ્ધોએ માનવસંવાદનું સ્વરૂપ વધુ સંકુલ અને વધુ અટપટું બનાવ્યું. વિશ્વસમગ્રના, સમગ્ર

આર્થિક–સામાજિક તંત્રે રાજકીય, સામાજિક મૂલ્યવત્તાનું એક નવું વ્યાકરણ રચ્યું. જ્ઞાનનો વિસ્ફોટ એક નક્કર હકીકત બની. આ બધું પણ વર્તમાનપત્રના સ્વરૂપને તેમજ તાત્ત્વિક રીતે પત્રકારત્વના સ્વરૂપને વિકસાવવામાં કારણરૂપ બનતું ગયું.

દૈનિકો, સાપ્તાહિકો રૂપે પત્રકારત્વે ચારેબાજુ પ્રસરવા માં ું. એનું એક શાસ્ત્ર રચાયું. તાર– ટેલિફોન–ટેલીપ્રિન્ટર જેવાં વિજાણુ સાધનો, સંસ્થાઓએ સંદેશપ્રસારમાં સહાયક ભૂમિકા ભજવવા માંડી. વર્તમાનપત્ર કરતાં પણ વધુ ઝડપે અને તાદૃશ્યરૂપે માહિતી આપનારાં રેડિયો, ટેલીવિઝન આદિ માધ્યમો આવ્યા એ પછી પણ મુદ્રણમાધ્યમના આવિષ્કારરૂપ વર્તમાનપત્ર અને પત્રકારત્વનું વર્ચસ્વ રહ્યું નવા રાજકીય સંદર્ભોમાં વર્તમાનપત્ર વધુ પ્રભાવક બન્યું અને એથી જ એ ચોથી જાગીર તરીકે ઓળખાવા લાગ્યું.

## ૧.૫ પત્રકારત્વ–ચોથી જાગીર :

આજનો યુગ એ સાચા અર્થમાં પત્રકારનો યુગ છે. લૉડ ગ્રેના મત મુજબ પત્રકારત્વ એ સ્વતંત્રતાનો રસિક દેવ છે અને જગતની ચોથી મહાસત્તા છે. પ્રજાજીવનની એ પારાશીશી છે. લોકજીવનની એ વેધશાળા છે. વર્તમાનપત્ર લોકોનો મિજાજ એમની જિજ્ઞાસા, પૃચ્છા અને આકાંક્ષાઓને વાચા આપવાનું એક સ્વચ્છ અને પ્રબળ માધ્યમ છે. અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ થોમસ જેફરસન તો કહે છે, "અખબારો વિના શાસનવાળો સમાજ પસંદ કરવાનું વધુ ઈચ્છનીય છે."[૪૦]

પત્રકારત્વનો ઇતિહાસ નાનામોટા અન્યાયો સામે સામાન્ય માણસની લડતનો ઇતિહાસ છે. બ્રિટન, ફ્રાન્સ કે અમેરિકાની સામાન્ય પ્રજા એક યા બીજાં સ્થાપિત હિતો સામે શબ્દની શક્તિથી લડતી રહી છે. આજે પણ પત્રકારત્વ લોકશાહીના માન્ય સ્તંભો

ઉપરાંતના એક વધારાના સ્તંભ તરીકે પોતાનો ધર્મ બજાવી રહ્યું છે. અખબારની કે આવા કોઈપણ લખાણની શક્તિ નેપોલિયન જેવાનેય સમજાઈ હતી.

નેપોલિયને જ કહ્યું છે કે, “ફ્રાન્સની બરબૂન રાજાશાહીના હાથમાં લખાણની શક્તિ હોત, તો એનું આવું બદનામ મોત થયું ન હતો.”[૪૧] નેપોલિયને એવું પણ ભાખ્યું હતું કે છાપખાનાની શાહીમાં ભલભલાં તંત્રો પણ ડૂબી જશે અને ખરેખર આવું જ બનતું રહ્યું છે. આ કલમની શક્તિ છે. આ કલમને જ્યારે પ્રજાના હાથ અડે, પ્રજાનો ધબકાર સ્પર્શે, ત્યારે એમાં એક બળ જન્મે છે. પત્રકારત્વ અને સાહિત્ય પોતાની વિદ્યાની ગમે તેટલી મગરૂબી સેવે પણ એને લોકજીવનથી દૂર ચાલ્યા જવાનું પાલવે નહીં.

પત્રકારત્વ અને અખબારો માટે હવે આપણે છૂટથી ‘ચોથી જાગીર’ શબ્દ વાપરીએ છીએ. એનો અર્થ પણ મોટાભાગના લોકો હવે સમજતા થયા છે. અંગ્રેજીમાં જો કે ‘ફોર્થ એસ્ટેટ’ શબ્દપ્રયોગ બહુ પ્રચલિત અને જૂનો છે. આપણે ત્યાં પહેલાં ‘ચોથી સત્તા’ શબ્દ વપરાતો. અખબારને લોકશાહી શાસનપ્રણાલીમાં ‘સત્તા’ તરીકે ઓળખાવવામાં વાંધો નથી. પણ ‘સત્તા’ અને ‘જાગીર’ શબ્દોમાં ઘણા તફાવત છે. ગુજરાતીમાં ‘જાગીર’ શબ્દ ‘મિલકત’ના અર્થમાં વપરાતો હોઈ એ શબ્દપ્રયોગ હજી ઘણાને બહુ રુચતો નથી. વર્ષો પહેલા ગુજરાતીમાં ‘ચોથી જાગીર’ નામે જ શ્રી પ્રશાંતે પત્રકારત્વ ઉપર જ એક નવલકથા લખી હતી એ વાતની ઓછા લોકોને ખબર હશે. અંગ્રેજીમાં ડી. આર. માંકેકરે ‘નો, માય સન નેવર’ નામે આ વિષય ઉપર લખેલું પુસ્તક ચર્ચાસ્પદ બન્યું હતું. એમાં પોતાના દીકરાને ભૂલેચૂકે પત્ર પત્રકારત્વમાં નહીં પ્રવેશવાની શિખામણ આપતા એક બાપની વાર્તા હતી. પોતે જે ભૂલ કરી એ દીકરો ન કરે એમ અંતઃકરણથી ઈચ્છતો બાપ દીકરાને કહે છે. ‘નો, માય સન, નેવર !’

'ચોથી જાગીર' શબ્દપ્રયોગ સૌપ્રથમવાર કોણે કર્યો ? અખબારને ચોથી જાગીર ગણીએ તો પ્રથમ ત્રણ જાગીર કઈ ? આ પ્રશ્ન ઘણા લોકોના મનમાં ઘોળાતો હશે. એના ઉત્તરો રસપ્રદ છે. બ્રિટિશ સંસદમાં એકવાર કોઈ મહત્ત્વના મુદ્દાની ચર્ચા કરતાં કરતાં એડમન્ડ બર્કનું ધ્યાન એકાએક પ્રેસ–ગેલેરીમાં બેઠેલા પત્રકારો ઉપર ગયું. એ એમની સામે જોઈને બોલી ઉઠયો, "સંસદમાં તો આપણી પાસે ત્રણ જાગીર છે, પણ ત્યાં સામેની વૃત્તાંત નિવેદકોની દીર્ઘામાં ચોથી જાગીર બેઠેલી છે, જે આ ત્રણે જાગીરોથી વધુ મહત્ત્વની છે."

એડમન્ડ બર્કનો આ શબ્દપ્રયોગ સૌને ગમી ગયો. એ 'કલીક' થયો અને લોકપ્રિય થયો. ધીમે ધીમે અખબારોને માટે 'ફોર્થ એસ્ટેટ' શબ્દ પ્રયોગ સામાન્ય બની ગયો. બ્રિટનની સરહદોને ઓળંગીને એ સમગ્ર વિશ્વમાં પહોંચી ગયો. લોકશાહી દેશોની સંસદમાં તો એનો ઉપયોગ છૂટથી થવા માં ો. અખબારોને એડમન્ડ બર્કે ગૌરવ અપાવ્યું અને એમના રૂતબામાં વધારો થયો. લોકશાહીના અનેક આધાર સ્તંભોમાંના એક તરીકે વર્તમાનપત્રોની ગણના થતી જ હતી એ માન્યતા વધુ દ્રઢીભૂત બની.

હવે પ્રથમ ત્રણ જાગીરની વાત કરીએ. આપણે સામાન્ય રીતે સંસદ, કારોબારી અને ન્યાયતંત્રને લોકશાહીની પ્રથમ ત્રણ જાગીરો ગણી શકીએ. (કારોબારી એટલે સરકાર) પણ એક જમાનામાં ઈંગ્લેન્ડમાં ત્રણ જાગીરો આ પ્રમાણે ઓળખાતી (૧) 'લોર્ડઝ' એટલે ઉમરાવો, (૨) 'કૉમન્સ' એટલે સામાન્ય પ્રજા અને (૩) 'કલર્જી' એટલે કે ચર્ચ. બ્રિટિશ સંસદ હાઉસ ઓફ લૉર્ડ્ઝ અને હાઉસ ઓફ કોમન્સમાં વિભાજિત છે અને એ બંનેને લોકશાહીની પ્રથમ બે જાગીર ગણવાનું વલણ હતું.

યુરોપમાં ધર્મ અને સરકારને જુદા પાડવામાં આવ્યાં અને રાજ્ય 'સેક્યુલર' બન્યું, એ પહેલા 'ચર્ચ'નું ખૂબ જ જોર હતું અને ઘણી બાબતોમાં 'ચર્ચ'નો ચુકાદો

શિરોમાન્ય ગણવો પડતો. પણ આજે વિશ્વના મોટાભાગના દેશોમાંથી ધર્મસત્તાએ વિદાય લીધી છે. (ઈરાન જેવા કોઈ દેશમાં એનું પુનરાગમન થયું હોય એવા અપવાદો સિવાય) પરિણામે હવે ચર્ચને લોકશાહીની જાગીર ગણવાનું બંધ થયું છે. આજના વિશ્વમાં સંસદ, કારોબારી અને ન્યાયતંત્રને જ લોકશાહીની ત્રણ જાગીરો ગણવી પડે. કારોબારીને સંસદનો જ ભાગ ગણીએ તો જુદી વાત છે. જો કે ચેમ્બર્સની ડિક્ષનરીમાં ચોથી જાગીરની વ્યાખ્યા હજુ એ જ, એટલે કે લૉર્ડ્ઝ, કૉમન્સ અને કલર્જી વાળી આપી છે.

આથી જ વિલિયમ હેઝ લિટ કહે છે કે, "સંસદમાં ત્રણ જાગીર છે, પરંતુ સંવાદદાતાઓની પરસાળ એ ચોથી જાગીર છે અને એ બાકીના કરતાં વધારે મહત્ત્વની છે."[૪૨]

આમ, આ પ્રથમ પ્રકરણમાં પત્રકારત્વ એટલે શું ? પત્રકારનો ધર્મ, પત્રકારત્વ લોકમાધ્યમ તરીકે, પત્રકારત્વ – ચોથી જાગીર વગેરે જેવા મુદ્દાઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. પ્રથમ પ્રકરણ એ દૃષ્ટિએ હવે પછીના મહત્ત્વના પ્રકરણોનું પ્રવેશદ્વાર છે.

## ❋ પાદટીપ :

૧. ‘અખબારી ઇતિહાસ’, યાસીન દલાલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૬, પૃ. ૧

૨. એજન, પૃ. ૨

૩. એજન, પૃ. ૯

૪. ‘અગ્રણી અખબારો’, (સંપા.) યાસીન દલાલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૦, પૃ. ૧૪૫–૧૪૬

૫. ‘માધ્યમ વિમર્સ, યાસીન દલાલ, સાહિત્ય સંગમ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૭, પૃ. ૧૬૩

૬. એજન, પૃ. ૧૬૫

૭. ‘અગ્રણી અખબારો’, (સંપા.) યાસીન દલાલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૦, પૃ. ૩૭

૮. ‘પત્રકાત્વનો ઇતિહાસ’, વિષ્ણુ પં ા, નવભારત સાહિત્ય મંદિર, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૮, પૃ. ૨૫૪

૯. એજન, પૃ. ૨૫૪–૨૫૫

૧૦. એજન, પૃ. ૨૮૭

૧૧. એજન, પૃ. ૨૬૮–૨૬૯

૧૨. એજન, પૃ. ૨૭૦–૨૭૧

૧૩. ‘પત્રકાત્વનો ઇતિહાસ’, વિષ્ણુ પં ા, નવભારત સાહિત્ય મંદિર, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૮, પૃ. ૨૭૩

૧૪. ‘સાહિત્ય અને પત્રકારત્વ’, (સંપા.) કુમારપાળ દેસાઈ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૦, પૃ. ૩૦

૧૫. એજન, પૃ. ૩૨

૧૬. એજન, પૃ. ૮૯ (ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૨મા સંમેલનના પત્રકારત્વ વિભાગના પ્રમુખપદેથી)

૧૭. ‘પત્રકારત્વ : સિદ્ધાંત અને અધ્યયન’, ડૉ. ચંદ્રકાન્ત મહેતા, નવભારત પ્રકાશન મંદિર, પ્રથમ પુનર્મુદ્રણ, ૧૯૯૯, પૃ. ૫૫

૧૮. ‘માધ્યમ વિમર્સ’, યાસીન દલાલ, સાહિત્ય સંગમ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૭, પૃ. ૧૬૨

૧૯. એજન, પૃ. ૧૬૨

૨૦. એજન, પૃ. ૧૬૪

૨૧. એજન, પૃ. ૧૬૫

૨૨. એજન, પૃ. ૧૬૬

૨૩. વિષ્ણુ પં ા, નવભારત સાહિત્ય મંદિર, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૮, પૃ. ૨૬૭

૨૪. ‘સાહિત્ય અને પત્રકારત્વ’, (સંપા.) કુમારપાળ દેસાઈ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૦, પૃ. ૧૭

૨૫. 'સાહિત્ય અને પત્રકારત્વ', (સંપા.) કુમારપાળ દેસાઈ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૦, પૃ. ૩૫

૨૬. એજન, પૃ. ૩૬

૨૭. 'પત્રકારત્વ : સિદ્ધાંત અને અધ્યયન', ડૉ. ચંદ્રકાન્ત મહેતા, નવભારત પ્રકાશન મંદિર, પ્રથમ પુનર્મુદ્રણ, ૧૯૯૯, પૃ. ૩

૨૮. એજન, પૃ. ૫

૨૯. એજન, પૃ. ૫

૩૦. એજન, પૃ. ૩

૩૧. એજન, પૃ. ૩

૩૨. એજન, પૃ. ૪

૩૩. એજન, પૃ. ૬

૩૪. એજન, પૃ. ૬

૩૫. એજન, પૃ. ૬

૩૬. એજન, પૃ. ૭

૩૭. એજન, પૃ. ૭

૩૮. એજન, પૃ. ૭

૩૯. ‘સાહિત્યિક પત્રકારત્વ’, કિશોર વ્યાસ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, બીજી આવૃત્તિ, પૃ. ૨૦૦૯, પૃ. ૫

૪૦. ‘સાહિત્ય અને પત્રકારત્વ’, (સંપા.) કુમારપાળ દેસાઈ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૦, પૃ. ૧૮

૪૧. એજન, પૃ. ૧૯

૪૨. ‘માધ્યમ વિમર્સ’, યાસીન દલાલ, સાહિત્ય સંગમ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૭, પૃ. ૧૬૦

પ્રકરણ–૨

# મુંબઈનાં સમાચારપત્રો


૨.૧ ‘મુંબઈ સમાચાર’ (૧૮૨૨)

૨.૨ ‘સ્ત્રીબોધ’ (૧૮૫૬)

૨.૩ ‘બામદાદ’ (૧૮૫૮)

૨.૪ ‘સુખ દુઃખનો સાથી’ (૧૮૭૮)

૨.૫ ‘ફુરસદ’ (૧૮૮૧)

૨.૬ ‘ત્રિમાસિક ટિકાકાર’ (૧૮૮૩)

૨.૭ ‘સમાલોચક’ (૧૮૯૬)

૨.૮ ‘મુસાફર’ (૧૯૦૩)

૨.૯ ‘ગુજરાત’ (વિ. સં. ૧૯૭૮)

➪ પાદટીપ

## ૨.૧ ‘મુંબઈ સમાચાર’ (૧૮૨૨) :

‘મુંબઈ સમાચાર’ પોતાની ઉજ્જવળ કારકિર્દીના ૧૯૦ વર્ષ પૂરાં કરે એ ઘટના ગુજરાતી પત્રકારત્વ માટે જ નહીં પણ ભારત અને વિશ્વના પત્રકારત્વની તવારીખ લખનારે પણ નોંધવી પડે એવી યશસ્વી ઘટના છે. ટી.વી. સીરિયલ, વિડિયો, ફિલ્મ અને કેબલ ટી.વી.ના કોલાહલ વચ્ચે અખબારના છપાયેલા શબ્દનું વજન હજી પડે છે, એની આ પ્રતીતિ છે. ચારે બાજુ વિવિધ માધ્યમોના હુમલામાં સાચાખોટાનો ભેદ પારખી શકાતો નથી ત્યારે, ‘મુંબઈ સમાચાર’ જેવું રૂઢિચુસ્ત, સનસનાટીથી દૂર રહેનારું અને સો ગળણે ગાળીને પાણી પીનારું અખબાર હજી ટકી શકે છે. એ પાછળ પોતાની લોકપ્રિયતા પૂરેપૂરી જાળવી રાખીને, એના લાખો વાચકોનો પ્રેમ જીતીને ટટ્ટાર ચાલી શકે છે, એ વાત જેટલી આશ્વાસક છે એટલી માધ્યમોના ભવિષ્ય માટે હિતકારક પણ છે.

આપણા એક પીઢ પત્રકાર ચલપતિરાવે પોતાના પુસ્તક ‘ધ પ્રેસ’માં નોંધ્યું છે, “ગુજરાતીમાં પારસીઓ વર્તમાનપત્ર વ્યવસાયમાં ‘પાયોનિયર’ રહ્યા છે. ગુજરાતીનું પ્રથમ વર્તમાનપત્ર ‘મુંબઈ સમાચાર’ ૧૮૨૨માં શરૂ થયું પણ મરાઠીમાં છેક એક દાયકા પછી અખબાર આવ્યું અને તે પણ લીથ્રોગ્રાફી ઉપર છપાતું હતું. (‘મુંબઈ સમાચાર’ ટાઈપ સહિતના પ્રિન્ટીંગ પ્રેસમાં છપાતું હતું.) .... ‘મુંબઈ સમાચાર’ ૧૫૦ ગ્રાહકો સાથે શરૂ થયું. જે એ જમાનામાં મોટી સંખ્યા કહેવાય. એની કોલમો માત્ર પારસીઓ માટે નહીં પણ, સૌને માટે ખુલ્લી હતી.”[૧]

‘મુંબઈ સમાચાર’ આજે પણ સૌને માટે ખુલ્લું જ છે. એમાં દરરોજ એકથી બે કોલમ–ભરની વાચકોનો જે દરબાર ભરાય છે, એ પ્રકારની વાચકની સામેલગીરી પ્રાદેશિક ભાષાના અખબારોમાં જવલ્લે જ જોવા મળે છે. ‘મુંબઈ સમાચાર’ની અનેક

ખૂબીઓ છે, થોડીક ખામીઓ પણ છે, પણ સૌથી મોટી ખૂબી એ છે કે એ કદી ફેલાવા વધારવાની બિનતંદુરસ્ત સ્પર્ધામાં નથી પ ું ! એને સનસનાટીમાં રસ નથી કે નથી ઉત્તેજિત વાચન સામગ્રીમાં. એણે પોતાની જૂની પરંપરાને જાળવીને જોખમ ખે ું છે પણ એમાંથી મહદંશે એ ખરડાયા વિના બહાર આવ્યું છે. સાહિત્ય અને સંસ્કારની સામગ્રીને એણે હંમેશા પ્રાધાન્ય આપીને અંગ્રેજી વર્તમાનપત્રો સાથે કદમ મિલાવ્યા છે.

ભારતીય પત્રકારત્વનો વ્યવસ્થિત ઇતિહાસ લખવાના બહું થોડા પ્રયાસો આપણે ત્યાં થયા છે, પણ જે થોડા ઘણાં ઇતિહાસ ગ્રંથો લખાયા છે, એમાં ગુજરાતી પત્રકારત્વનો બહુ ગૌરવપૂર્વક સ્વીકાર કરાયો છે. પછી એ ઇતિહાસ એમ. નટરાજનનો હોય કે નાદિગ કૃષ્ણમૂર્તિનો હોય. ગુજરાતી પત્રકારત્વ હંમેશ રાષ્ટ્રના મુખ્ય પ્રવાહમાં સામેલ તો રહ્યું છે જ પણ, અનેક વખત એણે પોતાની આગવી, વિશિષ્ટ સિદ્ધિઓ વડે સમગ્ર ભારતીય પત્રકારત્વનું ધ્યાન ખેંચ્યું છે. દેશના બીજા ભાગોના પત્રકારત્વથી એ બહુ પ્રભાવિત થયા વિના એણે ઘણીવાર રાષ્ટ્રના મુખ્ય પ્રવાહને પ્રભાવિત કર્યા છે. આજનું ગુજરાતી 'કોમર્શિયલ' પત્રકારત્વ દેશની બીજી ભાષાઓના પત્રકારત્વને પ્રેરણા આપે છે. 'વ્યાપાર'ની પ્રેરણા વડે જ 'ઈકોનોમિક ટાઈમ્સ'નો પ્રારંભ થયો હતો એમ એના તંત્રીએ એકવાર સ્વીકાર્યું હતું.

૧૬૫ વર્ષનો ઇતિહાસ ધરાવતું ગુજરાતી પત્રકારત્વ એક હજાર વર્ષના ઇતિહાસ જેટલી ભાતીગળ તાસીર અને વિશિષ્ટતાઓ ધરાવે છે. એણે શુદ્ધ હેતુલક્ષી, સુધારાલક્ષી અખબારો અને સામયિકોથી શરૂ કરીને શુદ્ધ વ્યવસાયલક્ષી અને વ્યાપારી પત્રો સુધી અનેક તડકી–છાંયડી જોઈ લીધી છે. ફરદુનજી મર્ઝબાનથી મહાત્મા ગાંધી સુધી મહાન પત્રકારોની એક આખી હરોળ રચી આપી છે. જેણે પત્રકારત્વની અનેક સ્વસ્થ, પ્રેરણાદાયી પરંપરાઓ રચી છે.

"ગુજરાતી પત્રકારે જેલની દિવાલો વચ્ચે દિવસો ગાળ્યા છે, લાઠી ખાધી છે, છાતી ઉપર ગોળી ઝીલી છે અને મરજીવાની જેમ સમુદ્રમાં ડૂબકીઓ મારીને સત્યની ખોજ ચલાવી છે. બર્માથી સુભાષબાબુની ડાયરીઓ ભારત લાવવા માટે અમૃતલાલ શેઠે વેશપલટો કરીને જીવના જોખમે સરહદ ઓળંગી હતી. ગુજરાત અને સૌરાષ્ટ્રનો અખબારનવેશ ખુમારી અને બુલંદીના પાઠ ગળથૂથીમાં શીખ્યો છે. એની ઝિંદાદિલી અને સરફરોશી વિશ્વના અખબારી આઝાદીના ઇતિહાસમાં નોંધવી પડે એમ છે."[૨]

ગુજરાતી પત્રકારત્વના ઊજળાં પ્રકરણો તપાસીએ એટલે એમાંથી ફરદુનજી મર્ઝબાનની જાત ખુવાર કરીને પ્રેસ તથા ટાઈપ બનાવવાની લગનનો કિસ્સો મળે, નર્મદે બેકબે રેકલેમેશનના કૌભાંડની સામે ચલાવેલી મર્દાના લડતની તવારીખ મળે, સયાજીરાવ ગાયકવાડ જેવા મહારાજાની સામે જેહાદ ચલાવનાર તાલ્યારખાનની કહાણી નીકળી આવે. ધર્મ ધુરંધરોની જુલમશાહી સામે પોકાર ઉઠાવનાર કરસનદાસ મૂળજીને જાનફેસાનીનો કિસ્સો મળે, દેશી રજવાડાના ત્રાસ અને જોરજુલમ સામે કલમ ઉઠાવીને એમની ખફગી વહોરી લેનાર અમૃતલાલ શેઠની કુરબાનીની વાત બહાર આવે, ગગા ઓઝા જેવા દીવાન અને બ્રિટિશ હકુમતની કઠોર નીતિની વચ્ચે સમાજસુધારાનો સાદ પાડનાર મિરઝા મુરાદઅલીની હિંમતનું પ્રકરણ પણ એમાં જ વાંચવા મળે.

અલારખા હાજી મહંમદ શિવજી નામના મૂળ કચ્છી પણ મુંબઈમાં વસતા એક ધનિકનું એક સપનું હતું, ગુજરાતીમાં 'રીડર્સ ડાઈજેસ્ટ' અને 'લાઈફ' જેવું સામયિક કાઢવું અને ગુજરાતી લેખકને માલામાલ કરી દેવો. પણ, આ સપનું સિદ્ધ થાય એ પહેલાં અલારખા ખુદ ખુવાર થઈ ગયા. એનું 'વીસમી સદી' ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસની એક સોનેરી કડી છે. ગુજરાત પાસે પત્રકારત્વની આવી અનેક ગૌરવ

કથાઓ છે, પણ એને ગ્રંથસ્થ કરવાનું, એનું સંશોધન કરીને સાચવવાનું તંત્ર નથી. થોડાં વર્ષો પછી આવાં સામયિકોના અવશેષો શોધ્યા નહીં જડે.

બીજા કેટલા મર્દ ગુજરાતી પત્રકારોનાં નામ ગણાવીએ ? કનૈયાલાલ મુનશી નવલકથાકાર ઉપરાંત સારા પત્રકાર હતાં. રવિશંકર રાવળ, બચુભાઈ રાવત, ચાંપશી ઉદ્દેશી, ચુનીલાલ વ. શાહ, જીતીભાઈ મહેતા, ચુનીલાલ મડિયા, મનુભાઈ જાંધાણી, નારાયણ વસનજી ઠક્કર, ચંદુલાલ જેઠાલાલ વ્યાસ, નૂરમહંમદ ગોળીબાર, ગોકુળદાસ રાયચુરા, વેણીભાઈ પુરોહિત, હરગોવિંદ પં ા, ભીમજી પારેખ, મોહનલાલ મહેતા, ગુણવંતરાય આચાર્ય, એચ. ઝેડ. ગિલાણી, માનશંકર મહેતા, કૃષ્ણલાલ શ્રીધરાણી આ બધાનો આપણા અખબારી ઇતિહાસમાં અમીટ ફાળો રહ્યો છે.

મુંબઈમાંથી પત્રકારત્વનો પાયો નાંખનાર ફરદુનજી મર્ઝબાનથી માંડીને કેખુશરુ કાબરાજી, માણેકજી મિનોચર, નવરોજ ચાવદાર, દાદાભાઈ નવરોજી, સોરાબજી કાપડિયા, દીનશા કરકરિયા, ફિરોઝ દાવર, ફિરોજશાહ દસ્તુર જેવા પારસી પત્રકારોનું ઋણ એવું કે એની નોંધ લેવી જ પડે. પ્રારંભ કાળમાં 'મુંબઈ સમાચાર', 'મુંબઈના ચાબુક' અને 'રાસ્ત ગોફતાર' જેવાં પત્રો જામતાં શાબ્દિક યુદ્ધ રસપ્રદ હતા અને વાચકોને ક્યારેક મનોરંજન પણ પૂરું પાડતાં !

છેલ્લા બે દાયકામાં ગુજરાતી પત્રકારત્વ એક મોટા પરિવર્તનમાંથી પસાર થયું છે. દૈનિકો અને સામયિકોની ધીમે ધીમે કાયાપલટ થઈ ગઈ છે. ઑફસેટની મુદ્રણ પદ્ધતિ આવી અને જુના જમાનાના ધાતુમાંથી બનતા ટાઈપની જગ્યાએ ફોટોટાઈપ–સેટિંગ આવી ગયું, એ તથ્યની નોંધ લેવી રહી. પંદર વર્ષ પહેલાંનો'ચિત્રલેખા'નો અંક આજના 'ચિત્રલેખા' સાથે સરખાવીએ એટલે આ પરિવર્તનનો ખ્યાલ આવે. ગ્લેઝ્ડ ન્યૂઝપ્રિન્ટનો ઉપયોગ હવે સામયિકો ઉપરાંત 'જન્મભૂમિ', 'સમકાલીન' અને

'મધ્યાંતર' જેવાં દૈનિકો પણ કરવા લાગ્યા છે. જીવનનું કોઈ ક્ષેત્ર એવું નથી, જેની ઉપર ગુજરાતી દૈનિક કે સામયિક લખતું નથી. સાબુ, તરબૂચ, ભેળ, ચામડી, વાળ, મહાપુરુષોની પત્નીઓથી માંડીને ગુજરાતી લેખક યુનો, અમેરિકા, સિંગાપુર, ફ્રાંસની ક્રાંતિ અને સંધિવાના રોગ ઉપર કલમ ચલાવી જાણે છે. ચંદ્રકાંત બક્ષી, તારક મહેતા, કાંતિ ભટ્ટ, દિલીપ રાણપુરા, સૂર્યકાંત પરીખ, કુમારપાળ દેસાઈ જેવા લેખકો જે નિયમિતતાથી કોલમો લખે છે અને જેટલું લખે છે એ બીજી ભાષાના પત્રકારત્વમાં શક્ય નથી.

છેલ્લા દાયકામાં ગુજરાતી વાચકોનો એક તદ્દન નવો વાચક વર્ગ ઊભો થયો છે. આ વાચક વર્ગની રુચિ ૧૯૫૦–૧૯૬૦ના વાચકથી બિલકુલ ભિન્ન છે. આજે રાજકોટ જેવા છ લાખની વસતિવાળા શહેરમાંથી છ દૈનિકો બહાર પડે છે, ઉપરાંત સાંજના દૈનિકો છે. રાજકોટમાં સાંજ પડે એટલે ઘરે ઘરે, દુકાને અને રસ્તા ઉપર લોકો 'અકિલા' કે 'સાંજ સમાચાર' વાંચતા દેખાશે. આ સાંજના દૈનિકોનો ફેલાવો પચાસ હજારની આસપાસ છે. અમદાવાદમાંથી 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'ની ગુજરાતી આવૃત્તિ શરૂ થઈ. ગુજરાતનું ફેલાવાની દૃષ્ટિએ અગ્રણી ગણાય એવું 'ગુજરાત સમાચાર' હવે અમદાવાદ ઉપરાંત વડોદરા, સુરત અને મુંબઈથી બહાર પડે છે અને 'ગુજરાત સમાચાર' તથા 'સંદેશ' રાજકોટમાં પણ આવી ગયા છે.

ભારતનું સર્વપ્રથમ કૃષિપત્ર કયું ? જવાબ સ્પષ્ટ છે દુર્લભજી જાની નામના બાગાયત અધિકારીએ ૧૮૮૫માં 'ખેડૂત' નામનું પત્ર કાઢેલું. જેનો દરેક અંક આજના દિવાળી અંક જેટલો સમૃદ્ધ હતો ! અને કેખુશરૂ કાબરાજીએ મુંબઈથી 'સ્ત્રીબોધ' અને મણિલાલ નભુભાઈએ ભાવનગરથી જ 'પ્રિયંવદા' વડે મહિલાઓ માટે સામયિકનો પાયો નાંખેલો. રાજકોટના 'જયહિંદ' એ દેશમાં પ્રથમ વાર ફોટો કમ્પોઝની પદ્ધતિ

અપનાવી, 'ગુજરાત સમાચાર' અને 'ચિત્રલેખા' એ આંતરરાષ્ટ્રીય આવૃત્તિઓ કાઢીને ગુજરાતી પત્રકારત્વને ગૌરવ બક્ષ્યું. લંડન, ન્યુયોર્ક અને કરાંચીમાંથી પણ ગુજરાતી પત્રો નીકળે છે. છેલ્લો નમૂનો આદમ સુમરોના 'પરિચય'નો છે.

ગુજરાતી પત્રકારત્વનો પ્રવાહ ચાર મુખ્ય છાપાઓમાં વહે છે. એક પ્રવાહ મુંબઈના ગુજરાતી 'પ્રેસ'નો છે. બીજો દક્ષિણ ગુજરાતનો છે, ત્રીજો તળ ગુજરાતનો એટલે કે અમદાવાદનો છે. ચોથો સૌરાષ્ટ્રનો છે. આ ચાર પરંપરાઓ એકમેકથી ઠીક ઠીક ભિન્ન છે અને એમને બહુ આસાનીથી અલગ પાડી શકાય એમ છે. 'ફુલછાબ' અને ' સમકાલીન', 'ગુજરાત મિત્ર' અને 'ગુજરાત સમાચાર', 'જન્મભૂમિ' અને 'સંદેશ' એકમેકની વચ્ચે એક મજબૂત ભેદરેખા ધરાવે છે. આ ચાર પ્રવાહોની ભિન્નતાને પારખવા માટે તો નાનકડો અભ્યાસ હાથ ધરવો પડે, પણ કેટલાંક પાસાં ધ્યાન ખેંચે તેવાં છે. મુંબઈમાં દૈનિકો પ્રથમ પાના ઉપરાંત છેલ્લા પાના ઉપર પણ મથાળે 'માસ્ટ હેડ' છાપે છે. અમદાવાદનું 'ગુજરાત સમાચાર' પાનાની એકબાજુ ખૂણેથી માસ્ટ હેડ છાપે છે. (વચ્ચે નહીં) અને એની આસપાસ પેનલ જાહેરખબર છાપતું નથી. 'મુંબઈ સમાચાર' એ દોઢસો વર્ષની પરંપરા અકબંધ જાળવી રાખે છે અને એના લાખો વાચકોને માટે 'મુંબઈ સમાચાર' એમના રોજિંદા જીવનનું એક અંગ બની ગયું છે. કલકત્તા, જમશેદપુર, આકોલા, ચાંદા અને વર્ધામાં વસતા ગુજરાતીને 'મુંબઈ સમાચાર' વાંચ્યા વિના ચેન પડતું નથી.

અમદાવાદનાં દૈનિકોએ રવિવારની પૂર્તિની બાબતમાં બધી ભાષાનાં અખબારોને પાછળ મૂકી દીધા છે. 'ટાઈમ્સ' અને 'એક્સપ્રેસ' રવિવારની જુદી રંગીન પૂર્તિ કાઢતાં થયાં, એ પહેલા અમદાવાદના ગુજરાતી દૈનિકો લે–આઉટ અને સામગ્રીની બાબતમાં આંજી નાંખે એવી પૂર્તિ કાઢતાં, સૌરાષ્ટ્રના દૈનિકો વાંચીએ એટલે સૌરાષ્ટ્રની

તળપદી લોકબોલી અને લોકભાષાનો રણકો આજે પણ સાંભળવા મળે. સુરતનું 'ગુજરાતમિત્ર' તદ્દન સ્વસ્થ અને ગંભીર મુદ્રા વડે પણ એ પ્રદેશનું આગવું અખબાર રહી શક્યું છે. એણે બીજા પત્રોથી અલગ પડીને વૈચારિક અને બૌદ્ધિક લેખો અને કટારો છાપી છે. જો કે એ બાબતમાં હરીન્દ્ર દવે પણ 'જન્મભૂમિ' અને 'પ્રવાસી'માં પાછળ રહ્યા નથી.

'મુંબઈ સમાચાર' અને 'ચિત્રલેખા' વચ્ચે એક સામ્ય છે. બંને ગુજરાત, મુંબઈની હદ વટાવીને દેશાવરના ગુજરાતીઓ સુધી પહોંચ્યા છે. જ્યાં ગુજરાતી પરિવાર હોય ત્યાં 'ચિત્રલેખા' પણ હોય છે. કોઈ પ્રજા પોતાના અખબારો માટે અસલી મમતા ભાગ્યે જ બતાવે છે. આ બંને અખબારોના વાચકો લાગણીશીલતાની હદે પહોંચે એવો પ્રેમભાવ એમને માટે ધરાવે છે.

ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસમાં કેટલીક સાલ અને કેટલીક તારીખો મહત્ત્વની છે. ૧૭૮૦માં કલકત્તાથી જેમ્સ ઓગસ્ટસ હીકીએ ભારતનું સર્વપ્રથમ પત્ર 'બેંગાલ ગેઝટ' પ્રગટ કર્યું. એ પછીના ચોવીસેક વર્ષ પછી ૧૮૨૨માં મુંબઈથી 'મુંબઈ સમાચાર' શરૂ થયું જે આજે દેશનું અને એશિયાનું સૌથી જૂનું હયાત દૈનિક છે. આમ, ગુજરાતી પત્રકારત્વનો પાયો મુંબઈમાં નંખાયો. ગુજરાતમાં છેક ૧૮૪૯માં 'વરતમાન' નામનું પત્ર અમદાવાદથી નીકળ્યું. જે તળ ગુજરાતનું સર્વ પ્રથમ પત્ર હતું.

૧૮૬૫માં જુનાગઢથી મણિશંકર કીકાણીએ 'સૌરાષ્ટ્ર દર્પણ'ના પ્રકાશન વડે સોરાષ્ટ્રમાં પત્રકારત્વનો શિલાન્યાસ કર્યો. એ જ અરસામાં સુરતથી નર્મદે 'ડાંડિયો' શરૂ કર્યું અને કરસનદાસ માણેકે 'સત્ય પ્રકાશ' દ્વારા સમાજ સુધારાની જેહાદ જગાવી. ઈચ્છારામ દેસાઈએ 'ગુજરાતી' વડે પ્રથમ વાર રાજકીય પ્રવાહને સ્પર્શવાનું સાહસ કર્યું.

'ગુજરાતી' એ ગુજરાતી ભાષા અને પત્રકારત્વનો પ્રવાહ બદલવામાં નક્કર ફાળો આપ્યો. ૧૯૧૫માં ગાંધીજી આવ્યા અને ઈન્દુલાલ યાજ્ઞિક પાસેથી 'નવજીવન' સંભાળ્યું અને ગુજરાતી પત્રકારત્વનો એક નવો અધ્યાય શરૂ થયો. પત્રકારત્વની સાથે સ્વાતંત્ર્યનું ધ્યેય જોડાઈ ગયું અને પછી તો 'પ્રજાબંધુ', 'સંદેશ', 'ગુજરાત દર્પણ', 'જન્મભૂમિ', 'વંદેમાતરમ્', 'હિન્દુસ્તાન' એમ એક પછી એક અડીખમ અખબારો અને ખમીરવંતા પત્રકારોએ પત્રકારત્વના ઊંચા શિખરો સર કરવા માં ા. સૌરાષ્ટ્રમાં 'ફુલછાબ' એ રજવાડી શાસનના ગેરવહીવટ અને પ્રજા વિરોધી દમન સામે લડત ચલાવીને દેશના પત્રકારત્વના ઇતિહાસમાં નવું પ્રકરણ આલેખ્યું.

૧૮૩૨માં શરૂ થયેલું 'જામે જમશેદ' હમણાં દૈનિક મટીને સાપ્તાહિક થયું. સુરતનું 'પ્રતાપ' જન્મભૂમિ જુથનું પીઠબળ છતાં બંધ પ ું. એ ઘટનાઓ પત્રકારત્વ ઉપર ઘેરાઈ રહેલી કટોકટીનાં એંધાણરૂપ છે. દાદાભાઈ નવરોજીનું 'રાસ્ત ગોફતાર' નામનું પત્ર નીકળતું હતું. ૧૮૫૮માં નીકળેલું 'પારસી પંચ' પાછળથી 'હિંદી પંચ' બન્યું. ૧૮૬૧માં 'ખેડા વર્તમાન' આવ્યું અને ૧૮૬૩માં 'સુરતમિત્ર' આવ્યું. જે પાછળથી 'ગુજરાતમિત્ર' થયું. ૧૮૮૦માં 'ગુજરાતી'ના આગમન સાથે ગુજરાતી પત્રકારત્વનો નવો યુગ બેઠો. ૧૮૯૮માં 'પ્રજાબંધુ' અને ૧૯૦૧માં 'ગુજરાતી પંચ' આવ્યાં. ૧૯૨૩માં 'સંદેશ'નો પ્રારંભ થયો. ૧૯૩૨માં 'ગુજરાત સમાચાર' પ્રગ ું અને ૧૯૪૧માં 'વંદેમાતરમ્'નો નાદ સંભળાયો.

આ સમયગાળામાં સંખ્યાબંધ પત્રો બંધ થયાં. ફરી શરૂ થયાં, અનેક પત્રોએ નામ બદલ્યા, કદ બદલ્યું ને આઝાદી પછી તો પત્રકારત્વના મૂળભૂત ઉદ્દેશથી માંડીને સામગ્રીમાં ધરમૂળથી પલટા થયા. આજે આપણી પાસે ૧૦૦ વર્ષ જૂના ચારેક પત્રો હયાત છે અને ગુજરાતમાં કુલ ૪૦ જેટલા દૈનિકો હાલ પ્રગટી રહ્યાં છે.

આજે શબ્દનું સ્થાન તસ્વીરે લીધું છે. 'ચિત્રાત્મક પત્રકારત્વ'નો યુગ બેઠો છે. બીજી બાજુ ટેલિવિઝનની હરીફાઈ વધી છે. માર્શલ મેકલુહાન જેવા નિષ્ણાતોએ ટી.વી.ને ઠંડુ માધ્યમ કહ્યું હતું. "દૃશ્ય જોવું એ એક નિષ્ક્રિય પ્રવૃત્તિ છે." એમ હમણાં 'ટાઈમ્સ'ની દોઢસોમી જયંતીમાં ભાગ લેવા આવેલા 'ક્રિશ્ચયન સાયન્સ મોનિટર'ના તંત્રી કેથેરીન ફેનિંગે કહ્યું હતું. 'ઈન્ટરનેશનલ હેરલ્ડ ટ્રિબ્યુન'ના વાનકુવરે આજના વાચકની રુચિ વિશે સરસ વાત કહી. આજનું જીવન ધરમૂળથી બદલાયું છે. લોકોની પાસે સમયની મારામારી છે, અને ગંભીર વાંચન વાચવાની નિરાંત નથી. પરિણામે વાચક પોતાનો અગ્રતાક્રમ નક્કી કરે છે.

હવે બહુ ઓછા લોકોને ગંભીર વાચન જોઈએ છે. અમેરિકામાં હવે પત્રકારને 'બૌદ્ધિક' ગણવાને બદલે 'કોમ્યુનિકેટર' ગણવાનું વલણ વધ્યું છે. વોટરગેટ કૌભાંડ પછી અમેરિકામાં 'ડેમોક્રેસી'ને સ્થાને 'ન્યુઝો ક્રેસી' ચાલી રહી છે ! આપણે ત્યાં પણ અખબારનું મહત્ત્વ ધીમે ધીમે વધી રહ્યું છે, પણ હજી વસતિના પ્રમાણમાં અખબારોનો ફેલાવો ઘણો ઓછો છે. ગુજરાતી અખબારો હજી ફેલાવો વધારી શકે એમ છે. શહેરીપણાનો આંક દેશભરમાં ગુજરાતમાં સૌથી ઊંચો છે, એ શહેરી વર્ગને અખબાર વિના ચાલતું નથી.

એક મહાપ્રશ્ન મને હંમેશા મૂંઝવે છે. આટલો ભવ્ય વારસો ધરાવતાં અને આટલાં સમૃદ્ધ ગુજરાતી પત્રો સંશોધન અને તાલીમ પ્રત્યે આટલાં ઉદાસ હોય છે ? આજથી પચાસ–સાઠ વર્ષ પહેલાંના પત્રો હજી છુટાછવાયા ક્યાંક મળી આવશે, પણ એમને એક સાથે સંઘરે, સાચવે એવું 'આર્કાઈવ' ક્યાં ? કોઈ જિજ્ઞાસુ અભ્યાસીને સંશોધન કરવું હોય તો એ ક્યાં જાય ? લેખકો ઉપર પીએચ.ડી. થવાનું હોય તો પત્રકારો અને અખબારો પર કેમ ન થવાય ? મુંબઈ યુનિવર્સિટી જેવી સંસ્થામાં

પત્રકારત્વનો વિભાગ કેમ નથી ? આપણે શું ઇતિહાસના અમૂલ્ય ખજાનાને ધૂળમાં રગદોળાતો જોઈને કંઈ કરશું નહિ ? ગુજરાતી પત્રકારો, તંત્રીઓનું કોઈ વ્યાપક, વ્યવસ્થા સંગઠન રચાય તો આવા ઘણાં પ્રશ્નો હાથ ધરી શકાય.

આજના અખબારને ત્રણ મોટા પડકારોનો સામનો કરવાનો છે. એક પડકાર સરકારી નીતિનો છે. ન્યુઝપ્રિન્ટની સરકારી નીતિથી અખબારોની કિંમત વધુ ને વધુ ઊંચે જઈ રહી છે. હજી પાંચ વર્ષ પહેલાં જે અખબારની કિંમત ૬૦–૭૦ પૈસા હતી તે વધીને એક રૂપિયાને પણ આંબી ગઈ છે. અખબાર જેમ મોંઘુ થશે તેમ વાચકોની પહોંચની બહાર જતું જશે આને લીધે કદાચ જૂના વાચકો અખબાર ખરીદવાનું બંધ ન પણ કરે તો એને જોઈતા પ્રમાણમાં નવા વાચકો નહીં મળે. આનાથી અખબારોના વિકાસ દર ઉપર ભારે માઠી અસર થશે. વિકસતા જતા દેશમાં, જ્યાં દૈનિક અખબારોનો કુલ ફેલાવો માંડ દોઢ કરોડ હોય ત્યાં આ પરિસ્થિતિ એક પ્રકારની સ્થગિતતા સર્જશે. ફેલાવો વધતો અટકી જશે. બે–ત્રણ અખબાર ખરીદનાર વાચક એક જ અખબાર ખરીદતો થશે.

બીજો પડકાર ટેલિવિઝનનો અને ત્રીજો પડકાર નવા ઊભા થયેલા વાચક વર્ગની રુચિને સંતોષવાનો છે. એક જમાનામાં લોકો રવિવારે અડધો દિવસ છાપા વાંચવામાં કાઢતાં. હવે લોકો આરામખુરશીમાં બેસીને ભંગાર જેવી ટી.વી. સીરિયલો જોયા કરે છે. છાપામાં બૌદ્ધિક કોલમો છપાય એની અસર 'રામાયણ' અને 'મહાભારત' જેવી શ્રેણીઓ ભૂંસી નાંખે છે. બ્રેકફાસ્ટ ટી.વી. પછી બપોરનું ટી.વી. શરૂ થયું અને ધીમે ધીમે એવો સમય આવશે, ત્યારે આખો દિવસ 'ઈડિયટ બોક્સ' બડબડ કર્યા કરશે. અખબારો ટી.વી.ના આ પડકારનો સામનો કઈ રીતે કરવાના છે ? એનો મુકાબલો કરવાને બદલે અખબારો ટી.વી. કાર્યક્રમોની માહિતી પાછળ મબલખ જગ્યા રોકીને ટી.વી.ની ખુશામત કરી રહ્યા છે. આઈ. એન. એસ. અને 'ઈલના' જેવી

સંસ્થાઓએ ટેલીવિઝન પડકારનો સામનો કરવાનો વ્યુહ ઘડી કાઢવો જોઈએ. ટી.વી.ના એનાઉન્સરો વિશે અખબારોમાં આવે છે એટલી માહિતી વર્તમાનપત્રોમાં કામ કરતા લોકોની નથી આવતી. ટી.વી.ના ગ્લેમરમાં અખબાર પણ અંજાઈ ગયું છે. એક માધ્યમ બીજા માધ્યમને શરણે જઈ રહ્યું છે. પશ્ચિમના લોકો ટી.વી.ને આંખનું 'ચ્યુઈગમ' કહે છે.

છેલ્લા દાયકામાં યુવાન વાચકોનો જે નવો વર્ગ ઊભો થયો, એની રુચિને સંતોષવી એ પણ કપરું કામ છે. ભ્રષ્ટાચાર અને કૌભાંડની રસ ઝરતી માહિતી જાણવા માટે હવે વધુ ને વધુ લોકો છાપા વાંચે છે. મહિલાઓ જેમ શિક્ષિત બનશે તેમ અખબારના મહિલા વાચકોની સંખ્યા વધતી જશે.

ટેલીવિઝનના ફાયદા છે, તેમ એની નબળાઈ પણ છે. ટી.વી. કાર્યક્રમ જોવાની પ્રવૃત્તિ એ નિષ્ક્રિય પ્રવૃત્તિ છે ત્યારે છાપુ વાંચવાની પ્રવૃત્તિમાં મગજ સક્રિય રહે છે. વાચનની જગ્યા દર્શન લઈ નહીં શકે. દૃશ્ય જોવાની ટેવ પડી જાય એ માણસ ગમે તેવા ક્ષુલ્લક કાર્યક્રમ ચલાવી લેશે. અખબારમાં ભૂલ થાય કે નબળી સામગ્રી આવે તો વાચક તરત પ્રતિક્રિયા આપે છે.

ગુજરાતી ભાષાના આ પહેલા પત્રનો પ્રારંભ ઉત્સાહજનક હતો. શરૂઆતમાં જ ૧૫૦ ગ્રાહકો નોંધાયા. સરકારે ૧૨૦૦ રૂપિયાની સહાય કરી. ફરદુનજી પોતે પત્રના તંત્રી બન્યા અને ૧ જુલાઈ, ૧૮૨૨ના દિવસે 'શરી મુમબઈના સમાચાર'નો પહેલો અંક બહાર પ   ો.

શરૂઆતમાં આ પત્ર સાપ્તાહિક હતું. દર સોમવારે પ્રગટ થતા આ પત્રમાં પાંચથી છ પાના રહેતાં, તેમાં મુખ્યત્વે વ્યાપાર અને થોડાક સમાચારો, મૃત્યુ–નોંધ,

કવિતાઓ વગેરે સામગ્રી પણ રહેતી. ૩ જાન્યુઆરી, ૧૮૩૨થી એ દૈનિક બન્યું અને તેનું કદ એક પાનાનું રાખવામાં આવ્યું. ઈ.સ. ૧૮૩૩માં ફરી તે સપ્તાહમાં બે દિવસ જ પ્રકાશિત થવા માં ું. ઈ.સ. ૧૮૫૫થી તેણે ફરી દૈનિકનું સ્વરૂપ લીધું ત્યાર પછી તે દૈનિક અખબાર તરીકે ચાલુ રહ્યું છે અને આજે પણ તેનું પ્રકાશન ચાલુ છે. આમ પ્રાદેશિક ભાષાનાં પત્રોમાંના જે ગણ્યાગાંઠ્યા અખબારોની જીવનદોરી લાંબી ચાલી, તેમાં 'મુંબઈ સમાચાર' આગળની પંક્તિમાં સ્થાન ધરાવે છે. તેના પ્રથમ તંત્રી ફરદુનજી મર્ઝબાને તો શરૂઆતનાં દસ વર્ષ તંત્રીપદ સંભાળ્યું અને ૧૩ ઓગષ્ટ, ૧૮૩૨ના રોજ છૂટા થયા, પણ ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસમાં એમનું 'પાયોનિયર' તરીકેનું સ્થાન નિશ્ચિત થઈ ચૂક્યું છે.

'મુંબઈ સમાચાર'ની ચડતી પડતી પણ ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસમાં સૂચક છે. કેટલીક વાર સમાચારના અભાવે એનું અરધું પાનું જ બહાર પડતું તો ક્યારેક અગત્યના સમાચારને 'વધારા' રૂપે આપવામાં આવતા. પોતાના ગ્રાહકો, વાચકો પણ સમાચાર કે વિચાર મોકલી શકતા. તેના કેટલાક અંકો ૨૦ પાનાના પણ બહાર પ ા છે. 'સમાચાર'ના તંત્રી કેટલીક ઘટનાઓ પર પોતાના વિચારો પણ દર્શાવતા અને તેમાં કાવ્યો પણ પ્રકાશિત થતાં. આ દૃષ્ટિએ શરૂઆતથી જ પોતાની નીતિ–રીતિ પ્રમાણે આ અખબાર ચાલતું રહ્યું.

ફરદુનજી મર્ઝબાન પછી તહેમુલજી રુસ્તમજી મિરઝા તંત્રીપદે આવ્યા બે વર્ષ પછી ક્ષયરોગથી અવસાન થતાં કાવસજી હોરમસજી મામાએ એ પદ સંભાળ્યું. તંત્રીઓની પરંપરામાં મોટા ભાગે પારસી સદ્‌ગૃહસ્થો હતા, પણ જનાર્દન વાસુદેવ (મુંબઈની વડી અદાલતના પહેલા હિન્દી ન્યાયમૂર્તિ) અને વિનાયક વાસુદેવ પણ બિનપારસી તંત્રીઓ તરીકે કામ સંભાળી ચૂક્યા હતા. 'મુંબઈ સમાચાર'ને વ્યાપારી

વર્ગનું માનીતું બનાવવાનું કાર્ય મહેરજી પાલણજી માદને કર્યું. ઈ.સ. ૧૮૯૮માં એ 'મુંબઈ સમાચાર'ના તંત્રી હતા. ઈ.સ. ૧૯૩૦માં આ પત્ર મહાત્મા ગાંધીજીની નીતિને ટેકો આપીને સ્વતંત્રતાની લડતમાં સક્રિય બનવા માં ું હતું, ત્યારે તેમના તંત્રી સોરાબજી કાપડિયાને કેદની સજા થયેલી.

મુંબઈમાં આ અખબારે બીજા અખબારોના પ્રકાશનની દિશા ઉઘાડી, પારસીઓના અરસપરસના મતભેદોને લીધે 'ઈબતાલી કબીસે' અને 'અખબાર ઈ કબીસે' નામના બે અલ્પજીવી અખબાર પ્રકાશિત થયાં તે પછી ઈ.સ. ૧૮૩૦માં ૧લી સપ્ટેમ્બરે 'મુમબઈના વરતમાન' નામનું ગુજરાતી સાપ્તાહિક બહાર પ ું. આ અખબારના તંત્રી નવરોજી દોરાબજી ચાનદારુ ઉર્ફે હલકારુએ ફરદુનજી મર્ઝબાન પાસેથી પત્રકારત્વના પાઠ લીધા હતા. ૮ નવેમ્બર, ૧૮૩૧થી તેણે પોતાના પત્રમાં અંગ્રેજી વિભાગ શરૂ કર્યા પણ પછી સમગ્ર અખબારનું નવું નામ 'મુમબઈનો હલકારું' અને 'વરતમાન' આપ્યું. ૫ નવેમ્બર, ૧૮૩૩થી તેમાંથી અંગ્રેજી વિભાગ બંધ કર્યો અને નામ પણ બદલાવ્યું. 'મુમબઈના ચાબુક !' ચાબુકને પ્રારંભે તો 'મુંબઈ સમાચાર' સામે કોઈ વેર નહોતું પણ પછીથી બંને પત્રો અરસપરસ ઝઘ  ાં, 'ચાબુક' પર ઘણાં બદનક્ષીના મુકદ્દમા થયા. સરકારે એકવાર તેનો પરવાનો છીનવી લીધો. અંતે ઈ.સ. ૧૮૫૯માં નવરોજજી ચાનદારુનું મૃત્યુ થયું અને તેના ભત્રીજાએ 'ચાબુક' સંભાળ્યું. ઈ.સ. ૧૮૭૨માં તે 'અખબારે સોદાગર તથા સમાચાર દર્પણ' સાથે જોડાઈ ગયું.

### ❋ 'મુંબઈ સમાચાર'માં પ્રકાશિત થયેલ સામાજિક લેખો :

'મુંબઈ સમાચાર' એ આપણા ગુજરાત રાજ્યનું સૌ પ્રથમ ગુજરાતી સમાચારપત્ર છે. પરંતુ આ પત્રે આપણા રાજ્યમાં જે જગ્યાએ અંધેર, અજ્ઞાનતા, રૂઢિ

ગતતા જેવા દૂષણોથી જે સમાજ પીડાતો હતો એ સમાજને એ પીડાથી ઉગારવાનો એમનો મહત્ત્વનો ભાગ રહ્યો છે. તેમણે પોતાના પત્ર માત્ર રાજકારણ જ નહિ પરંતુ આપણી સંસ્કૃતિ અને વ્યક્તિઓમાં યોગ્ય ચારિત્ર્ય નિર્માણ થાય એ માટે ચારિત્ર્ય ઘડતરના લેખો લખીને સમાજમાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન કર્યો છે અને એ પ્રયત્ન સરહાનીય છે. તેમણે 'મુંબઈ સમાચાર'ના દિવાળી અંકમાં ચારિત્ર્ય ઘડતરનો લેખ પ્રકાશિત કરી લોકોને એક નવો માર્ગ ચીંધ્યો છે.

પુરાતન અને અર્વાચીન શિક્ષણ શાસ્ત્રીઓની નજરે જોતાં ચારિત્ર્યનું શિક્ષણ એક બહુ જ મહત્ત્વનો, ગંભીર અને વિચાર કરવા જેવો વિષય છે. ચારિત્ર્યના ઘડતર માટે માતાપિતાના આદર્શમય સંસ્કારો, વિશિષ્ટ પ્રકારનું સુશિક્ષણ, સભ્ય મિત્રો અને સંબંધીઓનો સારો સહવાસ આ વસ્તુઓ ઘણી જ ઉપયોગી છે.

"શારીરિક, માનસિક અને બૌદ્ધિક દૃષ્ટિએ જોઈએ તો આપણને જણાઈ આવશે કે બાળક વરસની ઉંમરે બાળક મટીને પ્રૌઢત્વમા આવે છે. (એટલે છોકરી હોય તો સ્ત્રીત્વમાં અને છોકરો હોય તો પુરુષત્વમાં) સર્વસાધારણ અનુભવ પરથી જણાઈ આવ્યું છે કે આ બાળકના ચારિત્ર્યનું પોણા ભાગનું ઘડતર થાય છે. માત્ર આ ઘડતર પરિપકવ ન હોવાને કારણે અને સંપૂર્ણ વિચારોની સ્થિરતા ન હોવાને કારણે સુવાચનથી અને સારા માણસના સહવાસથી તેમાં પરિવર્તન થાય છે. કારણ પ્રૌઢ ઉંમરમાં જે આપણે વિચારોની સ્થિરતા મોટા માણસોમાં જોઈએ છીએ તે આ સમયમાં બાળકમાં અનુભવનો ભંડાર ઓછો હોવાને કારણે તેના સામાજિક, રાજકીય અને ભવિષ્ય વિષયક વિચારો હવા પરના તરંગ સમાન હોય છે અને તેથી જ જીવનના મહત્ત્વના પ્રશ્નો તે ઉકેલી નહિ શકે એવી માતાપિતાની ધારણા હોય છે અને તેથી જ વ્યક્તિગત જીવનને મહત્ત્વ ન આપતા સમૂહગત જીવનને જ વધુ પડતું મહત્ત્વ સમાજમાં આપેલું જણાય છે અને તેથી જ લગ્ન,

શિક્ષણ અને ભવિષ્યના જીવનનો વિચાર અને તેને લગતા પ્રશ્નોનું નિરાકરણ ઘણાં ખરા સમાજમાં માતાપિતાના હસ્તે જ થાય છે."[૩]

અઢાર વરસ સુધીમાં ચારિત્ર્યનું જે ઘડતર થાય છે. તે જાણવા માટે આપણે અઢાર વરસ સુધીની ઉંમરના ત્રણ વિભાગો પાડીને સમજવાનો પ્રયત્ન કરીએ. વિભાગો નીચે દર્શાવ્યા પ્રમાણે છે.




### [૧] ૩ થી ૬ વરસનો સમય :

માનસ શાસ્ત્રની દૃષ્ટિએ આ સર્જનનો કાળ છે. ચારિત્ર્યના બીજ આ સમયમાં જ નંખાય છે. જન્મથી ૧ વર્ષ સુધીનો કાળ બહુ જ મહત્ત્વનો છે. કારણ કે સૂક્ષ્મ નિરીક્ષણ કરવાથી માલૂમ પ ું છે કે ઉપદેશ અથવા બાહ્ય ભાવનાશૂન્ય દબાણની અસર જરા પણ થતી નથી. નિસર્ગ અને તેના અંતર્ગત તત્ત્વોની પ્રેરણાથી જ ચારિત્ર્યનું ઘડતર થાય છે.

આ ઉંમરમાં બાળક સારું અને ખરાબ, સત્ય અને અસત્ય, નીતિ અને અનીતિ જેવા જગતના મહાન તત્ત્વોથી દૂર હોય છે, પરંતુ એટલું માત્ર નોંધવા યોગ્ય છે કે આ ઉંમરમાં બાળકનો શારીરિક અને બૌદ્ધિક વિકાસ ઘણો જ થાય છે અને તેથી જ આ

સમયને સંવેદનામય અને સંસ્કારજન્ય કાળ તરીકે શિક્ષણશાસ્ત્રીઓ અને માનસ–શાસ્ત્રીઓ ઓળખે છે. કારણ કે આ સમયમાં તેમના મન પર જે જે ક્રિયાનું વસ્તુનું પ્રતિબિંબ પડે છે તેને તે પોતાના જીવનમાં અનુકરણ માર્ગે ઉતારવાનો પ્રયત્ન કરે છે.

આ ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે આ ઉંમરમાં બાળકના સહવાસમાં (દીર્ઘ સહવાસ) આવનારી વ્યક્તિ આદર્શ ચારિત્ર્યવાળી, આદર્શ વિચારવાળી, જગતને સમાનતાની દૃષ્ટિએ જોવાવાળી, રાજકીય અને સામાજિક જ્ઞાનથી સંપૂર્ણ એવી હોવી જોઈએ. બાળ શિક્ષણ અને બાલ માનસશાસ્ત્રનો અભ્યાસ કરેલા માતાપિતા તથા શિક્ષકો આ ઉંમરમાં બાળકનું ચારિત્ર્યનું ઘડતર કરવા સારા પ્રમાણમાં સફળ નીવડે છે.

અઢીથી છ વરસ સુધીના સમયમાં બાળકની પંચેન્દ્રિયો બહુ જ પ્રખર હોવાને કારણે બાળક તેની આસપાસની વસ્તુનું જ્ઞાન ઈન્દ્રિઓ વડે થતા અનુભવથી કરે છે. તેથી જ પૂર્વ પ્રાથમિક શિક્ષણ પદ્ધતિમાં ઈન્દ્રિય કેળવણીને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. બાળકનો શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસ કરીને બાળકને સ્વાવલંબનના સ્વતંત્રતાના માર્ગે લઈ જવું આ જ આ પૂર્વ પ્રાથમિક શિક્ષણ પદ્ધતિનો ઉદ્દેશ છે.

[૨] **૬ થી ૧૨ વર્ષનો સમય :**

આ ઉંમરે બાળકોને સત્ય–અસત્ય, નીતિ–અનીતિ, સારા–નરસાનું ભાન આવે છે. આ ઉંમરમાં બાળક પોતાના જીવનને તપાસવાનો તો પ્રયત્ન કરે જ છે પણ બીજાના જીવનમાં પણ સત્ય–અસત્ય, નીતિ–અનીતિ, સારું–ખરાબ કેટલા પ્રમાણમાં ઊતર્યું છે તે તપાસવાનો શોધવાનો પ્રયત્ન કરે છે. આજ આ સમયનું ખાસ લક્ષણ છે. આને જ લાક્ષણિક અને વ્યાવહારિક ભાષામાં સત–અસત બુદ્ધિ કહે છે. આનો વિકાસ

આસ્તે આસ્તે થઈને તેનું પરિવર્તન સામાજિક નીતિમાં પરિણમે છે. આ ઉંમરમાં બાળકમાં એકબીજા પ્રત્યે ઈર્ષ્યા, તિરસ્કાર, ભય જેવા ન્યૂનગ્રંથિ ન બંધાય તેની માતાપિતાએ અને શિક્ષકે કાળજી લેવી જોઈએ.

**[૩] ૧૨ થી ૧૮ વર્ષનો સમય :**

આ સમયમાં શરીરની સંપૂર્ણ વૃદ્ધિ થાય છે અને બાળક, બાળક મટીને યુવાન બને છે. સમાજ પ્રેમ, સ્વદેશ પ્રેમ, પક્ષ પ્રેમ અને વિશિષ્ટ પ્રકારનો પ્રેમ, વિશ્વાસ, શ્રદ્ધા આ ઉંમરે જ બંધાય છે. બાળકને ઉચ્ચ પ્રકારનું વાચન, મહાન વિભૂતિના બોધપ્રદ જીવન ચારિત્ર્યવાળા માણસોનો દીર્ઘ સહવાસ વગેરે બાળકને જીવવાની સાંસ્કૃતિક કક્ષા ઉચ્ચ અને ઉન્નત કરવામાં, તે જ પ્રમાણે સમૂહજીવનનું લોકશાહીકરણ કરવામાં બહુ જ ઉપયોગી થાય છે.

આજે નવું માનસશાસ્ત્રી, નવું શિક્ષણશાસ્ત્ર અને નૂતન શિક્ષણ અને માનસ શાસ્ત્રીએ તૈયાર થયા છે. જગતનાં દરેક ક્ષેત્રમાં ક્રાન્તિનો ધ્વજ ફરકી રહ્યો છે. બાળઉછેર, બાલશિક્ષણ, ચારિત્ર્ય શિક્ષણ પુરાતન તત્ત્વો છોડીને નવા તત્ત્વોનો અંગીકાર આપણે કરવાનો છે.

'મુંબઈ સમાચાર'ના સંવત ૨૦૦૪ના દિપોત્સવી અંકમાં જણાવ્યું છે કે, "આજે હિન્દ સ્વતંત્ર થયું છે. આપણા દેશનું દરેક બાળક ભવિષ્યનો નાગરિક છે. તેના ચારિત્ર્યનું ઘડતર ઉચ્ચ કોટીના માનવીમાં કરીને બાળકમાં શિસ્ત, નાગરિકત્વની જવાબદારી, સ્વદેશ પ્રત્યેની સેવા, વિશ્વબંધુત્વ, સહાનુભૂતિ, સહિષ્ણુતા, દયા, પ્રેમ, અહિંસા જેવા તત્ત્વો તેમના જીવનમાં લાવીને સામાન્ય બાળકમાંથી તે બાળકને મહાત્મા ગાંધીજી, જવાહરલાલ, સુભાષબાબુ જેવી વ્યક્તિઓ તૈયાર કરીને હિન્દના ગૌરવમાં વધારો કરવો આ જ આપણી હાલ રાષ્ટ્રસેવા છે."[૪]

'મુંબઈ સમાચાર'માં બાળકેળવણી, બાળ ચારિત્ર્ય ઘડતરના લેખ તો છપાતા જ હતા. પરંતુ મહાત્મા ગાંધી, હેમચંદ્રાચાર્ય જેવા મહાન વિભૂતિઓ સાથેની ચર્ચા દર્શાવી છે કે જેથી બાળક આવા વ્યક્તિઓના ગુણો પોતાના જીવનમાં ઉતારી શકે તે હેતુસર આવા લેખો છાપવામાં આવતા હતા. તેમનો એક નમૂનો નીચે મુજબ છે.

જગતને મુખે રમી રહેલા, હિંદ માતાના વફાદાર સુપુત્ર મહાત્મા ગાંધીજીનો હેમચંદ્ર સાથે સમાગમ સને ૧૮૮૮માં થયો હતો. તે વખતે તેઓશ્રીએ પોતાના જ શબ્દોમાં શ્રી નારાયણ વિશે લખ્યું છે. તેનું અત્રે વર્ણન કરવામાં આવ્યું છે. મહાત્મા ગાંધીજીનો શ્રી નારાયણ સાથે વાર્તાલાપ અહીં રજૂ કર્યો છે, "મહાત્માજીએ તેમને કહ્યું કે "આપનું નામ મેં બહુ સાંભળ્યું છે. આપના કંઈ લખાણો પણ મેં વાંચ્યા છે. આપ મારે ત્યાં આવશો." નારાયણ હેમચંદ્રનો સાદ ભાંભરો હતો. તેમણે હસમુખા ચહેરે જવાબ આપ્યો કે "તમે ક્યાં રહો છો ?" 'સ્ટોર સ્ટ્રીટ'માં. નારાયણે કહ્યું, "ત્યારે તો આપણે પડોશી છીએ." મારે અંગ્રેજી શીખવું છે તમે મને શીખવશો ?"

ગાંધીજી જો આપને કંઈ મદદ આપી શકું તો હું રાજી થાઉં. મારાથી બનતી મહેનત જરૂર કરીશ. આપ કહેશો તો હું આપને ત્યાં આવીશ. નારાયણ 'ના ના હું જ તમારે ત્યાં આવીશ. મારી કને પાઠમાળા છે તેહું લેતો આવીશ.' અમે વખત મુકરર કર્યો. અમારી વચ્ચે ભારે સ્નેહગાંઠ બંધાઈ. નારાયણ હેમચંદ્રને વ્યાકરણ તો મુદ્દલ આવડતું જ નહોતું. 'ઘોડો' ક્રિયાપદ બને અને 'દોડવું' નામ બને. આવા વિનોદી દાખલાઓ તો મને કેટલાય યાદ છે પણ નારાયણ હેમચંદ્ર મને પી જાય તેવા હતા. મારા અલ્પ વ્યાકરણથી એ કાંઈ મોહી જાય તેવા નહોતા. તેને વ્યાકરણ ન આવડે તેની શરમ તો હતી જ નહિ. તેમણે કહ્યું, "નારાયણ હું કંઈ તમારી જેમ નિશાળમાં શીખ્યો નથી. મને મારા વિચારો જણાવવામાં વ્યાકરણની જરૂર નથી જણાઈ. જુઓ તમને બંગાળી

આવડે છે ? મને તો બંગાળી આવડે. હું બંગાળમાં ફર્યો છું. મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોરનાં પુસ્તકોનો તરજુમો ગુજરાતી પ્રજાને મેં જ આપ્યો છે. મારે તો ઘણી ભાષામાંથી ગુજરાતી ભાષાને તરજુમા આપવા છે."[૫]

"જગતના પરિવર્તનની જટિલતા સાથે જ સમાજની સમસ્યા પણ ગહન અને જટિલ થઈ રહી છે. આજથી દશ પંદર વર્ષ પહેલાં એ સમસ્યાના સમાધાન માટે જ નીતિ અનુકુળ ગણાઈને અનુસરવામાં આવતી હતી. એ આજે કાળચક્રના દ્રત આવર્તનને જૂની, જર્જરિત, અપૂર્ણ, અપર્યાપ્ત અને પ્રતિકૂળ મનાઈ રહી છે. ઓગણીસમી સદીમાં જે આદર્શ માટે મનુષ્ય જીવનોત્સર્ગ કરવામાં પાછી પાની ભરવામાં ભારે નમોશી ગણતો હતો. એ જ આજે ભ્રાન્ત અને પરિત્યક્ત ગણાય છે. એ આદર્શની નવીનતા નાશ પામી ગઈ છે. આજે તો માનવ સમાજ કોઈ નવીન આદર્શ પાછળ આંધળીયા કરીને ઉન્મત્તની જેમ ઉતાવળો ઉતાવળો દોડી રહ્યો છે. મનુષ્યના જ્ઞાનભંડારમાં જેમ જેમ વૃદ્ધિ થતી રહી છે તેમ તેમ જગતનું પરિવર્તન પણ પ્રચંડ વેગે આગળને આગળ ધપી રહ્યું છે.

પરંતુ એ પરિવર્તન સહજ કે નિષ્કંટક નથી. પરિવર્તન સમાજ માટે કેટલીયે નવીન નીતિઓ અને નવીન આદર્શોની આવશ્યકતા રહે છે. નવીનતાની તેજીમાં હઠપૂર્વક તણાવાનો આગ્રહ અને જૂનું જ જાણવાની દૃઢ ઈચ્છા આ બન્નેના સંઘર્ષણમાંથી જ વિપ્લવનો આરંભ થાય છે, અત્યાચાર, અનાચાર અને રક્તપાત સાથે સમાજના વિશાળ વક્ષઃસ્થળ પર ભયંકર ઉથલપાથલ થાય છે અને એથી જ માનવ વિચારધારા પણ બદલાઈ જાય છે. આ વિપ્લવાત્મક પરિવર્તન જ વર્તમાન સમાજ જીવનની વિશિષ્ટતા છે."[૬]

"મનુષ્ય એ સામાજિક પ્રાણી છે. એ સમાજની સાથે જ રહેવાનું પસંદ કરે છે. સમાજ સંગઠનની પ્રવૃત્તિ એની જન્મગત વિશેષતા છે. સમાજ–સંગઠન એના વ્યક્તિગત

સ્વાર્થોને પ્રતિકૂળ પણ નથી, પરંતુ સમાજની સર્વ વ્યક્તિ સમાજના ક્રમના સંરક્ષણની જવાબદારી ઉઠાવવાને ઈચ્છતી નથી એટલે એની બધીયે વ્યવસ્થાનો બોજ થોડાંક મનુષ્યોને સોંપીને બાકીના નિશ્ચિત થાય છે. જે થોડીક અભિજ્ઞ વ્યક્તિઓને સમાજની વ્યવસ્થા સોંપવામાં આવે છે. એ સર્વાંગી મંગળ માટે ઉચિત વ્યવસ્થા કરે છે. એ બરાબર છે કે પ્રજાતંત્ર–શાસનમાં માનવ અધિકાર સંબંધી વિષમતાને મુદ્દલે અવકાશ નથી, પણ સામાન્ય મનુષ્ય શાસનતંત્રના પરિચાલકોના નિર્વાચનમાં વિચાર શક્તિ અને બુદ્ધિનો પરિચય બહું જ ઓછો આપે છે. એનું મુખ્ય કારણ એ છે કે એ પોતાના અભાવોને બરોબર સમજતો નથી અને પરિણામે એ એ પણ જાણતો નથી કે જે લોકોને પોતે પોતાનો પ્રતિનિધિ બનાવીને શાસનકાર્યના પરિચાલન માટે મોકલે છે એ એ માટે વાસ્તવિક રીતે યોગ્ય છે કે નહિ."[૭]

"જગતકર્તાએ આ સંસારની રંગભૂમિ પર સ્ત્રી પુરુષને મુકતાં તેમને એક સમાન પદ પર મૂક્યાં છે. સ્ત્રી પુરુષ રૂપી સુરો જુદાં હોવાં છતાં તેઓનો સમાન રીતે ઉપયોગ થવાથી જ ભિન્ન ભિન્ન સદ્‌ગુણ રૂપ સુરો એકઠા થવાથી જ આ જગતમાં મનુષ્ય જીવન સંગીતના મધુર આલાપ શ્રવણ કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત કરી શકાય છે. જ્યાં જ્યાં તેઓ પુરુષોના જીવન માર્ગ પર પવિત્ર, સ્નેહાળ, પ્રીતિના આનંદકુસુમ વેરે છે. સંસાર સમુદ્રના વિવિધ પ્રકારના સંકટરૂપ ખડકો અને ભિન્ન પ્રકારના ઉદ્વેગરૂપ મોજાં દૂર રાખી સંસારસાગર તરવાના સાધનરૂપ નૌકા સ્ત્રી જ છે. જેને તમારું અર્ધુ અંગ ગણે છે. વ્યવહારમાં મદદ કરવા માટે તમારી સાથે જે જોડાયેલી છે તે તમારી મદદગાર છે. તમારું અર્ધુ શરીર જેટલું તમારા ઉપયોગનું છે તેટલી જ તમારી અર્ધાંગના તમારા ઉપયોગની છે. તેમાં કોઈ પણ જાતનો દોષ જોઈ, તેને દૂર કરી નાંખી જન્મભરની ઉપયોગી વસ્તુ જન્મભરનો મદદગાર ગુમાવી બેસવું એના જેવી મોટી મૂર્ખતા કઈ હોઈ

શકે ? એને સુધારવી એ તમારું કામ છે. તમારું અર્ધુ અંગ દોષિત થયું હશે તો શું તમે કાપી નાંખશો ? નહીં જ. તમને અર્ધા ગવાયુ થયો હશે તો તમારે અવશ્ય તેની સારવાર કરી સુધારવાની જરૂર છે. નહિ કે તે ભાગ બગ ો માટે તેના પર ફટકા લગાવવાથી સુખ મળી જાય તેમ છે. ઉલટો તે ભાગ બહેર મારી જાય છે. આ નિયમથી તમે પૂરેપૂરા વાકેફ હો એમ જણાતું નથી. 'મારબુધુ અને કરસુધુ' એવા પ્રકારનું ઊંધું શિક્ષણ તમને કોણ જાણે કેવા યોગમાં મળી ગયું છે કે તેની વજ્રલેપ જેવી અસર તમારા મગજમાંથી ખસતી નથી."[૮]

"માનવ જીવન સરિતાનું ઉત્પત્તિ સ્થાન મુખ્ય પોષક મૂળ સ્ત્રી જાતિ છે. માનવ જીવનના પ્રવાહની નિર્મળતા, પવિત્રતા, સુંદરતા, ઉત્કૃષ્ટતા તેનો વેગ, તેના બળનો આધાર મુખ્યત્વે કરીને સ્ત્રી જાતિ પર. ભવિષ્યની પ્રજાની માતાઓ પર રહેલો છે. કોઈ પણ દેશની અભિવૃદ્ધિનું, ઉન્નતિનું મુખ્ય સાધન તે દેશની દેશના સમાજની આંતર અર્થાત્ અંદરની સુધારણાનું પ્રથમ પગથિયું ઘરની તેમ કુટુંબની સુધારણા છે. ગૃહિણી તરીકે, માતા તરીકે, ઘર પર, કુટુંબ પર સ્ત્રીઓની જેટલી અસર છે તેટલી ભાગ્યે જ અન્ય કોઈની હશે.

પ્રજાના ચારિત્ર્યની રચનામાં સ્ત્રીઓની સત્તા, તેમના મહત્ત્વ, ગૌરવ, તેમની ઉપયોગિતાનો સ્વીકાર કરી ખરામાં ખરા, નિકટમાં નિકટ સર્વોત્તમ પ્રિયતમ મિત્ર તરીકે ગણવામાં, પ્રયાસોમાં સરળતા કરી આપવામાં, તેમને તેમના યોગ્ય પદે મુકવામાં, તેમને ઉન્નત દશાએ લઈ જવામાં આવશે ત્યારે હિંદુસ્તાન પર ઝઝૂમતા અજ્ઞાન, અંધકાર, દુર્બળતા, દારિદ્રય, દુઃખ, ઉદ્વેગ અને કલેશરૂપ વાદળ દૂર થઈ સર્વત્ર જ્ઞાન, પ્રકાશ, સામર્થ્ય, સુખ, સંપત્તિ, આનંદ અને શાંતિનો દિવ્ય સુંદર દેખાવ પ્રકાશમાન થઈ રહેશે. જ્યારે આવી ઉચ્ચ સ્થિતિએ પહોંચવાને સમય આવશે ત્યારે જગતની પ્રથમ પંક્તિની

પ્રજાઓમાં ઉન્નત, સર્વોત્કૃષ્ટ પદ મેળવવાને પોતાનું અતુલ ગૌરવ, પોતાની અનુપમ કીર્તિ, અપ્રતિમ પ્રતિષ્ઠાની સંસ્થાપના કરવાને હિંદુસ્તાનને વિશેષ શ્રમ, સંકટ વેઠવા પડશે નહીં."[૯]

સમાજમાં વ્યક્તિઓ નાની નાની બાબતોએ દુઃખી થતા હોય છે. તેનું મુખ્ય કારણ તેમની પોતાની વિચારસરણી છે. એક જ બાબત માટે વ્યક્તિએ વ્યક્તિએ જુદો અનુભવ થતો હોય છે. તેનું મુખ્ય કારણ વ્યક્તિની વિચાર કરવાની શક્તિ છે. અહીં જીવન જીવવાની કલા શીખવતાં આ લેખમાં સંસારના સામાન્ય સત્યો સરળતાથી સમજાવ્યાં છે. તે આપણે જોઈશું.

"કેટલું સુખ, કેટલી સમૃદ્ધિ અને કેટલું સ્વાસ્થ્ય કોને કેટલા પ્રમાણમાં હિતકર્તા નીવડે એ તદ્દન વ્યક્તિગત પ્રશ્ન છે. એક જ વસ્તુ યા વ્યક્તિ એકને લાભકર્તા તો બીજાને હાનીકર્તા નીવડી શકે. એક જ પરિસ્થિતિ અને સમય એકને તંદુરસ્તી બક્ષે અને બીજાને બિમારી. સમૃદ્ધિ પણ એકને બજારમાં એક જ દહાડે વેપાર કરી એક માણસ મેળવે ને બીજાને નુકસાન કરી બેસે. વળી માણસ પોતે કઈ રીતે વિચાર કરે છે તેના પર પણ મોટો આધાર રહેલો છે. દા.ત. રમણીકલાલ રૂપિયા ૧૫૦ માસિક પગાર મેળવી પોતાની સરખામણી વિનોદરાય સાથે કરી વિચારે છે કે, "તેને તો રૂપિયા ૧૦૦ પગાર છે જ્યારે મને પચાસ વધારે હું કેવો સુખી છું." જ્યારે જીવણલાલ વિચાર કરે છે કે, "મને માત્ર રૂ. ૨૫૦ મળે છે ને પ્રેમજી રૂ. ૫૦૦ દર મહિને પાડે છે."

જીવણલાલ જે રીતે વિચારે છે તે તેને દુઃખી કરે છે અને રમણીકલાલ જે રીતે પરિસ્થિતિને જુએ છે તે તેને સંતોષ આપે છે. જો કે રમણીકલાલ જીવનલાલ કરતાં પણ ઓછો પગાર મેળવતો હોય છે છતાં તે દુઃખી થતો નથી.

આ રીતે માણસ પોતાની હાલત પર કઈ રીતે સરખામણી અને વિચાર કરે છે. તેના પર તેના સુખ દુ:ખનો આધાર હોય છે એટલે કઈ રીતે વિચાર કરવો એ દરેકે નક્કી કરવું અત્યંત આવશ્યક છે."[૧૦]

"સમાજમાં ઘણાં લોકોને આવી ખોટી આદતો હોઈ છે કે તેઓ હંમેશા ઉધાર માંગીને જ પોતાનું ગુજરાન ચલાવતા હોય છે. આવા લોકોની આપણા સમાજમાં કેવી છાપ ઉદ્ભવે છે. તેની આપણે 'ઉધારિયાઓને આપણે માન આપવું જોઈએ.' એ લેખમાં જોવા મળે છે.

"ઉધાર માંગે જે ધણી, થાય તેનું અપમાન,
પૈસા લઈશું રોકડા પછી ભલે હોય તે ધનવાન."

આવો જ્ઞાનવાન દોહરો એક હોટલમાં વાંચ્યો અને પાસે બેઠેલા મિત્રે કહ્યું કે, શેક્સપિયરના પોલોનિયસે પણ શિખામણના સૂત્રોમાં "Nelther a borrower nor a lender be." કહ્યું હતું કે દેણદાર કે લેણદાર ક્યારેય બનવું નહિ. લાચાર ઉધારિયાને ઘણું ખરું સમાજના એક ઉપદ્રવ તરીકે લેખવામાં આવે છે અને એથીયે નિષ્ઠુર લેણદાર તો લોકોની આંખમાં કણાની માફક ખૂંચતો હોય છે. જો હંમેશાનો કસાયેલો ટેવાયેલો ઉધારિયો પૂછડાખોર કે ભોજનભટ જેવો બીજાઓ પર જ નભતો હોય છે તો અવિવેકી ધીરનાર તો તેનાં પાપ પણ ધોવાઈ જાય ચુસાઈ જાય ત્યાં સુધી જળોની જેમ તેને ચૂસે છે. એના ઉધાર માંગવાના સૂત્ર, સ્તોત્ર કે સિદ્ધાંતથી કોઈ માનો પુત એને અળગો કરી શકે એમ નથી."[૧૧]

### ❋ 'મુંબઈ સમાચાર'માં પ્રકાશિત થયેલ સાંસ્કૃતિક લેખો :

ભારતીય સંસ્કૃતિમાં દામ્પત્ય જીવન પણ એક સંસ્કાર ગણાય છે. આપણા દેશમાં દામ્પત્ય જીવનએ જીવનનું પરમ મંગલ ગણાય છે. તેમાં અજાણ્યા વ્યક્તિઓ જીવનભર સાથે નિભાવવાના વચનો લે છે અને લગ્ન સમયે સાત ફેરા ફરાવવામાં આવે છે. તેમાં તેઓ સાત વચનોથી બંધાઈ છે અને તેમાં જીવનની દરેક જવાબદારીઓનો સમાવેશ થાય છે. એ કયા કયા વચનો છે. તેને આપણે 'દામ્પત્યનાં સાત પગલાં' લેખમાં જોઈશું.

જગતનું પરમ સત્ય છે સંસાર, ને સંસારનું પરમ સત્ય છે દામ્પત્ય, અને પરણવું એટલે પ્રભુતામાં પગલાં માંડવાં. એ કવિશ્રી નાનાલાલની સૂત્રાત્મક પંક્તિમાં દામ્પત્ય જીવનનો ધર્મ સમાયેલો છે. આજે જ્યારે, પશ્ચિમની અસરો નીચે આપણે ત્યાં 'વ્યક્તિવાદ' વિસ્તરતો જાય છે. જડવાદી ભાવનાઓનું પૂર વહ્યું જાય છે, લગ્ન સંસ્થા અદાલતને પનારે પડવા માંડી છે. આર્થિક સ્વાતંત્ર્યના પવને સ્ત્રીપુરુષના સંબંધોની સૂરત ફેરવવા માંડી છે અને લગ્નોત્તર પ્રેમ વધવાને બદલે માથે છૂટાછેડાની તલવાર તોણાતી રહી છે ત્યારે તો આ પંક્તિઓના રહસ્યને વધુ સારી રીતે સ્ફૂટ કરી, સ્ત્રીએ લગ્ન–જીવનમાં શી જવાબદારી વહોરવાની છે, ને હસતે મોંએ તેને શી રીતે અદા કરવાની છે તેનો કંઈક ઈશારો કરેલો લેખે લાગશે.

નવવધૂ વર સાથે સાત પગલાં ફરે છે ને પ્રત્યેક પગલે એક એક જીવન પ્રતિજ્ઞા લે છે. એ પ્રતિજ્ઞા એટલે સુખી, સ્વસ્થ, સફળ, શાંત, ઉન્નત, આદર્શ, પ્રસન્ન, પરિણીત જીવનનું હાર્દ, નવવધૂ પરણીને પિયર છોડીને સાસરે આવે છે. એનો નવો અવતાર થાય છે. નવા અવતારની જવાબદારીઓ અનેક ગણી છે એટલે સૌ પ્રથમ તો

એણે પોતાના મનને એક ઘાટ આપવાનો છે અને તે એ કે જે ઘરમાં હું જાઉં છું. તે હવે મારું ઘર છે. મારા વડે, ગૃહિણી વડે એ ગૃહ 'ગૃહ' બનવાનું છે. ગૃહિણી અન્નપૂર્ણાનું રૂપ છે એટલે સૌથી પહેલાં તો ઘરના ભંડાર એ પોતાના કરે છે. એ એની પ્રથમ પ્રતિજ્ઞા. 'રસોડાની રાણી' એ શબ્દપ્રયોગમાં એને શરમ ન લાગે ! રસોડું એના ઉપહાસનું નહીં, ઉલ્લાસનું ક્ષેત્ર છે. આ ઘરનું લૂણ ખાઈને એ એને હલાલ કરે છે.

પતિનાં કુટુંબીજનોની જવાબદારી પણ હવે પોતાની થઈ છે એવી ભાવના એનામાં આપમેળે જન્મે છે. મંજુ મંજુ બોલીને, સૌને રીઝવીને, સૌનાં દુઃખમાં ધીરજથી ભાગ લઈને, સૌના સુખમાં આનંદિત થઈ, કુટુંબના રક્ષણને એ કર્તવ્ય માને છે. એ છે એની બીજે પગલે પ્રતિજ્ઞા.

પતિ પ્રત્યે આ સૌમાંની એની વિશેષ ભાવનાત્મકતા છે. પતિ એનું આશ્રય સ્થાન છે. એની ભક્તિ એટલે ચરણપૂજા નહીં. એમાં લીન થઈ, એની સાથે સંસારોપભોગ કરી, એના સિવાય બીજા કોઈ 'નર'નું મનથી ચિંતન કર્યા વિના, એ જિંદગી માણવાનું વ્રત લે છે. દામ્પત્યની દૃઢગ્રંથિ એ રીતે બાંધે છે. એની ભક્તિ એના સખ્યમાંથી, પ્રેમમાંથી સ્ફુરે છે. દાસત્વમાંથી નહીં. ત્રીજે પગલે આ વ્રત.

કેવળ ભક્તિ કદાચ પુરુષના ચિત્તને હંમેશ આકર્ષવા શક્તિમાન ન નીવડે તો એ પાશને વધુ દૃઢ કરવા સ્ત્રી શૃંગારની ભાવનાયે અપનાવે છે. સ્ત્રીનો શૃંગાર આમ એના સુખી લગ્નજીવનમાં એક અનિવાર્ય અંગ બને છે. અંબોડો ગંધમાલા અનુલેપનથી વાળી, સોનાને ભૂષણે સજાવી, એ પતિનું મન હરે છે. સુઘડતા, સૌષ્ઠવ, ઋજુતા, શણગાર આ સૌને જીવનમાં સ્થાન છે જ ને ચતુર, પતિભક્ત, પ્રેમાળ સ્ત્રી એ વાત વિસરે નહીં. લગ્ન જીવનની એ ચોથી પ્રતિજ્ઞા તે પછી સૂક્ષ્મ ભૂમિકામાં.

પાંચમે પદે, સ્ત્રી એક ડગલુ આગળ વધે છે. પોતાનું મન પતિમાં, પતિનું મન પોતાનામાં. 'મારૂ' કે 'તારૂ' સૌ મટી જાય છે. બધું આપણું બની જાય છે ત્યારે સુખદુઃખના પણ એવા જ વિભાગ કરવાના હોય. પત્ની કહે છે, "આતે આર્તા .... તમે દુઃખી હશો, ત્યારે હું દુઃખી થઈશ; ને તમારી આજ્ઞાનું પાલન કરીશ." સમજુ પતિ દુઃખના દિવસોમાંય પત્નીને વધુમાં વધુ સુખ આપવાનો પ્રયાસ કરે જ ને પત્ની પતિનું મન માને એવી રીતે જ વર્તે. આ તો કસોટીનો કાળ, એમાંથી આ રીતે જ પાર ઊતરાય.

પણ જીવન માત્ર આટલે પૂરું થતું નથી. ધર્મનું સ્થાન પણ નાનું સૂનું નથી. જે યુગમાં યજ્ઞ, હોમ, દાનાદીનું બહુ મૂલ્ય હતું તેમાં એ ધર્મકાર્યો કરવાની ફરજ ગણાતી. પત્ની પતિને કહે છે : તમારી સાથે જ રહીશ ! એટલે જ તો પત્નિ 'સહ–ધર્મ–ચારિણી' કહેવાય છે. ધર્મથી અળગું બનતું જીવન, જીવન નથી, એવા જીવનના રસો, રસો નથી રસાભાસ છે ! જીવનના સર્વ આશ્રમોમાં આનું મહત્ત્વ છે. ગૃહસ્થાશ્રમમાં તો ખચિત જ. જીવનના યૌવનને માણતા પતિ–પત્ની અર્થ ને કામનું દાસ્ય સ્વીકારી જિંદગી પૂરી કરે એમાં અધૂરપ છે. ધર્મ એમાં અગ્રપદે ભળે ત્યારે જ તેનું પૂર્ણ વિરામ આવે. છઠ્ઠે પદે આવી છે પ્રતિજ્ઞા.

ને છેલ્લે કહે છે, મનના ભાવ જાણનારા દેવો અહીં સાક્ષી છે. હું કહું છું, હું કદી તમારી વંચના છેતરામણી નહીં કરૂં ! કેવી ઉદાત્ત ભાવના ! પત્ની મોઢેથી માત્ર ઉપચાર ખાતર બોલતી નથી; એના મનનાં ભાવ એ બોલે છે, ને એ ભાવના સાક્ષી છે. દેવો–સૂર્ય, ચંદ્ર ને અગ્નિ જેવા તેજસ્વી દેવો. ને આ સાતમે પદે એ કહે છે, "હું સર્વ ભાવે, સંપૂર્ણ ભાવે તમારી જ થઈ રહીશ, કોઈ પણ ભાવનામાં તમને ઠગીશ નહીં, ને જીવનમાં સંપૂર્ણ યશ બેઉ પ્રાપ્ત કરશું."

આ સમગ્ર ભાવનાની સાથે કવિ ભાસના શબ્દો સરખાવવા જેવા છે.

"દુઃખાતે મતિ દુઃખિતા ભવતિ યા હષ્ટ પ્રહષ્ટા તથા
દીને દન્યમુપૈતિ રોષ પરુષે પમ્યં વચો ભાષતે।
કાલં વૈત્તિ, કથાઃ કરોતિ નિપુણાઃ
મત્સંસ્તવે રજયતિ ભાર્યા મન્ત્રિવર !
સખા પરિજનઃ સૈકા બધુત્વં ગતા ॥"[૧૨]

ભારતીય સંસ્કૃતિમાં ગાયને માતાની ઉપમા આપી છે અને તેને પૂજનીય ગણવામાં આવી છે. એવું કહેવાય છે કે ગાયમાં તેત્રીસ કરોડ દેવતાઓનો વાસ છે. તેથી ગાયને ભારતનું સાચુ ધન તરીકે ઓળખવામાં આવી છે. આમ, ગાયનું મહત્ત્વ સમજાવતો 'ભારતનું સાચું ધન ગૌમાતા' નામના લેખમાં જોવા મળે છે.

ગૌમાતા એ માનવ કુળની માતા છે. કોમ કોમના વાડાના ભેદભાવ વગર એ ગૌમાતા સૌ કોઈને દુગ્ધપાન કરાવે છે. એના હૃદયમાં ન તો કોઈ કોમ માટે પક્ષપાત છે કે ન તો કોઈ કોમ માટે ઘૃણા છે માટે જ એ માનવકુળની માતા છે. આથી જ પ્રાચીન કાળમાં એનું ગૌરવ અનેરું હતું. રઘુકુલદીપક દિલીપ સમા રાજરાજેન્દ્રે નંદીનીને સંરક્ષણ કરવાને કેટકેટલા બત્રીસલક્ષણાઓ આત્મબલિદાનની વેદી ઉપર હોમાઈ ચૂક્યા છે. તે સત્ય ભારતના ઇતિહાસને અજાણ્યું નથી.

એ ગૌમાતાનું ગૌરવ આજે ભારત વર્ષમાં રહ્યું છે ખરૂ ? આજે તો ભારત વર્ષમાં દર મિનિટે પાંચ ગૌમાતાઓ કતલખાનામાં રહેંસાય છે. એટલું જ નહિ પણ એક ઉત્તમમાં ઉત્તમ ગૌમાતા દર મિનિટે પરદેશવાસી બને છે. (આ આંકડા ચાલુ યુદ્ધકાળ પહેલાંના છે.) જે દેશમાં ગોપાલન અને ગૌસંરક્ષણ કર્તવ્ય મનાતું તે દેશમાં આજે ગૌપાલન પ્રતિ સંપૂર્ણ ઉદાસીનતા વ્યાપેલી છે. જે ગૌમાતા ગૃહસ્થની ગૃહસ્થાઈનું ભૂષણ

મનાતી તે ગૌમાતા આજે ગૃહસ્થના ઘરમાંથી ઘર બહાર થઈ છે અને જેમને ત્યાં આજે ગોધન છે. તેમની પાસે તે પવિત્ર અને ઉપયોગી પ્રાણીને પોષવાનાં સાધનો નથી અને જ્યારે આજનો ગોપાલ ગરીબાઈના કડવા ઘૂંટ ગળતાં ભૂખમરો વેઠતો થાય છે."[૧૩]

આપણો દેશ હમણાં દેશી ભાષાઓમાં હિન્દુસ્તાન તરીકે ઓળખાય છે. એ શબ્દનો અર્થ 'હિન્દુઓ જે પ્રદેશમાં વસે છે તે પ્રદેશ' એવો થાય છે. એ શબ્દ સંસ્કૃત નથી તેમ સંસ્કૃત ભાષામાંના કોઈ બીજા શબ્દનો સીધો સાદો અપભ્રંશ પણ નથી. આપણી સંસ્કૃતિ કઈ છે ? તે વિશે આપણે જોઈએ.

"હિન્દી ઈરાનીઓની, ઈસ્લામીઓની અને આધુનિક પાશ્ચાત્ય પ્રજાઓની સંસ્કૃતિના, એકબીજા સાથે સંસર્ગમાં આવ્યા છે. હાલ તો ઉપર કહ્યું તે કારણોને લીધે એ ચાર પ્રવાહો પૈકી છેલ્લો ઘણો બળવાન છે અને તેથી જુના ત્રણેને એના રંગે રંગાતી જાય છે. હાલ તો એ હિન્દમાંના બીજા પ્રવાહોને તો શું પરંતુ વિશ્વભરમાં વહેતા સર્વ સંસ્કૃતિ પ્રવાહોને આવરી લઈ પોતાના રંગે રંગી નાંખશે અગર તેમને સ્વાહા કરી જશે એવા ચિહ્નો દેખાય છે. પરંતુ એ પ્રવાહ નીચેની ધરતીના પડમાં વિશ્વ વિનાશક દાવાનળ છૂપાયેલો છે તે થોડે થોડે અંતરે પડ ચીરીને બ્હાર નીકળે છે અને આખા પ્રવાહને શોષી નાંખવાનો ભય ઉત્પન્ન કરે છે. કોઈક વખતે તે કાળાનળ ચતુર્ભૂજરૂપ અને કોઈક વખત સહસ્ત્ર બાહુવાળું વિશ્વરૂપ ધારણ કરે છે. આજથી ૨૮ વર્ષ ઉપર તે પડ ચીરીને બ્હાર નીકળ્યો હતો અને તેણે પાશ્ચાત્ય સંસ્કૃતિ પ્રવાહનું દ્વિધાકરણ તો કીધું જ હતું."[૧૪]

આપણો સમાજ હિંદુ સંસ્કૃતિનો સમાજ છે અને આપણા સમાજમાં સ્ત્રીઓનું સ્થાન મહત્ત્વનું છે સાથે સાથે સન્માનીય છે. જ્યાં જ્યાં સ્ત્રીને પૂજનીય ગણવામાં આવે છે. ત્યાં દેવતાઓનો વાસ છે. એવું કહેવાય છે. આમ, આપણી સંસ્કૃતિઓ નારીઓને

પૂજનીય ગણવામાં આવી છે. તે 'यत्र नार्यस्तु पूज्यन्ते' લેખમાં જોવા મળે છે. આ પરથી આપણી સંસ્કૃતિની ઝાંખી થાય છે.

"જ્યાં સ્ત્રીઓનું સન્માન થાય છે, ત્યાં દેવતાઓ રમે છે. મનુ મહારાજનું આ હિતવાક્ય હેતુપૂર્વક લખાયેલું છે. મનુષ્ય જાતિમાં સ્ત્રીનું સ્થાન અગ્ર છે. સ્ત્રી, જગત જનની અને જગતની આર્ય શક્તિ મનાય છે. જગતની મહાન વિભૂતીઓ સ્ત્રીના જ ખોળામાં રમેલી છે ને ? અને તેથી જ "मातृदेवो भव" એમ તેને પહેલું સ્થાન આપવામાં આવેલું છે. "नास्ति मातृ समो गुरुः" એટલે ગુરુ તરીકે પણ તેનું જ અગ્રસ્થાન લેખાયેલું છે. કવિશ્રી નાનાલાલે સ્ત્રીને બ્રહ્માંડમાં ભવ્યકર્મી અને માનવ ગંગાની અખંડ ગંગોત્રી ગણાવેલી છે. કોઈએ તેને સ્વર્ગમાંથી ઉતરેલી સ્નેહ અને સૌજન્યની દેવી વર્ણવેલી છે. સ્ત્રીઓનું આવું ઉચ્ચ પદ કલ્પેલું છે છતાં એ કપડાંની દેખાય છે અને સ્ત્રીઓનાં દુઃખોનો અને કફોડી સ્થિતિનો પોકાર થઈ રહ્યો છે."[૧૫]

આપણી ભારતીય પ્રાચીન સંસ્કૃતિ અદ્ભુત છે. એ સંસ્કૃતિના પાયામાં માનવીય સંસ્કારનું ભાથું છે. આપણી સંસ્કૃતિ સૌથી પ્રાચીન અને વિશેષ છે. આપણી સંસ્કૃતિમાં માનવીય ગુણોની ખીલવણીની ક્ષમતા રહેલી છે અને તેથી તે એક સ્વસ્થ સમાજને ઉત્પન્ન કરી શકે છે. આપણી પ્રાચીન સંસ્કૃતિમાં એવા મહામાનવો ઉદ્દભવ્યા કે તેમણે આપણા સમાજને એક નવી દિશા તેમના જીવન થકી આપી અને તેથી આપણો સમાજ વધુ દૃઢ અને એક ઉચ્ચ સમાજ તરીકે સ્થાપિત થયો. આપણી સંસ્કૃતિ પાશ્ચાત્ય સંસ્કૃતિ કરતા પણ પ્રાચીન છે અને એવું કહેવાય છે કે એ દરેક સંસ્કૃતિની જનની છે તો આપણે આવી જ સંસ્કૃતિને સમજવાનો પ્રયત્ન કરીએ.

"પ્રાચીન ભારતમાં એવી શી ભવ્યતા
ઇતિહાસ ગૌરવ બજાવે ....

શુકદેવના પિતા વ્યાસ બાદરાયણ

આશ્ચર્ય જગને કરાવે .... પ્રાચીન.

સત્ય ધર્મ કેવા એ સાચા ઉપાસક

જીવનમાં સત્ય શ્રેષ્ઠ ભાસ્યું

પુણ્ય શ્લોક ધર્મ યુધિષ્ઠિર એ જગતમાં

શ્રેષ્ઠત્વ સૌમાં સજાવે .... પ્રાચીન.

બળની જ મુર્તિ જેના બળની ન સીમા

દુનિયાને મંત્રમુગ્ધ કીધી

ભીમસેન શોભ્યા એ શક્તિના સાગર

વ્યાસ દિવ્ય કીર્તિ બતાવે .... પ્રાચીન.

ગાંડીવધારીના કૃષ્ણ સમા સારથિ

ધ્વજ પર મહાવીર શોભે

મંત્રના પ્રભાવથી શર શક્તિ વાધે

શૌર્યતણી અવધિ મચાવે .... પ્રાચીન.

પ્રશ્ન વિના જ્યોતિષનો અક્ષર ન આપે

જ્ઞાની દૃઢ ટેક એ નિભાવે

ત્રિકાળજ્ઞાની સહદેવ જોશી

અજોડ હજીયે ગણાવે .... પ્રાચીન.

સર્વે કલા જેની ધારે સુંદરતા

વરણાગી વેશે પંકાયા

નકુલ કેરી ન્યારી કલાઓ

નવલી પ્રતિભા રચાવે .... પ્રાચીન.

જંગદબા ભારતની પ્રતિભાની મૂર્તિ

શ્રેષ્ઠ સતી વખણાયે

પાંડવ પત્ની એ પાંચાલી દ્રોપદી

અદ્‌ભૂત સ્થાનને ધરાવે .... પ્રાચીન.

બ્રહ્મ એક સત્ય અને જગ સર્વ મિથ્યા

આચાર્ય શંકર સિદ્ધાંતે

કૈલાસ સ્વામીના ઐશાવતારી

અદ્વૈત, ધર્મ, પ્રસરાવે .... પ્રાચીન.

ભક્તિની યુક્તિ સુરદાસ, મીરાં

તુકા, નરસિંહે, સિદ્ધ કીધી

જ્ઞાની જ્ઞાનેશ્વર, નામદેવ, તુલસી

ભક્તિથી મુક્તિ જ લાવે .... પ્રાચીન.

ભૂમિને કાજ જેણે પ્રાણો સમર્પ્યા

ઇતિહાસ શૌર્ય ગીત ગાયે

રાણા પ્રતાપસિંહ, શુરવીર શિવાજી

પૃથ્વીરાજ ચેતન સ્ફુરાવે .... પ્રાચીન.

આઝાદી સાધે રાષ્ટ્રપિતા ગાંધીજી

પંડિત જવાહર નહેરૂ

સુભાષ, આઝાદ સેના, ભગતસિંગ

પ્રાણધન શહીદો લુંટાવે .... પ્રાચીન.

તિલક, રવીન્દ્રનાથ, દાસ ચિત્તરંજન

માલવીયા, મોતીલાલ સ્વર્ગે

કમળા, કસ્તુરબા, એનીબેસન્ટ અને

મહાદેવ નભથી વધાવે .... પ્રાચીન.

પ્રાચીન ભારત તણી સંસ્કૃતિ સાધવા

યત્નો ભગીરથ યોજે

સ્વતંત્રતા તણી દેવી સ્થિર થાશે

શહીદો માર્ગ એ બતાવે .... પ્રાચીન.

આજે મા ભારતીના આઝાદ વીણા

મુક્તિનાં ગાનો ગજાવે

આનંદ ઉત્સવ ભારતીના પ્રાંગણે

સ્વતંત્રતા દેવી આવે .... પ્રાચીન"[૧૬]

## ૨.૨ 'સ્ત્રીબોધ' (૧૮૫૬) :

### ❖ 'સ્ત્રીબોધ'માં પ્રકાશિત થયેલ સામાજિક લેખો :

સમાજમાં વહેમનું દુષણ કેટલું બધુ વિસ્તરી ગયું હતું. તેનો એક દાખલો 'સ્ત્રીબોધ'માં આપવામાં આવ્યો છે. તે આપણે જોઈશું.

કુંવરબાઈ નામની સ્ત્રી સુરત મધે પોરામાં રહેતી હતી. તે સ્ત્રી જનમથી જ ઘણી વહેમી હતી. વહેમમાં ને વહેમમાં તે બલી જલીને તવાઈ ગઈ હતી. સવારના ઊઠતી વખતે અનજાણપણે તેનાથી જો પોતાના ભરતારનું અથવા પોતાના ચાકરનું મોહોડું જોવાઈ ગયું તો તે સમજતી હતી કે આખો દિવસ ખરાબ જવાનો. જોશું તો ઘણી વેળા તેમજ થતું હતું. કારણ અજાણપણે પોતાના ભરતારનું કે ચાકરનું મોં જોવાઈ જતું તો આખો દીવસ વહેમ અને ફીકરમાં તે રહેતી હતી. તે વહેમ અને ફીકરથી તેણીનો તે દીવસ ઘણો જ ખરાબ ગુજરતો હતો. તે એવી તો કમજાત હતી કે વારંવાર પોતાના ભરતારને કહી સંભળાવતી હતી કે આજે તમારૂ મોં જોવાથી મારો દિવસ ખરાબ ગુજરશે. તેણીનો ભરતારબી વેહેમથી ઘણો દૂર નહીં હતો. તે કુંવરબાઈનું મેણું સાંભલી અફસોસ કરતો હતો અને બોલતો હતો કે મારૂ મોહોડું એટલું તો શું ખરાબ છે !

"કુંવરબાઈના ઘરની બારી ઉપર કાગડો બેસી ને જારે 'કાઉં કાઉં' કરતો હતો તારે તે સમજતી હતી કે કાંઈ ખરાબી થવાની છે. બિલાડીઓ તેણીના ઘેરની પાસે રાતના મોટેથી 'મીઆઊ મીઆઊ' કરતી હતી. તારે તે કેહેતી હતી કે કાંઈ મોટી આફત ગુજરશે. કૂતરાઓ રાતને વખતે જોરથી ભોંસતા તારે તે જાણતી હતી કે કાંઈ મોટું વીઘન થશે. જે દીવસે તેણીનું મન ઘણા મોટા દુઃખમાં પડતું હતું અન તેણીનું મોહોડું ડાકણ જેવું બની જતું હતું. કેટલીએક વેળા તેણીના વેહેમને જ લીધે અથવા કાંઈ સંજોગથી માઠો

બનાવ બનતો હતો. તારે પોતાની પડોસણોને તથા પોતાના ભરતારને કેહેતી હતી કે આ ખરાબી વીશે હું અગાઉથી જ જાણતી હતી."[૧૭]

સમાજમાં પરંપરાઓથી સ્ત્રીઓ માટે બંધનરૂપ નીતિ–નિયમો ઘડવામાં આવ્યા છે. દરેક સમયે સ્ત્રીઓએ કેમ રહેવું, કેમ પહેરવું, ક્યાં જવું ? વગેરે બાબતો પર તેમને નીતિ–નિયમો બતાવવામાં આવે છે. 'સ્ત્રીઓને સંસારમાં વર્તવા વિષે' નામના લેખમાં સમાજમાં સ્ત્રીએ પોતાનું વર્તન કઈ રીતે રાખવું તે બોધ આપતું કાવ્ય નીચે મુજબ છે.

"બોલું બોધ તે સુણજો રંગ, સહિયર સહૂ સ્નેહ ધરોરે ।
ગાંઠો પ્રીત તે વિદ્યા સંગ, સુચેનથી ચેન કરો રે ॥
વિવેક વધારી વાલ પ્રીત, સજો અંગે બહુ વાર; ।
બાલક તરૂણ ને વૃદ્ધ સંગ, નિજ વર્તન વાંચો નાર ॥
મિત્ર શત્રુ વિદ્વાન મૂર્ખ, કરી પારખ લો પાર ।
સાવધ વિચારી થઈ સમે, કરો જસ જેજેકાર ॥
કરો વિનોદ ગુણિજંન સંગ, સતસંગથી છે સાર ।
દુરિજન ઉંદર ના પાળવો, વિષ ફંફસે વારંવાર ॥
બુદ્ધિ ખિલવે વિદ્યા વળી, દીપાવે અંગ શીલ ।
કુમુદ શોભાવે રજની રાજ, રાતરી અંધારી કીલ ॥
ભણિ ગણિ વિદ્યા જાણજો, સારા સારનો ભેદ ।
જો નીતી નીર ને જીવ મીન, કદિ કોથી ન પામો ખેદ ॥
આળસ તજી ઉદ્યોગને, ભેટી રેજો બેન ।
એ શસ્ત્રે જગ જીતવું, ઘણું ખેન થશે તે ચેન ॥

ઊઠી વેલાં કામ આટપો, સહુ સાથે ધરો પ્રીત ।
ઘર ખરચ ભુખ હાર રીત, રાખજો બહુ નીયેમીત ॥
સેવો સત્ય સ્વતંત્રતા, ક્ષમા શૌર્ય સંતોષ ।
નિરવિકાર ભૂષણ પેરજો, ઝવેર કંચન લે હોંશ ॥
વિદ્યાથી સહુ પ્રાપ્ત છે, અમુલ રત્ન તે એજ ।
શ્રમ ભાવથી તપ માંડીએ, કલ્પતરૂરે ફળે સેહેજ ॥
સુખ દુઃખ દાસ થસો નહીં, કરો તેમને દાસ ।
કાળસું લડવા સુકૃતનું, કવચ પેરો બહુ ભાસ ॥
ધણી સસરા ને સાસુજી, દિયર દેરાણી જેઠ ।
જેઠાણી નણદી બેહેનીઓ, કદી જાણો નહીં રે વેઠ ॥
પ્રીતે પીઉ સંગ લાડજો, પતિવ્રત પાળી ધર્મ ।
નવરાસે ગ્રંથ વાંચીને, જન્મનો લેહેજો મર્મ ॥
ભાવે ભજજો બ્રહ્મને, જગલીલા નહીં પાર ।
અહિં તહિં સુખ બહુ જામસે, રંક નર્મદ વિક્ષા સાર ॥"[૧૮]

વ્યક્તિ લોભ કરે તો તેણે કેવાં માઠાં પરિણામો ભોગવવા પડે છે. તેમની માન–મર્યાદા ઘટે છે. તેમના પ્રત્યે પ્રીત પણ રહેતી નથી, લોભ કરવાથી સમાજના વહેવારો ચાલતા નથી, લોભ કરવાથી વિદ્યા પણ પ્રાપ્ત થતી નથી, બધાં દુઃખનું મૂળ લોભ છે. સમાજના બધા પાપોનું મૂળ લોભને ગણવામાં આવે છે. આમ, આપણે કાવ્ય દ્વારા 'લોભ વીશે કવીતા' દ્વારા સમજીશું.

"લોભે કાર ઘણો રે ઘટે
લોભે માન મરજાદા મટે.

લોભે ન રહે રૂડી રીત
લોભે ન રહે પ્રોઢી પ્રીત.
લોભે ભલો રહે નહીં ભાર
લોભે ચાલે નહીં વહેવાર.
લોભે સઘળા લક્ષણ જાય
લોભે ભારે હલવો થાય.
લોભે વીદેઆ નવ પોશાય
લોભે પુણીઅ અમુલુ જાય.
લોભે લક્ષણ સઘળા સુળ
લોભે પાપ સઘળાનું મૂળ."[૧૯]

— કવી સામલ ભટ

'સ્ત્રીબોધ' વર્તમાનપત્રમાં સ્ત્રીઓને શિખામણ આપતા લેખો અથવા કાવ્ય આપવામાં આવ્યા છે. સ્ત્રીઓને સંસારમાં કેમ વર્ણવું તે વિશેનો બોધ આપ્યા બાદ સ્ત્રીઓએ પોતાના ધણી સાથે કેમ વર્તવું તેનો બોધ આપતું કાવ્ય 'સ્ત્રીબોધ'માં લખવામાં આવ્યું છે. 'સ્ત્રીએ ધણી જોડે કેમ વર્તવું' તે કાવ્ય નીચે મુજબ છે.

"સુણો સાહેલી તે વાત નીજ ધર્મની જો ।
કદી કાડશો નહીં જ બાહાર મર્મની જો ॥
સદા જો જો પીઉંને ઉમળમા થકી જો ।
વધે સંપ થાએ સૂખ જાણો નકી જો ॥
જેથી નીપજે કંકાસ તે ના આદરો જો ।
સદા સદગુણો સહજ દીલમાં ધરો જો ॥

હરેક કામમાં લેજો સ્વામીની સંમતી જો।
તેનું ધારશો નહીં જ ખોટું રતી જો॥
વગર પુછે છેડો ન તેની વાતને જો।
ધમકાવશો ન નિત્ય તેના સાથને જો॥
વિદ્યા નીતિની તે જાણ સારી લહો જો।
થઈ પ્રધાનને વીચાર રુડા કહો જો॥
નીજ સંસારનું ભલું તે નેહેની કરો જો।
બૂરે બૈરામાં કુસંપે નાહી ધરો જો॥
ઘરકાજ આટપીને બાળકો શીખવો જો।
નરમદ બ્રહ્મને સદૈવ મન ધારવો જો॥"[૨૦]

'છોકરીઓને સુબુદ્ધિ આપવા વિશે' લેખમાં છોકરીઓને કેવી કેળવણી આપવી, સુબુદ્ધિ કેમ ખીલવવી તે વિશે આ લેખમાં સમજાવવામા આવે છે.

"કારતક મહીને કામનીઓ કર જોડે રે સાહેલી।
કરે મા બાપોને બોધ વચનના બોધ રે સાહેલી॥
માગસર મહીને બુદ્ધિ નિરમળ થાય રે સાહેલી।
આ મા બાપોનાં મનમાં કંઈ સમજાય રે સાહેલી॥
પોશ મહીને ટોળે સહીએર સાથ રે સાહેલી।
સહુ સખીઓ મળી પુછે મા બાપને વાત રે સાહેલી॥
માહા મહીને મા બાપને ચીંતા મંન રે સાહેલી।
કંઈ પુત્રી ભણાવા કારણ સારો સંગ રે સાહેલી॥

ફાગણ મહીને વસંત રૂતુનો દંન રે સાહેલી।
બાળેકોની બુદ્ધિ ભણવા કેરૂં મંન રે સાહેલી॥
ચઈતર મહીને ચંપક વરણી બાળા રે સાહેલી।
કરે સહીએર જોડે તે શરવાળા રે સાહેલી॥
વઈશાખે તો અણસમજુ છે બાળા રે સાહેલી।
સખી આગલ સઈએર પેઠી મનમાં જવાળા રે સાહેલી॥
જેઠ મહિને જાણું છું હું તંતરે સાહેલી।
કંઈ ભણવાનાં ઉપદેશમાં રાખું મંન રે સાહેલી॥
અખાડે તો બાળક બુદ્ધિ બોલે રે સાહેલી।
માહારે નિશાળે જાવું સહીએર જોડે રે સાહેલી॥
શ્રાવણ મહીને સમજાવે મા બાપ રે સાહેલી।
સહુ કરતાં સમજી ભણજે તું અપાર રે સાહેલી॥
ભાદરવે તો બાળકોને બોધ રે સાહેલી।
વાંચે ચોપડીઓ રાજી થાયે છે લોક રે સાહેલી॥
આશો મહીને આણંદકારી દીન રે સાહેલી।
કરો ગુરૂ ઉપકાર ભણાવો પુત્રી તંન રે સાહેલી॥
બાર માસ પુરા થયા તમે જાણો રે સાહેલી।
કહેંઈ મેતાજીના ગુણ મનમાં આંણો રે સાહેલી॥"[૨૧]

તે સમયે સ્ત્રી કેળવણીનું પ્રમાણ ખૂબ ઓછું હતું. તેથી જો સ્ત્રીઓને કેળવણી પૂરી પાડવામાં આવે તો તેનાથી સમાજને કેટલો ફાયદો થાય અને સ્ત્રીઓના વાણી–વર્તનમાં પણ સુધારો થઈ શકે તે હેતુથી સ્ત્રીઓને શિક્ષત કરવા માટેની ગરબી

આ વર્તમાનપત્રમાં છાપવામાં આવી છે. 'સ્ત્રી શીખશાની ગરબી'માં સ્ત્રીઓને કેળવણી આપવાથી આપણને કેવા ફાયદા થશે તે વિશેની બાબતો જોઈશું.

"શીક્ષા સુંદરીના સારૂં, કહું સ્નેહથી રે લોલ
નાસે કરમ તો નઠારૂં, તુરત તેહથી રે લોલ .... (૧)
બાઈઓ બોલીએ તો બોલ, મીઠા મુખથી રે લોલ
તેથી અધિક વધે તોલ, વસો સુખથી રે લોલ .... (૨)
તજો પીયર તણી પ્રીત, જીવો જંપથી રે લોલ
રહો સાસરે સુરીત, સારા સંપથી રે લોલ .... (૩)
સાસુને સગી જ માત, જેવી માનીએ રે લોલ
તેના નાથને તો તાતની, નીશાની એ રે લોલ .... (૪)
દીયર જેઠને જરૂર, બંધવ બોલીએ રે લોલ
કથન કોઈ સમે કરૂર, કેમ ખોલીએ રે લોલ .... (૫)
નણદને તો નકી બેહેન, જેવી જાણીએ રે લોલ
વીમલી અમૃતનું વેહેન, વાસો વાણીએ રે લોલ .... (૬)
મુરખતા અને ઉનમાદ, નહીં રાખીએ રે લોલ
સદા ચરણ તણો સ્વાદ, ચોંપે ચાખીએ રે લોલ .... (૭)
રાખો ઘર રૂડાં દીવાળી, જેવાં દીપતાં રે લોલ
ભીંતો શોભશે સંભાળી, લુતાં લીંપતાં રે લોલ .... (૮)
ચોખા ચંદરવા ને ચીર, ધરો ધોઈને રે લોલ
દેખી દુરીજન દીલગીર, રહે રોઈને રે લોલ .... (૯)
ઘણાં ઘરેણાંના ઘાટ, તે શા કામના રે લોલ
અલીગા મેલીએ ઉચાટ, એના નામના રે લોલ .... (૧૦)

ગાઈએ ગુણ ભરેલાં ગીત, રૂડા રાગથી રે લોલ
ડરો ચોરીથી ખચીત, અને નાગથી રે લોલ .... (૧૧)
તેથી જન તમારી ટેવ, ભલી ભાખશે રે લોલ
દીલે દલપતનો દેવ, દયા રાખશે રે લોલ .... (૧૨)"[૨૨]

સમાજમાં જે વિનય વિવેકથી રહેતી નથી પરંતુ વાણીમાં કર્કશતા, વર્તન સ્વછંદતા જેવા ગુણો ધરાવતી સ્ત્રીને હલકા પ્રકારની સ્ત્રી કહેવામાં આવે છે. આવી 'હલકી જાતની સ્ત્રી વીશે ગરબી'માં તેના કેવા ગુણો તેને હલકા પ્રકારના ક્રમમાં ગોઠવે છે, તે આપણે જોઈશું.

"જેના ગુણ હલકા તે હલકી જાતની,
ઓળખીયે દેખીને એ એંધાણ જો;
ભુંડીને શીર છાપન ભુંડી ભાતની,
વચન શુણીને કરીયે જાત વખાણ જો .... (૧)
કાળે રંગે છે કોયલ ને કાગડો,
પણ બેમાંથી બોલે જે કોઈ બોલ જો;
રૂડો સ્વર શુણીયે કે શુણીયે રાગડો,
ત્યારે તેના કુળનો કરીયે તોલ જો .... (૨)
ગુણ જુદો ખરસાણીનો ને ગાયનો,
દેખીતું તો સરખું દીશે દુધ જો;
સારો સરજ્યો રંગ સફેદ સદાયનો,
એક ભલું ને એક ઘણું અશુધ જો .... (૩)

રંગે તો રૂપાળી ભાળી ભામની,
અંગે સજીયા શોભતા શણગાર જો;
પણ કુલટા કે કપટી તે શા કામની,
લોક તણી નહીં જેને લાજ લગાર જો .... (૪)
સસરાજી સાસુજી સામું બોલતી,
સ્વામીને તો સદા કરે સંતાપ જો;
બીજા ખોટાં વેણ મુખેથી ખોલતી,
આળસ આણી ઉંઘે અદકું આપ જો .... (૫)
સંપી જંપીને બેસે નહીં સુખમાં,
કજીયો કરીને કરે હંમેશાં કલેશ જો;
દહાડા કાઢે તે દુરભાગણ દુખમાં,
દીલ રૂઠે તો ઉજડ વાળે દેશ જો .... (૬)
દુષણથી તો દીલમાં લેશ ડરે નહીં,
માને નહીં ઘરડાં જનની મરજાદ જો;
અથડાતી જાતી ઘરબાર અહીં તહીં,
વહાલામાં વાવે જઈને વીખવાદ જો .... (૭)
પેઉને વચને પંથ ન ચાલે પાંશ રે,
આડી ચાલીને પામે આનંદ જો;
સારી રીતે રોજ રહે નહીં સાસરે,
છળ કરીને જન છેતરવાનો છંદ જો .... (૮)

કરોધ ભરેલી ભાળી કાળી નાગણી,
દયા નયાતો દીલથી રાખે દુર જો;
રંડાપામાં રાજી પાજી પાપણી,
જાણો એનુ જીવતર વ્યરથ જરૂર જો .... (૯)
કંણ તણાં શોષી લેવાને કાલજાં,
શા સારૂં એ સરજી સરજન હારજો;
વીશવ હતું રચવું આવું વીશાળ જ્યાં,
ક્યારે નવરો બેઠો તો કરતાર જો .... (૧૦)
મોટા કુલવાલી મોટાં મા બાપની,
પણ જેના દુરગુણ દીશે પ્રખ્યાત જો;
પઈસા ભારે બીહીક ન જેને પાપની,
જાણો તેની જરૂર નીચી જાત જો .... (૧૧)
કાન ધરીને શુણજો સરવે કામની,
વળી વીશેષે કરજો કાંઈક વીચાર જો;
રૂડી શીખામણ છે દલપતરામની,
સમજી લેશો તો તેમાં છે સાર જો .... (૧૨)”[૨૩]

સ્ત્રીઓને એકબીજી સ્ત્રી સાથે વાકું પડે છે અને તેમના મનમાં એકબીજા પ્રત્યે દુશ્મનાવટનો ભાવ ઉત્પન્ન થાય છે તો આવો ભાવ સ્ત્રીઓએ એકબીજા માટે ન રાખવો. કારણ કે તેનાથી હંમેશા ગેરફાયદા જ થાય છે. તેથી ‘બાઈઓ તમે એક બીજા સાથે દુશમેની રાખશો ના’ લેખમાં એ વિશે વિસ્તારથી સમજાવવામાં આવ્યું છે.

"વાંચનારી ભલી બાઈઓ તમો કબુલ કરશો કે આપણી ઘણીએક સ્ત્રીઓ જેઓ નજીવા બનાવથી દુશમેની કરવાને ચુકતાં નથી, તેઓને ઊપલી બીના વાંચીને ઘણું શરમાવું જોઈએ. કોઈ તો બીજી સાથે વરશો સુધી બોલતી નથી, કાંએ કે તેના સોલું ને એક દાહાડે ચમટો તોડેઓ હતો. આવાં ફુઈ મને વારે વાર ધમકાવી સીખામણ આપે છે વાસતે હું તેનું મોહડું કદી જોઉં નહીં. જો બે સ્ત્રી ઘણી મીત્રાચારી ધરાવતી હોએ, અને એકે બીજાને પોતાને ઘર બોલાવી પણ તે ન આવી તો તે કેહશે તમો તો મોટા લોક છો, આપણ ગરીબને તાંહાં કાંહાંથી આવો એમ કહી તેહના ઉપર મહીંનાઓ સુધી મોહ ચડાવેલું રાખશે. એવી બાઈઓ હજુર આપણામાં ઘણી છે, તે જોઈ આપણને ખચીત દલગીર થવું જોઈએ. નજીવા બાનાથી કજીઓ કરેઆના કરતાં, હમેશ સલાહ સંપથી જ રેહવું તે ઘણું સારૂં છે. તમને એમ માલમ પડીઊં કે ફલાણી બાઈએ મને દુખ આપીઊં અને નુકશાંન કીધું તો તમો એકદમ તેને ગાલ દેવા માંડશો નહીં; પણ ધીરજ અને નમરતાઈથી તેણીને કેહજો કે તમે મને ગરફાએદો કીધો છે અને એવી ચાલથી મને ખમવું પડે છે.

કોઈનો વાંક બરાબર બતાવે આના કરતાં એકાએક કાગડાની પેઠે "કો – કો" કરતાં નો. કોઈએ તમોને દુખ આપેઊં તથા ઘણો ઘેરફાએદો કીદો, તે છતાં પણ તમો તેની સાથે કજીઓ કરે આને બદલે સારી રીતે ચાલો અને પોતાના ઊપર ગુજરેલી બેઈનસાફીનો બદલો નહીં લેવો, તો તે ઘણી જ શરમીનદી થવાની અને મનમાં વીચારવાની કે "આ બાઈ સાથે મેં કજીઓ કીધો પણ તેણીએ તો મને ઘણું સારૂં કીધું. હવે ફરીથી હું કોઈ સાથે કજીઓ કરૂં નહીં અને એની પેઠે બધા સાથે સલાહસંપથી જ ચાલું." એવી રીત રાખે આથી દુશટ કજીઆનો નાશ થાએ છે એટલું જ નહીં પણ એમ કરનાર માણસ પરમેશવરની નજરમાં ઘણુ શારૂ દીશે છે. કારણ પરમેશવરને કજીઓ ગમતો

નથી અને તે કજીઆખોર માણસને હમેશ શીખશા કરવાને તઈઆર હોએ છે. જીણા જનાવરો પોતાનું કામ કજીઆ કરેઆ વગર કરેઆ જાએ છે અને તેઓ એક બીજા સાથે કંકાસ કરતા નથી. જા રે આવાં જીણા પરાણીઓ કજીઆનું મોંહ કાલુ સમજી તેથી વેગલા રેહ તયારે ઓ આદમના બચાં આપણને પરમેશવરે સરવથી ઊંચા બનાવેઆ તે સું કજીઓ કંકાશ કરવા ? સું એમ કીધાથી પરાણીઓ કરતાં આપણે નીચા દેખાતા નથી ? શું એમ કીધાથી આપણે દયાલુ ઈશવરને ખીજવતા નથી ? કજીઆખોર માણસ કેવો નબલો દીશે છે; તેનું ધીઆન હમેશ ભમતું હોય છે ! અને બધી તરફથી તેહના ઊપર લેઆનતનો વરસાદ વરસે આથી તે દુનીઆમાં દુખના દાહાડા કાહાડે છે અને સરવથી વધારે, જારે આ જેહાન છોડે છે તેઆરે બીજી જેહાનમાં જીહાં બેઈનસાફી જરા છે જ નહીં તાંહાં હમેશ સુધી પોતાના કીધેલાં કામનો પશતાવો કરવો પડે છે, અને તેહના ગુનાહની તોબા કરવી પડે છે. વાસતે બેહનો તમો કદી કજીઓ કરતા ના; જાંહાં કજીઓ થતો હોય તાંહાં એક મીનીટ પણ ઊભા રેહતા ના; કજીઆખોરની કદી સોબત રાખતા ના; અને કજીઆને સરવ કાલે તોડી પાડતાં રેહજો."[૨૪]

દીકરી જન્મને એ સમયમાં 'સાપનો ભારો' ગણવામાં આવતો હતો. તે સમયમાં દીકરીના જન્મને વધાવતી ગરબી ગવાયએ એ એક આશ્ચર્યની વાત છે. તે સમયે દીકરી જનમતા તેને દૂધ પીતી કરવામાં આવતી હતી. તેવા સમયે પણ સજ્જનો દીકરીના જન્મને વધાવતા હતા. તેનો નમૂનો આપણે 'દીકરીના જનમ શમાની ગરબી' કાવ્ય જોઈશું.

"મળી માત પીતા મુખ બોલે રે, દેવ ભલે દીધી દીકરી,
ઘર રાંક રતનને તોલે રે, દેવ .... (૧)

ઉપજાવે આનંદ એવી રે, દેવ,

જાંણી બુંજી વનજેવી રે, દેવ .... (૨)

સાચવસું સારી રીતે રે, દેવ,

પાળણ કરી પુરણ પરીતેરે રે, દેવ .... (૩)

નેણાં હરખે છે નરખી રે, દેવ

શોભે સુરકુવરી સરખી રે, દેવ .... (૪)

ધન ધન અવતાર અમારો રે, દેવ

પરી પુરણ પાડત મારો રે, દેવ .... (૫)

ધન ધન ઘડીને ધન દાહાડો રે, દેવ

ઉજળો અવશર દેખાડીઓ રે, દેવ ભલે દીધી દીકરી .... (૬)

મોતીડે મેહુલાવુઠા રે, દેવ

તરીભોવન પતી અમને તરૂઠારે, દેવ .... (૭)

સોનાના સુરજ ઊગીઆ રે, દેવ

મનના જ મનોરથ પુગીઆ રે, દેવ .... (૮)

દીલ લેખી લાખ દીવાલી રે, દેવ

મન ભાવતીનું મુખ ભાલી રે, દેવ .... (૯)

રંગ રૂડી રૂપાલી રે, દેવ

દેખાશે ડાપણ વાલી રે, દેવ ભલે દીધી દીકરી .... (૧૦)

ભણતર ભણશે ભાવી ભાતે રે, દેવ ભલે

સદ્‌ગુણી સખીઓ સંઘાતેરે, દેવ ભલે .... (૧૧)

કીરતી કવી મુખ કેહેવાશે રે, દેવ ભલે

ગણી ગણી દલપત ગુંણ ગાશે રે, દેવ ભલે દીધી દીકરી.... (૧૨)"[૨૫]

### ❖ ‘સ્ત્રીબોધ’માં પ્રકાશિત થયેલ સાંસ્કૃતિક લેખો :

આપણી સંસ્કૃતિ આપણને શીખવે છે કે જીવનમાં હંમેશા સત્યનું આચરણ કરવું. સત્યનું આચરણ કરવાથી જીવનમાં સદ્‌ગુણોનો વિકાસ થાય છે માટે બાળકોને નાનપણથી જ સત્ય બોલવાનું શીખવવું જોઈએ. ‘બચાંઓને હમેશ સાચી વાત કેહેવી’ લેખમાં બાળકોને સત્યનો પરિચય કરાવવો જોઈએ.

“આ દેશના લોકોમાં એક મોહોટી ખરાબ ચલણ એ છે કે બચાંઓને સમજાવવા સારૂ કે તેઓને ડરાવવા સારૂ કંઈ કંઈ ખોટી વાતો તેઓને કેહે છે. જેઓ એ રીતે ચાલે છે તેઓ મોહોટા મુરખ છે, ને ભારે પાપ કરે છે. બચાંઓમાં એક આદત એ છે કે જે વાતો તેઓને કેહેવાએ તે વાતો તેઓ એકદમ માની લીએ. હવે એ આદત શારી છે, ને એને હમેસ સાચી વાતોથી જ વપરાવવી જોઈએ. જુઠી વાતોની અસર એના પર પડવી ન જોઈએ. બચાંઓને જુઠી વાતોથી સમજાવા તથા ડરાવાથી જુઠાણાનો ફેલાવ થઈ જાએ છે. તેઓ જારે ઉછરે છે તારે નાહાનપણાની ખોટી અસરને લીધે તેઓમાં જુઠુ બોલવાની આદત જલદી પડી જાએ છે માટે તેઓ સાથે હમેસ સાચું જ બોલો, ને તેઓ પણ સાચું બોલવાને સીખસે.”[૨૬]

## ૨.૩ ‘બામદાદ’ (૧૮૫૮) :

“અર્થ જાણો બામદાદ તણો
જે સૂર્ય કાડે કોર
અતી લાલ ને પ્રકાશ ઘણો
ટાળે અંધારૂ ઘનઘોર .... (૧)
ગુજરાતી ભાષક કારણે
બહુ થયો ઉપકાર
પ્રકાશ આણ્યું બારણે
ન ચાહે અંધ ગમાર .... (૨)
વળી અર્થ બીજો બામદાદમાં
દીવશનો પ્રથમ કાળ
જેમ શુઈ ઉઠ્યા સવારમાં
થયો રક્ષ દીન દયાળ .... (૩)
કરો સ્તુતિ ઈશ્વર તણી
કે દેખા ું બામદાદ
દીન દયાળની કૃપા ઘણી
પામશે બામદાદ આશીરવાદ .... (૪)”[૨૭]

### ❖ ‘બામદાદ’માં પ્રકાશિત થયેલ સામાજિક લેખો :

સમાજમાં એક સારા વ્યક્તિ તરીકેની છાપ પાડવા માટે વ્યક્તિ સતત પ્રયત્નશીલ રહે છે. તેમાં નીત–નવીન વિષયને લગતુ સાહિત્યના વાચન દ્વારા પોતાના મનમાં સારા સારા વિચારોની છાપ ઊપસે એ માટે સતત પ્રયત્ન કરતો રહે છે તો સાચા

વિચારોને મન પર કેવી રીતે ઉપસાવી શકાય તે માટે વિચારોની આદત પાડવી પડે છે તો એવા વિચારોની આદત કેવી રીતે પાડી શકાય તે માટે નીચે પ્રમાણે આપેલા લેખના અનુસંધાને જોઈ શકાય.

"લોકોમાં અવીચારથી ચાલવાની આદત બહુ ફેલાએલી છે. આપણી દુનીઆની પોણી વસતી એ ખોટી આદતમાં ફસેલી છે. બીજાઓ વીચારે તે વીચારવું અને ચાહે તે ચાહવું. તે માને તે માનવું ને બોલે તે બોલવું ને કરે તે કરવું એ ખેલ દુનીઆમાં ખેલાએ છે. ખોટાવાલાએ જે અડલ હુસીઆરી આવી તે વાપરીને આપઅખતીઆરી તથા સમજથી ચાલવાથી આદત થોડા જ લોકોએ હાંસેલ કીધી છે.

અવીચારથી ચાલવાની આદત ઘણી ખોટી છે. એ હમારા જેવાએ વાંચનારાઓને કહેવાને જરૂર નથી. તેઓ પોતે જાણે છે કે એ આદત ચાલેઆથી આદમી પોતાની સુજરગીને ભારી ધોકો લગાડે છે, ને અને એક હેવાનની મુઆફક તે વસ થઈ જાએ છે જેમ વેહેતુ પાણી તાજું રહે છે ને ખાબુચામાં પડી રહેલું પાણી બગડે છે કે કસાતું લોહોડું ચલકતું રહે છે, ને ખાલી પડી રહેલું લોહોડું કીટાએ છે કે મેહેનતુ બદન મજબૂત થાએ છે ને આલસુ બદન નાજુક થાએ છે તેમ વીચાર આદમીની અકલ તાજી ને ચમકતી ને મજબૂત થતી જાએ છે ને અવીચારની બગડતી, ને કીટાતી ને નાજુક થતી જાએ છે. એ પરમાણે જારે છે તારે અવીચારથી દેખાદેખી કોઈએ કંઈ કરવું નહીં જોઈએ. પણ હરેક બીના પર હંમેશ વીચાર ચલાવીને તેની તપાસ કરવી જોઈએ. જે રાખશે બીજાના વીચારથી બીલકુલ ચાલે છે તે આંધળુ આદમી બીજાના ચાલવાથી ચાલે છે. તેના જેવો છે. ને તેની પોતાની અકલનું જોર કેટલું છે તેની પીછાન તેને કદી નહીં થશે. હમારી અરજ તારે એ છે કે ખોટાના પેદા કીધેલા કુલે ઈનસાનોએ મરદો ને ઓરતોએ અકલની

અખરોશ જે તેઓને મળેલી છે તે વીચાર કરવાની આદત પાડેઆથી કામમાં લાવવી જોઈએ ને તેથી તેઓને ઘણા ફાએદા હાંસેલ થશે."[૨૮]

આપણા સમાજના બાળકો એક ભાવિ નાગરિક છે અને ભાવિ નાગરિક દ્વારા દેશનું ભાવિ છે તો આવા ભાવિ નાગરિકોના વિકાસમાં તેમના વ્યક્તિત્વમાં સારા ગુણો વિકસે એ માટે બાળકોને હંમેશા સાચુ જ્ઞાન આપવું જોઈએ. એ બાબતે બામદાદમાં ઉલ્લેખ થયેલો છે.

સમાજને જો સુસજ્જ બનાવવો હોય તો સમાજમાં જે કાર્ય કરે છે. એવા અધિકારીઓએ પોતાની ફરજો અને જવાબદારીઓને સંપૂર્ણપણે પ્રામાણિકતાથી નિભાવવી જોઈએ કે જેથી સમાજ એમ મજબૂત સમાજ બની શકે. એવા અધિકારીઓને શીખામણરૂપે પોતાની ફરજો અને જવાબદારીઓનું ભાન કરાવતો લેખ નીચે મુજબ છે.

"જે કંઈ કામ આપણે હાથમાં લેવાને તઈઆર થઈએ તેની બાબત હરેક રાખશે શરૂઆતમાં એક સવાલ પુછવો જોઈએ કે, "એ કામ લેવાને હું લાએક છું" એ સવાલનો પુરતો જવાબ આપવાને તેણે ખરાં દીલથી પોતાના સ્વભાવ તથા ગુણો તથા કુવત એ બધાંની તપાસ સારી રીતે કરવી જોઈએ. એ કરાબાદ જો તેને લાગતું હોએ કે તે કામ બજાવવાની તેનામાં તાકાત છે, તો તે કબુલ કરવું, ને તે કરવાને સુખેથી બાહાર પડવું. પણ જો તપાસ કરાથી તેની પતી જ થઈ કે તે કરવાને તેનામાં લાએકી નથી, તો તે ગમે તેટલું તેને ભાવતું હોએ, કે બીજાઓ તેની તે પકડવાને આજીજી કરતા હોએ, તો પણ તેથી તેણે પોતાના હાથ ઉઠાવવા જોઈએ. એ પરમાણે કીધાથી તે પોતાનું ડાહપણ બતાવશે, ને આગલ ચાલતાં હેરાનગી તથા હાલાકીથી પોતાને તથા બીજાઓને બચાવશે."[૨૯]

વ્યક્તિએ પોતાના જીવનને સુખમય બનાવવું હોય તો જીવનમાં કેટલીક વાતો એવી છે કે તેને હંમેશ યાદ રાખવી જોઈએ અને તેનું પાલન કરવું જોઈએ. જો વ્યક્તિ એનાથી વિરુદ્ધ જાય તો તેમનું જીવન દુઃખી દુઃખી થઈ જાય છે. તો એવી કેટલીક બાબતો છે કે જે આપણા જીવન સુખમય, આનંદથી ભરી દે છે. તો એવી વાતો હંમેશા વ્યક્તિએ યાદ રાખવી જોઈએ. જે એક લેખમાંથી આપણને મળે છે. તે નીચે મુજબ જોઈએ.

“જે કામો શારા હેતુઓથી આપણે કરતા નથી તે કામો શારાં ન કેહેવાએ. જો આપણે કોઈ નાહાના અપરાધ કીધા, ને તેઓ વીશે દુઃખી નથી થઆ, તો બીજા સમે મોહોટા અપરાધો કરવાને કંઈ આચકો નહીં ખાઈશું. મગરૂરીથી માણસ પોતાની હલકાઈ તથા બેવકુફી બહુ દેખાડે છે. – જે કંઈ કામ આપણે કરીએ પછી તે ગમે તેવું નાહાનું હોવો, તેને વીચારી તથા અકલ વાપરીને નથી કરતા તો આપણે કોઈ પણ કામ સારી રીતે કદી કરી શકનાર નથી. – આલસાઈ માણસને નકામો તથા નકારો તથા નાલાએક કરે છે. – ખુશામતથી ગુસા કરતાં જીઆદા ખરાબી થાએ છે. – જેઓ આપણને સાચે સાચી વાત કેહે છે. તેઓનો ઉપકાર બહુ માનવો જોઈએ – જેઓ લોકોની આબરૂ ઉપર એબ લગાડે છે તેઓ નથી સારાં દીલના, કે સારી સમજના – કોઈ વીરો કંઈ ખરાબ સાંભલું તો તેની પુરવારી થઆવીના માનવું ઘટારત નથી – કોઈની મજાખ આપણે કરવી નહીં ને કોઈને કંઈ હલકી કે ખરાબ વાત કેહેવી નહીં – કોઈ પણ વાતનું વચન આપવા અગાઉ વીચારીને જોવું જોઈએ કે એ વિશે વચન આપવું સારૂં છે, ને એ વચન મારેથી પુરૂં પડાશે – જુઠ્ઠુ બોલવાની આદત સહુથી બુરી છે. એ એથી દેખાએ છે કે જેઓ જુઠ્ઠા છે તેઓ બીજાઓની જુઠ્ઠાઈ સહી શકતા નથી – કોઈ એક ચીજનો કોઈએ લોભ કીધો તો તે પોતાના કીરતાર ઉપર એવો બટ્ટો મુકે છે કે એ ચીજ મારે વાસતે સારી છે તોપણ તેણે મને તે આપી નહીં. જેવું આપણે ચાહીએ કે બીજાઓ આપણી તરફ કરે તેવું બીજાઓની તરફ આપણે કરવું જોઈએ.”[૩૦]

એ સમયના સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ કેવી હતી. તે વિશે દૃષ્ટિપાત પા ો છે. એ સમયે પણ સ્ત્રીઓને ત્રણ સ્થિતિમાં વિભાજિત કરવામાં આવી હતી કે જેથી જે તે વર્ગમાં આવતી સ્ત્રીઓની સ્થિતિ કેવી દયનીય હોય છે, તે તરફ દૃષ્ટિપાત કરીએ.

“ઉગમણ તરફના મુલકોમાં ઓરતોની હાલત બહુ કરીને એક સરખી છે. પરથવી પર માણસોના તરણ વરગો પડેલા છે. પહેલા વરગમાં બાદશાહી તોખમના શખસો તથા અમીર ઉમરાવો તથા તવંગર લોકો આવે છે; બીજામાં બધા ધંધાદારી તથા ઉધ્યોમી લોકો આવે છે; ને તરીજામાં મેહેનત મજુરી ને વેહતરુ કરનારાઓ આવે છે. ઉગમણ તરફના મુલકોની ઓરતોની હાલત ઉપર બતાએલા પરમાણેની છે. એ તો સહુ કોઈને જાણીતું છે. હવે હીઆં એક સવાલ પુછવો પડે છે, ને તે એ કે એ હાલતનું મુલકારણ શું હશે ? શા ઉપરથી ઓરતોની એ તરણ તરેહની હાલત નીકલી છે ? અસલના વખતમાં એ રેવાજ શા ઉપરથી પડો તે બાબત હમે પૂછતા નથી; પણ હાલમાં એ રેવાજ ચાલવાના સબબ શું ? હમે ઉપર તરણ વરગો બતાવા છે. તે ઘેઆનમાં રાખીને વીચાર કરતાં માલુમ પડે છે કે જેવો જેઓનો મરતબો તથા ખજાનો તેવી તેઓની ઓરતોની હાલત થાએ છે. જેઓ ભારી પડદાપોશમાં, ને બહુ ઘોંઘાએલી રેહે છે. જેઓનો મરતબો ને ખજાનો એથી ઉતરતો હોએ છે, તેઓની એવી રેહે છે. જેઓનો મરતબો ને ખજાનો એથી ઉતરતો હોએ છે, તેઓની ઓરતોનું ધંકાવું ને છુપાવું કમ થાએ છે ને જેઓ મરતબા તથા ખજાનાના એ નસીબ છે, તેઓની ઓરતો પડદામાં પડીને ઘોઘાઈ રેહેવું કંઈ જાણતી નથી. એ ઉપરથી સાફ દેખાએ છે કે ઉગમણમાં મરતબો ને ખજાનો ઓરતોના ઈનસાનપણાના હકોને બહુ નડે છે. જેઓનો મરતબો ને ખજાનો મોહોટો તેઓ સમજે છે કે હમારૂં માન મોહોટું, ને એ મોહોટું માન બતાવવાનો એક મારગ તેઓની ભારી બુધીએ કાહાડો તે એ કે ઘરનાં બઈરાંઓને પારકા લોકોની

નજરથી દુર રાખવાં, બલકે તેઓને ઘરની ખોલીઓમાં બંધ કરવાં, ને જો તેઓ બહારનાઓને જોવા ચાહે તો ચુઆઓ કે ચોરોની માફક ચીમાઈને તેઓને જુએ."[૩૧]

એ જમાનામાં ઈરાનની સ્ત્રીઓનાં કેવાં માન–પાન હતાં, તે આપણે નીચે મુજબના લેખમાંથી જાણી શકીશું.

"સર જોન માલકમે ઈરાનના મુલકની તવારીખ લખી છે. તેમાં તે કેહે છે કે, અસલનાં ઈરાનીઓમાં શુધરાઈ બહુ ફેલાઈ હતી તેનું એક મુલકારણ એ હતું કે તેઓ ઓરતજાતને ઘણું માન આપતા હતા. ઓરતોની સુચનાઓથી તેઓ કેટલાંક રૂડાં કામો કરતા, ને એ કામોનાં સારાં ફલ તેઓને બહુ મલતાં. જાહેર મીજલસોમાં ઓરતોનો દરજ્જો મોહોટો ગણાતો હતો, ને મરદોની બરાબર તેઓ પોતાના હકો ભોગવતી હતી. એ રવાજ જોશેઆસતરના જમાના અગાઉથી તેઓમાં પડેલો હતો. એ પરમાણે અસલના પારસીઓ પોતાની ઓરતોને માન આપતા હતા. એ તેઓની લાએક ને વખાણવા જોગ ચાલ આએ દહાડાઓમાં ઈઆદ રાખવી જોઈએ. અસલ જમાનામાં કેટલાંએક કામ શારાં હતાં, કે જેઓ પર નેગાહ રાખીને હાલના જમાનાનાં લોકોને થોડીક લાજ લાગવી જોઈએ. જે દાહાડાઓમાં વીદીઆ ને ગનાનનું અજવાલું બહું ચમકતું નહીં હતું, તે દાહાડાઓમાં ઓરતો જેઓ ઈન્સાનીઅતપણામાં મરદોની બરાબર છે તેઓ સારી હાલતમાં રખાતી હતી. ખોદાએતાલાએ જે દરજ્જો ભોગવવાને તેઓને પેદા કીધી તે દરજ્જો તેઓ ભોગવતી હતી. પણ હાલના વખતમાં જારે વીદીઆ ને ગનાન શારી પઠે ફેલાવા લાગું, તારે બીચારી ઓરતોનો ખરો ને વાજબી દરજ્જો ડુબવા લાએગો."[૩૨]

સમાજમાં મોટામાં મોટું દૂષણ દારૂનું છે અને જે કોઈ વ્યક્તિ દારૂની લતમાં પડી જાય છે. તેનું જીવન પડી ભાંગે છે. તેમના કુટુંબની બરબાદી થાય છે. છોકરા–પત્નીની

સ્થિતિ કેવી દયનીય બને છે. તેનો સચોટ દાખલો આપણને બામદાદના 'જલદ દારૂ પીધાથી જે ફલો નીપજે છે તે બાબત' લેખમાં જોવા મળે છે.

"જેને મોહોડે છે શરાબ,
તેનું થશે ખાનું ખરાબ."

"આ એ એક મોહોટી ઓફસોસ ભરેલી વાત છે, દારૂનો ખપ હીંદુસથાનમાં વરસો વરશ જીઆદા થતો જાએ છે. પચીસ વરશ પર સરકારને એ મુલકમાં ખપતાં અફીણ, તથા ગાંજા તથા દારૂના કર દાખલ વરશ દાહાડે શુમારે તીશ લાખ રૂપીઆ મલતા હતા. એ કર હમણાં પંચાસીથી તે નેવું લાખ રૂપીઆનો થઓ છે ! એ ઉપરથી સાફ દેખાએ છે કે એ તરણ કેફી વસતુઓ આગલના કરતાં હાલમાં વધારે કામમાં લોકો લાવે છે.

હમારા સાંભલવામાં ને જોવામાં પણ ઘણીએક વેલા આએલું છે કે બીજી કેફદાર ચીજો કરતાં દારૂ પીવાનો ફેલાવ વધારે ને વધારે થતો જાએ છે. આગલના રાજોમાં એ પરમાણે નહીં હતું, પણ અંગરેજના રાજમાં એ બલાએ પોતાનું મોહો ઘણું જ બતાએલું છે, તે હજી બતાવતી જાએ છે. એનો અટકાવ જો જલદીથી થઓ નથી, તો આએ મુલક એના સબબથી પાએમાલ થઈ જશે. ઇગલંડ દેશમાં જે બધા અપરાધો થાએ છે તેઓનો પોણો હીસો દારૂની અસરથી થાખ છે. હવે તે દેશ જેમાં ધરમ તથા નીતીનું જોર ઘણું ચાલે છે. જેમાં સુધરાઈનો પાએઓ ઘણો મજબુત નંખાઓ છે, ને જેમાંની હવા શારી તથા સીતલ છે. તાંહાં જો દારૂની જુલમથી કેટલાએક માઠા બનાવો બને છે. તો આએ દેશ જેમાં ધરમ તથા નીતીનું જોર કંઈ જ નથી, ને શુધરાઈ લગારેક જ થઈ છે. ને હવા બીગાડ ભરેલી રેહે છે, તેમાં દારૂની રેલ ચાલાથી, માઠા બનાવો કેટલા વધારે બનશે ?

લોકો એ વીશે કંઈ વીચાર રાખતા નથી, ને આંખો ઉઘાડીને જોવા નથી કે દારૂની શીકલનો દઈત જે હીઆં તાંહાં માણસોને ઘસડે છે. તેના ગુલામો થઆથી તેઓ પોતાને તથા બીજાંઓને કેટલી હીનપસતીમાં નાંખે છે, ને હલકીની રાહ કેવી ઉઘાડી આપે છે. કેટલીએક કોમોના લોકો, જેમ કે મુસલમાનો, બરાહમણો ને હીંદુઓ જેઓ આગલના વખતમાં દારૂના વાસ વઠીકથી નાહસતા હતા. તેઓમાંના કેટલાએકો હવે બહુખુશીથી પોતાના ગલાંઓ એથી ધુએ છે, ને પોતાની આંખો એથી લાલ કરે છે. એ ચીજ એવી છે કે એનો સવાદ જરા લીધો કે પછી ચીમોરીની કણી બીકટ વલગી રેહે છે, ને એથી દુર થવું મહા મુશકેલ કામ થઈ પડે છે. જેઓને એની ટેવ પડી છે. તેઓ કંઈ એવું સમજે છે કે જીંદગીને સારૂ એ એક જરૂરીઆત ચીજ છે. એ વીના ચાલે નહીં – એને કામમાં લાવીએ નહીં તો હજમીઅત બરાબર ચાલે નહીં, ને બીજી કેટલીએક રીતે હેરાન થઈએ. જેઓ એ પરમાણે બોલે છે. તેઓ સાફ દેખડાવે છે કે એને લાગતી પુરી ને વાજબી તપાસ તેઓએ કીધી નથી. જો કીધી હતે તો તેઓનાં મનની પુરી ખાતરી થતે કે દારૂથી આદમીની જીંદગી વધતી નથી, પણ ઘટે છે.”[૭૭]

આપણા સમાજમાં વિવિધ કોમના લોકો વસે છે. અલગ અલગ જાતિ અને ધરમના હોવાથી તેમના રીત–રિવાજ પણ અલગ અલગ છે. પરંતુ અમુક જાતિઓ જે રસમ નીભાવવામાં આવે છે. તેમાં નર્યું મુર્ખાઈ ભરી હોય તેવું લાગે છે અને તેથી દરેકને માહિતગાર કરવા માટે આવા સામાયિકો પોતાનો અવાજ ઉઠાવે છે. અહીં આ લેખમાં પારસી સમાજમાં જે રસમમાં મુર્ખાઈ ભરેલું લાગે છે. તેનાથી લોકો માહિતગાર બને તે માટે તેમણે આ સામયિકમાં ‘પારસીઓની એક જુની મુરખાઈ ભરેલી રસમ’ નામના લેખમાં સમાજ જાગૃતિ પ્રત્યે સભાન બની આવી રસમોને નાબુદ કરી સમાજમાં પરિવર્તિન થાય તે હેતુ નોંધાયો છે.

"હમે એવું ધારતા હતા કે પારસી ફીરકામાંથી વહેમી, ખોટી, ગેરવાજબી ને નકામી રસમો જેમ સુધારો પગલાં ભરતો જાએ છે. તેમ જતી રેહેતી હશે. પણ એક ભાઈબંધના પતરમાં 'સુલતાની નરોજની તાસીર' જે એક પારસી મુલાંએ લખી મોકલી છે અને જે માફક કરવાને ને ચાલવાને પારસીઓને તે ભલામણ કરે છે. એ જોઈને હમો કેહેવાને અચકાતા નથી કે બુઢા લોકોની, અને ગએલા જમાનાની આ એક બાકી રહેલી બેવકુફી છે. એ નરોજની હકીકત, દાહાડો, વખત, તેના જસનનો દાહાડો, રંગ, ખાણું, એ વરશનો દોર અને એનો ખવાસ, એ વીશે એ મુલાંએ લખું છે પણ મુલાંએ જાણવું જોઈએ કે હાલના જુવાનીઆઓ એવી મુરખાઈમાં પોતાનો વખત કાહાડનાર નથી, ને પોતાના ભેજાં ચેરવાનાર નથી. રંગીન પોશાકો પેહેડે આથી, મીઠા મેવાઓ ખાધાથી, ને સુગંધી અંગોને ચોડે આથી સારૂં, માઠું વરશ બેશે છે કે શું ? ને આફતાબની આસપાસ ઘરેઓ ફરે છે. તેઓને માન આપે આથી ને તેઓનો દાહડો પાલે આથી ઘરમાં પનોતી બેસવાની છે કે શું ? એવી રસમો ચાલુ રાખે આથી, ને ટકવા દીધાથી, સુધારાને એક પગલું વધારે ભરતાં આપણે અટકાવીએ છઈએ. હમારી આશા છે કે બીજાં વરશ ફરીવલે તેની અગાઉ પારસી લોકો એ રસમને જડમુડથી ઉખેડી નાંખશે, ને એવી મુરખાઈઓથી હાથ ઉઠાવશે."[૩૪]

હિંદુ સમાજમાં અનેક રિવાજો સદીઓથી ચાલ્યા આવે છે. તેમાં ઘણા રિવાજો એવા હોય છે કે જે કંઈ પણ કામ આવતા નથી અને તેની અસરો પણ વિપરિત જોવા મળે છે. આવા જે ખોટા રિવાજો છે. તેમાંથી આપણો સમાજ મુક્ત થાય, અને લોકો એ વિશે જાગ્રત બને એવા હેતુથી 'હીંદુઓમાં નાહવાની એક માઠી ચાલ વીશે'ના લેખમાં તેનો ચિતાર આપ્યો છે. તે આપણે જોઈએ.

"આએ દેશમાં જો કે સુધરાઈએ પોતાનું પગલું થોડું ઘણું ભરીઉં છે તો પણ એની અસર લોકો ઉપર બહુ થઈ નથી. એના દાખલાઓ જે સઘલી માઠી ચાલો એમાં હજી ચાલે છે. તે ઉપરથી આપણને મલી આવે છે. હમે મોહોટી ખુશીથી કબુલ કરીએ છઈએ કે કોઈ કોઈ દુરાટ ચાલ નીકલી ગઈ છે, પણ તેઓનું નાબુદ થવું સુધરાઈના જોરથી નહીં પણ બીજાં કારણોથી થઈઉં છે. હાલમાં હીંદુ લોકોમાં એક નીલાજરી ને ભુંડી ચાલ જે હમારા જોવામાં વારે ઘડીએ આવી છે તે વીશે એક બે સખુન કેહેવાને રજા લઈએ છઈએ. જે ચાલ વીશે હમે ફરીઆદ કરીએ છઈએ તે એ કે હીંદુગનીઆતનાં લોકો, વીશેશ કરીને વચલી તથા તેથી ઉતરતી પાએરીના, જારે કંઈ તેહેવારો આવે છે તારે, ને આડે દાહાડે પણ, કુવાઓ પર, ને તલાવો તથા નદીઓના ઓવારાઓ પર ભેગા થઈને બઈરાંઓની સામે નાહે છે, ને મોહોટી લાજ ભરેલી વાત એ છે કે બઈરાંઓ પણ મરદોની સામે નાહાવાને કંઈ આચકો ખાતાં નથી. એ ચાલ કદાચને મુંબઈ જેવાં શેહેરમાં બહુ ચાલતી નહીં હશે, પણ કોંકણ, ગુજરાત ને દખણમાં હમારાં જોવામાં અનેકવેલા આવી છે. હમે કંઈ એમ નથી કેહેતા કે એ રીતે નાહાનારા લોકો બીલકુલ નાગા થઈને પાણીમાં પડે છે. ના, તેઓનાં આંગ ઉપર કંઈ કંઈ કપડું રેહે છે; પણ તેથી એ ચાલ કંઈ શારી નથી ઠરતી. બઈરાંઓની સામે મરદો પોતાનાં આંગ ઉપરથી કપડાં કાહાડે; ને મરદોની સામે બઈરાંઓ પોતાની સાડીઓ ને ચોલીઓ ઉતારે નાહાવા સારૂ; ને નાહી રહીઆ પછી તેઓ એક બીજાની સામે પોતાનાં ભીંનાં કપડાં કાહાડે, બીજાં કપડાં પેહેરે, એ બધાંનો માણસોમાં હમેશ ચાલતી ભુંડી વાસનાઓ પર નજર રાખીને જારે કોઈ ખરખરો વીચાર કરશે, તારે તેની પુરી ખાતરી થશે, એ ચાલ હીંદુ લોકોમાં જે ચાલે છે. તે દુરાટ છે."[૩૫]

❖ **‘બામદાદ’માં પ્રકાશિત થયેલ સાંસ્કૃતિક લેખો :**

આપણી સંસ્કૃતિમાં વ્યક્તિ લોભ અને લાલચથી દૂર રહે એવી ભલામણ કરે છે. આપણી પ્રકૃતિ કુદરતે આપણને આપી છે. પરંતુ વ્યક્તિ લોભી બનતા એ પ્રકૃતિનો નાશ થવા લાગ્યો છે. તેથી માનવીના જીવન પર એની અવળી અસરો જોવા મળે છે. તેવી જ રીતે વ્યક્તિ લોભી બને તો એ લોભ માટે કેટલો બેકરાર થાય છે. તે આપણે ‘આદમી પોતાના લોભથી કેટલો બેકરાર થાએ છે તે બાબત’ લેખમાં વર્ણવ્યું છે.

“આએ એક ઘણી જાણવા જોગ વાત છે કે જારે આપણે હરેક ચીજ દુરથી જોઈએ છ તારે તે ઘણી સારી દેખાએ છે. એક જીુફડીને બે માઈલે દુર ઉભા રહી જોઈ હોએ તો તે ઘણી સુંદર દેખાશે; પણ જો તેની નજદીક ગઈઆ તો આપણે તેના છાપરામાં કાણાં જોઈશું – તેથીભોંઈ ગલીચ થએલી દેખાશે – તેની આસપાસ નરકનો ખરાબ વાસ આવતો હશે અને તે જગીઆ આપણને બીલકુલ પસંદ આવશે નહીં. જો એક તલાવને દુરથી જોઈઊં હોએ તો તેની લીલાંતરીથી આપણું મન ખુશ થઈ જશે; પણ જો તેની આગલ ગઈઆ તો તેમાંથી એવી બદબો નીકલતી હશે કે આપણથી તાંહાં એક ઘડી પણ નાક પર રૂમાલ મુકીઆ વગર ઊભું નહીં રેહેવાએ. એક સંચાના કારખાનાને દુર ઉભા રહી જોઈઉં હોએ તો તેની દેવાલો મજબૂત અને સફાઈદાર દેખાશે – તેનો મેહેરાબ શોભામંદ નજર આવશે તેની નાહાની બારીઓ ઘણી પસંદ આવશે તેના છાપરાં પરની નલીમાંથી નીકલતા બાફને જોઈ આપણું મન ચમન થશે. અને તે ઘર એક હવેલીના જેવું દેખાશે; પણ જો તેની અંદર ગઈઆ તો પેલો ધુમાડો શોસાઈ શકાશે નહીં. સાંચાનાં તેલોનો વાસ લેવાઈ શકાશે નહીં અને અંદર પેલાં કામ કરતાં આદમીઓને તેઓના મેલા હાથ, ધહેલા ચહેરા અને શડેલા પોશા સાથે ઘણી વાર જોવાનું મન થશે નહીં. એક

મોહોલાને દુરથી જાુઓ તો તેમાં પેલાં ધુલમાં લપેટાંએલાં બચાંઓ સુંદર દેખાશે – તાંહાંની ગટરો નીરમલ પાણીથી ભરેલી હોએ એવી દેખાશે અને તાંહાંના કજીઆખોર રેહેવાસીઓ ભલમણશાઈથી એક બીજા સાથે વાત કરે છે એમ નજર આવશે; પણ જો તે મોહોલામાં ગઈઆ તો છોકરાઓ એક બીજા પર ધુલ નાંખતા નજર આવશે. ને કલાઈગરો વાસણો સાફ કરતાં બેહદ ઘોંઘાટ કરતા દેખાશે ને મશીદમાં બાંગી બુમ પાડતો સંભલાશે ને ઓટલાઓ પર મોખેદો રમૂજ તથા દલગીરી ઉપજાવે એવી રીતે બરાડા મારતા જોવામાં આવશે, ને કોઈ બીચારી અસતરીને તેનો માટી ઘાતકી રીતે મારતો દેખાશે અને એ બધા ઘોંઘાટ ને ગરબડથી આપણે કંટાળી જઈ તે મોહોલામાંથી જતા રહીશું.”[૩૬]

આમ, ઉપરોક્ત લેખમાં આપણને સમજાવવામાં આવ્યું છે. દૂરથી દેખાતી વસ્તુ ઘણી સુંદર હોય એમ લાગે છતાં તેને નજીકથી નીહાળીયા વગર તેમનાથી લલચાઈ જવું જોઈએ નહીં. ઘણી બધી વાર એવું બને છે અને અંતે પસ્તાવું પડે છે. તેના ઘણા દાખલા ઉપરોક્ત લેખમાં દર્શાવ્યા છે. તેના પરથી ખ્યાલ આવશે કે વ્યક્તિએ જીવનમાં કોઈપણ વસ્તુ, સ્થળ હોય તો પણ તેની બરાબર ચકાસણી કર્યા બાદ જ તે વસ્તુ લેવી છે કે તે સ્થળ પર જવું છે, તેનો નિર્ણય લેવો જોઈએ. એ બાબતને સુંદર રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આમ, વ્યક્તિ લોભથી ઘણો બેકરાર થાય છે. અને ખોટા નિર્ણયો કરે છે. તેથી મનમાં લાલચ ન રાખતા સમજી વિચારીને નિર્ણય લઈ પગલું ભરવું જોઈએ.

વ્યક્તિએ પોતાનું જીવન જો સુખમય બનાવવું હોય તો તેમણે પોતાના જીવનમાં સંતોષવૃત્તિને કેળવવી પડે. આપણને કુદરત પાસેથી જે મળે છે. તેમાં સંતોષ માની જો આપણે જીવન પસાર કરીએ તો આપણને ક્યારેય જીવન સમસ્યાઓથી ભરેલું નહીં લાગે, પરંતુ જીવન સુંદર અને જીવવા લાયક લાગશે. તો આ વૃત્તિને દરેક વ્યક્તિ

પોતાના જીવનમાં આત્મસાત કઈ રીતે કરી શકે ? તે માટે 'હમેશ સંતોશ પામવાનો ભેદ' નામના લેખમાં તેની વિગતે ચર્ચા કરવામાં આવી છે, તે આપણે જોઈશું.

"એક ઈતાલીઅન ગરહસથનો સવભાવ એવો હતો કે તે હમેશ ખુશ ને સંતોશીત રહેતો હતો. આએ દુનીઆમાં તેને ઘણી અડચણો તથા મુસીબતો મલતી હતી, પણ તેણે ગમગીની કે બેસબર પોતાની દુઃખ ભરેલી હાલતમાં કદી દેખાડી નહીં હતી. તેનો એક જાની દોસ્ત જે એમ સમજતો હતો કે આવી સારી સીફતનો દાખલો કોઈથી પકડાએ નહીં, તેણે તે ગરહસથને કહીંઉ કે તમારા હંમેશ ખુશ રેહેવાનો ભેદ જો બની આવે તો હમને કહી સંભલાવો. તે ભલા શખસે જવાબ દીધો કે મારો ભેદ એક સેહેલ રીતે હું તને શીખવી શકું છઉં. એ ભેદનું મુલ મારી આંખો બરાબર વાપરવામાં છે. તેના દોસતે કહીંઉં કે મેહેરબાની કરીને એનો ખોલાસો કરો. તેણે જવાબ દીધો કે મોહોટી ખુશીથી એ ખોલાસો કરવાને હું તઈઆર છઉં. જે કોઈ હાલતમાં હું આવી પડું, તેમાં પેહેલવેલાં મારી આંખો આસમાન તરફ કરૂં છઉં, ને મનમાં વીચારીને કહું છઉં કે, મારી મોહોટી ફરજ એ છે કે હું તાંહાં ઉપર જવાની તઈઆરી કરૂં; એ પછી હું જમીન ઉપર જોઉં છઉં, ને મનમાં કહું છઉં કે હું મરણ પામસ તારે આ એ જમીનનો એ નાહાનો તુકડો રોકસ; ને એ પછી હું દુનીઆની ઉપર નેગાહ કરૂં છઉં તારે જોઉં છઉં કે હજારો ને લાખો લોકો મારા કરતાં વધારે દુખી છે. એ રીતે હું શીખું છઉં કે ખરૂં સુખ આપણને કાંહાં મલશે; આપણી ફીકર ને અંદેશાઓની આખર કાંહાં થશે; ને કુહુડવાનો તથા ફરીઆદ કરવાનો સબબ કેટલો થોડો છે. આએ વાત ઉપર હમારા વાંચનારાઓએ શારી પકે ધીઆન પોંહોંચાડવું જોઈએ. દુનીઆમાં માણસને ઘણી જાતનાં દુખ થાએ છે, ને જો તેનામાં સંતોશપણું નથી, તો તે દુખોથી તે ઘણો હલાક થશે."[૩૭]

## ૨.૪ 'સુખ દુઃખનો સાથી' (૧૮૭૮) :

### ❖ 'સુખ દુઃખનો સાથી'માં પ્રકાશિત થયેલ સામાજિક લેખો :

સ્ત્રીઓને માથે સમાજ સુધારણાની જવાબદારી સવિશેષ છે. કારણ કે સ્ત્રી ઘરની જવાબદારીથી લઈને બાળ ઘડતરનું કાર્ય પણ સ્ત્રીએ જ કરવાનું હોય છે. તે આપણા ભારત દેશનું ભવિષ્ય છે. બાળક વધારેમાં વધારે સમય માતા સાથે ગુજરાતો હોય છે. તેથી માતાનો સ્વભાવમાં મિઠાશ હોય તો તે બાળકમાં ઉતરે છે. તેથી સ્ત્રીઓએ પોતાના સ્વભાવમાં મિઠાશ રાખવી જોઈએ. તે વિશેનો 'અબળા જાતને મીઠો સ્વભાવ રાખવાની જરૂર' લેખમાં વર્ણવ્યું છે.

"ઓરત જાતના ગુણો લાયક હોય છે, પણ તેમાં ખુજ મીજાજ વાલી અને મીઠા સ્વભાવ વાલી ઓરત ખરેખર બીજી ઓરતોને નકલ કરવા લાયક એક નમુનો જ છે. ઓરત જાતના આવા સવભાવ વગર તેણીનું ઘર કદી સુખી હોય નહીં. એ સમભાવની અસર એવી સરસ અને દીલપજીર છે કે જેમ એક બાગમાં આપણે અચાનક ફુલના સુગંધી કેઆરા આગલ જઈ ઉભા રહ્યે અને તયાં તેના ખુશ વાસથી મગન થઈ જઈએ તેમ ઘરની સ્ત્રીના ખુશ મીજાજથી સુખ અને કશર મલે છે. એક માણસ આખો દહાડો અથાગ મેહેનત કરી થાકી જઈ રાતને વખતે પોતાને ઘર જાય છે. તે વખતે તેની ઘરની સ્ત્રીનો એક જ મીઠો શબદ તેની બધી થાક યા જંજાલ ભુલાવી નાખે છે. એ વખતે જાણે એક અંધારાં હઈડાં ઉપર સુરજનું અજવાલું પડતું હોય તેવું લાગે છે. ઘર ધણીઆણીના મીઠાં વચનથી ઘરધણી જ નહીં પણ આખું કુટુંબ ખુશ થઈ જાય છે. મા બાપની ઉત્તમ ચાલ જોઈ બચાંઓ તેની નકલ કરે છે અને તેથી આખું ઘર સંતોષ તથા સલાહ સંપજનો દેખાવ આપે છે."[૩૮]

સ્ત્રીઓને શિખામણ આપવી જરૂરી છે. કારણ કે સ્ત્રીના હાથમાં ઘરની પૂરેપૂરી જવાબદારી અને ભાવિ નાગરિકોની માવજત તેમના હાથમાં હોય છે. તેથી દેશનો મદાર પણ સ્ત્રીઓ પર રહે છે. તેથી સ્ત્રી જુવાન હોય અને તેમના લગ્ન થવાના હોય તો તેમની જવાબદારી બેવડાય છે. તો આવે વખતે તેને કુટુંબ, સમાજ અને દેશના વિકાસને ધ્યાનમાં લઈને શિખામણ આપવામાં આવે છે. તે 'આપણે જુવાન સ્ત્રીઓને શીખામણના થોડાક બોલ' નામના લેખમાં જોઈશું.

"જવાન સ્ત્રીઓ જેટલી પોતાની ખુબસુરતીથી દુનીયામાં વખણાય છે. તેના કરતાં દશ ઘણી પોતાના સારા ગુણો અને સારી ચાલથી વખણાય છે. તેઓમાં ખુબસુરતી અને સારા ગુણો છતાં કેટલીક તમાકી અને હુલડાઈ હોય છે, જેથી તેઓ દુનીયામાં સારો આકાર કરી શકતી નથી. આ નીચલી થોડીક શીખામણો જવાન સ્ત્રીઓએ ધયાન ઉપર લેવા જોગ છે.

(૧) જો તમારી આંખ બલુ હોય તો તેથી શરમાઈ જતાં ના.

(૨) જો તમારી આંખ કાલી હોય તો તેથી ટાંકી ટાંકીને જોયા કરતાં નાં.

(૩) તમારા દાંત સારા હોય તો તે દેખાડવાને માટે હસતાં ના.

(૪) જો તમારા હાથ અને આંગલાં સુંદર હોય તો વજનતરો વગાડવામાં તે શોભી નીકલશે.

(૫) જો તમારો અવાજ ખરાબ હોય તો નીચે સાદે બોલજો.

(૬) તમારો સરસમાં સરસ અવાજ હોય તો મોટે સાદે કદી બોલતાં ના.

(૭) જો તમે સારૂં ગાઈ જાણતાં હોવો તો ગાવા આગમજ બહાનાં કહાડશો ના.

(૮) જો તમો એ તમારી ખુબસુરતી જાલવવી હોય તો જલદી સહવારે ઉઠજો.

(૯) જો તમો વખાણ મેલવવાના હોવો તો ઘણાં નરમાસ ભરેલાં રહેજો.

(૧૦) જો બીજા ઉપર સત્તા ચલાવવા માગતાં હોવો તો મોટાઈ મુકી સભ્યતાથી વરતજો.

(૧૧) જો તમો સુખચેનમાં રહેવા માંગતાં હોવો તો બીજાનું સુખ વધારવાની તજવીજ કરજો."[૩૯]

ઘર સંસાર ચલાવતી વખતે સ્ત્રીઓની જવાબદારીઓ વધી જાય છે. તેથી તેમણે કામની વહેંચણી અને વસ્તુઓની નોંધ બનાવતા શીખવું જોઈએ કે જેથી કોઈ કામ ભૂલાય ન જાય અને હિસાબની મેળવણી યોગ્ય રીતે થઈ શકે 'ઘરનો સંસાર ચલાવનાર સ્ત્રીને કેટલીક સુચના'માં આવી સ્ત્રીઓને સૂચન કરીને એ બાબતમાં વધારે ચીવટાઈ અથવા કાળજી રાખવાનું સૂચવવામાં આવે છે.

"જે સ્ત્રી ઘરનો કારભાર કરવા માગતી હોય યા કારભાર ચલાવતી હોય તેણીને માટે પેહેલી અગત્યની ચીજ એ છે કે હિસાબ રાખતાં શીખવું. એ કાંઈ ઘણું બીકટ કામ નથી. હિસાબ રાખવાની રીત કોઈ પણ ચોપડીમાંથી મળી આવે છે અથવા કોઈ પણ દેખાડી શકે છે. હિસાબ રાખવાથી રોજ કેટલા પઈસા ખરચાયા તેનો અડસતો રહે છે અને તેમાં વધાર ઘટાડ કરવાનું બની આવે છે.

બીજી અગત્યની બાબત એ છે કે એવી સ્ત્રીઓએ જેમ બને તેમ સહવારના સકાળે ઉઠવાની ટેવ રાખવી. ઘણી થંડીના દહાડા બીછાણું જલદી છોડવાની ઘણી આલસાઈ લાગે છે ખરી, પણ જો રોજ જલદી ઉઠવાની ટેવ પડે છે તો એ આલસાઈ જતી રહે છે. સકારે ઊઠવાથી ઉઠનારની તંદરોસ્તીનો સુધારો થાય છે એટલું જ નહીં, પણ

ઘરના ચાકર નકરોને ચોંપ રહેવાથી તેઓ પણ જલદી ઊઠે છે. જેઓની બાઈઓ આલસુ હોય છે. તેઓના ચાકરો પણ આલસાઈ કરતા જણાય છે. વળી સકારે ઉઠવાથી વખત એટલો બધો હાથમાં રહે છે કે તેટલા વખતમાં લગભગ અરધા દહાડાના જેટલું કામ થઈ જાય છે અને મોડું થતાં ફુરસદ ઘણી મળે છે. ચાકરો સકારે ઊઠે એવી આશા રાખતાં બાઈઓએ એટલું પણ ધયાનમાં રાખવું કે ઘણી મોડી રાત સુધી જગાડી ચાકરો પાસ કામ કરાવવું નહીં; જો તેમ થશે તો ચાકરો સકારામાં ઉઠી શકશે નહીં. ઓછામાં ઓછા સાત કલાક ચાકરોને રાતના આશાયસ લેવા સારૂં આપવા જોઈયે.

તરીજી અગત્યની સુચના એ છે કે ઘરનો કારભાર ચલાવનાર સ્ત્રીઓએ બજારમાં મળતા માલની વધારે ખબર રાખવી જોઈયે છે. કેટલોક માલ વરસના ચોક્સ મહીનાઓમાં જ મળે છે અને વળી ઘણો સસતો મળે છે. એવી વખતે એવો માલ આગલથી ખરીદી તંગીના વખતને માટે ભરી રાખવો જોઈએ. કેટલીક વસતુઓ મોસમે જ મલે છે, માટે એવી મોસમોનો વખત ધ્યાનમાં રાખી તે વસતુઓ લઈ લેવી જોઈએ કે કમોસમે તેની ગરજ જણાય નહીં."[૪૦]

પરણિત વ્યક્તિને એકબીજા સાથે કેવી રીતે રહેવું અથવા બંનેએ કેવી રીતે જીવન ગુજરાવું એક બીજાની લાગણીને ઠેસ ન પહોંચે એ રીતે વર્તન કરવું જોઈએ. તો જ તેમનો સંસાર સુખમય બની શકે. તો આ પરણિત વ્યક્તિઓને બોધ મળે તે હેતુથી 'પરણેલાં જોડાંને માટે કીમતી શીખામણ' નામના લેખમાં તેનું વર્ણન થયું છે.

"દરએક પરણેલું જોડું જો પોતાને માટે કેટલોક, બેમુલ સુચના યા શીખામણો ચુટી કહાડી તે પરમાણે ચાલે તો ઘણે દરજ્જે સુખ મેલવવા વીના રહે નહીં. આ નીચલી સુચનાઓ ઉપર દરેએક ધણી ધણીઆની એ ધયાન પહોંચાડવાનું જરૂરનું છે.

(૧) તમારો પોતાનો ધરમ પાલનાર મરદ યા ઓરત સાથ પરણવું.

(૨) ધણી ધણીઆનીએ એકદમ એકમેક સાથ ગુસે ન થવું જોઈએ.

(૩) એકની કાંઈ ચુક પડી હોય તો તે ચુક ઘડી ઘડી યાદ દેવાડી તેને માટે મેણુ મારવું નહીં.

(૪) એકે બીજાને કોઈ બાબતસર ઠપકો આપવો હોય તો નરમાસથી અને મીઠા વચનમાં આપવો.

(૫) એકની અરજ બીજાએ સાંભલી તરત તેના ઉપર ધયાન આપવું અને તે અરજ ઘડી ઘડી કરવી પડે એમ થવા ન દેવું.

(૬) બંને ધણી ધણીઆનીએ મન મારવાની શકતી રાખવી.

(૭) કોઈ ચીજની અરજ પુરી ન પડાય તયારે તે અરજ ભુલી જવાયાથી થયું, એમ કેહવું એ કાંઈ સારૂં બાહાનુ ન ગણાય.

(૮) એક સારી મોહોરદાર ધણીના આસીરવાદોમાં આ પરથવી ઉપર સરવેથી મોટામાં મોટો આસીરવાદ છે.

(૯) જો એકે બીજાના કામકાજ ઊપર કાંઈ ટીકા કરવા હોય તો તે પયાર ભરેલા બોલોમાં કરવા.

(૧૦) એવાં કુટુંબમાં પરણવું કે જે કુટુંબ પરણનારને ઘણા વખતનું જણાયલું હોય.

(૧૧) એકને દુખ થાય અથવા એકને ખરચે બીજાને મજા મલે એવા કોઈ ટીકા કરવી નહીં.

(૧૨) ધણી ધણીઆનીએ એક બીજાને ભુલી જવા અથવા એક બીજાની દરકાર ન કરતાં સારી દુનયા ભુલી જવી બેહેતર ગણાશે.

(૧૩) એક કોઈપણ જાતની અઘડાઈ ય પંચાતીમાં આવી પડીઉ હોય તો બીજાને એના તરફ પોતાની આવી ઘણી દીલસોજી બતાવવી.

(૧૪) જો એક ગુસે થઈ ગયું હોય તો બીજાએ તરત તેને રાજી રાખવાની બનતી તજવીજ કરવી.

(૧૫) ઘર મધે એક બીજા સામે મોટે અવાજે બોલવું નહીં.

(૧૬) એકની મરજીને આધીન થવા બીજાએ જેમ બને તેમ ઘડી ઘડી તજવીજ કરવી.

(૧૭) ઘરમાંથી બાહેર જતાં એકે બીજીને ઘણા મીઠા વચનો કહીને જવું, કારણ તે કદાચ છેલા બોલો થઈ પડે.

(૧૮) એકે બીજાને કદી ઠગવું નહીં, કારણ એક વખત ઠગાયલું હઈડું પાછલથી ખરો વીસવાસ રાખી શકતું નથી.

(૧૯) જ્યાં સુધી એકનો ખરેખરો કોઈ બાબતસર તકસીર થયો છે એવું ચોક્સ રીતે એક જાણે તયાં સુધી બીજાએ તેનો ઠપકો આપવા મંડી જવું નહીં.

(૨૦) એકની ટેવ, ખવાસ અને શોખને માટે બીજાએ કાંઈક થોડા ઘણા ભોગ આપવા પડે તો તેને માટે ઘડી ઘડી બડાઈ હાંકવી નહીં.

(૨૧) એક બીજાને ઘણું સ્વચ્છ માયાથી ચાહતું હોય અને તેની કોઈ ઈચ્છા પુરી પાડવા બીજું આનાકાની કરે છે તો પેહેલાના પયાર ભરેલા હઈડામાં તે કાટાની પેઠે ભોકાય છે.

(૨૨) જેવી બાબત એક બીજાની અજમાયસમાં, જાણમાં યા જોવામાં આવી હોય તો તે બાબતે તરત બીજાને સારી સલાહ આપવી.

(૨૩) જેઓ તનના સુખને અને પઈસા તકા વગેરે બીજા વીચારોને માટે પરણે છે. તેઓને ખરૂં સુખ મલતું નથી.

(૨૪) જેઓ મનની ગમતને માટે હઈડાના સ્વચ્છ ઉભરા પુરા પાડવા માટે પરણે છે. તેઓને હમેશનું ખરૂં સુખ પ્રાપ્ત થાય છે.

(૨૫) જેઓના તનબદન ખુબસુરત હોય છે. તેના કરતાં જેઓના હઈડાં ખુબસુરત હોય છે. તેઓ ખરૂં સુખ મેલવી શકે છે."[૪૧]

## ૨.૫ ‘ફુરસદ’ (૧૮૮૧) :

### ❖ ‘ફુરસદ’માં પ્રકાશિત થયેલ સામાજિક લેખો :

સમાજમાં સ્ત્રીઓથી કોઈ પણ દોષ થાય તો સ્ત્રીઓને ઠેકાણે લાવવા માટે વિવિધ પ્રયત્ન થતા હતા. તેમાં ‘સ્ત્રીને ઠેકાણે લાવવાની રીત’ નામના લેખમાં એની વિવિધ રીતો દર્શાવી છે.

“એક વખત વરસાદ જોરમાં આવતો હતો તેવે સમે એક સ્ત્રીનો ભરથાર કઠીઆરો હોવાથી બીચારો તેવા વરસાદમાં બી કામ કરી આખે દહાડે ભીનાઈને તરબોર થઈ ઘેર આવ્યો પણ તેણે જોયું કે તેની પ્યારી બાએડી એક તરામરી, હાંડો અને દોરડું લેઈ બારણામાં જ ઉભેલી હતી. ‘મારા વ્હાલા ભરથાર’ તે હેતાલુ ધણીઆણી પોતાના ખાવંદને આવતો જોઈ બોલી, “ઘરમાં પાણીનો છાંટો નથી જે હજી તો તારે માટે સેરવોની કરવાનો છે, વાસ્તે સામેના મેદાનના કુવામાંથી આટલો હાંડો ભરી લાવ.” “તે તું કાંએ નહીં જતી ?” ભરથારે પુછયું. “તે આવા વરસાદમાં હું કેમ જાઉં ?” ધણીઆણીએ છણકાથી જવાબ આપ્યો. “ત્યારે હું કેમ જાઉં ?” ભરથારે પાછું પૂછયું. “હું નહીં ભીનાવશ ?” “હા” તે કદરદાન ઓરતે કહયું “પણ તમે આટલા ભીનાયલા છો તેમાં જરા વધતા ભીનાશો તેમાં શું થયું ?” ગરીબ બચારો ભરથાર ! તે થાકેલો કંટાલેલો ભીનાએલો આવેલો ને તેની બાયડી તરફથી આ નવો કંટાલો થયો; પણ તોબી કાંઈ પણ બોલ્યા વના તે પાણી ભરવા ગયો, અને પાણીનો મોટો હાંડો ચીકાર ભરી લાવી તેની બાયડી કે જે આતશ આગલ બેશી સુખથી તાપણું કરતી હતી તેના દીલ પર નામી દેઈ તેણીને પગથી તે માથા તુલક ભીજવી નાંખી અને બોલ્યો “મારી વ્હાલી બાએડી હવે પાછો ઘરમાં પાણીનો છાંટો નથી, ને હજી તો સેરવો કરવાનો છે, વાસ્તે હવે

કુવે જઈ પાણી લેઈ આવ. હવે આટલી ભીનાઈ છે તેમાં જરા વધારે ભીનાશે તેમાં શું થયું ?"[૪૨]

ભારત દેશમાં વિવિધ કોમના લોકો રહે છે. તેમાં 'પારસી સુધારો' નામના લેખમાં પારસી સમાજમાં તેમની રહેણી કરણીમાં જે સુધારો વધારો કર્યો છે. તે અહીં દર્શાવ્યો છે.

"જો લાંબી ચાંચના જોડા કાઢીને બુટ મોજાં પેહે ાથી – પોહલા પાયજામા લેંગા અને લાંબી બાંયની દગલી કાઢીને કટના કોટ અને પાટલુનો પેહે ાથી અને નીદાર વેર ઉતરી આવતી ઢોપચા સરખી પાઘડીઓ કાઢીને ઈસકી નાંઘલી બાંધણીનાં ખોખાં, અથવા નવી ફેશનના ફેંટા માથે મુક્યાથી જ પારસી સુધારાવાલામાં સેહેલથી ખપી શકાતું હોય તો, અમો ધારીએ છીએ કે એવા સુધારા પારસીઓમાં થયા નહીં થયા સરખા જ હતા – બલકે થયા તે કરતાં નહીં થયા હોત તો વધારે સારૂં થાત. પણ શું ઉપર લખ્યું તેવા જ પોશાકમાં અને પોશાકોની ફેશનના ઈટરાતોમાં ફેરફાર કરનારને જ સુધારાવાલાના વર્ગમાં મુકવામાં આવ્યા છે ? આજે સુધારાવાલાના વર્ગમાં કોણ કોણને મુકવામાં આવે છે ? દાકટરો, વકીલો અને બેરીસ્ટરોને આજે સાધારણ વિચાર પ્રમાણે સુધારાવાલા ગણવામાં આવે છે. પછી તેઓ બાતેનમાં ગમે એવા વેહેમી અને કફોડા વીચારના હોય ! ધરમની વિરૂધ બોલનારા (પછી તેઓનું બોલવું ગમે એવુ વાજબી હોય યા ગેરવાજબી હોય તો પણ) 'સુધારાવાલા'માં ખપે છે ! પોશાકોની ફેશનમાં ફાવતા ફેરફારો કરનારા 'સુધારાવાલા' તરીકે ઓળખાય છે, અને એ'સુધારાવાલા'ના નહીં છાજતાં નામો ધરાવનારાઓનાં ઉપલાં નાપસંદ લીસ્ટમાં સુધારાની ખરેખરી પક્ષ કરનારા સુધારાના સાચ્ચા હીમાયતીઓને આમે જ કરવામાં આવે છે."[૪૩]

આપણા સમાજમાં બાળકોનું પાયાનું સંસ્કાર ઘડતર તેના પોતાના ઘરમાંથી થાય છે. તેથી બાળકોની સંસ્કારની નીતિની પાયાની કેળવણી ઘરમાંથી મળવી જોઈએ અને તે માટે મા–બાપે પ્રયત્ન કરવા જોઈએ. એ વાતનો ઉલ્લેખ કરતો 'બચ્ચાંને ઘરખાતેની કેળવણી' લેખમાં ઉપરોક્ત બાબતને વણી લેવામાં આવી છે. અને તે એક સારો નાગરિક બને તેવી અપેક્ષા રાખે છે.

"'કુમલો છોડ વાલે તેમ વલે' એ કહેવત જો કોઈનેબી ઘણી બંધ બેસતી રીતે લાગુ પાડી શકાતી હોય, તો તે બચ્ચાં છે. એ નીર્દોશ જીવોનાં ભવીશનો મોટો આધાર તેમનાં માબાપથી તેમને બચગીમાં આપવામાં આવતી તરબીઅત ઉપર રેહે છે. બાલકોનાં મન એવી રીતનાં હોય છે કે જો તેઓને બચપણમાં સારી કેળવણી, અદબ, અંદાજ, દહાપણ વગેરે શીખાડવામાં આવ્યું હોય, તો તે સઘલું તેમનાં મન પર એવા તો ભારથી છપાઈ રેહે છે કે તેઓની આખી જીંદગી સુધી તે કેળવણીના મીઠાં ફલ પોતાનાં માતપીતાને આશીશ દેઈ ભોગવવાનો પુરતો સંભવ રેહે છે, અને તેટલા માટે પ્રથમમાં આ વાત અતી અગત્યની છે, કે તે બાલકનાં માતપિતા પોતે ભણેલાં હોવાં જોઈએ. પોતાનાં બાલકને સદ્‌ગુણી બનાવવા કાજે માબાપે પોતે સદ્‌ગુણી હોવું જોઈએ. નાહના બાલકમાં જેટલી નકલ કરવાની શકતી હોય છે, તેટલી બીજાં કોઈમાં હોતી નથી, અને તેથી હમેશ આપણે જોઈએ છીએ કે જેવી ચાલનાં મા બાપ તેવાં તેમનાં બચ્ચાં નીવડે છે. સૌને જાણીતી કહેવતો 'ઝાડ તેવાં ફલ' અથવા 'વડ તેવા તેટા અને બાપ તેવા બેટા' એ આપણી તકરારને વજન આપવાને બસ છે. માબાપની ચાલ બચ્ચાં શીખે છે, માટે માબાપને સદગુણે વર્ત્તવું, એ બચ્ચાંનાં સદ્‌ગુણનો પ્રથમ પાયો છે, અને જો માબાપ અભણ હાલતમાં રહ્યાં હોય, તો તેવા માબાપનાં બચ્ચાંથી સદ્‌ગુણની આશા રાખવી ફોકટ છે. મા ભણેલી હોય અને બાપ અભણ હોય કે જે જવલેજ બને છે. અથવા બાપ

ભણેલો હોય, અને મા અભણ હોય કે જે સાધારણ છે. તોબી બચ્ચાંને ઓછું નુકશાન થતું નથી, અને તેટલા માટે મા અને બાપ એ બંને ભણેલાં હોય, એ અવશ્ય અગતનું છે."[૪૪]

ઘણી સ્ત્રીઓના આચરણમાં પ્રામાણિકતા અને નેકી જોવા મળે છે. તેઓ પોતાના બાળકોને નેકીના પાઠ શીખવે છે અને તેઓ સમાજના વિકાસમાં પોતાનું મહત્ત્વનું યોગદાન આપે છે. ઉ.દા. જીજાબાઈ, પૂતલીબાઈ વગેરે માતાઓએ નેકીના પાઠ ભણાવીને મોટા કરેલા પુત્રો મોટા થઈને આપણા દેશને આઝાદી આપાવાનું કાર્ય શિવાજી, ગાંધીજી જેવા વીરપુત્રો જ કરી શકે છે. તો આવા પુત્રોનું ઘડતર કરનાર સ્ત્રીઓની નેકી વિશે કાવ્ય જોઈશું.

"ઓરતની નેકી નિર્મલ કરે છે ઉત્તમ
મરદના મદોન્મત ખવાસ પર અસર;
સુધારે છે મરદ તેની રસમ
સદાચારી સ્ત્રીના શુભઆંકોસ અંદર.
ફેંકી ચોતરફ ખુદ લંપટ મધુર
જેમ ખીલતું ગોલાબ બાગને શોભાવે છે,
તેમ ખુબસુરત અબલાની નેકીનું નુર
મનુષ્યનાં મંડલને દીપાવે છે.
જેમ મલકાય છે ખુશીમાં ખીલતો ગોલાબ
રાખી તેનાં ભીતરમાં ખુશબોઈ મધુર;
જેમ હીરા ને રતનમાં છુપાયલું આબ
કરે છે તે ગોહેરને તેજસ્વી પુર;
તેમ ઓરતને લક્ષે છે નિરમલ નેકી

પાકીજગી ને તાજગી ને સફાઈ સદા,
ને મનની ગરૂરીને તુંદી ફેંકી
આપે છે તે બદલે સાલેસાઈ સદા,
કરે છ નાજુક ફુલની જેમ કુદરત જતન,
છે નેકી ને સદ્ગુણ તેમ સ્ત્રીનો આધાર;
નેકી કરે છે ઓરતનું રક્ષણ હરદન,
નેકી તેનું બખતર છે, નેકી જ હથીયાર."[૪૫]

### ❖ 'ફુરસદ'માં પ્રકાશિત થયેલ સાંસ્કૃતિક લેખો :

આપણો ભારત દેશ બિનસાંપ્રદાયિક દેશ છે. આપણા દેશમાં વિવિધ ધર્મના લોકો વસે છે અને તેમના ધર્મના તહેવારો સારા ભારતદેશમાં ઉજવવામાં આવે છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં દરેક ધર્મને સન્માનથી જોવામાં આવે છે અને દરેક ધર્મના લોકો સાથે મળીને તેને ઉજવવાનો આનંદ લેવામાં આવે છે. તેમાં આપણી સંસ્કૃતિમાં ભાઈચારાનો ગુણોનો આદર અને સત્કાર જોવા મળે છે. અહીં 'પારસીઓની પતેતી ! શાલ મુબારક !' લેખમાં પારસી ધર્મના લોકોના નવાવર્ષની વાત કરવામાં આવી છે. તે આપણે જોઈશું.

"શાલ મુબારક ! પારસી આલમને આવતું યજદેજરદી ૧૨૫૧નું નવું બેસતું સાલ મુબારક ! મુબારક ટોલાની આબાદી અને હસ્તીમાં, – મુબારક ટોલાની જાહોજલાલી અને ચઢતીમાં, મુબારક વેપાર વણજ અને ધંધા રોજગારમાં, મુબારક પાક ધરમની બુલંદીમાં ફુલે જરતોસ્તી ટોલાને એ શાલ મુબારક થાઓ ! એ નવાં બેસતાં સાલમાં વેપાર વણજ અને ધંધા રોજગારની આબાદાનીથી જરતોસ્તી ટોલો હસતો થાઓ, અને એ શુભ શાલમાં કલા કૌશલ્યા અને સુખ શાંતિની ફત્તેહ સાથ પોતાના પાક

ધરમની બુલંદી વધારવાને તે વધારે શક્તિમાન થાઓ. અને પારસી ટોલાનો જેજેકાર બોલાઓ એ અમારી અંતઃકરણની દુવા પારસી આલમને – આમીન !"[૪૬]

આપણી સંસ્કૃતિમાં મિત્રનું મહત્ત્વ સવિશેષ રહ્યું છે. આપણા પ્રાચીન ગ્રંથોમાં તમે નજર દોડાવશો તો તમને તેના ઘણાં દાખલા જોવા મળશે. જેવા કે, શ્રીકૃષ્ણ–સુદામા, દુર્યોધન–કર્ણ, જેવાએ પોતાની મિત્રતા કેવી રીતે નિભાવી અને મિત્રથી વ્યક્તિના જીવનમાં કેવા પરિવર્તનો થાય છે. તેમના જીવનનું સમીકરણ બદલાય જાય છે. અહીં 'મારો મીત્ર' નામના કાવ્યમાં મિત્રતા વિશે સમજાવવામાં આવ્યું છે. તે આપણે જોઈશું.

"એકાએક છે સંઘે પંથરાયો અંધકાર
સીઆહ વાદલાં ઓચીંતાં આવ્યાં છ ચઢી,
તેજસ્વી કીરણો સુરજના કપાઈ
બીહામણો ફેલાઈ ગયો છે દેખાવ ચોમેર.
બરફસમ અતી ઠંડો વાયુ ફુંકે છે
કલે છ જેથી શરીરના તંતુઓ સહુ,
ને હાડ જેથી ધુજે છ ને જામે છે લહુ,
ને ફુલ પણ ઠઠરતાં પડે છે ઝુમાઈ
ને નાનકડા રોપાઓ વલખાઈ પડે છે.
છે મધ્યાન બપોર ને એવો શું દેખાવ !
રોશન ચકચકીત દીસને બદલે સીઆહ રાત !
અરે એજ મીસાલ મારૂં દીલડું જવાન
હરખતું ને હરતું થયું હતું બંધ

જવાનીની ગરમી છતાં થયલું ઠંડ,
ને શોક ને બેચેનીમાં બનેલું જડ –
કોઈ સાથી જીગરનો માયાવંત વગર
તજી મજને ગયો હતો મીત્ર તે
રચી કુલ મેં આશ જેની ઉપર હતી,
નાખી કચડી કલી ઉમેદની નાજુક
પણ જેમ ખુશ પવન વાયી વીખેરી નાખે છે
સીહાઈ ભર્યા દરામણાં વાદલો કુલ
ને પાક કરે છે પાછું બીલોરી આકાસ,
ને આફતાબનાં દેલખુશ ગોલાબી કીરણ
હરખભેર ભુમીને કરે છે ચુંબન
મુબારકબાદી જાણે દેતાં હોય કે
બદીની અસર સંધી થયી છે દફે
આખેર શુદ્ધ રોશનીની ફતેહ બની.
તે માફક (શુકર રબના) મીત્ર તે મુજ
ફરી હસ્તે ચેહરે છે મલ્યો આવી,
આપે છે પયમાન ન તે ફરશે કદી
પણ બુજી કદર મજને ચહાશે હંમેશ
શોકાધીન આ દીલ ફરી કરી ખુશાલ."[૪૭]

## ૨.૬ ‘ત્રિમાસિક ટિકાકાર’ (૧૮૮૩) :

‘ત્રિમાસિક ટિકાકાર’ વિક્રમ સંવત ૧૯૩૯ના રોજ શરૂ થયું હતું. તેમના પ્રથમ પાના પર જ અનુક્રમણિકા આપવામાં આવી છે. તેને તેમણે ‘સાંકળિઊ’ એવું નામ આપ્યું છે. પ્રથમ અંકના પ્રથમ પાના પર એક દોહરો લખવામાં આવ્યો છે. તે અહીં ટાંકું છું.

“અપક્ષપાતે આરસી, દેખાડે ગુણ દોષ;
તેથી તેના ઉપરે, હૃદય ન ધરશો રોષ.”

ચોપાનિયાનાં તંત્રીએ પોતાના ચોપાનિયાના ફાયદા અને ગેરફાયદા તથા તેનો હેતુ શો છે ? તે આપણે તેમના શબ્દોમાં જોઈશું.

“આજે આર્યોના નવા વરસની રળિઆમણી સહવારમાં મને મારા પેદા કર્તા માલિકોએ પ્રકટ કરીને તારા હાથમાં હસતું રમતું મૂકી દીધું છે. મને જોઈને તારે તારા અંતરમાં અત્યંત આનંદ આણવો જોઈએ. તું મારૂં કામ જાણે છે ? ખરૂં છે કે હું એક ખીલતી વયનું ન્હાનું બાળક છઉં; તો પણ મારી વય પરથી તારે ભૂલાવો ખાવો જોઈતો નથી. મને આ દોરંગી દુનીઆમાં દમ લેવાને હજુ તો એકપણ દહાડો થયો નથી, તો પણ આ તારી તમામ દુનીઆનો મને થોડો ઘણો પણ પક્કો અનુભવ છે. મારે હાથ પગ નથી, પણ દેશને હું અતિઘણો ફાયદો કરીશ; મારે મ્હોડું નથી, પણ હું તારા એકાંત અને અકારા વખતમાં હસાવી રમાડી તથા ગાઈ ગવરાવીને આશા એશ અને મોજ મોજા આપીશ.

હું બાર માસમાં ચાર વખત તમારા હાથમાં આવીને ઊભું રહીશ. તું તારા કામકાજથી કંટાળી ગયો હોઈશ, તો નીતિના પાયા પર ચણેલી ચમત્કારી વાર્તાઓથી ને

રસયુક્ત કવિતાઓથી તારૂં મનોરંજન કરીશ. સંસાર વ્યહવારાદિક કાર્યોમાં પડતી અડચણો અટકાવવાને એક ભોમિઆ તરીકે હું તને મદદ કરીશ, દેશ સુધારો કરવાની ખરી દવા તને બતાવીશ. કાયદા અને ધર્મની બારીકીથી હું તને માહીતગાર કરીશ. વળી જો તું રાજ્ય કાજમાં મન રાખતો હોઈશ તો તને કોઈવાર રાજ્ય નીતિના રસ્તા પર લાવી મેલીશ. સારાંશ હું બાળક છઉં, પણ અનેક તરેહની રમત ગમત ને વિદ્યાની મોજ મજા તને ચખાડીને સંતોષ પમાડીશ.”

❖ **વાંચનાર :**

“મારા માલિકોએ તો મને જન્મ આપીને તારા ઉદારતાથી ભરેલા હાથમાં છોડી દીધું છે. મને પાળી પોષીને ઉછેરવાનું ખરૂં કામ તારૂં છે. મારી વય વધવાનો ને ખીલવાનો આધાર ફક્ત તારા આશ્રય પર છે. તારી ન્હાની પણ કિમતિ મદદથી જેમ જેમ હું મારી વયમાં વધતું જઈશ, તેમ તેમ રૂપ રંગ ને કદમાં વધારો કરીને તારા દેશનું તથા તારી ભાષાનું ભુષણ રૂપ થઈ પડવાની કોશીશ કરીશ.

મારૂં ખરચ કંઈ મોટું નથી. બાર મહિના સુધી તારી સેવા બજાવીશ, તેના બદલામાં તારે માત્ર એક રૂપરડી જ આપવી પડશે. પોસ્ટ ખરચ મારા માલિકોએ પોતાને માથે રાખ્યું છે; એ પરથી તું જોશે કે મારા માલિકોનો લોભ મારી મારફતે નાણાં મેળવવાનો નથી, પણ સ્વદેશની સેવા બજાવવાનો છે. માટે એક રૂપરડીના વિસાતમાં લોભી થવાને બદલે મારો, અંતઃકરણના ખરા આનંદથી સત્કાર કરજે. મને મારા માલિકોએ જે મતલબથી અવતાર આપ્યો છે, તે ભલી મતલબ પૂરી પડે, એમની આશા સફળ થાય, આ પવિત્ર આર્ય દેશમાં વસતા આર્ય લોકોની દિનપ્રતિદિન ચડતી કળા થાય, તથા તારી સેવા બજાવવાને આ દુનીઆમાં હું લાંબી આવરદા ભોગવું, તેવી સ્તુતિ કરવાને તારે અને મારે ઉઠવું જોઈએ.”[૪૮]

### ❖ 'ત્રિમાસિક ટિકાકાર'માં પ્રકાશિત થયેલ સામાજિક લેખો :

સમાજમાં અમુક ચાલ એવા હોય છે કે આપણને દયા આવે છે. કોઈ સ્ત્રીને મડદાં સાથે પરણાવવામાં આવે એ કેવું વિચિત્ર લાગે છે. પરંતુ સમાજમાં છોકરાની ઘેલછા વ્યક્તિને કેવાં કેવાં કામો કરવા પ્રેરે છે. તે 'મડદાં સાથ પરણાવનાર મા બાપ' લેખમાં જોવા મળશે.

"ઘેલો ગાંધી ઘેલા સ્વભાવનો અને ઘાતકી દીલનો હતો. એકની એક દીકરી ગંગા સાથે પૈસાના પાપથી તે કેવી ઘાતકી ચાલ ચલાવતો. તે વિગત લોકોમાં અજાણી ન હોતી. ગંગા મા વગરની, ઓરમાન માને આશરે પડેલી ઓશીઆળી બાળકી હતી. તેની ખરી માતા રતનબાઈ આ લોભી ગાંધીના ઘરમાંથી ઘણી મુદતથી મરી છુટી હતી. રતનબાઈ ખરે રતનરૂપ હતી. તેના કસમયના મરણ કાળે ગંગા માત્ર પાંચ વરસની પોરી હતી. તેથી એની ઓરમાન માએ અને પૈસાના લાલચુ પિતાએ પાળી પોષીને નાનેથી મોટી કરી હતી.

ઘેલા ગાંધીના ઘરમાં રતનબાઈના રાજમાં ઘણું સારૂં હતું. તેના પનોતાં પગલાંથી ગાંધીને વ્યાપાર રોજગારમાં આબાદાની અને લાજ આબરૂ રૂડી હતી. સઘલી વાતે પરમેશ્વરનો પ્રતાપ હતો, એમ કહીએ તો તેમાં અતિશયોક્તિ ન ગણાય. પણ રતનબાઈનાં મરણ પછી તરત જ એ તમામ લીલાલહેર સૂકાઈ ગઈ. ગાંધી એ કાળમાં પૈસે ટકે ગરીબ હતા, પણ લાજ આબરૂ સારી હોવાથી સાઠ વર્ષની ઉમરે પણ નવી સ્ત્રી મેળવી શક્યા હતા. એ સ્ત્રી સારાં પગલાંની ન નીકળી. ઘેલા ગાંધીને નવી બૈરી સાથ ઘરમાં નવું સંકટ દાખલ થયું. એ સંકટ કજીઆ કંકાસના તોફાનનું હતું. ગાંધીની નવી બૈરી કજીઆખોર હતી. તેથી તેને સર્વ કોઈ કંકાસ ગવરી કહીને બોલાવતા હતા. ગાંધીને

કંકાસ ગવરી રોજ રોજ કપાળ કૂટાવતી અને રડાવતી હતી. એવી કજીઆવાળી નારીને પાને પડવાથી ગાંધી છેક કંટાલી ગયા હતા. ને વારંવાર મોત માગતા હતા. પણ ભોગજોગે જો મોત આવીને ઉભું રહે તો તેની સાથે જવાને ગાંધી અંતરમાં રાજી ન હોતા. તેનો સબબ હતો. ગંગા કાચી વયની હોવાથી ગાંધીનો જીવ તેમાં ભરાઈ રહ્યો હતો. ગંગા મોટી વયની થાય ત્યાં સુધી મોતને ભેટવાની તેમની મરજી ન હતી. નવીને પેટે છોકરા છૈયાં થયાં ન હતાં. તેથી તેમની સઘલી આશા ગંગામાં રહી હતી.

કોણ જાણે નવી કેવાંય પગલાંની આવી કે તે દહાડેથી ગાંધીના ઘરની આબરૂ ઓછી થતી ચાલી. આજે જોઈએ તો ગાંધીના ઘરમાં ઘણું દૈવત રહ્યું ન હોતું. તેઓ જેમ તેમ કરીને ગુજરાન ચલાવતા, ને કાંધે કોથળો ઉપાડીને અથવા ગાંધીઆણું વેચીને સાંજ સુધીમાં બેચાર આના કમાઈ લાવતા હતા. એવી રીતે ઘેલો ગાંધી પોતાની ગરીબાઈ ભરેલી જીદંગાની ગાળતા હતા. ગંગાની નવી માનાં પીઅરમાં પાંચ પૈસાનો જીવ હતો પણ ઘેલા ગાંધીના ઘેલા સ્વભાવને લીધે તેનાં સગાંવહાલામાં મુદ્દલ સંપ ન રહેવાથી ભીડની વેળાએ કુટુંબીઓ પાંચ પૈસાનું કામ કાઢે એવી બીલકુલ આશા નહીં હતી.”[૪૯]

ઉપરોક્ત લેખમાં અંગ્રેજોના આગમનની સાથે આપણી દેશી વસ્તુઓ પર તરાપ મારી ને વિદેશી વસ્તુઓ દાખલ કરાવે છે. તેના તરફ સમાજનું ધ્યાન ખેંચવા માટે ‘તમારા પગના દેશી ખાસડાં’ લેખમાં વિલાયતી બુટ કઈ રીતે પ્રવેશે છે. તેની વાત કરી છે.

“તમારા પેલા અરજદારો ‘મોચીઓ’ અને “દેશી ખાસડાંઓ” તો કેવળ બેહકી ગયાં છે તે તમે કબૂલ કરશો; અને તેના ઘણા કારણો છે તે વિગતવાર વાંચીને માહિતગાર થશો.

(૧) “દેશી ખાસડાં” ડોળ વગરનાં જાુદી જાુદી તરેહનાં હોય છે. કોઈ ચાંચાળાં તો કોઈ ખોડાં, અને કોઈ તો એવી “ફેશનના” હોય છે કે તેવાં ખાસડાં જોઈને “ગોરા સાહેબ” લોકોને તરત સૂગ અને મૂર્છા આવી જાય છે.

(૨) દેશી લોકોને આજ કાલ સરકાર સુધારીને કેવા ઘાટઘટમદાર બનાવે છે. તે તમે જોઈ લીધું હશે. તેવા ‘સુધરેલા લોકો’ના અંતઃકરણ સરકારે ધોઈને ઉજળાં કીધાં તો તેમને બહારથી શોભિતા કરવાને સરકાર શું મહેનત નહીં લે ? સુધરેલા લોકોના પગમાં તે બેડોળ ગામઠી ખાસડાં શોભે ? આવા વિચારથી દેશી ખાસડાંનો દરજ્જો નીચો કરવાને સરકાર અને તેના અધીકારીઓ હાથ પગ ધોઈને મં  ા છે.

(૩) દેશી ખાસડાંનું ચામડું કેળવ્યા વગર જંગલી હોય છે. જંગલી દેશીઓને કેળવણી આપી, સરકાર જ્યારે સુધારવાની મહેનત લે છે, ત્યારે જંગલી જોડાને બદલે વિલાયતી કેળવેલાં ચામડાંના જોડા દેશી લોકોમાં શા સારૂં નહીં ફેલાવે ? એ ખરી તકરાર છે.

(૪) વિલાયતી ગોરી ચામડીના ગોરા લોકનું રાજ્ય દેશી લોકોને માથે આજ કાલ થયું છે. ત્યારે વિલાયતી જોડાનું રાજ્ય અથવા પદવી દેશી ખાસડાંની ઉપર શા માટે નહીં થાય ? આવા એકથી અધિક કારણો દેશી ખાસડાંની પદવી ઘટાડી નાખવાને શું પૂરતાં નથી ? તે છતાં સરકારને માથે તમારા ભાઈબંધ ખાઈ પીને ખરા થઈને મં  ા છે ? અને દેશી લોકો શા સારૂ બડબડાટ કરે છે ? તે સમજાવવાને તમે સાહેબ તસ્દી લેશો.

આટલી ધામધૂમ છતાં પણ મારે કાંઈ બોલવાની જરૂર નહોતી. પણ મારા માનની ખાતર જ્યારે મારા ઓહદેદારોએ કાનુન કરી મારા મંદીરમાંથી દેશી ખાસડાં દૂર કીધાં અને વિલાયતી આંખ ચકચકીત કરે એવાં ખાસડાં, અરે ! 'બુટ' દાખલ મને પ્રસન્ન કરવાને વખત લીધો ત્યારે મારા અમલદારો ઉપર ઠપકાના માર પડવા લાગ્યા છે. તેથી આટલો બચાવ કરવો પ ો છે, શું ? બીજી અદાલતો અને સમાજોમાં વિલાયતી અટનું રાજ્ય સ્થાપીને મને તેવા હકથી બાતલ કરે ? આવા વિચારથી જ મારા મંદીરમાંથી બેડોળ ગામઠી જોડા દૂર કીધા છે. હવે હું મારા ઓહદેદારો પર બહુ જ પ્રસન્ન છું, અને તમે પણ હશો જ."[૫૦]

આપણા સમાજમાં બ્રાહ્મણ જ્ઞાતિના લોકો રહે છે. તેમના સારા માઠાં પ્રસંગે લાડુનું જમણવારો કરાવવો પડતો હોય છે. લોકોની પરિસ્થિતિ જોયા વગર આવા ખોટા ચાળો કાઢી બાપડી રૈયતને પરેશાન કરવામાં આવે છે. તેમની પરિસ્થિતિ સારી ન હોય તો પણ તેમણે કરજ કરીને પણ જમણવારો કરવો પડતો હોય છે. તો આવા 'આપણા લાડુભટો' પર કટાક્ષ કરતો 'જમણવારની મહોકાણ' નામના લેખમાં વિગત વર્ણવી છે.

"તુળજારામ : કેમ ? રાવળજી હમણાં રીઢા કોઠા થાય એમ છે કે નહીં ? અમારે તો યાર સુકા દહાડા ચાલે છે. પેલા દુર્ગાશંકરની 'વરશી' ગયા પછી વિષ્ણુ દેવતથી નીગળતા લાડુ ખાધા વગર પેટમાં આગ બળે છે. આજ કાલ આપણું પાકે એમ છે કે નહીં, વારૂ ? લાડુ વગર તો એકે દિવસ મને મોજ નથી પડતી.

તાપીશંકર : લાડુ લાડુ તે શું કરો છો મારા ભાઈ ! લાડુના તે ક્યાં દૂકાળ છે ? કાલ નહીં ને પરમ દહાડે જોઈતારામને ઘેર દહાડો છે. આજથી સાત દિવસ પર નંદશંકરનું અગિઆરમું છે. જમવાની તે આપણે શી ખોટ છે ?

તુળજારામ : મને તો ભાઈ સંભવ નથી. જોઈતારામના ઘરમાં ક્યાં એક દિવસનું છે ? કે તે ન્યાત કરે. તમેય ઠીક બેઠા બેઠા હવાઈ કિલ્લા બાધો છો ? રાવળજી ! નંદશંકર બિચારો સત્તર સત્તર વરસની બે વિધવા અને ન્હાનાં બાળકો મેલીને મરી ગયો છે, તે ક્યાંથી કરે ? અને કરે તો વળી વીશ વરસના જુવાનનું અકાળ મૃત્યુ થયું તેને ઘેર તે લોહીનાં કોળિઆ જમવા જવાય ? મેં તો તમને એમ કહ્યું કે કોઈને ત્યાં વિવાહ વગેરે ખુશાલીની ન્યાત બ્યાત છે કે કેમ ? ત્યાં તો તમે અગિઆરમા ને બારમા ગણવા બેઠા.

તાપીશંકર : તુળજારામ, તમારી તે બુદ્ધિ નાઠી છે કે શું ? જોઈતારામના ઘરમાં નથી તો આપણે ક્યાં રોવા જવાનું છે ? નંદશંકર જુવાન વયની બે વિધવા મેલીને મરી ગયો તેમાં આપણે શું કરીએ ? તેથી શું તેનાથી ન્યાતવરા કર્યા વગર રહેવાયું ? ને આપણે ગયા વગર ચાલે ? આપણે ભૂદેવો જો જમીએ નહીં તો તે મુક્તિ કેમ પામે ?

તુળજારામ : તમે કહો છો તે સઘળું મને ઠીક લાગતું નથી. બિચારાનાં ઘરમાં ખાવા એકે દિવસનું નથી, તો તે ક્યાંથી કરે ? શું તે કરજ કરીને આપણને જમાડે ? કરજે પણ કોણ ધીરવા બેઠું છે ? એક દિવસના વાળુમાં પાંચસે, હજાર રૂપિઆનું આંધણ મૂકવું, તે રીવાજ તો મને ગમતો નથી. બિચારો નંદશંકર ઉગતી મૂછે ભર જુવાનીમાં બે ન્હાની વિધવાને મેલીને ગરીબ અવસ્થામાં ગુજરી ગયો. તેવાની પાછળ જમવું, એ હું તો દુરસ્ત ધારતો નથી. જો કે હું બીજા બ્રાહ્મણોની પેઠે જમવાનો તો લોભી છું, પણ તે કેવાં જમણ ! તે મેં તમને પહેલાં સમજાવ્યું. એવા અંતકાળિઆ લાડવા ખાવા એ કેમ ગમે ? એક તરફ છાતી ફાટે તેવું રૂદન

થતું હોય, અને એક તરફ આપણે ખાસી મજેથી લાડુ જમીએ તે કેવો નિર્દય ચાલ છે !

તાપીશકંર : વહારે માહારા પંડિતજી ! તમે તો કેથે મોટી ફીલસુફી કરવા બેઠા છોને ! તેના ઘરમાં હોય કે ન હોય, પણ અગિઆરમું તો કર્યા વગર શાસ્ત્ર પ્રમાણે ચાલે જ કેમ ? વળી તે કેમ બીજાને ઘેર કૂટી ખાવા આવતો ? આપણે ત્યારે મેલી દઈએ કે કેમ ? તેની વિધવાના કર્મ વિધવા પાસે આપણે ન જમીએ તો તે સ્વર્ગમાં કેમ જાય ?

તુળજારામ : રાવળજી, મને માફ કરજો, કારણ તમે શાસ્ત્રની બડાઈ હાંકો છો. પણ તમને શાસ્ત્રની વાત જ ક્યાં આવડે છે ? આવા કમકમાટી ભરેલા વખતે જમવું એવી બાબતો શાસ્ત્રમાં કેમ હોય ? ચાલો હમણાં મારે કામ છે. વળી કોઈ વાર મળીશું."[૫૧]

આપણા સમાજમાં દીકરીને ગાય સાથે સરખાવવામાં આવી છે. જેમ ગાયને તમે જે ઘેર બાંધો તે ઘરે તે રહે છે. તેવી જ રીતે દીકરીને જે ઘરે પરણાવો ત્યાં તે ખુશી ખુશી ચાલી જાય છે. તેથી જ કહેવાયું છે કે – "દીકરી ને ગાય, દોરે ત્યાં જાય."

"ગંગા, ગંગા, વાળુનો વખત વીતી ગયો, આઠ વાગવા આવ્યા, તારો પિતા આખો તાણી તાણીને તારી વાટ જોયા કરે છે, ને તું તો અહીં બેઠી બેઠી મોટા ચોપડા ફેરવે છે, ને કાગળ પર લીટા કહાડે છે !" ગંગાની ઓરડીના ઉમરમાં ગરતાં જ તેની ઓરમાન માએ ગરબડ કરવા માંડી. "શું સમજે છે દીકરી ? તારા મનમાં તું શું સમજે છે ! બાપ જેવા બાપનું નામ બોળવા બેઠી છું. તને તે કોઈ સમજાવનાર છે કે નહિં ? તારાં મા–બાપની મરજીમાં ન રહેવું, ને ઉલટાં આખા નગરમાં અમને અકારાં કરવાં. એ

તારા સરખી ડાહી દીકરીનું કામ નથી. પણ કૂળ બોળે એવાં કછોરૂંનું કામ છે. અમારી આજ્ઞામાં રેહવું. એ તારા અર્થનું છે.” કંકાસ ગવરીએ પોતાની કન્યાને બોધ દેવાનો ડોળ કર્યો. “જોને ! તારા કરતાં અમારે કાંઈ વધારે નથી. દીકરી કહો, દીકરો કહો, એ સઘળામાં તું જ છે. તારા સામું જોઈને અમારી આંખો ઠરે છે. આટલી અવસ્થા થઈ, તેમાં રૂડો લ્હાવો લેવાનો અવસર તો મારે આજ આવ્યો છે. માથે મ્હોડ ઘાલીને મ્હાલવાનું, સારૂં સારૂં ખાવાનું, ને ગીત ગાવાનું આવ્યું છે, ત્યારે તું સઘળાને સંતાપવા બેઠી છું, એ પણ અમારાં અવળાં નસીબ જ તો ! તારૂં સારૂં તાકવાને તારા માતપિતા સારૂં ઠેકાણું શોધે, તેને ટેકો આપવાને બદલે માબાપના મનમાં બળતું તેલ રેડીને બાળે છે. એ બળતાંને બાળવા સરખું છે.”

ગંગા, ગળગળી થઈને બોલી, “માતાજી ! બળતાં ને હું બાળું છું કે તમે ? તમે મને વગર અગ્નિએ બાળવા બેઠાં છો. તમે લ્હાવો લેવાની લાલચે મારૂં સુખ લૂટો, એ લાયક માતાપિતાની લાયકી નથી. પરણવું તે શા સારૂ ? દેખીને દાઝવા સારૂ ? કે ચોરીમાંથી રાંડવા સારૂ ? મડદાં સાથ પરણ્યાંથી મને શું સુખ મળવાનું છે ? આ કાંઈ કુલડીમાં ગોળ ભાંગવાનું નથી. પણ ઘણી ધીરજ ને વધારે વિચારનું કામ છે. માજી, તમે સમજુ થઈને આ વખતે અણસમજુ કેમ થયાં છો ?” ગંગાએ ગોળ ગોળ સરખી મીઠી વાતો કહીને ગાંડી માતાને ગળે ઉતારવા માંડી. “માતાજી, મારૂં ઠરવાનું ઠેકાણું, તે મરવાનું મુકામ થાય. તેથી મને મનમાં કાંઈ થોડું લાગતું હશે ? તમે માબાપ થઈને દીકરીનું બૂરૂં તાકો, અને ઘરનું સારૂં ધારો, એ આ કળિ કાળની કૂડી નિશાની છે. જાણી જોઈને દીકરીનો ભવ બગાડનારનું કોઈ કાળે કલ્યાણ ન થાય, એ સત્ય સમજજો. ગવાળામાં શેલું આપનારા માબાપ ન ગણાય, પણ માબાપ રૂપે કટ્ટા શત્રુ મનાય. માડી !

તમે માડી થઈને વગર મોતે મારી ન નાખો. પણ માડી રૂપે બનતી મદદ આપો, ને શત્રુ રૂપે મને ન સંતાપો.”

“ગંગા, સઘળાની સાથે મને પણ ન દૂણ” ડાહી થઈને કંકાસ ગવરીએ પોતાનો બચાવ કરવા માં ો. “દીકરી, તને મારા ખોળા પર બેસાડીને તારી મા તો મરી ગઈ. પણ હવે તું મને તારી ખરી માતા માન. માતા થઈને દીકરીનું કોઈ કાળે માઠું ન કરે. એવું સમજીને પછી મારી આગળ ચાવળી ચાવળી વાતો ચલાવ. જોને, તારા બાપનો હાથ ઝાલીને મેં શો મનખો માણ્યો છે ? પણ મેં તો કાંઈ ઉછાંછળી થઈને મારા માવતરને દુણ્યાં નથી. મારા માતાપિતાએ કૂળવાન ઘર જોઈને તારા બાપના હાથમાં મારો હાથ આપ્યો. તે વખતે હું શું નહોતી જાણતી કે આવાં ગરીબ ઘરમાં જઈને હું શું સુખ માણવાની છું ? જાણતી હતી, પણ લાજ જાય એવું જાણીને માતાપિતાને જણાવ્યું નહીં. માતપિતા પણ મનમાં માનતા. પરંતુ કૂળવાન ઘર જોવાનો કોડ કરીને ઘરની આબરૂથી ડરીને વર જોઈને નહીં, પણ ઘર જોઈને મને વરાવી. ઘર જોઈને એટલા માટે કે તે એક કૂળવાન ઘર છે. ઘણાં માબાપો કૂળવાન ઘર જોવાની હોંસ ધરાવે છે. એવાં કૂળવાન ઘરમાં આવીને મેં સંસાર સુખ શું માણ્યું ? એ તારાથી કાંઈ અજાણ્યું નથી. તે છતાં અમે કાંઈ તારી પેઠે માતાપિતાને પજવ્યાં નથી. ન બોલ્યાંનું બોલ્યાં નથી. ને નાને મ્હોડે મોટી લવરી કરી નથી. કંકાસ ગવરી, પોતાનાં માતાપિતા ઘડી વહેલાં દુણ્યાંની વાત ભૂલી જઈને કહેવા લાગી. “માબાપ તો દીકરીના સારા સારૂં સઘળું કરે છે, પછી તેમના નસીબમાં બનવાનું હોય છે તે બને છે ? પાડ માન, પરમેશ્વરનો કે તારે નસીબે તને મનજી મારવાડી સરખા ‘મોટા શેઠ’નું મોટું ઘર મળ્યું છે. તારા સરખી સાહેબી બીજા કોને મળનાર છે ? તે તો જરા આંખ ઉઘાડીને જો. શરીર પર સદાય સવા શેર સોનું રહેશે. ને કોઈ કાળું ગોરૂં પણ કહેશે નહીં. તેલ પળી કરીને પેટ ભરનારાને ઘેર પૂરૂં

પાધરૂં પેટ પણ નહીં ભરાય. ને મહેનત મજૂરી કરીને માથાનું તાલકું પણ ઘસાઈ જશે. "ગાંધીની ધણીઆણી બીજવરના ગુણ ગાવા બેઠી" ગાંડી ગંગા તને મોટી વયના ભરથારના સુખનું ભાન નથી. "બીજવરની પરણી રે મહાસુખ માણશે રે લોલ" એ ગીત તું રોજ ગાય છે, ને આજે તેનો ભાવાર્થ કેમ ભૂલી જાય છે ? નાના નાવલીઆની બાઈડી બહુ પીડા ભોગવે છે. ને મોટા વરની બાઈડી મહામહા સુખ માણે છે. એવું સુખ માણવાનું તારા નસીબમાં આવ્યું છે ત્યારે તું અવળી થઈને તે દૂર કરે છે. નસીબમાં ન હોય તે ન મળે. હજાર ઉપાય કરો પણ હરી કરે તે હોય."[૫૨]

## ૨.૭ 'સમાલોચક' (૧૮૯૬) :

સાક્ષરી પરંપરાનો વિસ્તાર ઈ.સ. ૧૮૯૬ના જાન્યુઆરીમાં શરૂ થયેલું 'સમાલોચક' પંડિતયુગનાં સામયિકોની સાક્ષરી પરંપરાનો વિસ્તાર કરનારું સામયિક હતું. ઈ.સ. ૧૯૧૪માં માસિક સ્વરૂપે પ્રગટ થયા બાદ અંબાલાલ જાની, ચંદ્રશંકર પં ા અને રમણીયરામ ત્રિપાઠીની તંત્રીસેવાઓ 'સમાલોચક'ને પ્રાપ્ત થઈ હતી. સાહિત્યની તાત્ત્વિક ચર્ચા, અભ્યાસપૂર્ણ વિવેચના, સાહિત્ય, ભાષા, વ્યાકરણ, તત્ત્વજ્ઞાન, સંસ્કૃતિ સાહિત્ય અને કવચિત્ અંગ્રેજી સાહિત્યિક લેખો અને સંશોધનાત્મક સામગ્રીથી 'સમાલોચક'ને એ સમયનાં અગ્રિમ હરોળનાં ગંભીર સામયિકોમાં સ્થાન અપાવ્યું. 'સમાલોચક'ની સફાઈદાર છપાઈ, એમાં મૂકાયેલાં ચિત્રો, ભેટપુસ્તક આપવાની પ્રથા અને ૬૪ પાનામાં અપાતું વાંચન વાચકોને માટે આકર્ષણના વિષય હતાં.

'સમાલોચક'માં પ્રસિદ્ધ થયેલી લેખસામગ્રીને ધીરુભાઈ ઠાકરે સાત વિભાગમાં વિભાજિત કરી છે. (૧) વર્તમાનચર્ચા, (૨) વિવાદ, (૩) વિશિષ્ટ, (૪) ગ્રંથાવલોકન, (૫) સ્ત્રી–વાચન વિભાગ, (૬) અવસાન નોંધ, (૭) પ્રકીર્ણ. આવી વિભિન્ન પ્રકારની લેખસામગ્રી પ્રસિદ્ધ કરવા પાછળ 'સમાલોચક'નો પ્રધાન ઉદ્દેશ ભારતીય ધર્મ, તત્ત્વજ્ઞાન ચારે પુરુષાર્થની આડે આવતા સામાજિક રીતરિવાજો, રાજ્યક્ષેત્રે લોકજાગૃત્તિ, પાશ્ચાત્ય દેશોમાં થતી વ્યાપારાદિની નવી યોજનાઓ વગેરે બાબતોની ચર્ચા કરીને ગુજરાતી વર્ગની સેવા કરવાનો રહ્યો છે. લોકોને હિતાહિત ઉપર અસર કરતી, બનતી, બનેલી કે બનનાર બાબત ઉપર સમીક્ષા કરવાની મહેચ્છા 'સમાલોચકે' પૂરી પાડી હતી.

પંડિતયુગના લગભગ દરેક સમર્થ સર્જકોનાં લખાણો 'સમાલોચક'નું પ્રધાન આકર્ષણ હતાં. ગોવર્ધનરામ, ઉત્તમલાલ, મણિલાલ, નર્મદાશંકર મહેતા, ઠાકોર

ન્હાનાલાલ, નારાયણ, હેમચંદ્ર, નરસિંહરાવ, હીરાલાલ, વ્રજ ભૂખણદાસ, ધનશંકર હીરાશંકર ત્રિપાઠી, ગજેન્દ્રશંકર પં ા, રણજિતરામ, મુનશી, કૃષ્ણલાલ ઝવેરી જેવાં અનેક સાક્ષરોના હાથે 'સમાલોચક' વ્યાપક અર્થમાં ગુજરાતી સાહિત્યની સર્વાંગી દિશાઓને જોનારું બની રહ્યું હતું.

'સમાલોચક' ઈ.સ. ૧૯૨૬માં બંધ પ ું પરંતુ ત્રણ દાયકા પર્યન્ત એણે બજાવેલી સાહિત્યસેવાઓ સંસ્કારસેતુનું કાર્ય કર્યું. સાહિત્યિક સત્ત્વની દૃષ્ટિએ કદાચ આજે એમાંની લેખસામગ્રી એટલી આકર્ષક ન લાગે પણ ભારતીય પ્રજાના જીવનપ્રવાહના વમળો, વળાંકો અને ઉથલાની પાછળ રહેલા સાંસ્કૃત્તિક સાતત્યને સમજવા ઈચ્છનારને માટે એ સામગ્રી અત્યંત મૂલ્યવાન છે. ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિના ઇતિહાસનો સિલસિલો એમાં સચવાયેલો છે. સાક્ષરી પત્રકારત્વના ઉત્તમ નમૂનાઓ પ્રગટ કરતા આ માસિકમાં બારથી પંદર વર્ષનો ગુજરાતી પ્રજાજીવનનો રસપ્રદ વૃત્તાંત જે મળે છે એ અન્યત્ર માસિકમાં જવલ્લે જ મળે. એવી એની કામગીરી રહી હતી.

❖ **'સમાલોચક'માં પ્રકાશિત થયેલ સામાજિક લેખો :**

આપણા સમાજમાં વ્યક્તિ મૃત્યુ પામે છે. ત્યારે તેમની મરણની ક્રિયા કઈ રીતે કરવામાં આવે છે. તેની માહિતી આપતો લેખ 'મરણક્રિયા'માં તેની સંપૂર્ણ વિગત દર્શાવવામાં આવી છે. તે આપણે જોઈશું.

"મરણ પામનારને બળાય છે અને ઘેરથી તેને સ્મશાનમાં લઈ જવા નાત જાતના તથા સગા વહાલા ભેગા થાય છે. તેઓ મોટેથી રૂવે છે, કપડાં ફાડી નાંખે છે, વાળ તોડી નાંખી કેટલાક માથાં અને છાતી કૂટે છે. શોક માટેનો પોશાક કેવો અને ક્યાં

સુધી પહેરવો તેનો નિયમ નથી. શબને ત્રણ રીતે ઠેકાણે પડાય છે. લાકડાંની ચીતા ખડકી અગ્નિસંસ્કાર કરવાનો, જળસોઈ કરવાનો અને પંખીઓને દેહદાન આપવાનો એમ ત્રણ ચાલ છે. દેહદાન એટલે પ્રાણીઓની તૃપ્તિ માટે શબને જંગલમાં નાંખી દેવું તે.

રાજા મરી ગયા પછી તેનું શબ પ ું હોય અને ગાદી ઉપર નવા રાજાનો અભિષેક થાય છે. નવો રાજા થયા પછી સ્વર્ગસ્થના શબને ઠેકાણે પાડવાની તે રજા આપે છે. આમ કરવાના કારણમાં તેઓ જણાવે છે કે, જ્યાં સુધી ગાદી ખાલી હોય ત્યાં સુધી મરનારને મરણોત્તર સંસ્કાર કેમ કરાય ? વારસ વગર ક્રિયા થતી નથી, માટે પ્રથમ ગાદીનો વારસ નક્કી કરવો પડે છે અને તે પછી મરનારની ક્રિયા કરે છે. આ દેશમાં જીવતા માણસોને ઈલકાબ અપાય છે. મુવા પછી કોઈ રીતે તેને એવું માન મળતું નથી. જે ઘરમાં મરણ થયું હોય તેમાં શબને ઠેકાણે પાડતા સુધી ખાવાનું થતું નથી અને મરણોત્તર ક્રિયા થયા પછી પણ તે ઘરનાં માણસો પોતાના કુટુંબીને ત્યાં જમે છે. વર્ષોવર્ષ મરનાર પાછળ કંઈ કરવામાં આવતું નથી. જે માણસો સ્મશાન જાય છે. તેમને કોઈ અડકતું નથી. ગામ અથવા શહેરની બહાર આવેલા કોઈ નવાણ ઉપર સ્નાન કર્યા પછી તેઓ શુદ્ધ થાય છે અને એ ક્રિયા થયા પછી રોતા રોતા ગામમાં આવે છે."[૫૩]

આપણા સમાજમાં જે કંઈ રૂઢિઓથી ચાલી આવતી પરંપરાઓ છે. તે લોકો જાણે અને પેઢી દર પેઢી જળવાઈ રહે તે હેતુથી તેને આવા માસિકોમાં છાપવામાં આવે છે. અને આપણ સમાજની રીત–રસમને સાલોસાલ જીવંત રાખવાનો પ્રયત્ન કર્યો છે.

"લોકસમૂહ ચાર જ્ઞાતિમાં વહેંચાયલો છે. સદાચારી બ્રાહ્મણો, પવિત્ર રહી ઘણા જ સારા સિદ્ધાંતો પ્રમાણે ધર્માચાર કરે છે. બીજી જાત ક્ષત્રિય, રાજપ્રજા છે. એ લોક મનુષ્ય પશુનું રક્ષણ કરતાં દયાધર્મને અનુસરે છે. ત્રીજા જાત વેપારીની છે. તેઓ વણિક કહેવાય છે. એ લોક દેશ પરદેશ સાથે વેપાર ખેડી ધન પ્રાપ્ત કરે છે. ચોથી જાત શુદ્ર

અથવા ખેડુતની છે. તેઓ મહેનત મજુરી, ચાકરી અને ખેતી કરે છે. પવિત્રાપવિત્રનો ભેદ સર્વેમાં છે. પરણ્યાથી માણસ ચઢે છે. અથવા ઉતરે છે. સગાઈ અને ગોત્રમાં લગ્ન કરવાનો પ્રતિબંધ છે. સ્ત્રીથી માત્ર એક વાર જ પરણાય છે. બીજી વાર પરણવાનો તેને અધિકાર નથી. કેટલીક નાતો પોતાના વ્યવસાય પ્રમાણે પોતપોતાનામાં પરણે છે, એ લોકની વધારે વિગત મળતી નથી."[૫૪]

સમાજ વ્યવસ્થા કેવી પ્રકારની હતી અને તમાં જ્ઞાતિલગ્ન કઈ રીતે થતા હતા. તે ઉપરોક્ત લેખ પરથી જાણવા મળે છે.

સામાન્ય રીતે દરેક વ્યક્તિ સ્ત્રીને અબળા માને છે પણ એ ધારે તો એની અંદર કેટલી શક્તિ છે અને એ કેવાં કેવાં હાલ કરી શકે તે શક્તિ પ્રદર્શન ઉપરોક્ત કાવ્યમાં જોવા મળે છે. આ કાવ્યમાં સ્ત્રી શક્તિને બિરદાવવામાં આવી છે.

**"અબલા પ્રાબલ્ય"**

"કામણ દીસે છે અલબેલા તારી આંખ માંહે એ રાહ.
ચતુરા કેરાં ચંચળ નેત્રો, કો'શું ના કરે રે – ટેક.
મંદહાસ્યમાં મોહ પમાડે, લટકે પટકે લગની લગાડે
વ્યથા જગાડે જોતાં, મન સ્થિરતા હરે રે – ચતુરા.
હાવ ભાવ હૈયું હરી લે છે, મધુરી વાણી વશ કરી દે છે
ન્યારા નવ નવ રંગ, અંગમાંહી ભરે રે – ચતુરા.
દૃષ્ટિપાત સહ ભુમિ નિહાળે, કઠણ કાળજું નિશ્ચેઢાળે
તરવરતી તે કાળી અહો નિર તરે રે – ચતુરા.
ભોગીને કરી મેલે યોગિ, યોગિ કંઈ કરે સંયોગી

શૂર ગુમાવે નૂર કદા જો એ ફરે રે – ચતુરા.

નાનુ નામ શું અબળા ધારો, પ્રબળ પ્રમાણો કાંન વિચારો

શું ન કરે એ યારો, શાથી એ ડરે રે – ચતુરા."[૫૫]

### ❖ 'સમાલોચક'માં પ્રકાશિત થયેલ સાંસ્કૃતિક લેખો :

આપણી સંસ્કૃતિ આપણા ધાર્મિક ગ્રંથોમાંથી જોવા મળે છે. રામાયણમાંથી રામના જીવનમાં અને મહાભારતમાં શ્રીકૃષ્ણનું જીવન આપણી સંસ્કૃતિને ઉજાગર કરે છે. મહાભારતમાં 'ઋક્મિણીનો શ્રીકૃષ્ણ પ્રતિ પત્ર' કાવ્યમાં પોતાની વ્યથા એ શ્રીકૃષ્ણને રજૂ કરે છે અને કહે છે કે હું મનથી તો તમને જ મારા સ્વામી માની બેઠી છું. પછી હું બીજા કોઈ સાથે લગ્નગ્રંથિથી જોડાય શકું તેમ નથી. તમે જ મને આમાંથી ઉગારી શકો તેમ છે. આમાં ભારતીય સંસ્કૃતિ પ્રમાણે સ્ત્રી એકવાર મનથી જે વ્યક્તિને પોતાનો સ્વામી માની લે છે. તેની સાથે જ જીવનભર જીવન વીતાવવાનો પ્રણ લે છે અને તેને કોઈ પણ સંજોગોમાં પૂર્ણ કરવાનો પ્રયત્ન કરે છે. તેની ઝાંખી આ કાવ્યમાં જોઈ શકાય છે.

"સ્વસ્તિ શ્રી સ્થાન સોરઠપુર સાર,

રાજ કરે જ્યાં મારા પ્રિય પ્રાણાધાર જાવ તહાં દ્વિજરાજ !

આપજો પત્ર ને કહેજો આ વાત,

જે રે જુઓ છો તમે નયણે સાક્ષાત

ઝાઝું લખીએ શે કાજ, ઘરના ગુરૂ, મહારાજ.

કુંવારી કન્યાને કરી અઘટિત કાજ,

કાગળ લખું છું જો જો લેતા મારી લાજ દ્વારામતિના હો રાજ.

નવ ગાંઠ્યા તાત ને નવ ગાંઠ્યાં માત,
એનું રે કરે છે ધાર્યું અહીં મારો ભ્રાત વેલા વળજો હો રાજ.
ત્રણ દીની વરધે લગન લીધાં આજ,
શિશુપાળ આવે છે, લેઈ એનો સાજ દ્વારામતિના હો રાજ.
મા બાપે મૌન ધર્યું ન થાય વાત,
વક્યો ૠક્મિયો ત્યાં કોની રે તાકાત વેલા વળજો હો રાજ.
તન મારૂં અહીંયાં ને મન તમ પાસ,
લખતા લખું છું એક ખરેરે વિશ્વાસ દ્વારામતિના હો રાજ.
અંબિકા પૂજવા નીકળું શહેર બા'ર,
ત્યાંથી હરણ મારું કરવા મોરાર વેલા વળજો હો રાજ.
કાગળ ભીંજાય ન દેખાય ન લખાય,
સાંભરો તમે ને મારી આંખડી ભરાય દ્વારામતિના હો રાજ.
અમુઝણ થાય ન ઉંઘાય દિન રાત,
કોઈ નથી મારું ત્યાં કરું કોને વાત વેલા વળજો હો રાજ.
તમારા ઉપર મારા જીવનની આશ,
જીવણ ! ધરી છે જો જો, થાય ન રકાશ દ્વારામતિના હો રાજ.
દિલ ધરી દાજ, દીન દાસને કાજ
મારી રાખવાને લાજ દામોદર ! આવું વાજ, વેલા વળજો હો રાજ."[૫૬]

## ૨.૮ ‘મુસાફર’ (૧૯૦૩) :

“ઈ.સ. ૧૯૦૩માં આ માસિક ‘ટચાક’ નામથી પ્રકાશિત થતું હતું. પરંતુ આ બીજા વર્ષના પ્રારંભમાં ‘ટચાક’નું નામ બદલવાનાં અનેક કારણો છે. પ્રથમ તો ‘ટચાક’ શબ્દનો ‘મશ્કરી કરનાર’ એવો અર્થ થાય છે અને એ શબ્દ ઘણું કરીને પારસીઓમાં વધારે વપરાતો જોવામાં આવે છે. હાસ્ય રસને જ સૂચવનારા માસિકમાં ગંભીર વિષયોનો સમાવેશ કરતાં વિચારમાં પડવું પડે છે અને તેથી જ ગયા વર્ષમાં વિષયોની વ્યવસ્થા સાધારણ રીતે સારી છતાં પણ ‘ટચાક’ એ નામ તરફ કેટલાક પારસી તેમજ હિંદુ સદ્ગૃહસ્થો અને માસિકોના અધિપતિઓએ પણ અણગમો બતાવ્યો હતો, તે સઘળી બાબતોને ધ્યાનમાં લઈ અમે આજે અમારા માસિકનું નામ બદલીને તેનું ‘મુસાફર’ એવું નામ રાખેલું છે. ‘મુસાફર’ શબ્દમાં એટલી બધી અર્થ ગંભીરતા રહેલી છે, કે તેનું વર્ણન જેટલું કરિએ તેટલું થોડું છે.

‘મુસાફર’ એ શબ્દ જો કે મૂળ અરબી ભાષાનો છે છતાં વર્તમાન કાળમાં હિંદુ, મુસલમાન અને પારસી તેમજ બીજી કોમનાં માણસોને પણ સાધારણ રીતે સહજ સમજવામાં આવી શકે તેવો છે. ‘પ્રવાસી’ અને ‘મુસાફર’ એ શબ્દનો અર્થ સમાન જ થાય છે, તેથી અમારા કેટલાક આર્ય મિત્રોની ‘પ્રવાસી’ નામ રાખવાની ઈચ્છા હતી પણ તે શબ્દ સર્વ સાધારણ ન હોવાથી ‘મુસાફર’ નામ રાખવું વધારે યોગ્ય ધાર્યું છે.”[૫૭]

### ❖ ‘મુસાફર’માં પ્રકાશિત થયેલ સામાજિક લેખો :

સમાજમાં જે લોકો કાયમ માટે મૂર્ખ નિંદા કરતાં રહે છે તેવા લોકોને ધ્યાનમાં રાખીને આ કાવ્ય લખવામાં આવ્યું છે. નિંદા કરવાથી કેવાં કેવાં દુષ્પરિણામ આવે છે. તે વર્ણવવામાં આવી છે.

## મૂર્ખ નિંદા

"હે મન ! તું હો યે યદા, દક્ષ અને ધીમાન;
તો મૂર્ખોના સંગને, ભવમાં ઈચ્છ કદા ન.
દુગ્ધ શર્કરા સમ કદા, મિશ્ર મૂર્ખથી થા ન;
દૂર થજે તેથી સદા, છૂટા બાણ સમાન.
તારા માટે મૂર્ખ જો, મનથી કરે વિલાપ;
તેના કરતાં શ્રેષ્ઠ છે, સર્પદંશ પરિતાપ.
મૂર્ખ મિત્ર કરતાં ભલો, દાના દુશ્મન માનિ;
કારણ, તે કારણ વિના, કરે ન કોદિન હાનિ.
મૂર્ખ સમો કાઈ નથી, દુનિયામાં કંગાલ;
કારણ કે, મૂર્ખત્વ સમ, કનિષ્ટ નથિ કો માલ.
સદા મૂર્ખના કાર્યનું, થતુ અશુભ પરિણામ;
કારણ, ભાષણ પણ અશુભ, તેનું પ્રથમ તમામ.
નિશ્ચય નરકે પામશે, મૂર્ખ મનુષ્ય વિરામ;
કારણ, તેથી નથિ થતું, પરહિતનું કૈ કામ.
ચડે ફાંસિને માચડે, હોય દુઃખમાં લીન;
મૂર્ખ જનોને યોગ્ય એ, શોક કરો ન કુલીન !
મૂર્ખ મનુજના સંગથી, દાના ! રેજો દૂર;
કારણ, બે ભવ એ થકી, થાય કલંકિત પૂર."[૫૮]

સમાજમાં ઘણા લોભી લોકો હોય છે. તેઓ સમાજમાં કેવું કેવું દુષણ ફેલાવે છે. આવા લોભિયા લોકોના કેવાં કેવાં હાલ થાય છે. તે આ કાવ્યમાં દર્શાવ્યું છે. તે આપણે જોઈશું.

### લોભ નિન્દા

“નરો ! લોભના જાળમાંહી ફસેલા; છકી છાકટા લોભ મદ્યે બનેલા.
ગમાવો નહીં, જર ચહી જિન્દગીને; ખુશી રહો પ્રભુની કરી બંદગીને.
ફસે જે નરો લોભના જાળમાંય; નકી જિન્દગી તેમની નષ્ટ થાય;
હશે કારૂંનો ઘેર તારે ખજાનો; ચર્તુથાંશ ભૂવિત્ત ભંડારમાનો.
તથાપિ ખરે આખરે મેલિ માયા; મળી ધૂળમાંહી જવાની જ કાયા;
દહે દામ માટે કહે દેહ શાને ?; વહે ભાર ઠાલો નહીં કેમ માને ?
કયા જન્મ માટે કરે દામ ભેગાં; મરી જૈશે ચાલ નહીં દામ ભેગાં;
બહૂ ચિત્ત ચોટાડિયું વિત્તમાંહી; થયો શોકનો ભોગ તું તેથી આહીં.
થઈ આશકેજર સદા દામ ચૂમે; બની મસ્ત બેબાકળો ખૂબ ઘૂમે;
બન્યો દામનો શ્વાન જેવો શિકારી; કયામતનિ એ ના રહી યાદગારી.
અરે ! નીચ ! ધિગર ધિગર તૂંને, ન આનંદ દે કાંઈ સંસાર
ત્યજે ધર્મનું ધામ જે દામ કાજે, નહિ સ્વર્ગમાં તે તૂને; કદાપી વિરાજે.”[૫૯]

સમાજમાં ઘણા લોકો દગાખોર હોય છે. પરંતુ અંતમાં તેમની કેવી સ્થિતિ થાય છે. તે પ્રસ્તુત કાવ્યમાં દર્શાવ્યું છે.

### દગો કે દાનાઈ

“અરે પંખી ! કહે પંખી ! દગાનો રંગ છે કેવો ?
દગાની ક્યાં સગાઈ છે ? બતાવે કોણ છે એવો.
લડાવ્યાં લાડ મેં તારાં ખવા   ાં શ્રેષ્ઠ ફળ સારાં,
કહી પ્યારાં કર્યાં ખારાં, તપાસ્યું ના થતાં ન્યારાં.

દગાની બાજિ ખેલીને, કદી કોઈ કમાયું છે ?
પછી પસ્તાય કો પંખી ! દગામાં શું સમાયું છે ?
હૃદય ખોલી બતાવી દે, અગર જો આ જિગર ચીરી;
નજર માંહી મિલાવીજો, ફૂ ાને ફાટશે ગીરી.
ભલે ભ્રમણા થતી હોયે, અગર જો ભૂલ છે તારી;
ખરી માલૂમ ચશ્મોથી, ખુની છે ખંજરી કારી;
વદે પંખી શુ એ પૂછો, વિચારો આપ મન સાથે,
કર્યા કર્મો છે તનનાં જે, નથી જૂદાં છે તન સાથે.
રહીને સ્વાર્થમાં પૂછો, સતાવે શું થવાનું છે.
જવા દે વાત એ નાન ! બતાવે શું થવાનું છે."[૬૦]

સમાજમાં વેશ્યા તરીકે પ્રસિદ્ધ સ્ત્રી જ્યારે સતી થાય છે. ત્યારે તે વિશ્વનું વૈચિત્ર્ય પ્રસંગ બને છે. તે અહીં નીચેના કાવ્યમાં દર્શાવ્યું છે.

"કંટક વિનાનો માર્ગ નિષ્કંટક સદૈવ કહાય છે;
દોષો ગયા તો તો પછી ગુણવાન નર બોલાય છે.
કર્મ ત્યજી વારાંગનાનાં શુદ્ધ જે બનિ જાય છે;
એ વિશ્વનું વૈચિત્ર્ય છે વેશ્યા સતી પણ થાય છે.
મૃચ્છકટિકે જ વસંતસેના નાયિકા વેશ્યા કહી;
તે સ્વામી ચારૂદત્તમાં તનુમન ધને અનુરત રહી.
તેના ગુણો જનના સમાજે હર્ષયુક્ત ગવાય છે;
એ વિશ્વનું વૈચિત્ર્ય છે, વેશ્યા સતી પણ થાય છે;
જે જારિણી બાજારમાં તજિ લાજ દામ કમાય છે;

નાટક નિલયમાં આવિને સીતા બની તે ગાય છે.
નિજ લાજકાજ હજાર જન સામે કટારી ખાય છે;
એ વિશ્વનું વૈચિત્ર્ય છે, વેશ્યા સતી પણ થાય છે.
માતા અને ભગિની ભમે રસ્તે ગમે તેવે જગે;
શોણિત શરીરે તેમનું ફરતું રહ્યું તે રગરગે.
જાણે બધા એ જારિણી છે, ભજન ખોટાં ગાય છે;
એ વિશ્વનું વૈચિત્ર્ય છે, વેશ્યા સતી પણ થાય છે.
પૈસા જ પ્યારો પતિ ગણિને મનમહીં મલકાય છે;
તેને જ પરણી પ્રેમથી છલબલ કરી છલકાય છે;
સો પતિ કરે વસુ કાજ તેથી માત્ર ધનને ચ્હાય છે;
એ વિશ્વનું વૈચિત્ર્ય છે, વેશ્યા સતી પણ થાય છે.
સંહાર કર્તા વિષો જીવનદાયિ ઔષધ થાય છે;
ને તામ્ર પણ સોનું બની તે મૂલ્યથી અંકાય છે;
ખૂની દિલે ઉપજી દયા એ વાત પણ સંભળાય છે;
એ વિશ્વનું વૈચિત્ર્ય છે, વેશ્યા સતી પણ થાય છે.
વિકરાળ આ કલિકાળમાં કંઈ કંઈ નવીન જણાય છે;
સંભવિત નહિ જે સુષ્ટિમાં તે સત્ય આજ ગણાય છે;
કટિ કીડિમાં બાંધ્યો જાુઓ અહિં ઉંટ અથે તણાય છે;
એ વિશ્વનું વૈચિત્ર્ય છે, વેશ્યા સતી પણ થાય છે.
રાજા ત્યજી રક્ષણ પ્રજાનું દેશનું ભક્ષણ કરે;
સહુ ધનિક ભૂલી કર્મ ધન સંચય અને સ્વાર્થે મરે;
સતિ સુંદરી કેવાય છે છુપિ છંદ ગમને જાય છે;

એ વિશ્વનું વૈચિત્ર્ય છે વેશ્યા સતી પણ થાય છે.
પાપી ભર્યા પૈસે ટકે ધર્મી ધકેલા ખાય છે;
સાચા કર્યા જુઠા હલાહલ જૂઠ સત્ય મનાય છે.
આ નેવનાં પાણી હવે તો મોભમાંહિ ભળાય છે;
એ વિશ્વનું વૈચિત્ર્ય છે વેશ્યા સતી પછી થાય છે.
ગુણિ સંત, સુજ્ઞ મહંત દુઃખે, તંત્રવાળા જોરમાં;
બનિ મુગ્ધ મંત્ર વસંત તેનાં ચરણ માટે દોરમાં;
શું શું કહું કથનો વધુ, સ્થિતિ અદ્ય એવી હાય છે;
એ વિશ્વનું વૈચિત્ર્ય છે. વેશ્યા સતી પણ થાય છે.”[૬૧]

### ❖ ‘મુસાફર’માં પ્રકાશિત થયેલ સાંસ્કૃતિક લેખો :

આપણી સંસ્કૃતિ એ ન્યાયપ્રિય સંસ્કૃતિ છે. નાનામાં નાની વ્યક્તિને પણ અન્યાય ન થાય તેની કાળજી રાખે છે. છતાં ઘણા લોકો બીજા વ્યક્તિ સાથે અન્યાય કરે છે તો તેવા લોકોને ન્યાય વિશે સમજ મળે એ હેતુસર અહીં ‘ન્યાય પ્રશંસા’ કાવ્ય લખી ન્યાયનું શું મૂલ્ય છે. તે ઉજાગર કરવાનો પ્રયત્ન કર્યો છે.

“જ્યારે કરી છે સર્વ ઈચ્છા પૂર્ણ તારી ઈશ્વરે;
ત્યારે મનુજ તું ન્યાયનો હેતુ ન પૂરો ક્યમ કરે ?
છે ન્યાય ભૂષણ ભૂપનું એ વિશ્વમાં વિખ્યાત છે;
તે છતાં ન્યાયે દૃઢ ન રાખે ચિત્ત શાને ભ્રાત છે ?
યદિ આપશે જ સહાયતા એ ન્યાય તારા કામમાં;
તો રાજ્ય તારૂં ચાલશે આ વિશ્વમાં આરામમાં;
નૌશીરવાને ન્યાયથી સહુ કાર્ય કીધાં જો અહીં;

તો નામ તેનું આજ સુધિ કાયમ રહ્યું છે જનમહીં.
કાર્યાધિકારી ન્યાયસમ મળશે નહીં ભવમાં કદા;
વળિ કાર્ય પણ એ ન્યાય સમ ઉત્તમ ન બીજું સર્વદા.
ઈન્સાફથી આબાદ દુનિયાને હંમેશાં રાખ તું;
ઈન્સાફના ચાહનારને બસ રાસ્ત રસ્તો દાખતું;
બોલાવશે દુનિયા બધી 'આદિલ શહનશાહ' નામથી;
બદલો મળે એવો કહે શું તને બીજા કામથી ?
યદિ કીર્ત્તિની ઈચ્છા કરી છે ચિત્તમાં તારા વસી;
તો ક્રૂરતાનાં દ્વાર કર તું બંધ જે સત્વર ધસી;
તું કૃપા દષ્ટી લોક પરથી ના કદાપિ હટાવજે;
ને દુઃખિને સન્યાય આપી દુઃખભાર ઘટાવજે.
શાંતી રહે સર્વત્ર સમઝો રાજ્યમાંહી ન્યાયથી;
સચવાય સાધન રાજ્યનાં જો ન્યાયને પાળો મથી."[૬૨]

વ્યક્તિએ જીવનમાં જો સુખી થવું હોય તો તેમણે પોતાના વ્યક્તિત્વમાં સંતોષનો ગુણ અપનાવવો જોઈએ આ ગુણથી સંસારના સઘળા પરિતાપો દૂર થાય છે અને વ્યક્તિ જીવે ત્યાં સુધી કશા પણ દુઃખ શોક વગર પોતાનું જીવન વ્યતિત કરે છે. તેથી સમાજનો દરેક વ્યક્તિ આ ગુણ અપનાવે અને સમાજને સમસ્યાઓથી પર રાખે તે હેતુથી આ કાવ્ય પ્રસ્તુત કર્યું છે.

"હે હૃદય ! જો તું મેળવે સંતોષને સંસારમાં;
તો રાજ્ય તારૂં વ્યાપશે સુખ સૃષ્ટિના વિસ્તારમાં;
જો હોય તું અતિ દીન તોય ન રોય કો દિન ખેદથી;

કારણ, નકી આકેલને દોલત ગણત્રીમાં નથી ....

દાના ! કદા ના માનજો શર્માય છે ગરિબાઈથી;

મગરૂર રે'તા નબી પણ એ મીઠિ મિસ્કીનાઈથી;

સોનું અને રૂપું ઘરેણાંસમ ધનિકનાં છે સદા;

ને દીન શાન્તી ભોગવે આનંદથી સુખ સર્વદા.

જો તું તવંગર હોય નહિ, દિલગીર નહિ તો પણ થજે !

મિસ્કી ન પાસેથી ન'કર' સુલ્તાન પણ લે ધારજે;

હરકોઈ પણ હાલતમંહી ઉત્કૃષ્ટ આ સંતોષ છે;

બખ્તાવશે જે જાળવે સંતોષના તે કોષ છે.

ચિહ્ન રહે ! સદ્‌ભાગ્યનું, હોય યદા એ ભાવ;

તો સંતોષ જ્યોતિને, આત્મામાં પ્રગટાવ."[૬૩]

માણસે જીવનમાં ધીરજનો ગુણ અપનાવવો જોઈએ. ધીરજથી કરેલા કાર્યના પરિણામો સારા જ આવે છે. તેથી ધીરજ જીવનમાં કેટલી ઉપયોગી અને મહત્ત્વની છે. તે આપણે 'ધૈર્ય સ્તુતિ' કાવ્ય પરથી સમજીશું.

"સહાયકારી જો હશે, ભ્રાતા ! વિશ્વે ધૈર્ય;

તો અવશ્ય તું પામશે, શુભ શાશ્વત ઐશ્વર્ય.

ધૈર્ય રાખવું છે સદા, પયગમ્બરનો ધર્મ;

ધર્માત્મા ત્યજતા નથી, ધૈર્ય, જાણિને મર્મ.

મનની આશા ધૈર્યથી, સત્વર સફળા થાય;

ધૈર્ય વિના બીજો નથી એકે શ્રેષ્ઠ ઉપાય.

મનઃ કામનાને કરે, પૂર્ણ ધૈર્ય નિશંક;

સંતોષે તે સર્વને, હોય રાય કે રંક,
સર્વ સ્થિતિમાં ધૈર્યને, ધરવામાં છે સાર;
કારણ કે, એમાંહિ છે, રહસ્યનો ભંડાર.
ધૈર્ય મનુજના ચિત્તમાં, આશાને ઉપજાવિ;
શ્રમને આપતી થકી, લે છે શીઘ્ર બચાવે.
કૂંચી આશા દ્વારની, એક જ ધૈર્ય મનાય;
જેતા આશા દેશનો, ધૈર્ય તેમ લખાય.
ધાર્મિક તું જો હોય તો, ધૈર્યવાન પણ થાજ;
ઉતાવળ દુનિયા મહીં, છે શયતાની કાજ."[૬૪]

વ્યક્તિના જીવનમાં સત્યનું ઘણું મહત્ત્વ છે. જો વ્યક્તિ પોતાના જીવનમાં સત્યનું આચરણ કરે તો તેને ક્યારેય નીચાજોણું થતું નથી અને તેને યાદ રાખવું પડતું નથી. સાચું હોય તે જ પ્રસ્તુત કરવાનું હોવાથી વ્યક્તિ સહજ અને સરળતાથી વ્યક્ત કરી શકે છે. વ્યક્તિને સજ્જન બનાવવા માટેનો આ મહત્ત્વનો આવશ્યક ગુણ લેખાય છે. જો આ ગુણ આપણા દેશમાં દરેક નાગરિક અપનાવે તો આપણા દેશની બધી જ સમસ્યાઓ નિર્મૂળ બની જશે, તો આ સત્યનું આપણા જીવનમાં કેવું મહત્ત્વ છે અને તેના પ્રભાવથી કેવાં કેવાં પરિણામો પ્રાપ્ત થાય છે. તે આપણે 'સત્યતા' કાવ્યમાં સમજીશું.

**સત્યતા**

"મન ! યદિ ધારિ રાખે, સત્યતાને વિલાસે;
ધન બનિ તવ સાથી, મિત્ર સદ્ભાગ્ય થાશે;
નથિ દુર જરિ જાતા, સત્યથી બુદ્ધિમાનો;
થતિ ભવમાહિ કીર્તી, સત્યથી સત્ય માનો;

અરુણ ઉદગ જેવું, સત્ય જો નિત્ય બોલે;
તિમિર પટલને તે, જ્ઞાનથી માન ખોલે;
વચન યદિ ન બોલે, સત્યતા હીન બંધુ !;
તારશ સહજમાં તું, ઘોર સંસાર સિંધુ,
નહિ નહિ કંઈ સારૂં, સત્યથી વિશ્વમાંહી;
ભયકર નથિ કાંટા, સત્ય ઉદ્યાનમાંહી,
સરતિ મનુજ જે જે, સત્યતા ધારિ ચાલે;
વિભવ, સુખ વિલાસો, તો વિભૂ ભારિ આલે."[૬૫]

આપણી સંસ્કૃતિમાં ગુરુભક્તિનું વિશેષ મહત્ત્વ રહ્યું છે. આપણે આજે પુરાણો કે આપણા ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ કરીશું તો આપણને ગુરુ–શિષ્યના સંબંધો કેવા હોય છે તથા શિષ્યની ગુરુભક્તિ કેવા પ્રકારની છે. તેના ઘણાં દાખલાઓ મળી આવે છે. આપણા જીવનમાં ગુરુનું સ્થાન ઘણું મહત્ત્વનું છે. કારણ કે તે આપણને જીવનનો સાચો માર્ગ બતાવે છે. એ માર્ગ પર ચાલીને વ્યક્તિનું જીવન સુખમય અને ધન્ય બને છે. તો આવા પાવનકારી ગુરુનો મહિમા આપણી સંસ્કૃતિ છે. તે લોકો સુધી પહોંચે તે હેતુથી 'ગુરુભક્તિ' કાવ્યમાં ગુરુ પ્રત્યુનો શિષ્યનો ભાવ કેવો હોવો જોઈએ તે આપણે જોઈશું.

"ગુરુની હો કૃપા તો, કઈ ફિકર નહિં, લે મને ધારી,
નકી લેશે તુને સંસાર દરીએથી જ ઉગારી.

લિધો ન સાથે ભોમિઓ, રસ્તાથી અંજાણ
ભટકે પંથી બાપડો, ખુટે ન કેમે રાન
ખુટે નહિ રાન આ મોટું કરે શું બાપડો પ્રાણી

મળી શકે નહિં નૃપતિને, વ્હાય ન જો દરવાન
ગુરુ કૃપા વિણ કોઈ દી, મળે નહીં ભગવાન
નહિં ભગવાન મળશે લે ગુરૂ દરવાન વિણ ધારી

नाहमिज्या प्रजातिम्यां तपसोपशमेन च।
तुष्येयं सर्वभूतात्मा गुरुशुश्रुषया यथा॥

કરે કો દંભિ મિથ્યા કૃષ્ણનાં આ વાક્ય સુખકારી
બેલ હમે ગાડી તણા ગાડિ ધર્મનું જ્ઞાન
તત્વ લગામ લઈ કરે, હાકે ગુરૂ નિદાન
ગુરુ હાકે જ જે ચીલ્લે હમેં ત્યાં ચાલશું ધારી

"ગુરુ ગોવિંદ વર્હાં દો ખડે, કિનકે લાગું પાય
બલિહારી ગુરુ દેવકી, ગોવિંદ દિયો બતાય.
ગુરુ ગોવિંદથી મોટા હમેં તો વાત એ ધારી
તરવા આ સંસારને, કદી અંતરે જાણ
ગુરુ તુંબી સાથે લઈ કૂદી પડો મસ્તાન
'હરી' મસ્તાન તુંબી ના ડૂબે ના ડુબવે પ્યારી."[૬૬]

## ૨.૯ 'ગુજરાત' (વિ. સં. ૧૯૭૮) :

### ❖ 'ગુજરાત'માં પ્રકાશિત થયેલ સામાજિક લેખો :

આપણા સમાજમાં કોઈ વ્યક્તિ દુઃખી થઈને હતાશ થઈ ગયો હોય તો તેને સાંત્વના મળી રહે એ ધ્યાનમાં રાખી 'દુઃખીને' કાવ્ય લખવામાં આવ્યું છે કે જેથી સમાજ ના બીજા વ્યક્તિઓ તેમના પરથી બોધ લઈને વધારે દુઃખી ન બને.

"મઝા કૈં ઓર દુઃખે છે,
લહેજત ચાખી તું લે લે
કરી મન શાંત ને સરખુ,
અવસ્થા તારી નીરમી લે .... (૧)
મઢુલી દુઃખની મીઠી
નહીં તું તાપ સોશી લે
બધા બંધુ અહીં મળશે
હૃદય જે દુઃખથી ઠાર્યા .... (૨)
દુખીનું ચિત્ત જાણે જે
અનુભવી માનીને તે લે
કરમની છે ગતિ ન્યારી
નહીં તું દોષ કોને દે .... (૩)
તજી આશા તને ઈર્ષા
થવાનું તે થવા તું દે
મધુરી ને કટુ કરણી
હૃદય ખુલ્લે વધાવી લે .... (૪)

ધરી હૈયે નિરાંતો ને

હૃદયને તાપ તું ના દે

પ્રભુની એમ મરજી છે

ભલે, સંતોષ માની લે .... (૫)"[૬૭]

સમાજમાં જીગરથી જખ્મી થયેલા એવા પ્રેમીઓના દર્દને પણ સમાજ સમક્ષ મૂકવામાં આવ્યું છે. કારણ કે તેમના દર્દને જાણી સમાજના બીજા વ્યક્તિઓ એમના વિચારોમાં પરિવર્તન લાવી શકે તે માટે 'જીગરના જખ્મ' કાવ્યમાં પીડિત પ્રેમીઓની વ્યથાકથા વર્ણવી છે.

"મને ના પુછતા કોઈ : 'દીલે શું દર્દ થાય છે ?'

ન સમજું હું – શું સમજાવું ? કહ્યાં શું દર્દ જાયે છે ?

ન સુણનારા – જ જોનારા પુરો કોઈ ખ્યાલ પામે છે,

જીગરના જખ્મનાં દર્દો અનુભવીઓ જ જાણે છે.

ઈલાજો કૈંક અજમાવ્યા – ન કોઈ કામ આવ્યા છે,

જીગર જખ્મના હકીમો હજી તો જન્મવાના છે.

નકામા છે ઈલાજો સૌ – નકામા સૌ મલમપટ્ટા,

જીગરના જખ્મ આ ઉંડા કદાપિ ના રુઝાવાના.

બેદરકારી બતાવું છું – હસું છું દર્દની સામે,

કરું છું દર્દ ને દર્દી : ઈલાજ અક્સીર બસ એ છે."[૬૮]

❖ **'ગુજરાત'માં પ્રકાશિત થયેલ સાંસ્કૃતિક લેખો :**

ભારતીય સંસ્કૃતિમાં સંગીતનું ખૂબ મહત્ત્વ રહ્યું છે. સ્વર્ગમાં પણ દેવતાઓ સંગીત સભાઓ રચે છે. એવી વાતો પુરાણોમાં જોવા મળે છે. તેથી આપણી સંસ્કૃતિમાં સંગીતનું મહત્ત્વ ખૂબ રહ્યું છે. કારણ કે સંગીતએ વ્યક્તિને આનંદોભૂતિ કરાવે છે. તેમાં ગુજરાત રાજ્યનું સંગીત કેવું વિશિષ્ટ છે. તે વિશે જોઈશું.

"ગુર્જર સંગીત એટલે વાસ્તવિક રીતે ગુજરાતમાં જે સંગીત પ્રચલિત હોય તે. પણ એ શબ્દોનો પ્રયોગ આ લેખમાં એ અર્થમાં કરવામાં આવ્યો નથી. કારણ ગુજરાતમાં બે પ્રકારના સંગીત પ્રચલિત છે : (૧) હિંદુસ્તાની એટલે કે સાધારણ રીતે જે ઉસ્તાદી સંગીત તરીકે ઓળખાય છે તે, અને બીજું (૨) શુદ્ધ ગુજરાતી દેશ જ સંગીત, જે ગરબી, રાસડા, ભજન, પદ વગેરેમાં સમાયેલું છે તે. આ પ્રમાણે હોવાથી શુદ્ધ ગુજરાતી દેશ જ સંગીતને જ માત્ર આપણે આ લેખમાં ગુર્જર સંગીત તરીકે ઓળખશું.

ગુર્જર સંગીત હજી બાલ્યાસ્થામાં જ છે. કવિતાથી એને જુદું પાડવામાં નથી આવ્યું એટલે હજી એ કવિતાની સખી તરીકે જ વર્તે છે. સંગીત તરીકે એ કેળવાયું નથી અને તેથી એનું શસ્ત્ર પણ નથી. આ પ્રમાણે વસ્તુસ્થિતિ હોવાથી ગુર્જર સંગીતનું દ્રવ્ય, એનું વર્ગીકરણ, એના ગુણ દોષ અને એનો વિકાસ એ બાબતો સંબંધી આપણે અત્રે વિચાર કરીશું.

ગુર્જર સંગીતનું દ્રવ્ય નીચે જણાવેલે સ્થળે આપણને મળી આવે છે : ગરબી કે ગરબા, રાસડા, ધોળ, મંગલ, ભક્તિ, જ્ઞાન વૈરાગ્યનાં પદો, પ્રભાતીઆં, હાલરડાં, ગોપ ગીતો, પરજીઆ, રાજીઆ, માણભટ તથા કીર્તનકારોનાં ગીતો વગેરે. આ દ્રવ્યની આપણે સંગીતની દૃષ્ટિએ સમીક્ષા કરીશું તો આપણને જણાઈ આવશે કે હિન્દુસ્તાની

સંગીત શાસ્ત્રમાં જેમ રાગ પ્રમાણે વર્ગીકરણ કર્યું છે. તે પ્રમાણે આ દ્રવ્યનું વર્ગીકરણ એના તાલ અને સ્વરૂપ પ્રમાણે થઈ શકે એમ છે, અને તેમ કરવાનો આપણે પ્રયત્ન કરીશું. તેથી એ પ્રમાણે કરતાં આપણને જણાઈ આવશે કે ગુર્જરગીતોના મુખ્ય બે વિભાગ થઈ શકે એમ છે. (૧) ગરબી અને (૨) પદ."[૬૯]

## ✵ પાદટીપ :

૧. ‘અગ્રણી અખબારો’, (સંપા.) યાસીન દલાલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૦, પૃ. ૨૦૮

૨. એજન, પૃ. ૨૦૯

૩. ‘મુંબઈ સમાચાર’, દીપોત્સવી અંક, વિ.સં. ૨૦૦૪, પૃ. ૧૧૫

૪. એજન, પૃ. ૧૧૫

૫. એજન, પૃ. ૧૨૩

૬. એજન, વિ.સં. ૧૯૯૮, પૃ. ૧૨૯

૭. એજન, પૃ. ૧૨૯

૮. એજન, વિ.સં. ૨૦૦૩, પૃ. ૫૩

૯. એજન, પૃ. ૫૩

૧૦. એજન, પૃ. ૧૧૫

૧૧. એજન, વિ.સં. ૨૦૦૪, પૃ. ૫૫

૧૨. એજન, વિ.સં. ૨૦૧૮, પૃ. ૧૮૭

૧૩. એજન, વિ.સં. ૨૦૦૧, પૃ.

૧૪. એજન, વિ.સં. ૧૯૯૮, પૃ. ૫૭

૧૫. એજન, પૃ. ૯૧

૧૬. એજન, વિ.સં. ૨૦૦૩, પૃ. ૧૨૫

૧૭. 'સ્ત્રીબોધ', પુસ્તક–૪, જાન્યુઆરી–૧૮૬૦, અંક–૧, પૃ. ૧

૧૮. એજન, પૃ. ૨૦

૧૯. એજન, ફેબ્રુઆરી–૧૮૬૦, અંક–૨, પૃ. ૪૦

૨૦. એજન, પૃ. ૪૦

૨૧. એજન, માર્ચ–૧૮૬૦, અંક–૩, પૃ. ૬૦

૨૨. એજન, જુન–૧૮૬૦, અંક–૬, પૃ. ૧૨૦

૨૩. એજન, જાન્યુઆરી–૧૮૬૦, અંક–૧, પૃ. ૧૮૦

૨૪. એજન, નવેમ્બર–૧૮૬૦, અંક–૧૧, પૃ. ૨૧૧

૨૫. 'સ્ત્રીબોધ', પુસ્તક–૨, ડિસેમ્બર–૧૮૫૮, અંક–૧૨, પૃ. ૨૪૦

૨૬. એજન, નવેમ્બર–૧૮૫૮, અંક–૧૧, પૃ. ૨૧૬

૨૭. 'બામદાદ', પુસ્તક–૧, ઓગષ્ટ–૧૮૫૮, અંક–૨, પૃ.

૨૮. એજન, જુલાઈ–૧૮૫૮, અંક–૧, પૃ. ૧૪–૧૫

૨૯. એજન, સપ્ટેમ્બર–૧૮૫૮, અંક–૩, પૃ. ૪૦

૩૦. એજન, ઓકટોબર–૧૮૫૮, અંક–૪, પૃ. ૭૬

૩૧. એજન, નવેમ્બર–૧૮૫૮, અંક–૫, પૃ. ૮૨–૮૩

૩૨. એજન, ડિસેમ્બર–૧૮૫૮, અંક–૬, પૃ. ૧૧૦

૩૩. એજન, માર્ચ–૧૮૫૯, અંક–૯, પૃ. ૧૬૩–૧૬૪

૩૪. એજન, પૃ. ૧૭૫

૩૫. ‘બામદાદ’, પુસ્તક–૧, મે–૧૮૫૯, અંક–૧૧, પૃ. ૨૧૭–૨૧૮

૩૬. એજન, એપ્રિલ–૧૮૫૯, અંક–૧૦, પૃ. ૧૯૯–૨૦૦

૩૭. એજન, જુન–૧૮૫૯, અંક–૧૨, પૃ. ૨૫૧

૩૮. ‘સુખ દુઃખનો સાથી’, જુન–૧૮૭૮, અંક–૨, પૃ. ૪૪–૪૫

૩૯. એજન, ઓગષ્ટ–૧૮૭૮, અંક–૪, પૃ. ૮૧–૮૨

૪૦. એજન, નવેમ્બર–૧૮૭૮, અંક–૭, પૃ. ૧૫૨–૧૫૩

૪૧. એજન, ડિસેમ્બર–૧૮૭૮, અંક–૮, પૃ. ૧૮૪ થી ૧૮૭

૪૨. ‘ફુરસદ’, પુસ્તક–૧, ઓગષ્ટ–૧૮૮૧, અંક–૧, પૃ. ૧૪

૪૩. ‘ફુરસદ’, પુસ્તક–૧, ઓક્ટોબર–૧૮૮૧, અંક–૩, પૃ. ૪૧

૪૪. ‘ફુરસદ’, પુસ્તક–૧, નવેમ્બર–૧૮૮૧, અંક–૪, પૃ. ૭૬–૭૭

૪૫. ‘ફુરસદ’, પુસ્તક–૧, ડિસેમ્બર–૧૮૮૧, અંક–૫, પૃ. ૧૧૭

૪૬. ‘ફુરસદ’, પુસ્તક–૧, સપ્ટેમ્બર–૧૮૮૧, અંક–૨, પૃ. ૧૭

૪૭. ‘ફુરસદ’, પુસ્તક–૧, મે–૧૮૮૨, અંક–૧૦, પૃ. ૨૭૦

૪૮. ‘ત્રિમાસિક ટિકાકાર’, પુસ્તક–૧, કાર્તિક, વિ.સં.–૧૯૩૯, અંક–૧, પૃ. ૧

૪૯. એજન, પૃ. ૮

૫૦. એજન, પૃ. ૩૨–૩૩

૫૧. એજન, પૃ. ૩૩–૩૪

૫૨. એજન, માહા, વિ.સં.–૧૯૩૯, અંક–૨, પૃ. ૪૦–૪૧

૫૩. 'સમાલોચક', પુસ્તક–૩, જુલાઈ–૧૮૯૮, અંક–૩, પૃ. ૧૦૭–૧૦૮

૫૪. એજન, પૃ. ૧૦૫–૧૦૬

૫૫. 'સમાલોચક', પુસ્તક–૪, ઓકટોબર–૧૮૯૯, અંક–૪, પૃ. ૧૪૪

૫૬. 'સમાલોચક', પુસ્તક–૪, એપ્રિલ–૧૮૯૯, અંક–૨, પૃ. ૬૭

૫૭. 'મુસાફર', પુસ્તક–૨, ઓકટોબર–૧૯૦૪, અંક–૧, પૃ. ૧

૫૮. 'મુસાફર', પુસ્તક–૨, નવેમ્બર–૧૯૦૪, અંક–૪, પૃ. ૧૪૫–૧૪૬

૫૯. એજન, પૃ. ૧૪૭–૧૪૮

૬૦. 'મુસાફર', પુસ્તક–૨, ડિસેમ્બર–૧૯૦૪, અંક–૫, પૃ. ૧૮૭

૬૧. 'મુસાફર', પુસ્તક–૨, ફેબ્રુઆરી/માર્ચ–૧૯૦૫, અંક–૭, ૮, પૃ. ૨૪૭, ૨૪૮

૬૨. 'મુસાફર', પુસ્તક–૨, નવેમ્બર–૧૯૦૪, અંક–૪, પૃ. ૧૪૬

૬૩. એજન, પૃ. ૧૪૭

૬૪. એજન, પૃ. ૨૨૧–૨૨૨

૬૫. એજન, પૃ. ૨૨૨

૬૬. 'મુસાફર', પુસ્તક–૨, મે–૧૯૦૫, અંક–૧૦, પૃ. ૩૦૨

૬૭. 'ગુજરાત', પુસ્તક–૧, વૈશાખ, વિ.સં.–૧૯૭૮, અંક–૨, પૃ. ૮૫

૬૮. 'ગુજરાત', પુસ્તક–૧, શ્રાવણ, વિ.સં.–૧૯૭૮, અંક–૫, પૃ.

૬૯. 'ગુજરાત', પુસ્તક–૧,ચૈત્ર, વિ.સં.–૧૯૭૮, અંક–૧, પૃ. ૨૫

પ્રકરણ–૩

# સુરતનાં સમાચારપત્રો


૩.૧ પ્રાસ્તાવિક

૩.૨ ‘જ્ઞાનદીપક’ (૧૮૫૬)

૩.૩ ‘મનોદય’ (૧૮૬૦)

૩.૪ ‘ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ’ (૧૮૬૩–૧૮૯૪)

- ૩.૪.૧ ‘સૂરતમિત્ર’ (૧૮૬૩)
- ૩.૪.૨ ‘ગુજરાતમિત્ર’ (૧૮૬૪)
- ૩.૪.૩ ‘ગુજરાતદર્પણ’ (૧૮૮૮)
- ૩.૪.૪ ‘ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ’ (૧૮૯૪)નો ઇતિહાસ

૩.૫ ‘ડાંડિયો’ (૧૮૬૪)

૩.૬ ‘વિદ્યા વિલાસ’ (૧૮૬૯)

૩.૭ ‘ગુજરાત નીતિ પ્રકાશ’ (૧૮૭૦)

૩.૮ ‘વિનોદ’ (૧૯૨૧)

➪ પાદટીપ

## ૩.૧ પ્રાસ્તાવિક :

ગુજરાતી વર્તમાનપત્રોની વિકાસગાથામાં સુરતનો ફાળો માત્ર ગણનાપાત્ર નહિ, ગૌરવપ્રદ પણ છે. ગુજરાતી પત્રકારત્વના પિતા ફરદુનજી મર્ઝબાન સુરતના, તેમ ગુજરાતી વૃત્તવિવેચનના ક્ષેત્રે બીજા યુગનો પ્રારંભ કરનાર ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ પણ સુરતના સપૂત હતા. વિચારપત્ર દ્વારા સુધારાનો શંખ ફૂંકનાર કવિ નર્મદ જેમ સુરતનો તેમ 'ટેમ્પરન્સ' જેવી સમાજ પ્રવૃત્તિના પ્રચાર અર્થે વરસો પૂર્વે વિચાર પત્ર દ્વારા પગલાં માંડનાર બેજનજી કોટવાલ પણ સુરતના હતા. દેશી રજવાડાઓના પ્રશ્નોની સૌ પ્રથમ નીડર ચર્ચા કરનાર અને ત્યાંની પ્રજાની પીડાને અસરકારક વાચા આપનાર પત્રકાર દીનશાહ અરદેશર તાલ્યેરખાન પણ સુરતના જ. છેલ્લે છેલ્લે હિંદના પત્રકારત્વનો ઇતિહાસ લખનારા રતન માર્શલ પણ સુરતના. આમ કલમની કટારી રાખીને ગુજરાતને તેજસ્વિતા અર્પણ કરનારા સપૂતો સુરતના હતા. ઉપરોક્ત મહાનુભાવોના પગલે ચાલીને ગુજરાતી પત્રકારત્વમા નામના કરનાર જે કલમજીવી સુરતમાં થયાં છે તે બધાનો સમાવેશ આ સંક્ષિપ્ત લેખમાં કરવો મુશ્કેલ છે.

## ૩.૨ 'જ્ઞાનદીપક' (૧૮૫૬) :

### ❖ 'જ્ઞાનદીપક'માં પ્રકાશિત થયેલ સામાજિક લેખો :

હિંદુ સમાજમાં એક વિધવાના પુનર્વિવાહ કરવા એ સમાજમાં પાપ ગણાતું. તેથી કોઈ વિધવાના પુનર્વિવાહ થતો હોય તો સમાજમાં હોહા થઈ જતો. 'હીંદુલોકોની વીધવાના પુનરવીવાહ વીશે' નામના લેખમાં એનું વિસ્તારથી વર્ણન કરેલું છે.

"થોડા દિવસ થયા મુંબઈ આસોશીએસન નામની મંડલીના સભાસદોએ વિધવાના પુનર્વિવાહ વિષે વિવાદ કિધો. પણ તેઓ ઘણું કરીને આ ધારાને સ્થાપન

કરવા રાજી ન હતા, ને કેટલાએકને આ ધારો પસંદ આવ્યો ખરો. તેને લિધે મારા મનમાં ઘણી દલગીરી ઊપજી. એ વાત વિષે હું મારા મનના વિચારો પ્રગટ કરવા ચાંહુ છું.

હિંદુ લોકોની એક એવિ ચાલ છે કે, પોણોશો અથવા એંશી વર્ષનો પુરૂષ લગ્ન કરવાની ઈછા રાખે, ત્યારે દિકરીનાં મા બાપ તે પુરૂષની ઉમર પોતાની નજરે જોઈને દ્રવ્યના લોભે પોતાની દિકરીને તેને પરણાવે છે. એ ચાલ ઘણી અયોગ્ય છે. કારણ કે લગ્ન થયા પછી થોડા જ દીવસોમાં તે પુરૂષ મરણ પામ્યો એટલે તે છોકરી બાલરાંડ થાએ છે. ત્યારે જો તેનું મન સાબીત તથા દ્દઢ હોએ તો રંડાપાનું દુઃખ ભોગવીને શુભચાલથી આયુષ્ય પુરૂં કરે, નહીં તો એ દુઃખથી ઘણી વિધવા સ્ત્રિઓ છિનાલ થાય છે.

વલિ એક બિજી ચાલ એવિ છે કે, જ્યારે કોઈ સ્ત્રિનો ભરથાર મૃત્યુ પામે છે, ને તે બાલરાંડ થાય તો તેનું લગ્ન કરતા નથી. તેઓ એમ સમજે છે કે, જો વિધવાઓનો પુનર્વિવાહ કરીએ તો ઘણું નુકશાન થાય એટલે સ્ત્રિઓ ધણીના ઊપર ઘણો પ્રેમ નહીં કરશે, ને લાયક માન નહીં આપસે, ને કોઈ કોઈ વખત પોતાના ધણીને સોમલ દેઈને મારશે, તથા તેમનાં મન ચંચલ થશે. પણ આમાં ફક્ત બાનું છે. જેઓ એમ બોલે છે. તેઓ દસતુરના ગુલામ છે. માટે પરંપરાની ચાલ તોડવા ચાહાતા નથી. વિલાયતમાં વિધવાના પુનર્વિવાહ ચાલે છે. તો પણ મડમો પોતાના ધણીઓનો ઘાત કરતી નથી, પણ ઊલટો તેમના ઉપર વિશેષ પ્રેમ રાખે છે. ને વલી બિજું કે, જે વેદના ને દુઃખ બાલરાંડ જવાન વિધવાઓને થાય છે. તે પુરૂષોને થતાં નથી. જો એવો ધારો હોત કે, વિધવાઓએ ફરી લગન કરવું, ને જે પુરૂષ રાંડે તેણે ફરી લગન ન કરવું તો તેઓ જલદી એવું કરત કે પુરૂષે પણ ફરી લગન કરવું. જુવો, પોણોસો તથા એસી વરષનો કોઈ ઘરડો પુરૂષ હોએ ને તેની સ્ત્રિ મરણ પામી તો તે પુનર્વિવાહ કરવાની ઈચ્છા રાખે છે ને લગન કરે છે, તો વિસ એકવિસ વરસની વિધવાથી કેમ રેહેવાએ. પણ પુરૂષોના ઉપર જે દુઃખ

આવે તે જલદી ઊતારવાનો પ્રયત્ન કરે છે, પણ બાલરાંડ વિધવાઓનાં દુઃખનો કાંઈ વિચાર નથી કરતા. એ કેવી અફશોસની તથા પક્ષપાતની વાત છે."[૧]

જો હિંદુલોક આ ન્યાય ભરેલી કેહેવત પ્રમાણે ચાલે તો વિધવાઓને પુનર્વિવાહ કરવાનો અધિકાર મનાશે. "જે જે તમો ચાહો છો કે બિજા માણસ તમને કરે તેમજ તમે પણ તેમ કરો."

હવે હું મારા સ્વદેશી મિત્રોને વિનંતિ કરૂં છું કે આ મારા ટૂંકા લેખ ઊપરથી ઘણો વિચાર કરજો. ને જે હિંદુલોકોમાં માઠી ચાલ છે. તેને કહાડી નાંખવાનો પ્રયત્ન કરજો.

"અંગરેજી કેલવણી આ મુલકમાં બહુ ફેલાતી જાએ છે, એ જોઈને કેટલાએક પારશીઓ તથા હીંદુઓ બહુ ભઅભીત થઆ છે. તેઓ એવું સમજે છે કે એ કેલવણી હમારા ધરમોને વીરૂધ છે. માટે હમારા લોકોએ એ પરાપત કરવી ન જોઈએ. 'ધી પારશી રીફારમર' એવે નામે એક ગુજરાતી વરતમાન પતર મુંબઈ મધે છપાએ છે. થોડા એક દીવશ પર એ પતરના અધીપતીએ અંગ્રેજી કેલવણીથી કેવાં માઠાં ફલ નીપજશે એ બાબત કેટલીએક વાતો લખી હતી. કેટલાએક પારશીઓ જેઓ પોતાની અશલ રીતો પરમાણે ચાલવા માગે છે. તેઓ એવાં મત રાખે છે. હવે હીંદુઓનાં મત એ વીશે કેવાં છે. એ આપણે જોવું જોઈએ. એક અંગરેજી પતરનો અધીપતી જણાવે છે કે અમદનગર શેહેરમાં વીશથી તે પચીશ જવાનો જેઓ સરકારી નીશાલમાં અંગરેજી શીખે છે, તેઓ ખરીશટી ધરમ કબુલ કરવાને તઈઆર છે. આ એક અજાએબ તથા નોંધી રાખવા જોગ વાત છે. હવે જારે બરામણો તથા બીજા હીંદુઓએ એ જવાનોના વીચાર જાણા, તારે તેઓએ તતકાલ એક સભા મેલવી, ને તે શોભામાં જેમ મીશનારીઓની તેમ સરકારી નીશાલોને ઊલટું બોલઆ. તેઓએ સાફ રીતે કહી સંભલાવઊં કે ઈઊરોપ

ખંડની વીદીઆની શામા હિંદુ ધરમ કદી ટકી શકનાર નથી. એ પરમાણે ઘણી વેલા બીજા હીંદુઓએ પણ પોતાનું મત આપેલું છે."[૨]

આમ, આપણા દેશમાં અંગ્રેજી કેળવણીની શરૂઆત થઈ તો લોકોના મનમાં કેવાં કેવાં વિચારો આવે છે. કે આ કેળવણી પોતાના ધર્મને જાળવી શકશે નહિ. એનાથી હંમેશા ગેરફાયદા જ થશે. કેમકે જે વિદ્યાર્થીઓ અંગ્રેજી કેળવણી શીખવા માટે જાય છે. તેઓ પોતાના ધર્મથી વટલાઈ જાય છે. એવું માને છે. આમ, અંગ્રેજી કેળવણીની શરૂઆત અનેક વિરોધો વચ્ચે શરૂ થઈ.

❖ **'જ્ઞાનદીપક'માં પ્રકાશિત થયેલ સાંસ્કૃતિક લેખો :**

આપણે જો આપણી સંસ્કૃતિના દર્શન કરવા હોય અથવા તો સંસ્કૃતિથી માહિતગાર બનવું હોય તો આપણા દેશનું પ્રાચીન સાહિત્ય, વેદ, ઉપનિષદ, પુરાણો વગેરેનો અભ્યાસ કરવો જોઈએ. તેમાં આપણી હિંદુ સંસ્કૃતિ વિશેની સમજ આપવામાં આવી છે. આપણા દેશના લોકો આવા પુરાણોનો અભ્યાસ કરે અને આપણી સંસ્કૃતિને જાણે એ હેતુથી જુદાં જુદાં વર્તમાનપત્રમાં પુરાણો, વેદ, ઉપનિષદ વગેરે સાહિત્યનો ભાવાર્થ સમજાવવામાં આવતો એવો જ અહીં એક પુરાણ વિશેની ચર્ચા થઈ છે. 'વીશણુ પુરાણ વીશે' આ લેખ આપણે જોઈશું.

"હીંદુધર્મ શું શિખવે છે ? અને એનાં મત કેહેવાં છે ? એ સવાલો બહુ ભારે છે, ને એઓના જવાબ આપવા મહા કઠણ છે, ભારે એ ઉપરથી છે કે જે ધર્મમાં આપણે છઈએ તે ધર્મની વાતોથી આપણે વાકેફ થવું જોઈએ, નહીં તો તે ધર્મ સાથે આપણો કાંઈ સંબંધ નથી. એજ પ્રમાણે જે રાખશો હીંદુધર્મમાં છે તેઓ જો એ ધર્મના ઉપદેશો વિષય માહીતગાર નથી તો તેઓ એ ધર્મ પાલનારા છે એમ કદી કહેવાએ નહીં. જે ધર્મની વાતો

તેઓ જાણતા નથી, તે ધર્મમાં તેઓ છે, એ શા ઊપર થી કહી શકાએ ? પણ હીંદુધર્મ શું શિખવે છે, એ જાણવું કંઈ સેહેલ કામ નથી; કેમકે એ ધર્મનીરનીરાલા દેશોમાં નીરનીરાલાં મતો શિખવે છે. ગુજરાત પ્રાંતમાં એનો ઉપદેશ જે ચાલે છે તેવો જ મહારાષ્ટ્ર દેશમાં નથી ચાલતો. દક્ષિણદેશમાં જે દેવતાઓની પૂજા થાએ છે તેજ દેવતાઓ કોનકન દેશમાં નથી પૂજતા. બંગાલ દેશમાં એ ધર્મમાં મતો ચાલે છે, તે મલબાર દેશમાં ચાલતા નથી. એ પ્રમાણે એ ધર્મની વાતો જુદા જુદા દેશોમાં જુદી જુદી રીતે છે, માટે એ ધર્મ શું શિખવે છે એ બરાબર કહી શકાતું નથી. કદાચ કોઈ કેહેશે કે બ્રાહમણોને પુછો, ને તેઓ સાફ રીતે બતાવી આપશે. પણ શું બ્રાહમણોની વાતો ભુલ વિનાની છે ? જે બધી કાહાણીઓ બ્રાહમણો કાહાડે છે તે સઘળી શું હીંદુધર્મનાં નામ ઉપર ગોઠવવી ? હમે જાણીએ છે કે એવા ઘણા થોડા લોક હશે કે જેઓ બ્રાહમણોનું માન રાખવા સારૂ તેઓની કહેલી સર્વ વાતો ધર્મને નામે ગલી જશે. તેઓ એક બિજામાં કેહેવા લડે છે. ને એક બિજાને વિરૂદ્ધ કેહેવાં મત રાખે છે, એ સહુ કોઈને માલમ છે. એ રીતે છતાં હીંદુધર્મ શું શિખવે છે, એ તેઓને પુછયાથી આપણી શી પતીત થશે ! હમે તારે ફરીથી પુછીએ છઈએ કે હીંદુધર્મનો ખુલાશો આપણને કાંહાંથી થશે ? એનો જવાબ એ જ છે. કે હીંદુધર્મનો ખુલાશો હીંદુઓનાં શાસ્ત્રોથી થશે. એ શાસ્ત્રો શું કહે છે એ આપણે સાંભળવું જોઈએ. એ શાસ્ત્રો કેટલાં છે, એમ જો કોઈ પુછે, તો જાણવું કે હીંદુ લોકો બહુ કરીને એના વિભાગો બતાવે છે, એટલે ચાર વેદ, છ શાસ્ત્રો અને અઢાર પુરાણો. વલી આ રીતે પણ એના વિભાગ થાએ છે કે, ચાર વેદ, અને ચાર ઊપવેદ, છ અંગ અને ચાર ઊપાંગ."[૩]

## ૩.૩ 'મનોદય' (૧૮૬૦) :

### ❖ 'મનોદય'માં પ્રકાશિત થયેલ સામાજિક લેખો :

'મનોદય' તા. ૧લી ફેબ્રુઆરી, ૧૮૬૦ના રોજ સુરતથી પ્રકાશિત થયું હતું. તે સમયે સમાજમાં જે રૂઢિઓ ઘર કરી ગઈ હતી તેમાંથી સમાજને બહાર કાઢવો એ સમયના માસિકો, ચોપાનિયાંઓ, સમાચારપત્રોનો મુખ્ય ઉદ્દેશ રહ્યો છે. તેથી સમાજમાં કોઈ પણ ખોટી રૂઢિ ચાલતી હોય તેને લોકો સમક્ષ રજૂ કરીને તેને નાબુદ કરવાનો પ્રયત્ન આવા પત્રો કરે છે. આપણા દેશી લોકોમાં લગ્નની જે ચાલ તે સમયે ચાલતી હતી તે વિગતે દર્શાવી તેમાંથી સમાજના બીજા વ્યક્તિએ શીખવું જોઈએ એવું માનીને 'આ દેશી લોકોના લગ્ન કરવાનાં વૃત્તાંતઃ' નામના લેખમાં એ રૂઢિને દર્શાવવામાં આવી છે.

**(૧) પ્રથમ ચાલ :**

"પેહલી ચાલ હેવી છે કે કેટલા એક છોકરાઓનાં મા–બાપ પાંચ કીયા છ વરસનો છોકરો અને છોકરીના લગ્ન કરે છે. તે સમયે છોકરાને ઈસાને છોકરીને કાઈ પણ સમજ હોતી નથી. કેટલે એક દહાડે તે છોકરા મોહોટાં થાએ છે. તેવામાં જો તે છોકરો વિદ્યાએ અને સ્વભાવે સારો નીકળ્યો અને છોકરીનો સ્વભાવ પણ તેજ પ્રમાણે પ્રામાણિક નીકલ્યો તો ઉભયતાની જોડી એક સરખી મલતી આવે છે. ને પરસ્પર પ્રીતિ કરી વાતચીત કરે છે."[૪]

**(૨) બીજી ચાલ :**

"બીજી ચાલ હેવી છે કે મા–બાપ પાસે પઈશો નહીં હોએ, એટલે પોતાની છોકરી બીજાના છોકરા સાથે આપે અને તેની છોકરીનાં લગ્ન પોતાના છોકરા સાથે કરે

તે લગ્નને સાટા પાટુ કરીને કેહે છે. એ પ્રકારના લગ્ન કરવાં એ પણ ઘણું જ અઘટીત છે. કારણ કે છોકરીનાં સાસુ સસરાએ કાંઈ ઈજા દીધી એટલે તે છોકરી પોતાના મા–બાપને આવીને કેહે કે માહારાં સાસુ સસરો મને ઘણું દુઃખ દે છે. તે વારે તેનાં મા, બાપ પોતાની છોકરીનું દુઃખ દુર કરાવાને સારૂં વગર કારણે સાંમાની છોકરીને ઈજા દેએ છે. એ રીતીએ તે બેઉ છોકરીઓને જન્મ પર્યઅંત દુઃખ ભોગવવું પડે છે."[૫]

## (૩) ત્રીજી ચાલ :

"ત્રીજી ચાલ હેવી છે કે કેટલા એક લોકો તે સમયે છોકરીના વર પાસે અથવા છોકરાના સાસુ સસરા પાસે પઈશા ખાવાને લે છે. હાય હાય આ ચાલ કેવી અઘટીત છે કે નકારી ચાલના માણસોને પઈશાની લાલચને સારૂં. પોતાની છોકરીને વેચે છે એ કેવું અનર્થનું કામ છે. કેમ કે પરમેશ્વરે કૃપા કરી આપણને સંતતી આપી તેનું આપણે હાથે જેટલું ભલું થાએ તેટલું કરવું જોઈએ. તે નકરતા જે પ્રમાણે પશુને બજારમાં વેચે છે. તેમ પોતાના પેટની છોકરીને વેચી પઈસા લે છે. એ પ્રકારના અધરમ કરનારને પરમેશ્વર શું શિક્ષા કરશે તે હમારાથી સમજાતું નથી."[૬]

## (૪) ચોથી ચાલ :

"ચોથી ચાલ હેવી છે કે કેટલા એ સહસ્થ ગરીબ છતાં પોતાની છોકરીને માતબરને ઘેર આપવાને સારૂં પ્રયત્ન કરે છે. તેથી અને પ્રકારનાં સંકટો પ્રાપ્ત થાએ છે તે હેવાં કે તે વેહેવાઈને ચાકડાના રૂપીઆ કેટલા એક હુંડી આપવી પડે છે અને વેવાણ વેવાઈ વિગેરે બીજા સગાં વાહાલાઓના મન પ્રસંન કરવાંને સારૂં ઊંચા વસ્ત્રો તથા નાંહાંના પ્રકારનાં અલંકાર આપવા પડે છે. એ વિગેરે અત્યંત ખરચ થાએ છે. તેણે કરીને

છોકરીના બાપને ઘણું જ કરજ થાએ તેથી તેણે કરીને તે જન્મ પરીયંત દુઃખમાં ગીરફતાર રેહે છે. અને છોકરીના સાસુ સસરો તથા વર ગરીબની છોકરી જાણીને ઘણું દુઃખ દે છે. એ વાસ્તે સરવે જને આપણાં બરોબરી સહસ્થ જોઈને તથા પોતાનું સંગ્રહ કરેલું દ્રવ્ય કેટલું છે તેનો વિચાર કરીને પોતાની છોકરીનાં લગ્ન કરવાં એટલે એવી રીતનાં સંકટો કદાપી પ્રાપ્ત થાએ નહીં. અને છોકરીને પણ દુઃખ ભોગવવું પડશે નહીં."[૭]

**(૫) પાંચમી ચાલ :**

"પાંચમી ચાલ હેવી છે કે લગ્નના સમયે ઘણું કરીને વ્યર્થ ખરચ કરે છે. તે અનુક્રમે લખું છું.

જે ઠેકાણે લગ્ન કરવાં હોએ છે તે જગ્યા ઉપર હજારો રૂપીઆ ખરચીને મોહોટો મંડપ બાંધે છે અને રોકડો તાંસાઓની જોડ તથા બીજાં નાહાંના પ્રકારનાં વાજીંત્રની જોડ આઠ દસ દીવસ પરીયંત ચાકરીએ પઈશા પઠી રાખે છે અને તે સરવ વાજાં વાગવા લાગે છે તે સમયે ભયંકાર શબ્દ એવો તો ઊતપન થાએ છે કે આજુબાજુના લોકોના અંતઃકરણ કંપાએમાન થઈ ત્રાશ પામે છે અને રસ્તે જનારા લોકોનાં બેસવાનાં ઘોડા અને ગાડીએ જોડેલા બળદો ભડકે છે. તેણે કરીને તે ઉપર બેસનાર લોકો નીચે પડે છે ને કેટલાએકની ગાડી ઊથલી પડે છે. તે સંકટે કરીને કોઈનાં જીવની પણ હાની થાએ છે ને તેના પ્રાણ પણ જાએ છે એ વાત સરવ લોકો પોતાની નજરે પ્રતક્ષ જુવે છે. પણ એ અનર્થની ચાલ છોડતા નથી. ને એ વાત પર પરમ દઆલુ સરકારે ધ્યાન આપવું જોઈએ."[૮]

સમાજમાં જુવો રમવો એ ખરાબ આદત છે. એવું માનવામાં આવે છે. જુવાને કારણે કેટલાએ લોકો પોતાના ઘરબાર અને ધનસંપત્તિ ગુમાવીને ભીખારી બને છે. જેઓ જુવા રમે છે. તેઓએ આ પરથી બોધ લઈને પોતાની બુરી આદતને છોડવી જોઈએ.

એવા હેતુ સાથે જુવો રમતા લોકોની કેવી હાલત થાય છે. તે વૃત્તાંત વર્ણવવામાં આવ્યો છે. કે જેથી લોકો તેમાંથી બોધ મેળવીને તે ખોટી આદતના શિકાર ન બને અને પોતાના જીવનને સમૃદ્ધ અને સુરક્ષિત બનાવે 'જુવાખોર લોકોનું વૃત્તાંત' લેખમાં જુવો રમતા લોકોની કેવી પરિસ્થિતિ થાય છે. તે વિગતે જોઈશું.

"અજ્ઞાની લોકો ઘણું કરીને સરવ દેશોમાં જુવો રમે છે. પરંતુ તે લોકો વિચાર કરીને જોશે તો, જુવો રમવું એ ઘણું જ નાશકારક તથા અનર્થ ભરેલું કામ છે. એહેવું સ્પષ્ટ ધ્યાનમાં આવશે. જુવો કે એ દુરાચરણથી પોતાની સર્વ સંપતીનો નાશ થાએ છે. એ વાત લોકો પોતાની નજરે પ્રત્યક્ષ જુએ છે તે છતાં એ દુર્વ્યસનમાં સર્વકાલ લબ્ધ થઈ. પોતાની સર્વ સંપતીનો નાશ કરે છે. એ વાસ્તે હમો જગતનાં કર્તા જે પરમેશ્વર જે લોકો હાવા દુર્વ્યસનમાં બુડેલા હશે. તેઓના ઉપર કૃપા કરી એ નાશકારક વ્યસનથી દુર કર, શાંતી, ક્ષમા, દયા, વિવેક ઈત્યાદિ ગુણોનો સંગ્રહ કર, કે હાવાં નઠારાં કામનો પશ્ચાતીફ કરી પ્રમાણી કથાએ જે જગતમાં પ્રતિષ્ટિત કેહેવાએ."[૯]

સમાજમાં રાત્રિના સમયે કોઈપણ વ્યક્તિ બહાર જતાં ડરતી હતી. કારણ કે સમાજમાં એવી વાતો વહેતી થઈ હતી કે ગામમાં રાત્રિના સમયે ભૂતનો ડર રહે છે. તેથી મોટાભાગના લોકો રાત્રિના સમયે બહાર જતાં ડરતા હતા. તેવા વહેમને દૂર કરવા માટે 'ભૂતના વહેમ વિશે' લેખમાં લોકો ભૂત વિશે કેવા કેવા તર્ક કરે છે, તે આ લેખમાં દર્શાવ્યું છે. જુઓ ....

"અચરજ જેથી ઊપજે, દેખી તે દેખાવ
લોગો જાણે ભૂત છે, તેથી આવે તાવ."

"એક ભરૂસાદાર માણસે વાત કરી કે રાતની વખતે એક ગામ જતાં હું રસ્તામાં એક જગાએ નીચે બેઠી ત્યાં કોઈ દેવનું સ્થાનક હતું. પછી ઝાડ ઉપરથી આગનો ગોળો

પ ો. તેના તનખા તનખા થઈને વેરાઈ ગઆ. તે જોઈને મેં જાણું કે આ ઝાડમાં ભૂત રેહે છે. પણ મને માહારા ઈષ્ટદેવનો પક્કો ભરોસો છે તેથી મને તે ભૂત કાંઈ કરી સકનાર નથી. એવું ધારી હિંમત રાખીને તાંહાંથી હું ચાલતો થઓ.

એ વાત અસંભવિત જેવી સાંભળી ત્યારે સાચી માનવામાં આવી નહતી. પણ વિદ્વાનોની સોબતથી માલમ પ ું કે હાડકામાં ફોસફોરસ પદાર્થ રહે છે. તેની સાથે હવાનો બરાબર સબંધ થયેથી ભડકો થતો હોય એવું દેખાય છે. માટે તે ઝાડ ઊપર પંખીના માળામાં હાડકું હશે. તે એ વખતે હેઠું પડીને કટકા કટકા થઈ ગયું હશે. તેથી હાડકું તે અગ્નિના ગોળા જેવું લાગ્યું હશે. અને તેના કટકા તે તનખા તનખા જેવા લાગ્યા હશે. પણ તે જોઈને એ માણસના મનમાં હિંમત રહી ન હોત, અને થડક લાગી હોત તો તેને ભૂતનાં વળગાડની પીડા પેદા થાત અને ઘણી હેરાન થાત. માટે હરેક માણસે એવો કોઈ તરેહનો ચમત્કારિક બનાવ જોઈને બીહીવું નહીં. હીંમત રાખીને તપાસ કરવો અથવા વિદ્વાનોને પુછીને ખુલાસો કરવો."[૧૦]

વ્યક્તિ કોઈ પણ પ્રકારનો નશો કરે જેવો કે તમાકુ, દારૂ, અફીણ, ગાંજો વગેરે પરંતુ તે દરેક કેફ નુકશાનકારક છે. તેનાથી લોકોને ઘણી વ્યાધિ ઉત્પન્ન થાય છે. તે 'કેફ વિશે' નામના લેખમાં દર્શાવ્યું છે.

"દારૂ, ભાંગ, ગાંજો, અફીણ, ઈઆકુદી, માહાજમ ઈત્યાદી પદાર્થ ખાધા–પીધાથી અનેક પ્રકારના વ્યાદીઓ પેદા થાઅ છે. ને તેણે કરીને માણસના અમુલ્ય જીવની હાની થાઅ છે તે અનુક્રમે લખું છું :

ઘણો દારૂ પીધાથી માણસનું રુદય ફાટી જાએ તેણે કરીને મરણ પામે છે.

ભાંગ પીધાથી ચીત્ત ભ્રમવાયુ થાએ તેણે કરીને મરણ થાએ છે.

ગાંજો પીધાથી કલેજુ બલી જાએ તેણે કરીને મરણ પામે છે.

અફીણ ખાધાથી તમામ શરીરનું રૂધીર સોશન થાએ તેણે કરીને મરણ થાએ છે.

ઈઆકુદી તથા માહાજમ ખાધાથી ઉન્મત વાયુ થાએ તેણે કરીને મરણ પામે છે.

કેફ કરવાનું પરીણામ આવુ નીપજે છે અને તેઓ અકાળ મૃત્યુ પામે છે તે નજરે જોઆ છતાં પોતાના દીલમાં કાઈ વીચાર કરતા નથી ને બીજે બીજે તો એક બીજાને આ રીતથી કહે છે કે, "ચલુ ચલુ સાથેગા તો દ્વારે હાથ્થી બાંધેગા" એ રીતે કેફમાં ગરકાવ થાએ ને તેનો પુરો નશો ચહડે તે વખત તેને કંઈ સુધ રેહતી નથી ને ઘરમાં આવી તોફાન કરે ને પોતાના કુટુંબના માણસોને અથવા તે સમય જે કોઈ માણસ મોહ આગલ આવે તેને લાખો લાખ ગાલી દે છે અને તે સાંભળે એમ જાણે છે કે આ વખતે પરમેશ્વર તે હું, મારાથી મોહોટો બીજો નથી પછી કેફ ઊતરે તે વારે પેલા લોકો મુર્ખ બનવાનો સરપાવ આપે તે વખતે સરમંદો થાએ."[૧૧]

ઘણા લોકો એવા હોય છે કે તેઓ કોઈ કામધંધો કરતા નથી અને નવરા બેસી રહે છે. તેઓ આમ–તેમ બેસીને ઘણા લોકોની વાતો કર્યા કરતા હોય છે. તેઓની વાતમાં સાચુ તથ્ય કશું હોતું નથી. પરંતુ તેઓ લોકોમાં ઝઘડાઓ કરાવી મૂકે છે અને આમ સમાજમાં દૂષણ ફેલાવાનું કાર્ય કરે છે. તો આવા લોકોથી ચેતવા માટે 'નવરૂ બેઠું નખોદ ઘાલે' લેખમાં આવા લોકોનો વૃત્તાંત રજૂ થયો છે. તેમની વૃત્તિ કેવી હોય છે અને તેવા લોકોથી સજ્જન વ્યક્તિએ બચીને રહેવું જોઈએ.

"જે માણસ કામકાજ સીવાય નવરૂં બેસી રેહે છે. તેના મનમાં ખોટા વીચારો એકદમ ઉત્પન્ન થાએ છે, તેથી તે પોતાને અને બીજાને નુકશાન કરનારૂં થઈ પડે છે. કામ ધંધો મળે નહીં એટલે બેચાર મળીને લોકોની નીંદા અને નાગી કુથલી કરવા મંડી

જાએ છે તેથી ઘણા જણાના દુશમન થાએ છે. કોઈ તેમને ચાહે તો સામા પણ દાડીઆની પદવી આથી ધીક્કાર કરે છે. પોતાના ઘરમાં પણ કંકાસ થાએ છે. જો તે પુરૂષ હોય તો એક પઈ કમાઈ લાવે નહીં, એટલા તેના ઘરના સર્વ માણસ તેને ચુંટી ખાએ છે. ગપ્પામાંથી પરવારીને ખાવા સારૂ વખતસર આવે નહીં તો તેની કોઈ વાટ જોતું નથી. સર્વ માણસ ઝટોઝટ જમવા સારૂં બેસી જાએ છે. ને ભાઈઓ સારૂં ઢાંકી મુકે છે. જારે ટોળુમાંથી પરવારીને ઘેર આવે છે, તારે નાહાના છોકરાંથી તે મોહોટા સુધી સરવ તેને વીંટાઈને મારવા મંડી જાએ છે. તેથી તે બાહુક જેવો ઘાબરો બને છે. આખા દાહાડામાં નાયો હોય નહીં, માટે નાહાવાનું લફરું કાહાડવા સારું ઊનું પાણી હોય તો તે, નીકર ટાહાડે પાણીએ નાહાવું અને ઓસીયાળો રોટલો ખાય. ખાતી વખતે પણ ઘરના માણસોને કકલાટ ભરી જ હોય, તેથી ખાધું ન ખાધું કરીને ઊઠે એટલામાં તો કોઈની સાથે કજીઓ થયો હોય તે ફરીઆદ કરતું આવે જ એટલે પછી જોઈ લો સોભા આવી રીતે આડ છે. થયાથી મનમાં ઘણી કકળાટ થાય તેથી તેમાંથી છુટવાના ઘાટ ઘડે. ગમે તો લંગોટ મારી ગોસાઈ થવું ધારે, ગમે તો એકાંતનો કુવો તપાસે છે, કે ગમે તો એમનું એમ દેશાવર ખાતે ગોફણના ગોળાની પેઠે જાય, તે કંઈ જ ઠેકાણે પડે નહીં. આખરે એમનું એમ ટીચાયને મરી જાએ."[૧૨]

❖ **'મનોદય'માં પ્રકાશિત થયેલ સાંસ્કૃતિક લેખો :**

ભારતીય સંસ્કૃતિમાં સત્યને વિશેષ મહત્ત્વ આપ્યું છે. આપણા દેશમાં થઈ ગયેલી મહાન વિભૂતિઓએ પણ સત્યને પ્રાધાન્ય આપ્યું છે. તેમાં, મહાવીર, ગાંધીજી, વિવેકાનંદ જેવી મહાન વિભૂતિનો ફાળો રહ્યો છે. તો લોકોમાં પણ સત્યનો ફેલાવો થાય અને તેને જીવનમાં અપનાવી સુખી બને એ હેતુથી 'ન્યાય પ્રકરણમાં અસત્ય બોલ્યાથી

કેવા અનર્થો થાય છે તથા સત્ય થકી કેવા લાભ થાય છે એ વિશે'ના લેખમાં સત્યથી થતા ફાયદા અને અસત્યથી થતા ગેરફાયદા વર્ણવવામાં આવ્યા છે. તે આપણે જોઈશું.

"ન્યાય એટલે સત્ય અસત્ય એ વિશેનો વિચાર કરીને જે પક્ષ ખરો હશે તેની તરફથી ન્યાય ઠરાવીને તેને વ્યાજબી હક આપવો અને એ વાતમાં જો કોઈ કપટ ભાવ કરવા લાગ્યો તો તેના દુરાચરણનું વર્ણન શું કરીએ. ન્યાય કરનારો જે ન્યાયધિશ તેને ઈનસાફ કરવાને આધાર સાક્ષી છે, અને તે જે સાક્ષીદાર જો જુઠા હોએ તો ન્યાયાધિશે ઈનસાફ કેમ કરવો. ખોટા સાક્ષીદારો એક વાત ખોટી કરી દેખાડવા સારૂં બીજી પાંચ પચીસ વાતો ખોટી કેહે છે. તેથી સત્ય ઢંકાઈ જાએ. વાસતે ન્યાયાધિશને કીઓ પક્ષ ખરો અને કીઓ ખોટો એ ઠરાવવાને વાસતે ઘણી જ મેહેનત પડે છે. કોઈ વખત હેવું પણ થાય કે ખરો પક્ષ ખોટો થાય છે અને ખોટો ખરો થાય છે. એવે પ્રસંગે ન્યાયાધિશનો કંઈ દોષ નથી. એ બધો દોષ સાક્ષીવાલાઓને લાગે છે. માટે ખોટી સાક્ષી પુરવી એ મોટું પાતક છે. એ બધા લોકોનાં શાસ્ત્રોમાં લખેલું છે. હિંદુશાસ્ત્રમાં એમ લખેલું છે કે જે ખોટી સાક્ષી પુરે તે પોતાના પૂર્વજ સહીત નર્કમાં જાએ છે. ખરીસ્તી સાસ્ત્રમાં પણ એ કર્મનો નિષેધ કરે છે. તેમ એમ કહેલું છે કે તું ખોટી સાક્ષી પુરતો નાં એ ઉપરથી ખોટી સાક્ષી પુરવી એ કેટલું પાપ છે. તે સેહેજ ધ્યાનમાં આવે."[૧૩]

ભારતીય સંસ્કૃતિ પ્રમાણે સ્ત્રીનું મહત્ત્વનું કાર્ય ઘર સાચવવાનું છે. ઘરના લોકોને સાચવવાનું છે. બાળઉછેરનું કાર્ય, તેમને યોગ્ય સંસ્કાર આપી તેને એક સજ્જન વ્યક્તિ બનાવવાનું છે. તેથી સ્ત્રીના ધર્મ ક્યાં ક્યાં હોવા જોઈએ તેની વાત વિગતે ચર્ચી છે. તે નીચે મુજબ છે :

"સ્ત્રીએ બાલ્ય અવસ્થામાં પીતાના ઘરમાં રહી એકાદશ વર્ષ પર્યુંત વિદીઆ અભ્યાસ કરવો. અને ઘરનાં સઘલાં કામ શીખ્યા પછી સાસરે જાય તો તેને કાંઈ પણ કામ

કઠીણ ન પડે અને પ્રતિષ્ઠિત થાએ. માતા પીતાએ કન્યાને સર્વથા લાડ ન લડાવવું અને લખવા વાંચવા વિગેરે કલા કૌશલ્ય શીખવવું. હવે ભરતારને ઘેર રહી ઘરનાં કામકાજ શી રીતે સંપાદન કરવાં તથા હારીને વરતવું અને ભરતારના ઘરનાં સરવ મનુષ્યની સાથે શી રીતે વરતવું. એ સઘળી ચતુરાઈ શીખવી એ જ સ્ત્રીઓનું મુખ્ય લક્ષણ છે."[૧૪]

## ૩.૪ ‘ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ’ (૧૮૬૩–૧૮૯૪) :

### ૩.૨.૧ ‘સૂરતમિત્ર’ (૧૮૬૩) :

ઈચ્છારામ સૂર્યરામ દેસાઈના ‘સ્વતંત્રતા’નો વિસ્તાર છે પણ તે વિગત એટલેથી જ અટકે કે તેમનું પત્ર વિચારપત્ર હતું. એજ પ્રમાણે બીજા વિચારપત્રો સામયિકોનો ઉલ્લેખ ન કરીએ અને માત્ર વૃત્તપત્રો વિશે જ ટૂંકમાં જોઈએ તો સૂરતમાં વર્તમાનપત્રોનો પાયો મજબુત હતો. સૂરતમાં દીનશાહ અરદેશર તાલેયરખાને તા.૧૩–૯–૧૮૬૩ થી દર રવિવારે ‘સૂરતમિત્ર’ નામનું સાપ્તાહિક શરૂ કર્યું. નામ પ્રમાણે તેમાં સુરતના સમાચાર અપાતા. સૂરતના જ પ્રશ્નો ચર્ચાતા. અનુભવથી પત્રનું કાર્યક્ષેત્ર વિશાળ કરવાને તા. ૧૧–૯–૧૮૬૪ થી તેમણે પત્રનું નામ ‘ગુજરાતમિત્ર’ રાખ્યું.

### ૩.૨.૨ ‘ગુજરાતમિત્ર’ (૧૮૬૪) :

ઈ.સ. ૧૮૬૩ની ૧૩મી સપ્ટેમ્બરે ‘ગુજરાતમિત્ર’ પહેલ વહેલું સાપ્તાહિક સ્વરૂપે પ્રગટ થયું ત્યારે તેનું નામ ‘સૂરતમિત્ર’ હતું. ‘ગુજરાતમિત્ર’ નામ તો તેણે લગભગ એક વર્ષ પછી એટલે કે ઈ.સ. ૧૮૬૪ની ૧૧મી સપ્ટેમ્બરે અપનાવ્યું. ‘ગુજરાતમિત્ર’નો જન્મ થયો ત્યારે મહાત્મા ગાંધીજી હજી ભારતની ભૂમિ પર જન્મ્યા નહોતા. કવિ નર્મદની કીર્તિનો સૂર્ય મધ્યાહન તપી રહ્યો હતો. ઈન્ડિયન નેશનલ કોંગ્રેસની સ્થાપનાને પણ હજી બાવીસ વર્ષની વાર હતી. પણ ભારતભૂમિ પર નવયુગનું પરોઢ થવાના અણસાર વર્તાઈ રહ્યા હતા. ઈ.સ. ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામ પછી માત્ર પાંચ વર્ષે જ ‘ગુજરાતમિત્ર’નો જન્મ થયો એ હકીકત પણ ઐતિહાસિક પરિણામ ધરાવે છે. ૧૯મી સદી ત્યારે તેના છેલ્લા ચરણમાં હતી અને ૨૦મી સદીનો અરુણોદય ૩૭ વર્ષ છેટો હતો. આજે ૨૧મી સદીનું બ્રહ્મમુહૂર્ત માત્ર બાર વર્ષ વેગળું છે ત્યારે

'ગુજરાતમિત્ર' તેના સાર્થક અને ભાતીગળ અસ્તિત્વનાં ૧૨૫ વર્ષ પૂરાં કરી ચૂક્યું હતું. 'ગુજરાતમિત્ર'એ ૧૯મી અને ૨૦મી સદીઓ જોઈ છે અને ૨૧મી સદી પણ જોઈ શકશે એવો દૃઢ વિશ્વાસ છે.

સવાસો વર્ષ ! માણસો તો હવે ભાગ્યે એટલું ટકે છે પણ સંસ્થાઓ આટલું કે તેથી વધારે આયુષ્ય ભોગવે છે ખરી ? તેમાંયે એક વર્તમાનપત્ર સવાસો વર્ષના આયુષ્યકાળને વટાવી જઈને વધારે ઉત્સાહ, શ્રદ્ધા તથા સજ્જતા સહિત આગળ વધતું રહે તે ઘટના સુભગ લેખાવી જોઈએ. 'મુંબઈ સમાચાર' તો ૧૬૦ વર્ષ કરતાંયે વધારે જૂનું છે. 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' હાલમાં તેની દોઢસોમી જંયતિ ઊજવી રહ્યું છે. અસ્તિત્વનાં સવાસો વર્ષ પૂરાં કરી ચૂકેલું 'ગુજરાતમિત્ર' એ સર્વની લગભગ જોડાજોડ છે. કુદરતની આ અસીમ કૃપા નહિ તો બીજું શું ?

ઈ.સ. ૧૮૬૩માં 'સુરતમિત્ર'નું મંગલાચરણ થયું ત્યારે તેના સ્થાપક હતા દીનશા અરદેશર તાલિયારખાન. તેઓ જ તેના તંત્રી પણ હતા. 'સૂરતમિત્ર' દર રવિવારે પ્રગટ થતું. દીનશા તાલિયારખાન સુરતના મશહૂર અરદેશર કોટવાલના કુટુંબીજન થતા હતાં. તેઓ નીડર પત્રકાર હતા. ૧૮૬૪માં 'સૂરતમિત્ર'નું નામ બદલાયું અને તે 'ગુજરાતમિત્ર' બન્યું. દીનશા તાલિયારખાને નિર્ભીક પત્રકારત્વની પ્રણાલિકા ત્યારથી જ પાડી હતી. એ વખતના સુરતના અંગ્રેજ કલેકટર ટી. સી. હોપના ગેરવહીવટ સામે તેમણે 'ગુજરાતમિત્ર'માં જેહાદ જગાવી હતી. તેમની જેહાદમાં સત્યનો એવો રણકો હતો કે ખુદ હોપ પણ દર રવિવારે સવારે પહેલું કામ 'ગુજરાતમિત્ર'ના અંગ્રેજી ભાષામાં લખાએલા તંત્રીલેખો વાંચી જવાનું કરતા ! દીનશા તાલિયારખાન અને 'ગુજરાતમિત્ર'ને એમની આ તેજસ્વિતા બદલ 'કલકત્તા રિવ્યૂ' અને 'બોમ્બે રિવ્યૂ' એ ખાસ પ્રશંસાપૂર્ણ અંજલિ આપી હતી. તેમાં તેમણે 'ગુજરાતમિત્ર'ની તટસ્થતાનાં વખાણ

કર્યા હતાં. 'ગુજરાતમિત્ર'ની હવે તો વિખ્યાત બની ચૂકેલી તટસ્થતા અને નીડરતાનાં મૂળ આમ આટલાં જૂનાં અને ઊંડાં છે.

એક રીતે જોઈએ તો 'ગુજરાતમિત્ર' વીર કવિ નર્મદના વિખ્યાત પત્ર 'ડાંડિયો'નું પણ પુરોગામી હતું, કેમકે ૧૮૬૩માં પ્રગટેલું 'સૂરતમિત્ર' ૧૮૬૪ના સપ્ટેમ્બરમાં 'ગુજરાતમિત્ર' બન્યું તે પછી ૧૮૬૪માં કવિ નર્મદે 'ડાંડિયો' શરૂ કરેલું ! એક માહિતી તો એવી પણ છે કે ખુદ નર્મદ પણ ક્યારેક 'ગુજરાતમિત્ર'માં લખતા હતા ! 'ગુજરાતમિત્ર'નું આ મોટું સદ્‌ભાગ્ય જ લેખાય.

### ૩.૨.૩ **'ગુજરાતદર્પણ' (૧૮૮૮) :**

'ગુજરાતમિત્ર' સાથે 'ગુજરાતદર્પણ' કઈ રીતે જોડાયું તેનો પણ નાનકડો ઇતિહાસ છે. બનેલું એમ કે હરિ હર્ષદ ધ્રુવ અને જેકિશનદાસ લલ્લુભાઈ જેવા તે સમયના સાહિત્યકારોએ ૧–૪–૧૮૮૮ થી 'ગુજરાતદર્પણ' નામનું પખવાડિક શરૂ કરેલું, પણ તે કાંઈ ખાસ ટક્યું નહિ અને ૧૯–૮–૧૮૯૪ ના રોજ તે 'ગુજરાતમિત્ર' સાથે જોડાઈ ગયું. ત્યારથી 'ગુજરાતમિત્ર તથા ગુજરાત દર્પણ' એવું પુરું નામ આ પત્રને મળ્યું. વળી સાહિત્ય અને સાહિત્યકારો સાથેનો 'ગુજરાતમિત્ર'નો નાતો પણ કવિ નર્મદ અને હરિ હર્ષદ ધ્રુવ સાથેના સંબંધ જેટલો જૂનો છે. હરિ ધ્રુવ 'ગુજરાતમિત્ર' સાપ્તાહિકમાં નિયમિતપણે લખતા.

દીનશા અરદેશર તાલિયારખાને 'ગુજરાતમિત્ર' દ્વારા જે પત્રકારચર્યા આરંભી તેણે ગુજરાતનું જ નહિ, દેશવ્યાપી ધ્યાન ખેંચેલું. તા.૧૫–૧૦–૧૮૭૯ના 'બોમ્બે રિવ્યૂ'માં તેને વિશે આ શબ્દો લખાયા હતા : "Mr. Dishah's persistent and manly exposure of the native states of sachin, Dharampore, Kathiawar

and even Baroda, has resulted in much public good and his waging war single handed against such fearful odds is in itself indicative of the moral stamina he possesses. We hardly know of a journalist of western India who is his better in perseverance and devotion."[૧૫]

વાત સાચી છે. દેશી રજવાડાંઓની પ્રજાની તે વખતની પારાવાર પીડાઓને વાચા આપનાર 'ગુજરાતમિત્ર' તે વખતનું સૂરત કે ગુજરાતનું જ નહિ, સમગ્ર પશ્ચિમ ભારતનું પહેલું અખબાર હતું. ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસના પ્રખર અભ્યાસી ડૉ. રતન માર્શલ આ સંબંધે લખે છે : "'ગુજરાતમિત્ર' અને દીનશા તાલિયારખાનના યાદગાર જંગ વિના મલ્હારરાવ ગાયકવાડનો રાજઅમલ ટુંકાયો ન હોત, વડોદરાને સયાજીરાવ ગાયકવાડ જેવા પ્રજાવત્સલ રાજવી ન મળ્યા હોત અને તેમના સમયમાં વડોદરાનો જે સર્વાંગી વિકાસ થયો તે બહોળો ન થયો હોત !"[૧૬]

ડૉ. માર્શલ સવાશતાબ્દી પહેલાં 'ગુજરાતમિત્ર' સાપ્તાહિકની સ્થાપના કરનાર અને તેના પ્રથમ તંત્રી દીનશા વિશે લખે છે : "દીનશાહ તાલિયારખાન અજનબી માટીનો માનવી હતો. આમ તો એ શહેર સુધરાઈનો એક અધિકારી હતો.... પ્રજાની પીડાઓને દૂર કરવા સતત ખંતીલો અધિકારી. આ દિશામાના પોતાના પ્રયત્નોને ધારી સફળતા ન મળવાને કારણે યા ગમે તે કારણે દીનશાહે આ ક્ષેત્ર વહેલું છોડી દઈ પ્રજાસેવાનું બીજું શસ્ત્ર હાથમાં લીધું. આ શસ્ત્ર તે 'સૂરતમિત્ર' .... સ્થાનિક પ્રશ્નો પર દીનશાહની ભારે પકડ હતી. અંગ્રેજી ભાષા ઉપર એમનો સારો કાબૂ હતો. પોતાના ગુજરાતી પત્રની અંગ્રેજી કટારોમાં શહેરના પ્રશ્નોની એ જે રીતે ચર્ચા કરતા તેની સારી અસર પ્રજા ભેગા સત્તાધીશોમાં થતી."[૧૭]

ઈ.સ. ૧૮૭૦માં તાલિયારખાને નાદુરસ્ત તબિયતને કારણે નિવૃત્તિ લીધી, પણ 'ગુજરાતમિત્ર' સાથેનો સંબંધ ચાલુ રાખ્યો. પંદર જણાની કંપનીને આ પત્ર વેચવામાં આવ્યું. એમાંના એક કીકાભાઈ પરભુદાસ પત્રના તંત્રી નિમાયેલા. એમના મિત્ર મંદારામ ઘેલાભાઈ, ત્યારનો સમય વિચારતાં ઘણી કડક કહેવાય એવી ભાષામાં પ્રજાના પ્રશ્નો એમાં ચર્ચતા. તે સમયે સુધરાઈના વેશમાં કરાયેલા વધારાનો 'ગુજરાતમિત્ર'એ સખત વિરોધ કર્યો હતો. મીઠાવેરા સામે દેશભરમાં પહેલવહેલો વિરોધ કરનાર 'ગુજરાતમિત્ર' હતું.

એ જ સમયગાળામાં સૂરતમાં હુલ્લડો થયાં. તે દબાવવામાં નિષ્ફળ ગયેલા અંગ્રેજ સત્તાધીશોએ 'ગુજરાતમિત્ર'નાં કડક લખાણોને તેને માટે જવાબદાર ગણીને ૧૮૭૮ની ૧૧મીએ 'ગુજરાતમિત્ર'ના તંત્રી કીકાભાઈ, લેખક મંછારામ વગેરેની ધરપકડ પણ કરેલી. તેને પગલે 'સૂરત રાયટ કેસ' ચાલ્યો હતો, જે દેશ–વિદેશમાં મશહૂર થયેલો અને બ્રિટનની પાર્લામેન્ટમાં પણ તે ચર્ચાયેલો. સર ફિરોઝ શાહ મહેતા એ ત્યારે આ કેસના આરોપીઓનો બચાવ કરેલો. છેવટે ૧૮૭૮ની ૨૯મી સપ્ટેમ્બર 'ગુજરાતમિત્ર'ના તંત્રી વગેરેને નિર્દોષ ઠરાવી છોડી મૂક્યા, જેથી 'ગુજરાતમિત્ર' તથા તેની સાથે સંકળાયેલા સજ્જનોની પ્રતિષ્ઠા વધી.

૧૮૯૩માં ફરીથી 'ગુજરાતમિત્ર'ના માલિક બદલાયા. કીકાભાઈએ તે હોરમસન શરદુજીને વેચી દીધું. પત્રનું સંચાલન સોંપાયું સેક્રેટરી હોરમસજી જમશેદજીને. તેમનું ૧૯૦૭માં અવસાન થયું. એ પછી ચૂનીલાલ ઘેલાભાઈ શાહ અને શાવકશા હોરમસજી ખસુખાંએ સેક્રેટરીના વારસો વતી 'ગુજરાતમિત્ર'નું સંચાલન કર્યું. એ જ અરસામાં રેશમવાળા પરિવારનો તેઓને સથવારો સાંપ ો. ૧૮૯૮માં ઉત્તમરામ ઉમેદરામ રેશમવાળા 'ગુજરાતમિત્ર'ના ઉપતંત્રી નિમાયા અને ૧૯૨૦માં તેમણે

'ગુજરાતમિત્ર' ખરીદી લીધું. આમ રેશમવાળા પરિવારનો 'ગુજરાતમિત્ર' સાથેનો નાતો પણ હવે તો પૂરો ૯૦ વર્ષનો થયો છે, જ્યારે એની માલિકી તે ૬૮ વર્ષથી ધરાવે છે. ૧૯૨૩માં 'ગુજરાતમિત્ર'નો હિરક જયંતી અંક પ્રગટ થયો જેમાં ઉત્તમરામની નિપુણતા ઝળકી ઊઠી. ૧૯૨૯માં ઉત્તમરામ રેશમવાળાનું અવસાન થયું અને તેમના મોટાપુત્ર ચંપકલાલ રેશમવાળા 'ગુજરાતમિત્ર'ના તંત્રીપદે આવ્યા.

❖ **'ગુજરાતમિત્ર' દૈનિક બન્યું :**

૧૯૩૬ની વાઘબારસે ચંપકલાલને 'ગુજરાતમિત્ર'ને દૈનિક બનાવવાનો વિચાર આવ્યો અને બેસતે વર્ષે એટલે કે ચાર દિવસમાં તો તેમણે 'ગુજરાતમિત્ર' સાપ્તાહિકનું દૈનિકમાં રૂપાંતર પણ કરી દીધું ! તારીખ હતી ૨૯–૧૧–૧૯૩૬. તે સાથે 'ગુજરાતમિત્ર' નવા યુગમાં પ્રવેશ્યું. પણ છ મહિનામાં જ ચંપકલાલની જીવનલીલા સંકેલાઈ ગઈ અને 'ગુજરાતમિત્ર'ના તંત્રપદની ભારે જવાબદારી માત્ર વીસ વર્ષની વયના, કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા અને ખિસ્સામાં માત્ર ૧૭ રૂપિયાની મૂડી ધરાવતા પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળાને શિરે આવી પડી. પણ પ્રવીણભાઈ હિંમત ન હાર્યા. તેઓ કોઈ જુદી જ માટીના બનેલા હતા. પત્રની આર્થિક સ્થિતિ જરાયે સારી ન હતી. ઘણા લોકોએ પ્રવીણભાઈને 'ગુજરાતમિત્ર'ને બંધ કરવાની પણ સલાહ આપી પરંતુ પ્રવીણભાઈના કાન અને હૃદયમાં તો એમના પિતાજી ઉત્તમભાઈ રેશમવાળાના શબ્દો અંકિત થયેલા હતાં : "પેપરની જે નીતિ (સ્વતંત્રને બિનપક્ષી) છે તે ચાલુ રાખશો. પેપર ચાલુ રાખશો તો સુખી થશો. પેપર નભાવજો."[૧૮]

પ્રવીણભાઈએ પિતાની એ સલાહનું અક્ષરશઃ પાલન કર્યું. તેમણે 'ગુજરાતમિત્ર'ને માત્ર નભાવ્યું જ નહિ, એવું વિકસાવ્યું કે આજે ગુજરાતી ભાષાનાં ઉત્તમ અખબારોમાંનું એક બની રહ્યું છે. માત્ર ફેલાવો કે સમૃદ્ધિની દૃષ્ટિએ જ નહિ,

આંતરિક કલેવર તથા સત્યની દૃષ્ટિએ પણ 'ગુજરાતમિત્ર'ના જતન–સંવર્ધનમાં તેમણે અનન્ય પ્રદાન કર્યું. તે માટે તેમણે ઘણાં સંકટો વેઠયાં. તેઓ પ્રેસને બાંકડે સૂઈ રહ્યા. એક ટંક લોજમાં જમીને અને એક ટંક ભૂસું ફાકીને ચલાવ્યું, પણ 'ગુજરાતમિત્ર'ને ટકાવ્યું અને ઉજાળ્યું.

તેમાં તેમને બટુકભાઈ દીક્ષિત જેવા અનન્ય સાધારણ સંનિષ્ઠ પત્રકાર શિરોમણિનો સથવારો મળી રહ્યો. બટુકભાઈ તો 'ગુજરાતમિત્ર' સાપ્તાહિક હતું ત્યારથી ઉત્તમરામની સાથે કામ કરતા અને જીવના અંતિમ શ્વાસ સુધી તેઓ 'ગુજરાતમિત્ર'ને વરેલા રહ્યાં. બટુકભાઈએ ગુજરાતી પત્રકારત્વને કુલ ૪૯ વર્ષ આપ્યાં તેમાં મોટાભાગનાં તો તેમણે 'ગુજરાતમિત્ર'માં જ ગાળ્યાં. 'ગુજરાતમિત્ર'ને ઠરેલ, ઠાવકું, સૌમ્ય, સમાચારપ્રચુર અખબાર બનાવવામાં બટુકભાઈનું મહત્તમ યોગદાન રહ્યું. તેમને ઠાકોરભાઈ દેસાઈ, કંચનલાલ મામાવાળા, વલ્લભદાસ અક્કડ વગેરે પ્રખર પત્રકારોનો સાથ મળી રહ્યો. કલામર્મજ્ઞ કંચનલાલ મામાવાળા અને તપસ્વી વિચારક પ્રીતમલાલ મજમુદારના સહિયારા સંપાદન હેઠળ 'ગુજરાતમિત્રે' એવા તો સુંદર અને સત્ત્વશીલ દીપોત્સવી અંકો પ્રગટ કર્યા કે તેણે આખા ગુજરાતમાં પ્રતિષ્ઠા અને પ્રીતિ પ્રાપ્ત કરી.

૧૯૮૩માં પ્રવીણકાન્તનો જીવનદીપ બુઝાયો ત્યારે 'ગુજરાતમિત્ર'ના તંત્રીપદને તેઓ પોતાના આયુષ્યનાં પૂરાં ૪૬ વર્ષ એટલે કે લગભગ અડધી સદી આપી ચૂક્યા હતા ! તેમની આ અર્ધ શતકની તપશ્ચર્યા તથા સંનિષ્ઠ સાથીઓના મળેલા સથવારા વડે 'ગુજરાતમિત્ર' પ્રજાપ્રિય તથા સત્ત્વસભર બન્યું છે.

"દૈનિક બન્યા પછીનાં વર્ષોમાં 'ગુજરાતમિત્રે' તેની ધીરગંભીર તથા રચનાત્મક પદ્ધતિથી દક્ષિણ ગુજરાતની જનતાની સેવા કર્યે રાખી છે. દક્ષિણ ગુજરાતને

અલગ યુનિવર્સિટી મળે, સૂરત સુધરાઈનું મહાનગરપાલિકામાં પરિવર્તન થાય, મગદલ્લા બંદરનો વિકાસ થાય, સૂરતનો અને દક્ષિણ ગુજરાતનો અવાજ ગાંધીનગર તથા દિલ્હીમાં સંભળાય તેમ જ આ નગર અને પ્રદેશની વાજબી માગણીઓનો સ્વીકાર તથા અમલ થાય, જરી, આર્ટસિલ્ક અને હવે હીરા જેવા સૂરતના જીવાદોરીરૂપ ઉદ્યોગોનો વિકાસ થાય તેમજ તેઓની યોગ્ય માગણીઓ સંતોષાય, સૂરતની તથા દક્ષિણ ગુજરાતની પ્રજા શૈક્ષણિક, સાંસ્કૃતિક, સાહિત્યિક, કલાવિષયક વિકાસના આવિષ્કારોથી વંચિત ન રહે, સૂરતનું નાગરિક જીવન સંસ્કારી બને, દક્ષિણ ગુજરાતને 'પ્રવીણકાન્ત રેશમવાળા ઈન્સ્ટિટયુટ ઓફ જર્નાલિઝમ' દ્વારા પત્રકારત્વની તાલીમની સંસ્થા મળે, વગેરે અનેક વિષયો પર 'ગુજરાતમિત્ર' પોતાના નિખાલસ અને વિધાયક વિચારો વ્યક્ત કરી લોકમતઘડતર તથા લોકશિક્ષણનો પોતાનો ધર્મ બજાવતું રહ્યું છે. હવે પછીનાં વર્ષો અને દાયકાઓમાં પણ એ પોતાના બે કર્તવ્યપાલનના માર્ગે આગળ વધતું રહેશે."[૧૯]

૧૮૬૩ થી ૧૯૮૮ પૂરાં ૧૨૫ વર્ષની આ દીર્ઘ યાત્રા ઘણા તેજતિમિરથી, તડકાછાંયડાથી સભર છે. તે ટાંચાં સાધનોથી શરૂ કરીને 'ગુજરાતમિત્ર' આજે અદ્યતન ફોટોટાઈપ સેટિંગ અને બહુરંગી ઓફસેટ મુદ્રણના યુગ સુધી પહોંચ્યું છે. સમયના પ્રત્યેક પરિવર્તન તેણે, તેની ઘણી મર્યાદાઓની વચ્ચે રહીને પણ, તાલ મિલાવવાના સંનિષ્ઠ પ્રયત્નો કર્યા છે. "'ગુજરાતમિત્ર'ની આ સવાસો વર્ષની યાત્રા એટલે દેશ અને દુનિયાના, ગુજરાત અને સૂરતના ઇતિહાસની અનેક પલટાતી કરવટો અને તરાહોના સાક્ષીપણાની પણ સફર ! આટલી લાંબી મજલમાં સંકળાવું એ પોતે જ 'ગુજરાતમિત્ર'ના અસ્તિત્વની પરમ સાથર્કતા."[૨૦]

સુરતમાંથી ઈ.સ. ૧૮૬૩માં 'સૂરતમિત્ર'નો પ્રારંભ થયો તે તા. ૧૧–૯–૧૮૬૪ થી 'ગુજરાતમિત્ર'માં ફેરવાયું, જે હજુ પણ પ્રકાશિત થાય છે.

"નર્મદના 'ડાંડિયા'થી દસ દિવસ નાનું, પછી પ્રકાશિત થયેલું 'ગુજરાતમિત્ર' પણ મૂળ તો 'સૂરતમિત્ર'નું અનુગામી 'સૂરતમિત્ર' ઈ.સ. ૧૮૬૩માં દીનશા અરદેશર તાલિયારખાને સૂરતમાંથી શરૂ કર્યું. શરૂઆતમાં એ સાપ્તાહિક હતું. પછી પત્રને ટેકો મળતા તા. ૧૧–૯–૧૮૬૪ થી તેને 'ગુજરાતમિત્ર' એવું નામ અપાયું. પત્રમાં ગુજરાતી અને અંગ્રેજી વિભાગો આવતા વડોદરા નરેશ મલ્હારરાવ ગાયકવાડની રાજનીતિ સામે તે પત્રે શરૂ કરેલી ચળવળના પરિણામ પણ આવેલાં. ઈ.સ. ૧૮૭૦માં આ પત્ર ચૌદ વ્યક્તિઓની બનેલી કંપનીના હાથમાં ગયું."[૨૧]

### ❖ દક્ષિણ ગુજરાતમાં પત્રકારત્વ :

સૂરતમાંથી 'સુરત સમાચાર' નામે અર્ધસાપ્તાહિક પત્ર શરૂ થયું હતું પણ એ બહુ અલ્પજીવી હતું. ભરૂચમાં પેસ્તનજી ફરામજીએ ઈ.સ. ૧૮૬૧માં 'ભરૂચ વર્તમાન' નામે સાપ્તાહિક પત્ર પ્રકાશિત કર્યું હતું. આ પત્ર માત્ર એક પાનાનું હતું અને વાર્ષિક લવાજમ રૂ.ચાર રાખેલ હતું. ડાહ્યાભાઈ મંછા દ્વારા સંપાદિત એક પાનાનું દૈનિક પત્ર 'સૂરત સોદાગર' ઈ.સ. ૧૮૬૨–૧૮૬૪ સુધી પ્રકાશિત થતું હતું. ઈ.સ. ૧૮૬૪ના અરસામાં ગોરધનદાસ કૃપાકામ દ્વારા 'સૂરત વર્તમાન દર્પણ' સાપ્તાહિક પ્રકાશિત થતું હતું. આ બધાં વર્તમાનપત્રો અલ્પજીવી રહ્યાં હતાં.

ગુજરાતી પત્રકારત્વનો પ્રારંભ થયો ત્યારે અંગ્રેજ શાસન સામેનો રોષ પ્રજાના ચિત્તમાં હતો, પરંતુ એ રોષનું વહન કરનારી વ્યક્તિઓ અને જૂથો અસ્તિત્વમા ન હતાં. 'મુંબઈ સમાચારે' ગુજરાતી પ્રજાની ઊંઘ ઉડાડીને પ્રગતિ માટે સજાગ કરી, પ્રગતિની

મહેચ્છાને પ્રેરી હતી. પ્રગતિની આ કૂચના મશાલચીઓમાં મુંબઈથી 'સત્યપ્રકાશ' (૧૮૫૨–૧૮૬૧ સુધી) પ્રગટ કરનાર શ્રી કરસનદાસ મૂળજી અને સૂરતથી 'ડાંડિયો' (૧૮૬૪માં) પ્રગટ કરનાર કવિ નર્મદ અગ્રગણ્ય લેખાય. તેઓએ 'સત્યપ્રકાશ' અને 'ડાંડિયો'ના માધ્યમ દ્વારા ધાર્મિક પાખંડોને હિંમતભેર પડકાર્યા અને ધાર્મિક અંધશ્રદ્ધાના પ્રચંડ ઘોડાપૂરમાં પણ નવી દૃષ્ટિ અને ઉદ્દામવાદી વલણના વહાણને હંકારી બતાવ્યું.

ગુજરાતી પત્રકારત્વમાં સ્વતંત્રતા–સ્વરાજ–મુક્તિનો મંત્ર સર્વપ્રથમ ઈચ્છારામ દેસાઈ 'સ્વતંત્રતા'માં ભણ્યા. રાજકીય દૃષ્ટિએ ગુજરાતના પ્રથમ પત્રકાર ગુરુ ઈચ્છારામ સૂરતના. આ સામાયિકમાં ઈચ્છારામે પત્રકાર તરીકેની કારકિર્દીના શ્રીગણેશ કર્યા. એ પછી મુંબઈ જઈ ત્યાં સ્થાયી થઈ, 'ગુજરાતી' સાપ્તાહિક દ્વારા સમાજહિતના વિવિધ ક્ષેત્રે જે કાર્ય કર્યું એને કારણે ગુજરાતી વૃત્ત વિવેચનના ઇતિહાસમાં એમનું નામ અમરત્વ પામ્યું છે.

'સ્વાતંત્રતા' વિશે ઉપર લખ્યું તેમાં 'ગુજરાતમિત્ર'નો ઉલ્લેખ થયો છે. તો સૂરતના હયાત જૂનામાં જૂના અને પત્રકારત્વને ક્ષેત્રે નોંધનીય અર્પણ કરનાર આ પત્ર વિશે હવે વિચારીએ.

એક નીડર, પ્રામાણિક અને સતત પ્રજાહિતનો વિચાર કરનાર પત્રકાર કેવો હોય તેનો દૃષ્ટાંત સૂરતના સપૂત દીનશા અરદેશર તાલેયારખાનમાં મળી રહે છે. સૂરતના ગઈ સદીના જબ્બર જવામર્દ અરદેશર કોટવાળ બહાદુરના એ વંશજ હતા. અરદેશરે કોટવાળના પોતાના હોદ્દા રુએ જે કર્યું એમાંનું કેટલુંક દીનશાએ પત્રકારત્વ દ્વારા કર્યું. તા.૧૩–૯–૧૯૬૩ને દિને એમણે 'સૂરત મિત્ર' નામે દર રવિવારે પ્રગટ થતું સાપ્તાહિક શરૂ કર્યું. એના નામ પરથી સમજાય છે એમ આરંભમાં એના સ્થાપકનો આશય શહેરને લગતા પ્રશ્નો એમાં ચર્ચવાનો હતો, પરંતુ પત્રને પ્રજાનો જે ટેકો મળ્યો

એ પરથી ઉત્તેજન પામીને દીનશાએ તા.૧૧–૯–૧૮૬૪ થી પત્રનું નામ ફેરવી 'ગુજરાતમિત્ર' રાખ્યું અને સૂરત ભેગા બહારના સમાચાર અને પ્રશ્નોને એમાં સ્થાન આપ્યું.

દીનશા તાલેયારખાન વિદ્વાન હતા. એ પોતે જાહેર જીવનમાં જુદાં જુદાં કાર્ય કરતા હોવાથી દુનિયાદારીના અનુભવી બન્યા હતા. કોટવાળ બહાદુરના વંશજ એટલે તેમને જેમ ગેરરીતિ, આપખુદી, અન્યાય ચાલતા જણતા જ સજાગ બની જતા અને તે દૂર કરાવવા જોશીલા પ્રયાસ કરતા. આ કાર્યમાં ગમે એવા મોટા માનવની એ પરવા કરતા નહિ. ત્યારના અંગ્રેજ અમલદારો અને દેશી રાજવીઓની આપખુદી સામે ગર્જવામાં એમણે બાકી નહોતું રાખ્યું.

'સૂરતમિત્ર'(પાછળથી 'ગુજરાતમિત્ર')ની સ્થાપના વેળા સૂરતના કલેકટર ટી. સી. હોપ હતા. આજેય એમના નામે સૂરતનો 'હોપપુલ' ઓળખાય છે. એમના વહીવટની કડક ટીકા દીનશા પોતાના પત્રમાં કરતા. ત્યારે પત્રમાં ગુજરાતી અને અંગ્રેજી બે વિભાગો આવતા, અંગ્રેજી વિભાગ એટલા માટે કે તેમાં કરાયેલી ટીકા, સૂચન વગેરે અંગ્રેજ અમલદારના ધ્યાન બહાર ન જાય. ખૂદ અંગ્રેજોને એમની ખાનદાની, વિદ્વતા અને પ્રજાપ્રેમ માટે આદર હતો. પરિણામે તેમના લખાણોનું સરકાર–દરબારમાં સારું વજન પડતું. સૂરતના કલેકટર સર થીઓડોર હોપ માટે તો કહેવાયું છે કે રવિવારે સવારે કપમાંથી ચા ગટગટાવતા પૂર્વે એ આ પત્રની કતારો પર નજર નાંખ્યા વિના ન રહે.

પત્રકાર તરીકેની દીનશાની સૌથી પ્રાણવાન લડત દેશી રાજ્યો – ખાસ કરીને તે સમયના વડોદરા નરેશ મલ્હારરાવ ગાયકવાડ સામે હતી. મલ્હારરાવની રાજનીતિ અને તેમના રાજ્ય અમલ સામે એમણે હિંમતથી લખ્યે રાખ્યું. જેને પરિણામે લોર્ડ

નોર્થબ્રૂકની સરકારને આ દિશામાં કાળજીભર્યું લક્ષ આપવાની ફરજ પડી. મહારાજાની ઇતિહાસ મશહૂર તપાસ અને તેની ફરજિયાત ગાદીત્યાગની વાત સુવિદિત છે. એને પરિણામે વડોદરા રાજ્યને શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ જેવો રાજવી મળ્યો. જેમના અમલ દરમિયાન વડોદરા રાજ્યે વિવિધ ક્ષેત્રે ભારે ખ્યાતિ પ્રાપ્ત કરી.

આજથી એક સદી અને બે દસકા પૂર્વે દેશી રાજાઓનાં નામ દઈ જાહેરમાં તેમના રાજઅમલની આકરી ટીકા કરનારા 'ગુજરાતમિત્ર'ના ત્યારના તંત્રી દીનશા અવશ્ય નીડર હશે. આજે ભારે આશ્ચર્યજનક લાગે એવી આ વાત છે કે વડોદરાના રાજઅમલની આકરી ટીકા કરનાર સૂરતના આ પત્રકારને વડોદરા આવી વસી રાજ્યની નોકરી સ્વીકારી પોતે કરેલાં સૂચનોને અમલમાં મૂકી બતાવવાને જણાવાયેલું અને એ જવાબદારી આ પત્રકારે સ્વીકારેલી પણ ખરી.

૧૮૭૦મા દીનશા તાલેયારખાનેે નાદુરસ્ત તબિયતને કારણે 'ગુજરાતમિત્ર' મંછારામ ઘેલાભાઈ, કીકાભાઈ પરભુદાસ વગેરે ચૌદ જણની બનેલી કંપનીને વેચી નાંખ્યું, પણ લેખક તરીકેનો સંબંધ ૧૯૦૦ સુધી ચાલુ રાખ્યો.

મંછારામ ઘેલાભાઈ કતારગામની શાળામાં 'મહેતાજી' તરીકે સરકારી નોકરી કરતા હતા. કેળવણી ખાતાના વડા ડૉ. બૂલરને મહેતાજીના વિરોધીઓએ એવું સમજાવ્યું કે તેઓ કામ પર અગાઉ જેવું ધ્યાન આપતા નથી અને વર્તમાનપત્રોમાં લખાણો કરે છે. એ જ અરસામાં આ પત્રમાં કેળવણી ખાતા વિષયે એક લેખ પ્રગટ થયો. એ વાંચી ડૉ. બૂલર મંછારામ પર ગુસ્સે થયા. એમણે મહેતાજીની બદલી કતારગામથી માંડવી તાલુકા શાળામાં કરી અને તેમનો પગાર રૂા.૩૭ થી ઘટાડી રૂા.૨૦નો કર્યો. મંછારામે જાન્યુઆરી ૧૮૭૨માં રાજીનામું આપ્યું. ગુજરાતમિત્ર ઓફિસ અને સૂરત વિકટોરિયા પ્રેસના મેનેજર તરીકે માસિક રૂા.૩૦ના પગારે એ નિમાયા. ભાગીદારોના

શેરો વેચાણ રાખી ૧૮૭૭થી એ પ્રેસ અને પત્ર બન્નેના માલિક થયા, પરંતુ પછીથી પોતાના સહચારી કીકાભાઈનો પણ તેમાં અડધોઅડધ ભાગ કર્યો. નાણાં તંગીને કારણે એમ કરવાની એમને કદાચ જરૂરિયાત જણાઈ હોય. કીકાભાઈ પત્રના તંત્રી તરીકે ચાલુ રહ્યા. બંનેએ પ્રજાસેવા અને પ્રજાલાભ માટે સતત પ્રયત્ન કર્યો. પ્રજાની મુશ્કેલીઓ અને યાતનાઓની વાતો સત્તાધીશોના કાન પર લાવી પ્રજાની યોગ્ય માંગણીઓ સ્વીકારવા સરકાર અને સુધરાઈને આગ્રહ કર્યો.

પ્રજા હક માટે લડતાં 'ગુજરાતમિત્ર' મોટી મુશ્કેલીમાં આવી પ ું. ૧૮૭૮માં સુધારાઈએ કરમાં વધારો કરવા વિચાર કર્યો. પત્રે એનો જોરદાર વિરોધ કર્યો. એજ સમયે લાયસન્સ ટેક્ષ, મીઠા વેરો વગેરેને લઈ પ્રજામાં અસંતોષ ફેલાયો હતો. એપ્રિલમાં સૂરતમાં અપૂર્વ હડતાળ પડી. હડતાળ તોડવાના સત્તાધીશોના પ્રયાસ નિષ્ફળ ગયા. શહેરમાં હુલ્લડ ફાટી નીકળ્યું. અંગ્રેજો પર હુમલા થયા. આ કાર્યમાં 'સ્વાતંત્રતા' 'ગુજરાતમિત્ર' અને 'દેશીમિત્ર'ના સંચાલકોનો હાથ હોવાનું પોલીસને લાગ્યું. તા.૧૧મી મેએ મંછારામ, કીકાભાઈ વગેરેની ધરપકડ થઈ અને 'સૂરત રાયોટ કેસ'ને નામે ઓળખાયેલ યાદગાર મુકદ્દમો ખેલાયો. આને લગતી વિગત 'સ્વાતંત્રતા'ના પ્રકરણમાં આપી હોઈ એ વિષયમાં અત્રે વિસ્તાર ન કરીએ.

'ગુજરાતમિત્ર'એ દેશી રાજવીઓની પ્રસંગોચિત ટીકા કરવી ચાલુ રાખી. એક નમૂનો તા. ૨૬–૯–૧૯૭૫ના અંકમાંથી "તેઓ બરાબર ભણે નહીં, કેળવણી પામેલા માણસોની સોબતમાં ફરે નહિ. ઘરમાંથી બહાર નીકળે નહીં. જનાનામાં ને જનાનામાં બેસી રહે, અફીણ કે કસુંબો લેવાની ટેવ હોય તેથી આંખમાંથી કેફનું ઘેન તો જાય જ શેનું ? કારભારી અભણને વગસગથી કારભારીપણું પામેલા એવી સ્થિતિમાં તેઓ યશ શેના પામે ? ખરી વાત છે કે તેઓ જનાનામાં રહી જનાનાની રીતભાતમાં આપણાં કરતાં કુશળ થતા હશે પણ તેથી કાંઈ બહારની રીતભાત આવડી કહેવાય નહી."[૨૨]

ત્રેવીસ વર્ષ સુધી મંછારામે ‘ગુજરાતમિત્ર’નું સંચાલન કરી તેને સ્થિર પાયા પર મૂક્યું. ૧૮૯૩માં તેમણે એ પત્ર હોરમસજી ફરદુનજી ડૉકટરને વેચ્યું પણ હોરમસજી બીજે જ વર્ષે અવસાન પામ્યા. ત્યારથી તે ૧૯૧૦ સુધી એ વૃત્તપત્ર હોરમસજી જમશેદજી સેક્રેટરીના અખત્યારમાં રહ્યું. સન ૧૯૦૭માં તેમના અવસાન પછી ચૂનીલાલ શાહ અને શાવકશા ખસુખાએ હોરમસજી સેક્રેટરીના વારસો વતી પત્ર ચલાવ્યું હતું.

હોરમસજી સેક્રેટરીએ તા. ૧–૪–૧૯૯૯થી જેકીશનદાસ લલ્લુભાઈ અઠ્ઠાવાળા અને હરિલાલ હર્ષદરાય ધ્રુવની સહાય લઈ ‘ગુજરાતદર્પણ’ નામનું સપ્તાહમાં બે વેળા પ્રસિદ્ધ થતું પત્ર શરૂ કરેલું અને છ વર્ષ પછી ‘ગુજરાતમિત્ર’ ખરીદી તેની સાથે તા. ૧૯–૮–૧૮૯૪થી તેને જોડી દીધું. ત્યારથી તે ‘ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ’ના નામે આજ સુધી પ્રસિદ્ધ થતું રહ્યું છે.

‘ગુજરાતદર્પણ’ની સેવામાં એક ખાસ ઉલ્લેખપાત્ર છે. સૂરત શહેર સુધરાઈ અને લોકલ બોર્ડમાં થતાં કામ પ્રત્યે એ પત્ર સારું લક્ષ આપતું, તેની સભાઓમાં થતી ચર્ચાના વિગતવાર અહેવાલ આપતું. આ અહેવાલ એવી રીતે લખાતા કે પ્રજા તે વાંચવાને તલપાપડ રહેતી. એને લઈ આ સંસ્થા અને તેના કામકાજોમાં પ્રજાનો રસ વધ્યો. એના સંચાલકો સ્થાનિક સ્વરાજ્યના પ્રશ્નોમાં ઊંડો રસ લેતા અને સુધરાઈના સંચાલનમાં કાંઈ ગૂંચ આવતી તો ઉપાય પણ સૂચવતા. કલેકટર જ સુધરાઈના પ્રમુખ રહે તે સામે તેણે લડત ચલાવેલી. સન ૧૮૮૯માં મત આપવાનો અધિકાર વિસ્તૃત થવા છતાં કલેકટર જ હોદ્દાની રૂએ સુધરાઈના પ્રમુખ તરીકે ચાલુ રહેલા.

પ્રજાજીવનનાં બીજા અંગો ઉપર પણ પત્ર નજર રાખતું. ૧૮૮૮ પછી સૂરતની પ્રજામાં જે જાગૃતિ આવી અને જેને પરિણામે નવી નવી સંસ્થાઓ સ્થપાઈ તેને

પ્રોત્સાહન આપવામાં નગરના આગેવાન અખબાર તરીકે 'ગુજરાતમિત્રે' સારું અર્પણ કર્યું. ન્યાતજાત, ધર્મ, પક્ષના ભેદભાવ વગર તેણે પ્રજાસેવા કરી છે.

દેશી રાજ્ય અને સરકાર સાથે પત્રને અથડામણમાં આવવાનો એક પ્રસંગ નોંધવા જેવો છે. ૧૮૮૨માં ખંભાતમાં બેખેડો થયો. ત્યારે ત્યાંના મુખ્ય અમલદારો શામરાવ નારાયણ શાહ અને દામોદર હરિદાસ હતા. કેટલાક વિઘ્નસંતોષી કારભારીઓએ પ્રજાને આ અમલદારો સામે ઉશ્કેરી તેમને ખંભાત પાસેના ગાયકવાડી ગામ કણસીમાં હિજરત કરાવી. ખંભાતમાં પરિસ્થિતિ વણસી. દામોદર હરિદાસ મંછારામને ખંભાત બોલાવ્યા. મંછારામે સ્થળ ઉપર જઈ જાતતપાસ કરી. સઘળાં કાગળો વગેરે જોઈ 'ગુજરાતમિત્ર' માટે નવી કટારનો વિસ્તૃત લેખ લખ્યો.

દરમિયાન નવાબ શામરાવ વગેરેને છૂટા કર્યા અને પોતાના સાળાને કારભારી નીમ્યો. વાતાવરણ વધારે ગૂંચવાયું. આ સમગ્ર પ્રકરણમાં ઊંડા ઊતરવા અંગ્રેજ સરકારે સ્પાઈ સાહેબની નિમણૂંક કરી. તેમનું નિવેદન શામરાવ વગેરેની વિરુદ્ધ ગયું. સરકારી ગૅઝેટમાં એ પ્રસિદ્ધ થયું. મંછારામે 'ગુજરાતમિત્ર'માં પ્રસિદ્ધ કરેલા અહેવાલથી એ સાવ વિરુદ્ધ હતું. બીજા પત્રો 'ગુજરાતમિત્ર' પર તૂટી પ ાં. પત્રની પ્રતિષ્ઠા જોખમાઈ. શામરાવે કેટલાક દસ્તાવેજ સત્તાધીશો સમક્ષ રજૂ કર્યા ને પોતાની નિર્દોષતાની ખાતરી કરી આપી. ગુજરાતમિત્રમાંના લેખોમાંની હકીકતનું આમાં સમર્થન હતું. ગૅઝેટનું આગલું નિવેદન પાછું ખેંચી સરકારે નવું નિવેદન પ્રકાશિત કર્યું.

'ગુજરાતમિત્ર' માટે આ મહત્ત્વનો વિજય હતો. પત્રકારને ધન્યવાદ આપવા સાથે ગેઝટમાં છપાયેલું પોતાનું નિવેદન પાછું ખેંચી સત્યને પ્રકાશમાં મુકનાર સત્તાધીશોને પણ ભારોભાર ધન્યવાદ ઘટે છે.

ઉત્તમરામ ઉમેદરામ રેશમવાળા સન ૧૮૯૮ થી પત્રના ઉપતંત્રી તરીકે કાર્ય કરતા હતા. તેમણે ૧૯૨૦માં ‘ગુજરાતમિત્ર’ અને ‘ગુજરાતદર્પણ’ ખરીદી લીધું. ૧૯૨૩માં એમણે પ્રગટાવેલ ‘ગુજરાતમિત્ર’ હીરક મહોત્સવ અંક વૃત્તવિવેચક તરીકેની તેમની કુશળતાનો સારો ખ્યાલ આપે છે. ૧૯૨૯માં એમનો દેહાંત થતાં એમના પુત્ર ચંપકલાલ તંત્રી થયા. તા. ૨૯–૧૧–૧૯૩૬થી એમણે એ પત્રની દૈનિક આવૃત્તિ પણ બહાર પાડવા માંડી. ૧૯૩૭માં એમનું અવસાન થતાં એમના ભાઈ પ્રવીણકાન્ત રેશમવાળા તંત્રીસ્થાને આવ્યા.

વહી ગયેલા સમયગાળામાં ગુજરાતી પત્રકારત્વના ક્ષેત્રે સારો વિકાસ થયો હતો. શિક્ષણનો વ્યાપ વધતાં વાચકવર્ગ જાહેરજીવનમાં રસ લેતો થયો હતો. હિંદી રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)ની પ્રવૃત્તિઓને લઈ રાજકીય દૃષ્ટિએ પણ એ વિચારતો થયો હતો. સાવ જુનવાણી વિચારોને સ્થાને સમયને અનુસરતા સામાજિક સુધારા પરત્વે એ દિલસોજીથી જોતો થયો હતો. સાહિત્ય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તરફ એનો ઝોંક વધ્યો હતો.

સમાજમાં આવેલા આ પરિવર્તનને પારખી પ્રવીણકાન્ત રેશમવાળાએ પત્રમાં નવા નવા વિભાગો દાખલ કર્યા. ભાષાશુદ્ધિ પરત્વે પત્રે સારું લક્ષ આપ્યું. ‘શહેરના સવાલો’ શીર્ષક હેઠળ જે લાંબાં લેખો લખ્યા તેણે નગરના શિક્ષિત સમાજ ભેગા સુધરાઈ સભ્યોનું બહુ સારું લક્ષ ખેંચ્યું. વિવિધ ક્ષેત્રે વિકાસ સાધવામાં આ કટારે સારું અર્પણ કર્યું. બીજા પત્રોએ એનું અનુકરણ કર્યું.

પ્રવીણકાન્તભાઈના નેતૃત્વ હેઠળ પત્રે બહુ સારી પ્રગતિ કરી. શિક્ષણ અને સાહિત્ય પરત્વે પત્રે સવિશેષ લક્ષ આપ્યું. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને એણે ઉત્તેજન આપ્યું. સમાજના શિક્ષિત વર્ગમાં પત્રની બહુ સારી પ્રતિષ્ઠા બંધાઈ. પત્રકારત્વને ક્ષેત્રે હરિફાઈ

આવી ત્યારે તે સામે ટકવાને પત્રને મુશ્કેલી આવે એવી સ્થિતિ સર્જાઈ નહિ. પત્ર અને પ્રવીણકાન્તભાઈના સદ્ભાગ્યે તેમને બટુકભાઈ ત્રૈલોક્યનારાયણ દીક્ષિત જેવો અતિ કર્તવ્યપરાયણ પત્રકાર સાંપ ો હતો. આ સંન્નિષ્ઠ પત્રકારે પોતાનું સમગ્ર જીવન આ પત્રને સમર્પિત કર્યું. પત્રના કાર્યાલયથી થોડે દૂર એમનું નિવાસસ્થાન હતું.

મોડી સાંજે ત્યારના થોડા આગેવાન પત્રકારો ગાંધીબાગમાં થોડો સમય બેસતા. તેમાં બટુક દીક્ષિત હોય જ, એમાં પત્રકારત્વને વ્યવસાય તરીકે ન સ્વીકારવા છતાં એ દિશામાં રસ લેનાર તરીકે તેઓ પણ ભળતા. બટુકભાઈ અને એમની વચ્ચે ફેર એ હતો કે બાગમાંથી છૂટા પડતાં તેઓ સર્વે એમના ઘર તરફ વળતા ત્યારે બટુકભાઈ ફરી 'ગુજરાતમિત્ર'ના કાર્યાલયે જતા. પત્રનું કાર્યાલય એમનું બીજું નિવાસસ્થાન જ હતું. ત્યારે 'ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ' તથા બટુક તૈલોક્યનારાયણ દીક્ષિત છૂટી ન પાડી શકાય એવી જોડી હતી.

પત્રની એ પણ ખુશનસીબી હતી કે કલામર્મજ્ઞ કંચનલાલ મામાવાળા જેવા કળા અને સંગીતપ્રેમીએ પત્રના દીપોત્સવી અંકોનું સંપાદન કર્યું. કશાય ઠાઠમાઠ કે શણગાર વિનાના એ અંકોએ આ દિશામાં અનોખી ભાત પાડી. તેનું સઘડ મુદ્રણ, ભાષાશુદ્ધિ, લેખોની ગોઠવણી વગેરેએ પત્રકારો ભેગા કલારસિકોનું બહુ સારું લક્ષ ખેંચ્યું અને એ પત્રની પ્રતિષ્ઠા વધારવામાં સારું અર્પણ કર્યું. સાદગીમાં પણ કેટલું સૌંદર્ય છે તે આ અંકોએ સમજાવ્યું.

પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળાનો સ્વર્ગવાસ થયો તે પૂર્વે એમણે પત્રને માત્ર સ્થિર જ ન કર્યું, એના માટે કેવળ દક્ષિણ ગુજરાત કે ગુજરાતમાં જ નહિ પણ ગુજરાતી વર્તમાનપત્રો વાંચતી પ્રજામાં એની પ્રતિષ્ઠા સ્થાપી. 'ગુજરાતમિત્ર'નો આરંભ અવશ્ય

નોંધનીય હતો અને વખતના વહેવા સાથે એણે પ્રતિષ્ઠાનાં જે શિખરો સર કર્યા તે સવિશેષ પ્રવીણકાન્તભાઈના સમયમાં પત્રની દૈનિક આવૃત્તિનું (સન ૨૦૦૧ માં) ૬૫મું વર્ષ ચાલતું હતું. પત્રના તંત્રી, મુદ્રક, પ્રકાશક ભરત પ્રવીણકાન્ત રેશમવાળા છે, પણ સંવર્ધક તંત્રી તરીકે મુખપૃષ્ઠ પર પ્રવીણકાન્ત રેશમવાળાનું નામ પ્રકાશિત થતું રહ્યું છે. એમના નામે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને આશ્રયે પત્રકારત્વના વર્ગો ચાલે છે, પણ 'ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ' જ સાચા અર્થમાં પત્રકારત્વના આદર્શોને નિષ્ઠાથી વરેલા પ્રવીણકાન્તભાઈનું સાચું અને શાનદાર સ્મારક છે.

પ્રવીણકાન્તના સમયમાં એમના વૃત્તપત્રને બટુક દીક્ષિત જેવા કર્તવ્યપરાયણ પત્રકારનો સાથ મળ્યો, તો આજે ભરતભાઈને ચંદ્રકાંત પુરોહિત જેવો વફાદાર વ્યવસ્થાપક મળ્યો છે. આગલાં વર્ષોમાં આ પત્રને કલાપ્રેમી કંચનલાલ મામાવાળાનો સથવારો સાંપ ો, તો આજે પત્ર સાથે ગુજરાતી સાહિત્ય અને પત્રકારત્વને ક્ષેત્રે આગલી હરોળનું સ્થાન પ્રાપ્ત કરનાર સંસ્કાર સ્વામી ભગવતીકુમાર શર્મા સંકળાયેલા છે. દીનશાહ તાલેયારખાને સ્થાપેલા અને રેશમવાળા પરિવાર દ્વારા પ્રગતિ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર, સૂરતના હયાત પત્રોમાં સૌથી જૂનાં આ વૃત્તપત્રનું સાચોસાચ સદ્‌ભાગ્ય છે કે તેણે વખતોવખત આવા નિષ્ઠાવાન, વિદ્વાન અને કર્તવ્યપરાયણ કાર્યકરો મળતા રહ્યા છે.

'દેશી મિત્ર' વિષયમાં ઉપર નિર્દેશ થયો છે. ઘણાં પત્રો સાથે 'મિત્ર' શબ્દ ત્યારે સંકળાયેલો પણ 'દેશી' શબ્દ થોડું આશ્ચર્ય ઉપજાવે છે. 'ગુજરાતમિત્ર' અને 'દેશી મિત્ર' બંને મિત્રોએ સાથે રહીને સારું કાર્ય કર્યું. ત્યારે ખૂબ ગાજેલો 'સૂરત રાયટ કેસ' પણ બંને સાથે લ ા હતા. બંનેના શરૂનાં માલિકો પણ એક જ હતા. આ વગેરે કારણે 'દેશી મિત્ર'ને લગતી વિગત 'ગુજરાતમિત્ર' સાથે આપવી યોગ્ય થશે.

મંછારામ ઘેલાભાઈ કેળવણી ખાતાની સરકારી નોકરી છોડી છાપખાનાને ક્ષેત્રે પ્રવેશ્યા પરંતુ એથી એમને નાણાંકીય દૃષ્ટિએ સહન કરવું પ ું. આ સ્થિતિ સુધારવા ૧૮૭૩ના જૂન માસમાં સામાન્યજનને પસંદ આવે એવું હળવું વાચન પીરસતું, સાવ ઓછા લવાજમનું સાપ્તાહિક કીકાભાઈ પરભુદાસની ભાગીદારીમાં પ્રગટ કરવા ઠરાવ્યું. એને નામ આપ્યું 'દેશીમિત્ર' અને એનું લવાજમ રાખ્યું એક રૂપિયો.

'ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ' સમગ્ર દેશમાંથી પ્રગટ થતાં સૌથી જૂનાં વર્તમાનપત્રો પૈકીનું એક છે. ગુજરાતી ભાષામાં સૌથી પહેલાં ૧૮૨૨માં મુંબઈથી 'મુંબઈ સમાચાર' પ્રસિદ્ધ થયું. ઈ.સ. ૧૮૬૩માં 'ગુજરાતમિત્ર'નું પુરોગામી 'સૂરતમિત્ર' પ્રસિદ્ધ થયું. આમ, તળ ગુજરાતમાં 'ગુજરાતમિત્ર' સૌથી જૂનું અખબાર છે.

ઈ.સ. ૧૮૬૩ પહેલાં શરૂ થનાર અખબારોમાંથી માત્ર 'મુંબઈ સમાચાર' હજી પ્રસિદ્ધ થાય છે. આમ, ગુજરાતી ભાષામાં 'મુંબઈ સમાચાર' બાદ 'ગુજરાતમિત્ર' જૂનામાં જૂનું અખબાર છે.

ગુજરાતી ભાષામાં પ્રગટ થતું આ અખબાર 'ગુજરાતમિત્ર' દક્ષિણ ગુજરાતનું અને ગુજરાતનું પણ સૌથી જૂનું વર્તમાનપત્ર છે. જો કે સમયના માપદંડથી તેની પ્રતિષ્ઠાનું મૂલ્યાંકન કરીએ તો તેની વય કરતાં પણ પ્રતિષ્ઠાનું મૂલ્ય ઘણું વધી જવા પામે. એ ગુજરાતનાં સૌથી વધારે પ્રતિષ્ઠિત દૈનિક પત્રોમાંનું એક છે. દક્ષિણ ગુજરાતનું તો એ દાયકાઓથી લોકપ્રિય મુખ્યપત્ર છે જ.

પ્રાદેશિક કે જિલ્લાપત્રની સીમાઓ વળોટીને એ દાયકાઓથી 'કમ્પ્લીટ ન્યૂઝ પેપર' અર્થાત્ 'સવાંગ સંપૂર્ણ વર્તમાનપત્ર' બની ચૂકેલું છે. 'ગુજરાતમિત્ર'ની સૌથી

મોટી અને મહત્ત્વની વિશેષતા તેની અદ્યાપિ પર્યંત જળવાઈ રહેલી અબાધિત શ્રદ્ધેયતામાં રહેલી છે. વાચકો આજે પણ બીજાં અખબારોની સરખામણીએ સમાચારોની સચ્ચાઈ તથા વિચારોની સમતુલા સંદર્ભે 'ગુજરાતમિત્ર'ની વિશ્વસનીયતા પર આધાર રાખે છે. અખબારી મૂલ્યહ્રાસના પ્રવર્તમાન સમયખંડમાં 'ગુજરાતમિત્ર'ની આ મૂલ્યનિષ્ઠા સામાન્ય વાચકો અને વિદ્‌ગ્ધ વિદ્વાનો ઊભય વર્ગોમાં એકસરખી પ્રશંસનીય બની રહી છે.

આથી શ્રી સૂર્યકાન્ત શાહ કહે છે કે, "વસ્તુતઃ 'ગુજરાતમિત્ર' એક સમાચારપત્ર હોવા ઉપરાંત એક વિચારપત્ર અને સંસ્કારપત્રની વિવિધ ભૂમિકાઓ સુદીર્ઘ કાળથી સફળતાપૂર્વક ભજવતું આવ્યું છે. 'ગુજરાતમિત્ર' એક સાહિત્યરંગી વર્તમાનપત્ર પણ છે અને તે વિશેની પોતાની જૂની પ્રશિષ્ટ પરંપરા તેણે આજ સુધી, વાચકોનાં અંશતઃ બદલાયેલાં રસ–રુચિ છતાં અખંડ મળવી રાખી છે. ગુજરાતી સાહિત્યનાં ઘણાં સ્વરૂપો, ગ્રંથ–સમીક્ષા, સાહિત્ય–ઘટનાઓ પરની નુક્તેચીની, કળાના વિવિધ આવિષ્કારોની અભિવ્યક્તિ ઈત્યાદિને 'ગુજરાતમિત્ર'નાં પૃષ્ઠો પર નિયમિતપણે તથા એક પ્રકારની મિશનરી ભાવનાથી સ્થાન અપાતું રહ્યું છે. વાચકોનાં સંસ્કાર અને સુરુચિના સંવર્ધનના ધ્યેયને 'ગુજરાતમિત્ર' વરેલું રહ્યું છે."[૨૩]

તે સાથે સૌથી મહત્ત્વની હકીકત એ છે કે, 'ગુજરાતમિત્ર' કોઈ આ કે તે રાજકીય પક્ષ કે તેની વિચારધારાની સાથે રજમાત્ર સંલગ્ન નથી. સમાચારોને ચોક્કસ પ્રકારનો રંગ આપીને રજૂ કરવા કે મચડવા એ તેની નીતિ નથી. વિચારોની અભિવ્યક્તિ પરત્વે એ પૂરું તટસ્થ અને સંતુલિત છે. તેના નિર્ભીક પણ સમ્યક વિચારધારા પ્રગટ કરતા વિશદ તંત્રીલેખો દાયકાઓથી વાચકોમાં વંચાતા અને વખણાતા રહ્યા છે.

'ગુજરાતમિત્ર'ના સંપાદકીયના લેખોની નોંધ લેવાનું શાસકોથી માંડીને સરેરાશ વાચકોને જરૂરી લાગે છે.

'ગુજરાતમિત્ર'માં રાજકારણ, સમાજચિંતન, શિક્ષણ, અર્થકારણ, સાહિત્ય, સંસ્કાર, નારીજીવન ઈત્યાદિ અનેક ક્ષેત્રોને સ્પર્શતી કટારો પ્રગટ થાય છે. જે તે સ્તંભ લેખકોને પૂરું લેખન સ્વાતંત્ર્ય અપાયેલું છે. પરસ્પર વિરોધી વિચારોની રજૂઆત દ્વારા લોકમતના ઘડતરનું કામ પણ 'ગુજરાતમિત્ર' કરે છે. 'ગુજરાતમિત્ર' તેના વાચકો માટે એક વર્તમાનપત્ર ઉપરાંત લોકશિક્ષકની પણ ગરજ સારે છે.

'ગુજરાતમિત્ર'ની ઉદ્ભવ–કથા અને ઘડતર–કથા એટલે એક પ્રજાનિષ્ઠ વૃત્તપત્રની ક્રમિક વિકાસ–કથા, તેનું સાપ્તાહિક 'સૂરતમિત્ર'માંથી 'ગુજરાતમિત્ર' બનવું. 'ગુજરાતમિત્ર' અને 'ગુજરાત દર્પણ'નું એકબીજામાં વિલીનીકરણ થવું અને સાપ્તાહિકમાંથી તેનું દૈનિક વર્તમાનપત્રમાં રૂપાંતરિત થવું એ સમગ્ર સુદીર્ઘ કથા એક પરિવાર અને તેના મોભીઓની રોચક, પ્રેરક પુરુષાર્થ–કથા પણ છે.

'ગુજરાતમિત્ર'નો સુદીર્ઘ ઇતિહાસ ખાસ્સા ચઢાવઉતારથી સભર છે. તેના આંતર–બાહ્ય કલેવરમાં વિવિધ રીતે પ્રાણ પૂરનારા અનેક સમર્પિત વીરલાઓની હારમાળા રહેતી આવી છે. એમાં કેટલાક પ્રસિદ્ધ અને થોડાક અલ્પપ્રસિદ્ધ હોઈ શકે પરંતુ સર્વેનું યોગદાન મહિમાપૂર્ણ છે.

"'ગુજરાતમિત્ર'નો પરિચય પામવા માટે આપણે (૧) ઇતિહાસ, (૨) 'ગુજરાતમિત્ર'ની આગવી પ્રતિભા ઉપસાવનારી લાક્ષણિકતાઓ, (૩) 'ગુજરાતમિત્ર'ના કલેવર અને ઇતિહાસના ઘડવૈયા એમ ત્રણ ભાગમાં જોઈશું."[૨૪]

### ૩.૨.૪ 'ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ'નો ઇતિહાસ :

આજનું 'ગુજરાતમિત્ર' નામ એના જન્મનું નામ નહોતું. આજનો એનો દૈનિક પ્રકાશનનો ક્રમ એના જન્મકાળથી નહોતો. એની આજની અભિવ્યક્તિની એક માત્ર ગુજરાતી ભાષા એના જન્મતાની સાથેની એકમાત્ર વાણી નહોતી. એની આજની મમતાભરી માલિકીનું કુટુંબ એના જન્મને આપનારું કુટુંબ નથી. ઈ.સ. ૧૮૬૩માં સૌથી પહેલી વાર પ્રગટેલું આ અખબાર અલગ સ્વરૂપનું જ હતું. આ અંગેની અધિકૃત માહિતી ડૉ. રતન રૂસ્તમજી માર્શલ લિખિત 'ગુજરાત પત્રકારત્વનો ઇતિહાસ' નામક ગ્રંથમાંથી મળે છે. આ ગ્રંથ ઉપરાંત 'ગુજરાતમિત્ર'ના વર્તમાન તંત્ર અને માલિક ભરતભાઈ રેશમભાઈ રેશમવાળા તરફથી મળેલા દસ્તાવેજો અને તેની સાથે દાયકાઓથી સંકળાયેલ ભગવતીકુમાર શર્મા અને ચન્દ્રકાન્ત પુરોહિત પાસેથી માહિતી મેળવતા એના ઇતિહાસને ચાર ભાગમાં વહેંચી શકાય. (૧) 'ગુજરાતમિત્ર' ની પ્રારંભકથા, (૨) રેશમવાળા પરિવારનો પ્રવેશ, (૩) પ્રવીણકાન્ત રેશમવાળાનું યોગદાન, (૪) ભરત રેશમવાળાનું પ્રદાન.

#### ❖ 'ગુજરાતમિત્ર'ની પ્રારંભ કથા :

સૂરતના અખબારી ક્ષેત્રે દીનશા અરદેશર તાલેયારખાને તા.૧૩–૯–૧૮૬૩ ના દિને 'સૂરતમિત્ર' સાપ્તાહિકનો પહેલો અંક બહાર પા ો. તાલેયારખાનની કલમને સૂરત અને ગુજરાતની જનતાએ વધાવી લીધી. તાલેયારખાને 'સૂરતમિત્ર'ના માલિક, તંત્રી અને પોતે પત્રકાર પણ હતા. અન્યો એમને મદદ કરતા હતા. 'સૂરતમિત્ર'ની લોકપ્રિયતા વધતી હતી અને તાલેયારખાન સમગ્ર ગુજરાતને આવરી લેતા સમાચારો, પ્રશ્નો અને પોતાના પ્રતિભાવ પ્રસિદ્ધ કરવા માંગતા હતા. આથી તા. ૧૧–૯–૧૮૬૪થી એમણે એનું નામ બદલીને 'ગુજરાતમિત્ર' રાખ્યું. એ સમયના અંગ્રેજ

કલેક્ટર ટી. સી. હોપ ખૂબ લોકપ્રિય અને કાર્યદક્ષ મનાતા હતા. આથી તો એમના સમયમાં તાપીના બે કાંઠાને જોડતા બંધાયેલા પહેલા પુલનું નામ ‘હોપપુલ’ રાખવામાં આવ્યું હતું. તાલેયારખાન અંગ્રેજ અમલદારોની ખોટી નીતિની ટીકા કરતા હતા. તેઓ તે ટીકા વાંચે, સમજે તેથી તાલેયારખાન પહેલા ‘સૂરતમિત્ર’ અને ત્યારબાદ ‘ગુજરાતમિત્ર’નો મોટોભાગ તો ગુજરાતી ભાષામાં જ પ્રગટ કરતા હતા. પરંતુ તેમાં થોડો ભાગ અંગ્રેજીમાં પ્રગટ કરતા. એમણે હોપના શિથિલ વહીવટની કટક આલોચના કરી. સ્વભાવિકપણે જ અંગ્રેજ અમલદારો સમસમી ઊઠયા. તેઓ કાયદાના શાસનમાં માનતા હતા તેથી તેઓ તાલેયારખાનના લખાણને કાયદાની દૃષ્ટિએ તપાસી ગયા. કાયદાની દૃષ્ટિએ એમણે કોઈ ગુનો કર્યો નહોતો. આથી અંગ્રેજ અમલદારો પોતાનો અણગમો દર્શાવીને ચૂપ રહ્યા. આથી જ યાસીન દલાલે નોંધ્યું છે કે, “એજ પ્રમાણે ‘ગુજરાતમિત્રે’ વડોદરાના મહારાજા મલ્હારરાવ ગાયકવાડની ક્ષતિઓ અને દોષોને જાહેર જનતા સમક્ષ મૂકેલાં. આમ, ‘ગુજરાતમિત્ર’ એના બાલ્યકાળથી જ કાયદાની મર્યાદામાં રહીને સત્તાધીશોની કડક આલોચના કરવાની લાક્ષણિકતા ધરાવે છે. મલ્હારરાવ વિરોધી લખાણોનો પડઘો તો લંડન સુધી પ ો હતો. તેને પરિણામે મલ્હારરાવને ગાદી ગુમાવવી પડી હતી. ‘ગુજરાતમિત્ર’ની આ પત્રકારીય હિંમતની નોંધ લંડનના ગેઝેટીયરમાં પણ લેવાઈ હતી.”[૨૫]

ઈ.સ. ૧૮૭૨ના અરસામાં એના ચારસો ગ્રાહક હતા. વર્ષની શરૂઆતમાં લવાજમ ભરનારે વર્ષના રૂા. ૬ અને વર્ષાંતે ભરનારે રૂા. ૧૦ આપવાના હતા.

‘ગુજરાતમિત્ર’નો સૌથી પહેલો હાથબદલો ઈ.સ. ૧૮૭૦માં થયો. તાલેયારખાનનું સ્વાસ્થ્ય લથ ું. એમણે મંછારામ ઘેલાભાઈ અને અન્ય તેર વ્યક્તિઓની કંપનીને પોતાનું અખબાર વેચી દીધું. અલબત્ત, ઈ.સ. ૧૯૦૦ સુધી

તાલેયારખાને 'ગુજરાતમિત્ર'માં લખવાનું તો ચાલુ જ રાખ્યું. મંછારામ કતારગામની પ્રાથમિક શાળામાં શિક્ષક હતા. તેઓ પણ લખતા હતા. તેઓ સરકારના કેળવણી ખાતામાં શિક્ષક હતા છતાં એમના 'ગુજરાતમિત્ર'માં કેળવણી ખાતાની ટીકા કરતો લેખ પ્રસિદ્ધ થયો. એની સજા તરીકે મંછારામની સૂરત જિલ્લાના માંડવી તાલુકામાં બદલી કરવામાં આવી અને માસિક પગાર રૂા. ૩૭ થી ઘટાડીને રૂા. ૨૦ કરવામાં આવ્યો. આમ 'ગુજરાતમિત્ર'ની ગળથૂથીમાં જ સત્તાધીશોનો વહીવટ નબળો હોય તો તે બેધડક જાહેર જનતાને જણાવવાનો સંસ્કાર ૫ ો છે. સ્વમાની મંછારામે નોકરીમાંથી રાજીનામું આપી દીધું. ઈ.સ. ૧૮૭૭માં એમણે બીજા ભાગીદારોનો ભાગ ખરીદી લીધો અને કીકાભાઈ નામના સહકર્મચારી સાથે અડધા–અડધા ભાગમાં 'ગુજરાતમિત્ર'ની માલિકી મેળવી.

## ૩.૫ ‘ડાંડિયો’ (૧૮૬૪) :

‘ડાંડિયો’ એટલે ચોકીદાર. ગુનેગારોને સખત રીતે ઝાટકી નાંખવાનો પકડવાનો પરવાનો. કવિ નર્મદે એ રીતે અનેકને ઝાટક્યા છે. સમાજના દૂષણો સાથે, મંદિરોની અશ્લિલતાથી માંડીને રાજા મહારાજાઓની પ્રજાની હાડમારીની વિગતો એણે રજૂ કરી છે. વિરોધીઓને વિશેષણ લગાડવામાં ‘ડાંડિયો’ અપ્રતિમ માન મેળવી ગયો. ધીરે ધીરે ડાંડિયોમાં ગાંભિર્યપણું આવ્યું. નર્મદ તેમજ લેખક મિત્રોએ પત્રકારની જવાબદારી સમજીને ખાસ કરી રાજકીય વિષયો ઉપર કલમ ચલાવી છે. સમાજમાં ચલાતી બદીઓ દૂર કરવા માટે ‘ડાંડિયો’ એ ડાંડી પીટતી જ રાખી છે ! અને વિરોધથી ડરીને શાંત થવાની સાફ ના પાડી હતી.

આથી જ શ્રી યાસીન દલાલે જણાવ્યું છે કે, “જ્યારે કોંગ્રેસ સ્થપાઈ નહોતી તેવા સમયમાં કવિ નર્મદે ‘ડાંડિયો’ મારફતે રાજકીય પ્રશ્નો પરત્વે સારું લક્ષ આપ્યું. હતું. એણે હિંદીઓને લશ્કરી તાલીમ આપવાનો આગ્રહ કરેલો. મીઠા પર કર લેવાય એની ટીકા કરી હતી. હિંદી ભાષા શીખવા શીખવવાની જરૂરિયાત દર્શાવેલી, અમલદારોની તુમાખી, અમલદારોના તુમાખીભર્યા વર્તન અને તેમનામાં પ્રવેશેલી લાંચરૂશ્વતની બદી પર પ્રહાર કરેલા તથા જુલ્મી દેશી રાજાઓને ગાદી પરથી ગબડાવી દેવાની સૂચના સુદ્ધાં કરેલી. ‘ડાંડિયો’ તેમના સમયમાં કેટલો પ્રબળ રીતે આગળ વધ્યો હશે તે આ પરથી માલુમ પડે છે.”[૨૬]

ફરદુનજી મર્ઝબાન ઈચ્છારામ દેસાઈ કે દીનશાહ તાલેયારખાનને સુરતમાંય ભાગ્યે જ સંભારવામાં આવે છે. ત્યારે સૂરતના એક બીજા પત્રકારનું નામ માત્ર સૂરતમાં નહિ પણ સમગ્ર ગુજરાત અને ગુજરાત બહાર પણ ઘણું જાણીતું બન્યું છે. અલબત્ત એ

ખ્યાતિ એ વ્યક્તિ એ માત્ર પત્રકારત્વક્ષેત્રે કરેલ અર્પણને કારણે મળી નથી, પરંતુ સાહિત્ય સંસ્કાર અને સમાજ સુધારાને ક્ષેત્રે પત્રકારત્વ ભેગા એણે કરેલ કિમતી કાર્યને મળી છે, સૂરતનો એ સપૂત તે વીર કવિ નર્મદ અને તેના પાક્ષિકનું નામ ‘ડાંડિયો’.

અર્વાચીનોમાં આદ્ય નર્મદને પત્રકાર તરીકે મૂલવવા માંડ પાંચ વર્ષ ચાલેલું ‘ડાંડિયો’ પણ પૂરતું છે. નર્મદે ઈ.સ. ૧૮૬૪ની ૧લી સપ્ટેમ્બરે ‘ડાંડિયો’ શરૂ કર્યું. નર્મદે આ પત્ર દ્વારા સમાજસુધારાની સાથોસાથ ગુજરાતી ભાષાનું કાઠું ઘડવામાં ફાળો આપ્યો છે. ‘ડાંડિયો’નો જન્મ સુધારાના આંકાક્ષુઓની એક કલબ ‘સાક્ષર મંડળ’ દ્વારા થયો હતો. એ સમયે મુંબઈનું વાતાવરણ શેરસટ્ટાના પવનથી કલુષિત હતું. તેમાં સપડાઈ ન જવાય એટલે ક્લબ સ્થપાઈ તેમાં એકઠા થતા સભ્યોને ‘કોઈ એક પત્ર’ કાઢવાનો વિચાર આવ્યો, તેના વિશે નર્મદે નોંધ્યું છે. “હમે એકઠા મળી એવો વિચાર કર્યો કે, આપણે દર અઠવાડિયે મળવું અને વિષયો લખી લાવ્યા હોઈએ તે તપાસી નક્કી કરી પંદર દહાડે ચોપાનિયાના આકારમાં છાપી પ્રગટ કરવા, પખવાડિયે એટલા સારું કે લખવુ બની આવે ને ખરચ પણ ઓછો થાય, લોકોને ગદ્ય વાચવાનો બિલકુલ શોખ નહિ તેથી તેઓ વગર ખુશામતે પૈસા ખરચી આપણું છાપું લેવાના નહિ. ગાંઠથી ખરચ તો કરવો પડશે તો પણ સ્પેકટેટરના જેવું લખાણ કહાડવું તો ખરું. પછી એમ એક્ક જણે વારાફરતી કહાડવાના છાપાનું નામ પાડવા માં ૂ, તેમાં નગીનદાસ કહ્યું કે ડાંડિયો રાખીએ. મેં કહ્યું ઠીક છે, કેમ કે મોહટુ નામ રાખી હલકું કામ કરવું તેના કરતાં હલકું નામ રાખી મોટું કામ કરવું વધારે સારું અને ડાંડિયાના બે–ત્રણ અર્થ થાય છે માટે, મારી નજરમાં પણ એ નામ દુરસ્ત લાગે છે. સહુએ એ નામ કબૂલ રાખ્યું ને પછી ૧લી સપ્ટેમ્બર, ઈ.સ. ૧૮૬૪ થી ‘ડાંડિયો’ કહાડવો શરૂ કર્યો. પહેલા બે અંક તો મુફતમાં લૂંટાવી દીધા તે પછી વરસ દહાડાનો રૂપિઓ એવું જૂજ નામનું લવાજમ રાખ્યું.”[૨૭]

'ડાંડિયો'નો પ્રારંભ કરવામાં નર્મદ, ગિરધારીલાલ દયાળદાસ અને નગીનદાસ તુલસીદાસની ત્રિપુટીએ મહત્ત્વનો ભાગ ભજવ્યો. આ પત્રમાં લખનારાઓમાં પણ નિશ્ચિત લોકો હતા, જેમાં ગિરધારીલાલ દયાળદાસ, નગીનદાસ તુલસીદાસ, કેશવલાલ ધીરજીરામ, શ્રીધર નારાયણ, ઠાકોરદાસ આત્મારામ વગેરે લખતા. 'ડાંડિયો'ની સામગ્રી નર્મદની તીખી અને વેધક શૈલીથી શોભતી. તેમાં સુધારાનો જંગ ખેલવામાં આવ્યો છે, મીઠા પરના કરનો વિરોધ કરાયો છે, હિન્દીઓને લશ્કરી તાલીમ આપવાનો અનુરોધ કરાયો છે, અમલદારોને પણ તેણે છો   ા નથી; તેના સપાટામાં અનેકો આવ્યા. ગુજરાતનું તે 'સ્પેક્ટેટર' બન્યું. "જેમ મોર–બપૈયા મેઘ માટે આતુર હોય છે તેમ ગરીબ તવંગર, મુરખ, ભણેલા, સ્ત્રી અને પુરુષ પહેલી પંદરમીના 'ડાંડિયો'ને માટે વાટ જોતાં."[૨૮] ઈ.સ. ૧૮૬૪ થી ૧૮૬૯ સુધી આમ 'ડાંડિયો' ગાજ્યા કર્યો. ઈ.સ. ૧૮૬૪ થી સૂરતમાંથી સોરાબજી ખરશેદજી ઈજનેરે 'સન્ડે રિવ્યુ' શરૂ કરેલું તેની સાથે 'ડાંડિયો' પણ ૧૮૬૯માં જોડાઈ ગયું. શ્રી વિજયરાય ક. વૈદ્યે તેનો એક અંક કામા ઈન્સ્ટી ુટમાં જોયેલો. જે ૧૬ જાન્યુઆરી, ૧૮૮૦ નો અંક હતો અને તેમાં 'સન્ડે રિવ્યુ તથા ડાંડિયો' એવું નામ હતું. આ સન્ડે રિવ્યુ ઈ.સ. ૧૮૭૧માં બંધ થયું.

આજથી લગભગ ૧૨૦ વર્ષ પહેલાં ઈ.સ. ૧૮૬૪ના સપ્ટેમ્બર માસમાં 'સરસ્વતી મંદિર'માંથી 'ડાંડિયો'નો પ્રારંભ થયો, ત્યારે નર્મદ અને નગીનદાસ મારફતિયા સહિતના બીજા પાંચ સાક્ષરોને કદાચ ખ્યાલ નહીં હોય કે તેઓ આ નાનકડા પત્ર વડે પત્રકારત્વનો એક આદર્શ સ્થાપી રહ્યા હતા. એના લેખકોએ ભાષાની જે સેવા બજાવી છે તે અપૂર્વ જ છે. એમ વિજયરાયે ભલે કહ્યું, પણ ભાષાની સેવા તો નર્મદે એનાં બીજાં ઘણાં લખાણોથી બજાવી જ છે. 'ડાંડિયો'નું સાચું પ્રદાન તો પત્રકારત્વક્ષેત્રની એની સેવાનું જ રહેશે. 'ડાંડિયો' માંડ પાંચ વર્ષ ચાલ્યું અને એ પાંચ

વર્ષમાં પણ ત્રણવાર બંધ થયું. પણ આટલી ટૂંકી કારકિર્દીમાં પણ એણે જ પરંપરા અંકિત કરી, એનું આજે પણ મહત્ત્વ છે.

શેર અને સટ્ટાની હવાથી દૂષિત થયેલા મુંબઈના વાતાવરણથી કંટાળીને સૂરત આવેલા નર્મદે પાંચ–છ મિત્રોને એકઠા કરીને સાક્ષર–મંડળની સ્થાપના કરી, જેમાંના ગિરધરલાલ દયાળદાસે મંડળનું એક મુખપત્ર પ્રગટ કરવાનો વિચાર મૂક્યો. નગીનદાસ મારફતિયાએ એનું 'ડાંડિયો' નામ સૂચવ્યું. બે–ત્રણ અર્થવાળા એ નામના સૂચિતાર્થોથી પ્રભાવિત થઈને નર્મદે આ નામ સ્વીકાર્યું અને એમાંથી 'ડાંડિયો'નો જન્મ થયો.

એના પ્રથમ અંકમાં જ એ કહે છે, 'જાગ જો રૈયત, બાર વાગા વાહ ! .... ઓ લોકો, આ હું ડાંડી પીટું છ : ઓ ગરીબ લોકો સાવધ થાજો, ઓ આંધળાઓ, લુચ્ચાઓ અને ખોટાઓ, પાછા દેખતા, પ્રમાણિક અને ખરા ઉદ્યોગ કરવે ખરા થજો.' શ્રી રમેશ ગૌતમ કહે છે : તેમ, "હળવી ઢબની કટારોનો પહેલો નિષ્ણાત કવિ નર્મદ હતો."[૨૯] હળવી ઢબે, હસતાં–હસતાં પણ નર્મદ લોકોને ઘણી ગંભીર વાતો કહી દેતો અને પાખંડ કે દૂષણની વાત આવે ત્યારે મોટા ચમરબંધીને પણ ગાંઠતો નહીં.

કરસનદાસ મૂળજીનું 'સત્યપ્રકાશ' ૧૮૬૦માં કેખુશરુ કાબરાજીના 'રાસ્તગોફતાર' સાથે ભળી ગયું. એનાં ચાર વર્ષ પછી 'ડાંડિયો' આવે છે. કરસનદાસ અને નર્મદ સમકાલીન હતા અને લગભગ સમાન મુદ્દાઓ ઉપર લડત ચલાવતા, એ હકીકત એ સમયની સામાજિક અને રાજકીય સ્થિતિ ઉપર સારો પ્રકાશ પાડી જાય છે. "શ્રી ગુલાબદાસ બ્રોકરના શબ્દોમાં, "એ જમાનામાં લોકો જે રીતે જીવતા તે 'અત્યંત આઘાતજનક અને હૃદયદ્રાવક' હતું. સામંતશાહી યુગના બધા અંશો ત્યારે મોજૂદ હતા. સૂરત જેવા શહેરમાં રાત્રિના સમયે પુરુષ કે સ્ત્રી ઘરની બહાર નીકળે ત્યારે સાથે દીસવો રાખે. 'ડાંડિયો'નું પ્રયોજન સમજાવતાં નર્મદ કહે છે તેમ, ઘરમાં વસ્તી દીપની બહાર

દાંડીની હોય' એ રીતે બહાર ડાંડિયો લોકોને જાગ્રત રાખે. આવી સ્થિતિમાં કરસનદાસ અને નર્મદ જેવા સુધારકો પાસે નવા વિચારો ફેલાવવા માટે સાહિત્ય અને પત્રકારત્વ સાધનો હતાં. નર્મદ માટે પત્રકારત્વ અને જિવાતું જીવન બંને એક જ વાત હતાં. નર્મદનું પત્રકારત્વન એ મૂલ્યલક્ષી પત્રકારત્વ હતું. એના લખાણોને કે પત્રને એની લડતથી અલગ પાડી શકાય એમ નથી. વાસુદેવભાઈ મહેતાએ 'સંદેશ'માં પોતાની કોલમમાં ચર્ચ્યું છે તેમ, 'સાહિત્ય અને વર્તમાનપત્રને મનોરંજન અને મોક્ષ સિવાયની ઝૂંબેશો માટેનાં સાધન કે માધ્યમ તરીકે સમાનતાથી નર્મદે વાપર્યા એમાં એની ખરેખરી આધુનિકતા અને મૌલિક્તા છે."[૩૦]

"ડૉ. રતન માર્શલ નોંધે છે તેમ, "'ડાંડિયો' અને 'સ્પેક્ટેટર' વચ્ચે ઘણું સામ્ય હતું. એડિસનની જેમ જ નર્મદ હળવી શૈલીમાં લખતો. જોકે નર્મદ પોતાના વિરોધીઓ સામે વધુ પડતો આક્રમક હતો. વિરોધીઓને એટલે કે 'નિંદકોને'માટે એ કહે છે કે 'તેજી ટકોરે ને ગધેડા ઢીકા પાટુએ જ પાધરા થાય.' એનાં આવાં તેજીલાં લખાણોની અસર કેટલી થતી, તે પોતે જ નોંધતાં કહે છે કે, 'મારો દૂત ફરતો રહે છે. તે ખબર આપે છે કે મારામાના વિષયોનો બરાબર તરજૂમો સરકારને રોશન થવાને થયા કરે છે."[૩૧] નિર્ભીક્તા અને હિંમત એ 'ડાંડિયો'ના ખાસ ગુણ હતા.

ડૉ. રમેશ શુકલ નોંધે છે તેમ, "જો જિલ્લાઓમાં અમલદારના જુલમ કે તુમાખીના અથવા લાંચ રૂશ્વતના બનાવો 'વેતાળ'ના ધ્યાનમાં આવતા તો 'ડાંડિયો'એ તેને છાપે ચડાવ્યા જ હોય' એનાથી અંગ્રેજ અમલદારો પણ ગભરાતા હતા અને અવારનવાર બદનક્ષીનો કેસ થવાની ધમકીઓ પણ મળતી. અંગ્રેજ શાસકો સામે એ જુસ્સાપૂર્વક આક્રોશ વ્યક્ત કરે. 'આપણું ઘર વાપરે, આપણું ખાય(ને) આપણી પાસે ચાકરી કરાવે, આપણને બેવકૂફ સમજે ને કહે તેનું તો શું કરવું ? ઉપાય જ નહિ ત્હાં શી

વાત ?' અંગ્રેજો સામેની એની સૂગ અંગ્રેજી સામેની સૂગમાં પરિણમી હતી અને એટલે જ 'ગુજરાત ટાઈમ્સ' નીકળ્યું, ત્યારે એના નામ સામે એણે વાંધો લીધો હતો. અંગ્રેજ વહાલો અને અંગ્રેજનું જ વહાલું લોકને કેમ લાગે છે ?' એવો પ્રશ્ન એણે પૂછયો હતો. એ છાપું કાઢવાનું પ્રયોજન માત્ર 'ગુજરાતમિત્ર'ને હલકું પાડવાનું જ હતું, એવી ટીકા પણ એ કરે છે. એના પરથી ત્યારના પત્રકારત્વનાં વહેણોની પણ થોડી ઝાંખી થાય છે."[૩૨]

નર્મદે પોતાની સુધારાની ચળવળ અને એના પ્રસાર માટે શરૂ કરેલા પત્રની ઘણી વાતો આપણે જાણીએ છીએ. પણ દક્ષિણ ગુજરાતમાંથી ચાલતી એની ચળવળની અસર છેક સૌરાષ્ટ્રના દૂરના ખૂણાઓ સુધી થઈ હતી અને વાસ્તવમાં સૌરાષ્ટ્રમાં પત્રકારત્વનો પાયો નાખવામાં નર્મદ જ સીધી કે આડકતરી રીતે પ્રેરણારૂપ બન્યો હતો, એની કથા બહું જાણીતી નથી. ૧૮૬૪માં નર્મદે સૂરતથી 'ડાંડિયો' શરૂ કર્યું અને એના સીધા પ્રતિઘોષ સ્વરૂપે ૧૮૬૫ અને ૬૬માં અનુક્રમ જૂનાગઢ અને ભાવનગરથી બે પત્રો શરૂ થયાં. આ બંને પત્રો સૌરાષ્ટ્રનાં સર્વ–પ્રથમ પત્રો હતાં. આમાંથી ભાવનગરના પત્ર 'મનોરંજક રત્નમાળ' ઉપર તો નર્મદની વિચારસરણીની ઘેરી છાપ હતી. એ શરૂ કરનાર મિરઝા મુરાદઅલીને નર્મદ પોતાના 'દોસ્ત' તરીકે ઓળખાવે છે. મદ્રાસમાં જન્મેલા અને મૂળ ઈટાલિયન એવા મુરાદઅલી નર્મદના સુધારા અંગેના વિચારોથી અત્યંત પ્રભાવિત થયેલા. નર્મદની જ પ્રણાલી અપનાવીને એમણે પણ ભાવનગરમાં એક મંડળ સ્થાપ્યું (વિદ્યોત્તેજક સભા). આ મંડળમાં છગનભાઈ ગણપતભાઈ અને રતિલાલભાઈ એમના સાથીદારો હતા.

શ્રી માનશંકર મહેતાએ 'નર્મદ શતાબ્દી ગ્રંથ'માં 'નર્મદ અને ભાવનગર' શીર્ષકવાળા લેખમાં એની વિગતો આપી છે. નર્મદને ભાવનગરના કારભારીઓ સાથે

સારો સંબંધ હતો અને એણે એ જમાનામાં હોડીમાં બેસીને ભાવનગરની સફર પણ ખેડી હતી. નર્મદે 'ડાંડિયો'માં ભાવનગરના નાગરોના કુરિવાજો ઉપર પ્રહારો કરતા લેખો લખેલા, એ પ્રણાલી 'મનોરંજક રત્નમાળે' પણ જાળવી રાખી, જેને પરિણામે દસ માસના ગાળામાં જ એ શહીદ થઈ ગયું.

ગણપતરામ પરના પત્રમાં નર્મદ 'મનોરંજક રત્નમાળ'ને આવકારતાં આશા દર્શાવે છે કે, "એમાં દેશપ્રીતિના વિષયો, દેશાભિમાની પુખ્ત વિદ્વાનોના વિચારને જુસ્સાથી લખાશે એવી આશા રાખું છઉં (ઉત્તર નર્મદચરિત્ર). એની આશા ફળ અને મિરઝાએ એમાં દેશપ્રેમના લેખો પણ લખો, પણ એને પરિણામે દેશી રજવાડાંની ખફગી એ પત્રે વહોરવી પડી અને એનું પ્રકાશન બંધ પડી ગયું. બીજી તરફ, જૂનાગઢમાં પણ નર્મદનાં ભાષણો અને લેખોની અસર થયેલી અને એ અસર હેઠળ મણિશંકર કીકાણીએ 'જ્ઞાનગ્રાહક સભા' શરૂ કરી અને એના ઉપક્રમે સૌરાષ્ટ્રનું સર્વપ્રથમ પત્ર 'સૌરાષ્ટ્ર–દર્પણ' શરૂ કર્યું. પણ મણિશંકરનો સુધારો નર્મદ જેવો આક્રમક નહીં, પણ સંરક્ષક હતો અને એમણે નવાબી શાસનના આશ્રય હેઠ જ પત્ર ચલાવેલું એ વળી જુદી વાત છે."[૩૩]

નર્મદ સૌરાષ્ટ્રમાં આવ્યો તો હતો કથાકાર બનવા માટેની તલાશમાં પણ સંજોગો એ રીતે આકાર લેતા ગયા કે એ કથાકારને બદલે કવિ બન્યો. કવિમાંથી સુધારક અને સુધારકમાંથી પત્રકાર નર્મદને આ અર્થમાં 'પત્રકાર સુધારક' કહેવા કરતાં 'સુધારક–પત્રકાર' કહેવું જ વધુ ઉચિત થઈ પડે તેમ છે. 'ડાંડિયો' ૧૮૬૪માં આવ્યું. પણ એ પહેલાં નર્મદે ૧૮૫૧–૫૨માં 'જ્ઞાન–સાગર' નામનું એક સાપ્તાહિક કાઢયું હતું. 'સ્વદેશ હિતેચ્છુ' નામની સંસ્થાના ઉપક્રમે એ નીકળ્યું હતું. આમ છતાં 'જ્ઞાનસાગર' નામ સૂચવે છે તેમ એનો ઉદ્દેશ સાક્ષરતા અને જ્ઞાનને વેગ આપવાનો હતો, તેટલો સુધારાલક્ષી નહોતો 'ડાંડિયો' આ રીતે 'જ્ઞાનસાગર'થી જુદું પ ું.

નર્મદે પોતે નોંધ્યું છે તેમ, "પોતે 'જ્ઞાનસાગર'માં ખાસ લખતો પણ નહોતો. એ તો ત્યારે 'ભાંગ પીતો, પાક ખાતો અને બૈરાંઓમાં મહાલતો; સુધારાના અને તેને અમલમાં આણવાના વિચારો .... તે વખતે બિલકુલ નહોતા."[૩૪] બીજી બાજુ 'ડાંડિયો'માં સુધારા અને માત્ર સુધારા સિવાય બીજી વાત નહોતી. 'ન્હાનાં મોટાં નાર નર, સરવે થાય સુજાણ' એવો ઉદ્દેશ એણે પોતે ચોક્કસ નિરૂપ્યો હતો. પણ સમગ્ર ઝોક તો પાખંડ, ઢોંગ અને દૂષણો સામે જેહાદનો જ હતો. એ દિવસોમાં સુરતની શેરીઓમાં ચોરી–ધાડની બીક સામે લોકોને જાગ્રત રાખવા ડાંડિયો ફરતો અને ડાંડી પીટતો, એમ પાખંડોની સામે લોકોને ચેતવવા માટે 'ડાંડિયો' દ્વારા નર્મદે દાંડી પીટી.

પત્રકાર તરીકેની નર્મદની એક ખૂબી એ હતી કે એ પ્રશ્નોને ગુણવત્તા ઉપર જ મૂલવતો અને પોતાના મિત્રો અને ક્યારેક તો મદદગારોને પણ ઝાટકી નાખવામાં પાછો પડતો નહીં. એકવાર એમણે લખ્યું કે, "આજકાલ સહુના માથામાં એ જ ધૂન ભરાઈ રહેલી છે કે પુષ્કળ ધન કમાઈને ગાડી–વાડી–લાડીનો ઉપભોગ કરવો એ જ જીવ્યાનું સાર્થક છે." આજની સ્થિતિમાં પણ આ ટીકા કેટલી સચોટ લાગે છે !

'ડાંડિયો'એ જમાનામાં બીજાં પત્રો કરતાં વધુ વંચાતુ હતું, એનો નર્મદ ગર્વથી ઉલ્લેખ કરતો. એનું એક કારણ નર્મદની સણસણતી વાણી અને એમાંથી નીપજતી સનસનાટી હોઈ શકે. સનસનાટી પત્રનો ફેલાવો વધારી શકે છે, એ 'ડાંડિયો'એ કદાચ પહેલી વાર પુરવાર કર્યું. નર્મદ લોકો પાસેથી પૈસા પડાવવા માટે નિંદા કરે છે, એમ પણ ટીકા થતી. જેના જવાબમાં એ કહેતો, "લોકો ગમે તેમ બોલો , મિત્ર, શ્રીમંત ગમે તેમ સમજો, અમે નિંદાખોર નથી." એ 'ડાંડિયો'ને સાચો, ટેકી, પરમારથને જોસ્સાવાળો 'ડાંડિયો' કહેતો.

આજે આપણે અખબારી સ્વાતંત્ર્યની અને માલિક તથા તંત્રીના સંબંધોની ખૂબ ચર્ચા કરીએ છીએ. 'વર્તમાનપત્ર કાંહાં કાંહાં નિષ્પક્ષપાત અને દેશ–હિતેચ્છુ સમજવાં ?' એવો પ્રશ્ન પૂછીને એ જવાબ આપે છે, 'જાહાં તેના તે જ ધણી તેના તે જ અધિપતિઓ હોય છે તાંહાં અથવા ધણીઓએ અધિપતિને કુલમુખત્યારી આપી હોય છે તાંહાં અને જાહાં અધિપતિની ઈચ્છા વેળાએ પોતાના ગજવામાંથી પણ કંઈક કાહાડીને (ગજવું ભરવાને નહિ) દેશને સુધારવાની હોય છે તાંહાં. એવાં વર્તમાનપત્ર આજકાલ એક–બે હશે.' આ છેલ્લું વાક્ય પણ નર્મદનું જ છે. આજકાલ એવાં વર્તમાન કેટલાં એ વળી જુદો જ પ્રશ્ન છે. 'ડાંડિયો' સારું વંચાતું અને વેચાતું હોવા છતાં, ખોટનો ધંધો જ કરતું અને એ 'ગાંઠનું ગોપીચંદન' કેટલું થયું એ જાહેર પણ કરતું. શેઠિયાઓ એને મદદ કરવાની ના પાડે ત્યારે એમને 'ડાંડિયો'ના અંકો એ મફત મોકલતો, પણ આ સ્થિતિમાં કોઈ પત્ર કેટલું લાંબું ચાલે ? ઈ.સ. ૧૯૬૯માં એણે ડૉ. રમેશ શુકલ નોંધે છે તેમ, "'પૈસાની તજવીજ ન કરી શક્યો' માટે 'સન્ડે રિવ્યુ' સાથે એને જોડી દીધું."[૩૫] પણ પોતાની ટૂંકી અને છતાં ઝડપી અને તેજીલી કારકિર્દી વડે એણે આપણા પત્રકારત્વના ઇતિહાસનું એક સોનેરી પ્રકરણ આલેખ્યું. આપણે નર્મદને અને એના પત્રને યાદ કરીએ છીએ, ત્યારે એણે સ્થાપેલાં મૂલ્યોને જ માન આપીએ છીએ. વાસ્તવમાં 'ધારાલક્ષી પત્રકારત્વ' જ પત્રકાર નર્મદનું સૌથી મોટું જમા–પાસું હતું એમ કહી શકાય. એને એ મૂલ્યો ક્યાં હતાં – એ વાત એણે વારંવાર ઠોકી ઠોકીને જાહેર કરી હતી. એમાં કોઈ યુક્તિઓનો આશ્રય એણે લીધો નહોતો.

'ડાંડિયો' બંધ પ ું એનાં ૧૧૦ વર્ષ પછી આપણે આજની સામાજિક અને અખબારી સ્થિતિને એ સંદર્ભમાં મૂલવીએ તો કેવું ચિત્ર જોવા મળે છે ? આજે નર્મદ હયાત હોત તો કેવી લાગણી અનુભવત ? આ પ્રશ્ન મહત્ત્વનો છે. નર્મદનો જમાનો

આજના અણુયુગમાં પણ મોજૂદ છે, એ જાણીને કદાચ એને આઘાત લાગત. વધુ દુઃખની વાત તો એ છે કે નર્મદનો જમાનો આજે એ જમાના કરતાં પણ વધુ ખરાબ રીતે મોજૂદ છે. નર્મદનો જમાનો સ્વાતંત્ર્ય પહેલાંનો, વિદેશી હકૂમત હેઠળનો બંધિયાર જમાનો હતો. આજે ભારતમાં અને વિશ્વના મોટાભાગના દેશોમાં આઝાદીની આબોહવા છે. પણ એની સાથે વૈચારિક સહિષ્ણુતા ભળી નથી, એથી ઊલટું, આપણે વધુ આળા, વધુ લાગણીશીલ બન્યા છીએ. નર્મદ અને કરસનદાસ પાખંડી ધર્મગુરુઓ સામે જે રીતે જેહાદ ચલાવી શક્યા, એ રીતે આજે ચલાવી શકે કે કેમ એ પ્રશ્ન છે. આજની હવા, એ અર્થમાં વધુ બંધિયાર બની છે. આપણે જીવીએ છીએ વાણીસ્વાતંત્ર્યના સંરક્ષણની ખાતરી સાથે, પણ આપણું માનસ મધ્યયુગીન જ રહ્યું છે અને નર્મદ પોતે આજના અખબારો વિષે શું કહતે ? આજે ચમત્કારો, અંધશ્રદ્ધા, ધર્મને નામે શોષણ આ બધું રોકવું તો દૂર રહ્યું, એને વેગ આપવામાં અખબારો નિમિત્ત બની રહ્યાં છે, એ અત્યંત શોચનીય સત્ય છે. સમકાલીન પત્રકારો અંગે નર્મદે એકવાર કહ્યું હતું કે, “મારા જાતભાઈઓ તો બિચારા મૂંગા બેઠા છે.’ આજના નર્મદના જાતભાઈઓ પાખંડો સામે જેહાદ ન ચલાવે તો કંઈ નહીં, પણ એ પોષાય તેવું કરે છે ત્યારે દુઃખ થાય છે.”[૩૬]

નર્મદ આજે હોત તો એણે કદાચ એના જાતભાઈઓની સામે જ જેહાદ ચલાવવી પડત ‘ડાંડિયો’ ત્રણ હજાર માણસો વાંચતા. આજે ત્રણ લાખ માણસો વાંચતા હોય એવાં સંખ્યાબંધ પત્રો છે. સમૂહ–માધ્યમોનાં અસર અને વ્યાપમાં મોટો વધારો થયો છે, ત્યારે એની જવાબદારી પણ વધે છે. આ માધ્યમો ધારે તો ‘સુધારાનાં માધ્યમો’ બની શકે. નર્મદની જેમ સમાજસુધારાની ઝૂંબેશને તેઓ પોતાનું મુખ્ય પ્રયોજન ન બનાવી શકે એ સમજી શકાય એવી વાત છે. પણ આવાં દૂષણો સામે બહારથી કોઈ ચળવળ ચાલતી હોય તેને યોગ્ય રીતે મૂલવીને અને જગ્યા આપીને પણ તેઓ સારી સેવા

બજાવી શકે એમ છે. આવું ન બને ત્યારે જ આપણે કહેવું પડે છે કે આપણે નર્મદના જમાનામાં જ જીવી રહ્યા છીએ. સ્વતંત્રતા 'ડાંડિયો'ને માટે મહામૂલી ચીજ હતી. એણે જાહેર કર્યું હતું કે, 'સ્વતંત્રતાને માટે ખરા જોદ્ધા પ્રમાણે સર્વસ ખોઈને મરીશું પણ ધન પદવી માનને માટે ગંડુ કાયર પ્રમાણે સર્વસ સમાલી રાખી ભોગવવાને નહીં જીવીએ' એની આ પ્રણાલી આજના પત્રકારત્વને માટે પ્રેરણારૂપ બનશે.

નર્મદનું 'ડાંડિયો' નામના લેખમાં કવિ નર્મદે ડાંડિયો કઈ રીતે કાર્ય કરે છે. તેની વિગતો આપી છે.

"ડમ ડમ ડમ, ડમ ડમ ડંમ .... જાગ જો રૈયત, બાર વાગા બાર ! કાલે રોનવાળાઓએ મને કહેલું છે કે આજકાલ ખાતર ધાડ ઘણાં પડે છે – ચોર જુગારી છિનાળવા રાંડબા જ ઠગ ધુતારા ખુની વગેરે હરામનું તકાવનારાઓની ટોળીયો ઠામ ઠામ જોવામાં આવે છે – રે તેમાં મોટા મોટાઓ છે – બડે બડે વેપારીયો છે – સરકારી ઓદ્ધેદારો છે – પઢેલા લોકો છે – તેઓએ પોતપોતાનો આબરૂદાર ધંધો કરવો છોડી દીધો છે તેઓ હરામનું ખાવાની (આડીવાટની ધૂળ ખાવાની) અને તેથી ગરીબ રૈયતને પાયેપાલ કરી નાખવાની તજવીજો કરે છે."[૩૭]

નર્મદે રાજકારણમાં ચાલતી અંઘેર પ્રવૃતિ વિશે લોકોને જાગૃત કરવાના ઉદ્દેશ સાથે રાજકારણમાં ચાલતી ખટપટ વિશે પણ લોકોમાં જાગૃતતા લાવવા માટેના લેખો 'ડાંડિયા'માં પ્રકાશિત કર્યા છે.

"રાજનીતિ–રાજકાજ સંબંધી લોકો જાણીતા થાય તેવું કંઈ જ જોવામાં આવતું નથી. 'બોમ્બે એસોશિયેશને' પહેલી વહેલી કંઈ ધામધુમ કરી પણ આજકાલ તો તે માંહોમાહેના કુસંપથી અને રખેને સરકારની ઈતરાજી થાય તેની ધાસ્તીથી મસ્તી પણ

નથી ને માચો મુક્તી પણ નથી એવી હાલતમાં જીવે છે એમ કેહેવડાવ્યાં કરે છે. ‘રાસ્તગોફતાર’, ‘ઈન્દુપ્રકાશ’ને ‘નેટીવ ઓપનિયન’ એમાં વખતે વખતે કંઈ કંઈ આવે છે તે ખરી પોતાની મહેનતના અને અનુભવના વિચારનું નહીં પણ દેખાદેખીથી તાલમેલિયું ડાહ્યું ઘેલું આવે છે. આ તરફના કિયા દેશીએ રાજકાજ સંબંધી આજ તીસ વરસમાં નવો વિચાર જણાવેલો છે ? ખરેખર એ બાબત ઉપર આ પ્રાંતના ભણેલાઓ કંઈજ વિચાર કરતા નથી. માટે ભાઈ ડાંડિયા, એ બાબતસર કોઈ કોઈ વખત તું ડાંડી પીટયાં કરજે કે લોકના સમજવામાં આવે કે રાજનીતિ તે આ, અંધેર તે આ, જાગૃતી તે આ, સાચાઈ તે આ ને તાલમેલ તે આ.”[૩૮]

આમ, એ સમયે નર્મદનો રાજકારણ વિશેના સદાગ્રહ જોવા મળે છે.

નર્મદનો યુગએ સુધારાનો યુગ છે અને આ સમયમાં નર્મદે સુધારાને લગતા ઘણા લેખો લખીને‘ડાંડિયા’માં પ્રકાશિત કર્યા છે. તેમાંનો લેખ છે. ‘સુધારાવાળા અને સટ્ટો’ તે નીચે મુજબ જોઈએ.

“આજથી થોડા દિવસ ઉપર હું બોમબેબેંક નજકીદ એક માહારા પારસી મિત્રની ઓફીસમાં બેઠો હતો. એટલામાં શેરબજારમાં કેટલાક માણતરો ઈન્સ્પેકટરો દાખતરો વકીલો અને બીજા કેટલાક સુધારાના સાથીઓને આમ તેમ ભારી ધામધુમમાં દોડતા જોઈ મને એવો ખ્યાલ ઉતપન થયો કે રખેને તેઓ આ બિચારી બેંકો જે ઘણી જ બાલ્યા અવસ્થામાં ઘરભંગ થએલી છે તેના પુનરવીહીવાને અરથે એકઠા થયા હોય ! મને પણ આ ડામાંડોલ જોઈ ભારે હર્ષ ઉત્પન્ન થયો ને વિચારયું કે આ શુભ શાદીના ગીતો ગાવાને ખરેજ કવી જોઈએ તેની તલાસમાં હું હતો એટલામાં તો હું મારી મોરાદમાં ઠગાયો. જરા વધારે તલાશ કરતાં રોશન થયું કે આ સુધારાના સાથીઓ શેરોના ભાવ

નરમ ૫   ાથી ભારે દબાણમાં આવ્યાને લીધે આજ કેટલુંક થયું કરમબક્ષી કરે છે. કેટલાક ચાંપસીભાઈનો કેટલાક મકનજીભાઈને કેટલાક ખીમજીભાઈને ખુણામાં એકાંત લઈ જઈને પુછવા લાગા કાં ભાઈ આપણા આ ભાવના લઈને રાશ કરશું ? કેટલાક આરા દલાલે તો ખોટ મુકી કાઢી નાખવાને સલા આપી."[૩૯]

નર્મદ પુનર્વિવાહનો હિમાયતી હતો. તેમણે "એક રંડાયેલા શેઠને એક વિધવાનો કાગળ' નામના લેખમાં પુનર્વિવાહના વિચારને પ્રજા સમક્ષ વહેતો મૂક્યો છે. એ લેખમાં જે વિધવા પત્ર લખે છે. તેમની સાહસિકતા બીરદાવવા યોગ્ય છે. આમ, સમાજમાં જ્યારે જ્યારે જે વિચાર દ્વારા સુધારો લાવી શકાય તે વિચારને નર્મદે નિર્ભીકપણે પ્રજા સમક્ષ ખુલ્લા મૂક્યાં છે. તેમનો એક નમૂનો જોવા જેવો છે.

"મારા જીવન શેઠ, તમે ઘરડા નથી બતરીસેક થયાં હશે. મારે આંખે તો તમે બાળવેશે દેખાઓ છો. તમે નવી પ્રીત કરવાને આચકો ખાશો પણ શું છોકરાને માટે અને પોતાની નીતિ જાળવવાને માટે કર્યા વગર કંઈ ચાલવાનું છે ? હમણાં નહીં ને બે મહીના પછી પણ કરવું તો પડશે જ ને તમે કરશો પણ ખરાં.

જીવન શેઠ–ગુસ્સે ન થશો. બૈરી સામું માગું કરે છે. તે ઉપરથી તમે મારી નીતિ વિશે જરાકે શક ન લાવશો. ખરા પ્રેમનો ઊભરો અને ભણ્યાથી પેદા થતી છુટ એ બેથી અને રખને બીજે ઠેકાણે ઝડપાઈ જાઓ એની બીકથી હું આકળી થઈ રૂકમણીની પેઠે મારા કૃષ્ણને વિનવું છઊં.

મારા શેઠ, હું સોળ વરસની સુંદરી છઉં; ભણેલી છઉં; રે સુધારામાં છઉં. તમે તો વખતે ગભરાઈને સુધારો મુકી દો, પણ હું તો નજ ગભરાઉ. તમે જેમ તમારી ગભરામણમાં લોકનું માની શેઠાણી નિમિત મંદિરની ભેટો કાહાડી અને ગાડીયે બેસીને

આવેલાં બૈરાંઓને કુટવા દીધાં તેમ હું તો ન કરવા દઉં જો ! કરવ દઈએ તારે પછી સુધરેલાં શેનાં ? પણ એમાં કંઈ જીવ નહીં. પેલી વાતનું ?

જીવન શેઠ, હું તમારા પૈસા પર નથી પડતી, તમને ને તમારાં છોકરાંને વેહેલું વેહેલું સુખ થાય ને વળી તમારો દાખલો જોઈ જેમ તમારાથી હું તેમ બીજાઓથી મારા જેવીયો નવો જનમ લે એટલાસારૂ હું આટલી કુદાકુદ કરી રહી છઉં. માર જેવીયોના નવા જનમથી દેશનું દુઃખ ગયું સમજ જો. મોટાં કામ મોટાથી જ થાય."[૪૦]

સમાજ સુધારા સાથે જોડાયેલ નર્મદ વિધવાવિવાહ કરાવી સ્ત્રીદુઃખને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. તેમાં તે વહાલીવહુનું ઉ.દા. ટાંકીને લોકોનું એ તરફ ધ્યાન દોરવા પ્રયત્ન કરે છે. 'વિધવાનો પ્રશ્ન અને ડાંડિયાનો ઉત્તર' નામના લેખમાં નર્મદ જણાવે છે કે, "રાંડેલીને માંડેલી કરવા સારૂ સુધારાએ ઘણી ઘણી જાુગતીયો કામે લગાડી પણ આખરે તે હારીને બેઠો છે. રંડાયેલીનું નસીબ રંડાયલું જ રહે છે. કોઈ કહે છે કે સરકાર માથે લે તો કોઈ કહે છે જાતીભેદ તુટી જાય તો પુનર્વિવાહનું કામ વેહેલુ ચાલતું થાય પણ હું તો જાણું છ કે એ તો બધાં ફાંફાં છે –સરકાર માથે લે નહીં ને જાતીભેદ કંઈ આજકાલ તૂટે નહીં."[૪૧]

નર્મદે વહાલીવહુના ઉ.દા. દ્વારા સમજાવવાનો પ્રયત્ન કર્યો છે કે સમાજમાં જો તમારી વાતને કોઈ ન સમજે તો તમે સમાજના લોકોને એવો શાપ આપો કે જેથી તેઓ તમારું દુઃખ સમજે અને તમારો સંસાર મંડાય એને ઉદ્દેશીને ડાંડિયોમાં નર્મદે લખ્યું છે કે, "વહાલીવહુ સાંભળ ! તમારૂં કામ આ રીતે તો ખરેખર વેહેલું પાર પડે–તમે એવો સરાપ દીયાં કરો કે '઼ઓ લોકો તમારી બેનો તમારી જીજીયો તમારી બેટીયો વેહેલી વેહેલી રાંડોને હમારાં દુઃખોને હમારાથી થતાં પાપો તમારી નજરે બહુ બહુ પડો.' અલબત્ત જારે સહુની મા બે બેટીયો રાંડે તો રાંડેલીયો પાછી વેહેલી વેહેલી માંડેલી થઈ જાય."[૪૨]

આજથી ૧૫૦ વર્ષ પહેલાં સૂરતની શેરીઓમાં એક અવાજ પડઘાતો. એ અવાજ હતો ડાંડિયોનો. ધાડચોરીના ભય સામે અરદેશર કોટવાળના જમાનાથી આ વ્યવસ્થા શરૂ થઈ હતી. દલિત કોમનો આ ડાંડિયો રાત્રે બાર–બેના સુમારે પોતાના નિયત વિસ્તારમાં ઢોલ પર ડાંડી પીટી લોકોને જાગતા રહેવા ખબરદાર કરતો. વાળુનો સમય વીત્યે રાત્રે ટોપલો લઈ તે શેરીઓમાં નીકળતો. લોકો તેને વધ્યું ઘટ્યું આપતાં. તે તેનું મહેનતાણું.

પરંતુ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધના સવા દાયકા પછી લોકોને જાગતા રહેવાની જે હાકલ સંભળાઈ તે કાળા ચોરથી કે ધાડપાડુથી નહિ, સમાજના સફેદ ઠગો, ધુતારાઓ, પાખંડીઓ, સત્તાસ્થાને બેઠેલા કૌભાંડીઓ અને શોષણખોરોથી ચેતતા અને બચતા રહેવા માટેની હતી. એ ડાંડિયો હતો. યુગનો પ્રહરી, કડખેદ નર્મદ અને તેના પાંચ સાથીઓએ શરૂ કરેલું એ નામનું પખવાડિક. ચોપાનિયા ઉપર તેમની કલમની ડાંડી પડતી. ભલભલા ચમરબંધીઓ ધ્રુજી ઊઠતા, સત્તાથી છકેલાઓના છક્કા છૂટી જતા એટલી અને એવી તેની સેહ હતી.

ડાંડની સાથે ડાંડ બનતો, તેનાં કરતૂતોની ડાંડી પીટનારો અને ઉપરથી, શબ્દના સોટા લગાવનારો એમ ત્રણ રીતે પોતે ‘ડાંડિયો’ બન્યો છે એમ કહેવા સાથે તેણે પોતાની વિવેકમર્યાદા પણ આંકી લીધી હતી. કુલીનતા, ઉચ્ચ શિક્ષણ, નીતિનો આગ્રહ, દુનિયાદારીનું જ્ઞાન, સુખદુઃખનો અનુભવ, ટેકીલાપણા માટે આદર અને વિદ્યાની સેવના–એ સહુને કારણે વિનાકારણ કોઈના પર હુમલો ન કરવો, સામાન્ય સ્ખલન માટે ઉદારતાથી ક્ષમાભાવ રાખવો. પરંતુ અજ્ઞાન, અનીતિ, વહેમ, અંધશ્રદ્ધા, ધુતારાપણું, લુચ્ચાઈને જાહેરમાં ફિટકારવામાં સંકોચશરમ ન રાખવાં; સોટા જેવી આખા બોલી ભાષામાં ગુનેહગારને ખુલ્લો પાડી છોભીલો પાડવો, સમાજમાં તેને નીચાજોણું

કરાવવું, ઉપહાસપાત્ર બનાવી તેને વિમાર્ગેથી પાછો વાળવો, એમ કરવામાં બહુજનનું મનોરંજન થતું હોય તે અવશ્ય કરવું જેથી બીજાઓ તેમાંથી ધડો લઈ તે માર્ગે જતા અટકે આ તેની નીતિ અને કાર્યરેખા હતી.

આવો કુલીન ડાંડ અને ડાંડિયો બનવાનો તુક્કો નર્મદને અને તેના મિત્રોને સૂઝયો તેનો ઇતિહાસ પણ રસિક છે. મુંબઈમાં કોલાબાથી વાલકેશ્વર સુધીનો દરિયો પૂરવા બેંક બે રેકલેમેશનની યોજના અન્વયે રૂપિયા દશ હજારનો એક એવા બે કરોડ રૂપિયાના શેર વેચાયા. તેમાં પ્રેમચંદ રાયચંદ અને બીજા અનેક શ્રીમંતો ખુવાર થયા ત્યારે સટ્ટાખોરી કેવી નુકસાનકારક છે તેનો અંદાજ સૌપ્રથમ નર્મદને આવ્યો. તેના સુધારાવાળા મિત્રો પણ, નીતિમાન કહેવડાવવા છતાં, હરામનું કમાઈ લેવા ઘાંઘા બન્યા હતા; બુદ્ધિવર્ધક સભા સુઈ ગઈ હતી અને મિત્રો મોં બતાવતા ન હતા. ભાષણો કરવાની અને વિદ્વાન મંડળીમાં બેસવાની ટેવવાળો નર્મદ મુંઝાતો હતો. શેરબજારથી અળગા રહેલા મિત્ર ગિરધરલાલ દયાળદાસ કોઠારી સાથે તેણે 'લિટરરી કલબ' જેવું બનાવી, ખાણીપીણી સાથે નાના પ્રકારની વિદ્યા સંબંધી અને દેશસુધારા સંબંધી ચર્ચા કરવા, તે ચર્ચા છપાવી પ્રગટ કરવા વિચાર્યું. આમ 'લિટરરી કલબ' કાઢી 'ટેબલ ટાક' કરવાનું તેમનું સૂચન નગીનદાસ મારફતિયા, ઠાકોરદાસ આત્મારામ અને કેશવરામ ધીરજરામ જેવા મિત્રોએ વધાવી લીધું. તેમાંથી પખવાડિક ચોપાનિયાના પ્રકાશનની યોજનાએ આકાર લીધો. લોકોને ગદ્ય વાંચવાનો શોખ નથી. તેઓ પૈસા ખરચીને ચોપાનિયું ખરીદશે નહિ, ગાંઠનો ખર્ચ કરવો પડશે, આ બધું સમજીને તેમણે 'સ્પેક્ટેટર'ના જેવું સામયિક બનાવવું એવા ઉચ્ચાશયે 'ડાંડિયો' શરૂ કર્યું. "મ્હોટું નામ રાખી હલકું કામ કરવું તેના કર્તા હલકું નામ રાખી મ્હોટું કામ કરવું વધારે સારૂં" એ વિચારે તેમણે 'ડાંડિયો' જેવું હલકું નામ નક્કી કર્યું.

આમ શરૂ થયું નવજાગરણ કાળનું એક અમોઘ આંદોલન, જેનું ધ્યેય હતું દંભ, પાખંડ, કુરૂઢિઓ, અંધશ્રદ્ધા, વહેમ, ઈજારાશાહી, સત્તામદ, અમલદારશાહી, દ્રવ્ય–લાલસા જેવાં દૂષણો ઉન્મૂલ કરવાં, દબાયલી કચડાયેલી રાંક પ્રજાની મનોરુગ્ણતા દૂર કરી તેનામાં સાચી ચેતનાનો સંચાર કરવો, સત્ય અને ન્યાયની પ્રતિષ્ઠા કરવી, પ્રજાની મૂળભૂત સંસ્કારિતાને સંકોરવી, સાંસ્કૃતિક મૂલ્યોની રક્ષા અને પુષ્ટિ કરવી. એ જ ડાંડિયાનું ધ્યેય રહ્યું છે.

પત્રકારત્વ વિશે 'ડાંડિયો'નો આદર્શ ઊંચો હતો. 'વર્તમાનપત્ર અને ચોપાનિયાં' શીર્ષકના લેખમાં (૧૫–૧૨–૧૮૬૪) નિષ્પક્ષ અને સ્વદેશ હિતેચ્છુ વર્તમાનપત્ર કેવું હોય તે દર્શાવતાં તેણે તંત્રીની સ્વતંત્રતાનો મહિમા કર્યો છે.

## ૩.૬ 'વિદ્યા વિલાસ' (૧૮૬૯) :

### ❖ 'વિદ્યા વિલાસ'માં પ્રકાશિત થયેલ સામાજિક લેખો :

'વિદ્યા વિલાસ' ઈ.સ. ૧૮૬૯માં સુરતથી પ્રકાશિત થયું હતું. તેના મુખપૃષ્ઠ પર શીર્ષકની સાથે રેલએન્જિનનું ચિત્ર છાપવામાં આવ્યું છે ત્યાં પ્રકાશનનું વર્ષ, મહિનો અને અંક સંખ્યા લખવામાં આવી છે. તેમજ પ્રથમ પૃષ્ઠમાં એક દોહરો જે આ ચોપાનિયાના કાર્યોનું વર્ણન કરે છે :

"सर्व सुधारानुं सदा, विद्या मूल विशेक।
सकल विलास विषे सरस, विद्या विलास अेक॥"

આપણા સમાજમાં જ્યાં જુઓ ત્યાં લોકો એક બીજાને છેતરીને પોતાનું કામ કઢાવતા હોય છે. તો આવા ઠગ અને લોકોને ફસાવીને પોતાનું કામ કઢાવનારા ફાંસિયા લોકોનો પર્દાફાસ કરતો લેખ 'ઠગ અને ફાંસિયા' 'વિદ્યા વિલાસ'માં છપાયેલો લેખ આવ્યો. આવા વ્યક્તિઓથી લોકોએ પોતાનો સ્વબચાવ કરવાનો છે. તેમને ઓળખવાના છે, કે જેથી બીજા લોકો તમારો ગેરફાયદો ન ઉઠાવી જાય. આવા લોકોની ઓળખ માટે તેમણે જે લક્ષણો દર્શાવ્યાં છે તે નીચે મુજબ છે :

"ઠગ એટલે જે માણસ માત્ર લુચ્ચાઈ કરે તે નહિ સમજવો અને ફાંસિયાનો અર્થ એમ લેવો કે જેઓ આપણા કામમાં વચ્ચે ફાંસ મારે તે. જેને વિશે અમે આ જગે લખવા માંગિયે છૈયે તેને ઠગ કહે છે. અથવા ફાંસિયા પણ કહે છે. ઠગ અને ફાંસિયા તે એક જ. હિંદુસ્તાનમાં ઘણી જગે તેઓ માલમ પડે છે અને તેઓના જેવા દુષ્ટ ને નિર્દય કોઈ હોય એમ ધારી શકાતું નથી. આપણે જાણીને ખરેખર ઘણું જ આશ્ચર્ય પામિએ છૈયે કે મનુષ્ય પ્રાણી પોતાના જાત ભાઈને નાના પ્રકારની લુચ્ચાઈ, દોંગાઈ ને કપટ કરી માત્ર પૈસાની

લાલચે મારી નાખે છે. તેઓ પોતાની શ્રેષ્ઠતા ભૂલી જાય છે, અને જંગલી જાનવરો કરતાં પણ નઠારા ગણાવવામાં મુખ્ય છે. તેઓની રીતિ ને નીતિ વિશે જે માણસોએ તેઓની વાત નહિ સાંભળેલી તેઓને જો કંઈ કહ્યું હોય તો તે કહેનાર રંગ– પાણીમાં બેઠા છે, એમ તેઓ માન્યા વિના રહે જ નહિ. ઇંગ્લેન્ડમાં વિદ્વાનો પણ એ વાત સાંભળીને ખરી માનવાને આંચકો ખાતા હતા, પણ તપાસ કરતાં તેઓની ખાતરી થઈ કે આવા દુષ્ટ વાઘનર કરતાં પણ નઠારા, માણસ જાતનાં ક્રૂર નિર્દય વેરી, દુનિયામાંય છે. કેટલા વખત લગી તો ખુદ અંગ્રેજ સરકારની નજરથી એ ઘુનો છુપો રહ્યો હતો, ત્યાર બાદ જ્યારે તેઓને કંઈ કંઈ ખબર પડી ત્યારે તેને વિશે સારી પેઠે તપાસ શોધ કરવાને માટે માણસો રાખ્યા, ને તે ઉપરથી આખા હિંદુસ્તાનમાં તે ઘણો જ ફેલાઈ ગયેલો માલમ પ ો છે."[૪૩]

આપણા સમાજમાં એ સમયે બાળલગ્નનું ચલણ હતું. તેથી સમાજમાં બાળવિધવાનું પ્રમાણ ખૂબ જ વધી ગયું હતું. તેથી સમાજમાં વિધવાનું જીવન કષ્ટદાયક બન્યું હતું. તે સમયે સમાજમાં પુનર્લગ્ન વિશે લોકો વિચાર પણ કરી શકતા ન હતા. એ સમયે પુનર્લગ્ન એ એક પાપ ગણાતું. છતાં સમાજને સુધારા તરફ દોરી જવા માટે ઘણા સમાજસુધારકો આગળ આવ્યા અને તેમણે સમાજમાં પુનર્લગ્ન કરવાની હિંમત દાખવી અને ધીરે ધીરે સમાજમાંથી એ બદી દૂર થઈ અને સમાજમાં લોકો પુનર્લગ્નને સ્વીકારતા થયા. આ વિષય પર લોકો જાગૃત બને તે માટે 'પુનર્લગ્ન' નામનો લેખ આ માસિકમાં છપાયો હતો તે નીચે પ્રમાણે છે :

"આ વરશ હિંદુસ્તાનના ઇતિહાસને વિશે ખરેખર નોંધી રાખવા જેવું છે. આ જ વીશ પચીશ વરસના દરમીઆનમાં આપણા દેશમાં જે જે સુધારાને માટે મહેનતો કરવામાં આવી તે તે સુધારા આપણા હિંદુલોકની રીતિ તથા સ્થિતી જોતાં ખરેખર

અવસ્યના છે એમ સાફ જણાઈ આવે છે. રેલવે તઈયાર થઈ અથવા તારનો અજાએબ જેવો ખેલ દાખલ થયો તે સુધારા વિશે અમે કહેતા નથી. છાપખાનાને ન્યુસપેપરો જ્યાં ત્યાં નીકળવા માં ।. એ પણ મોટો સુધારો છે, પણ તે સુધારા વિશે અમે બોલવા નથી માગતા. અંગરેજો અહીં આવ્યા પછી અજ્ઞાનતા રૂપી જે તિમિરથી આપણે ઘેરાઈ ગયા હતા તે તિમિરને ખસેડી નાખવાને આજ લગી જે મહેનત થતી આવી છે તે મહેનતના જે ફળ જે સુધારા થયા છે તે વિષે અમે કહીએ છઈયે. જ્યારે હિંદુસ્તાન પુષ્કળ વહેમમાં દટાઈ ગર્ક થઈ ગયું હતું, જ્યારે મુસલમાન બાદશાહોનો જુલમ ચોમેર ગાજી રહ્યો હતો અને દેશીઓના મનમાં કોઈ પણ રીતની આશાનો જરાપણ અંશ હોય એમ પણ જણાતું નોતું, જ્યારે હિંદુઓ પોતાની પૂર્વની રૂડી સ્થિતિ છેક સમુળી વીસરી ગયા હતા."[૪૪]

"શું એ જુના વિચારના લોકોને અબળા જાતનું દુઃખ જોઈ દરદ નથી થતું ! તેઓ શું છેક જ એવા વજ્ર ને ઘાડા રુદયના થઈ ગયા છે કે તેઓની ઉપર કંઈ જ અસર થતી નથી. સુંદર બાળકીઓને કકુપ થઈ ગયેલી જોઈ તેઓની આંખમાં આંસુ નથી આવતાં ? જો તેઓને ખરેખરૂં અબળાઓને પડતું દુઃખ લાગતું હોય તો તેઓએ પોતાની જુઠી હટ મુકી દઈ સુખવાળાઓ ને તેઓના ખરા અંતઃકરણથી સહાયતા આપવી જોઈએ. હિંદુસ્તાનમાં સાફ સફાઈ છતાં તે લોકો હરકત કરે છે તે કેવી મુર્ખાઈ ભરેલી છે. જે હિંદુ શાસ્ત્રમાં મના હોય તો પણ તેઓ એમ વીચારતા નથી કે હિંદુઓ સ્ત્રી પુરનાર પુરૂષ હતા અને તેથી તેઓ એ પુરૂષનું હીત વધારે જોયું છે. જે સ્ત્રીઓએ શાસ્ત્ર કીધાં હોત તો બેશક સ્ત્રીને વધારે છુટ આપી હોત. જ્યારે આપણને આવી રીતે સાફ માલમ પડે છે કે સ્ત્રીઓ ને વિધવાપણાનું જે દુઃખ ભોગવવું પડે છે, તે ખરેખરૂં આપણા અંતઃકરણના મન નથી. એ હલકું ને જુલમ ભરેલું છે અને તેથી તે દૂર કરવા ને આપણી માં, બેન, દીકરી, છોકરી, સગી વહાલી સહુ કોઈ ને માટે તનમન ને ધનથી શ્રમ કરવો જોઈએ."[૪૫]

હિંદુસ્તાનમાં કોઈ વ્યક્તિ મરી જાય તેની પાછળ શોક કરવાનો રિવાજ વર્ષો જુનો છે. વ્યક્તિ મરી જાય છે, પરંતુ તેમની પાછળના જીવિત વ્યક્તિઓએ મરેલા વ્યક્તિ માટે શોક પાળે છે. ઘરમાં તેઓ સાદગીથી રહે છે. ખાવા–પીવામાં પણ તેઓ શોકને કારણે સાદું ભોજન લે છે. જે ચાલ આ ચાલી રહ્યો છે. તે ખરેખર સમાજમાં દેખાડા માટે છે. કારણ કે એ વ્યક્તિ જ્યારે જીવિત હોય છે ત્યારે તેની કદર થતી નથી, પરંતુ તેમના મૃત્યુ પછી સમાજમાં દેખાડો કરવા શોક કરવાનો ઢોંગ કરે છે. તે વિશેઆ માસિકમાં ‘મુઆ પછી શોક કરવા વિશે’ના લેખમાં એ ખોટા ચાલ વિશે સમજૂતી આપવામાં આવી છે. તે વિશે આપણે જોઈએ.

“આપણે જોઈએ છૈયે કે આ દેશ વિશે હજારો વરશ થયાં એવો રીવાજ ચાલ્યો આવ્યો છે કે કોઈ મરી જાય તો તેની પાછળ જાહેર રીતે રડવું ને કુટવું. માણસને ઉપર બતાવ્યું તેવી રીતે જે પ્રીત થાય છે તે પ્રીતમાં વીજોગ પડે છે. તેથી કરીને સગાવહાલાને શોક થાય એમાં કઈ નવાઈ જેવું નથી પણ શોક કરવો એ સારી વાત છે કે રડવા કુટવાથી લાભ થાય છે કે નુકશાન તે આપણે જોવું જોઈએ. હિંદુશાસ્ત્રમાં રડવા કુટવાની સાફ રીતે મના કીધી છે. પણ તે વિષે ચરચા કરવી અમને ઠીક લાગતું નથી. કેમ કે જો બની શોક ધર્મથી વેગળા રહી એમ બતાવી આપવું કે શોક કરવામાં કંઈ ડહાપણ નથી રહ્યું.”[૪૬]

ભારતીય સમાજમાં જાત જાતના વહેમોનો સીલસીલો ચાલતો રહ્યો છે. જેવાં કે વિધવા મહિલાનું સવારમાં મોઢું દેખાઈ તો અપશુકન થયું સમજવામાં આવે છે. તેમજ રસ્તા વચ્ચે ચાલતા બિલાડી આડી ઊતરે તો પણ અપશુકન થયાનો વહેમ લોકોમાં પ્રચલિત હતો. આમ, ભારતીય સમાજમાં વ્યક્તિઓના માનસ પર વિવિધ પ્રકારના

વહેમોના થર બાઝેલા જોવા મળે છે. તો આવા જ સમાજના કેવા વહેમો હોય છે, તે આ માસિકપત્રના લેખ પરથી જોઈશું.

"બધાને માટે ઉપાયો થઈ શકે છે, પણ વ્હેમ રૂપી અજ્ઞાનતાને માટે ઉપાયો નથી. વ્હેમ બહુ ખોટી ચીજ છે, અને જેઓમાં એ અવગુણ છે, તેઓ પોતે ખરાબ થવાની સાથે બીજાઓને ખરાબ કરે છે. આ સડો વખતના ગુજરવા પ્રમાણે કમ થવો જોઈએ, અને જ્યારે કેળવણીના કામોમાં વધારો થાય છે ત્યારે તેવા વખતમાં આ દેશમાં ઘટાડો થવાની પહેલી જરૂર છે. પાછલા વખતમાં કેટલીએક બાબતોમાં આપણે ત્યાં વધારે વ્હેમ હતા, પણ હમણા એમાં ઘટાડો થયો એવું આપણે ખાત્રીથી કહી શકતા નથી. આ બધું કારણ જુના લોકો છે, કારણ કે તેઓના જોવામાં જે જે આવેલું, તેથી તેઓના ઠસી ગયેલા વિચારો મગજમાંથી ખસેડાઈ શકાય નહીં. તેઓના મન આ પ્રમાણે બગડી જવાનો સબબ ઓછી કેળવણી હતી, અને બેશક તે કારણથી તેઓની ખરાબી થવાની સાથે ઢોંગી અને લુચ્ચા લોકો ફાવતા હતા. જાદુગરો જાદુ કરતા, ઠગારાઓ ઠગાઈ કરતા, નજરબંદી કરનારાઓ નજર બાંધતા, અને ભુવાઓ ભુત ડાકણોને નચાવતા. આવી રીતના કેટલાએક કામોથી હીંદુઓમાં અને તેમજ બિજા લોકોમાં જે વ્હેમો ઠસી ગયેલા છે, તેમાંથી તેઓ ઊગરી શકતા નથી. તેઓમાં આ પ્રમાણેના માઠા વિચારો આવવાથી આજની ઘડી સુધી તે ફાંદમાંથી તેઓ બચી શક્યા નહીં. આ પ્રમાણેના લાંછન અને બુરી લતથી તથા કીમીઆગરોના કીમીયાથી તેઓએ નુકશાન વેઠયા હતા, પણ જ્યાં સુધી એવા કામને માટે કોઈપણ ખંતી નથી મળી આવ્યો તાહાં સુધી તેઓ આથી ઉગરયા નહીં. કેટલાએક કીમીઆગરો હજારો રૂપીયાના વીમા કરી નહાસી ગયા પણ લોભીઓની આગળ કૂતરા ભુખે ય મરે એ કહેવતો પ્રમાણે દુનીયામાં કેટલાએક બનાવો રજૂ કરે છે."[૪૭]

### ❖ 'વિદ્યા–વિલાસ'માં પ્રકાશિત થયેલ સાંસ્કૃતિક લેખો :

ભારતીય સંસ્કૃતિમાં મા–બાપને ભગવાનનો દરજ્જો આપવામાં આવ્યો છે. બાળકોને ઉછેરવાની જવાબદારી સંપૂર્ણ રીતે માતા–પિતાની છે. પરંતુ બાળક જ્યારે મોટું પરિપક્વ બને છે, ત્યારે તેની પણ એટલી જ જવાબદારી બને છે કે તે પોતાના માતા–પિતાને પ્રેમથી તેમની સાથે રાખે અને તેઓની સેવા કરે. તેઓ જીવે ત્યાં સુધી તેમની જરૂરિયાતો પૂરી કરીને તેમની સેવા કરવાનો અવસર આ આપણી ભારતીય સંસ્કૃતિમાં જ જોવા મળે છે. તો બાળકો પોતાની જવાબદારી નીભાવતા શીખે એ હેતુસર 'મા–બાપ ઉપર છોકરાની પ્રીતિ' કેવી હોવી જોઈએ તે વિશે માહિતી આપતો લેખ આપણે જોઈશું.

"બાળકોને લાજમ અને ઘટારત છે કે જે માબાપ આપણને ન્હાનપણથી ઉછેરીને મોટી સંભાળ અને ચીંતાથી આપણને મોટા કરે છે, તે માબાપના આપણે ઓસીગણ થવું એ એક આપણા જીવતરનો અધીક ધર્મ છે. જે માબાપથી આપણો જન્મ થયો છે, તેઓ તરફ આપણે પ્રીતી અને હેત રાખવું જોઈએ, કારણ કે તેઓની મેહેનત અને દયાથી આપણે આ સંસારના લ્હાવામાં ઓળખાયા છીએ. આ શીવાય તેઓએ આપણા ઉપર એવો તો ઉપકાર તથા મેહેરબાની કીધી અને એવી તો માયા દર્શાવી છે કે તેના ઉપકારનો બદલો આપણાથી પુરતી રીતે વાળી શકાતો નથી, માટે આપણો હક તથા ફરજ છે કે આપણાથી બની આવે તેમ સ્વચ્છ અંતકરણથી મા–બા પને ચ્હાવું, તથા તેઓ તરફ પ્રીતી કરવી, અને તેમજ સઘળી વસ્તુ કરતાં તેઓને શ્રેષ્ઠ અને મૂળઘર ગણવા અને તેઓની બરદાસ્ત તથા સંભાળ કરવી, અને તેઓને સુખી રાખવા, તેઓની આજ્ઞા માનવી, તેઓને પ્રતીષ્ઠાથી આદરમાન આપવું, અને છેલ્લું તેઓના હુકમ નીચે રેહેવું એ આપણો ધર્મ છે. માબાપ પોતાના છોકરાઓને માટે કેટલું દુઃખ વેઠે છે, તે વિશે

સર્વ કોઈને ખબર છે, કારણ કે આપણી બાલ્યાવસ્થામાં તેઓને આપણે મ્હા મ્હા દુઃખ આપ્યું છે કે તેના બદલામાં આપણી ઉપર તેઓએ અગણીત ઉપકાર કીધા છે. આ સઘળી હકીકત યાદ લાવીને આપણે તેહેનો બદલો તેઓને વાળી આપવાનું કામ વીસરી જવું જોઈતું નથી. જે સ્થિતીમાં આપણે છઈએ, અને તેઓથી વધારે દરજ્જો અને માન તથા દ્રવ્ય ઈશ્વર આપે તો પણ આપણે તેઓનું માન યાદ રાખવું અને હંમેશના તેઓના ગુણ વિશે સારી વર્તણૂંકથી આ સંસારમાં ચાલવું, કે જેથી આપણા બાળકો આપણી સાથે તેવી સારી રીતે વર્તે."[૪૮]

સમાજમાં વ્યક્તિની છાપ એક સજ્જન વ્યક્તિની થાય એ હેતુથી તેમની અંદર સદ્‌ગુણોનો વિકાસ થવો અનિવાર્ય છે, કે જેથી તે પોતાના આચરણમાં તેનો ઉપયોગ કરી શકે. આપણા દેશના દરેક પુરુષ એક સજ્જન વ્યક્તિ બને એવા હેતુથી તેમણે કેવા કેવા પ્રકારના ગુણોનો વિકાસ પોતાના વ્યક્તિત્વમાં કરવો જોઈએ તે વિશે 'જુવાન પુરૂપોનાં સ્વધર્મો' નામના લેખમાં જણાવ્યું છે, તે આપણે જોઈશું.

"અમણાની સ્થિતિ જોતાં મનુષ્યને નિર્મળ મન સંપાદન કરવું એ પણ એક ઘણો જ અગત્યનો ગુણ છે. સદાય નીતીમાન અને સાવધ થવું તથા પોતાનું કામ ચલાવી લેવું એ સર્વ મનુષ્યોનો પણ મુખ્યત્વે કરીને જે લોકો આ સંસારની મુસાફરીમાં પેહેલા વેહેલા જ નીકળતા હોય તેઓનો ધર્મ છે. એવા લોકોને જે કંઈ ઉપદેશ કરવામાં આવશે તે ગણકારનાર તો નથી એવું જાણ્યા છતાં પણ તેઓને નિર્મળ મન સંપાદન કરવાને ઉપદેશ કરતા રહેવો એ વધારે કારણ છે. સ્વભાવ એકથી વધારે માણસોમાં જુદા જુદા હોય છે, માટે કેટલાએક દિંગ મારતા ચોકી કરનારા અને ઉપદેશનો સંશય વચે પોહોંચે છે તાહારે અફળાતાકુટાતા સમજે છે. બાલ્યાવસ્થામાં અથવા તરૂણપણામાં કુવિચારોનું તથા મદનું જોર હેવું તો નીપજે છે કે તે આ નિર્મળતાને ગણકારસે નહીં."[૪૯]

ભારતીય સંસ્કૃતિમાં ભાઈચારાનું મહત્ત્વ વિશેષ રહ્યું છે. જે જે જગ્યાએ ભાઈચારો અથવા સંપ રહ્યો છે તે તે જગ્યાએ દુશ્મનો ક્યારેય ફાવી શક્યા નથી. તેથી વ્યક્તિના વિકાસ માટે, દેશના વિકાસ માટે સંપથી રહેવું બહું અગત્યનું છે. આપણા સમાજમાં, ગામમાં, શહેરમાં, દેશમાં એવો જ સંપ બની રહે તે માટે સંપથી કેવા કેવા ફાયદા થાય છે તેનું મહત્ત્વ સમજાવતું કાવ્ય આપવામાં આવ્યું છે, તે આપણે જોઈશું.

**સંપ વિશે**

"સંપ વડે સંસારમાં, અબળ સબળ સૌ થાય
ડાભતણા દોરે કરી, મા' મગદળ બંધાય.
દળ દેખો મધમાખીનું, કેવું કરે છ જોર
સંપે અરી સામી લડે, માંખી અતી ચકોર.
ધીમા સ્વરથી બહુ મળી, વદે કોઈ પણ વાત
હુકારો ભારે થશે, દેખો છો સાક્ષાત.
સંપ વીનાના સ્વાનનો, કાશી સંગ ન જાય
ધૈર્ય ધરી કોની કળે, થોડે જઈ અચકાય.
પાણિ આગના મેળથી, ગાડી દોડે છેય
મૂળ વેર તપાસતો, ત્યાંની ત્યાં અટકેય.
તેમજ મારા મીત્રરે, સંપ વિના સૌ ધૂળ
કુસંપથી કેટલાંકનાં, ઉખડી ગયાં છ મૂળ.
માટે મનમાં સમજીને, સંપ કરો સૌ ઠામ
સંપ મહી સુખ છે સઉ, સંપે રાજી રામ.
સંપ હોય જો સ્નેહીમાં, ફાવી શકે ન સૂર

કુસંપને કલેસે કરી, જીતી જાય અસૂર.
મા’ મોટા રાજા તણાં, રાજ્યો હતાં વિશાળ
સંપ વિના ટુંટી જઈ, પેશી ગયાં પાતાળ.
સંપીને સૌ માન છે, સંપી જીતી જાય
પિપિલી કાના હાથથી, બડો ભૂજંગ મરાય.
હલકાં કે ભારે તેનું, કારણ કાંય નથી જ
તેને ફળ તેવું મળે, જેવું રોપે બીજ.”[૫૦]

## ૩.૭ ‘ગુજરાત નીતિ પ્રકાશ’ (૧૮૭૦) :

### ❖ ‘ગુજરાત નીતિ પ્રકાશ’માં પ્રકાશિત થયેલ સામાજિક લેખો :

જીવનમાં કોઈ પણ વસ્તુ હરામમાં મળે તે ન લેવી જોઈએ. કારણ કે જે ચીજ પર પોતાનો કશો પણ હક નથી, તે કોઈના આપ્યા વગર લેવી, એ ચોરી છે. ચોરી કર્યાથી કેટલા ગેરફાયદા થાય છે, તે તો સૌ જાણે છે. તથાપિ તે કર્યા વગર હરામખોરોને ચાલતું જ નથી. એક વાર સજા ભોગવી આવે છે, ને ફરીને પાછા તેમજ કરે છે. આવા નિર્લજની વાત આપણે એક કોરે મૂકીએ, હવે જેઓ ભોળા છે, જેવોને કદી પણ કરવાની મરજી નથી. તેઓ જાણીને તો એવું પાપી કર્મ નહીં જ કરે; પરંતુ તેઓથી ભૂલથી ચોરી થઈ જાય છે. જે તેઓના જાણવામાં રેહેતી નથી. રસ્તે ચાલતાં મનમાં જો એકાદ ફૂલનું ઝાડ આવ્યું, તો તે પરથી એકાદ ફૂલ લેવામાં તેઓ ચોરી માનતા નથી. માર્ગમાં જો બોરડી જેવું ઝાડ દીઠામાં આવ્યું, તો તે પરથી ફળ પાડી ખાધા વગર રહેતા નથી. આ વાત છે તો નજીવી, પરંતુ એ પણ એક જાતની ચોરી તો ખરી. ઘણી આવી પરંતુ તેના ધણીને પૂછયા વિના લેવી, તે ચોરી કર્યા બરોબર જ છે. માટે જે વસ્તુ બીજાની હોય, તે તેના માલિકને પૂછયા વગર કદી પણ લેવી જ ન જોઈએ.

“તમે સાંભળો સજ્જનો વાત મારી, દુરીજનને લાગશે ખૂબ ખારી;
બધે બધ બતાવું કીતાબ માંહી, નંહિ લેશો હરામની ચીજ ભાઈ. (૧)
એથી કષ્ટ સહ્યાં બહુ રાજ રાણે, ખોયાં શિશ રાવણજીએ રામ બાણે;
સિતા લેઈ નાઠો એ પરાઈ બાઈ, નંહિ લેશો હરામની ચીજ ભાઈ. (૨)
હતો લંક પૂરીનો એ રાય પ્યાજી, દશ શિશ દિઠે ન થવાય રાજી;
પ્રખ્યાત છે વાત એ વિશ્વ માંઈ, નંહિ લેશો હરામની ચીજ ભાઈ. (૩)

પડી ચીજ લેતાં કોઈ લોક જાણે, પગિ જાણી હરામીને દોરે થાણે;
આવે મુકી સોટા તણો માર ખાઈ, નંહિ લેશો હરામની ચીજ ભાઈ. (૪)
જાય આબરૂ લોક માહી જ મોટી, થાય બંધ ઉદ્યમ કમાઈ ખોટી;
મળે એ ન ખાવા નહીં જગ માંઈ નંહિ લેશો હરામની ચીજ ભાઈ. (૫)
ગ્રહે કાજળ હસ્ત હોયે જ એવા, પર વસ્તુ લીધે થશે મુખ તેવા;
જનો બોલશે મુખ નિધં જ ગાઈ, નંહિ લેશો હરામની ચીજ ભાઈ. (૬)
જગ કર્તાની બ્હીકને મન ધારી, તમો લેશો મલે તેને કહેજો વારી;
પર વસ્તુ લેતાં બેશો સમ ખાઈ, નંહિ લેશો હરામની ચીજ ભાઈ."[૫૧] (૭)

આપણા સમાજમાં રડવા કૂટવાના ખોટા જુના ચાલનો ઠપકો અમો તમામ ન્યાતના શેઠીઆઓ પર મૂકીએ છીએ. આવા કમ કમી ભરેલા દુષ્ટ ચાલથી મોટી ખરાબી થાય છે. એમાંથી તો "રાંડની રાંડ જાય છે, અને ગોખલેથી ગાંડપણ જાય છે." આણી ગમથી માણસ મરે છે તે જુદું, અને પેલી ગમથી છાતી માથા ભાંગે છે તે જુદું. શાણા માણસો તમે જાણો જ છો કે એમ કર્યાથી મરેલું માણસ પાછું કદી પણ આવતું નથી ! દેવને કાંઈ દયા નથી ! ત્યારે અમથા રડી કૂટીને છાતી અને માથાં શા વાસ્તે ભાંગવા જોઈએ ? રડવેથી આંખની તેજ ઘટે છે, ને આખરે હેરાન થવાય છે ! એટલું કર્યાથી પણ આખરે કાંઈ વળતું નથી. માટે ઓ શેઠીયાઓ, આ વાત પર જરા ધ્યાન આપો અને જે બીજી બાબતના બંદોબસ્ત કરો છો તેવા આ વિશે પણ કરો, અમારો આ પોકાર કાંઈ સાંભળનાર છે – કોઈ નથી ! ભલભલા બૂમો પાડી પાડીને થાક્યા, તો પછી અમારા એ શા હિસાબ ? આ બાબતને માટે અમને અત્યંત દિલગીરી કરવી પડે છે ! શેઠીયાઓ, આ ચાલથી બેશક મોટી ખરાબી થાય છે ! માટે કાંઈ સમજો અને એ વિશે બંદોબસ્ત કરો.

"તમે સૌ જુવો કૂટોહળ કામ, શેઠીયા ઘરોની મનમાં હામ,
મૃત્યુ સમે મો આગળ આવી ભાઈ રે ? બેટા ? બોલે;
સુખડી હોય તો આપની અમને ભગની માતા ડોલે;
તમે સૌ જુઓ કૂટોહળ કામ, શેઠીઆ ઘરોની મનમાં હામ. (૧)
મુઆ પછી માનુનિઓ આવી રડે કુટે છે ઘણું;
ધભડ, ધભડ, હાએ બાપજી રડે તે દુઃખ આપણું;
તમે સૌ જુઓ કૂટોહળ કામ, શેઠીઆ ઘરોની મનમાં હામ. (૨)
જનુંની કહે છે. હાએ બેટા હવે મારૂં શું થાશે ?
પત્ની કેહે છે હાએરે પીયુજી છોકરાં તે કેને ખાશે ?
તમે સૌ જુઓ કૂટોહળ કામ, શેઠીઆ ઘરોની મનમાં હામ. (૩)
બેન બળેવને સંભારીને ખોટું તે માથું કૂટે;
કહે કવીજન સ્વાર્થી મળીને ધોળે તે દહાડે લૂટે.
તમે સૌ જુઓ કૂટોહળ કામ, શેઠીઆ ઘરોની મનમાં હામ. (૪)"[૫૨]

પોતાનું કાજગરૂં માણસ મરી જવાથી કોને દુઃખ ન લાગે ? પોતાના હોય તેને તો લાગે જ પણ જેને આપણી સાથે કશો સંબંધ નથી, તે પણ એવા મોતથી બહુ જ પશ્ચાતાપ કરતા જોવામાં આવે છે ! માણસનામાં આ ગુણ સ્વભાવિ છે, તે કારણ માટે તેમ થયા વગર રેહેજ નહીં .... પણ છાતી માથાં કુટીને લોકોને ભેગાં કરીને તેમને કમકમી આણીને તેઓને પશ્ચાતાપ શું કરવા કરાવવો જોઈએ ? દક્ષિણીઓમાં આ ચાલ બિલકુલ નથી. પારસી અને મુસલમાનોમાં પણ તેમ જ જોવામાં આવે છે. ત્યારે આપણામાં તેમ થાય તો શું માઠું છે ? તમો કદાચ એમ કેહેશો કે તમને એ ચાલ પસંદ ન હોય તો તમો જ તમારે ઘેર બંધ કરો. પણ આવું જો તમો બોલશો તો તેમાં તમારી મોટી

ભુલ કેહવાશે. કીડી કોટ તોડવા જાય તો તે કદાપી બનવાનું નથી. એ તો મોટા મોટા શેઠ શાહુકારો ભેગા થઈ બંદોબસ્ત કરે અને એ ચાલ બંધ કરે તો એક ક્ષણની પણ વાર લાગનાર નથી. અને એ રીતે બંધ કરશો તેમાં તમને બિલકુલ પાપ તો નહીં જ લાગે, પણ ઉલટું પુણ્ય થશે. મુઆ પાછળ રડવા કુટવાથી જે લીંટ ને લાળ પડે છે, તે મરેલા માણસને ખાવું પડે છે, એવું ગરૂડ પુરાણમાં લખ્યું છે. તે છતાં તે પુરાણના વચન પર શા માટે પગ મુકવો જોઈએ. મુઆની પાછળ પશ્ચાતાપ તો લાગેલો છે જ, તેને પણ વિચાર કરીને ટાળવો જોઈએ. કેમ કે તે વિના બીજો ઉપાય આપણામાં રહેલો નથી. એ તો થતું જ આવ્યું છે. બૈરાં કેહે છે તેમાં પણ કેહે છે કે, 'હોય લોભેણ હોય રે હોય' માટે હવે તો આપણે સમજવું જોઈએ. આ ચંડાળ ચાલને નાબુદ કરી નાંખવો જોઈએ.

બીજી બધી નકામી માથા કુટોને માટે ન્યાતો અને પંચો મેળવીને કુસકાં કુટો છો. પણ આ અગત્યની બાબત પર જરાએ ધ્યાન આપતા નથી. એ બહુ જ અફસોસ કરવા જેવી વાત છે ! આવા આવા ચાલ આપણામાં ઘણા છે. જે શાસ્ત્રમાં બિલકુલ કહેલા નથી, પરંતુ તેને નિંદેલા છે. તેવું છતાં ભગતનાં ડીંગલાઓ આંખ આડા કાન કરીને સાંભળ્યા જ કરે છે. જો જો ભાઈઓ, હવે અમારી કલમ હાથથી ગઈ છે, હવે એ જેમ તેમ ચીતરી વાળશે, પછી તમે અમારા પર ઠપકો મુકશો.

આ બાબત પર જો તમો મન નહીં જ લગાડશો તો પછી એ નહીં બોલવાનું બોલશે વાસ્તે જરા જાગૃત થાઓ અને એમાંના એક બે મંત્ર કાનમાં ઉતારો. આ વાત સિદ્ધ થઈ તો પછી બીજી લગનમાં ફટાણા ગવાય છે તે વાત કાંઈ અમો ભુલી ગયા નથી. તે પર અમો પણ સજડ ટીકા કરશું. નીલાજરી રાંડો ઉઘાડે છોગે ગમે તેમ ગાય છે. તેથી શું અમો તેમજ અમારા વાંચનાર અજાણ્યા છે ? એવી બેઅદબ નિર્લજ વેશ્યાઓના નામ ઠામ જાહેર કર્યા વગર હવે ચુકનાર નથી. જોયું, આ કલમ આડે રસ્તે ઉતરી પડી જો

આંગળી આપતાં પહેલાં જ પોંહોંચાને વળગી પડે છે. રડવા કુટવાના ચાલ પર હજી તો માત્ર ટીકા જ થાય છે, એટલામાં વળી આ બીજું સાલ ઘાલવા તૈયાર થઈ છે. પણ ના, સબુર રાખ, જરા, વાટ જો, વખત આગળ આવે છે, બહું બોજો મુકવો નહીં.

એક કામનો નીકાલ આવ્યા પછી બીજું, પછી વળી ત્રીજું, આખો લાડવો એક સામટો ખવાય નહીં. એ ધીરજના છે. બહુ દાહાડાનું પડેલુ વ્યસન ઉતાવળે મુકાય નહીં. આપણા શેઠીઆઓ જરા આંખો ચોળીને હોશીઆર થાય; તો પછી તું પણ કમર બાંધીને તૈયાર થા. તારો તો એ ધર્મ જ છે તે બજાવવામાં આનાકાની કરવી જ નહીં. લોકો તરફથી ગાળો તો સજડ પડશે. કુટવામાં બહાદુર બૈરીઓ કુટણામાં તને પણ કુટી તો મારશે. પણ તેથી ડરવાનું કામ નથી. એવી મતબાલા સાંઢની દરકાર ન રાખતાં તારે તો તારા હોદ્દાનું કામ બરાબર રીતે બજાવવું જ જોઈએ. આવા દેશ હિતકારી કામમાં પ્રભુ તને સહાય થશે. શેઠીઆઓ સમજશે અને તારી મેહેનતનો બદલો વાળશે; માટે જરા ક્ષમા કર. શેઠીઆઓની તેમજ તેમની શેઠાણીઓની જરાક લાજ રાખ. એમાં જ સભ્યતા તારી જણાશે. તારૂં ધારયું ન થયું તો પછી એ વાત તો છેસ્તો ! હેવાતનના ઉધારા, પણ રંડાપો તો રોકડો છે જ.

લોભ મહા બુરી ચીજ છે. લોભને વશ થઈને માણસો નાના પ્રકારના કુકર્મ કરે છે; લોભને તાબે થઈને એક બીજાને ઠગે છે; આ પાપી દુરગુણ જેનામાં હોય છે, તેને ખરાબ કરી મુકે છે. લોભી માણસ કદી પણ સુખી હોતો નથી. એક પઈસો મેળવ્યો તો બીજો મેળવવાની તેને ઈચ્છા થાય છે. તે જો સુખે કરીને મળે ને તે મેળવે તો તેમાં તેને માથે લોભી પણાંનો કીતાબ મુકવો, તે વાજબી નથી, પરંતુ તે ઘણી મેહેનતે પણ ન જ મળ્યો, તો તેને માટે મહા મહા સંતાપ કરીને પોતાના અમુલ્ય આત્માને મુજાપામાં નાંખે

છે, આવા માણસને લોભી કહી શકાય છે, ને આવાને જ ઉપર કહેલાં દુઃખ સેહેવાં પડે છે.

લોભ એ પાપનો બાપ છે. એવા દુર્ગુણો લોકોમાં વસે છે. તેનાથી દૂર રહેવું જ મનુષ્ય માટે હિતાવહ છે.

**: લોભ વિષે :**

"જે જન અતિશે કરશે લોભ, તેના પૂરણ જાણો ભોગ;
કોઈ દિ મન નવ સુખિઓ થાય, રેન દીન અધિકો પસ્તાય. (૧)
લક્ષણ લોભે જાય જરૂર, ખ્વાર થયો એથી અકરૂર;
દીપક માંહી પડે પતંગ, કંચનનો જાણીને રંગ. .... (૨)
ઢીમર નાંખે નદીમાં ગળ, મચ્છ કરે બાજીને બળ;
ફસે આંકડો તાળુ માંએ, તત્ક્ષણ જીવડો નિકળી જાય. (૩)
લોભ તણો એવો છે ધર્મ, અજ્ઞાની નવ જાણે મર્મ;
કિમિઆગર થઈ આવે ઠગ, લોભીને ઘેર ઘાલે પગ. (૪)
આપું હેમ કરી તુજને, ધિર તારૂં જેવર મુજને;
પછી કરે પલાયણ આપ, લોભીને વાધે સંતાપ. ...."[૫૩] (૫)

"લોભ થકી ઘર કૈંકના, ઉડી ગયાં આકાશ;
લક્ષ પતી જે નર હતા, ન મળે કોડી પાસ. .... (૧)
સંતોષી તે સુધ્ધ છે, નવ્ય નીધ સુખ આપ;
દિન રજની સુખથી વહે, નહીં મન દુખ સંતાપ .... (૨)

નયણે નિદ્રા નીત કરે, શોક તજી સંસાર;
ઉપજે સુખ, દુખ સહે નહીં, કરે ઉદ્યમ પ્હોર ચાર .... (૩)
કરવું કહેવું સોભતું, સુખથી મળશે દામ;
જન નિદીંત કરવું નહીં, કવિજન કહે છે. આમ. ....''[૫૪] (૪)

લોભીઆ માણસને માત્ર પૈસો મેળવવાની જ ફીકર છે, એટલું જ નહીં, પણ તે સાચવવાની પણ તેને બહુ જ ચિંતા રહે છે. સંતોષીના કરતાં લોભીઆ માણસો હંમેશા અધીરા ઘણા હોય છે, તે કોઈનો ભરોશો કરતા નથી. ઘરના માણસો વિશે પણ તેને બહુ બહુ શંકા ઉત્પન્ન થયા કરે, તેથી તે કદી પણ સુખથી સુતો નથી. પોતાના પૈસાનો ઉપભોગ લેતો નથી, અને આખર મધમાખીની મીસાલ ભેળું કરેલું સઘળું ધન ધાન્ય પ ું મુકી કાળના હાથમાં સપડાઈ જાય છે. પછી તેને તે પૈસો શા કામમાં આવવાનો છે ? નહીં કોઈ દહાડો પોતે ખાધું કે પોતાના કુટુંબને ખવડાવ્યું, નહીં કોઈ દહાડો ધર્મદાન કર્યું, નહીં કોઈ દહાડો મોજ શોખ કરી, વગેરે કશો લાવો ન લેતાં માત્ર ઢોરની મીસાલ મેહેનત કરી, પોતાની જાત પછાડી, આખરે બીજાને સારૂ સઘળું મુકીને ચાલતો થાય છે, પાછળ માત્ર તેના લોભી કીતાબની વાસના રહી જાય છે.

સમાજમાં ઘણા લોકો પોતાની સ્ત્રી હોવા છતાં પરસ્ત્રીનો સંગ કરીને સમાજમાં દુષણો ફેલાવતા હોય છે. સમાજમાં પરસ્ત્રીના સંગમાં આવવાથી કેવી કેવી મુશીબતો આવે છે. અને તેના કેવાં માઠાં પરિણામો પોતાને, કુટુંબને ભોગવવા પડે છે. તેથી સમાજમાં આ દુષણથી દૂર રહેવા પુરુષોને ચેતવણી આપીને જાગૃત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**: પર સ્ત્રિનો સંગ ન કરવા વિષે :**

"અગ્ની અડકે બાળે અંગ, તેવો પર સ્ત્રીનો સંગ;
વિખ ખાધે બદલાશે રંગ, તેવો પર સ્ત્રીનો સંગ. .... (૧)
પુત્ર મરે ભાગે ઉમંગ, તેવો પર સ્ત્રીનો સંગ;
વેરી વંઠયો વાળે ખંગ, તેવો પર સ્ત્રીનો સંગ. .... (૨)
કર્યા વ્રતનો થાએ ભંગ, તેવો પર સ્ત્રીનો સંગ;
અફીણ ખાધે ગોળે દેહ, તેવો પર સ્ત્રીનો સ્નેહ. .... (૩)
લીંટ લાળ સુખ નાકે વેહ, તેવો પર સ્ત્રીનો સ્નેહ;
ઝેરિ જીવ પ્રાણ હરશે જેહ, તેવો પર સ્ત્રીનો સ્નેહ.... (૪)
ખુબ વરસે બિજ બાળે મેહ, તેવો પર સ્ત્રીનો સ્નેહ;
મિલ આપે જેમ લાગે મેહ, તેવો પર સ્ત્રીનો સ્નેહ...."[૫૫] (૫)

ઉપરોક્ત કાવ્યમાં પર સ્ત્રીનો સંગ કરવાથી કેવા દુષ્ટ પરિણામ મળે છે, તેને વિવિધ વસ્તુઓ સાથે સરખાવીને સમજાવવામાં આવી છે. અગ્નિ, ઝેર, પુત્ર, વેરી, અફીણ, ઝેરી પ્રાણી વગેરે સાથે સરખાવીને સ્ત્રીનો સંગ પણ એ દુષ્ટ પરિણામ સમો છે. તેવું સમજાવવામાં આવ્યું છે. એ જ રીતે જે પરસ્ત્રીનો સંગ નથી કરતા તેની ખ્યાતી કેવી હોય છે. તે નીચેના કાવ્ય દ્વારા સમજુતીથી મેળવીશું.

"એ માટે કરવો નહીં, સંગ સ્નેહ કોઈવાર;
શ્વદ્ર ચંદ્ર મોટા થયા, એ બાબતમાં ખ્વાર .... (૧)
ફજેતી એવા તણી, સુણિએ ઠામો ઠામ;
ગજૂ આપણું છે નહીં, ન લેશો એનું નામ .... (૨)

વેદ પુરાણ ઇતિહાસમાં, એ જ લખ્યો છે, મર્મ;
સાચું કહું સમ ખાઈને, કદી ન કરવું કર્મ. .... (૩)
એ વસ્તુ તજનારના, વખાણ ગામો ગામ."[૫૬]

❖ **'ગુજરાત નીતિ પ્રકાશ'માં પ્રકાશિત થયેલ સાંસ્કૃતિક લેખો :**

વ્યક્તિના જીવન વિકાસમાં કેટલાક સદ્‌ગુણોનો વિકાસ અનિવાર્ય છે. વ્યક્તિમાં સંપ, દયા, હિંમત, સચ્ચાઈ, પ્રામાણિકતા વગેરે ગુણો હોવા એ આપણી ભારતીય સંસ્કૃતિની એક સજ્જન વ્યક્તિની છબી છે. તો આવા જ ગુણો લોકોમાં વિકસે એ હેતુથી આ ચોપાનીયાએ 'સંપ વિષે' એક કાવ્ય લખ્યું છે. કે જેથી લોકો તેમાંથી બોધ લઈ તેમના વ્યક્તિત્વ વિકાસમાં એવા ગુણોને કેળવે અને એનાથી થતા ફાયદાનો લાભ લે.

"સંપ કરે જે જન, મન દુખિઅ નહિ થાશે,
સંપ કરે જે જન, શત્રુ તેના મટિ જાશે,
સંપ કરે જે જન, ધન બાપીકું રાખે,
સંપ કરે જે જન, સ્વાદ સુખનો તે ચાખે;
સંપ કરે જે જે જનો, સજ્જન લોક તેને કહે;
કદિ સંપ વિના સુખ સંપતિ, નવ આવે માગી ગૃહે .... (૧)
સંપ કરે જે લોક, ધોક કદી નહિ ખાશે,
સંપ કરે જે લોક, મિત્ર તેના બહુ થાશે;
સંપ કરે જે લોક, શોક કોઈ દી નવ પામે,
સંપ કરે જે લોક, દુ:ખ સઘળાં તે વામે;
દુખ વામી સુખ ભોગવે, સંપ તણો એ ધર્મ છે
કહે કવિજન એ ખોટું નથી, સંપ સજ્જનનું કર્મ છે."[૫૭] (૨)

વ્યક્તિના જીવનમાં સમાજના લોકો માટે દયાભાવ રાખવો પશુ, પંખી કે પ્રાણીઓ માટે પણ દયાભાવ રાખવો જોઈએ. વ્યક્તિના વ્યક્તિત્વમાં આ ગુણ મહત્ત્વનો છે. આ ભારતીય સંસ્કૃતિનો શિરમોર ગુણ છે. જે વ્યક્તિને અલગ રજૂ કરે છે.

**: દયા રાખવા વિષે :**

"દયા ધરોદિલ દયા, ધરમ એ છે બહુ મોટો;
રાખો દિલ પર દયા, ન આવે લવરે ટોટો.
દેખી અંધ અપંગ, દીલમાં અંતિસે ગજો;
માનવ જાતનું દુઃખ, દેખિને મનમાં લાજો.
નિરાધાર જે બાળ, વ્હાલ તે ઉપર રાખો;
ખરચો છો બહુ દામ, હજારો નહિં પણ લાખો.
વરઘોડા ને વશ, માહિં અગણિત ઉડાવો;
અનાથોને સનાથ, કરીને લોની લ્હાવો.
વિના વિવેકે કરો, ખરચ તે કામ ન આવે;
વારી વૃષ્ટિનું જેમ, ચરણ ધોવામાં જાવે.
ખોટ આવે છે બહુ, સહૂ વેપારો માંહી;
ખમી રહો છો ખરૂં, લગારે બોલો નાંહી.
ખમાયે દીઠી નહીં, પુરી લાગે છે મીઠી;
લોક તણી એ રીત, અમે તો અવળી દીઠી.
મનથી ખરચે ખરા, જરા કોઈનું નવ માને;
કથીર કંચન સાટ, વસાવે વીમુખ નાણે.
થોડું ખરચે ઘણું, પુન્ય તો જેથી થાએ;

પણ તે મૂકી ખડજ, ખરજ તો ખરોજ ખાએ.
એકલ પેટા મોજ, કરે છે મોટી મોટી;
લઈને મનુષા દેહ, કમાણી કીધી ખોટી.
વેશ્યાઓ ને ભાંડ, ભાગાયાને જઈ આપે;
દેવાળાં ફૂકે છે. ગધેડા એવે પાપે.
મનસુખ થાએ તોજ, રહે મન રાજી રાજી;
માને સજ્જન ખરા, ન માને હોએ પ્યાજી."[૫૮]

કહેવાય છે કે 'હિંમતે મરદા, ને મદદે ખુદા' હિંમતથી સઘળાં કામ થાય છે. હિંમત વડે મોટા મોટા વેપારો ચાલે છે. જો હિંમત દુનિયામાં ન હોય તો, આજ જે નવી નવી શોધો થાય છે તેમાંનું કાંઈ થયું ન હોત. પણ આજ કાલ બધી દુનિયાની હિંમતે યુરોપ ખંડમાં જઈને વસવાટ કરેલો જણાય છે. યુરોપના લોકો જેવી હિંમત રાખીને મોટાં મોટાં કામો કરે છે, તેવાં બીજા કોઈથી પણ થઈ શકતાં નથી એમ અમને લાગે છે. એનું કારણ એ જ કે બીજાઓમાંથી હિંમત નાશ પામી છે. આપણા દેશી લોકો એક હલકું અને નજીવું કામ કરવામાં પણ તરહે તરહેના વિચારો કરે છે. આખરે તેમાંથી એક ભય રૂપી સિંહને જન્મ આપી તે ભાગે, ડરીને લાગલા જ નાસવા માંડે છે. એવું ન બને અને સમાજનો દરેક નાગરિક હિંમતવાન બને અન્યાય સામે અવાજ ઉઠાવે એવી હિંમત દરેક નાગરિકમાં હોવી જ રહી, તો આપણે વ્યક્તિને હિંમત વિશે સમજાવતું 'કાવ્ય' જોઈએ.

"આળસ વશ થઈ કરી પડો નહીં પથારમાં,
ઉદ્યમ હાથ લઈને નસાડોની સવારમાં;
ઉગામીને કરો પ્રહાર વેરીઓનાં માથામાં,
શૂરા જનો સજોની શસ્ત્ર હામ રાખી હાથમાં. (૧)

પેજાર મારો પ્યાજીને ન આવે ઘસી અંગમાં,

હરામીને હરાવી કાઢો ઘાલો કૂડા સંગમાં;

બહાદુર થઈ બેસવું ન આવે આપ સાથમાં;

શૂરા જનો સજોની શસ્ત્ર હામ રાખી હાથમાં. (૨)

હતા જ પાંચ પાંડવો જે ક્ષત્રીઓના કૂળમાં,

કીધેલ વેર કૌરવે ઉખેડીઆ સમૂળમાં;

એ વાત વિશ્વ માંહી સઉ ગાએ જનં ગાથમાં,

શૂરા જનો સજોની શસ્ત્ર હામ રાખી હાથમાં. (૩)

આવે જ નીંદ નેત્રમાં તેવારમાં થવું ખડા,

જાગ્રત થઈ ઝૂઝવું થવું જ એ થકી વડા;

પરોવી મન પ્રીતથી આપેલ ગુરૂ પાઠમાં,

શૂરા જનો સજોની શસ્ત્ર હામ રાખી હાથમાં. (૪)

અધર્મ આવે અંગમાં ધરમને સામો કરો,

આવે જ ક્રોધ આપમાં ધીરજને સાચી ધરો;

ભરાય ભૂત પેર તેને ઝાલી ઘાલો નાથમાં,

શૂરા જનો સજોની શસ્ત્ર હામ રાખી હાથમાં. (૫)

જીકર રાખે રાજીઓ ભુપરં ભે રહે નહીં,

હીંમતથી પરાયો દેશ તે તહીં જઈ કરી;

કહે કવી મારા જનો પડો ન સુરત વાટમાં,

શૂરા જનો સજોની શસ્ત્ર હામ રાખી હાથમાં."[૫૯] (૬)

## ૩.૮ ‘વિનોદ’ (૧૯૨૧) :

### ❖ ‘વિનોદ’માં પ્રકાશિત થયેલ સામાજિક લેખો :

આ મેગેઝીન એપ્રિલ–૧૯૨૧માં સુરતથી બહાર પ ું હતું. તેના તંત્રીઓ જ્યોત્સના શુકલ અને બટુ ઉમરવાડિયા હતા. આ મેગેઝીને તે સમયે સમાજસુધારણાના કાર્ય હેઠળ કાર્ય કરી લોકજાગૃતિમાં પોતાનું મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

‘વિનોદ’ મેગેઝીનમાં ‘સ્ત્રી વિભાગ’માં સ્ત્રીઓને લગતી માહિતી આપવામાં આવતી હતી. સ્ત્રીની શક્તિને ઓળખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો, તો તેવા જ ‘ગૃહ અને ગૃહિણી’ નામના લેખમાં સ્ત્રીઓનું કાર્ય કેટલું મહત્ત્વનું છે, તે આપણે જોઈશું.

“સ્ત્રી વિના ગૃહ નથી. ગૃહ એટલે શ્વટ ચૂનાનું બાંધેલું જડ મકાન નહીં, પણ આનંદ–ઉલ્લાસનું રમણીય સ્થાન. દુઃખીને દિલાસો દેનાર, થાકેલાને વિશ્રાંતિ આપનાર, નિરાશ કંટાળેલા હૃદયને પ્રફુલ્લિત કરનાર સુંદર મધુરૂં ગૃહ, જ્યાં પ્રવેશ કરવાથી ઘડીભર સંસારની સર્વ વિટંબનાઓ ભૂલી જવાય. જ્યાં વસવાથી મનુષ્યને જીવન બોજા રૂપ નહીં પણ આનંદમય લાગે એનું નામ ગૃહ. એવું ગૃહ રચી શકે તે સ્ત્રી ગૃહિણી–ગૃહદેવીની પદવીને લાયક ગણાય.”[૬૦]

સ્ત્રી અબળા નથી, સ્ત્રીની શક્તિ જેવી બીજી કોઈ પણ શક્તિ જગતમાં હસ્તી ધરાવતી નથી. સ્ત્રીનામાં સ્ત્રીપણું હોય, તેનો ઉપયોગ કરતાં આવડતો હોય તો બીજી સર્વ શક્તિઓ તેની આગળ સ્હેજે નમી જાય છે. આજે સ્ત્રીઓ નિસ્તેજ, બળહીન, મૂર્ખ લાગે છે, કારણ તેઓની બુદ્ધિનો મનુષ્યત્વને આવશ્યક સદ્‌ગુણોનો જન્મથી જ વિકાસ થવા દેવામાં આવતો નથી. તેમની સર્વ શક્તિઓને દબાવી રાખવામાં આવે છે. જરૂરી

ખાતર, પોષણ, કાળજી વિના વધ્યાં ગયેલાં ઝાડો પણ ઉત્તમ ફળ આપી શકતા નથી. કેળવણીના પોષણથી સ્ત્રીની કુદરતી શક્તિને ખીલવ્યા વિના તેના તરફથી પણ ઉત્તમ ફળની આશા ન જ રાખી શકાય. કોઈ એક સમયે કોઈક ભણેલી સ્ત્રીએ કંઈક ખરાબ વર્તન કર્યું હશે, કોઈક ભણેલી સ્ત્રીનું કંઈ અશુભ બન્યું હશે, પરિણામે સ્ત્રી માત્રને માટે જ્ઞાનના, બુદ્ધિ અને હૃદય વિકાસના સર્વ રસ્તા બંધ થયા. આની અસર બહુ બુરી થઈ. કેળવણી વિનાની મૂર્ખ સ્ત્રીઓનામાંથી સારાસાર બુદ્ધિનો લોપ થયો. અજ્ઞાન, દ્વેષ અને વહેમથી કુટુંબોમાં કલેશનાં બી રોપાયાં. સમાજમાં ભયંકર સડો પેઠો. ગૃહનાં સુખ–આનંદ નષ્ટ થયાં. 'સ્ત્રીની બુદ્ધિ પગની પ્હાનીએ' ઈત્યાદી કહેવતો પ્રચારમાં આવી. સ્ત્રી એટલે ગૃહની ગૃહદેવી નહીં પણ પુરૂષની સર્વ ઈચ્છાઓને વિના બોલ્યે અનુસરનાર આતિથ પ્રાણી એ માન્યતા જન્મ પામી. કાળક્રમે એ સ્થિતિ બદલાવા લાગી; છતાં આ અધમ માન્યતાનાં કડવાં ફળ આજે પણ ઠેર ઠેર અનુભવાય છે. વર્ષોથી ચાલી આવતી આ પ્રથા આજના સુશિક્ષિત યુવાનોના સંસારને વિષમય બનાવી રહી છે. તેમની હૃદય ભાવનાઓને કચડી નાખીને જીવનના કુદરતી આનંદ અને રસિકતાનું શોષણ કરી રહી છે.

"માણસ માત્ર શું ગરીબ કે શું તવંગર સૌ સુખ, આનંદ, આરામના સાધનો શોધી તે મેળવવાને માટે તલસે છે. એટલા માટે જ માણસો જાત જાતના વ્યસનોને આધિન થાય છે. આપણા સમાજમાં આજે દારૂનું વ્યસન પણ આજ કારણથી વધ્યું છે. જુદાં જુદાં કારણથી જુદા જુદા માણસો વ્યસનને આધિન થાય છે. કોઈ ફક્ત શોખને ખાતર – આનંદ મેળવવા માટે અને ઉપયોગમાં લે છે. કોઈ શ્રમ ઉતારવા માટે, કોઈ માનસિક યાતનાઓ શમાવવા માટે અને કોઈક નિંદ્રાની કૃપા મેળવવા માટે તેનો આશરો લે છે. પ્રથમ તો 'સહેજમાં શું ?' એમ કરીને લે છે, ધીમે ધીમે પ્રમાણ વધારતા જાય છે.

તેના અનન્ય ભક્ત બની રહે છે અને છેવટે તેના ગુલામ બની એ ગુલામીમાંથી તેઓ કદિ પણ ઈચ્છે તોયે છૂટી શકતા નથી, પણ બધાં વ્યસનોની પેઠે આ બધાં કૃત્રિમ સાધનોની પેઠે દારૂ પણ ક્ષણિક આનંદ જ આપી શકે છે. દારૂથી ઉત્પન્ન થતો આનંદ, દારૂથી ઉત્પન્ન થયેલો જુસ્સો, તેનો કેફ ઉતરતાં નાશ પામે છે. દરેક કૃત્રિમ ચીજ સુખને અંતે દુ:ખ નિર્મેલું જ હોય છે. આજ પ્રમાણે દારૂથી ઉત્પન્ન થયેલો આનંદ તેનો ઉતરતાં જ શોકમાં ન સમજાય એવી ગમગીનીમાં ફેરવાઈ જાય છે, અને છતાં એના વ્યસની એને ત્યજતા નથી, ત્યજી શકતા નથી. નિરંતર એનો વધારે વધારે ઉપયોગ કર્યા જાય છે. શરીરની, આબરૂની, પૈસાની પાયમાલી કરીને જીવનને ધૂળમાં મેળવી દે છે.''[૬૧]

આપણા સમાજમાં વ્યક્તિ વ્યસની કેવી રીતે બને છે, તેની વિગતે માહિતી ઉપરોત લેખ 'દારૂ નિષેધ'માં આપવામાં આવી છે.

આપણા સમાજમાં વિધવા સ્ત્રીઓના ઘણા પ્રશ્નો છે. જેમાંથી કેટલીક સ્ત્રીઓએ પોતાના પ્રશ્નો સમાજ સામે ખુલ્લા પાડવાનો પ્રયત્ન કર્યો છે. તેમણે એક પત્ર દ્વારા પોતાની સમસ્યાઓને લોકો સુધી પહોંચાડી એ સમસ્યાને દૂર કરી વ્યક્તિઓને સમાજ સુધારાની હાકલ કરી છે. તે આપણે 'વિધવા બહેનોનો પ્રશ્ન' નામના લેખમાં જોઈશું.

''મિસિસ કાબાજી પર કેટલીક દુ:ખી બહેનોના પત્રો આવેલા તે પરથી તેમની મરજીથી આશરે બે મહીના પર સુરત સ્ત્રી સમાજમાં સ્ત્રીઓની જાહેર સભા મેળવી હતી. તેમાં મિસિસ કાબાજીએ તે પત્રો રજૂ કર્યા હતા કે જે વાંચ્યાથી કઠોર હૃદય પણ પીગળી જાય એમ હતું. મિસિસ કાબાજીએ તેમનાં દુ:ખ દૂર કરવા માટે પોતાની બનતી મદદ આપવા દરેકને અરજ કરી હતી.

કેટલીક બહેનોએ ત્યાર પછી વિધવા બહેનોની સ્થિતિ સંબંધી કેટલુંક વિવેચન કર્યું હતું, તે દરેક બહેને પોતાથી બનતી મદદ આપવા આતુરતા બતાવી હતી. પરંતુ આ સંબંધી વ્યવહાર પગલાં કેવી રીતે લેવાં તે વિષે વિચાર કરવાનો સમય હતો નહિ. આ કામ આમ અપૂર્ણ રહેવાથી સ્ત્રી સમાજ તરફથી ગઈ તા. ૨૧મી સપ્ટેમ્બરને રોજ વિધવા બહેનોના પ્રશ્ન સંબંધી એક બીજી મીટિંગ ભરવામાં આવી હતી. જેમાં પ્રો. હસમતરામ કપૂરરામ મહેતાએ એક વ્યાખ્યાન આપ્યું હતું. આ મીટિંગમાં વિધવા બહેનોએ એકંદરે સારી હાજરી આપી હતી.”

વિધવા બહેનોનો પ્રશ્ન નિરંતર જાહેરમાં ચર્ચી શકાય તથા તેઓનાં દુઃખ મટાડવા કંઈ સંગીન કાર્ય થઈ શકે તે કારણથી સ્ત્રીઓની એક સ્થાયી કમિટી નિમવી જોઈએ એમ એમણે પોતાના વ્યાખ્યાનમાં જણાવ્યું હતું. આ પરથી સ્ત્રી સમાજે બહેનોની એક કમિટી નીમી છે અને તે કમિટી હાલ તરત નીચેનું કામ કરશે.

(૧) જે વિધવા બહેન પોતાના દુઃખ જાહેર રીતે દર્શાવી શકતાં નથી. તેઓને તેમની ઈચ્છા હશે તો અને તેઓને કોઈ પણ પ્રકારની મદદની જરૂર હશે તો આ કમિટી બનતી મદદ આપશે.

(૨) ધર્મ તથા સાહિત્યનાં પુસ્તકોની યાદી વખતોવખત તેઓને મોકલશે અને આવાં પુસ્તકો મેળવી આપવાની બનતી વ્યવસ્થા કરશે.

(૩) વખતો વખત જુદે જુદે સ્થળે જાહેર સભા મેળવી આ વિષય વારંવાર ચર્ચ્યા કરશે કે જેથી લોકમત એ બાબતમાં કેળવાય.

(૪) માસિક પત્રોમાં આ વિષય ચર્ચશે.

(૫) સમાજને પોતે ઉપયોગી થઈ પડે તેવા માર્ગ વિધવા બહેનોને બતાવશે.

(૬) એવી બહેનોને માટે ધર્મના સિદ્ધાંતો પર વખતો વખત વ્યાખ્યાન રખાવી તેઓને જીવનનો હેતુ શો છે તે સમજાવવાને માટે સ્ત્રી સમાજ પોતાથી બનતું કરશે.

આ માટે બહેનોને વિનંતી કરવામાં આવે છે કે પોતાના સંબંધી કોઈ પણ પ્રકારના પ્રશ્ન તેમને પૂછવા હોય તો આ કમિટીના પ્રમુખ શ્રી ચીમુબહેન તથા ઉપપ્રમુખ તથા સ્ત્રી સમાજનાં સેક્રેટરી સુલોચનાબહેન અથવા કમિટીનાં કોઈ પણ બહેન સાથે પત્રવ્યવહાર કરવો."[૬૨]

❖ **'વિનોદ'માં પ્રકાશિત થયેલ સાંસ્કૃતિક લેખો :**

આપણા દેશમાં વિવિધ સંસ્કૃતિના લોકો રહે છે. તેઓ પોતપોતાની સંસ્કૃતિ અનુસાર તહેવારો ઉજવે છે. તેમજ વ્રત, પૂજાપાઠ કરે છે. એમાં હિંદુ ધર્મમાં 'વટ સાવિત્રી'નું અનેરૂ મહત્ત્વ છે. પતિના લાંબા આયુષ્યની પ્રાર્થના માટે સૌભાગ્યવતી સ્ત્રીઓ આ વ્રત કરે છે. આવા વ્રતો એ આપણી સંસ્કૃતિના એક ભાગરૂપ છે. તો આવા વ્રત પ્રત્યે સમાજની સ્ત્રીઓને જાગ્રત કરી તેમની અંદર ધર્મનું સિંચન કરવાનો પ્રયત્ન કર્યો છે. અને પતિને દેવ માની તેમની પૂજા કરવાનું મહત્ત્વ અનેરું છે. તો આ વ્રત વિશે માહિતી મેળવીએ.

"જેઠ સુદ પૂર્ણિમા એ 'વટ સાવિત્રી' વ્રતનો મહા પવિત્ર દિવસ છે. પૂર્વે સાવિત્રી નામની એક રાજ કન્યાએ પ્રથમ એ વ્રત કર્યું હતું. મહાભારતમાં તેની કથા આવી છે : સાવિત્રી નામની રાજકન્યા પિતાની આજ્ઞાથી પોતાને લાયક પતિની પસંદગી કરવા માટે દેશ દેશાવરમાં પ્રવાસ કરતી હતી. ઘણે સ્થળે ફર્યા પછી સત્યવાન નામના એક કુમારને તેણે ભવિષ્યના પતિ તરીકે પસંદ કર્યો અને તેની જ સાથે લગ્ન કરવાનો

નિશ્ચય કરી ઘેર ગઈ. માતા પિતાએ પણ તેની એ વાત કબુલ રાખી પણ પાછળથી જોષીઓએ સત્યવાનનું આયુષ્ય એક જ વર્ષનું છે એમ જણાવ્યું ત્યારે બધાં ચિંતામાં પ ાં અને રાજપુત્રીને પોતાનો નિશ્ચય છોડી દેવાનું સમજાવવા લાગ્યાં. પણ તે નિશ્ચય છોડે એ અશક્ય હતું. એક વર્ષને બદલે એક દિવસનું આયુષ્ય હોય તો એ સત્યવાન સિવાય બીજા કોઈ સાથે હું લગ્ન કરી શકીશ નહીં એમ તેણે કહ્યું. આ દૃઢ પ્રતિજ્ઞાને તોડાવવાની શક્તિ કોઈનામાં ન હોતી. સાવિત્રીની ઈચ્છાને વશ થઈ તેણે પસંદ કરેલા પતિ સાથે લગ્ન કરી આપવા એટલી જ માતા પિતાની ફરજ હતી. તેમણે આ ફરજ બજાવીને રાજકન્યાને સંતુષ્ટ કરી. હવે સાવિત્રી નામની દેવીએ 'વટ સાવિત્રી' વ્રત કરવાથી સત્યવાનનું આયુષ્ય વધશે એવી સૂચના સાવિત્રીને કરી હતી. જેઠ સુદ પૂર્ણિમા પર સાવિત્રીએ એ વ્રતનો આરંભ કર્યો. ત્રણ દિવસના અપવાસ પછી ચોથે દિવસે જેઠ સુદ પૂર્ણિમાએ પારણાં હતાં. જોષીઓના કહ્યા પ્રમાણે સત્યવાનના આયુષ્યનો તે છેલ્લો દિવસ હતો. સાવિત્રી એ વાત જાણતી હતી અને તેથી સત્યવાનની પાસે ને પાસે રહેતી.

સંધ્યાકાળે સત્યવાન જંગલમાં લાકડાં કાપવા જતો હતો. ચાર દિવસની અપવાસી હોવાથી સાસુ સસરાએ અને પતિએ સાથે જવાની ના કહી છતાં સાવિત્રી હઠ કરીને સત્યવાનની સાથે ગઈ. જંગલમાં જઈ સત્યવાને લાકડાં કાપવા માં ા. એકાએક ઝાડમાંથી એક કાળો નાગ નીકળી આવ્યો અને સત્યવાનના માથામાં ડંખ્યો. તેનું માથું ભમવા લાગ્યું. ચક્કર આવ્યાં અને જમીન પર બેશુદ્ધ થઈ પડી ગયો. તે કાળ ઘડી આવી પહોંચી હતી એ વાત સાવિત્રી સમજી. તેણે તેની સારવાર કરવા માંડી પણ વ્યર્થ. કાળ પુરુષ પોતાના પતિને લઈ જાય છે એમ તેણે જોયું. તેની પાછળ પાછળ પોતે પણ જવા માં ું. એ કાળ પુરુષ તે યમરાજ પોતે હતા. તેણે સાવિત્રીને પાછળ ન આવવા માટે બહુ સમજાવી પણ તે પાછી ન ગઈ. આથી એની પતિ ભક્તિ આગળ યમરાજાને પણ નમવું

પ ું. તેણે સત્યવાનને પાછો જીવતો કર્યો. આ સાવિત્રીની કથા છે, તે સમય થી આ વ્રતની ઉત્પત્તિ થઈ, જે હજી પણ ચાલુ છે. બીજા બધામાં બને છે તેમ આ વ્રત પણ એક રૂઢ થયેલા રિવાજ જેવું જ બની રહ્યું છે."[૬૩]

આપણી સંસ્કૃતિમાં સમાજમાં સદ્‌ગુણોની જે ગણના કરવામાં આવી છે. તેમાં પરોપકારના ગુણની ગણના પણ થઈ છે અને જે સજ્જન વ્યક્તિ છે તે પોતાનામાં આવા ગુણોને આત્મસાત કરે છે. તો આવા ગુણો આપણા સમાજના દરેક લોક અપનાવે એ હેતુથી 'પરોપકારનું પૂતળું' નામનો હાસ્ય લેખ જ્યોતીન્દ્ર હ. દવેએ આપ્યો છે. તે આપણે નીચે મુજબ જોઈશું.

"પરોપકાર કરવો એ કંઈ દરેક મનુષ્યના ભાગ્યમાં હોતું નથી. છતાં પણ પરોપકાર કરવાની ઈચ્છા તો ઘણા પુરૂષોને થાય છે. ડગલે ને પગલે પરોપકાર કરવાની ઈચ્છાવાળા પુરૂષો મળી આવે છે. પરોપકાર કરવાની ઈચ્છાથી જે કાર્ય કરવામાં આવે છે તે હંમેશા અમુક પ્રકારનું જ ફળ આપે છે. એમ નથી. ભરસભામાં રાતની વખતે કીટ્સન લાઈટનો દીવો ધીમો પડવા માંડે એટલે આવો, પરોપકાર કરવાની ઈચ્છાવાળો એકાદ પુરૂષ, પોતાને કોડિઆથી તે કીટ્સન સુધીના સર્વ પ્રકારના દીપકોનું જ્ઞાન હોય એવી મુખમુદ્રાથી બહાર પડશે અને પરિણામે દીવાને તદ્દન હોલવી નાંખશે. આવા દાખલા છેક વિરલ તો નથી જ."[૬૪]

આપણી સંસ્કૃતિમાં લગ્નને પણ એક સંસ્કાર ગણવામાં આવ્યો છે. લગ્નગ્રંથિથી જોડાનાર પતિ અને પત્ની કેટલા આદર્શ હોવા જોઈએ તેનો માપદંડ આપણા પુરાણોમાંથી આપણને પ્રાપ્ત થાય છે. તેવો જ લેખ આ માસિકમાં આપવામાં આવ્યો છે. તે આપણે નીચે મુજબ જોઈશું.

"'વિનોદ' માસિકમાં 'આદર્શ પતિ'નો લેખ વાંચીને કેટલાક ટીખળી સ્વભાવના કુમારો ખૂબ રસ પર ચઢયા, અને આદર્શ પત્ની કેવી હોવી જોઈએ તે વિષે ચર્ચા કરવા લાગ્યા. 'भाले भाले मतिभिन्ना' એ કહેવત સ્ત્રીઓને અધિકાંશે લાગુ પડતી હશે પણ સરખી વયના ઉછેરતા કુમારો અથવા યુવાનોના મંડળમાં બુદ્ધિ ચાતુર્યના જે પ્રદર્શનો થાય છે તેની વિવિધતા તો જગતની સો ચમત્કૃતિઓને ઘડીભર ભૂલાવી દે એવી હોય છે ?

'આદર્શ પત્ની એટલે શું ?' પ્રબોધ બોલ્યો હું કહું છું કે સંપૂર્ણ રીતે આદર્શ રૂપ હોય એવી પત્ની આપણા હિંદુ સંસારમાં તો દીવો લઈને શોધવા નીકળીએ તો યે ન જડે. પારસી, યુરોપીયન સ્ત્રીઓને જુઓ, તેઓના હાસ્ય ભર્યા મુખ પર પડતી પ્રાકૃતતા જુઓ. ઘડીવારમાં તહમારાં બધાં દુઃખ દૂર થઈ જશે. તમે દુઃખને ભૂલી જશો. એ પ્રકારે હોય છે."[૬૫]

## ❋ પાદટીપ :

૧. ‘જ્ઞાનદીપક’, પુસ્તક–૨, જુન–૧૮૫૬, અંક–૬, પૃ. ૧૩૬–૧૩૭

૨. એજન, જુલાઈ–૧૮૫૬, અંક–૭, પૃ. ૧૫૭–૧૫૮

૩. એજન, મે–૧૮૫૬, અંક–૫, પૃ. ૧૦૨

૪. ‘મનોદય’, પુસ્તક–૧, ફેબ્રુઆરી–૧૮૬૦, અંક–૨, પૃ. ૧૭

૫. એજન, પૃ. ૧૮

૬. એજન, પૃ. ૧૯

૭. એજન, પૃ. ૧૯–૨૦

૮. એજન, પૃ. ૨૦–૨૧

૯. એજન, માર્ચ–૧૮૬૦, અંક–૩, પૃ. ૩૩

૧૦. એજન, પૃ. ૪૭

૧૧. એજન, એપ્રિલ–૧૮૬૦, અંક–૪, પૃ. ૫૬

૧૨. એજન, જુલાઈ–૧૮૬૦, અંક–૭, પૃ. ૧૦૭–૧૦૮

૧૩. એજન, ઓગષ્ટ–૧૮૬૦, અંક–૮, પૃ. ૧૧૩–૧૧૪

૧૪. એજન, પૃ. ૧૧૯–૧૨૦

૧૫. ‘અગ્રણી અખબારો’, (સંપા.) યાસીન દલાલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૦, પૃ. ૧૫૩

૧૬. એજન, પૃ. ૧૫૪

૧૭. ‘અગ્રણી અખબારો’, (સંપા.) યાસીન દલાલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૦, પૃ. ૧૫૪

૧૮. એજન, પૃ. ૧૫૬

૧૯. એજન, પૃ. ૧૫૭

૨૦. એજન, પૃ. ૧૫૮

૨૧. ‘વાચકની દીવાદાંડી’, ભાગ–૨, (સંપા.) બી. એમ. પટેલ, સાહિત્ય મુદ્રણાલય, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૭, પૃ. ૪૦૭

૨૨. ‘સૂરતનો ઈતિહાસ’,

૨૩. ‘ગુજરાતમિત્ર પરિચય પુસ્તિકા’, પૃ. ૨

૨૪. એજન, પૃ. ૩

૨૫. ‘અગ્રણી અખબારો’, (સંપા.) યાસીન દલાલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૦, પૃ. ૧૦૫

૨૬. ‘પત્રકારત્વના સિદ્ધાંતો’, યાસીન દલાલ, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, બીજી આવૃત્તિ, ૨૦૦૫, પૃ. ૭૩

૨૭. એજન, પૃ. ૭૩

૨૮. એજન, પૃ. ૭૪

૨૯. એજન, પૃ. ૭૪

૩૦. એજન, પૃ. ૭૫

૩૧. એજન, પૃ. ૭૫

૩૨. ‘પત્રકારત્વના સિદ્ધાંતો’, યાસીન દલાલ, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, બીજી આવૃત્તિ, ૨૦૦૫, પૃ. ૭૫

૩૩. એજન, પૃ. ૭૬

૩૪. એજન, પૃ. ૭૬

૩૫. એજન, પૃ. ૭૭

૩૬. ‘ડાંડિયો’, નર્મદ, સપ્ટેમ્બર–૧૮૬૪, અંક–૧, પૃ. ૧

૩૭. એજન, પૃ. ૧

૩૮. એજન, અંક–૨, પૃ. ૨૦

૩૯. એજન, પૃ. ૨૧

૪૦. એજન, નવેમ્બર–૧૮૬૪, અંક–૫, પૃ. ૪૦

૪૧. એજન, પૃ. ૪૦

૪૨. એજન, પૃ. ૪૦

૪૩. ‘વિદ્યાવિલાસ’, પુસ્તક–૨, ફેબ્રુઆરી–૧૮૭૦, અંક–૨, પૃ. ૩૧–૩૨

૪૪. એજન, એપ્રિલ/મે–૧૮૭૦, અંક–૪ અને ૫, પૃ. ૮૩

૪૫. એજન, પૃ. ૮૬

૪૬. એજન, પૃ. ૧૦૮–૧૦૯

૪૭. એજન, જુન–૧૮૭૦, અંક–૬, પૃ. ૧૩૭

૪૮. ‘વિદ્યાવિલાસ’, પુસ્તક–૩, જુન–૧૮૭૧, અંક–૬, પૃ. ૧૨૭–૧૨૮

૪૯. એજન, નવેમ્બર–૧૮૭૧, અંક–૧૧, પૃ. ૨૪૧

૫૦. એજન, પુસ્તક–૪, ડીસેમ્બર–૧૮૭૨, અંક–૧૨, પૃ. ૨૮૧–૨૮૨

૫૧. ‘ગુજરાત નીતિ પ્રકાશ’, પુસ્તક–૧, ફેબ્રુઆરી–૧૮૭૦, અંક–૨, પૃ. ૧૭

૫૨. એજન, પુસ્તક–૧, એપ્રિલ–૧૮૭૦, અંક–૪, પૃ. ૫૦–૫૧

૫૩. એજન, જુલાઈ–૧૮૭૦, અંક–૭, પૃ. ૯૭

૫૪. એજન, પૃ. ૯૭

૫૫. એજન, પુસ્તક–૧, ઓગષ્ટ/સપ્ટેમ્બર–૧૮૭૦, અંક–૮ અને ૯, પૃ. ૧૧૩

૫૬. અજેન, પૃ. ૧૧૩

૫૭. એજન, પુસ્તક–૧, માર્ચ–૧૮૭૦, અંક–૩, પૃ. ૩૩

૫૮. એજન, પુસ્તક–૧, એપ્રિલ–૧૮૭૦, અંક–૪, પૃ. ૪૯–૫૦

૫૯. એજન, પુસ્તક–૧, જુન–૧૮૭૦, અંક–૬, પૃ. ૮૧–૮૨

૬૦. ‘વિનોદ’, પુસ્તક–૧, એપ્રિલ–૧૯૨૧, અંક–૧, પૃ. ૧૭

૬૧. એજન, જુલાઈ–૧૯૨૧, અંક–૪, પૃ.

૬૨. એજન, સપ્ટેમ્બર–૧૯૨૧, અંક–૬, પૃ. ૧૩૮–૧૩૯

૬૩. એજન, જુન–૧૯૨૧, અંક–૩, પૃ. ૬૩–૬૪

૬૪. ‘વિનોદ’, પુસ્તક–૧, સપ્ટેમ્બર–૧૯૨૧, અંક–૬, પૃ. ૧૨૫

૬૫. એજન, જાન્યુઆરી–૧૯૨૨, અંક–૧૦, પૃ. ૨૬૯

પ્રકરણ–૪

# અમદાવાદનાં સમાચારપત્રો


૪.૧ પ્રાસ્તાવિક

૪.૨ ‘બુદ્ધિપ્રકાશ’ (૧૮૫૪)

૪.૩ ‘ગુજરાત શાળા પત્ર’ (૧૮૬૪)

૪.૪ ‘માસિકમિત્ર’ (૧૮૭૧)

૪.૫ ‘ખેડા ખેતીવાડી પત્ર’ (૧૮૭૯)

૪.૬ ‘વસંત’ (૧૯૦૨)

૪.૭ ‘સુંદરી સુબોધ’ (૧૯૦૪)

૪.૮ ‘બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિક પત્ર’ (૧૯૦૭)

૪.૯ ‘બુદ્ધિપ્રભા’ (૧૯૦૯)

૪.૧૦ ‘ભાગ્યોદય’ (૧૯૧૩)

૪.૧૧ ‘સેવક’ (૧૯૧૯)

૪.૧૨ ‘નવચેતન’ (૧૯૨૨)

૪.૧૩ ‘ધર્મપ્રકાશ’ (વિ.સં. ૧૯૧૫)

૪.૧૪ ‘સાબરમતી’ (વિ. સં. ૧૯૭૮)

➪ પાદટીપ

## ૪.૧ પ્રાસ્તાવિક :

શ્રીયુત ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ એમના લેખમાં લખે છે કે, “અમદાવાદનાં વર્તમાનપત્રોને લગતો ઇતિહાસ શુષ્ક નથી પણ રસિક છે. તેના પ્રારંભકાળમાં મંદતા નહિ પણ ઉગ્રતા, નિશ્ચેતના નહિ પણ ચૈતન્ય જોવામાં આવે છે. નગરમાં પહેલું મુદ્રણાલય, પહેલું માસિક અને પહેલું વર્તમાનપત્ર કાઢવાનું માન ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને છે.”[1]

સન્ ૧૮૪૯ના એપ્રિલ માસની ૪થી તારીખે સોસાયટીએ ‘અમદાવાદ વર્તમાનપત્ર’એ નામનું પત્ર પ્રસિદ્ધ કરવા માં ુ અને તે દર અઠવાડિયે બુધવારે પ્રકટ થતું, તેથી તે ‘બુધવારીયુ’ કહેવાતું. વર્તમાનપત્ર એટલે બુધવારીયું એમ તે સાથે સામાન્ય રીતે કહેવાતું. આ પત્રનું વાર્ષિક લવાજમ રૂા. ૬ હતું અને તેની ૧૨૫ નકલ પ્રસિદ્ધ થતી હતી. ૧૮૪૯માં ‘વર્તમાન’ અમદાવાદથી સોસાયટી વતી અમરેશ્વર કુબેરદાસ દ્વારા પ્રકાશિત થતું હતું. આ પત્રની કારકિર્દી મોળી અને સુસ્ત નહોતી. તેના નેતાઓ સરકારને તેમ પ્રજાને લગતી બાબતો નીડરપણે પ્રસિદ્ધ કરતા. લાગ આવ્યે સરકારને તેમજ લોકોને ઊંચાનીચા કરવામાં તેણે બાકી રાખી નહોતી. આ પત્રે નગરશેઠની નાલેશી કરનાર લેખ લખવા માં । અને તે એટલા વારંવાર લખવા માં । કે તેને પહોંચી વળવા માટે ઘીકાંટે શેઠ ડાહ્યાભાઈની વાડીમાં એક નવું શીલાપ્રેસ નીકળ્યું. ત્યાંથી મોહનલાલ ઘેલશાએ ‘ખબરદર્પણ’ નામનું સામયિક મંગળવાર અને શનિવાર એમ બેવાર પ્રસિદ્ધ કરવા માં ું. ‘વર્તમાનપત્ર’ ના એક અંકમાં અમદાવાદની જેલ વિશે વિવાદાસ્પદ એવી હકીકત પ્રગટ થઈ. આ લેખ વિશે જેલર મિ. સામરને જજ મિ. હેરિસનને ફરિયાદ કરી. મિ. હેરિસન સોસાયટીની કમિટિના મેમ્બર હતા. આ હકીકત રદ કરવા પત્ર લખ્યો. સોસાયટીના સેક્રેટરીએ મિ. હેરિસનને જણાવ્યું કે, “વાત ખરી છે

માટે રદ કરીશું નહીં."[૨] હેરિસને સોસાયટીમાંથી રાજીનામું આપ્યું. આ પછી આ પત્રમાં સરકાર વિરુદ્ધ પણ કંઈક છાપ્યું, તેથી મુંબઈ સરકારના હુકમથી સરકાર વિરુદ્ધ ન લખવા જણાવ્યું, એટલે સોસાયટીએ પત્ર બંધ કર્યું.

આ પછી આ પત્રનો કારભાર અમદાવાદના પહેલ વહેલા છાપખાનાવાળા બાજીભાઈ અમીચંદ પટેલે લીધો. 'વર્તમાનપત્ર'ની સામે ટક્કર લેવા ૧૮૫૪ના જુલાઈ માસથી લલ્લુભાઈએ 'શમશેર બહાદુર' પ્રકટ કરવા માં ું. ૧૮૫૫માં 'વર્તમાનપત્ર' મરવા પ ું અને 'શમશેર બહાદુર' બદનક્ષીના દાવાથી ભારે આર્થિક ખોટ ખાઈને ૧૮૫૬ના ડિસેમ્બર માસમાં બંધ પ ું. પરંતુ ૧૮૫૬ના ડિસેમ્બરથી જ મુંબઈથી તે પ્રકટ થવા માં ું. મુંબઈમાં તે ૧૧ વર્ષ ચાલ્યું અને ફરી પાછું સન્ ૧૮૬૭ થી અમદાવાદમાં પ્રગટ થવા માં ું.

અમદાવાદમાં ૧૮૬૦માં લલ્લુ સૂરચંદ તરફથી અઠવાડિક પત્ર 'અમદાવાદ સમાચાર' રૂા. પાંચના વાર્ષિક લવાજમથી નીકળ્યું હતું અને ૧૮૬૩માં 'પ્રજાભિલાષ' નામનું પત્ર સરૂપચંદ દલીચંદે પ્રકટ કર્યું હતું, તેનું લવાજમ પણ રૂા.૫ હતું. આ બંને સમાચારપત્રો અલ્પજીવી રહ્યાં હતાં.

## ૪.૨ 'બુદ્ધિપ્રકાશ' (૧૮૫૪) :

બૌદ્ધિક આલોચનાની સંગીન શરૂઆત ઈ.સ. ૧૮૪૬માં અમદાવાદ ખાતે નિમણૂંક પામેલા અંગ્રેજ ન્યાયાધીશ અલેકઝાન્ડર કિનલોક ફોર્બ્સને સાહિત્ય અને ઇતિહાસમાં જીવંત રસ હોવાના કારણે 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ની સ્થાપના થઈ. ગુજરાતની પરંપરાઓ અને સંસ્કૃતિને સંરક્ષવા માટે આ અંગ્રેજ અધિકારીએ તમામ પ્રયત્નો કર્યા. એના ફળસ્વરૂપે બુદ્ધિનો પ્રકર્ષ અનુભવવા મથી રહેલા ઉત્સાહી

ગુજરાતીઓએ બુદ્ધિનો, તર્કશક્તિ અને વૈજ્ઞાનકિ મનોદશાનો તેમજ જીવનની બૌદ્ધિક આલોચનાનો જાણે કે સંપ્રદાય રચવો હોય તેમ ઈ.સ. ૧૮૫૪માં શરૂ થયેલા સામયિકનું 'બુદ્ધિપ્રકાશ' એવું નામકરણ કર્યું. એ સમયે 'બુદ્ધિપ્રકાશ' પાક્ષિક સ્વરૂપે પ્રકાશિત થતું હતું. ૧૬ પાનામાં પ્રસિદ્ધ વ્યક્તિઓનાં જીવનચરિત્રો, ઇતિહાસ વાર્તાઓ, રસાયણશાસ્ત્ર, વેપાર, કોયડાઓ અને ચર્ચાપત્રોમાં એમની સામગ્રી સમાયેલી જોવા મળે છે. પાક્ષિક સ્વરૂપ દોઢ વર્ષ ચાલ્યા બાદ સરકારી વહીવટી તંત્રની ટીકાને કારણે અને ક્ષુલ્લક વગોવણીઓમાં રસ લેવાને કારણે 'બુદ્ધિપ્રકાશ'નું માન ઘટી ગયું. દલપતરામે ઈ.સ. ૧૮૫૫માં 'બુદ્ધિપ્રકાશ'ને સંભાળી લીધું. તે પછી 'બુદ્ધિપ્રકાશ' સોસાયટીની સંસ્કારી પ્રવૃત્તિઓનું આદરણીય મુખપત્ર બની રહ્યું. સોસાયટીની ઉન્નતિમાં 'બુદ્ધિપ્રકાશ' દ્વારા દલપતરામે આપેલો ફાળો અનન્ય છે. દલપતરામે ગુજરાતમાં થઈ રહેલી સાહિત્યિક પ્રવૃત્તિઓની વિગતો પ્રસિદ્ધ કરવામાં, કવિતા અને નિબંધ સ્વરૂપને પ્રકાશિત કરવામાં ઉત્સાહ દાખવ્યો. જે રીતે 'ડાંડિયો', 'સત્યપ્રકાશ' કે 'ગુજરાત શાળાપત્ર'ની કોઈ ખાસ વિશિષ્ટ પ્રકારની નીતિ હતી તેવી કોઈ નીતિ 'બુદ્ધિપ્રકાશ'નાં પ્રકાશન પાછળ હતી નહીં. આથી 'બુદ્ધિપ્રકાશ' જેને જનરલ કહી શકાય તેવું સામયિક હતું.

દલપતરામનાં કેટલાક નિબંધાત્મક લખાણો 'બુદ્ધિપ્રકાશ'ના તંત્રી હોવાની જવાબદારીરૂપે સર્જાયાં છે. 'બુદ્ધિપ્રકાશ'ની પ્રારંભની ફાઈલોમાં જે સહી વિનાના લેખો છે તે દલપતરામના હોવાનો સંભવ છે. પ્રારંભે એમના નિબંધોની શૈલી નિશાળમાં લખાતા નિબંધોના પ્રકારની છે. પરંતુ ક્રમશઃ તેમાં વિકાસ જોવા મળે છે અને ધીરગંભીર કોટિના નિબંધો દલપતરામ પાસેથી પ્રાપ્ત થાય છે. આ ઉપરથી કહી શકાય કે ઈ.સ. ૧૮૫૫ થી ઈ.સ. ૧૮૭૮ સુધી તંત્રીપદે રહેલા દલપતરામના સર્જકત્વને પલટાવવામાં

'બુદ્ધિપ્રકાશે' બહુ મોટો ભાગ ભજવ્યો છે. છેલ્લા સો વર્ષ દરમ્યાન 'બુદ્ધિપ્રકાશ'નું સંચાલન 'બુદ્ધિપ્રકાશ' સમિતિના મદદનીશ મંત્રીઓથી માંડીને હીરાલાલ પારેખ, બાલાશંકર કંથારિયા, ર. છો. પરીખ જેવા મહાનુભાવોના હાથે થતું રહ્યું છે.

રણછોડભાઈ ઉદયરામે ઈ.સ. ૧૮૬૧માં 'જે કુંવરનો જે' નામે એક નાટક 'બુદ્ધિપ્રકાશ'માં હપ્તાવાર લખ્યું હતું. ભવાઈની ગ્રામ્યતા અને અશ્લીલતાથી સુગાઈને 'નાટક વિષય પર ગુજરાતી ભાષામાં ખેડાવો જોઈએ' એવી લાગણી સાથે ગુજરાતના આદ્ય નાટ્યકારનું આ પ્રથમ નાટક 'બુદ્ધિપ્રકાશે' પ્રગટ કર્યું હતું. એ રોમાંચ પ્રેરે એવી ઘટના છે.

'બુદ્ધિપ્રકાશ'નો પ્રધાન ઉદ્દેશ તો લોકશિક્ષણ, વિદ્યાવિસ્તાર અને પ્રચાર, સમાજસુધારાનો બોધ, ગુજરાતી ભાષા અને સાહિત્યની સેવા કરવાનો રહ્યો છે. એમના વાચનવિષયોમાં ઇતિહાસ, કેળવણી, સમાજસુધારો, વિજ્ઞાન, હુન્નર, કળા, ધર્મ, સદાચાર અને નીતિવિષયક લેખો સાથે ઇતિહાસ–પુરાતત્ત્વ સંબંધી લેખો રહ્યાં છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી કવિતા–વાર્તા, સંશોધનાત્મક લેખો, આસ્વાદલેખો અને સાહિત્યિક, સાંસ્કૃતિક, રાજકીય યા આંતરરાષ્ટ્રીય બનતી ઘટનાઓ પર પણ 'બુદ્ધિપ્રકાશ' નજર માંડતું થયું છે.

સુધારકયુગથી આજ સુધી પ્રકાશિત થતા રહેલા આ સામાયિકની ભૂમિકા આજે તો એની એજ જૂની ઘરેડમાં ચાલ્યા જતા સામયિક જેવી દેખાય છે. પણ સાહિત્યસંદર્ભે પલટાયેલા યુગો, વિવિધ સાહિત્ય સમાજનાં આંદોલનો–વહેણોને તપાસવાની વિપુલ સામગ્રી 'બુદ્ધિપ્રકાશ'માં સંઘરાયેલી છે. એમાંની કેટલીક સામગ્રી આજે પણ સાહિત્ય દૃષ્ટિએ મૂલ્યવાન ગણી શકાય એમ છે. નૂતન કવિતા વહેણને સત્કારવામાં 'બુદ્ધિપ્રકાશ' સંકોચ અનુભવતું નથી. એ દૃષ્ટિની વિશાળતા કરતાં પણ સમયના બળને પારખવાની

અને તેની સાથે તાલ મેળવતા રહેવાની પ્રાજ્ઞદષ્ટિનું નિદર્શક છે. 'બુદ્ધિપ્રકાશ'માં સુધારક યુગથી માંડીને આજ સમય સુધીની લેખન–સામગ્રી અને સર્જકોનું વૈવિધ્ય આપણને આશ્ચર્ય પમાડે છે. 'બુદ્ધિપ્રકાશ : સ્વાધ્યાય અને સૂચિ' સત્ત્વ પમાડે છે.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં દેશના બીજા ભાગોની સાથે ગુજરાતમાં શિક્ષણપ્રચારનાં અને સમાજસુધારાનાં જે આંદોલનો ચાલ્યાં તેમાં સામાન્ય જનસમાજની દૃષ્ટિએ 'બુદ્ધિપ્રકાશ' માસિક દ્વારા દલપતરામનો ફાળો સૌથી વધુ સફળ રહ્યો હતો. દલપતરામે ઈ.સ. ૧૮૫૫ના જૂનમાં 'બુદ્ધિપ્રકાશ'નું સંપાદકપદ સંભાળ્યું તે પછી એક બે વર્ષમાંજ મુંબઈમાં નર્મદાશંકરે સુધારા આંદોલનમાં ઝંપલાવ્યું હતું. દલપતરામ પછી સદીના છેલ્લા દશકામાં રમણભાઈ નીકલંઠ અમદાવાદમાં સુધારાપ્રવૃત્તિના સૂત્રધાર બન્યા હતા અને ઈ.સ. ૧૮૮૭માં 'સરસ્વતીચંદ્ર'નો પહેલો ભાગ પ્રસિદ્ધ થયો તેમાં અને તે પછીના નવલકથાના ત્રણ ભાગોમાં ગોવર્ધનરામે પણ તત્કાલીન હિંદુ સમાજની અધોગતિનું તાદૃશ ચિત્ર દોર્યું હતું અને પ્રાચીન ભારતના આધ્યાત્મિક દર્શનને સંસ્કારી તેનો અર્વાચીન પશ્ચિમના આદર્શો સાથે સમન્વય સાધી દેશને નવજીવનના માર્ગ પ્રેરવાનો ઉપાય સૂચવ્યો હતો. આ ત્રણ લેખકોએ અર્વાચીન ગુજરાતના સર્જનમાં પોતપોતાની રીતે મહત્ત્વનો ફાળો આપ્યો છે, પણ તેમની સરખામણીમાં અલ્પશિક્ષિત દલપતરામનો ફાળો ગુજરાતના જનસમાજ ઉપર વધુ વ્યાપક અને કાયમની અસર મૂકી ગયો છે. એ કેમ બન્યું તે સમજવા દલપતરામની સુધારા શૈલી, તેમના ઉદ્દેશો અને સાધન, નર્મદાશંકર, રમણભાઈ નીકલંઠ અને ગોવર્ધનરામનાં ઉદ્દેશો અને સાધન સાથે સરખાવવાં જોઈએ.

નર્મદાશંકરની રીત 'ઉચ્છેદક' તરીકે ઓળખાઈ છે. એટલે કે તેમનો ઉદ્દેશ જૂના સમાજને આઘાત આપી, તેની ઈચ્છા વિરુદ્ધ એક પ્રકારના માનસિક બળાત્કારે, તેના

રીતરિવાજોમાં સુધારા કરાવવાનો હતો. એ ઉદ્દેશથી તેમણે ધર્મના નામે અનાચારો ચલાવતા વૈષ્ણવ મહારાજો ઉપર આકરા પ્રહારો કર્યા, સ્મૃતિઓને અને શ્રુતિને પણ ઈશ્વરપ્રેરિત માનવાનો ઈનકાર કર્યો, વિધવાઓની કરુણ દશાનાં કાવ્યચિત્રો આપ્યાં તેમાં તેમની સામાજિક લાચારી કરતાં તેમની જાતીય અતૃપ્તિ ઉપર વધુ ભાર મૂક્યો અને 'હિંદુઓની પડતી' નામનું કાવ્ય લખ્યું તેમાં હિંદુ પ્રજાની આંધળી ધર્મશ્રદ્ધા, સ્વાર્થપ્રેરિત બ્રાહ્મણો દ્વારા પોષાતા અજ્ઞાનમૂલક વહેમો અને સ્ત્રીઓને શુદ્રોની અવગણના એ બધાં, હિંદુઓની નૈતિક અને આધ્યાત્મિક સરસતાની કલ્પનામાં રાચતા ચુસ્ત ધર્મપ્રેમીઓને આઘાત આપે એવાં, તે પડતીનાં કારણ ગણાવ્યાં અને છેવટે વિધવાઓ વિશેની પોતાની માન્યતાને અનુસરી પત્ની હયાત હોવા છતાં એક વિધવાને ખાનગીમાં પરણ્યા અને બીજીને વગર લગ્ને સાથે રાખી. પણ નર્મદાશંકરના આ સુધારક 'જોસ્સા'નું પરિણામ ધાર્યા કરતા અવળું આવ્યું. રૂઢિચુસ્ત વર્ગમાં સુધારવિરુદ્ધ પૂર્વગ્રહ બંધાયો અને તેમનો 'જોસ્સો' ઓગળી ગયો ત્યારે નર્મદાશંકર પોતે પણ સુધારાની નેતાગીરી છોડી ચુસ્ત સંરક્ષક બની ગયા. સને ૧૮૮૦ થી 'ગુજરાતી' પત્રમાં શરૂ થયેલી 'ધર્મવિચાર' નામની લેખમાળામાં તેમણે હિંદુઓને પોતાના આચાર–વિચારો, બાળલગ્નોના અપવાદ સિવાય, યથાવત્ જાળવી રાખવાનો ઉપદેશ આપ્યો. સરવાળે 'ઉચ્છેદક' સુધારક નર્મદાશંકર કરતાં 'સંરક્ષક' ઉત્તર નર્મદાશંકરની રૂઢિચુસ્ત સમાજ ઉપર વધુ અસર પડી. એમણે પોષેલી સંરક્ષક ધર્મદૃષ્ટિએ ચાલીસ વર્ષ પછી ગાંધીજીએ અસ્પૃશ્યતા વિરુદ્ધ પ્રચાર શરૂ કર્યો તેનો ઉગ્ર વિરોધ કર્યો.

દલપતરામના ઉત્તરકાલીન રમણભાઈ નીલકંઠનો સુધારા કાર્યક્રમ પૂર્વે નર્મદના વિચારો કરતાં વધુ મૂળગામી હતો, પણ તેમની ભાષા 'ઉચ્છેદક' સુધારાની નહોતી. તેમને પિતા મહીપતરામ અને ભોળાનાથ સારાભાઈએ ઈ.સ. ૧૮૭૦માં સ્થાયેલી

પ્રાર્થનાસમાજના સંસ્કાર મળ્યા હતા. તેમણે એની માન્યતાઓને પૂરી નિષ્ઠાથી સ્વીકારી અને પાળી. પ્રાર્થનાસમાજનો મુખ્ય સિદ્ધાંત સગુણ પણ નિરાકાર ઈશ્વર વિશેનો હતો, એટલે કે ઈશ્વર પ્રેમસ્વરૂપ છે પણ તેની કોઈ આકારરૂપે કલ્પના ન કરી શકાય, તે અવતાર લેતો નથી અને મૂર્તિપૂજા દ્વારા તેની ઉપાસના વ્યર્થ છે. પ્રેમસ્વરૂપ એ પિતાની પૂજા માત્ર પ્રાર્થના દ્વારા જ થઈ શકે. આ ધાર્મિક સુધારા ઉપરાંત રમણભાઈએ સમાજવ્યવહારમાં સ્ત્રીસન્માન અને માનવીય સમાનતાને લગતા પશ્ચિમના આદર્શોને સ્વીકાર્યા હતા અને પોતાના વર્તનમાં ચરિતાર્થ કરી બતાવ્યા હતા.

❖ **'બુદ્ધિપ્રકાશ'માં પ્રકાશિત થયેલ સામાજિક લેખો :**

સમાજમાં સ્ત્રી શિક્ષણને મહત્ત્વ આપ્યું હતું. સ્ત્રીઓમાં વકતૃત્વ કલા વિકસે તે માટે ઈનામી વક્તૃત્વ સ્પર્ધાઓ પણ યોજવામાં આવતી હતી.

"સ્ત્રીઓની ભાષણ આપવાની શક્તિ વધારવાને તેઓની સભા સમક્ષ સ્પર્ધાથી ભાષણ કરાવી સૌથી સરસ ભાષણ કરનાર બાનુઓને ઈનામ આપવાને સોસાયટીએ સન ૧૮૯૪માં ઠરાવ કર્યો હતો; તે પ્રમાણે આ ભાષણને છઠ્ઠી વારનો સમારંભ તા. ૨૨મી તથા ૨૩મી ડિસેમ્બર વાર શુક્ર તથા શનિને રોજ સ્ત્રીઓ માટેના ભોળાનાથ સારાભાઈ લીટરરી ઈન્સ્ટીટ્યુટના મકાનમાં કરવામાં આવ્યો હતો; ભાષણ આપવા માટે બે વિષયો ઠરાવવામાં આવ્યા હતા; તે બે વિષયો નીચે મુજબ છે :

(૧) રોવા કુટવાના રીવાજથી પોતાના શરીર ઉપર તથા જનસમાજ અથવા સંસાર મંડળ (લોકો) ઉપર થતાં માઠાં પરિણામ.

(૨) દુકાળ વગેરે સંકટને પ્રસંગે પીડાતા લોકોની માવજત ખોરાક અને કપડાંની બાબતમાં સ્ત્રીઓ કેવી રીતે ઉપયોગી થઈ શકે. એ સિવાય ત્રીજા વિષયને માટે

એક ખડાયતા ગૃહસ્થ તરફથી ખડાયતા બ્રાહ્મણ અને ખડાયતા વાણીઆમાંથી કોઈ બાઈ 'સ્ત્રીઓમાં ચાલતા વહેમો તેનું પરિણામ અને તેનાં ખંડન' એ વિષય ઉપર ભાષણ આપે તેને રૂા.૧૦ની ચોપટીઓનું ઈનામ આપવાનું ઠરાવ્યું હતું. સભામાં ૨૦૦ થી ૩૦૦ સ્ત્રીઓ હાજર હતી."[૩]

સ્ત્રીઓ વક્તૃત્ત્વકલામાં કઈ રીતે દાખલ થઈ તે પણ જાણવા જેવું છે. જ્યારે સ્ત્રીઓમાં અક્ષરજ્ઞાન ન હતું તે સમયે આટલી બધી સ્ત્રી આવી પ્રવૃત્તિઓમાં ભાગ લઈને પોતાની સ્ત્રીશક્તિનો પરિચય બતાવે છે. જે આપણે 'બુદ્ધિપ્રકાશ', પુસ્તક–૪૭, અંક–૨, ફેબ્રુઆરી–૧૯૦૦માં જોઈ શકીશું.

"બહેનો ! આ રૂઢિ આપણામાં ક્યારથી ને કેવી રીતે દાખલ થઈ, તે વિષે એવું કહેવાય છે કે, અસલ જ્યારે મુસલમાની રાજ્ય હતું અને તેના કોઈ હિંદુ પ્રધાનને ત્યાં મરણ થયું ત્યારે તે પ્રધાનને ઘેર તેના માનર્થે આવેલી બેગમોએ લાગણી બતાવવા મોટા રૂપમાં રડવું–કુટવું કર્યું. ગમે તેમ હોય પણ આ ચાલ સારો તો નથી જ એમ સર્વેને કેટલીક હકીકત પરથી નક્કી થશે, એવી મને આશા છે. અલબત જેને ત્યાં મરણ થાય, તેને સંબંધના પ્રમાણમાં દુઃખ, શોધ, લાગણીએ સહુ થાય, પણ તે લોકોને દેખાડવા માટે બરાડા પાડવા એ તો કાંઈજ સારૂં નથી. 'સાહજિક શોક' એવું નામ જે શોક પ્રસંગને આપવામાં આવ્યું છે, તે વિષે એવું જણાવવામાં આવે છે કે કોઈ એક સ્ત્રીના શૃંગાર શોભન સ્વામીનું મરણ થયું હોય અથવા તો પોતાના પાલક વિનીત પુત્રનું મરણ થયું હોય અને જેટલું તે રોનાર સ્ત્રીને લાગે છે તે ખરેખર હદ ઉપરાંત હોય છે અને તેથી જેટલું તે રડે કૂટે છે. તેના દુઃખના પ્રમાણમાં ઘણુ ઓછું કહેવાય. તો પણ એ રડવું–કૂટવું જ્યારે રૂઢિને લઈને થાય ત્યારે તેની સાહજિકતા ટળી જાય છે, માટે તેમ થવું ન જોઈએ. મૃત્યુપ્રસંગનું દુઃખ માણસ માત્રને લાગે. જેના ઘરનું માણસ જાય તેને કેમ ન લાગે ?

અલબત ઘણું લાગે પણ આવું લોકોને હાસિરૂપ લગાડવું ? અથવા લોકોને ટીકારૂપ દેખાડવું ? આ શું ?"[૪]

સ્ત્રીઓમાં વકતૃત્વકળા વિકસે એ માટે ઈનામી ભાષણનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સ્ત્રીઓને સમાજને લગતા બે વિષયો આપવામાં આવ્યા હતા. પ્રથમ તો સમાજમાં રડવા–કૂટવાથી થતી નુકસાની વિશે તેમજ શરીર પર અને જનસમાજ પર તેની જે અસર વર્તાય છે. એ અને બીજુ મુશ્કેલીના સમયે સ્ત્રીઓ કઈ રીતે મદદ કરી શકે એ વિષય પર સ્ત્રીઓએ વક્તૃત્વ આપવાનું હતું અને તેમાં ઘણી સ્ત્રીઓએ ભાગ પણ લીધો હતો. એ સમયમાં આવા કાર્યક્રમ ૨૦૦ જેટલી સ્ત્રીઓએ ભાગ લીધો એ જ વિશેષ બાબત છે. આપણે જોઈ શકીએ છે. આવા સામાયિકો સમાજ જાગૃત્તિમાં પોતાનો ફાળો વિશેષરૂપે ભજવી રહ્યાં હતાં. તેમાં સ્ત્રીઓએ પોતાના વિચારો બીજી સ્ત્રી સુધી પહોંચાડવા સામાયિકોને માધ્યમ બનાવીને સમાજને ઉન્નત કરવાનું કાર્ય કર્યું છે. જે નીચે મુજબ છે :

"પીડાતા માણસો અને ઢોરોને મદદ કરવામાં ખાસ કરીને સ્ત્રીઓએ તો જરૂર જ મદદ કરવી જોઈએ. જેમ પુરુષો પોતાથી બનતી રીતે મદદ કરે છે. તેમ જો સ્ત્રીઓ મદદ કરવા ચાહે તો તેઓ પણ ઘણી રીતે મદદ કરી શકે. હવે સ્ત્રીઓ કેવી રીતે પીડાતાં માણસોને મદદ કરી શકે તે ઉપર હું થોડું કહેવા માગું છું.

જે સ્ત્રીઓ પૈસાદાર હોય તેઓ પોતાના પૈસાનો સારો ઉપયોગ કરી પીડાતાં માણસોને પોતાના પૈસાની મદદ કરી શકે છે. જેઓની પાસે પોતાનાં ઘરનાં લૂગડાં વહેંચી શકે એવી ગુંજાશ ન હોય તેઓ કોઈ મોટા લોકો ગરીબોને કપડાં વહેંચે ત્યાં તેઓને કપડાં આપવામાં મદદ કરે અને પોતાની ફરજ બરોબર બજાવે. તેઓ જે માંદાં

માણસોને ઈસ્પીતાલમાં મોકલવામાં આવ્યાં હોય તેઓને રોજ યા આંતરે આંતરે ત્યાં જઈ જોવાં અને તેમને જે જોઈતુ હોય તે આપવું અથવા અપાવવું."[૫]

સમાજમાં દારૂ જેવી બદીઓ એ સમયે પણ હતી અને તેમાંથી સમાજને ઉગારવા માટે આવા શિક્ષત સજ્જનો સમાજને ધ્યાનમાં રાખીને સમાજજાગૃતિ માટે આવા લેખો સામાયિકો દ્વારા લોકો સુધી પહોંચાડતા અને તેને જાગૃત કરવા માટેનો પ્રયત્નો થતો. તેમાં મદ્યપાનથી કેવાં માઠાં પરિણામો વ્યક્તિએ ભોગવવા પડે છે. તે વિશેનો ચિતાર આપતો આ લેખ ઉત્તમ ઉદાહરણ છે.

"જગતમાં લોકો મદ્યપાન કરીને કેટલાં દુષ્કર્મ કરે છે, કેવી ભયાનક રીતે આત્મહત્યા કરે છે અથવા બીજાનાં ખુન અને નુકસાન કરે છે તથા કેવા અદભુત ચાળા ચેટક વગેરે વિચિત્ર પ્રકારનાં કાર્ય કરે છે, તે બધાં કાંઈ લોકોના જાણવામાં આવી શકતાં નથી. તેમાંનો થોડો ભાગ માત્ર જગતમાં જાહેર થાય છે અને તેમાંથી પણ બહું થોડાની નોંધ રહે છે. ઘણા ખરા તો જાણ્યા ના જાણ્યા તરીકે પસાર થઈ જાય છે; તો પણ જેટલા પ્રકટ થાય છે અને ચર્ચાય છે. તેની જ જો નોંધ રાખવમાં આવે તો દર અઠવાડિયે એક એવું પુસ્તક થઈ શકે કે જે વાંચવાથી શરીરનાં રૂવાટાં ઊભાં થાય, આંખોમાં આંસુ ભરાઈ આવે અને કાળજું કંપી ઉઠે. પરંતુ આપણા દેશમાં એવા એવા ઘણા પ્રકારના જાણવા જોગ બનાવોની નોંધ રાખવાનો લોકોમાં રિવાજ નથી. હાલમાં વર્તમાનપત્રોમાં કોઈ કોઈવાર એવા પ્રકારના કેટલાક બનાવો પ્રકટ થઈને નોંધાઈ રહે છે, પરંતુ તે કાંઈ સ્થાયી નોંધ ના કહેવાય. અલ્પ સમયમાં તે અદ્રશ્ય થઈ જાય છે. કોઈ સારા માસિક પુસ્તકમાં કે અમુક વિષય સંબંધી ખાસ નોંધ પોથીમાં તેના ઉતારા થઈ જળવાઈ રહે તેવું બહું જ થોડું થાય છે. પરંતુ વિલાયત વગેરે દેશોમાં એવા વિષયોની નોંધ રાખવાની સારી કાળજી રાખવામાં આવે છે, તેથી ભવિષ્યની પ્રજાને તે જાણવાની સારી સુગમતા થઈ શકે છે

અને પોતાના દેશની અને જાતભાઈઓની સ્થિતિ કેટલી અને કેવી સુધરી છે અથવા બગડી છે. તેનું તોલ કરવાને મનુષ્ય શક્તિમાન થઈ શકે છે."[૬]

આ લેખમાં પણ મદ્યપાનથી થતાં નુકસાનનાં ઉદાહરણને માટે એવા વિલાયતી દાખલાઓ વિશેષ કરીને લેવાયા છે. અહીં આ લેખમાં ૩૬ જેટલા ઉદાહરણો લેવાયા છે. તેમાંથી થોડા ઉદાહરણો અહીં પ્રસ્તુત કર્યા છે.

"દારૂની કોઈ એવી અલૌકિક શક્તિ છે કે, જે માણસ એકવાર તેના ફાંદામાં ફસાય છે તેનામાં પછી માણસાઈ રહી શકતી નથી. તે ગધેડાના જેવો હતબુદ્ધિ, વાઘના જેવો ડરામણા દેખાવનો, રીંછના જેવો વનચરના ભાવવાળો, ભમરાના જેવો ઝેરી ડંખવાળો, સૂવરના જેવો કદરૂપો, બોકડાના જેવો ગંધાતો અને પિશાચના જેવો કુકર્મી થઈ પડે છે."[૭]

– S. P. F.

"દારૂડિયા માણસોની ગફલતથી કેટલા બધાં નુકસાન થાય છે તેનો કાંઈ સુમાર નથી. આગ, આગગાડીઓની અથડાઅથડી, વહાણોનો વિનાશ વગેરે વિપત્તિઓનું એક મુખ્ય કારણ મદ્યપાન જ છે."[૮]

– Strong Drink and its

"દારૂથી માંસપ્રેશી, સ્નાયુ, હાડકાં, ચામડી જેવા બીજો કોઈ અવયવ તૈયાર થતો નથી, મતલબ કે કોઈ અવયવને એનાથી પુષ્ટિ મળતી નથી."[૯]

– ડૉક્ટર રિચર્ડસન

તે સમયના લેખકોએ લોકજાગૃત્તિને ધ્યાનમાં રાખીને મનુષ્યના આચાર–વિચાર અને એક વ્યક્તિ તરીકે તેમનું કર્તવ્ય શું હોવું જોઈએ તે માટે પણ આવા સામાયિકમાં લેખો પ્રકાશિત કરી વ્યક્તિમાં નૈતિકતાના ગુણો વિકસાવવાનો પ્રયત્ન

કર્યો છે. "દુનિવાર જેવી શરૂમાં ભાસતી હજારો મુસીબતોનું ખંતથી નિરસન થઈ શકે છે અને કોઈ એક વિષય ઉપર સતત ધ્યાન આપવાથી કેવી મોટી અને અસંખ્ય મુશ્કેલીઓનું નિવારણ થઈ શકે છે એનો વિચાર કરતાં અચંબો લાગે છે."[૧૦]

– એડિસન

"ડાહ્યા અને ઉદ્યોગી પુરુષો મુશ્કેલીઓની સામે બાથ ભીડવાનો પ્રયત્ન કરીને જ જીતી જાણે છે, આળસુ અને મૂર્ખાઓ શ્રમ કે ભય દેખતાં જ કમકમે છે અને ધ્રુજે છે અને જેને અશક્ય માની ભય પામ્યા હોય છે, તેને હાથે કરી અશક્ય કરે છે."[૧૧]

– રો.

"બુદ્ધિવાન મનુષ્ય જે વસ્તુતઃ અશક્ય કે અસંભવિત છે તે કરવાનો પ્રયત્ન કરતો જ નથી, પણ ત્યારે તે ફક્ત મુસિબતોથી ડરી જઈ નિરાશ પણ થતો નથી. તે તો એવે સમયે ઉદ્યોગ અને ખંત ચાર ગણા વધારે છે અને આખર અચુક વિજય પામે છે. જ્યાં તમારી અક્કલ કહ્યું કરે અને જ્યાં લાભ સ્પષ્ટ માલમ પડે ત્યાં મુશ્કેલીઓ આવી પડે તો તમારા ઉદ્યોગને વધારે સતેજ કરવાને માટે છે, પણ તે કામમાંથી પાછા પાડવા માટે નથી, એમ આગ્રહ રાખી કામ કરવું. એક રસ્તે નિષ્ફળ થયા, તો બીજે રસ્તે યત્ન કરી જુઓ. જાગૃતિ અને ખંત રાખો તો વિજય મળશે."[૧૨]

– ચેસ્ટર ફીલ્ડ

"વિજય મેળવવાનો ગુપ્ત મંત્ર–સતત પ્રયત્ન એજ છે."[૧૩]

– ડિઝરાએલી

"તમારી આવડતને કદી કટાઈ જવા દેતા નહિ. એકી વખતે ઘણાં કામ કરવાથી બધાંય બગડે છે, એ કહેવતમાં ઘણી જબરી ભૂલ છે. 'ઘણાં' એમ કહેવા વારો આવતો જ નથી, પણ તમારી બધી શક્તિઓનો ઉપયોગ કરતા રહો તો."[૧૪]

– ડા. કલાર્ક

એ સમયમાં પણ પુત્ર અને પુત્રી વચ્ચે ભેદ જોવા મળતો હતો. પરંતુ સુધારક લેખકોએ એ સુધારાના સમયમાં પણ લોકોને પુત્ર–પુત્રી બંને એક સમાન છે. તેમના વચ્ચે ભેદ ન રાખતા બંનેને એકસમાન ગણી તેમનો ઉછેર કરવો જોઈએ એ અનુસંધાને એક ગરબી આ સામાયિકમાં છાપવામાં આવી છે. તે નીચે મુજબ છે :

**ગરબી**

"સુણો બહેનો સર્વે આજ, વિનતિ મ્હારી રે,
હું કહું છું સહુને કાજ, લેશો વિચારી રે;
જ્યારે આપણ આર્યો ઘેર, જન્મે બાળા રે,
ત્યારે માને મ્હોટો કેર, પ્રગટે જ્વાળા રે,
પહેલાં પુત્રની રાખે આશ, સર્વ નારી રે,
પુત્રી જોઈને પામે ત્રાસ, રીત નઠારી રે;
તમે એવી ન રાખો આશ, ઓ નરનારી રે,
કદિ થાશો નહિ ઉદાસ, બહેનો મારી રે,
જે ઉત્તમ કુળની નાર, એમ ન કરશે રે,
તે સર્વ પ્રસંગે સાર, ધીરજ ધરશે રે,
જે દુહિતાથી દુઃખાય, નારી નઠારી રે,
જેને હૈયે હર્ષ સદાય, ઉત્તમ નારી રે,
પુત્રીને લક્ષ્મી પેર, પ્રેમે પાળો રે,
માનો પરમેશ્વરની મ્હેર, નેહે નિહાળો રે,
એવી આર્યોની રીત, શીખજો શાણી રે,
તમે રાખો પ્રેમ પુનીત, રંકને રાણી રે,

આપો નીતિ રીતિનું જ્ઞાન, ઉત્તમ રીતે રે,
ગણો સુતને સુતા સમાન, પૂરણ પ્રીતે રે,
દુઃખમાં લેશે સંભાળ, સુતા તમારી રે,
કહે કૃષ્ણા–હિરાલાલ, સુખ કરનારી રે."[૧૫]

એ સમયમાં મદ્યમાન કરવાની આદતવાળા વ્યક્તિઓ હતા. મદ્યપાનથી થતાં દુષણોને દૂર કરવા તેનાથી થતાં માઠાં પરિણામોને લેખકોએ સમાજ સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ દારૂ પીવાની ટેવ ત્યજવા માટે નો બોધ પણ તે સમયે પદ દ્વારા વ્યક્ત કર્યો છે. તો તે પદ નીચે મુજબ છે :

**પદ**

"જાય છે. જગત ચાલ્યું રે, ઓ જીવ જોને, એ રાગ.
દારૂ થકી દૂર નાસો રે, ઓ માનવીયો.
કશી એમાં નથી લાણ, અવગૂણની એ ખાણ;
હાંશી અને થાય હાણ રે, ઓ માનવીયો.
ગાંડા કરે દારૂ તાડી, ગટરોમાં પડે દાડી;
ફરે કોઈપર ગાડીરે, ઓ માનવીયો.
લાજ લાખેણી લુટાય, મુર્ખ માનવી મનાય;
તોય તે દારૂને ચ્હાયરે, ઓ માનવીયો.
બગડે શરીર જેથી, નબળા પડાય તેથી,
મંદવાડ આવે એથીરે, ઓ માનવીયો.
બને દારૂથી ભિખારી, માથે થાય દેવું ભારી;
તોય કરે તેની યારી રે, ઓ માનવીયો.

બાળબચ્ચાં ભુખે મરે, બૈરી અફસોસ કરે;
દારૂડીયા વ્હેલા મરેરે, ઓ માનવીયો.
દાના તો દારૂને દેખે, પિતા પાપ કેરો પેખે;
વિનાશનું મૂળ લેખેરે, ઓ માનવીયો.
હિંદુને મુસલમાન, બંને શાસ્ત્રમાં સમાન;
ધિક્કાર્યું છે મધુપાનરે, આ માનવીયો.
તન મન ધન તણી, હાની આબરૂની ઘણી;
ખુવો ધર્મ રૂપી મણી રે, ઓ માનવીયો."[૧૬]

– નનામિયાં રસુલમિયાં

આપણા સમાજમાં એ સમયે વિદેશી ચીજવસ્તુઓની માંગ વધારે હતી અને તેથી દેશનો પૈસો બરબાદ થતો હતો. એને રોકવા માટે પણ તેમણે પ્રયત્નો કર્યા છે. તેમાંનો આ લેખમાં દેશીકારીગરોને સતેજ કરવાનો અને દેશના દ્રવ્યનો બચાવ અને વધારો કરવાનો ઉત્તમ ઉપાયો વર્ણવ્યા છે.

"યાંત્રિક ક્રિયાને ઉપયોગમાં આણ્યાથી મનુષ્યજાતિને કેટલા મોટા લાભ થાય છે. તે યુરોપ અને અમેરિકાના લોકોની હાલની સ્થિતિ ઉપર નજર કરવાથી થોડી બુદ્ધિના માણસને પણ સ્પષ્ટ સમજાયા વગર રહેશે નહિ. ત્યાં ઘણું કરીને દરેક જાતનો માલ તૈયાર કરવા માટે બળ કરતં કળનો ઉપયોગ વિશેષ કરવામાં આવે છે અને તેના યોગે થોડા વખતમાં જથાબંધ, સફાઈદાર અને સોંઘો માલ બને છે. યંત્રથી માણસ પોતાની શક્તિ કરતાં વધારે અને ઝડપથી કામ કરી શકે છે. તેથી થોડા વખતમાં ઘણું કામ થાય છે અને માલ એક સરખો ઉતરે છે. કાંતવા વણવાનાં તથા પુસ્તકો છાપવાનાં યાંત્રિક કારખાનાં આપણા દેશમાં ચાલતાં થયાં છે. તેમાં જે કામ થાય છે. તે ઉપરથી આ

કહેવાની સત્યતા સમજાશે. એક માણસ જેટલું કામ કરી શકે તેથી હજારગણું કામ કરવું હોય અને હાથમહેનતથી બનતો માલ સોંઘો કરવો હોય તો તે યંત્રથી જ થાય છે. ફરકડીઓ ઉપર હાથવતી સૂતર કાંતનારાના કરતાં રેટીંઆથી કાંતનાર સોગણું વધારે કાંતી શકે છે. એ જૂજ દાખલા ઉપરથી પણ યંત્રથી થતાં કામના ભારે લાભનો વિચાર થઈ શકે છે. સાંચાનું તથા બીજા સામાનનું ખર્ચ તો પ્રથમ કરવું પડે ખરૂં, પણ એના ઉપયોગથી માલનો પુષ્કળ જથ્થો સહેલથી અને જલદીથી બને છે. તેથી સામાન્ય રીતે જનસમુહને અને દેશદ્રવ્યને ઘણો ફાયદો થાય છે. એટલું જ નહિ, પરંતુ પ્રત્યેક મનુષ્યના ઉદ્યોગ તથા ઉત્પન્નમાં અને તેથી કરીને તેમના તન મનની સ્થિતિમાં ઘણો ફાયદો થાય છે."[૧૭]

આમ, પરિવર્તનની સાથે જો કાર્યપદ્ધતિમાં બદલાવ લાવીએ તો આપણે મહેનત અને નાણાં બંનેની બચત કરી શકીએ અને માંગના પ્રમાણમાં પુરવઠો ઝડપથી પૂરો પાડી શકીએ. આમ, આધુનિકતાની સાથે આપણી કાર્યપદ્ધતિમાં બદલાવ અનિવાર્ય છે. એ બાબત સિદ્ધ કરતો ઉપરોક્ત લેખ સમાજમાં પરિવર્તન લાવવા માટે ઉપયોગી સાબિત થઈ શક્યો છે.

સમાજમાં જુદા જુદા પ્રસંગોએ ગીતો ગાવાનો રિવાજ છે. પરંતુ લગ્ન જેવા પ્રસંગે ફટાણાં ગાવાનો પણ રિવાજ છે. તો આવા રિવાજ વિશે લખાતા લેખોથી સમાજમાં કઈ કઈ બદીઓ છે. તે જાણી શકાય છે. તો આ રિવાજો સામે લોકોને જાગૃત કરવાના પ્રયત્ન રહ્યો છે.

"આપણામાં લગ્ન અને એવાજ બીજા શુભ અવસરે મંગળ ગીત ગાવાનો ચાલ પરાપૂર્વથી ચાલ્યો આવ્યો છે. લગ્ન જેવાં માંગલિક અને આનંદકારી દિવસોમાં તે

પ્રસંગને યોગ્ય ગીત–ગાવાનો ચાલ બહુ રૂડો છે. એ દિવસો જેમ મંડપની ભવ્ય રચના અને જળહળ રોશનીના ઝળઝળાટથી દેદીપ્યમાન થઈ રહે છે, તેમ સુકોમળ અને નિર્મળ અંતઃકરણવાળી પત્નીઓના મધુર સ્વરથી તે અધિક સાલંકૃત થાય છે. વળી સાજન મહાજનની પાછળ ધીમે ચાલે ચાલતી સોળે શણગારથી શોભી રહેલી સુંદરીઓના સુસરોદથી સર્વત્ર શાંતતા પ્રસરી જે આનંદ થાય છે. તે અવર્ણીય છે. હરકોઈ શુભ સમયે મધુર સ્વરે મંગળ ગીત ગાઈ હર્ષાનંદમાં વધારો કરવો એ સુજ્ઞ સ્ત્રીઓનો ધર્મ છે, પણ એથી ઊલટી રીતે વર્તી હર્ષનો ભંગ કરવા અને ખુશાલીના જામેલા રંગની વચ્ચે ગળીયલ ડાઘ દાખવવા બિભત્સ ગીતો ગાવાં એ તો ગાનારને બહુ લજ્જાસ્પદ છે."[૧૮]

એ સમય રૂઢિવાદી જડતાનો સમય હતો. એ સમયે કોઈ વિધવા સ્ત્રીના પુનર્લગ્નની વાત પણ પાપ ગણાતી એવા સમયે મુંબઈ થયેલા એક પુનર્લગ્ન વિશેનો લેખ પોતાના સામાયિકમાં છપાવીને હિંમત દાખવી હતી. તે આપણે એમના લેખ પરથી જાણીશું. "વિધવા પુનર્લગ્ન સંબંધી ચર્ચા ઘણાં વર્ષથી ચાલે છે અને કેટલીક વિધવાઓનાં પુનર્લગ્ન થયાં પણ છે. અમદાવાદની વિધવાવિવાહોતેજક મંડળીનો હેવાલ ગયા વર્ષમાં આ પુસ્તકમાં પ્રગટ કર્યો હતો તે ઉપરથી તથા મુંબઈ વગેરે સ્થળે વખતે–વખત કેટલાંક પુનર્લગ્ન થાય છે. તેની હકીકત જાહેર થાય છે. તે ઉપરથી સર્વના જાણવામાં હશે જ કે આજસુધીમાં થયેલાં એવાં લગ્નો વરવધુની પ્રેરણા અને પ્રયત્નથી થયાં છે. તેમનાં માબાપે એવાં લગ્નમાં કંઈ પણ ભાગ લીધો હોય એમ જણાયું નથી. ઉલટું તેમનાથી બને તેટલો જૂલમ અને પ્રપંચ કરી એ કામ પાર નહિ પડવા દેવા બનતી કોશિશ તેઓ કરતા આવ્યા છે. અગાઉ અમદાવાદમાં એક પુનર્લગ્ન થયું હતું તે કામમાં ભાગ લેનારને વિધવાનાં સંબંધીઓ તરફથી ઘણા હેરાન કરવામાં આવ્યા હતા તથા ભરૂચ જિલ્લાના કેરવાડામાં પણ એવો જ કેસ બન્યો હતો. પુનર્લગ્ન કરવા તૈયાર થયેલી બાઈઓને

તેમનાં માતા–પિતાએ ઘરમાં પૂરી રાખી તેમનાં માથાં મુંડાવી નાંખ્યાં હતાં તથા બીજી ઘણી રીતે દુઃખ દીધું હતું. વિધવાનાં માબાપ તેના પુનર્લગ્ન સંબંધી કંઈ પણ વાત પ્રથમથી જાણી શકે નહિ તેની ઘણી કાળજી રાખવામાં આવે છે એટલું જ નહિ પણ લગ્ન થાય તે વખતે કંઈ ગરબડ ના કરે તેને માટે કોઈ દૂરના શેહેરમાં જઈ તેને લગ્ન કરવું પડે છે અને વખતે પોલીસની મદદની પણ જરૂર પડે છે. પોતાની વિધવા પુત્રીનું પુનર્લગ્ન ના થાય તેને માટે ઘણાં માબાપ જ્યારે આટલીબધી ચોકસાઈ રાખે છે. ત્યારે જામનગરના રહેવાસી ઔદીચ્યસહસ્ત્ર બ્રાહ્મણ નામે પ્રાણજીવન ભગવાનજીએ પોતે પોતાની વિધવા પુત્રીને કન્યાદાન દેઈ પુનર્લગ્ન કરાવ્યું છે એ જેવી તેવી વાત નથી. જોકે હાલ ઘણા માણસો બાળવિધવાઓનાં પુનર્લગ્ન કરવાની હિમાયત કરનારા છે. તો પણ ન્યાતોના જૂલમી દોરને લીધે તથા બીજી કેટલીક સાંસારિક અડચણોથી એ કામમાં આગેવાની કરતાં તેઓ ડરે છે અને વિધવા પુત્રી અથવા બેન યુવાવસ્થામાં જે અસહ્ય દુઃખ વેઠે છે. તે જેમ તેમ કરીને સાંખી રહે છે. પરંતુ દરેક વાતમાં જેમ અપવાદ હોય છે. તેમ આમાં પણ છે. બ્રાહ્મણ વાણીઆની કહેવાતી ઊંચી ન્યાતો જેમાં વિધવા પુનર્લગ્નની પ્રથા હાલ નથી તે ન્યાતોમાં લાખો જુવાન વિધવાઓ દુઃખે પાપે પોતાના દિવસ ગાળે છે અને તેમનાં માબાપ પણ તેમના દુઃખે સદા દુઃખી જ રહે છે. પરંતુ વાત્સલ્ય પ્રેમની કંઈ સીમા નથી. કોઈ માબાપ એવાં પણ હશે કે જેમનું દયાળુ દિલ પોતાની વિધવા પુત્રીને વેઠવાનાં અસહ્ય દુઃખના વિચારથી ભેદાઈ જાય અને ન્યાતજાત વગેરે તરફથી ગમે તેટલી હરકત વેઠવી પડે તોપણ પોતાની પુત્રીને સુખી કરવાને તત્પર થાય. આવાં માબાપ તે હાલના વખતમાં દુઃખ, દોષ અને અપકીર્તિ સહન કરતાં કરતાં રીઢાં થઈ ગયેલાં ઘણાં માબાપના સમુહમાં અપવાદરૂપ ગણાય અને તેમાંનાં એક ભાઈ પ્રાણજીવન અને તેમનાં પત્ની છે. પોતાની બાળવિધવા પુત્રીને વિધવાપણાના અસહ્ય દુઃખમાંથી

છોડાવવાને તેમણે પ્રશંસાપાત્ર હિમ્મત અને આગેવાની કરી છે અને તેથી અમે આ લગ્નને પ્રશંસનીય પુનર્લગ્ન કહીએ છીએ."[૧૯]

સમાજને જો સુધારવો હોય તો સૌ પ્રથમ સ્ત્રીને શિક્ષિત કરવી જોઈએ. કારણકે સમાજના યોગદાનમાં સૌથી વિશેષ સ્ત્રીનો ફાળો મહત્ત્વનો રહ્યો છે. આમ, સ્ત્રીને જો કેળવણી મળે તો એક સમૃદ્ધ સમાજની રચના તે માતા, પત્ની, બહેન, બેટી બનીને કરી શકે છે. એ માટે સ્ત્રી કેળવણીને મહત્ત્વ આપતો "અમેરિકાની સ્ત્રીઓ અને તેમની કેળવણી'માં શો તફાવત છે. તે દર્શાવતો લેખ તેમણે આ સામાયિકમાં દર્શાવ્યો છે.

"મધ્યમ વર્ગની સ્ત્રીઓ અમેરિકામાં ફુરસદનો વખત ધણીને મદદ થાય તેવાં કામોમાં ગાળે છે, જ્યારે હિંદની તેવી સ્ત્રીઓને ફુરસદ હોતી નથી છતાં, તેઓ ધણીને ઘણી મદદ કરે છે. રાંધવું, ઘરની વ્યવસ્થા રાખવી, છોકરાંછૈયાં ઉછેરવાં વગેરે કામ તેને જાતે કરવાનું હોય છે. ગરીબવર્ગ બન્ને સ્થળે સરખો છે. તેઓને પોતાના ઘરના ગુજરાન માટે ધણી સાથે મજુરી કરવી પડે છે અને તે વર્ગ બહુ મહેનતુ હોય છે. હવે સામાન્ય રીતે કહેતાં મનુષ્ય સ્વભાવને અનુસરી સ્ત્રીઓને પણ સ્વતંત્રતા મેળવવા કુદરતી ઈચ્છા હોય છે. અમેરિકામાં તેવી સ્વતંત્રતા સ્ત્રીઓને મળી છે અને તેઓ તેનો ઉપયોગ પણ કરે છે. જ્યારે આપણી સ્ત્રીઓને તે મેળવવાની ઈચ્છા હોય છે અને તે મેળવવા તે મહેનત પણ કરે છે પણ તે દાબી દેવામાં આવે છે. સાસુ, વહુ, નણંદ, ભોજાઈ વગેરેના કજીઆ આ બાબદમાં સારી સાક્ષી પૂરે છે."[૨૦]

એ સમયે સાંસારિક સ્થિતિ કેવી હતી તે વિશે પણ લેખકોએ સામાયિક અને સમાચારપત્ર દ્વારા લોકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે કે એ સમયે સાંસારિક સ્થિતિ કેવી છે. તે આપણે આ લેખમાં જોઈશું.

"જમાનો બદલાતો જાય છે તેમ જીંદગી વધુ ખરચાળ થતી જાય છે. આપણાં ઘરડાંઓને મોઢે સાંભળીએ છીએ કે ઘી, ગોળ, દાણા વગેરે પહેલાં ઘણું સોંઘું હતું, તેવું હાલ નથી. પહેલાં ૫–૭ રૂપીઆમાં બે ત્રણ માણસો પોતાનો નીભાવ કરતાં, હાલ તેમ કરી શકતાં નથી. આપણે અહીં આ સ્થિતિ આવતી જાય છે. અમેરિકામાં તે આવી ગઈ છે. ત્યાં ખર્ચ એટલો બધો થાય છે કે માણસને પરણવું અને કુટુંબનું પૂરું કરવું એ ભારે થઈ પડે છે. તેમજ સ્ત્રીઓને પણ બીજા પર આધાર રાખવો, એટલું જ નહિ પણ સ્વતંત્રતા ખોઈ બીજાના તાબેદાર બની ભૂખે મરવું એ સારૂં લાગતું નથી. આવા કારણોથી લગ્ન ઘણાં ઓછાં થાય છે અને ઘણી સ્ત્રીઓ કુંવારી રહે છે. આપણે અહીં કહેવત છે કે ડોશી કુંવારી મરી સાંભળ્યું છે ? પણ યુરોપ, અમેરિકામાં જાઈએ તો તેવા હજારો દાખલા નજરે પડે છે. આપણે બાળકોને નાનપણમાં પરણાવી દઈએ છીએ. તે વખતે તેઓ એક બીજાના સ્વભાવથી બીનવાકેફગાર હોય છે અને પછીથી તેમને સંસાર ગમે તેમ નભાવવો પડે છે. આપણે કહીએ છીએ કે અમારે છૂટાછેડા આપવા પડતા નથી. પણ તે ક્યાંથી થાય ? રિવાજના જોરથી તે બિચારાં વગર બોલે બેસી રહે છે. છૂટાછેડાની છૂટ એક વખત આપી જુઓ અને પછી તમને જણાશે કે જેટલાં કુટુંબો અમેરિકામાં સુખથી રહે છે, તેટલાં પણ આપણા દેશમાં રહેશે નહીં. જેમ જેમ કેળવણી વધતી જાય છે. તેમ તેમ બાળકો સમજતા થતાં જાય છે અને માબાપ તેમનો અભિપ્રાય પૂછશે નહિ તો આખરે બાળકોનું બંડ થશે – બાળકો બળવો પણ કરશે."[૨૧]

"ઘણીખરી સ્ત્રીઓ પોતાનું ભરણપોષણ કરવાની શક્તિ ધરાવે છે અને તેઓ કોઈ પણ જાતનું કામ, મહેનત કરવા તૈયાર થાય છે. ખાણોમાંથી મજુરી અને એવી કેટલીક બાબતો સિવાય કોઈપણ લાઈન એવી નથી કે જેમાં સ્ત્રીઓ કામ કરતી ન હોય. તેમાં પણ કારકુનનું, પૈસાની આપલેના સંબંધનું, માલ વેચવા સંબંધીનું, માસ્તરનું,

ડૉક્ટરનું, દાયણનું, સિવણભરતનું વગેરે તેમાં શિક્ષકનું કામ તો ઘણું જ સારૂં કરે છે. અમેરિકામાં શિક્ષક શબ્દ નારીજાતિમાં વપરાય છે. કેમકે શિક્ષકોમાં લગભગ ૮૦ ટકા સ્ત્રીઓ છે અને તે પણ કુંવારી સ્ત્રીઓ.

આપણે અહીં પરણેલી કે વિધવા સ્ત્રીઓ જ શિક્ષક તરીકેના ધંધામાં જોડાય છે. જ્યારે અમેરિકામાં કુંવારી સ્ત્રીઓ અને કેટલીક વિધવાઓ એ ધંધામાં જોડાય છે. પરણે કે તરત તેને શિક્ષકમાંથી કમી કરવામાં આવે છે. કારણ કે તેને પોતાના ધણીના આનંદને માટે વખત ગાળવાનો હોવાથી, તેમજ છોકરાં થાય ત્યારે તેમની પાછળ વિશેષ વખત ગાળવાનો હોવાથી, તે શિક્ષકનું કામ સારી રીતે કરી શકતી નથી.

દરેક જગ્યાએ નવી જાતની શરૂઆતમાં અનેક પ્રકારના દોષો આવે છે. આપણે અહીં પણ કેળવણી વગેરેની બાબતમાં એમજ બન્યું છે. શરૂઆતમાં યુરોપ જઈ આવેલા આપણા દેશના માણસો ઉપર લોકો બિલકુલ વિશ્વાસ મૂકી શકતા નહિ. આજે હવે તેઓ પાછા આવી લોકો ભેળા જોડાય છે, ને લોકો તેમના ઉપર વિશ્વાસ પણ મૂકે છે. શરૂઆતમાં સ્વતંત્રતા મેળવનાર સ્ત્રીઓમાં વખતે સહેજ દોષ આવે તેથી સ્ત્રી જાત સ્વતંત્રતાને લાયક નથી, એમ માનવું એ ભૂલ છે. હવે આપણે અહીં જ અનેક કેળવાએલી સુશિક્ષિત સ્ત્રીઓ જોઈએ છીએ કે જેમનો દાખલો સર્વ લઈ શકે."[૨૨]

### ❖ 'બુદ્ધિપ્રકાશ'માં પ્રકાશિત થયેલ સાંસ્કૃતિક લેખો :

વર્તમાનપત્રો અને સામયિકોએ આપણા દેશની સંસ્કૃતિને વિશ્વ સ્તરે પહોંચાડવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આપણા ધાર્મિક ગ્રંથો અને તેમાં આવતી કથાઓ લોકો સુધી પહોંચાડી આદર્શતાનો મહિમા ગાયો છે. તે નીચે મુજબ છે :

"રામાયણમાં સુમિત્રા એ ચમેલી સમાન છે. ચમેલીનું પુષ્પ ઝીણું છતાં શોભાયમાન અને બહુ સુવાસિત હોય છે. તેજ પ્રમાણે સુમિત્રાનું ચરિત્ર નાનુ–થોડા શબ્દોમાં પૂર્ણ થાય તેવું છતાં અતિ સૌંદર્ય અને માધુર્યથી ભરપૂર છે અને તેના વડે વાચક વર્ગને સારો આનંદ પ્રાપ્ત થઈ શકે તેમ છે."[૨૩]

"શ્રી રામચંદ્રજી જે વખતે વનવાસ જવાને તૈયાર થયા તે વખતે કૌશલ્યાએ પોતાના દુર્ભાગ્ય બદલ ખેદ કરવા માં ો, પણ સુમિત્રાએ હિંમત અને સ્થિરતાને તજ્યાં નથી. દશરથ રાજા કૈકેયી પર જ પ્રેમભાવ રાખતા હતા, પણ સુમિત્રા સાધારણ–હલકી–નીચ સ્વભાવની સ્ત્રીઓમાંની નથી."[૨૪]

સમાજને ઉન્નત બનાવવા માટે અથવા તો આપણી સંસ્કૃત્તિને ઉજાગર બનાવવામાં સાધુ, સંત અને સાધ્વીઓનો ફાળો પણ મહત્ત્વનો રહ્યો છે. તે આ લેખ દ્વારા જાણીએ.

"સીતા, તારા, મંદોદરી, દમયંતી એ મહા સતીઓનાં ચરિત્રો વાંચીને કોના અંતઃકરણમાં ઉન્નત વિચારો ઉદ્ભવ પામતા નથી ? આ સત્વશીલ, સદગુણ મંડિત અને સ્વકર્તવ્યદક્ષ સાધ્વીઓના ચરિત્ર સંબંધે વિચાર કરતાં કોનાં અંતઃકરણમાં ત્હેમના સંબંધે પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન થતી નથી ? પરંતુ દુર્દૈવ્યની વાત તો એજ છે કે, તેવી સાધ્વી સ્ત્રીઓનાં ચરિત્રની જેટલી માહિતી જેવા રૂપમાં હોવી જોઈએ તેટલી તેવા રૂપમાં હોતી નથી; પરંતુ માત્ર પૌરાણિક કથા પર જ તેને માટે અવલંબીને રહેવું પડે છે.

પુરાતનકાળની એ સાધ્વી સ્ત્રીઓની બરોબરીની સ્ત્રીઓ આજકાલ આપણામાં બહુ પ્રકાશમાન થતી નથી અને જો કોઈ ઠેકાણે સાધ્વી સ્ત્રીઓ પોતાનું સૌજન્ય, સદ્ગુણ, મહત્તા, મનુષ્યમાત્ર પર અપ્રતિમ પ્રેમ, એ વગેરેના યોગે કોઈ કાળે પોતાનું

તેજ પ્રકટ કરે છે, તો તેના સંબંધે ઘણાઓને બિલકુલ જાણ થતી નથી. આ ખોટ અમુક અંશે પણ ઓછી કરવા બંગદેશીય એક સાધ્વી સ્ત્રી અઘોરકામિનીનું અલ્પ જીવન વૃત્તાંત પ્રિય વાચકોને સાદર કરવાનો અમે વિચાર કર્યો છે. આ ચરિત્રનાઈકાની યોગ્યતા કેટલી છે તથા એક સાધારણ સ્ત્રીના હાથથી લોકહિતનાં ગહન કાર્યો કેવી રીતે બને છે તે આ ચરિત્ર ઉપરથી સારી પેઠે સમજાય તેવું છે.

અઘોરકામિનીનો જન્મ ઈ.સ. ૧૮૫૪ની સાલમાં બંગાળા ઈલાકામાંના ચોવિસ પરગણાના ટાકી નામના સુપ્રસિદ્ધ ગામમાં એક કુલીન કાયસ્થ કુળમાં થયો હતો અને ઈ.સ. ૧૮૬૦માં બાબુ પ્રકાશચંદ્રની જોડે ત્હેનાં લગ્ન થયાં હતાં. લગ્નકાળે અઘોર–કામિની તદ્દન અશિક્ષિત હતી.

પ્રકાશચંદ્ર નવીન વિચારનો હતો. પોતાની સ્ત્રીને ઉત્તમ શિક્ષણ મળે, પોતાની પેઠેજ તેહેને માટે પણ જ્ઞાનભંડાર ખુલ્લો થાય, ત્હેના હાથથી અન્યનું હિત થઈ શકે, એવી એવી પ્રકાશચંદ્રની મહત્તેચ્છા હોવાથી ત્હેણે પોતાની સ્ત્રીને શિક્ષણ આપવાનો ક્રમ ચાલુ કર્યો; પરંતુ એ શિક્ષણ તદ્દ્ન અપૂર્ણ રહેવાનું, કારણ કે મ્હોટું કુટુંબ હોય, ઘરમાં વહુ દીકરીઓનો મ્હોટો ભરાવો હોય, એટલે નવી શ્વસુરવાસિનીને આવી બાબતોમાં વધારે લક્ષ આપવું મુશ્કેલ થઈ પડે છે.”[૨૫]

## ૪.૩ ‘ગુજરાત શાળા પત્ર’ (૧૮૬૪) :

૧૮૬૪માં મહિપતરામ રૂપરામે ‘ગુજરાત શાળા પત્ર’ અમદાવાદ વર્નાક્યુલર કૉલેજમાંથી પ્રકાશિત કર્યું હતું.

સમાજમાં નાત વિશેની જે ખોટી માન્યતાઓ ઘર કરી ગઈ છે અને તેને કારણે કોઈ વ્યક્તિ સમાજની વિરુદ્ધ કાર્ય કરે તો તેને નાતની બહાર કાઢવામાં આવતા એવા ઘણા દાખલાઓ જોવા મળે છે. તેમાંનો એક દાખલો આ સમસ્યાને લઈને ઊભો થયો છે અને તેનું શીર્ષક છે ‘નાગર વાણિયાનો ટંટો’, તે વિશે આપણે જોઈશું.

“સબહિ ભૂમિ ગોપાલકી, વામે અટક કહા;
જ્યાં કે મન મેં ખટક હૈ, સોઈ અટક રહા.”

“મુંબઈના કપોળ વાણીઆ ભાઈ કરસનદાસ મુલજી વીલાયત જઈ આવ્યા તે વાતથી અમારા વાંચનારામાંનું કોઈજ અજાણ્યું હશે. એ ભાઈ જ્યારે પાછા મુંબાઈ આવ્યા તે વારે અમદાવાદના નગર શેઠ પ્રેમાભાઈ હીમાભાઈ, શેઠ પ્રેમચંદ રાયચંદ, શેઠ કરસનદાસ માધવદાસ, કપોળ વાણીયા શેઠ મંગળદાસ નથુભાઈના બનેવી ભાઈ પ્રાણજીવનદાસ વાઘજી તથા શેઠ મંગળદાસની બેન તથા ભાઈ કરસનદાસ મૂળજીના સસરા એટલા માણસો વીલાએત જઈ આવનારની જોડે બેસીને જમ્યા. એમાંથી પેહેલા બે જણ શાવક છે. શાણા શાવક લોકે તેમને કાંઈ પૂછયું નહીં અને ચરચા પણ ખાલી કરી નહીં. શેઠ કરસનદાસ માધવદાસ નાગર વાણીઆ છે. મુંબઈના નાગર વાણીઆ તેમની જોડે રીસાયા પણ જલદીથી પાછા સમજ્યાને એક થઈ ગયા. કપોળ વાણીઆ હજી હઠ પકડી બેઠા છે, તેથી મુંબાઈના બીજા વૈષ્ણવ વાણીઆ નાગરવાણીઆથી વેગળા રહે છે

એવું છતાં પણ એક બીજો વાણીઓ અને એક બ્રાહ્મણ વીલાયતે જવાને તઈયાર થયા છે. ધન છે તેમની હીંમતને !

મુંબાઈના નાગર વાણીઆએ ખંભાત તથા સુરતના તેજ જાતના વાણીઆ જોડે વેહેવાર છે. શેઠ કરસનદાસ માધવદાસને પાછા નાતમાં લીધા તે વાત ખંભાત વાળાએ કબૂલ રાખી, પણ સુરતવાળે નાકબુલ કરી. એવામાં મુંબાઈથી એ નાતનો એ ગૃહસ્થ સુરત આવ્યો ને તેથી ત્યાં લડાઈ પેઠી, નાતો જમતી અટકી, ટંટો ઉઠ્યો, એ પતાવવાને દોદ્દુ વાણીઆ આજમ મોતીરામ દલપતરામ સુરતના હજુર ડેપ્યુટી કલેક્ટર અને માજીસ્ટ્રેટ વચમાં પ   ા. પતિત શબ્દ વાપરવાના કેશમાં એમણે મીથ્યા ડાપણ ડોળ્યું, અપજશ મેળવ્યો અને પોતાના ઈનસાફને એબ લગાડી તેનો કાંઈક બદલો વાળવાને આ કામ માથે લીધું. પણ સુરતના નાગર વાણીઆએ એ બાપડાની આબરૂ રાખી નહીં. એમના કેહેવાને કાંઈ માન આપ્યું નહીં. તે ઉપરથી મી. મોતીરામે ગોસ્વામી ગિરધરજી મહારાજને મંદીરે સુરતના શાસ્ત્રીઓની સભા કરી ત્યાં એ મહારાજે તથા ભટજી લાલાજીએ તથા શાસ્ત્રી દીનમણી શંકરાદિ લગભગ સો શાસ્ત્રીઓએ પોતાની સહી સુધાંત શાસ્ત્રાર્થ આપ્યો કે કોઈ શુદ્ર વીલાયત જાએ ને તેની પંક્તીએ બેસી બીજા શુદ્ર જમે તેમને દોષ નથી."[૨૬]

ઉપરોક્ત લેખમાં આપણે જોયું કે એ સમયે વિલાયત જવું એ મોટું પાપ માનવામાં આવતું અને તેમની સાથે જે કોઈ નાતનું વ્યક્તિ વહેવાર રાખે તો સમાજના બીજા વ્યક્તિઓ તેમની સાથે વહેવાર કરતા નથી. આમ, સમાજમાં જાતિભેદની પ્રથા એ સમયે વધારે તીવ્ર હતી. નાગર જાતિના લોકો નીચ જાતિ સાથે કોઈ વહેવાર કરતા નથી. તે આપણે જોઈ શકીએ છીએ.

"હિંદુ લોકોની ત્રીજી મુખ્ય અડચણ એ છે કે સ્ત્રીઓને વિદ્યા ન શિખવવી. તેઓ એવું સમજે છે સ્ત્રિઓને ભણીને કયે દેશાવર રળવા જવું છે ? કોનું ખતપત્ર લખવું છે ? કોના હિસાબ ગણવા છે ? પુરૂષ કમાઈને દાણા ભરે તેને સુધારી બધાંને ખવરાવવું અને બીજું ઘર ધંધો જેવું કે વાસીદું વાળવું પાણી ભરવું ઈત્યાદી એજ સ્ત્રિનું કામ છે. જો સ્ત્રિ ભણે તો પછી પુરૂષો શું કરશે ? વળી કેટલાક વધારે વહેમી માણસો તો એવું કહે છે કે, જો સ્ત્રી વિદ્યા ભણે તો તે રાંડે અથવા તેને કંઈ છોકરૂ ન થાય, સ્ત્રિઓને વિદ્યા આવડે નહીં. 'વાહ ?' આ એમના કેવા વિચારો છે ? આવા વિચારના માણસો કેવા વિદ્વાન હશે ? પરમેશ્વરને સ્ત્રી ઉપર એવડો બધો સો દ્વેષ હોય કે સ્ત્રી ભણે તો તેને રંડાપો આપે અથવા વાંજીઅણ રાખે, જેઓ ભણેલી નથી હોતી તેઓ શું કદી રંડાતી નથી ? અથવા શું વહાંજણી રહેતી નથી ? આ વાતનો તેઓ કાંઈ પણ વિચાર કરતા નથી. ફક્ત પેટ ભરવાને વાસ્તેજ પુરૂષે ભણવું એવું તેઓ સમજે છે. પણ શું જંગલી માણસો તથા પ્રાણીઓ ભણ્યા વગર પોતાનું પેટ ભરતાં નથી ? કહેવત છે કે પરમેશ્વરે દાંત આપ્યા તેને ચાવણું આપશે જ. શા વાસ્તે ભણવું તેનો ખરો અર્થ તેઓ કંઈ સમજતા નથી. જે દેશમાં સ્ત્રીઓ વિદ્યા ભણે છે ત્યાં શા શા ફાયદા થયા છે અને તેમની હાલત કેવી સુધરી તેનો પણ તેઓ વિચાર કરતા નથી. સ્ત્રીઓને દબાવતાં દબાવતાં છેક નીચી હાલતમાં આણી છે; તેમના મન એટલાં તો સાંકડાં કરી નાખ્યાં છે કે તેમને કંઈ પણ વિચાર કરવો સુજતો નથી. સારૂં નરસું કંઈ સમજતાં નથી, પછી એવી કહેવત થઈ કે – 'સ્ત્રીની બુદ્ધિ પાનીએ' આવું છતાં પણ હજી સુધી તેમનો અંત મૂકતા નથી. સ્ત્રીઓના શત્રુ હોય તેવી રીતે તેમની સાથે પુરૂષો વરતે છે."[૨૭]

ઉપરોક્ત લેખમાં સ્ત્રીઓની દયનીય સ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું છે. એ સમયે સ્ત્રીનું સ્થાન માત્ર પરિવારને સાચવવાનું અને ઘરની સાફ–સફાઈ હતી. જો કોઈ

સ્ત્રીને કેળવણી આપવાનું વિચારે તો લોકોમાં એવો વહેમ પેસી ગયો હતો કે સ્ત્રી રાંડે અથવા તો તેમને બાળકો ન થાય. આમ, વિદ્યાને તેઓ અભડાવનારી વિદ્યા ગણતા હતા. દિવસે ને દિવસે સ્ત્રીઓની માનસિકતા પણ એવી જ થતી જાય છે અને તેઓ સારુ–નરસુ પણ વિચારવાને સક્ષમ બનતી નથી. પુરૂષો પણ સ્ત્રીઓ જાણે શત્રુ હોય એવા પ્રકારનો વ્યવહાર તેમની સાથે કરે છે.

આમ, આવા સમાજને બહાર લાવવામાં આવા ચોપાનીઆએ ઘણું મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

આપણા સમાજમાં જે દૂષણો ઘર કરી ગયાં છે તેવા દૂષણોને બહાર લાવતા હજુ ઘણીવાર લાગશે. તેમના મોટામાં મોટાં ચાર દૂષણો છે. જે સમાજને પ્રગતિ તરફ જતા રોકે છે તો આપણા સમાજને જો ઉન્નતિના શિખર પર જોવા માંગતા હશો તો, આપણે ભેગા મળી આવા દૂષણો નાબૂદ કરવા પડશે. તો આવા દૂષણોને વિસ્તારથી સમજાવતો લેખ આપણે 'હિંદુ લોકોની મોટી અડચણો'માં જોઈશું.

"આપણો દેશ નીચી પદવીએ આવ્યો, ને હજી ઊંચે દરજે ચઢતાં બહું અડચણો પડે છે; તેમાંની મુખ્ય નીચે પ્રમાણે ચાર છે :

(૧) જાતિભેદ

(૨) પરદેશમાં મુસાફરી ન કરવી.

(૩) સ્ત્રીઓને ન ભણાવવી

(૪) નહાનપણમાં લગ્ન કરવું.

જાતિ વિશે બે મુખ્ય અડચણો છે – [૧] ધર્મ સંબંધી, [૨] કસબ જાતિ.

[૧] **ધર્મ સંબંધી :** દુનીઆના સઘળા પદાર્થોમાં ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ એવા ત્રણ વર્ગ હોય છે તે પ્રમાણે માણસમાં પણ છે. તે ફક્ત હિંદુલોકમાં જ એમ નહીં. પણ બધા દેશમાં છે. પરંતુ હિંદુઓમાં ફેર એટલો જ છે કે, અસલ ધર્મથી જે જાતિભેદ થયા છે, તે ઉપરથી સારા ખોટાના બીજા વધારે ફાંટા નિકળ્યા છે. અને આવી રીતે બહુ જ્ઞાતિભેદ થવાથી દેશમાં બહુ અદેખાઈ વધી ગઈ છે. અદેખાઈ ઉપરથી વગર કારણે સમવિષમતા ઉત્પન્ન થઈને લોકો વધારે નિર્બળ થતા જાય છે. આ ઉપરથી જાતિભેદ જતો રહે એવું મારૂં કહેવાનું નથી; પણ તેથી જે અદાવદ થાય છે તે જાય તો બહુ સારૂં. જો એક જાત અધિકારી થઈ તો બીજી જાતના લોકો તેમનો દ્વેષ કરે છે. બ્રાહ્મણની સત્તા વધે તો બીજાઓને ગમતું નથી, અને તેમનું ખોટું થાય તો રાજી થાય છે. છેવટે તેમની પડતી દશા થઈને દ્વેષ કરનારાઓનું સારૂ થયું તો વળી બીજી જાતના લોકો તેમના ઉપર દ્વેષ કરે છે. આવી રીતે થતાં બધો વખત દ્વેષમાં જ જાય છે; તેમાં કોઈનુંએ સારૂં થતું નથી. મનમાંથી દુશમનાઈ જતી જ નથી, અને પછી એક બીજાને નીચા પાડતાં પાડતાં પોતપોતામાં શત્રુતા ઉત્પન્ન કરે છે. સઘળી જાતિના લોકો એક જ આપણા સ્વદેશીય છે, તેમાં કોઈનીએ ચઢતી થઈ તો તે સારૂં જ છે એવો વિચાર જ્યારે બધી જાતિના લોકોમાં આવશે, ત્યારે ધર્મ સંબંધી જાતિ વિભાગ રહે તો એ કાંઈ હરકત નથી. અંગ્રેજ લોકોમાં તો જાતિભેદ તો છે. એટલે નીચી પદવીના માણસ સાથે કોઈ ઊંચી પદવીનો માણસ બેસીને જમવાનો નહીં; જેઓ અમીર છે તેઓ અમીરની સાથે જ વ્યવહાર રાખે. પરંતુ દરેક અંગ્રેજ કેવું સ્વદેશાભિમાન રાખે છે !

[૨] **કસબ જાતિ :** એ પણ દુનીઆના બધા દેશોમાં હોય છે, પણ હિંદુ લોકોમાં ફેર એટલો જ કે પોતાનો વંશ પરંપરાથી જે ધંધો ચાલતો આવ્યો હોય તેજ કરવો. બીજા દેશોમાં દરેક માણસે શો ધંધો કરવો તે, તેની પોતાની મરજી ઉપર આધાર રાખે

છે. પણ હિંદુઓને તો પ્રથમથી જ એ વાતમાં બાંધી રાખ્યા છે. લુહાર એવું સમજે છે કે મારૂં કામ તો લોઢું ઘડવાનું જ છે; દરજી જાણે છે કે મારે તો શિવવું જ જોઈએ; ઈત્યાદિ. આથી પણ દેશને ઉંચે દરજે ચઢવામાં એક મોટી ખામી પડે છે કોઈ સુથારને લુહારના કામનો બહું શોખ હોય, ને તે કામમાં એ સારો નિકળે એવો હોય, તો પણ, તેને તે કરવાની છૂટ નહીં માટે, તેનાથી તે થતું નથી, ને સુથારનું કામ પોતાને સારૂં લાગતું ન હોય, તો પણ કે કરવું પડે તેથી તે નીચીને નીચી જ સ્થિતિમાં રહે છે. તેમ સોની, દરજી, હજામ ઈત્યાદિને એવી જ અડચણો નડે છે. બ્રાહ્મણ જો ખેતી કરવા માંડે તો, બીજાઓ તેને ભ્રષ્ટ થઈ ગયલા અથવા છેક નીચો ગણે છે. આવા ભયથી જે મનને ગમતું હોય તે આપણાથી થતું નથી, ને અણગમતું કરવું પડે છે. અને પરિણામે ચઢીઆતા થવાને બદલે ઉતરતા થવાય છે. એ દિવસે દિવસે જેમ લોકો વધારે સમજતા ને વિચાર કરતાં થાય છે તેમ આ અડચણ ઓછી થતી જાય છે. હાલ કેટલાક બ્રાહ્મણો વેપારી, ખેડૂત વગેરેનો ધંધો કરે છે; વાણીઆઓ પણ રંગારા વગેરેનો ધંધો કરે છે. પરંતુ જ્યાં સુધી બધાને મનગમતો ધંધો કરવાની છુટ નથી થઈ ત્યાં સુધી દેશ સુધરેલો ગણાવવાને એક હાકલ પડવાની."[૨૮]

સમાજમાં એ સમયે પરદેશ ગમન કરવું એ પાપ ગણાતું હતું અને જો કોઈ વ્યક્તિ એવું દુ:સાહસ કરીને પરદેશ ગમન કરે તો તેને આવ્યા પછી સમાજમાં ઘણું સહન કરવું પડતું. તેમની સાથેના તમામ વ્યવહારો બંધ કરવામાં આવતા અને તેને એકલો પાડી દેવામાં આવતો. આમ સકુંચિત માનસિકતા ધરાવતા લોકોના મનમાં આવી ખોટી પ્રથાઓ ઘર કરી ગઈ હતી તે પ્રથાઓ જ આપણા સમાજને ઉચ્ચ સ્થાને જતા રોકતી હતી. તો એવી જ સમસ્યા અને અડચણોનો વિસ્તારપૂર્વકનો ખ્યાલ આપતો લેખ આપણે એમના શબ્દોમાં જ જોઈએ.

"દેશ સુધારાને વાસ્તે બીજી એક મોટી અડચણ એ છે કે, પરદેશમાં મુસાફરી કરવાની છુટ નથી. આ વહેમ તો હિંદુ લોકોમાં બહુ જ પ્રસરી ગયો છે. દરેક દેશના લોકોને મુસાફરી કરવાની છુટ હોય છે. જેઓ અસલ જંગલી અને દુર્દશામાં હતા તેમને સુધરેલા અને ચઢીઆતા થવાનું એ એક કારણ છે. ઇંગ્લિશ લોકો મુસાફરીથી જ ચપળ અને ચઢીઆતા થયા. પેહેલાં અમેરિકા તરફ મુસાફરી કરવાથી સ્પેન દેશ પ્રખ્યાતીને પામ્યો હતો. તેમ પોર્ટુગીઝ વગેરે દેશો પણ દરીઆ મારગે મોટી મુસાફરીઓ કરીને જ ચઢીઆતા થયા હતા. હિંદુ લોકોમાં કોઈ પોતાનો દેશ મુકીને ગયો તો તરત તેને જ્ઞાતિ બહાર કહાડે છે. પરંતુ તે વાતનું કાંઈ પણ કારણ શોધતા નથી, અથવા વિચાર પણ કરતા નથી. આ અડચણથી જ આપણા દેશની ખરાબી થઈ છે અને થાય છે. જ્યાં સુધી આ વેહેમ આપણા લોકોમાંથી નહીં જાય ત્યાં સુધી સંપૂર્ણ સુધારામાં આ દેશ આવવાનો નથી. જેઓ બુદ્ધિમાન છે અને વિચાર કરી શકે છે તે મને સાફ માલમ પડતું હશે કે હિંદુ લોકોની આ એક મોટી ભૂલ છે. જેઓ આ ભૂલને ઉત્તેજન આપે છે તેઓ એવું સમજે છે કે, હિંદુસ્તાન સિવાય બીજા બધા મુલકમાં અનાજ પાકતું નથી. ફક્ત માંસ વડે જ વ્યવહાર ચાલે છે, વગેરે આવા જુઠા વેહેમ ફેલાવે છે. પણ જેમ જેમ લોકો વધારે ભૂગોળ જાણતા જશે, ને વિચાર કરતાં શિખશે તેમ તેમ આશા છે કે, લોકોની આ ભૂલ બીલકુલ જતી રહેશે. ગાડરીઆ પ્રવાહના જેવો તેઓનો મત છે. એટલે જાણે એક જુના શાસ્ત્રીએ કહ્યું કે, પરદેશમાં જવાથી આવી રીતનો વટાળ છે તો બીજા માણસો કાંઈ પણ વિચાર કર્યા વગર તેજ મત તાણી રહે છે. પણ આગળ પાછળ શું થયેલું છે તેનો લોકો કાંઈ વિચાર કરતા જ નથી. જેમ કે, જો પરદેશમાં જવાથી વટાળ છે તો, દાદા સાહેબ પેસવાએ પોતાના વકીલને પેસવાઈના વખતમાં વિલાયત મોકલ્યો, તેને કોણે જ્ઞાતિ બહાર કહાઢ્યો !

વળી હમણાં પણ લંડન, આરબસ્તાન, ઈરાન, કરાંચી વગેરે સિંધુ નદીની પેલી તરફ કેટલાક ઊંચી જાતના બ્રાહ્મણો પણ જા—આવ કરે છે, તેમને કોણે પુછયું ? એ સિવાય પોતે જુના પુરાણો, કથાઓ, સાંભળે છે તે ઉપર પણ બીલકુલ વિચાર કરતા નથી. જુવો અશ્વમેઘ યજ્ઞ કરવાને, ઉત્તર સમુદ્ર સુધી, તામ્રધ્વજ, મયુર ધ્વજ એમના રાજની પેલી તરફ એટલે હમણાંના રૂશીઅન લોકોના દેશોમાં, ધર્મરાજાનો ભાઈ અરજુન ગયો હતો અને ત્યાંથી બકદાલભ્ય રૂષિને સમુદ્રના એક બેટમાંથી આણ્યા હતા, એથી ભારત તથા જેમિની અશ્વમેઘમાં કથા છે. તેમજ ભાસ્કરાચાર્ય વગેરે યવન દેશમાં જઈને, તેમની પાસેથી ત્યાંની, રમળ વગેરે વિદ્યા શિખ્યા, પછી તે વિશે સંસ્કૃતમાં ગ્રંથ કરવામાં આવી. આવી રીતે આગળના બ્રાહ્મણો ઉદ્યોગી અને મોટા મુસાફર હતા. જ્યારે હાલના બ્રાહ્મણો વિચાર અને માહિતી વગર હરકત કરે છે. તેઓએ આ વિશે વિચાર કરવો જોઈએ. જો અસલથી જ મુસાફરી કરવી નહીં એવું હોય તો આપણા શાસ્ત્રમાં મુસાફરીની વાત શા સારું લખે ? તેઓ કબુલ કરે છે કે એ તો મોટો રૂષિ અને મોટા પુરૂષો ગયા હતા. માટે તેની ફિકર નહીં. પણ એટલો વિચાર કરતા નથી કે, એવી મોટી મુસાફરી અથવા મોટાં સાહસ કામો કરવાથી તેઓ રૂષિ અને મોટા પુરૂષો થયા હતા. તેમ હાલ પણ જેઓ એવાં મોટાં સાહસ કામો અને લાંબી મુસાફરીઓ કરી, પારકા દેશની વિદ્યાઓ આપણા દેશમાં લાવશે, તેઓ મોટા પુરૂષો કહેવાશે.

મુસાફરી કરતાં પોતાનો ધર્મ સચવાય નહીં એવી તેમની તકરાર હોય, તો ધર્મશાસ્ત્રમાં પણ એવું સાફ જણાવ્યું છે કે, મુસાફરીમાં, વહાણમાં અને દુકાળના વખતમાં અનાચાર થાય તો ફીકર નહીં. ધર્મશાસ્ત્રમાં વળી એવું પણ કહેલું છે કે જે મોટા કામમાં છે તેને નાના કામનો બાધ નડતો નથી. એનું ઉદાહરણ જે બ્રાહ્મણને બ્રહ્મચાર્ય છે તેને સુતક આવતું નથી. એનું કારણ એ કે તેના અભ્યાસને હરકત પડે; બીજું એ કે

વિદ્યાને વટાળ નથી ઈત્યાદિ. આ બધી વાતે વિચાર કરતાં તથા ધર્મશાસ્ત્રની રીતે જોતાં પણ મુસાફરી કરવી; અને તેથી જ દેશ સારી હાલતમાં આવશે એવું જણાય છે."[૨૯]

સમાજમાં એવો કુરિવાજ હતો કે દીકરી જન્મે એટલે તેને તરત જ દૂધ પીતી કરવામાં આવતી હતી. દીકરીના જન્મને લોકો બોજ સમાન માનતા હતા. પરંતુ જો દીકરીઓ જન્મ નહીં લે તો આ સમાજની કેવી પરિસ્થિતિ થતે તે વિશેનો ચિંતા વ્યક્ત કરતો 'દીકરીનો જન્મ' લેખ સમાજમાં ઉજાસ પાથરવાનું કાર્ય કરે છે. આ લેખમાં દીકરીનું સમાજના ઉત્થાન માટે કેટલું મહત્ત્વનું કાર્ય છે તેની ચર્ચા કરી છે. જો દીકરીઓને જન્મ લેવા જ ન દેત તો આ સૃષ્ટિની અધોગતિ નિશ્ચિત જ છે. એ વાત સમજાવતો લેખ આપણે નીચે મુજબ જોઈશું.

"સૃષ્ટિમાં જે બનાવો બને છે તેમાંના ઘણાકના કારણ માણસના જાણવામાં આવતાં નથી. એમાંનો એક બનાવ છોકરીનો જન્મ છે. શા કારણથી દીકરો આવે છે, ને શાથી દીકરી પેદા થાય છે તે પરમેશ્વર વિના બીજું કોઈ જાણતું નથી. શા ઉપાયથી પુત્રીને ઠેકાણે પુત્રની ઉત્પત્તિ થાય તેની જો હિંદુઓને ખબર હોત તો આ દેશની વસ્તી થોડા કાળમાં લય પામત કેમ કે બધાઓ તે યુક્તિ કરી હંમેશ પોતાને ઘેર પુત્રનો જન્મ કરાવત. માટે જગત કર્તાએ એ વાતમાં માણસને નિરઉપાય રાખ્યા છે તે બહુ જ ડહાપણનું કામ કર્યું છે. જે સ્ત્રી દીકરો ન જણે તેના ઉપર બીજી લાવવી અને બીજીને છોડીઓ જ થાય તો ત્રીજી લાવવી એવી માઠી રીત જે જ્ઞાતિઓએ મૂર્ખાઈથી સ્વીકારી છે તે તેનાં બુરાં ફળ ભોગવે છે. બહુપત્નિત્વથી વધારે કન્યા નીપજે છે તેવો સૃષ્ટિનો નિયમ જણાય છે. જેથી જ જે જ્ઞાતિઓમાં એક બાઈડી ઉપર બીજી લાવવાનો ચાલ છે તેમાં કન્યાની છત ઘણી છે. એ નાતોમાં તથા જેમાં ઊંચા કુળ અને નીચા કુળની ખટપટ ભારે છે, તેઓમાં જેને ઘેર દીકરી અવતરે છે તેની પુરી કમબખતી થાય છે.

છોકરીનો પ્રસવ થયો એટલે મોટી આફત પડી એમ સમજી મા–બાપ અને સગાંવહાલાં ઘણાં જ નાખુશ થાય છે. અને ઘણાક તો પોકે પોકે રૂએ છે, તથા જણનારી બાઈની સાસુ વગેરે તે બાઈને ઘણી ભાંડે છે. પ્રસવની વેદનામાંથી નિકાલ થતાં ખબર પડે છે કે છોડી અવતરી છે એટલે તે શોકાતુર થઈ બોલે છે હાય ! હાય ! માડી આના કરતાં તો હું મુઈ હોત તો સારૂં ! અધણીની કીંયા વારે વારે છોકરાં મરી જતાં હોય ને કન્યા જન્મે તો કાંઈક ઓછું દુઃખ પામે છે, કેમકે આગળ આશા થાય છે. એકના કેડે બીજી અને પછી ત્રીજી એમ છોડીઓ અવતરે તો મા બાપના રુવાનો પારજ નહીં. દહાડોને રાત છોડીઓને ગાળો પડે છે. અમે ઉઘાડે છોગે તેની જનેતા વગેરે સર્વ બોલે છે કે રાંડો પરણ્યા પેહેલાં મરે તો રૂપીઆની ગાંસડી બચે. ઘણી તરેહના અભિશાપ દે છે અને નિસાસા મુકે છે. છોકરાની જોડે સરખાવી જોતાં છોકરીની સંભાળ ઘણી ઓછી લે, છે તો લાડની પછી આશા શી. તેમને ભણાવી ગણાવી ગુણવાન કરવાનો વિચાર પણ કદી કરતા નથી. પણ એમ કરતાં એ છોડી મરી જાય તો જુઠા જુઠા રાગડા તાણીને મહલાતી મહલાતી બાઈડીઓ રડે ખરી, અને લાંબે હાથે ખૂબ કૂટે.

એવી નાતોમાં છોડીઓને પરણાવવાની આપદા ઘણી છે. મા બાપનું લોહી હંમેશ સુકાયાં કરે છે. જે ઘણા ધનવાન અને તેની જોડે ઉત્તમકુળના હોય તેમને તો કાંઈ નડતું નથી, પણ એવા તો થોડા જ હોય છે. સારે ઘેર એટલે ઉત્તમકુળમાં કન્યા દેવી જોઈએ નહીં તો નાતમાં આબરૂ જાય, સગાં વહાલાં ચુંટી ખાય, પૂર્વજોને સાન સાથે ઊંચા કુળવાળી તો છોડી મફત લે નહીં માટે લાંચ આપી તેમનું મન મનાવવું જોઈએ. જો લાંચ આપવામાં આખા જનમારાની કમાઈ, મહાકષ્ટે એકઠું કરેલું ધન, અને કેટલાકના ઘરબાર પણ જતાં રહે છે. દૂધ પીતી કરવાનો પાપી રીવાજ એથી પ ો હતો. વેવાઈને રોકડ નાણું આપવાની જોડે લગ્ન સમે બીજો પણ ઘણો ખરચ કરવો પડે છે. એટલેથી

અટકતું નથી. દીકરી મોટી થાય ત્યારે સાસરે વળાવતી વેળા પુષ્કળ ખરચ કરવું પડે છે. ને જીવે ત્યાં સુધી તેનાં લુગડાં વગેરે ઘણો જ ખરચ તેના મા–બાપ કે ભાઈને શીર રહે છે. માંદી પડે કે ભારેપાઈ થાય ત્યારે પીયર હાંકી કાઢે છે. સાસરીઆં વૈતરું કરાવે તેના બદલામાં ગાળ, માર, મેણાં ને રોટલા આપે છે. વર કમાઉ અને સજ્જન હોય તથા પ્રીતિ રાખતો હોય તો ઓછું દુઃખ પડે. ત્યારે પણ અડચણો ઘણી રહે છે."[૩૦]

ઉપરોક્ત લેખમાં એ સમયે સ્ત્રીની સામાજિક સ્થિતિ શું હતી અને તેને કેવાં કેવાં પરિણામો ભોગવવા પડતાં તેનો ચિતાર ઉપરોક્ત લેખમાં જોઈ ગયા.

ઈ.સ. ૧૯મી સદી એ સુધારાની સદી હતી. તે સમયે જે કંઈ સાહિત્ય લખાયું તેમાં મુખ્ય હેતુ સમાજસુધારાનો રહ્યો છે. માનવીમાં ઘર કરી ગયેલી કુરૂઢિઓને દૂર કરી જ્ઞાનનો પ્રકાશ ફેલાવવાનું કાર્ય એ સમયના સમાચારપત્ર અને ચોપાનીયાઓએ લઈ લીધું. તેમાં 'સુધારા વિષે કવિતા'માં સમાજને કેવા સુધારાની જરૂર છે. તે વિગત દર્શાવી છે. તો આપણે એમના શબ્દોમાં જ જોઈએ.

"દશા દેખી આ દેશની દિલ દાઝે, વદું બોલે બે આજ હું એજ કાજે !
સજો આપદા જાય એવો સુધારો, અરે દૈવ આ દુખનો આણ્ય આરો. (૧)

થયું શું અને રે હવે શું જ થાશે, દુખે દેશ આ દુબળો ભારી ભાસે;
અરે આમ આ કેમ થાશે ઉગારો, અરે દૈવ આ દુખનો આણ્ય આરો. (૨)

ભણેલા બહુ ભાટકે વાટ ઘાટે, રહેવા ચહે પંડના પેટ માટે;
તથાપી મળે કો નહીં રાખનારો, અરે દૈવ આ દુખનો આણ્ય આરો. (૩)

લુટીરે નથી કોઈએ લક્ષ્મિ લીધી, ગઈ કોણ જાણે કિયાં રીદ્ધિ સીદ્ધી;
બન્યો દીન આદેશ સ્હેજે બિચારો, અરે દૈવ આ દુખનો આણ્ય આરો. (૪)

હતી પેઢીઓ રે અતિ જેહ જુની, સુની મૂકી ચાલ્યા ગયા કેંક ખૂની;
કર્યા ખૂબ ખૂવાર લોકો અપારો, અરે દૈવ આ દુખનો આણ્ય આરો. (૫)

બધા દેશમાં નીકલે નામ બોળ્યું, રૂડું નાયકે શહેર મુંબાઈ રોળ્યું;
મચાવ્યો વળી ફોર્બસે ફેર મારો, અરે દૈવ આ દુખનો આણ્ય આરો. (૬)

નથી દિપતી શહેરની પોળ શેરી, દિસે શૂન્ય બાજાર વેપાર કેરી;
વિના નૂર વાળી દિસે હાટ હારો, અરે દૈવ આ દુખનો આણ્ય આરો. (૭)

સહુને મુખે સુણીએ શબ્દ એવા, સમો દુષ્ટ આ લાજ દેશે ન રહેવા;
'વિચારી સહુ મૂકજો પાય યારો', અરે દૈવ આ દુખનો આણ્ય આરો. (૮)

કરે ચાકરી તે રૂપે પાડી વારી, વિના રોજગારે રૂવે રોજગારી;
મજૂરો તણો (તેમ) હાલ દેખો નઠારો, અરે દૈવ આ દુખનો આણ્ય આરો.(૯)

સમો ક્યાં ગયો રોજ થાતી સભાઓ, મળી ચાહતા દેશનું હિત જેઓ;
ગયા ક્યાં અરે આજ તે હીતકારો, અરે દૈવ આ દુખનો આણ્ય આરો. (૧૦)

ભલા માણસો માનવંતા હતા જે, સમો દૂષ્ટ આ દેખવાના રહ્યા તે;
રહ્યા તે કરે રોજ બેસી વિચારો, અરે દૈવ આ દુખનો આણ્ય આરો. (૧૧)

નથી આવતો મેહરે મેન મેલી, ધરા ધાન્યથી ના દિસે નિપજેલી;
ટળ્યા આમ ખાવા પીવા ખેતિકારો, અરે દૈવ આ દુખનો આણ્ય આરો. (૧૨)

થયા આમ લોકો બહુ ભૂખ ભેળા, દુખે ભોગવે આજ આ દુષ્ટ વેળા;
સહુ લોકનો થોક દિસે દુખાળો, અરે દૈવ આ દુખનો આણ્ય આરો. (૧૩)

કરી નાત વ્હેવાર વિનાશ કીધી, વૃથા માન માટે સહુ રીદ્ધિ સિદ્ધિ;
હવે તો સ્વદેશી વિરાખો વિચારો, અરે દૈવ આ દુખનો આણ્ય આરો. (૧૪)

થતા કારખાનાં રૂનાં દેખી રાજી, રડાવ્યા પૂરા એમણે વાર ઝાઝા;
હજી તેહનો ના પ ો છે વિસારો, અરે દેવ આ દુખનો આણ્ય આરો. (૧૫)

બડા અંગરેજો બહાદુર કેવા, જરા રિદ્ધિ સિદ્ધિ ન દીધી રહેવા;
નવા હન્નરો રે કરીને હજારો, અરે દૈવ આ દુખનો આણ્ય આરો. (૧૬)

અતિ આમરે આપણે આજ નાણે, પ્રદેશી જનો સામટું સુખ માણે;
ધરા નાથનો આ જુઓ ન્યાય ન્યારો, અરે દૈવ આ દુખનો આણ્ય આરો.(૧૭)

પ્રભુજી દયા આણી આ દેશ સામું, જુઓ તો હવે પૂર્ણ સંતોષ પામું;
દઈ દેશીઓને રૂડા રોજગારો, અરે દૈવ આ દુખનો આણ્ય આરો. (૧૮)

ઉદ્યમ એવો આદરો, મળી સ્વદેશી વીર;
સુખ સંપત અતિ સાંપડે, રહિ વસિએ સૌ સ્થિર."[૩૧] (૧૯)

આપણા દેશમાં અંગ્રેજોના આગમન પછી આપણા દેશની સ્થિતિ કેવી હતી. આપણા દેશના બજારો પણ શૂન્યતાને આરે જોવા મળે છે. આપણા દેશના હિત માટે વિચારનારા હિતકારો પણ રહ્યા નથી. આપણી ખેતીમાં પણ ધાન્ય બરાબર પાકતું નથી. ખેડૂત પણ ખાવા–પીવા માટે ટળવળે છે. ભણેલા લોકો વાટે ઘાટે ભટકી રહ્યા છે પેટ પૂરતું મળે તેવી રોજગારી મળતી નથી અને તેઓ રખડી રહ્યા છે. આજે દેશમાં ભૂખમરો પ્રસરી ગયો છે. દેશમાં કારખાનાઓ શરૂ થતાં લોકો રાજી થાય છે. પરંતુ તેમની જ રોજગારી છીનવાઈ રહી છે. અંગ્રેજો તો જુઓ કેવા બહાદુર છે. જુદી જુદી હુન્નર કળાનો ઉપયોગ કરીને રિદ્ધિ સિદ્ધિ બધી મેળવી લીધી છે. અત્યારે આપણા દેશમાં આપણા દેશી જનને નાણાં મળતાં નથી જ્યારે પરદેશી સુખ સામટું ભોગવે છે. તેથી પ્રભુને પ્રાર્થના કરે છે કે હવે તો આ દેશ સામું જો અને દેશની પ્રજા માટે રોજગારીની નવી નવી તકો પૂરી પાડો કે જેથી લોકો સુખમય જીવન વ્યતિત કરી શકે છે. તેથી કવિ

કહે છે આપણે ઉદ્યમ એવો આદરવો જોઈએ કે જેથી સુખ સંપત્તિ ખૂબ સાંપડે અને બધા દેશમાં સ્થિર થઈ રહીએ એવી પ્રાર્થના કરે છે.

આપણા સમાજમાં ઘણી બધી બાબતના કજોડાં જોવા મળે છે. વ્યક્તિના લગ્નમાં કજોડા, શિક્ષણમાં કજોડા, સ્વભાવમાં કજોડા વગેરે ઘણી બધી બાબતોમાં કજોડા જોવા મળે છે. તો આવા કજોડાના કારણે વ્યક્તિના જીવનમાં કેવા પરિણામો આવે છે તે વિશેની માહિતી વિસ્તારથી જોઈએ.

"જોડાં નહીં જગતમાં બહુ છે કજોડાં, તે તો હવે પ્રિયજનો કરવાં જ થોડાં;
એ ચાલને મુળ થકી ઝટ છેદિ નાખો, તો ભાઈ આ ભવ મહી સુખ સ્વાદ ચાખો. (૧)

બેટી તણું લગ્ન બાળપણે કરો છો, બાળા તણાં સુખ તમે સઘળાં હરો છો;
પામે પિડા નિસ દિને પ્રિય પુત્રી ભારી, એ ચાલ આ જગતમાં અતિદુઃખ કારી. (૨)

જૂના વિચારિ જન તો શુભ એહ જાણે, છોટી વયે લગનનો બહુ હર્ષ આણે;
મિથ્યાભિમાનિ નર એ જગમાંહિ જાણો, કેવી થશે સ્થિતિ તમે પ્રિય રે પિછાણો. (૩)

જોડું મળે દુખ ટળે સુખ થાય ભારી, અંત્યેજ કીર્તિ વધશે બહુ રે તમારી;
સંસારમાં વિવિધના સુખને નિહાળો, તો બાળનાં લગનનો ઝટ ચાલ ટાળો. (૪)

કન્યા અને વર તણાં જર લોક લે છે, પીડા પછી તન પેરે અતિષે સહે છે;
એ ધન તો ભવનમાં નવ રહે કદાપી, કહેવાય છે અખિલમાં જન તેહ પાપી. (૫)

વેચે પશૂ અવરને ગ્રહિ દામ હાથે, તેવી જ રીત વરતો પ્રિય પૂત્રી સાથે;
પંચાત પાંચ જનસું ચલવે નઠારા, ધિક્કાર એહ જનને દુખ દેખનારા. (૬)

શાસ્ત્રો તણા વચનને નહિ માન્ય કીધું, પુત્રી તણું જર તમે અતિષેજ લીધૂં;
એ પાપથી નહિ કદી નર છૂટવાનો, મૃત્યૂ થએ મનુષ્ય તે નરકે જવાનો. (૭)

લોભી બની સુકૂળનો વર તો જુવો છો, ડોસો મળ્યે હરખથી સુખ સૌ ખુઓ છો;
છોડી વયે વરતણું સુખ તો ન પામે, રાં । પછી વિવિધનાં દુખ શીર જામે. (૮)

શાણા સભાસદ તમે કરજો સુધારો, પાપી અરી બહુ નડે જનને કૂધારો;
સૌ એક સંપ કરિને મૂળથી વિદારો, એ ચાલને દુર થવા ઉર હામ ધીરો. (૯)

પાપો થતાં અવનિમાં અગણ્યાં અપાર, ધારો ધરે ન સુભ જ્ઞાત મહી લગાર;
ઔદાર્ય આણિ જનના હિતને વિચારો, તો જામશે જગતમાં જશ તો તમારો. (૧૦)

અજ્ઞાત પાશ તનથી ઝટ તોડી નાંખો, આહીત વાણિ ઋદિયે નિશ દિન રાખો;
ઈર્ષા અને કુલિન લોભ તમે વિદારો, પૂરે મનોર્ય સઘળો પ્રભુ તો તમારો. (૧૧)

પ્રિયતમ હિત ધારી, જ્ઞાતિના જન તારો;
વખત સજ થવાનો, આવિયો છે તમારો."[૩૨]

ઉપરોક્ત લેખમાં લગ્નના કજોડાંનો જે રિવાજ આપણા સમાજમાં છે, તે તરફ અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે. કે દીકરીને પરણાવતા પહેલાં તેમની સંપત્તિ કે કુળને જોવામાં આવે છે. પરંતુ વરની વયમર્યાદા જોવામાં આવતી નથી. તેથી મોટી ઉંમરના વ્યક્તિ સાથે લગ્ન કરાવવામાં આવે છે અને ત્યારબાદ જ દીકરી વિધવા બને તો તેમને કેટલા દુઃખ સહન કરવા પડે તેનો કોઈ ખ્યાલ પણ કરતું નથી. જે વ્યક્તિને લગ્ન અંગેની સાચી સમજ નથી તેવા વ્યક્તિઓ વહેલી તકે પોતાની અજ્ઞાનતા દૂર કરો અને સમાજમાં જે આ ખોટો ધારો ચાલે છે તેને દૂર રાખો, તમે પણ લોભ, લાલચ, ઈર્ષા વગેરેની વૃત્તિથી દૂર રહીને આ રિવાજને સુધારો. પ્રભુ તમારી સાથે જ છે, એવો હેતુ આ લેખનો રહ્યો છે.

**હલકાઈ વિષય**

"ક્કળાણ કરે કગ ક્રૂર કથા, નવ કોયલ વાદ વદે જ વૃથા;
કદિ સાલસ ક્રૂર નહિ ઉચરે, હલકો જન હુંપદ ખૂબ કરે. (૧)

અતિ ગંધ સુગંધિક ડોલર છે, પણ ફૂલણશી ન થશે કદિ તે;
વળિ આવળ ફૂલ્ય અગાધ ધરે, હલકો જન હુંપદ ખૂબ કરે. (૨)

ફળ ફાલ થતાં અતિ આમ્ર નમે, ધરિપ્રીત જનો અતિ આમ્ર જમે;
પણ તાડ અથાગ સ્વરૂપ ધરે, હલકો જન હુંપદ ખૂબ કરે. (૩)

અહિ મૂખ વિશે વિષ પાર નહિ, પણ હુંપદ તેહ લગાર નહિ;
વિષ વૃશ્ચિક પુંછ ભૂમી ન ધરે, હલકો જન હુંપદ ખૂબ કરે. (૪)

મુક્તાફળ ભોજન હંસ તણું, વળિ રૂપ સ્વરૂપ દિસે જ ઘણું;
ભૂખ મેડક પંક અથાગ ચરે, હલકો જન હુંપદ ખૂબ કરે. (૫)

અતિ કસ્તુરિ ગંધ સુગંધિક છે, કદિ ફૂલણશી નવ તેહ થશે;
પણ આક રવાય અથાગ ધરે, હલકો જન હુંપદ ખૂબ કરે. (૬)

વળિ પોપટ વાચ મનોહર છે, કદિ ક્રોશપણે નવ તે વદશે;
પણ ઉભુક નાદ અથાગ ધરે, હલકો જન હુંપદ ખૂબ કરે. (૭)

વનરાવન સિંહ સદા વસશે, લડવા થકિ દૂર ન તે ખસશે;
પણ શ્વાન હળાહળ નાદ ધરે, હલકો જન હુંપદ ખૂબ કરે. (૮)

ઉદધી જળનો જ્યમ પાર નહિ, પણ હુંપદ તેહ લગાર નહિ;
ન વૃષા રૂતુમાં સરિતા તટ રે, હલકો જન હુંપદ ખૂબ કરે. (૯)

મગરો જળ ખૂબ વિશે વિચરે, પણ હુંપદ તે ન લગાર કરે;
તુછ મચ્છ ઘડા જળ જોમ ધરે, હલકો જન હુંપદ ખૂબ કરે. (૧૦)

મણિ મૂલ મનૂષ્ય અમૂલ્ય ગણે, પણ તે ન રહે મગરૂર પણે;
વળિ કાચ ઉજાસ અથાગ ધરે, હલકો જન હુંપદ ખૂબ કરે. (૧૧)

કદિ કંચન ચાંચ જડીત્ર કરે, મુક્તાફળ માળ જ કંઠ ધરે;
પછિ વાયસ હંસનિ પાસ જશે, ક્યમ મૂરખ જ્ઞાનિ સમાન થશે ? (૧૨)

કદિ લીમ તણાં ફળ લૈ કરમાં, ધરિ કંચન થાળ વિષે ઘરમાં;
પછિ મિષ્ટ થવા જનકો ઈછશે, ક્યમ મૂરખ જ્ઞાનિ સમાન થશે ? (૧૩)

વળિ મેડક પંક આહાર તજી, અતિ રૂપ ધરે શુભ ગુણ સજી;
પછિ નાદ અનૂપમ આદરશે, ક્યમ મૂરખ જ્ઞાનિ સમાન થશે ? (૧૪)

કદિ શ્વાન વિચિત્ર સ્વરૂપ ધરી, વળિ ઉન્મદ થૈ મન જોમ કરી;
પછિ કેશરિ સાય વને વસશે, ક્યમ મૂરખ જ્ઞાનિ સમાન થશે ? (૧૫)

બગલા વદશે નવ પાપ કરો, અપરાધિ પરે નવ રોષ ધરો;
પછિ હંસ સમાજ વિશે વસસે, ક્યમ મૂરખ જ્ઞાનિ સમાન થશે ? (૧૬)

કદિ હિંગ તણી દુરગંધ બહુ, ચિતથી તજવા ઈછનાર સહુ;
લઈ સાથ કપૂરનિ તે ધરશે, ક્યમ મૂરખ જ્ઞાનિ સમાન થશે ? (૧૭)

ફળ આકજ આમ્ર સમાન ધરે, વળિ આમ્ર બરોબર છાંયે કરે;
રસ આમ્ર સમાન ન નીકળશે, ક્યમ મૂરખ જ્ઞાનિ સમાન થશે ? (૧૮)

કદિ આવળ ફૂલ વિચિત્ર કરો, શુભ ગંધ થવા મન જોગ ધરી;
પછિ ડોલર સાથ સભાગ વસે, ક્યમ મૂરખ જ્ઞાનિ સમાન થશે ? (૧૯)

કટુતા તજવા કડવાટ તણી, ધરિ સાકરને કડવાટ ઘણી;
પછિ મિષ્ટ થવા જનકો ઈછશે, ક્યમ મૂરખ જ્ઞાનિ સમાન થશે ? (૨૦)"[૩૩]

## ૪.૩ ‘માસિકમિત્ર’ (૧૮૭૧) :

‘માસિકમિત્ર’ એ ફેબ્રુઆરી સન ૧૮૭૧ થી તેમના પ્રથમ અંક સાથે પ્રગટ થયું હતું. તેમની સમય મર્યાદા તેમના નામ પ્રમાણે માસિક હતી. તેમના મુખપૃષ્ઠ પર એક દોહરો છાપવામાં આવતો હતો.

“રાજ કાજ વ્યવહારની, પિછાન થાય પવિત્ર,
વધે જ્ઞાન વિદ્યા તણું, મળતાં માસિક મિત્ર.”[૩૪]

ત્યાર પછી તેમની નીચે અનુક્રમણિકા છપાતી અને ત્યારબાદ પ્રકાશન સ્થળની વિગત આપવામાં આવતી હતી અને છેલ્લે તેની કિંમત છાપવામાં આવતી.

આ ચોપાનિઆમાંથી પ્રથમ અંકમાં ‘આ ચોપાનીઆ વિશે’ શીર્ષક સાથે લેખક આપવામાં આવ્યો છે. તેમાં આ ચોપાનીઆ વિશેની માહિતી છે. જે અહીં નીચે મુજબ લખવામાં આવી છે.

“રાજકાજની માહિતગારી મેળવવાની ઉમેદ રાખનારા ગૃહસ્થો, હાલના વખતમાં ઉત્તર પ્રાંતના કેળવણી ખાતામાં મે. પીલસાહેબ જેવા ડાયરેકટર અને ડાકટર બુલર સાહેબ જેવા ઈન્સ્પેકટર અને રાવસાહેબ મહિતરામ રૂપરામ જેવા ટ્રાન્સલેટર સાહેબ કે જેઓને કેળવણીનો ફેલાવો કરવાને ઘણી જ ઉલટ છે તેમના વખતમાં હું આ નવા વરસના બીજા માસ મધે દેખાય દઉં છું. મેં બીજાઓના કરતાં કેળવણી ખાતના મહેતાજી અને આસિસ્ટંટોને પેહેલે દરજે ઉપયોગી થવા જેવા ગુણો મેળવવાનો વિચાર રાખ્યો છે. ને તેથી મનમાં એટલી તો હોંશ છે કે મહારાથી વૃદ્ધ ‘બુદ્ધિપ્રકાશ’ અને ‘ગુજરાત શાળા પત્ર’ જોડે માહારી ખુરસી નંખાવું. જગત કરતા આ માહારી મુરાદ હાંસલ કરે.

અમલદારો, વકીલો, મુખ્તિયારો, સરકારી નિશાળના મેહેતાજીઓ તથા આસિસ્ટંટો રેલવે સ્ટેશન માસ્તરો, કોચીન કલાર્કો, ગુડસ કલાર્કો, લગેજ કલાર્કો અને વકીલાતનું કામ કરવાની ઉમેદ રાખનારાઓ વિગેરે જેઓ સારા અંગ્રેજી જ્ઞાનથી બેનસીબ છે. તેઓને પ્રેસિડેન્ટસીઓની હાય કોરટોમાં વિદ્વાન, બારીષ્ટરોનાં કાયદા સંબંધી ભાષણો થયા પછી તેઓના કાયદાસર રદીઆઓ આપી નામદાર જજ સાહેબો ફેંસલા આપે છે. તે અંગ્રેજીમાં હોવાથી કોઈ વિદ્વાન ગુજરાતીમાં તરજુમો કરે નહીં, ત્યાં સુધી માહીત થવાને સારા અંગ્રેજી જ્ઞાનવાળાની ભારે ઓશીઆળ વેઠવી પડે છે. એટલું જ નહીં પણ બીજી ઘણી જ મુસીબતો ભોગવતાં પણ જોઈએ તેવી રીતનો લાભ થતો નથી. વકીલ અને મુખિત્યારનું કામ કરવાની ઉમેદ રાખનારા મેહેતાજીઓ તેમના આસિસ્ટંટો અને બીજાઓ કાયદાઓ, શરક્યુલરો અને ફેંસલાઓથી બીલકુલ માહિતગાર નહીં હોવાથી તેવા કામને વખતે તેઓને એટલી તો હરકતો પડે છે, કે તેઓને સેહેજ કામને સારૂ બીજાઓની મદદ લીધા વગર ચાલતું નથી તે એટલે સુધી કે પોતે સારા જ્ઞાનવાન હોવા છતાં કચેરીઓ આગળના ત્રણ ત્રણ પૈસે અરજીઓ લખી ખાનારાની સલાહ લેવી પડે છે. આવા આવા કેટલાક કારણોથી કેટલાક કેળવણી ખાતાના વિદ્વાનોની સીપારસે મેહેતાજીઓ, આસિસ્ટંટો અને બીજાઓ રાજકાજની બાબતોથી માહીતગાર થાઅ એટલા સારૂ આ ‘માસિક મિત્ર’ નામનું ચોપાનીઉં દર મહિને બાહાર પાડવાનો ઠરાવ કીધો છે. દર મહિને ૪૦ પૃષ્ટ દાખલ કરવામાં આવશે. તેમાં મોટો ભાગ મુંબાઈ, મદ્રાસ અને કલકત્તાની હાય કોરટોમાં ચુકાદા જાણવા લાએક અગત્યના તાજા તાજા ફોજદારી અને દિવાની ફેંસલાથી રોકવામાં આવશે ને બાકીનો ભાગ મુંબાઈ તથા કલકત્તાની કૌનશીલોમાંથી પસાર થતા અગત્યના આકટો તથા ગવરમેંટ ગેઝીટમાં આવતા સરક્યુલરો, કેળવણી ખાતાની જાણવા જોગ ખબરો, વ્યાકરણ, અંકગણિત, જાણવા જોગ ખબરો અને માસિક પંચાંગ વીગેરેમાં રોકાશે.

કાયદા કેળવણી અને સાધારણ સરકારી ઠરાવ સંબંધી ઘણીક બાબતોની ગુજરાતી ભાષા દ્વારા માહિતી મેળવવાનાં સાધનોમાં ઉમેરો કરવાના ઈરાદાથી આ ચોપાનીઆને જન્મ આપ્યો છે.

સારો આશરો મળવો એ હરકોઈ વસ્તુની ખુબી ઉપર રહ્યું છે, તોપણ એની ખુબી જાણવાની વૃત્તિ થવી એ તે વસ્તુની પરીક્ષા લીધા વિના બનતું નથી, માટે અજમાશ સારૂં કોઈપણ નવી વસ્તુનું પારખું સજ્જનો કર્યા વિના રહેશે નહીં એવી ઉમેદ રાખી આ જગત રૂપી નાટક સ્થાનમાં આ ચોતાનીઊં પ્રવેશ કરે છે. ને જે વેશ લોક કલ્યાણ અર્થે તેમ દેશ સુધારા અર્થે કરવાની પેટમાં હામ ધરાવે છે તે વેશ નીરપીધને ઈશ્વર કૃપાથી પાર પડો એવી પ્રાર્થના છે.

આ ચોપાનીઊં ઘણાઓને લેવાને બને એટલા સારૂ એની કિંમત વર્ષ એકના રૂા.૩ અગાઉથી જ લેવાનો ઠરાવ કીધો છે. એ સિવાય દેશાવર વાળાને બાર આના ટપાલ ખર્ચના વધારે આપવા પડશે.

આ વખતનો અંક ઘણાક સજ્જનોના ઉપર મોકલવામાં આવ્યો છે. જેઓની રાખવાની ખુશી ન હોય તેઓએ આ માસની તા.૨૫મીની અંદર મહેરબાનીની રાહે પોષ્ટપેડ પાછું મોકલવું.”[૩૫]

❖ **‘માસિક મિત્ર’માં પ્રકાશિત થયેલ સામાજિક લેખો :**

“દ્રવ્ય કર્તા જ્ઞાન અધીક છે. પૈસો એટલું શું એનો જવાબ એટલો જ કે, એ એક હથીયાર છે જેની મદદથી જોઈતી વસ્તુ મેળવી શકાય છે. પૈસો જેમ એક સાહિત્ય છે, તેમ જ્ઞાન પણ એક સાહિત્ય છે, કે જેના વડે ધારેલી વસ્તુ મળી શકે છે, પરંતુ બેમાં ફેર છે. પૈસાથી જ્ઞાન વધારે છે તેનાં કારણ ઘણાં છે તેમાં મુખ્ય તો એક પૈસાથી ચિત્તને

નિવૃત્તિને શાંતિ રહેતી નથી, પણ ઉલટી તેને સંભાળવાની ચિંતા રહે છે. જ્ઞાનમાં એમાંનું કશું નથી એમાં કેવળ સુખ છે; શાંતિ જ છે. સદાકાળ ગુણ જ છે. જ્ઞાનને કોઈનો ભો ન હોવાથી તેને સંભાળવાની કશી પણ ચિંતા રહેતી નથી. માટે જ્ઞાનના જે જે સ્થાન છે જેમ કે નિશાળો, પુસ્તક શાળાઓ, ગ્રંથ કરતાઓ તથા વિદ્યાર્થીઓ એમને જેટલી મુદ્દત થાય છે, તેટલી જગતમાં સુખરૂપી છોડની વાવણી થયા બરાબર છે. આ વિશેષ આટલેથી બંધ રાખીએ છીએ કારણ બીજુ લખવાનું ઘણું છે."[૩૬]

ઉપરોક્ત લેખમાં જણાવ્યું છે કે જીવનમાં દ્રવ્ય (ધન) કરતાં જ્ઞાન મહત્ત્વનું છે. વ્યક્તિને જ્ઞાન જ જીવનની સુખ શાંતિનો અનુભવ કરાવી શકે છે. જેમની પાસે ધન છે. તેમને સતત સાચવવાની ચિંતા રહે છે અને તે સુખે ખાતો–પીતો પણ નથી કે શાંતિથી ઊંઘી શકતો નથી. આમ, જીવનમાં જ્ઞાનનું મહત્ત્વ અધિક છે. એ તથ્ય દર્શાવ્યું છે.

આ ચોપાનીઆમાં કોર્ટ સંબંધી મુકદ્દમાઓ લખવામાં આવે છે કે જેથી વ્યક્તિઓના જીવનમાં લગ્નસંબંધી જે સમસ્યાઓ આવે છે. તેનું જ્ઞાન તેમને પ્રાપ્ત થાય અને તેઓ સાવધ બને એ હેતુથી આ ચોપાનીઆમાં છપાયેલો 'હિંદુના લગ્ન સંબંધી મુકદમો'માં તેમણે લગ્ન સંબંધ બંધાયા પછી કેવી કેવી મુશ્કેલીઓ પડે છે અને તેનો નિવેડો મેળવવા કોર્ટમાં દાવો માંડવામાં આવે છે કે જેથી તેમને યોગ્ય ન્યાય મળી રહે. તેમજ તેમની સમસ્યામાંથી બીજાને બોધ મળે એ હેતુથી અહીં આ મુકદ્દમો રજૂ કર્યો છે.

"મારી દીકરી બાઈ ઝરમરનો વિવાહ તમારા દીકરા નગીનદાસ વેરે કરયો છે અને હું પલ્લું તથા પેહેરામણી તમારી પાસેથી આપણી નાતની રીત પરમાણે બરાબર લેવાનો વિગેરે – બાદ સદરહુ અરજીમાં એમ કહ્યું છે કે માંહે સપ્ટેમ્બર ૧૮૬૯ સુધી પ્રતિવાદીએ વાદીને પોતાની દીકરી ઝરમરનો વિવાહ કરેલો વર ગણ્યો છે. પણ આ અરસામાં પ્રતિવાદીએ પોતાની દીકરીને વાદીને ઘેર જવાની ના પાડી વિવાહ ફોક

કરયો. આ ઉપરથી વાદીએ ડીગાઝરોબા વાણિઆની નાત માહે ઓકટોબર ૧૮૬૯માં એકઠી કરી.

આ નાતના ઠરાવનો સાર એ છે કે નાતની ખાતરી થઈ કે વિવાહ બરાબર નાતની રીત પ્રમાણે થયેલો છે અને પ્રતિવાદીને તાકીદ કરવામાં આવી કે તેણે કાંઈ તકરાર કરવી નહીં. પણ પ્રતિવાદીએ વિવાહ કાયમ રાખવાની ના પાડી તેથી નાતે ઠરાવ કરયો કે, "વિવાહ કરેલાં વર કન્યાને પરણાવવાં અને જો એ કન્યા બીજા કોઈને દેવામાં આવે તો પ્રતિવાદી ઉમેદ ગાંધી સાથે જ્ઞાતી વેહેવાર રખાશે નહીં. તેમજ જે કોઈ એ કન્યાને સંઘરશે તેની સાથે પણ જ્ઞાતી વેહેવાર નહીં રેહે. આપણા જ્ઞાતી ગોર લીયારડા બ્રાહ્મણ જો ફરી એ બાઈનો વિવાહ કરવાની ક્રિયામાં પડશે તો નાત તેની વ્રતી બંધ કરશે. મુંબાઈમાં અગર બીજે કોઈ દેશ એનો જ્યાંહાં વિવાહ થશે તે પુરુષની સાથે નાતી વેહેવાર બંધ થશે. તેમજ તેનો પક્ષ પકડનારની સાથે પણ નાતી વેહેવાર બંધ થશે."

ત્યાર પછી અરજીમાં એમ કહ્યું છે કે વાદીની ઉંમર હાલમાં વરસ ૨૧ની છે. અને બાઈ ઝરમરની ઉંમર આશરે વરસ ૧૨ ની છે અને વાદી કેહે છે કે સદરહુ વિવાહ મળ્યો તે હિંદુશાસ્ત્ર પ્રમાણે કાયદેસર અને સંપૂરણ લગ્ન થયા બરાબર છે અને પોતે હીંદુશાસ્ત્ર પ્રમાણે બાઈ ઝરમરનો ઘણી છે. પછી અરજીમાં કહ્યું છે કે સરવે વાતે વાદીનો હક સદરહુ બાઈ ઝરમરને પોતાને ઘેર રાખવાનો થયો છે અને કોઈ પાકા કારણથી એમ ન થવા જેવું નથી. પણ પ્રતિવાદી તેને અમારે ઘેર મોકલતો નથી. વાદીનાં ધારવામાં એ બાઈનો વિવાહ બીજે ઠેકાણે પ્રતિવાદી કરવાનું ધારે છે તથા પ્રતિવાદીએ વાદીનો વિવાહ ફોક કરવાથી વાદીની નાતના લોકોમાં વાદીનું ઘણું નીચુ દેખાયું છે.

અરજીમાં એમ માગ્યું છે કે જો કોરટની નજરમાં એમ આવે કે સદરહુ વિવાહ મળેલો હિંદુ શાસ્ત્ર પ્રમાણે કાયદેસર લગ્ન ઠરે તો, વાદીનો સદરહુ બાઈ ઝરમરની સાથે

સદરહુ રીતે વિવાહ થયાથી વાદી, એ બાઈનો ધણી છે એમ ઠરાવી આપો અને પ્રતિવાદી બાઈ ઝરમરને પોતાને ઘેરથી વાદીને ઘેર આવતાં અટકાય ન કરે એવી તેને તાકીદ આપવી જોઈએ. અગર કોરટની નજરમાં સદરહુ વિવાહ એક તરેહનો કરાર છે કે જેથી સદરહુ બાઈ ઝરમરનું લગ્ન વાદી સાથે કરવાનું છે એમ આવતું હોય તો એવું હુકમનામુ કરી આપો કે પ્રતિવાદી સદરહુ કરાર પ્રમાણે વર્તે અને તેની સાથે જે જે જરૂરનાં કૃત્ય તેને લગતાં કરવાનાં છે તે તમામ કરે અને વાદી સિવાય બીજા કોઈની સાથે સદરહુ બાઈ ઝરમરનો વિવાહ કરેજ નહીં તથા કરવાનું કરે નહીં એવી પ્રતિવાદીને તાકીદ આપવી જોઈએ. પણ જો વાદીની સાથે બાઈ ઝરમરનું લગ્ન થવું જોઈએ એવું હુકમનામું કોરટ ન કરી આપો તો પ્રતિવાદીઓ નુકસાન તરીકે રૂ.૧૦,૦૦૦/– વાદીને આપવા એવું હુકમનામું કરી આપો અને મુકદમાનું ખરચ પ્રતિવાદીને શીર નાંખવું જોઈએ."[૩૭]

સમાજમાં જુગાર રમવોએ ખરાબ બાબત ગણાય છે. જુગાર રમવાથી લોકો પાયમાલ થઈ ખુવાર થાય છે. છોકરાંને યોગ્ય કેળવણી આપી શકાય એવી સ્થિતિ રહેતી નથી તેમજ તેમને પૂરતું ભોજન જમાડી શકાય એવી પરિસ્થિતિ રહેતી નથી અને ઘરમાં ઝગડો અને કંકાસ જન્મે છે. આમ જો આવી રમત રમવાથી સંસાર દુ:ખી થાય છે. તો તેવી રમતો ન રમવી જોઈએ. જુવો રમવું અથવા પોતાના ઘરમાં રમાડવું તે પીનલકોડની ૨૬૮ની કલમ પ્રમાણે 'ન્યુસન્સ' અથવા લોકાપકાર કૃત્ય છે કે નહીં ?

"નંબર ૩ તથા ૫ ના તોહોમતવાળાના ઘરમાં નંબર ૧, ૨, ૪ તથા બીજા લોકો અમુક દિવસે શ્રી ધોલેરામાં જુવો રમતા હતા તેથી તે લોકાપકાર કૃત્યુ થયું. આગળ એ પાંચે તોહોમતદારોને માજીસ્ટ્રેટ તરફથી નોટીસ કરવામાં આવી હતી કે તમારે આ લોકાપકાર કૃત્ય કરવું નહીં તથા જારી રાખવું નહીં. તેમ છતાં એ લોકોએ તેમ કરયું માટે તેમણે પીનલકોડની ૨૯૧ની કલમ પ્રમાણે સજા થાય તેવો ગુન્હો કીધો, એવું તોહેમત

મુકી ધંધુકાના સબોર્ડીનેટ માજીસ્ટ્રેટે તેમના પર કામ ચલાવ્યું, ને ઠરાવ્યું કે સર્વે તોહોમતવાળાઓએ ગુન્હો કીધો માટે નંબર ૩ તથા ૫ ના તોહોમતવાળા લોકોને જે વેર પડે છે તેને દરેકને માસ ત્રણની આસાન કેદીની સજા કરવામાં આવે છે તથા નં. ૧, ૨ તથા ૪ વાળા દરેક તોહોમતદારોને માસ બેની આસન કેદ કરવામાં આવે છે."[૩૮]

આમ, આ દાખલા ઉપરથી લોકો જાગ્રત થાય અને એવી બુરી આદતોથી દૂર રહે એ હેતુથી ઉપરોક્ત લેખ લખવામાં આવ્યો છે.

**'જે જાય દરબાર, તેનાં જાય ઘરબાર'**

"અરે કશો આપું ઉપદેશ, લહે ન મારા દેશી લેશ;
તોપણ આમ કરૂં ઉચ્ચાર, જઈ દરબાર ખુએ ઘરબાર .... (૧)
ભોળા મારા દેશી ભાઈ, માંડે લોક માંહિ લડાઈ;
ખાલી પોતે થાય ખવાર, થઈ દરબા ખુએ ઘરબાર .... (૨)
સંપ વિષે ન ગણે સંતોષ, દે પછિથી ઈશ્વરને દોષ;
સુખથી ચલવે નહિ સંસાર, જઈ દરબાર ખુએ ઘરબાર .... (૩)
ગણે ન સાચી કોઈ સગાઈ, સૌ જણ છઈએ દેશી ભાઈ;
કરે અહોનિશ સૌ અવિચાર, જઈ દરબાર ખુએ ઘરબાર .... (૪)
દેશી પામે જો સન્માન, અતિ બીજા માને અપમાન,
ખચીત માંડે મોટો ખાર, જઈ દરબાર ખુએ ઘરબાર .... (૫)
ભલું ન ઈચ્છે ભ્રાત જ તણું, તે ઉન્મતપણું રાખે ઘણું;
કરે ગમે તે પછિ કરતાર, જઈ દરબાર ખુએ ઘરબાર .... (૬)

જગતજનની, ઈશ્વર બાપ, એમ વિચાર કરે નહિં આપ;
તેનો આ સઘળો વિસ્તાર, જઈ દરબાર ખુએ ઘરબાર .... (૭)
માનવિજાત મહા દુખમાંય, દેખી દેશી દિલ હરખાય;
કરે ન તેની કશી દરકાર, જઈ દરબાર ખુએ ઘરબાર .... (૮)
અરસ્પર આપ વધારે વેર, દંડ ભરે રાજાને ઘેર;
સારૂ જર પામે સરકાર, જઈ દરબાર ખુએ ઘરબાર .... (૯)
વકીલને વાવા પ્રતિ રોજ, ખાય પિયેને માણે મોજ;
જો જગમાં જાગે તકરાર, જઈ દરબાર ખુએ ઘરબાર .... (૧૦)
જાણે નહિં જે છું હું જન, પશુ, પક્ષિએ વેઠ્યું વંન;
જો તકરાર કરૂં પળવાર, જઈ દરબાર ખુએ ઘરબાર .... (૧૧)
તો તે માંને મારા માંય, કશો તફાવત ક્યમ કહેવાય;
મોહન એમ કરે ન વિચાર, જઈ દરબાર ખુએ ઘરબાર .... (૧૨)"[૩૯]

કહેવાયું છે કે પોલીસ સ્ટેશન, દવાખાનામાં અને વકીલના ઘરે જે પગ મૂકે છે. તેની પ્રગતિ થતી નથી પરંતુ તેનું ઘરબાર ખુવાર થાય છે. વ્યક્તિઓ એક–બીજા સાથે લડાઈ કરે છે અને ન્યાય મેળવવા માટે પોલીસ સ્ટેશન કે વકીલો પાસે જાય છે. પરંતુ પોલીસ સ્ટેશનના ચક્કર, તારીખો અને વકીલોની ઊંચી ફીમાં વ્યક્તિએ ખોટા અહંમને કારણે પોતાના ઘરબાર અને સુખ–શાંતિ ખોવાના વખત આવે છે. તે બાબત ઉપરોક્ત કાવ્ય દ્વારા સુંદર રીતે સમજાવવામાં આવી છે. તેથી વ્યક્તિઓ એના પરથી બોધ મેળવે અને પોતાના સગા–સંબંધી, ભાઈ–ભાડું સાથે સંપીને રહે એમાં જ એમનું સુખ છે.

## ૪.૪ 'ખેડા ખેતીવાડી પત્ર' (૧૮૭૯) :

ઈ.સ. ૧૮૭૯માં 'ખેડા ખેતીવાડી પત્ર' નામનું ચોપાનીયું અમદાવાદથી પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. આપણો દેશ ખેતીપ્રધાન દેશ છે અને લોકો મોટેભાગે ખેતી કરીને પોતાનું ગુજરાત ચલાવે છે. તો તેઓ ખેતીમાંથી વધારેમાં વધારે કયા કયા પાકો વાવીને વધુમાં વધુ ઉત્પાદન મેળવી શકે તે વિશેની માહિતી દરેક લોકો સુધી પહોંચે અને તેથી ખેતીના કામમાં સુધારો થાય, લોકો નવા નવા પાકો વિશે માહિતી મેળવે અને તેવા પાકો દ્વારા પુષ્કળ ઉત્પાદન મેળવી શકે તે હેતુથી આ ખેતીવાડીને લગતું ચોપાનીયું બહાર પાડવામાં આવ્યું હતું.

'ગળીના છોડ વિશે' માહિતી આપતો લેખ છપાયો છે. તેના ઉત્પાદનમાં કેવી રીતે વધારો કરી શકાય, તેના વેચાણથી કેટલો ફાયદો થશે વગેરે બાબતો ખેડૂતો જાણી શકે તે હેતુથી આ ચોપાનીયામાં આવા વિવિધ પાકોની જાણકારી આપવામાં આવી છે. તે આપણે જોઈશું.

“જે વેપારને લગતી ગળી છે, તે આ ગળીના છોડની પેદાશ છે અને એ છોડવા ઘણું કરીને આ મુલકમાં ઉછેરવામાં આવે છે. ગળીના છોડ તરેહવાર પ્રકારના મળી આવે છે તેમજ જંગલી ગળીના છોડ પણ જુદી જુદી તરેહના થાય છે. બીજી જે જાતો છે તે કાંઈ ખેતીવાડીના કામ સાથે ઘણો સંબંધ ધરાવતી નથી, ફક્ત એટલું જ કે તેનો ખાતર તરીકે ઉપયોગ કરવામાં આવે છે. આ દેશના ઘણાએક ભાગોમાં આ જંગલી ગળીના છોડો ક્યારડામાં ખાતર તરીકે નાખવામાં આવે છે. બીજી ઘણી જાતના છોડોમાંથી એક જાતનો રંગ પેદા થાય છે. જે ગળીને ઘણો મળતો આવે છે. તો પણ એવા છોડવાઓ કોઈ પણ રીતે ગળીના છોડ સાથે સંબંધ ધરાવતા નથી. ગળીના છોડો ઉપર નાની શિંગ

અથવા ફળીઓ થાય છે. ઘણા વરસો સુધી ફક્ત હિંદુસ્તાનમાં જ ગળીના છોડ વાવવામાં આવતા હતા. થોડા વખત પછી અમેરિકન લોકો આ છોડ હિંદુસ્તાનમાંથી લેઈ ગયા, અને શ્વગ્રેજી બજારોમાં ઊંચી જાતની ગળીનો રંગ બનાવીને નફો ખાવા લાગ્યા. આ પ્રમાણે અમેરીકન લોકોએ કળા અને હુન્નરથી ઘણી સારી ગળી પેદા કરી અને તેથી કરીને વિલાયતના બજારોમાં અહીંની ગળીનો ભાવ બેશી ગયો. ત્યાર પછી ત્રીસ અથવા ચાળીસ વરસ વિત્યા બાદ હિંદુસ્તાનમાં નાઈ ગરેજોએ આ બાબત ઉપર ધ્યાન પહોંચા ું અને મોટી ઈમારતો ગળી બનાવવાને માટે હિંદુસ્તાનમાં ઊભી કરી; ત્યાર પછી ઘણા માણસોની મંડળી થઈ અને ચોક્કસ અને માહીતગાર માણસોને એવા સંચાઓની ઉપર ઉપરી ઠરાવવામાં આવ્યા. આથી કરીને હિંદુસ્તાનમાંની ગળી પાછી વખણાવા માંડી."[૪૦]

ખેતીવાડીના નિષ્ણાંતો ખેડૂતોની વ્યવહારોપયોગી સૂચનાઓ આપીને આપણા દેશના ખેડૂતો વધારે ને વધારે જાગૃત બને અને વિવિધ પાકોનું યોગ્ય વાવેતર કરી ઊંચા દામ મેળવે એવી ભાવનાથી આ ચોપાનીયામાં વિવિધ જાતના પાકો, શાકભાજીની માહિતી આપતા રહે છે અને ખેડૂતોએ કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ એ વિશે સમયાંતરે વિવિધ સૂચનાઓ આપતા રહે છે. તેમાંની કેટલીક સુચનાઓ ખેડૂતોને ઉપયોગી બની રહે તેવી નીચે મુજબ આપવામાં આવી છે.

**'મેજરનટ સાહેબની ખેડૂતોને વ્યવહારોપયોગી સુચના'**

(૧) વધારે ઊંડી ખેડ કરો.

(૨) હાડકાંના ખાતરનો ઉપયોગ કરો.

(૩) ખાતર પસંદ કરતાં પહેલાં તમારી જમીનની જાત ઉપર લક્ષ આપો.

(૪) તમારા પડોશી પાસેથી બી આવું લેઈને વાવો.

(૫) તમારો કુવો સમરાવીને તૈયાર રાખો.

(૬) ઘોડા અને બળદને ખશી કરવાની રીતને ઉત્તેજન આપો.

(૭) જે જનાવરના ગુણ મંજૂર રાખવામાં આવ્યા હોય તેની જ ફક્ત પ્રજા ઉછેરો.

(૮) તમારાં નાહાનાં ઢોરને ઉદારતાથી ખોરાક આપો.[૪૧]

આપણો દેશ એ ખેતીપ્રધાન દેશ છે. આપણા દેશમાં મોટાભાગે ખેતી ગામડાના કૂવા દ્વારા કરવામાં આવે છે. કૂવામાં જે પાણી હોય તે દ્વારા તેવા પ્રકારના પાક લેવામાં આવે છે કે જેથી કૂવામાં રહેલું પાણી તેને યોગ્ય સમયે પ્રાપ્ત થાય અને યોગ્ય માપમાં મળી રહે તેમજ પાણી જે જગ્યાએથી પ્રાપ્ત થાય છે તે તમારા માટે કેટલું ઉપયોગી છે તે વિશેની માહિતી આપણને આ લેખ પરથી મળશે.

"આ જીલ્લાના ગામડાના લોકોની શરીરની સુખાકારીનો વિષય ખેતીવાડીના સુધારા સાથે એટલો સંબંધ રાખે છે કે તે વિશે આ ચોપાનીયામાં વિચાર કરવો અયોગ્ય જણાશે નહીં. સારી ખેતીને માટે મજબુત અને તનદુરસ્ત વસ્તીની જરૂર છે, અને તેમ સઘળા કબુલ કરશે કે તનદુરસ્તીનો ઘણો ભાગ તમારા પીવાના પાણી ઉપર આધાર રાખે છે. તમારે વાપરવાનું પાણી જે જગાએથી મળે છે તે વિશે એટલે તમારા ગામડાના કુવા વિશે આ પત્રમાં તમારી સામે હું બોલવા ધારૂં છું.

સારા પાણીની કેવી બુજ જાણવી એ તમે સઘળાં જાણો છો. અંગ્રેજી ખેડુતો જે પાણી કરતાં દારૂ અને ચા ઉપર વધારે આધાર રાખે છે, તેમના કરતાં તમને તે વધારે અગત્યનું છે. તમે જાણો છો કે તમારી પોતાની અને તમારા કુટુંબની તનદુરસ્તીનો આધાર ઘણો ખરો તમારા પીવાના પાણી ઉપર છે. તો પણ સ્વચ્છ પાણી મેળવવાને માટે

અથવા તે મળે ત્યારે તેને સ્વચ્છ રાખવાને માટે તમે કેટલી થોડી કાળજી રાખો છો ? જ્યારે તમે અને તમારાં છોકરાં બીમાર થાઓ છો ત્યારે તમે કહો છો કે અમારા ભોગ મળ્યા અને અમારૂં કમનશીબ છે અને તમે કહો છો કે એ તો નશીબ અથવા ઈશ્વર ઈચ્છા છે, પણ તમે ભૂલી જાઓ છો કે ઘણી ખરી માંદગી તમે ખરાબ પાણી પીઓ છો તેથી આવે છે.

હવે 'ઈશ્વર ઈચ્છા' એવી નથી કે તમારે ખરાબ પાણી પીવું. ઘણું કરીને આ જીલ્લામાં સર્વ ઠેકાણાંનું પાણી જથ્થામાં અને ગુણમાં સારૂં છે, અને તે ફક્ત તમારી પોતાની ગફલતથી જ અને હંમેશની ખરાબ ટેવોથી ખરાબ અને અમાફક થાય છે."[૪૨]

આપણો સમાજ પશુપાલક પણ છે. પશુઓના છાણનો ઉપયોગ ખાતર અને બળતણ તરીકે સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. આ પશુઓનું ગોબર માનવના જીવન જરૂરિયાતમાં ઉપયોગી બનીને એ સમાજને વધુ સમૃદ્ધ બનાવવામાં ઉપયોગી નીવડે છે. આવા છાણનો મહત્તમ ઉપયોગથી ખેતીનાં વિકાસમાં ક્રાંતિ સર્જી શકાય છે.

"આ છાણરૂપી કીંમતી પેદાશનો ઘણો ખરો ભાગ હાલમાં ઘરના કામમાં વાપરવામાં આવે છે. હવે આપણે જોઈએ કે આ તેનો સર્વોત્કૃષ્ટ ઉપયોગ કહેવાય કે કેમ ?

પ્રથમ યાદ રાખવું જોઈએ કે આ પેદાશની આ કામને માટે જરૂર વધતી જાય છે. વસ્તીમાં વધારો થાય છે ત્યારે વધારે માણસનો ખોરાક પુરો પાડવાની જરૂર પડે છે, ને તેને માટે ખોરાક રાંધવાને બળતણની જરૂર પડે છે, તેમજ વધારે ઘરને લીંપવાની પણ જરૂર પડે છે. બીજું ધ્યાનમાં રાખવું જોઈએ કે આ પેદાશ દીનપરદીન ઘટતી જાય છે. ચરાની જમીન દીનપરદીન ખેડાણના કામમાં લાવવામાં આવે છે અને આગળ જે અનાજ

તથા મીઠું અને બીજો માલ ઢોરનાં ટોળાં ઊંચકી જતાં હતાં, તે હાલ રેલવે લેઈ જાય છે અને તેથી કરીને શીંગડાવાળાં જનાવરની સંખ્યામાં વરસો વરસ ઘટાડો થાય છે."[૪૩]

"(૧) વસ્તીને માટે વધારે ખોરાકની જરૂર છે. અથવા બીજી રીતે કહીએ તો જમીનને માટે વધારે ખાતરની જરૂર છે.

(૨) વહેવાર ઉપયોગી કામમાં ફક્ત છાણ જ ખાતર તરીકે મળી આવે એવું છે.

(૩) છાણની પેદાશ તેના ખપના પ્રમાણમાં વધવાને બદલે ઘટતી જાય છે.

(૪) છાણ સઉથી સસ્તું બળતણ છે ?

(૫) આ કીંમતી પેદાશનો કંઈ પણ ભાગ હાલ કેમ નિરૂપયોગી થઈ જાય છે.

(૬) એક બળદનું મુતર તથા છાણ એક વરસ સુધી સંભાળથી એકઠું કરવામાં આવે તો તેનું પંદરથી વીશ ગાડાં સુધી ખાતર થશે.

(૭) અને જો આ ખાતર બાજરી વાવવાની એક એકર જમીન ઉપર નાંખવામાં આવે તો તેમાં પચાશ મણ બાજરી થવાની આશા રાખી શકાય છે."[૪૪]

આમ, ઉપરોક્ત મુદ્દાઓ ધ્યાનમાં લેતાં છાણનું મહત્ત્વ શું છે ? તે શેમાંથી બને છે અને તેના ઉપયોગથી બેવડો પાક મેળવી શકાય છે. એ વિશે ખેડૂત ભાઈઓ માહિતગાર બને છે.

## ૪.૬ ‘વસંત’ (૧૯૦૨) :

સાહિત્યિક–સાંસ્કૃતિક ઉપલબ્ધિઓનું સર્વાંગી નિદર્શન. ગોવર્ધનરામે નવલકથા ‘સરસ્વતીચંદ્ર’માં અને મણિલાલે ‘સિદ્ધાંતસાર’, ‘પૂર્વ અને પશ્ચિમ’ જેવાં પુસ્તકો અને ‘પ્રિયંવદા’, ‘સુદર્શન’ સામયિકોમાં દર્શનની પીઠિકા રચી આપી. ગોવર્ધનરામે પ્રાચીન હિંદ, અર્વાચીન હિંદ અને અર્વાચીન યુરોપની વિચાર આચારણાના સંઘર્ષોને નિરૂપવાની મથામણ કરી હતી. આર્ય સંસ્કૃતિની સામે, ફૂંકાયેલા પાશ્ચાત્ય સંસ્કૃતિનાં ચિન્હો સામે મણિલાલે ઉપનિષદ, વેદાંત અને અદ્વૈતવાદનાં વલણોનો ઝંડો ફરકાવ્યો હતો. રમણભાઈએ, ‘જ્ઞાનસુધા’ અને અન્યત્ર પ્રદર્શિત કરેલા વિચારોમાં મણિલાલના વલણ સામે પ્રતિપક્ષ સ્વરૂપે પણ ધાર્મિક વિચારણાનાં અવલોકનો રજૂ કર્યા. આ મનોમંથનકાળમાં મણિલાલે એટલે સુધી કહ્યું કે : “વિચાર ઉત્તમ છે, આચાર ક્ષુલ્લક છે.”[૪૫]

આમ બીજે છેડે જઈને એમણે વિચારનો મહિમા ગાયો. આ પરિસ્થિતિમાં આનંદશંકરને લગભગ ૧૯મી સદીના સમાપ્તિકાલે યુગ–પરિવર્તનનાં ચિન્હો જણાયાં અને ‘વગર પ્રણાલી’એ ‘વસંત’ પત્ર દ્વારા આપણા ધર્મ અને તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ ગુજરાતને સમજાવવા માં ું. તેઓને એક ગુરુ કે એક પ્રાંતનું તો શું ? પણ એક દેશનું સાહિત્ય પણ ઉગતા જમાનાને સંતોષવા માટે પર્યાપ્ત જણાયું નહી. એટલે જગત સાહિત્યમાં પરમાત્માની શોધ એમણે આરંભી. આ શોધરસ્તે જવાનું પ્રથમ પગથિયું ઈ.સ. ૧૯૦૨માં શરૂ કરેલું ‘વસંત’ સામયિક હતું. સતત દસ વર્ષ સુધી (ઈ.સ. ૧૯૧૨) ‘વસંત’ના તંત્રીપદે તેઓ રહ્યા. પછીનાં ૧૨ વર્ષ રમણભાઈ નીલકંઠે ‘વસંત’ને સંભાળ્યું. એ પછી ઈ.સ. ૧૯૨૪ થી ૧૯૩૯ સુધી એટલે કે ‘વસંત’ બંધ પ ું ત્યાં સુધી એના તંત્રીપદે આનંદશંકર ધ્રુવ રહ્યા. સમયનું યોગ્ય પ્રતિબિંબ ઝિલે અને તેના

જીવનવિકાસમાં કાંઈક પણ સહાયરૂપ થાય એવા માસિકની આકાંક્ષા આનંદશંકરને 'વસંત'નો આરંભ કરવા સુધી દોરી જાય છે. માસિકના ઉદ્દેશને વ્યક્ત કરતાં એમણે લખ્યું હતું કે, "શ્રુતિ કહે છે કે, 'સત્ય' એ સર્વ ભૂતોનું મધુ (પુષ્પરસ) છે અને સર્વભૂતો સત્યનું મધુ છે. એ મધુને પોષવું, પ્રકટાવવું, રેલાવવું એ 'વસંત'ની પરમ ઉદ્દેશભાવના છે. એ ભાવનાનો લક્ષાંશ એ 'મધુ'નું એક પુષ્પમાં એક બિંદુ પણ સંતોષકારક રીતે ઉપજાવી શકાય તો 'વસંત'નો જન્મ સાર્થક છે."[૪૬]

સત્યસ્વરૂપ વિચાર અને સત્યસ્વરૂપ સંસ્થાઓનું અવલોકન કરવું તથા ધર્મને એમના મધ્યબિંદુએ રાખવો એ 'વસંત'નો મુખ્ય આશય જણાવાયો હતો.

'વસંતે' ગુજરાતી સાહિત્યના ક્ષેત્રમાં નવસંચાર ઉપજાવ્યો હતો. સાહિત્યના નવજીવન, નવીન ઉદાર ભાવનાના પ્રાણરૂપ તાજગીસભર વાતાવરણ ઊભું કરવામાં એમણે તમામ બાજુએથી પ્રયત્નો કરવા માં ।. એ સમયનો પદવીધારી વર્ગ ગુજરાતી ભાષામાં લખવા ભાગ્યે જ તૈયાર થતો હતો. તેઓમાંથી ભૂલાભાઈ દેસાઈ, છોટાલાલ વકીલ, શિવાભાઈ મોતીભાઈ, બાલકિશનદાસ દલાલ જેવા વિદ્વાનોને આનંદશંકરે 'વસંત'માં લખતા કર્યા હતા. દેશી મિલના માલ જેવી જરા ઝાંખી કુમાશને ઘટ્ટતા દાખવતા 'વસંત'માં સ્થાન પામેલા કેટલાક વિષય તરફ નજર માંડીએ તો અધ્યાત્મ, તત્ત્વજ્ઞાન, વ્યાકરણ, રાજકારણ, સમાજજીવન અને આર્થિક પ્રશ્નોની વિચારણા, નાટક, કવિતા, વાર્તા, નિબંધ, ગ્રંથાવલોકન, ચિંતનાત્મક–સંશોધનાત્મક અને વિશ્લેષણાત્મક નિંબધો, વિજ્ઞાન અને વૈજ્ઞાનિક દૃષ્ટિના નિબંધો, માનસશાસ્ત્ર, શરીરશાસ્ત્ર વિષયક લેખો, ઉદ્યોગ અને આરોગ્યશાસ્ત્ર, વિશ્વરાજકાણ, કૃષિવિજ્ઞાન અને રેલવેતંત્રના લેખો પણ 'વસંત'નું ધ્યાનાર્હ પાસું છે. આ ઉપરાંત શબ્દચર્ચા, ખગોળવિદ્યા તથા સંગીત વિષયક લેખો 'વસંત'માં પ્રકાશિત થતા હતા. તેના છેલ્લા

પૂંઠા પર પશ્ચિમના કે પૂર્વના સમર્થ વિદ્વાનોનાં અવતરણો મૂકાતાં. આ યાદી પરથી જોઈ શકાય છે કે માત્ર 'સાહિત્ય'ના પ્રશ્નોને જ ચર્ચતું માસિક નહોતું પરંતુ એમની દૃષ્ટિ માનવવિદ્યાની અનેક શાખાઓ પર ફરી વળેલી હતી.

'વસંત' દ્વારા આનંદશંકરના સાહિત્ય, કેળવણી, રાજ્ય, સમાજ અને સંસ્કૃતિને લગતા અનેક નિબંધો મળે છે. ગુજરાતી ભાષામાં ધર્મ અને સાહિત્ય તત્ત્વોનો તાજગીભરી દૃષ્ટિએ સમ્યક પરામર્શ કરીને ચિંતનાત્મક સાહિત્યમાં આનંદશંકરે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. આનંદશંકર દ્વારા 'વસંત'માં લખાયેલી પ્રાસંગિક નોંધોનું પણ એટલું જ મહત્ત્વ છે. 'હૃદયના હક્ક' શીર્ષક અંતર્ગત લખેલી આવી પ્રાસંગિક નોંધ, અંજલિ લેખો 'વસંત'નું સમૃદ્ધ અંગ છે. 'જ્ઞાનસુધા'માં પ્રકટ થયેલી 'ભદ્રંભદ્ર'માં રમણભાઈએ નિરૂપેલ ભાષણ, વ્યસન જેવા અનેક દોષોનું જે સુધારકોમાં આરોપણ કર્યું હતું એને કારણે 'વસંતે', 'ભદ્રંભદ્ર'ને સુધારાનો પક્ષ સબળ કરવાને બદલે એના માર્ગમાં બાધારૂપ ગણાવી હતી. ચાર દાયકા સુધી ચલાવેલ સાહિત્ય, શિક્ષણ અને સામાજિક વિચારણાના પરિપાકરૂપ 'વસંત'ના પ્રકાશિત લેખો 'કાવ્યતત્ત્વ વિચાર', 'સાહિત્ય વિચાર', 'દિગ્દર્શન' અને વિચાર માધુરી : ૧/૨માં સંગ્રહિત થયા છે. જેમાં આનંદશંકરની સમન્વયશીલ દૃષ્ટિ અને ઉદાર મતવાદી વિચારણાનો પરિચય પ્રાપ્ત થાય છે. ગાંધીજીએ પણ નોંધ્યું છે : "એમના લેખો આફ્રિકામાં તેમના જેવાઓનો ખોરાક હતા."[૪૭]

આનંદશંકરના માસિક 'વસંત'ને માર્ગદર્શક શિક્ષણ તરીકે વંદનાર અહીં તો સારો વ્યાપક વર્ગ 'વસંત'માં ઉત્તમલાલ, કૃષ્ણલાલ ઝવેરી, બળવંતરાય ક. ઠાકોર, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, રમણભાઈ નીલકંઠ, ન્હાનાલાલ, કાન્ત, નારાયણ હેમચંદ્ર, કેશવચંદ્ર સેન, સાકરલાલ દેસાઈ, નરસિંહરાવ જેવા અનેક વિદ્વાનો અને ચંદ્રવદન

મહેતા, સ્નેહરશ્મિ જેવા નવકવિઓના વિકાસના પ્રથમ તબક્કે લખાણો પ્રકાશિત થયાં હતાં.

સમકાલીન સાહિત્યની સમીક્ષા કરવાનું વલણ 'વસંતે' ઉત્સાહભેર શરૂ રાખ્યું હતું. પરંતુ 'વસંત'માં થતાં ટૂંકા અને અધૂરપભર્યા અવલોકન બાબતે ઠાકોરે ફરિયાદના સ્વરે લખ્યું હતું. "'વસંત'ને અનેક મિત્રો અને હિતેચ્છુઓએ અનેકવાર સૂચવેલું કે વધારે અવલોકનો આપો. માસિકને બહારનાં અવલોકનો એ અવલોકન ક્રિયાનો વિશિષ્ટ પ્રકાર છે. એ વાત 'વસંત'ના તંત્રીના વિશાળ ફિલસૂફમગજમાં સ્પષ્ટ આલેખાઈ નહીં કોણ જાણે શા કારણથી ?"[૪૮]

'વસંત' જેવા સામયિક માટે આનંદશંકરે ક્યારેય નહીં પણ વાતાવરણ સર્જવામાં, જીવનને વગર પ્રણાલીએ વહેવા દેવામાં પોતાની સત્વશીલ વાણીમાં વિચારક, સર્જક તરીકેની પ્રતિભાને એમણે ખપમાં લીધી. વિવિધ જવાબદારીઓ વહન કરતા આનંદશંકરને માટે નિયમિત સામયિક ચલાવવું એ મોટો પડકાર હતો. જે અશક્ય લાગતા સંજોગોમાં પણ તેમણે નિભાવ્યું હતું. સાહિત્ય જીવનની સાથે સાંસ્કારિક જીવનમાં ઉલ્લાસ પ્રકટાવવા મથતા આનંદશંકરે એટલે જ કદાચ 'વસંત'ના રજત મહોત્સવ સમારંભમાં જેમ નવા યુગની જરૂરિયાત માટે 'વસંત' પ્રકટ થયું હતું. તેમ એ પછી બદલાતા જતા જમાનાને અનુરૂપ થવા કોઈ નવા જ સામયિકની જરૂરિયાત જોઈ હતી. અન્ય સામયિકોની સાથે 'વસંતે' પણ યુગભાવનાને મૂર્ત કરી આપી અને એમની સિદ્ધિઓના પાયા પર ગુજરાતી સાહિત્યને સામયિકોએ પોતાની દિશાઓ વિકસાવવાનો પ્રારંભ કર્યો.

## ૪.૭ ‘સુંદરી સુબોધ’ (૧૯૦૪) :

‘સુંદરી સુબોધ’ ઈ.સ. ૧૯૦૪ થી અમદાવાદથી પ્રગટ થયું હતું. તે માત્ર સ્ત્રીઓનું સામાયિક હતું. તેમાં સ્ત્રીઓને લગતી સમસ્યાઓ અને તેમને આપવા લાયક શીખામણ તેમને આ સામાયિક દ્વારા આપવામાં આવી છે.

પ્રથમ પૃષ્ઠ ઉપર શીર્ષક અને તેની નીચે એક શ્લોક આપવામાં આવ્યો છે. જે સ્ત્રીઓની સન્માનિતતાને દર્શાવે છે :

“यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ।” – મનુ

અર્થ : પ્રસન્ન દેવતા રહે, જ્યાં પામે સન્માન સુંદરી.

એના પછી નીચે અનુક્રમણિકા આપવામાં આવી છે અને તે કોના દ્વારા પ્રગટ થાય છે. તેમનું નામ વગેરેનો ઉલ્લેખ પ્રથમ પેઈજ પર કરવામાં આવ્યો છે.

### ❖ ‘સુંદરી સુબોધ’માં પ્રકાશિત થયેલ સામાજિક લેખો :

આપણા સમાજમાં મોટે ભાગે સ્ત્રીઓને ઘરકામ અને બાળ ઉછેરની જવાબદારી જ આપવામાં આવતી હતી. તેમને પૂરતું શિક્ષણ આપવામાં આવતું ન હતું અને એને કારણે તે બાળકોના સંસ્કાર ઘડતરમાં ઊણી ઉતરતી હતી. પરંતુ ધીરે ધીરે સમાજમાં જાગૃત્તિ વધતા સ્ત્રીઓ જો અશિક્ષિત હોય તો તેની માઠી અસર કેવી ભયંકર છે. તે સમાજ જાણે તે હેતુથી ગૃહધર્મમાં ‘અભણ માતાથી છોકરાં ઉપર થતી અસર’ લેખમાં તેની કેવી અસર છે. તે બતાવી સમાજમાં સ્ત્રીઓને વધુ શિક્ષિત કરવાનો અંગુલિનિર્દેશ કર્યો છે, તે આપણે જોઈશું.

આપણા દેશમાં જ્યારે છોકરાંના સંબંધ કરે છે, ત્યારે અભણ માતાઓ પુત્ર પુત્રીના સગપણ કરે છે તે વખતે વહુ કેવી છે, તેની યોગ્યતાનો વિચાર કરી શકતી નથી. તેમજ પોતાના ધણી તથા બીજા વડીલોને જણાવી શકતી નથી. તેનું પરિણામ ઘણી વખત એવું થાય છે કે, દીકરાને વહુનું ને દીકરીને જમાઈનું કજોડું થાય છે.

"જોડાં નહિ જગતમાં બહુ છે કજોડાં,
તે તો હવે પ્રિયજનો કરવાં જ થોડાં,
એ ચાલ હાલ જન જો ઝટ છેદી નાંખો,
તો, ભાઈ, આ ભવ વિષે સુખ સ્વાદ ચાખો."

દુનિયામાં જોડાં નથી, કજોડાં ઘણાં છે. તેથી હે બેનો, હવે કજોડાં કરવાં નહિ. એ રિવાજ હવે કાઢી નાંખો, તો હે ભાઈ આ જીંદગીમાં તમે સુખ પામો અને એવાં કજોડાં થવાથી આખો જન્મારો દુખમાં જાય છે. પણ જો માતાઓ કેળવણી પામેલી હોય તો આપણા દેશના રિવાજો તથા બીજા સુધરેલા દેશોની પ્રજાની કેવી કેવી લાયકીઓ આ બાબતોમાં જુએ છે તેની તજવીજ કરી, પોતે પણ તેમ કરી શકે. પણ માતાઓ અજ્ઞાન હોવાથી સુધરેલા દેશોમાં કેવા કેવા રિવાજો છે તેની તેને ખબર હોતી નથી. આપણા દેશમાં પ્રાચીન કાળમાં માતાઓ સુધરેલી હતી, તેઓ પોતાની દીકરી દીકરાઓનો સંબંધ જોઈ વિચારીને જ કરતી. તેથી તેઓનાં યોગ્ય જોડાં નીવડતાં. જેવા કે સીતા, દ્રૌપદી વગેરે સતીઓના સ્વયંવર થયા હતા. તેથી તેમનાં કેવાં લાયક જોડાં થયાં હતા ? તેવી જ રીતે થાય તો કદી પણ કજોડાં થાય નહિ. મૂર્ખ માતા પીતાનો દીકરો સારી કેળવણી પામેલો હોય તો તેનું સગપણ મૂર્ખ છોડી સાથે કરીને લાકડાં સાથે માંકડું વળગાડી દે છે. તેથી તે રૂપ, ગુણ, ઉમ્મર વગેરેનું કજોડું થાય છે. વળી છોડી સારી હોય તો અભણ મા જમાઈ સારો ગોતતી નથી. તેથી પણ કજોડું થાય છે અને અંતે પછી તેઓને બનતું નથી

અને આખી જીંદગી દુખમાં જાય છે. પણ જો કેળવણી પામેલી માતા હોય તો, તે જાણે કે દીકરો કેળવણી પામેલો છે, ત્યારે તેની સ્ત્રી પણ તેવી જ ગોતવી જોઈએ અને દીકરી કેળવણી પામેલી હોય તો, તેનો વર પણ તેવો જ ગોતવો જોઈએ. તેથી એ બંનેનું યોગ્ય જોડું થાય અને જો એવાં જોડાં થાય તો, દેશની હાલત સુધરે અને પછી દેશ ચડતી પદવીને પ્રાપ્ત થાય."[૪૯]

બીજો પ્રશ્ન છે : "પોતાના છોકરાંના બાળ લગ્ન કરાવે છે તથા કન્યાના પૈસા લેતાં પોતાના ધણીને અટકાવતી નથી."

લગ્નના માઠાં રિવાજથી કેવાં માઠાં ફળ નીપજે છે. તે આપણે ઘણીવાર જોઈએ છીએ તો પણ સ્વાર્થી અને અજ્ઞાની માતાઓ તે રિવાજ તજતી નથી. કોઈ વળી સારૂં કુળ જોઈને ઝટ કુળના કુવામાં નાંખે છે. મૂર્ખ સ્ત્રી પોતાના ધણીને કહે છે મારા છોકરાને ઝટ પરણાવો. આ કુળ તો બહુ સારૂ છે, પછી આવું નહિ મળે; પણ કુળ કેનું નામ તે અભણ સ્ત્રી જાણતી નથી.

"સદ્‌વિદ્યા સદ્‌ગુણ સદન, સદાચાર સુવિચાર
ઉત્તમ કુળ તો એજ કે ઘેર સુખી નરનાર.
કુસંપને કંજુસપણું માનિનીને નહિ માન,
એજ અધમથી અધમ કુળ, નિર્ધન નિર્વિદ્વાન."[૫૦]

એનો અર્થ એવો થાય છે કે સારી વિદ્યા, સારા ગુણ, સારા આચાર, સારા વિચાર, એટલા ગુણ હોય તે જ ઉત્તમ ગુણ છે, કુળ છે. જે ઘરમાં સંપ નથી, કંજુસપણું છે અને સ્ત્રીને માન નથી, તે નીચમાં નીચ કુળ ગણાય. ધન વગરનું, ને વિદ્યા વિનાનું તેજ કુળ સારૂં નથી. જો સ્ત્રી કેળવણી પામેલી હોય તો, ઉપર કહ્યા તેટલા ગુણ હોય તે

સારૂં કુળ, નહિતર તે નઠારૂં કુળ એમ સમજે છે. પરંતુ જો સ્ત્રીઓ અભણ હોય તો પોતાના છોકરાંને કુળના કુવામાં નાંખે છે. છોકરાં બિચારાં કાંઈ જાણતાં ન હોય ત્યાં તો તેમને પરણાવી દે છે, પરણવું તે શું અને પરણવું તે શા માટે, પરણવું તે ક્યાં અને કોની સાથે તથા પરણવાનું સાર્થક શું છે ? તે સઘળાંથી પોતાનાં બાળક અજાણ્યાં હોય છે. તે પહેલાં મૂર્ખ માતાઓ તેને પરણાવવાને તૈયાર થાય છે.

નાની છોકરીઓને બુઢા વર સાથે, મોટી છોકરીઓને નાના વર સાથે, પરણાવીને પોતાનાં છોકરાંનો ભવ બગાડે છે. એથી કેવાં નુકસાનો થાય છે ? પરંતુ તેઓને લાજ લાગતી નથી. વળી કેટલીઓ તો પોતાને દીકરી હોય છે તેને મોટા વર જોડેજ પરણાવે છે અને ખૂબ પૈસા મેળવે છે તથા દીકરીને ગમે એવું દુખ હોય છે પરંતુ તેને પૈસાની લાલચે વેચે છે. એ કેવું નઠારૂં ? એક ખાસ પૈસા સારૂં પોતાની દીકરીનો કોઈ દિવસ જીવ પણ જાય છે. કારણ, તેના સાસરાનાં માણસો ખરાબ હોય છે તથા ખરાબ ન હોય તો બુઢા વર સાથે પરણાવે છે તેથી ઘરડો વર ઝટ મરી જાય છે તેથી તેને દુઃખ ભોગવવું પડે છે. માટે એવા પાપી માણસો ધિકારવા જોગ છે અને કન્યાવિક્રય કરવામાં ઘણું પાપ છે.

"કન્યા વિક્રય જે કરે ધન લઈ ધિક્કાર તેનો ધરો,  
કીર્તિના કદી લોભથી કુળ જાુએ એ પાપી પુરો ખરો;  
કીર્તિ દ્રવ્ય તણો કશો જગતમાં જે સ્વાર્થ સાધે નહિ,  
કન્યાના સુખનો વિચાર કરશે તે પુણ્યશાળી સહી."

જે માણસો કન્યાના પૈસા લે છે તે ખરેખર ધિક્કારવા જોગ છે. કીર્તિ લોભથી કુળ જાુએ છે તે માણસ પુરેપુરા પાપી છે. પણ જે માણસો કીર્તિને ધનનો સ્વાર્થ સાધતા નથી અને ફક્ત કન્યના સુખનો વિચાર કરે છે તે જ માણસ પુણ્યશાળી કહેવાય છે. એવી

રીતે અભણ માણસો પૈસાના લોભથી પોતાની છોકરીઓનાં બાળલગ્ન કરે છે. પરંતુ જો કેળવણી પામેલી માતા હોય તો તે પોતાના ધણીને દીકરીના પૈસા લેતાં અટકાવ કરે. કારણ કે તે સમજતી હોય કે કન્યાના પૈસા લેવામાં ઘણું પાપ છે. વળી મૂર્ખ માણસ નાનપણથી જ પરણાવે છે. બે જણાં મોટાં થાય ત્યારે રોગને લીધે કોઈ બહેરૂં, આંધળું વગેરે ખોડવાળું થાય છે, તેથી એક બીજાને અણબનાવ થાય છે તેથી તેઓ ઘણું દુઃખ પામે છે.

બાળલગ્નથી ઘણા માઠાં પરિણામ આવે છે તે આપણે જાણીએ છીએ. બાળલગ્નથી સ્ત્રીપુરૂષના વિદ્યા અભ્યાસમાં ખામી આવે છે, રૂપ, ગુણ, ઉમર વગેરેમાં તફાવત પડે છે, પ્રજા નબળી થાય છે, સ્ત્રી પુરૂષો અનીતિવાન થાય છે, બાળકોની હત્યા થાય છે; એવી અડચણો આવે છે. આગલા વખતમાં આપણા દેશમાં બાળલગ્નનો રિવાજ નહોતો. એમ ઇતિહાસો પરથી આપણી જાણીએ છીએ અને તેથી કરીને જ આપણો દેશ સ્વંતત્ર હતો અને પ્રજા પણ બળવાન હતી. પરંતુ જ્યારથી બાળલગ્ન થયાં, ત્યારથી દેશ પરતંત્ર થયો અને આપણા પર પરદેશી લોક રાજ્ય કરવા લાગ્યા. જાુઓ શ્રગ્રેજ લોક યોગ્ય ઉંમરે પરણે છે. તેથી તેઓ કેવા જબરા તથા બુદ્ધિશાળી થાય છે ? અને કેવાં સુખ ભોગવે છે ? માટે સ્ત્રીકેળવણી જ હોય તો જ સ્ત્રીઓ યોગ્ય ઉંમરે પરણે ને તેથી દેશની ચડતી થાય.

છોકરીનાં વડીલોએ છેક લગ્ન કર્યા પહેલાં તેનાં સાસરિયાંની યોગ્યતા જોવી જોઈએ અને જ્યારે આપણી છોકરીને કોઈપણ પ્રકારે દુઃખ થવાનો સંભવ નથી એવું અનુમાન નક્કી થાય ત્યાર પછી પુત્રીને દાનમાં આપવી અને દાનમાં આપ્યા પછી આપણો હક રાખીને તેનાં સાસરીયાં સાથે વારંવાર જાુજ કારણસર લઢીવઢી વેર બાધી આપણી છોકરીને દુઃખ ઉભું થાય એવી ખોટી નીતિ વાપરવી, એ કુળવાન માબાપનું

કામ નથી. માટે છોકરીનાં સાસરીયાં નારાજ ન થાય એવી રીતે વર્તી છોકરીને સાસરે મોકલવામાં કદી પણ આડા આવવું નહીં."[૫૧]

આપણે આગળના લેખમાં જોયું કે જો માતા અભણ હોય તો તે પોતાના છોકરાને સારા સંસ્કાર આપી શકતી નથી અને તેના હિતના નિર્ણય પણ લઈ શકતી નથી. તેમની યોગ્ય ઉંમરે લગ્ન કરાવી શકતી નથી અથવા તેમના જીવનસાથીની પસંદગીમાં પણ ઊણી ઉતરે છે. તો સ્ત્રીઓને કેળવણી આપવા માટે અને દેશની વધુ ઉન્નતિ કરવી હોય તો સૌ પ્રથમ માતાઓને શિક્ષિત કરવી જોઈએ કારણકે એ બાળકોનું ઘડતર કરે છે અને એ જ બાળકો આપણા દેશના ભાવિ ઘડવૈયા છે. જો તેઓ બરાબર કેળવણી અને સંસ્કાર પામેલા નહીં હોય તો આપણા દેશનું પતન નિશ્ચિત છે. તેથી દેશના વિકાસ માટે દેશની સ્ત્રીઓને શિક્ષિત કરવી જ રહી. તેથી સ્ત્રી શિક્ષણની જરૂરિયાત કેવાં કેવાં કાર્યો માટે છે. તે આપણે કેટલાંક ઉદાહરણો દ્વારા સમજીશું.

"જેવી મા હોય તેવાં છોકરાં નીવડે છે. કારણ કે, છોકરાં ઘણો વખત મા પાસે રહે છે. જેવી માની ચાલચલગત તેવી તેનાં છોકરાંની થાય છે. જેવી માની વર્તણૂંક હોય તેવું છોકરાં શીખે છે. કહેવત છે કે 'દેખે તેવું શીખે' જો મા સારી કેળવણી પામેલી હોય તો તેનાં છોકરાંને તે સારી રીતે કેળવે છે તથા બોધ આપી શકે છે. ભણેલી મા પોતાનો દાખલો આપી પોતે કરી દેખાડે છે, એટલે બાળકો પણ તેમ કરે છે. માટે જેવી માની ચાલચલગત તેવી જ તેનાં છોકરાંની થાય છે. જુઓ સિદ્ધરાજની માએ રૂડી રીતે રાજકારભાર કર્યો અને લોકો ઉપયોગી કામો કર્યા તેની અસર સિદ્ધરાજના મનમાં નાનપણથી જ ઉતરવાથી તે રૂડો રાજકર્તા નીવ ો. મા સારી હોવાથી છોકરાં સારા નીવડે છે. તેનાં અનેક દાખલા ઇતિહાસ પરથી મળે છે. હવે છોકરાં સુધારવાને માતાઓ

કેળવણી પામેલી હોવી જોઈએ, કેમકે તે વિના પ્રજાનો સુધારો કદી થાય જ નહિ. માટે સ્ત્રીકેળવણીનો પ્રચાર થવો જોઈએ.

સ્ત્રીકેળવણી એટલે સ્ત્રી જાતમાં જન્મથી બુદ્ધિ—મનની શક્તિઓનાં અંકુર હોય તેને ઉપયોગી જ્ઞાન આપી સુધારવા તેનું નામ સ્ત્રીકેળવણી. સંસારમાં પોતપોતાનાં કામ કરવાને કેળવણીની બધાને જરૂર છે. પુરૂષ કરતાં સ્ત્રીને કાંઈ એનો ખપ ઓછો નથી. જે લોક સ્ત્રીકેળવણીને નકામી ગણે છે. તે લોક કેળવણીનો અર્થ જ સમજતા નથી. સ્ત્રીએ ઘરમાં પ્રધાનવટાનું કામ ચલાવવું જોઈએ તેમ તે કરી શકતી નથી. પણ એક ગુલામડીના જેવું વૈતરું કરી જાણે છે. એથી પુરૂષને ઘરની અને બહારની બેઉ તરફની ચિંતાા રાખવી પડે છે.

ગૃહસ્થાશ્રમની ખરી વહેંચણી તો એ છે કે પુરૂષે બહારથી કમાઈ લાવવું અને સ્ત્રીએ ઘર ચલાવવું. ધણીધણીયાણીની કેળવણીમાં ફેર હોવાથી તેઓને બનતું નથી. ધણી સભામાં જઈ ભાષણો સાંભળે ને વહેમખંડન કરવાના વિચારો ચલાવે ત્યારે ઘરમાં પેલી પાડોશણ ભેગી કરી નકામા કુથલા કરીને વહેમની વાતો ચલાવતી હોય. પેલો ઘરેણા કરાવવાની ના કહે, ત્યારે પેલી હઠ પકડે. પેલો ઇતિહાસ કે ભૂગોળ કે પ્રાચીન શાસ્ત્રોની વાત કહે, ત્યારે પેલી કહે કે મને સાસુએ આવું કામ સોંપ્યું, નણંદે આમ મેણું માર્યું વગેરે ધણીની પાસે કહે છે. મતલબ કે, ધણીધણીયાણી કજોડ બળદનું ગાડું થઈ પડે છે અને તેવી સ્થિતિમાં કેળવાયેલા ભર્તાને અને બિનકેળવણી પામેલી ભાર્યાને દંપતિનો વ્યવહાર સંસારમાં સદા સુખરૂપે નિભાવવો મુશ્કેલ થઈ પડે છે અને નિભ્યો તો સદા કલેશકારી થાય છે. કેટલાક અજ્ઞાન માણસો કહે છે કે, સ્ત્રીને ભણીને ક્યાં કમાવા જવું છે ? પરંતુ, ઘરમાં કેટલો ખર્ચ થયો તેનો હિસાબ રાખવો, ઘરમાં શું શું લાવ્યા, લૂગડાં ખોરાક વગેરેમાં જે ખર્ચ થાય છે તેનું નામું લખવું એ વગેરે કામો કાંઈ

બિનકેળવાએલી સ્ત્રીથી થતાં નથી. વળી ભણેલી સ્ત્રી સારી રીતે વર્તતી નથી એમ મૂર્ખ માણસો કહે છે. એટલે તેથી તે સ્ત્રીઓને ભણાવતા નથી. ફક્ત પુરૂષો જ ભણે એમ નથી; સ્ત્રી અને પુરૂષ બંનેને કેળવણીની સરખી જરૂર છે.

વળી, આપણા દેશમાં આગળની સ્ત્રીઓ કેળવણી પામેલી હતી. સીતા, દ્રૌપદી, તારા વગેરે સતીઓ થઈ ગઈ છે. તેઓ પણ કેળવણી પામેલી હતી, તેથી તેઓ પોતાના ઘરનો વ્યવહાર સારી રીતે ચલાવી શકતી હતી. માટે સ્ત્રીઓને કેળવણી આપવી જોઈએ. જો સ્ત્રી કેળવણી પામેલી હોય તો જ દેશની ચડતી થવા આશા રાખી શકાય. નેપોલીઅન બોનાપાર્ટ કહે છે કે –

"કહે નેપોલીઅન દેશને, કરવા આબાદાન;
સરસ રીત છે એજ કે, દ્યો માતાને જ્ઞાન."[પર]

નેપોલીઅન બોનાપાર્ટ કહે છે કે, જો દેશને આબાદ કરવો હોય તો પ્રથમ માતાઓને સુધારો. જો માતાઓ સુધરે તો જ દેશ આબાદ થાય, પણ આબાદ શી રીતે થાય ? સ્ત્રીકેળવણીનો પ્રચાર દેશમાં થવો જોઈએ. જો માતાઓ અભણ હોય તો પ્રજાનો સુધારો કદી થાય જ નહિ. કેમકે, અભણ માતાઓનાં છોકરાં કેમ ઉછેરવા તેનું ભાન અભણ માતાઓને હોતું નથી અને તેથી બધી પ્રજા બગડે છે અને ઘણાં નીચે પ્રમાણે નુકસાન થાય છે.

બાળકોના મનનું વલણ ઓળખવું તથા તેના સ્વતંત્ર વિચારોને ઉત્તેજન આપવું, સુનીતિ શીખવવી, ધર્મનો બોધ કરાવો અને પ્રેમપૂર્વક સદ્‌ગુણી બનાવવાં. સુનીતિ શીખવવાનો આરંભ બાલ્યાવસ્થામાં થવો જોઈએ. કેમકે નાનપણથી બાળકોના મગજમાં જે વાત કરીએ તે ઝટ ઠસી જાય છે. નાનપણમાં છોકરાં જો સારે રસ્તે ચડે તો પછી મોટાં

થયાં પછી નીતિવાન થાય છે. કારણકે કુમળું ઝાડ જેમ નમાવીએ તેમ જાસે, પણ મોટાં થયાં પછી તે નમી શકતું નથી. તેમ નાનપણમાં જો તેનામાં અનીતિ પેશી જાય તો તે કદી પણ જાય જ નહિ. કારણ કે બાળકની નાની વયમાં જે કહીએ તે કદી પણ જતું નથી. તે વિષે કહેવત છે કે –

"કાચા ઘટમાં કાંકરો જો કદી પેશી જાય
નીકળતાં નહિ નીકળે કરતાં કોટી ઉપાય."

એનો અર્થ એવો થાય છે કે, પકવ્યા વિનાના ઘડામાં કાંકરો પેશી જાય તો કરોડો ઉપાય કરીશું તો પણ તે નીકળશે નહિ. મતલબ કે, નાની ઉમ્મરમાં છોકરાંને જે ટેવ પડી જાય તે કદી પણ જતી નથી. પણ અજ્ઞાન માતાઓ એવી સારી ટેવ પાડી શકતી નથી. કારણ કે, તે નીતિ શીખવી શકતી નથી. સારી કેળવણી પામેલી માતા પોતાનાં છોકરાંને સત્યતાના ફાયદાની, જૂઠના ગેરફાયદાની, નાની નાની રમુજી વાતો કહે છે. ભૂંડી ગાળો દેવા દેતી નથી અને પોતે પોતાનો દાખલો આપીને શીખવે છે. કેળવણી પામેલી માતા જ્યારે પોતાનાં છોકરાને નીતિવાન, સ્વદેશની ભક્તિવાળો, પરોપકારી, શૂરો, સ્વતંત્ર વિચારનોને હિમ્મતવાન કરે છે, ત્યારે મૂર્ખ માતા પોતાના બાળકને મતલબી, સ્વાર્થી, કાયર, પરતંત્ર વિચારનો અને જનાની બનાવી મૂકે છે. વળી જો કેળવણી લીધેલી માતા પોતાને ઘેર કોઈ ગરીબ કે ભીખારી માગવા આવે તો તેને બાળકને હાથે પુણ્ય કરાવે છે કે, જેથી કરીને તે બાળકમાં દયા પણ આવે. મૂર્ખ માતા ભીખારીને ભાળે કે તુરત તેને મારીને કહાડી મૂકે છે. તેનાં છોકરાં પર તેની અસર થાય છે; જેથી તે છોકરાં જ્યારે મોટાં થાય ત્યારે તે પોતાની માની પેઠે જ કરવા લાગે છે. મતલબ કે નાનપણમાં માનું જેવું દેખે તેવું તેઓ શીખે છે."[૫૩]

એ સમયે બાળવિધવાનું પ્રમાણ ખૂબ જ ઊંચું હતું કારણ કે બાળલગ્ન પ્રથા હતી અને તેમાં બાળકો મોટા થતાં ઘણાં મૃત્યુ પામતા હતા અને તેને કારણે બાળવિધવાનું પ્રમાણ ખૂબ વધ્યું હતું. તે સમયે વિધવાના પુનર્લગ્ન કરવાએ પાપ ગણાતું એવી લોકોમાં માન્યતા હતી. તેથી વિધવાઓને ઘણું દુઃખ સહન કરવું પડતું હતું. તેમાંથી તેમને ઉગારવા માટે સમાજના સુધારકોએ પુનર્લગ્નને ઉત્તેજન આપ્યું અને તેને દૂર કરવાના પ્રયાસો કર્યા તે આપણે સમય તરંગ 'સંસાર સુધારોઃ પુનર્લગ્ન' લેખમાં જોઈશું.

"ગયા સપ્ટેમ્બર માસમાં મુંબાઈમાં રા. રા. ભગવાનદાસના બંગલામાં ઔદિચ્ય બ્રાહ્મણ જ્ઞાતિની વિધવા બાઈ ચંચળનાં પુનર્લગ્ન જોશી લક્ષ્મીરામ પુરૂષોત્તમ નામના તેજ જ્ઞાતિના યુવાન ગૃહસ્થ સાથે થયું હતું. આ બાઈનું પ્રથમ લગ્ન ૭ વર્ષની ઉમ્મરે થયું હતું અને ૧૨ વર્ષની ઉમ્મરે તે વિધવા થયાં હતાં. હાલ તેમનાં માબાપ કે કોઈ કુટુંબી હયાત નથી; તેમની ઉમ્મર ૨૦ વર્ષની છે, તેમના નવા પતિની ઉમ્મર ૨૪ વર્ષની છે અને અત્યાર સુધી તે કુંવારા જ હતા. બંનેએ જુદાં જુદાં પોતાને માટે યોગ્ય જીવનસંગી મેળવી આપવા રા. ભગવાનદાસને ઈચ્છા બતાવ્યાથી આ યુગલ યોજાયું હતું. પુનર્લગ્ન હિંદુશાસ્ત્રની ક્રિયા પ્રમાણે બ્રાહ્મણો પાસે જ થયું હતું. લક્ષ્મીશંકરે તે બાઈને પત્ની તરીકેના સઘળા હકો સાચવવાને તથા જીંદગી સુધી પત્નીધર્મ યથાર્થ સમજીને તે પ્રમાણે તેની સાથે વર્તવાને પ્રતિજ્ઞાપૂર્વક કબૂલાત આપી હતી અને તે બાઈએ પણ તે પ્રમાણે કબૂલ્યું હતું.

ભાણીબાઈ નામની કપોળ જ્ઞાતિની એક બાઈએ ૨૨ વર્ષની ઉમ્મરે જાુઠાભાઈ નામના તેજ જ્ઞાતિના ૩૬ વર્ષની ઉમ્મરના એક ગૃહસ્થ સાથે પુનર્લગ્ન કર્યા છે. ભાણીબાઈનું પ્રથમ લગ્ન ૧૨ વર્ષની ઉમ્મરે એક વૃદ્ધ પુરુષ સાથે થયું હતું અને તે પછી છ માસમાં જે તે વિધવા થયાં હતાં. હાલ તેમનાં માતાપિતા હયાત નથી. જાુઠાભાઈ પ્હેલીવારનું જ લગ્ન હતું."[૫૪]

### ❖ 'સુંદરી સુબોધ'માં પ્રકાશિત થયેલ સાંસ્કૃતિક લેખો :

ભારતીય સમાજમાં માતા–પિતાને ભગવાન પછીનો દરજ્જો આપવામાં આવ્યો છે. માતાપિતાની સેવા એજ પ્રભુની સેવા માનવામાં આવે છે. ગુરુને વંદન કરીએ અને માતાપિતાને વંદન કરીએ એ એક સમાન છે. આમ, આપણે જોઈએ છીએ કે આપણી સંસ્કૃતિમાં માતાપિતાને કેટલા ઉચ્ચ સ્થાને ગણવામાં આવે છે અને તેનું આદરમાન જાળવવાનું આપણા જેવા પુત્રી–પુત્રોઓનું કાર્ય છે. તો એવા જ ' માતાપિતાને નમન' કાવ્યમાં માતાપિતાનો આદર દર્શાવવામાં આવ્યો છે તે આપણે જોઈશું.

"સગુણ એ બ્રહ્મસમાં સાકાર
નમુ તુજ માતા તાતને પાય !
જનની જનકનાં ચરણ શરણથી જનમ–મરણ–ભય જાય – નમું.
અમી ભરી એ વત્સલતાનાં સ્નાનપાન કરતાંય
સ્મિતમય મધુરાં દુધમલ બાલક વાલપનાં ગીત ગાય – નમું.
વ્હાલ તેણા વિનિમયના બળથી સરળ થાય સંસાર !
એ સુખ સાધનની સેવાનું ભુલાય ક્યમ એ ભાગ્ય ? – નમું."[૫૫]

કાળના અનન્ત પ્રવાહમાં જરાવાર નજર ફેકી ભૂતકાળ તરફ દૃષ્ટિ કરીએ તો આપણને જણાશે કે તે સમયમાં આ ભારત ભૂમિ અનેક સાધ્વી સતીઓથી વિભૂષિત હતી. તેમણે સ્ત્રી જાતિના સ્ત્રીત્વની પતાકાને સૌથી વિશિષ્ઠ દરજ્જે લઈ જઈ ચારે દિશામાં ફરકાવી હતી અને તે દેવીઓએ પોતાનાં સત્કાર્ય રૂપી પગલાં આ અનન્ત કાળ રૂપી નદીની રેતી ઉપર પા  ાં હતાં. સમય પોતાનો ધર્મ બજાવતો જ રહ્યો છે. આધુનિક

જનમંડળમાં તે સતીઓ માત્ર નામથી જ પરિચિત છે. તેમનાં ઘણાં ખરાં કાર્યો નષ્ટ થયાં છે અને જે થોડાં રહ્યાં છે તે માત્ર જેવી રીતે ખંડેર હાલના સમયમાં તેમની ભૂતકાળની ભવ્યતાનો કાંઈક ચિતાર આપે છે તેવી જ રીતે તે આપણી સમક્ષ ખડાં થાય છે. આપણા 'પ્રાચીન ભારતનાં સ્ત્રીરત્નો' લેખમાં આવી નારીઓ વિશે માહિતી મેળવીએ અને આવતા સમયની નારીઓ એમાંથી બોધ મેળવીને પોતાના જીવનમાં થોડા સદ્‌ગુણો ઉતારે તે હેતુથી આ લેખ જોઈશું.

"આ સતીઓની અંદર વીશ્યાવર પ્રથમ પદે છે. ત્હેણે ઋગ્વેદના પાંચમા પ્રકરણનું બીજું ગીત લખેલું છે. આ ગીતમાં અઠ્ઠાવીસ સુંદર શ્લોક છે.

અંભ્રિણ ઋષિની પુત્રી બલ્કે ઋગ્વેદના દસમા પ્રકરણનું એકસો પચીસમું ગીત રચેલું છે. આ ગીતમાં ઈશ્વર વિષેનો ઉચ્ચાશય દૃષ્ટિગોચર થાય છે. આ ગીતના મહાન ભાષ્યકારોએ કહ્યું છે કે આ ગીત વેદના તત્વજ્ઞાનનું મૂળ છે. આ સતીએ પોતાનું જીવન વાનપ્રસ્થાશ્રમમાં ધ્યાન અને ભક્તિમાં નિર્ગમન કર્યું છે.

ત્રીજી લોપામુદ્રા છે. ત્હેણે ઋગ્વેદનું અગણ્યાએંશીમું ગીત રચેલું છે. આ ગીતના બે અતિ ઉત્તમ શ્લોક છે. લોપામુદ્રા વિદર્ભરાજા કિદ્રપની કન્યા હતી. ત્હેનું લગ્ન મહર્ષિ અગસ્ત્ય સાથે થયું હતું. જો કે ત્હેનો જન્મ રાજકુળમાં થયો હતો અને ઘણા જ વૈભવમાં ઉછરી હતી તો પણ ત્હેણે ત્હેના સ્વામી સાથે એક તાપસીને યોગ્ય જીવન ગાળયું હતું તથા ત્હેને છાયો માફક અનુસરતી હતી.

પંચ નદીઓના પ્રદેશની પ્રજાએ ધીરે ધીરે આચાર શિષ્ટતાની પરિસીમાએ પ્હોચી મહાન અને વિભૂતિમાન વિજ્ઞાનનાં દર્શનો રચ્યાં. હિતકર નિયમો યોજવામાં આવ્યા. ધર્મ જેનો બોધ વિશિષ્ટ હતો અને જેનું મનન પ્રૌઢ હતું. ત્હેનો ઉપદેશ થવા લાગ્યો.

પ્રાચીનકાળમાં તેઓમાં ત્હેમની સતિઓ માટે અભિમાન હતું. યાજ્ઞવલક્ય મહર્ષિની સ્ત્રી મૈત્રી વિલક્ષણ બુદ્ધિ તથા જ્ઞાનવાળી હતી. યાજ્ઞવલક્યને બીજી પણ એક વધુ હતી અને તેનુ નામ કાત્યાયિની હતું. કાત્યાયિની ગૃહવ્યવસ્થા ઉપર દેખરેખ રાખતી અને મૈત્રી ત્હેને ભગિનિ સમાન ચ્હાતી હતી.

એક સમયે મહર્ષિ યાજ્ઞવલક્યને પોતાનું આયુષ્ય અરણ્યમાં નિર્ગમન કરવાની ઈચ્છા થવાથી ત્હેમણે પોતાની બે સ્ત્રીઓને પોતાની મીલકત વ્હેંચી લેવા સૂચવ્યું. મૈત્રીએ કહ્યું કે સ્વામિન્ ! શું આ લક્ષ્મી ઈશ્વરતાને પ્રાપ્ત કરાવશે ? ઋષિશ્રીએ કહ્યું ના. ત્યારે ત્હેણે કહ્યું હે નાથ ! જે લક્ષ્મી આપ અમને આપવા માંગો છો ત્હેને અમે શું કરીએ અને પછી ત્હેણે તે મહર્ષિ સાથે તર્કના કેટલાક અસિદ્ધ વિષયોનું તથા સૃષ્ટિની કેટલાંક ગૂઢ તત્ત્વોનું નિરૂપણ કર્યું. ત્હેના ત્હેના સ્વામિ સાથેનો વિવાદ અદ્યાપિ પર્યત શિષ્ટ પ્રજાઓના પંડિતોમાં વંચાય છે.

આ આર્યાવર્તની અંદર મૈત્રી કરતાં પણ ઉચ્ચજ્ઞાન ધરાવનારી એક સતિ થઈ ગઈ છે. જો કે યાજ્ઞવલક્ય પોતાના અપૂર્વ જ્ઞાન અને અતુલ્ય તપના પ્રભાવે સર્વ ઋષિઓમાં સર્વોપરિ સત્તા ભોગવતો હતો તોપણ ત્હેમને પોતાનું મસ્તક એક સ્ત્રીને નમાવવું પ ું હતું. આ સ્ત્રી કોણ હતી તે જાણવાની સર્વ કોઈને જીજ્ઞાસા થયા વિના રહેશે નહીં. તે કોઈ નહીં. તે કોઈ નહીં પણ આ ભારતભૂમિના ભૂષણ રૂપ ગાર્ગી હતી. ઘણી દિલગીરીની વાત છે કે તે મહાન સતિ ઋષિની પુત્રીહતી તે શિવાય ત્હેના સંબંધમાં આપણે કેવળ અજ્ઞાત છીએ."[૫૬]

દેવહુતી – મહાત્મા મનુ ભગવાનની તે પુત્રી હતી, જો કે તે મહાન રાજા હતો તો પણ ત્હેની અતિ પ્રિય પુત્રી એક અરણ્યનિવાસી ઋષિને પરણી હતી. ત્હેનું નામ કર્દમ હતું. આ ઋષિ ઘણા વિદ્વાન હતા એટલું જ નહિ પણ સાધુતા અને ભક્તિમાં કોઈ

ત્હેમની બરોબરી કરી શકે તેવું ન હતું. રાજકન્યાની ત્હેમના ઉપર અગાધ પ્રીતિ હતી અને ત્હેને પરિણામે ઋષિએ ત્હેની ખાતર જ ત્હેની સાથે વિવાહ કર્યો હતો. આ દંપતીનાં લગ્ન શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે થયાં હતાં. રાજપુત્રીએ ત્યાર પછી રાજભુવન ત્યજી સ્વામીની સાથે એક ગાઢ અરણ્યમાં નિવાસ કર્યો હતો.

બાલ્યાવસ્થાથી જ રાજકન્યાને વિદ્યા ઉપર અપ્રતીમ પ્રેમ હતો અને બહુધા તેજ કારણને લીધે તે ઋષિ સાથે ત્હેમના જ્ઞાનથી આકર્ષાઈને પરણી હતી. જ્યારે તે ઉંમરે પ્હોંચી ત્યારે ત્હેની વિદ્યા ઉપરની પ્રીતિમાં એટલી બધી વૃદ્ધિ થઈ કે ત્હેણે સંન્યાસિનીનું જીવન ગાળી આ બ્રહ્માંડના રહસ્યનું ગૂઢ તત્વ જાણવાનો નિશ્ચય કર્યો. જો તે રાજકન્યા રહી હોત તો તે, તે સમયના સઘળા મહર્ષિઓ પાસે અધ્યયન કરી શકત તથાપિ જે પરબ્રહ્મને જાણવાની ત્હેની ઈચ્છા હતી તે ભાગ્યે જ પુરી થાત. પણ અરણ્યમાં ત્હેને પતિ સહ તે પ્રયાસ ઘણો જ સરળ થઈ પ ો. આ સ્થળે ત્હેણે તે મહાન કાર્ય વાસ્તે અતિ ઉત્સાહથી જે જે અધ્યયન કરવા યોગ્ય હતું ત્હેનું અધ્યયન કર્યું અને જેનો પ્રયોગ કરવા યોગ્ય હતો ત્હેનો પ્રયોગ કર્યો.

આ મહર્ષિપત્નીએ એક પુત્રરત્નને જન્મ આપ્યો, જે પુત્ર વસ્તુતઃ આપણા તત્વજ્ઞાનનો પિતા થયો. કારણકે ત્હેના પહેલાં તત્વજ્ઞાન શું છે ત્હેનો કોઈને ખ્યાલ હતો નહીં. આ મહાત્માનું નામ કપિલ હતું. મહાત્મા કપિલ મુનિએ સાંખ્યદર્શન રચ્યું. આ ગ્રંથની અંદર દુનિઆના ઉપક્રમ પછી પ્રથમ જ મનુષ્યના મનનું પૃથક્કરણ કરવાનો, ત્હેના સુખ દુઃખનાં કારણો શોધી કહાડવાનો અને મનુષ્યનાં દુઃખ નિવારણ કરી મોક્ષ મેળવવાનાં સાધનો બતાવવાનો યત્ન કરવામાં આવ્યો છે. દેવહુતિએ તે મહાત્મામાં ત્હેમના નામ પ્રમાણેના ગુણોનું આરોપણ કર્યું. બાલ્યાવસ્થાથી જ ત્હેણે ત્હેમને એવું શિક્ષણ આપવા માં ું કે જેના પ્રતાપથી ત્હેમને મનુષ્ય જાતિના મોક્ષનો ઉપાય શોધી

કહાડવાનો માર્ગ દશ્યમાન થયો. જ્યારે તે મ્હોટા થયા ત્યારે ત્હેમણે ત્હેમનાં મહાન પ્રભાવવાળાં માતુશ્રીએ બતાવલા માર્ગમાં નિરંતર શ્રમ કરીને છેવટે મનુષ્યજાતિના સુખનો ઉપાય ખોળી કહા ો. આશરે ત્રણ હજાર વર્ષ ઉપર દેવહુતિએ સ્વર્ગના ફીરસ્તાની માફક પોતાના પુત્રદ્વારા એક એવી વસ્તુનો પાયો નાંખ્યો કે જેની ઉપર પછીથી એક ભવ્ય અને સુંદર સંસ્થાન રચવામાં આવ્યું.

થોડાક સૈકા પછી બીજી એક સાધ્વી સ્ત્રીએ મહાત્મા કપિલ જેવા ગુણવાળા પુત્રને જન્મ આપ્યો. આ સ્ત્રીનું નામ વિશિષ્યા હતું. ત્હેણે આપણા મહાન ધર્મોપદેશક તથા સુધારક મહાત્મા ભગવાન શંકરાચાર્યને જન્મ આપ્યો હતો. ભગવાન શંકરનો જન્મ ઈ.સ.૭૮૮ માં દખ્ખણમાં ચિતામ્બરમાં થયો હતો. કીશોર વયમાં પિતાના કાળ થવાથી તે પોતાનાં માતુશ્રી પાસેથી શિક્ષણ મેળવીને સમર્થ વિદ્વાન થયા હતા. સોળ વર્ષની ઉંમર થતાં પહેલાં ત્હેમણે મોટા ગ્રંથો ઉપર ટીકા લખી હતી. ભગવાન શંકરની વિદ્વતા તથા જ્ઞાન એવું હતું કે ત્હેની બરોબરી કોઈ કરી શક્યું નથી અને કરી શકશે પણ નહિ. ત્હેમણે વેદના ગૂઢ તત્વનું સત્ય સ્વરૂપ દુનિયા સમક્ષ રજુ કર્યું અને ક્ષય પામતા હિન્દુ ધર્મને સજીવન કર્યો. એમના જન્મ સમયે બૌદ્ધ ધર્મનો પ્રચાર ઘણો વધી ગયો હતો. હિન્દુધર્મ કોઈપણ સ્થળે નજરે પડતો નહીં. ભારતભૂમિનું અધ્યાત્મ જ્ઞાન મૃત્યુ શય્યાએ હતું. ભગવાન શંકરે આર્યભૂમિના અધ્યાત્મ જ્ઞાનમાં નૂતન સત્વ મુક્યું અને હિન્દુ ધર્મને નવું જીવન આપ્યું. બૌદ્ધ ધર્મનો હિન્દુસ્તાનમાંથી સમૂળ નાશ કર્યો અને હિમાલયથી કન્યાકુમારી સુધી ત્હેમના ઉપદેશના પ્રતિધ્વનિએ ત્હેમના વિરોધીઓનાં પ્રવચનોને ઢાંકી દીધા."[૫૭]

## ૪.૮ 'બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિક પત્ર' (૧૯૦૭) :

'બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિક પત્ર' ઈ.સ. ૧૯૦૭માં અમદાવાદથી પ્રકાશિત થયું હતું. તેના પ્રથમ પૃષ્ઠ પર તેમનું પ્રકાશન વર્ષ, અંક, ઈ.સ., માસ વગેરે છાપવામાં આવતાં હતાં. તેમના પ્રથમ પૃષ્ઠ પર તેની લવાજમની વિગતની માહિતી પણ છાપવામાં આવતી. તેના પ્રથમ પૃષ્ઠ પર એક દોહરો છાપવામાં આવતો હતો. જે નીચે મુજબ છે :

"शौर्य तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनं।
दानमीश्वरभावश्च क्षात्रकर्म स्वभावजं॥"[૫૮]

– श्रीमद्भागवतगीता

અર્થ : "ધૈર્ય, ચાતુર્ય, ને તેજ, યુદ્ધમાં હઠવું ન જ,
શૌર્ય, ઔદાર્પ, ઐશ્વર્ય, ક્ષાત્ર કર્મ સ્વભાવ જ."

તેમજ વ્યવસ્થાપકનું નામ અને પ્રેસના નામ, સરનામું છાપવામાં આવ્યું છે.

## ૪.૯ 'બુદ્ધિપ્રભા' (૧૯૦૯) :

'બુદ્ધિપ્રભા' નામનું સામયિક અમદાવાદથી ઈ.સ. ૧૯૦૯માં પ્રકાશિત થયું હતું. સામાયિકના પ્રથમ પૃષ્ઠ પર શીર્ષક આપવામાં આવ્યું છે અને તેની નીચે એક દોહરો આપવામાં આવ્યો છે. તે અહીં નીચે વર્ણવું છે.

"सर्व परवशं दुःखं सर्वमात्मवशं सुखम् ॥
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥१॥
नाहं पुदुालभावानां कर्ता कारयिता न च ॥
नानुमन्तापि चेत्यात्म–ज्ञानवान् लिप्यते कथम् ॥२॥"[૫૯]

તેના પ્રથમ પૃષ્ઠ પર સાથે તેનું વર્ષ, માસ અને અંક નંબર છાપવામાં આવ્યો છે તેમજ તેને પ્રગટ કરનાર પ્રસારક મંડળ અને અનુક્રમણિકા પણ આપવામાં આવી છે અને આ સામયિક જ્યાંથી છપાતું હતું તે પ્રેસનું નામ અને સરનામુ આપવામાં આવ્યું છે.

### ❖ 'બુદ્ધિપ્રભા'માં પ્રકાશિત થયેલ સામાજિક લેખો :

સમાજમાં વ્યક્તિઓ 'અભિમાન' રાખીને પોતાના જીવનને વેરાન બનાવી દે છે. 'અભિમાન' થી વ્યક્તિને સમાજમાં ઘણું સહન કરવું પડે છે. એ ગુણ વ્યક્તિ માટે ખરાબ ગુણ છે. તેથી વ્યક્તિએ આવા માઠા ગુણથી દૂર રહેવું જોઈએ. 'અભિમાન' થી વ્યક્તિ સમાજમાં પોતાનું માન–સન્માન ગુમાવે છે અને ઘણીવાર 'અભિમાન'ને કારણે એ પોતાની સંપત્તિ પણ ગુમાવે છે. તેથી વ્યક્તિઓ અભિમાન વિશે જાણે તે હેતુથી 'અભિમાન ન કરવા વિષે' કાવ્ય દ્વારા સમાજના વ્યક્તિને જાગ્રત કરવાનો પ્રયત્ન કર્યો છે. તે આપણે નીચે મુજબ જોઈશું.

"અભિમાન કરે તું શાનો;
એ તો દુર્જનનો નિશાનો, રે અભિમાન
મોટાઈ ખરી ખોટી કરે તું, લોક કહે છે ફા ો.
તીક્ષણ તારા ખેલ મેલી દે, એમાં કોઈ ન ખા ો;
રે અભિમાન ....
ચંચળ પગલે શું તું ધાયે, યૌવન ધન નગ કાપ્યો,
દવ જેવા બળતા સંસારે, રહે ન ડાહ્યો દાપ્યો;
રે અભિમાન ....
ઓટ ભરતી છે સુખ દુઃખની, કૈંકે ખાધી થપાટો,
ધર અધર ધરતીથી પગ પણ, દેશે કાળ ઝપાટો,
રે અભિમાન ....
વલ્લભ તું છો પ્રિય ત્રીભુવનનો, ગર્વ સર્વનો નાઠો,
સમજુ નર તું મન સમજી લે, ગર્વને દે અરે દાટો.
રે અભિમાન ...."[૬૦]

સમાજમાં વ્યક્તિઓ મિત્રતાનો ભાવ સમજે તે હેતુ થી મૈત્રીભાવના શું છે ? અને મિત્રતા કોને કહેવાય તે વિશે 'મૈત્રીભાવના' લેખમાં તેની વિગતે ચર્ચા કરવામાં આવી છે. કારણ કે આપણા સમાજમાં વધારેમાં વધારે લોકો આ ભાવના પોતાનામાં જગાવે અને તેનાથી સમાજનું વાતાવરણ સુખમય બનાવે એ જ હેતુ રહેલો છે. તો ચાલો આપણે મૈત્રીભાવના કોને કહીશું ? તે વિશે વિસ્તૃત માહિતી આપણને નીચેના લેખમાંથી મળશે. તે આપણે જોઈશું.

"मित्तीमे सव्वभूएसु, वेरं भज्जं न केणई"

મ્હારી સર્વ પ્રાણીઓ ઉપર મૈત્રીભાવના છે, કોઈના ઉપર મ્હારે વૈર નથી. સર્વ જીવો મ્હારા સમાન છે. કર્મના આધીન થઈ જીવ પોતાનું ભાન ભૂલી અન્ય આત્માઓને શત્રુ કલ્પે છે, તેમાં કર્મનો દોષ છે. પશુ, પંખી સર્વ મનુષ્યો વગેરે જીવો મ્હારા આત્માની તુલ્યતાને ધારણ કરનાર છે. ફક્ત કર્મના લીધે ભેદ દેખવામાં આવે છે. મ્હારા આત્માની ઉન્નતિ માટે સર્વ જીવોની ઉન્નતિ કરવી જોઈએ. વર્ણાશ્રમ અને નાતભેદને દૂર કરી સર્વ જીવોનું ભલું કરવું જોઈએ. જ્યારે સર્વ જીવો મિત્ર છે તો તેઓનું બુરૂ કરવા એક લેશ માત્ર પણ ખરાબ વિચાર કેમ કરવો જોઈએ ? સર્વ જીવો પર જેની મિત્ર બુદ્ધિ ઠરી છે તેને કોઈપણ વૈરી હોતો નથી અને એવો આત્મા, સંસારરૂપ સમુદ્રને તરી તેની પેલી પાર જાય છે. શ્રી વીરપ્રભુએ મૈત્રીભાવના ધારણ કરી અનેક દુષ્ટોના ઉપસર્ગો સહન કર્યા. ચંડકોશિયા સર્પે શ્રીવીરપ્રભુને દંશ દીધો તો પણ વીરપ્રભુ જરા માત્ર મૈત્રીભાવનાથી ચલાયમાન થયા નહીં. એવી મૈત્રીભાવનાની ઉત્તમતા !!! શ્રીવીરપ્રભુએ ચંડકોશિયા સર્પ પર કરૂણા કરી ઉપદેશ દેઈ તેનું આત્મહિત કર્યું. જગતમાં અનેક દોષથી દોષિત જીવોને દેખી કોઈની નિંદા યા ભૂડું કરવું નહિ. શ્રી વીરપ્રભુના પગલે ચાલી સર્વ જીવોની સાથે મૈત્રીભાવના રાખવી જોઈએ. મૈત્રીભાવના રાખવી એ કંઈ સામાન્ય વાત નથી. લોઢાના ચણા ચાવવાની પેઠે મૈત્રીભાવના રાખતાં અનેક સંકટોમાંથી પસાર થવું પડે છે. રાગદ્વેષના એવા તો પ્રપંચ છે કે હૃદયમાં ઉઠતી મૈત્રીભાવનાનો ક્ષણમાં નાશ કરી દે છે. મનુષ્ય પોતાના આત્મા સન્માન અન્યના આત્માને દેખે એવો તેનો સ્વાભાવિક ધર્મ છે કિન્તુ તેની આડે આવનાર ઈર્ષ્યા અદેખાઈ સ્વાર્થ વગેરે દોષો છે. કેટલાક તો પશુ પંખીમાં આત્મા માનતા નથી તેવા જીવો પશુ પંખીને પોતાના આત્મા સમાન શી રીતે માની શકે ? જે જીવો પશુ પંખીનામાં પોતાના સમાન અન્ય આત્માઓનો વાસ છે એમ માને છે તેજ પશુ પંખીઓના મિત્ર થઈ શકે છે.

અન્ય જીવોનો નાશ કરતાં પોતાના આત્માને પાપકર્મ લાગે છે, આ સિદ્ધાંત જ્યારે અનુભવમાં આવશે ત્યારે અન્ય જીવોની દયાના પરિણામ હૃદયમાં પ્રગટશે. અન્ય જીવો પર ધ્યાના પરિણામ મૈત્રીભાવનાના યોગે થાય છે માટે મૈત્રીભાવનાની ઘણી જરૂર છે. જ્યાં ત્યાં, હરતાં ફરતાં, ખાતાં, બેસતાં, ઉઠતાં મૈત્રી ભાવનાના વિચારો કરવા– મૈત્રીભાવનાની પુષ્ટિ માટે નીચેનું કાવ્ય સદાકાળ સ્મરવું.

"मित्राई राखो सहु साथे, मित्राइथी कलेश टले.
मित्राईथी सम्प वधे छे, मनना मेला सर्व मले.
मित्राईथी सलाह, शान्ति, धार्या ृ त्यो सर्व सरे.
मित्राईथी वैर टले छे, उच्चभावना थाय खरे.
मित्राईथी जगमां शान्ति, मित्राईथी द्वेष टले.
मित्राईथी प्रेम वधे छे, मैत्री भावना तुर्त फले.
मित्राईना भेद घणा छे, लौकिक लोकोत्तर जाणो.
मित्राईथी अपूर्व शक्ति, समजी साचुं मन आणो.
मित्राईथी कुटुंब दुनिया, परम मित्रता पात्र ठरो.
दया धर्ममां मैत्रीभावना, समजी परमानन्द वरो.
द्रव्यभाव वे भेदेमित्र, मैत्री भावना वे भेदे.
समजीने मित्राइ धारे, ते कर्माष्टकने छेदे.
वस्तुधर्मनी साची मैत्री, ज्ञानिने सहु समजाशे.
साची मित्राइ चेतननी, परमप्रभुता परखाशे.
आत्मधर्ममां करो रमणता, मित्राइ त्हेनी साची.
बुद्धिसागर परममित्रता, समजी तेमां रहो राची."[६१]

### ❖ 'બુદ્ધિપ્રભા'માં પ્રકાશિત થયેલ સાંસ્કૃતિક લેખો :

આપણી સંસ્કૃતિમાં 'ઉપકાર'ની ભાવનાને સદ્‌ભાવના ગણવામાં આવી છે. વ્યક્તિએ બીજા વ્યક્તિ અથવા તો જીવ પર ઉપકારની ભાવના કેળવવી જોઈએ અને એ ભાવના કેળવાય એ હેતુથી 'ઉપકાર મહિમા' કાવ્યમાં તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. તે નીચે મુજબ છે.

"કાર્ય ઉપકારનાં કીજીએ માનવી, લક્ષ્મીથી લીજીએ સત્ય લ્હાવો,
જ્ઞાનિને સ્હાયથી સત્ય ઉપદેશથી, સત્ય આનંદન ભવ્ય પાવો ....
ધર્મ ઉપદેશથી સત્ય ઉપકાર છે, જીવને દુઃખમાંથી બચાવો,
જીવનની સફળતા સત્ય ઉપકારમાં, કાર્ય પરમાર્થનાં દીલ ધ્યાવો ....
ભવ્ય ઉપકારીના દીલમાં છે દયા, દીલ ઉપકારીનું સ્વચ્છ રહેવે;
ધન્ય છે જગતમાં જન્મ ઉપકારીનો, સ્વર્ગને સિદ્ધિ પણ તેહ લેવે ....
બાહ્યમાં ક્યાં રમો મોહવનમાં ભમો, કાર્ય ઉપકારનાં દીલ ધારો;
જગત્‌માં માન પામો અહો પ્રાણિઆ, સત્યઉપકારથી જીવ તારો ....
પૂજ્ય તીર્થશ્વરા દેશના દેઈને, પ્રાણિના સ્તોકને શિઘ્ર તારે;
પરમ ઉપકારમાં કર્મનો નાશ છે, જન્મથી સફળતા સત્ય સારે ....
રાચશો સ્વપર ઉપકારમાં માનવી, પરમ ઉપકારથી કાર્યસિદ્ધિ;
બુદ્ધિસાગર સદા સત્ય ઉપકારથી, પામિએ સત્યચૈતન્ય રૂદ્ધિ."[૬૨]

આપણી ભારતીય સંસ્કૃતિમાં દાનનો ખૂબ મહિમા છે. આપણે પ્રાચીન ગ્રંથો પર નજર નાખીશું તો આપણને એવા ઘણા દાખલાઓ મળી રહેશે કે જેઓ દાન કરવાને કારણે આ પૃથ્વી પર અમર થઈ ગયા છે. જેવાં કે, કર્ણ, બલિરાજા, વગેરે તો આવા 'દાન' લેખમાં દાનનું વિશેષ મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. તે આપણે જોઈશું.

"दानं कीर्तितरंगिणीकुलगिरिदानं नीधिः श्रेयसाम् ।
दानं संवननं समस्तजगतां दानं निदानं श्रियां ॥
दानं दुर्जनमान मर्दनमहो दानं गुणोत्कर्ष ृ त् ।
किंचान्ये भूवि दानमेव सकलं स्वेष्टार्यासिद्धिक्षमम् ॥"[૬૩]

દાનનો મહિમા અપાર છે. દાનગુણથી મનુષ્યની કીર્તિ સર્વત્ર વ્યાપી રહે છે. દાતા સર્વને પ્રિય અને ઉપયોગી થઈ પડવાથી સર્વના પ્રેમનું પાત્ર બને છે અને સર્વથી સન્માન પામે છે. તેનું કુળ ઉચ્ચ ગણાય છે. દાતા સર્વત્ર વ્યાપેલા પોતાના યશ વડે પોતાના કુળને પણ પ્રસિદ્ધ કરે છે. તે પોતાના કુળને શોભાવે છે અને ઉચ્ચ બનાવે છે. પોતાના દાનગુણ વડે સર્વનાં મન હરી લેઈ સર્વને પોતાને અનુકુળ બનાવે છે. તેની કીર્તિ વ્યાપી રહેવાને લીધે તેને ઉદ્યોગાદિનાં સાધનો પણ વિશેષ ઉપલબ્ધ થાય છે.

એક સામાન્ય કહેવત છે કે, 'વાવે તેવું લણે'. મનુષ્ય જે પ્રમાણે જનકલ્યાણ અર્થે દ્રવ્ય ખરચે છે, તે પ્રમાણે તેને આ લોકમાં તેમજ પરલોકમાં સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. જન કલ્યાણ અર્થે ખરચેલું દ્રવ્ય સ્વ તેમજ પર ઉભયના કલ્યાણનું ફળ આપે છે. દાતા જેમ આપે છે તેમ વિશેષ પ્રાપ્ત કરે છે. લક્ષ્મી ચંચળ હોવાથી જેમ તેનો વ્યય થાય તેમ ઉત્તરોત્તર વૃદ્ધિગત થાય છે. દાન દુષ્ટ પુરૂષોના અહંકારનો નાશ કરે છે. ચંદ્રમાના પ્રકાશ આગળ  તારગણો જેમ નિસ્તેજ થાય, તેમ દાતાના પ્રભાવ આગળ તેઓ નિસ્તેજ બને છે. દાતા સ્વાભાવિક રીતે ઉત્તમ પુરૂષોના સમાગમમાં આવી શકે છે, તેથી તેનામાં સર્વ સુગુણોનો અવિર્ભાવ થાય છે. સ્વલ્પમાં આ જગતના વિષે દાનગુણ મનુષ્યને સકળ ઈષ્ટ પદાર્થોની સિદ્ધિ કરી આપે છે.

"दानं हि परमो धर्मो दानं हि परमक्रिया ।
दानं हि परमो मार्गस्तस्मादाने मनः कुरु ॥"[૬૪]

"દાન એજ પરમધર્મ છે, દાન એજ પરમક્રિયા છે, દાન એજ પરમ માર્ગ છે, માટે દાન કરવાની વૃત્તિ રાખો !" દાન વડે શત્રુ મિત્ર થાય છે, દાન વડે ઉત્તમ પુરૂષનો સંબંધ થવાથી બુદ્ધિ નિર્મળ થાય છે અને સ્વલ્પમાં દાનથી સાધન ચતુષ્ઠયની પ્રાપ્તિ થાય છે. આ દુનિઆમાં જેમ વ્યવહાર (ઉદ્યોગ)નો હેતુ દ્રવ્ય પ્રાપ્ત કરવાનો છે, તેમ દ્રવ્યનો હેતુ દાનનો છે. મનુષ્ય જીવનનો વાસ્તવ હેતુ અન્યને સહાયભૂત થવામાં છે. આ સૃષ્ટિમાંના સર્વે પદાર્થો પ્રતિ દૃષ્ટિ કરતાં અને તેમનો પરસ્પરનો સંબંધ અને ધર્મ વિચારતાં સર્વે પરાર્થે ક્રિયામાં રહેલા જણાય છે."

આપણા સમાજમાં ક્ષમાનો ગુણ વ્યક્તિઓમાં હોવો જોઈએ એવું આપણી ભારતીય સંસ્કૃતિમાં કહેવાયુ છે. 'क्षमा वीरस्य भूषणम् ।' ક્ષમા એ વીર પુરૂષોનું આભૂષણ છે. તેથી માનવીમાં ક્ષમાનો ગુણ વિકસે એ હેતુથી 'ક્ષમાપના' કાવ્યમાં ક્ષમાનો મહિમા દર્શાવ્યો છે. જે નીચે મુજબ જોઈશું.

"જીવોને હું ખમાવું રે, વૈરઝેર દૂરે કરી.
મિત્રો સર્વ મ્હારે, ખમાવો સહુ પ્રેમ ધરી;
લક્ષ ચોરાથી, જીવનીયોનિ, ઉપન્યો વાર અનંત.
મનવાણી કાયાથી દુહવ્યા, જીવો મોહે અત્યંત;
પશ્ચાતાપ તેનો રે, કરૂ હવે જ્ઞાનધરી .... જીવો ને.
મનુષ્યજન્મ ધારી આ ભવમાં, બાંધ્યાં મેં જે વૈર,
સ્મરણ કરી હું દુર કરૂં છું, સમતાએ લીલા લ્હેર;
વેરીનાં વેર નાસો રે, ઉપશમ ભાવે મુક્તિ ખરી .... જીવોને.
ક્રોધમાન માયાને લોભે, જીવ સંતાપ્યા બહુ.
અજ્ઞાને માઠું જે જે કીધું, ખમાવું છું તે સહુ;

નમી નમી ખમાવું રે, સકલ સંઘ ભક્તિ ધરી .... જીવોને.

પાપી મિથ્યાત્વી જીવો તેમ, મિત્રો ભક્તો સર્વ.

ખેદ અપ્રીતિ જે ઉપજાવી, ખમાવું છું તજી ગર્વ;

પર્યુષણાના પર્વેરે, પરભાવ પરિહરી .... જીવોને.

ક્રોધ કપટ કામાદિક દોષે, સંતાપ્યો નિજ જીવ.

પોતે પોતાને હું ખમાવું, નિશ્ચિયથી જીવ શિવ;

અન્તરના દેશે ઉતરે રે, ક્ષમાપના શુદ્ધ ઠરી .... જીવોને.

સિદ્ધસમા સર્વે છે જીવો, સત્તાએ ગુણવંત.

કોઈ ન શત્ર તેમાં મ્હોરો, નિશ્ચય ચિત્તવસંત;

શિષ્યોને હું ખમાવું રે, ગુરૂઓને પ્રેમભરી .... જીવોને.

કરૂણા સર્વજીવો પર રહેશો, દ્રવ્યભાવથી નિત્ય.

પરગુણ પરમાણું પર્વતસમ, ભાસો પ્રમોદે ચિત્ત;

માધ્યસ્થભાવે રહીને રે, ખમું ખમાવું કરગરી .... જીવોને.

અહંભાવનો ખેદ ટળો સહુ, નાસો માયા દૂર.

દ્રવ્યભાવથી જીવ ખમાવું, જ્ઞાનાનંદ ભરપૂર;

દ્રવ્યભાવ પર્વે રે, મલીનતા દૂર હરી .... જીવોને.

ત્રણ ભુવનનો નાથ અહો હું, સત્તાએ કહેવાઉ.

આપ સ્વરૂપે ધ્યાને રહું તો, વ્યક્તિપણે શુદ્ધ થાઉ;

બુદ્ધિસાગર જ્ઞાને રે, જાગતાં શિવશાંતિવરી .... જીવોને."[૬૫]

આપણી ભારતીય સંસ્કૃતિમાં વિવિધ પર્વની ઉજવણી કરવામાં આવે છે. કારણકે આપણો દેશ બિનસંપ્રદાયિક દેશ છે. તેમાં વિવિધ ધર્મના લોકો રહે છે. તેથી

ધાર્મિક પર્વ પણ વિવિધ રીતે ઉજવવામાં આવે છે. લોકો એકબીજા સાથે ભેગા મળીને આવા પર્વ ઉજવતા હોય છે. તેથી તેમાં ભાઈચારાની ભાવના વિકસે છે. તો આવો જ હિંદુધર્મના લોકોનો તહેવાર 'દીવાલી' કાવ્ય વિશે જોઈશું.

"રૂડુ પર્વ અહો આ દીવાળી રે, બાહ્ય અન્તર નજરે મેં ભાળી રે.
આનંદની જ્યાં રેલછેલા, જ્યાં ત્યાં દેખું ત્યાં લાગે રૂપાળી રે.
દુઃખી પણ સુખી થઈ ફરતા, બાહ્ય શોભા બની જ્યાં રૂપાળી રે;
બાહ્ય સમૃદ્ધિવાળા માનવ, ખરેખરા બન્યા જંજાળી રે.
સાધુસન્તો ધ્યાન ધરે છે, મોહમાયાનાં બીજ બાળી રે;
મંત્રવાદિયો મંત્ર જ સાધે, કાળીચૌદશ રાત્રીએ મ્હાલી રે.
વીરપ્રભુ નિર્વાણ સધાવ્યા, ત્યારે પ્રગટી દીપકની આલિ રે;
એક બીજાનું દેવું ચૂકવી, થાય દેવા થકી જન ખાલી રે.
કર્મનૃપનું દેવું ચૂકવી, થાય સન્ત પુરૂષ સુખશાલી રે.
વર્ષારંભે કરે જુહારો, સુખશાંતિમાં દીવસ ગાળી રે.
સન્તજનોને નિત્ય દીવાલી, બાહ્ય ઠાઠ સજે નહિ ઠાલી રે;
દ્રવ્ય દીવાલી ભાવ દીવાલી, જેવી વૃત્તિ તેને તેહ વ્હાલી રે.
નિરૂપાધિમય શુદ્ધ સમાધિ, એવી આનંદમય મેં નિહાળી રે;
બુદ્ધિસાગર મંગલમાલા, લટકાલી સદા અજવાળી રે."[૬૬]

માણસના જીવનમાં દયા ભાવ હોવો ખુબ જ જરૂરી છે. તેનામાં દયાભાવ હશે તો જ તે બીજા માટે કરુણા જન્માવી શકશે. આમ, આપણા સમાજમાં એક સજ્જન વ્યક્તિ દયાળુ છે. તો તેવા જ દરેક વ્યક્તિઓ એક બીજા માટે આવો ભાવ રાખે એ

અનિવાર્ય છે. તેથી દયાના ભાવને સમજે એ હેતુથી અહીં 'દયા' કાવ્ય આપ્યું છે. તે નીચે મુજબ જોઈશું.

"દયાના ઉચ્ચ સિદ્ધાંતો, ખરેખર જ્ઞાનિયો જાણે;
દયાથી શાંતિ છે સાચી, ખરેખર જ્ઞાનિયો માણે.
દયાની વાત છે સાચી, રહ્યો હું તેહમાં રાચી;
દયાવણ ખૂબ અંધારૂ, દયાવણ કર્મ નહિ ન્યારૂ.
દયા એ ધર્મ છે મોટો, દયાવણ ધર્મ છે ખોટો,
દયાવણ મોક્ષ નહિ ક્યારે, દયાવણ ધર્મને હારે.
દયાવણ ધર્મી નહિ કોઈ, વિચારો જ્ઞાનથી જોઈ;
જીવો છે જીવવત્ વ્હાલા, વિચારે શાંતિ સુખમાલા.
જીવો સહુ મિત્ર છે મારા, સ્વભાવે સિદ્ધસમ ધાર્યા;
દયા છે દ્રવ્યને ભાવે, વિચારો મુક્તિસુખ થાવે.
નહિ કોઈ કોઈનું વૈરી, નહિ કોઈ કોઈનું ઝેરી;
દયાના ભાવથી દેખું, દયાના ભાવથી લેખું.
ચિદાનંદ તારવા માટે, દયાની વાત શિર સાટે;
બુદ્ધિયબ્ધિ ચિત્તમાં ધારી, અનંતુ સુખ કરનારી."[૬૭]

## ૪.૧૦ 'ભાગ્યોદય' (૧૯૧૩) :

'ભાગ્યોદય'નો આરંભ ઈ.સ. ૧૯૧૩માં અમદાવાદથી થયો હતો. તેના પ્રથમ પૃષ્ઠ પર માસિકનું નામ એની સાલ અને અંક તથા પ્રકાશકનું નામ અને સરનામુ છાપવામાં આવ્યું હતું.

❖ **'ભાગ્યોદય'માં પ્રકાશિત થયેલ સામાજિક લેખો :**

માસિકમાં સ્ત્રી કર્તવ્ય શું છે ? તે વિશેની માહિતી આપવામાં આવી છે. તે સમયે આપણા સમાજમાં સ્ત્રીઓ વધુ શિક્ષિત ન હોવાથી તેમની ફરજો અને કર્તવ્યને આવા માસિકોમાં પ્રગટ કરીને તેમની ફરજોનું તેમને જ્ઞાન આપવામાં આવતું હતું. તો આવો જ 'સ્ત્રીની યોગ્યતા' લેખમાં તેની કર્તવ્ય તરીકેની ફરજો કઈ કઈ છે. તે વિશે માહિતી આપવામાં આવી છે.

"સ્ત્રીઓનું કર્તવ્ય શું છે ? સમાજમાં તેનો દરજ્જો કેવો છે ? જુના વખતમાં તેની સ્થિતિ કેવી હતી ? હાલ કેવી છે ? એવી કેટલીક વાતો તરફ આજે આપણે લક્ષ આપીએ.

કેટલાક લોકો માને છે કે આ દેશમાં સ્ત્રીયોને પોતાની મરજી પ્રમાણે રહેવાની અને નાનાં મોટાં કાર્યો કરવાની કદી પણ સ્વતંત્રતા નહોતી અને હાલમાં તેમ થવું પણ ન જોઈએ. તે હંમેશા પરાધિન છે. આ અનુમાનને પુષ્ટ કરવાને માટે મનુ મહારાજ નીચેનાં વાક્યો કહે છે :

"बालये पितृर्वेशे तिष्ठेत् पाणि ग्राहस्य यौवने।
पुत्राणां भर्तरि प्रेते न भजेत् स्त्री स्वतन्त्रताम् ॥

बालया वा यूवत्दा वा वृद्धया वापि दोषिता।
न स्वातन्त्र्येण कर्तव्यं किश्चित् कार्य्य गृहेष्वपि ॥"

અર્થાત્ સ્ત્રીએ સ્વતંત્રતા પૂર્વક ઘરમાં પણ કોઈ કામ ન કરવું જોઈએ અને હંમેશા પિતા, પુત્ર અને પતિના વશીભૂત થઈને રહેવું જોઈએ. એ કારણથી કોઈ મહાશયોની દ્વારા મનુના ઉપર આ આરોપ મૂકી દીધો છે કે તેણે સ્ત્રિયોને માટે ગુલામીનો પટ્ટો લખી આપ્યો છે. પરંતુ આ આક્ષેપને હું અતિશયોક્તિ સમજું છું. વાત વધારીને કહેલી જણાય છે તેમાં સાર કરતાં અસારતા જ વિશેષ છે. શું પુત્ર પોતાના પિતાની આજ્ઞાને નથી માનતો ? શું બ્રહ્મચારી યા વિદ્યાર્થી પોતાના આચાર્યની આજ્ઞાનું પાલન નથી કરતો ? શું પ્રજા રાજાની આજ્ઞાનું પાલન નથી કરતી ? ધર્મ સંબંધી વાતોમાં શું સર્વ લોક શાસ્ત્રોના પ્રમાણને નથી માનતા ? જો રાજ શક્તિને આધીન રહેવું એ ગુલામી નથી, આચાર્યો અને વિદ્વાનોની આજ્ઞા માનવી એ ગુલામી નથી, શાસ્ત્રોની વિધ–વિધાનનું પાલન કરવું એ ગુલામી નથી તો પછી સ્ત્રિયોએ પોતાના પિતા, પુત્ર અને પતિને અધિન થઈને રહેવું એ પણ ગુલામી નથી જ. મનુનાં ઉપરનાં વાક્યોમાં ગુલામી યા પરાધિનતાની કાંઈ પણ ગંધ નથી. પરાધિનતા શબ્દ 'પર' અને 'અધીનતા' આ બે શબ્દોથી બન્યો છે. તેમાં પહેલા શબ્દ પર તો અર્થ અન્ય–પારકો શું કોઈ પણ સ્ત્રી એવી હશે કે જે પોતાના પતિ, પુત્ર કે પતિને અન્ય તરીકે માનશે ? આ દેશમાં તો એવી એક પણ સ્ત્રી નહિ હોય, તેમ બીજા દેશોમાં પણ નહિ જ હોય. ભગવાનના કથનથી અન્ય–જીુદાઈનો ભાવ કહાડવો એ અન્યાય છે. એટલું જ નહિ પણ સંસ્કૃતભાષાનું પણ અપમાન કરવા તુલ્ય છે."[૬૮]

જીવનમાં વ્યક્તિને જે અશ્રદ્ધા રહેલી છે. તેને દૂર કરવા માટે ઈશ્વરને પ્રાર્થના કરવામાં આવે છે. તે આપણને “अश्रद्धा टालवा इष्टने विज्ञप्ति” કાવ્યમાં એ સ્તુતિ જોવા મળે છે.

“અશ્રદ્ધા મારી, કરી કરૂણા પ્રભુ ટાળો, ઉરમાં વર્તાવે કેર કાળો રે;
સુખનો મુજ કાજે પ્રભુ સૂર્ય ઉગાડો તો, વાદળ અશ્રદ્ધા કરે મારી,
સુખના સૂર્યને સંપૂર્ણ ઢાંકી દે, રહું હું અશ્રદ્ધાથી હારી રે;
સંપત્તિ કેરો આપ દીપ પ્રકટાવો તો, અશ્રદ્ધા મારી કરે વાયુ,
સ્થિર ન ટકાવે કાંતો ઓલવી નાંખે, વીતાવે અંધારામાં આયું રે;
ઉન્નતિનું મીઠું જળ કરો મારે કાજે, (તો) મારી અશ્રદ્ધા લીલ કરતી,
જળનું દર્શન પણ કરવા ન દેતી, એવી અશ્રદ્ધા કરો મરતી રે;
જ્ઞાનનો અગ્નિ મુજમાં ઉપજાવો તો, અશ્રદ્ધા રાખ ઉપજાવે,
અધિક અગ્નિ ન પ્રકટવા દે એ, ઉલટી નિત્ય કજળાવે રે;
આનંદનાં લીલાં કંજાર ખેતરો, આપ ઉગાડો મુજ ઉરમાં,
અશ્રદ્ધા મારી તીડ ઉપજાવી, ફોલી ખાયે એ ક્ષણભરમાં રે;
આપનું રૂપ જોવા નેત્રને આપો છો, અશ્રદ્ધા પડવો બનાવે,
સાચું સ્વરૂપ નથી નિરખવા દેતી, જ્યાં ત્યાં મને ભટકાવે રે;
સુખ અને શાંતિ, સંપત્તિ કેરા, આપે ભંડાર જ્યાં ત્યાં ભરીયા,
મુજ અશ્રદ્ધાએ કરી, દુઃખના ડુંગરા, મુજ ઉરમાં તે તો ઠરીયા રે;
સામર્થ્ય માત્રના રત્નની ખાણો, ડગલે ડગલે કીધી આપે,
પણ મુજ અશ્રદ્ધા ભયંકર રૂપને, એ સ્થાને દેખાડી આપે રે;
વહાલામાં વૈર કરે, અમૃતમાં ઝેર ભેળે, દીપમાંથી કાજળ કહાડે,

એવી અશ્રદ્ધા મને નિત્ય સંતાપે, સુખ ન દે કોઈ દહાડે રે;
શુભ જોવાનું છોડી અશ્રદ્ધા મારી, અશુભ જ સર્વત્ર જોતી,
નરહરિ એક જ વિનતિ કરૂ છું, મુજમાં પ્રકટાવો શ્રદ્ધા જ્યોતિ રે"[૬૯]

વ્યક્તિના જીવનમાં પૈસો પણ મહત્ત્વનો છે. તેનો બચાવ કરવો વ્યક્તિના જીવનમાં અગત્યનું છે. તો આવા પૈસા બચાવ કરવા માટેની કેટલીક કહેવતો પડી છે. તે આપણે 'પૈસા બચાવ કરવાની મૂળ કહેવતો' મુદ્દામાં કઈ કઈ કહેવતો છે. તે જોઈશું.

"ઉપર મુજબ ઉગારા માટે કહેલું શું સમજ્યા ? 'કાંકરે કાંકરે પાળ બંધાય.', 'ટીપે ટીપે સરોવર ભરાય' અને 'પૈસે પૈસે પૈસાદાર થવાય' એ સમજ્યા. 'કમાણીની બેન કરકસર', 'પૈસા પેદા કરવાથી જ પૈસાદાર થવાતું નથી પણ બચાવ્યાથી થવાય છે', 'પૈસો બચાવાય તે કમાવી લાવ્યાની બરાબર છે', 'કમાવું, બચાવવું ને સાચવવું એ ત્રણેયમાં સાવધાની સરખી જોઈએ છીએ', ' જ્યારે નામું થાય નક્કી ત્યારે બાકી નિકળે પક્કી', 'જોઈએ કુંચી ને કળ, સાથે સાચવણીનું બળ', 'રેઢાં તો રાજ પણ લુંટાય', 'ખોટા કરે કરાર તેનાં જાય ઘરબાર', 'ખોટી ઘોળે સક્કર તેનો જાય વક્કર', 'અનીતિનું પેલું બહુ દેખાય અને પાછળથી સમુળું જાય', 'દુધના દુધમાં ને પાણીના પાણીમાં', 'જેવી દાનત તેવી બરકત', 'જે કરે દગો તેનો નહિ કોઈ સગો', 'જો હોય હામ, ઘમ ને ઠામ, તો થાય ધંધાના કામ', 'વગરવિચાર્યા ખર્ચથી તો રાજાના ભંડાર પણ ખુટી જાય', 'જરૂર જોઈતું લેવું અને જરૂર જોઈતું દેવું', 'લબાડ પાસે કાકા ટળી ભત્રીજા ન થવું', 'જે સાચવે વ્યવહાર તેની આબાદ થાય ધિરધાર', ' જે ખુવે લાજ તેનાં અટકે કાજ'."[૭૦]

સમાજમાં જે કઈ સુધારણા થતી હતી એની કેટલી ગતિ છે. તે વિશે પણ અભ્યાસ કરવામાં આવતો હતો. સમાજમાં સુધારાની ગતિ કેટલે અંશે આગળ વધી છે.

તે તપાસ કરવામાં આવતી હતી. તો આવો જ સમાજસુધારાની ગતિને દર્શાવતો લેખ 'हिन्दनी समाज सुधारणा केवी चाले चाले छे ?' તે વિશે માહિતી મેળવીશું.

"જુદી જુદી સમાજો અને તેમાં થતા સુધારાઓ જુદી જુદી ચાલે ચાલે છે. જેમ કે, કોઈનો વેગ કીડીના જેવો હોય છે. કોઈની ગતિ હાથણીના જેવી હોય છે, કોઈની ચાલ સરતના ઘોડા જેવી હોય છે, કોઈની ચાલ રગસીઆં ગાડાં જેવી હોય છે, કોઈની ચાલ પવન જેવી હોય છે, કોઈની ચાલ પ્રકાશના કિરણોની ચાલ જેવી ઝડપવાળી હોય છે. કોઈની ચાલ અવાજના મોજાઓની ચાલ જેવી હોય છે, કોઈની ચાલ સમુદ્રની રહડતી ભરતીના જેવી હોય છે, કોઈની ચાલ દરરોજ ખીલતા જતા ચંદ્રના જેવી હોય છે અને કોઈની ચાલ ગ્રહોની ચાલ જેવી હોય છે. એ બધી જુદી જુદી ચાલોમાંથી આપણા દેશમાં સમાજ સુધારણાની ચાલ કેવી છે ? તે આપણે જાણવું જોઈએ. એ માટે વિચાર કરતાં મને એમ જણાયું છે કે, આપણા દેશની સમાજ સુધારણાની ચાલ 'ધ્રણપાટ ચાલે' તે ચાલના જેવી છે, ધ્રણપાટ ચાલે એટલે શું ? અને ધ્રણપાટ ચાલે તેની ચાલ કેવી હોય ? એ વિષે ઘણાક લોકો કદાચ નહિ જાણતા હોય માટે તેનો ખુલાસો કરવાની જરૂર છે.

જે સ્ત્રીને સીમંત હોય તેને જ્યારે સીમંતનો સંસ્કાર કરવામાં આવે છે ત્યારે કેટલીક નાતોમાં એવી રીતી છે કે, ગર્ભવંતી સ્ત્રીને સાતમે મહિને ખૂબ દાગીના પહેરાવે છે, હાથે રાખડી બાંધે છે અને પછી બહુ ધામધુમથી ઢોલ, સરણાઈ અગર બીજાં વાજીંત્રો વગાડતે વગાડતે સાજન મહાજન મળીને ગર્ભવતી સ્ત્રીને તેને માવતરથી પતિને ઘેર તેડી જાય છે, એ વખતે તે બાઈને ચાલવા માટે રસ્તા ઉપર છોકરાઓ લુગડાં પાથરતા જાય છે, તે લુગડાં ઉપર તે બાઈ બહુ ધીમે ધીમે ચાલે છે અને પાછળથી છોકરાઓ ઉપાડતા જાય છે, ને આગળ બિછાવતા જાય છે, એ વખતે તે ગર્ભવતી સ્ત્રીને માથે શાલથી છાંયો કરેલો હોય છે, આવી રીતે ચાર જણે શાલ પકડી રાખી હોય, નીચે

લુગડાં બીછાવેલાં હોય, ખૂબ દાગીના પહેરેલા હોય, આગળ પુરૂષોનું મંડળ ચાલતુ હોય, પાછળ સ્ત્રીઓ સુંદર ગીતો ગાતી હોય અને ઢમઢમ વાજાં વાગી રહ્યાં હોય, તેની વચ્ચે હાથમાં નાળિયેર લઈને તથા ખોળો ભરીને બહુ જ નિરાંતે અને બહુ જ આસ્તે આસ્તે ચાલવું. તેનું નામ ધ્રણપાટ ચાલી કહેવાય છે.

બંધુઓ, આપણા દેશની સમાજ સુધારણાની ચાલ આવી ગર્ભવતી સ્ત્રીના જેવી છે. હવે વિચાર કરો કે, જે દેશમાં પૂંછડીઆ તારાની ઝડપથી સુધારાઓ આગળ વધે છે, તેની આગળ આવી ચાલે ચાલવાથી કેમ ટકી શકાશે ? આપણા સમાજ સુધારણાની ચાલ ગર્ભવતી સ્ત્રીની ચાલના જેવી છે ! એ વાત સાચી છે કે ખોટી ? તેની પ્રથમ ખાત્રી કરવી જોઈએ અને પછી જો એવી જ ચાલ હોય તો શા માટે એવી ચાલ છે ? તેનાં કારણો જાણવાં જોઈએ, એ માટે તપાસ કરતાં આપણી સમાજ સુધારણાની ચાલ બહુ ધીમી છે, બહુ જ ધીમી છે એટલું જ નહિ, પણ પહેલો ગર્ભ રહેલી સ્ત્રીના ચાલના જેવી જ એ ચાલ છે.

પહેલો ગર્ભ રહેલી સ્ત્રી પોતાના પેટની અંદર રહેલા ગર્ભના ભારને લીધે બહુ જ ધીમે ચાલે છે. એ વખતે ઉતાવળું ચાલવું તેને ફાવતું નથી, તેમજ આપણા દેશમાં જે સમાજ સુધારકો છે, તેઓના પેટમાં પણ કાંઈક ભાર રહેલો છે, તેથી તેઓ જોરથી ચાલી શકતા નથી, માટે આપણા સમાજ સુધારકોના પેટમાં કયો ગર્ભ રહેલો છે, તે આપણે જાણવું જોઈએ, એ માટે એ રોગના અનુભવી ડાકટરો કહે છે કે, આપણા દેશમાં જે સમાજ સુધારો છે તેઓના પેટમાં પોતાના ખાનગી સ્વાર્થોનો ગર્ભ રહેલો છે. તેઓના પેટમાં ભવિષ્યની ફિકરનો ગર્ભ રહેલો છે, તેઓના પેટમાં લોક લાજનો ગર્ભ રહેલો છે, તેઓના પેટમાં આપણે ફાવશું કે નહિ ? તેવો અશ્રદ્ધાનો ગર્ભ રહેલો છે, તેઓના પેટમાં પૈસાની નુકસાની થશે તો ? એ ફિકરનો ગર્ભ રહેલો છે. તેઓના પેટમાં નાત જાતના

બંધનોની મુશ્કેલીઓનો ગર્ભ રહેલો છે. તેઓના પેટમાં આબરૂ જવાની બીકનો ભાર રહેલો છે, તેઓના પેટમાં આપણને બીજા કોઈ મદદ નહિ કરે તો શું કરશું ? એ ફીકરનો ગર્ભ રહેલો છે, સમાજ સુધારણાના રસ્તામાં આગળ વધતાં મુશ્કેલીઓ આવી પડે ત્યારે શું કરશું ? એ ભયનો ગર્ભ રહેલો છે અને એ સિવાય એવા એવા બીજા ઘણી જાતના પેટમાં તથા હૃદયમાં ભાર રહેલા છે, તેથી આપણા સમાજ સુધારકો ખરેખરા જોરથી આગળ વધી શકતા નથી."[૭૧]

❖ **'ભાગ્યોદય'માં પ્રકાશિત થયેલ સાંસ્કૃતિક લેખો :**

વ્યક્તિમાં સારા વ્યક્તિ બનવા માટે તેમના સદ્ગુણો મહત્ત્વના ભાગ ભજવે છે. તેમાં યોગ્ય સદ્ગુણોનો યોગ્ય પ્રકારે આદર થવો જોઈએ. આવા ગુણોનો પરિચય કરાવતું આપણને વૉશિંગ્ટનના જીવનમાંથી બોધ મળે છે. તો તેમના જીવનમાં એવાં કયાં કયાં ગુણો હતા કે તેમણે પોતાના જીવનને એક આદર્શ જીવન ખડું કર્યું છે. તે જોવા માટે આપણે 'ગુણોનો યોગ્ય આદર' મુદ્દાને સમજવાની ખૂબ જ જરૂર છે. તે આપણે નીચે મુજબ જોઈશું.

"વૉશિંગ્ટનનો એ વિશ્વાસ છે કે યોગ્યતા અથવા શ્રેષ્ઠતા કોઈપણ વર્ણ, રંગ અને જાતિના મનુષ્યમાં હોય તો પણ તે છુપાઈ શકતી નથી. અન્તે તે મનુષ્ય અવશ્ય વિજયને જ મેળવે છે. ગુણોની પરીક્ષા અથવા તો પ્રગટ થયા સિવાય રહેતી નથી. એ સર્વથા સાચું છે કે, 'गुणाः पूजास्थानं गुणिषु नच लिङ्गं नचवयः।' વૉશિંગ્ટને જે જાતિ સેવારૂપ પરોપકાર કર્યો છે તે એમ સમઝીને કર્યો છે કે અમારૂં કાર્ય ગમે તો નાનું કેમ ન હોય, અત્યંત ક્ષુદ્ર કેમ ન હોય, તો પણ તે બીજાને અધિક ઉપયોગી, સુખદાયક અને કલ્યાણકારક હશે તો વર્ણ યા જાતિની પરવા ન કરતા છતાં પણ, 'गुणाः पूजास्थानं' આ

સનાતન નિયમાનુસાર સર્વલોક તેનો યોગ્ય આદર અવશ્ય કરવા લાગશે જ, કાર્યનો આદર કરવામાં, સદ્‌ગુણોનો સત્કાર કરવામાં, કાર્યકર્તાનું સમ્માન કરવું જ પડે છે.

અમેરિકા નિવાસિયોએ બુકર ટી. વૉશિંગ્ટન જેવો સદ્‌ગુણી અને પરોપકારી કાર્યકર્તાનો યોગ્ય આદર કરવામાં કોઈ વાતની ખામી રાખી નથી. હાવર્ડ વિશ્વ વિદ્યાલયે તેમને 'માસ્ટક ઓફ આર્ટ્સ'ની સમ્માન સૂચક પદવી આપી છે.

અટલાંટાની રાષ્ટ્રિય પ્રદર્શિની ખોલતી વખતે, તે પ્રાન્તના ગવર્નર સાહેબ વોશિંગ્ટનને આરંભિક વક્તવ્ય કરવાનું બહુ માન આપ્યું છે, અમેરિકાના પ્રસિડેટે ટસ્કેજી સંસ્થામાં પધારીને નીગ્રો જાતિના આગેવાન વૉશિંગ્ટનનું ગૌરવ કરતી વખતે એ કહ્યું હતું કે, "આ સંસ્થા અનુકરણીય છે. તેની કીર્તિ અહીં નહિ. પરંતુ વિદેશોમાં પણ વધી રહી છે. આ સંસ્થાના વિષયમાં કાંઈક કહેતી વખતે મિસ્ટર વૉશિંગ્ટનના ઉદ્યોગ, સાહસ, પ્રયત્ન અને બુદ્ધિ સામર્થ્યના સંબંધમાં કાંઈ કહ્યા સિવાય રહેવાતું નથી, તે ઉત્તમ અધ્યાપક છે, ઉત્તમ વક્તા છે અને સાચા પરોપકારી પુરૂષ છે. આ સદ્‌ગુણોને લીધે જ અમે તેમનું સમ્માન કરીએ છીએ."[૭૨]

વ્યક્તિના જીવનમાં સારા વિચારો હોવા એ મહત્ત્વની બાબત છે અને એ જ વિચારો તેને મહાન વ્યક્તિ બનાવે છે અને એવા વિચારો થકી જ જીવનમાં સુખ પ્રાપ્ત થાય છે. તેથી વ્યક્તિએ હંમેશા સદ્‌વિચારો કરવા અને તેને આચરણમાં મૂકવા જોઈએ. તે વાતને ચરિતાર્થ કરતું કાવ્ય 'સદ્‌વિચાર એજ સુખનું સાધન છે.' તે જોઈશું.

"રે ! કુવિચારો જરા, ન વિચારો વીરા, સુખનું સાધન સુવિચાર છે.
જન્મમરણની સ્થિતિતણો, વિચાર પર આધારજી,
કાં જે જીવનું જગત્‌માં, એક જ જીવન છે સુવિચાર;

સુવિચારે કરી થાય છે, શરીર આકૃતિ ભવ્યજી,
કાં જે શરીર કેરૂં છે, સુવિચાર પોષકદ્રવ્ય;
શરીર માંહિ ટકાવવા, સુધારવા આ પ્રાણજી,
એક જ આખા વિશ્વમાં, છે સુવિચાર અમૃતખાણ;
મનની શક્તિ વધારવા, આધ્યાત્મિક બલઅર્થજી,
સાધનમાં એકે નથી, સુવિચારતુલ્ય સમર્થ;
કરીએ તીવ્ર વિચાર જે, વળી આતુરતા સાથજી,
સૂક્ષ્મ અદૃશ્ય મહાન્ બલ, વીંટળાઈ રહે તેની સંગાથ;
જે બળ વિધુત્‌વેગથી, પણ બહુ પ્રબળ ગણાયજી,
તે બળથી આપણ અને, આપણું ધ્યેય ઝટ સંધાય;
વિચાર કેરી સૂક્ષ્મ ગતિ, જ્યારે અતિશય થાયજી,
આત્મપ્રદેશે જઈ ભળે, તવ ધ્યેય એ બની જાય;
છૂટા જળકણનો સમૂહ, એ જ બરફ કહેવાયજી,
વિચાર કેરો સમુહ એ, ધ્યેયરૂપે પરિણત થાય;
સ્થૂલ કાર્યના અવયવો, માત્ર વિચાર ગણાયજી,
તેને જોવા જોડીએ, તેવી મૂર્તિ પ્રકટ કરાય;
આથી જે ઈચ્છા રહે, કરવાને પ્રત્યક્ષજી,
તેવા વિચાર સેવવા, કરશો કદી ન અલક્ષ" ૭૩

ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું વિશેષ મહત્ત્વ છે. ગુરુને ઉચ્ચ દરજ્જો આપવામાં આવ્યો છે. ગુરુ પ્રત્યે શિષ્યને અનન્યભાવ હોય છે. તે પોતાના જીવનને ગુરુના માર્ગદર્શનને અનુરૂપ બનાવે છે અને સમાજમાં એક અનોખી છાપ ઊભી કરે છે. તો

આવા ગુરુઓ જે શિષ્યના જીવન ઘડતરમાં પોતાનું મહત્ત્વનું યોગદાન આપે છે. તેવા ગુરુઓને યાદ કરતો 'ગુરુબંધુઓને અભિનંદન' એ કાવ્યમાં એવા ગુરુઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. તે આપણે જોઈશું.

"હર્ષ અભિનંદન દઈએ રે, ગુરૂબંધુને આજ, વ્હાલા–
સ્નેહામૃત પીને પઈએ રે, ગુરૂ.
સગા સંબંધિ તો મળે, વિવિધ સ્વાર્થને કાજ,
નિઃસ્વાર્થી ગુરૂબંધુનો, ક્યાંથી મળે સમાજ,
આલિંગન દઈએ લઈએ રે, ગુરૂ
ઉન્નતિમાં જેની ગતિ, સર્વ પ્રયત્ને થાય,
તત્વે રાખી લક્ષણા, સ્વરૂપને જે ધ્યાય,
તેવાને સાધક કહીએ રે, ગુરૂ.
શ્રદ્ધા અચલ ગુરૂ વિષે, જેની રહે અખંડ,
ગુરૂ કરૂણાને પામવા, કરે પ્રયત્ન પ્રચંડ,
'ગુરૂબંધુ' તેને લહીએ રે; ગરૂ.
તેવા શ્રી ગુરૂબંધુને, અભિનંદન ધરી પ્રીત,
દેતાં ઉરથી ઈચ્છીએ, રહો ગુરૂ તમારે ચિત્ત,
તમે રહો ગુરૂને હઈએ રે; ગુરૂ." [૭૪]

## ૪.૧૧ 'સેવક' (૧૯૧૯) :

❖ **'સેવક'માં પ્રકાશિત થયેલ સામાજિક લેખો :**

'સેવક' નામનું મેગેઝીન જાન્યુઆરી ૧૯૧૯નાં રોજ શરૂ થયું હતું. તેમના તંત્રી અને પ્રકાશક ડાહ્યાભાઈ મનોરદાસ પટેલ હતા. તે અમદાવાદથી પ્રકાશિત થયું હતું.

આપણા સમાજમાં સ્ત્રીઓ પર જે જુલમ થતાં હતાં. તેમાં મોટા ભાગે સ્ત્રીઓને લડવા માટેની હિંમત નહીં પરંતુ સહન કરવાની સલાહ આપવામાં આવતી હતી અને સ્ત્રીને કમજોર બનાવવામાં આવતી. પરંતુ ધીરે ધીરે સ્ત્રીઓમાં કેળવણીનો વ્યાપ વધતો ગયો અને તેઓ અન્યાય સામે લડવા માટે તૈયાર થાય છે. એવો જ એક લેખ અહીં 'સેવક'માં પ્રકાશિત થયો છે. તેમાં સ્ત્રીએ કોર્ટ સુધી જઈ સાસરીયા સામે લડવાની હિંમત દાખવી છે. તેમણે સાસરીયા સામે કોર્ટમાં ફરિયાદ કરીને પોતાના હક માટે લડવાનો ઈરાદો મજબૂત કર્યો છે. તે આપણે જોઈએ.

"યુવાન વિધવા : બાપજી ! આપ કહો છો કે 'કદીએ કોરટની દેવડીએ ચઢવું નહિ' પણ, હવે જો હું તેમ નથી કરતી તો અન્ન–વસ્ત્ર વગર હું મારી જીંદગી ટકાવી શકું તેમ નથી.

મહારાજ : કેમ ?

યુવાન વિધવા : મારા સસરા મને ખોરાકી–વસ્ત્ર માટે કાંઈ પણ આપતા નથી.

મહારાજ : તો, તેનો અમે ઉપાય બતાવીએ. બોલો તે પ્રમાણે વર્તશો ?

યુવાન વિધવા : હા, બાપજી. આપની આજ્ઞા તો કદી ઉલ્લંઘી શકું જ નહિ. તેટલા માટે તો આપની પાસે પૂછવા આવી. મારાં બીજાં પિયરનાં સગાં તો ક્યારનાંએ મને ટોકટોક કરે છે કે 'દાવો માંડ'.

મહારાજ : સાંભળો, ત્યારે. તમારૂં શરીર યુવાન છે. લોકોનાં દળણાં પાણી કરી મજુરી દ્વારા તમારો પોતાનો નિર્વાહ નભવી લો.

યુવાન વિધવા : (હું સારા ઘરની વહુ–કુળવાન–તે આમ લોકોનાં દળણાં દળી, વાસીદાં–પાણી કાઢી, એંઠવાડ ઉશેટી મારૂં પેટપોષણ કરૂં અને લોકોને મારૂં મુખ બતાવું તે કરતાં તો મરવું ભલું એવા વિચારથી અને એકદમ આભી બનીને) બાપજી .... ?

મહારાજ : અમો સમજીએ છીએ. અંતરનાં અભિમાન ત્યાગ્યા વગર અને શરીરને મહેનત મજૂરી કરી કષ્ટ આપ્યા વગર ખરૂં સુખ મળે તેમ નથી. અમારું કહ્યું માની થોડાક દિવસ તે વાત અમલમાં મૂકો અને જુઓ તો ખરાં કે કેવાં શાંતિ–સુખ મળે છે.

યુવાન વિધવા : (મહારાજ પ્રત્યે પ્રીતિ હતી. અત્યારે મહારાજનાં વચનોમાં શ્રદ્ધા હતી, છતાં એ કડવા લાગતાં હતાં. પણ મહારાજના ઉપદેશ વારંવાર સાંભળેલા તે સંસ્કારથી આ કડવો ઘુંટડો ગળે ઉતારવા તત્પર બની સહેજ દબાતા મને) ઠીક ત્યારે બાપજી ! આપની શિક્ષા પ્રમાણે વર્તીશ.

મહારાજ : જાઓ ત્યારે, ગુપચુપ ચું કે ચાં કર્યા વગર સહન કરો. ઈશ્વર દયાળુ છે."[૭૫]

આમ યુવાન વિધવાએ પણ ધીમે ધીમે લોકોનાં દળણાં દળવા માં ા. કોઈકનાં વાસીદાં પાણી કાઢવાનાં હોય કે એઠવાડ કાઢવાના હોય તો તે કામ પણ લાજ–શરમ

મૂકીને કરવા માં ુ. સંસારી લોકો હંમેશાં જેની તેની વાતો કરવામાં બહુ જ શુરાંપુરાં હોય છે. એટલે તે જ્યારે જ્યારે ભેગાં થાય એટલે આ વિધવા બાઈનું જ પુરાણ ઉકેલવા લાગ્યાં. 'અલી ! ફલાણાની વહુને બિચારીને દળણાં દળવાનો અને લોકોનાં એઠાં જુઠાં ખાવાનો વખત આવ્યો. બાઈ ! તેનો સસરો મહા હરામખોર લાગે છે. જાણે કાંઈ છેજ નહિ એમ માનીને મુઓ આ બિચારી ગરીબ વહુને ખોરાકીએ આપતો નથી. એના છોકરાને લીધે તો ર ાને આ રહેવા કરવાનાં ઘર થયાં અને ઘરડે ઘડપણ નવી વહુ ઘરમાં આવ્યાં.' વગેરે વાતો અને ચર્ચાઓ જોસભેંર પોળમાં ચાલવા માંડી. પિયરીઓએ આ બાઈને ઘણું સમજાવી કે 'બેન ! આ બધું છોડી દે. જો તારે ખાધા ખોરાકીનો એ ડોહલા ઉપર દાવો ન માંડવો હોય તો આપણે ઘેર આવીને રહે. ક્યાં રોટલાનો ટોટો પડવાનો છે ?' પણ, આ બાઈને તો હવે મજુરી કરી પોતાનું ગુજરાન નભાવી લેઈ શાંતિથી પરમાત્માના નામ–ભજનમાં અને મહારાજના હમેશના સવારના ઉપદેશ શ્રવણમાં અતિશય આનંદ આવતો હતો. આ આનંદનો રંગ કાચો ન હતો. પાકા રંગે તે રંગાઈ હતી.

"મને જે આવે તે જોઈ, ઓસડ આપેરે;
એવો વૈદ મળ્યો નહિ કોઈ, રોગને કાપેરે;

"કોઈ સાચાં મળે સુખ થાય, ભવદુઃખ ભાગે રે;
મારો રોગ જનમનો જાય, વાર ન લાગે રે;
મારૂં જાય સમૂળું શૂળ, વેદના વળતી રે,
જેમ પીએ તેમ પાય, સુખની સતતેરે.
મારી હોએ ભ્રમણા ભંગ, કર્મને કાપેરે,
કહે પ્રીતમ સાધુ સંગ, સદા સુખ આપે રે."[૭૬]

આમ, અમે પણ કહીએ છીએ કે જ્યારે આપણો ન્યાય આપણા હાથે મેળવવાને આપણે શક્તિમાન હોઈએ તો પછી સરકાર પાસે ન્યાય માગવાની શું જરૂર છે ? પણ, દુઃખ ખમવાનું અને ખોટી લાજ–શરમના ત્યાગનું બળ જોઈએ છે. પ્રભુ સૌને તેવું બળ આપો એજ પ્રાર્થના.

સમાજમાં ઘણા વ્યક્તિઓ એવા હોય છે કે તેમનું મન તેમના વશમાં હોતુ નથી અને એવા વ્યક્તિઓ જેવુ વર્તન–વ્યવહાર કરે છે. તેમને કેવાં પ્રકારના વ્યક્તિ ગણવા, તેમને સુધારવા માટે કેવા પ્રકારનો પાઠ ભણાવવો જોઈએ 'તે વિશે પાઠ શું ભણાવવો ?' કાવ્યમાં સમજાવવામાં આવ્યું છે. તે આપણે જોઈએ.

"મન વશ જેને નહીં, ચિત્તનું ઠેકાણું નહીં;
ચિંતા તણો પાર નહીં, તેને શું વખાણવો ?
દુઃખમાં ડૂબેલો છતાં, ઉડાઉપણાની પ્રીત,
રંગ રાગ ખેલે તેને, કેવોક પ્રમાણવો ?
એક ઘડી રાગ રંગ, બીજી ઘડી શોકગ્રસ્ત;
ત્રીજી ઘડી તત્ત્વજ્ઞાન, તે કેવો જણાવવો ?
ઘડીમાં વિચાર કરે, ઘડીમાં ઉદ્ધતપણું,
તેવાને સુધારવાને, પાઠ શું ભણાવવો ?"[૭૭]

વ્યક્તિને સમાજમાં કુસંગથી અધમગતિ તરફની ગતિ સૌથી પ્યારી લાગે છે. તેમને સુગતિ તરફ વાળવાનો પ્રયત્ન કરવામાં આવે અથવા સારી સોબતની વાત કરવામાં આવે એ તેમને રુચતી નથી. પરંતુ કુસંગતિ તરફ જ એના મનની ગતિ આગળ વધે છે. તો આવી કુસંગતિનું શું પરિણામ આવે છે. તે અહીં એક સુંદર સુવિચાર દ્વારા સમજાવવામાં આવ્યું છે. (રા. જામન.)

"સુવિચાર અમીરસ ઢોળે,

મમ ચંચળ ચિત્ત ચ ુ ચગડોળે, દુર્વિચારે દોડ .... સુવિચાર

ચિત્ત ચાતક ચાહે ન અમીરસ, મલીન રસે બહુ ડોલે,

ત્યાગી સુસંગ તરત હંસાનો, કરે કાક સંગ કોડે–સુવિચાર

તજી અમૃત ચૂંથે વિષ્ટા સૌ, સાથ બની એક ટોળે,

અધમગતિ કુસંગે થાતાં, વ્યર્થ હાય શિર ફોડે – સુવિચાર."[૭૮]

જગતમાં નારીનું શું મહત્ત્વ છે ? અને એનું સ્થાન કેટલું છે. નારી કેવાં કેવાં રૂપે પોતાની જવાબદારીઓ નિભાવે છે અથવા પોતાના અસ્તિત્વ થકી ઘરપરિવારને કેવા ખુશ રાખે છે. તેમજ તેમણે કરેલા કાર્યો કેવાં પ્રશંસનીય છે. તે આપણે 'નારી' નામના કાવ્યમાંથી જાણી શકીશું.

"છે. અજબ મોહિની નારી,

જગ વૃત્તિ ખેંચી રહી સારી –

વ્યવહારમાં, પરિવારમાં, ઘરબારમાં, દરબારમાં,

કંકાસમાં, ઉલ્લાસમાં, સુખવાસમાં, વનવાસમાં,

પ્રેમ, ક્ષેમ, નેમ સર્વ માંહી નારી રે

નારી વિણ જગતદશા તો નઠારી રે છે.

શાસ્ત્ર પુરાણ સાહિત્ય સકળ જગ કેરે વસંતિ નારી

ઉન્નિતિ, અવનતિ કેરો બારી, જાણો નર સહુ નારી."[૭૯]

જગતમાં નારીમાં કેવા કેવા ગુણ છે. તે જાણવા માટે આપણે નીચેની પંક્તિ જોઈએ.

"નારી કુળ ઉદ્ધારિણી, સંહારિણી સમભાવ,
મારણ શક્તિ એ વનિતા વળી ભવજળ તારણ નાવ ...."[૮૦]

આપણા સમાજમાં જુલમના બીજ ક્યાં ક્યાંથી નંખાયા અને એવા વ્યક્તિઓની શી સ્થિતિ થઈ તે વિશે સરસ મઝાની ગઝલ આ મેગેઝીનમાં છાપવામાં આવી છે. અહીં એની સમજૂતી પણ આપણા ઇતિહાસના ઉદાહરણ દ્વારા સમજાવવામાં આવી છે અને તેમના કેવાં પરિણામો આવે છે. તે પણ અહીં દર્શાવવામાં આવ્યું છે. જે લોકો જુલમ કરે છે. તેમની પાસેથી ઈશ્વર પણ દૂર ભાગે છે. તે વિશેની સમજૂતી આપી છે.

"અરે અહિં ગેલ કરતું આ, નાનકડું બાલ પંખીડું,
ધરી ચંચુ મહીં દાણો, અહીં તહીં આમ કાં જોતું ?

સમજ ધારી અતિ સાદી, નથી માલેકી પોતાની,
ભલે નિર્દોષ ચોરી એ, છતાં અંતર અરે ડંખે.

નદી તીરે સમી સાંજે, છુપાયો વ્યાઘ્ર છે છાનો,
અતિ બળવાન હોતાં પણ, ધર્યો છે વેષ તસ્કરનો.

બિચારી ગાય ભોળી આ, અરેરે હાય એ આવી,
ગુમાવ્યો જાન વિશ્વાસે, બની શીકાર જાલીમનો.

પ્રથમ અંતર સદા ડંખે, અજુકતું કાર્ય કંઈ કરતાં,
કરો એ કાર્ય વારંવાર, પછી ના ડંખતું અંતર.
ખુની ઝાલીમ ને તસ્કર, દયાહીન રાક્ષસો જગના,
પ્રથમ હો શાંત ને સારા, બને છે દુષ્ટ ટેવાતા.

મનુષ્યો લૂંટતા ફરતાં, રીબવતા દીન દુઃખી ભોળા,
કંકળતાં હા હૃદય કુમળાં, મળે વિશ્વાસઘાતી જ્યાં.

અરે બળવાન નિર્બળપર, સદા ખંજર ચલાવે છે,
સમય આ સત્યનો ના છે, સત્તાનો છે જમાનો આ.

કુમુદિની અહા ખીલી, સરોવરની સપાટીપર,
ધસી ગજરાજ આવ્યો ત્યાં, અરે ચગદી કુમુદિની.

વિલાસો ભોગવે શ્રીમાન, દઈ પગ પેટપર દીનના,
હવસ પૂરો કરે નિશદીન, ગળાં રહેંસી ગરીબોનાં.

નથી નાદીર, નથી તૈમુર, નથી ગઝની, નથી ઘોરી,
ન ઔરંગઝેબની હસ્તી, છતાં કાં જુલ્મ દેખાતો.

ગયા એ સઉ જગતમાંથી, જુલમનાં બીજ વાવીને,
હવે ફૂટ્યાં દીસે અંકુર, અરે માનવ હૃદયમાંહી.

પ્રવૃત્તિ પ્રકૃત્તિને વશ, પ્રકૃતિ સંસ્કારાધીન,
વધે સંસ્કારો રૂડા ત્યાં, સુવિધાની જટહાં વાડી.

સુવિધા વશ ગુરૂ જનને, ગુરૂ ગુલામ લક્ષ્મીના,
લક્ષ્મી વશ હરામીને, હરિ છે દૂર હરામીથી.”[૮૧]

– રા. જામન.

### ❖ ‘સેવક’માં પ્રકાશિત થયેલ સાંસ્કૃતિક લેખો :

વ્યક્તિએ સમાજમાં જીવનની વાસ્તવિક પરિસ્થિતિનો સ્વીકાર કરીને ખુમારીથી જીવન વ્યતિત કરવું જોઈએ. માણસના વ્યક્તિત્વના નિખારમાં ખુમારીએ મહત્ત્વનો

ગુણ છે અને વ્યક્તિઓ વિકસે એ ધ્યાને લઈને એ સમયે 'ખુમારી' શીર્ષકથી કાવ્ય લખાયું છે કે જેથી જેઓ શિક્ષત છે. તેઓ આવા કાવ્યનું વાચન કરે અને પોતાના વ્યક્તિત્વના વિકાસમાં આવા ગુણોને ઉતારે.

"કદી નિન્દા કરી સ્તુતિ, ખરી તે હોવા ખોટી,
શુભાશુભ ફળને દેનારી, નથી પરવા જરી તેની.

અગમ પન્થે અમે જઈએ, જગત્‌થી ના કદી ડરીએ,
ભલે દો માન વા અપમાન, નથી પરવા જરી તેની.

દીઓ બક્ષિસ લાખ્ખોની, ભલે લૂંટો બની રાજી,
નમાવે શિશ જ્યાં કૂબેર, નથી પરવા જરી તેની.

અમારો દેશ ખરે ન્યારો, અકારો વા ગણો પ્યારો,
કળાએ નવ જો તમથી, નથી પરવા જરી તેની

અમોને તો અવિચળ સુખ, તમે કલ્પો મહા તે દુઃખ,
છતાં જો હોય પીડાકારી, નથી પરવા જરી તેની.

રવિ અસ્તિ નથી જગપર, કથે ખોટું એ પામર નર,
ચૂકાવે ન્યાય ઘુવડ–ટોળું, નથી પરવા જરી તેની.

બનો ગાંડા મટી ડાહ્યા, અમારા રાહથી જ ચાલી,
તજી દો સહુ નાહિમ્મત, નથી પરવા જરી કોની." [૮૨]

આપણા સમાજ સંસ્કારની સાથે માનવીએ એવા ગુણોનો વિકાસ થવો જોઈએ કે જેથી તે એક સજ્જન માણસની છાપ ઉપસાવી શકે. વ્યક્તિમાં દયા, સેવા, કાર્ય પ્રત્યેની નિષ્ઠા, વચનબદ્ધતા, લોકસેવા વગેરેના ગુણો તેમણે જીવનમાં જો કેળવ્યા હશે.

તો તે સમાજની પ્રતિષ્ઠિત અને સજ્જન વ્યક્તિના સમૂહમાં પોતાનું સ્થાન મેળવશે. તો આવા લોકોમાં સેવા ધર્મની ભાવના જાગૃત થાય તે હેતુથી મણિલાલ ન. દોશીએ 'સેવાધર્મની ભાવના' કાવ્ય લખ્યું છે. તેમાંથી વ્યક્તિને સેવાભાવના તરફ દોરી શકાય છે.

"ચાલો મિત્રો ! પરહિતતણાં કામ આજે કરીશું,
દુઃખી જે જે નજર પડતાં, દુઃખ તેનાં હરીશું;
શાન્તિ દેવા જિગરબળથી સ્વાર્થનો ભોગ આપી,
રૂઝાવીશું હૃદય વ્રણને દુઃખના હેતુ ટાળી. .... (૧)

આંસુડાં જે નયન ઝરતાં લુછીશું નિજ હસ્તે,
સિંચીશું ત્યાં પ્રણય બળની વારિ ધારાજ પ્રીતે;
શોકે ડુબ્યું વદન નિરખી શાન્તિ તેને દઈશું,
નિમિત્ત જે ઉદ્ભવ થયો નાશ તેનો કરીશું .... (૨)

અજ્ઞાનીના તિમિર પટનો ભંગ કરવા નિમિત્તે,
વિદ્યાનાં જે પ્રબળ કિરણો ફેંકીશું શુદ્ધ ચિત્તે;
દેખી જીવો બળહીન જગે ધરીશું વીર્ય ખંતે,
જેથી તેઓ ધીરજ ધરીને ચાલશે યોગ્ય પંથે. .... (૩)

લોકો માંહે નિરખી અશુચિ દ્વેષ તો ના ધરીશું,
દૃષ્ટાંતેથી શિખવી શુચિતા મેલ જલ્દી હરીશું;
જ્યાં જ્યાં જેવી જરૂર પડતી સેવનાની અમારી,
ત્યાં ત્યાંતેવી અમ હૃદય તો આપશે સેવ ભરી. .... (૪)

'સેવા, સેવા' અવનીતલમાં ધર્મ બીજો ન જાણું,
સેવા ! સેવા ! રટણ કરીને કાર્યમાં તેજ આણું;
સેવાનો તો વિકટ પથ છે તોય તેને ગ્રહીશું,
પ્રાણિસેવા કરી સુગુરુના માર્ગમાં વિચરીશું. ....(૫)"[૮૩]

ઘણા લોકો સેવાને જ પોતાનું જીવન માને છે અને તેથી જ સંસારની ક્ષણભંગુર ચીજ–વસ્તુઓનો ત્યાગ કરીને તેઓ લોકસેવાનો માર્ગ અપનાવે છે અને જીવનના અંત સુધી તેનું પાલન કરે છે. આપણી સંસ્કૃતિમાં એવા લોકોના ઉદાહરણ જોવા મળે છે કે જેમણે સેવા ખાતર પોતાનું પદ, ધન–વૈભવનો ત્યાગ કરીને લોકસેવાનો માર્ગ અપનાવ્યો છે. દા.ત. બુદ્ધ, મહાવીર, સ્વામી વિવેકાનંદ વગેરે એ જીવનમાં મળેલી વસ્તુનો ત્યાગ કરી જીવનના અંત સુધી સેવાને જ અપનાવી હતી.

"લાખો કરોડો વીરલા આ ભૂમિમાં પાક્યા હતા,
અશોક–વિક્રમ–નળ અને રાવણ સમા રાજા હતા;
રવિ–ચન્દ્ર પણ જેના ગૃહે, પ્રકાશ સ્થાને શોભતા,
સાક્ષાત્ ઈન્દ્ર–વરૂણ પણ, એ ભૂપના દાસો હતા.
શુભ રિદ્ધિ ને સિદ્ધિ થકી, સંપૂર્ણ સુખ જે પામતા,
એવા મહા નરવીર પણ, આ વિશ્વથી ચાલ્યા ગયા;
શાશ્વત નથી આ દેહ, ક્ષણભંગૂર કાયા સર્વની,
સ્વીકારી લે તો બન્ધુ ! સત્વર ભાવના 'સેવા' તણી.
જ્ઞાની હતો સંપૂર્ણ ને, રાજા હતો આ વિશ્વનો,
શુભ સ્વર્ગમાં પણ ના મળે, તે સુખ તણો ભોગી હતો;
કિન્તુ, પ્રતિકૂળ પત્નિથી, 'સેવા' નહિ સાધી શકું,
દૃઢ જાણતાં ભર્તુહરિ, નિજ રાજ્યને ત્યાગી દીધું.

પરિહત ને પરમાર્થના, સત્કાર્ય કૈ કીધાં હશે,
'સારો હતો' બસ ! એટલું, કહી કોક પણ સંભારશે;
એવું ભલા ! સત્કર્મ કે, 'સેવા' કદી થાતી નથી,
તો ઈષ્ટ છે તે પ્રાણીએ, ચાલ્યા જવું જગને ત્યજી."[૮૪]

આપણા દેશમાં હિંદુ ધર્મનું અનોખું સ્થાન છે. આપણી સંસ્કૃતિ મહાન છે. તેમાં ધર્મમાં એક વાક્યતા હોવી ખૂબ જરૂરી છે. આપણા દેશમાં અનેક ધર્મના અને અલગ–અલગ જાતિના લોકો વસે છે. પરંતુ એ લોકોને ધર્મની સમજ આપવા માટે ધર્મમાં એક વાક્યતા કેવી હોવી જોઈએ તે બાબતે તેઓને સમજાવવામાં આવ્યું છે.

દેશભક્તિમાં સર્વ ધર્મવાળાઓ ભેગા થઈ શકે છે. હિન્દુ અને મુસલમાન પાછલું વિસારી એક થતાં શીખવા લાગ્યા છે. પ્રેમધર્મ એ જ ખરો ધર્મ છે. સંસાર–સુધારા પરિષદ્ પ્રેમધર્મ ફેલાવે તેના કરતાં કાંઈ પણ બીજું સારૂં કાર્ય નથી. આ પ્રેમની ભાવના ફેલાવવામાં જ સંસારનાં પ્રાણીઓનું કલ્યાણ છે. આજ ખરૂં રહસ્ય છે. એક કવિએ ખરૂં જ ગાયું છે કે –

"બાઈબલ, અવસ્તા, કુરાન અને વેદો,
પત્થર કબાનો, મંદિરો અને દેવળો;
સ્થાપ્યાં હૃદયથકી, સર્વ આ નિશ્ચયે,
સ્વીકાર્યો પ્રેમધર્મ, જ્યારે મેં અંતરે."[૮૫]

આપણા દેશમાં ધર્મ પ્રત્યેની જાગૃત્તતા પણ સાંસ્કારિતામાં આવે છે. ધર્મને વરેલો વ્યક્તિ જીવનમાં પોતાના આચરણમાં ધર્મનિરપેક્ષ ગુણનો સમન્વય સાધીને આચરણ કરતો હોય છે. તેથી તેમાં એક સજ્જન વ્યક્તિને છાજે તેવા ગુણોનો વિકાસ થાય છે. આમ ધર્મથી વ્યક્તિના વ્યક્તિત્ત્વનો વિકાસ થાય છે અને આવા ધર્મને માટે

લોકો વધુ જાગૃત અને સજાગ બને અને આ ધર્મ સાથે વિશેષ પરિચયમાં આવે એવા હેતુથી આપણા દેશમાં 'પ્રાચીન હિન્દુધર્મ' કેવો હતો તેના પર પ્રકાશ પા ો છે. તે આપણે લેખકના શબ્દમાં જ જોઈએ.

"ધર્મમાં અત્યારે અનેક સ્વરૂપે કલ્પાયાં છે. અત્યારે ધર્મની વ્યાખ્યા સહેલી થઈ પડી છે અને અઘરી પણ છે. ખરી રીતે જોતાં ધર્મનું સ્વરૂપ વર્ણવવું એ બહું અટપટું કામ છે અને તેથી ઘણાખરા લોકનેતાઓ જાણે છે કે ધર્મથી સર્વ પ્રકારનું ઉત્તમોત્તમ શ્રેય અવશ્ય થશે છતાં તેની અંદર હસ્તક્ષેપ કરતાં ડરે છે અર્થાત્ ધર્મની બાબતમાં લોકોમાં અતિશય અજ્ઞાન છે અને તે એવું તો સજ્જડ જડમૂળ ઘાલી બેઠું છે કે ખરો સુધારો ત્યાં ફાવતો નથી. ખરા સુધારાને તેની સાથે રહી કામ કરવું જોઈએ પણ તેમ ન થતાં સુધારો કેટલીક વખત લોકોમાં ધર્મના અજ્ઞાનપણાને લીધે કંટાળીને તે ધર્મપર ઘા કરીને પોતાનો વિજય ડંકો તેનાથી જુદી દિશામાં વગડાવે છે. આથી ધર્મ એક બાજુએ રહે છે અને સુધારો બીજી બાજુએ ફાવે છે. જે લોકો 'સુધારા' પર મોહ પામે છે. તેઓ ધર્મનું અજ્ઞાન તજવાને બદલે ઘણી વખત જાતિય ધર્મ તજી દે છે. પરિણામ એ આવે છે કે જેવી રીતે દેશની પવિત્ર વસ્તુ તેનામાં બેડોળપણાના દોષને લીધે તજી દેવાય અને વિદેશી વસ્તુ અપવિત્ર પણ સુંદર મોહક ઘાટ ધરાવનારી હોવાથી, ગ્રહણ કરાય અને તેથી સમગ્ર દેશની જે ખરાબ સ્થિતિ થાય તેવી જ રીતે ધર્મના નામે કેટલાક વહેમોને બદલે આખા જાતિય ધર્મને તજી દેવાથી થાય છે અને જ્યાં ધર્મનું અભિમાન ન હોય, જ્યાં ધર્મનું પાલન ન હોય, જ્યાં પોતાનો અસલ જાતિય ધર્મ તજી દેવાયો હોય ત્યાં સમગ્ર જાતિ નષ્ટ પામવાની અણી પર જ હોય છે. પણ, હિંદુ ધર્મના સંસ્થાપકો અતિશય ચતુર હોવા જોઈએ કે જેથી હિંદુધર્મ તેના એક સ્વરૂપે અત્યાર સુધી ટકી રહ્યો છે. આ હિંદુ ધર્મની ભારેમાં ભારે મહત્તા છે."[૮૬]

## ૪.૧૨ 'નવચેતન' (૧૯૨૨) :

### ❖ 'નવચેતન'માં પ્રકાશિત થયેલ સામાજિક લેખો :

'નવચેતન' મેગેઝીન એપ્રિલ ઈ.સ. ૧૯૨૨માં અમદાવાદથી શરૂ થયું હતું. આ મેગેઝીન શરૂ થયું તે પહેલા સમાજમાં સ્ત્રીઓને શિક્ષિત કરવાની ઝૂંબેશ શરૂ થઈ હતી. તેથી આ મેગેઝીનમાં પણ એ વિષયને ધ્યાનમાં લઈને ઘણા લેખો છપાયા હતા. તેમાંનો 'સ્ત્રી કેળવણી' લેખએ સમાજની સ્ત્રીઓનો સમાજ પરિવર્તનનો મહત્ત્વનો તબક્કો ગણાય છે. તેમાંનો એક તબક્કો છે. સ્ત્રીઓ જો શિક્ષિત હશે. તો ભાવિ નાગરિકો સજ્જન અને શિક્ષિત બનશે, સમાજ શિક્ષિત બનશે અને સમાજવ્યવસ્થા પણ સુઘડ બનશે. આમ, સમાજના પરિવર્તનમાં સ્ત્રીઓની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહી છે. તેથી સ્ત્રીઓને શિક્ષિત બનાવવા માટે સ્ત્રી કેળવણીને મહત્ત્વ આપવામાં આવ્યું છે અને સમાજની બધી જ સ્ત્રીઓને કેળવણી મળે તે હેતુથી વધુને વધુ સ્ત્રીઓ જાગૃત બને તે માટે 'સ્ત્રી કેળવણી'ને લગતા લેખો એ સમયના મેગેઝીન, સમાચારપત્ર વગેરેમાં છપાતા હતા. તેમાંનો આ લેખ આપણને સમાજની નવપરિવર્તનની દિશા બતાવતો સાબિત થશે.

"સ્ત્રી કેળવણીની શરૂઆત થવાને પોણીસદી થવા આવશે. શરૂઆતમાં જે લોકોની વિરુદ્ધતા હતી, તે લગભગ અદૃશ્ય થઈ છે તથા તેની પદ્ધતિમાં પણ કેટલીક સુધરાવટ થયેલી જોવામાં આવે છે. પશ્ચિમ તરફના વિદ્વાનોનું એવું મત હતું કે કેળવણી આપવાનો હેતુ મનુષ્યની બુદ્ધિની શક્તિઓ ખીલવવાનો છે; વહેવારૂ જ્ઞાન તે પાછળથી મેળવી શકે અને છોકરા છોકરીઓને સમાન જ્ઞાન આપવું જોઈએ. આ હેતુનું અનુકરણ આપણે અહીં થયું; પૂર્વ, પશ્ચિમના દેશોની સ્થિતિનો વિચાર થયો નહિ. ઘણા લાંબા

સમય પર્યંત લોકોને કે સરકારને વસ્તુ સ્થિતિ બદલવાનો વિચાર ન થયો. લોકોમાં સ્ત્રી કેળવણી વિષે પછીથી બડબડાટ શરૂ થયો અને કેટલાક વિદ્વાનોને જણાયું કે જે શિક્ષણ અપાય છે, તે સ્ત્રીઓને માટે અયોગ્ય છે.

જર્મની અને યુરોપના કેટલાક બીજા દેશોને ચાલુ પદ્ધતિ ખામી ભરેલી જણાઈ, તેથી તેમણે વિજ્ઞાન અને વહેવારૂ બાબતો અભ્યાસક્રમમાં ઉમેરી. ઈંગ્લાંડના લોકોની તેથી ધીમે ધીમે આંખો ઉઘડવા લાગી અને તેમણે પણ બીજા દેશોના શિક્ષણની તપાસ કર્યા પછી પોતાની પદ્ધતિમાં કેટલોક ફેરફાર કર્યો, તે છતાં પણ આપણું ગાડું તો એક જ ચીલે ચાલતું રહ્યું.

વડોદરામાં સ્ત્રી શિક્ષણની પદ્ધતિ ફેરવવા માટે સન ૧૮૮૦ પછી કેટલાક યત્ન થયા. કન્યાશાળાઓમાં ધોરણોમાં વધારો કરી તેમાં વહેવારૂ અને સ્ત્રીઓને ખાસ ઉપયોગી થાય એવા વિષયો દાખલ કરવામાં આવ્યા. પાકશાસ્ત્રના શાસ્ત્રીય જ્ઞાન સાથે મુખ્ય મુખ્ય નિશાળોમાં રાંધવાનું શરૂ કર્યું ત્યારે ઊંચી કેળવણી પામેલા ગૃહસ્થો પણ હસવા લાગ્યા. એકે કહ્યું કે રાંધવાનું તો છોકરીઓ પોતાની માતાના રસોડામાં ભલી રીતે શીખી શકે, વળી તે કેળવણીનો વિષય પણ નથી. એ વખતે ઈંગ્લાંડ જેવા ધનાઢ્ય દેશમાં આઠસે ઉપરાંત કન્યાશાળાઓમાં રસોઈ, વાસણ માંજવાં, એઠવાડ અબોટ કાઢવા વગેરેનું કામ બાળાઓ કરતી હતી. (હાલ એ કામ ત્યાં અઢી હજાર કરતાં પણ વધારે શાળાઓમાં ચાલે છે) તે વાત જાણવા છતાં પણ અમારા વિદ્વાનો પોતાના મતને વળગી રહ્યા. એજ રીતે જ્યારે ગાયન શીખવવાનું શરૂ કર્યું, ત્યારે પણ નિંદા કરવા લાગ્યા. તેઓ કહે હવે શાળાઓમાં નાચતાં શીખવો એટલે સ્ત્રી કેળવણી ઉત્તમ પ્રકારની થઈ જશે ! પરંતુ બંને વિષયોને લોકપ્રિય કરવા સારૂં એવા ઈલાજ લેવાયા કે ધીરે ધીરે માબાપોનો તે ઉપર પ્યાર વધતો ગયો અને સેંકડો કન્યાઓ તેનો લાભ લેવા લાગી."[૮૭]

ગાંધીયુગમાં નવદંપતીઓ લગ્નની સપ્તપદીમાં એકબીજાને કેવા કેવા વચનો આપે છે તેની અહીં વાત થઈ છે. અહીં કાવ્યમાં ‘ગાંધી યુગનાં દંપતિ’ઓ કેવા વચનો નિભાવશે. તે આપણે અહીં જોઈએ.

**‘લગ્ન સપ્તપદી’**

(૧)

“વર : નવિન યુગના સન્તનાં, સ્હમજી સહુ ફરમાન;
સુંદરી તુજને સર્વદા, દઈશ હું સન્માન.

કન્યા : નવચેતનાના નાથ જે, દિવ્ય દેય સન્દેશ;
પ્રિયતમ ગુંથી જીવનમાં, ગણીશ હું પરમેશ.

(૨)

વર : વિચાર વાણી કર્મમાં, સત્ય તણો કરી સાથ;
સુન્દરી આપણે ચાલશું, ધરી ઉભયનો હાથ.

કન્યા : સાદાઈ ને સરળતા, સર્વ સુખનાં મૂળ;
પ્રિયતમ નિત્યે પાળીને, કેળવશું સહુ કૂળ.

(૩)

વર : માલિક સહુનો એક છે, સાચો સરજણહાર;
સુન્દરી સ્હમજી આપણે, ચાલીશું સંસાર.

કન્યા : જુદાં જુદાં નામ પણ, આખર એકજ એક,
પ્રિયત્તમ દિલથી ચાહીશું, સહુને ધરી વિવેક.

(૪)

વર : સ્વતંત્રતાનાં અંગને, સ્વાશ્રયનો અભયાસ;
સુન્દરી જીવન ગુંથીશું, જે પ્રભુતાની પાસ.

કન્યા : દેશી જીવન જીવતાં, વિકાસ વધતો થાય;
પ્રિયતમ સાથે સ્હમજીશું, સાચો એજ ઉપાય.

(૫)

વર : ઉજળું ઉજળું કાંતતાં, ઉજળું ગૃહ જીવન;
સન્દરી લેશું લ્હાવ એ, ધરી દેશ હિત મન.

કન્યા : પિંજું–કાંતું નિત્ય હું, વણું ખાદીનાં પાન;
નિરખી પ્રિયતમ પહેરતાં, બલીશ હું ગુલતાન.

(૬)

વર : જાડાં તો પણ દેશનાં, પવિત્ર વસ્ત્ર ગણાય;
સુન્દરી પહેરી નિત્ય એ, જીવન ધન્ય જણાય.

કન્યા : વિલાસ જે પરદેશના, સઘળા કરવા દૂર
પ્રિયતમ સાદા જીવનમાં, જોશું જીવન નૂર.

(૭)

વર : સકળ દેવની સાક્ષીમાં, નિશ્ચિય આ અણમોલ;
પત્નીવ્રત પાળું સદા, જીવનનો એ કોલ.

કન્યા : ગાંધીજી ગુણ ગાનથી, કરૂં પ્રતિજ્ઞા આજ;
પ્રતિવ્રતાના ધર્મના, સજીશ સર્વે સાજ."[૮૮]

### ❖ 'નવચેતન'માં પ્રકાશિત થયેલ સાંસ્કૃતિક લેખો :

આપણા સમાજમાં વ્યક્તિના વ્યક્તિત્વનો વિકાસ કરવો એ એક સંસ્કાર છે. એક સજ્જન વ્યક્તિના વ્યક્તિત્ત્વના પાસાને ઉજાગર કરતાં કેટલાંક ગુણો તેમણે તેમના જીવનના આચરણમાં ઉતારેલા હોય છે અને તેથી જ તે વ્યક્તિને તેવાં ગુણો બીજા વ્યક્તિઓથી અલગ પાડે છે. તો એક સારા વ્યક્તિ તરીકે છાપ ઉપસાવવા અને ઉન્નત જીવન વ્યતિત કરવા માટે વ્યક્તિ પોતાના જીવનનું ઘડતર કરે છે અને તેમાંના અમૂલ્ય ગુણોનો પોતાના આચરણમાં લઈ તેનો વિકાસ કરે છે. તો તેવો જ એક 'સમર્પણ'નો ગુણ વ્યક્તિમાં હોવો જોઈએ તે વિશે અહીં આપણે જોઈશું.

"પ્રભુ ! મારી વાત કોઈ પાસે કહેવાય એવી નહિ હોવાથી તારી પાસે જ કહું છું. તારી પાસે કંઈ માગવાનું છે. મનમાં એમ ન કંટાળો લાવીશ કે વળી આ નવો માણસ ક્યાંથી જાગ્યો ? તારો તો હું માગણજ છું. માગું તે આપીશ કે નહિ તેની શંકા થયા કરે છે એટલે જ ઢીલ કરૂં છું. પણ હવે હું હિંમત રાખીશ.

અગાધ જળથી ભરેલા આ સમુદ્રમાં આમતેમ અફળાતા આ મારા નાવનું સુકાન પકડવાનું હું છોડી દઉં છું અને સુકાની હોવાનો દાવો પણ છોડી દઉં છું. હું બીનઅનુભવી છું છતાં પણ સુકાન પકડવાનો દુરાગ્રહ રાખતો હતો. વમળની લગોલગ આવી પહોંચતા માંડ માંડ તેમાંથી બચી ગયો. ત્યારથી સુકાન તનેજ સોંપી દેવું એવો મેં નિશ્ચિય કર્યો છે. સુકાન તને સોંપ્યા પછી હું નિશ્ચિત થઈશે. ડુબાડજે કે તારજે. ડુબીશ તો પણ તારા ઉપરથી આ જીવન ધોળયું કરીશ અને મૃત્યુની ઝેરથી ભરેલી પ્યાલી તારૂં નામ લેતાં લેતાં સુખે પી જઈશ."[૮૯]

## ૪.૧૩ 'ધર્મપ્રકાશ' (વિ. સં. ૧૯૧૫) :

'ધર્મપ્રકાશ' નામનું સામાયિક વિક્રમ સંવત ૧૯૧૫ માં અમદાવાદથી પ્રકાશિત થયું હતું. તેના પ્રથમ પૃષ્ઠ પર પુસ્તક–નંબર, વિક્રમ સંવત સાલ, અંક નંબર અને એક દોહરો છાપવામાં આવતો હતો જે નીચે મુજબ છે.

"મનુષ વૃક્ષનું ધર્મ મુળ, થડ નીતી, સત ડાળ;
પત્ર પુન્ય, ફળ મુક્તિ છે, મૂળ શિયો વૃદ્ધ બાળ."[૯૦]

તથા પ્રગટ કરનાર સભાનું નામ તથા ક્યાં છાપખાનામાં છપાયું છે. તેની વિગત આપવામાં આવતી હતી.

❖ **'ધર્મપ્રકાશ'માં પ્રકાશિત થયેલ સામાજિક લેખો :**

સમાજમાં પરસ્ત્રીનો સંગ સેવવો એ પાપ માનવામાં આવે છે. જે સમાજમાં આ દુષણ છે. તેને દૂર કરીને સમાજસુધારાના હેતુ સાથે પરસ્ત્રીના સંગથી કેવી અધોગતિ થાય છે. તે 'પરનારી સંગ દોષ' લેખમાં વર્ણવ્યું છે. તે આપણે જોઈશું.

"ઓ અવિવેકી આત્મા તું પરનારી દેખીને શીદ ચિત્ત ચળાવે છે. પરનારી વિષ વિષધરના વિષથી વિષમ છે. વિષધરનું વિષ તો દેહે દંશ કરતાં ચઢે છે અને પરનારી વિષતો ચિત્તમાં ચિતવતાં ચટ કરી ચઢે છે. વળી વિષધરનું વિષ તો પ્રાણ જ એકલો લેઈને પલાયન થાય છે અને પરનારી વિષ તો પ્રિય પ્રાણની સાથે શરીરનું સામર્થ્ય, મતિ, કીર્તિ, કાંતિ, સત્કર્મ, ધર્મ, ધનાદિકને લેઈને પલાયન થાય છે. માટે વિષધરના વિષથી મહાભારી પરનારી વિષ છે. પરનારી શું પ્રીતિ કરતાં કીચક, લંકાપતિ આદિ પુરૂષોયે પોતાની કોમળ કાયામાંથી પ્રિય પ્રાણ પારકે હાથે હણ્યા છે. તો તું તુચ્છ તે કેમ

કરી ઊગારી શકશે. માટે મોટો વિચાર વિચારીને ચંચળ ચિત્તને ચાંપી રાખજે. વળી પરનારીને નિરખતાં કુકર્મ કરનારા કામીની કંચન જેવી કાયામાં કાળ જેવા વિકરાળ કામાગ્નિની માલની ઝડપે કરી તનનું તમામ વિત્ત તપીને કાંણા કુંભના પાણીની પેઠે ગર ગર ગર ગળતાં ગળતાં સુંદર શરીરનું સામર્થ્ય જાય છે. વળી પર્યત ઊપર પડેલું પાણી ઝરી ઝરીને જેમ જતુ રેહે છે. એમ કૂડા કામીની બધી બુદ્ધિ બગડી બગડીને જતી રેહે છે. પરનારીનો સંગી ચાહે તેવો ચતુર હોય કે વિદ્યામાં વખણાતો હોય, પણ તેને શાણા સંતની સાથે મોટું માન મુદ્દલ મળતું નથી તથા તેનો દેખાતો દોષ દેખીને દેશી પરનાર્ય લોકો તુરત તિરસ્કાર કરે છે, એથી એની ઉજળી કીર્તિ વીજળીની જેમ જતી રેહે છે.

પરનારીનો સંગ કરવાથી શરીરમાં રાજરોગનું રાજ જામે છે. કામીની કાંતિ કાળા કોયલા જેવી થઈ જાય છે. અગ્નિની આંચ જાણી પાત્રથી પારો ઉડી જાય છે, એમ પરનારીને અડકતાં યાત્રા, યોગ, સંયમ, નિયમ, જપ, તપ, દયા, દાન, ધ્યાન, સન્માન, ગાન, વિજ્ઞાનનાં પડે ઉપાર્જન કરેલું સર્વ સત્કર્મ ઉડી જાય છે. પેદા કરનારા પરમેશ્વરનો જાપ કરનારા નિદંક નાસ્તિકોની ટોળિયે માન ખંડેલો પંડિત જેમ જતો રેહે છે, પરનારી સાથે વ્યભિચારનો વિચાર વિચારતાં ધર્મ જતો રેહે છે. રંગમાં રાજી થયેલો લુચ્ચો માણસ એક ઈન્દ્રિયના તુચ્છ સુખની તૃષણા માટે પોતાના પિતાયે પૈદા કરેલી પુંજી પાર મુકે છે. એવા ઉપલ્યા દોષ તેમાં આણીને તારે કદી એવું કામ કરવું નહિ.

હવે તું ઈન્દ્રિય શત્રુઓને તથા જતન કરજે. તું ઈન્દ્રિયોને જીતીશ તો ઈન્દ્રિયો તારે વશ થશે અને ઈન્દ્રિય તને જીતશે તો તું ઈન્દ્રિયો ને વશ થઈશ. શરીર રથમાં બેસીને તેય થોડાને તું વશમાં નહિ રાખુ તો આત્મા તું નરક સાગરમાં પડીશ. ઈન્દ્રિય સુખમાં આશક્ત થયલા પ્રાણી માર્યા જાય છે. કાન ઈન્દ્રિયના સુખને લોભે મૃગ મારયા જાય છે. ત્વચા ઈન્દ્રિયા સ્પર્શ સુખને માટે હાથી મારયા જાય છે. નેત્ર ઈન્દ્રિયના રૂપ સુખને લોભે

પતંગિયા મારયા જાય છે. જીભ ઈન્દ્રિયના રસ સુખને લોભે મત્સ્ય મારયા જાય છે. નાક ઈન્દ્રિયના ગંધ સુખને લોભે ભમરા મારયા જાય છે. વિષયને લોભે સત્પુરૂષ પુરૂષ થઈ જાય છે. પણ જે પુરૂષનું ધર્મ ધન વિષય ચોરોયે લુ ું નથી તેના રૂપ દેવ જેવો દેખાય છે."[૯૧]

સમાજમાં લોકોઓને વિવિધ વ્યસનોની લત દિવસેને દિવસે વધતી જાય છે. તો આવા વ્યસનોને કારણે લોકોને કેવાં કેવા માઠાં પરિણામો ભોગવવા પડે છે. તેની વિગતે ચર્ચા 'વ્યસન વિષે' લેખમાં આપણે જોઈશું.

"ઘણા ધર્મોનાં ધર્મ પુસ્તકોમાં વ્યસનને નિદ્યું છે. તેનું કારણ એ છે જે વ્યસન મનુષ્યની બુદ્ધિને બિગાડે છે. વ્યસની પુરૂષનું મન આત્માના વશમાં રેહેતું નથી અને નકરવાનું કામ કરે છે. જેમ દીવાની જ્યોતિ વાયુના વેગથી દોલાયમાન થાય છે. એમ વ્યસનીનું મન વ્યસનથી દોલાયમાન થાય છે. તેથી એકે શુભ કામના વિચાર ઊપર સ્થિર રહેતું નથી. કોઈ વખત ક્રોધમાં આવે છે, ત્યારે ભવિષ્ય ફળનો વિચાર કર્યા વગર એકદમ કામ કરીને પછી પશ્ચાતાપ કરે છે. જેમ લાગતા અગ્નિમાં પાણી રે ાથી અગ્નિ જતો રહે છે, એમ જાગતા શરીરમાં વ્યસન રે ાથી બુદ્ધિ જતી રેહે છે. જે અવગુણો વ્યસનના પદાર્થોમાં રહ્યા છે. એ અવગુણો વ્યસનીના શરીરમાં ઘર કરીને રેહે છે. જેમ ભોળા માણસો ચોરનો વિશ્વાસ કરીને પોતાનાં લુગડાં ખુવે છે. એમ મૂર્ખ માણસો વ્યસનનો વિશ્વાસ કરીને પોતાનો સદ્ગુણ ધર્મ ધનાદિક ખુવે છે.

વાઘના કરતાં વ્યસન ઘણું વસમું છે. વાઘ તો એકદમ કોળિયો કરી જાય છે અને વ્યસન તો રીબાવી રીબાવીને ખાય છે. ઘણાએક પુરૂષો વ્યસની થઈને ટાંટિયા ઘસે છે. તેમને ખાવા બેશેર બાજરી પણ મળવી મુશ્કેલ પડે છે. અરે એ વ્યસની માણસો કેવાં છે કે ત્રણેકાળે ભૂત નથી તે વળગવાની મોટી બીક રાખે છે અને વ્યસન રૂપી જાગતો ભૂત

વળગવાની બીક રાખતા નથી એ મોટી અણસમજણ છે. આપણો મુખ્ય ધર્મ ગ્રંથ જે મનુસ્મૃતિએ તેમાં વ્યસનનું ઘણું માઠું ફળ કહ્યું છે.

"व्यसन स्यचमृत्योश्च व्यसनं कष्ट मुश्चते ।
व्यसन्यधो धोव्रजति स्वयत्यि व्यसनी मृतः ॥"[૯૨]

અર્થ : "માણસોને મોતને વ્યસન એ બે દુઃખ છે. તેમાં જ એ મોટું દુઃખ છે. અવ્યસની પુરૂષને મોત તો મારે છે પણ સ્વર્ગમાં પાડે છે અને વ્યસનીને વ્યસન તો મારીને નરકમાં નાંખે છે તેથી સમજુ પુરૂષોયે વ્યસન કરવું નહિ."

સમાજમાં ઘણા વ્યક્તિઓ એવા હોય છે. તેઓ કાર્ય કશું કરતા નથી પણ આળસ કરે છે. તો આવા આળસ કરનારા માણસો કેવાં પરિણામો ભોગવે છે. તેને જુદાં–જુદાં ઉદાહરણો દ્વારા 'આળસ વિષે' કાવ્યમાં વિસ્તારથી સમજાવ્યું છે. તે આપણે લોકોને બોધ મળે એ હેતુથી એ કાવ્યને નીચે મુજબ જોઈશું.

"અવગુણ આળસમાં આળસમાં નથી ગુણે આળસના રસનો
સરજનહારે સૂરજ સરજ્યો સહુના ઊદ્યમ સારૂ.
આંખ મીચીને દિવસે ઊંઘે એને તો અંધારૂ .... અવગુણ.
ભણ્યો હોય તે સઘળું ભૂલે વેપારી તે ડૂબે.
ખેતી કરતાં આળસ રાખે તે ખેતરમાં શૂબે .... અવગુણ.
આળસુ હોય છે એ અધિપતિની, પ્રજા પીડા બહુ પામે.
શસ્ત્રધારી આળસમાં રહે તે ના જીતે સંગ્રામે .... અવગુણ.
સાધનવાળા સિદ્ધ ન થાયે જોગ ન ધામે જોગી.
વૈદ્યક વિદ્યા ભણ્યો આળસું વૈદ્ય હોય છે રોગી .... અવગુણ.

એવા અવગુણ અનેક એના કહેતાં પાર ન આવે.

જન છોટમ કહે આળસ મૂકી પ્રભુ ભજોને ભાવે .... અવગુણ."[૯૩]

એ સમયે સમાજમાં સ્ત્રી શિક્ષણ ખૂબ જ નીચું હતું. સ્ત્રીઓને માત્ર ઘરકામ અને બાળઉછેરની જવાબદારી જ આપવામાં આવતી, પરંતુ આ સ્ત્રીઓ અશિક્ષિત હોવાથી બાળકોમાં સારા સંસ્કાર ઘડતરનું ખૂબ નીચું પ્રમાણ રહેતું. આ તે સમયના વિદ્વાનોને થોડો થોડો ખ્યાલ આવતો ગયો કે સ્ત્રીઓ પાસે જે બાળઉછેરની જવાબદારી છે. તે સૌથી મહત્ત્વની છે. તેના કારણે આપણા દેશના વિકાસનો મદાર આ સ્ત્રીઓ પર છે. જો તેમને શિક્ષિત જો કરવામાં આવે તો સમાજમાં ઘણું પરિવર્તન લાવી શકાય એમ છે અને દેશના વિકાસમાં ઘણો મોટો તફાવત લાવી શકાય છે. એમ જાણતા 'સ્ત્રી વિદ્યાભ્યાસ વિષે' લેખમાં સ્ત્રીઓને શિક્ષિત કરવાનું મહત્ત્વ અપાયું છે. તે જોઈશું.

"ઉમરેઠની 'વિદ્યાવર્ધક સભા'માં સ્ત્રીઓને ભણાવવી કે નહિ તે વિષે કેટલાક દિવસથી વિવાદ ચાલતો હતો તેનો છેવટ નિર્ણય કરવાને માટે સભાનો ઠરાવ થયેથી તે સભાના મંત્રી ભાઈ હરગોવિંદ જાદવજીયે બધો તુમાર અમારી ધર્મ સભા ઊપર મોકલાવીને છેવટ અભિપ્રાય માગ્યો છે. તુમાર જોતાં કેટલાક શાસ્ત્રીયો અને પુરાણીયો સ્ત્રી કેલવણીની તરફેણમાં છે. માત્ર નાથજી પુરાણીયે સામો અભિપ્રાય આપ્યો છે. નાથજી પુરાણીયે સામી તકરાર લીધી નહિ હોત તો હિંદુ શાસ્ત્રનો અભિપ્રાય શું છે તે જાણવાને વાસ્તે બીજા શાસ્ત્રીઓએ વધારે યત્ન કરયો હોત નહિ અને તેથી કરીને સ્ત્રીઓને વિદ્યાભ્યાસ કરાવવો એવો શાસ્ત્રનો નિર્ણય છે. એવી બધાયની ખાતરી થઈ તેવી થાત નહિ. કેમકે કેટલાક મતલબિયા લોકોયે કોઈ કોઈ પુસ્તકોમાં પોતાના અભિપ્રાયને મળતા વિચાર ચગદી ઘાલેલા તેથી ઘણાના મનમાં ઢચુપચું થાત. પણ વિવાદ થએથી અંદેશા રૂપી મનનો કચરો ધોવાઈ જાય છે.

નાથજી પુરાણી અમદાવાદ આવ્યા ત્યારે સભામાં એમની સાથે એ વિષે વિવાદ થયો હતો એમની વિવાદ કરવાની રીત ઠીક છે. એમનો અભિપ્રાય સ્ત્રીયોને વિદ્યાભ્યાસ કરાવવાનો છે એવું કબુલ કરે છે પણ વિવાદની ખાતર પોતે જાણી બુજીને સામી તકરાર લીધી હતી. આવી રીતે તકરાર કરવાની રીતિ અસલથી ચાલી આવે છે અને તેજ લોકોમાં વિવાદ કરવાને જ વાસ્તે સ્થાપેલી સભાઓ છે.

ગમે તે એક વિષય પક ો તેની તરફેણમાં કેટલાક થાય અને કેટલાક સામા થાય જેમ “સાચું બોલવું કે નહિં” એવી એક બાબત ઠરાવી તેમાં કેટલાક “સાચું બોલવા વિષેની દલીલો આપે અને કેટલાક” સાચું નહિ બોલવા વિષેની આપે. આખરે બધાની તકરારની તુલના કરીને એક નિશ્ચિય થાય. તે એવો કે પછીથી ઘણું કરીને કોઈના મનમાં અંદેશો રેહે નહિ.

નાથજી પુરાણીયે વીવાદ ચલવ્યો તેથી સ્ત્રીયોને વિદ્યાભ્યાસ કરાવવાની બધાની ખાતરી થઈ તેથી એ પુરાણીને એમ સાબાસી આપીયે છિયે અને ઉમરેઠ સરખા ગામનાં ચાર વિદ્વાનો એકઠા થઈને આવી ઊપયોગી બાબતો વિષે પોતાનો અભિપ્રાય આપે છે. એ પણ ખુશી થયા જેવી વાત છે.

સ્ત્રી કેળવણીની સાબિતીને વાસ્તે અમારા તરફથી અમે હાલમાં થોડીક બાબત નીચે દાખલ કરિયે છિયે. સ્મૃતિ પુરાણાદિક પુસ્તકોમાં લખ્યું છે કે સ્ત્રીયોને વેદ ભણાવવા નહિ. પણ વેદવિના બીજી તમામ વિદ્યાઓ ભણાવવાનો નીષેધ એ પુસ્તકોમાં કરયો નથી. જે સંસ્કૃત હિંદુ ધર્મનાં પુસ્તકો ભણેલા છે તે આ વાત જાણે છે. જે બ્રહ્મણ અગ્નિહોત્ર કર્મ કરે છે તે બ્રાહ્મણની સ્ત્રી વેદનો એક અધ્યાય સ્વર સહિત ભણે છે અને એ બ્રાહ્મણ જો કઈ ગ્રામોતર ગયો હોય તો એની સ્ત્રી વેદનાં મંત્ર ભણી અગ્નિહોત્ર હોમે

છે. સ્ત્રી અને પુરૂષ બેનું જોડું મળીને જ વેદો કર્મનો અધિકાર છે. વેદમાં લખ્યું છે કે એક ગાર્ગી નામે સ્ત્રી વેદનાં જ્ઞાન કાંડમાં ઘણી જ પ્રવીણ હતી. તેથી જ મદાલ સાદિક સ્ત્રીયો વેદોક્ત જ્ઞાનમાં પ્રવીણ થઈ ગઈ છે.

પૂર્વે તમામ સ્ત્રીઓ વિદ્યાભ્યાસ કરતી હતી. જે સમયથી ભરતખંડમાં મુસલમાન લોકો પ્રબળ થયા અને હિંદુલોકોને તેઓ પીડા કરવા લાગ્યા તે સમયથી હિંદુથી સ્ત્રીયોનો વિદ્યાભ્યાસ ગયો છે. તેથી હાલના કેટલાક લોકોને સ્ત્રીયોને વિદ્યાભ્યાસ કરવો એ નવાઈ જેવું લાગે છે. પણ જે પુરૂષો પ્રાચીન સમયમાં રચેલાં સંસ્કૃત પુસ્તકોને જાણે છે. તેમને આ વાતની નવાઈ નથી. મુસલમાનોના અમલમાં સ્ત્રીયોનો વિદ્યાભ્યાસ ગયો છે તે પણ ગરીબ લોકોમાં પણ રાજા લોકો તથા વૈશ્ય અને ઊત્તમ જાતીના બ્રાહ્મણ લોકોમાં સ્ત્રીયોને વિદ્યાભ્યાસ કરવાનો ચાલ થોડો થોડો પણ ચાલુ રહ્યો છે. વિદ્યાભણ્યાથી બુદ્ધિ તથા ભાગ્ય ઊઘડે છે પૂર્વે સ્ત્રીયો વિદ્યા ભણતી હતી. તેના દાખલા જે તે ગ્રંથોમાં લખ્યા છે."[૯૪]

આપણા સમાજમાં ઘણા પાંખડી લોકો હોય છે. તેઓ અંદરથી કંઈક ઓર અને બહારથી કંઈક ઓર દેખાવાનો પ્રયત્ન કરે છે. તો આવા લોકોથી સમાજના લોકો ન ભોળવાઈ અને ચેતી રહે તે હેતુથી 'પાખંડ પ્રવૃત્તિ' નામના લેખમાં પાંખડ પ્રવૃત્તિ કોને કહે છે ? અને એવા પાંખડીઓથી ભોળા લોકોએ કેવી રીતે બચીને રહેવું જોઈએ. તે વિશેની વિગતો નીચે મુજબ છે.

"દુનિયામાં મ્હોટા મ્હોટા લોકો પણ પાખંડની ભુલવણીમાં ભમ્યા છે તે લોકો પોત પોતાના મન સાથે વિચાર કરતા હશે કે અમારા જેવા ડાહ્યા શ્યાણા આદમી કોઈ નથી પણ પોતાનો દોષ વિચારતા નથી કે આપણે અસલ માર્ગ છોડીને નકલ માર્ગને

બાજ્યા છિયે પણ એથી આખર કેવો થશે ને કેવાં કેવાં દુઃખનો અનુભવ કરીશું આવો વિચાર મન સાથે ન લાવતાં કુભાંડીઓ જે જે કુમાર્ગો દેખાડે છે. તેને અનુસરીને અને તેનેજ સાચો માનીને તે પ્રમાણે વર્તે છે ને પોતાના મનમાં ધારે છે કે આથી જ આપણે તરી જઈશું કેમકે ખોટો અસર છોડીને સાચામાં આપણે ભળ્યા છિયે. એવું વિચારીને આખો જનમારો કુટાયાં જાય છે પણ કોઈ દહાડો તરવાનો વખ્ત આવતો નથી તો પણ તેને સાચોને સાચો જ માને છે. જો એમ નહિ માનતા હોય તો તે માર્ગને કેમ દૂર કરતા નથી ? પણ ભોળા લોક ભરમાયાં જાય છે ને અંત્યે પાર પણ પામતા નથી. એ વાતમાં તે બીચારા અજ્ઞાની લોકોનો શો વાંક છે. તેનો કઈ કહિ શકાતો નથી પણ તેને જાુઠાં જાુઠાં ગપ્પાં મારીને ભોળવનારા જે ઢોંગી લોકોથી તેનો ઊદ્ધાર તો કોઈ કાળે થનારો નથી. કેમકે શાસ્ત્રમાં પણ જાુઠું બોલવું ઘણું જ નિષિદ્ધ છે. ને તે લોકો પોતાની મૂર્ખતાથી અવશ્ય કરીને હંમેશા કરયાં જાય છે માટે એવું ધારયામાં આવે છે કે પરમેશ્વર સાચાનો સંગી છે પણ જાુઠાનો નથી. એવું જાુંઠું બોલવાથી જે લોકો પેટ ભરે છે અને એટલા જ માટે સાચાનું જાુઠું અને જાુઠાનું સાચું કરતાં ડરતા નથી ને પરમેશ્વર તરફનો પણ કઈ જ ભય રાખતા નથી."[૯૫]

❖ **'ધર્મપ્રકાશ'માં પ્રકાશિત થયેલ સાંસ્કૃતિક લેખો :**

આપણી સંસ્કૃતિમાં 'ઉપકાર'નો ગુણ હોવો ખૂબ જ મહત્ત્વની મોટી વાત છે. જે લોકો ઉપકારનો ગુણ પોતાના જીવનમાં ઉતારે છે. તેઓ આખા જગમાં પ્રસિદ્ધિ મેળવે છે. તેના ઉદાહરણ સાથે સમજાવતું કાવ્ય 'ઉપકાર વિશે' જોઈએ.

"જગ જાહર જસ તેહનો જેને પર ઉપકાર,
સર્વેના સુખ કારણે શોધી કાઢ્યો સાર,
શોધી કાઢ્યો સાર વધારી વિદ્યા જેણે,

મનુષ્ય તણો વ્યવહાર અધિક ઓપે છે એણે,
કહે છોટમ સહુજન થાય શીખીને માહર,
જેને પર ઊપકાર તેહનો જસ જગ જાહર.
સફળ કમાઈ શોભતી જે ઉપકારી હોય,
લોભી બીજા લોકનું નામ ન જાણે કોય,
નામ ન જાણે કોય જવાના ઠાલે હાથે,
વશ્યો હશે ધનમાલ જશે નહિ તે કોઈ સાથે,
કહે છોટમ સુવિચાર કરી લે એવો ભાઈ,
જેને પર ઊપકાર શોભતી સફળ કમાઈ.
પર ઊપકારી જે થયા તે સગળે વિખ્યાત,
કર્ણ દધિચી માઘ બળિ પાંડવ પાંચે ભ્રાત,
પાંડવ પાંચે ભ્રાત ભોજ વિક્રમ નૃપ જેવા,
સાચાં જસને સમગત થયા બહુ આગળ એવા,
એ પુરૂષોની આજ કરે સહુ કીર્તી સારી,
છોટમ તે વિખ્યાત થયા જે પર ઊપકારી.
વૃક્ષ વિશામા વાવડી તેવાં કૂપ તલાવ
અન્ન છત્ર ઉત્તમ અધિક પુલ મારગ બંધાય,
પુલ મારગ બંધાય ધર્મશાળાઓ સારી,
વિદ્યા વિવિધિ પ્રકાર સુધારે નરને નારી,
કહે છોટમ એ ધર્મ કર્મ બીજા સહુ ભામા,
તેવાં કૂપ તલાવ વાવડી વૃક્ષ વિશામા.
સર્વ જીવને સુખ થયા કષ્ટ સહેજન કોય,

એવું તપ એકે નહિ જો હૈયું શુધ હોય,
જો હૈયું શુધ હોય પંથ પરમારથ ચાલે,
ઉભય લોક આનંદ કોય કાંડે નય ઝાલે,
કહે છોટમ જય હોય કરેજો તજી ગર્વને
કષ્ટ સહે જન કોય થવા સુખ જીવ સર્વને."[૯૬]

## 'ધર્મપ્રકાશ' ચોપાનિયું

વિ.સં. ૧૯૧૫ના મહા વદ ૧૦ ને રોજ સભા ભરાઈ હતી. તે વખતે સભાના તરફથી એક ચોપાનિયું કાહાડવા રણછોડભાઈ ઊદેરામે અભિપ્રાય આપ્યો તે ઊપર ધ્યાન આપવાથી તેજ સાલના શ્રાવણ માસથી 'ધર્મપ્રકાશ' એવા નામથી ચોપાનિયું કાહાડવાનું શિરૂ કરયું. આ કામને વાસ્તે શાસ્ત્રી વ્રજલાલ કાળીદાસને ઠરાવ્યા તથા ભાઈ મનુસુખરામને મદદ કરવા મુકરર કરયા તેમાં ઠરાવ એવો કરયો કે ચોપાનિયાની ઊપજમાંથી જે નફો રહે તેમાંથી રચનારની મહેનતના બદલ જેટલું નિકળી શકે એવું હોય તો ²/૩ ભાગ શાસ્ત્રીને આપવા અને ¹/૩ ભાઈ મનસુખરામને આપવો પણ ભાઈ મનસુખરામે સર્વ નફો શાસ્ત્રીને આપવાનો અને પોતાનાથી બનતી મદદ તેમને કરવા કહ્યું.

ચોપાનિયાના ગયા ભાદ્રપદ માસ સુધી ૧૨ આંક નિકળી ચુક્યા છે તે રચવામાં શાસ્ત્રી વ્રજલાલ કાળીદાસે પોતાનાથી બનતી મેહેનત લીધી છે તેથી એ મહારાજનો સભા ઊપકાર માને છે અને આશા રાખે છે કે નવા વર્ષમાં એથી પણ સારી મેહેનત લઈ સર્વને પસંદ પડે એવી તરેહથી ચોપાનિયાં કાહાડશે. લખવાને દિલગીરી ઊપજે છે કે ધર્મપ્રકાશને હિંદુઓના તરફથી જોઈએ તેવી મદદ બિલકુલ મળી નથી ચોપાનિયાંના

આખર થતા વર્ષમાં સર્વ મળીને ૨૭૫ ગ્રાહકો હતાં તેમના તરફથી લવાજમ પેતે ૧૧૮–૮–૬ ઊપજી છે અને ૯૦–૯–૬ રૂપિયાની ઊઘરાણી બાકી છે તે સર્વ આવશે એવો બરાબર ભરૂશો નથી. ચોપાનિયું રચનારની મેહેનતના ગણતાં સર્વ મળીને ૧૨૫–૮–૧ નો ખચ્ચ થયો છે. તેમાં શીપાઈનો પગાર પણ ગણવામાં આવ્યો નથી."[૯૭]

## ૪.૧૪ ‘સાબરમતી’ (વિ.સં. ૧૯૭૮) :

❖ **‘સાબરમતી’માં પ્રકાશિત થયેલ સામાજિક લેખો :**

‘સંસ્કૃતિના રક્ષક’ નામનો લેખ મનનીય વ્યાખ્યાન શ્રી રાજગોપાલાચારીએ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ સમક્ષ પ્રથમ સત્રના આરંભમાં આપેલું એક મિત્રે સંઘરી રાખ્યું હતું તે અત્યારે અહીં રજૂ કરીએ છીએ. આટલું મોડું છતાં એ વ્યાખ્યાનનો રસ નિત્યનૂતન છે એમ સમજી એને કાયમનું રૂપ આપવું ઉચિત ધાર્યું છે.

“તમારા ધર્મ વિશે હું તમને મ્હોડાનો તાત્વિક ઉપદેશ કરવા નથી આવ્યો, પણ જે સાવ વ્યાવહારિક વસ્તુ છે તે તમારી આગળ મૂકવા આવ્યો છું, વેર, ક્રોધ અને પજવણીની હીન વૃત્તિઓ, છોડી પ્રેમ કેળવવો અને પ્રેમને ખાતર બલિદાન આપવું એ અશક્ય નથી, પણ સાવ વહેવારૂ છે. તમે વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ એવો વિશુદ્ધ પ્રેમ કેળવજો. એવો પ્રેમ એ જ અહિંસા છે. તમારા પોતાના હૃદયમાં તમે પ્રેમની જ્યોત જગાવશો તો જ તમારા પોતાના હૃદયમાં તમે પ્રેમની જ્યોત જગાવશો તો જ તમારા શત્રુના હૃદયમાં પણ પ્રેમ જાગૃત કરવાની તમારી આશા સફળ થશે. કોઈપણ પ્રસંગમાં અને કોઈપણ કાળે તમે આનો પ્રયોગ કરી જોજો. તમારી મનોવૃત્તિ પ્રેમમય થતી જશે તેમ સામા પક્ષમાં પણ એનું પ્રતિબિંબ પડતું તમને જણાશે. મારી તમને સલાહ છે કે આ સત્ય તમે પ્રયોગથી સિદ્ધ કરી જ લેજો કે જેથી આગળ ઉપર તમારો નિશ્ચય કદી પણ ડગવા ન પામે.”[૯૮]

આપણે જો આપણા સમાજને શિક્ષિત બનાવવો હશે તો તેને કેળવણી આપવી પડશે. પરંતુ લોકો સુવ્યવસ્થિત રીતે સમજી શકે તે માટે તેને શિક્ષણ કઈ ભાષામાં અને કેવી રીતે આપવું જોઈએ તે મહત્ત્વનું છે. જ્યારથી કેળવણીની શરૂઆત થઈ છે. ત્યારથી

જ કેળવણી કેવી રીતે આપવી ? કઈ ભાષામાં આપવી ? તેના પ્રશ્નો ઉદ્ભવતા રહ્યા છે. તો આવા પ્રશ્નોના સમાધાન માટે સમાજના કેટલાંક વિદ્વાનોએ 'શિક્ષણ કઈ ભાષામાં આપવું ?' એ વિષય પર ચર્ચા કરી છે તે આપણે એમના શબ્દોમાં જ જોઈશું.

"જાદુગરની સૃષ્ટિમાં રહ્યા રહ્યાં એણે વિચાર કરવા માં ો વિદ્યાપ્રચાર કરવામાં દેશી ભાષાઓ રજ પણ ઉપયોગી નીવડતી હોય તો ! દેશી ભાષાઓનું વહેતી આપણું જોઈ તે પાછું પડવા લાગ્યું. તોપણ સુનમુન તો એનાથી બેસી રહેવાયું નહિ. દેશી ભાષાઓ ઉપયોગી તો નહિ જ નીવડે એમ ધારી એનું નામ જ એનાથી જવા દેવાયું નહિ અને વારંવાર વિચિત્ર રીતે એનો એ જ પ્રશ્ન એની સમક્ષ ખડો થયો, 'વિદ્યાપ્રચાર માટે દેશી ભાષાઓનો ઉપયોગ ન થઈ શકે ?' કુદરત તેને આ બાજુ ખેંચતી તો નવા સંસ્કાર એને પેલી બાજુ ખેંચતા.

હિન્દુસ્તાનની બુદ્ધિ સમક્ષ 'માતૃભાષાઓ દ્વારા શિક્ષણ આપી શકાય કે નહિ ? એ મહા વિકટ પ્રશ્નની રજુઆત થયાની આવી દુઃખદ કથની છે અને એણે આ પ્રશ્નનો ઉકેલ કાઢવા આવા કરુણાજનક અદ્ભુત પ્રયત્નો કર્યા છે હવે પરદેશી ભાષાના સાધારણ રીતે લાંબા અનુભવ પછી આપણે એ પ્રશ્નનો ઉકેલ કરવા કટિબદ્ધ થઈએ."[૯૯]

આપણા સમાજમાં ઘણા યુવાનો કેળવણી મેળવ્યા પછી પોતાના જીવનમાં કેટલાંક દુર્ગુણોનો સમાવેશ કરે છે અને તેને કારણે તેમનામાં હલકાં પ્રકારના સંસ્કારો પડે છે. તેઓ જીવનમાં કેળવણીનો જીવન વિકાસ તરીકે ઉપયોગ કરતાં નથી પણ ખોટા દંભમાં રહીને એ કેળવણીનો દુર્પયોગ કરે છે. ખરેખર કેળવણી જીવનવિકાસશીલ હોવી જોઈએ પરંતુ ચલિત થઈને તે જીવનને ગેરમાર્ગે દોરનારી બની રહે છે. તો આવા જ વ્યક્તિઓ જે 'વિદ્યાનો વ્યભિચાર' કરે છે અને તેનાં કેવાં પરિણામો જીવન પર અસર કરે છે. તે બાબત જોઈએ.

"કૉલેજમાંથી ઉપાધિસંપન્ન થઈ બહાર નીકળતાં આપણા આ નરવીર આગળ પહેલવહેલો એક મહા વિકટ પ્રશ્ન આવી ખડો થાય છે કે 'હવે પેટ શી રીતે ભરવું ?' અલબત, એ એક અચરજ છે કે ઘાંચી, મોચી, કુંભાર, લુહાર, સુથાર, સઈ, હજામ, ધોબી, તેલી, તંબોલી કે એવા બીજા અભણ, અણઘડ વર્ગના છોકરાઓને ઉમ્મર લાયક થતાં આ સવાલ કદી નડતો નથી. "શી રીતે ગુજરાન ચલાવશો ?" એમ જો તેમને કોઈ પૂછે તો તેઓ તેને હસી જ કાઢે. તેમને એ એટલું બધું સહજ અને સ્વાભાવિક છે કે તેઓ એ માટે ખાસ જુદો વિચાર કદી કરતા જ નથી. પરંતુ આપણા પદવીધારીઓ માટે એ પ્રશ્ન બહુ ગંભીર છે, મહા વિકટ છે, જીવન સટોસટનો છે !

આ કેળવાયેલાઓને માતાનું ધાવણ ધાવતાં સાથે જ એવા સંસ્કારો પાડવામાં આવ્યા હોય છે કે શારીરિક શ્રમ આપણા માટે નથી. આપણું શરીર તો નાજુક અને સુકોમળ તે આપણાથી ટાઢ તડકો કાંઈ ન વેઠાય. આપણે તો કલમના જોર પર જીવવાનું. મજુરી તો હલકી વર્ણ કરે. વળી તેમને કેળવણી પણ એવી જાતની મળેલી હોય છે કે જેથી તેમના આવા સંસ્કારોને પોષણ મળ્યું હોય છે અને શારીરિક શ્રમ તો નીચ, અભણ લોક જ કરે એટલે કે શારીરિક શ્રમ કરે તે બધા નીચ અને અભણ તથા ઉચ્ચ શિક્ષિત વર્ગ તો માનસિક શ્રમ જ કરે એવું એવું તેઓ માનતા શીખ્યા હોય છે.

આવા સંસ્કાર અને શિક્ષણને પરિણામે આપણા આ નવજુવાનો કૉલેજ છો ા પછી કેવળ કલમના કે જીભના જોર પર જ જીવવાનું પસંદ કરે છે અને તેમનાં શરીર પણ એટલાં બધાં નબળાં અને નાજુક થઈ ગયાં હોય છે કે કદાચ તેઓ ધારે તો પણ મહેનત કે મજૂરી તો ભાગ્યે જ કરી શકે. એટલે દરેક જણ કારકુની, વકીલાત, મહેતાજીપણું કે એવું જ કંઈ કરી પેટ ભરવા ઈચ્છે છે અને એ બધાં ઠેકાણા પર એટલો તો દરોડો પડે છે કે ખપ કરતાં છત વધારે થઈ જવાથી તેમની કિંમત ઘટતી જાય છે. તેઓ ટકાના ત્રણ વેચાવા લાગે છે."[૧૦૦]

## ✵ પાદટીપ :

૧. ‘વાચકની દીવાદાંડી’ ભાગ–૨, (સંપા.) બી. એમ. પટેલ, સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૭, પૃ. ૪૦૫

૨. એજન, પૃ. ૪૦૬

૩. ‘બુદ્ધિપ્રકાશ’, પુસ્તક–૪૭, અંક–૧, જાન્યુઆરી–૧૯૦૦, પૃ. ૩૦–૩૧

૪. એજન, અંક–૨, ફેબ્રુઆરી–૧૯૦૦, પૃ. ૪૪–૪૫

૫. એજન, અંક–૩, માર્ચ–૧૯૦૦, પૃ. ૬૬–૬૭

૬. એજન, પૃ. ૯૧

૭. એજન, પૃ. ૯૨

૮. એજન, પૃ. ૯૫

૯. એજન, અંક–૪, એપ્રિલ–૧૯૦૦, પૃ. ૯૮

૧૦. એજન, પૃ. ૯૮

૧૧. એજન, પૃ. ૯૯

૧૨. એજન, પૃ. ૯૯

૧૩. એજન, પૃ. ૧૦૧

૧૪. એજન, અંક–૪, સપ્ટેમ્બર–૧૯૦૦, પૃ. ૨૫૯

૧૫. એજન, અંક–૯, ડિસેમ્બર–૧૯૦૦, પૃ.

૧૬. 'બુદ્ધિપ્રકાશ', પુસ્તક—૪૭, અંક—૧૨, જુન—૧૮૮૬, પૃ.

૧૭. એજન, પુસ્તક—૩૩, અંક—૬, નવેમ્બર—૧૮૮૮, પૃ. ૨૮૧

૧૮. એજન, પુસ્તક—૪૭, અંક—૩, માર્ચ—૧૯૦૦, પૃ. ૯૧

૧૯. એજન, પુસ્તક—૩૪, અંક—૬, જૂન—૧૮૮૭, પૃ. ૧૩૭—૧૩૮

૨૦. એજન, પુસ્તક—૬૨, અંક—૮, ઓગષ્ટ—૧૯૧૫, પૃ. ૨૨૮

૨૧. એજન, પૃ. ૨૩૧—૨૩૨

૨૨. એજન, પૃ. ૨૩૩

૨૩. એજન, પુસ્તક—૪૭, અંક—૫, મે—૧૯૦૦, પૃ. ૧૫૫

૨૪. એજન

૨૫. એજન, અંક—૬, જુન—૧૯૦૦, પૃ. ૧૬૬—૧૬૭

૨૬. 'ગુજરાત શાળા પત્ર', પુસ્તક—૩, નવેમ્બર/ડિસેમ્બર—૧૮૬૪, અંક—૧૧ અને ૧૨, પૃ. ૨૪૬—૨૪૭

૨૭. એજન, પૃ. ૨૭૩—૨૭૪

૨૮. એજન, મે—૧૮૬૪, અંક—૫, પૃ. ૯૭—૯૮

૨૯. એજન, પૃ. ૯૯—૧૦૦

૩૦. એજન, જુલાઈ—૧૮૬૪, અંક—૭, પૃ. ૧૬૩—૧૬૫

૩૧. એજન, પુસ્તક—૧૯, ફેબ્રુઆરી—૧૮૮૦, અંક—૨, પૃ. ૨૫—૨૬

૩૨. ‘ગુજરાત શાળા પત્ર’, પુસ્તક–૧૯, ફેબ્રુઆરી–૧૮૮૦, અંક–૨, પૃ. ૨૭

૩૩. એજન, સપ્ટેમ્બર–૧૮૮૦, અંક–૯, પૃ. ૧૯૩–૧૯૪

૩૪. ‘માસિક મિત્ર’, પુસ્તક–૧, ફેબ્રુઆરી–૧૮૭૧, અંક–૧, પૃ. ૧

૩૫. એજન, પૃ. ૧–૩

૩૬. એજન, પૃ. ૩

૩૭. એજન, પૃ. ૯–૧૦

૩૮. એજન, માર્ચ–૧૮૭૧, અંક–૨, પૃ. ૬૪

૩૯. એજન, જુન–૧૮૭૧, અંક–૫, પૃ. ૧૬૧–૧૬૨

૪૦. ‘ખેડા ખેતીવાડી પત્ર’, પુસ્તર–૨, ફેબ્રુઆરી–૧૮૮૦, અંક–૩, પૃ. ૨૪–૨૫

૪૧. એજન, એપ્રિલ–૧૮૮૦, અંક–૫, પૃ. ૩૯

૪૨. એજન, જુલાઈ–૧૮૮૦, અંક–૮, પૃ. ૬૧

૪૩. એજન, સપ્ટેમ્બર–૧૮૮૦, અંક–૧૦, પૃ. ૭૭

૪૪. એજન, પૃ. ૭૮

૪૫. ‘સાહિત્યિક પત્રકારત્વ’, કિશોર વ્યાસ, પૃ. ૫૧

૪૬. એજન, પૃ. ૫૨

૪૭. ‘સાહિત્યિક પત્રકારત્વ’, કિશોર વ્યાસ, પૃ. ૫૩

૪૮. એજન, પૃ. ૫૩

૪૯. 'સુંદરી સુબોધ', પુસ્તક–૨, મે–૧૯૦૫, અંક–૯, પૃ. ૧૯૯–૨૦૦

૫૦. એજન, પૃ. ૨૦૦

૫૧. એજન, પૃ. ૨૦૦–૨૦૧

૫૨. એજન, સપ્ટેમ્બર–૧૯૦૪, અંક–૧, પૃ. ૫

૫૩. એજન, પૃ. ૬

૫૪. એજન, ડીસેમ્બર–૧૯૦૪, અંક–૪, પૃ. ૯૬

૫૫. એજન, ઓકટોબર–૧૯૦૪, અંક–૨, પૃ. ૩૯

૫૬. એજન, ડીસેમ્બર–૧૯૦૪, અંક–૪, પૃ. ૮૮–૮૯

૫૭. એજન, ઓગષ્ટ–૧૯૦૫, અંક–૧૨, પૃ. ૧૫૩–૧૫૪

૫૮. 'બ્રહ્મક્ષત્રિય ત્રિમાસિક પત્ર', પુસ્તક–૧, ૧૯૦૭, અંક–૧, પૃ. ૧

૫૯. 'બુદ્ધિપ્રભા', પુસ્તક–૧, એપ્રિલ–૧૯૦૯, અંક–૧, પૃ. ૧

૬૦. એજન, ડીસેમ્બર–૧૯૦૯, અંક–૯, પૃ. ૨૫૮

૬૧. એજન, પૃ. ૨૫૮–૨૬૦

૬૨. એજન, એપ્રિલ–૧૯૦૯, અંક–૧, પૃ. ૧

૬૩. એજન, મે–૧૯૦૯, અંક–૨, પૃ. ૪૪

૬૪. એજન, પૃ. ૪૫

૬૫. એજન, ઓકટોબર–૧૯૦૯, અંક–૭, પૃ. ૧૯૩–૧૯૪

૬૬. ‘બુદ્ધિપ્રભા’, પુસ્તક–૧, નવેમ્બર–૧૯૦૯, અંક–૮, પૃ. ૨૨૫–૨૨૬

૬૭. એજન, ફેબ્રુઆરી–૧૯૧૦, અંક–૧૧, પૃ. ૩૨૧–૩૨૨

૬૮. ‘ભાગ્યોદય’, પુસ્તક–૩, એપ્રિલ–૧૯૧૫, અંક–૨, પૃ. ૬૩–૬૪

૬૯. એજન, જુલાઈ–૧૯૧૫, અંક–૫, પૃ. ૧૬૧

૭૦. એજન, પૃ. ૧૭૫

૭૧. એજન, નવેમ્બર/ડીસેમ્બર–૧૯૧૫, અંક–૯ અને ૧૦, પૃ. ૪૦૩–૪૦૪

૭૨. એજન, માર્ચ–૧૯૧૫, અંક–૧, પૃ. ૧૪

૭૩. એજન, જુન–૧૯૧૫, અંક–૪, પૃ. ૧૨૧–૧૨૨

૭૪. એજન, નવેમ્બર/ડીસેમ્બર–૧૯૧૫, અંક–૯ અને ૧૦, પૃ. ૩૪૧

૭૫. ‘સેવક’, વર્ષ–૧, માર્ચ–૧૯૧૯, અંક–૩, પૃ. ૧૨૯–૧૩૦

૭૬. એજન, પૃ. ૧૩૧

૭૭. એજન, એપ્રિલ/મે–૧૯૧૯, અંક–૪ અને ૫, પૃ. ૨૩૨

૭૮. એજન, પૃ. ૨૩૩

૭૯. એજન, ઓકટોબર/નવેમ્બર–૧૯૧૯, અંક–૧૦ અને ૧૧, પૃ. ૫૨૩

૮૦. એજન, પૃ. ૫૨૩

૮૧. એજન, પૃ. ૫૨૨–૫૨૩

૮૨. એજન, માર્ચ–૧૯૧૯, અંક–૩, પૃ. ૧૩૨

૮૩. એજન, જુન/જુલાઈ–૧૯૧૯, અંક–૬ અને ૭, પૃ. ૩૯૪

૮૪. ‘સેવક’, વર્ષ–૧, ઓગષ્ટ/સપ્ટેમ્બર–૧૯૧૯, અંક–૮ અને ૯, પૃ. ૪૬૪

૮૫. એજન, ઓકટોબર/નવેમ્બર–૧૯૧૯, અંક–૧૦ અને ૧૧, પૃ. ૫૯૬

૮૬. એજન, જુન/જુલાઈ–૧૯૧૯, અંક–૬ અને ૭, પૃ. ૩૩૩

૮૭. ‘નવચેતન’, વર્ષ–૧, એપ્રિલ–૧૯૨૨, અંક–૧, પૃ. ૧૩

૮૮. એજન, સપ્ટેમ્બર–૧૯૨૨, અંક–૬, પૃ. ૨૪૭–૨૪૮

૮૯. એજન, મે–૧૯૨૨, અંક–૨, પૃ. ૧૮

૯૦. ‘ધર્મપ્રકાશ’, પુસ્તક–૧, શ્રાવણ વિ. સં. ૧૯૧૬, અંક–૧, પૃ. ૧

૯૧. એજન, માહા વિ. સં. ૧૯૧૬, અંક–૭, પૃ. ૧૦૫–૧૦૬

૯૨. એજન, પૃ. ૧૧૧–૧૧૨

૯૩. એજન, જેઠ વિ. સં. ૧૯૧૬, અંક–૧૧, પૃ. ૧૬૧

૯૪. એજન, પુસ્તક–૩, ફાગણ વિ. સં. ૧૯૧૮, અંક–૮, પૃ. ૧૧૫ થી ૧૧૮

૯૫. એજન, જેઠ વિ. સં. ૧૯૧૮, અંક–૧૧, પૃ. ૧૭૪–૧૭૫

૯૬. એજન, પુસ્તક–૧, માહા વિ. સં. ૧૯૧૬, અંક–૭, પૃ. ૯૯–૧૦૦

૯૭. એજન, પુસ્તક–૨, માગશર વિ. સં. ૧૯૧૭, અંક–૫, પૃ. ૭૯

૯૮. ‘સાબરમતી’, પુસ્તર–૧, શરદ વિ. સં. ૧૯૭૮, અંક–૨, પૃ. ૩૫

૯૯. એજન, હેમન્ત વિ. સં. ૧૯૭૯, અંક–૩, પૃ. ૧૨૧

૧૦૦. એજન, શિશિર વિ. સં. ૧૯૭૯, અંક–૪, પૃ. ૧૫૯

પ્રકરણ–૫

# સૌરાષ્ટ્રનાં સમાચારપત્રો


૫.૧ સૌરાષ્ટ્રમાં પત્રકારત્વ

૫.૨ જૂનાગઢથી પ્રકાશિત થતાં સમાચારપત્રો

[૧] ‘સૌરાષ્ટ્રદર્પણ’ (૧૮૬૩)

૫.૩ ભાવનગરથી પ્રકાશિત થતાં સામયિકો અને સમાચારપત્રો

[૧] ‘સુબોધ પ્રકાશ’ (૧૮૮૨)

[૨] ‘ખેડૂત’ (૧૮૮૫)

[૩] ‘સ્ત્રીસુખ દર્પણ’ (વિ. સં. ૧૯૧૯)

૫.૪ રાજકોટથી પ્રકાશિત થતાં સમાચારપત્રો

[૧] ‘વિજ્ઞાન–વિલાસ’ (૧૮૬૮)

[૨] ‘શ્રીમાલી શુભેચ્છક’ (વિ. સં. ૧૯૪૦)

પાદટીપ

## ૫.૧ સૌરાષ્ટ્રમાં પત્રકારત્વ :

સૌરાષ્ટ્રમાં પત્રકારત્વનો પાયો છેક ૧૮૬૫માં મણીશંકર કીકાણીએ જૂનાગઢ માં 'સૌરાષ્ટ્રદર્પણ' દ્વારા નાંખ્યો હતો. 'સૌરાષ્ટ્રદર્પણ' ૨૫ વર્ષ સુધી ચાલ્યું હતું. મિરઝા મુરાદઅલીએ ભાવનગરમાં 'મનોરંજક રત્નમાળ' ૧૮૬૮માં અને રાજકોટમાં પ્રથમ સાપ્તાહિક સમાચારપત્ર ઈ.સ.૧૮૬૮માં 'કાઠીયાવાડ સમાચાર' નામે નીકળેલું. આ બંને સુધારાવાદી પત્રો એક જ વર્ષમાં બંધ ૫ ાં. ઈ.સ. ૧૮૬૮માં કરસનદાસ મૂળજી અને કિકાણીના પ્રયાસોથી શરૂ થયેલું 'વિજ્ઞાન વિલાસ' સૌપ્રથમ વ્યવસ્થિત સામયિક બનવાનું માન ખટી જાય છે.

સૌરાષ્ટ્રના કોઈપણ શહેરમાં સવારે મોઢામાં દાતણ સાથે સાયકલ ઉપર છાપા નાખવા નીકળેલ ફેરિયાને તમે રોકો અને છાપાની માગણી કરો એટલે નીચે જોયા વિના તેનો હાથ આપોઆપ થેલામાં જશે અને સફેદ કાગળનું 'જયહિન્દ' છાપુ બહાર કાઢશે. જયહિન્દવાળા બીજા છાપાઓની સરખામણીમાં વધુ કમિશન આપે છે. તેથી કોઈપણ એજન્ટને જયહિન્દ વહેંચવામાં વધુ રસ હોય છે. ઈન્દિરા તરફી લખાણ જોઈ તમે જયહિન્દને નામંજૂર કરશો કે તુરત જ તે ભૂખરા કાગળના ફુલછાબ અને જનસત્ત બહાર કાઢશે. આ બંને છાપાઓને પણ ગમ્મત ખાતર નામંજૂર કરી તમે ચોથા છાપાની માગણી કરો તો ફેરિયો બે ઘડી તમારા ચહેરા સામે જોઈ રહેશે અને એને ખાતરી થાય કે સામેની વ્યક્તિ પાગલ નહિ પણ ગુજરાત બહારની છે તો તુરત જ જવાબ આપશે : "સાહેબ અમારા સૌરાષ્ટ્રમાં તો આ એક માના ત્રણ દીકરાનું જ રાજ છે."[૧]

ઉપરના સંવાદનો અર્થ એ થયો કે આ ત્રણે છાપા એક રાજકોટમાંથી જ બહાર પડે છે. રાજકોટ એક તો મેઈન શહેર અને સૌરાષ્ટ્રની મધ્યમાં આવતા હોવાથી ત્યાંથી

સરક્યુલેશનનું કાર્ય સરળતાથી થઈ શકે. વળી આ ત્રણ દૈનિકોનું પ્રેસ દ્વારા એક કરતાં વધુ સામયિકો બહાર પડે છે. તેથી સૌરાષ્ટ્રની જ વાત કરીએ તો નજીકના ભવિષ્યમાં કોઈ નવો હરીફ પેદા થઈ શકે તેમ નથી. અમદાવાદના જોરદાર હરીફો 'સંદેશ' અને 'ગુજરાત સમાચાર' સૌરાષ્ટ્રના ખૂણે ખાંચરે પહોંચે ત્યાં તો બપોરના અગિયાર, બાર વાગી ગયા હોય છે.

બીજી મહત્ત્વની બાબત એ છે કે દૈનિકોના ક્ષેત્રમાં અઠવાડિકો અને માસિકો જેવી ગળાકાપ હરીફાઈ હોતી નથી. કારણકે દૈનિક બહાર પાડવું એ વધુ માથાકૂટવાળુ અને વિશાળ આયોજન માગી લે તેવું કામ છે. જ્યારે રંગીન અઠવાડિકોમાં કાંઈ મેટર ન મળતું હોય તો એકનો એક લેખ બે મહિના પછી જરા જુદી રીતે જુદા ફોટા સહિત છાપી નાખો તો ચાલે. માખી જેવી રીતે ઝેર ચોપડેલ ખાંડની કણી પણ બેઠા પછી ઉડી શકતી નથી તેવી રીતે તમારું અઠવાડિક એકવાર ઉપા ।  પછી માણસ નીચું ન મૂકી શકે તેવા નગ્ન ફોટાઓ અને બીભત્સ લેખો છાપી તમે અમારા સામયિકનો ફેલાવો વધારી શકો. પરંતુ દૈનિકમાં આવું કાંઈ થઈ શકે નહિ.

ઉપરની હકીકત સત્ય હોવા છતાં સૌરાષ્ટ્રના આ ત્રણ દૈનિક જોતા ચોથા દૈનિકની ખોટ જરૂર સાલે છે જે બીજા અનેક શહેરમાં બહાર પડતું હોય. કારણ કે આ ત્રણ છાપાની ઉડીને આંખે વળગે એવી એક ખામી એ છે કે તેમાં વ્યાપક સમાચારોને બદલે રાજકોટના સમાચારોનું કેન્દ્રીકરણ થયેલું જોવા મળે છે.

થોડા સમય પહેલા રાજકોટમાં ભૂગર્ભ ગટર યોજનાની શુભ શરૂઆત થઈ તે વખતે સતત ત્રણ દિવસ સુધી આ સમાચારને ફોટા સહિત ચમકાવવામાં આવેલા. રાજકોટના છાપાવાળાઓને ખબર નહિ હોય કે આવી ભૂગર્ભ ગટર યોજના પોરબંદર

જેવા શહેરમાં ક્યારની પૂરી થઈ ગઈ છે. માત્ર કનેકશનો આપવાના જ બાકી છે. રાજકોટમાં ઔદ્યોગિક પ્રદર્શન યોજાયેલું ત્યારે પણ આવું જ બનેલું. જાણે એ સિવાય દેશમાં બીજો કોઈ મહત્ત્વનો બનાવ જ ન બનતો હોય. વધુ એક દાખલો ટાંકવો હોય તો ત્રણ–ચાર વરસ પહેલાં સૌરાષ્ટ્રમાં ભયાનક વાવાઝોડું ફૂંકાયેલું ત્યારે ત્રણ દિવસ પછી સાચા સમાચાર છપાયેલા કે પોરબંદર અને જામનગર ખાતે સૌથી વધુ નુકશાન થયેલ છે. એ પહેલાં રાજકોટના જ ફોટાઓ અને નુકસાનીના આંકડા પ્રસિદ્ધ થયેલા.

રાજકોટના ત્રણ છાપાઓમાં 'જયહિન્દ' જાહેર કે રાષ્ટ્રીય તહેવારોમાં બંધ રહેતું નથી. વાણિયાઓ વિષે કહેવાય છે કે ધર્મ અને પ્રેમ જેવી લાગણીઓને તેઓ ધંધામાં સ્થાન આપતા નથી. થોડા સમય પહેલાં જયહિન્દ પરિવારમાં રાત્રીના સમયે કોઈનું મૃત્યુ થયલું એ વખતે 'જયહિન્દ' છપાઈ ચુક્યું હતું. કોઈ શુભ પ્રસંગમાં જેવી રીતે અચાનક યુવાન કુટુંબીજનનું મૃત્યુ થાય તો પ્રસંગ બંધ કરીને રસોઈ ફેંકી દેવામાં આવે છે તેમ 'જયહિન્દ'ની છપાઈ ગયેલી નકલો ફેંકી દેવામાં આવી નહિ.

'જયહિન્દ'ની બીજી જમા બાજુ એ છે કે તેઓ ધર્મ અને તત્ત્વજ્ઞાનને પોતાના તંત્રીલેખમાં સ્થાન આપે છે. પ્રાસંગિક લેખો જેમ કે જન્માષ્ટમી પર શ્રીકૃષ્ણ વિશે, ગુરુ પૂર્ણિમાના દિવસે ગુરુ દત્તાત્રેય વિશે અને મહાશિવરાત્રી પર શંકર વિશે લખવાનું તેઓ ક્યારેય ચુકતા નથી. 'જયહિન્દ'ના આવા લેખો ખરેખર વાંચવા જેવા હોય છે.

'જયહિન્દ'ની આ બધી જમા બાજુ પર પાણી ફેરવી દે તેવી બાબત એ છે કે તેમાં હંમેશા ઈન્દિરા (કોંગ્રેસ) તરફી લખાણ જોવા મળે છે. આવા જનતા જુવાળના પૂરમાં જ્યારે ઈન્દિરાના ડૂબી ગયેલા વહાણનું ક્યાંય સઢ પણ દેખાતું નહોતું ત્યારે 'જયહિન્દ' વાળા ઈન્દિરાના જ વિજયના થાળા વગાડતા હતા."

## ૫.૨ જૂનાગઢથી પ્રકાશિત થતાં સમાચારપત્રો :

### [૧] 'સૌરાષ્ટ્રદર્પણ' (૧૮૬૩) :

એ નામનું ચોપાનીયું જૂનાગઢમાં ત્યાંની જ્ઞાનગ્રાહક સભાની તરફથી પ્રગટ થાય છે. તેના જાનેવારીથી એપ્રિલ સુધીના અંક ૪ અમને પહોંચ્યા છે. તેમાં પ્રબોધ ચંદ્રોદય નાટક તથા બીજા જાણવા જોગ વિષયો છાપેલા છે. કાઠીયાવાડમાં એવું ટાઈપનું છાપખાનુ ચાલતું થયું અને આવું ચોપાનિયું પ્રગટ થયું તે જોઈને અમને ઘણો આનંદ ઉત્પન્ન થયો છે. ચોપાનીયાં અને માનપત્રો જ્યારે પ્રગટ થાય, ત્યાં શાં શાં સારાં કામ થાય છે. તેની સઉને ખબર પડે. અમે આશા રાખીએ છૈ એકે જુનાગઢના નવાબ સાહેબ તથા ત્યાંના કારભારીઓ અને માસ્તરસાહેબ નિરંતર સુધારા ઉપર લક્ષ રાખીને દર વર્ષમાં કાંઈ નવાં સારાં કામ કરવાની હુંશ રાખશે અને તે વાત એવા સુંદર ચોપાનીયામાં પ્રગટ થશે. એટલે તે વાંચીને અમે સંતોષ પામીશું.

ભાવનગરમાં છાપખાનું આવેલું છે. પણ તેનું શી રીતે થયું તે કાંઈ જાણવામાં આવતું નથી. ભાવનગરમાં સુધારાની એક સભા છે કે નહિ અને ત્યાં દર સાલમાં કાંઈ નવાં સારાં કામ થાય છે કે નહિ તે કાંઈ જણાતું નથી. જશવંત રાજનીતિ છપાવાનું શું થયું, પુસ્તક શાળા સ્થાપવાનું શું થયું. આ જેમ ગવરીશંકરભાઈ ધાર્યું કામ પાર પાડે એવા કહેવાય છે અને કેટલાંએક મોટાં કામમાં તેઓ ફતેહ પામ્યા છે અને ઉપર લખેલાં કામ વિષે તેઓ બોલી ચૂક્યા છતાં વર્ષનાં વર્ષ વહ્યા જાય એ કાંઈ ઠીક નહિ, ભાવનગરમાં 'સૌરાષ્ટ્રદર્પણ' જેવું ચોપાનીયું પ્રગટ થવું જોઈએ તથા બીજાં પુસ્તકો પણ રચાવીને પ્રગટ કરવાં જોઈએ. સુધારાની ધામધુમ હમેશાં ચાલતી રહેવી જોઈએ કે જેથી રાજાની તથા કારભારીઓની શોભા વધારો પામતી જાય 'સૌરાષ્ટ્રદર્પણ'માં એક બાબત

ઘણી સરસ પ્રગટ થઈ છે. તે આપણા આખા દેશના સદગ્રહસ્થોને યાદ રાખવા જેવી છે. માટે તેની મતલબ આ નીચે ઉતારી લેઈએ છીએ.

"પ્રારંભમાં અમારા વાંચનારાઓને જણાવવું જોઈએ કે આ ચોપોનીયું જુનાઘડના નવાબ નેકનામ મહાબતખાનજીની સહાયતાથી જુનાગડની જ્ઞાનગ્રાહક સભા તરફથી કાહાડવામાં આવ્યું છે. એ ચોપાનીયું સભા તરફથી દર મહીને મુંબઈમાં પ્રગટ થઈ મહીનાની આખર તારીખ પેલાં તેનાં ઘરાકોને પોચતું કરવામાં આવશે.

એમાં કાઠિયાવાડના લોકોને રસિક અને ફાયદામંદ લાગે તેવા જ ઘણું કરી વિષય દાખલ કરવામાં આવશે જેમ કે, સોરઠની અસલ તવારીખ, ચાલતા ખરાબ રસમોની થતી ખરાબી વિશે, ખેતી વાડી અને વ્યાપાર વિશે, દેશી રાજાઓએ પોતાની વ્યવસ્થા સુધારવાની જરૂરીયાત વિશે તથા કેલવણીના ફાયદા વીગેરે જેથી લોકોનું જ્ઞાન વધે ને કાઠિયાવાડની હાલત સુધરે એવા વિષય ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવશે. રાજખટપટ કે ચાલતા ધર્મની નીંદા કરી કોઈને માઠુ લાગે તેવું હરગીજ લખશું નહીં. આ ચોપાનીઆની કીમત એના વાંચનારાઓને ભારે ન પડે તેથી ઘણી જ થોડી, ઠરાવી છે દર સાલ અગાઉથી આપે તો રૂ.૧ રાખવામાં આવ્યો છે."[૨]

### ❖ 'સૌરાષ્ટ્રદર્પણ'માં પ્રકાશિત થયેલા સામાજિક લેખો :

સમાજમાં જે કોઈ સમસ્યા ઉત્પન્ન થતી તેને આવા ચોપાનીયાઓ છાપીને લોકો સામે ખુલ્લી મૂકતા હતા કે જેથી લોકોને એવી સમસ્યાની જાણ થાય એવી જ સમસ્યા તે સમયે મોંઘવારી હતી. તો આ 'મોંઘવારી વિશે' લેખમાં તેમને કઈ વસ્તુમાં મોંઘવારી નડી છે. તે વિશેનું વર્ણન કર્યું છે.

"હાલમાં કાઠિયાવાડમાં અનાજ વીગેરે ખાધાની ચીજોના ભાવ અતી વધી ગયાથી દુકાળના જેવું થઈ રહ્યું છે. તેમા ગરીબ નોકરીઆત લોકો અને મજુરી કરી ગુજરાન ચલાવનારા લોકો એવા તો દુઃખી છે કે તેઓની અવસ્થા જોઈ મનને કમકમાટી આવ્યા વગર રેહેતી નથી. રૂની કમાઈથી આ વખત ખેડુ અને વ્યાપારીને તો અફસોસ કરવા જેવું રહ્યું નથી. કારણ તેઓના ખજાના તર થવાનો આવો વખત કદી આવ્યો જ નહતો પણ બાંધ્યા પગારની પેદાસમાંથી જેઓને પોતાનું ગુજરાન કરકસરથી ચલાવવું પડે છે તેઓએ આ મોંઘવારીમાં શી રીતે નીભાવ કરવો. આઠ કોરી કે દશા કોરીના પગારનો સીપાઈ ૩૦ શેર અનાજમાં પોતાની બૈઈરી અને છોકરાનું પોષણ શી રીતે કરી શકે તે સીવાય ભાડું, કપડાં વીગેરે જરૂરી ખરચ પણ હોય ખરે જ તેઓની લાચારી ઘણી છે; આ વાત ઉપર ધ્યાન પોચાડી તાલુકદારે વીગેરે સરદારો પોતાના નોકરોના પગારમાં કાંઈ જરૂરી વધારો કરે તો જ આ લોકો નભી શકવાના. જે કારણથી આ મોંઘવારી થઈ તે કારણથી જમીનદારોની પેદાશમાં એકના ડોઢા થયા છે તો તે વધારાની પેદાસમાંથી એજ કારણથી માઠી અવસ્થામાં આવેલા લોકોની હાલત સુધારવાં કાંઈ કોશીશ થાય તો કેવું સારૂં.

આવે વખતે કેટલાક ભાવ બાંધવાના તરત ફાયદાનો ઉપાય કામમાં લાવે છે પણ તેથી ઉલટી વધારે તંગી થઈ પડે છે. ભાવની હદ થયાથી દેસાવરથી આવતો માલ બંધ પડે છે એટલે એ પણ એક ભાવ વધવાનું કારણ છે માટે એ ઉપાય ઉપર ધ્યાન ન આપતાં દેસાવરથી અનાજ ઘણું સી રીતે આવે ને આ તંગી જલદી સી રીતે મટે તેવાં ઉપાય કામે લગાડવા હરદમ વિચાર કરવો જોઈએ."[૩]

કાઠિયાવાડમાં જે કોઈ સમય આવે નવા નવા સુધારા કરવાની જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં ત્યાંથી તે સમસ્યા મેળવી આ ચોપાનીયાના સભાસદો તે છાપતા અને તેમાંથી

લોકો બોધ મેળવીને તેને સુધારવાનો પ્રયત્ન કરે એ હેતુથી 'કાઠિયાવાડનો સુધારો' લેખમાં એ વિસ્તારમાં થયેલા સુધારા વિશે માહિતી આપે છે.

"અમો લખવાને અતી ખુશી છૈએ કે આ પ્રાંતમાં મેજર કીટીંગ સાહેબનું જવું થવાથી તેમણે લોકોની હાલત સુધારવા તરફ ઘણી જ મેહેનત લેવા માંડી છે. તેમાં ઘણી જરૂરની વાત એ છે કે તેમણે રાજકુવરોને કેળવણી આપવા તરફ સારૂં ધ્યાન પોહોંચાડુ છે. ખરે જ કાઠીયાવાડના લોકોની હાલત સુધારવાનો મુખ્ય આધાર રાજકુંવરોની કેળવણી ઉપર છે. આ બાબત પ્રથમ માજી પુલેટીકલ એજંટ કરનલ લાગસાહબે ઘણી મેહેનત લીધેલ પણ કેટલાંક વિરૂધ કારણોથી તેની કરેલી મેહેનત પાછી નહીં સરખી થઈ. આવા કામમાં પ્રથમ આ વાત ધ્યાનમાં લેવી જો એ રાજકુવરો બાળકપણથી દુરગુણી મતલબીઆ લોકોની સોબતમાં રહ્યાથી તેઓમાં સોબતની અસર જડ થઈ બેસે છે તે આગળ કેળવણીની અસર થાતી નથી. માજી પુલેટીકલ સાહેબની મેહેનત પણ આજ કારણથી પાર ન પડી. માટે પ્રથમ આવી ખરાબ સોબત દુર કરવી જોએ. જો રાજકુમારો ભણે તો દેશની હાલત સુધરવામાં કશી અવધડ ન રેહે."[૪]

કાઠિયાવાડમાં થયેલા સુધારામાં બીજો સુધારો ત્યાંની ન્યાય પ્રથાનો છે. તેનાથી લોકોમાં ઈનસાફ માટેનો ભરોસો વધુ મજબુત બન્યો છે.

"કાઠિયાવાડમાં એજનસીગજેટ નીસરાથી ત્યાંહાંની ઈનસાફની રીતમાં ઘણો જ અગત્યનો સુધારો થયો છે. મેજર કીટીંગ જેમ ઈનસાફ ખાતું સુધારવા ઘણી મેહેનત લેવા માંડી છે તેમ લોકોના સુખ અરથે રસ્તા બાંધવા, પોસ્ટ હાફીસો નવી કાહાડવી વગેરે કામો તરફ પણ તેનું ચીત હમેશાં રેહેતું હોય એમ જણાય છે મુંબઈ ગજેટ ઉપરથી જણાય છે કે રાજકોટ અને લીબડી વચ્ચે રસ્તો બાંધવાના વીચાર ચાલે છે ને રાજકોટથી જાફરાવાદ દરમીયાન, ગોંડલ જેતપોર, ધોરાજી, જુનોગઢ એ જગે પોસ્ટ હાફીસો

કાહાડવા કછના પોસ્ટના સુપરીનટેંડેંટ માફરત સરકારને રીપોર્ટ કરાવ્યો છે. કાઠીયાવાડના લોકોયે પોતાનું ભાગ્ય સમજવું કે તેઓને આવા સરદાર મલ્યા."[૫]

**સોરઠમાંથી કોઈ મિત્રે મોકલેલ સુધારા વિશે ગરબી**

"જુઓ જન સોરઠનાં સમજી, થાઓ સાવધાન અજ્ઞાન તજી,
જુઓ જન સોરઠના સમજી.
હતી હામ ભૂપતણી ભારી, સુધારાની ચાલ ઘણી સારી,
વળી તેથી હોંસ વધી મારી, જાુવો .... (૧)
આવાં હયૈ કાળ હતાં કામો, નજરે ધારી શુદ્ધ તમો પામો,
હવે ભૂલ આપ તણી ટાળો, જાુવો .... (૨)
સાથે સારા સજ્જનને તેડો, રૂડો સોંધો નીતિનો કેડો,
રીતે ચીત ખેતરને ખેડો, જાુવો .... (૩)
કાઠીને કુતર્ક તણી ઝાડી, સારી ટેવ અભ્યાસની પાડી,
વાવો રૂડી વિધ્યાની વાડી, જાુવો .... (૪)
પાવો ઘણાં પ્રીતતણાં પાણી, તોડી નાખો આળસને તાણી,
મનને નિત્ય મેહેનતમાં આણી, જાુવો .... (૫)
ચાખો તેનાં સ્વાદ થકી ફળને, મેલી દઈ મગજ તણા મળને,
પામો સુખ સંપતીના બળને, જાુવો .... (૬)
જેથી જન પામે મહા જશને, તજી દઈ વ્યસન તણા વશને
ધરો કાને યુરપની દશને, જાુવો .... (૭)
ખુબ ખુબી ઇંગ્લીશની પરખો, ઘણી સારી ચાલ તેની નિરખો,
તેનો ઉપયોગ કરી હરખો, જાુવો .... (૮)

વાંચો ખાતે ઈનસાફની વાતો, રૂડો પ્રજા હિત તણો નાતો,

થાક્યો રોષ જરા જેના માતો, જુવો .... (૯)

કેવું રાજ તેજ મલ્યું તેનું, ખંડોખંડ માન વધું જેનું,

બીજુ એવું કોને કેવું કેતું, જુવો .... (૧૦)

ફ્રેંચ રાજધાની તણાં સુખને, તેનો વાંચવાં જ તજો દુઃખને,

જરા નહીં થાક ગણો મુખને, જુવો .... (૧૧)

ઘણી બુધિ ગંભીર જર્મનની, ભાષા દેશ દેશ તણા મનનની,

પુરે સહુ હોંસ તેના મનની જુવો .... (૧૨)

મુકી ઉપમા વિશ કોટ તણી, રચો રૂડી નીતીની રીતી ઘણી,

સારૂ સુખ સંપત વિધ્યા ગણી, જુવો .... (૧૩)

ગ્રહો માહારી વિનંતી કરુણા કરી, નકી ગયો વખત ન આવે ફરી,

યદુમણી રાખશો હર્ષ ભરી, જુવો .... (૧૪)"[૬]

સમાજમાં લગ્નમાં જે કજોડાઓ થાય છે. તેના માટે દીકરાને માતા–પિતા સૌથી વધારે જવાબદાર ગણાય છે. તેઓ દીકરીના ભવિષ્યનો વિચાર કરતાં નથી અને તેમને મોટી ઉંમરના વૃદ્ધ સાથે પરણાવી દે છે. દીકરીને જન્મતા દૂધ પીતી કરી દીધી હોત તો સારું થાત, પરંતુ આ રીતે જિંદગી સુધી બળાપા સાથે જીવન વ્યતિત કરવું એ સૌથી દુઃખદાયક પરિસ્થિતિ છે. તે પર સમાજમાં પ્રકાશ પાડવાને હેતુ આ કાવ્ય રજૂ કર્યું છે.

"બળજો આ દેશનિ રીત, જે માબાપે ચલાવી ॥ ઢાળ ॥

ધન કુળ જોઈને કાં ધન લૈને, કાં ઘરેણું બધું ચાવી ॥

તેર વરશની તનયા શુંવાળી, ઘરડાને પરણાવી ॥ જેમા ॥ (૧)

હાડકાં દુબળાં બેલના જેવાં, હાથીના જેવી ખાલ ॥

કોડિના જેવી આંખ ચગમગે, મૂછશ્વેત શિરટાલ ॥ જેમા ॥ (૨)

આંખ નાક મુખથી ઝરે પાણી, લાકડિ ટેકે હાથ ॥
કાશ સ્વાસ કફ તાવ મટાવા, ખાય ગોળી પીયે કવાથ ॥ જેમા ॥ (૩)
દિવ્ય પોરબંદરના વાણિયા, વર બખાઈને બેટિ ॥
આપે ને રાંડે તારેં રાળો લઈ, ભરતા પોતાની પેટિ ॥ જેમા ॥ (૪)
વજ્ર લેપ જેવા દારુણ દુખમાં, નાખે છે દીકરી બાપ ॥
બૂડવું કાં વિષ ખાવાનું ધારે, સારૂં જો કરડે સાપ ॥ જેમા ॥ (૫)
વરની તો હૈયા માંયનિ ફુટી, બાપની બાયલિ આંખ ॥
જનમ્યા પછી કાં કુવામાં ન નાખી, બાળી દુખેં કીધી રાખ ॥ જેમા ॥ (૬)
પાંચ વરસની પુત્રી કેરૂ, સગપણ સુત દિન સાત ॥
સાથે કરે છે મૂરખતાથી, શું વરશે વરસાત ॥ જેમા ॥ (૭)
મોટી થઈ ત્યારે હાથણિ જેવી, છોકરો બકરા તુલ્ય ॥
કેમ મળે કદ બુદ્ધિ કદાપી, બ્રહ્માંડ જેવડી ભૂલ્ય ॥ જેમા ॥ (૮)
સરખી વયનું સગપણ તે પણ, કીધું છે પારણામય ॥
આગળ જાતાં ઉંદર જેવો, નઅકલમાં બળ કાંય ॥ જેમા ॥ (૯)
લોક કહે વરથી વઊ મોટિ, જેવડી એહનિ માત ॥
કેમ થશે ઘરસૂતર એનું, વાત કે એકની સાત ॥ જેમા ॥ (૧૦)
સહુ અવખોડે મૂરખ વરને, તેને ન આવે લાજ ॥
શાંભળે વહુને વેદના બમણી, ઝેર ખાઉં જાણે આજ ॥ જેમા ॥ (૧૧)
કરમે કજોડું લોક કહે છે, હું કહું બાપનો વાંક ॥
મોટિ થવા દઈ સારા વરને, આપે વળે આડો આંક ॥ જેમા ॥ (૧૨)
માત તાતની ચાલ નઠારી, મનમાં વિચારે ન વાત ॥
જાણી જોઈને કુવામાં નાખે, થાય ન કાં જીવ ઘાત ॥ જેમા ॥ (૧૩)

મોટાપણાનો ભાર ઉપાડે, જાણે ન મનના અધોળ ॥
વય વિદ્યા જોઈને ન વરાવે, કેમ વધે નહિ ધોળ ॥ જેમા ॥ (૧૪)
જોડ મળીને રહે જે ઠેકાણે, તાં નહિ દુઃખનો લેશ ॥
હીરાચંદ કે જા છે કજોડું, તાં નિત રે છે કલેશ ॥ જેમા ॥ (૧૫)”[૭]

સમાજમાં લોકો પાસે કેળવણીનો અભાવ છે અને તેને કારણે તો સમાજમાં ઘણી મુશ્કેલીનો સામનો કરે છે અને એ સમસ્યાના પીડિત બને છે. તો લોકોની આ સમસ્યા દૂર થાય  તે માટે ‘કાઠિયાવાડમાં કેળવણીનો ફેલાવ એકદમ શી રીતે થઈ શકે ?’ તે લેખમાં ત્યાંના વિદ્વાનોનો સૌથી વધુ કેળવણી અને સૌથી ઝડપથી લોકો સુધી કેમ પહોંચાડી શકાય તે વિશે પ્રયત્ન કરે છે.

“કાઠિયાવાડમાં કેળવણીનો ફેલાવો કરવાને સરસમાં સરસ ઉપાય એ જ છે કે જે નિશાળમાં ભણી તૈયાર થાય તેહેને તરત ત્યાંહાંના સત્તાવાળાઓએ તથા દેશી રાજાઓએ તથા ભોમીયાઓએ નોકરીમાં લગાડવો. જહાં સુધી નિશાળમાંથી કેળવણી પામેલો મળે, ત્યાંહાં સુધી વગર કેળવણીનો ઉડજાુડ માણસ રાખવો નહીં જોઈયે. નોકરીની લાલચથી લોકો પોતાના છોકરાંઓને નિશાળે ભણવા ખસુસ કરી મોકલે છે. વળી કેળવણી પામેલાની જાતિ ઉપર પણ આધાર રાખવો નહીં. જોઈએ, ગમે તો બ્રાહ્મણ હોય અથવા મોચી હોય પણ કેળવાયેલો જોઈએ. જ્યાંહાં સુધી લોકો સમજ્યાં નથી કે, કેળવણી એ ફક્ત નોકરી સારૂં જ નથી, પણ એથી દુનિયામાં અગણિત ફાયદાઓ થાય છે; અને તેઓ એટલું જ સમજ્યા છે કે, જે ભણવાથી સારી ચાકરી ન મળે, તે ભણવું શું કામનું ? એમ કરી એ લાલચ હોય છે તો ભણવા મોકલે છે; એવું જે દેશમાં છે ત્યાંહાં ઉપરનો ઉપાય ખસુસ કરી અમલમાં આણવો જોઈએ. કારણ, હજી જે છોકરાંના માબાપ વગર કેળવાયલાં છે, તેઓને માટે આ લાલચ ઘણી કામની છે; પછી

નવી કેળવાયલી પ્રજા પોતાના છોકરાં માટે તે લાલચ રાખવાની નથી. તેઓ તો ઉલટા પૈસા આપી ચાહીને પોતાના બાળકોને મોકલશે. માટે કેળવણીનો જલદી ફેલાવ કરવાની મતલબે આ ઉપાય કામમાં લાવવાની ઘણી જરૂર છે.

કેટલેક ઠેકાણે જાતિ અભિમાન એટલે હું વાણિયો, હું બ્રાહ્મણ, હું રજપુત; ઈત્યાદિ અભિમાનથી ઈર્ષા યાને અદેખાઈ ઉત્પન્ન થાય છે, તે મટાડી કલહનો અંત આણવાની મતલબથી પણ લાયક કેળવાયલાને (પછી તે ગમે તે જાતનો હોય) નોકરી આપવી એ સરસમાં સરસ ઉપાય છે. કેળવાયલા આદમીથી નોકરી વધારે ખબરદારીથી અને વધારે સફાઈથી થવાની, તે પોતાની દાનત બગાડતાં પણ ઈશ્વરનો ડર રાખશે. એટલે તેનાથી ધણીના હકમાં નુકશાન થોડું બલકે ઘણા ઘણા ફાયદા થવાના. એ માટે હરેક સત્તાવાળાએ અને દેશી હાકમે નિશાળમાંથી કેળવાયેલો શખસ મળે ત્યાંહાં સુધી બીજો નોકર રાખવો નહીં, તેના ફાયદા તેઓને તેવું કરવેથી તરત જણાઈ આવશે."[૮]

આપણા દેશમાં દેશી રજવાડાંનો સમય હતો તે સમયે તેમના રાજ્યનીતિમાં પણ ઘણી ખામીઓ હતી કે જેને કારણે પ્રજાને તેમના ભોગ બનવું પડતું. આવી ખામીથી પ્રજા જાગૃત બને તે માટે ચોપાનીયામાં 'દેશી રાજાઓની રાજ્યરીતમાં એક મ્હોટી ખામી.' લેખથી સમાજને જાગૃત કરવાનો પ્રયત્ન કર્યો છે.

"કાઠિયાવાડના રાજા સાહેબો તથા બીજા સરદારો એક અગત્યની બાબત વિશે જ્યાંહાં સુધી બંદોબસ્ત કરતા નથી ત્યાહાં સુધી તેઓની રાજ્ય ચલાવવાની રીત ગમે તેવી સારી હશે ને તેઓ રૈયત તરફ ગમે તેટલી પ્રીત બતાવતા હશે તો પણ તેમની ફરીયાદો વરતમાન પત્રદ્વારે વારંવાર થઈ તેમની અપકીરતી દુનીયામાં ફેલાય છે તે બંધ પડવાની નથી. એ બાબતનો તેઓએ બંદોબસ્ત કર્યો નથી ત્યાંહાં સુધી રૈયત ઉપર જાુલમ કરનારા તેઓ જાતે જ છે એમ કોઈનાથી ના કહી શકાતી નથી.

તેઓએ પોતાના તાબાના પ્રાંતો તથા રૈયતની સંભાળ કરવાનું જે કામદારોને કામ સોપ્યું છે તે તેમના રક્ષણ કરનારાઓ થવાને બદલે ઘણીવાર તેઓમાં લુટ કરનારા થઈ પડે છે. તેઓનો જાુલમ વખતે એવી રીતનો હોય છે કે તે કાઠીયાવાડની રૈયત જેનું શરીર બેહર થઈ ગયું છે તેજ સહન કરી શકે, જિલ્લાની રૈયત હરગીજ સહન કરનાર નથી. આવો જાુલમ રાજાજી પોતે જ કરાવે છે. એમ કેહેવાનું કારણ એ જ કે તેઓ જે કારકુનોને પોતાની વાહાલી રૈયતની સંભાળ સોપે છે. તે કારકુનોને હાજત મુજબ અગર પેટપુરતુ તેઓ આપતા નથી. રાજાની દરબારમાં જે કાંઈ કારકુનને મળે છે તે સરકાર કચેરીના હમાલને મળે છે ને જે કાંઈ દફતરના મુખીને મળે છે. તે સરકાર કચેરીના વચલી વાગેના કારકુનોને મળે છે.

કારકુનોના ખરચ તથા રીયાસ્ત તેમની આમદાની કરતાં ઘણું જ વધારે હોય છે એમ તેઓ ખુલી રીતે જાુએ છે ત્યારે રાજાલોકો રૈયત ઉપર કામદારને મોકલતી વખત થોડું એમ આપશું ને બાકી રૈયતને લુટી લેજો એમ કહીને જ મોકલતા હોય એ વાતની કોણ ના કહી શકવાનુ છે ! ખરૂ પુછો તો ઓછો પગાર આપવાનો ચાલ એ જ જાુલમનું મૂળ છે."[૯]

ધ્રાગધરાના રાજમાં જે અરાજકતા અને અંધાધૂધી ફેલાયેલી છે. તેને દૂર કરવાનો પ્રયત્ન સાથે આ ચોપાનીયું તેમના રાજ્યની વ્યવસ્થાને ખુલ્લું પાડે છે.

"અત્રે ધ્રાગધરાના રાજ પધારયા છે. તેઓ ઝાલાવાડના સરદારોમાં મુખ્ય છે. એ રાજા સાહેબને મુંબઈની રીતભાત તથા સરકારી બંદોબસ્ત જોઈ પોતાના દેશનો રાજકારભાર કેવો ખામી ભરેલો ચાલે છે તે વિશે પ્રત્યક્ષ અનુભવ થશે. તેઓ અત્રે આવ્યા છે તેટલા રોજમાં, મુંબઈનાં વિધ્યા હુનરનાં તથા વેપારનાં કારખાનાં, સરકારી ઈન્સાફની કોરટો, વરાલથી ચાલતા યંત્રો વીગેરે જે વસ્તુ જોવા લાયક છે તે સારી રીતે

જોઈ તેમાનું કાંઈ પોતાના રાજમાં દાખલ કરે તો તેમના ભાયા તો અગર ઝાલાવાડના બીજા સરદારો પણ તેમનો દાખલો લીધા વગર રેહે નહીં.

ઝાલાવાડ ઘણો ફળદ્રુપ પ્રાંત છે ને ત્યાંહાં રૂનો વેપાર પણ સારી રીતે ચાલે છે; કારણ અમદાવાદ વિગેરે વેપારનાં સ્થળ તેમની નજદીકમાં છે તેવા પ્રાંતનાં વરાળ યંત્રથી ચાલતા રૂ ચાંપવાના શંકંજા અને રૂ સાફ કરવાના ચરખા દાખલ કરવાની ઘણી જરૂર છે. તે કારખાના તેઓની એક મ્હોટી પેદાશ થઈ પડશે.

એ રાજાસાહેબને અમો જમખંડીના રાજાસાહેબ જે અત્રે કેટલેક થયા આવ્યા છે. તેમની મુલાકાત લેવા ઘણી ભલામણ કરીયે છૈયે. જમખંડીના રાજા ઘણા વિદ્વાન અને પોતાના રાજ્યમાં સુધારો કરવાની હોંસ ધરાવે છે. તેમને જોયાથી રાજકુમારોને કેળવણી કેટલી જે આપે છે તેઓને કેવી જરૂરની વસ્તુ છે તે વિશેની વાકફગારી મળશે.

કાઠિયાવાડના રાજકુમારોએ એક વખત મુંબઈ સેહેર ખસુસ કરી જોવું જોઈયે. મુંબઈ જોવાથી તેઓને જે જ્ઞાન મળશે તે તેમને કેળવણી આપવામાં જે હરકતો રહી છે તે દુર કરવા ઘણી મદદ આપશે.

મોરબીના રાજાસાહેબે મુંબઈ જોયું તો તેમને અત્રેથી વિલાયતી ખેતીવાડીના ઓજારો, કાટન જીન વીગેરે મુંબઈથી મગાવી પોતાના પ્રાંતમાં દાખલ કરવા હોંસ થઈ. તેઓએ ચીલો કાહાડી નાખવામાં જે પેહેલ કરી એ પણ તેઓએ મુંબઈની રીતભાત જોઈ હતી તો તે માન લેવાની તક જવા ન દીધી.

જમખંડીના રાજાસાહેબે ખેતીવાડીના કામમાં ઉપયોગી સરવ જાત્યના યંત્રો વીલાયતથી મંગાવ્યા છે. તેમાં કેટલાક તો વરાળથી ચાલશે તેવા યંત્રો છે. જમખંડીના રાજાએ વીલાયતી ઓજારો હીંદુસ્તાનની જમીનમાં અજમાવી જોવા માટે જે મ્હોટો ખરચ

કરી મંગાવ્યા છે તેમાં તે ફતેમદ થશે ને કાંઈ વિશેષ લાભ થશે તો તેમનો દાખલો લેવા બીજા લોકો પણ ચુકશે નહીં. આ કામમાં પ્રથમ અજમાયશ જોવાની જરૂર હતી તે આ રાજા સાહેબ તરફથી કરવામાં આવશે એ મોટી ખુશીની વાત જાણવી."[૧૦]

"ભણ્યા ન જ્યારે ભુપતિ, કહો કેમ પાળે ન્યાય
મંત્રી મારે લોકને, સડકે સાસ સુકાય
કરે કસુંબા અતી ઘણા, પીયે મદીરાપાન
પર વસ કીધી જીદગી, ભૂપતિ ખોયું ભાન
મંત્રી શિક્ષા નીત વદે, ભણે ન રાણા રાય
ભણે ગરીબ ઘરના ધણી, ભણે પ્રતિષ્ઠા જાય
ભૂપતિ જો ભણશો તમો, શૂં કરશૂં અમ લોક
ખાઈ પી ખુશીમાં રહો, કરો મન ગમતા શોક
કરો કશુંબા રેડીયા, આપ પીયો ને પાવ
હુકમ કરો હાજર અમો, ફીકર ન ધરશો રાય
સોબતી એવા સાથમાં, ભાટ ભવઈયા લોક
મારૂ પીછે મન થકી, એવા વીરલા કોક
મુરતી રૂપ મંદીર રહ્યા, કરી શેવકનું સર્વ
રહી મમતા રાહુ માનમાં, એ જ રહ્યો મન ગર્વ
શહી અક્ષર બે શીખીવા, સમજી સદાનો ધર્મ
કાગલ દીઠે કાડવી, મન ન જાણ્યો મર્મ
એવા રહ્યા જહાં રાયજી, સ્વપને નહિ ત્યાં સુખ
રૈયત ધ્રુજે ત્રાસમાં, નીરા દીન પામે દુઃખ

પુરવે હતાં જે પુરપતી, ભણતા ભલો વીવેક
કળા કૌશલ્ય ચાતુરી, હતા ન અજાણ છેક
વિદ્યા ભણતા ભાવથી, રાખી પંડિત પાસ
રીતે પાળી ન્યાયને, પુરતા સર્વની આશ
વીર વીક્રમને ભોજ નર, સજ્જનથી સહવાસ
કાલીદાશ સરખા જ્યાં, સદા રહે નીજ પાસ
જુઓ પાટણ પુરના પતી, સોલંકી સીધરાજ
કુમારમાર માળ કેડે થયા, તે પણ ગુણનું તાજ
સરખાવું શી પેર હું, કવિજન કરશો ક્યાશ
ભણે ન જ્યાં લગી ભુપતિ, એક ન ઊગે આશ
માટે ભણો હો ! ભૂપતિ, ટલે તરત અજ્ઞાન
વિદ્યા વગરનું માનવી, કદી ન પામે માન"[૧૧]

ઉપરોક્ત કાવ્યમાં કેળવણીનું કેટલું મહત્ત્વ છે. તેમજ રાજ્યના રાજાઓએ કેળવણી મેળવીને રાજ્યનું શાસન સુવ્યવસ્થિત રીતે ચલાવવું જોઈએ. જેઓ કેળવણી મેળવે છે. તેઓનું સમાજમાં કેટલું માન સન્માન મળે છે. તે દર્શાવી કેળવણી દરેક લોકોના જીવનમાં કેટલી ઉપયોગી છે. તે સમજી શકાય છે.

જીવનમાં વ્યક્તિએ ક્યારેય પણ ખોટા કર્મ કરવા ન જોઈએ. કારણકે ખોટા કર્મનું પરિણામ પણ ખોટું આવે છે અને વ્યક્તિનું જીવન દુઃખી દુઃખી થાય છે. તેના કેટલાંક ઉદાહરણો સાથે 'જાર કર્મ ન કરવા વિશે' કાવ્યમાં જણાવ્યું છે. તેથી વ્યક્તિઓએ પોતાના જીવનમાં નીતિ અને સચ્ચાઈ અપનાવી સુખમય જીવન વ્યતિત કરવું જોઈએ.

“તજો જાર કર્મ ધર્મ મર્મ જાણીને જો.
જજો વારતા સદાય સર્વ પ્રાણીને જો. તજો ....
જારથી ખુવાર થ્યાં ઘણાંક માનવી જો,
રાય, રંક, પુરુષ, નાર, દેવ, દાનવી જો. તજો .... (૧)
ગયા શીષ ખોઈ વીશ ભુજ આદિયો જો.
ઘણી દેખિયે પુરાણ વિશે યાદિયો જો .... તજો .... (૨)
હશે લોક જે અથોક મોજ માણતા જો.
થશે જાર કર્મથી જ ભાર તાણતા જો .... તજો .... (૩)
સર્વ વર્ણને સમાન શીખ તે તણી જો.
જના સૌ ફના; જ્યવી દલીલ છે ઘણી જો .... તજો .... (૪)
કરયાં કર્મ જે અશુભ શુભ આ ભવે જો.
ફળો તેહનાં નવે ભવે જ ભોગવે જો .... તજો .... (૫)
કશી વાત તે છુપી ન રે પ્રભુ કને જો.
જુવે નિત્ય પાપ પુણ્ય ભુલ ચુકને જો .... તજો .... (૬)
હશે નેહ તેહ કોક દીન ત્રુટશે જો.
પાપનો ઘડો ભરાઈ જાય ફૂટશે જો .... તજો .... (૭)
ધર્મ, અર્થ, કામ, મોક્ષ, જોય જારથી જો.
દંડ થાય સરકાર દરબારથી જો .... તજો .... (૮)
પડે માર પરલોક વિશે આકરા જો.
થાય આંહી આબરુ તણા જ કાકરા જો .... તજો .... (૯)
ગયું દ્રવ્ય કોક દી મળે ઘણું કરી જો.
ગઈ આબરુ ન પાછિ આવશે ફરી જો .... તજો .... (૧૦)

જાર કર્મ કર્યે હાણ દેહ દામીની જો.
ખોટ બેશશે પિતાજી તણા નામની જો .... તજો .... (૧૧)
જાર કર્મ જેવો ખાર બીજે છે નહીં જો.
અતિ પ્યાર પલવારમાં ત્રુટે સહી જો .... તજો .... (૧૨)
જેહ હાથ જે ગળામાં નિત્ય રાખતા જો.
જોશું તે કરે તે કંઠ કાપિ નાંખતા જો .... તજો .... (૧૩)
જાર કર્મ કરનારને ધિક્કારજો જો.
તેની રૂબરૂ ફજેતિ કરી વારજો જો .... તજો .... (૧૪)
દઈ દૂષણો ને ટેવ તે મુકાવજો જો.
વિવિધ ભાત યમ યાતના સુણાવજો જો .... તજો .... (૧૫)
કરો હામ એવાં મનુષ્યને સુધારવાં જો.
વચન વલ્લભ તણાં તે હૃદય ધારવાં જો .... તજો .... (૧૬)"[૧૨]

એ સમયે કાઠિયાવાડ પ્રાંતમાં થયેલા સુધારાથી લોકો પણ ખૂબ ખુશ હતા અને એ પ્રાંતમાં જે જે સુધારા થયા તે વિશે લોકો જાણે અને પ્રાંતમાં થયેલી પ્રગતિ દરેક લોકો અપનાવે તે હેતુથી 'કાઠિયાવાડમાં સુધારા થયા તે વિશે' કાવ્યમાં કેવાં કેવાં અને કયા કયા સુધારા થયા છે. તેની સૂચિ દર્શાવવામાં આવી છે.

"રૂડો આજ ત્હેવાર છે એમ જાણો, સુણી સર્વ ભાઈ વધાઈ પ્રમાણો;
ગયો દૂર ધારો હતો જે નઠારો, વધ્યો આજ સૌરાષ્ટ્રમાં તો સુધારો .... (૧)
રચી ઠામ ઠામે રૂડિ પાઠશાળા, વધે સાગરે જેમ જુઓ ઉછાળા;
પ્રજા ઊપરે પ્રેમ આપી જ પ્યારો, વધ્યો આજ સૌરાષ્ટ્રમાં તો સુધારો .... (૨)
પશૂની સમાને હતા તો અગાડી, વદે બોલ જેવો કયે તો અનાડી;
ન ભાળું સમીપે હવે બોલનારો, વધ્યો આજ સૌરાષ્ટ્રમાં તો સુધારો .... (૩)

રચ્યાં છે રૂડાં તો જીહાં છાપખાનાં, મળે છે તિહાં વાંચવાનાં મજાનાં;
હમેશે નિબંધો છપાયે હજારો, વધ્યો આજ સૌરાષ્ટ્રમાં તો સુધારો .... (૪)
મહા શ્હેરમાં તો સભા સદ્ય છાજે, મહેલો રચ્યા હોંશથી એજ કાજે;
બડાપંડિતો ત્યાં મળે છે અપારો, વધ્યો આજ સૌરાષ્ટ્રમાં તો સુધારો .... (૫)
હતાં ગાંમડાં તે બન્યાં શ્હેર જેવા, રહેવા પુરા પ્રેમથી એજ ટેવ્યાં;
બન્યા બંગલાને બની ત્યાં બજારો, વધ્યો આજ સૌરાષ્ટ્રમાં તો સુધારો .... (૬)
ભલા ભાવથી છોડિઓને ભણાવવા, વળી હોશથી મોજ સારી મણાવવા;
દીધો ઈશ્વરે ઊર આનંદ સારો, વધ્યો આજ સૌરાષ્ટ્રમાં તો સુધારો .... (૭)
શિશૂ હામ રાખી ઉરે હર્ષ આંણી, શિખે દેહને કષ્ટ દૈ શુદ્ધવાણી;
પ્રભુ તેહને સુખ છે આપનારો, વધ્યો આજ સૌરાષ્ટ્રમાં તો સુધારો .... (૮)
બન્યાં શહેરમાં ફાનસો ઠામ ઠામે, સુધારી ભલી વાટ છે ગામ ગામે;
ન પેખું હવે વાટમાં લુટનારો, વધ્યો આજ સૌરાષ્ટ્રમાં તો સુધારો .... (૯)
જવા આવવા ગાડિઓ ચાલવાને, ડંકાને વળી રેલવે બાંધવાને;
કરી ખર્ચને લ્હાવ લે છે અપારો, વધ્યો આજ સૌરાષ્ટ્રમાં તો સુધારો .... (૧૦)
ખરૂં કામ જાણી દિયે ખેપ પ્યાસી, પહોંચે નહીં ટેમ ટાણે પ્રવાસી;
જુઓ પોષ્ઠ દ્વારે પ ો છે ઉગારો, વધ્યો આજ સૌરાષ્ટ્રમાં તો સુધારો ... (૧૧)
પ્રજા તો ન પાંમે પિડા એમ જાણી, દયાળું અધીકારિએ દીલ આંણી;
રચ્યાં છે રૂડા કાયદા સત્યકારો, વધ્યો આજ સૌરાષ્ટ્રમાં તો સુધારો .... (૧૨)
પિડા આપતા ભૂપને કો હરામી, લુટી ગામને બાંધતા વાટ સામી;
ત્યાના ચાંચિયા એકને નો ઉગાર્યો, વધ્યો આજ સૌરાષ્ટ્રમાં તો સુધારો ... (૧૩)
રહી છે હજી ખામીઓ ખેદકારી, ટળે તેમ ઉદ્યોગ રાખ્યો ચ જારી;
સુધારો વધારી જનો દેશ તારો, વધ્યો આજ સૌરાષ્ટ્રમાં તો સુધારો .... (૧૪)

સરવ હળિ મળીને, દેશ જો આ સુધારો, જરૂર જ જયકારી, સૂખનો લાભ ભાળો;
સરસ અવસરે આ, હર્ષ હૈયે જ ધારો; પરસપર સુવિધા, બીજ વાવી પ્રસારો .... (૧૫)
મગ્ન રહે મન માહરૂં, સ્વદેશ સુધરે જેમ;
પરભુ વિદ્યા જોવ છે, રાજી રહું હું તેમ .... (૧૬)"[૧૩]

ઈશ્વરે આપણને જન્મની સાથે દેહ આપ્યો છે. પરંતુ ઘણા લોકો પોતાના દેહ પર ગર્વ કરે છે અને અભિમાનમાં રાચે છે. પરંતુ તેઓ એ નથી જાણતા કે આ દેહ ક્ષણભંગુર નાશવંત છે. તે તો માત્ર આપણા જીવનું ખોળીયું છે. દેહના અભિમાનથી ઘણા લોકો પોતાના આચરણમાં દુર્ગુણોને વિકસાવે છે. તો આવા દુર્ગુણોથી બચીને દેહની નાશવંતા સમજે અને આપણને જે જીવન મળ્યું છે તેને શાંતિ અને સુખથી, સારા વ્યવહારો વડે જીવે એ હેતુથી 'દેહનો ગર્વ ન લાવવા વિશે શિખામણ' કાવ્યમાં તેની ક્ષણભંગુરતા અને નાશવંતતા સ્પષ્ટ કરી છે અને તેનો ગર્વ ન કરવાની શિખામણ આપી છે.

"માન્યને માહરૂં મૂર્ખતું માનવી, અલ્પ આ દેહ મંડાણ ખોટું;
માનવી જાતમાં જન્મ આપ્યો સહી, તે થકી તાહરૂં ભાગ્ય મ્હોટુ ....
જગત કરતા તણો પાડ પ્રીતે કરી, માન્ય તું માનવી એજ માટે;
અંત આખર સમે કાંઈ સાથે નહીં, આવશે પુન્યને પાપ ગાંઠયે ....
છોડિ દે મમતને રમત નિંદાતણી, કૃષ્ણનું નામ તું જોને ચાખી;
પરમ પ્રીતે કરી પારખી જો સદા, ભક્તિ ઉદ્યમ તણો ભાવ રાખી ....
પક્ષિ પામર પશૂ અકલ વણ બાપડા, પંડ પોષણ તણો સાર પ્રીછે;
તે થકી ઊંચ છું સમજ ઓ સજ્જના, અકલ અર્પી છતાં કાં ન ઈચ્છે ....
ગર્વ ધરતી અને દ્રવ્ય કાયા તણો સખ્ય નહીં લેશ તું આ સમેજો;

જરૂર આ જીંદગી ભાઈ તારી નથી, સરસ સર્વોપરી સાર લેજો ....

મ્હારૂં મ્હારૂં કરી મ્હાલવા ચાહિને, લક્ષ્મીનો લુબ્ધ થઈ કાં તું ફુલે;

મૂઢમતિ તાહરી તે થકી પ્રાણિયા, મગ્ન મનમાં રહી સીદ ભૂલે ....

આપ આયુષ તણી અવધ તો આપથી, નહીં કળિ જાય મદથી ન ઝૂલો;

દાસ પ્રભુનો વેદ વચન સુવિવેકથી, તો તમે ભોળવાઈ શું ભુલો ....”[૧૪]

સમાજમાં સ્ત્રી જ્યારે વિધવા બને છે. ત્યારે સમાજના લોકોનો તેમના પ્રત્યેના વ્યવહાર તેમને દુઃખી બનાવી દે છે. સમાજના રીત–રિવાજોના બંધનમાં તેમણે જીવનવ્યતિત કરવું પડે છે. તેને પોતાની ઈચ્છાથી જીવવાનો હક હોતો નથી, લોકો તેમની સાથે અભદ્ર વ્યવહાર કરે છે. જાણે તેમણે જ સામે ચાલીનેન વિધવા બનવાનું નક્કી કર્યું હોય અને તે ખુશી ખુશી અપનાવતી હોય એમ માને છે. તેમની મનની ઈચ્છા કોઈ જાણતું નથી અને તેમને તેમની ઈચ્છા પ્રમાણે જીવવાનો કોઈ હક આપતું નથી. તેથી તે દુઃખી થાય છે અને તેની દુઃખની વ્યથાને વર્ણન કરતું ‘ગરીબ વિધવાનું દુઃખ’ કાવ્યમાં તેમની દુઃખની વ્યથા વર્ણવવામાં આવી છે.

“વ્હાલાને વિજોગે મને, મ્હેર નવ આણી.

નિત નિત પ્રાત સમે નેન ભરૂ પાણી ....

અતિ મન મોજ ગણી, ચાલ્યાં ભવસિંધુ ભણી,

મધ્ય આવી નેહ તણી, નાવ લીધું તાણી .... (૧)

કૂપમાં ઉતારી કરી, આપી બહુ ધીર ખરી,

નાવિ દીલ દયા જરી, દોરતે કપાણી .... (૨)

શીદ ઈશ નારી ઘડી, એવું શું રહ્યું તું અડી.

જે હું માંનખામાં પડી, ફોગટ ગણાણી .... (૩)

વાલો તો વિસારી ગયો, ફરી ન સંદેશો કહ્યો,

ઝેર તો જંબારો થયો, હાય હું રંડાણી .... (૪)

હવે મુજ કોણ ધણી, પીઠા કોને મૂજ તણી,

નથી મુક્યું બાળ જણી, કરત કમાણી .... (૫)

સાસુ સસરોજી જશે, માત તાત નાશ થસે,

નણંદ ભોજાઈ હશે, કેશે કુડી વાણી .... (૬)

જ્યાં ત્યાં ઓશીઆળી થઈ, રહેવું હવે મ્હારે જઈ,

રેઢીયારી કેશે કઈ, અતિ અકળાણી .... (૭)

એક દુઃખ વાલો ગયે, બીજું નો ટુંકારો કહ્યો,

દુખતામાં ડાંભ થયે, કેમ રેહેશે પ્રાણી .... (૮)

એક હજી દુઃખ રહ્યું, જે ન જાય મુખ કહ્યું,

કામનું જો જોર થયું, રેશે રામ કાણી .... (૯)

હું તો દૃઢ રહીશ ખરી, નક્ટો કુ દૃષ્ટિ રી,

જોશે મને આડા ફરી, નાથ હીન જાણી .... (૧૦)

સ્વચ્છ લુગડાના જ્યવી, નાર તણી જાત ત્યવી,

ડાઘ વણ કેમ જવી, મન હું મુઝાંણી .... (૧૧)

ફોગટ કલંકો ઘણા, મુકશે ને રહેશે મણા,

પૂરા ભોગ મુજ તણા, કોણ ગણે શાણી .... (૧૨)

થાય છે ને થાશે દુખ, કેટલાં ગણું હું મુખ,

લેશ દેખયું ન સુખ, તાણ વીજ પાણી .... (૧૩)

કોણ જાણે કોક તણી, પીડ જે પડે છે ઘણી,

દુઃખની તો ટોચ ચણી, મન ન સમાણી .... (૧૪)

જીવવું હવે તો ઘણું, ઝેર જેવું જાણું ઘણું,

સુતરનો ત્રાગ બણું, તો તો બોડું તાણી .... (૧૫)

કદી આપ ઘાત કરૂં, આત્મઘાત પાપ ખરૂં,

નાથ શેત નવ તરૂં, થાય ધુડધાણી .... (૧૬)

દુઃખથી દુનાઈ મરૂં, જાઉ ક્યાં ને શું રે કરૂં,

રોઈ રોઈ ઘર ભરૂં, વાલાને વખાણી .... (૧૭)

તોય કોઈ દાદ નહીં, સાંભળે બીચારી કહી,

વીર વણ દેખું મહી, ધીર ધરૂં જાણી .... (૧૮)

એક ઈશ આપ તણો, દિલમાં ભરોસો ઘણો,

દુનીયાનું દુઃખ હણો, શિવ શૂલ પાણી .... (૧૯)

દેશીઓને દીલ વસી, કારમા કમર કશી,

પ્રિય તણાં દુઃખ ઘસી, કાઢજો પિછાણી .... (૨૦)"[૧૫]

સમાજમાં દેશી લોકોમાં જાત જાતના કેફ લેવાનું વ્યસન છે. તો આવા કેફથી દૂર રહે તે હેતુથી કેફથી થતા ગેરફાયદા બતાવીને તેમને એનાથી દુર રહેવાનું સૂચન કરતું કાવ્ય લખ્યું છે. 'કેફ વિશે' જેમાં કેફના ગેરફાયદા વર્ણવ્યા છે અને તેનાથી લોકોને થતું નુકસાન પણ વર્ણવ્યું છે.

"અરે દેશિ લોકો સુણો વાત સારી; કહું કેફ કીધા તણું દુઃખ ભારી,

અતીશે વળી વૈદ્ય લોકે ધિકારી; તજો ને તમે કેફ કુકર્મ કારી .... (૧)

કરે કેફ જે જાણીને સેજ વાતે; થશે દુઃખ દારિદ્ર તેની જ જાતે.

વળી ટેવ થાશે સદા તે નઠારી; તજો ને તમે કેફ કુકર્મ કારી .... (૨)

હરે ચેનથી દુષ્ઠ લોકો અતીશે; ખરી ખાંતથી જાણીને કુમતીશે.

ભરે પિંડ પાપે વળી તેજ ભારી; તજો ને તમે કેફ કુકર્મ કારી .... (૩)

કરે કેફ તેને તમે યાર નિંદો; ઘણે ભાવથી જાણીને બુદ્ધિ મંદો.

રૂડી થાય કાયા સદા તે નઠારી; તજો ને તમે કેફ કુકર્મ કારી .... (૪)

કિધી કેફ તેને જુવો ધ્યાન ધારી; ઘણી તેહને આપવી શીખ સારી.

ખસે જે થકી કાયનું દુઃખ ભારી; તજો ને તમે કેફ કુકર્મ કારી .... (૫)

કરે કેફ તેમાં નહીં ઈશ રાજી; નહીં ચાલશે કાયદે લોક પાજી.

પછી ઉગર્યાની નથી એક બારી; તજો ને તમે કેફ કુકર્મ કારી .... (૬)

જુઓ કેફથી તો ગયા કૈઈક ઉડી; છતી સાહ્યબી ને ગઈ છેક મુડી.

કરો દુર તે સુણિને શીખ મારી; તજો ને તમે કેફ કુકર્મ કારી .... (૭)

વદે શાસ્ત્રમાં કેફનો દોષ મોહોટો; ઘણે પુન્ય કીધે ન જાયેજ છોઢો.

સુણી ને સુણાવી તજો આપ અંગે; કહ્યું ગીરિજાશંકરે એ ઉમંગે .... (૮)

એ માટે સહુ માનવી, આણી મન સુવિચાર;

કેફ દોષને દ્યો તજી; માનીશ હું ઉપકાર .... (૯)

ગાંજો ભાંગ્ય, હુકો અને, માજમ તાડિ, અસાર;

અફીણ પીશે જે ઘણી, તે નરને ધિક્કાર .... (૧૦)

કરે ખરાબી અંગની, અડે કેફ જે વાર;

ફસી પછી પસ્તાય છે, ફટ તેની જણનાર .... (૧૧)

કરે કેફ અણભાગીયા, સ્વાદ નહીં જ લગાર;

દેખી એવા દુષ્ટને, ફટ ફટ કરજો યાર .... (૧૨)

સન અઢાર અગનોત્તરી, તારિખ બાવિ અગષ્ટ;

સંવત શત શુભ ઓગણી, શ્રાવણ માસ શુભેષ્ટ .... (૧૩)"[૧૬]

સમાજના વિકાસમાં જે નર મદદરૂપ થતો નથી તથા તેમની સામે દુષિત ઘટનાઓ બનતી હોવા છતાં તે તેનો વિરોધ કરતો નથી એવા નરને ધિક્કારવાનું કહેવામાં આવ્યું છે. સમાજમાં એવા કયાં કયાં કારણોને લીધે નર ધિક્કારને પાત્ર બને છે. તે 'કોને ધિક્કાર' કાવ્યમાંથી જાણીશું.

"ન સાર પ્રીછી સહસા કરે જે, વિશેષ તો વીપત ભોગવે તે;
કરે વિમાસી વળતી વિચાર, સદા પડો એ નરને ધિકાર .... (૧)
વિનોદમાં વાદ કરી સ્ત્રી સંગે, ધરે અતિ દ્વેષ જ આપ અંગે;
સ્ત્રી દોષ દૈ મૂઢ કરે પ્રહાર, સદા પડો એ નરને ધિકાર .... (૨)
કુટુંબમાં કલેશ થતો ન વારે, વિરોધ જે સંપ તજી વધારે;
અસ્વારથે વૈર ધરે અપાર, સદા પડો એ નરને ધિકાર .... (૩)
નિજાથનું હેત ધરી કહે કો, ન સૂણતાં સાર વિરુદ્ધ લે જો;
અહિત જાણી જ મળે ખુવાર, સદા પડો એ નરને ધિકાર .... (૪)
સ્વધર્મનો ત્યાગ કરી અબુદ્ધ, ધરે વળી અન્યતણો અશુદ્ધ;
તથાપિ તેનો ન કરે સ્વીકાર, સદા પડો એ નરને ધિકાર .... (૫)
થતું હશે જ્યાં પરમાર્થ કામ, જનો મળે સર્વ ધરાવિ હામ;
વચે પડી જે ઉચરે નકાર, સદા પડો એ નરને ધિકાર .... (૬)
પ્રકાશવા આપ તણી વડાઈ, વધારશે ઓચરિ આપ ચાહી;
રગચાતુરી વર્ણવિ વાર વાર, સદા પડો એ નરને ધિકાર .... (૭)
કુટુંબમાં મૂર્ખ વિરોધ પાડી, કહે વળી અન્ય કને જ માંડી;
સ્વછિદ્રનો આપ કરે પસાર, સદા પડો એ નરને ધિકાર .... (૮)
અમુલ્ય છે જે ઉપકાર માનો, વળી વિશેષે સુખદા પિતાનો;
ભુલી જ તે, દુઃખ દિયે અપાર, સદા પડો એ નરને ધિકાર .... (૯)

ગરીબનાં પૂરણ ચિન્હ ધારી, છતાં કૃપા દીનદયાળ કેરી;
જઈ ભીખે જે નિત અન્યબાર, સદા પડો એ નરને ધિકાર .... (૧૦)
કુવાક્ય જેના મુખમાં વસે છે, વૃથાભિમાનો નર જે ધરે છે;
વળી ન જે સત્ય વદે લગાર, સદા પડો એ નરને ધિકાર .... (૧૧)
ભક્તી પરમેશ્વરની, ન કરે જે આંહી પામી સંસાર;
તે પ્રમદા પુરુષોના, જીવતરમાં નિત પડો જ ધિકાર .... (૧૨)"[૧૭]

સમાજમાં સ્ત્રી કેળવણીનું કેટલું બધું મહત્ત્વ છે. તે વિશે વિદ્વાનો જાણતા દરેકને એવો સંદેશ પાઠવે છે. કન્યાઓને વિદ્યાભ્યાસ કરાવવો જોઈએ, સમાજના વિકાસમાં, દેશની પ્રગતિમાં, બાળકોના ભાવિના વિકાસમાં સ્ત્રીનો ફાળો મહદઅંશે અગત્યનો રહ્યો છે. સ્ત્રી જ બાળકોનું પાલન પોષણ કરે છે. તેથી બાળકોનું સંસ્કાર ઘડતરનું કાર્ય સ્ત્રીઓના હાથમાં છે. એ બાળક મોટો થઈ નાગરિક બનશે ત્યારે એ તેના સંસ્કાર ઘડતરનો લાભ સમાજ અને દેશને આપશે. આમ જો યોગ્ય સંસ્કાર પામેલો બાળક દેશના ભાવિ વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપશે. પરંતુ તે માટે સ્ત્રી શિક્ષિત હોવી જોઈએ. તેને સારા–નરસાનું ભાન હોવું જોઈએ અને તે માટે દરેક કન્યાને વિદ્યાભ્યાસ કરાવવાના હેતુ સાથે 'સૌરાષ્ટ્રમાં કન્યાઓને વિદ્યાભ્યાસ કરાવવા વિશે' કાવ્યમાં સ્ત્રીઓને યોગ્ય વિદ્યાભ્યાસ કરાવવાનો સંદેશ આપ્યો છે કે જેથી સમાજ સુશિક્ષિત બને.

"ધરો આજ આનંદ સૌ ભ્રાત મ્હારા, મુકી ગર્વને ચાલ જાુના નઠારા;
રૂડિ પાઠશાળા પ્રીતેથી ચણાવો, સુતા આજ સૌરાષ્ટ્રમાં સૌ પઢાવો ....
મળે જેહને નાર સદ્‌બુદ્ધિ વાળી, નહીં તે સમીપે દુજો ભાગ્યશાળી;
વિદ્યાના વધારા થકી લૈ શું લાવો, સુતા આજ સૌરાષ્ટ્રમાં સૌ પઢાવો ....

અજ્ઞાની જનોને કહીયે પશુઓ, ભણે તેહના દીલમાં જ્ઞાન દીવો;
કરી ભાષણો ફાયદા સૌ ગણાવો, સુતા આજ સૌરાષ્ટ્રમાં સૌ પઢાવો ....
ઘણા કાળની રીત પ્રાચીન ધારો, નઠારો તમે ચાલ એ તો ન ધારો;
ધરી હામ એ રીત સારી ચલાવો, સુતા આજ સૌરાષ્ટ્રમાં સૌ પઢાવો ....
ભણેલી હતી રાયકુંભાનિ રાણી, કવિતા ઘણા ભાવથી ગાઈ જાણી;
પરિબ્રહ્મ શું પ્રેમ પૂરો મચાવ્યો, સુતા આજ સૌરાષ્ટ્રમાં સૌ પઢાવો ....
ભણે નાગરોની જીુવો સર્વ નારી, કહો કેમ તેને ન કેવાય સારી;
કદી હોય જો ખોડ તો તે બતાવો, સુતા આજ સૌરાષ્ટ્રમાં સૌ પઢાવો ....
ભણેલી જ જો હોય માતા દયાળી, બને બાળકો તેહનાં બુદ્ધિશાળી;
મળી સર્વના સુખનાં બીજ વાવો, સુતા આજ સૌરાષ્ટ્રમાં સૌ પઢાવો ....
સુવિદ્યા ભણી સાહેબોની જ રાણી, પઢાવે ઘણા બાળને ધર્મ જાણી;
બને જેહથી રોજ રૂડા બનાવો, સુતા આજ સૌરાષ્ટ્રમાં સૌ પઢાવો ....
થયો રાજમાં હોય કાંઈ કુધારો, થશે મંત્રી સારો મળેથી સુધારો;
કરે ખર્ચમાં રીત રાખી બચાવો, સુતા આજ સૌરાષ્ટ્રમાં સૌ પઢાવો ....
અરે એજ રીતો જનો મધ્ય જાણો, ધરે સર્વને મંત્રી નારી પ્રમાણો;
તમે રીત એ ધર્મશાસ્ત્રે જણાવો, સુતા આજ સૌરાષ્ટ્રમાં સૌ પઢાવો ....
કરગરિ કરજોડી, માગુ હું પ્રેમધારી; તનમન ધન સાથે, અર્જ છે એજ મારી;
ઘર ઘર પુરૂષ સ્ત્રી, પ્રીતથી રે મળીને; સકળ અકલ ધારી, સર્વ શાસ્ત્રો ભણીને
ભણિગણિમણિ જેવી, નીતિની રીત શાહે; દળિ દર દળિ નાંખી, સર્વ ઉદ્યોગ ચાહે,
પતિ પર ધરનારી સંપ નિષ્કંપ રાખે; પરમ સુજનતાથી, નાથ આભાર દાખે;
વિદ્યા ભણી યુરોપમાં, સુધરી નારી જેમ; એ રીતે સૌરાષ્ટ્રમાં, કહો ન સુધરે કેમ.
મળિ સુજન સહુ એ ગ્રહે, પુત્રિ પઢાવા નેમ; કથે ગૌરીશંકર કહે, ગૌરી શંકર એમ.
તમે ધારૂકાની સરકારી નિશાળના મેહેતાજી ગૌરીશંકર જે શંકર."[૧૮]

## ❖ 'સૌરાષ્ટ્ર દર્પણ'માં પ્રકાશિત થયેલા સાંસ્કૃતિક લેખો :

આપણી સંસ્કૃત્તિને આપણે આર્ય સંસ્કૃતિ તરીકે ઓળખીએ છે. તો આ સંસ્કૃતિ ક્યાંથી આવી ? એ શું છે ? એનો વંશ ક્યાં છે ? વગેરે બાબતો જાણવી આપણા માટે જરૂરી છે. કારણ કે આપણી સંસ્કૃતિ એ આર્યની સંસ્કૃતિ છે. તો આજે આપણે 'આર્ય વંશ' નામના લેખમાંથી તેમનો ઇતિહાસ જાણીશું.

"આર્ય એ સંસ્કૃત શબ્દ છે પછવાડે ના વખતમાં એનો અર્થ સારા કુળનો થાય છે તો પણ મૂળમાં એ પ્રજાનું નામ હતું. મનુ પોતાના કાયદાના પુસ્તકમાં હિંદુસ્તાનને આરયા વ્રત એટલે આર્ય લોકોની ભુમિ કરી લખે છે, આ વખત સુધી આ શબ્દ આ અર્થમાં વપરાતો હતો. આર્ય એ પ્રજાનું નામ તેની શત્રુ 'દશ્યુ' એટલે કાલી પ્રજાથી જુદા પાડવા આબરૂ વાળુ નામ હતું – રઘુવેદમાં નીચેના મતલબનાં વાક્ય છે. "હે શ્દ્ર તું આર્ય અને દશ્યુને જાણે છ, પાપીને શીક્ષા કરી તેઓને તારે સરણે રાખ, ધર્મ પાલનારાઓનું રક્ષણ કર, યજ્ઞાદી મ્હોટાં કામો વખત તાહારી સ્તુતી ગાઈસ" વેદનાં પાછલના વખતમાં આર્ય એ નામ દ્વીજની ત્રણ જાતીને લાગતું. સૌદ્ર જાુદા હતા. આરયાઓને જ માત્ર યજ્ઞાદી, કર્મનો અધિકાર હતો.

આર્ય એ શબ્દને કેટલાક અરથમાંથી નીસરો ધારે છે જે નામ વૈરાયજાતીના ગૃહસ્થોને લાગતું. જેઓ સીપાઈગીરી અને ધર્મ ઉપાદયાનું કામ નોતા કરતા તે સરવ આ ત્રીજી જાતીમાં ગણાતા તેથી વૈશયનો સમુદાય ઘણો હતો, આ નામ ક્યમ પડું વીગેરેને લાગતું તે પછવાડેથી આખી પ્રજાને લાગવા માડું એમ જણાય છે. આરયનો મૂળ અર્થ 'ખેડનારો' થાય છે એ શબ્દને Arane એ શબ્દ સાથે ઘણો સંબંધ છે. એરીઅનો એ આ નામ ભટકતા ટુરેનીઅન લોકોથી જાુદા પડવા દાખલ કરયું હશે, હિંદુઓનો તે વખતનો ધંધો ખેતીવાડી, ઢોર પાળવાં એ મુખ્ય હતો.

આર્ય એ નામ આજ એકલા હિંદુના પ્રાચીન ગ્રંથમાં રહ્યું છે એમ નથી પણ જરથોસ્તી લોકોના પ્રાચીન ધર્મના ગ્રંથ જેરૂઅવસ્થામાં એ નામ અસાધારણ નથી. જેરૂમાં એનો અરથ ‘માનવાળો’ થાય છે. આ વખતે એ આખી પ્રજાનું નામ હોય એમ જણાય છે.”[૧૯]

આપણી લોકસંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ સ્થળેના લોકમેળાઓ ખુબ જાણીતા છે. તે જે તે પ્રાંતના રીત–રિવાજો, રેહેણી–કરણી વિશે અવગત કરાવે છે. તેના થકી લોકોના તહેવારો, તેમની રૂચિ, પોતાની સમાજની પરંપરાઓને આગળ ધપાવવાની જીજ્ઞાશા વગેરે જાણવા મળે છે. આવા મેળાઓ થકી લોકએકતા જળવાઈ રહે છે અને સંસ્કૃતિનું વર્ષોવર્ષ જતન થતું રહે છે.

“કાઠીયાવાડના રાજા તથા તાલુકદારોએ કાઠીયાવાડ પોલીટીકલ એજન્સીની શાહેતા તથા દેખરેખથી હર વરશ શીઆલાની મોશમની શરૂઆતમાં એક વારશીક મેલો ભરવાનો બંદોબસ્ત કીધો છે. એ વાત શરકારે પણ પસંદ કરી છે.

પહેલો મેલો શન ૧૮૬૪ ના શાલમાં રાજકોટમાં ભરાશે તે. તે તારીખ ૧૫ નવેંબરથી શરૂ થતા તારીખ ૧૫ ડિસેંબરે તમામ થશે હેવું ધારવામાં આવે છે.

પહેલો મેલો ભરાઈ રહા પછી બીજા શાલોના મેલા ક્યારે અને કઈ જગે ભરાશે તે ઠરાવવામાં આવશે. તમામ જાતના માલનું વેચાણ તથા બદલાણ કરવા શારૂ એ મેલો ભરવાનો ઠરાવ થઓ છે. વલી ઘોડાઓનું વેચાણ પણ થશે, શરકારી વાલી ઘોડાઓથી પેદા થએલા ઘોડાઓ બતાવામાં આવશે. ગીરનાં શીંગી ઢોરો પણ બતાવવામાં આવશે. એ પેહેલા મેલાની વખતે ખેડુતના કામના કેટલાંએક વીલાએતી ઓજારો તથા તેઓથી કામ શી રીત ચાલે છે. તે બતાવવામાં આવશે. એ ઓજારો કમીટીના અખતીઆરમાં

છતાં મેલો પુરો થયેથી રૂપિયા ભરનારના લાભને માટે જાહેર લીલામથી વેચવામાં આવશે. એ મેલામાં આવતો તથા એ મેલામાંથી જતો માલ તથા ઢોરો ઉપરનો તમામ જાતનો દાણ ચીલો તારીખ ૧ નવેમ્બરથી તે તારીખ ૩૧ ડિસેમ્બર સુધી માફ કરવામાં આવશે.

મુશાફરો તથા વેપારીઓને પશ્ચીમ તરફથી એ મેલામાં શલામતીથી આવવા શારૂ જોડી એથી રાજકોટ સુધીના રસ્તા ઉપર શારો બંદોબસ્ત રાખવામાં આવશે. તેમજ અમદાવાદ અને રાજકોટ વચે મુશાફરોની મુશાફરી શેહેલી કરવા સારૂ તથા માલના બચાવ શારૂ ઘણી ફીકર રાખવામાં આવશે.

કદાપી કોઈ યુરોપીઅન વેપારી પોતાની મરજી એ મેલામાં આવવાની બતાવશે તો અમદાવાદ અને રાજકોટ વચે તેઓના ઉતારા શારૂ ખશુશ કરીને બંદોબસ્ત રાખતાં રાજકોટ આગલ મેલાના વખતમાં એક હોટેલ ઈઆને ધરમસાલા ઉભી કરવાની ગોઠવણ પણ કરવામાં આવશે. ખેડુતના ઓજારને શારૂ તથા એ મેલાઓ લાગતાં બીજાં કામોને શારૂ લગભગ વીસ હજાર રૂપીઆ એકઠા થઈ ચુકા છે. રાજકોટ, તારીખ ૧ ઓકટોબર શને ૧૮૬૩."[૨૦]

ધર્મ શું છે ? લોકો કોને ધર્મ કહે છે ? તેનો ઉદ્‌ભવ ક્યાં અને કેવી રીતે થયો ? તેની વાત આપણને 'પાળે તેનો ધર્મ ને મારે તેની તરવાર' લેખમાં જોવા મળે છે.

"ધર્મની વ્યાખ્યા બાંધવી એ મહાપંડિતોનું કામ છે. તો પણ આપણે એમ કહીયે તો ચાલે કે, જગત્કર્તાના સર્વજ્ઞત્વ, સર્વશક્તિમત્વ, અનાદિ અનંતત્વ અને પરમ–પવિત્રતાદિ સહિત તેના અસ્તિત્વ અને તે સાથેના આપણા સંબંધ તથા તે સંબંધ ઉપરથી ઉત્પન્ન થતી માણસની કર્તવ્યતાનો જે બોધ કરે છે તે 'ધર્મ ....' દુનિયામાં શેકડો ધર્મ

થઈ ગયા છે અને નવા પંથો નીકળે છે. તેમાં આજ મુખ્ય સાત આઠ મોહોટા ધર્મો દુનિયામાં ચાલે છે. ને તે પ્રત્યેક ધર્મવાળાઓ પોતાના ધર્મને ઈશ્વરી ગ્રંથ માને છે. કેટલાં એક મૂળ તત્વો તે સર્વેમાં એક સરખાં મળે છે તો પણ હિંદુ વિદ્વાનોની માન્યતા અને થોડાક યુરોપીયન શોધકોની શોધ પ્રમાણે વેદધર્મ સર્વેથી જાુનો અને સર્વેથી રહડતો ગણાય છે. પરંતુ તેમાં રોકડો ફાંટાઓ ફુટી જાુદા જાુદા પંથો થયા, ને થતા જાય છે. ધર્મના ઘણા ગ્રંથો નાશ પામ્યા, ઘણા ગુપ્ત પોથીઓમાં છુપી રહ્યા અને તેને અભ્યાસ મંદ પડવાને લીધે હમણાં ઘણી ગડબડ થઈ રહી છે, જે ઉપર ધર્મજ્ઞ મહાત્માઓયે ધ્યાન પોંહોચાડવું યોગ્ય છે અને હમણાંનો સમય જો હિંદુઓનું તે તરફ વલણ થાય તો અનુકુળ પણ છે. અસ્તુ, એમ છે તો પણ જેણે જેમ માન્યું છે તેમ તે પોતાના ધર્મ ઉપર ઘણા ચુસ્ત રહે છે અને હર તદબીરથી પોતે માનેલો ધર્મ પાળવાને યત્ન કરે છે."[૨૧]

## ૫.૩ ભાવનગરથી પ્રકાશિત થતા સામયિકો અને સમાચારપત્રો :

### [૧] 'સુબોધ પ્રકાશ' (૧૮૮૨) :

'સુબોધ પ્રકાશ' ઈ.સ. ૧૮૮૨માં પ્રકાશિત થયું છે. તેના પ્રથમ પાના ઉપર એક સરસ દોહરો છપાય છે. તે નીચે પ્રમાણે છે :

"ધારી ચિત્ત સુનેમ મારી મનને, સંહારી મદ શત્રૂને,<br>
ભારી દુઃખ વિખેરી કારી અઘને સંહારી સર્વત્રને;<br>
ધિક્કારી કુડને વિચારી વચને સંભારી સૂનેમને,<br>
જારી કાર્ય કરો અધારી, હણવા ધારી વિચારી મને."[૨૨]

### ❖ 'સુબોધ પ્રકાશ'માં પ્રકાશિત થયેલા સામાજિક લેખો :

સમાજમાં અફીણીનો આદિ જીવનવિકાસના કાર્યોમાં આળસ કરે છે. તે આળસુ બનીને પડી રહે છે. ના તો તે પોતાનો વિકાસ કરે છે. ના તો દેશના વિકાસમાં મદદરૂપ બને છે. આવા લોકોનું જીવન વ્યર્થ બને છે. તો આવા અફીણી લેવાના આદિને સુધારવા માટે શિખામણ આપવામાં આવે છે. તે 'અફીણીને શિખામણ' કાવ્યમાં પ્રગટ થઈ છે :

"અફીણી અફીણ છોડ જેથી અતિ સુખ પામ,<br>
અફીણીઓ આળસથી દુઃખી ઘણો થાય છે;<br>
અફીણના વ્યસનથી સાર નહિ જીવલેસ,<br>
અફીણના વ્યસનથી કાયા ગળી જાય છે;<br>
અફીણના કેફ થકી આંખમાં ન નુર રહે,<br>
અફીણીનું પ્રીત ખાઉકડ થવા ચહાય છે;

કહે એમ હીરાલાલ અફીણથી બુરા હાલ,
અફીણ ખાનાર જન આખરે પસ્તાય છે.
કોઈ જન અફીણના વ્યસનની નીંદા કરે,
રોગ તણું બાનુ કાઢી નાખુશ તે થાય છે;
અફીણીને નહીં શર્મ પાળે નહિ એકે ધર્મ,
નાવા ધોવા શેવા થકી આળસુ જણાય છે;
અફીણી જનોને જરા અફીણની વાર લાગે,
ઝોકાં આવે દુઃખ પામે રગ સૌ ખેંચાય છે;
કહે એમ હીરાલાલ અફીણથી બુરા હાલ,
અફીણ ખાનાર જન આખરે પસ્તાય છે.
અફીણ ન હોય પાસ કરે માગવાને આશ
એવી રીતે રે' નીરાશ જન્મ વ્યર્થ જાય છે;
અફીણી માણસ તણો ભરોસો ન કરે કોઈ,
અફીણીનો અવતાર એળે ગ્યો મનાય છે;
અફીણીથી નહીં સુખ દુઃખ તો આખરે પડે,
અફીણીઓ ઉડાઉને વ્યભીચારી થાય છે;
કહે એમ હીરાલાલ અફીણથી બુરા હાલ,
અફીણ ખાનાર જન આખરે પસ્તાય છે.
અફીણના વ્યસનથી મુખ ચે'રો ઝાંખો રહે.
અફીણના વ્યસનથી અપમાન થાય છે;
અફીણીને દુર્ગુણ ઘણા ખરા પ્રાય લાગે,
અફીણીને શીર છાપ ચોરીની છપાય છે;

એ બધા જો દુર્ગુણ તણું ફળ આપે ઈશ,
ત્યારે તે અફીણીયા અતીસે પીડાય છે;
કહે એમ હીરાલાલ અફીણથી બુરા હાલ,
અફીણ ખાનાર જન આખરે પસ્તાય છે.
અફીણની છાપ થકી સૌ ફીટ ફીટ કરે
અફીણી અફીણી કરી ફજેતી બૌ થાય છે.
અફીણીની સોબતથી સાર નહિ મળે જરા,
આપ જેવા બીજાઓને કરવાને ચ્હાય છે;
અફીણીને ધંધો એક અફીણ વિના ન સુજે,
અફીણ ન મળે ત્યારે દુઃખી અતી થાય છે,
કહે એમ હીરાલાલ અફીણથી બુરા હાલ;
અફીણ ખાનાર જન આખરે પસ્તાય છે.
એ રીતે પામે અતી વ્યસની પોતે દુઃખ,
માટે જાણી કેફના તજી તેહ લ્યો સુખ."[૨૩]

આપણા સમાજમાં ઘણા વિષયી/કામી લોકો હોય છે. તેઓ સમાજમાં કઈ રીતે વિઘ્નો ઊભા કરે છે. તે આ કાવ્યમાં આપવામાં આવ્યું છે. 'વિષયી વિષે વિષય' કાવ્ય નીચે મુજબ છે. તેમાં એક વિષયી પુરુષના લક્ષણો કેવાં હોય છે. તે આપણે જોઈએ.

"પર નારી નર્ક ખાણ, વાત નર ઉર આણ,
વિત્યા વિનાહો અજાણ, જાણ કરૂં એહરે;
મનુષ્યનું મન વા'ણ સ્ત્રી રૂપી ટંડેલ જાણ,
સુમાર્ગે ચલાવ્યું માંડ માંડ કરી તેહરે;

પછી અર્ધ જતાં ઘાણ, જીવ્યાની તો રહી લા'ણ,
ઈશ્વરનું આવ્યા દાણ વિના ગયો દેહરે;
માટે અરે મુર્ખ પાણ સ્ત્રી સામે તું ફેંક બાણ,
ભામનીને ભાળે ભાણ છોડ છંદ એહરે.
કેશ મહીં ભરી તેલ સુગંધિ અનંગથી કેંક બની મદમાતી,
જાળી તણા લૂગડાં તન પે'રી અહીં તહીં હુંપદથી ભટકાતી;
કેંક શહેર વચે કરિ બેઠક જ્યાં જન આવક જાવક થાતી,
સાંજે સમે શણગાર સજી વિષયી ફરતી ઊંચ નીચની જાતી.
સોળ સજી શણગાર ઊભી રહી બારિ વિષે અતિ સુંદર નારી,
સાદ કર્યો નિજ નોકરને નિચ ચાલિ નિચેથી જતો તહીં જારી;
ગંડુ બની અહીંને તહીં જોય કહે કુણ કોકિલ વાણી ઉચારી.
દ્રષ્ટી ઉંચી કરી જોયું તહીં મુચ્છાયિ પ ।  ધરણિ પર જારી,
ચાતક વાટ હું જોઈ રહ્યો તુજ મેઘ ન આવી શાંતી પમાડી;
અમૃતનાં વચનો વદીને વિત્ત લૈ વિશવાસ કટારી લગાવી,
તુજ રૂપેરી રૂપે ચળકી પણ અંદર લોઢું કુડે મહીં ભારી."[૨૪]

આપણા સમાજમાં ઘણા લોકો સ્વાર્થ માટે જ એકબીજા સાથે સંબંધ ધરાવે છે. જ્યારે પોતાનો સ્વાર્થ સંતોષાય ત્યાર બાદ તેને ત્યજી દે છે. તેને કેટલાક ઉદાહરણ દ્વારા લેખકે સમજાવ્યું છે. તે આપણે 'સ્વાર્થ સાથે સગપણ' લેખમાં દર્શાવ્યું છે. તે નીચે મુજબ જોઈશું.

"वृक्षंक्षीणफलंत्यजन्तिविहगाः शुष्कंसरः सारसाः
निर्द्रव्यंपुरुषंत्यजन्तिगणिका भ्रष्टंनृपंमन्त्रिणः।

पुष्पंपर्युषितंत्यजन्तिमधुपा, दग्धंवनान्तंमृगाः
सर्वकार्यवशाज्जनोभिरमतेतत्कस्यकोवललभः ॥"

સ્વાર્થની સાથે સાચું સગપણ રાખનાર આ જગતમાં અનેક પ્રાણીઓ નજરે આવે છે. સર્વ સ્થળે સ્વાર્થથી બંધાએલા અનેક પ્રાણીઓ પ્રેમાધિનતાને પામ્યા હોય તેવા દીસી આવે છે, પણ તે કેવળ ધતિંગ છે. માત્ર પ્રેમના બંધનથી બંધાએલા મનુષ્યો સ્વાર્થને દુર કરી રહેતા હોય તેવા દ્રષ્ટીએ દેખવા તો કઠીન છે પણ કાને સાંભળવા એ કઠિન છે. કવિ કહે છે કે – "ક્ષિણ થયેલા વૃક્ષને પક્ષીઓ તજી દે છે. સુકાએલા સરોવરને સારસ પક્ષીઓ તજી દે છે, દ્રવ્ય રહિત થયેલા પુરુષને ગણિકા–વેશ્યા તજી દે છે, ભ્રષ્ટ થયેલા રાજાને પ્રધાન તજી દે છે, કરમાએલા સુગંધ વિનાના પુષ્પને ભમરાઓ તજી દે છે અને સળગતા વનને મૃગો તજી દે છે. આ જગતમાં સર્વ કોઈ પોત પોતાના સ્વાર્થને અર્થે એક બીજાને ચ્હાય છે. પણ સ્વાર્થ વિના કોણ કોણને વહાલું છે ?"[૨૫]

સમાજમાં ઘણો દુષણો પેઠાં છે, તેમાં લાંચ મહત્ત્વનું છે. આજે સમાજમાં લોકોનું કોઈપણ કાર્ય કરવાનું હોય તો લાંચ લેવામાં આવે છે. આપણા દેશના વહીવટી કામદારો પ્રામાણિકતા છોડીને લાંચરુશ્વત લેતા થયા છે. તેથી આ બદી સમાજમાં ખુબ જ પ્રસરી છે. તેથી તેને નાબુદ કરવા માટે જેઓ લાંચરુશ્વત લે છે. તેને આવા ખોટા કાર્યથી કેવું ભોગવવું પડે છે, તે વિશે બતાવીને તેને એવું ન કરવા વિશે સમજાવવાનો પ્રયત્ન કરેલ છે. તે આપણે 'લાંચ વિશે' કાવ્યમાં લાંચથી થતા ગેરફાયદાઓને દર્શાવીને આવા લાંચિયા લોકોને સચેત કરી જાગૃતિ લાવવાનો પ્રયત્ન કર્યો છે. તે આપણે જોઈશું.

"લાંચ લહે નર જે ગુણ હીણો, તેને કારણ શીખ ખોલું,
લાંચ તણા અવગુણો કહીને, પેટ તણો પડદો ખોલું.
અન્યાયી લૂચ્ચા એ લોકો, લાંચ લહી ખુશી જે બનતા,

દુખીયા નર તે છેવટ જાણો, જે અનિતીને સજતા.
કોપ કરે જગ પાપ વધારે, દીલ નહીં પણ એહ ડરે,
ઉંઘ મતિથી અક્કલ હીણી તસ્કર કામ સહાય કરે.
ફળ તેને તેવું મળનારૂં, સજ્જન તો મનમાં સમજે,
લાંચ લહો નહીં કોઈ જનો હે, મોર માર તો તો જમજે.
ધન હરવાની રીતી જાણી માં   ાં ક્રૂર કર્મો કરવા,
એ પાપી જન અંતે ક્યાંથી, ભવાબ્ધિ વિષયમાં તરવા.
અન્યાય કરે નર જે છે ગદ્ધો, રાસભ મંડળમાં શોભે,
તેનો ઘરમાં દુઃખ થઈને, સુખ રૂપ સાગર તો થોભે.
નીચ મહીં એ નીચ કામ છે, તે કરવાને કેમ ચહો,
લાંચ લેવાનું કારણ શું છે, હેત ધરીને મુજને કહો.
પાપી કે'રો પથ્થર તુજને, માટે શીખ લેજે ધારી,
એળે મનખો તારો જાશે, મતિ કરશે જો કુડકારી.
મૂર્ખ મંડળે એમ શોભશે, સજ્જનમાં અપજશ ઝાઝો,
ધિઃક્કારી ધિઃક્કારી શુણીને, કંઈક હવે દીલમાં લાજે.
અપરાધી રાજેશ્રી મોટા, એથી કહું છું રે બનશો,
માટે બુદ્ધિ નઠારી તમારી, હેત ધરીને સો હણશો.
બમણી હાની એથી થાશે, હાંસી પણ થાશે તારી,
માટે મૂરખ ઉર વિચારી, શીખ શુણ આ ગુણકારી.
ચોર તણો ધંધો સારો રે, એથી પણ તારો ભુંડો,
લાંચ મૂકી લે સારી રીતી, ગ્રેહી સુધારાનો ઝુંડો.
કપટ કર્યાથી નહિ તું તરશે, ઠરશે પાપી બહુ મોટો,

તારા મનથી એમ ન જાણજે, જે હું પાપી છું છોટો.
ચોર ફાંસીયા જેવો તું તો, એથી પણ વળી નીચ બહૂ,
સત્યમેવ જયતે શબ્દોનો, અર્થ ઉરમાં લેવા કહું છું હું.
વેદ વાક્ય વિચારી શાણા, નહીં કરશે કદી એ કૂડું,
કુડ તહાં ધૂળ સમજીને તું, કામ મૂકી દે એ ભૂંડું.
લક્ષ્મીરામ તણી એ વિનંતી, સત્ય મારગે ચાલ સદા,
પરમેશ્વર પરબ્રહ્મ રીઝશે, કષ્ટ નડે નહીં તો જ કદા.
ઉદ વિચારી ઓ નરો, ગ્રહો ન લેશે લાંચ,
સત્યમેવ જયતે થઈ, નહીં આવશે આંચ."[૨૬]

સમાજમાં પરસ્ત્રીનો સંગ કરનારના કેવા કેવા હાલ થાય છે, તે આપણા પ્રાચીન ગ્રંથોના ઉદાહરણ દ્વારા સમજાવવામાં આવ્યું છે. તો 'પરસ્ત્રિના સંગ વિષય' કાવ્યમાં કોના કેવા હાલ થયા છે, તેના દૃષ્ટાંત આપવામાં આવ્યા છે. તે આપણે જોઈશું.

"પર પ્રમદા શું પ્રીત, કરી રાવણ રોળીયો,
પર પ્રમદા શું પ્રીત, મુઓ છ કીચક કાયો.
પર પ્રમદા શું પ્રીત, ચંદ્રને લાંછન ચડિયું,
પર પ્રમદા શું પ્રીત, પુરુષનું પણ તે પડીયું.
પર પ્રમદા કેરી પ્રીતથી, ઉથલ પાથલ થાય છે,
કલ્યાણજી રાજ કુટુંબથી, જીવ સાથે પણ જાય છે.
પર પ્રમદાથી કરણ ઘેલાએ રાજ ગુમાવ્યું,
પર પ્રમદાથી કરી, પુના પતિ શીર નમાવ્યું.
પર પ્રમદાથી શીઓ, જેઠવો તે નવ જામ્યો,
પર પ્રમદાથી રાવ, મંડલીક જ દુઃખ પામ્યો.

પર પ્રમદા કેરી પ્રીતથી, રાજ ભ્રષ્ટ રાજા થયા,
કલ્યાણ કહે સુખ સાહેબી, ત્યાગીને તે તો ગયા.

પરનારીથી કરી, શ્દ્રને શ્રાપ જ આપ્યો,
પરનારીથી કરી, એકલ શ્રંગી શરમાવ્યો.
પરનારીથી કરી, કલંક ચામુડને ચડીયું,
દેરનારીથી કરી, પાટ પાટણ તે પડીયું.

શમા તે મોહની રૂપ થઈ, વશ કીધા વાસુ દેશને,
નહીં કરવાનાં તેણે કરયાં, નમવ્યા મહા નરેશને.

રામા મોહની રૂપ, ક્રષ્ણ કહેવાયા કામી,
રામા મોહની રૂપ, છળ્યાં તપ કરતા સ્વામી.
રામા મોહની રૂપ, ભવે પણ ભેદ ન લીધો,
રામા મોહની રૂપ, અનિરૂધ કેદી કીધો.

રામા તો મોહની રૂપ છે, સ્ત્રજ કે સુતા નવ લહી,
કલ્યાણજી કાળો કેર છે, ક્યમ અબળા જાએ કહી.

પર કામાને કાજ, પીડાયો વાલી વાનર,
પર કામાને કાજ, થઈ ચરચા પારાશૂર.
પર કામાને કાજ, ભસ્મ ભસ્માસુર ભાળ્યો,
પર કામાને કાજ, થયો કંઈને જીવ ટાળ્યો.

રામા તે મોહની રૂપ છે, ધારે નરને ધૂળ છે,
કામી ઉર તરીયા તેહ તો, ત્રિભુવન પતિની તૂલ્ય છે.

પર નારી તે નેષ્ટ, દુઃખ દુષ્યાશન પામ્યો,
પર નારી તે નેષ્ટ, ભીષ્મ શિખંડી સામો.

પર નારી તે નેષ્ટ, થઈ ખર આવ્યા ભુપર,
પર નારી તે નેષ્ટ, મુઓ વિરોધ નીશાચર.
પર નારી તે તો નેષ્ટ છે, વેર ઝેરનું કારણી,
કલ્યાણજી કહે પ્રત્યક્ષ છે, પર સ્ત્રી સુખ સંહારણી.
પર નારીથી કરી, મુજ મહિપત પસ્તાયો,
પર નારીથી કરી, મારીચ આપ મરાયો.
પર નારીથી કરી, મુઓ કેસર મકવાણો,
પર નારીથી કરી, રહ્યો નહીં રા'કે રાણો.
પરનારી કારણ નારદે, જાચ્યું રૂપ જદુ કને,
કલ્યાણજી કામ કારણે, જ્ઞાની પણ ગાંડા બને."[૨૭]

પર સ્ત્રીના સંગમાં આવતા કેવા ગેરફાયદા અને કષ્ટ થાય છે, તે વિશે કલ્યાણજીએ સમજૂતી આપી છે. ઉપરોક્ત કાવ્યમાં પર સ્ત્રીથી કોણ કોણ ખુવાર થયા તેના દ્રષ્ટાંતો આપ્યાં છે. તો તેના ઉત્તરમાં પર સ્ત્રીના સંગથી કેવા ગેરફાયદાઓ અને કષ્ટ થાય છે, તે વર્ણવ્યા છે. તે આપણે જોઈશું.

"પર નારીની પ્રીત, સદા સંકટ કરનારી,
પર નારીની પ્રીત, વધુ બળતામાં વારી.
પર નારીની પ્રીત, સહુ સમજે સુખકારી,
પર નારીની પ્રીત, વાત ચરચાય નઠારી.
પર નારી કેરી પ્રીતડી, જે કોઈ નર જઈને કરે,
કલ્યાણજી કહે તેની થશે, ખુબ ખુવારી આખરે.

પર નારીની પ્રીત, શીશ તો શીઘ્ર કપાવે,
પર નારીની પ્રીત, તનદીન નીશત પાવે.
પર નારીની પ્રીત, અહોનીશ ચીતમાં ચીતા,
પર નારીની પ્રીત, દાસવત ધરવી દીનતા.
　　પર નારીની પ્રીતથી, પુરુષ કેરી હાણ સમ થાય છે,
　　કલ્યાણજી કહે ધન આબરૂ, જડામુળથી જાય છે.
પર પ્રમદાનો પ્યાર, નાર નીજથી કંકાસી,
પર પ્રમદાનો પ્યાર, અહોનીશ ઉર ઉદાસી.
પર પ્રમદાનો પ્યાર, પુરો પઈસાથી પીછો,
પર પ્રમદાનો પ્યાર, આદમી કોઈ નવ ઈચ્છો.
　　પર પ્રમદા કેરા પ્યારથી, ખ્વાર થયા કઈ ખલક્યાં,
　　કલ્યાણજી થયા કંગાલ કૈ, બાદશાહ પણ પલક્યા.
પર કામાને કાજ, ધર્મ વ્રત ધારી બેઠા,
પર કામાને કાજ, અગોચરમાં કઈ પેઠા.
પર કામાને કાજ, સમપ્યાં શીશ સુરાએ,
પર કામાને કાજ, થયા છે કૈઈક સુરાએ.
　　કામાને કારણ પુરુશ તે, અરપી મુક્યા અંગને,
　　કલ્યાણજી વેઠતાં કષ્ટ પણ, તજ્યો ન પર સ્ત્રીય સંગને.
પર સ્ત્રી કેરો સંગ, દેવને પણ દુઃખ કારી,
પર સ્ત્રી કેરો સંગ, માનવીને ભયકારી.
પર સ્ત્રી સોબત થકી, સર્પ વીંછી તે સારો,
પર સ્ત્રી કેરો સંગ, મિત્ર માનો જ નકારો.

પર પ્રમદા કેરા સંગથી, જીવન પણું તો જાય છે,
કલ્યાણ કહે કાળજ વિશે, કષ્ટ શોક સ્થીર થાય છે."[૨૮]

સમાજમાં ઘણા લોકો એવા હોય છે કે જેઓ પોતાનો કામધંધો કરતા નથી અને નવરા બેસી રહે છે. નવરા બેસી રહેતા પારકી પંચાત કરે છે. એવા લોકો સુધરીને ઉદ્યમ તરફ વળે એ માટે 'નવરો નખોદ ઘાલે !!!' કાવ્ય અહીં પ્રસ્તુત કર્યું છે.

"આગળથી ઉદ્યોમ સજે નહિ, ચડે દુષ્ટ પછિ ચાળે;
પડે પછી સંકટમાં પૂરા, નવરો નખોદ ઘાલે.
કાંતો નિજ કામનિને કૂટે, કાં કિશોર પડતાળે;
કાંતો કપાળ નિજનું કુટે, નવરો નખોદ ઘાલે.
પંચાતોમાં પટેલ બનીને, માથું મારી મ્હાલે;
નાત જાતની નિંદા કરીને, નવરો નખોદ ઘાલે.
સાચાં જુઠાં એક બિજાનાં, કર્યા વિના ક્યમ ચાલે;
લગાડિને લઢવા ો લાખો, નવરો નખોદ ઘાલે.
દરવાજા ઉઘાડા રાખી ડૂચા મોર ખાળે;
સવ્ય અગર અવસવ્ય ન સમજે, નવરો નખોદ ઘાલે.
કાંતો જુઠા લેખ બનાવે, ખોટિ પ્રતિજ્ઞા પાળે;
કાંતો માંખો મારે મૂરખ, નવરો નખોદ ઘાલે.
માઠે રસ્તક નીજ મતીને, વગર વિચારે વાળે;
અંધારામાં અથડાઈને પછિ, નવરો નખોદ ઘાલે.
વડ ભાગીને કરે ઉટીપણા, ઘટના ગુણિયા વાળે;
ભાંગ ફોડ ફોકટની કરિને, નવરો નખોદ ઘાલે.

ખાસો ખાટ ઉખેળી નાંખી, વ્હાણ ભરે છે વ્હાલે;
વ્યતિત કરે રજનીને વાસર, નવરો નખોદ ઘાલે.
ઉમરા ઠેકી એક બિજાના, અતિ કંટાળો આલે;
કાંતો બેઠો ગાય રાગડા, નવરો નખોદ ઘાલે.
બેઠો બેઠો પાય હલાવે, કે મૂછે વળ વાળે;
ફોડિ ટાચકા ખાઈ બગાસાં, નવરો નખોદ ઘાલે.
વેચી સાટી ખાય વતનને, ભવિષ્ય સમીપ ન ભાળે;
કુળને એમ કલંક લગાડી, નવરો નખોદ ઘાલે.
ગામ તણી લઢવાડો લાવી, ગપ્પામાં દિન ગાળે;
બીજું કામ કરે ન બુલાખી, નવરો નખોદ ઘાલે."[૨૯]

### ❖ 'સુબોધ પ્રકાશ'માં પ્રકાશિત થયેલા સાંસ્કૃતિક લેખો :

વ્યક્તિના પોતાના સ્વધર્મ જળવાઈ રહે અને તે પોતાના સ્વધર્મ પ્રત્યે જાગ્રત બને એ ભાવનાથી 'સ્વધર્મ પાળવા વિશે'ના લેખમાં વ્યક્તિના સ્વધર્મ ક્યાં છે ? અને તેણે તેનું પાલન કેવી રીતે કરવું તે બાબત વર્ણવી છે.

"मतानां बाहुल्यादतिशय मतेर्भेदजनका ।
तथाशब्दार्थानां बहुतरविधानाश्चजगति ॥
प्र ृ प्तित्याः पार्थक्यात्रिगुणवलवत्वान्नमुलम ।
स्वधर्मेसंशित्यापरममिहनिः श्रेयसपदंः ॥"

અનુવાદ :

"બીજાના ધર્મની નિંદા મનેથી સર્વદા તજો;
પોતાના ધર્મને શ્રેય જાણી સર્વજનો ભજો.

જાણી વ્યાપક છે ઈશ સર્વમાં સ્નેહને સજો,
જેથી અગમ્ય છે તોય અંતે સત્પદને ભજો.
ઈશની પ્રાર્થના એ છે સહાય તમને થજો,
અને આ પ્રાર્થના મારી ધ્યાનમાં ઈશ ધરજો."

ભાવાર્થ :

"કે જગતની અંદર બુદ્ધિના ભેદને ઉત્પન્ન કરનારાં ઘણાં મતોને લીધે જુદી જુદી રીતે તે શબ્દોના અર્થો કરવાને લીધે માણસોની જુદી જુદી પ્રકૃતિને લીધે અને ત્રિગુણ કેતાં. રજોગુણ, તમોગુણ ને સત્વગુણ. એઓના બળવાનપણાને લીધે, તથા પોતાના ધર્મમાં સંશય રાખવાને લીધે, મોક્ષ પદની પ્રાપ્તિ થવી તે સુલક્ષ નથી માટે માણસોને મુક્તિ મેળવવાની ઈચ્છા રહેતી હોય તે માણસોએ પોતાના કુલ પરંપરાગત ધર્મમાં દઢ વિશ્વાસ રાખી ઈશ્વરની ભક્તિ કરવી એજ મોક્ષ પદ પામવાનું ખરું સાધન છે. સાંપ્રતકાળમાં કેટલાક લોકો પોતાના ધર્મનું ખરું તત્ત્વ જાણ્યા વિના પરધર્મને ખરો સમજી તેમાં ભળે છે. પણ તે તેઓની ઘણી મૂર્ખતા છે."[૩૦]

## [૨] 'ખેડૂત' (૧૮૮૫) :

"આપણા દેશની ખેતી સંબંધી હાલત હાલ કેટલી દુર્દશાને પામી છે. ખેડૂતો વર્ષના બારે મહિના બને તેટલી ગદ્ધા મજુરી કરી પાક મેળવવા મેહેનત કર્યા કરે છે, તે છતાં તેમની કેવી દુર્બળ સ્થિતિ થઈ ગયેલી નજરે પડે છે. એ વિષે વિચાર કરતાં દરેક દેશની દાઝ જાણનારનું મન દુખાયા વિના રેહેશે નહિ. એક ખેતરમાં પચાસ વર્ષ ઉપર જેટલું અનાજ થતું હતું તેથી અર્ધું પણ હાલ ઉતરતું નથી. તે વખતના બળદ, ગાય, ભેંસ વગેરે ખેતીને ઉપયોગ જનાવરોની સાથે સરખાવતાં આજનાં જનાવરો કેવાં કમજોર, નાન કદનાં, અને માઠી હાલતમાં છે, એ સહેજ જણાઈ આવશે. આ ઉપરાંત વસતિનો પણ વધારો બહુ થતો જાય છે, અને તે સર્વનો આધાર મુખ્યત્વે કરીને ખેતીની પેદાશ ઉપર જ છે. વસતિના વધારાની સાથે તેમના પોષણ માટે અનાજનો પણ વધારો થવો જોઈએ, પણ એમ ન થતાં ઉલટો ખેતરનો પાક તો દિન પર દિન ઓછો થતો જાય છે."[૩૧]

આપણો દેશ ખેતીપ્રધાન દેશ છે. તેથી સમાજના વ્યક્તિઓ ખેતી વિશે સભાન બને તે માટે 'ખેડૂત' નામનું મેગેઝીન બહાર પાડવામાં આવતું હતું અને તેમાં ખેતી સુધારણા વિષયક લેખો છાપીને લોકોને કૃષિનું વિશેષ જ્ઞાન આપવામાં આવતું હતું કે જેથી તેઓ પોતાની ખેતીમાં તેનો ઉપયોગ કરીને વધુમાં વધુ પાક મેળવી શકે. 'ખેડૂત' મેગેઝીનમાં ખેતી વિષયક એક દોહરો છાપવામાં આવ્યો છે. તે નીચે મુજબ છે :

"વ્યાપાર ચાકરિ થકી 'કૃષિ' શ્રેષ્ઠ કેવી !
દેશોન્નતિનું બીજ એવી દયાળુ દેવી;
સેવી સદૈવ સુખદાયિનિ લેઈ પત્ર,
તો રેલશે ક્ષિતિવિષે શુભ રત્ન રત્ન."[૩૨]

"દી વાળે દીકરા, કાં ધોરી, કાં ધરા"

ખેડૂતોમાં ઉપરોક્ત કહેવત ખૂબ પ્રચલિત છે. એટલે કે દીકરા, બળદ કે જમીન એ જ માત્ર ખેડૂતોને સારી સ્થિતિએ પહોંચાડવાનાં સાધન છે. ખેડૂતો બળદનું મહાત્મ્ય કેટલું ગણે છે એ આ ઉપરથી જણાઈ આવશે. તેમ છતાં તેની કાળજી રાખવામાં તેઓ કેટલા પાછા પડે છે ! કોઈ ઠેકાણે રબારીયો તથા ખેડૂતો સારા પાડા તથા સાંઢ રાખે છે પણ બીજે ઠેકાણે તો ભાગ્યે જ આવું નજરે પડે છે. આપણા દેશમાં વાછરડાને આંકી તેને છોડી મૂકવાની રીત છે. એથી જ્યારે તે મોટા થાય ત્યારે તેનાથી કોઈ ગાયને ગર્ભ રહે છે. આ વાછરડાની કોઈ સંભાળ રાખતું નથી. તેને કોઈ ખાવાનું આપતું નથી. ગામમાં ભટકીને કાંઈ એઠું જુઠું મળી આવે તે ઉપર અથવા ઉકરડા પરની ઓગઠ ઉપર તે નિર્વાહ કરે છે. વળી તેને ઠેકાણે ઠેકાણે માર પણ પડે છે. આવાં કારણોને લીધે તેનામાં જેટલી શક્તિ જોઈએ તેટલી હોતી નથી. કોઈ કોઈ ગામમાં સાંઢ હોતો નથી, આવે ઠેકાણે નાના નાના અને નિર્બળ ખુટીયાથી ગાયને ગર્ભ રહે છે. આથી જે વાછરડાં પેદા થાય છે તે નબળાં, નાનાં કદનાં અને રોગી પેદા થાય છે. આજ કારણને લીધે દિવસનું દિવસ ગાય ભેંસ વગેરે ઘણાં જ નબળાં થતાં ચાલ્યાં છે."[૩૩]

ખેતીમાં પાકના ઉત્પાદન માટે કેવાં કેવાં ખાતરનો ઉપયોગ કરવો જોઈએ તેમાં કયાં કયાં ખાતરનો ઉપયોગ કરવાથી ઘણો લાભ થાય છે, તે વિશે જુદાં જુદાં ખાતરના ઉપયોગ વિશે માહિતી જોઈશું.

"(૧) **બકરાંની તથા મેઢાની લીંડીયો :** આ સરસ અને ઉપયોગી ખાતર છે. લીંડીયોને પાણીમાં પલાળી તેમાં ચોળી નાખવી, અને પછી આ ભેગવાળું પાણી ઝાડોને પાવું. જો ઝાડ કુંડામાં હોય તો તે કુંડા ઉપર થોડી થોડી લીંડીયો પાથરવી, એટલે

પાણી પાતી વખતે તે માંહેલો કસ કુંડા માંહેલી માટીમાં ઊતરશે. પરંતુ લીંડિયો કરતાં મૂતરમાં ખાતરને ઉપયોગી ગળાઉ પદાર્થો ઘણા હોવાથી તેની અસર બહુ સારી થાય છે. બકરાંનાં અને ઘેટાંનાં ટોળાં જમીનમાં બેસાડવાથી બહુ લાભ થાય છે.

(૨) **ઘોડાની લાદ :** આ ઘણું ગરમ ખાતર છે. તેથી જે ઝાડને એ આપવામાં આવે તેને પાણી ઘણું પાવું જોઈએ. એ જ્યારે સડે છે ત્યારે બહુ ગરમી પેદા કરે છે. તેથી કેટલાંક બીયાંને જલદી ઉગાડવા માટે લાદનો ક્યારો કરે છે અને તેના ઉપર ચારથી બાર ☐ સુધીનો રેતીનો અથવા માટીનો થર કરે છે, અને આ થરમાં બીયાં વાવે છે અને તેને ઘણું પાણી આપે છે.

(૩) **સડેલાં પાંદડાં :** બાગ બગીચાને માટે તો આ સૌથી વધારે ઉપયોગી ખાતર છે. વાડીમાં જેટલાં પાંદડાં ખરી પડે તે બધાં એકઠાં કરી એક ખાડામાં તેને સડવા દેવાં. છ મહિનામાં આનું બહુ સરસ ખાતર તૈયાર થશે. વાડીનાં નાજુક અને કિંમતી ઝાડોનાં બીયાંનું ધરૂ કરવું હોય તો બે ભાગ આ સડેલાં પાંદડાં, એક ભાગ રેતી (અથવા રેતી ન હોય તો ☐નો ભુકો) અને એક ભાગ સાધારણ માટી એકઠાં કરી, તેનાં ક્યારા કરી તેમાં વાવવાં. કલમ વાવવી હોય તો રેતી બે ભાગ નાખવી.

(૪) **પક્ષીની ચરક :** ઈરાનમાં કબૂતરની ચરક ઘણી એકઠી કરવામાં આવે છે. જમીનમાં એનું ખાતર નાખી ત્યાંના લોકો પાક લે છે. ચરક જેમ બને તેમ તાજી વાપરવી, કારણ કે ઝાઝો વખત રાખી મુકવાથી તે માંહેલો કસ ઓછો થાય છે. ચામાચીડિયાં, કુકડાં તથા બતક વગેરેની ચરક પણ બહુ ઉપયોગી છે. પરંતુ આ સર્વ ખાતર જમીનમાં બહુ નાખવાં.

(૫) **મૂતર :** મૂતર એ વિશેષે કરીને કોબી તથા મૂળા વગેરેને માટે એક કિંમતી ખાતર છે. ઢોર બંધાતાં હોય ત્યાં સૂકી માટી પાથરી તેને એકઠું કરવું જોઈએ. થોડું સુકાય પછી, સરખે ભાગે માટી તથા મૂતર ભેળવી કરેલા ખાતરમાંથી મુદ્દલ બદબો આવતી નથી. આવી સ્થિતિમાં સ્વાભાવિક રીતે જલદી ઉગતા, તથા વખતસર પાણી માગતા રોપાઓને માટે ઉપયોગી છે.

(૬) **રાખ :** છાણાંની રાખ ઘણી ઉપયોગી છે. વધારે વાપરવાથી તેનાથી કાંઈ ઈજા નથી. અરધાં સડેલાં પાંદડા તથા પુંજા સાથે ભેળવી વાપરવાથી તેનું સારું ખાતર થાય છે. જે જમીન કઠણ તથા પાણી વધારે ચૂસી લે એવી હોય તેમાં આ મિશ્રણ વધારે કામનું છે. લાકડાની રાખ પણ ઉપયોગી છે, પણ તે બહુ આકરી હોવાથી ઝાઝી વાપરવી નહિ.

(૭) **ગાય, બળદનું છાણ :** આ ખાતર ઘણું જ ઉપયોગી છે. જુનું તથા ગળતિયું હોય તો ગમે તેટલા નબળા રોપાને પણ ઉપયોગી થઈ પડે છે. ગુલાબ અને તેના જેવાં ઝાડોને માટે તો એ સૌથી સરસ ખાતર છે. ભાજીપાલાને માટે તો એ જરૂરનું જ છે પણ ખેડૂતો છાણાં માટે તે વાપરે છે તેથી તેની ઝાઝી છત નથી હોતી. આવા સડેલા ખાતરને જો પાણી નાખી બહુ પાતળું કરી રોપાને પાયું હોય તો તેથી બહુ ફાયદો થાય છે. કોસ વહેતો હોય ત્યાં કુંડી હોય છે તેમાં આવું સડેલું ખાતર ભરી તેને હલાવ્યા કરવું એટલે તે નીકો વાટે રોપાઓને પહોંચશે."[૩૪]

ખેતી માટેની કેટલીક કહેવતો નીચે પ્રમાણે છે :

(૧) **'ખેડ, ખાતર ને પાણી, નસીબમાં ન હોય તો પણ લાવે તાણી'** : સારી રીતે ખેડેલી જમીનમાં જોઈતું ખાતર નાખ્યા પછી જો યોગ્ય પાણી મળે તો મોલ સારા આવે એમાં કાંઈ શક નથી.

(૨) **'જો મુકિયે વરત, તો મરિયે તરત'** : (વરત કોસનું ઉપલુ મુખ્ય દોરડું) જો કોસ ચલાવવો બંધ કરીએ એટલે કે પીત ન કરિએ અને એકલી ખેતરની પેદાશ ઉપર આધાર રાખી બેસિયે તો વખતે ઘણું નુકસાન થવાનો સંભવ છે. કારણ જો વરસાદ ન થયો હોય તો ખેતરનો પાક સારો ઉતરતો નથી, પણ પીત કર્યું હોય તો થોડા ઘણા પાકની આશા રહે છે, અને તેથી ખેડૂતોનો નિભાવ થાય છે.

(૩) **'ગયો મે આવે, પણ ગઈ ખેડ આવે નહિ'** : ખે ાનો વખત બરાબર સાચવવો જોઈએ. કારણ આ કામ કરવા માટે અમુક વખત સારો હોય છે. વાવવા વખતે ખેડવાનું મુલતવી રાખ્યાથી ઘણું નુકશાન ખમવું પડે છે. માટે મોલ લણી લીધા પછી જમીન તરત જ ખેડી નાખવી જોઈએ, કે તેથી તેના ઉપર હવા પાણીની અસર સારી થાય.

(૪) "દી વાળે દીકરા, કાં ધોરી કાં ધરા,
કાંતો વણનાં જીડવાં, નહિ તો તલ ખરા."

(૫) "કણબણ ને કામધેન, દોનું વિયાણી સત;
એકે ધરાનો ભાર ઉપા ો, બીજે જગત ઓડાયો હાથ."

ધન્ય છે કણબણને અને ગાયને કે તેમણે કણબી તથા બળદ જેવા પુત્રોને પેદા કર્યા. બળદોએ જમીનનો ભાર ઉપા ો એટલે તેણે જમીનને ખેડવા વગેરેની મહેનત કરવા માંડી, અને કણબીઓએ જગતમાં પોતાનો હાથ પોલો રાખ્યો. તેઓ બહુ જ ઉદાર થયા, તે એટલે સુધી કે રાજાઓ પણ તેનું આપેલું ખાવા લાગ્યા. ખેડૂતોમાં કણબી સૌથી વધારે હુશિયાર અને મહેનતુ છે એ જાણીતું જ છે.

(૬) **'કણબી વાંસે કરોડ, કણબી કોઈ વાંસે નહિ'** : કણબી (ખેડૂત)ની મહેનત ઉપર કરોડોનો નિભાવ છે, પણ કણબી કોઈના ઉપર નિભાવ માટે આધાર રાખતો નથી.

(૭) "કાં હળને હચરકે, (કે) કાં લેખણને લસરકે,
પણ તેલને ટહરકે, નાર ન પેરે નાગલા."

એક ખેડૂત અને એક વાણિયા વચ્ચે પોતાનામાંથી કોનો ધંધો ઉત્તમ એ વિષે વાદ થયો, ત્યારે ખેડૂતે કહ્યું કે, "જો સારી ખેડ કરી હોય, જો સારી લેખણ ચલાવતાં આવડી હોય, તો જ ઘરમાં બાયડી નાગલા (ચીર) પહેરે. અર્થાત્ તો જ પૈસાદાર થવાય. પણ ટીપું ટીપું તેલ વેચ્યે કાંઈ ઘરમાં નાર ચીર પહેરે નહિ."[૩૫]

## [૩] **‘સ્ત્રીસુખ દર્પણ’ (૧૯૧૯) :**

સ્ત્રીની મહત્તાનું વર્ણન કરતા ઘણા ગ્રંથો આપણને જોવા મળે છે કહેવાય છે કે સ્ત્રીનું જ્યાં માન–સન્માન થાય છે. ત્યાં સ્વયં દેવતાઓ આવીને વાસ કરે છે. સ્ત્રીએ સમાજને પ્રગતિવાન બનાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. તેમણે એક શ્રેષ્ઠ સમાજના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે અને વ્યક્તિ સંસ્કારમાં પણ તેમનું ઉન્નત પ્રદાન રહ્યું છે. તેની ગણના કરતા આપણા હિંદુધર્મના ગ્રંથોમાં સ્ત્રીની મહત્તા અને એના અવિસ્મરણીય કાર્યને બિરદાવવામાં આવ્યા છે. એવા જ આપણા એક શાસ્ત્રમાં સ્ત્રીશક્તિ અને કાર્યને બિરદાવવામાં આવ્યા છે. તે આપણે જોઈએ.

“ગૃહરૂપી દુનિઆ તો પરમેશ્વરે સ્ત્રીને જ સોંપી દીધી છે.”[૩૬]

– ઋગ્વેદસંહિતા

“આ શરીર પોતે જ સ્ત્રી અને પુરુષ ઉભયરૂપ છે. અંગુઠા એ પુરુષ, આંગળીઓ એ સ્ત્રી; કર્ણ એ પુરુષ, ભમ્મરો એ સ્ત્રી; હોઠ એ પુરુષ, નાસિકા એ સ્ત્રી; દાંત એ પુરુષ, જીહવા એ સ્ત્રી છે.”[૩૭]

– શતપથ બ્રાહ્મણ

### ❖ **‘સ્ત્રીસુખ દર્પણ’માં પ્રકાશિત થયેલા સામાજિક લેખો :**

આપણા સમાજમાં સ્ત્રીઓની જે દશા છે. તેની વિગત આપણને ઘણી વખત પુસ્તકોમાંથી, સમાચારપત્રોમાંથી, મેગેઝીનમાંથી, કે ચોપાનિયામાંથી વારંવાર મળતી રહે છે. આપણા સમાજની સ્ત્રી તો ખરી જ પરંતુ અંગ્રેજ સ્ત્રીઓની દશા, પરિસ્થિતિનું વર્ણન પણ આવા ચોપાનિયાંઓ કરતા હોય છે. જેથી તેમની પરિસ્થિતિમાં જે સુધારો દેખાય તે આપણે ત્યાં પણ સ્ત્રીઓ અપનાવે અને સમાજને સુસંસ્કારી બનાવે એવા

હેતુથી આવા લેખો વારંવાર છપાતા હોય છે. આવો જ એક લેખ 'નારીનું મૂલ્ય' શ્રીમતી અનિલાદેવી એ સ્ત્રીસુખ દર્પણમાં રજૂ કર્યો છે. તે આપણે જોઈશું.

આજે અંગ્રેજ પ્રજા છાતી ઠોકીને કહે છે – "સ્ત્રીઓની dignity–મહત્તા જેવી અમે સમજીએ છીએ તેવી જગતમાં બીજી કોઈ પ્રજા સમજી નથી." છતાં એ જ પ્રજાએ એકવાર નારી જાતિ ઉપર તિરસ્કારો–જુલમો અને અપમાનોનો એવો વરસાદ વરસાવ્યો હતો કે તેનો જોટો ઇતિહાસમાં ભાગ્યેજ બીજે કોઈ સ્થળે મળી શકે. તેમના sacerdotal oelibacy ના અને ચર્ચના ઇતિહાસમાં પૃષ્ટે પૃષ્ટે આ બધાં પુણ્યોની જે વિચિત્ર કહાણીઓ લખાયેલી છે, તેની સાથે તેમના દંભ અને અહંકારની તુલના કરીએ તો તેમના મિથ્યાભિમાન માટે આપણને હાસ્ય આવ્યા વિના ન જ રહે.

જે ધર્મનો પાયો જ આદિમ જનની ઈવાના પાપ ઉપર નંખાયેલો છે, જે ધર્મ સંસારના સમસ્ત અધઃપતનોમાં સ્ત્રીને જ જવાબદાર માને છે તે ધર્મનો અંતઃકરણ પૂર્વક સ્વીકાર કરનારાઓ નારીજાતિને શ્રદ્ધાની આંખે જોઈ જ કેમ શકે, એ પ્રશ્નનો ઉત્તર હજી સુધી મળી શક્યો નથી. ધર્મમાં જ્યાં સ્ત્રીઓની પગલે પગલે નિંદા થતી હોય ત્યાં કોની તાકાત છે કે એ ધર્મને સ્વીકારવા છતાં સ્ત્રીઓ પ્રતિ માન અને શ્રદ્ધા દર્શાવી શકે ? હા, એટલું છે કે પુરૂષોનો જ્યાં સુધી સ્વાર્થ હોય ત્યાં સુધી તેઓ સ્ત્રીઓ પ્રતિ શ્રદ્ધા અને માન દર્શાવી તેમને ઉંચે આકાશ સુધી ચડાવી છે. આ સ્વાર્થજન્ય વાહવાહને, ભક્તિને–શ્રદ્ધાને તમે ગમે તે નામ આપો. પરંતુ એ કરતાં વધારે શ્રદ્ધા અને એ કરતાં વધારે ન્યાય અધિકાર પુરૂષોએ સ્ત્રીઓને કદિ આપ્યો નથી. હજારો વર્ષ ઉપર આપ્યો નથી અને ભવિષ્યમાં આપે એવો સંભવ પણ નથી. મીલ સાહેબે 'Subjection of Women' નામના ગ્રંથમાં 'Isolated Fact' સંબંધે જે દિલગીરી દર્શાવી છે તે મિથ્યા છે.

આપણા એક ધર્મશાસ્ત્રમાં એવો ઉલ્લેખ મળી આવે છે કે – "कन्याप्येवं पालनीया शिक्षणीयातियत्नतः।" કન્યાને પણ કાળજીપૂર્વક પાળવી અને ભણાવવી જોઈએ. આ એક ઉપદેશ સિવાય નારીજાતિને શિક્ષણ આપવાનો સ્પષ્ટ આદેશ ક્યાંઈ કરવામાં આવ્યો હોય એમ જાણવામાં નથી. જો કે ચર્ચા વખતે એમ કહેવામાં આવે છે કે, વેદ–વેદાંગમાં પણ સ્ત્રીઓની રચના જોઈ શકાય છે, પરન્તુ શ્રીમદ્ ભાગવતના "त्रयी न श्रुतिगोचरा" વાળો શ્લોક શોધાયા પછી એ કથનની કેટલી કીંમત આંકવી તે વિચારવા જેવું છે. યુરોપનો પ્રસિદ્ધ ધર્મોપદેશક એક સ્થળે લખે છે કે – 'shall the maid Olympias learn philosophy by no mosans. Woman's Philosophy is to obey laws of Marriage.' અર્થાત્ લગ્નની શરતો પાળવા ઉપરાંત સ્ત્રીઓને વધુ કાંઈ જાણવાનો કોઈ રીતે અધિકાર નથી."[૩૮]

"સ્ત્રીનું સન્માન તેના પોતાના ઉપર આધાર નથી રાખતું પણ તેનો સઘળો આધાર તેના પુત્ર–પ્રસવ ઉપર રહેલો છે. આનો સ્પષ્ટ અર્થ માત્ર એટલો જ કે પુરૂષો સ્ત્રીઓ પાસેથી સંતાન પ્રાપ્તિ શિવાય અન્ય કશી મહત્ત્વવાળી વસ્તુની આશા રાખતા નથી. દંપતીના લગ્નનો ઉદ્દેશ સંતાનપ્રાપ્તિનો હોઈ શકે; પરંતુ તેજ એક ગૌરવનો વિષય છે એમ માનતા તો અચકાવું પડશે. આપણા શાસ્ત્રોમાં ક્ષેત્ર જ સંતાનનો વિધિ છે. કુંતાને પાંચ પાંડવોનો તથા અંબિકા–અંબાલિકાને પાંડુ ધૃતરાષ્ટ્રનો જન્મ આપવો પ ો હતો. સતી નારીને માટે એ પ્રસંગ પ્રશંસનીય નથી. પ્રાચીન યાહુદી સમાજમાં અપુત્રક–વિધવા ભાભીને સંતાનપ્રાપ્તિની ખાતર પોતાના દીયરને ત્યાં ઉપપત્ની તરીકે રહેવું પડતું હતું. ડુટરનોમીના ૨૫મા અધ્યાયના નવમાં શ્લોક સુધીનું તમે જો પઠન કરો તો તમને નારીજાતિ ઉપર કંટાળો આવ્યા વિના ન જ રહે. સંતાન–કામનાની ખાતર તે વખતે યાહુદી સમાજમાં સ્ત્રીઓને કેટલાં અપકૃત્યો કરવાં પડતાં તેનો ખ્યાલ આપવાની

જરૂર નથી. મીસરમાં પણ એક વખત સ્ત્રીઓને સંતાની ખાતર અસાધ્ય સાધન કરવાં પડતાં હતાં. હર્બટ સ્પેન્સરે લખ્યું છે કે – "Dahomen like all other semi-barbarians considers a numerous family the highest blessing."[૩૯]

સ્ત્રીઓને તમામ જવાબદારીઓ સોંપવામાં આવે છે. જેવી કે ઘર સંભાળવાની, બાળકો સંભાળવાની અને ઘરના લોકોની આરોગ્યની સંભાળ. આમ, સ્ત્રીને માથે બેવડી જવાબદારીઓ આવે છે. તેમાં 'આરોગ્ય સંબંધી સ્ત્રીઓની જવાબદારી' લેખમાં આરોગ્ય બાબતે સ્ત્રીએ કેવી જાળવણી કરવી તે વિશે દર્શાવવામાં આવ્યું છે.

"ઘરની સ્વચ્છતા માટે સાધારણ રીતે સ્ત્રીઓને જ જવાબદાર ગણવામાં આવે છે. ગૃહને સર્વ રીતે સુંદર અને સ્વચ્છ રાખવું, બાળ–બચ્ચાંની દરેક પ્રકારની સ્વચ્છતા અને આરોગ્ય સંબંધી કાળજી રાખવી એ કામ સ્ત્રીઓનું જ છે. પરંતુ રોજ એક બે વખત ન્હાવાથી તેમજ સફેદ કપડાં પહેરવાથી જ સ્વચ્છતા અને આરોગ્યતાનો ઉમદા હેતુ પાર પડતો નથી. ઘરના કારભારમાં સ્વચ્છતા રાખવાની સેંકડો બાબતો છે અને તે દરેક બાબતની વૈદ્યક દૃષ્ટિથી પુરે પુરી તપાસ થવી જોઈએ.

(૧) સાવરણીથી ભોંયતળીયું વાળવા માત્રથી જ ઘરની સ્વચ્છતા સચવાઈ જતી હોય

એમ કેટલીક સ્ત્રીઓ માની લે છે, કેટલીક સ્ત્રીઓ રોજ વપરાશમાં આવતા ખંડો ઉતાવળમાં ને ઉતાવળમાં જેમ તેમ વાળી લે છે. પરંતુ રોજ વપરાશમાં ન આવતાં હોય એવા ખંડો, ઘરનાં ખુણાઓ, પેટી–પટારા વાળી જગાઓ, હાટીયા તથા છાજલીઓની બરાબર સંભાળ લેવામાં આવતી નથી. ત્યાં આગળ ધૂળ, જીવજંતુ અને ભેજનો જમાવ થવાથી જંતુઓ તથા ખરાબ હવા ઉત્પન્ન થવા પામે છે અને ધીમે ધીમે આખા ઘરની હવાને બગાડે છે. ઘરનાં ભીંતડાં, ઘરની છત છાપરાંમાં બાઝતાં જાળાં રોજ નહિ તો અઠવાડીયે એકવાર પણ ઝાડી કાઢવાં જોઈએ. પાણીયારાં–

ખાળ–મોરીઓ કે જ્યાં ઘણી જ ગંદકી તથા ભેજ નિરંતર રહ્યા કરતી હોય તે માત્ર પાણી નાખવાથી જ સાફ થતાં નથી. તેને માટે તો ચુનાનું પાણી કે ફીનાઈલ જેવી દુર્ગંધનાશક વસ્તુઓ વાપરવી જોઈએ. છાણ–માટીથી દીવાલો લીપાવીએ એ પણ એક પ્રકારની સ્વચ્છતા છે. આપણાં દીર્ઘદર્શી વડીલોને રોજ છાણ–માટીથી અમુક અમુક ભાગ સ્વચ્છ કરવાની આજ્ઞા કરેલી છે.

(૨) રસોડાની સ્વચ્છતા પણ ઘણી અગત્યની છે. અફસોસ છે કે સુધારાની વૃદ્ધિ સાથે જે વસ્તુ સર્વથી વધારે સ્વચ્છ રાખવાની આવશ્યકતા હતી તેજ વસ્તુ આજે ઘણેખરે સ્થળે છેક મલીન અને દુર્ગંધ ઉપજાવે એવી બની ગઈ છે, આપણા રસોડાં લગભગ બબરચીખાના જેવા જ બની ગયા છે. ખરેખર એ વિષય આપણી બહેનો–માતાઓ અને દીકરીઓ માટે સરમાવનારો છે. ગમે તેવા પગે કે હાથે રસોડામાં ચાલ્યા જવાનો રીવાજ સાધારણ થઈ પ ો છે, જે સ્થળની સ્વચ્છતા ઉપર આપણા આરોગ્યનો આધાર છે, જે વસ્તુની વિશુદ્ધિ ઉપર આપણા જીવન–મૃત્યુનો આધાર છે તે તરફ લગભગ ઉપેક્ષા થવા પામી છે. ગૃહિણીઓએ આ વિષયમાં વધારે સાવચેત અને જાગ્રત રહેવું ઘટે છે. તે ઉપરાંત રસોડામાં વપરાતાં સાધનો–વાસણો વિગેરે પણ જેમ બને તેમ શુદ્ધ અને સ્વચ્છ રાખવાં જોઈએ. ન્હાવાં કરવાની વાત તો છેટે રહી પણ હાથ–પગ બરાબર ધોઈ નાખીને પછી જ રસોડામાં દાખલ થવા દેવાની વાતને પણ આજ હસી કાઢવામાં આવે છે, પરંતુ આવી ઉપયોગી બાબત તરફ આંખ મીંચામણા થવાથી આપણે પોતે જ આપણું અનિષ્ટ કરી બેસીએ છીએ એ ભુલવાનું નથી.

ટૂંકમાં, દરેક ગૃહિણીએ નીચેના નિયમો પોતાનાં છોકરાં તેમજ પુરૂષો પાસે અવશ્ય પળાવવાં જોઈએ.

(૧) હાથ–પગ ધોયા વિના રસોડામાં આવવાની મના કરવી; તેમજ પાણીયારે અડકવાની પણ મનાઈ કરવી.

(૨) રસોડું અથવા તો જમવા બેસવાની જગ્યા લીંપ્યા વિના ઉપયોગમાં લેવી નહીં.

(૩) જમવા બેસતાં પહેલાં બહારનાં વસ્ત્રો બદલી નાખવાની ફરજ પાડવી.

(૪) હાથ–પગ મ્હોં વિગેરે ધોઈને જ જમવા બેસે એવો આગ્રહ કરવો."[૪૦]

આપણા દેશની સ્ત્રીઓની માતૃત્વની કક્ષા નીમ્ન કક્ષાની છે. તે અહીં 'આર્ય સ્ત્રીઓનું માતૃત્વ' લેખમાં જાણવા મળ્યું છે.

"બીજા દેશોની સ્ત્રીઓ સાથે હિંદી સ્ત્રીઓની તુલના કરતાં જણાય છે કે, એક જર્મન સ્ત્રી સરાસરી સાત, રશીયન સ્ત્રી છ, ઓસ્ટ્રીયન સ્ત્રી પાંચ, ફ્રેંચ રમણી ચાર, સ્કોટ નારી ત્રણ, અંગ્રેજ રમણી બે અને ઈટાલીયન નારી એક પરિપૂર્ણ અંગવાળા અને સુદૃઢ સંતાનોનો જન્મ આપે છે, ત્યારે હિંદી સ્ત્રીનું માતૃત્વ આ દૃષ્ટિએ જોતાં લગભગ વ્યર્થ જ જાય છે. જન્મ બાળકનું વજન સાધારણ રીતે યુરોપમાં ૨૨ પાઉંડનું હોય છે. જ્યારે આપણા દેશમાં માત્ર ૮ થી ૧૨ પાઉંડ સુધીનું જ પ્રાયઃ હોય છે. ૧૪–૧૫ પાઉંડના વજનવાળું બાળક તો હિંદમાં કવચિત્ જ જન્મે છે. હિંદી સ્ત્રીઓ અને સ્ત્રી જાતિના હિતેચ્છુઓ માટે આ સ્થિતિ શું વિચારવા જોગ નથી ?"[૪૧]

"રીવાજ જ્યારે ધર્મનું મનોહર સ્વરૂપ ધારણ કરે છે ત્યારે પછી વ્યક્તિગત સુખ–દુઃખોનો વિચાર કરવામાં આવતો નથી. સતી થવાનો રીવાજ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યો તે આપણે જોઈ ગયા. પછી તો બનતાં સુધી દરેક સ્ત્રીએ સતી થવું જ જોઈએ અર્થાત્ પતિની પાછળ બળી મરવું જ જોઈએ, એ એક પ્રકારનો ધર્મ મનાઈ ગયો. હિંદની બ્હાર પણ આવા કેટલાક નિષ્ઠુર વ્યવહારો, ધર્મના નામે ચાલ્યા હોય એમ

આપણે જોઈ શકીએ છીએ. યાહુદી લોકો પોતાના દેવ પાસે પુત્ર–પુત્રીનું બલિદાન આપતાં આંચકો ખાતાં નહોતાં. સંતાનહત્યાનો નિષ્ઠુર ઇતિહાસ તેમના પ્રજાકીય જીવનનાં પૃષ્ટો ઉપર શ્યામ અક્ષરે લખાએલો છે. તેમનો મોલેક નામનો એક દેવ તે ખાસ સંતાનોનું લોહી પીનાર તરીકે અમર નામના પામી ગયો છે. મેકસીકોવાસી માત–પિતાઓ પોતાની શ્રેષ્ઠ કન્યાનો દેવશ્રી તેજકાટલીપો સન્મુખ વધ કરતાં લેશ પણ સંકોચ પામતા નહોતાં. ધર્મના નામે પુત્રની હત્યા કરનારા કેટલાક રાજાઓના જીવનચરિત્રો આપણે ઇતિહાસમાં વાંચીએ છીએ.

મેવાડના એક રાજાએ એકવાર પોતાના પુત્રનું બલિદાન આપ્યું હતું. કાર્યે જના સજાએ પોતાની કુંવરીની દેવની દૃષ્ટિ આગળ હત્યા કરી હતી. પ્રાચીન યુગમાં એવો એક પણ દેશ ભાગ્યે જ મળી આવશે કે જ્યાં ધર્મના નામે પુત્ર–પુત્રીના લોહી ન રેડાયાં હોય ! શું તે વખતે માબાપો પોતાનાં બાળકોને પ્રેમથી નહીં ચાહતા હોય ? નહીં, મા–બાપોના હૃદયમાં તે વખતે પ્રેમ–સ્નેહ કે પ્રીતિનો છાંટો ન હતો એમ માની લેવાનું આપણને કશું કારણ નથી. અવશ્ય, તેઓ પોતાના બાળકોને પોતાના પ્રાણથી પણ અધિક ચાહતા હશે. તેમનામાં પણ તે વખતે સ્નેહ– મમતા વગેરે હોવાં જોઈએ. છતાં એક રીવાજ જ્યારે ધર્મ બની જાય છે, એક રીવાજ જ્યારે અવશ્ય કર્તવ્ય કર્મ બની જાય છે ત્યારે પછી એ સ્નેહ–મમતાને તિલાંજલી આપવી અને જેમ બને તેમ ખુબ નિષ્ઠુર અને ઘાતકી બનવું એજ કર્તવ્ય ગણાય છે.

દેવતાઓની પ્રસન્નતા મેળવવા અને પરલોકમાં સુખી બનવા મનુષ્ય પોતાની છાતીને વજ્ર જેવી કઠોર બનાવી શકે છે, સ્નેહ અથવા દયાની દૃષ્ટિએ જે કાર્ય બહુ જ નિષ્ઠુર અને નિર્દયતાવાળું હોય છે તે કાર્યમાં ધર્મની દૃષ્ટિએ પુણ્ય પણ તેટલું જ આંધક હોય એમ માની લેવાય છે. આવા સંયોગોમાં દેવોની પ્રસન્નતા અને પરલોકના સુખ

પાસે મા–બાપ પોતાના સ્નેહ વાત્સલ્યને દેશવટો આપવામાં પરમ વીરત્વ માની લે એમાં કાંઈ નવાઈ નથી."[૪૨]

ઉપરોક્ત લેખમાં સમાજમાં જે રીવાજો ધર્મના નામે ચાલે છે અને આવી ખોટી રૂઢિઓને પ્રોત્સાહન આપીને વીરત્વનું કામ કર્યું માને છે. તેમની સામે આ લેખ અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે કે જે ધર્મના નામે ચાલતા રિવાજમાં નિષ્ઠુરતાની ગંધ આવે છે. પોતાના જ માતા–પિતા પોતાના વહાલસોયા પુત્ર–પુત્રીનું બલિદાન કેટલી નિષ્ઠુરતાથી આપે છે. તે આપણે જાણી શકીએ છે. આમ આવા ખોટા રિવાજોમાં લોકો ન પડે અને એમાંથી એ બહાર નીકળી વાસ્તવિકતાને જુએ એવો 'નારીનું મૂલ્ય' લેખના લેખિકા જણાવે છે.

"હિંદુસ્તાનમાં રાજકીય, ધાર્મિક તથા સાંસારિક સુધારાની બાબતમાં પુરૂષો જેટલો ભાગ લે છે તેટલો જ ભાગ સ્ત્રીઓ ન લે ત્યાં સુધી હિંદુસ્તાનની ઉન્નતી થઈ શકવાની નથી. સ્ત્રીઓ પુરુષોનું અર્ધુ અંગ છે, એટલે તેઓએ પુરૂષો કરતાં વધારે નહીં, પણ અર્ધોઅર્ધ ભાગ તો લેવો જ જોઈએ. જેને અર્ધાંગ વાયુ થયો હોય છે તેને આખો દિવસ પથારીવશ જ રહેવું પડે છે. તે જ પ્રમાણે સ્ત્રીઓ જ્યાં સુધી આવી પ્રવૃત્તિઓમાં ભાગ ન લે ત્યાં સુધી પુરૂષોનું કરેલું કામ લગભગ વ્યર્થ જ જાય છે. જે દેશમાં સ્ત્રીઓ આગળ પડતો ભાગ નથી લેતી તે દેશની સ્થિતિ કંગાળ હોય છે. હિંદુસ્તાનની બાબતમાં પણ તેમજ છે. આને માટે મારે ઘણું કહેવાનું છે, પણ હાલ તુરત એ વિષે વધારે લંબાણ નહીં કરતાં એટલું જ કહીશ કે જે ચળવળ અત્યારે આખા દેશમાં ચાલી રહી છે તેમાં બહેનો અને માતાઓએ પુરેપુરો ભાગ લેવો જોઈએ. આવી બાબતોમાં અક્ષરજ્ઞાનની જરૂર નથી. અભણ સ્ત્રીઓએ નાસીપાસ થઈ એમ માની લેવાનું નથી કે – 'અમે એમાં શું કરી શકીશું ?' અત્યારની પ્રવૃત્તિમાં ઘણી સ્ત્રીઓ યથાશક્તિ ભાગ લઈ રહી છે.

તેઓને અક્ષરજ્ઞાનની કેટલી જરૂર પડે છે તેનો મને અનુભવ છે. મને આ દેશની ખેડુત વર્ગની સ્ત્રીઓ સાથે પરિચય થયો છે. તે ઉપરથી જણાય છે કે અક્ષરજ્ઞાનની ઝાઝી જરૂર રહેતી નથી. ખેડા જીલ્લાની મારી ચળવળમાં મને ત્યાંની બહેનોએ ઘણી સારી મદદ કરી છે એમ મારે કહેવું જોઈએ. ત્યાંની સ્ત્રીઓના વિચારો મક્કમ હતા. તેઓએ, પુરૂષો જેલમાં જશે તો પાછળ આપણી શી હાલત થશે એનો વિચાર સુદ્ધાં કર્યો ન હતો. મને મારી આ બ્હેનોની એ વલણ બહુ મદદગાર થઈ પડી હતી."[૪૩]

ઉપરોક્ત લેખમાં સ્ત્રીઓએ પણ સમાજસુધારાની પ્રવૃત્તિઓમાં પુરુષોને સાથ–સહકાર આપવો જોઈએ. તો જ આપણે સંપૂર્ણપણે આપણા દેશને સુધારામાં ફેરવી શકીશું તે માટે સ્ત્રીઓને વધારેમાં વધારે આ પ્રવૃત્તિઓમાં જોડાવા માટેની હાકલ 'સ્વદેશી વૃત્ત અને સ્ત્રી–સંસાર' લેખમાં કરવામાં આવી છે.

"લગ્નની નિષ્ફળતા–લગ્ન ક્યારે નિષ્ફળ નીવડે છે તેનાં અનેક કારણોમાં માત્ર એક જ સર્વથી સરસ કારણ જણાવનારને પચાસગીનીનું ઈનામ આપવાનું અમેરિકાના એક ચોપાનીયાના અધિપતિએ જાહેર કર્યું હતું. તેના જવાબમાં ઢગલાબંધ જવાબો ફરી વળ્યા હતા, જેમાં નીચેના જવાબો પસંદ કરવા જેવા હતા.

(૧) જ્યારે બાપ પોતાના બાળ–બચ્ચાને ન્યુસંસ (વિઘનરૂપ) માને ત્યારે.

(૨) લગ્ન આગમન હદ બહારની ઘેલછાઓ દર્શાવવામાં આવે ત્યારે.

(૩) પરણેલું જોડું એક–બીજાથી પોતાની ખાનગી વાતો છુપાવે ત્યારે.

(૪) ધણી જેમ ભીખારી તરફ પૈસો ફેંકે તેમ બૈરી તરફ (ઘરખર્ચ) માટે ફેંકે ત્યારે.

(૫) ધણીજી પોતાની ધણીયાણીને પોતાના સુખ–દુઃખની ભાગીયણ નહીં પણ ગુલામ તરીકે ગણે ત્યારે.

(૬) લગ્નને કાળી તથા સફેદ બાજુઓ હોય છે એમ ન સમજનાર ઘણી મળે ત્યારે.

(૭) ધણીયાણી સાથે એક સ્વભાવ અને મિત્રો સાથે બીજો સ્વભાવ રાખે ત્યારે.

(૮) પોતાની પરણેતરને વખાણ અને શાબાસીની જરૂર હોય પણ તે તરફ અખાડા કરવામાં આવે ત્યારે.

(૯) સ્વામી પોતાની ઓરતની નાની નાની ભુલો તરફ ઉપેક્ષાની નજરે ન જુવે ત્યારે.

(૧૦) જ્યારે ભીખારી વર પોતાની બૈરીના બાપના પૈસા ઉપર તાગડધીન્ના કરવાનો ધંધો લઈ બેસે ત્યારે."[૪૪]

ઉપરોક્ત લેખમાં સમાજમાં લગ્ન નિષ્ફળ જવાનાં કારણો બતાવ્યા છે. તે યોગ્ય છે. કારણ કે સ્ત્રી અને પુરૂષ બંને સમજી–વિચારીને એક–બીજાને માન–સન્માન આપીને જીવનની ગાડી હંકારે તો તે પાર પડે છે. પરંતુ તેમના વિચારોનો મનમેળ હોતો નથી અને તેઓ એકબીજા તરફ અવિશ્વાસે જોતા હોય ત્યારે તેમનું લગ્નજીવન નિષ્ફળ જવાનું શક્ય બને છે. તેથી આ પસંદ કરીને બતાવેલા જવાબો લોકો વાંચે અને પોતાના લગ્નજીવનને બચાવવાનો પ્રયત્ન કરી સફળ બનાવે એવી શુભેચ્છા સાથે લખવામાં આવ્યા છે.

તુરતમાં જ લગ્ન કરી આવેલા મારા એક યુવાન મિત્રને મેં પૂછયું – "ભાઈ લગ્ન તો કરી આવ્યા પણ એ લગ્નનો હેતુ કોઈ પુરોહિતજી પાસે ભણવાની તસ્દી લીધી છે ?"

"દુનીયામાં જો તમારા જેવા બધા બાવા જ બની જાય તો પછી આ સંસાર શી રીતે ચાલે ? લગ્ન એજ સંસારની સ્થિતિ અને ઉત્પત્તિનું મૂળ કારણ છે." મારા મિત્રે

ચાલી આવતી પંરપરાને અનુસરી, સહેજ સુધારા વધારા સાથે ઉત્તર વાળ્યો. સારૂં થયું કે રોટલા વડી આપવા માટે કે મા–બાપના અત્યાગૃહને લીધે લગ્ન કરવું પ ુ છે એવી દલીલ એ બન્ધુએ ન આપી. નહીંતર વળી બીજી જ જાતના વિચારોએ મારૂં મન રોકી રાખ્યું હોત !

હું વિચાર કરવા લાગ્યો – ખરેખર શું લગ્ન વિના સંસાર નજ ચાલી શકે ? હિંદની આટલી વિશાળ પ્રજામાંથી જો મારા યુવક મિત્ર જેવા પાંચ–દસ હજાર મિત્રો અંતઃકરણ પૂર્વક બ્રહ્મચર્યવ્રતનો અંગીકાર કરે તો શું હિંદ રસાતળે પહોંચી જાય ? હિંદુસ્તાન સાવ ઉજ્જડ–વેરાન બની જાય ? જે બ્રહ્મચર્યના શાસ્ત્રમાં આટલા બધા વખાણ કરવામાં આવે છે અને જેના પ્રબળ પ્રભાવના જવલંત પુરાવાઓ આજે પણ દૃષ્ટિગોચર થઈ શકે છે. તે બ્રહ્મચર્યનું પાલન કરવા જતાં જો સંસારનું સત્યાનાશ નીકળી જતું હોય તો પછી શા માટે બ્રહ્મચર્ય વિષયક તમામ પોથાઓ બાળીને ભસ્મ કરી નાખવામાં નથી આવતા ? લગ્નથી જ જો સંસાર નભી રહ્યો હોય અને લગ્નથી જ જો પ્રેમભાવનો પ્રચાર થતો હોય તો પછી શા માટે પ્રજાહિતૈષી મહાત્માઓ આંખો મીંચીને લગ્નસંબંધ સંસ્થાપક સંસ્થાઓ ઉભી કરવા નથી મંડી જતા ?

“અમે લગ્ન કરીએ નહીં તો બિચારા–અનાથ–નિરાધાર સંચારનું શું થાય ?” કેટલી બધી દયા ? કેટલી બધી ઉદારતા ? કાં જાણે મનુષ્યો સંસાર ઉપર ઉપકાર કરવાની ખાતર જ લગ્ન કરતા હોયની કેમ ? સંસારને તેમના ઉપકારની જરૂર છે કે નહીં તેનો વિચાર કર્યા વિના આ પરમાર્થી લોકો લગ્નની ગાંઠો બાંધતા જ જાય છે ! પરોપકારના મદમાં કેટલીકવાર તેઓ એટલા બધા તો ઘેલા–ગાંડા અને ઉન્મત્ત થઈ જાય છે કે એક તરફ સ્મશાનની તૈયારીઓ ચાલવા છતાં બીજી તરફ લગ્નની તૈયારીઓ કર્યા વિના તેઓ રહી શકતા નથી ! મહા દાનવીર કર્ણે જેવી રીતે મરતાં–મરતાં પણ બ્રાહ્મણોને દાન

આપી સંતોષ્યા હતા તેવી રીતે કેટલાક વૃદ્ધ–રોગી–નિર્બળ અને કંગાળ મનુષ્યો પણ ગમે તેવી એક કન્યા સાથે લગ્નસંબંધ બાંધી, મરતાં–મરતાં પણ સંસારને ટકાવી રાખવાનો યથાશક્તિ પ્રયત્ન કરતા જાય છે ! પરમાત્માને ત્યાં આ પરોપકારી લોકોનો કેટલો આદર થતો હશે તે તો પ્રભુ પોતે જાણે ! સંસારને તેમનો ઉપકાર અસહ્ય થઈ પ ો છે એ આપણે આપણી સ્થૂલ દૃષ્ટિથી પણ નીહાળી શકીએ છીએ ! દીનપ્રતિદિન વધતી જતી કંગાળીયત, ઉપરાઉપરી પડતા દુકાળો અને સર્વલક્ષી રોગોપદ્રવો એ તેમના ઉપકારોના પ્રત્યક્ષ પરિણામો છે. પણ ઉપકારમાં અંધ બનેલાઓને તેનો ખ્યાલ સુદ્ધા કરવાની પણ જરૂર હોય ત્યારે ને ?

મનુષ્ય પોતાના આત્માને છેતરવાથી જેટલો આનંદ મેળવી શકે છે તેટલો બીજે ક્યાંઈથી નથી મેળવી શકતો. લગ્ન કરવાથી હું સંસારના વિકાસમાં સહાય આપી શકીશ, મારાં માત–પિતાને સંતોષ આપી શકીશ, જગત્‌ને મારા શુદ્ધ પ્રેમ–વ્યવહારનો પાઠ ભણાવી શકીશ. એવા એવા કેટલાક સુંદર લાગતા વિચારોને આગળ ધરી, પોતાના આત્માને છેતરવાનું કામ અસંખ્ય મનુષ્યો ચાલુ રાખે છે. હવે, જેઓ પોતાના આત્માનો અવાજ નથી સાંભળી શકતા એટલું જ નહીં પણ તે અવાજને ગુંગળાવી મારવા મથે છે તેમના તરફથી જગત કેવા ઉપકારની આશા રાખી શકે ?

ત્યારે લગ્ન એ શું મ્હોટે ભાગે સંસારના વિકાસને અર્થે જ થાય છે ? હું તેમ નથી માનતો. લગ્ન કરનારાઓના મ્હોટા ભાગને પોતાની ચરણસેવા કરી શકે એવી એક દાસીની જરૂર હોય છે, તેમના ક્રોધયુક્ત વચનોને શાંતિથી સહન કરી લે એવી એક ગુલામડીની જરૂર હોય છે, તેમની ગમે તેવી ઈચ્છાને વિના સંકોચે માન આપે એવી એક કિંકરીની જરૂર હોય છે અને એટલા જ માટે તેઓ લગ્નસંબંધને માન આપવા લલચાય છે."[૪૫]

ઉપરોક્ત લેખમાં 'લગ્ન શા માટે ?' લેખમાં આપણી ભારતીય સંસ્કૃતિમાં લગ્નને એક સંસ્કાર માનવામાં આવ્યો છે. જે વ્યક્તિ આ લગ્નસંસ્કાર ગ્રહણ કરે છે. તે સંસારમાં પોતાનું ઉપકારનું કાર્ય માને છે. કારણ કે સૃષ્ટિમાં માનવની વૃદ્ધિ કરવી એ એનું પરમ કર્તવ્ય માને છે. તેમજ તેમાંના ઘણા વ્યક્તિઓ પોતાના કાર્ય સ્ત્રી પાસે કરાવવાના હેતુ સાથે લગ્ન કરતા હોય છે. આમ, લગ્ન શા માટે ? લગ્ન ન કરી બ્રહ્મચર્ય વ્રત પાળવું એ કેટલે અંશે યોગ્ય ? જેવી બાબતોની ઉપરોક્ત લેખમાં દલીલો દર્શાવી લગ્ન વ્યવસ્થાને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

"મોગલ રાજાઓના વખતમાં સ્ત્રી–કેળવણીનો પ્રચાર ન હતો. મોગલ મહિલાઓ મ્હોટે ભાગે અજ્ઞાન–અંધકારમાં જ જીવન વ્યતિત કરતી હતી એમ કેટલીકવાર કહેવામાં આવે છે પણ ઐતિહાસિક દૃષ્ટિએ તપાસ કરતાં એ કથનને ટેકો મળી શકતો નથી. મોગલ રાજાઓ પોતાની રાણીઓને કેળવણી આપવા વિગેરેમાં બહુ કાળજી ધરાવતા હતા એના દૃષ્ટાંતો ઇતિહાસમાં મળી આવે છે. અલબત્ત મોગલ મહિલાઓને નિશાળે જવાની જરૂર પડતી નહોતી. કારણકે શિક્ષિકાઓ પોતે જ અંતઃપુરમાં આવી રાજરાણીઓને યોગ્ય શિક્ષણ આપી જતી હતી. આ મહિલાઓનો વિવાહ ૧૬–૧૮ વર્ષની ન્હાની ઉમરમાં થતો નહતો. તેટલી ઉમર થતાં સુધીમાં તેઓ અભ્યાસ વિગેરેમાં ઘણો સારો સમય આપી શકતી હતી. પડદાના રીવાજને લીધે જો કે ઘણીખરી સ્ત્રીઓ બહાર છુટથી હરી–ફરી શકતી ન હતી. તે છતાં અંતઃપુરમાં તેમને વિદ્યા–ચર્ચા કરવામાં કોઈપણ પ્રકારનો અંતરાય નડતો નહોતો. આજે આપણે મોગલ શહેનશાહોના અંતઃપુરમાં રહેનારી મહિલાઓની વિદ્યાબુદ્ધિ વિષે તપાસ કરીશું."

(૧) બાબર અને હુમાયુના રાજકાળમાં – ગુલબદન–હુમાયુનામા

(૨) અકબરના રાજકાળમાં – સલીમા સુલતાન બેગમ

(૩) જહાંગીરના રાજ્યકાળમાં – નૂરજહાન

(૪) શાહજહાંના રાજકાળમાં – મુમતાજ મહલ, જહાનઆરા

(૫) ઔરંગઝેબના રાજકાળમાં – જેબ્‌ઉન્નિસા.”[૪૬]

જેવી સ્ત્રીઓએ કેળવણી મેળવી હતી. તેના દાખલા આપણને ઇતિહાસમાંથી મળી રહે છે. આમ, એ સમયમાં પણ સ્ત્રીશિક્ષણનું મહત્ત્વ આપીને સમાજ સુધારણાની પ્રવૃત્તિને વેગ આપવા માટે સ્ત્રીઓનું પ્રદાન મહત્ત્વનું બની રહ્યું છે. 'મોગલ સમયમાં સ્ત્રી–કેળવણી' લેખમાં ઉપરોક્ત ઉદાહરણો મળી રહે છે.

વ્યક્તિ પોત પોતાની જ્ઞાતિના વિકાસ માટે કંઈને કંઈ કાર્ય કરતો હોય છે. તે પોતાની જ્ઞાતિને ઉચ્ચ સ્થાને લઈ જવાનો પ્રયત્ન કરે છે. પરંતુ જ્ઞાતિ સેવામાં સ્ત્રી કઈ રીતે ઉપયોગી થઈ શકે તેના રસ્તાઓ 'જ્ઞાતિ સેવા સ્ત્રીઓ કેવી રીતે કરી શકે' એ લેખમાં દર્શાવવામાં આવ્યું છે. તે આપણે જોઈશું.

“જે જાતિમાં આપણે ઉત્પન્ન થયા હોઈએ તે જાતિની સેવા કરવી, તેની ઉન્નતિ કરવી, તેમાં સુધારા કરવા, એ આપણી ફરજ છે અને જેમ બને તેમ આપણી જ્ઞાતિ સુખી કેમ બને તેને માટે બનતા ઉપાયો શોધવા જ જોઈએ અને તે ઉપાયો પ્રમાણે આપણે વર્તન રાખીએ તો આપણે જ્ઞાતિ સેવા બજાવી એમ કહેવાય.

પ્રથમ જ્ઞાતિને સુધારવાનો મુખ્ય પાયો સ્ત્રી ઉપર રહેલો છે. જો ઘરમાં સ્ત્રી ભણેલી ગણેલી અને નિપુણ હોય તો તેને જે પુત્ર પુત્રીરૂપ રત્નો પાકે તો તે પણ તેના જેવા જ સુશીલ અને હોંશિઆર નીવડે. અહીં એક શંકા ઉત્પન્ન થાય છે કે સ્ત્રીને મુખ્ય પાયો કેમ ગણ્યો હશે ! પુરૂષને કેમ નહિ ! આનો ઉત્તર એટલો જ છે કે બાળક જ્યારે ગર્ભમાં હોય છે, ત્યારે તેના ઉપર જેટલા સંસ્કાર માતાના પડે છે તેટલા પિતાના પડતા

નથી અને બાળક જન્મે ત્યાર પછી પણ તેનું આખું બાળપણ વિશેષ કરી માતાની પાસે જ જાય છે. બાળકમાં અનુકરણ કરવાની શક્તિ ઘણી જ તીવ્ર હોય છે અને તેજ કારણથી માતા જેમ બોલે તેમ તે બોલતાં શીખે છે, તે જેવું કામ કરે છે તેવું જ તે કરવા પ્રયત્ન કરે છે. એ રીતે હંમેશાં માતાના સંસ્કાર પુત્ર–પુત્રીઓ ઉપર પડતા રહે છે. જો માતા ઘરમાં કંકાસ કરતી હોય, ગાળો દેતી હોય, માર્યા–પી । અને મુવા સિવાય જ્યાં આગળ વાત જ ન થતી હોય, તો ત્યાં ઘરમાં છોકરાં તે ક્યાંથી સુધરે ! તે પણ ગાળો દેતાં શીખે છે અને કંકાસીઆં બને છે મને અનુભવ છે કે જે ઘરમાં માતાના કે બીજા કોઈના મોમાંથી ગાળ જ ન નીકળતી હોય તે ઘરે બાળકને ગાળો દેતાં આવડતી નથી અને એજ પ્રમાણે બીજા પણ સારા સંસ્કાર બાળક પર પડે છે. માટે પ્રથમ પાયો ભણેલી, વિવેકી અને સુશીલ સ્ત્રી ઉપર રહેલો છે.

હવે એવી સ્ત્રીઓ બનાવવી એ પુરૂષોનું કામ છે. આજકાલ એવું જોવામાં આવે છે કે પિતાઓ પુત્રને તો મોટી એમ. એ., બી.એ., વકીલ, બેરીસ્ટર વગેરે ડીગ્રીઓ પ્રાપ્ત કરાવે છે અને તેજ જગ્યાએ પુત્રી હોય તો અભણ રહે છે અથવા બેચાર ચોપડી પુરી થઈ કે ભણતર પૂરૂ થયું એમ સમજી નવ, દશ વર્ષની બાળાને પરણાવી માતા પિતા તેને શીરે ગૃહ સંસારનો બોજો નાંખી દે છે. હજુ તો તેની પોતાની જ બાળ અવસ્થા પુરી ન થઈ હોય એટલામાં તો બાળકનો જન્મ તે બિચારીને આપવો પડે છે. અહા ! તે બિચારીની કેવી દીન દશા ! અને જો નશીબ ફર્યા હોય તો એ બાળ અવસ્થામાં જ વૈધવ્ય આવી પડે છે, આપણી જાતિની એવી દશા ન થાય માટે પુત્રીને પંદર સોળ વર્ષની થાય ત્યાં સુધી તેને વિદ્યાભ્યાસ કરવા દેવો અને ત્યાર પછી તેનાં કોઈ સારે ઠેકાણે લગ્ન કરી તેને સંસારમાં જોડવી જોઈએ, કે જેથી પતિ પત્નિ યોગ્ય ઉમરે પહોંચ્યાથી તેઓ સુખી

થશે અને પછીથી તેઓના પુત્ર–પુત્રીઓ થાય તે પણ બળવાન, કેળવાએલાં અને વિવેકી બનશે.

કર્મ યોગે સ્ત્રીઓને વૈધવ્ય અવસ્થા પ્રાપ્ત થાય તો તેની બાકીની જિંદગીને નિરૂપયોગી ન ગણતાં તેને જ્ઞાતિના ઉપયોગમાં લગાડી જ્ઞાતિ સેવા કરવી, કે જેથી સ્વાર્થ અને પરમાર્થ થાય. જો આખી જ્ઞાતિમાંથી એકાદ પણ નર્સ તરીકે નીકળે તો આપણી જાતિનો કેટલો ફાયદો થાય ! ગરીબ અને માંદા માણસો જે દુઃખી થતાં હોય તેને આપણે ઉપયોગી બની શકીએ. દુઃખીને દુઃખમાંથી બચાવી તેને સુખ આપીએ તો તેનો અંતરાત્મા આપણને કેટલી દુવા આપશે ? આ રીતે નિઃસ્વાર્થ રીતે સેવા બજાવવામાં જ આપણું કલ્યાણ સમાયેલું છે. જો સ્વાર્થ સાથે સેવા કરવા નીકળીશું તો તે કામ સારી રીતે બનવાનું નથી અને માથા ઉતરતું થશે. દરેક કાર્યમાં સ્વાર્થ અને પરમાર્થ તો સમાયેલો જ છે. પણ સ્વાર્થનો પા ભાગ રાખી (ન બને તો અર્ધો ભાગ રાખી) અને પરમાર્થ તરફ સારો ભાગ રાખવો, એવી ઘણી રીતે જ્ઞાતિની સેવા સ્ત્રીઓ કરવા ધારે તો કરી શકે છે.

બીજું કોઈ સ્ત્રી ભણેલી હોય તેણે નાનાં નાનાં બાળકોને તેમ મોટાં બૈરાંઓને કંઈ શીખવું હોય તો શીખવવું, કે જેથી આપણું ભણેલું લેખે લાગે. બીજું થોડું ઘણું ફંડ ભેગું કરી લાઈબ્રેરી કાઢવી કે જેમાં સારાં ઉપદેશક પુસ્તકો રાખવાં, અને તે જેને જોઈએ તેને વાંચવા આપવાં કે જેથી અજ્ઞાન લોકો પુસ્તકો દ્વારા કંઈક જ્ઞાન મેળવી શકે. એ બન્નેમાંથી જેઓને કંઈ લાભ મળતો નથી, તેઓને સભા કરીને કે કથા તરીકે કંઈક સારો બોધ મળે તેમ અઠવાડીઆમાં કોઈ એક દિવસ રાખવો જોઈએ અને તે બધાંઓને સદ્‌બોધ આપી તેમનું મન સત્કાર્યમાં અને કંઈક ભક્તિ તરફ દોરાય તેમ કરવું. આ પ્રમાણે જ્ઞાતિ સાથે વ્યવહાર રાખ્યો હોય તો કંઈક અંશે આપણી જાતિમાં સુધારો થાય અને આપણાથી કેટલેક અંશે જ્ઞાતિસેવા બને."[૪૭]

આમ, ઉપરોક્ત લેખમાં સ્ત્રી કંઈ રીતે પોતાની સેવા જ્ઞાતિ માટે આપી શકે. તે માટેના ઉપાયો યોગ્ય રીતે આપ્યા છે. કારણ કે સમાજનું ભાવિ મોટાભાગે સ્ત્રીઓ પર આધાર રાખે છે. એ વાતનું તથ્ય મળી રહે છે.

આપણા સમાજમાં સ્ત્રી અને પુરૂષ વચ્ચે હંમેશા અસમાનતા જોવા મળી છે અને એને કારણે આપણા દેશના વિકાસમાં જો ઉપયોગ સ્ત્રી–પુરૂષ મળીને થવો જોઈએ તે થતો નથી. તેથી 'સ્ત્રી અને પુરૂષ' લેખમાં લાલા લજપતરાય કહ્યું છે કે, "એક વાત તો સર્વ કોઈ સ્વીકારશે કે ભારતમાં હમણાં હમણાંમાં સ્ત્રીઓનું પદ ઘણું નીચું ઉતરી ગયેલ છે.મુસલમાન અથવા તો હીંદુ સ્ત્રી તરફ દ્દષ્ટીપાત કરો અને તમે કહેશો કે હું સત્ય જ બોલું છું. તેમનું પદ ઘણું નીચું ગયું છે. પરંતુ સદાચાર અને સમાજના ઉત્તમોત્તમ ભવિષ્ય માટે તેમને ફરી એક વખત ઉચ્ચપદે લઈ આવવાનું આવશ્યક છે. સ્ત્રી અને પુરૂષની સરખામણીની બાબતમાં મને લાગતું કે આવા પ્રકારની ચર્ચા કરનારાઓના વીચાર બહાર પાડવાની રીતી બરોબર ઠીક નથી. સ્ત્રી એ સ્ત્રી અને પુરૂષ એ પુરૂષ છે. બંને એકબીજાની બરોબર છે એમ કહેવું નિરર્થક છે. સ્ત્રી અને પુરૂષની સરખામણીમાં સ્ત્રી ઘણી બાબતોમાં પુરૂષ કરતાં ચડી જાય છે. નિઃસ્વાર્થ ઉચ્ચ પ્રેમ, બાલકોની રક્ષા, પીડીતનું આશ્વાસન, સ્વાર્થ ત્યાગ, કષ્ટ સહીષ્ણુતા વીગેરે બાબતોમાં પુરૂષ તેની સરખામણીમાં કદી ઉતરી શકતો નથી. સ્ત્રીઓના હૃદયમાં હર હંમેશ માટે સ્નેહ અને દયાની જે ધારા વહ્યે જાય છે. એ તેની જીવનમાં નવજીવન આપવાની યા તો ઉત્પાદન કરવાની શકતી છે એ જોતાં અને તે સર્વ પર વિચાર કરતાં એટલું તો સ્પષ્ટ જણાય છે કે સ્ત્રીઓનું પદ મનુષ્ય પદમાંન ઘણું ઊંચું છે. આમ હોવા છતાં વીચારની દ્રઢતા, આપત્તિઓને દૂર કરવાની શક્તિ, શાસનની શક્તિ અને એવી જ બીજી શક્તિઓમાં પુરૂષ વધે છે.

હેવલોક એલીસે એક પુસ્તક લખ્યું છે તેમાં તેઓ સ્ત્રી પુરૂષની માનસીક શક્તિઓમાં રહેલા ભેદ વીષે કહેતાં જણાવે છે કે ઘણાં લોકો માને છે કે સ્ત્રી અને પુરૂષની શક્તિઓમાં બીલકુલ ફેર નથી. વળી કેટલાક લોક આ વીષે શંકાઓ ઉઠાવે છે અને કહે છે કે દરેક બાબતમાં પુરૂષોની શક્તિ ચઢીઆતી છે. ત્યારે એક ત્રીજો પંથ કહે છે કે સંયોગવશ પુરૂષોની શારીરિક શક્તિ વધી ગઈ. સ્ત્રીઓને પોતાની ઉન્નતિ કરવાની બરોબર તક આપવામાં આવે તો સંસાર સીધો થઈ જાય.

હેવલોક એલીસ જણાવે છે કે 'આપણે પહેલાં તો એક વાતને બરોબર ધ્યાનમાં રાખવી જોઈએ અને તે એ છે કે પુરૂષ અને સ્ત્રીની શરીરની રચનામાં ફેર છે, એક જાડા પુરૂષનું ભેજાું પણ ઉત્તમ હોય એમ નથી, તેમ એક દુર્બલ પુરૂષનું ભેજાું પણ દુર્બલ હોય એમ માનવાનું નથી. શરીરની બનાવટ અને મગજની શક્તિમાં ભેદ છે. સ્ત્રીની શરીરની રચનામાં ભેદ એટલો જ છે કે સંતાન ઉત્પન્ન કરવા માટે જે જે અવયવોની જરૂર છે તે તે અવયવો તેના શરીરમાં રાખવામાં આવ્યાં છે. આવી જાતના અવયવો પુરૂષ–શરીરમાં હોતાં નથી. તેથી સ્ત્રી અને પુરૂષની માનસિક શક્તિમાં ફેર હોય એ જરૂરનું છે. બન્નેના ભેજામાં ફેર છે અને વળી એમ પણ માનવાનું નથી કે જો એક સ્ત્રી સંતાન ઉત્પન્ન ન કરે તો તે પુરૂષની સમાન થઈ જાય છે."[૪૮]

આપણા 'સમાજમાં સ્ત્રીઓનું સ્થાન' લેખમાં સમાજમાં સ્ત્રી સ્થાનનું મહત્ત્વ રહેલું છે. સ્ત્રી સ્થાનનું મહત્ત્વ દર્શાવતો નામદાર આગાખાન 'India in transition' નામના અંગ્રેજી પુસ્તકના પ્રકરણ ૨૬માનો અનુવાદ અહીં નીચે રજૂ કરું છું :

"છેલ્લા ચાર પ્રકરણોમાં ચર્ચેલ સાંસારિક સુધારાનો મ્હોટો આધાર પ્રજાના અર્ધ વિભાગ જેટલી સ્ત્રીઓના હક્કો અને તેમના દરજ્જાના સ્વીકાર ઉપર રહે છે. ઈસલામ ધર્મના પયગંબર સાહેબ કે જેમની પાશ્ચિમાત્ય મુલકમાં અજ્ઞાનતાથી કે

અદેખાઈથી ગમે તે કારણથી બહુ જ નિંદા કરવામાં આવી છે. તેઓ વારંવાર કહેતા હતા કે, "મનુષ્યો પોતાના સ્વર્ગગમનના કાર્યમા માત્ર તેમની માતાઓના પગલાંઓનું જ અનુકરણ કરી શકે છે." અને મુસલમાન લોકોની માન્યતા પ્રમાણે તેમના ધર્મમાં પહેલી દાખલ થનાર વ્યક્તિ સ્ત્રી હતી તે પણ અર્થસુચક છે. 'હેરમ' શબ્દ કે જેનો અર્થ ગેરસમજાુતોથી કેટલાએક લોકો 'કેદખાનું કે એથી પણ વિશેષ ખરાબ જગ્યા' એવો કરે છે, તેનો ખરે ખરો અર્થ 'પવિત્રતાની હાજરી' એવો પણ થાય છે. મક્કા તથા મદીનાની પવિત્ર જગ્યાઓને માટે વપરાતા શબ્દનું મૂળ Root એજ આ શબ્દ 'હેરમ'નું મૂળ છે. પ્રાચીન ઐતિહાસિક કાવ્યોમાં અને હિંદુઓના વિચારો પ્રમાણે પણ ઈસ્લામ ધર્મમાં સ્ત્રીઓને માટે બતાવેલા માનના તેવા જ બીજા દાખલાઓ પણ માલુમ પડી આવે છે. હિંદુઓની માન્યતા પ્રમાણે સ્ત્રી એ જીવનનું એક એવું અડધીયું છે કે જેના વિના પુરૂષ એકલો પોતાની મેળે મોક્ષ મેળવી શકતો નથી.

જ્યારે આપણે સાયન્સ અને કુદરતની દૃષ્ટિએ સમાજ ને સ્ત્રીના ઉપયોગીપણા વિશે વિચાર કરીએ છીએ ત્યારે આપણને માલુમ પડે છે કે તેઓની સંખ્યા પુરૂષો કરતાં કાંઈક ઓછી છે. આખા હિંદમાં છેલ્લા વસ્તીપત્રકના આંકડા મુજબ દર હજાર પુરૂષોએ નવસે ચોપન સ્ત્રીઓની વસ્તી છે, જ્યારે બીજી બાજાુએ પશ્ચિમ યુરોપમાં પોર્ટુગલમાં હજાર પુરૂષોએ એક હજાર ત્રાણું, ઈગ્લાંડ અને વેલ્સમાં હજારે એક હજારને અડસઠ, બેલ્જીયમમાં એક હજાર તેર તથા આયર્લોંડમાં એક હજાર ત્રણ એ મુજબ સ્ત્રી પુરૂષોનું પ્રમાણ છે.

સેન્સસ કમીશનર સર એડવર્ડ ગેઈટ પશ્ચિમ યુરોપના વસ્તીના પ્રમાણો અપવાદ રૂપ છે એમ કબુલ કરતાં જણાવે છે કે હિંદુસ્તાન અને તે દેશોના પ્રમાણ વચ્ચેના તફાવતનું મુખ્ય કારણ સ્ત્રીઓનું મોટુ મરણ પ્રમાણ છે. કુદરતી રીતે હંમેશાં છોકરીઓ

કરતાં છોકરાઓનું જન્મપ્રમાણ જરા વધારે હોય છે, પરંતુ છોકરાઓમાં બાળ મરણ પ્રમાણ વધુ હોવાના સબબે તેમનું અધિકપણું મટી જાય છે. સર એડવર્ડ એમ માને છે કે આ રીતે કુદરત તરફથી છોકરીઓની વૃદ્ધિને માટે મળતી તક હિંદના સામાજિક રીતરીવાજોને લઈને અને ખાસ કરીને બાળલગ્ન, બચપણમાં ગર્ભાધાન અને મજાુર વર્ગની સ્ત્રીઓ ઉપરના હદ ઉપરાંતના કામના બોજાને લીધે નિરૂપયોગી થઈ પડે છે.

પ્રાણીવિદ્યા દૃષ્ટિથી જોતાં પુરૂષ કરતાં સ્ત્રી માનવજાતને વધુ ઉપયોગી છે. સામાન્ય સ્ત્રીઓ પુરૂષોની માફક પોતાની આજીવિકા કમાવાની શક્તિ ધરાવે છે એટલું જ નહિ પણ તે ઉપરાંત તેઓ માનવજાતિની રક્ષક છે. આ બેવડો બોજો તેઓ પોતાના તે પ્રકારના કુદરતી બંધારણને લીધે જ સહન કરી શકે છે. અનુભવ ઉપરથી માલુમ પડે છે કે પુરૂષોના જેટલી જ સ્વતંત્ર અને સરખાપણાવાળી સ્થિતિ પ્રાપ્ત થતાં જો સ્ત્રીઓ સમાજસેવાના ક્ષેત્રમાં ઉતરે તો માત્ર ગૃહસંસાર સુધરે એટલું જ નહિ પરંતુ રાજદારી જીવનમાં પણ ઉચ્ચ અને ઉદાત્ત આદર્શો દાખલ થવા પામે એવો દરેક રીતે સંભવ છે.

જે લોકો મુસલમાન સમાજની આંતર સ્થિતિથી વાકેફ છે તેઓ વગર આનાકાનીએ કબુલ કરે છે કે તેનું ઉચ્ચ આધ્યાત્મિક જીવન, સ્ત્રીઓના આદર્શો અને તેમની સેવાને બહુ આભારી છે. પયગમ્બર સાહેબની હયાતી દરમ્યાન હતું તેમજ આજે પણ તેમના ઉપદેશ પ્રમાણે ચાલનાર અને તેને માનની નજરની જોનારાઓમાંનો મોટો ભાગ સ્ત્રીઓનો જ છે. ક્રિશ્ચિયનોમાં પણ એને ખાસ કરીને રોમન કેથોલિકામાં સ્ત્રીઓનો ઉત્સાહ, તેમની માનસિક વિશુદ્ધિ તેમજ ધર્મ તરફની દૃઢ શ્રદ્ધા ઘણો ઊંચો ભાગ ભજવે છે. પાશ્ચિમાત્ય દેશોમાં ઘણી સ્ત્રીઓનો વિશુદ્ધ અને ઉત્તમ કાર્યો માટેનો આત્માર્પણ સામાન્ય અને મૂળ ઘાલી બેઠેલી સ્વાર્થાધતાનો નાશ કરવાને માટે પુરતો છે."[૪૯]

સમાજમાં પતિ પત્ની વચ્ચેના સંબંધો કેવા હોવા જોઈએ તે વિશે ‘પતિ પત્નીનો સંબંધ’ લેખમાં તેમના સંબંધોની પવિત્રતા વર્ણવવામાં આવી છે. તેમજ એ સંબંધ કેવા હોવા જોઈએ, તે આપણે નીચે મુજબ જોઈશું.

“જનમંડળમાં પવિત્રતાનું ઊંચું ધોરણ જાળવવાને માટે સ્ત્રી તથા પુરૂષ બંનેની કેળવણી એક રાગે ચાલવી જોઈએ અને તે એકસરખી રીતે સાથે સાથે વધવી જોઈએ. નિર્મળ સ્ત્રીત્વની સાથે જ નિર્મળ પુરૂષત્વ પણ સહગામી રહેવું જોઈએ. બંનેને એકજ નીતિશાસ્ત્રનો કાયદો લાગુ પડે છે. સ્ત્રી–જાતિ પુરૂષ–જાતિથી જુદી છે, તેથી પુરૂષને નીતિને ઠોકર મારવાની છૂટ છે, અને જો બદકામ સ્ત્રી કરે, તો તેથી તેની આખી જિંદગી કલંકિત ગણાય. તેજ કામ જો પુરૂષ કરે, તો તેનું કાંઈ નહિ, એવા મનસ્વી વિચારને ટેકો મળવાથી સદ્‌ગુણની ઈમારતના પાયા ઢીલા થઈ જાય છે.

તસ્માત્ જનમંડળની સ્થિતિ નિષ્કંલક અને સદ્‌ગુણયુક્ત રાખવાને માટે સ્ત્રીએ તેમજ પુરૂષે પણ પવિત્ર અને સદ્‌ગુણી રહેવું જોઈએ. હૃદયને, વર્તનને અને વિવેકબુદ્ધિને જરા પણ ડાઘ લાગે, એવાં સઘળાં કામ બંનેએ એક સરખી રીતે ત્યાગવાં જોઈએ. વિષની પેઠે તેવાં કામને તેમણે તજવાં જ જોઈએ; નહિ તો જો એકવાર તે વિષ ચૂસાયું, તો તે પૂરેપૂરૂં કદી પણ પાછું બહાર નીકળી શકતું નથી; પણ તેના પરમાણુ અંદરથી મનને કડવું વખ કરી મૂકે છે અને તે પછીના જીવનમાં થોડે યા ઘણે દરજ્જે કડવો એળીઓ ભળેલો રહે છે.”[૫૦]

સ્ત્રીઓનો સમાજમાં સનાતન ધર્મ શું છે ? તે વિશે તેમને જ્ઞાન આપવા માટે ‘સ્ત્રીઓનો સનાતન ધર્મ’ કાવ્યમાં સ્ત્રીના સનાતન ધર્મની સમજૂતી આપવામાં આવી છે.

"સખિ સહૂ સ્નેહથી સ્વામી સેવો રે,

સ્ત્રીનો ધર્મ સનાતન એવો .... સખિ

નળરાયે મુકી દમયંતી રે,

થોર વનમાં એકલી ભટકંતી રે,

તોએ નળનું તે નામ રટંતી .... સખિ

બાર વર્ષના બાળ સીતા જી રે,

તજી ભ્રાત માતાને પિતાજી રે,

રહ્યાં રામસંગે થઈ રાજી .... સખિ

જાુઠું મરણ પતિ કેરૂં જાણી રે,

સતી મદાલસા ગભરાણી રે,

તજ્યા પ્રાણ તરત સતી શાણી .... સખિ

ક્રૂર કોઢીઓ કૌશિક સ્વામી રે,

સેવ્યો સાચે મને શિરનામી રે;

જેથી નર્મદા મોક્ષને પામી .... સખિ

પતિ–નિંદા કીધી દક્ષ બાપે રે,

સુણી કોપ્યાં ઉમાજી ઉતાપે રે,

બળી મુઆં તુરત આપો આપે .... સખિ

એવી રીતે કરી પતિ–સેવા રે,

પામી સતીઓ પરમ સુખ મેવા રે,

મળે બીજા કશાથી ન એવા .... સખિ

જપ–તપ–તીરથ–વ્રત મોટાં રે,
ધર્મ, ધ્યાન ને દાન ન છોટાં રે;
સ્વામી–સેવા વિના સર્વ ખોટાં .... સખિ

પ્રભુ પેઠે સેવો નિજ પ્યારો રે,
સાચો ધર્મ છે એજ તમારો રે;
વેદ પુરાણે વર્ણ્યો છે સારો .... સખિ

સ્વામી સેવામાં આળસ નાણો રે,
એને દેવ સમાન પ્રમાણો રે;
ભલે હોય કુરૂપ કે કાણો .... સખિ

ચહો કલ્યાણ ચતુરાંજો ચિત્તે રે,
પ્રભુ પેઠે પૂજો પતિ પ્રીતે રે;
આપે શીખ કૂબેર એ રીતે .... સખિ."[૫૧]

સમાજમાં વિધવા સ્ત્રીને જેમ દુઃખનો સામનો કરવો પડે છે. તેવી જ રીતે વિધુર બનેલા પુરૂષને પણ કેટલાંક દર્દો સહન કરવાના થાય અને તે માટે તે વિલાપ કરે છે. તે વાત 'વિધુરનો વિલાપ' કાવ્યમાં દર્શાવ્યું છે. તે આપણે જોઈશું.

"દશા મારી થઈ શી આ વિધિએ ભાવતું કીધું;
ખજાનો માહરો લું ો, પ્રિયા–બુલબુલ હરી લીધું.
જગાવ્યો જ્યાં નહીં દીવો, બુઝાવ્યો ત્યાં તિમિર ઢોલ્યું;
મુખે જ્યાં જામમેં માં ો, અધરથી ત્યાં પ ું પ્યાલું.
મને દુનિઆ હવે છોડો, નહીં કો માર્ગને રોકો;
ઉદાસી અંતરે મારા, છવાઈ સૌ મને છોડો.

હતો જહેના વડે સાંધ્યો, સહુ સંબંધ મ્હેં આંહીં;
તુ  ો તે બંધ છે આજે, ફરી તે સાંધશો નાંહીં,
જીગર લાગ્યું જહાં મારૂં, સદા તે તો તહાં વ્હેશે;
વટી સો પર્વતો ખીણો, સરિતા અબ્ધિમાં વ્હેશે.
મ્હને લ્હેજત હવે શાની, રહી આંહી ત્હમે બોલો;
ગુમાવ્યું મેં જીગર મારૂં, પછી શાથી મજા બોલો.
સુણાવો ના મીઠા રાગો, મ્હને કોઈ હવે ભાઈ;
દુખી દિલને દિલાસામાં, રૂદન કરવા દિયો ભાઈ.
હસાવો ના હવે કોઈ, પિડા હાસ્યે મ્હને તો છે;
જીગર અંદર રહે બળતું, પછી હસવું નકામું છે.
ત્હમો સુખે હસો ભાઈ, તમારાં મુખ હસતાં હો;
હસાવોના મને કોઈ, મને રડવા છુટો મુકો.
ભલે સુકાઈ તો જાયે, હમારાં નેનનાં વારિ;
ભલે વારિ અભાવે તે, વહે શોણીતના વારિ.
નહીં તોયે તમે કોઈ, સુકાવા અશ્રુને આવો;
મ્હને લેવા હવે દેજો, અહીં છેલ્લો રૂદન—લાવો.
ભલેને નૂર ચશ્મોનું, હમારૂં આ ઘટી જાયે;
તિમિરમાં હું ઘસું છું તો, નયન ન્યારાં ભલે થાયે.
દલીલોથી દિલાસો કો, હવે મુને નહીં આપો;
પ્રિયાનું નામ જપવાને, મ્હને એકાન્ત લેવા દ્યો.
પ્રિયા એ છે છુટો કીધો, ત્હમો તો શીદને બાંધો,
તમારા ને હવે મારા, નથી સરખા રહ્યા રાગો.

પ્રિયાની ખાખને ચોળી લીધી છે મેં હવે ઝોળી;
જઈ જંગલ વિષે ક્યાંઈ, સમાધિ પ્રેમની સાંધું.
વડીલોને પ્રણામો છે, બીજાં સૌને દુવા મારી;
રહો સૌ સુખ શાન્તિમાં, મળો સૌને રૂચે તેવું."[૫૨]

સમાજમાં સ્ત્રીઓનો ધર્મ શું છે ? તેમની સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી શું છે ? તે વિશે 'સન્નારી ધર્મ' લેખમાં એક સજ્જન સ્ત્રી તરીકે તેમણે સમાજને વિકાસ તરફ લઈ જવા માટે પોતાનો ફાળો આપવાનો છે અને તે માટે તેના ધર્મ શું છે. તે આપણે જોઈશું.

"આપણે જન્મ્યા કે તે સાથે આપણો ધર્મ માતાના ઉદરમાંથી લખાવી આવ્યા છીએ અને તે ધર્મ સંસારમાં આપણી ફરજ છે.

હાલના વખતમાં મારી કેટલીક બહેનો અને માતાઓ પુત્રી જન્મી કે પથ્થરો આવ્યો એમ સમજે છે, પણ તેઓ તેની કિંમત સમજતા નથી, પણ બ્હેનો ! વિચારો કે એ તો જગત ઉત્પન્ન કરનારી વિધાત્રી છે અને ભારત માતાના રત્નો ઉપજાવનારી રત્નોની ખાણ છે માટે પુત્ર કે પુત્રી બંનેનું સરખું પાલન કરવું જોઈએ અને તેમને યોગ્ય શિક્ષણ આપવું જોઈએ. જો નાનપણથી તેને રમતો સાથે પદાર્થોની ઓળખાણ તથા એવી રમતો કે જેથી તેમના શરીરને નુકસાન ન થાય ને તેમનું શરીર બળવાન થાય તથા આનંદમાં રહે તેમ કરવા ધ્યાન આપવું તે આપણો ધર્મ છે.

ઉંમર વધતા તેને સ્વચ્છ અને નિયમીત કરવા માટે તેમના કપડા ક્યાં મુકવાં તથા કેમ પહેરવા અને તેને સ્વચ્છ કેમ રાખવાં તે તથા તેમના નાનાં અને વહાલાં રમકડાં ક્યાં મુકવા વગેરે નાનાં કામ સોંપવાં જોઈએ, ને તે પછી તેમની ઉંમરને યોગ્ય કહ્યાગરાં

અને નીતિશાળી બનાવવાં તે પણ માતાનું કામ છે. ઘણી માતાઓ પુત્રીઓને સાસરાને નામે ભડકતાં શીખવે છે; પરંતુ પુત્રીનું જીવન સાસરે જ છે તે વાત યાદ રાખી સાસુ સસરા વીગેરે વડીલોનો વિનય કેમ સાચવવો અને સાસરીઆ સાથે કેમ વર્તવું તે શીખવવું જોઈએ. તેમજ પતિ પ્રત્યેના પૂજ્ય કર્તવ્ય ધર્મ પણ તેનાથી અજાણ્યા રાખવાના નથી.

આપણી ચાર અવસ્થા બદલાય છે. બાલ, તરૂણ, પ્રૌઢ અને વૃદ્ધ. પ્રથમ બાલ્યા વસ્થામાં ઘણો વખત રમતમાં જાય છે, તેથી રમતમાં પણ શિક્ષિત માતાઓ બાળકને સારૂં જ્ઞાન આપી શકે છે. તે પછી બાળા બાળા મટી કન્યા થાય છે. તે ઉંમરમાં માતપિતાની ભક્તિ કરવી, ભ્રાતા ભગિની સાથે સંપ રાખવો, સર્વ સાથે હળી મળીને ચાલવું અને મિથ્યાભીમાન ન શીખવતાં સત્સંગમાં રહી સુશિક્ષણ પ્રાપ્ત કરાવવાનું છે. વળી આ ઉંમર દરમિયાન કન્યાનાં માત પીતાએ યોગ્ય પતિ શોધી દેવાનો છે.

લક્ષ્મીની લાલચે કન્યા–વિક્રય કે વૃદ્ધ–વિવાહ ન થવા જોઈએ કે લ્હાવો લેવાની લાલચે બાળ લગ્ન ન કરવા જોઈએ. વર કન્યા એક બીજાને યોગ્ય હોય તે જોડું સુખી થાય છે, તેમની પ્રજા પણ નીરોગી ને સારી ઉત્પન્ન થાય છે અને તેથી જગતનું હિત થાય છે. કન્યાને તરૂણ વયે સાસરે જવાનું હોય છે. એટલે ત્યારથી બાળા અને કન્યા જીવન પૂર્ણ થઈ ગૃહિણી જીવન શરૂ થાય છે. જેને ગૃહ–આણી તરીકેના ધર્મ શિક્ષણ ઉપર જ તેના આખા જીવનના સુખ દુઃખનો આધાર છે. અહીંથી મારાપણું પ્રાપ્ત થાય છે ને તેને જાળવવાની આવડત હોય તો જ તે જીવનની સાર્થકતા કરી શકે છે. પતીની આર્થીક સ્થીતીને અનુસરી સંતોષ તથા કરકસર અને જાત મહેનતથી ઘરનો કારભાર ચલાવવો એ ગૃહણી ધર્મ છે. પીયરની વાતોમાં કે પડોશણોની દેખા દેખીમાં કે શીખવણીમાં આ ધર્મ ચુકાવો ન જોઈએ તથા ઘરનું જીવન સુખી રાખવા ઘરકામ બનતાં સુધી હાથે કે જાતિ દેખરેખ નીચે સ્વચ્છતાથી થાય તે ખુબ ધ્યાન રાખવું જોઈએ.

નાની સરખી ઝુંપડી પણ વ્યવસ્થીત અને સ્વચ્છ હોય તો મોટા મહેલો કરતાં વિશેષ શોભાયમાન દેખાય છે. અનાજ–પાણી તથા પહેરવાનાં વસ્ત્રો અને બીછાનાં સ્વચ્છ રાખવાથી રોગનો ભય રહેતો નથી. વળી ફુરસદનો સમય આળસમાં ને ટાહ્યલામાં ન ગાળતાં કંઈ પણ ભરત શીવણ કે કંઈ હુન્નર કરીને કે કોઈનું હિત કરીને ગાળવો જોઈએ.

અસલના વખતમાં સ્ત્રીઓ પોતાના પહેરવાના વસ્ત્રોકાંતી અનાજ વીગેરે દળી જાત મહેનત કરી ખરચ બચાવતી હતી તેથી તેઓના શરીર પણ મજબુત રહેતા, હાથે કામ કરવાથી ખોરાક સારો ને સ્વચ્છ બને છે, વસ્ત્ર ટકાઉ બને છે, ખરચનો બચાવ થાય છે, ને શરીર કસાવાથી નીરોગી તેમજ મજબુત થાય છે. પોતાને બાળક હોય તો તેને છુટા રમવાની ટેવ પાડવી, પણ હઠ પર ચડાવી રડાવવા નહીં; પણ નીડર અને આનંદી રહે તેમ રાખવાં. નહિ તો બાળક નાનપણથી માંય કાંગલાં થતાં ભવિષ્યમાં તે નાદાન નીવડે છે. ઘરે નોકર ચાકર હોય તો તેના પર દેખરેખ રાખવી અને તેના ઉપર વિના કારણ શેઠાણીનો રૂઆબ ન બતાવતાં માયાથી કામ લેવું અને ખાસ કરીને ભોજન સામગ્રી તૈયાર કરી વડીલ વર્ગ અને પતીને સ્વહસ્તે પીરસવું ને બનતી મહેનત હાથે કરવી, કારણ કે કામ કર્યું તેણે કામણ કર્યું અને વિજય કર્યો તેણે વશીકરણ કર્યું એ સત્ય છે.

ઘણી શ્રીમંત માતાઓ બાળકને ધવરાતી નથી કેમકે તેથી તેને સુંદરતા ઘટી જવાનો કે યુવાની ખોવાઈ જવાનો ભય રહે છે. તેમ મોટાઈને તે શોભારૂપ લાગતું નથી. પણ બહેનો ! બાળકનું ખરૂં જીવન માતાનું દૂધ છે. તમારા દુધ વાટે પણ બાળકમાં તમારૂં કુળ, અભીમાન, ગૌરવ અને શક્તિ રેડાય છે. તો તે ઉત્તમ ગુણો તમે ભાડુતી ધાવોથી કેવી રીતે આપી શકશો ? બાળકને ધવરાવતાં પ્રફુલ હૃદય, અંતરનો ઉમળકો કે

માયાભરી સંભાળ શું ભાડુતી આયા રાખી શકશે ? માતા તે માતા જ છે, સો શીક્ષકની ગરજ એક માતાથી સરે છે. છેલ્લે પ્રૌઢ અવસ્થા થાય ત્યારે પોતાનો બનતો વખત ધર્મ માર્ગે વિશેષ કરીને રોકવો. પોતાનાં પુત્ર પુત્રીના યોગ્ય જોડા જોવાં અને તેમની આશીષ મેળવવી તથા શક્તિ પ્રમાણે દાન પુણ્ય કરવું પુત્રવધુ સાથે દીકરીને માતા સમાન વર્તન રાખવું એ સર્વે સન્નારીના મુખ્ય ધર્મો છે."[૫૩]

સમાજમાં વિધવા સ્ત્રીઓ પ્રત્યે આપણી ફરજો અદા કરવાની હોય છે. આપણાથી બનતી બધી જ કોશિશ કરી તેમને માટે આપણે શું કરી શકીએ, તે જોઈને તેને મદદ રૂપ થવાનો પ્રયત્ન કરવો જોઈએ અને સમાજમાં દાખલો બેસાળવો જોઈએ. તો આવી વિધવા સ્ત્રીઓ માટે આપણે 'વિધવાઓ માટે શું કરવું જોઈએ ?' લેખમાં વિચારો આપ્યા છે. તેને અનુસરીને સમાજ સુધારક કાર્યમાં આપણો સહયોગ આપીએ.

"આ સંસારમાં સર્વ પ્રાણીઓ કરતાં મનુષ્યનો દરજ્જો શ્રેષ્ઠ માનવામાં આવે છે. પણ તે તેના શ્રેષ્ઠ કામોને આભારી છે.

મનુષ્યો બે ભાગમાં વહેંચાયેલા છે. (૧) સ્ત્રી વર્ગ (૨) પુરૂષ વર્ગ. પુરૂષો કરતાં સ્ત્રી વર્ગ વિશેષ દીલસોજીને પાત્ર છે, તેના ઘણા કારણો છે. ધર્મ ક્ષેત્રમાં અગત્યનો ભાગ ભજવનારા મહાત્માઓ, સંસાર સુધારાના સુત્રધારો અને દેશની ઉન્નતિ કરનાર સ્વદેશાભિમાની નરરત્નોની ખાણ તે સ્ત્રી વર્ગનો ઉદર છે. તથાપિ સ્ત્રીઓએ જન્મથી મર્ણ પર્યંત પરતંત્ર જિંદગી ગુજારવાનું હોય છે. જ્યારે તે બાલ્યાવસ્થામાં તેને પતિની આજ્ઞા નીચે રહેવાનું છે અને વૃદ્ધાવસ્થામાં પુત્રની અથવા જે વડીલ વર્ગ હોય તેમની આજ્ઞામાં રહીને વર્તવાનું નીતિશાસ્ત્રોમાં કહેલું છે. સ્ત્રીઓમાં જે કોમલપણું છે તે જોતાં પરતંત્રતા તે એમને દુઃખ કર્તા નથી પરન્તુ સુખ કર્તા છે. પણ સર્વથી દુઃખદ જીવન સ્ત્રીના પ્રારબ્ધમાં ફક્ત વિધવા જીવન છે. સ્ત્રીનું વૈધવ્યપણું તે

એના ઉપર મહાનમાં મહાન અસહ્ય કષ્ટ છે કારણકે પતિ એ તેના રક્ષક ગણાય છે અને તે રક્ષક–પાળક પતિના વિયોગે સ્ત્રીના કોમળ હૃદય ઉપર એક નહિ રૂઝાય એવો વજ્રપાત–આઘાત થાય છે.

વિધવાઓનું તે અસહ્ય સંકટ અવલોકી દરેકને અનહદ દિલગીરી થાય છે. પરન્તુ માત્ર દિલગીરી બતાવીને સંતોષ પકડવો જોઈતો નથી. તેને પુરતો દિલાસો આપવાને તત્પર થવું જોઈએ. વળી તેની સાથે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે એ દીલાસો શુષ્ક અને નામ માત્રનો હોવો જોઈએ નહિ; પણ માયાળુપણે તેમનું ભલું કરવાને ઉપયોગી થઈ પડે એવો હોવો જોઈએ.

મનુષ્યોએ અસ્તોદયના નિયમને હમેશાં યાદ રાખવો જોઈએ કે ચડતી અને પડતી જગતમાં સર્વને માટે ઘટમાળની પેઠે ચાલતી જ રહે છે. એક વખતે જ્યાં મોટાં શહેરો હતાં ત્યાં આજે ઉજડ જંગલ છે. એક વખતે જે મકાનમાં અનેક પ્રકારની સમૃદ્ધિ ભરેલી હતી ત્યાં આજે ભયંકર વેરાન છે. ઉદય અને અસ્તના નિયમ પ્રમાણે મનુષ્યોના સુખ દુઃખ પણ તેવાં જ સમજી લેવાં જોઈએ અને જ્યારે આપણે સુખી હોઈએ ત્યારે ઉન્મત્ત ન થતાં દુઃખ માણસોની સંભાળ લેવી જોઈએ અને નિરંતર ચેતતાં રહેવું જોઈએ કે હું પણ એક વખતે દુઃખની ઝાડીઓમાં ફસાવવાનો છું; કારણ કાળ ચક્ર માથે ભમ્યા કરે છે, ને તેનો તેજ સ્વભાવ છે કે નવાનું જાુનું કરવું અને જાુનાનું નવું કરવું.

અમેરિકામાં એક કરોડ પતિએ માબાપ વિનાના છોકરાઓ માટે અનાથ–આશ્રમ સ્થાપ્યું હતું; પરન્તુ કાળચક્ર ફરતાં તેના જ પુત્રને અનહદ દુઃખ પડતાં તે અનાથ–આશ્રમ તેના સુખનું સાધન થઈ પ ું હતું. તેજ પ્રમાણે વિધવા સ્ત્રીનું જોઈ સ્ત્રી–પુરૂષોએ તેમને આશ્વાસન આપવાને પુરતો બંદોબસ્ત કરવો જોઈએ."[૫૪]

❖ **'સ્ત્રી સુખ દર્પણ'માં પ્રકાશિત થયેલા સાંસ્કૃતિક લેખો :**

"હિંદુસ્તાનમાં સંયુક્ત કુટુંબ ભાવના એ આપણી સંસ્કૃતિ છે. આપણી સંસ્કૃતિમાં કુટુંબ ભાવનાને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. દરેક કુટુંબના સભ્ય હળીમળીને એકતાથી નાના–મોટા સૌનો આદર કરે છે. એકબીજાને કામમાં મદદરૂપ થાય છે, અને એક સાથે રહે છે, અને આનંદ મેળવે છે. આવી જ આપણી સંસ્કૃતિને ઉજાગર કરતો લેખ 'હીંદુ જીવનના કેટલાક દશ્યો' લેખમાં કુટુંબ ભાવનાનું વર્ણન કરવામાં આવ્યું છે.

"હીંદુ સંયુક્ત કુટુંબનું બંધારણ ઘણા જમાનાથી હીંદમાં ઉતરી આવ્યું છે અને તેનો હજી પણ અમલ ચાલે છે. સંયુક્ત કુટુંબ એ આ જમાનાની કો–ઓપરેટીવ કોર્પોરેશનનું કામ બજાવે છે. કુટુંબનો વૃદ્ધ પુરુષ અને તેની ગેરહાજરીમાં વૃદ્ધ સ્ત્રી એ અમારી કોર્પોરેશનનો પ્રમુખ હોય છે. કુટુંબની દરેક સશક્ત વ્યક્તી પોતાની શક્તિ અને કમાઈનો ફાળો સામાન્ય હિત માટે સોંપે છે અને તે વડે અશક્ત, વિધવા અને અનાથો વગેરેનું રક્ષણ થાય છે. સઘળાઓને એક સરખો ન્યાય મળે છે, કેમકે નહીં તો કુટુંબ વીભક્ત થઈ જાય. નજીક અને દૂરના કુટુંબીઓ વચ્ચે ભાઈ–બ્હેન તરીકેનો એવો ગાઢ સંબંધ અને સ્નેહ હોય છે કે જેથી સર્વેને એક સરખો ન્યાય આપવાનું કામ મુશ્કેલ થતું નથી.

આ ઉપરાંત હિંદુ જીવન બહુ સાદું હોય છે. જીવનની જરૂરિયાતો બહુ થોડી હોય છે. ઘણાઓ વચ્ચે એક વસ્તુ હોય તો તેથી અમે ચલાવી શકીએ છીએ અને કેટલીક કીમતી વસ્તુઓમાં તો તેમજ કરીએ છીએ.

જ્યારે આ સંયુક્ત કુટુંબો અત્યંત વિશાળ થાય છે ત્યારે જ તે જુદું પડે છે અને આ પ્રમાણે એક જ વંશના ઘણે વખતે જુદા પડેલા કુટુંબોથી જ કેટલાક ગામડાઓ વસાયેલા છે. આ બધાની વ્યવસ્થા સ્નેહ અને આજ્ઞાંકીતપણા ઉપર ચાલે છે. એક હિંદુ યુવાન પોતાના પિતાને દેવ સમાન ગણે છે અને શુભ કામે નીકળતાં પિતાના આશીર્વાદ મેળવીને જ જાય છે. પિતાની આટલી સત્તા હોવા છતાં તે પોતાના પુત્રને સોળ વર્ષની ઉમર પછી મિત્ર તરીકે ગણે છે. પિતા સિવાય કુટુંબના અન્ય વડીલોનું પણ ઘણું જ માન જાળવવામાં આવે છે.

રામના વનવાસ વખતે ભરતે વડીલ ભાઈનું જે માન જાળવ્યું છે તે કોઈ હિંદુને કહેવું પડે તેવું નથી. માતા પ્રત્યેનો પૂજ્ય ભાવ તો અવર્ણનીય છે. શીવ પણ કાલી માતાને ચરણે પ ા હતા. માતા પ્રત્યેના ઋણની તો એક જાણવાજોગ કથા છે. કાશી એ હિંદુઓનું પવિત્રમાં પવિત્ર ધામ છે. એક આજ્ઞાંક્તિ પુત્રે પોતાની માતાના સ્મારક માટે ત્યાં દેવળો બંધાવ્યાં અને કહ્યું કે, 'માતા, આપના પ્રત્યેનું ઋણ મેં પતાવ્યું છે.' બસ ! શબ્દોની સાથે જ દેવળો નમવા લાગ્યાં. તે પુત્ર પોતાની ભુલ જોઈ તરત જ બોલી ઉઠ્યો, 'માતા, હું પાપી છું. આપનું ઋણ પતાવવાનો વિચાર પણ કેમ સંભવે !' દેવળો ત્યાં જ સ્થંભી ગયાં. બનારસના દેવળો તે એજ યુવાને બંધાવેલાં દેવળો છે, એમ મનાય છે. આ કથા હિંદુઓની માતૃભક્તિનો પાઠ શીખવે છે. આ સિવાય સારા માઠા પ્રસંગો એ સર્વને સરખો જ હર્ષ શોક થાય છે. લગ્ન વખતે સર્વે સરખો આનંદ ભોગવે છે, મરણ જેવે વખતે પણ સર્વેને એટલી જ ગ્લાની થાય છે."[૫૫]

## ૫.૪ રાજકોટથી પ્રકાશિત થતાં સમાચારપત્રો :

### [૧] ‘વિજ્ઞાન–વિલાસ’ (૧૮૬૮) :

‘વિજ્ઞાન–વિલાસ’નો એપ્રિલ–૧૮૬૮માં પ્રથમ અંક પ્રગટ થયો હતો. તે રાજકોટથી વિદ્યાગુણ પ્રકાશક સભાએ પ્રગટ કર્યો હતો. તેના પ્રથમ પૃષ્ઠ પર તેના વિશે એક દોહરો છાપવામાં આવતો હતો, જે નીચે મુજબ છે :

“વિવિધ જ્ઞાનમાં નિત રમી, પૂરો મનની આશ;
એ આશિષ દે ઉર થકી, બાળ વિજ્ઞાન વિલાસ.”

એ સભાના લોકોનું માનવું હતું કે તાલુકદાર અથવા ખાનગી પુરુષની નિંદા ન કરતાં દેશ સુધારાની તથા વિદ્યા વધારાની કોઈ બાબતમાં અમે પાછળ રહીશું નહિ. એ ધ્યેય સાથે તેની મહત્તા દર્શાવતો દોહરો આપણે જોઈશું :

“વિદ્યા વિવિધ વિનોદથી, વધે બધે શુવાસ,
જ્ઞાન રમણ રીતી રચી, લે વિજ્ઞાન વિલાસ.
મટે વેહેમ વિદ્યા વધે, ઘટે કપટ કુવાસ,
ધીર ધરી દિન પ્રત પઠે, જો વિજ્ઞાન વિલાસ.
ભ્રમ ભાંજી મનમાં જશે, કરશે શુદ્ધ ઉજાસ,
ભરશે સુખદુઃખ વામશે, આ વિજ્ઞાન વિલાસ.
હરશે વ્યાધિ વેહેમના, કરશે હિએ હુલાસ,
હિંમત હામ વધારશે, આ વિજ્ઞાન વિલાસ.”[૫૬]

❖ **'વિજ્ઞાન–વિલાસ'માં પ્રકાશિત થયેલા સામાજિ લેખો :**

આપણા સમાજમાં કંજૂસ લોકો પોતાની પાસેના ધનનો સંગ્રહ સતત કરતા રહે છે. નથી તેઓ પોતાના માટે ઉપયોગમાં લેતા કે નથી સમાજના કાર્ય માટે ઉપયોગી બનતા. તેઓ આપણી પૃથ્વી પર ભાર સમાન ગણાય છે. તેમનો જન્મારો નકામો થઈ પડે છે. તો આવા કંજૂસ (કૃપણ) માણસોને પોતાની પાસે રહેલી સંપત્તિનો સારો ઉપયોગ કરવા માટે સમજાવવા સારું આ 'કૃપણ' કાવ્ય લખવામાં આવ્યું છે. કંજૂસ લોકો કેવા પોતાના જીવનમાં ભારરૂપ છે, તે આપણે કવિના શબ્દોમાં જોઈશું :

"કૃપણ ક્રૂર કુસંગી કહીએ, કાયા કષ્ટી કર્મ કરે;
મળે માલ તે ગળે ઝાલતો, આખરમાં અથડાઈ મરે.
નીચ કરમનો કરનારો નહીં, તરનારો મરનાર ખરે;
હાથે ખરચે નહીં જે જાતે, સાથે ખરચી શું સંગરે.
દુનીયાદારી થઈ ખુવારી, નાતજાત બદનામી ધારી;
કુટુંબ કલેશ શોકાતુર નારી, લક્ષ્મિ એક તણી જ લવારી.
ટાનો સેહેતો છાનો રહીને, જાણી જાુતી ખાય જરે;
કૃપણ ક્રૂર કુસંગી કહીએ, કાયા કષ્ટી કર્મ કરે.
કંચન કારણ ભટકે કંઈ એક, સંચન અર્થે શ્રમ કરતા;
રૂધીર ધારા વેહ તનમાં પણ, સુવર્ણ સોધન આચરતા.
આખિ રાતના કરે ઉજાગરા, દિવસે વિરામ નહીં ધરતા;
એ સઘળું શું કરવા સેહેવું, ફાંફાં શાં મારે ફરતા.
ખોદી માટી કાઢી ખાડો, સુદ્ધ કરી દૈ અગ્નિ આડો;
સુરખ મગન અતીશે પમા ો, જાણી દેવ તુલ થયો જાડો.

કરે નમન ઢીંચણ સમ થઈને, આતો અચરત ચીજ અરે;
કૃપણ ક્રૂર કુસંગી કહીએ, કાયા કષ્ટી કર્મ કરે.
રંક રાય શ્રિમંત ને છોટા, સુવર્ણતણી સ્તુતી સાધે;
માતા કંચન કેરે મંદીર, ફરતા વણપતો લાધે.
બળીદાન વળીશાન નહીં તે, આપે બોજો લેઈ ખાંધે;
દરશનથી પરશન નહીં માટે, સંકટ વેઠી આરાધે.
સુખ, શાંતી, સત, આકીન સારાં, નેકી મૈત્રી શું અંતર પ્યારાં;
દયા, ધરમ, જગ જશ દેનારા, જન પ્રીતી દુખ ભંજન આરા.
એ આદી અનેક વસ્તુનો, ભોગ કર્યો કંચન પતરે;
કૃપણ ક્રૂર કુસંગી કહીએ, કાયા કષ્ટી કર્મ કરે.
ઘાણવાળી આ સદ્‌ગુણ સઘળા, અટક્યા નહીં આગળ ચાલ્યા;
દેવી કંચન લાવી ઘરમાં, રળવા અધીક બળી ઝાલ્યા.
ગેમારપણાની લેહેરે જણાવી, મુર્ખ તણી મોજો માહાલ્યા;
અનંત સુખની આશા છોડી, સ્વાર્પણ કરતા નવ ખાળ્યા.
સુવર્ણ એક સંઘરવા સઘળું, પીધેળ થઈ ભરે પાપી પગલું;
મન ક્ષણભંગુર આણંદ વળગ્યું, સનેપાત સાધ્યાથી ગગલું.
કંચન કાપે કાચ થઈને, કાળભડું દુઃખ દરીઓ ઝરે;
કૃપણ ક્રૂર કુસંગી કહીએ, કાયા કષ્ટી કર્મ કરે.
મોજ શોખ મસ્તી કરવાને, કંઈક દમાકો દુનીઆના;
કંઈક વખાણ વધારે શોભા, ભભકો કિરતી લેવાના.
મતલબ એ મીથ્યામાની, પીત કંચન શેવ કરે શાણા;
આખર એની ધુળ બની, એ આવ્યા તેવા જાવાનાં.

બેવકુબી એથી છે બોહોલી, મીંચી આંખો, અંધી ચોળી;
સેતાન પણ સંગ્રે નહીં ખોળી, હદબાહાર કરી હઈયા હોળી.
મખીચુસ થઈ મસ્ત વર્યા, એ કંચન કામની આપ ધરે;
કૃપણ ક્રૂર કુસંગી કહીએ, કાયા કષ્ટી કર્મ કરે.
કમબખ્ત એ કંજુસ કહીએ, કહેનારૂં નહીં કોઈ પાસે;
આડે રસ્તે અથડાતો જઈ, બંધાયો એ બલા ફાંસે.
રાત સમે સૌ સજ્જન માણસ, નીદ્રાવસ આપે થાશે;
એવી વખતે એ હીણ ભાગી, દ્રવ્ય ધ્યાન ધરી ગુણ ગાશે.
રૂધીર વીનાની ત્વચા પીછાનો, માંસ વગર ના શારી જાણો;
ચીથરેહાલ થઈ બેઠો છાનો, બેઠો છે જ્યાં નીજ બજાનો.
નથી શરમને લાજ તેમ નહીં, સુખ શાતા હઈયામાં અરે;
કૃપણ ક્રૂર કુસંગી કહીએ, કાયા કષ્ટી કર્મ કરે.
દુખ દોલત દાટી જ્યાં પોતે, ભૂતણી પેઠે ભમતો;
અબોલ એ પણ વીચારે એથી, કુતર્કોથિ તન દમતો.
ધાસ્તી રાત દીવસ ધન જાવા, જેથી ખેદ અતી ખમતો;
રાત સમે ઓ ચોર આવ્યો, એમ ચમક રોગમાં રહે રમતો.
વૃદ્ધ થયો તેમ વેદના વ્યાપી, હાથ પગ સર્વાંગે પાપી;
દોલત દવ સમ્યો ન કદાપી, મગન થઈ લે કંચનમાપી.
માટી પીલી વીના ન બીજું, તો પણ તેનું ધ્યાન ધરે;
કૃપણ ક્રૂર કુસંગી કહીએ, કાયા કષ્ટી કર્મ કરે.
પરમ કૃપાળુ પરમેશ્વરથી, પૃથ્વી પર પરમાણ થયા;
જન ભોગવતા જે જીંદગાની, દેવતણી જો હોય દયા.

એ સૌ જનમાં અતી નીચ ને, માયા લબ્ધ અધમ જે કહ્યા;
આ દુનીઆમાં અંધ બન્યા તે, અનંત સુખ સમુળાં ગયાં.
એવા માહા પાપોમાં પુરો, કૃપણ મનુષ્ય છે સૌથી બુરો;
સોનું સાચવવામાં શુરો, અખુટમાં એ એક અધુરો.
નર્ક કરે અનાદર માતાં, ભુમી ફોકટ ભાર ભરે;
કૃપણ ક્રૂર કુસંગી કહીએ, કાયા કષ્ટી કર્મ કરે."[૫૭]

સમાજમાં ઘણા લોકો લોભી હોય છે. તેઓ પોતાની આ વૃત્તિને છોડી શકતા નથી. તો આવા લોકોને લોભથી કેવા ગેરફાયદા થાય છે, તે 'લોભ' નામના લેખમાં દર્શાવવામાં આવ્યું છે.

"લોભ એ અતિ પાપનું મુળ છે. લોભ એ માણસને આંધળું ભીત કરી નાખે છે. જેમ એક પતંગીયું સુખ શોધતું દીવામાની મઝા લેવાને લોભે અંતે મોતને તાબે થાય છે તેમ છતાં પણ બીજાં પતંગીયાં એ સુખનો લાવો લેવા આવે છે. પોતાના સોબતીઓને ઉપર પ્રમાણે વીતેલું એ દિલમાં રાખતું નથી. આજ મીસાલે આપણે મનુષ્યની સ્થિતિ જોઈએ છીએ.

પોતાના સોબતીઓને લોભ આગળ પોતાની માલ મિલકત ખોઈ દેતા નજરે જુએ છે. તેઓની ખરાબી થયેલી જોઈ પોતે પસ્તાવામાં સામેલ થાય છે; પરંતુ પતંગીયાંની મીસાલે તેઓ પોતાનો લોભ જેમાંથી તેમનું ધારેલું સુખ મળવાની તેઓ વક્કી રાખે છે, જે પાછળ આંધળા ભીત થઈ લાગ્યા રેહે છે, અને અંતે પોતાના ધારેલા સુખમાંથી પોતે જ પાયમાલ થાય છે. અને પોતાની પૂર્વસ્થિતિમાં પાછું આવવાને મોટી મુશ્કેલી પડે છે."[૫૮]

આપણા સમાજમાં સ્ત્રી અને પુરુષ વચ્ચે કેવો ભેદ રાખવામાં આવે છે. તે અહીં આપણે જોશું. પુત્ર જન્મ વખતે તેમની સ્થિતિ કેવી હોય છે ? અને જો કોઈ સ્ત્રી પુત્રીને જન્મ આપે ત્યારે તેની કેવી સ્થિતિ હોય છે ? તે નીચેના દોહરા પરથી સમજાય છે :

"પુત્ર પ્રસવ જો નીપજે, ॥ પોછાડે સેજાય
લબાસ પેહેરે રેશમી ॥ મણિમય રમતો જાય ॥૧॥
રૂપ છે તેનું રાય સમ ॥ શાહાજાદો તે શોય ॥
ઘર તણો માલીક ખરો ॥ રાજા ઘરનો હોય ॥૨॥"

એ જ રીતે સ્ત્રીઓની તુચ્છ હાલત વિશે નીચેનો દોહરો જોઈએ.

"પુત્રી પ્રગટે પાપણી ॥ ભુમી નામે નાર ॥
ડોટીના વસ્ત્રો ધરે ॥ નળીએ રમતી સાર ॥૧॥
સાર અસાર ન જાણવું ॥ ઘર ધંધાનો બોજ ॥
રાંધી સીંધિ રાજી કરે ॥ પિતા પતિને રોજ ॥૨॥"[૫૯]

એ સમયમાં વિધવાનો પુનર્વિવાહ કરવો એ પાપ ગણાતું અને સમાજ પણ એનો વિરોધ કરતો હતો. તે છતાં ઘણા લોકો એ સમયે સુધારાવાદી હતા. તેઓ સમાજમાં ચાલતી આવી કુરૂઢિઓને નાબૂદ કરવાના પ્રયત્ન કરતા હતા. તેમાં 'વિધવા પુનર્વિવાહ વિશે એક મિત્રના અસરકારક વિચાર' લેખમાં એક મિત્રએ વિધવાએ પણ પુનર્વિવાહ કરીને પોતાનું જીવન સુધારવું જોઈએ એ વિષય પર પોતાનો વિચાર વ્યક્ત કર્યો અને તેને સમાજના સુધારકોએ આવકાર્યા પણ ખરા જે નીચે મુજબ છે :

"વિધવા પુનર્વિવાહ વિશે વિવાદ ચલાવવો એ જરૂરનું છે. તે ઉપર આપણે આપણું સંપૂર્ણ ધ્યાન આપવું જોઈએ. એના અટકાવથી હિંદુસ્થાનની લંબાઈ પોહોળાઈ

લોહીથી રંગાઈ છે, અને અગણિત ઘર શોક અને પોકારથી ભરાઈ ગયાં છે. ઊંચા કુળની પુષ્કળ વિધવાઓએ, કુટુંબોના તીક્ષણ ભાલાનો માર સહન ન થયાથી આત્મઘાતનાં ભયંકર કર્મ કર્યા છે. અને પોતાનાં પાપી કામ છાના રાખવાને તથા મા–બાપને લાગેલી કાળી ટીલી મટાડવાને પોતાનાં બાળકને મારી નાખ્યાં છે.

આપણી કેળવણી અને સુધારા સાથે વિધવાઓનાં દુઃખ અને તેમની અપેક્ષા ઉપર આપણે બેહેરા કાન કરીએ એ અજાયેબ જેવું છે. સ્વાદિષ્ટ ભોજન ન ખાવાની તેમને મનાઈ છે, ઉમદા પોશાક પેહેરવાની બંધી છે, અને સ્વાભાવિક ખુબ સુરતી, જે વડે અદૃશ્ય પરમાત્મા પોતાનું પ્રબળ અને મહિમા દેખાડે છે. તે ભોગવવાનો તેમને નિષેધ છે. એટલું શા વાસ્તે ? માત્ર કામદેવના મોહ પમાડે એવા બળથી લલચાય નહીં માટે. કારણ અને વાજબીપણું જોયા વગર વિધવાના લગ્નમાં શા વાસ્તે અટકાવ નાખવો અને તેમને સઘળા પ્રકારની લાલચોથી બચાવવાને, માણસ જાતના ઉપભોગને અર્થે પરમેશ્વરે ઉદારપણે જે સુખ આપ્યાં છે. તેની તેમને શા વાસ્તે મન કરવી, એ વાતનો ખુલાસો થઈ શકતો નથી.

માણસ આ સૃષ્ટિમાં ધણીપણું પામીને પોતાની સત્તાનો ખરાબ ઉપયોગ કરે એ તેમને શરમની વાત છે. સ્ત્રીઓના વાજબી હક ખુંચી લેવામાં પોતાનું બળ બતાવવું એ તેમને અયોગ્ય છે. આપણે પણ એકલ પેટા છીએ અને બીજાના દુઃખની દરકાર કરતા નથી એવું લાંબી મુદતથી આપણે દુનિયાને દેખા ું છે. આપણી સંસારી રીતભાતમાં એક એવું અંધેર ચાલે છે કે તે સુધરેલા લોકોને સમજવું કઠણ પડે છે. તે એ છે કે દરેક બાબત પુરૂષને વગ પડતી બનાવી છે. અને સ્ત્રીઓનાં દુઃખ અને હેરાનગતી કાંઈ ગણતરીમાં લીધાં નથી. સાફ અને ચળકતા અક્ષરથી શાસ્ત્ર દેખાડે છે કે વિધવાનું પુનર્લગ્ન કાયદા

પ્રમાણે હકદાર છે, પણ વિચારતાં ત્રાસદાયક અને ચાલતાં નીર્દય એવા ચાલ અમલના રૂષિઓનાં પવિત્ર ધર્મ પુસ્તક કર્તાં વધારે પૂજાય છે. જ્ઞાનનો ફેલાવો કરવાનાં આપણાં સઘળાં કામ અને આપણા સુધારાની મગરૂબી ભરેલી હીલચાલ ચાલુ છતાં સ્ત્રી જાત તરફની બેપરવાઈનો ઠપકો આપણે માથેથી કાઢી નાખવાને આપણે પરાભવ પામ્યા છીએ.

એમ છતાં બ્રાહ્મણોની મેહેનતથી વિધવા પુનર્લગ્નના વિસ્તાર સંબંધી કાંઈ થયું છે, પણ તે ઘણું થોડું છે. બધાં થઈને સોએ લગ્ન થયાં નથી, અને એટલાં એક દરીઆ આગળ ટીપાની બરોબર છે. વિધવાથી જે પાપો થાય છે તેના ભારથી હિંદુસ્થાન શોકના પોકાર મારે છે, અને તે પાપમાં આપણે પૂરા ભાગીદાર છીએ. જે જે આત્મઘાત અને બાળહત્યાઓ થાય છે. તેના પાપનો ભાર ખરેખરૂં કહીએ તો આપણી ખાંધ ઉપર છે. આપણે વિચાર શક્તિવાળા પ્રાણી છીએ તેથી આ અઘોર પાપનો આપણે જવાબ દેવો પડશે, કેમકે તે આપણી બેપરવાઈ અને અનાદર બુદ્ધિનું પરિણામ છે.

વિધવાઓ ઉપર અન્યાય થાય છે. એવી આપણી ખાતરી થઈ છે. આપણે તેમનાં દુઃખ અને હેરાનગતિ જાણીએ છીએ. કેળવણી અને સુધારા વિશે આપણે મગરૂબ છીએ, એમ છતાં વિધવાઓનાં શોક કાન તળે કાઢી નાખીએ અને હમેશની માફક લાગણી કઠોર કરી રાખીએ એમાં આપણે નીચુ જોવાનું છે. શાસ્ત્રથી અને સાધારણ બુદ્ધિથી વિધવા પુનર્વિવાહની જરૂર સ્પષ્ટ સમજાય છે. જે દુષ્ટ ચાલને આંખ મીચીને વળગી રહીએ છીએ તે જ માત્ર આપણી પાસે મૂર્ખાઈનાં કામ કરાવે છે, માટે પ્યારા મિત્રો, ચાલો આપણે અઘોર નિદ્રામાંથી ઉઠીએ અને દયાનાં કામ કરવાને સાવધ થઈએ."[૬૦]

સમાજમાં વ્યક્તિના મૃત્યુ પછી તેમને અંતિમ સંસ્કારની વિધિ દ્વારા મૃતદેહનો નિકાલ કરવામાં આવે છે. પરંતુ જુદા જુદા જ્ઞાતિમાં તેમજ દેશમાં તેમને અલગ અલગ રીતે કરવામાં આવે છે, તે 'દહનક્રિયા' નામના લેખમાં વર્ણવી છે. તે જોઈશું.

"માણસના શરીરમાંથી ચૈતન્ય રૂપ અમર આત્મા ગુમ થયા પછી નિર્જીવ ખોળીઆને કેમ ગતે ઘાલવું તેને માટે અસલથી જાુદી જાુદી રીતિઓ જાુદા જાુદા લોકોમાં ચાલી આવી છે. મીશરની પૂરાતન ને નામીચી પ્રજા પોતાનાં પ્રિય સગાંવહાલાનાં મુડદાં જેમ બને તેમ લાંબી મુદત સુધી જળવાઈ રહે એટલા માટે તેમાં અનેક તરેહના સુગંધીવાળા પદાર્થો ભરીને તેમને પર્વતોની અંદર ગુફાઓ કોતરાવીને અથવા મોટાં ભવ્યને અદ્‌ભુત પિરામિડ જેવાં મકાનો બંધાવીને તેમાં સાવચેતીથી રાખી મુકતી. એ પ્રજા નાશ પામ્યાને હજારો વર્ષ વીતી ગયાં તથાપિ હજી ઈજીપ્તના કોઈ કોઈ ઠેકાણે સચવાઈ રહેલાં મુડદાં જેવાં ને તેવાં હાથ લાગે છે. તે ઉપરથી એ પ્રજાનો ઇતિહાસ, રીતભાત, કળા–કૌશલ્ય અને મુડદાં સાચવી રાખવાની ચમત્કારી યુક્તિ અસલી ઇતિહાસના શોધકોને અજાયબીમાં નાખી દે છે. મુસલમાનો, અંગ્રેજો અને બીજી ઘણી પ્રજાઓમાં મુડદાંને જમીનની અંદર દફનાવવાનો રીવાજ ચાલે છે.

આપણે હિંદુલોકો માણસ મરી ગયું કે તેના શબને ઉતાવળે સ્મશાનમાં લઈ જઈ, અગ્નિથી બાળી નાખવાની ઘાતકી ક્રિયાને હવાલે કરી પોહોર બે પોહોરમાં તે હતું નહોતું કરી નાખીએ છીએ. આ બાબતમાં પારશી લોકોનો ચાલ ઓર જ છે, એટલે તેઓ મુસલમાન અંગ્રેજોની પેઠે મુડદાને ભોંયમાં ભંડાર્યાને બદલે કે હિંદુઓની પેઠે તેને અગ્નિને હવાલે કર્યાને બદલે, તેઓ મરનારની લાસને સૂર્યદાહ આપી મુડદાના નકામા માંસનો ગીધ ગર્જણ આદિ પક્ષીઓને લાભ આપી તેમને તૃપ્ત કરે છે.

ટિબેટના લોકો મુડદા ઉપર એટલું બધું ઘાતકીપણું બનાવી શકે છે કે તેઓ પોતાને હાથે તેના કટકા કરી પર્વતની ઊંચી ટેકરીઓ પર ફેંકી દે છે, જ્યાં તે કુતરા ગીધ આદિ પ્રાણીઓના ઉપયોગમાં આવે છે.

એક કરતાં બે દાહ દેવા વધારે પવિત્ર, અને તેથી માણસનું શેકાએલું માંસ કાચબા મગર આદિ જળચર પ્રાણીઓને અર્થ આવે તે માટે હિંદુસ્તાનમાં કેટલેક ઠેકાણે મડદાને અરધુ બાળ્યું ન બાળ્યું કરી તેને નદીની અંદર ધકેલી મુકવામાં આવે છે. કેટલાક વર્ષ ઉપર ગંગા જમના જેવી પવિત્ર નદિઓમાં માણસની લાસને એકલો જળદાહ જ કરવામાં આવતો અને તે કરવાની રીત એવી ઘાતકી હતી કે ઘણીવાર બિચારાં મરવા પડેલાં માણસોમાં થોડો ઘણો જીવ છતાં પણ તેને નદીના પૂરમાં ધરેલી મૂકતા.

મુડદાં ગત ઘાલવાની આ જુદી જુદી રીતો જુદા જુદા કારણથી ને ધર્મના જુદા જુદા વિચારોથી ઉત્પન્ન થએલી જણાય છે. થોડીવાર પહેલાં મરનારના હૃદયમાં જ્યારે તેનો અમર આત્મા રમતો હતો, ત્યારે તેના શરીરને રખેને કાંઈ ખૂંચશે એમ જાણી તેનાં સગાં વહાલાં તેની પથારીને માટે ખૂબ સાવચેતી બતાવતા, તેના ખાવા પીવાને માટે બહુ સંભાળથી રસોઈ કરતાં, તેની આસપાસ સઘળાં વિંટળાઈ વળીને તેની સઘળે પ્રકારે જોઈએ તેવી બરદાશ લેતાં, અને તેની બીમારીથી બધાને બેચેની ને અફસોસ લાગતાં. તે જ સગાં વહાલાં ઘડી બે ઘડીમાં મરનારના રામ રમી જતાં, તેના દયામણાને નાજુક ચેહેરા પર કોઈ પણ જાતનું ઘાતકીપણું બતાવવાની હિંમત ધરે એ અસ્વાભાવિક લાગે છે. આવા પ્રેમની ખાતર જ ઈજીપ્તના અસલી લોકોમાં મુડદાં જાળવી રાખવાની અને મુસલમાન આદિમાં તેમને જમીનની અંદર દફનાવવાની રીતિ પડી હશે, અને આવા પ્રેમની ખાતર જ પોતાના પ્રાણનાથના મુડદાને ખોળામાં લઈ ખુશીની સાથે જીવતે બળી મરવાનું પ્રેમી ને શૂરી રજપૂતાણીઓએ મૂળે દુરસ્ત ધાર્યુ હશે.”[૬૧]

આપણા દેશના લોકો આળસુ થઈ રહ્યા છે. તેના કારણો બતાવતું કાવ્ય 'દેશીઓ આળસુ કેમ થઈ રહ્યા છો ?' નીચે મુજબ છે :

"સહુ સ્વદેશિઓ, સ્વસ્થ થૈ સુણો, ખચિત ખોળતાં ખોટથી ખુણો;
અધિક માનિલ્યો, અલ્પ વીનતી, ક્યમ બની રહ્યા, આળસુ અતી.
ભરતખંડ આ ભવ્ય ભાસતો, બહુ પ્રદેશમાં તે પ્રકાશતો;
અરર આજ તો રંક રંકથી, ક્યમ બની રહ્યા આળસુ અતી.
છત નિશાનથી શ્રેષ્ઠ છાજતો, વિવિધ હુન્નરે જે વિરાજતો;
કિરતિ આજ તે અસ્ત પામતી, ક્યમ બની રહ્યા આળસુ હતી.
સફળ શાસ્ત્રનો શોધ જાણતો, અફળ આબરૂ મોજ માણતો;
વિકળમાં ખપ્યો દેશિ વાંકથી, ક્યમ બની.
પડિ પ્રદેશિને, હાથ બાપડો, ઘણ વડે ઘણા કાળથી ઘ ો;
અધિક લાગતી આગ ઓચિંતી, ક્યમ બની.
કનક કોટ તે લોહમાં લખ્યો, મણી અમૂલ્ય છે, છારમાં છપ્યો;
વિપત વેદના જાય છે વધી, ક્યમ બની રહ્યા આળસુ અતી.
ક્યમ સ્વદેશિઓ ભાન ગ્યા ભૂલી, વસ્તમાં ગઈ ગાય તો ડુબી;
ગિરવિ ક્યાં મુક્યાં જ્ઞાન ને ગતી ? ક્યમ બની."[૬૨]

આપણા રૂઢિચુસ્ત સમાજમાં પરસ્ત્રીનો સંગ કરવો એ મોટામાં મોટું પાપ ગણાય છે. જે વ્યક્તિ એ પાપ કર્મ કરે છે તેને જીવનમાં કેટકેટલું ભોગવવું પડે છે. તે અહીં 'પરસ્ત્રીનો સંગ ન કરવા વિશે' કાવ્યમાં તેની કેવી કેવી પરિસ્થિતિ થાય છે. તેનું વર્ણન નીચેના કાવ્યમાં જોવા મળે છે. તે આપણે જોઈશું.

"दुर्गुण में दुर्गुन बड़ा, व्यसन अने व्यभिचार;
तामें अंधा जो बने, सो गुमावे घरबार.
गुमावे घरबार, पता नहीं इसका पावे;
जाय बडुंकी लाज, खचितेंखता खावे.
मिखनकनैयो मने, बंदी को नहीं हे लेखो;
जो नव मानो बात, सोतो फार करके देखो.
सबसे थाशे बदनकुं, बड़ा दूख व्यभिचार;
लोही मांस चारो चरे, घटे लाज व्यवहार.
घटे लाज वेहवार कोई जन मान न देवे,
गुन लछन सब जाय, नचिकर सब कोई कवे.
मिखन कनैयो मने, समजीओ सचकर प्यारो,
बडा दूख व्यभिचार, बदन में सबसे यारो."[૬૩]

વ્યક્તિ સંસારમાં રહીને લગ્નનો લાવો માણવા ઈચ્છે છે. પરંતુ આ લહાવો દરેકના નસીબમાં હોતો નથી તો લગ્ન એ શું છે ? એનો લહાવો શું છે ? તે વિશે વિસ્તૃત માહિતી આપતો લેખ 'સંસારમાં લગનનો લાવો' નીચે મુજબ છે :

"સંસાર સુખરૂપ કે દુઃખરૂપ એ વિષે હમેશાં બે મત જોવામાં આવે છે. રસિક કવિઓ અને સંસારમાં પડેલા ઘણાક લોકો સંસારમાં સુખ સમજે છે. શૃંગારમાં નિમગ્ન થયેલા કવિઓ અને ઈશકી પુરૂષો સંસારનું સુખ સ્વર્ગથી પણ વિશેષ ગણે છે. મનુષ્ય પોતાના જન્મારામાં લગ્નનો દિવસ મોટો ને પવિત્ર સમજે છે. તે દિવસે તેના મનમાંથી સંસારની સઘળી વિપત્તિઓ વિદાયગીરી લે છે. અને લુગડાં લત્તાંથી તથા ઊંચા પ્રકારના ખાવા પીવાથી જેટલો આનંદ ઉત્પન્ન કરી શકાય તેટલો મેળવવાનો તે યત્ન કરે છે.

તેનાં મા–બાપ, સગાં વહાલાં અને મિત્ર મંડળ સર્વે પોત પોતાના ધંધા રોજગારથી ફારક થઈ લગ્નના મહોત્સવમાં સારો ભાગ લઈ થોડા દિવસ આનંદમાં ગુજારે છે. બીજા દેશો કરતાં આપણે અહીં લગ્નનો લાવો વિશેષ્ય સમજી લગ્નસરામાં લોકો પોતાના ગજા પ્રમાણે કેવી ધામધુમ મચાવે છે તે સૌ કોઈના જાણવામાં છે. નાનપણમાં લગ્ન કરવાનો, પોતાના છોકરાને કોઈ પણ પ્રયત્ને પરણાવી દેવાનો અને પતિ–પત્નિએ અનેક પ્રકારની ધર્મ ક્રિયાઓ સજોડે કરવાનો રિવાજ દર્શાવી આપે કે આપણા લોકો અસલથી સંસારને વધારે સુખરૂપ માનતા આવેલા છે.

પરંતુ, સંસારની જ્યારે બીજી બાજુ તપાસીએ છઈએ, જ્યારે ભક્ત અને ત્યાગી કવિઓએ વર્ણવેલા સંસારના દુઃખરૂપ વિચાર વાંચીએ છઈએ, જ્યારે હિંદુ કુટુંબોમાં ચાલતા નિત્યના કલહ કજીઆ જોઈએ છીએ. જ્યારે બૈરાં છોકરાને માટે ઉદર પોષણના વાંધા પડતાં કે તેમને કમકમાટ ભરેલા વ્યાધિઓ નડતાં મનુષ્યને રાત દિવસ જે બેચેની ભોગવવી પડે છે તેનો વિચાર કરીએ છઈએ; ત્યારે સંસાર કેવળ દુઃખરૂપ જ લાગે છે. એટલા જ માટે જ્ઞાની અને ધાર્મિક લોકોના મગજમાં સંસાર વિષે અભાવ ઉત્પન્ન થયો હશે અને એટલા માટે જ સંસારનો હંમેશને માટે ત્યાગ કરી પોતાની બાકીની જિંદગી નિર્વિકો ઈશ્વર ભજનમાં કાઢવા સારૂ તેઓ જંગલમાં ચાલ્યા ગયા હશે.

આ પ્રમાણે સંસારની બંને બાજુ તપાસતાં એક તરફ સુખ અને બીજી તરફ દુઃખ માલમ પડે છે, તો માણસે શો નિશ્ચય કરવો, અને કેવી રીતે ચાલવું. જગતની રચના જોતાં માણસે સંસાર માંડવો એવી ઈશ્વર ઈચ્છા જણાય છે, માટે જો તેમ ન કરતાં કુંવારા જ રહીએ તો ઈશ્વરની આજ્ઞા તો ા સરખું થાય છે. વળી જો સંસારમાં દુઃખ જ છે તો ઈશ્વર પોતાના છોકરાને સંસાર માંડી દુઃખી થવાની ઈચ્છા કેમ રાખે એ પણ સમજાતું નથી. સંસારમાં સુખ અને દુઃખ બંને છે, એ આપણે અનુભવથી જોઈએ છઈએ. સુખ

દુઃખના ગોળ ચક્રમાં ફરતાં માણસને વારા ફરતી બંનેનો અનુભવ થાય છે. એ વાત પણ ખરી છે, ત્યારે હવે વિચાર એ કરવાનો રહે છે કે સંસારમાં સુખ અને દુઃખ સમાન છે કે બેમાંથી કોઈ વધારે ઓછું છે. જો સંસારમાં દુઃખ વિશેષ્ય હોય તો બેશક તે તજવા યોગ્ય છે."[૬૪]

સમાજમાં શિક્ષણનું પ્રમાણ નહિવત્ હતું. પરંતુ કેળવણીનો વ્યાપ વધવાથી કેવાં કેવાં સુખ સમાજ ભોગવી શકે તેની જાણકારી સાથે દરેક મા–બાપને હાકલ કરવામાં આવે છે કે તેમણે તેમના બાળકોને નિશાળમાં શિક્ષણ મેળવવા માટે મુકવા. તે વિશે 'મા બાપે છોકરાંને નિશાળે મુકવા વિશે' કાવ્યમાં દરેક માતા–પિતાને કહેવામાં આવે છે કે તેમણે પોતાના બાળકને શાળાએ ભણાવવા જોઈએ.

"પ્રથમ પરમેશને પ્રેમથી પ્રણમીને, સૂચવું સર્વ જન સ્નેહ આણી;
જાણતો હૂં નથી બેસ ઉપદેશ પણ, લેશ આ અર્જ લેજો પ્રમાણી.
દાસનો દાસ ગણિ રોષ નહીં લાવશો, અલ્પ આયાસ અભ્યાસ ટૂંકો;
ભાવથી ભાળિ પિતુ માત સંભાળથી, સરસ નિશાળમાં બાળ મૂકો.
સરસ નિશાળવણ શાલ શા કામની, વ્યર્થ સૌ વસ્ત્ર બહુ માલ વાળાં;
બાળને ઘાલવાં ભાવતાં ભૂષણો, હેમમય લાલ મણી માલ ઠાલાં.
સાર શિખવ્યા વિના બાળને લાડતે, રાખમાં મારવી ફોક ફૂંકો;
ભાવથી ભાળિ પિતુ માત સંભાળથી, સરસ નિશાળમાં બાળ મૂકો.
આદમી જ્ઞાન વિદ્યા વીના ગર્ધવો, વ્યર્થ અભિમાનિ વીવેક વોણો;
માન અપમાનનૂં ભાન ભાળે નહીં, આખલા સાંઢ સમતે અકોણો.
આખરી હારી સંસારમાં શ્વાન સમ, ટાપલા સાંખીને ખાય ટૂકો;
ભાવથી ભાળિ પિતુ માત સંભાળથી, સરસ નિશાળમાં બાળ મૂકો.

યોગ્ય ઉપયોગનો જોગ જાણે નહીં, લાભનો લોગ પણ ક્યાંથી લાવે;
મોગરો મેલી ખળ ખાખરો ખોળતો, કેળ હણી બાવળો બીજ વાવે.
નફટ નાદાર થઈ જાર જુગારિઓ, બોળિદે બાપનો લેખ રૂકો;
ભાવથી ભાળિ પિતુ માત સંભાળથી, સરસ નિશાળમાં બાળ મૂકો.
સરસ નિશાળથી સરસ વિદ્યા મળે, સરસ વિદ્યા સરસ બુદ્ધિ લાવે;
સરસ બુદ્ધિથી ગુણ સરસ સઘળા મળે, સરસ ગુણ સરસ વીચાર વાવે.
સરસ વીચારથી સરસ મુખ મેળવી, કીર્તીનો કોટ બાંધે બળૂકો;
ભાવથી ભાળિ પિતુ માત સંભાળથી, સરસ નિશાળમાં બાળ મૂકો.
સરસ વિદ્યા શિખી સરસ રીત આચરે, સરસ તજી નરસ નીશ્ચે ન ધારે;
સરસ વિવેક ગ્રહિ છેક છલકે નહીં, ટેક ધરિ નેક નીતી વધારે.
આર્યને ઓપતૂ કાર્ય તે આદરે, વાર્ય ગણિ વાદ ન વદે વધૂકો;
ભાવથી ભળિ પિતુ માત સંભાળથી, સરસ નિશાળમાં બાળ મૂકો.
વિવિધ વિદ્યા વિના લાખ ધન રાખ સમ, લાખની લાજને ઝાંખ વાળી;
પાંખ વણ પક્ષિ જ્યમ વ્યોમ થઈ નવ શકે, શું શકે આંખ વણ અંધ ભાળી.
ભવ્ય ભંડાર વણ પાર વૈભવ તણો, સરસ વિદ્યા વિના સ્વાદ સૂકો;
ભાવથી ભાળિ પિતુ માત સંભાળથી, સરસ નિશાળમાં બાળ મૂકો.
યોગ્ય વિદ્યા વિના દેશી નૃપ બેશી હર્યા, પરમ વિદ્વાન પરદેશ પોતાં;
ભર્મમાં દેશી જન ધર્મ સમજ્યા નહિ, શર્મ તજિ મર્મ જરીયે ન જોતાં.
ખોટ ખાધી હવે બહૂ જ બાધા લઈ, સત્વ દઈ ભોગવે માત્ર ભૂકો;
ભાવથી ભાળિ પિતુ માત સંભાળથી, સરસ નિશાળમાં બાળ મૂકો.
પાળકો બાળ તતકાળ તતકારજો, હારજોમાં હવે હામ હૈયે;

પુસ્તકો આદિ સૌ જોઈતાં સાધનો, આપતાં લોભ લેશે ન લૈયે.
બાળ સુધર્યા વિના સદ્ન ધન આદી સુખ, સમજવાં લવણ વણ લોટ લૂખો;
ભાવથી ભાળિ પિતુ માત સંભાળથી, સરસ નિશાળમાં બાળ મૂકો.
સરસ નિશાળ સુખ સર્વનું બારણું, પારણું પરમ ચતુરાઈ કેરૂં;
વારણં ત્રિવિધ સંસારના તાપન, નર્ક નીવારણું ઠામ ઠૈયૂ.
સર્વ સંતાપ આપત્તિ તેથી ટળે, તે વિના પામીએ દુષ્ટ દુઃખો;
ભાવથી ભાળિ પિતુ માત સંભાળથી, સરસ નિશાળમાં બાળ મૂકો.
પાળકો તેજ જે બાળને બોધશે, બાળકો જે પિતુ બોલ પાળે;
ગ્રાહકો તેજ જે ગ્રહણ ગુણનું કરે, ચાહકો તેજ જે ભાવ ભાળે.
જાણિ અલ્પમો ખચીત રાખો ક્ષમા, જોસમાં જોઈ પરતાપ મૂકો;
ભાવથી ભાળિ પિતુ માત સંભાળથી, સરસ નિશાળમાં બાળ મૂકો."[૬૫]

❖ **'વિજ્ઞાન–વિલાસ'માં પ્રકાશિત થયેલા સાંસ્કૃતિક લેખો :**

આપણી સંસ્કૃતિમાં વ્યક્તિને સત્ય બોલવું, વચનનું પાલન કરવું વગેરે ગુણો વિકસાવવાનું કહેવામાં આવે છે. તેમાં આપણને રામના જીવનમાંથી સત્ય અને વચન પાલનની વાતો શીખવા મળે છે. તે અહીં 'આર્ય લોકોનો ઇતિહાસ' લેખમાં ઉદાહરણ સ્વરૂપ જોવા મળે છે તે આપણે જોઈશું.

"આ વખતે તેમણે બંડ કર્યુ હોત તો બધી વાત અનુકૂળ હતી. પણ બાપના બોલ જીવ સટે પાળનાર, હરખ શોકથી જેમના મનમાં ભરતી ઓટ થતાં નથી, એવા સ્તુત્ય ગુણવાળા રામ એમ કેમ કરે ? તરત ત્યાંથી ઉઠયા ને પોતાની માને મળ્યા. તેમને સમજાવી લક્ષ્મણને ને સીતાને મળ્યા. આ બંનેનો પ્રેમ વાઢયો વછૂટે એવો નહોતો. એતો

પ્રેમ મૂર્તિમાં જોઈએ તો ત્રિગુણાત્મક એક જ મૂર્તિ હતી, તેનું એક અંગ કપાય તો બીજું કેમ જીવે તેથી તે બન્ને રામની સાથે જવાને તૈયાર થયાં. નગરજને સરદારોએ ને દશરથે પોત પોતાનું વચન તોડવાને ઘણાંય ફાંફાં માર્યા. પણ જે એક વચની તે કેમ ડગે ? દશરથ ગામની બહાર તેમની પછવાડે ગયા. જેમ જેમ દેખાતા બંધ થવા લાગ્યા તેમ તેમ ઊંચે ઊંચે ચઢી નીહાળીને મોટે સાદે રડવા લાગ્યા, અંતે ઝાડ પરથી પણ ન દેખાયા ત્યારે પડતું મુકી રાજા મરણ પામ્યા. તો પણ રામે પિતાનું વચન પાળવાને મન દૃઢ રાખ્યું. ધન્ય છે એની દૃઢતા, સાહસ ને આગ્રહને. આ ગુણે વનમાં જઈ હજારો દુઃખીઆના દુઃખ કાપ્યાં.

એક વખતને સમે આર્યોનો – દેવોનો મોટો શત્રુ રાવણ સીતાને હરણ કરી ગયો ત્યારે પોતે સ્વભાવિક પ્રેમથી ગળગળા થયા. આવું જોઈ લક્ષ્મણે તેમને કહ્યું કે સીતા જેવી બીજી જોઈએ તેટલી મળી આવશે, ને ભાઈ શોકે મૂકો, ત્યારે પોતે કહ્યું છે કે, ‘જળ જળ કમળ ન નીપજે, વન વન અગર ન હોય, ઘર ઘર સીતા ન નીપજે, ભલા લક્ષ્મણ વાંકુ ન બોલ’ આવો એમનો સીતા પરનો શુદ્ધ પ્રેમને એક પત્નીવ્રત પાળી પહેલો નંબર આપે એવો ગુણ ને કોણ નહી વખાણે ? શીળ પણાથી બીજા સદ્‌ગુણોની પ્રાપ્તી થાય છે.”[૬૬]

આપણા સંસ્કૃતિ ગ્રંથોમાં બે ગ્રંથો મહત્ત્વના છે ‘રામાયણ’ અને ‘મહાભારત’. ‘રામાયણ’માં રામને પિતાનો વચન પાળનારો પુત્ર બતાવ્યો છે. ‘મહાભારત’માં ભીષ્મ પિતામહને પિતાનું વચન પાળતો બતાવ્યો છે. તેવી જ રીતે તેમનામાં તે સમયે કેવાં કેવાં ગુણો હતા તે અહીં લડાઈનું વર્ણન કરતું કાવ્ય છે. તે પરથી સમજાશે.

“જ્યારે અર્જુન રથે ચઢયો ને, સર્વ સગાં દીઠાં સામે;
ફેંકી દીધાં શસ્ત્ર વેગળાં, બોલ્યો આવું એ ઠામે.
મારી સગાં પછી રાજ પામવું, જે પર રાજ થવું ધારૂં;

તે સરવે મરી જાશે માટે, આ શૂરાતન નહીં સારૂં.
ધન્ય તર્કને ધન્ય પ્રીતિ તે, પ્રીતિ વસ્તુ, બહુ છે ઘેલી;
પણ શત્રુ વટ પડે જ્યહાં કે, પોબારા ગણી દે પે'લી.
લોભ અંધ જ્યાં કરે પડે ત્યાં હેતતણાં ચશ્મા ખોટાં;
નારી મૂકી નર કરે પલાયન, માત મુકે બાળક રોતાં.
પણ બાણાવળી ધન્ય તને છે, બડી ચીજ તે પ્યાર ગણી;
નાખ્યાં તે હથીઆર નથી કંઈ, ખાઈ હબક બીકણો બની.
પણ કૃષ્ણે સમજાવ્યો ત્યારે, જઈ રણમાં ટંકાર કર્યો;
અરાઢ દીનનું યુદ્ધ આદર્યુ, દાઢો મુકરર કર્યો ખરો.
ધન્ય સત્યની લઢાઈ આતો, દગલબાજી નવ દીસે કાંઈ;
હાય હાલમાં ગજબ થાય છે, તરકટ દીશે જગત મહી.
ભિષ્મ પિતા તે અરજુન સામા, દશ દાઢા લઢનાર કર્યા;
દુર્યોધનને ભીમ ગદાથી, મુકરર લઢવા કાજ કર્યા.
કૃષ્ણ પાસે રથ ચક્ર ઝલાવી, મુકાવી પણ બહુ ખુશી થયા;
પાંડવ થાક્યા બાણ ફેંકીને, ભીષ્મ પિતાને શું અડકે.
કે પાંડવ 'શા થકી પીતાજી, મરો તમે કે યુદ્ધ અટકે;'
કહે ભીષ્મ હશી તમે છોકરાં, મને મારી શકનાર નહીં.
હોય શિખંડી અહીં યુદ્ધમાં, તે જ શકે મુજ પ્રાણ લઈ;
જાુઓ પ્યાર ને જાુઓ સત્યતા, દાઢે સામા સામી લઢે.
રાતે સંધા સુએ એકઠા, ગાનતાન ગુલતાન કરે;
પછી દ્રૌપદી તણાં બાળકો, હતાં પાંચ નાની વયનાં;

માર્યા તે અશ્વસ્થામાએ, કર્યા કામ કો'શાં જયનાં.
એમ કહી પકડી બાંધીને, જ્યાં આણ્યો અશ્વસ્થામા.
કુળા હૃદયની નાજુક પોતે, ખમે ક્રૂરપણ ક્યમ શામા;
'હશે મુઆ મારાં બાળક તો, એ બ્રાહ્મણને જાવા દ્યો.'
દુર્યોધન પણ દુષ્ટ કામથી, ધિક્કારી અને પછી મુઓ."[૬૭]

આપણા જીવનનો શો અર્થ છે ? જીવન આજે છે અને કાલે નથી, તો જે જીવન મળ્યું છે તેમાં વ્યક્તિએ સારા કર્મ કરવા જોઈએ. અવગુણોનો ત્યાગ કરવો જોઈએ, જેવી વાતો 'જીવને ઉપદેશ' કાવ્યમાં વર્ણવવામાં આવ્યું છે.

"ચોરી નિંદા ચાડીને, તજ જે કૂડી ચાલ;
કાળ ભમે શિર ઉપરે, કદાચ ઝડપે કાલ.
અવગુણને અળગા કરી, સજ જે સારી ચાલ ;
કાળ ઝપાટો કારમો, કદાચ ઝડપે કાલ.
માન્ધાતા મેલી ગયા, મણી ખજાના માલ;
માટે ચેતી ચાલને, કદાચ ઝડપે કાલ.
મોટા મોટા મ્હારથી, ખુટી જમડે ખાલ;
જીવડા તું મન જાણજે, કાળ ઝડપશે કાલ.
રાવણ સરખા રોળીયા, ન રહ્યો તેનો તાલ;
તું તે શા હીસાબમાં, કાળ ઝડપશે કાલ.
શરીર તણા ગઢમાં, મન માને તેમ માલ;
ક્ષણમાં પણ છોડાવીને, કાળ ઝડપશે કાલ.
અતી આકરી આવતી, મોત તણી જો ઝાળ;

બાળપણું રચતાં ગયું, કાળ ઝડપશે કાલ.
જોબન મદ જુવાનીમાં, મન માને તેમ ચાલ;
રંગ રાગ છોડાવોને, કાળ ઝડપશે કાલ.
વૃદ્ધપણે નવરાં થઈ, વ્હોર્યો નિંદા માલ;
અતિ નિંદા ઉચ્ચારતાં, કાળ ઝડપશે કાલ.
રામ નામ ઉચ્ચારજે, નિંદામાં નહીં માલ;
ઘરડપણે ગત રાખજે, કાળ ઝડપશે કાલ.
સુતરામાને રંગનો, નહીં રે તારો તાલ;
તજ અવગુણ ભજ ઈશને, કાળ ઝડપશે કાલ."[૬૮]

## [૨] **'શ્રીમાલી શુભેચ્છક' (વિ. સં. ૧૯૪૦) :**

'શ્રીમાલી શુભેચ્છક' ચોપાનીયું એ વિક્રમ સંવત ૧૯૪૦માં પ્રગટ થયું હતું. તેના પ્રથમ પૃષ્ઠ પર પુસ્તકનો ક્રમ, વિક્રમ સંવત, ગુજરાતી માસ, અંક નંબર અને શ્લોક લખવામાં આવ્યો છે. તે નીચે મુજબ છે :

"लक्ष्मीनारायणौदेवौ, नत्वातौप्रार्थयामहे।
येतुश्रीमालिनस्सर्वे, सुखिनस्संतु सर्वदा॥"

અર્થ :

(શ્રીમાળ મહાત્મ્યમાં લખેલા) અમારા કુળદેવ તથા ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણને નમીને તેઓની પ્રાર્થના કરીએ છીએ જે સર્વે શ્રીમાળીઓ (શ્રીમાળી બ્રાહ્મણ, શ્રીમાળી વાણીઆ, શ્રીમાળી સોની, પોરવાડ તથા ઓસવાળ તેઓ પણ શ્રીમાળી છે) સદા સુખી થજો.

તેમજ કોના દ્વારા છપાઈ છે તે સભાનું નામ અને કંઈ જગ્યાએ છપાય છે. તે પ્રેસનું નામ પ્રથમ પૃષ્ઠ પર જોવા મળે છે.

સમાજમાં ઘણા બધા વ્યક્તિઓ એવા હોય છે કે તેમનાથી આપણે બચીને રહેવાનું હોય છે. તેમના કેટલાંક દૃષ્ટાંતો આપણેને 'द्रष्टांतिक दोहरा'માંથી મળે છે. તે વિગતે જોઈશું.

"નરસાને નમવું ભલું, જાણો તમે જરૂર;
અહિ સારો કદિ હોય પણ, તેથી રે'વું દૂર.
મોટાની મોટાઈમાં, લોભાશો નહિ કોય;
અસ્ત ઉદયમાં આવતી, એ મોટાઈ હોય.

નાનાથી મોટું થવું, ઉમરમાં છે સેલ;
પણ તે સ્થીતિએ પહોંચવું, એ દુર્ઘટ છે ખેલ.
મુરખની મિત્રાઈ તે, જાણો જમની જાળ;
કોય દિવસ ફસતાં કદી, આવી ખૂટે કાળ.
સારૂં તે સારૂં સદા, નરસાનું પણ તેમ;
અમૃત અમર કરે અને, વિષ મારે છે જેમ.
સ્નેહ ખરો પણ તેહ છે; ભિન્ન દેહ કદી હોય;
મનમાં મન મળી જાય છે, રતી ન રોકે કોય.
સંપ ઉદયનું મૂળ છે, સેવે પ્રીતે જેહ;
મીઠાં ફળ તે ચાખશે, આંબો વાવે તેહ.
નબળો જન તે સબળને, નહીં પોચે તલભાર;
આબુ તે ક્યમ બની શકે, હિમાલયની હાર.
અંતરે કપટ ભરી કરી, ઉપર રાખે પ્યાર;
મિત્ર નહિ એ શત્રુ છે, સૌ જાણે સંસાર.
નારી સારી તેજ છે, પતિ માથે છે પ્રીત;
કાયા ક્યમ જૂદી પડે, એ છે પ્રેમ પ્રતિત.
દુનિઆમાં દુઃખને વળી, સુખના છે જ પ્રસંગ;
એ બે સમયે સમ દિસે, એ નરને છે રંગ.
દુનિયાં સ્વારથની ભરી, પરમારથી ન કોય;
નંદરામ કેહે વિરલ નર, ઝંડુ ભટ સમ હોય."[૬૯]

સમાજમાં લગ્ન વિષયક દસ્તાવેજ કરવામાં આવે તે એ સમયમાં નવાઈની વાત હતી. એવી જ વાત અહીં એ સમયે એટલે કે 'પુણોસો વર્ષ ઉપર લગ્ન બાબત હાલારમાં

થયેલો दस्तावेज' લેખમાં દસ્તાવેજ કેવી રીતે થયો તેનો નમૂનો આપવામાં આવ્યો છે. તે આપણે જોઈશું.

"કન્યાવિક્રય કરવો એટલે કન્યાને વેચીને પૈસા લેવા એ બેશક શાસ્ત્રની આજ્ઞાથી વિરુદ્ધ છે, એટલું જ નહીં, પણ એ દુષ્ટ રીવાજ પર દરેક લાગણી વાળા (એટલે દિવાના નહીં તે, જેની અક્કલ ઠેકાણે છે તે) માણસના મનમાં સહજ અરૂચી અને ધિઃકાર પેદા થયા વિના રહેતાં નથી; એથી પણ સ્પષ્ટ જણાય છે કે એ ચાલ નીતિના નિયમથી ઉલટો છે જ. તેથી તેને દુર કરવા નીતિવાન માણસોએ પ્રયત્ન કરેલા હશે, અને કરતા હશે. પરંતુ તેનાં મૂળ એટલાં ઊંડા ચો ાં છે કે થોડા પ્રયાસથી અસર થાય તેમ નથી. તો પણ મનુષ જાત જેણે બુદ્ધિબળ અને બાહુબળથી રેલવે, વિજળીનો તાર વગેરે અદ્‌ભુત અને ચમત્કારિક કામ કર્યા છે, તે આપણે મનુષ્ય જાત ધારીએ અને ઉદ્યોગ કરીએ તો શું ન કરી શકીએ ? બધું કરી શકીએ.

કન્યા વિક્રયનો ચાલ વધતો જતો જોઈને આપણા પૂર્વજોએ પણ મુંગે મોઢે જોયા કર્યુ નથી. તેઓ પણ ઉપાય કરવાને ચૂક્યા નથી, તેનો પ્રત્યક્ષ દાખલો અમારા જોવામાં આવ્યો છે તે નીચેના દસ્તાવેજ પરથી જણાય છે. તળ નવાનગરમાં સામક યજુર્વેદીની આખી નાત, તથા ધોળ ધોરાજી, જેતપુર, રાજકોટ વગેરે ગામોની (દસ્તાવેજમાં તે બધા ગામનાં નામ લખ્યાં છે) આપણી નાતે મરજી આવે તે પ્રમાણે કન્યાના દોકડા નહીં લેતાં અમુક રકમ લેવાનો નીચે મુજબ ઠરાવ કરેલો પણ તે ઠરાવ અમલમાં નહિ આવતાં જેમનો તેમ કાગળ પર લખેલો રહ્યો જણાય છે, તેનું કારણ ખાત્રીપૂર્વક કાંઈ જણાતું નથી.

સાંભળવા પ્રમાણે જે કારણ અમારા સમજવામાં આવ્યું છે તે આ ઠેકાણે જાહેરમાં મૂકવાનું અમને દુરસ્ત લાગતું નથી. તો પણ એટલું તો અનુમાન થાય છે કે આ

ઠરાવનો દસ્તાવેજ કરવા કરાવવામાં જેઓ આગેવાન થયા હશે, તેઓ જ આ ઠરાવ બંધ પાડવાનું કારણરૂપ થયેલાા હોવા જોઈએ; નહીં તો સહીઓ વાળો નક્કી થએલો ઠરાવ એકદમ નાબુદ થાય નહીં. આ ઠરાવ સંવત ૧૮૬૫માં થએલો એટલે આજથી ૭૫ વર્ષ પર થએલો. આ ઠરાવ ચાલ્યો હોત તો આ ભાગમાં કન્યા વિક્રયનો ચાલ આટલો બધો વધી પડત નહીં.

દસ્તાવેજની નકલ નીચે પ્રમાણે છે, તેમાં હસ્વ–દીર્ઘ અને જોડા અક્ષરનો સેહેજસાજ ફેરફાર સિવાય બીજો કાંઈ ફેરફાર કર્યો નથી.

**श्री गणे शाय नमः ॥**

નકલ :

"લખીતંગ શ્રીમાળીની નાત સમસ્ત શ્રી નવાનગરની નાત સામક તથા યજાુર્વેદી તથા શ્રીધોળની નાત સમસ્ત તથા શ્રી હડીયાણાની નાત સમસ્ત તથા શ્રી પડધરીની નાત સમસ્ત, તથા શ્રી રાજકોટની નાત સમસ્ત, તથા શ્રી ગોંડળની નાત સમસ્ત, તથા શ્રી મેંગણી, નીકાવું તથા આણંદપુરની નાત સમસ્ત, તથા શ્રી કાળાવડની નાત સમસ્ત, તથા ભલસાણની નાત સમસ્ત, તથા શ્રી ધોરાજીની નાત સમસ્ત, તથા શ્રી જેતપુરની નાત સમસ્ત જત નાત સરવે ભેળી થઈને શ્રી નવાનગર મધે વાત બાંધી છે. તેની વીગત જે કોઈ દીકરીનો દોકડો લેતો હોય તેની લીધા દીધાની વીગત, તે પ્રમાણે લેવું દેવું તે ઉપરાંત કોઈ છાનું છપનું લે તેની નાતને ખબર પડે તો તેને નાત પુછી જાુએ. બીજુ પડલાની (માંડવા ખર્ચની) કોરી (૧૦૦૦) અક્ષરે એક હજાર, તથા ઘરેણું કોરી (૩૦૦) ત્રણસેનું લેવું દેવું તે ઉપરાંત દોકડો છાનો છપનો લેતો નાતનો ગુનેગાર છે. ને નાતબહાર કરવો. તેનો કોઈ સંગ કરે નહીં, તે વાતમાં ફરે તો શ્રી મહાલક્ષ્મીજી દરમીઆન છે; શ્રી રણછોડજી ત્રીકમજી તેના ઘર વાંસે છે. બીજાુ વેવીશાળ કરી પાછું

મુકે, વર અથવા કન્યાવાળો ખુટીને મુકે તો નાતથી બહાર છે. આ વાતમાં કોઈ ફરે તો શ્રી નાગનાથ તથા બીડભંજન તેના ઘર વાંસે છે. તેના સમ છે. આ લખ્યું તે પ્રમાણે શ્રી નવાનગરની નાત તથા બાર ગામની નાત સરવેને આ વાત કરી છે. તે પાળવી સહી છે. બીજુ વર તથા કન્યામાં કેણ ઉપજે તો સઉ સઉના ગામની નાતને તેડીને શ્રી નવાનગર આવીને નવાનગરની નાત કહે તે પ્રમાણે કરે. બીજુ વર અથવા કન્યાને રાજક દૈવક થાય ને દોકડા લીધા હોય તથા ઘરેણું તથા લુગડાં હોય તે કન્યાનાં માબાપ દીકરાના માબાપને પાછાં સોંપે સંવત ૧૮૬૫ના ફાગણ વદ ૮."[૭૦]

"ઉપર પ્રમાણે થએલો ઠરાવ થોડી પણ મુદત નહીં ચાલતાં કાગળ ઉપર જ રહ્યો છે, તેને માટે ઘણી દીલગીરી પેદા થયાની સાથ અમારે જણાવવું જોઈએ કે ઉપરના ઠરાવમાં વિઘન નાખનારે પોતાને માથે નામોશી અને ભારે અપજશ ઓઢી લીધો છે. પણ હવે તેના અને બીજા સહી કરનારાઓના વંશજો અને બીજા જ્ઞાતી શુભેચ્છકો ઉપરનો દસ્તાવેજ વાંચીને ફરી ધ્યાનમાં લેશે અને સૌને સરલ પડે એવો રસ્તો કાઢીને કન્યા વિક્રયનો જંગલી રીવાજ બંધ કરવા ઠરાવ કરવાનો વિચાર કરશે, અને એ સંબંધી પોતાના વિચાર અમારી સભાને જણાવશે તો સભા ઉપકારની સાથ તેના પર વિચાર કરશે.

લિ. જટાશંકર લીલાધર ત્રવાડી."[૭૧]

સમાજમાં વ્યક્તિઓ પોતાની નાતમાં સુધારો કેમ કરવો ? તથા કેવી રીતે થશે ? તેની ચિંતા કરતા હોય છે અને સમાજના વડીલો ભેગા મળીને પોતાની નાતમાં ચાલતા દુષણોને દૂર કરવા માટે સુધારાને મહત્ત્વ આપે છે અને તેને અપનાવે પણ છે. તો આવો જ આ બ્રાહ્મણ સમાજનો 'નાતો ક્યારે સુધરશે ?' લેખમાં તેમની નાતમાં કરવાના સુધારા અને થયેલા સુધારાની વિગત આપી છે. તે જોઈશું.

"જ્યારે નાતમાં નવી કેળવણી પામેલા ઘણા થશે, અને તેઓ અંગ્રેજોનો અને પારશીઓનો સંપ જોશે, અને દીર્ઘ દૃષ્ટિવાળા થશે, અને ખરા અંતઃકરણથી આપણા દેશની ચડતી સ્થીતિ કરવાનું ધારશે, ત્યારે નાતમાં સુધારો થશે, તે એવી રીતે કરશે કે જેમ સુધારા વાળા સભા સ્થાપે છે. તે સભામાં સંપીને અને સ્નેહથી સભ્યતાથી બેસે છે. પણ ઘોંઘાટ કરી મૂકતા નથી. અને એક બીજાને ટુંકારા કરતા નથી. એવી રીતે સારી જગ્યાએ અને સભાની રીતે નાત ભરાશે. પછી જેમ સભામાં એક વરશ દહાડાની મુદતને વાસ્તે ઝાંઝાને અનુમતે એક યોગ્ય માણસને સભા પતિનો અધિકાર આપે છે. તે એટલા સારૂ કે સભામાં કોઈ બે અદબી કરે, અથવા ગડબડ કરે, કે સભાનો કાયદો તોડે તો તે સભાપતિએ તેને સભા બહાર કાઢી મૂકવો અને સભાપતિની રજા લીધા વગર કોઈ માણસે એક વચન પણ સભામાં બોલી શકાય નહીં, તે સભાપતિના તાબામાં હુકમ બજાવાને સિપાઈઓ હોતા નથી પણ બધા સભાસદો એમ સમજે છે કે આપણે સૌએ મળીને તેને સભાપતિનો અધિકાર સોંપ્યો છે તે માટે આપણે સૌએ તેનો હુકમ માનવો, અને બીજાઓને મનાવવો.

એ રીતે બધા સભાસદોના જોરથી તે સભાપતિ હુકમ કરી શકે છે. તે સભાનું એક દફતર રાખે છે. તેમાં સભાને વાસ્તે ઠરાવેલા કાયદાની કલમો હોય છે. તેમાં એક એવી કલમ હોય છે કોઈ વાતમાં બે પક્ષ પડે તો જે પક્ષમાં એક જણ વધારે હોય તે પક્ષવાળાની વાત બીજાએ તરત કબુલ કરવી; પછી તેમાં આડું બોલીને હઠીલાઈ સભાસદો કરતા નથી. અને જાણે છે કે એવી હઠીલાઈ કરવી તે નાદાન માણસનું કામ છે. અને પોતે જે વચનમાં બંધાયા તે બંધાયા. ફરી બોલવાથી અપ્રમાણિકપણું અને લબાડપણું કહેવાય. પછી સભાનું કામ ચાલવા સારૂ દસબાર માણસની એક કમિટી ઠરાવે છે. તે કમીટીના મેંબરોના અભિપ્રાય લઈને એકમત થઈને સભાપતિ તે કમીટીને પુછીને સભાનું કામ ચલાવે છે.

તેમાં બીજાના કરતાં સભાપતિના અભિપ્રાયનું બેવડું વજન ગણાય છે. પછી એક વર્ષ પુરૂં થાય ત્યારે સભાપતિ સભા મેળવીને ઘણી વિનતિ કરીને સભાને કહે છે કે મારી શક્તિ પ્રમાણે મેં એક વર્ષ સુધી સભાનું કામ ચલાવ્યું. અને હવે મહેરબાની કરીને આજથી સભાપતિનું કામ બીજા કોઈને સોંપો. પછી સભા મળીને જો એના જેવો બીજો કોઈ મળે નહીં તો ઘણી આજીજી કરીને કહે છે કે આ બીજા વર્ષમાં પણ તમેજ સભાનું કામ ચલાવો. તો પછી તે જ સભાપતિનું કામ બીજા વર્ષમાં પણ ચલાવે છે. અને જો કોઈ બીજાને સૌ મળીને સભાપતિ ઠરાવે તો પહેલાને દુઃખ લાગતું નથી. કે મારો અધિકાર ખુચી લઈને બીજાને કેમ સોંપ્યો ?"[૭૨]

"ઉપર લખેલી સભાની રીત પ્રમાણે નાતનો વહીવટ ચાલશે ત્યારે નાત સુધરશે. તે એવી રીતે કે સભાની રીત પ્રમાણે સારી જગ્યાએ નાત એકઠી થઈને ઝાંઝાના અનુમતથી ફક્ત એક વરસને વાસ્તે નાતના પટેલનો અધિકાર કોઈ ખાનદાન, ડાહ્યો, અને વૃદ્ધ પુરૂષ હોય, તેને આપવો. અને તેને નાત ખાતે રૂા. ૧૫ની કે ૨૦ની પાઘડી બંધાવવી. અને નાતને વાસ્તે કાયદાની કલમો એક દફતરમાં લખી રાખવી. તે કલમથી નાતમાં કોઈ ઉલટો ચાલે અથવા નાત મળી હોય ત્યાં ઊંચે ઘાંટેથી બોલે, અથવા કોઈને કોઈ ટુંકારેથી બોલાવે તો કાયદાની કલમમાં જેટલો દંડ કરવાનું લખ્યું હોય, તેટલો દંડ પટેલ કરે, અને તે દંડ નાત ખાતે જમે થાય, અને તે પટેલનો હુકમ બજાવામાં રાજાના સિપાઈઓની પેઠે સર્વે નાતીલાઓએ તૈયાર રહેવું. અને તે પટેલના હાથ નીચે દસબાર માણસની કમીટી સૌએ મળીને ઠરાવી આપવી. તે કમીટીમાં હાલની નવી કેળવણી પામેલા અને સારા સ્વભાવના નિષ્પક્ષપાતી હોય તેને જ ઠરાવવા જોઈએ.

આપણી નાતમાં કેવી રીતે સુધારો કરવો અને કેવા કાયદા ચલાવવા જોઈએ, તે વિષે એક શહેરની નાતે બીજા શહેરની નાતવાળાનો અભિપ્રાય પુછવો જોઈએ, એ

રીતે બે શહેરની નાતોના અભિપ્રાય મળતા આવ્યા, એટલે ત્રીજા શહેરની નાતનો અભિપ્રાય મેળવવો જોઈએ. એ રીતે આખા દેશની એક નાતવાળાનો એક અભિપ્રાય અને એક જ રીતના કાયદા થવા જોઈએ."[૭૩]

આપણા પૂર્વના ઋષિઓ તેમના શાસ્ત્રમાં લખી ગયા છે કે જે કોઈ એક જ ગોત્રના હશે તેઓ સગાં ભાઈ–બહેન જેવા જ ગણાશે. તેથી એક જ ગોત્રમાં કોઈએ લગ્ન કરવા ન જોઈએ. અને જો કોઈ અજાણતા એવું પાપ કરે છે. તેને તે ગોત્રના લોકો દંડ કરે છે. તો 'સગોત્ર વિવાહ વિષે' લેખમાં સગોત્રમાં કેમ વિવાહ ન કરવા અને જો અજાણતા થાય તો તેને કેવા પ્રકારની યાતનાઓ અને દંડ સહન કરવો પડે છે તે વિગતે આ લેખમાં જોઈશું.

"અસલના રૂષિઓએ એવું ધાર્યુ હતું કે જ્યાં સુધી અમારો પ્રત્યેકનો વંશ ચાલે ત્યાં સુધી અમારા વંશજો અમારૂં નામ અમર રાખે, અને એમ કહે કે અમે ફલાણા રૂષિના વંશના છીએ. મતલબ કે અમારૂં ફલાણું ગોત્ર છે. દરરોજ નિત્યતર્પણ કરતાં દસબાર વાર અમારૂં નામ સંભારે, અને અમારા પ્રત્યેકના વંશજો સગાં ભાઈ બેનની પેઠે વરતે, એવું ધારીને પોતાનાં કરેલાં ધર્મશાસ્ત્રોમાં ઘણી સખત રીતે લખી ગયા છે કે પોતાના ગોત્રમાં જન્મેલી કન્યા હોય, તેને સગી બેન બરાબર જાણવી, અને મહા પાપી હશે, તે ગોત્રની કન્યા ઉપર કુદૃષ્ટિ કરશે.

લગ્ન કરતી વખતે જાન અને માંડવાની તરફના સાત સાત બ્રાહ્મણોને સાક્ષી રાખીને બંને પક્ષનાં ગોત્ર પ્રવરનો ઉચ્ચાર કરીને તે પછી લગ્ન કરવું. કારણ કે એક ગોત્રમાં લગ્ન થઈ જાય નહીં, તેની ઘણી કાળજી રાખવી. કદાપિ અજાણતાં એ ગોત્રમાં લગ્ન થઈ જાય, તો તે કન્યાને જુદી રાખીને સગી બેનની પેઠે પાળવી. ગોત્રમાં લગ્ન કરનાર જ્ઞાતિની પંક્તિમાં બેશીને જમે તો આખી નાતને તેનું પાપ લાગે.

કોઈ કહેશે કે નાત તો ગંગાનો પ્રવાહ છે, તો તેનું એ છે જે, કોઈ ભંગિયો બ્રાહ્મણનો વેષ ધરીને નાતવાળા જાણે નહી તેવી રીતે નાતમાં જમી જાય, તો તેવે ઠેકાણે નાત ગંગાનો પ્રવાહ કહેવાય; પણ નાતવાળા જાણી જોઈને કોઈ ચાંડાળને નાત વચ્ચે જમવા બેસારે, અથવા પીરસવા રાખે, તો તે ઠેકાણે નાત ગંગાનો પ્રવાહ ગણાય નહીં; તેમજ કોઈ પાપી માણસ સગી બેન સાથે કે ગોત્રાણ બેન સાથે છાનો વ્યભિચાર કરતો હોય, અને તે નાત વચ્ચે બેશીને જમી જાય, તો તેનું પાપ નાતને લાગે નહીં, પણ જાહેર રીતે સગી બેન સાથે કે ગોત્રાણ બેન સાથે લગ્ન કરીને નાતવાળા જાણે તેવા નાત વચ્ચે જમવા બેસે તો ચાંડાળની જોડે બેશીને જમવાથી જેટલું પાપ લાગે, તેટલું પાપ આખી નાતને લાગે. કારણ કે એવાને શાસ્ત્રમાં ચાંડાળ કહ્યો છે. એટલા સારૂ કોઈ અણસમજુ માણસ ગોત્રાણ બેન સાથે પરણવા ઉભો થાય, તો નાતવાળા તેને નાત બહાર મૂકીને અથવા ગમે તે ઉપાય કરીને તે લગ્ન કરવા દેતા નથી.

આજથી આશરે પાંત્રીસ વર્ષ પહેલાં ધોળકા પાસે ઘરોડું ગામ છે, ત્યાંનો રહેનાર ગામડીયો રાયકવાળ બ્રાહ્મણ અજાણતાં ગોત્રાણ બેન સાથે પરણ્યો; તે વાત નાતના જાણવામાં આવી, ત્યારે આખા દેશના રાયકવાળ બ્રાહ્મણોયે તેને નાત બહાર મૂક્યો; અને પાક્કો બંદોબસ્ત કર્યો કે તે કન્યાને જીવતાં સુધી જુદી રાખીને સગી બેનની પેઠે પાળવી. અને પૂરો તપાસ કર્યા વગર પરણ્યો, તે માટે બસેં રૂપીઆ નાતે તેનો દંડ લીધો; તે વર કન્યા થોડાંક વર્ષ જીવીને મરી ગયાં.

લોકો કહે છે કે ગોત્રમાં જાણે કે અજાણે લગ્ન કરે છે તે જોડું કાંતો નાનપણમાં ખંડિત થાય છે, અને કાંતો વાંઝિયું રહે છે. અથવા બીજા કોઈ પ્રકારની મહાપીડા પામીને મરે છે; પણ તે જોડું સુખી થતું નથી. એ વિષે ગમે તેમ હો, પણ ડાહ્યા રૂષિઓએ સગોત્રમાં વિવાહનો જે બાધ બતાવેલો છે તે પ્રમાણે આપણે જ્યાં સુધી જનોઈ રાખી તેમના ધર્મ પ્રમાણે ચાલીએ છીએ ત્યાં સુધી વર્તવું જોઈએ."[૭૪]

❖ **'શ્રીમાલી શુભેચ્છક'માં પ્રકાશિત થયેલા સાંસ્કૃતિક લેખો :**

આપણા સમાજમાં સત્ય બોલવું એ ખૂબ જ મહત્ત્વનું છે. અને તેવા ઘણા ઉદાહરણો આપણને પ્રાચીન સાહિત્યમાંથી મળે છે. કે જેઓ સત્યને ખાતર પોતાના જીવ પણ આપવા તૈયાર છે. તો આવો સદ્‌ગુણ આપણે પણ વિકસાવીએ અને સમાજના અન્ય વ્યક્તિઓ પણ વિકસાવે એ હેતુંથી 'સત્ય વિષે' કાવ્યમાં સત્ય પાળનારા કયા કયા વિરલાઓ છે. તે વિશે જાણીએ.

**'સત્ય વિષે'**

"અરે સત્ય સારૂ હરિશ્ચંદ્ર ભૂપ, થયો નીચવાસી લઈ ભિન્ન રૂપ;
જુઓ ચિત્તમાં તો વિચારી વિવેકે, કદી સાચને આંચ આવે ન એકે.
તજી રાજ્ય રીદ્ધિ સમૃદ્ધિ પ્રજાને, કરી એક કોરે હમેશાં મજાને;
અરણ્યે ગ્યા પાંડવો સાચ ટેકે, કદી સાચને આંચ આવે ન એકે.
નળે દેશ વિદેશમાં વાસ કીધો, સદાચારનો માર્ગ નીત્યે જ લીધો;
થયો દુઃખવોણો રહ્યો જો સુનેકે, કદી સાચને આંચ આવે ન એકે.
અહીં જૂઠથી લોકના થોક નિત્યે, દુઃખી થાય તે તો જુઓ સૌ સુરીતે;
જનો જુઠથી તો હમેશાં બહેકે, કદી સાચને આંચ આવે ન એકે.
નરો સત્યના માર્ગમાં જેહ ચાલે, કદી જૂઠને પૂઠ તે દૂર માલે;
અરે શોક સિંધુ વળી તેહ ઠેકે ? કદી સાચને આંચ આવે ન એકે.
નરો સત્યથી નિત્ય સારા ગણાય, તજે જૂઠ તેતો સુ સભ્યો ભણાય;
સુખો સાચમાં સર્વદા સર્વ લ્હેકે, કદી સાચને આંચ આવે ન એકે.
કદી દુઃખ માથે પડે જો હજારો, નરો સત્યતાથી તથાપિ ન હારો;

તમે તેમ ચાલો જનો સુજ્ઞ જે કે, કદી સાચને આંચ આવે ન એકે.

પ્રતિષ્ઠા ખરી સત્યતામાં ઠશી છે, ખરી નીતિ રીતી સુ સત્યે વશી છે;

ખરૂ જાણવું તે જનોએ દરેકે, કદી સાચને આંચ આવે ન એકે.

– પીતાંબર રણછોડજી ઓઝા."[૭૫]

## ✵ પાદટીપ :

૧. ‘સામયિકોની સૃષ્ટિ’, (સંપા.) યાસીન દલાલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૦, પૃ. ૧૨૩

૨. ‘સૌરાષ્ટ્ર દર્પણ’, પુસ્તક–૧, જુન–૧૮૬૩, અંક–૧, પૃ. ૧

૩. એજન, પૃ. ૮–૯

૪. એજન, પૃ. ૧૫

૫. એજન, પૃ. ૧૬

૬. એજન, જુલાઈ–૧૮૬૩, અંક–૨, પૃ. ૩૧

૭. એજન, સપ્ટેમ્બર–૧૮૬૩, અંક–૪, પૃ. ૫૫–૫૬

૮. એજન, નવેમ્બર–૧૮૬૩, અંક–૬, પૃ. ૮૮–૮૯

૯. એજન, પુસ્તક–૨, જાન્યુઆરી–૧૮૬૪, અંક–૧, પૃ. ૧૦–૧૧

૧૦. એજન, ફેબ્રુઆરી–૧૮૬૪, અંક–૨, પૃ. ૨૬–૨૭

૧૧. એજન, પૃ. ૨૭–૨૮

૧૨. એજન, પુસ્તક–૪, નવેમ્બર–૧૮૬૮, અંક–૧૧, પૃ. ૧૭૧–૧૭૨

૧૩. એજન, પુસ્તક–૫, મે–૧૮૬૯, અંક–૫, પૃ. ૮૫–૮૬

૧૪. એજન, જુલાઈ–૧૮૬૯, અંક–૭, પૃ. ૧૪૨–૧૪૩

૧૫. એજન, ઓગષ્ટ–૧૮૬૯, અંક–૮, પૃ. ૧૬૨–૧૬૩

૧૬. એજન, સપ્ટેમ્બર/ઓક્ટોબર–૧૮૬૯, અંક–૯ અને ૧૦, પૃ. ૧૮૩–૧૮૪

૧૭. ‘સૌરાષ્ટ્ર દર્પણ’, પુસ્તક–૫, નવેમ્બર–૧૮૬૯, અંક–૧૧, પૃ. ૨૨૧–૨૨૨

૧૮. એજન, પૃ. ૨૩૩–૨૩૪

૧૯. એજન, પુસ્તક–૧, જુન–૧૮૬૩, અંક–૧, પૃ. ૯–૧૦

૨૦. એજન, સપ્ટેમ્બર–૧૮૬૩, અંક–૪, પૃ. ૬૮

૨૧. એજન, પુસ્તક–૫, ઓગષ્ટ–૧૮૬૯, અંક–૮, પૃ. ૧૫૩

૨૨. ‘સુબોધ પ્રકાશ’, પુસ્તક–૨, જાન્યુઆરી–૧૮૮૩, અંક–૧, પૃ. ૧

૨૩. એજન, ફેબ્રુઆરી–૧૮૮૩, અંક–૨, પૃ. ૨૦–૨૧

૨૪. એજન, માર્ચ/એપ્રિલ–૧૮૮૩, અંક–૩ અને ૪, પૃ. ૩૩

૨૫. એજન, જુન–૧૮૮૩, અંક–૬, પૃ. ૬૧

૨૬. એજન, પૃ. ૬૨–૬૩

૨૭. એજન, પૃ. ૬૭–૬૯

૨૮. એજન, પૃ. ૬૯–૭૦

૨૯. એજન, નવેમ્બર–૧૮૮૩, અંક–૧૧, પૃ. ૧૨૮–૧૨૯

૩૦. એજન, ફેબ્રુઆરી–૧૮૮૩, અંક–૨, પૃ. ૧૩

૩૧. ‘ખેડૂત’, પુસ્તક–૧, માર્ચ–૧૮૮૫, અંક–૧, પૃ. ૧

૩૨. એજન, પૃ. ૧

૩૩. એજન, જુન–૧૮૮૫, અંક–૪, પૃ. ૬૬–૬૭

૩૪. એજન, પૃ. ૭૭–૭૯

૩૫. ‘ખેડૂત’, પુસ્તક–૧, ડિસેમ્બર–૧૮૮૫, અંક–૧૦, પૃ. ૧૦૬–૧૦૮

૩૬. ‘સ્ત્રી સુખ દર્પણ’, પુસ્તક–૩, માર્ચ–૧૯૧૯, અંક–૧, પૃ. ૧

૩૭. એજન, પૃ. ૧

૩૮. એજન, પૃ. ૧૫–૧૬

૩૯. એજન, પૃ. ૧૭

૪૦. એજન, પૃ. ૨૪

૪૧. એજન, એપ્રિલ/મે–૧૯૧૯, અંક–૨ અને ૩, પૃ. ૩૧

૪૨. એજન, પૃ. ૩૨–૩૩

૪૩. એજન, પૃ. ૪૪

૪૪. એજન, પૃ. ૪૭

૪૫. એજન, જુન–૧૯૧૯, અંક–૪, પૃ. ૯૪–૯૫

૪૬. એજન, જુલાઈ–૧૯૧૯, અંક–૫, પૃ. ૧૧૨

૪૭. એજન, સપ્ટેમ્બર–૧૯૧૯, અંક–૭, પૃ. ૧૫૧

૪૮. એજન, ઓકટોબર/નવેમ્બર–૧૯૧૯, અંક–૮ અને ૯, પૃ. ૧૬૮–૧૬૯

૪૯. એજન, ડીસેમ્બર–૧૯૧૯, અંક–૧૦, પૃ. ૨૨૭–૨૨૮

૫૦. એજન, જાન્યુઆરી/ફેબ્રુઆરી–૧૯૨૦, અંક–૧૧ અને ૧૨, પૃ. ૧૩૯

૫૧. એજન, પૃ. ૨૪૩–૨૪૪

૫૨. એજન, પૃ. ૨૪૭–૨૪૮

૫૩. 'સ્ત્રી સુખ દર્પણ', પુસ્તક–૩, જાન્યુઆરી/ફેબ્રુઆરી–૧૯૨૦, અંક–૧૧ અને ૧૨, પૃ. ૨૫૪–૨૫૬

૫૪. એજન, પૃ. ૨૭૩–૨૭૪

૫૫. એજન, પુસ્તક–૩, ઓકટોબર/નવેમ્બર–૧૯૧૯, અંક–૮ અને ૯, પૃ. ૧૭૧–૧૭૨

૫૬. 'વિજ્ઞાન–વિલાસ', પુસ્તક–૧, એપ્રિલ–૧૮૬૮, અંક–૧, પૃ. ૩

૫૭. એજન, પુસ્તક–૨, ૧૮૭૦, અંક–૨, પૃ. ૮૦–૮૨

૫૮. એજન, પૃ. ૮૬–૮૭

૫૯. એજન, અંક–૩, પૃ. ૧૨૯

૬૦. એજન, પૃ. ૧૩૮–૧૩૯

૬૧. એજન, પુસ્તક–૭, જાન્યુઆરી–૧૮૭૬, અંક–૧, પૃ. ૯–૧૦

૬૨. એજન, મે–૧૮૭૬, અંક–૫, પૃ. ૯૭

૬૩. એજન, પુસ્તક–૮, માર્ચ–૧૮૭૭, અંક–૩, પૃ. ૪૮

૬૪. એજન, પુસ્તક–૬, સપ્ટેમ્બર–૧૮૭૫, અંક–૯, પૃ. ૧૯૯

૬૫. એજન, નવેમ્બર–૧૮૭૫, અંક–૧૧, પૃ. ૨૪૧

૬૬. એજન, ફેબ્રુઆરી–૧૮૭૬, અંક–૨, પૃ. ૪૨

૬૭. એજન, પૃ. ૪૫–૪૬

૬૮. એજન, ઓગષ્ટ–૧૮૭૬, અંક–૮, પૃ. ૧૭૦–૧૭૧

૬૯. 'શ્રીમાલી શુભેચ્છક', પુસ્તક–૧, અષાઢ વિ.સં. ૧૯૪૦, અંક–૯, પૃ. ૮૫–૮૬

૭૦. એજન, વૈશાખ વિ. સં. ૧૯૪૦, અંક–૭, પૃ. ૭૦–૭૨

૭૧. એજન, પૃ. ૭૩

૭૨. એજન, પૃ. ૭૪–૭૫

૭૩. એજન, પૃ. ૭૫–૭૬

૭૪. એજન, ફાગણ વિ. સં. ૧૯૪૦, અંક–૫, પૃ. ૪૯–૫૦

૭૫. એજન, વૈશાખ વિ. સં. ૧૯૪૦, અંક–૭, પૃ. ૬૯

પ્રકરણ–૬

# ‘સૌરાષ્ટ્ર’ (૧૯૨૧)


૬.૧ પ્રસ્તાવના

૬.૨ અમૃતલાલ શેઠ તથા ‘સૌરાષ્ટ્ર’નો પરિચય

૬.૩ અમૃતલાલ શેઠ અને ‘સૌરાષ્ટ્ર’નું પત્રકારત્વ

૬.૪ ‘સૌરાષ્ટ્ર’

૬.૫ ‘સૌરાષ્ટ્ર’નું કાર્ય

૬.૬ ‘સૌરાષ્ટ્ર’માંથી ‘ફૂલછાબ’માં રૂપાંતર

પાદટીપ

## ૬.૧ પ્રસ્તાવના :

ખરેખર તો લખવું એટલે ટેબલ પર કાગળની થોકડી લઈને, કોઈ ખાસ અભ્યાસ, રખડપટ્ટી અને પરિશ્રમ વિના ઘસડી કાઢવું એવું માનનારા પત્રકારત્વના વિદ્યાર્થીઓને અને આજના પત્રકારત્વમાંના મોટાભાગના વર્ગને અમૃતલાલ શેઠ તેમજ તેમના 'સૌરાષ્ટ્ર' અખબારનો ઇતિહાસ શીખવવો ન જોઈએ ?

આ સવાલ હમણાં રાજકોટના એક કાર્યક્રમ વખતે ગપ–સપ દરમિયાન મિત્રોએ કર્યો હતો. એ જ વખતે 'જીવનપ્રકાશ'ના તંત્રી બિપીન દવેએ યાદ કરાવ્યું કે અમૃતલાલ શેઠનું જન્મ શતાબ્દિ વર્ષ હજુ હમણાં જ ૧૯૯૧માં વીતી ગયું ! રાજકોટમાં માંડ માંડ તેમની પ્રતિભા ઊભી કરવાનો નિર્ણય ૧૯૯૦માં લેવાયો તો હતો, પણ આજ સુધી એમાં ખાસ કશું થયું નથી.

ગુજરાતમાં સાહિત્ય પરિષદ અને સાહિત્ય અકાદમી જેવી માતબર સાહિત્યિક સંસ્થાઓ છે. આઠથી દશ જગ્યાએ પત્રકારત્વના અભ્યાસક્રમો ચાલે છે. ગુજરાત યુનિવર્સિટીમાં બે અભ્યાસક્રમો છે. હવે તો જિલ્લા સ્તરે અખબારો છે. ગુજરાતી ભાષા અને સાહિત્ય ભણાવનારા અધ્યાપકોની ઘણી મોટી સંખ્યા અને આકાશવાણી તથા દૂરદર્શનનો આવડો અસબાબ !

અમૃતલાલ શેઠના પત્રકારત્વે ગુજરાતી પત્રકારત્વમાં 'સૌરાષ્ટ્ર સ્કૂલ' સર્જી હતી, જેના નક્ષત્રો જેવા પત્રકારોમાં ઝવેરચંદ મેઘાણી, બાબુભાઈ વૈદ્ય, કક્લભાઈ કોઠારી, શામળદાસ ગાંધી, રવિશંકર મહેતા, મકરંદ દવે, 'સોપાન', મોહનભાઈ દવે (આદ્યતંત્રી 'જીવનપ્રકાશ') તેમજ 'શનિ' સરખા ધારદાર કાર્ટૂનિસ્ટનાં નામો લઈ શકાય. 'સૌરાષ્ટ્ર'ના પત્રકારત્વની લાક્ષણિકતાઓ, પત્રકારત્વના અભ્યાસીને માટે

સંશોધનનો ઘણો મોટો વિષય બની શકે તેમ છે. તેમણે બ્રિટિશ સામ્રાજ્યવાદની વિરોધ સંઘર્ષ કર્યો હતો, દેશી રજવાડાંઓની ગુલામી સામે લડાઈ આદરી હતી. કચ્છ–કાઠિયાવાડની રિયાસતોમાં જીવતા જનસમાજની પીડા અને મહત્ત્વાકાંક્ષાઓને ઉજાગર કરી હતી. સામાન્ય પ્રજામાં રહેલાં ખમીર, ખંત અને ખેલદિલીના મૂલ્યોની પીઠ થાબડી હતી. મેઘાણીએ લોકસાહિત્યની ખોજયાત્રા આરંભી અને ગ્રામવાસીની કન્યાનાં વેદના–ઉત્સવનાં ગીતોથી માંડીને નેક, ટેક અને ન્યાય માટે લડનારા બહારવટિયાઓની વાર્તાઓ સુધીનું ખેડાણ ર્યું તેનો સાહિત્ય સાથે તેમજ પત્રકારત્વની સાથેય અનુબંધ હતો. મધ્યયુગનાં આક્રમણોમાંથી જનસમાજમાં પથરાયેલી હતાશા–દૂરાશાને દૂર કરવા જેમ પ્રેમાનંદ જેવા માણભટ્ટોએ કથાકારોએ 'સમૂહ માધ્યમ'નો સબળ ઉપયોગ કર્યો હતો તેવી જ રીતે, બેવડી ગુલામીની દુર્દશાથી મૂંઝાયેલા જનસમૂહને બેઠો કરવાનું કામ આ સાહસિક પત્રકારોએ કરેલું. તેમાં અમૃતલાલ શેઠ આદ્ય રહ્યા હતા.

## ૬.૨ અમૃતલાલ શેઠ તથા 'સૌરાષ્ટ્ર'નો પરિચય :

અમૃતલાલ શેઠનો જન્મ તા. ૨૫મી ઓગષ્ટ, ૧૮૯૧ના રોજ લીંબડીમાં થયો હતો. ભણતા ભણતા 'મહીકાંઠા' અને 'રેવાકાંઠા'ના ખબરપત્રી બન્યા. હોર્નિમેનના 'બોમ્બે ક્રોનિકલ'માં 'સૌરાષ્ટ્રનો પત્ર' લખવો શરૂ કર્યા હતો.

૧૯૨૧ની બીજી ઓકટોબરે એમણે રાણપુરથી 'સૌરાષ્ટ્ર'નો આરંભ કર્યો હતો. જેમ ગુજરાતી પત્રકારત્વનું પારણું ઝૂલ્યું મુંબઈમાં ફર્દુનજી મર્ઝબાનના હાથે, તેમ તરુણાઈનો લલકાર ગૂંજ્યો રાણપુરથી. વ્યવસાયિકતા એ વખતે પત્રકારત્વમાં સાંગોપાંગ ભળી ગઈ નહોતી. અમૃતલાલ શેઠ પણ 'મિશન'નો જીવ હતા. રજવાડાંઓ અને મહારાજ્યની સામે લખતા રહ્યા. પરિણામ એ આવ્યું કે ૧૯૨૯માં એક વાર તંત્રીને એટલે કે અમૃતલાલ શેઠને લીંબડી રાજ્યમાંથી તડીપાર કરવામાં આવ્યા.

૧૯૨૯ના નોટિફીકેશન દ્વારા સમગ્ર પશ્ચિમ હિંદ, રાજસ્થાન, એજન્સીનાં થાણાંઓ, સિવિલ સ્ટેશનો અને રેલવેની હદમાં 'સૌરાષ્ટ્ર' અખબાર પર પ્રતિબંધ ફરમાવી દેવાયો. આવો બીજો આદેશ ૧૯૩૧માં લાગુ પાડવામાં આવ્યો. જેમાં જામનગર, મોરબી, ગોંડલ, જૂનાગઢ, ધ્રાંગધ્રા, ધોળ, વાંકાનેર, રાજકોટ, રાધનપુર અને લીંબડી રાજ્યોમાં 'સૌરાષ્ટ્ર' પત્રને અટકાવવામાં આવ્યું. ઝવેરચંદ મેઘાણીએ પોતે દોરેલા અને 'સૌરાષ્ટ્ર'માં છપાયેલા અમદાવાદનાં કોમી રમખાણોના કાર્ટૂન માટે કોર્ટમાં કેસ ચાલ્યો.

આજે સહેલાઈથી ભૂલી શકાય એવો આ ભૂતકાળ જોખમોથી ભરપૂર હતો, પણ અમૃતલાલ શેઠ અને તેમના સાથીઓ તો હતા કર્મશીલ પત્રકારો ! એટલે ૧૯૨૫માં મહાત્મા ગાંધી રાણપુર આવ્યા તો તેમના માનમાં સન્માનપત્ર તૈયાર કરાયું. ગાંધીજીને તેની જાણ થઈ તો કહ્યું : “અરે, આ તો મારાથી અનેક રીતે મોટા ગજાના માણસે (અમૃતલાલ શેઠે) તૈયાર ર્યું છે, એનો સ્વીકાર કઈ રીતે કરી શકું ?”[૧]

ચોથી એપ્રિલ, ૧૯૨૫ના રોજ રાણપુરમાં ગાંધીજીને અપાયેલું સન્માનપત્ર એ કોઈ પ્રકારના અંતર વિનાના સીધા સંબોધનનો રસપ્રદ દસ્તાવેજ છે. “રાણપુર વીર નારી અને જનેતા પાંચાળીના પિયર પાંચાલ પ્રદેશનું મુખદ્વાર છે.” એમ કહીને તેમાં એ દિવસનો (રામજન્મતિથિનો)યે સંકેત આપી દેવાયો છે. 'ઈશ્વરના ઘર તરફ એક ડગલું દેવાનું કૌવત મળે' એવી વાંછના સમગ્ર ગામે તેમાં અભિવ્યક્ત કરી હતી.

અમૃતલાલ શેઠે 'કાઠિયાવાડ રાજકીય પરિષદ'ને ગજાવી. ગાંધીજીની દાંડીકૂચ વખતે ધોલેરાની 'નમક કાનૂનના ભંગ'ની ચળવળને નેતૃત્વ આપ્યું. ૧૯૩૧ની ગોળમેજી પરિષદમાં પણ પહોંચ્યા. આ દરમિયાન 'સૌરાષ્ટ્ર'ની સામે કેટલાક કેસ થયા. એમાં 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' પાસેથી દસ હજાર વસૂલ કરવાનો ચુકાદો રસપ્રદ હતો.

૧૯૩૦માં ધોલેરા સત્યાગ્રહના એ પહેલા સત્યાગ્રહી. જેલ થઈ એટલે થોડો સમય 'સૌરાષ્ટ્ર' બંધ થયું.

૧૯૪૭માં ભારતની સ્વતંત્રતા સાથે રજવાડાંઓનો વિષય સમસ્યા બનીને આવ્યો. જૂનાગઢના નવાબે પાકિસ્તાન સાથે જોડાણની જાહેરાત કરી એટલે સ્થાનિક પ્રજા ખળભળી. 'આરઝી હકૂમત' રચાઈ. અમૃતલાલ શેઠે એ ચળવળને બળ પૂરું પા ું. આવું જ એક યાદગાર કાર્ય રંગૂન મોરચે આઝાદ હિંદ ફોજે જે પ્રચંડ સ્વાતંત્ર્ય જંગનો અધ્યાય રચ્યો તેની વિગતો અને દસ્તાવેજોના પ્રકાશનનો હતો. અમૃતલાલ શેઠના પત્રકારત્વે અંધારામાં ધકેલાઈ જવાની શક્યતા ધરાવતા કાલખંડને લોકો સમક્ષ પ્રસ્તુત કરી આપ્યો હતો.

અમૃતલાલ શેઠ હતા સાંગોપાંગ પત્રકારનો જીવ. રાજકારણમાં ખેંચતાણ અને મલિન સ્પર્ધાનો ભોગ તેઓ ન બન્યા હોત તો સ્વતંત્ર ભારતના કેન્દ્રિય પ્રધાનમંડળમાં મહત્ત્વનું સ્થાન ધરાવતા હોત, એવી એમના અંતરંગ સાથીદારોની માન્યતા છે. દુર્ભાગ્યે જીવનના અંત સુધીમાં એમણે કંઈક વિવાદો સર્જ્યા. ૧૯૨૬માં મુંબઈ વિધાનસભામાં અમદાવાદ જિલ્લાના પ્રતિનિધિ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. ૧૯૨૮માં બારડોલી જંગમાં કૂદી પ ।. અને વિધાનસભ્ય તરીકે રાજીનામું આપી દીધું.

૧૯૩૦માં પહેલીવાર સત્યાગ્રહ દરમિયાનના જેલવાસથી 'સૌરાષ્ટ્ર' બંધ પ ું, ફરી શરૂ થયું. ૧૯૩૨માં ધૂળિયા જેલમાં રાજકીય કેદી બન્યા એટલે 'સૌરાષ્ટ્ર' ફરી બંધ થયું ને તેનો પુનર્જન્મ 'ફૂલછાબ' તેમજ 'રોશની' સ્વરૂપે થયો. ૧૯૩૪માં મુંબઈથી 'ધન સન' નામે અંગ્રેજી દૈનિક શરૂ કરવાનું સાહસ વ્હોરી લીધું. આ દરમિયાન 'જન્મભૂમિ'ના શ્રીગણેશ કર્યા. દરમિયાન એમણે વિશ્લેષણ કરવાનું રાખ્યું હતું. પોતે

મહાસભાના કાર્યકર્તા, ગાંધીજીના ભક્ત ખરા પણ વિશ્લેષણમાં નીરક્ષીર વિવેક દાખવે. 'સૌરાષ્ટ્ર' પત્રમાં ગાંધીજીની આલોચના પણ થતી હતી.

ગવર્નરના એજન્ટ વોટસને આપેલા એક ચુકાદાનો એમણે બરાબર ઉધડો લીધો હતો. તીર્થધામના વેરા વળી શાના ? એવો સવાલ આ સંદર્ભે એમણે ૧૯૨૬ની ૨૪ જુલાઈના તંત્રીલેખમાં ઉઠાવ્યો હતો. વડોદરાના સયાજીરાવ ગાયકવાડે પ્રજાને લાયક બનવાનું કહ્યું તેના પર અમૃતલાલ શેઠ વરસી પ ા હતા કે અમે સાત કરોડ રજવાડાંવાસી પ્રજા જ નાલાયક છીએ નહિતર અમારા સયાજીરાવે વરસના દસ મહિના યુરોપના પાટનગરોમાં અને ગ્રીષ્મ ભવનોમાં વિલાસ કઈ રીતે માણી શકે ? પતિયાળા, અલ્વર, લીંબડી, ધ્રાંગધ્રા, કચ્છ, જ્યાં જ્યાં રાજ રજવાડાઓમાં નાદાનિયત નિહાળી 'સૌરાષ્ટ્ર'નાં પાનાં ખળભળે છે.

રાજકીય પરિષદો વિશે એમણે લખ્યું છે. નાનાં ગામડાંઓનો પ્રવાસ કરીને તેની દારુણ દુર્દશાનો ચિતાર આપતું 'વિકાસલક્ષી પત્રકારત્વ' શેઠે ખે ું હતું. દુકાળ, ભ્રષ્ટાચાર, સત્યાગ્રહ, ગૌહત્યા, પશુધન, ગોળમેજી પરિષદો, મેળાવડા, અધિવેશનો વગેરે તેમના તંત્રીલેખોના વિષયો રહ્યા હતા. તેના ચોટદાર મથાળાના આ નમૂના છે : 'રખડુ રાજા', 'હા, અમે નાલાયક છીએ !', 'અલ્વર જતી કન્યાને બચાવો'.

"પરિષદના પ્રતિનિધિ તરીકે ગોળમેજી પરિષદમાં ભાગ લેવા લંડન ગયા. આફ્રિકાના ભારતીય કોંગ્રેસ અધિવેશનમાં હાજરી આપીને ભારત આવ્યા ત્યારે ફરીથી એમની ધરપકડ થઈ અને બે વર્ષની સજા થઈ. ૧૯૩૪માં મુંબઈમાં 'જન્મભૂમિ' અને 'ડેઈલીસન' તેમજ 'લોકમાન્ય' પણ ચલાવ્યું. લોકક્રાંતિ માટે આરઝી હકૂમત ઊભી કરવામાં પણ તેઓ અગ્રેસર રહ્યા. લોકસેવાનાં અનેકવિધ ક્ષેત્રોમાં તેમનું પ્રદાન નોંધપાત્ર રહ્યું છે. તેઓ બહુમુખી પ્રતિભા ધરાવતા ગુજરાતી પત્રકારત્વના આદ્ય

ઘડવૈયા હતા. ગુજરાતનાં અખબારોમાં જોવા મળતી વિવિધ વાંચનસામગ્રી અને તેના વિવિધ વિભાગોની કલ્પના વિજ્ઞાનનું મહત્ત્વ એમણે બિછાવ્યું હતું.

'સૌરાષ્ટ્ર'ના નવા અવતાર સમા 'ફૂલછાબ' અને 'જન્મભૂમિ' જેવાં લોકપ્રિય વર્તમાનપત્રોના જનક હતા અમૃતલાલ શેઠ. પ્રખર વક્તા, કુશળ સંયોજક, લડવૈયા, દૂરંદેશી અને આત્મસૂઝ ધરાવનાર નીડર પત્રકાર હયાત ન હોવા છતાં આજે પણ નીડર પત્રકારને સૌરાષ્ટ્રના લોકો યાદ કરે છે."[૨]

'સૌરાષ્ટ્ર'ના પત્રકારત્વને સમગ્ર રીતે પ્રકાશિત થવાનું બાકી છે; એ થવું જોઈએ. આમાંથી નવા અને સંઘર્ષશીલ પત્રકારોને ઘણું બધું શીખવાનું મળી રહેશે. ૧૯૭૫–૭૬ના સેન્સરશિપ વિરોધી દિવસોમાં જેલવાસ દરમિયાન ભાવનગર જેલમાં 'સૌરાષ્ટ્ર' પત્રની મૂલ્યવાન ફાઈલોના વાંચન અધ્યાયને કેવું બળ પૂરું પા ું હતું તેનો મને સ્વાનુભવ છે.

'સૌરાષ્ટ્ર'ના પ્રારંભે (બીજી ઓકટોબર, ૧૯૨૧) તંત્રીલેખમાં નિખાલસતા અને પ્રદેશવાદના આરોપની પરવા વિના શેઠે લખ્યું હતું : "અમારો આશય 'સૌરાષ્ટ્ર'નું હિત સાધવાનો છે. આ કામ અમે નિર્ભયતાથી કરીશું." રાજાઓને એમણે એ જ તંત્રીલેખમાં ૧૯૪૭નો અણસાર આપ્યો હતો : "સમય બદલાઈ ગયો છે. પ્રજા પોતાના બળને સામાની નબળાઈ પારખી ગઈ છે. રાજાઓ સવેળા તેને લક્ષમાં નહીં લે તો 'ન જાને, જાનકીનાથે, પ્રભાતે કિમ ભવિષ્યતિ !'" છઠ્ઠા વર્ષે તો મેઘાણીનો આત્મા તંત્રીલેખમાં વ્યક્ત થાય છે : "હે નાથ ! જેને તું તારી પતાકા આપે છે તેને તે પતાકા ઉપાડવાની શક્તિ પણ આપજે !"[૩]

'સૌરાષ્ટ્ર' અખબાર શરૂ કરવા શિક્ષકપુત્ર અમૃતલાલની પાસે નાણાં નહોતાં. એક બેઠકમાં ૨૫,૦૦૦/– મળ્યા અને એમણે આ સાપ્તાહિક શરૂ ર્યું. ૧૯૩૪માં 'જન્મભૂમિ' પણ એમ જ આરંભાયું. ૧૯૨૨માં લીંબડી રાજ્યે એમને હદપાર કર્યા તેનો 'સૌરાષ્ટ્ર'નો વધારો બહાર પા ો હતો. દેશી રજવાડાંઓ વિશે એમણે ખુલ્લી રીતે લખ્યું હતું. 'કોંગ્રેસનાં અધિવેશનો', 'સત્યનો રાહ વિષનો પ્યાલો', 'સામ્રાજ્યની શતરંજ', 'જાગતા રે'જો', 'નરસિંહ મહેતાનું ગાડું', 'રાજ્યરંગ', 'મુક્તિનો ઉત્સવ', 'ચાલો ધાલેરા'.

૧૯૩૬માં આ ધૂંવાધાર સાર્વજનિક જીવનથી અલગ થઈને વહાણવટા વ્યવસાયમાં જોતરાયા. ચીનનો પ્રવાસ કર્યો. પાછા વળ્યા અને 'જન્મભૂમિ' હાથમાં લીધું. 'ભારત છોડો' ચળવળમાં ઝુકાવ્યું. રંગૂન પહોંચ્યા. આઝાદ હિંદ ફોજનાં ઐતિહાસિક તથ્યો પ્રાપ્ત કર્યાં. પાછા આવીને તેનું પ્રકાશન ર્યું.

૧૯૪૯ સુધી એમણે પત્રકારત્વ અને સાર્વજનિક જીવનના રણક્ષેત્રને જાળવી રાખ્યું, અને ૧૯૫૪ની ૩૦મી જુલાઈએ આ ફાની દુનિયાની વિદાય લીધી.

લીંબડીએ એક બીજા સશસ્ત્ર રાષ્ટ્રભક્ત ક્રાંતિકારી પણ આપ્યા તે બેરિસ્ટર સરદારસિંહ રાણા. એમનો જન્મ ૧૮૭૦માં થયો હતો. એમણે કંથારિયા અને ઇગ્લેન્ડ–ફ્રાન્સમાં રહીને સ્વાતંત્ર્ય ચળવળ આગળ ધપાવી હતી.

## ૬.૩ અમૃતલાલ શેઠ અને 'સૌરાષ્ટ્ર'નું પત્રકારત્વ :

"એ દિવસોમાં સ્વરક્ષણ માટે છ ભડાકાની એક નાની પિસ્તોલ હું કાયમ રાખતો. ઓફિસમાં મોટી બંદૂક રાખતો. કોઈ કોઈ વાર ભર વરસાદમાં રોજની ત્રીસ–ચાલીસ માઈલની ઘોડેસવારી કરતો અને એમ ત્રણચાર દિવસનો પ્રવાસ કરીને મારી

જાતતપાસથી શુદ્ધ થઈ આવેલી બાતમીઓ મારા અખબારમાં પ્રસિદ્ધ કરતો. રાજાઓ, અધિકારીઓ તેનાથી થથરી ઊઠતા. જ્યાં જાઉં ત્યાં છડેચોક જતો, ગુપ્તવેશે કદી ગયો નથી."[૪]

હિંમતભાઈ મહેતાએ નોંધેલા આ શબ્દો આપણા ગુજરાતી પત્રકારના છે. માંડ સાત દાયકા પૂર્વે ધૂળિયા ગામ રાણપુરથી આરંભાયેલા 'સૌરાષ્ટ્ર'માં તેના તંત્રી અમૃતલાલ શેઠે આમ કહ્યું હતું. આજના 'સંશોધનાત્મક પત્રકારત્વ'ની અતિચર્ચા વખતે કામ લાગે એવા શબ્દો !

થોડાક દિવસો પહેલાં દૂરદર્શન પર મધુ કિશ્વરે ખ્યાત પત્રકાર કુલદીપ નાયરની મુલાકાત લીધી તેમાં પૂછયું હતું કે, પંજાબમાં ત્રાસવાદ અને આંતકવાદના વાતાવરણમાં પત્રકાર તરીકે કોઈ અસલામતીનો અનુભવ કર્યો ખરો ? કુલદીપ નાયરે નિખાલસતાથી કહ્યું કે એવું ખાસ જોખમ મેં ઊઠાવ્યું નથી, પણ એવું લાગે છે કે સ્થાનિક પત્રકારોને આંતકનો સામનો અહર્નિશ કરવો પડતો હોય !

૧૯૮૪ના 'ઓપરેશન બ્લ્યુ સ્ટાર' વખતે અમૃતસરથી પાછા ફરતાં જાલંધર અને લુધિયાણા જવાનું થયું હતું ત્યારે મેં ત્યાંના 'પંજાબ કેસરી' અખબારના કાર્યાલયની મુલાકાત લીધી હતી. તેના માલિક તંત્રી લાલા જગતનારાયણની હત્યા ક્યારની થઈ ચૂકી હતી, પણ એવી કલ્પના નહીં કે પિતાના પગલે પુત્ર રમેશચંદ્રનેય મારી નાંખવામાં આવશે ! આખું કાર્યાલય સખત સુરક્ષા હેઠળ હતું. 'મેટલ ડિટેક્ટર'માંથી પસાર થઈને અંદર જવાનું થયું અને રમેશચંદ્ર તેમજ તેમના મોટાભાઈની સાથે ઠીક ઠીક કાશ્મીરમાં આતંકવાદની વચ્ચે કલમની આગ પ્રગટાવવી મહામુશ્કેલ હતી !

શું આવું વાતાવરણ સાંઠ–સિત્તેર વર્ષ પહેલાં સૌરાષ્ટ્રમાં પણ હતું ? તેવા સમયે રાણપુરમાં ધૂણી ધખાવનાર અમૃતલાલ દલપતભાઈ શેઠ અને પછીથી 'લિખિતંગ : હું

આવું છું' કહીને કલકત્તાની નોકરી છોડી રાણપુર પહોંચેલા ઝવેરચંદ મેઘાણી કઈ રીતે જીવ્યા અને ઝઝૂમ્યા હશે ?

'સૌરાષ્ટ્ર'ના પત્રકારત્વના પ્રારંભિક ઇતિહાસની વિગતો પરથી સમજાશે કે સૌરાષ્ટ્રનાં પ્રારંભનાં પત્રોમાંથી મોટાભાગનાં રાજ્યાશ્રિત હતાં, અથવા રાજ્યના અનુમોદનની અપેક્ષાએ ચાલતાં હતાં. એ પત્રો સીધી રીતે રાજ્યની મદદ ન મેળવતાં હોય તો પણ રાજ્ય જે કંઈ કરે તે નીતિની સાથે રહીને જ એમણે પત્ર ચલાવવાનું છે એવી ધારણા સાથે એ પત્રો ચાલ્યાં. એમાંથી કોઈ પત્રની રાજ્યની ટીકા કરવાની કે એની ત્રુટિઓ તરફ નિર્દેશ કરવાની કોઈ તૈયારી નહોતી. બીજી તરફ એ પત્રોનો ઢાંચો મુખ્યત્વે રૂઢિચુસ્ત રહ્યો અને નર્મદના 'ડાંડિયો'ની જેમ સામાજિક રૂઢિદાસ્ય સામે પડવાની પણ એમાંથી કોઈની તૈયારી નહોતી, અને એની પાછળ પણ સૌરાષ્ટ્રની આ સામંતશાહી પ્રથા અને એમાંથી બંધાઈ ગયેલા સામંતશાહી મૂલ્યોનું જ કારણ હતું.

'સૌરાષ્ટ્ર દર્પણ' હોય કે 'વસંત વિલાસ' હોય કે પછી મણિલાલનું 'પ્રિયંવદા' હોય કે 'કાઠિયાવાડ ટાઈમ્સ' હોય. આ બધાં પત્રોનું મુખ્ય પ્રદાન જ્ઞાન અને માહિતીનો પ્રસાર કરવાનું રહ્યું. એમની ઐતિહાસિક ભૂમિકાનો કોઈ ઈન્કાર થઈ શકે તેમ નથી, તેમ એમના મર્યાદિત ઉદ્દેશ અને કાર્યક્ષેત્ર અંગે પણ બે મત હોઈ શકે નહીં. એ સમયનાં ગુજરાતનાં પત્રોનો ઢાંચો અને સૌરાષ્ટ્રનાં પત્રોનું માળખું, એ બંનેમાં સ્પષ્ટપણે જોઈ શકાય, પારખી શકાય તેવી ભેદરેખા હતી, જે પછી પણ ચાલુ રહી, અને આજે પણ અમુક અંશે ચાલુ રહ્યાનું જોઈ શકાય છે.

આ સંદર્ભમાં સૌરાષ્ટ્રમાં જોમવંતા, નીડર અને પ્રજાલક્ષી પત્રકારત્વનું મંડાણ અમૃતલાલ દલપતભાઈ શેઠના 'સૌરાષ્ટ્ર'ના પ્રારંભથી થાય છે. સને ૧૯૨૧ની બીજી ઓકટોબરે એટલે કે (મહાત્મા ગાંધીજીના જન્મદિને) સૌરાષ્ટ્રના રાણપુર નામના

નાનકડા ગામમાંથી 'સૌરાષ્ટ્ર'નો પ્રારંભ થયો અને આ પત્રે તથા એના સ્થાપક અમૃતલાલ શેઠે સમગ્ર સૌરાષ્ટ્ર જ નહીં પણ ગુજરાત અને દેશના પત્રકારત્વના ઇતિહાસમાં એક નવો સીમાસ્તંભ સ્થાપ્યો. એણે સૌરાષ્ટ્રના પત્રકારત્વનું સમગ્ર ક્લેવર ધરમૂળથી બદલી નાખ્યું, અને પત્રકારત્વને એક નવી વ્યાખ્યા આપી, નવો સંદર્ભ આપ્યો અને સૌરાષ્ટ્રનાં દેશી રજવાડાંના પ્રભાવના ઘેન હેઠળ લગભગ સુસ્ત અને નિષ્પ્રાણ બની ગયેલા પત્રકારત્વમાં જોમ રે ું અને એ અખબારોને ચેતનવંતા બનાવ્યાં.

૨૫મી ઓગષ્ટ, ૧૮૯૧ના રોજ લીંબડીમાં જન્મેલા, 'જુઠાણાવાળો' વકીલાતનો ધંધો મારાથી નહીં થાય, એમ કહીને એ છોડીને લીંબડીના મેજિસ્ટ્રેટ બનેલા શેઠે પાછળથી એ પણ છોડીને એક પણ પૈસો મળવાની જેમાં ગુંજાઈશ નહોતી, પણ હોય તે ગુમાવવાની અને રાજવીઓની આંખે ચડવાની તથા સમગ્ર જીવન અને કારકિર્દી જોખમમાં મુકાવાની જેમાં બીક હતી તેવો પત્રકારત્વનો કંટકવાળો પંથ શા માટે પસંદ કર્યો ? એમના પોતાના જ શબ્દોમાં જોઈએ : "બન્યું એમ કે સૌરાષ્ટ્રભરમાં ચાલી રહેલી મહાત્માજીની પ્રવૃત્તિમાં ધ્રાંગધ્રા રાજ્યની રાજધાની ધ્રાંગધ્રામાં ત્યાંના જુવાનવર્ગે ખાદી પ્રવૃત્તિ શરૂ કરી હતી. ધ્રાંગધ્રાના દીવાન માનસિંહજીની કરડી નજર એ પ્રવૃત્તિ ઉપર પડી. તેથી પોલિસે રેંટિયા તોડી નાખ્યા, અને એ પ્રવૃત્તિ કરનાર જુવાનો ઉપર ત્રાસનું રાજ્ય શરૂ ર્યું. એ બધું શું થઈ રહ્યું છે, તેની સ્થાનિક તપાસ કરવા અને પ્રવૃત્તિને યોગ્ય સહાય અને રાહબરી આપવા કાઠિયાવાડ રાજકીય પરિષદની કાર્યવાહક સમિતિની બેઠક ધ્રાંગધ્રા ખાતે બોલાવવામાં આવી.

ધ્રાંગધ્રાના રેલવે સ્ટેશન ઉપર રાજ્ય તરફથી અમારો સૌનો સત્કાર કરવામાં આવ્યો. રાજ્યના સુશોભિત વાહનોમાં બેસાડી રાજ્યના અતિથિગૃહમાં અમને માનપૂર્વ ઉતારવામાં આવ્યા, અને પછી તુરત જ સમસ્ત અતિથિગૃહને રાજ્યની પોલીસે ઘેરી

લીધું. ધ્રાંગધ્રા રાજ્યના અમલદારો સિવાય કોઈ ચકલું અમારી પાસે ફરકી શકે નહીં અને અમે કોઈ બહાર પગ મૂકી શકીએ નહીં ! આ બનાવના વૃત્તાંતો તૈયાર કરીને અમે રાજકોટ અને મુંબઈના વર્તમાનપત્રોમાં રવાના કર્યા. રાજકોટના વર્તમાનપત્રો એ તો કશું જ પ્રસિદ્ધ ન કર્યું, પણ મુંબઈના વર્તમાનપત્રોએ પણ નહીં જેવી પ્રસિદ્ધિ આપી. એ સ્થિતિ જોઈને અમારો પુણ્યપ્રકોપ પ્રકટી નીકળ્યો અને આ જુલ્મ જહાંગીરીનો પ્રચાર કરવા માટે અમે મુંબઈ આવી પહોંચ્યા."[૫]

મુંબઈમાં એક જાહેરસભા કરી તેમાં લગભગ એક કલાક સુધી લાંબુ અને દર્દભર્યું હું બોલ્યો. એનો મર્મભાગ આ મતલબનો છે : "આ પ્રકારનાં વર્તમાનનપત્રોથી દેશસેવા થઈ શકશે નહિ. જો દેશસેવા કરવી હશે તો નવાં વર્તમાનપત્રો સ્થાપવા પડશે, નવી ભાષામાં લખવા પડશે. એ વર્તમાનપત્રો આજની કાળી શાહીથી નહીં લખાય, એ તો લખાશે અમારા લોહીની લાલ શાહીથી. એ વર્તમાનપત્રો ધ્રાંગધ્રાના આવા બનાવો જોયા પછી પણ મૂંગા મરી નહીં રહે. એનાં દુઃખના, વેદનાના, બળવાના પોકારથી ધરતી ધણધણી ઊઠશે, રાજાઓનાં દિલ થરથરશે અને એમનાં સિંહાસનો ડોલવા માંડશે. પ્રજાકલ્યાણના નવા યજ્ઞો અમે વર્તમાનપત્રોના કાર્યાલયોમાં માંડીશું."[૬]

આમ, અમૃતલાલ શેઠે આ સમયનાં સૌરાષ્ટ્રનાં વર્તમાનપત્રોની કાયરતા સામે એમના મનમાં જાગેલા પ્રકોપને વાચા આપી, અને એટલેથી બેસી ન રહેતાં પોતે સક્રિય બનીને સાચું વર્તમાનપત્ર કોને કહેવાય, એની પોતાના મનમાં જે કલ્પના હતી, તે ખુદ સાકાર કરી બતાવી, અને મુંબઈની સભામાંના એમના વક્તવ્યનો એક એક શબ્દ સાચો ઠરાવ્યો. એમના પત્રોએ ખરેખર રાજાઓનાં દિલ થરથરાવ્યાં, એમનાં સિંહાસનો ડોલાવ્યાં અને પ્રજાકલ્યાણનો યજ્ઞ માં ો.

વર્તમાનપત્ર કાઢવા માટે પૈસા જોઈએ, એ જમાનામાં અલબત્ત, અખબારોનું સંચાલન આજના જેવું મોઘું નહોતું, પણ અમૃતલાલ શેઠ બહારના પ્રેસમાં પોતાનું છાપું છપાવી શકે એવી સ્થિતિ નહોતી. કારણ કે એમને તો જ્યાં દેશી રાજ્યનું શાસન ન હોય અને બ્રિટિશ એજન્સીની સીધી હકુમત હોય એવું સ્થળ પસંદ કરવાનું હતું, દેશી રાજ્યમાંથી છાપું કાઢે તો એનું બાળમરણ જ થાય. આથી એમણે રાણપુરની પસંદગી કરી. રાણપુર નાનું ગામ એટલે એમાં છાપખાનાં એ યુગમાં ન હોય એ સ્વાભાવિક છે. આથી છાપું ચલાવવા માટે પોતાનું પ્રેસ હોવું અનિવાર્ય અને એ ખરીદવા માટે થોડા હજાર રૂપિયાની જરૂર પડે. આથી મુંબઈની એ સભા પછી તરત જ ત્યાં બેઠેલા થોડા શ્રીમંત મિત્રોએ અમૃતલાલ શેઠને ટોણો માર્યો કે તમારો સૌરાષ્ટ્રનાં છાપાં સામે આટલો વિરોધ છે, તો તમે જ છાપું કાઢોને ? અમૃતલાલે એને માટે પૈસા જોઈએ, એવી વાત કહી કે તરત જ એ મિત્રોએ પચીસ હજાર રૂપિયા આપવાની તૈયારી બતાવી, અને આમ થોડી મિનિટોમાં જ સૌરાષ્ટ્રના પત્રકારત્વને વળાંક આપનારો નિર્ણય લેવાઈ ગયો. અમૃતલાલ શેઠે લીંબડીમાંથી એક જુનું પ્રેસ ખરીદી લીધું અને એના જ માણસોને સાથે લઈને રાણપુરમાંથી 'સૌરાષ્ટ્ર'ના પ્રકાશનનો પ્રારંભ કરી દીધો.

પત્રકારત્વના ક્ષેત્રમાં પ્રવેશવા થનગનતા સેંકડો યુવાનોને શીખ અને પ્રેરણા મળે એવો 'સૌરાષ્ટ્ર'નો એ કાળ હતો. આધુનિક સાધન સગવડોથી વંચિત એવા નાના શહેરોમાંથી એ જમાનામાં છાપું ચલાવવું એ ખાંડાના ખેલ જેવી વાત હતી. 'સૌરાષ્ટ્ર' જે ટ્રેડલ મશીન ઉપર છપાતું, એ હાથેથી ચલાવવું પડતું, અને અમૃતલાલ શેઠ એનો મશીનમેન ચકરડું ફેરવીને થાકી જાય, ત્યારે પોતે એને એમાં મદદ કરતા. એમના જ શબ્દોમાં – "પેપર છપાઈ રહે ત્યારે અમે બધા રીતસર લાઈનસર બેસી જઈએ. પેપરની થપીઓ કરીએ, એના ઉપર રેપરો વીંટીએ, ઉપર ટિકિટો ચોડીએ અને સામે જ પોસ્ટ ઓફિસ હતી ત્યાં ખાંધે કોથળો નાખી પહોંચાડી આવીએ !"[૭]

અમૃતલાલ શેઠ પત્રકારત્વને કોઈ ધંધો, ઉદ્યોગ કે વ્યવસાય નહીં પણ અગાઉ કહ્યું તેમ લોકકલ્યાણના એક યજ્ઞ તરીકે ગણતા. યજ્ઞમાં એમણે પોતાની જાત, પોતાનું સર્વસ્વ હોમી દીધું. તેઓ પોતે નોંધે છે તેમ, "'સૌરાષ્ટ્ર'નું અમારું પત્રકારત્વ એક દેવમંદિર હતું, ત્યાં સેવાભાવનું સંગીત ગુંજતું. આદર્શોની પૂજા અર્ચના થતી .... ત્યાગનાં અને બલિદાનનાં પુષ્પો ચડાવાતાં, સેવા જીવનના ઘંટારવ થતા. લડાઈના શંખો ફૂંકાતા અને એ મંદિરે આવતા દર્શનાતુરોને આરતી સાથે ફૂલની પાંખડીઓની ભેટ થતી."[૮]

સ્વાતંત્ર્ય પહેલાંના ભારતીય પત્રકારત્વનું મુખ્ય ધ્યેય આઝાદીની પ્રાપ્તિનું હતું. એ અર્થે આપણા મોટાભાગના રાષ્ટ્રીય નેતાઓ પત્રકાર પણ બન્યા હતા, અને લોકો સુધી સ્વાતંત્ર્યનો સંદેશો પહોંચાડવાના પ્રબળ માધ્યમ તરીકે અખબારનો ઉપયોગ કરેલો. આમ છતાં, સૌરાષ્ટ્ર દેશભરમાં દેશી રજવાડાનું મોટું કેન્દ્ર હોવાથી અહીં આઝાદીની લડત દેશના બીજા ભાગો જેટલી વેગવંતી નહોતી બની.

રાજવીઓના આ વર્ચસ્વને તોડીને સૌરાષ્ટ્રની પ્રજાને દેશના રાષ્ટ્રીય પ્રવાહમાં સામેલ કરવાનો અમૃતલાલ શેઠનો હેતુ હતો. પણ અહીં બીજી મુશ્કેલી એ હતી કે સૌરાષ્ટ્રના મોટાભાગના પ્રશ્નો બ્રિટિશ હકુમતના શાસનમાંથી નહીં, પણ દેશી રાજવીઓના મનસ્વી વહીવટમાંથી ઉદ્ભવતા હતા. આથી અમૃતલાલ શેઠ અને તેમનાં પત્રોનું મુખ્ય ધ્યાન રાજવીઓના શાસન તરફ જ રહ્યું, અને એમના જુલ્મો હેઠળ કચડાતી પ્રજાના પ્રશ્નોને વાચા આપવામાં જ એમની મોટાભાગની શક્તિ ખર્ચાતી રહી. આમ, આ સંદર્ભમાં જોવાથી સમજાશે કે સૌરાષ્ટ્રનું પત્રકારત્વ ગુજરાત અને બીજા પ્રાંતોના પત્રકારત્વથી આગવું કેમ હતું.

અમૃતલાલ શેઠે રાણપુરમાં પોતાના ધ્યેયમાં જેમનો ટેકો હોય એવા બીજા અનેક લોકોને એકઠા કર્યા, જેમાંથી મોટાભાગના પાછળથી મહાન પત્રકારો તરીકે નામના પામ્યા. આ મંડળીમાં ઝવેરચંદ મેઘાણી, કકલભાઈ કોઠારી, ગુણવંતરાય આચાર્ય, ભીમજીભાઈ 'સુશીલ', હરગોવિંદ પં ા વગેરે અનેક લોકો સામેલ હતા. આ બધાએ પોતાનું કુટુંબ, ધંધો, રોજગાર બધું છોડીને પત્રકારત્વને જ પોતાનું જીવન બનાવ્યું. 'સૌરાષ્ટ્ર'ના કાર્યાલયને એ સમયે 'સૌરાષ્ટ્ર આશ્રમ' એવું નામ આપવામાં આવેલું અને આ નામ વાસ્તવમાં સાર્થક હતું. એમાં જે પ્રવૃત્તિ થતી, એ આશ્રમની જ પ્રવૃત્તિ હતી. આ આશ્રમ લોકકલ્યાણ અને લોકજાગૃતિની અનેક પ્રવૃત્તિઓનું વર્ષો સુધી કેન્દ્ર બની રહ્યું અને એના સંચાલકો સમગ્ર સૌરાષ્ટ્રને સાંસ્કૃતિક અને રાજકીય દોરવણી આપતા રહ્યા. આ કાર્ય સરળ નહોતું, એમાં જાતનું જોખમ હતું, અને જેલમાં સબડવાની શક્યતા હતી. આ બધાં વિઘ્નોનો સામનો આ કલમનવેશોએ બહાદુરીથી કર્યો.

આ બધા માણસો ભેખધારી હતા. એમાંથી કોઈએ વકીલાત છોડી હતી, તો કોઈએ શિક્ષકનો વ્યવસાય છો ો હતો. એમના મનમાં દેશદાઝ હતી અને જુલ્મશાહીમાંથી નિર્દોષ પ્રજાજનોને મુક્ત કરાવવાની તમન્ના હતી. એ સૌ પોતાના ઘરબાર, કુટુંબ–કબીલાને છોડીને, રાણપુર જેવા નાનકડા ગામમાં દુઃખી થવા માટે એકઠા થયા હતા. ત્યાં સૌ હાથે રાંધીને ખાતા અને નીચે જમીન ઉપર બેસીને લેખો લખતા. આ નિષ્ઠા, આ ત્યાગ અને આ બલિદાનની ભાવના અપૂર્વ હતી, અને આપણા પત્રકારત્વના ઇતિહાસની એ યશકલગી હતી. પત્રકારત્વના ક્ષેત્રમાં વ્યાપારીકરણ જેમ જેમ વધુ પ્રવેશ કરશે, તેમ તેમ આ નિષ્ઠાનું મૂલ્ય વધુને વધુ સમજાશે અને એની વધુને વધુ નોંધ લેવાશે.

"ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસને માટે 'સૌરાષ્ટ્ર'નું પત્રકારત્વ એક આગવા અધ્યાયનું સામગ્રીભાથું છે. તેનું પૂરું સંશોધન અને અભ્યાસ તો થવો જ જોઈએ. થોડાક વર્ષ પૂર્વે રાણપુરની મુલાકાતે ગયો ત્યારે આ જર્જરિત અને ઉદાસ ગામના ખાડા–ખબડાવાળા માર્ગે એક હોસ્પિટલ અમૃતલાલ શેઠની સ્મૃતિમાં ઊભેલી જોવા મળી હતી. વાસ્તવમાં આ સ્થાને 'સૌરાષ્ટ્ર'ના સમગ્ર પત્રકારત્વનું એક સંશોધન કેન્દ્ર થવું જોઈએ. ગુજરાતી પત્રકારત્વનું આ તીર્થસ્થાન છે. એવી જ રીતે દશ–બાર સ્થાનોએ જ્યાં પત્રકારત્વ ભણાવાય છે તેમાં એક અલગ વિષય તરીકે સમગ્ર સૌરાષ્ટ્રની પત્રકારિતાને ભણાવવાનીયે આવશ્યક્તા છે. ગુજરાતના રાજકીય સૂત્રધારોને એક નાનકડી વાત સૂચવવાનું મન થાય છે. ગાંધીનગરની વિધાનસભા લોબીમાં કેટલાક મહાપુરુષોનાં ચિત્રો મૂકવામાં આવ્યાં છે. થોડાંક વર્ષ પર પ્રયત્નો થતા તેમાં પંડિત શ્યામજી કૃષ્ણવર્માના તેલચિત્રોનો ઉમેરો થયો હતો. અમૃતલાલ શેઠ અને ફર્દુનજી મર્ઝબાન – એ બે ગુજરાતી પત્રકારત્વના સંઘર્ષપુરુષો હતા, એ બન્નેનાં ચિત્રોથી પણ વિધાનગૃહ શોભવું જોઈએ. ગુજરાતી પ્રજા સ્મરણદ્રોહી ન બની શકે."[૯]

અગાઉ ઉલ્લેખ કર્યો તેમ અમૃતલાલ શેઠનો જન્મ લીંબડીમાં ૨૫–૮–૧૮૯૧ના રોજ એક સાધારણ કુટુંબમાં થયેલો. એમના પિતા સાધારણ પગાર મેળવતા શિક્ષક હતા. પરિણામે અમૃતલાલને મેટ્રિકથી આગળ ભણાવી શકે એમ નહોતા. આથી, અમૃતલાલે પણ મેટ્રિક પાસ કરીને શિક્ષકની નોકરી શરૂ કરી હતી. આમ છતાં, શિક્ષકની નોકરીથી એમને સંતોષ થાય એમ નહોતો. એમના મનમાં આગળ આવવાની અને કંઈક કરવાની તમન્ના હતી, એટલે નોકરી કરતાં કરતાં એમણે વકીલાતનો અભ્યાસ કર્યો અને ધીમે ધીમે વકીલાતની પદવી મેળવીને પછી પ્રેક્ટીસ શરૂ કરી, પણ થોડા સમયમાં જ વકીલાતના ધંધામાં જે ખોટી જુબાનીઓ અને દલીલો ઊભી કરવી પડે છે, એ જોઈને

એમનો સિદ્ધાંતપ્રિય આત્મા કકળી ઊઠ્યો, અને એમણે ધીકતી વકીલાત છોડી દીધી. આમ, એમનામાં સત્યપ્રિયતાની અને સિદ્ધાંતનિષ્ઠાની વૃત્તિ કેટલી ઉગ્રપણે પડેલી હતી તે એમના જીવનના આ નોંધપાત્ર પ્રસંગમાંથી જોઈ શકાય છે. આવી વ્યક્તિ પત્રકારત્વમાં પણ ખોટાં મૂલ્યો અને ખોટી નીતિઓ ચલાવી શકે જ નહીં, એવી નિશ્ચિતપણે અપેક્ષા રાખી શકાય, અને એ અપેક્ષા પાછળથી પત્રકાર તરીકેની પોતાની કારકિર્દીમાં સાચી ઠેરવી.

ઈ.સ. ૧૯૧૮માં અમૃતલાલ શેઠે વકીલાત છોડીને લીંબડી રાજ્યનું ન્યાયાધીશપણું ધારણ ર્યું હતું, એમ લાભુબેન મહેતા એમના પુસ્તક ‘મારા જીકાકા, મારું રાણપુર’ (પૃ. ૨)માં નોંધે છે : “આ ન્યાયાધીશી દરમિયાન પણ એમનું સમગ્ર ધ્યાન તો લોકકલ્યાણ અને લોકજાગૃતિનાં કાર્યો તરફ જ રહ્યું. એમનામાં રહેલી પ્રતિભા અને ખંત જોઈને લીંબડીના રાજવીએ એમને પોતાના રહસ્યમંત્રી બનાવ્યા, પણ દેશદાઝની ભાવના અમૃતલાલ શેઠમાં વારંવાર જોર કરતી અને પરિણામે એ રાજદરબારના ખટપટથી ભરપૂર વાતાવરણમાં સ્થિર થઈ શકે નહીં, એ સ્વાભાવિક હતું.

આ અરસા દરમિયાન વારંવાર એમના ચિત્તમાં દેશના કલ્યાણની કોઈ પ્રવૃત્તિ ઉપાડવાની ઝંખના જાગૃત થતી, અને એને પૂર્ણ કરવા માટે તેઓ જાત જાતની યોજનાઓ બનાવતા રહેતા, જેમાંથી એક રાજકોટમાં એક મોટું વિદ્યાલય સ્થાપવાની હતી. અલબત્ત, એ વિચાર મૂર્તિમંત બન્યો નહીં, પણ એમણે શરૂ કરેલ પત્ર ‘સૌરાષ્ટ્ર’ પાછળથી ‘ફૂલછાબ’ બનીને રાજકોટમાં જ આવ્યું, અને આમ, રાજકોટને પોતાની પ્રવૃત્તિનું કેન્દ્ર બનાવવાની એમની ઈચ્છા જતે દહાડે પૂર્ણ થઈ. એમને એમ લાગ્યું કે, પ્રજામાં દેશદાઝ, મુક્તિ, અન્યાય સામે બળવાની ભાવનાનો પ્રચાર કરવો હોય તો એને માટે અખબાર એ ઉત્તમ સાધન છે. એ સમયે દેશની આઝાદી માટે લડતા મોટાભાગના

નેતાઓ વર્તમાનપત્ર ચલાવતા, અને લોકોમાં આઝાદીની તમન્ના જાગૃત કરતા, એ હકીકતે પણ એમને વર્તમાનપત્ર શરૂ કરવાના વિચાર તરફ વળ્યા હોય, એ બનવાજોગ છે. તિલકનું 'કેસરી' ગાંધીનું 'નવજીવન' વગેરે ઉદાહરણો એમની નજર સમક્ષ હશે જ. સદ્‌ભાગ્યે, એમને એમના કાર્યમાં મદદરૂપ થવા એમના જેટલી જ દાઝ ધરાવતા મહાપુરુષોનું એક જૂથ મળી ગયું અને પરિણામે એક કુટુંબભાવના ઊભી થઈ, જેને આધારે 'સૌરાષ્ટ્ર' સમગ્ર કાઠિયાવાડની પ્રજાનાં દુઃખ–દર્દોને વાચા આપતું મુખપત્ર બની ગયું. 'સૌરાષ્ટ્ર' લગભગ એક દાયકો જીવ્યું અને આ દાયકાનો સમય અમૃતલાલ શેઠની કારકિર્દીનો શ્રેષ્ઠ સમય બની રહ્યો. આ દરમિયાન, તેઓ માત્ર એક નીડર પત્રકાર તરીકે નહીં, પણ એક પ્રખર દેશસેવક અને નેતા તરીકે પણ આગળ આવ્યા અને કોંગ્રેસ મહાસમિતિ, મુંબઈ ધારાસભા વગેરે અનેક સંસ્થાઓમાં પણ જુદા જુદા હોદ્દા ઉપર પ્રશંસનીય કામગીરી બજાવી.

'સૌરાષ્ટ્ર' પ્રારંભમાં સાપ્તાહિક સ્વરૂપે શરૂ થયેલું અને એનું કદ વિશિષ્ટ પ્રકારનું હતું. જો કે લંબાઈ થોડી વધુ હતી. ઉપર મથાળે વળાંકવાળા મરોડદાર અક્ષરોમાં 'સૌરાષ્ટ્ર' માસ્ટહેડ છપાતું, અને એની નીચે તંત્રી તરીકે 'અમૃતલાલ દલપતરામ શેઠ' છપાતું. એની નીચે કિંમત, લવાજમ, તારીખ વગેરે વિગતો મૂકાતી. મુદ્રણસ્થાનની માહિતી પણ છેલ્લા પાનાને બદલે પ્રથમ પૃષ્ઠ ઉપર જ છપાતી. એનું વાર્ષિક લવાજમ રૂપિયા પાંચ અને છૂટક નકલની કિંમત દોઢ આના હતી. મુદ્રણસ્થાન તરીકે 'સૌરાષ્ટ્ર મુદ્રણાલય'નું નામ છપાતું. અંદર, માટેભાગે બે કોલમમાં લખાણ છપાતું.

'સૌરાષ્ટ્ર'ના પ્રથમ અંકમાં 'જય મંગલ પ્રિય જન્મભૂમિનું ગજાવિયે' સૂત્ર મૂક્યું હતું. એ પ્રથમ અગ્રલેખ 'સૌરાષ્ટ્ર'ના પ્રકાશન પાછળનો અમૃતલાલ શેઠનો ઉદ્દેશ સ્પષ્ટ

કરે છે, તેમ અમૃતલાલ શેઠની શૈલીનો પણ એક સુંદર નમૂનો પૂરો પાડે છે, તેથી તે જોઈએ.

"જગત શ્રેષ્ઠ ભારતનો આ મોંઘામૂલો અમારો પ્રિયતમ પ્રદેશ 'સૌરાષ્ટ્ર' કે જેની સુંદર ધરા ઉપર શ્રીકૃષ્ણ પ્રભુએ પોતાની જીવનલીલા વિસ્તારી અને સંકેલી, મીરાંએ પોતાની પ્રેમલક્ષણા ભક્તિની બંસરી બજાવી, નરસિંહ મહેતાએ પોતાની ભક્તિની ધૂન જગાવી. જ્યાં ઝાલાઓએ અને જાડેજાઓએ પરમારોએ અને ગોહિલોએ, કાઠીઓએ અને વાઘેરોએ પોતાની તાતી તલવારોનાં પાણી જગતને બતાવ્યાં, શહેનશાહોના રાજદરબારો ડોલાવ્યા જ્યાં અધર્મનાં પડળો તોડનાર વેદધર્મનો ટંકાર કરનાર દયાનંદ સરસ્વતીએ સૂર્યદેવતાનાં કિરણ પ્રથમ નિરખ્યાં, જ્યાં રાજચંદ્ર અપૂર્વ બુદ્ધિ સંપત્તિની દુનિયાને ઝાંખી કરાવી, અને જ્યાં સદાને માટે આર્યહૃદયમાં જવલંત રહેવાના એવા આપણી આર્યભૂમિના ઇતિહાસ સૃષ્ટાઓ, ભારતની સદાની કીર્તિના કારણરૂપ આર્ય નૃપતિઓના યોગ્ય–અયોગ્ય અવશેષો બ્હોળા પ્રમાણમાં હજી પણ પથરાયા છે, જેમને જોઈને બહુતઃ આંસુ પાડીને પણ આપણા પૂર્વજોની ચિરંજીવ જીવનપ્રથા આપણે સ્મરણે ચડે છે, તેમને અનુસરવા પ્રયત્નો આદરવા લલચાઈએ છીએ, ત્યાં તે ભક્તિની, વીરતાની, જ્ઞાનધનની આ ભૂમિમાં તેનું શ્રેય સાધવા, કર્મયોગતા, તપશ્ચર્યા બળના અને આત્મભોગના પાઠો સૌરાષ્ટ્રવાસીઓ સન્મુખ વાંચવા, આ પત્ર આજ પ્રકાશ પામે છે."[૧૦]

"આજે એટલે ? જે દિવસે જ પુરુષ આખા ભારતની સાર્વજનિક મિલ્કત હોવા છતાં જેને અમારા સૌરાષ્ટ્રના કહેતાં, અમારા હૃદયસાગરમાં અભિમાનનાં મોજાંઓ ઊછળે છે. જેના ઉદ્દેશો ઉકેલવા આખું જગત મથતું હોવા છતાં તે ઉકેલવા અમારો અગ્ર હક્ક સ્થાપિત કરવા અમે મંથન કરીએ છીએ, જેમના આદેશોને અનુસરવા આખો દેશ

એક પગે અને સ્થિર ચિત્તે તૈયાર હોવા છતાં અમારા સૌરાષ્ટ્રવાસીઓના અધિકાર અમે આગળ ધરીએ છીએ, જેણે અમારા પ્રિયતમ સૌરાષ્ટ્રને તેના પર ચડેલા ધૂળનાં અનેક પડો ખંખેરી નાંખી તેના શુદ્ધ વીર સ્વરૂપમાં જગત સન્મુખ ધર્યું છે, જેણે અમારા અનેક રત્નોના ઝાંખા પડી ગયેલા પ્રકાશ પોતાના ઉગ્ર પ્રકાશથી તેજોમય કર્યા છે, અને જેણે અમારી આ ભૂલાઈ ગયેલી ભૂમિને ભારતની ભિન્ન ભિન્ન સ્થિતિ–પ્રવૃત્તિવાળા પ્રદેશોમાં યોગ્ય સ્થાન આપ્યું છે, તેની જન્મતિથિના પવિત્ર દિવસ જેવો શુભ યોગ, અમારા પત્રના પ્રકાશન માટે અન્ય કયો હોઈ શકે ?"[૧૧]

"…. ઓ જગતવંદા મહાત્મન ! આ ગરીબ ભારતના ઓ સમૃદ્ધ સંતાન, આ નિર્બળ થઈ ગયેલા ભૂમિના ઓ બળવીર, તારા ચરણે અમે શું શું ભેટ ધરીએ ? ત્હારા અર્થે શી શી સાધનસામગ્રી યોજીએ ! ત્હને તૃપ્ત કરવા, ત્હારા સ્મિતના અધિકારી બનવા, શા શા યજ્ઞો આદરીએ ? કહે, કહ્યા કર, અને કહેવાને ચિરંજીવ રહે, ઓ અમ જડ શરીરના પ્રાણ, અમ દુર્ભાગીના ભાગ્ય, અમ અંધકારવાસીઓના તેજ અમારા તને નમન હો !"[૧૨]

અગ્રલેખમાં શરૂઆતમાં સૌરાષ્ટ્ર પ્રદેશની કેટલીક લાક્ષણિકતાઓ વર્ણવી છે, તો આગળ 'જે દિવસે જે પુરુષ' કહીને જે વિભૂતિનાં ગુણગાન ગાયાં છે, તે ગાંધીજી અને એમની જન્મતિથિનો ઉલ્લેખ છે. આ અગ્રલેખ અને એની શૈલી દર્શાવે છે કે અમૃતલાલ શેઠ વકીલ અને મેજિસ્ટ્રેટ ભલે હતા, પણ એમનો જીવ પત્રકારનો જ હતો, અને એમની પાસે એક યશસ્વી પત્રકાર પાસે હોવી જોઈએ તેવી તેજસ્વી કલમ હતી જ. પેલો ધ્રાંગધ્રાનો પ્રસંગ ન બન્યો હોત તો, કદાચ એ કલમ એમનામાં સુષુપ્તપણે હંમેશ માટે પડી રહેત, અને સૌરાષ્ટને તથા દેશને એક મહાન પત્રકારથી વંચિત રહેવું પડત.

અગ્રલેખમાં એમણે 'સૌરાષ્ટ્ર'ના પ્રકાશનની પાછળના ઉદ્દેશોને અલંકૃત અને પ્રાસાદિક શૈલીમાં સ્પષ્ટ કર્યા છે, તથા શ્રેય, કર્મયોગ અને આત્મભોગના પાઠો સૌરાષ્ટ્રવાસીઓ સમક્ષ વાંચવાની ઈચ્છા વ્યક્ત કરી છે. અગાઉ કહ્યું તેમ, ગાંધીજીની જન્મતિથિના દિવસે જ 'સૌરાષ્ટ્ર'નો પ્રારંભ થાય છે, તેનો અમૃતલાલ શેઠને અતિ આનંદ છે, અને એમનાં ગુણોને એ બિરદાવે છે તથા 'સૌરાષ્ટ્ર'ને એમના ચરણે ધરે છે. ગાંધીજીના જીવનનું ધ્યેય દેશની આઝાદીનું હતું, અને અમૃતલાલ શેઠ પણ પોતાના પત્રના માધ્યમ દ્વારા પ્રજાની આઝાદી માટે જ લ   ા હતા. આથી આવા પત્રના પ્રકાશન માટે આનાથી વધુ સુયોગ બીજો હોઈ શકે નહીં.

'સૌરાષ્ટ્ર'ની શરૂઆતથી તે આઝાદી આવી ત્યાં સુધી અમૃતલાલ શેઠના ગાંધીજી સાથેના સંબંધો એટલા જ ઘનિષ્ઠ રહ્યા હતા, અને બંનેનું કાર્ય એકમેકને પૂરક બની રહ્યું હતું. સૌરાષ્ટ્રે દેશને ગાંધી જેવો મહાપુરુષ આપ્યો, તો અમૃતલાલ શેઠ જેવો મહાન પત્રકાર પણ આપ્યો, એ પણ એક સુખદ અકસ્માત છે. અમૃતલાલ શેઠની કક્ષાના પત્રકારો આપણે બહુ ઓછા પેદા કર્યા છે.

## ૬.૪ 'સૌરાષ્ટ્ર' :

એ સમયનું 'સૌરાષ્ટ્ર'નું સ્વરૂપ 'ટેબ્લોઈડ' પત્રને મળતું હતું. એનું કદ ફૂલસ્કેપ કાગળ જેવડું હતું. એમાં એ સમયે 'આપણા નરેન્દ્રો' શીર્ષકથી જુદા જુદા પ્રદેશોના રાજવીઓ અને દેશી રાજ્યોને લગતી ઘટનાઓ રજૂ થતી. 'જય સૌરાષ્ટ્ર' વિભાગમાં સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાંથી મળતા અહેવાલો છપાતા. 'સામયિક સ્ફૂરણો' નામનો વિભાગ પણ આવતો, જેમાં પણ મુખ્યત્વે દેશી રાજ્યોની ઘટનાઓ ઉપર ટીકા–ટિપ્પણી રજૂ થતી. તા. ૩૦–૫–૧૯૨૫ના અંકમાં નિઝામે એક નાનકડું પાડોશી રાજ્ય પોતાની હદમાં ભેળવી દીધું એની ટીકા કરી છે. 'બુઝાતો દીપક' નામની ચાલુ વાર્તા એ

અરસામાં છપાયેલી. 'આખું જગત' વિભાગમાં વિશ્વના પ્રવાહોની સમીક્ષા કરવામાં આવતી. 'નવો ફાલ' શીર્ષકથી મુનિકુમાર ભટ્ટ અને બીજા લેખકો પુસ્તક સમીક્ષા કરતા. 'પ્રગતિને પંથે' નામનો વિભાગ પણ જોવા મળતો, અને એમાં જુદી જુદી સામાજિક કે શૈક્ષણિક સંસ્થાઓની પ્રગતિના અહેવાલો છપાતા.

કોઈ દેશી રાજ્યમાં કંઈ જુલમની ઘટના બને કે તરત જ એ 'સૌરાષ્ટ્ર'ને પાને ચડે. જેતપુર તાલુકાના મેંદરડાના વાળા દરબારો મૂળુભાઈ સુરગભાઈ અને માણશીયા નાગભાઈ મકાનોના લેખો કરાવી આપવાના બહાને લોકોને લૂંટી રહ્યા છે તેવી બાતમી મળતાં ૩૦–૫–૧૯૨૫ના અંકમાં 'શીતમગીરી' શીર્ષકથી કાઠિયાવાડના એજન્ટને ખુલ્લો પત્ર છપાયો, જેમાં દર્શાવ્યું હતું કે આ દરબારોની વર્તણુંક એજન્સીના નીતિ–નિયમોની વિરુદ્ધ હોવાથી એને રોકવાના ઉપાય કરવા જોઈએ. એ જ અંકમાં અલવરના રાજવીએ ચલાવેલી સંહારલીલાની વિગતો પણ પ્રસિદ્ધ કરવામાં આવેલી.

"જામસાહેબના રાજ્ય અમલમાં પ્રજાના પૈસાનો ખૂબ દુર્વ્યય થતો, એવી ફરિયાદ હતી. 'સૌરાષ્ટ્ર'ના ૨૩–૫–૧૯૨૫ના અંકમાં અમૃતલાલ શેઠે આ અંગે એક વિસ્તૃત લેખ 'ના જામસાહેબને ચરણે' શીર્ષકથી છાપ્યો. જેમાં જામનગરથી આવકના વિસ્તૃત આંકડા આપી, એ આવકના પૈસા કેવા બિનજરૂરી વૈભવમાં ખર્ચાઈ જાય છે, તે દર્શાવી, એ પૈસા જનકલ્યાણનાં કાર્યોમાં વાપરવાનું સૂચન કર્યું હતું."[૧૩]

### ❖ 'સૌરાષ્ટ્ર'માં પ્રકાશિત થયેલા સામાજિક લેખો :

તા. ૬–૬–૧૯૨૫ના અંકમાં રાજકોટના રાજવીને દારૂબંધી લાગુ કરવાનું સૂચન કરતું એક નાનકડું બોકસ આ રીતે મૂક્યું હતું : "દારૂની કમાણી એ પાપની કમાણી છે. પાપનો સંચય પ્રભુતાનો નાશ કરે છે અને આપના ધન્ય મનોરથ તો રાજકોટની પ્રજાના

સાચા પ્રભુ થવાના છે. તો તો દારૂને આપે દેશવટો આપવો જ પડશે. એ ક્યારે થશે ? રાજન !"[૧૪]

તા. ૨૧–૩–૧૯૨૫ના અંકમાં 'કાઠી કોમનો શત્રુ : અફીણ' શીર્ષક હેઠળ નાનો લેખ છપાયો હતો, અને એમાં જસદણના રાજવીએ અફીણના સેવન વિરુદ્ધ શરૂ કરેલી ઝૂંબેશની ચર્ચા કરીને એને બિરદાવી હતી. સાથે સાથે સામાજિક સુધારાની જેહાદ પણ ક્યારેક 'સૌરાષ્ટ્ર' ચલાવે છે. બાળલગ્ન અને કજોડાંની વિરુદ્ધ એ ક્યારેક કલમ ચલાવતું, જેનો નમૂનો નીચેના લખાણ પરથી મળી રહેશે.

"વવાણીયાના એક દેશાઈના પુત્ર મનુભાઈ સાથે સોમચંદ મેતાની પુત્રીનું સગપણ થયું છે. મનુભાઈની ઉંમર પંદર–સોળ વર્ષની અને બાળાની વય એથી કેટલાય વર્ષ મોટી છે. એ કજોડું આવતી જેઠ સુદી ૧૨ની કાળરાત્રિએ માયરામાં બેસશે, અને બાળાનો આખો ભવ બગડશે. કન્યા લગ્નની વિરુદ્ધ છે, પણ માબાપ 'આબરૂ'ને ખાતર સંબંધ તોડી શકતાં નથી. વણિક કોમના અગ્રેસરો આ બાળાને બચાવશે."[૧૫]

સમાજમાં સુધારણામાં આ પત્રએ પૂરેપૂરો ભાગ ભજવ્યો હતો. પરંતુ આઝાદીની ચળવળ અને સત્યાગ્રહ તરફ લોકોને વાળવા માટે પણ તેમણે લોકોને હાકલ કરી હતી અને દેશને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરવામાં પોતાનો ભગીરથ ફાળો આપ્યો હતો.

ઈ.સ. ૧૯૩૦ના સુપ્રસિદ્ધ ધોલેરાના સત્યાગ્રહમાં 'સૌરાષ્ટ્ર' વર્તમાનપત્રે અગ્રગણ્ય ભાગ ભજવેલો. વાસ્તવમાં ધોલેરા સંગ્રામનું મુખ્ય મથક જ 'સૌરાષ્ટ્ર'નું કાર્યાલય હતું અને એના નેતા હતા અમૃતલાલ શેઠ. સત્યાગ્રહીઓનાં નામો નોંધવા ત્યાં એક રજિસ્ટર રાખવામાં આવ્યું હતું, અને એમાં સૌથી પ્રથમ એક હજાર સૈનિકો અને સરદાર તરીકે 'સૌરાષ્ટ્ર'નું નામ નોંધાયું હતું. શ્રી મોહનલાલ મહેતા 'સોપાન'ના

શબ્દોમાં – “આ ‘સૌરાષ્ટ્ર’ ન હોત તો કદાચ ધોલેરા સંગ્રામ ન હોત, એનું એવું જોશ ન હોત. કાઠિયાવાડની જનજાગૃતિ પણ આટલા પ્રમાણમાં ન હોત, સેંકડો યુવાનો રણમેદાનમાં આવ્યા તે પણ કદાચ ન આવ્યા હોત. આ કારણે સત્યાગ્રહીઓની નોંધણીમાં પહેલા એક હજાર સૈનિક તરીકે અમે ‘સૌરાષ્ટ્ર’ સાપ્તાહિકનું નામ લખ્યું અને તે પછીના આંકડા અમારા નામની આગળ મૂક્યા !”[૧૬]

## ૬.૫ ‘સૌરાષ્ટ્ર’નું કાર્ય :

‘સૌરાષ્ટ્ર’ પત્રે પોતાના અલ્પકાળમાં સૌરાષ્ટ્રના જનજીવન ઉપર જે અસર પાડી તેનું મૂલ્ય આંકવાનું કામ અત્યંત કપરૂં છે. એણે સૌરાષ્ટ્ર ગુજરાતના સમગ્ર રાજકીય નકશાને પલટી નાખ્યો એમ કહીએ તો ચાલે. કોઈ ચોક્કસ કાળમાં, આટલા અલ્પ સમયમાં, કોઈ ચોક્કસ પ્રદેશ ઉપર કોઈ વર્તમાનપત્રે આટલી મોટી અસર ઊભી કરેલી હોય એવા દાખલા વિશ્વના પત્રકારત્વના ઇતિહાસમાં વિરલ છે. એ યુગમાં ‘સૌરાષ્ટ્ર’નો પ્રભાવ કોઈ રાજકીય સત્તાથી પણ વિશેષ હતો. આજે પત્રકારત્વને પાંચમી સત્તા કહેવામાં આવે છે, પણ પોતાના જમાનામાં ‘સૌરાષ્ટ્ર’ એ બીજી સત્તા સમાન હતું.

લાભુબેન મહેતાએ ‘સૌરાષ્ટ્ર’ અને અમૃતલાલ શેઠ અંગે લખેલા આ શબ્દોમાં ઘણું વજુદ છે – “‘સૌરાષ્ટ્ર’ની ફાઈલો જોતાં એક એવી પણ લાગણી થઈ આવી કે જીકાકાએ (અમૃતલાલ શેઠે) એમની જિંદગીમાં આ એક ‘સૌરાષ્ટ્ર’ પત્ર જ કાઢયું હોત ને એ સિવાય બીજું કશું જ ન કર્યું હોત તો યે જિંદગી વસુલ છે. એ પેપર દ્વારા એટલું બધું કામ થયું છે કે માનવીને પોતાના જીવનકાર્ય માટે સંતોષ લેવો હોય તો હક્કથી લઈ શકે. માત્ર રાજા સામે નહિ, પણ જીવનના દરેક ક્ષેત્રમાં એમની સેવા આ પેપર દ્વારા પહોંચી છે. પેપરનું ક્ષેત્ર એટલું વિશાળ હતું ને એમાંનાં લખાણો મોટાભાગના શાશ્વત મૂલ્યના

હતાં. કેટલીક વાર તો આજના પેપરો સાથે સરખામણી કરવાનું મન થાય ને લાગે કે આટલી સુવિધાઓ છતાં આજે એવું પેપર નીકળી શકતું નથી. 'સૌરાષ્ટ્ર' એક મશીન હતું."[૧૭]

## ૬.૬ 'સૌરાષ્ટ્ર'માંથી 'ફૂલછાબ'માં રૂપાંતર :

'સૌરાષ્ટ્ર' અનેક ઝંઝાવાતોનો સામનો કરીને કાઠિયાવાડ પ્રદેશમાં ઉદામવાદ અને મુક્તિનો નાદ ગજાવતું રહ્યું, પણ રાજવીઓની ખફગી તો એના ઉપર સતત રહેતી જ. આ ભીંસ વધી અને એની ઉપર તવાઈ આવી ત્યારે દસ વર્ષનું આયુષ્ય ભોગવીને એ બંધ થયું. સાથે 'સૌરાષ્ટ્ર'ના ભેખધારી સંચાલકોમાંથી ઘણાને જેલમાં જવું પ ું. એમાંના એક હતા ક્કલભાઈ કોઠારી અને એમણે પણ એ દિવસોમાં કારાવાસ ભોગવવો પડેલો. ૧૯૩૨માં છ માસના જેલવાસ પછી એ છૂ ા. અને છૂટીને એમણે 'સૌરાષ્ટ્ર'એ અધૂરું મૂકેલું કાર્ય આગળ ધપાવવા 'ફૂલછાબ' શરૂ કરાવ્યું.

આ અંગે ધનવંત ઓઝા લખે છે કે, "સન ૧૯૩૨માં ક્કલભાઈ છ મહિના કારાવાસમાં રહ્યા. છૂ ા પછી એમણે 'ફૂલછાબ' નામનું સાપ્તાહિક શરૂ કરાવ્યું હતું. પાછળથી તેનું સંપાદન મેઘાણીભાઈના હાથમાં હતું. આજે એ દૈનિક સ્વરૂપે રાજકોટથી પ્રસિદ્ધ થાય છે."[૧૮] આગળ ઉપર તેઓ જ લખે છે કે, "એનું નામકરણ ક્કલભાઈએ કરેલું." આમ, 'ફૂલછાબ' નામ પણ ક્કલભાઈ કોઠારીની શોધ હતી.

'ફૂલછાબ'નું સંપાદન શરૂઆતમાં ક્કલભાઈ કોઠારીએ કર્યું. એ અરસામાં અમૃતલાલ શેઠ મુંબઈ જતા રહેતા અને ત્યાંથી 'સન' નામનું અંગ્રેજી દૈનિક શરૂ કરેલું, પણ એ પત્ર ચાલ્યું નહીં અને એમાં એમને ભારે ખોટ ખમવી પડી. એમણે પાછળથી ગુજરાતીમાં 'જન્મભૂમિ' શરૂ કર્યું.

'સૌરાષ્ટ્ર' કાર્યાલયને સીલ લાગી ગયેલા, અને રાજકીય સ્વરૂપ પત્ર ચલાવવાનું મુશ્કેલ બનેલું. આથી 'ફૂલછાબ' નામ આપીને સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રકારનું સ્વરૂપ આપવામાં આવ્યું, જેથી રાજની ખફગીનો ભોગ બનવું ન પડે. આ માટે સંપાદનમાં ગુણવંતરાય આચાર્ય અને રામુ ઠક્કર જેવા બિનરાજકારણી લેખકો લેવાયેલા.

'સૌરાષ્ટ્ર'માંથી 'ફૂલછાબ'માં રૂપાંતર થયા પછી પણ એનું સ્વરૂપ સાપ્તાહિકનું રહ્યું હતું, અને કદ 'ટેબ્લોઈડ'નું હતું. આ કદનાં ૨૪ પાનાના અંકની છૂટક કિંમત દોઢ આનો હતી. 'સૌરાષ્ટ્ર' કરતાં 'ફૂલછાબ'નું કદ થોડું મોટું હતું. 'સૌરાષ્ટ્ર' ૧૦ x ૬ ઇંચના કદમાં હતું. 'ફૂલછાબ' ૯ x ૧૬ ઇંચના કદમાં હતું.

૧૯૩૯ના ઓક્ટોબર માસની 'ફૂલછાબ'ની ફાઈલ ઉથલાવતાં જોવા મળે છે તેમ, એનું મુદ્રણ દ્વિરંગી બન્યું છે, અને લે–આઉટમાં થોડું વૈવિધ્ય જોવા મળે છે. જો કે, પ્રથમ પાને ઉપર માસ્ટહેડમાં 'ફૂલછાબ'ની જોડણી 'ફુલછાબ' કરેલી છે. ઝવેરચંદ મેઘાણી પોતાની રસઝરતી શૈલીમાં અગ્રલેખો લખતા, જેનો મુખ્ય વિષય એ સમયની રાજકીય સમસ્યાનો રહેતો, ૬ઠ્ઠી ઓક્ટોબરના અંકમાં એમણે ગાંધી જન્મજયંતીના અવસરે ગાંધીજીને પ્રથમ પાને 'તંત્રીસ્થાનેથી' માં ભવ્ય શબ્દાંજલિ આપી છે, અને એમાં વચ્ચે વચ્ચે 'ફૂલછાબ' અને 'સૌરાષ્ટ્ર'નો ઇતિહાસ પણ વણી લીધો છે, જેનો નમૂનો જોઈએ.

"આ વર્ષથી ગાંધી જન્મગાંઠના રોજ અમારૂં 'સૌરાષ્ટ્ર'નું પત્રકારત્વ પણ અઢાર વર્ષ પૂરાં કરે છે. ઓગણીસમા વર્ષમાં પ્રવેશ કરવાની અમને શક્તિ આપનાર પ્રભુનો ને અમારી મથામણોમાં સાથે રહેનાર વાચક પ્રજાનો અમે આભાર માનીએ છીએ. વાચક જનતા 'ફૂલછાબ'ને પડખે પૂરા માન અને ઈતબાર સાથે ઊભી રહી છે અને 'ફૂલછાબ'

પણ ગયા વર્ષે પોતાના પત્રકારત્વમાં નવા પ્રાણ સીંચવાના સતત યત્નો કર્યા છે. દેશના ઘણાખરા ભાગ પર દુષ્કાળ ભક્ષ કરતો આંટા લગાવી રહેલ છે તેની અસર હેઠળ પણ સૌરાષ્ટ્ર–ગુજરાતની ગરીબ ગ્રામ પ્રજા, દેશાવરની વ્યાપારી પ્રજા, ટૂંકા પગારદારો અને એકાદ રૂપિયાની પણ જેમાં આર્થિક ભીડ ગણાય છે તેવી દશામાં રહેનાર મધ્યવર્ગના માનવીઓ 'ફૂલછાબ'ને છોડી ગયા નથી. અમે પણ તેમની આ મહોબ્બતનો યથાશક્તિ જવાબ અમારા પત્રકારત્વને સવિશેષ સમૃદ્ધ અને સર્વદેશીય, સર્વભોગ્ય તેમજ સર્વને સુગમ્ય એવું વાલ્યો છે."[૧૯]

પોતાના જમાઉધાર પાસાંની ચુસ્ત સમતોલતાના સિદ્ધાંત પર જ હવે ચલાવવામાં આવતું 'ફૂલછાબ' પોતાની કરકસર અને વ્યવસાય બુદ્ધિનો રસકસ વાચકોના જ ભાણામાં પીરસતું રહ્યું છે. કેમ કે 'ફૂલછાબ'નું પીઠબળ બની ઊભેલ શ્રી કાઠિયાવાડ લિમિટેડનું જે આ સર્વોપરી ધ્યેય છે. એના સર્વ અંગભૂતોએ 'ફૂલછાબ'ના પત્રકારત્વને ધ્યેયનિષ્ઠ રહેવા દેવા માટે જે લાલચ રહિત દૃષ્ટિ જાળવી છે તેની કદર કર્યા વગર આ નોંધ અપૂર્ણ રહી કહેવાય.

આમ તો 'ફૂલછાબ'નું એ વર્ષ પાંચમું વર્ષ ગણાય, પણ 'સૌરાષ્ટ્ર' ૧૯૨૧માં શરૂ થયું, ત્યારથી સળંગ વર્ષ ગણીને એણે ઓગણીસમાં વર્ષમાં પ્રવેશ કર્યો છે, તેવો ઉલ્લેખ અહીં ઝવેરચંદ મેઘાણીએ કર્યો છે.

"'સૌરાષ્ટ્ર' અને 'ફૂલછાબ'ની એક પરંપરા મહત્ત્વના ખટલાઓ તથા અદાલતમાં પડેલા કેસોને પૂરેપૂરા ચમકાવવાની રહી છે. ૧૯૩૯માં ૧૪મી મેના રોજ સૌરાષ્ટ્રમાં ભાવનગર ખાતે નગીના મસ્જીદ પાસે સરદાર વલ્લભભાઈના સરઘસ વખતે હુલ્લડ થયેલું. જેના આરોપીઓ ઉપર કામ ચલાવવા માટે શ્રી ત્રિવેદી નામના ખાસ સેશન્સ જજ નિમાયેલા. આ કેસનો ચુકાદો તા. ૨૦મી નવેમ્બરના રોજ આવેલો. આ

સમગ્ર કેસની કાર્યવાહી સંપૂર્ણપણે, સચિત્ર રીતે 'ફૂલછાબ'ના સપ્ટેમ્બર, ૧૯૩૯ થી નવેમ્બર–૧૯૩૯ના અંકોમાં છપાયેલી જોવા મળે છે. સમગ્ર અહેવાલ નાની નાની વિગતોથી પ્રચૂર અને સીલસીલાબંધ છે અને એ યુગના સૌરાષ્ટ્રના પત્રકારત્વની તાસીર બહુ સારી રીતે રજૂ કરી જાય છે.

તા. ૬ઠ્ઠી ઓકટોબરના અંકમાં બે સામસામા પાનાંમાં આ કેસનો અહેવાલ ચમકાવ્યો છે. એમાં વચ્ચે બોકસ જેવું બનાવીને એના બચાવ પક્ષના વકીલ શ્રી ચુંદરગરની તસવીર છાપી છે અને જે અહેવાલ છાપ્યો છે, તેમાં કેટલા કલાક કોર્ટ ચાલી અને કેટલા સાક્ષી લેવાયા તેની વિગત આપી છે. બોકસની ડાબી બાજુ હુલ્લડના સ્થળનો ફોટો છાપ્યો છે અને જમણી બાજુ ભાવનગરની સુબ્હાન અલ્લા હોટલનો ફોટો છાપ્યો છે."[૨૦]

આમ, અમૃતલાલ શેઠની સમગ્ર સૌરાષ્ટ્રમાં હાક વાગતી અને ત્યાંના દેશી રાજ્યો એમનાથી તથા એમના અખબારથી થરથરતા એ જાણીતી વાત છે. દેશી રાજવીઓની ઘણી ગુપ્ત વાતો આ અખબારોમાં છપાતી, અને એની ખુલ્લી ટીકા થતી, આથી દેશી રાજ્યો આ અખબારોની સામે જાતજાતનાં કાવત્રાં કરતાં અને છેવટ કંઈ ન થાય તો પોતાના રાજ્યમાં એ અખબારના પ્રવેશ ઉપર પ્રતિબંધ મૂકતા. 'સૌરાષ્ટ્ર' ઉપર અવારનવાર આવા પ્રતિબંધ મુકાયેલા. એ જ રીતે, ૧લી ફેબ્રુઆરી, ૧૯૪૦ના રોજ જામનગર, ધ્રાંગધ્રા અને બીજાં કેટલાંક રાજ્યોએ પોતાની હદમાં 'ફૂલછાબ'ના પ્રવેશ ઉપર પ્રતિબંધ મૂકેલો. પ્રતિબંધની આ લડતની આગેવાની જામનગરના જામસાહેબે લીધેલી.

આ અગાઉ 'સંદેશ' અખબાર ઉપર પ્રતિબંધ મૂકીને એને પણ પરેશાન કરવામાં આવેલું, અને પાછળથી 'સંદેશે' માફી માગેલી. એનાથી પ્રેરાઈને રાજવીઓ બધા

પ્રતિકૂળ છાપાંને આમ નમાવવા માટે તૈયાર થયા હોય એ બનવાજોગ છે, પણ અમૃતલાલ શેઠે સ્થાપેલું 'ફૂલછાબ' એમ નમી જાય એ શક્ય નહોતું, ઉલટું એણે ૨જી ફેબ્રુઆરી, ૧૯૪૦ના અગ્રલેખમાં જ એ રાજવીઓને જવાબ આપી દીધો, જે તીખો તમતમતો હતો, જે નીચે મુજબ છે :

"જામનગર રાજ્યનાં કેટલાંક ગામોના ગ્રાહકોને તેમજ એજન્ટોને લેખિત કે મૌખિક હુકમથી 'ફૂલછાબ' ન મંગાવવા રાજ્યાધિકારીઓએ સૂચના કરેલ હોવાના ખબર મળ્યા છે. છતાં તંત્રી પ્રકાશક ઉપર એવી કોઈ રાજસૂચના નથી. એવી સભ્યતાની જરૂર જામનગર – ધ્રાંગધ્રા રાજ્યને ન લાગી હોય એમ પણ કેમ માનીએ ? 'ફૂલછાબ' જામનગરમાંથી હદપારીને લાયક બનવાનો કયો અપરાધ કરેલ છે તેના ખબર મળવાની આશા અમે મજકૂર રાજ્ય પાસેથી રાખી હતી."[૨૧] આ હદપારીના હુકમ સામે 'ફૂલછાબ'એ તીવ્ર પ્રત્યાઘાત આપ્યો, અને ૯ ફેબ્રુઆરી, ૧૯૪૦ના અંકમાં ખબરપત્રીઓ સાથેની વાતચીત પ્રગટ કરી છે, જેના અંશો નીચે આપ્યા છે.

"ઘણા સમયે આપની સાથે વાત કરવાનો મોકો મળે છે. એ માટે આપણે આભાર માનવો જોઈએ, જામનગર, ધ્રાંગધ્રા, પાલીતાણા, લાઠી, પોરબંદર તથા મૂળી વગેરે રાજ્યોનો જેમણે એમના પ્રદેશમાં આપણા પત્ર પર પ્રતિબંધ ફરમાવ્યો અને આ વાતચીત કરવાનો પ્રસંગ સાંપ ો. કબીરે પણ નહોતું ગાયું કે ....

ગુરુ ગોવિંદ દોનું ખડે<br>
કિસકું લાગુ પાય,<br>
બલિહારી ગુરુદેવ કી,<br>
ગોવિંદ દિયો બતાઈ.

પ્રતિબંધ કરનારા એક રાજ્યના આપણા એક ખબરપત્રી લખે છે કે, “અમારા રાજ્યમાં તો ‘ફૂલછાબ’ પર પ્રતિબંધ ફરમાવાયો, એટલે હવે સમાચાર મોકલવાની જરૂર નથી લાગતી. ઠીક ભાઈ, જેવી રાજ્યની ઈચ્છા. સલામ, કામકાજ લખશો, તસ્દી માફ કરશો.

નહિ નહિ, સલામ વળી શાને માટે ? રાજ્યોએ પ્રતિબંધ મૂક્યો એટલે શું થયું ? રાજ્યોએ પ્રતિબંધ મૂક્યો એટલે તમે શું એમ માનો છો કે રાજ્યો ‘ફૂલછાબ’ નથી વાંચવાના ? ઊલટું, પહેલાં વાંચતાં એ કરતાં હવે તો વિશેષ ઝીણવટથી વાંચતા રહેવાનાં. રાજાઓ અને અમલદારો બધા જ વાંચશે, પોતાનાં ખાતાને લગતી નોંધો કરશે અને તેને લગતાં અમલી પગલાં પણ લેશે. પ્રતિબંધ તો મુકાયો છે પ્રજા માથે. રાજાને પોતાને માથે નહિ. એટલે સમાચાર તો આપ સૌ ભાઈઓ ચાલુ જ રાખજો. બીજી તરફ જોઈએ તો તમારાં સૌનાં રાજ્યોની બહાર વસતી પ્રજા તથા બહારની દુનિયા તો ‘ફૂલછાબ’ વાંચતી જ હોય છે. એમને કાને પણ પ્રતિબંધ મુકાયા છતાં, સમાચારો મૂકવાની ફરજ છે. પ્રતિબંધ મુકાયા પછી તો સવિશેષ. દેશી રજવાડામાં પ્રતિબંધ એ ક્યાં નવી વાત છે ? ‘ફૂલછાબ’ પર પ્રતિબંધ મુકાવા છતાં જુનાગઢ, રાજકોટ, ગોંડલ, માંગરોળ, માણાવદર બધા રાજ્યોના સમાચાર તો આવતા જ રહ્યા છે ને ? પણ આજની વાતચીત તો આપ સૌ ભાઈઓને અભિનંદન આપવા માટે કરવા ધારી હતી. તમે સૌ જાણો છો કે તમે થોકબંધ સમાચારો મોકલો છો, તેમાંથી યે અમે ઘણું બધું કાઢી નાખતા અને ટૂંકા ટૂંકા સમાચાર લેતા. તમને બધાને હંમેશા એ સામે વાંધો હતો. એટલે જ આજે કોઈ રાજ્ય આપણા પર અસત્ય કે અસત્યતાનો આરોપ મૂકીને પ્રતિબંધ નથી કરી શક્યું. ઘણાં ખરાં રાજ્યોને તો ઉપલાઓ ના દબાણથી, પોતાની ઈચ્છા વિરુદ્ધ જ આ બળતું લાકડું પોતાને ઘેર ઘાલવું પ ું છે એ નક્કી માનજો.

સાચા સમાચાર આપવાની આ પ્રતિષ્ઠા બાંધવામાં આપ સૌ ખબરપત્રી ભાઈઓનો અમે સૌથી મોટો હિસ્સો માનીએ છીએ, અને તેથી આવે પ્રસંગે એક સાથે સૌ ભાઈઓના આભાર માનવાની તક લઈએ છીએ."[૨૨]

આમ, 'સૌરાષ્ટ્ર' બંધ થયું અને 'ફૂલછાબ' શરૂ થયું, એ સમયગાળામાં થોડો સમય 'રોશની' પણ ચાલેલું. 'રોશની' નામ પણ ક્કલભાઈ કોઠારીનું હોય એવો સંભવ છે. ક્કલભાઈ કોઠારી પોતે ક્રાંતિકારી અને ઉદ્દામવાદી વિચારસરણી ધરાવતા હતા, એથી 'રોશની' નામ એ નવા પ્રકાશના પ્રતીકરૂપે રાખ્યું હોય એ બનવાજોગ છે. 'ફૂલછાબ'ને મુખ્યત્વે સાહિત્ય અને સંસ્કારનું સામયિક બનાવવા ધાર્યું હતું, પછીથી ફરી એક સમાચારપત્ર આપવાનો સંકલ્પ કરીને 'રોશની'નું સ્વરૂપ એ પ્રકારનું રાખ્યું, પણ થોડા સમયમાં જ એ બંધ કરી દઈને 'ફૂલછાબ'ને એ ઢાંચામાં ઢાળી દેવાયું.

૧૯૩૬માં એક દિવસ ક્કલભાઈ કોઠારીએ હરગોવિંદ પં । જેવા એમના સાથીદારો સાથે એકાએક 'ફૂલછાબ' છોડી દીધું અને ગંભીર કટોકટી સર્જાઈ. એ જ અરસામાં મેઘાણીભાઈ મુંબઈમાં 'જન્મભૂમિ'નો 'કલમ અને કિતાબ' વિભાગ સંભાળતા હતા, એમને રાણપુર મોકલવાનું ઠરાવાયું. એમની મુંબઈ છોડવાની એ સમયે બિલકુલ ઈચ્છા નહોતી, પણ સંજોગો જોઈને એમણે એ વાત સ્વીકારી. એમણે તંત્રી તરીકે પોતાનું નામ નહીં મૂકવાનો આગ્રહ કર્યો. જે સ્વીકારાયો અને તંત્રી તરીકે નાથાલાલ શાહનું નામ મૂકવાનું નક્કી થયું.

ભાવનગરથી ભીમજીભાઈ સુશીલ પણ મેઘાણીને મદદ કરે તેવું આયોજન થયું. ત્યારથી ૧૯૪૫ સુધી મેઘાણીએ જ સંપાદન કાર્ય સંભાળ્યું અને ૧૯૪૫માં એ નિવૃત્ત થયા. નાથાલાલ શાહ સાથે મેઘાણીને મતભેદો થવા માં । હતા. આ સંદર્ભમાં ડૉ. ઈશ્વરલાલ ર. દવે નોંધે છે કે, "એમણે તંત્રી વિભાગમાં રસ લેવા માં ો. આને લીધે

મેઘાણીભાઈએ તંત્રી તરીકે નાથાભાઈનું નામ મૂકવાનો આગ્રહ કર્યો. પછીથી કોઈ મોટો સંઘર્ષ થાય એ પહેલાં એ નીકળી ગયા.''

ડૉ. ઈશ્વરલાલ ર. દવે એવું અનુમાન કરે છે કે, મેઘાણીભાઈ બાબુભાઈ વૈદ્યને એમના પછી તંત્રી તરીકે મૂકવા માગતા હતા, પણ એમની આ વાત માન્ય ન રહી એટલે એમણે 'ફૂલછાબ' છો ું. આમ નિવૃત્ત થવા પાછળ આ પણ એક કારણ હોઈ શકે. મેઘાણી પછી જયમલ્લભાઈ પરમારે સંપાદન સંભાળ્યું.

પાછળથી ક્કલભાઈ કોઠારી અને હરગોવિંદ પં । સૌરાષ્ટ્ર ટ્રસ્ટ સાથેનો ઝઘડો (સૌરાષ્ટ્ર સેવા સમિતિ અંગે) હતો તેને ગાંધીજી પાસે લઈ ગયા હતા. પછીથી તીથલમાં તેની તપાસ ચાલી હતી અને ગાંધીજીએ બંને પક્ષોને સાંભળીને પોતાનો ચુકાદો આપેલો, જેને અંતે બંને પક્ષોએ એકબીજાની સામેના આક્ષેપો રદ કરેલા. આ દરમિયાન ક્કલભાઈના 'નવ સૌરાષ્ટ્ર' અને 'ફૂલછાબ' વચ્ચે સામસામી આરોપબાજી પણ થયેલી.

આજનો અખબારી યુગ તસવીરો અને કાર્ટૂનો તથા ચિત્રપટ્ટીઓનો યુગ છે. પરંતુ ૧૯૩૯–૪૦માં આ કળાએ બહુ વિકાસ સાધ્યો નહોતો. આમ છતાં, 'ફૂલછાબ' અને 'સૌરાષ્ટ્ર'ના અંકોમાં અવારનવાર કાર્ટૂનોના ચમકારા જોવા મળી જાય છે. ઘણીવાર તો મુખપૃષ્ઠ ઉપર જ મોટા કદનું કાર્ટૂન પ્રસિદ્ધ થતું. મૌલાના આઝાદ મહાસભાના પ્રમુખ થયા ત્યારે પ્રથમ પાને એમની મોટી તસવીરો પ્રગટ થઈ હતી, અને ખાસ કલકત્તા જઈને 'ફૂલછાબ'ના પ્રતિનિધિએ એ તસવીરો ઝડપી હતી. બીજી ફેબ્રુઆરી, ૧૯૪૦ના અંકમાં મુખપૃષ્ઠ ઉપર ભોપાળના નવાબે વિશ્વયુદ્ધમાં બ્રિટનની વહારે ધાવાનો ઉત્સાહ બતાવીને ખુશામતના અતિરેકમાં પોતે જાતે સૈનિક તરીકે લડવાની ઈચ્છા દર્શાવી, ત્યારે એમની મશ્કરી કરતું ઠઠ્ઠાચિત્ર પ્રસિદ્ધ કર્યું હતું અને એની નીચે હિટલર અને ભોપાલના નવાબનો કાલ્પનિક સંવાદ પણ છાપેલો.

હિન્દનો રાજવી લડવા આવશે તો જર્મનીનો કાળ આવશે, એમ કહીને હિટલરને એમાં નામદાર નવાબને યુદ્ધમાં ઝુકાવતા રોકવાની આજીજી કરતો દર્શાવ્યો છે. આમ, ઘટનાઓને નાટ્યાત્મક બનાવી, એમાં રંગદર્શિતાનાં તત્ત્વો ઉમેરીને તથા હાસ્ય વ્યંગ્યનો ઓપ આપીને 'સૌરાષ્ટ્ર' અને 'ફૂલછાબ' એ સમયના પત્રકારત્વમાં સજીવતા લાવી દેતા. ઠક્કરબાપાને બિરદાવવા માટે એમને મુખપૃષ્ઠ ઉપર સ્થાન આપેલું, અને ગાંધીજીની જન્મતિથિ આવે ત્યારે અચૂક એમને પ્રથમ પાને ચમકાવીને એમનું મૂલ્યાંકન કરતો લેખ પ્રગટ કરવામાં આવતો.

મેઘાણીએ 'ફૂલછાબ' હાથમાં લીધું, એ પછી એમાં શનિનાં કાર્ટૂનો પણ પ્રસિદ્ધ થતાં. શનિએ વાસ્તવમાં 'ફૂલછાબ'થી જ પોતાની કારકિર્દીનો પ્રારંભ કરેલો, અને એમના ઘડતરમાં મેઘાણીનો ઘણો હિસ્સો હતો. એ સમયે કેટલાંક અખબારો રાજવીઓની ખુશામત કરતાં અને એમના આશ્રય ઉપર નભતાં. આવાં અખબારોની 'ફૂલછાબ' આકરી ઝાટકણી કાઢતું. આવા એક અખબાર 'રાષ્ટ્રશક્તિ' અંગે એણે લખેલી નોંધ જોઈએ.

"પત્રકારત્વ એટલે તો રાજસ્થાની કૃપા અકૃતાને જ આધીન એક હીન યાચક વૃત્તિ. આવી મનોદશાથી જ આ પ્રતિબંધો અને પ્રતિબંધ મુક્તિઓના નિર્ણયો થાય છે તે વાતને ખીલે બાંધનારો બનાવ વઢવાણ કેમ્પના તાલુકદારપક્ષી અખબાર 'રાષ્ટ્રશક્તિ' સંબંધે મૂળીની સભામાં બન્યો. લીંબડીના કુમાર કારભારી ફતેસિંહજીએ પ્રસ્તાવ મૂક્યો કે, 'રાષ્ટ્રશક્તિ'ને અપાતો રાજ્યાશ્રય પાછો ખેંચી લેવો, ને તે પાછો ખેંચી લેવાયો. આ રાજ્યાશ્રય એટલે શું ? રાજ્યો તરફથી ખરીદાતી અમુક નકલો. એ આ રાજ્યાશ્રય અપાયો તેનું કારણ તે છાપાની રાજવી પૂજા, ને એ રદ થયો તેનું કારણ એ છાપાએ તાલુકદારોના રાજ્યો સાથેના જોડાણનો વિરોધ કર્યો છે તે ! તે પછી તો એ છાપા સામે

નવાનગરમાં પ્રતિબંધ થયાની વાત પણ આવી છે. મતલબ કે છાપાને રાજ્યની હદમાં આવવા દેવું એ પણ એક 'પેટ્રોનેજ' ઠર્યું."[૨૩]

અમૃતલાલ શેઠની રાજવીઓ સામેની જેહાદમાં ક્યારેક અતિરેક પણ દેખાતો, અને આજે આપણને નવાઈ પમાડે તેવી બાબત માટે પણ તેઓ ઝૂંબેશ આદરી દેતા. આનો એક દાખલો અલ્વરના રાજવી સામે એમણે ઉપાડેલી ઝૂંબેશનો આપી શકાય. અલ્વરના એ વખતના રાજવી ક્રૂર હતા, અને એમને અમૃતલાલ શેઠ 'નરપીશાચ' તરીકે ઓળખાવતા. આ રાજવી કાઠિયાવાડની કોઈ રજપૂત કન્યાને પરણવા આવવાના હતા. અમૃતલાલ શેઠે આની સામે ઝૂંબેશ ચલાવી અને 'અલ્વરનો વરઘોડો' શીર્ષક હેઠળ ઢગલાબંધ લેખો લખ્યા. આવા એક લેખનો એક નમૂનો જોઈએ.

"મારા સાત વર્ષના જાહેર જીવનમાં મેં રાજપૂતની બનતી સેવા કરી છે. રાજપૂતીના મંદિરે મારી ભક્તિના ફૂલ મેં યથાશક્તિ ચડાવ્યાં છે. તેનાં શૌર્યની કવિતા સદા ગાઈ છે. મારા મંદિરની એ દેવી આજે નાશને આરે છે. મારા બગીચાનું એ ફૂલ આજે કરમાવા બેઠું છે. મારી કવિતાનો એ નાયક આજે મરણશરણ થાય છે. કાઠિયાવાડના પ્રત્યેક રાજપૂત પાસે મારી ભિક્ષા છે કે રાજપૂતીના મંદિર પર ધજા ફરકાવો. રાજપૂતીનાં ફૂલોને વિકસાવો અને રાજપૂતીના શૌર્યની કવિતામાં થોડી વધારે કડીઓ ઉમેરવા મને ઉત્તેજના આપો. તમારી પાસે આજે મારી એટલી જ ભિક્ષા છે કે કોઈપણ રીતે અલ્વરને કાઠિયાવાડમાંથી કન્યા લઈ જતાં અટકાવો."[૨૪]

જેમ આ ઝૂંબેશમાં આત્યંતિકતા દેખાય છે, તેમ આ લખાણમાં પણ બિનજરૂરી રંગદર્શિતા અને વાગાડંબર દેખાય છે. મૂળ પ્રશ્ન અલ્વરના રાજવીના ત્રાસનો છે. કાઠિયાવાડમાં એને કન્યા મળતી રોકી દેવાય તો એથી એની જુલ્મશાહી ઉપર શી અસર

થાય, તે સ્પષ્ટ થતું નથી. કાઠિયાવાડ ના પાડે તો રાજવીઓને એ જમાનામાં કન્યા મેળવવાનું કામ બહુ દુષ્કર નહોતું. બીજે કોઈપણ સ્થળેથી રાજવીને કન્યા મળી જાત.

સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યોમાં જ્યારે જ્યારે પ્રજાને વેઠવું પડતું, ત્યારે 'સૌરાષ્ટ્ર' લોકોની વહારે ધાતું. ઈ.સ. ૧૯૩૯માં લીંબડી રાજ્યમાં પ્રજા ઉપરનું દમન ખૂબ વધી ગયું અને એ દમનથી ત્રાસીને લીંબડીના સંખ્યાબંધ નાગરિકોએ હિજરત શરૂ કરી દીધી. એક તરફ સેંકડો લોકો દરરોજ પોતાનાં ઘરબાર છોડીને બહાર જતા હતા, તો બીજી બાજુ લીંબડીના શાસકો એમ કહેતા રહ્યા કે લીંબડીમાં કંઈ બન્યું નથી, અને કોઈ ત્રાસ નથી. 'સૌરાષ્ટ્ર' પત્રે આ પ્રશ્નને બરોબર ઉપાડી લીધો અને રાજવીના પ્રચારનો જવાબ આપ્યો ને જે નાગરિકો લીંબડી છોડી જતા હતા, એમનાં નામઠામ સાથેની પૂરી વિગતો પ્રસિદ્ધ કરવા માંડી.

ઈ.સ. ૧૯૩૯ના ઓકટોબર–નવેમ્બર માસના 'ફૂલછાબ'ના અંકો જોતાં ખ્યાલ આવે છે કે એનું રિપોર્ટીંગ કેટલું ચોક્કસ અને તલસ્પર્શી હતું. એણે લીંબડીના પ્રશ્ને દર સપ્તાહે અલગ જગ્યા ફાળવી હતી અને પાણશીણા, રળોલ, કરસનગઢ, શયાણી વગેરે સ્થળોએ થયેલી લૂંટ અને એમાં સહન કરનાર નાગરિકોનો સંપૂર્ણ વૃત્તાંત અને એમણે કેટલી માલમિલકત ગુમાવી એના આંકડા પણ પ્રસિદ્ધ કર્યા. લીંબડી છોડી ગયેલા જે નાગરિકો વતન પાછા ફરતા હતા, એમને પણ શાસન તરફથી દંડ કરવામાં આવતો. આવો દંડ જેને થયો હોય તેમનાં નામો અને દંડની રકમ ૨૦મી ઓકટોબર, ૧૯૩૯ના અંકમાં પ્રસિદ્ધ થઈ હતી. લીંબડીની હિજરત ૧૧મી ઓકટોબરે શરૂ થયેલી એટલે એ દિવસને ઐતિહાસિક ગણીને એનાં મથાળાં બાંધવામાં આવતાં. ૨૦મી ઓકટોબરના અંકમાં આ મથાળું હતું – "લીંબડી દિન આઠમો, તા. ૧૯મી ઓકટોબર." આ મથાળાની નીચે બંને ખૂણે બે બોકસ મૂક્યા હતા, જે આ પ્રમાણે હતા :

[૧] લીંબડીમાં કાંઈ નથી થયું એમ કહેનાર લીંબડી રાજ્ય સામે છેલ્લે છેલ્લે પાછા જનાર હિજરતીઓના દંડથી લઈ ભૂતકાળમાં પાણશીણાની લૂંટ સુધી આ આંકડા ઇતિહાસ રજૂ કરે છે.

[૨] આ બધા આંકડાઓનું સ્મરણ કરી લીંબડી દિન આઠમો ગામેગામ ઉજવજો. ઠરાવો કરજો. વાયસરોય, રેસીડેન્ટ, લીંબડી રાજ્ય અને લીંબડી રાજ્ય પ્રજા મંડળને મોકલી દેશો.

ઉપરના આ બે બોકસની વચ્ચે એક કાર્ટૂન મૂક્યું હતું, તેમાં જીપ જેવા લાગતા વાહનમાં બેઠેલા કોઈ નારૂભાને એક કાકા કહે છે, "નારૂભા, હું મુંબઈને ઉલ્લુ બનાવી આવું. તમે તો તમારો કસબ ચાલુ જ રાખજો." કાર્ટૂનની નીચે લખ્યું હતું – "લીંબડીની લૂંટફાટનું આ પ્રતિક કલ્પી લેજો."

ઈ.સ. ૧૯૪૭માં દેશ આઝાદ થયો, અને સમગ્ર સૌરાષ્ટ્રનો નકશો બદલાઈ ગયો. બધાં દેશી રાજ્યોએ સત્તા છોડી દીધી અને સૌરાષ્ટ્રનું એકમ થયું. સમગ્ર દેશ હવે એક જ પ્રકારની રાજકીય શાસનપ્રણાલિ હેઠળ આવ્યો અને સૌરાષ્ટ્રની દેશી રાજ્યોના કેન્દ્ર તરીકેની ભૂમિકા રાતોરાત બદલાઈ ગઈ. હવે દેશ સમક્ષ નવા પડકારો હતા, નવી સમસ્યાઓ હતી. કોઈ એકલદોકલ રાજવીના અન્યાયની સામે ઝઝૂમવાનો ખ્યાલ હવે રહ્યો નહીં, અને સમગ્ર દેશના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં પ્રશ્નોને મૂલવવાની જરૂરિયાત સર્જાઈ. રાજવીઓની મધ્યયુગી નીતિ અને અંગ્રેજોના શોષણના ભંગારમાંથી સમગ્ર દેશને બેઠો કરવાનો હતો. આ પડકારને પહોંચી વળવા માટે રાજકોટમાં દૈનિક પત્ર હોવું જોઈએ એવું ઘણા આગેવાનોને લાગવા માં ું. હવે રાજકોટ નવા વિકસી રહેલા સૌરાષ્ટ્ર પ્રદેશના પાટનગર તરીકે બહાર આવી રહ્યું હતું અને રાણપુરમાંથી પત્ર ચલાવવાનું અનિવાર્ય રહ્યું નહોતું.

આમ, સૌરાષ્ટ્રના બંધિયાર બની રહેલા વાતાવરણમાં સ્વચ્છ વિચારોની આબોહવા ફેલાવવા માટે રાજકોટમાં જેઠાલાલ જોષી અને એમના થોડા મિત્રોને દૈનિક પત્ર શરૂ કરવાનું જરૂરી લાગ્યું. એમણે એ માટે થોડું ભંડોળ એકઠું કર્યું, પણ એમના જ શબ્દોમાં જોઈએ તો – "નાણાં કરતાં એ કામના જાણકાર માણસો મેળવવા એ જ અત્યંત મુશ્કેલ હતું. એથી કોઈ ચાલુ વર્તમાનપત્રની સાથે એ જાતની વાત કરવાનું નક્કી કર્યું."[૨૫]

એમની નજર રાણપુરથી પ્રગટ થતા 'ફૂલછાબ' સાપ્તાહિક ઉપર ગઈ. એના સંચાલકોને મળીને એમણે વાત કરી. બદલાયેલા સંજોગોમાં એમને પણ 'ફૂલછાબ' રાણપુરથી રાજકોટ આવે અને દૈનિક બને એ વાત ગમી ગઈ. અંતે બધા સરંજામ અને કર્મચારીઓ સાથે 'ફૂલછાબ'ને રાજકોટ લાવવામાં આવ્યું અને ઈ.સ. ૧૯૫૦ની બીજી ઓકટોબરથી એનો દૈનિક સ્વરૂપે પ્રારંભ થયો. એના સંચાલન માટે જયભારત લિમિટેડ નામની સંસ્થા ઊભી કરાઈ. શ્રી જેઠાલાલ જોશી અને શ્રી નાથાલાલ શાહ એના મેનેજિંગ ડિરેકટર બન્યા.

સદરમાં પારસી અગિયારી પાસે આજુબાજુના રહેવાસીઓના રોટરી મશીન સામેના વિરોધને શાંત કરીને એનો પ્રારંભ થયો. આમ છતાં, સંચાલનમાં આર્થિક મુશ્કેલીઓ ખૂબ આવતી રહી. ઘણીવાર તો મહિનો પૂરો થાય અને કર્મચારીઓને ચૂકવવાના પૈસા ન હોય ત્યારે જેઠાલાલ જોશીને ભંડોળ એકઠું કરવા ખૂબ ફરવું પડતું અને ક્યાંકથી શેરરૂપે તો ક્યાંકથી લોનરૂપે પૈસા મેળવતા.

ઈ.સ. ૧૯૫૨માં લોકસભામાં ચૂંટાતા શ્રી જોશીએ એમાંથી રાજીનામું આપ્યું. દરમિયાન વારંવાર નાણાંકીય કટોકટી સર્જાતાં સૌરાષ્ટ્ર ટ્રસ્ટે તેને અવારનવાર પૈસા આપવા પડતા. વળી સૌરાષ્ટ્રના નવા રાજકીય વાતાવરણમાં વારંવાર રાજકીય

અવરોધો પણ પત્ર ચલાવવામાં ઊભા થતા રહ્યા, અને 'ફૂલછાબ' ક્યારેક બંધ થઈ જાય તેવી સ્થિતિ સર્જાઈ રહી હતી. આખરે ઈ.સ. ૧૯૫૪માં શેરહોલ્ડરોને સમજાવીને સૌરાષ્ટ્ર ટ્રસ્ટે મોટી નુકશાનીમાં આવી પડેલું 'ફૂલછાબ' ફરીથી સંભાળી લીધું. એ સમયે 'ફૂલછાબ'નો ફેલાવો માંડ ત્રણેક હજાર નકલોનો હતો.

આ સ્થિતિમાંથી 'ફૂલછાબ'ને બહાર કાઢીને એનું વેચાણ વધારવાના ભગીરથ પ્રયત્નો સૌરાષ્ટ્ર ટ્રસ્ટે આદર્યા. એના વહીવટમાં માર્ગદર્શન મળે તે માટે એક સલાહકાર સમિતિ રચાઈ, જમાં શ્રી જેઠાલાલ જોશી, શ્રી જાદવજી મોદી, શ્રી ઘનશ્યામભાઈ ઓઝા, શ્રી જમુભાઈ મોદી વગેરે આગેવાનોને લેવાયા. સૌરાષ્ટ્રના ગ્રામ પ્રદેશોમાં નવી ચેતના આવી રહી હોવાથી 'ફૂલછાબ'ને ગ્રામલક્ષી ઝોક આપવાનું નક્કી કરવામાં આવ્યું અને રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સમાચારોને બદલે ગ્રામપ્રદેશોના સમાચારોને વધુ મહત્ત્વ આપવાની નીતિ અપનાવવામાં આવી. આ માટે ગામડે ગામડે ખબરપત્રીઓ નીમાયા અને એમનું સંમેલન ગોઠવાયું. એજન્ટો અને ખબરપત્રીઓનાં સંમેલનો યોજવાની 'ફૂલછાબ'ની એ પ્રણાલિ આજે પણ ચાલુ રહી છે. ધીમે ધીમે એમાં જિલ્લાના અને તાલુકાના પત્રો આપવાનું શરૂ થયું. છાપકામ સુધારવા માટે સાત લાખ રૂપિયાના ખરચે જર્મનીથી અદ્યતન રોટરી મશીન મંગાવાયું. આ બધાને પરિણામે ધીમે ધીમે ફેલાવામાં સુધારો થતો ગયો.

એ દિવસોમાં સૌરાષ્ટ્રનું અલગ પ્રધાનમંડળ અસ્તિત્વમાં હતું, અને શ્રી શાંતિલાલ શાહના શબ્દોમાં જોઈએ તો – "સૌરાષ્ટ્રના કોંગ્રેસના નેતાઓ તેમજ અમુક પ્રધાનો 'ફૂલછાબ'ના લખાણ પ્રત્યે ગમાઅણગમાની દૃષ્ટિએ અવારનવાર સૂચનાઓ આપતા હતા. આ વાતાવરણમાં તંત્રી મુક્ત રીતે લખાણ ન કરી શકે તેવી પરિસ્થિતિ મને જાણવા મળી. આ પ્રશ્ન નાજુક હતો. સ્થાનિક વહીવટકર્તાઓ આ પ્રશ્ન હલ કરવામાં વિમાસણ અનુભવતા હતા."[૨૬]

આમાંથી માર્ગ કાઢવા તટસ્થ નીતિ અપનાવવાનું નક્કી થયું અને સ્થાનિક સંપાદક મંડળને વિશેષ સત્તા આપવામાં આવી. ઈ.સ. ૧૯૬૨ની ચૂંટણીઓમાં 'ફૂલછાબે' કોઈપણનું વાજિંત્ર ન બનતાં, તટસ્થનીતિ અપનાવી અને વાચકોને ધીમે ધીમે એ નીતિ ગમતાં 'ફૂલછાબ'ની નીડર, નિષ્પક્ષ પત્ર તરીકેની છાપ ઉપસવા લાગી અને ફેલાવો વધવા લાગ્યો.

સૌરાષ્ટ્રના જુદા જુદા જિલ્લા મથકો અને ગામડાઓમાં વહેલી સવારે 'ફૂલછાબ' પહોંચાડવા માટે ટેકસીઓની વ્યવસ્થા ગોઠવવામાં આવી. આ બધું ત્યારે તો ખાતર ઉપર દીવા સમાન હતું, પણ ધીમે ધીમે એનું વળતર મળવા લાગ્યું. આ પછી તો 'જન્મભૂમિ' જૂથનાં પત્રો માટે દિલ્હી, મુંબઈ, અમદાવાદ વગેરે સ્થળોએ સાંકળી લેતી સ્વતંત્ર ટેલિપ્રિન્ટર સર્વિસ ઊભી કરવામાં આવી, જેનો લાભ 'ફૂલછાબ'ને પણ મળ્યો. આ ઉપરાંત, સૌરાષ્ટ્રમાં પણ જામનગર, જુનાગઢ વગેરે શહેરોને 'ફૂલછાબ' ટેલિપ્રિન્ટર સર્વિસથી સાંકળી લીધાં. બ્લોક બનાવવા માટે પોતાનો અદ્યતન પ્રોસેસ સ્ટુડિયો બનાવવામાં આવ્યો.

'ફૂલછાબ'નો દૈનિક સ્વરૂપે પ્રારંભ થયો ત્યારે સત્તાવાર રીતે શ્રી નાથાલાલ શાહ તંત્રીપદે હતા, પણ વાસ્તવમાં સંપાદનનું ઘણુંખરું કામ જયમલ્લભાઈ પરમાર સંભાળતા. એ પછી 'ફૂલછાબ'માં તંત્રીઓ બદલાતા રહ્યા. વચ્ચે બિલકુલ થોડા સમય માટે શ્રી મહેન્દ્ર મેઘાણી પણ આવી ગયા. શ્રી ભૂપત વડોદરીયા પ્રમાણમાં લાંબી મુદત સુધી તંત્રીપદે રહ્યા અને ઈ.સ. ૧૯૬૨માં એમણે પણ પદ છો ુ. ઈ.સ. ૧૯૬૨ના નવેમ્બર માસમાં શ્રી હિંમતભાઈ પારેખ 'જન્મભૂમિ' મુંબઈમાંથી આવ્યા અને તંત્રી બન્યા. એમણે તંત્રીપદ સંભાળ્યું ત્યારે 'ફૂલછાબ'નો ફેલાવો માંડ સોળ–સત્તર હજાર નકલોનો હતો.

ઈ.સ. ૧૯૭૫માં તેઓ નિવૃત્ત થયા ત્યારે ફેલાવો ત્રેપન હજારે પહોંચ્યા પછી બેતાલીશ હજારે સ્થિર થયેલો હતો. આમ, એમના સમયમાં 'ફૂલછાબ'ના વિકાસે ચોક્કસ વેગ પક  ો. આ અરસામાં 'ફૂલછાબ'માં મુદ્રણ અને લે–આઉટની દષ્ટિએ ધરખમ ફેરફારો થયા. અદ્યતન રોટરી મશીન મંગાવવામાં આવ્યું, અને કમ્પોઝ માટે મોનો પંચ મશીનની વ્યવસ્થા થઈ આને લીધે મુદ્રણ ઝડપી અને સુઘડ બન્યું. ટેલિપ્રિન્ટર સર્વિસ વિસ્તારવામાં આવી. આ બધાની અસર ઈ.સ. ૧૯૬૫માં દેખાવા લાગી અને ફેલાવાએ ગતિ પકડી. ઈ.સ. ૧૯૬૭માં નવી દિલ્હીમાં સમાચાર સેવા શરૂ કરવામાં આવી અને એની પણ ફેલાવા ઉપર ધારી અસર થઈ. ઈ.સ. ૧૯૬૭ની ચૂંટણીઓ વખતે 'ફૂલછાબે' તદ્દન તટસ્થ નીતિ અપનાવી પરિણામે લોકોમાં એક નિષ્પક્ષ અખબાર તરીકે એની પ્રતિષ્ઠા ઊભી થઈ.

અગાઉ ઉલ્લેખ કર્યો છે તેમ 'ફૂલછાબ'ને હવે સ્થાનિક અને પ્રજાલક્ષી ઝોક અપાયો, અને સૌરાષ્ટ્રની પ્રજાના પ્રશ્નોને વધુ ને વધુ વાચા અપાવા લાગી. રવિવારે છેલ્લા પાના ઉપર 'શહેરના સવાલો'નો વિભાગ શરૂ કરાયો. આ ઉપરાંત, જામનગર, જૂનાગઢ, ભાવનગર જેવાં બીજાં શહેરોના પ્રશ્નો પણ રજૂ થતા ગયા. એ અરસામાં 'ફૂલછાબ'ના તંત્રી અને વ્યવસ્થાપક જાતે સૌરાષ્ટ્ર આખામાં ફરીને ત્યાંના લોકો પાસેથી સ્થાનિ પ્રશ્નોનો ખ્યાલ મેળવતા અને પછી પહેલે પાને ૧૫ દિવસ સુધી ત્રણ કોલમમાં એના અહેવાલો અપાયેલા. આ અહેવાલોને જિલ્લાઓમાં ખૂબ આવકાર મળ્યો.

ઈ.સ. ૧૯૭૫માં હિંમતભાઈ પારેખ નિવૃત્ત થયા અને શ્રી હરસુખ સંઘાણીએ તંત્રીપદ સંભાળ્યું. એમણે 'ફૂલછાબ'ની ગતિ પકડી ચૂકેલી વિકાસયાત્રાને વધુ આગળ વધારી અને એમાં વધુ વેગ આણ્યો. વાચનસામગ્રીમાં વધારો થતો ગયો, પાનાં વધ્યાં, અને રવિવારની પૂર્તિ પણ દળદાર બનતી ગઈ. એમના અગ્રલેખોમાં પ્રશ્નોની તલસ્પર્શી

ચર્ચા અને ઊંડાણ હોવાને લીધે વાચકો એ રસપૂર્વક વાંચતા થયા. એમણે વાચકો સાથે વધુ તાદાત્મ્ય સાધવા રવિવારે તંત્રીની ટપાલપેટી છાપવાનો પ્રયોગ શરૂ કર્યો, જેમાં વાચકો મુક્તપણે પત્રની નબળાઈની ટીકાઓ પણ કરતા થયા. દરમિયાન ફેલાવો એકધારો વધતો ગયો. ઈ.સ. ૧૯૭૯ના અંતે એ પંચોતેર હજારનો આંક વટાવી ચૂક્યો હતો અને ઈ.સ. ૧૯૮૦નું વર્ષ વિદાય લે તથા ઈ.સ. ૧૯૮૧ શરૂ થાય એ અરસામાં 'ફૂલછાબ'નો ફેલાવો એક લાખ નકલે પહોંચ્યો. કોઈપણ પ્રાંતીય અખબાર માટે આ એક ગૌરવપૂર્ણ ઘટના કહેવાય. મુંબઈ અને અમદાવાદનાં અખબારોના પ્રમાણમાં સૌરાષ્ટ્રના પત્રને ઓછો વ્યાપ મળે છે, એ હકીકત ધ્યાનમાં લેતાં આ સિદ્ધિ વધુ મહત્ત્વની બને છે. વળી, જે ઝડપથી એ સિદ્ધિ મેળવાઈ એ પણ ધ્યાન ખેંચે છે. ઈ.સ. ૧૯૭૫ થી ૧૯૭૮ના સમયગાળામાં એણે ૫૩.૩ ટકાનો વિકાસદર સિદ્ધ કર્યો હતો. આ ગાળામાં ગુજરાતી પત્રોના ફેલાવામાં કુલ ૧૯.૯ ટકાનો વધારો થયો હતો."[૨૭]

આમ, 'સૌરાષ્ટ્ર' વર્તમાનપત્રએ વિકાસના ઉતાર ચઢાવ વચ્ચે પણ પોતાની જાતને ટકાવીને પ્રજાકલ્યાણનું કામ ર્યું છે. એ આપણે વિસરી જઈએ એ શક્ય નથી. એમની કરેલી સેવાને લોકોએ હંમેશા યાદ કરવી જ રહી.

## ✵ પાદટીપ :


૧. ‘કલમના સિપાહી’, વિષ્ણુ પં ા, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૦, પૃ. ૬૬

૨. ‘ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ : જૂનાગઢ જિલ્લો, ગુજરાત સરકાર, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૮, પૃ. ૫૧૧

૩. ‘કલમના સિપાહી’, વિષ્ણુ પં ા, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૦, પૃ. ૬૮

૪. એજન, પૃ. ૬૪

૫. ‘અખબારી ઇતિહાસ’, યાસીન દલાલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૬, પૃ. ૧૧૩

૬. એજન, પૃ. ૧૧૩

૭. એજન, પૃ. ૧૧૪

૮. એજન, પૃ. ૧૧૪–૧૧૫

૯. ‘કલમના સિપાહી’, વિષ્ણુ પં ા, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૦, પૃ. ૬૯

૧૦. ‘અખબારી ઇતિહાસ’, યાસીન દલાલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૬, પૃ. ૧૧૭–૧૧૮

૧૧. એજન, પૃ. ૧૧૮

૧૨. એજન, પૃ. ૧૧૮

૧૩. 'અખબારી ઇતિહાસ', યાસીન દલાલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૬, પૃ. ૧૨૦

૧૪. એજન, પૃ. ૧૨૦

૧૫. એજન, પૃ. ૧૨૦

૧૬. એજન, પૃ. ૧૨૧

૧૭. એજન, પૃ. ૧૨૨

૧૮. એજન, પૃ. ૧૨૨

૧૯. એજન, પૃ. ૧૨૩

૨૦. એજન, પૃ. ૧૨૪

૨૧. એજન, પૃ. ૧૨૬

૨૨. એજન, પૃ. ૧૨૭–૧૨૮

૨૩. એજન, પૃ. ૧૩૧

૨૪. એજન, પૃ. ૧૩૨

૨૫. એજન, પૃ. ૧૪૧

૨૬. એજન, પૃ. ૧૪૩

૨૭. એજન, પૃ. ૧૪૪

પ્રકરણ–૭

# સુધારકયુગના વિવિધ સામયિકો


૭.૧ પ્રાસ્તાવિક

૭.૨ ‘રાસ્ત ગોફતાર’ (૧૮૫૧)

૭.૩ ‘સત્યપ્રકાશ’ (૧૮૫૫)

૭.૪ ‘ટીકાકાર’ (૧૮૬૮)

૭.૫ ‘જ્ઞાનવર્ધક’ (૧૮૭૩)

૭.૬ ‘બાળોદય’ (૧૮૭૭)

૭.૭ ‘સુદર્શન’ (૧૮૮૫)

૭.૮ ‘વિવેચક’ (૧૯૧૩)

૭.૯ ‘વીસમી સદી’ (૧૯૧૬)

૭.૧૦ ‘કચ્છી જૈન મિત્ર’ (૧૯૧૭)

૭.૧૧ ‘શ્રી ઋષિ મુખ’ (૧૯૨૦)

૭.૧૨ ‘ભટ્ટ ભાસ્કર’ (૧૯૨૦)

૭.૧૩ ‘આર્ય ધર્મ પ્રકાશ’ (વિ. સં. ૧૯૨૯)

૭.૧૪ ‘કેળવણી’ (વિ. સં. ૧૯૬૫)

૭.૧૫ ‘ખડાયતા મિત્ર’ (વિ. સં. ૧૯૭૧)

૭.૧૬ ‘કચ્છ વર્તમાન’ (વિ. સં. ૧૯૮૦)

➭ પાદટીપ

## ૭.૧ પ્રાસ્તાવિક :

સ્વતંત્ર રીતે પ્રકાશિત થતાં સર્જનાત્મક તથા વિવેચનાત્મકગ્રંથો દ્વારા કોઈપણ ભાષાના સાહિત્યનો વિકાસ, વિસ્તાર અને તેના બદલાતા રહેતા પ્રવાહોને પામી શકાતા હોય છે એ રીતે અખબારથી, માંડીને સમયના જુદા જુદા અંતરે પ્રકાશિત થતા સામયિકો દ્વારા પણ એમને માણી શકાતા હોય છે. કોઈપણ સાહિત્યના વિકાસ – વિસ્તારનું અવલોકન કરતાં જણાય છે કે, એમાં સાહિત્યિક પત્રકારત્વનું બળ પડેલું છે. સામયિકો, અખબારોએ જેમ પ્રજાની વાચનભૂખ સંતોષવામા, સાહિત્યરુચિ સંતર્પવામાં ભાગ ભજવ્યો છે. તેમ પ્રજાના વૈચારિક અને સાંસ્કૃતિક ઘડતરમાં પણ તેનું મહત્ત્વનું પ્રદાન છે.

બહુ ટૂંકા ગાળામાં ગુજરાતનું સંસ્કારજીવન, નવી દુનિયાનું નિકટવર્તી દર્શન સામયિક દ્વારા પણ ઝિલાવા લાગ્યું. આ બધાં સામયિકોનો આશય વિશાળ વાચકવર્ગ મેળવવાના બદલે ચોક્કસ વિષય લઈને પ્રજા સમક્ષ જવાનો હતો. આવા ધ્યેયલક્ષી સામયિકોએ પ્રજાજીવનને ઊંચે આણવાનો ભગીરથ પુરુષાર્થ કર્યો છે. પ્રજાજીવનના સૂક્ષ્મ વિચારો, આંદોલનો, તાત્કાલિક અને દૂરગામી પરિણામોને જાણવા માટે મથનારાં સામયિકોની ભૂમિકાને તપાસીએ.

સામયિકોનાં આદર્શ, વ્યવસ્થા અને પ્રદાન–વિષયક કેટલીક નોંધપાત્ર વિગતો. આ સામયિકો પર નજર નાખતાં સહેજે સમજાશે કે મોટા ભાગનાં સામયિકોએ ગુજરાતી પ્રજાને નવું વાચન આપવાનો કે મનોરંજન કરવાના હેતુઓ માત્ર ન રાખતાં સાંસ્કૃતિક વલણોને કેન્દ્રમાં રાખીને પ્રજાજીવનને ઉર્ધ્વમાર્ગે લઈ જવાનો પુરુષાર્થ કર્યો. પત્રકારત્વની વિધિસરની દીક્ષા ન પામેલા આ તંત્રીઓ પાસે જીવનનો વિશાળ

અનુભવ, ઉચ્ચ કેળવણીના કારણે સારાસારની વિવેકબુદ્ધિ અને કૂટપ્રશ્નોને સર્વાંગી દૃષ્ટિએ વિચારવાની પ્રતિભા હતી. તંત્રીઓ પાસે સમાજને 'કહેવા જેવું' ઘણું બધું હતું. આના લીધે સામયિકોમાં મોટાભાગનાં લખાણો પોતાની જાતે જ લખવા માં  ાં હતાં. એ લખાણો સુધારાના પ્રબળ આવેશથી લખાયાં હોય આપણા જનજીવનને દૂષણોમાંથી ઊંચે ઉઠાવવાની અધિરાઈ હોય કે પરત્વે અભિમુખ કરવાની ઉત્કટ સાંસ્કૃતિક ઝંખના હોય પરંતુ એ વાત સાથે સૌ સંમત થશે કે એ તંત્રીઓ અને એમનાં સામયિકો પ્રજાને સમર્પિત હતાં.

પત્રકારત્વને સેવાના પવિત્ર વ્યવસાય તરીકે જ પ્રયોજવાનું અને કોઈને કોઈ વિચારધારા પર અડગ રહેવાનું ધૈર્ય આ સામયિકોને વિશિષ્ટ કહેવડાવે છે. સામાન્યજનને રુચે એવું, વાચક શું વાંચે છે કે વાંચવા માંગે છે એની દરકાર કર્યા વિના કશુંક ગંભીર કહેવાની અને પોતે ગંભીર પ્રવૃત્તિ કરી રહ્યા છે એવી સભાનતાને કારણે સામાન્ય માણસનો છેદ આ સામયિકોએ ઉડાવી દીધો હતો. સર્જકો અને સામાન્યજન વચ્ચેનું અંતર વધ્યું તેમ સાક્ષરો અને કેળવણી પામેલા શિક્ષિતોની મંડળીઓ ઊભી થવા લાગી. જુદાં–જુદાં સામયિકોમાં જુદી–જુદી સાક્ષરમંડળી કામ કરતી હતી. જેમણે "પીરીઓડિકલ્સ વિથ અ પર્પઝ" અથવા "પ્લાન્ડ પીરીઓડિકલ્સ" જેવા હેતુલક્ષી અને ચોક્કસ આયોજન સાથે ચાલનારાં સંગીન સામયિકો પ્રકાશિત કરવાની ખેવના દાખવી. આનું એક દુષ્પરિણામ એ આવ્યું કે જૂથવાદની અસર વરતાવા લાગી. 'સમાલોચક જૂથ' એનું ઉદાહરણ છે તે છતાં નોંધવું જોઈએ કે, "આ મતાગ્રહો અને ખંડન મંડન દ્વારા ગુજરાતમાં 'વૃત્ત' નહીં પણ 'વિચાર'નો મહિમા સ્થાપિત થયો હતો."[૧]

આમાંના મોટાભાગનાં સામયિકો સચિત્રતાથી દૂર હતાં. સામયિકના બાહ્ય દેખાવ પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે એના આંતરિક સત્ત્વને જ પ્રકટ કરવાનું વલણ

હતું. વળી, સીમિત વાચકવર્ગ હોઈને રંગીન સામયિકનું પ્રકાશન હાથ ધરવું એ ખોટના હિસાબમાં જંગી વધારો કરવા જેવું દુઃસાહસ હતું. આ સામયિકો ટાંચાં સાધનો અને સામગ્રીની ઊણપો વચ્ચે જન્મ્યાં હતાં. પ્રિન્ટિંગ ટેક્નોલોજીના ઉદ્‌ગમ અને વિકાસના તબક્કે સામયિકમાં વૈવિધ્ય દર્શાવવાનું લગભગ અશક્ય હતું. ગ્રાહકો અને વાચકોને આ પ્રકારની સામગ્રી વાંચવા ઘડવાના હતા. ‘ડાંડિયો’ના પ્રથમ બે અંકો તો મફતમાં વહેંચી નાખવા પ ા હતા. ‘ગુજરાતી’ સિવાય બીજાં પત્રોની હાલત પણ ‘ડાંડિયા’થી વિશેષ સારી ન હોતી. ૩૦૦ ગ્રાહકોના લવાજમે ૩૦૦૦ વાચકો જરૂર મળી આવતા હતા પણ ૩૦૦૦ જેટલા ગ્રાહકો સામયિક માટે તૈયાર થઈ સાહિત્યિક સામયિકને આર્થિક બાજુએ નિર્ભય કરી આપે તેવું વલણ ત્યારે નહોતું – આજે પણ નથી.

નીડરતા આ સામયિકોનો પ્રથમ નજરે દેખાઈ આવતો ગુણ છે. ‘ડાંડિયો’, ‘સત્યપ્રકાશ’થી માંડીને ‘જ્ઞાનસુધા’ એ તડફડિયા શબ્દોમાં કોઈની શેહશરમમાં દબાયા વિના રોકડું પરખાવવાનું વલણ દાખવ્યું હતું. આ કારણે જાગેલા વાદવિવાદનો સીધો લાભ ગુજરાતી સાહિત્ય અને પ્રજાને જ થયો. એ ચર્ચાઓના કારણે વિષયનાં ઊંડા અવલોકનોની તક સાંપડી. વિવિધ દૃષ્ટિકોણનો લાભ મળ્યો અને વધુ તો અભ્યાસને ધારદાર કરવાનું વાતાવરણ રચાવા લાગ્યું.

ગુજરાતી ભાષાને ઘડવામાં આ સામયિકોનો ફાળો અનન્ય લેખી શકાય. સામયિકને કારણે નર્મદે ગદ્ય લખવાનું શરૂ કરેલું. આમ એની ભાષા બળકટ શૈલી અને પ્રવાહિતા દાખવતી થઈ. કઢંગી ભાષામાં થતા અનુવાદો સામે, અશિષ્ટ ગુજરાતી ભાષા સામે ભાષાનું પ્રાણવાન સ્વરૂપ મૂકીને ભાષાગત માળખા તરફ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી અભ્યાસ થવા લાગ્યો. વ્યાકરણ, શબ્દચર્ચાઓ, વ્યુત્પત્તિઓ અને જોડણીવિષયક

ચર્ચાઓ લગભગ તમામ સામયિકોમાંથી પ્રાપ્ત થાય છે. ગોવર્ધનરામ તો નરસિંહરાવ સામે જોડણી બાબતે 'સમાલોચક'માં ઉગ્ર વિવાદ આરંભે છે.

'સુદર્શન', 'જ્ઞાનસુધા', 'સમાલોચક' અને 'વસંત' જેવાં સામયિકો કોઈને કોઈ કારણોસર અનિયમિત રહ્યાં છે. કોઈ કોઈવાર બે માસના કે ત્રણ માસના અંકો એક સાથે પ્રકાશિત કરવા ૫ ા છે. 'જ્ઞાનસુધા'ના તો એક વર્ષના સળંગ અંકો બે–ત્રણ વર્ષના ગાળાબાદ પ્રસિદ્ધ થયાના હેવાલ સાંપડે છે ! 'વસંત' પણ માસિકમાંથી ત્રૈમાસિક થવાનું સ્વીકારે છે. પરંતુ એમાં તંત્રીની આર્થિક હાલત, બેદરકારનીતિ નહીં પણ મુખ્યતયા એ તંત્રીઓની અનેકવિધ પ્રવૃત્તિઓ કારણભૂત હતી.

ધર્મ અને તત્ત્વજ્ઞાન પર્યેષણાના આ સમયમાં સામયિકોએ પત્રકારત્વની શાળા જ જાણે કે નિર્માણ કરી હતી. ઈચ્છારામ દેસાઈ, રમણભાઈ નીલકંઠ, મણિલાલ દ્વિવેદી, આનંદશંકર ધ્રુવ જેવા સર્જકોને એક કરતાં વધુ સામયિકોમાં પોતાની સેવા આપવાની તક ઊભી થઈ. જે તે વિભાગોની સંભાળ લેવાની જવાબદારીરૂપે એમના હાથે વિપુલ સામગ્રી સર્જાતી રહેલી જે ગુજરાતી સાહિત્યને ઘડવામાં અનેક રીતે ઉપયોગી થઈ પડી. એ સાથે તંત્રીઓને સવ્યસાચી બનવાની ફરજ પડી. આના ફળસ્વરૂપે રમણભાઈ નીલકંઠ, આનંદશંકર ધ્રુવ કે મણિલાલ દ્વિવેદી પાસેથી વિવિધ સાહિત્યસ્વરૂપો અને પ્રકીર્ણ લેખોની ભેટ પ્રાપ્ત થઈ.

નિબંધના ગદ્યને ઘડવામાં આ સામયિકોનો ફાળો નાનો સૂનો નથી. અન્ય સાહિત્ય– સ્વરૂપો હજુ પ્રાથમિક સ્વરૂપમાં જ દેખા દઈ રહ્યા હતા ત્યારે ગદ્યની વિધવિધ તરાહો ઉપજાવનારા આ સમયગાળાના મોટાભાગના સર્જકો – તંત્રીઓ આપણી ગુજરાતી ભાષાના ગણનાપાત્ર નિબંધકારો તરીકે પ્રતિષ્ઠિત થયા છે. પોતાના વિચારને નિબંધ સ્વરૂપે અભિવ્યક્ત કરવામાં આ સામયિકો જ એમનું મંચ બની રહ્યાં હતાં.

આમ, પ્રારંભિક ગાળાનું આ પ્રસ્થાન આજનાં સામયિકોને માટે પણ આદર્શરૂપ રહ્યું છે. જો આપણા સુધારકો, સાક્ષરો પાસે સામયિકોનું માધ્યમ ન હોત તો લાગે છે કે ગુજરાત કે ભારતની સાંસ્કૃતિક વિચારણા, વિકાસનું ક્ષેત્ર આપણાથી અજ્ઞાત બની રહેત. એનાથી વધુ આપણું ગુજરાતી સાહિત્ય કેટલું શુષ્ક અને પાંગળુ હોત ! સમયના સંદર્ભે સુધારા અને સંરક્ષકવૃત્તિને અગ્રિમસ્થાન અપાયું હોવા છતાં એના વિચક્ષણ તંત્રીઓને જ્ઞાન–વિજ્ઞાનની શાખાઓને જે રીતે એમનાં સામયિકોમાં પ્રયોજી છે એ જોતાં તો લાગે છે કે પ્રજાજીવનને ઉર્ધ્વગામી કરવાની એ તંત્રીઓમાં કેટલી ઉત્કટ તમન્ના હશે ? નૂતનયુગના સંદેશાઓ વધુ વ્યાપક બનાવતા માર્ગને એ રીતે એમણે ચીંધી આપ્યો અને ભારતીય સંસ્કૃતિ, સમાજજીવન, કલાજીવનને સંસ્કારવા નવાં સામયિકો મેદાને પ ાં.

## ૭.૧ ‘રાસ્ત ગોફતાર’ (૧૮૫૧) :

‘વરતમાન’ પછીનું આ સમયનું બીજું મહત્ત્વનું પત્ર તે મુંબઈથી પ્રકાશિત થયેલું ‘રાસ્ત ગોફતાર’. મુંબઈમાં તે સમયે પાંચ પારસી પત્રો હતાં. આમ છતાં, એક સારાં, સુધારાવાદી પત્રની ખોટ હતી જ. એ ખોટ પૂરી પાડવા પ્રયત્નો કરનારાઓમાં દાદાભાઈ નવરોજી પણ હતા. પ્રયત્નોના પરિણામરૂપે પ્રથમ એક મંડળ સ્થપાયું. એ નોંધવા જેવું છે કે તત્કાલીન સુધારાવાદ સીધે–સીધો પ્રવેશ્યો નથી. પહેલાં કોઈને કોઈ મંડળી કે સંસ્થા સ્થપાઈ પછી જ તેનું પરિણામ આવ્યું છે.

રાજા રામમોહનરાયે પણ પ્રથમ મંડળી સ્થાપેલી. નર્મદે ‘મંડળી મળવાથી થતા લાભ’ નિબંધ આવા જ હેતુથી વહેતો મૂક્યો હશે એમ આપણે કલ્પી શકીએ. દાદાભાઈએ પણ પારસી સમાજના ઉત્કર્ષ માટે ૧લી ઓગષ્ટ, ઈ.સ. ૧૮૫૧ના દિવસે

'રહનુમાએ મજદયા સનન સભા'ની સ્થાપના કરી અને પછી આ મંડળીએ ટૂંકા સમયમાં જ, ૧૫મી નવેમ્બર, ૧૮૫૧ના રોજ 'રાસ્ત ગોફતાર' શરૂ કર્યું.

'રાસ્ત ગોફતાર' એટલે 'સચ્ચાઈનો વક્તા' 'રહનુમાએ સભા'ના જુવાનિયાઓએ તેમની આવી પ્રવૃત્તિ માટે 'સોસાઈટીના પોરિયાઓ'નું હુલામણું નામ પણ મેળવેલું. આ 'પોરિયાઓ'એ શેઠ ખુરશેદજી સરવાનજી કામાની સહાયથી 'રાસ્ત ગોફતાર'નો પ્રારંભ કર્યો હતો.

'રાસ્ત ગોફતાર'ને જેમ સમાજસુધારાનાં પરિબળે જન્મ આપ્યો તેવું એક બીજું પરિબળ પણ તેનાં પ્રકાશન માટે આભારી હતું. તે પારસી ધર્મ સામેના આક્રમણનો પ્રત્યુત્તર આપવાની સજ્જતા એવો એક બનાવ પણ એ દિવસોમાં બન્યો. પારસી સામયિક 'ચિત્રજ્ઞાન દર્પણ' (તંત્રી–બહેરામજી ખુરશેદજી ગાંધી)માં જુદાં જુદાં નામાંકિત મહાપુરુષોનાં ચિત્રો છપાતાં, તેમ હજરત મહમદ પયગંબરનું ચિત્ર પણ છપાયું. મુસ્લિમોએ તેનો વિરોધ કર્યો અને હુલ્લડ થયું. આ હુલ્લડમાં કેટલાક રાંક પારસીઓના જીવ ગયા, તે છતાં નહીં સત્તાવાળાઓએ, નહીં શેઠિયાઓએ કે નહીં છાપાવર્ગે પારસીઓની કશી દાદ લીધી. પારસી કોમે મુસલમાન ભાઈઓની માફી માગવી પડી. એ રીતે પારસીઓએ એક ગામથી માર ખાધોને મારની માફી માગી, તેથી સમજુ પારસી જીગરો ઘણા જખ્મી થયા. પણ તે જખમને જાહેરમાં અવાજ આપનારો 'એક બી સ્વતંત્ર છાપો' નહીં મળી આવ્યો. આવું જોવાથી પારસીઓના એક શુદ્ધ, સાચા, સ્વતંત્ર પારસી છાપાની એટલી તો અગત્યતા માલમ પડી કે 'રાસ્ત ગોફતાર' પત્રને ઊભું કરીને તેઓએ ખોટ પૂરી પાડી.

"'રાસ્ત ગોફતાર'ના પહેલા અંક (૧૫ નવેમ્બર, ૧૮૫૧)ની એક હજાર નકલ છાપવામાં આવી અને તે બધી નકલો મફત વહેંચવામાં આવી !"[૨] તેના પહેલાં

ત્રણ અંકોમાં દાદાભાઈએ પારસીઓ પરના આક્રમણનો દર્દ ભર્યો ખ્યાલ આપ્યો. શરૂઆતમાં આ પત્ર મહિનામાં બે વાર બહાર પડતું. જાન્યુઆરી ઈ.સ. ૧૮૫૨થી તે સાપ્તાહિક બન્યું. શરૂઆતમાં તે કેવળ પારસી સમાજ માટે ઝૂઝનારું પત્ર હતું અને તેનો યે ઘણો પ્રભાવ પ ો. છ વર્ષ પછી આ પત્રે 'તમામ દેશી લોકના લાભને માટે' પોતાની નીતિ ધારણ કરી. એ પછીનાં વર્ષે સમાજસુધારક કરસનદાસ મૂળજી પત્રની દોરવણી માટેની સમિતિમાં સામેલ થયાં.

કરસનદાસનું 'સત્યપ્રકાશ' પણ ઈ.સ. ૧૮૬૨માં 'રાસ્ત ગોફતાર' સાથે જોડાઈ ગયું, તેથી તેનું નામ 'રાસ્ત ગોફતાર તથા સત્યપ્રકાશ' રહ્યું. સામાજિક સુધારા અને પ્રજાકીય વલણો સરળતાથી રજૂ કરતા આ પત્રે ઘણા ઉત્તમ તંત્રીઓ પણ આપ્યા. દાદાભાઈ નવરોજી પછી કેખુશરૂ કાબરાજી, જહાંગીર બરજોરજી વાચ્છા, સોરાબજી શાપુરજી બંગાલી, કરસનદાસ મૂળજી, ડોસાભાઈ ફરામજી કરાકા, કાવસજી એદલજી ખંભાતા વગેરે તેના તંત્રી થયેલા. તેમાં કેખુશરૂ કાબરાજીએ લાંબા સમય સુધી આ પત્રને વિકસાવ્યું.

આ પત્રે સામાજિક અને રાજકીય વિચારોને વ્યક્ત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. શરૂઆતમાં દાદાભાઈ નવરોજીએ પોતાની નેક અને નિર્ભિક કલમનો પરિચય આપ્યો. ઈ.સ. ૧૮૫૫માં તે વિદેશ ગયા એટલે પત્રની દોરવણી માટે સમિતિ નિમાઈ. ઈ.સ. ૧૮૫૮માં તેમાં 'દેશીઓનો અવાજ અંગ્રેજો સુધી પહોંચાડવા માટે' અંગ્રેજીમાં પણ લખાણો આપવાં શરૂ કરાયાં. કેખુશરૂ કાબરાજીએ 'ગોફતાર'ને અંગ્રેજી રાજ્ય અમલનાં વખાણ કરનારું બનાવ્યું તે દાદાભાઈને ગમ્યું નહોતું. પણ કેખુશરૂ કાબરાજીના જણાવ્યા પ્રમાણે રાજકીય હક્કો પ્રાપ્ત કરવામાં 'રાસ્ત ગોફતારે' હરહંમેશ ટેકો આપ્યો હતો.

બોમ્બે એસોસિયેશન લંડનના ઈસ્ટ ઈન્ડિયા એસોસિયેશન તથા મુંબઈના પ્રેસિડેન્સી એસોસિયેશનને ટેકો આપેલો. ઈ.સ. ૧૮૫૫માં કોંગ્રેસને આ અખબારે સાથ આપેલો, પણ સ્થાપકોએ નક્કી કરેલો મધ્યમપણાનો અને વફાદારીનો માર્ગ કોંગ્રેસે છોડી દેતા, 'પારસી કોમના લાભાર્થે' એ ટેકો પાછો ખેંચ્યો. લોર્ડ લિટનના સમયમાં આવેલા 'વર્નાક્યુલર પ્રેસ એકટ' તળે 'રાસ્ત ગોફતાર'ના એક (અંક ૨૬ ઓગષ્ટ ઈ.સ. ૧૮૭૭)નો 'ફિતુરી ફકરો' પણ ઝડપાયો હતો. લાંબા પત્રવ્યવહાર પછી એમાં સમાધાન થયું. ઈ.સ. ૧૯૧૮ના જુલાઈમાં આ પત્ર 'પ્રજામિત્ર અને પારસી' સાથે જોડાઈ ગયું.

## ૭.૨ 'સત્યપ્રકાશ' (૧૮૫૫) :

ધાર્મિક દંભ તથા અનાચાર સામેનો સત્યનિષ્ઠ અવાજ. ધર્મ, ભક્તિના અંચળા હેઠળ દોરાતી પ્રજાને તત્કાલીન ધર્મ અને ગુજરાત તથા અન્ય પ્રદેશોની ઘડાતી જતી સંસ્કૃતિનો પરિચય કરાવવા કરસનદાસ મૂળજીએ 'સત્યપ્રકાશ' નામનું સામયિક ઈ.સ. ૧૮૫૫માં શરૂ કર્યું. જ્યારે દંભી સાધુઓએ સમાજને બાનમાં લઈ ભક્તિસ્ત્રોતના બહાને પોતાના અંગત સ્વાર્થને પોષવાની, વ્યભિચારલીલાઓની વૃત્તિઓને ફેલાવી હતી ત્યારે 'સત્યપ્રકાશે' ધર્મને નામે ચાલતા પાખંડને દૂર કરવા તેમજ સંસાર–સુધારા તરફ પોતાની દૃષ્ટિ ઠેરવી. સુધારાના અંગરૂપ ધર્મ કે સંપ્રદાય અંગે પ્રવર્તતી સંકુચિત ભાવનાઓ અને સ્થાપિત હિતો, અધિષ્ઠાતા મહારાજોની નફફટાઈ અને વ્યભિચારોને ખુલ્લા પાડવાનો તેમજ એ રીતે ધાર્મિક બાબતોના સત્યને પ્રકાશમાં લાવવાનો 'સત્યપ્રકાશ'નો પ્રયત્ન સુધારકયુગનાં સામયિકોમાં નોંધપાત્ર છે. લોકહિતાર્થે સમર્પિત 'સત્યપ્રકાશ'ની નિષ્ઠાને વિજયરાય વૈદ્યે "નવદૃષ્ટિના તેજે લખલખતી ભાવનાઓને મૂર્ત કરતું"[૩] કહીને પ્રમાણી છે.

સુધારા માટે અવરોધરૂપ સમાજ પ્રતિનિધિઓ કે ધર્મપંથના મહારાજોની અનીતિ સામે કલમની તેગ વીંઝવી અને મંડન પ્રસંગે કલમમાંથી સદ્દુપદેશની સરિતા વહેવડાવવી એ 'સત્યપ્રકાશ'નું પોતાનું આવશ્યક કાર્ય લેખ્યું છે. સંસાર સુધારો એટલે મુખ્યત્વે વિધવા, પુનર્લગ્ન અને શિક્ષણપ્રચાર જ નહીં પરંતુ સુધારાને અંગે વ્યક્તિનો તથા એના ગૃહજીવનના સુધારા પર કરસનદાસની સબળ કલમે વેધક વાણીમાં પ્રહારાત્મક લેખો લખ્યા છે. પ્રજાજીવનની નૈતિક શુદ્ધિ કેમ થાય એ અંગે સતત બાજ નજરે જોનારા આ સામયિકનું અમર પાસું તો લાયબલ કેસ વડે છે. "વલ્લભ સંપ્રદાયનાં દુરાચરણો સામે પોતાના સામયિકમાં પુણ્યપ્રકોપી સ્વરે લખનારા કરસનદાસ પર બદનક્ષીનો કેસ મંડાયો હતો. મહારાજ લાયબલ કેસમાં માત્ર ૨૮ વર્ષની ઉંમરના કરસનદાસે ઓછામાં ઓછી મદદથી સાધનસંપન્ન પ્રતિપક્ષી સામે ઝઝૂમ્યા અને કેસ જીત્યા. જાહેર વિવાદ દ્વારા રૂઢિ અને ધર્મ સામેના આ તીખા પ્રહારો એ સમયે કૌતુકનો વિષય હતો. ગુજરાતના સંસ્કારજીવનને વિકસાવવા રૂઢિવશતા અને અનાચાર સામે બાથ ભીડનારા કરસનદાસે 'સત્યપ્રકાશ'ની સુદર્શનચક્ર સાથે જે સરખામણી કરી છે એ યોગ્ય લાગે છે."[૪]

'સત્યપ્રકાશ'ની ભાષા 'ડાંડિયો'–'શાળાપત્ર'ની તુલનાએ ઘણી અશુદ્ધ છે. એમાંના કેટલાક ભાષાદોષ એ સમયની મુદ્રણની પ્રતિકૂળ સ્થિતિમાંથી ઉદ્ભવતા હશે એમ માનવાને ઘણાં પ્રમાણો 'સત્યપ્રકાશ'માંથી પ્રાપ્ત થાય છે. ભાષા અશુદ્ધિ બાબતે 'સત્યપ્રકાશ'ની ટીકા કરતાં રતન રુસ્તમ માર્શલે લખ્યું છે. "તેના તંત્રીઓ કેળવાયેલા હિંદુઓ હતા, છતાં ભાષાની બાબતમાં તે સમયનાં બીજાં પત્રો અને 'સત્યપ્રકાશ'માં ઝાઝો તફાવત નથી. ભાષાશુદ્ધિને બદલે વિચાર પ્રદર્શન એ જ મુખ્ય નેમ હતી."[૫]

ગુજરાતી ગદ્યનો પિતા નર્મદ હજી ઊગતો હતો. ગુજરાતી ગદ્યશૈલી ઘડાઈ નહોતી, બોલવું તેવું લખવું એ નિયમ પ્રવર્તતો જણાય છે. વળી, લેખોમાં પેરાઓની યોગ્ય વ્યવસ્થા પણ જણાતી નથી.

ઈ.સ. ૧૮૬૦માં કેખુશરુ કાબરાજીના ‘રાસ્ત ગોફતાર’ સાથે ‘સત્યપ્રકાશ’ ભળી ગયું પરંતુ ધર્મના અને સમાજના હીણપતભર્યા સ્તરને ઊંચે લાવવા માટે કરેલો એમનો પુરુષાર્થ, સમાજને યોગ્ય દિશાએ લઈ જવાની શુભનિષ્ઠાએ ‘સત્યપ્રકાશ’ને યાદગાર બનાવ્યું છે.

‘રાસ્ત ગોફતારે’ જે કામ પારસી સમાજમાં ઉપા ું, તેવું સુધારાનું કામ વધુ સાહસિકતાથી ગુજરાતમાં ‘સત્યપ્રકાશ’ દ્વારા શરૂ થયું. ‘સત્યપ્રકાશ’ની કહાણી પણ ગુજરાતી પત્રકારત્વમાં તડકી છાંયડી અનુભવનાર પત્રની કહાણી છે. તેના દ્વારા ગુજરાતના સમર્થ સુધારાવીર અને નીડર પત્રકાર કરસનદાસ મળ્યા અને ‘મહારાજ લાયેબલ મુકદ્દમા’ એ તો આ પત્રને ખૂબ જાણીતું બનાવ્યું. કરસનદાસમાં બચપણથી જ અભિનિવેશ હતો. બચપણમાં માતાનું મૃત્યુ થવાથી કાકીને ત્યાં તે રહેતા, ત્યાંથી તેણે ‘વિધવા વિવાહ’ વિશેની નિબંધ હરીફાઈમાં ભાગ લીધો અને કાકીને ખબર પડતાં તેણે તેને કાઢી મૂક્યા હતા !

તેણે શિક્ષણ અધૂરું છોડીને શિક્ષકનું કામ સંભાળ્યું. ‘બુદ્ધિવર્ધક સભા’માં જોડાયા અને દાદાભાઈના ‘રાસ્ત ગોફતાર’ તેમ જ ‘સ્ત્રીબોધ’, ‘બુદ્ધિવર્ધક’, ‘જ્ઞાનપ્રસારક’ વગેરેમાં સુધારા વિષયક લેખો લખવા માં ા. પરંતુ તેથી તેના જીવને કંઈ સંતોષ વળે તેમ નહોતો. એટલે મંગળદાસ નથુભાઈની સહાયથી ઈ.સ. ૧૮૫૨માં ‘સત્યપ્રકાશ’ શરૂ કર્યું. પ્રારંભે તે સાપ્તાહિક હતું. પ્રારંભકાળનાં તેમાં છપાયેલા

લખાણોમાં દેવા કરીને નાતો જમાડવાની, મોટા મોટા વરઘોડા કાઢવાની, ગંદકીમાં અર્ધનગ્નવસ્થામાં જમવા બેસાડવાની, હોળીના 'ફાગ' ખેલવાની, વૈષ્ણવમંદિરોમાંના બગાડની, લગ્નપ્રસંગે લાજ કાઢીને ગવાતાં હલકાં ફટાણાની, આવી બધી અનેક રૂઢિઓ પર કરસનદાસની કલમ ચાલી. તેનાથી આ અનિષ્ટો ગયાં નહીં તો ફટાણા ગાતી કપોળ સ્ત્રીઓની નામાવલિ તેમણે છાપી !

કરસનદાસની એક ઉત્તમ પત્રકાર તરીકેની ઓળખ માટે 'મહારાજ લાયબલ કેસ' પૂરતો છે. ઈ.સ. ૧૮૬૦માં આ મુકદ્દમો ચાલ્યો અને તેના પડઘા ચોતરફ પ ા. કરસનદાસ પોતે વૈષ્ણવ હતા. પણ તેમણે જોયું કે વૈષ્ણવ સંપ્રદાયમાં તેના મહારાજો પાખંડી વર્તન ચલાવતા એટલે તેમણે મહારાજોને ઝપટમાં લીધા. તેનું નિમિત્ત બન્યું મુંબઈમાં થયેલો 'છપ્પન ભોગ' ઈ.સ. ૧૮૫૫માં ભૂલેશ્વરમાં વસતા બ્રાહ્મણોએ શિવમંદિરમાં 'છપ્પન ભોગ' યોજ્યો હતો. તેની પાછળ વૈષ્ણવ મહારાજોના 'છપ્પન ભોગ' જેવી જ લાલસાવૃત્તિ હતી. બ્રાહ્મણો આ 'છપ્પન ભોગ'ના શિવસમર્પિત પકવાનો આરોગી ગયા એટલે વૈષ્ણવ મહારાજોએ પોતાના સંપ્રદાયમાં માનનારાઓને ફરમાવ્યું કે બ્રાહ્મણો શિવનિર્માલ્ય પકવાન આરોગવાના પાપનું પ્રાયશ્ચિત ન કરે ત્યાં સુધી તેમનો બહિષ્કાર કરવો ! બ્રાહ્મણોને એવી સજા પણ જાણે આટલું ઓછું હોય તેવી મુખત્યારી ઢબની રીતે કરાઈ કે પ્રાયશ્ચિત કરે તો જ તેઓને દાનદક્ષિણાનો અધિકાર, અન્યથા નહીં ! બ્રહ્મદેવો વિફર્યા.

કરસનદાસને તો આવા કોઈ ઊહાપોહ જગવતા નિમિત્તની તક લઈને સંપ્રદાયના પાખંડો બહાર પાડવા હતાં એટલે તેમણે પોતાના 'સત્યપ્રકાશ'માં મહારાજોના 'પાપ'નો ઘડો ફો ો. મુંબઈના વર્તમાનપત્રોમાં પણ ચર્ચા ચાલી.

દરમિયાન એક વેપારીએ વૈષ્ણવ સંપ્રદાયના જીવણલાલજી મહારાજ સામે દાવો દાખલ કર્યો. કરસનદાસે તો વૈષ્ણવ મહારાજોએ ધર્મના નામે શરૂ કરેલા ભોગવિલાસ અને ઢોંગ સામે તોપમારો ચાલુ જ રાખ્યો હતો. ઈનામો જાહેર કરીને બીજાઓ પાસે પણ લખાણો લખાવડાવ્યાં.

મહારાજો ગભરાયા એમણે કરસનદાસને લાંચ આપવાની કોશિશ કરી, ધમકીઓ આપી, દબાણો લાવ્યા. બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. એટલે મહારાજોએ મુંબઈના 'ચાબુક' પત્રના અધિપતિ નવરોજી દોરાબજીને હાથમાં લીધો. ચાબુકે કરસનદાસ પર પ્રહારો શરૂ કર્યા, તેમાં શેઠ લક્ષ્મીદાસ ખીમજી પરના આક્ષેપોને કારણે શેઠે તેને કોર્ટમાં ઘસ ો. 'ચાબુક'ના તંત્રી નવરોજીએ મહારાજોને પણ કોર્ટમાં હાજર રહેવા સમન્સ કઢાવ્યા. એમ થાય તો જ મહારાજે તેને બચાવે, એ આશાએ ! મહારાજોએ પોતાના ધાર્મિક દરજ્જાને આગળ ધર્યો અને પોતાના ભક્તો દ્વારા એક નિવેદન બહાર પડાવ્યું કે મહારાજો સામે કોઈ લખે યા બોલે તો તેને સમાજ નાતબહાર મૂકી શકશે. આ ખતપત્રમાં હસ્તાક્ષર કરનારાઓ જ મંદિરમાં થઈ શકે એવું પણ હતું ! કરસનદાસે આ નિવેદનને 'ગુલામી ખત'ની ઉપમા આપી. 'સત્યપ્રકાશ'ના આ વિરોધ સાથે અન્ય પત્રો પણ જોડાયાં. કરસનદાસને નાત બહાર કરી શકાયા નહીં. બીજી બાજુ 'ચાબુક'નો તંત્રી ન્યાયાલયમાં હારી ગયો પણ મુંબઈના વૈષ્ણવ મહારાજ તો મુંબઈ છોડીને ચાલ્યા ગયા !

આમા કરસનદાસ પર એક ઓર સંકટ આવી પ ું. ૧૮૬૦માં સૂરતથી વૈષ્ણવ મહારાજ જદુનાથ મુંબઈ આવ્યા. એ એવા વિદ્વાન અને વ્યવહારકુશળ કે એકવાર કરસનદાસે પણ તેમની સ્ત્રીઓને કેળવણી આપવા વિશેની નીતિના વખાણ કરેલાં. પણ મહારાજ ધાર્યા કરતાં કંઈક જુદા જ હતા. કરસનદાસ અને નર્મદે મહારાજને જાહેર

ચર્ચાનું આહ્‌વાન કર્યું. શાસ્ત્રાર્થ સહિત ! હોંશિયાર મહારાજે ચર્ચાને આડરસ્તે વાળી અને સ્ત્રીકેળવણીના સ્થાને પુનર્વિવાહનો વિષય ચર્ચાયો. તેમાં નર્મદ ફસાયો અને પાછો પ ો.

નર્મદ વગેરે સુધારાવાદીઓ ઈશ્વર વિરોધી હોવાની છાપ મહારાજે ઊભી કરી. કરસનદાસ આથી નિરાશ ન થયા અને 'સત્યપ્રકાશ'માં શાસ્ત્રાર્થવિષયક લેખો લખ્યા. 'બોમ્બે કુરિયર' અને 'આપઅખત્યાર' જેવાં મુંબઈના પત્રોએ પણ તેમાં ટેકો આપીને ચર્ચા આગળ ચલાવી. પરિણામે મહારાજના ભક્તોએ એક પત્ર બહાર પા ું. 'સ્વધર્મવર્ધક અને સંશયછેદક' 'સત્યપ્રકાશ'માં નર્મદનો એક લેખ (તા. ૨૧–૦૧–૧૮૬૦) છપાયો હતો, તેમાં મહારાજોએ પોતાની બદનક્ષી જોઈ અને કોર્ટમાં જવા નિર્ણય લીધો.

શરૂઆતમાં એ અંગે થોડા ખુલાસાઓ પ્રગટ થયા, પણ તેથી મહારાજપક્ષને સંતોષ થયો નહોતો. પરિણામે ૧૪મી મે, ૧૮૬૧ના દિવસે જદુનાથજી મહારાજે 'સત્યપ્રકાશ'ના તંત્રી કરસનદાસ મૂળજી અને પ્રકાશક નાનાભાઈ રુસ્તમજી રાણીના સામે બદનક્ષીની ફરિયાદ નોંધાવીને ૫૦,૦૦૦/–નું વળતર માંગ્યું. મુંબઈના ભાટિયાઓએ ૬ સપ્ટેમ્બરે એવો નિર્ણય લીધો કે મહારાજની સામે જુબાની આપનારને નાત સજા કરશે. કરસનદાસે એ ઠરાવ સામે ફરિયાદ કરતાં, સર જોસેફ આર્નોલ્ડે નવ ભાટિયાઓના આ ઠરાવને ગેરકાયદે ગણીને દંડની સજા કરી.

ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસમાં આ મુકદ્દમો યાદગાર હતો. ૨૫ જાન્યુઆરી ઈ.સ. ૧૮૬૨થી સુપ્રિમ કોર્ટના બે ન્યાયાધીશો સર મેથ્યુ માસ અને સર જોસેફ આર્નોલ્ડ સમક્ષ આ મુકદ્દમો ચાલ્યો. મહારાજે પોતાના વકીલ તરીકે મેસર્સ બેલી અને સ્કોબલને રાખેલા. કરસનદાસે મેસર્સ આન્ટી અને ડેન્બારને રાખેલા. કરસનદાસે

પોતાની સામેના બદનક્ષીના બધા આરોપો ખોટા છે એમ જણાવ્યું. ખુદ ફરિયાદીના કેટલાક સાક્ષીઓએ પણ મહારાજના સંપ્રદાયમાં ચાલતા ભ્રષ્ટ વ્યવહારોની વાત કહી.

કરસનદાસની ચાર દિવસ સુધી જુબાની ચાલી. અઠ્ઠાવીસ વર્ષના કરસનદાસે આ ચાર દિવસની જુબાનીમાં વૈષ્ણવ ધર્મના વલ્લભાચાર્ય ફાંટાનો ઇતિહાસ આપ્યો, પ્રાચીન વેદનાં અવતરણો ટાંક્યા, વૈષ્ણવ સંપ્રદાયનાં ચૌદ પુસ્તકો જેમાં 'સ્વધર્મવર્ધક' અને 'સંશયછેદક'નો પણ સમાવેશ થતો હતો. જેમાં આલેખાયેલી સંપ્રદાયની ગુપ્તતા અને ભક્તોના આચાર માટેની ધૂર્ત નિયમાવલિઓ રજૂ કરી મહારાજોએ સેવેલા ભ્રષ્ટાચારોનાં ઉદાહરણો આપ્યાં અને તેનાં માઠાં પરિણામો બતાવ્યાં. કરસનદાસે ઉલટતપાસમાં કહ્યું : "મને જે બાળપણથી ખરાબ લાગેલું તે પુરાવા સાથે મેં લખ્યું છે, છાપ્યું છે."[૬]

આ મુકદ્દમામાં ડૉ. જોન વિલ્સન નામે વિદ્વાનની પણ સાક્ષી લેવાયેલી. કરસનદાસ તરફથી સાક્ષીમાં 'ડાંડિયો'નો પત્રકાર કવિ નર્મદ પણ હતો. એક સાક્ષીને મહારાજ પક્ષે જાનથી મારી નાખવા ધમકી આપેલી. 'ખોજા દોસ્ત' અને 'ચાબુક'ના તંત્રીઓને ન્યાયલયે તપાસાર્થે બોલાવેલા. મહારાજે પાંત્રીસ સાક્ષીઓ ખડા કરેલા. મહારાજ જ્યારે ન્યાયાલયમાં ખડા થયા ત્યારે તેમને સાંભળવા 'મુંબઈ ઊમટયું હતું.' એક સંપ્રદાયના વડાને ન્યાયાલયમાં જોવાનો આ પ્રસંગ વિરલ હતો.

૨૨ એપ્રિલ, ૧૮૬૨ ન્યાયાલયે ચુકાદો આપ્યો, પત્રકાર જીત્યો, મહારાજ હાર્યા. મહારાજો સામેના આક્ષેપો ખોટા નહોતા એમ નક્કી થયું અને મુકદ્દમાના ખર્ચ પેટે કરસનદાસને મહારાજે ૧૧,૫૦૦/– રૂપિયા આપવા એવો હુકમ થયો. ચુકાદામાં ન્યાયમૂર્તિએ જણાવ્યું : "સાર્વજનિક લાભને માટે જે વાત જાહેર કરવાની જરૂર હોય, જેનાથી લોકોની નીતિમાં બગાડ થતો હોય, લોકોનું અહિત થાય તેવા દુરાચાર સામે

લોકસુધારા માટે જાહેર ચર્ચા કરીને, બગાડ અટકાવવા માટે લોકો દ્વારા તિરસ્કાર જન્માવવા સિવાય બીજો રસ્તે નથી એવા મતલબ પાર પાડે તેવું જાહેર લખાણ કાયદા અને ન્યાય પ્રમાણે બદનક્ષી ગણી ન શકાય .... વર્તમાનપત્રનો અધિપતિ દેશનો ઉપદેશક છે."[૭]

ભૂંડી વાતને અને જંગલી આચારવિચારને ઉઘાડા પાડવા અને ધિક્કારવા તથા જે ચાલચલણ સુનીતિ વિરુદ્ધ અને સંસાર સુધારાની વેરી છે તેના પર હુમલા કરવા તે વર્તમાનપત્રોની ઉત્તમ ફરજ છે. 'સત્યપ્રકાશ'ના અધિપતિએ આ ફરજ બજાવી છે. કરસનદાસે લોકો પાસે, સંપ્રદાય વિશેની હકીકતો લખીને સાચી ફરિયાદ મૂકી છે.

કરસનદાસનાં પત્રકારત્વને આ ન્યાયાધીશોએ અંજલિ પણ આપી : "માણસ–જાતના લાભ માટે જેનો જાહેર ધિક્કાર થવો જોઈએ, જાહેર ફજેતી થવી જોઈએ, એ તેમણે કર્યું. જે ભય અને નુકસાનનો હિસાબ આપણાથી નીકળી શકે નહીં તેની સામે પોતાનું માથું હાથમાં લઈને આ પુરુષોએ બિભત્સ, ગંદી અને બળવાન ઠગાઈ સામે દૃઢતાથી યુદ્ધ ખેલ્યું છે .... આ લડત તેઓ હિંમતથી અને યોગ્ય રીતે લ ા .... એમની આ મહેનત નિષ્ફળ જશે નહીં."[૮]

આ મુકદ્દમાને વર્તમાનપત્રોએ બહોળી પ્રસિદ્ધિ આપી. હિન્દનાં એકવીસ જેટલાં તત્કાલીન અંગ્રેજી પત્રોએ પણ તેની વિગતો આપી હતી. ડૉ. વિલ્સને આ તરુણ તંત્રીને સન્માનવા મુંબઈમાં સમારંભ યોજ્યો. ખોજા જમાતે પણ તેમને સન્માન્યા. ઈ.સ. ૧૮૬૩માં કરસનદાસ ઇંગ્લૅન્ડના પ્રવાસે ગયા ત્યારે મુંબઈનાં પત્રોએ વિદાય સમારંભ અને માનપત્ર આપ્યાં. 'મુંબઈ સમાચાર', 'જામે જમશેદ', 'સમાચાર દર્પણ', 'રાસ્તગોફતાર', 'અખબારે સોદાગર', 'મુંબઈ ચાબુક', 'બામદાદ', 'જ્ઞાનપ્રસારક',

'બુદ્ધિવર્ધક' અને 'સત્યદીપક'ના તંત્રીઓ તેમાં સામેલ હતાં. આ પૂર્વે જ 'સત્યપ્રકાશ' ઈ.સ. ૧૮૬૧માં 'રાસ્ત ગોફતાર' સાથે ભળી ગયું હતું.

## ૭.૪ ટીકાકાર : (૧૮૬૮)

'ટીકાકાર' સામયિક ઈ.સ.૧૮૬૮માં પ્રગટ થયું હતું. તેનો પહેલો અંક ૨૫ એપ્રિલ ૧૮૬૮ના રોજ છપાયો હતો.

❖ **'ટીકાકાર'માં પ્રકાશિત થયેલા સામાજિક લેખો :**

સમાજમાં અંગ્રેજ સરકારનું રાજ આવવાથી આધુનિક સુવિધાઓમાં કેવાં કેવાં સુધારા થયા હતા તેનો ચિતાર આપણને તેના પ્રથમ અંકમાં દર્શાવેલા લેખમાં જોવા મળે છે. તે આપણે વિગતે જોઈશું.

"અંગ્રેજ સરકારનું રાજ આવવાથી જે નવી વસ્તુઓ દાખલ થઈ છે. તેમાં વર્તમાન પત્રો અને ચોપાનીઆ પણ છે. એથી દેશના સુખમાં વૃદ્ધિ કેવી થાય છે. તે દિન પર દિન માલમ પડતું જાય છે. સારા વર્તમાનપત્રોએ લોકોમાં વાંચવાનો શોખ ઉત્પન્ન કરવાનું મુખ્ય સાધન છે. આપણા ગુજરાતીઓનો ઘણો ભાગ વિદ્યા વૃદ્ધિ ઉપર પૈસો ખરચતો નથી માટે ઘણા વર્તમાનો ભારે કીંમતમાં હોવાથી મુકાબલે ઘણા થોડા તેમનો ફાયદો લઈ શકે છે. સરાતી કીમત રાખી લોકોમાં વાંચવાનો શોખ વધારવાને આજ સુધીમાં ફક્ત ડાંડિયાએ જ એક વખત જન્મ લીધો હતો. લોકોમાં વાંચવાનો શોખ વધારવાને સસતાં પત્રની ઘણી ખોટ છે. એવું ધારી આ ટીકાકાર પત્ર કહાડવામાં આવ્યું છે. તે મહીનામાં બે વખત તા. ૧૦મી અને ૨૫મી એ પ્રગટ થશે, ઘણા જણો એનો લાભ લઈ શકે અને મૂળ મતલબ પાર પડે માટે એની કીંમત ઘણી થોડી એટલે વરસ દહાડે રૂા.૧ રાખવામાં આવી છે. (ટપાલ ખરચ રૂા.૧ાા તો રાખનારને માથે ખરૂ) થોડી વધારે

નકલો કઢાવી એક એક પૈસે છુટી નકલો પણ શહેરમાં અને સ્ટેશન ઉપર આપવામાં આવશે કે જેથી ઘણો ભાગ એનો લાભ લેઈ શકે જે કોઈ સ્વદેશ હિતેચ્છુ આ કામને વાસ્તે પૈસાની વધારે મદત કરશે તેનો હમે ઉપકાર માનીશું. છાપવાનું ખરચ નીકળવાની જ અમો આશા રાખીએ છીએ. પૈસો મેલવવાના સાધન દાખલ એને કહાડવામાં નથી આવ્યું. ડાંડિઆઓને પ્રથમ જેમ કાંઈ ગાંઠનું ગોપીચંદન થયું હતું તેમ આમાં પણ થશે તોપણ પોતાના દેશની સેવા બને ત્યાં સુધી બજાવવી એ અમારો દૃઢ વિચાર છે. એમાં વિષયો કેવા આવશે તે વિષે તો વખત જશે તેમ લોકોને ખાતરી થશે. પ્રથમથી બડાઈ મારવા કરતાં લોકો વાંચીને મત બાંધે એજ સારૂ છે."[૯]

સમાજમાં સ્ત્રી કેળવણી જેમ જેમ વધતી ગઈ તેમ સ્ત્રીઓ માટે અલગ નિશાળો પણ ખુલવા લાગી. પરંતુ રૂઢિચુસ્ત સમાજમાં સ્ત્રીઓને પુરૂષો ભણાવે એ માન્ય ન હતું તેથી તેમણે છોકરીઓને નિશાળમાં સ્ત્રીશિક્ષક જ ભણાવે એવો આગ્રહ રાખ્યો હતો. તે વિશેની સમજ આપતો લેખ આપણે જોઈશું.

"સ્ત્રીશિક્ષક–છોકરીઓની નિશાળો ઉઘ । પછી કેટલેક ઠેકાણે મેહેતાજીની બઈરીઓએ આસિસ્ટંટ તરીકે છોકરીઓને શિખવવાને પહેલ કીધી. આગળ જતા કાઠીયાવાડમાં એક બે ઠેકાણે સ્ત્રીઓએ જ છોકરીઓની નિશાળનું કામ માથે લીધું. ભરૂચ જીલ્લાના કેરવાડામાં હમણાં જ એવો એક તાજો દાખલો બનેલો આપણે જોઈએ છીએ. કોઈ જીવકોર નામની વિધવા બાઈએ તેના વારસની ઉશ્કેરણીથી મેહેતીજીપણું કબુલ કીધું છે, એથી તેને તેમજ તે વારસ ઉશ્કેરનારને શાબાશી ઘટે છે. કેમ કે તેના જ પ્રયત્નથી ત્યાં છોકરીઓની નિશાળ નિકળી અને સૌથી સારૂ એ બન્યું કે તેની સ્ત્રી અને બીજી બે સ્ત્રીઓની એક મેનેજીંગ કમીટી એ નિશાળને માટે ઠરી. મેહેતીજી થનાર બાઈ વિધવા નાની ઉમરમાં છે તેથી અમને આશા છે કે તે પોતાનો અભ્યાસ સારી રીતે વધારી

શકશે ને નિર્વિઘ્નપણે નિશાળની આબાદી સારૂ તન દઈ મેહેનત કરી શકશે. આવા નાના ગામને આ દાખલો બહુ જેબ આપનારો છે."[૧૦]

એ સમયે સમાજમાં જો કોઈ વિધવાનું પુનર્વિવાહ થાય તો આશ્ચર્ય થઈ પડતું. તો આવું જ આશ્ચર્ય પમાડનાર લેખ 'પુનરવિવાહ થયા !'માં વિધવાના પુનર્વિવાહની વિગત દર્શાવે છે.

"પુનરવિવાહ થયા ! સેંકડો વરશો વીત્યાંને હજારો લાખો વિધવાઓ ટળવળી ટળવળી મરણ પામી, પણ લોકો શું કરી શક્યા છે ? અને તેમણે શું કરવાનો પ્રયત્ન કીધો છે ? તેમનું અંતઃ કરણ તેમને કહે છે કે એ ખોટું છે, તેમનું મન દિલગીરીથી ભેદાય એવું છે; તથાપિ તેમના સ્વતંત્ર વિચાર કે હિંમત એમને ન્યાતની ને ધર્મની બેડીએ કેદ કરયાં છે. વિધવાઓનાં અસહ્ય દુખ જોઈ સ્વતંત્ર વિચારના પુરૂષોનાં કાળજાં કપાઈ જાય છે અને એ કારણથી જ પ્રથમ બંગાળામાં કેટલાક સુજ્ઞ પુરૂષોએ પુનરલગ્નનો ચાલ ચાલુ કરવાને પ્રયત્ન કરવા માં ો અને તે મતને આપણા મુંબઈના જુવાનોએ સ્વિકાર્યો. તેઓ પ્રથમ તો અજ્ઞાની વેંમી લોકો પર કાંઈ જ અસર કરી શક્યા નહીં. કોઈને મોઢે વાત કરે કે તે કરડવા ધાય એમ છતાં તેમણે પ્રયત્ન જારી રાખ્યો, નિબંધોને વિષયો ખૂબ જોરથી લખવા માં ા અને કોઈ પુનરલગ્ન કરે તો તેને બનતો આશરો આપવો એવી ગોઠવણો સુધાં કરવા માંડી. બંગાળામાં નામાંકિત વિદ્યાસાગર પંડિત પોતાનું તનમન અને ધન એજ કામમાં વાપરે છે અને વિશેષે કરીને તેમની મેહેનતથી ત્યાં આશરે સાઠેક પુનરવિવાહ થયા છે. મુંબઈમાં પ્રથમ આપણા નામીચા કવિ નર્મદાશંકરે મહામેહેનતે એક પુનરવિવાહ કરાવ્યો હતો. પણ પછીથી એ ભાઈને નિમાજ પઢતાં મસીદ કોટે વળગી હતી અને ઘણું સંકટ વેઠવું પ ું હતું અને તે છતાં પણ તેમાંથી સારૂ પરિણામ ન નિપજ્યું. એ પછી એક લગ્ન પુનામાં થયું. પરણનાર સ્ત્રીપુરૂષ સમજુ હતાં. ને તેમનું

પરણેતર વિધિપૂર્વક ઘણા જણની સમક્ષ કરવામાં આવ્યું હતું. પરંતુ લોકોના અસહ્ય ધિક્કાર ખમી શક્યાં નહીં. એટલે બંને જણ છુટાં પ  ાં છે. આ પ્રકારે વિદ્વાનોની મેહેનતથી જો કે આપણા ઈલાકામાં એકે દાખલો આપવા લાયક લગ્ન થઈ ટક્યું નથી, તો પણ તેમની મહેનત વ્યર્થ ગઈ છે એમ ન સમજવું."[૧૧]

એ સમય રાજા રજવાડાંઓનો હતો તે સમયે રાજાઓ થકી પ્રજા પર જે જુલમ ગુજારવામા આવતો તેનો ખ્યાલ પ્રજાને પડે તે હેતુથી એ સમયનો 'ગાયકવાડનો જાુલમ' લેખમાં તે કેવા પ્રકારનો જુલમ પ્રજા ઉપર કરતો તે દર્શાવવાનો પ્રયત્ન આ લેખમાં કર્યો છે.

"ગાયકવાડનો જાુલમ–ગાયકવાડ સરકારની રાજ્યરીતિ અને રઈત ઉપર ગુજારતા જાુલમનો પોકાર આપણે ઘણી વખત સાંભળીએ છીએ ઘણા લોકો એ રાજ્યમાંથી નાશીને અંગ્રેજ સરકારના આશ્રય નીચે રહેવા આવે છે. જો કોઈ માણસ ગુજરતા જાુલમો વિશે મહારાજને જાહેર કરે તો તેને કેદખાનું સેવવું પડે જ, ત્યારે રાજાના જાુલમની સામે ગરીબ રઈયત શું કરી શકે ? આપણાં સગાંવહાલાં, આપણા જાત ભાઈઓમાં આપણા મિત્રો અને પડોશીઓ, આ પ્રમાણે દુખમાં દહાડા કહાડે તેના ઉપર વિચાર કરવો જરૂરનો છે. તેમને આવી આફતોમાંથી છોડવવાનો અને દેશી રાજ્ય સુધારવાનો પ્રયત્ન કરવો એ આપણી ફરજ છે.

આપણા હાલના ગાયકવાડ ખંડેરાવ મહારાજે પોતાના અજ્ઞાન અને ઉડાઉપણાથી સઘળો ખજાનો ફારગત કરયો છે ખબુતર પરણાવવામાં , ફકીરોને આપી દેવામાં, એશ આરામમાં, નવા બાગ અને મેહેલ બંધાવવામાં, પાંત્રીસ લાખની એક ચાદર કરાવવામાં અને મકરપરૂ વસાવવામાં પુશ્કળ રૂપીઆ ખરચી નાંખ્યા છે. ખજાનો ખુ  ો એટલે સરદારો અને નોકરોને સારી પેઠે લું  ા અને દં  ા. નોકરો ખાલી થયા

એટલે હમણાં વેપારી અને નાણાવટીનો વારો આવ્યો છે. આટલું બધું ઉડાઉપણું કરીને ખંડેરાવ મહારાજે ભાઉવ સાહેબને રૂપીઆ મેળવવાનું કહ્યું. શી રીતે રૂપીઆ મેળવવા તે વાસ્તે ભાઉસાહેબની વિચાર શકતી અને ડહાપણ પહેંચી શક્યું નહીં તેથી તેમણે લલુભાઈ આશારામ ફોજદારને બોલાવ્યા. ફોજદાર સાહેબે ફરમાવ્યું કે જો મને ગમે તે રીતની સત્તા વાપરવાનો કુલ અખત્યાર આપો તો હું થોડા દિવસમાં એક કરોડ રૂપીઆ એકઠા કરી આપું. ભાઉસાહેબને ગમે તે રીતે રૂપીઆની ગરજ માટે ફોજદાર સાહેબનું કહેવું કબૂલ રાખ્યું. મૂળ ગાયકવાડી અને વળી તેમાં આટલી બધી સત્તા મળી એટલે લલુભાઈ પોતે જ ગાયકવાડ બની જાય તેમાં તો નવાઈ શી ? તેઓ વેપારીઓને બોલાવે છે, ત્રણ હજાર, દશ હજાર, લાખ એ પ્રમાણે દંડ માંગે છે. કેદ કરે છે, જેરબનનો માર મારે છે અને તેમનાથી બની શકે તેટલો જાુલમ ગુજારે છે.”[૧૨]

સમાજમાં સુધારાવાળાની કેવી સ્થિતિ થાય છે. તેની વાત ‘ચરચા પત્ર’માં વ્યક્ત કરી છે. તે નીચે મુજબ છે.

“સુધારા કરતાં સુધારા વાળાની સ્થિતિને તેમના વિચાર જોઈ મારા મનમાં તરેહ તરેહના તુરંગ ઉડે છે. હાલમાં તઈયાર થયેલા ગ્રેજ્યુએટો વિદ્યાનો બહુ ફાકો રાખી પહેલાં શિખેલાઓને નિંદે છે. પોતે કાંઈ કરવું નહીં ને જે કરે તેની નિંદા કરવી એ કામ સહેલું છે. કેટલાએક ગુજરાતી ગ્રેજ્યુએટો એમ સમજે છે કે પેહેલા કાલેજમાં શિખેલા તેમણે છાપ નથી મેળવી માટે તેઓ અવિદ્વાન, તેમના વિચાર ટુંકા, ને તેમણે સુધારાને માટે ખરેખરૂં કાંઈ કર્યું નથી, પણ થોડા જ્ઞાને બહુ માન મેળવવા ઠાલી ઘોંઘાટ કરી મુક્યો હતો. આવું કહીને જો એ ગ્રેજ્યુએટો કાંઈ મોર મારી જાુના ભણેલા કરતાં વિશેષ કરતા હોય તો તો તેમનું કહેવું પ્રમાણ છે. દાદાભાઈ, ભાઉદાજી, નારાયણ મંડળીક વગેરે કરતાં ગ્રેજ્યુએટો વધારે વિચારનો કે જ્ઞાનનો ફાંકો રાખતા હોય તો તે માત્ર આપ વડાઈ

અને હલકાઈ છે. કેમકે ગ્રેજ્યુએટ થાય ત્યારેજ વિદ્વાન બને અમે કાંઈ નથી. ગ્રેજ્યુએટો કરતાં વધારે જ્ઞાન વાળા અને વિચારવાળા પણ તેમની પેઠે મિથ્યાભિમાની નહીં એવા બીજા ઘણા સ્વદેશ હિતેચ્છુ છે. વેદીઆ લોકોની પેઠે કદી ભણ્યા તો તેથી જ તેઓ ઉપર જણાવેલા દેશ હિતેચ્છુઓ કરતાં પ્રજાને વધારે ઊપયોગના છે એમ હું ધારતો નથી. જ્ઞાનને માટે ગમે તેમ હો પણ મારે બીજું જ બોલવાની આ વખત ઈચ્છા છે અને તે સામાન્યપણે સર્વ સુધારાવાળાને લગતું છે.

ન્યાતનું બંધન તોડવું એ સુધારાવાળાનું મુખ્ય કામ છે અને એજ સૌથી મહાભારતને મુશ્કેલ છે. એમાં ફતેહ મળી તો બીજા સુધારાનાં કામ એની મેળે જ દાખલ થાય એવું છે પણ એ જબર કોટશી રીતે તુટે. સુધારાવાળાની જ એક નાત થાય તો કેવું સારૂ ?"[૧૩]

હિંદુઓમાં જે ખોટી ચાલો પ્રચલિત છે. તેને બંધ કરાવવા માટે સુધારાવાળા સતત તેની ટીકા કરતા હોય છે અને તેમાં ઘણી ચાલો એવી છે કે તેનાથી નુકસાન વધારે થાય છે. તો તેવી ચાલો કઈ કઈ છે અને કઈ કઈ ચાલો બંધ થવી જોઈએ તેની વિસ્તૃત માહિતી આ લેખમાં આપવામાં આવી છે.

"હીંદુઓના જેટલી ધરમ ક્રીઆઓ બીજી થોડી જ પ્રજાઓમાં હશે. જન્મતાં, પરણતાં, મરતાં ને દરેક વખતે ક્રીઆઓ જ ક્રીઆઓ. તેમાંની કેટલીક કારણસર હશે પરંતુ ઘણી ચાલો તો હસવા જેવી છે. જેઓ શેંકડો વરસથી ચાલતી આવેલી ને ધરમના ગ્રંથોમાં જણાવેલી છે તેઓ એક દમ દુર થાય તેવી નથી જેઓ ધરમ શાસતરોમાં નથી પણ છોકરાની રમત જેવી મુરખ બઈરીઓ કે મરદોએ ચલાવી દીધી છે. તે હવે નાબુદ જોઈએ છીએ પરણતી વખતે કેટલીક વર વહુ પાસે રમતો કરાવે છે. જેમ કે એક લુગડાનું છોકરૂં કરી કન્યાના ખોલામાં મુકે છે. પછી કન્યા વરને કહે છે કે આ છોકરૂં લો,

મારે પણ જવું છે. વળી પાણીમાં પાશા શોગટીને રૂપીઓ નાખી વર કન્યાને ગોર બોલાવે છે. તેમાં જે રૂપીઓ ઘણીવાર લઈ લે તેનું ચલણ આગલ જતાં થાય આવી બાબત અજ્ઞાન વખતમાં નાના છોકરાંને કરી ગમત ઉપજાવે પરંતુ તે નર લાજીને હસવા જેવું છે. તેમને નાબુદ કરતાં કંઈ ધરમ વિરુધ થાય તેમ નથી.”

દરેક નાતના કુળદેવી લોકો જાુદી જાુદી માને છે. તેમાં કેટલાક વાણીઆ બ્રાહ્મણની કુળ દેવી તરકડી કે ઢેયડી હોય છે. કુળ દેવીનો માયનો શો ને કુળદેવી આવી નીચ જાતની ને માનવા એટલું જ નહીં પણ હજી લગી તેની પુજા કરવી એ નવાઈ જેવી વાત છે.

નાગરોમાં લગનને અવસરે એળગાણીનું ચિતર કાઢી તેને કુળ દેવી સમજી પુજે છે એ જાણી અમને આશ્ચર્ય ઉત્પન્ન થતું હતું પણ તેના કરતાં પણ તરેહવાર ફજેતી ભરેલી ક્રિયા બીજી જ્ઞાતોમાં થાય છે.

અવદીચ્ય ટોળકીઆ બ્રાહ્મણમાં લગનમાં રાત્રી વરની તરફના સાજનઆઓને જમવા તેડાવી એક માટીનું મોટુ સ્ત્રીના આકારે લુગડાં શણગાર વગેરે પેહેરાવી, વરના બાપના સામા ભાણામાં બેસારે છે અને તેને આ તમારી સ્ત્રી એમ કહી ફજેતી કરે છે અને જમવા જનારને પરાણે પરાણે ૧–૨–૩ શેર મોઢે મંડાવીને વટલોઈએ વતી ઘી પાય છે, તેમ જ તરવાડી મેવાડાના નાતમાં વર પરણવા આવે તે દિવસે રાતરીએ વરને એક ખાટલામાં સુવારી મરી ગયો મરી ગયો ઠરાવી, તેની ડુંટી ઊપર કન્યા પાસે ગોળ મુકાવે છે, ભટ મેવાડામાં વાઘરણ થઈને અન્યો અન્ય બને વેવાણો એક બીજાના પગે ચીંથરાં બાંધી પગ શડેલો છે એમ કહી કીડા કાઢવાની ભુંગળી લઈ આવી તેવું બોલી તેનું સસુધ રૂપ લે છે. એમજ મોઢની છ પડકારતી નાતમાંની ત્રીવેદી મોઢમાં લગનમાં ઢેયડી કરવાનો ચાલ ઘણો જ કંટાળા ભરેલો કરે છે તે વળી કન્યાનો બાપ જેને કહે તેને જ થવું

પડે. તા.૨૭મીએ સાંકડીશેરીમાં એક ત્રિવેદી મોઢને ઘેર સાંજના તરણ વાગે ઢેયડી થઈ હતી. એક પુરૂષને ફાટેલો સાલો પેરાવ્યો હતો. મૂછો મુંડાવી હતી. આંખોએ ખુબ મેશના લપેડા કરયા હતા અને ગળામાં વાળનું તથા ખાસડાનું તોરણ કરી બાંધ્યુ હતું. કાને કોડીઆ શારીને બાંધ્યાં હતા. પગે અને હાથે વાળના ગજરા કરીને બાંધ્યા હતા તથા વિચિત્ર દેખાય તેમ કેટલુંક શરીર રંગ્યું હતું અને હાથમાં એક રીંગણામાં લાકડું ખોશી શેરીમાં ઢેયડી ! ઢેયડી ! ઢેયડી !! કહી ફેરવ્યો હતો.

આથી એટલા તો લોકો જોવા મળ્યા હતા કે તેમાં મારા મારી ન થાય માટે માણેકચોકની દેવડિના સિપાઈઓને ચાપકા લેઈ ઉભા રહેવાની જરૂર પડી હતી. પાછળ મોટા નાના માણસોની જાુંડીઓ મળી હે હે કરી તાળીઓ પાડતી હતી. વાહા ! કેવી ફજેતી. એ ઢેયડિની પાસેથી કેટલાક પુરૂષ ઘણી સ્ત્રીઓ પગે લાગી વાળ માગી લેતી હતી. તે એવી મતલબે કે જેથી સંતાન ન હોય તેને છોકરો થાય. વાહ કેવું આશ્ચર્ય જેવું કે કુદરતીના નિયમથી ઉલટું તેમની ઢેયડી કુળ દેવી કરી શકશે તેમ તેઓ માનતા હતા. તે ઢેયડીની કન્યા પામે પૂજા કરાવી અને ઢેયડીને કન્યાની પાછળ ફેરવીને કન્યા પાસે તું સરવેને કુશળ ક્ષેમ રાખનાર છે. એવું મંગાવ્યું. આવી રીતો ઉત્તમ પંક્તિની કોમમાં છે તો નીચી પંક્તિમાં કેમ ના હોય ? સરકારે ફટાણા વિશેની મનાઈ કરી તેમ આવી અનીતિ કરનારને અટકાવે તો સારૂ."[૧૪]

એ સમયે લગ્ન પ્રસંગે 'ફટાણા' ગાવાનો માઠો રિવાજ હતો. આ રિવાજ આપણા માટે કેમ નિરૂપયોગી છે. તે વિશેની વિસ્તૃત માહિતી આપતો લેખ 'લગનમાં ગવાતાં ફટાણા'માં જોઈશું.

"આ સાલ લગનસરાની ધામધુમ ખૂબ મચી છે. આવા સુભ કામમાં ગવાતાં ધોળની ઉપર બે આંસુ પાડવા ધારીએ છીએ. પોતાના બાપ, ભાઈ, સસરો, જેઠ ને

ધણીના સાંભળતાં છીનાળાં બીભીસત ગીતો ગાય તે જોઈ કયા સમજાુને દિલગીરી ન થાય !! સ્ત્રીઓ જાણે આ એક જીભને મોટો લાવો આપવો હોય તેની પેઠે મંડી જાય છે. ઘરમાં બે હાથ લાંબી લાજ કહાડે ને આવા સુભ કામમાં લાંબે ઘાંટે ઉઘાડે મોઢે વગર શરમે બીભીસત બોલે એ કેવું શરમ ભરેલું છે ? જે સાસુને પોતાનો જમાઈ કરવો છે. ને જે સાળીઓને પોતાનો બનેવી કરવો છે.

જેને પોતાનો નજીકનો સંબંધી કરવો છે અને તેમજ જે છોકરાને પોતાના ઘરમાં પોતાની દીકરી કરતાં વિશેષ સગી કરવી છે તે દિકરીને અને તેના મા બાપોને પોતાના દુશમન જેવા ગણી ગાળોના વરસાદ વરસાવે એ શું ઓછી શરમની વાત છે ? પણ તે વાંક તે સ્ત્રીઓનો નથી કાંકે તેઓ હજાુ ભણી ગણી વિવેકી ને સમજાુ થયાં નથી. તેમનામાં હજાુ કેળવણીનો પસાર થયો નથી. પણ જે ભાઈ, બાપે ઊંચી કેળવણી લીધી હોય અને જેને સારૂ નરસુ સમજવાની શક્તિ હોય જેઓ વિદ્વતાનો ખોટો ઢોંગ કરતા હોય તેઓ આવી બદ ચાલના ગુલામ થાય છે. તેમને નીચું જોવડાવે છે અને તેઓની અકલને વિદ્વતા ઊપર આફરીન થઈ અમોને આવા સુભ કામના ચાલમાં પણ બે આંસુ પાડવાની જરૂર પડે છે કે હાય હાય દેશીઓ આવી બદ ચાલોના ક્યાં સુધી ગુલામ થઈ રહેશે. વધારે દિલગીરી એટલા માટે કે બિચારી સકોમલ અને અણસમજાુ બાળાઓને સાથે રાખી તેમના જેવી તેમને કરવાને દાખલો આપે છે. ને સમજાવે છે. ને શિખવે છે. તે તેમના સમજાુ ભાઈ, બાપ જાુએ છે. ત્યારે એ ચાલનો અંત શી રીતે ને ક્યારે આવવાનો ? રે દેશીઓ તમે ધારો તો એને જલદી બંધ કરી શકો ? પણ તમારામાં રામ ક્યાં છે ? લગન સંબંધી બીજી ઘણી બાબતો પર અમારે વિચાર આપવાના છે. તે એક પછી એક જણાવીશું."[૧૫]

આપણા દેશમાં તે સમયે નાના નાના રજવાડાંઓ હતાં તેમા રાજ્ય કારભારમાં કેવી ખટપટો ચાલતી તે આપણને 'વઢવાણના રાજમાં ચાલતી ખટપટો' લેખમાંથી રજવાડાઓમાં કેવા પ્રકારની રાજનીતિમાં અંધાધૂંધી ફેલાયેલી છે. તે જોઈ શકાય છે.

"વઢવાણના દરબાર વિશે ઘણું લખાયું છે. તેને કશી વાતનું ભાન નથી આખો દિવસ પોતાની મેડીમાં કેફ આદી અનેક વ્યસનોમાં ગરકાવ થઈ ૫ ો રહે છે અને એ રાજાની માનીતી બાઈ જીજીબા જેના હાથથી એ રાજનો સઘળો કારભાર ચાલતો તે પોતાના છોકરાને વાસ્તે ઘણું લુટતી. રાજની દોલત છળભેદ કરી પોતાના છોકરા વાસ્તે એકઠી કરી. પરંતુ તે રાજકીઅ કામમાં ઘણી માહિતગાર હોવાથી અને વાણીઆ કારભારીઓની સલાહ પ્રમાણે ચાલવાથી નાગર કારભારી લોકો ઘણી ગરબડ કરી શક્યા નહીં. એ બાઈના મુવા પછી વાણીઆ લોકોનું પણ કાસળ નીકળી ગયું.

આખર કારભારીઓ સતા ધારી થઈ ૫ ા. રાજાની આવી અવસ્થાનો લાભ લેવા તેમણે એક પળ પણ જવા દીધી નહીં. દરબારને ફરી પરણાવ્યા તે બાઈ નાગર કારભારીઓની મરજી પ્રમાણે ચાલે છે અને તે બાઈને ઘરાણું ગાંઠુ આપી ખુબ ફુલાવી દીધી એટલે નાગર કારભારીના હાથમાં તે એક રમકડું થઈ પડી છે. એ બાઈ પાસે નાગર કારભારી અગર તેમના તરફના કોઈ માણસ વગર બીજા જવા પામે નહીં એવો મજબુત બંદોબસ્ત છે. 'અદો ખવાસ' જે ત્યાંના મુખ્ય કારભારી નારદભાઈનો માનીતો છે. તે એ બાઈ પાસે ઠીક આવતો જતો જણાઅ છે.

વઢવાણના રાજનો આ પ્રમાણે ઘાટ હોવાથી ત્યાંના રાજમાં લાંબી મુદતથી ગરબડ ચાલી રહી છે. જ્યાં રાજ કુટુંબમાં સંપ નહીં ત્યાં રાજમાં કવચીત જ સમાધાની હોઅ છે."[૧૬]

સમાજમાં તે સમયે જુદી જુદી નાતોનું ચલણ વધુ જોવા મળે છે. તેમાં જુદી જુદી નાતોમાં ઈનસાફ કરવો હોય તો જુદી જુદી રીતે થાય છે. તો આવો જ લેખ “નાતોમાં ઈનસાફ કેવા થાય છે.” તેમાં જોઈશું.

“ઈનસાફ ક્યાં છે ? જ્યાં સ્વાસ્થ, દ્વેષ, ઈર્ષા અને અભિમાનનું જોર હોય ત્યાં ખરા ઈનસાફની શી આશા રાખી શકાય ? દેશી રાજ્યોમાં અને અંગ્રેજી રાજ્યમાં પણ કોઈ કોઈ ઠેકાણે બીજી વસ્તુઓની પેઠે ઈનસાફ ઉઘાડે છોગે હરાજ કરવામાં આવતો. એ પક્ષકાર અમુક રકમ આપવાની કહે તો બીજો તેથી વધારે કહે, વળી પેહેલો તેથી પણ વધારે કહે એ પ્રમાણે જે વધારે ચઢે તેની તરફેણમાં ઈનસાફ થાય. અંગરેજ સરકારની સતાથી દેશી રાજ્યોમાં ચાલતી આવી પાપી રીતનો નાશ થવા માં ો છે; પણ તે હજી અંગરેજી રાજ્યમાં જ ન્યાતોમાં રહેલી છે.

ફક્ત લાંચથી જ નહીં પણ સવારથ, દ્વેષ, ઈર્ષા, અભિમાન વગેરે ઘણા કારણોથી ન્યાતમાં ગેર વ્યાજબી ઈનસાફ થાય છે. એમાં બળીઆના બે ભાગ હોય છે. જે લોકો બહુ બોલા હોય, જે લોકો અમુક જગાએ બેશી નવરાશનો વખત લોકોને ભમાવવામાં કાહડતા હોયે, જે લોકોને સારો વગ હોય અને જે લોકોના મન ન્યાત સંબંધી તરેહવાર કાવતરાંમાંજ લાગેલા હોય તે લોકોનું હંમેશા ફાવે છે. કોઈ કુટુંબના ખાનગી કલહ અથવા કોઈ બે માણશોના ખાનગી દ્વેષથી ઘણી વખત આખી ન્યાતમાં કજીઓ પેસે છે. ગેરવ્યાજબી ઈનસાફ થાય છે અને પોતાનો અમુલ્ય વખત પોતાના જાતભાઈઓનું ખોટું કરવામાં કહાડવો પડે છે. ખરેખરી ગુન્હાની બાબતને તેઓ નિરપરાધિ બનાવે છે અને ન જીવી નિરપરાધી બાબત કે જે સાધારણ અકલના માણસને પણ માલમ પડે તેને તેઓ એક મોટો ગુન્હો ઠેરવે પછી બે પક્ષ બંધાય છે. એટલે અન્યાય થવાની હદ રહેતી નથી.

નાગરોમાં અને વિશેષે કરીને અમદાવાદના વડનગરા નાગરોમાં હમણા એમજ ચાલે છે. રાવબહાદુર ભોળાનાથ સારાભાઈ અને તેમના પિત્રાઈ હીંમતભાઈ છોટાભાઈ એમને કંઈ ખાનગી દ્વેષ ચાલતો હતો. (નીચ માણસો ઘણી વખત પોતાના કુટુંબ અથવા જાતના કોઈ માણસને સારો જોઈ તેના ઉપર ખળે છે અને દ્વેષ રાખે છે.) એ દ્વેષને લીધે, રા. મહિપતરામને લેનારા સુરતીઓ સાથે ભોળાનાથભાઈએ સંસર્ગ કર્યો એવું બહાનું કહાડી હીમત બહાદુર સામા થયા. આ વગર બીજી બહાદુરી કરવાની મળે ક્યાંથી ?

બ્રાહ્મણો કે જે પ્રથમથી જ બળી રહ્યા હતા તેઓ રા. ભોળાનાથના કુટુંબની ફાટફુટનો લાભ લીધા વગર રહ્યા નહીં. તેઓએ હીંમતભાઈને પોતાના સરદાર બનાવ્યા આ પ્રમાણે બે પક્ષ બંધાયા. હીંમત બહાદુર તો તરવારથી જ અમલ ચલાવે તેમને તો ન્યાય અને અન્યાય સરખોજ છે. ભોળાનાથભાઈની સામે થવામાં તેમણે ઘણા સાધનો વાપર્યા તો પણ તે સદગ્રહસથતો ગંભીરપણાથી, સદ્‌ગુણથી અને ધૈર્યથી તેમના કૃત્યનો બદલો ન આપતાં દૃઢતાથી રહ્યા છે."[૧૭]

સમાજ એ સમયે જુદી જુદી નાતોમાં વહેંચાયેલો હતો. જુદી જુદી ન્યાતોનો જુદો જુદો સમાજ હતો. તો આવા જ 'નાગરની નાત' લેખમાં નાગર બ્રહ્માણોનો સમાજ કેવો છે. તેના પર આપણે એક દૃષ્ટિ કરીશું.

"ન્યાતની બેડી એ હીંદુઓ નીંચ હાલતમાં આવ્યા તેનું એક મુખ્ય કારણ છે. દરેક માણસ જાણે એક અજાએબ જેવી ગુલામગીરીની હાલતમાં રહેતો હોય તેમ ન્યાતના બંધનથી લાગે છે. ઉત્તમથી તે કનિષ્ટ વર્ણ સુધીમાં દ્વેષ અને કલેશનું બી રોપનાર ન્યાતો જ છે.

નીચી ન્યાતોમાં ઘણી વખત તંટાફીસાદ થતા આપણે જોઈએ છીએ, ઘણી વખત તેઓ એકઠા મળે છે અને તે વખતે તેમની અજ્ઞાનતા તથા હલકા વિચાર જણાઈ

આવે છે અને એક જંગલી પ્રજાની માફક શોરબકોર કરી ઊઠી ઊભા થાય છે. ઊંચી ન્યાતોમાં આવો સમય નહોતો આવ્યો ત્યાં સુધી તેમનો ભાર હતો. પણ વખત આવ્યો ત્યારે તેમનામાં પણ નીચ ન્યાતો જેટલો જ અવિચાર, હઠીલાઈ અને દ્વેષ જણાય છે. જો કંઈ પણ તફાવત ગણીએ તો તે એટલો જ કે હલકી ન્યાતોમાં ઉઘાડી રીતે દ્વેષ બતાવનારા અને મ્હો ઉપર કહેનારા ઘણા હોય છે અને ઉચ વર્ણમાં ઊપર ઊપરથી લાયકી અને વ્યાજબીપણાનો ડોળ બતાવી પછાડી બડબડ કરી દ્વેષ અમલમાં લાવનાર બહુ નીકળી આવવાથી વડનગરા, વિસનગરા અને સાઠોદ્રા એ ત્રણે નાગરોની ન્યાતોને હમણાં વારંવાર મળવાનો પ્રસંગ આવે છે. તે વખતે તેઓની કેવી ફજેતી જણાય છે તે નીચેની ટૂંક હકીકત ઉપરથી જણાઈ આવશે.

વડનગરા નાગરો તો મી. મહિપતરામને વાસ્તે ગાંડા જ થયા છે. મહિપતરામની સાથે ઉભા રહેનારને પણ તેમનાથી બને તેટલો ઉપદ્રવ કરે છે. રાવબાહાદુર ભોળાનાથના એક જુવાન પુત્રનું મરણ થયું તે વખતે પણ નાગરોએ પોતાની હઠીલાઈ અને હલકાઈ બતાવવામાં બાકી રાખી નથી. શબ વહન કરનારાઓને દશ આના દંડ અને જનોઈ બદલવાનું પ્રાયશ્ચિત કરવાનું ફરમાવ્યું. તેમાંથી એક બે જણે ન કર્યું એને વાસ્તે તા. ૧૩મી એ તેમની ન્યાત મળી હતી તે વખત આશરે ૨૦ માણસો હાજર હતા. વિરેશ્વર જે આ ટંટાનું મૂળ છે, તેણે સુંદરલાલ નામના એક ગ્રહસ્થ જેને ત્યાં કાંઈ પ્રસતુત હતું તેને કહ્યું કે જો તમે બધા ગ્રહસ્થોને જમવા તેડશો તો અમારા બ્રાહ્મણમાંથી કોઈ નહીં આવે કેમકે હજી એક ગ્રહસ્થને આપારાવને વાસ્તે પ્રાયાશ્ચિત કરવું બાકી રહ્યું છે. ન્યાત મળવાનો પ્રસંગ આ હતો. ગ્રહસ્થો બ્રાહ્મણોના એવા તો ગુલામ થઈ ગયા છે કે બ્રાહ્મણોની સત્તાને તાબે થયા વગર તેમને ચાલતું જ નથી."[૧૮]

એ સમયે સમાજમાં કેળવણીનું પ્રમાણ ખૂબ ઓછું હતું અને વળી, તેમાં અંગ્રેજીમાં શિક્ષણ આપવામાં આવતું તેથી મોટા ભાગનો સમય અંગ્રેજી મોઢે કરવામાં જ જતો તેથી તે સમયના વિદ્વાનોએ લોકોને કેળવણી માતૃભાષામાં જ આપવામાં આવે તો તેને વધારે સારી રીતે શીખી શકે તે માટે 'દેશી ભાષામાં ઉત્તમ કેળવણી આપવાની જરૂર' લેખમાં દેશી (માતૃભાષા)માં શિક્ષણ આપવું જોઈએ એ વાત પર ભાર મૂક્યો છે.

"અંગ્રેજો અને અંગ્રેજી કેળવણીથી હિંદુસ્તાનની દશા સુધરવા માંડી એ કોઈથી ના નહીં કહેવાય. ઉત્તમ કેળવણી આપવાને દેશી ભાષામાં પુસ્તકો વગેરેનાં સાધન ન હોતાં અને તે સાધન પુરાં પાડે એવા માણસો પણ થોડા જ માટે કેટલા નામીચા અમલદારોએ અંગ્રેજીની મારફતે ઉંચી કેળવણી આપવાને સરકારને ભલામણ કરી. સરકારે એ અમલમાં આણી અને તેનું લાભકારક ફળ નિપજ્યું. પછી દેશી ભાષામાં પુસ્તકો વધતાં ગયાં અને દેશી ભાષામાં ઉત્તમ કેળવણી અપાય એવો વખત આવ્યો; પરંતુ દેશી ભાષાનું જ્ઞાન અને તેમાં અપાતી કેળવણી દિન પર દિન ઓછી થતી જાય છે એ દિલીગીરી ભરેલું છે.

હાલ અંગ્રેજી શરૂ કરતી વખતે વિદ્યાર્થીની ઉમર અને તેનું દેશી ભાષાનું જ્ઞાન ઘણું જ થોડું હોય છે. તેનો બધો વખત અંગ્રેજી મોઢે કરતાં રોકાય છે. થર્ડબુક શીખી રહ્યા પછી તો વળી અંગ્રેજીની સાથે સંસ્કૃત અથવા બીજી કોઈ એવી ભાષા શિખવાની તેને જરૂર પડે એટલે એ બંને અઘરી ભાષાઓને મોઢે કરવામાં ફક્ત યાદદાસ્ત શક્તિને વધારે કસરત મળે છે અને બીજી શક્તિઓ મંદ પડી થાય છે. કૉલેજમાં દાખલ થયા પછી પણ બે ભાષાઓ પર મેહેનત કરવી પડે છે. તેથી ઘણી બાબતો કાચી રહી જાય છે. પહેલી જ વખતે કોઈ પરીક્ષામાં પાસ થાય એવા ઘણા જ થોડા નિકળે છે અને કાલેજ છો ા પછી દેશી ભાષા કે જેનું મૂળે જ થોડું જ્ઞાન હતું અને જે ઘણા વરસથી મુકી દીધી હતી તે જાણે

એક પરદેશી ભાષાની માફક થઈ જાય છે. દેશી ભાષામાં કંઈ લખવું તેમને કંટાળા ભરેલું લાગે છે અને પછી દેશી ભાષા અપૂર્ણ છે. એમ કહી, જેમણે ફક્ત દેશી ભાષાનો જ સારો અભ્યાસ કર્યો હોય તેને ધીકારે છે.

આખા હિંદુસ્તાનમાં દેશી ભાષાને ઠેકાણે અંગ્રેજી ભાષા બોલાય એ બનવું ઘણાં કારણોથી અશક્ય લાગે છે માટે દેશી ભાષાનો અભ્યાસ વધારવાની હવે જરૂર છે. જે કેળવણી અંગ્રેજીની મારફતે અપાય છે. તેજ જો દેશી ભાષાના મારફતે અપાય તો એક પરભાષા શિખતા જેટલો વખત જાય છે. તેટલો ઉગરે અને તેથી સંસ્કૃત ઉપર વધારે ધ્યાન અપાય. અંગ્રેજો અંગરેજીમાંજ કેળવણી લે છે. તેથી તેમને ફક્ત એક જ ભાષા નવી શિખવાની આવે છે, પણ આપણે તો બંને ભાષાઓ નહાનપણથી શિખવી પડે છે એથી ઘણો વખત જાય છે અને ખરચ થાય છે. આથી અમે એમ નથી કહેતા કે અંગરેજીની મારફતે અપાતી કેળવણી બિલકુલ બંધ કરવી પણ અમે એટલું કહીએ છીએ કે દેશી ભાષામાં ઉત્તમ કેળવણી આપવા ઉપર કંઈ લક્ષ નથી અપાતું તે અપાવું જોઈએ."[૧૯]

❖ **'ટીકાકાર'માં પ્રકાશિત થયેલા સાંસ્કૃતિક લેખો :**

સમાજમાં જુદા જુદા ધર્મના નામે જે તહેવારો ઉજવાય છે. તેમાં તથ્યો કેટલા અંશે જળવાયેલા છે તથા તેમાં દેખાડો અને વિચિત્રતા કેટલી ભળેલી છે તથા ખોટો દંભ કેટલા અંશે જવાબદાર છે. તેની વિગત 'હિંદુઓની હોળી અને મુસલમાનનાં તાબુત' નામના લેખમાં વર્ણવવામાં આવી છે.

"આ બે તહેવારો આ દેશમાં દર વરસે ઘણો જ જંગલી અને નીચ દેખાવ આપે છે. દરેક પ્રજાને વરસમાં તેહેવારના કેટલાએક પવિત્ર દિવસ અને કેટલાએક ખુશબખતી

અને જીઆફતના દિવસ હોય છે. કેટલાએક દિવસ અડધા પવિત્ર અને અડધા ખુશબખતીના ગણાય છે. એવા દિવસોમાં હિંદુઓની હોળી અને મુસલમાનનાં તાબુત ગણી શકાય.

માણસોના વિચાર પ્રમાણે જુદી જુદી પ્રજાઓમાં તેહેવારના દિવસો ગાળવાની રીત જુદી જુદી હોય છે. જે રીતમાં એક પ્રજા ખુશબખતી માને છે. તેજ રીતથી બીજી પ્રજાને શરમ અને કંટાળો આવે છે. દરેક માણસ પણ જુદી જુદી વખતે જુદાં જુદાં કૃત્યોથી ખુશી થાય છે. નહાનપણ અને બાલ્યા અવસ્થામાં જે કામો કરવાથી આપણે ખુશી થતા તેજ કામોને મોટપણે વધારે જ્ઞાન અને સભ્યતા આવવાથી આપણે તુચ્છ ગણીએ છીએ. એકની એક પ્રજા પણ જુદી જુદી વખતે જુદી જુદી બાબતોમાં ખુશી માને છે. બે હજાર વરસ પહેલાં અંગ્રેજો નાગા ફરતા, ચામડાં ઓઢતા, શરીર ચીતરતા અને ગમે તેમ એક બીજા સાથે બે અદબીથી વર્તતા. આમાં તેઓ ઘણી ખુશી માનતા. પરંતુ હાલ તેઓ કેવા સારા પોશાક પહેરીને સભ્યતાની રીતે રહે છે.

કોઈપણ પ્રજા કેટલી સુધરી છે, તેમાં કેટલું જ્ઞાન છે, તેની રીતભાત અને સભ્યતા કેવી છે. તે વગેરે કેટલુંક તે પ્રજાના સાધારણ તેહેવારના દિવસો ઉપરથી માલમ પડી આવે છે. હોળી અને તાબુતના તહેવારો ઉપરથી હિંદુ અને મુસલમાનનું કેટલુંક જંગલીપણું જણાઈ આવે છે. દિવસે દિવસે હિંદુઓ સારી હાલતમાં આવતા જાય છે. તેમ હોળીના તહેવારની બેઅદબી મોટાં શેહેરો અને જાહેર જગાઓ મુકી, નહાનાં ગામડાં, ગલી કુંચીઓ અને ખુણાઓમાં સંતાતી જાય છે. ઈંટો અને ચાબુકથી લઢવાનું, ચકલે ચકલે બિભત્સ મૂર્તિ કાઢવાનું અને બિભત્સ વચન બોલવાનું ધોળે દહાડે સ્ત્રીઓની બેઅદબી કરવાનું, ગુરૂદાસનો શરમ ભરેલો વરઘોડો કહાડવાનું ધુળ ઉછાળવાનું અને કાદવ, કચરો તથા દુર્ગંધવાળી વસ્તુઓથી શરીર બગાડવાનું, કેટલુંક સરકારના ડરથી

અને કેટલુંક લોકોની સારી હાલત થવાથી બંધ પ ું છે. મારવાડી અને કણબી જેવી ઉતરતી જાતોમાં અને જંગલી ગામડામાં એનો થોડો દેખાવ છે, પણ તે વખતે વખતે ઓછો થતો જાય છે. હિંદુઓમાં કેટલોક સુધારો થયો છે. તેની આ એક સાબીતી છે. મુસલમાનોમાં તાબુતના તહેવારમાં જંગલી રીતે વર્તવાનો ઘટાડો થયાને બદલે દિવસે દિવસે ઓર વૃધી પામે છે."[૨૦]

ભારત દેશ બિનસાંપ્રદાયિક દેશ છે. તેમાં વિવિધ જાતિના અને વિવિધ ધર્મના લોકો રહે છે. આપણા દેશમાં દરેક વ્યક્તિને પોતે કયો ધર્મ પાળવો તેમાં સ્વતંત્રતા રહેલી છે. તેવો જ ખ્રિસ્તી ધર્મની સમજ આપતો લેખ 'ખરો ધરમ ખ્રસ્તી છે ?' એમાં વિસ્તૃત સમજૂતી આપી છે. તે આપણે જોઈશું.

"ધર્મ એ દુનિઆમાં સૌથી અનિશ્ચિત અને ગુચવણ ભરેલો કલ્પના ઉપર આધાર રાખનારો વિષય છે. હજી સુધી કોઈપણ માણસે સાબીતીઓથી પરમેશ્વરનું ખાત્રી પૂર્વક જ્ઞાન અને તેને મળવાનો રસ્તો બતાવ્યો નથી. ગણિત શાસ્ત્ર, રશાયન શાસ્ત્ર વગેરે બીજા વિષયોમાં જે જે નિયમો અને વર્ણન આવે છે તે સિધત્તાપૂર્વક અને દરેક માણસની ખાત્રી થાય એવું હોય છે. એક ત્રિકોણની બે બાજુઓ બરોબર હોય તો તેના બે ખુણા બરોબર થાયજ. આ નિયમ દુનિઆના કોઈપણ ભાગમાં શિખવીયે તો તે તરત માન્ય કરશે. ધર્મ સંબંધી વિષય એવો નથી. એમાં ઘણી બાબતો માની લેવાની આવે છે. બધા માણસનાં મન તથા વિચાર શક્તિ સરખી હોતી નથી તેથી એક માણસના મનમાં ધર્મ સંબંધી જે નિર્ણય થાય છે. તે બીજાના મનમાં નથી ઊતરતો. આથી ધર્મમાં જીુદા જીુદા પક્ષ બંધાય અથવા જીુદા જીુદા ધર્મ થાય એમાં કાંઈ નવાઈ નથી દરેક ધર્મ માનનારા પોતાનો ધર્મ પરમેશ્વરે જન્મ લેઈને પ્રગટ કર્યો એમ માને છે. એ બધામાં એક વાત મળતી આવે છે તે એકે દરેકમાં આ દુનિઆને રચનારા ઈશ્વર સંબંધી જ્ઞાન અને

સ્તુતિ કોઈપણ નામથી હોય છે. પછી ધર્મ ચલાવનારના જ્ઞાન તથા સ્થિતિ પ્રમાણે અને દેશની હાલત તથા રીતભાત પ્રમાણે દરેક ધર્મમાં જાુદી જાુદી ખાસ બાબતો હોય છે. મુસલમાની ધર્મમાં આરબસ્થાન અને ત્યાંના લોકોની રીતભાતને અનુસરતા વિચાર છે. ખરિસ્તિ ધર્મમાં પશ્ચિમ તરફના લોકોનું વર્ણન, તેમનાં નામ અને તેમની રીતભાત પ્રમાણે વર્ણન કરેલું હોય છે. હીંદુ ધર્મમાં હીંદુસ્તાન વગર બીજા દેશનું વર્ણન કવચિત જ હોય. કોઈપણ માણસને કંઈ ઝનુન આવે છે. ત્યારે પોતે જે ધર્મ જોએલો હોય તેનાં મુળતત્વ લેઈને થોડો ફેરફાર કરી નવો પંથ ચલાવે છે. પછી તેના સાશ્રિતો અતિશયોક્તિ કરી તેનો મહીમા વધારે છે અને તેને પરમેશ્વરના અવતારનું નામ આપે છે. આ પ્રમાણે બધા ધર્મ પરમેશ્વરના અવતારથી થએલા છે અને બધામાં પરમેશ્વરનું વર્ણન કોઈપણ નામથી સરખી રીતે છે. તો બધા ધર્મ સરખા જ માનવા જોઈએ. એક ખરો અને એક ખોટો એમ માની લઢી મરવાનું કંઈ કારણ નથી.”[૨૧]

## ૭.૫ ‘જ્ઞાનવર્ધક’ (૧૮૭૩) :

‘જ્ઞાનવર્ધક’ સામયિકએ ઈ.સ.૧૮૭૩માં શરૂ થયું હતું. તેના પ્રથમ પૃષ્ઠ ઉપર મોટા વળાંકવાળા અક્ષરમાં ‘જ્ઞાનવર્ધક’ લખાયું છે. તે શીર્ષકની ઉપર પુસ્તક નંબર, માસ, ઈ.સ. અને અંક નંબર આપવામાં આવ્યો છે. શીર્ષકની નીચે એક ઘેહરો છાપવામાં આવ્યો છે અને એની નીચે (સાંકળિયું) અનુક્રમણિકા છાપવામાં આવી છે અને અનુક્રમણિકાની નીચે પ્રીટીંગ પ્રેસનું નામ આપવામાં આવ્યું છે.

### ❖ ‘જ્ઞાનવર્ધક’માં પ્રકાશિત થયેલા સામાજિક લેખો :

સમાજમાં બહારથી વેપાર અર્થે આવેલા વેપારીઓ પૈસાના દમ પર આડતીયાઓ દ્વારા બાયડીને મંગાવે છે. તે વાત પર પ્રકાશ પાડતો ‘એક ફ્રેંચ વેપારીએ

પોતાના આડતીયા તરફથી મંગાવેલી બાયડી' લેખમાં એની વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. તે આપણે જોઈશું.

"પેરીસનો એક રેવાસી 'વેસ્ત ઈંનદીઝ આયલંડ' નામના અમેરીકામાં આવેલા ફ્રેંચોના તાપુમાં વેપારને અરથે જઈ વસીઓ હતો. અહીંઆ ઘણા વરસ કાહાડીયા પછી તેને સારી દોલત એકઠી કીધી. જ્યારે તે પોતાના પુખત વયે પુગ્યો ત્યારે તેને એક સારી બાયડી સાથે પરનવાનો વિચાર કીધો. પણ તે તાપુમાં તેને મનપસંદ બાયડી નહીં મલી આવી ત્યારે તેને પોતાના પેરીસના આડતીઆને પોતાની ખાહેશ લખી જનાવી. પોતે વેપાર સીવાય બીજી માહેતગારી નહીં ધરાવાથી પ્યારને લગતા કામને બી પોતાના વેપારના જેવું જ કામ સમજીને જાને કાંઈ માલ મંગાવતો હોએ તેમ પોતાના પેરીસ ખાતેના આડતીયાને વેપારને લગતું કાગજ લખ્યું તેમા જ જોઈતો સામાન મંગાવવા સાથે બાયડી મંગાવાને માટે લખ્યું."[૨૨]

## ૭.૬ 'બાળોદય' (૧૮૭૭) :

'બાળોદય' સામયિક દર માસે પ્રગટ થાય છે. તે ઈ.સ. ૧૮૭૭ના રોજ પ્રકટ થયું હતું તેના મુખ પૃષ્ઠ પર પુસ્તક નંબર, સાલ, અંક નંબર અને નીચેથી કાવ્ય છાપવામાં આવે છે. તેમાં ઈશ્વરની સ્તુતિ ગાવામાં આવી છે.

### ❖ 'બાળોદય'માં પ્રકાશિત થયેલા સામાજિક લેખો :

બાળકોનું જીવન ઘડતર કરવું એ મા–બાપની ફરજ છે. તેમણે બાળકમાં સારા સંસ્કાર સીંચીને તેને સજ્જન વ્યક્તિ બનાવવો જોઈએ. તેથી બાળકોના ઘડતર માતા–પિતા તરફથી કેટલી કેળવણી આપવી જોઈએ તે બાબત 'માબાપ તરફથી બચ્ચાંને કેળવણી' લેખમાં જોવા મળે છે. તે નીચે મુજબ છે.

"માબાપ તરફથી નાનાં છોકરાંઓને નીતિની કેળવણી આપવી જરૂરની છે અને તે માબાપનો ધર્મ છે. જે માબાપ એ ધર્મ પ્રમાણે નથી ચાલતાં તેઓ પોતાનાં છોકરાંઓને જન્મ આપી ખાડામાં નાંખે છે. માબાપ પોતાનાં છોકરાંઓને ગમે તેવી સંભાળથી મોટાં કરે, ગમે તેવા લાડ લડાવે, ગમે તેવું તેમના ઉપર હેત રાખે અને ગમે તેવી રીતે તેઓનું સારૂં ઈચ્છે, પણ નીતિની કેળવણી વગર તેમનું આ દુનિયામાં સારૂં થશે નહીં. માબાપો વિચાર કરે કે, બચ્ચાંઓને ઉછેરી મોટાં કરવાં, તેમની હોશ પુરી પાડવી એજ તેમને મુખ્ય ધર્મ છે અને તે પ્રમાણે કર્યાથી ઈશ્વર તેમના ઉપર ખુશી થશે, તો તેઓનો એ વિચાર ખોટો છે.

કુમળું ઝાડ જેમ નમાવીએ તેમ નમે છે, પણ મોટપણે નમતું નથી, તેમ છોકરાંઓને પહેલેથી જ સારી અથવા માઠી ટેવ પડી હોય તે તેઓ છોડવાનાં નથી કેટલાંએક માબાપો પોતાનાં છોકરાંઓને તું તા થી બોલાવે છે, પોતે છોકરાંની દેખતાં દુરવ્યસન કરે છે, નઠારી ગાળો દે છે અને મશ્કરી કરવા તથા બીજા માણસોને ગાળો દેવા ઉલટી છોકરાંઓને ભલામણ પણ કરે છે, એના જેટલું નુકસાન માબાપો પોતાનાં બચ્ચાંઓને બીજું કાંઈ કરતાં નથી. માટે માબાપોએ પોતાના છોકરાંઓને ખોટા લાડ લડાવવા આગમ જ ઘણી સંભાળ રાખવી જોઈએ."[૨૩]

બાળઉછેરમાં બાળ રમતોનું મહત્ત્વ પણ વિશેષ છે. આ રમતો બાળકના શારીરિક તેમજ માનસિક વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તો વાલીઓને ચેતવતો 'છોકરાંઓને માટે રમત તો જરૂરની છે' લેખમાં જે માતા–પિતા બાળકોને રમવા નથી દેતા તેમના તરફ અંગુલિનિર્દેશ કરતો લેખ નીચે મુજબ છે.

"છોકરાંઓને નિદોર્ષ રમતમાં સામેલ થવું જોઈએ. ઘણી મહેનત કરવાથી શરીરને થાક ચહડે છે અને તે થાક નિર્દોષ રમતમાં સામેલ થવાથી ભુલી જવાય છે. ઘણો

અભ્યાસ કરવાથી તથા સારો દહાડો વાંચ—લખ કરવાથી મન કંટાળી જાય છે અને કાંઈ સુજ પડતું નથી, માટે મનને થકવનારી મહેનત કરવા પછી છોકરાંઓને નિર્દોષ રમતમાં ભાગ લેવાની ઘણી જરૂર છે. પણ કેવી રમતમાં છોકરાંઓને સામેલ થવા દેવાં તેનો વિચાર શિક્ષકોએ તથા માબાપોએ કરવાનો છે. બનતા સુધી છોકરાંઓનું મગજ કોઈ ખરાબ વલણ નહીં લઈ લે એવી રમતમાં તેઓને સામેલ થવા દેવાં, પણ વળી એવા સોબતીઓ સાથે રમવા દેવાં નહીં, કે તેથી તેઓની નીતિ અને ચાલચલણ ઉપર ખરાબ અસર થાય. એ સર્વેની દેખરેખ માબાપોને રાખવાની છે."[૨૪]

સમાજમાં વર્ષોથી લોકોને વ્યસનની ટેવ પડેલી છે. તે વ્યસનને દૂર કરવા માટે એ વ્યસન કેવા પ્રકારનું છે. તેના દ્વારા વ્યસનની કક્ષા નક્કી થાય છે. આપણે સુવ્યસન કોને કહીશું ? અને કુવ્યસન કોને કહીશું ? તે વિશેની સમજ આપણને 'કુવ્યસન અને સુવ્યસન' લેખમાંથી મળશે.

"વ્યસન એટલે કોઈપણ પદાર્થને પ્રીતથી વળગી રહેવું તે. વ્યસનના મુખ્ય બે વર્ગ થઈ શકે છે. કુવ્યસન અને સુવ્યસન કેફ, જુગાર અને વ્યભિચાર વગેરે તે કુવ્યસન કહેવાય; અને સુવિદ્યા, સુનીતિ અને ઈશ્વરભક્તિમાં મં ા રહેવું તે સુવ્યસન કહેવાય છે. કેફથી શરીરની હાણી થાય છે, બુદ્ધિ મંદ થાય છે, પઈસાની ખરાબી થાય છે અને અંતે આખું કુટુંબ પણ પાયમાલ થાય છે. જેનો દાખલો આપણને જાદવકુળથી સારી રીતે મળ્યો છે. તેમજ વ્યભિચાર અને જુગારથી આપણને અસહ્ય દુઃખ સહેવાં પડે છે.

કૌરવ પાંડવના યુદ્ધથી જેઓ વાકેફ હશે તેઓને, જુગારથી કેવાં સંકટ ભોગવવાં પડે છે તેની સારી પેઠે ખાતરી થઈ હશે. વળી કેફી, જુગારી અને વ્યભિચારી માણસ ચોરી, ખુન વગેરેના ગુન્હા કરી મોટી શિક્ષાને પાત્ર થાય છે. કુવ્યસનીની કોઈ સોબત કરતું નથી પણ તે હરેક જગોથી હાડછેડ થાય છે. પણ સુવ્યસની હરેક જગોએ

પુજાય છે તથા તે રાજ્ય મંડળમાં માન પામે છે અને વિદ્વાનોમાં તેના વખાણ થાય છે; માટે બાળકોએ હમેશાં કુવ્યસનનો ત્યાગ કરી સુવ્યસન સાથે પોતાની પ્રીતિ જોડવી જોઈએ છે. નાનું ઝાડ જેમ વાળીએ તેમ વળે છે, માટે માબાપોએ બાળકોને નહાનપણથી જ હરેક અનીતિથી દૂર રાખી તેમને સદાચરણી અને નીતિવાન થવાને બોધ આપવો જોઈએ છે જેવી સોબત હોય છે તેવી અસર થાય છે માટે, 'સોબત તેવી અસર અથવા તો ખમો તાસીર' એ કહેવતને આપણે હમેશ યાદ રાખવી જોઈએ છે."[૨૫]

સમાજમાં સ્ત્રી કેળવણીનો વધારેમાં વધારે પ્રચાર થાય અને વધારેમાં વધારે સ્ત્રીઓ શિક્ષિત બને એ હેતુથી સ્ત્રી કેળવણીની હિમાયત દરેક વર્તમાનપત્રોએ, સામયિકો, દૈનિકોએ, માસિકોએ જેહાદ જગાડી છે અને તે સફળ પણ રહી છે. તો ' સ્ત્રી કેળવણી' શા માટે આપવી જોઈએ ? તેની વિગત નીચેના લેખમાં વર્ણવી છે.

"પુરૂષોને જેમ સદાચરણો, સદ્‌ગુણી અને વિવેકી થવા તથા આબરૂથી કમાવા માટે સારી કેળવણીની જરૂર છે, તેમ સ્ત્રીઓને પણ પોતાનો ઘરસંસાર રૂડી રીતે ચલાવવાને, પોતાનો મહલાજો જાળવવાને તથા નીતિથી વર્તવાને સારી કેળવણીની જરૂર છે. માટે જેઓ પોતાના છોકરાને કેળવણી આપવાને કાળજી રાખે છે, તેઓએ પોતાની છોકરીને પણ કેળવણી આપવાને કાળજી રાખવી જોઈએ છે. સ્ત્રી કેળવણી એ સંસાર સુખનું એક મુખ્ય સાધન છે.

"કહે નેપોલ્યન દેશને, કરવા આબાદાન;
સરસ રીત છે એજ કે, દો માતાને જ્ઞાન."

પોતાના દેશની, શહેરની, ગામની અને કુટુંબની આબાદાની ચાહવાને સારૂ ઉત્તમ રીત એ છે કે સ્ત્રીઓને સારી કેળવણી આપવી. જેમ ખેતરનો પાક સારો

ઉતારવાને માટે સારા ખાતરની જરૂર છે, તેમ પોતાના કુટુંબનું અને દેશનું ભલું ઈચ્છવા માટે સ્ત્રીઓને પણ સારી કેળવણી આપવાની અગત્ય છે. સ્ત્રીઓને કેળવણી આપવાથી ઘણા ફાયદા મળે છે. જે દેશની સ્ત્રીઓ ભણેલી અને સદ્‌ગુણી કહેવાય છે. તે દેશ, પૃથ્વી ઊપરના બીજા ભાગો કરતાં ઘણા માનને લાયક થાય છે.

અસલના વખતમાં આપણા દેશની ઘણી સ્ત્રીઓ કેળવણી લેતી હતી તેથી તે વખતમાં આપણો દેશ બીજા સર્વ દેશો કરતાં આબાદ હતો. હાલમાં સ્ત્રી કેળવણીનો જોઈએ તેવો ફેલાવો વિલાયતમાં થયો છે તેથી ત્યાંની સ્ત્રીઓ પોતાના દેશની આબાદાની કરવામાં એક મુખ્ય સાધન ગણાય છે. અંગ્રેજ લોકની માતાઓ સારી કેળવણી લે છે તેથી તેઓ હાલમાં આપણા ઊપર રાજ્ય કરવાને લાયક થયા છે. આટલા જ ઉપરથી સ્ત્રી કેળવણીની કેટલી જરૂર છે. તે દરેક માણસના સમજવામાં આવવું જોઈએ અને તેથી તેઓએ પોતાની છોકરીઓને ઊંચા દરજ્જાની કેળવણી આપવી જોઈએ છે."[૨૬]

❖ **'બાળોદય'માં પ્રકાશિત થયેલા સાંસ્કૃતિક લેખો :**

આપણી સંસ્કૃતિ આપણને સારા આચરણને પ્રાપ્ત કરવાનું શીખવે છે. સમાજમાં જે વ્યક્તિનું આચરણ સારું હોય છે. તેની સમાજમાં નામના કીર્તિ હોય છે તેથી એક સજ્જન વ્યક્તિ તરીકે દરેકે પોતાના જીવનમાં આચરણનું ખૂબ જ મહત્ત્વ છે. તેથી સારું આચરણ અપનાવી વ્યવહાર કરવો જોઈએ તો આપણને 'સદાચરણ' નામના લેખમાં સારું આચરણ કોને કહેવાય તે વિશેની માહિતી આપી છે. તે આપણે જોઈશું.

"દરેક માણસે પોતાનાં આચરણ સારાં રાખવા જોઈયે. કેમકે એથી કરીને સર્વની પ્રકૃતિ સારી રેહે છે. સારી ચાલ ચલાવવાથી બીજા લોકોનો ભાવ આપણા ઊપર સારો રેહે છે અને તેમને આપણો ભરોસો પડે છે. માટે આપણે સદાચરણી હમેશ થવું

જોઈએ. સદાચરણ શબ્દ સંસ્કૃત છે અને તે બે શબ્દોની સંધી થવાથી એક આખો શબ્દ થયો છે. સત્ + આચરણ = સદાચરણ. એમાં પેહેલા શબ્દનો બીજો અક્ષર 'ત્' અને બીજા શબ્દનો પહેલો અક્ષર 'આ' એ બે અક્ષરોના મળી જવાથી 'ત્' નો 'દા' થઈ આનો સમાસ થઈ જાય છે. એ રીતે આખો શબ્દ સદાચરણ થાય છે. આ ઊપર વ્યાકરણમાં સારી સમજ આપી છે; માટે સંસ્કૃત અથવા ટેલર વ્યાકરણ તપાસશો તો એ સેહેજમાં સમજ પડી જશે.

આ દુનિયામાં જે છોકરાં સદાચરણની રીતે ચાલશે તેઓનાં મન મોજ–મજા સાથે સુખ ચેનથી રહેશે. એમાં કાંઈ પણ સંશય નથી. સદાચરણનો એક દાખલો લઈએ. કોઈપણ ઉપર એકદમ ગુસ્સો થઈ જઈ ખરાબ શબ્દ મોઢામાંથી કહાડવો નહીં એ સદાચરણ; કેમકે, ગુસ્સામાં આપણાથી ખરાબ શબ્દ નીકળી જાય તો સદાચરણી થવામાં ખામી પડે, માટે નઠારો શબ્દ મોઢામાંથી કોઈપણ દહાડો કાહાડવો નહીં અને ગુસ્સો સમાવવાને આપણે શક્તિવાન થયા તો સદાચરણ આપણને વળગેલું કોઈ દિવસ પણ છુટવાનું નથી અને તે છુટશે નહીં તો આપણે સદાચરણી કેહેવાઈશું."[૨૭]

જીવનમાં સત્યનું ખૂબ જ મહત્ત્વ છે. તમે જો સત્યને જીવનમાં અપનાવશો તો તમે જીંદગી તરી જશો. પણ જો તમે અસત્ય અપનાવશો તો જીંદગીના વમળોમાં ફસાય જશો. તો આપણા જીવન માટે જે મહત્ત્વનું છે. તે છે 'સત્ય'. તો સત્ય બોલવા માટે આપણામાં એટલી નીડરતા પણ હોવી જોઈએ. તો તે નીડરતા આપણે ક્યાંથી મેળવી શકીએ તે 'સાચું બોલવા વિશે' કાવ્યમાંથી મળશે તો આપણે એ કાવ્ય નીચે મુજબ જોઈશું.

"સત્ય વદો શાણા સજજનો, સત્યમાં છે. સલુકાઈરે
સાચને આંચ ન લાગે માનો, છે એમાં સરસાઈરે .... સત્ય.

હરીચંદ્ર અયોધ્યાનો રાજા, સત્ય સારૂ સહ્યું દુઃખરે
વિશ્વમાં વીખ્યાત થયો છે, આખરે પામ્યો સુખરે .... સત્ય.
ખરખરો મનમાં ધાસ્તી નહીં રહે, છે સત્યના ગુણરે
વિવેકથી વીચારી જો જો, એમાં છે સદ્ ગુણ રે .... સત્ય.
સાચવટથી રીધસીધ વધે સારી, ભરોસો ભાઈઓ પડશે રે
એક વેણે કાર્ય થઈ જાશે, વિઘ્ન જરા નહીં નડશેરે .... સત્ય.
સત્યતાની લગામ જાલીને, કરો સંસારમાં સહેલરે
નીરાંતથી ઊંઘ આવશે તમને, ઘેર અને પર ઘેર રે .... સત્ય.
માટે સર્વદા સાચું બોલો, સાચે સમાજમાં માન રે
સાચે રાચે જગત જનેતા, સાચે સુધરે કામરે .... સત્ય.”

વ્યક્તિએ જીવનમાં સદાચાર અપનાવ્યો તો સાથે સાથે તેમણે સુનીતિથી પણ કાર્ય કરવાનું હોય છે. તેમના કોઈપણ કામમાં સુનીતિ હોવી જોઈએ. આ સુનીતિ શું છે ? તે વિશેની માહિતી ‘સુનીતિ’ કાવ્યમાં જોઈશું.

“શિખો શિખો, સુનીતિનો સાર
અનીહારે શિખો શિખો, સુનીતિનો સાર
નાહાનાં બાળકો, શિખો શિખો, સુનીતિનો સાર
સુનીતિમાં, માન છે, મળે આપણને આ સંસાર
અનીહારે મળે આપણને આ સંસાર .... નાહનાં.
વિદ્યા માતાની, બેન એ, ઓળખ કરો કરીને વિચાર
અનીહારે ઓલખ કરો કરીને વિચાર .... નાહનાં.
મેહેર એ બેની મેળવે, કેવો ખીલે છે. તેહેના બાહાર

અનીહારે કેવા ખીલે છે. તેહેના બાહાર .... નાહનાં.
ચતુરાઈ વધે એ થકી, તમે માનોની નાનાં બાળ
અનીહારે તમે માનોની નાનાં બાળ .... નાહનાં.
માટે સુનીતિથી ચાલજો, નહીં આવે જરાએ આળ
અનીહારે નહીં આવે જરાએ આળ .... નાહનાં."[૨૯]

વ્યક્તિએ જીવનમાં સજ્જન બનવું હોય તો તેણે 'પ્રામાણિકતા'નો ગુણ પોતાના આચરણમાં ઉતારવો પડે છે. આવો ગુણ આપણે અપનાવીએ તેનો બોધ આપણને એવી જ કથાઓ પરથી મળે છે. તો અહીં એક ભીખારીની કથા લઈને એ ગુણ દરેક વ્યક્તિ જીવનમાં ઉતારે એવો હેતુ રહેલો છે. તો 'ભીખારીમાં પ્રામાણીકપણું' કથા નીચે મુજબ જોઈશું.

"મી. ભાણાભાઈ પોતાની ફકડ બગીમાં બેસી સાંજની વખતે વાલકેશ્વર તરફની હવ ગોરવા નીકળ્યા. રસ્તામાં એક ભીખારીની ચીથડે હાલ છોકરી એક ભુખથી અરધા તવાઈ ગયલા નાના છોકરા સાથ મલી, અને મી. ભાણાભાઈ પાસથી કાકલુદી કરી ભીખ માગવા લાગી. મી. ભાણાભાઈને દયા આવવાથી ખીસામાં હાથ નાખતાં દોડિયું ન મળવાથી બેઆની કાહાડી અને પેલી છોકરીને પુછવા લાગ્યા કે તારી પાસ ખુરદો છે. તે બીચારી પાસ ખુરદો ન હોવાથી બેઆની વટાવી લાવવા માગી. તરત ભાણાભાઈએ તે આપી તે જોઈ આસપાસના લોકો હસવા લાગ્યાં કે ભાણાભાઈ કેવા મુરખ છે હવે કાંઈ બેઆની પાછી આવે નહીં. એ તો પેલી ભીખારીની છોકરી ખુરદો લેવાને બાહાણે લઈ ગેપ થઈ જવાની. તરત છોકરી ખુરદો લેવા દોડી અને ભાણાભાઈએ પણ તેણીની પાછલ પોતાની ગાડી દોડાવી. જરા વારમાં પેલી છોકરી નાસીપાસ ચેહેરા સાથ પાછી સામી મળી અને ભાણાભાઈની દોડતી ગાડીમાં પેલી

બેઆની ફેંકી બોલી કે, 'સાહેબ ખુરદો તો મલતો નથી, માટે લો આ તમારી બેઆની પાછી.' પેલી ભીખારી છોકરીની આવી પ્રમાણીક ચાલથી મી. ભાણાભાઈ એટલા ખુશી થઈ ગયાકે, લાગલી આખી બેઆની પેલી છોડી ઉપર ફેંકી અને બોલ્યા કે, 'એ તું જ લે' તરત જમીન ઉપરથી મોટા હરખ સાથ તે છોડીએ બેઆની ઊંચકી લઈ પોતાની આંખમાં દાબી. આસપાસનાં લોકો જે તેણીને લુચ્ચી સમજતા હતા તે તેણીનું આ પ્રમાણીકપણું જોઈ અજબ થઈ પોતાને રસ્તે ચાલ્યાં. છોકરાંઓ એવી જાતનું પ્રમાણીકપણું તમારામાં હોય તો તમોને કેટલી બધી સાબાસી મળે વારૂ ?"[૩૦]

## ૭.૭ 'સુદર્શન' (૧૮૮૫) :

'સુદર્શન' સામયિક ઈ.સ. ૧૮૮૫માં પ્રકટ થયું હતું. સામયિકના શીર્ષકની નીચે તંત્રીશ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું નામ છે અને 'सत्यं परं धीमहि' – ભાગવતનો શ્લોક લખાયો છે તથા પુસ્તક નંબર, અંક નંબર, સાલ, અનુક્રમણિકા અને પ્રેસનું નામ લખવામાં આવ્યું છે.

### ❖ 'સુદર્શન'માં પ્રકાશિત થયેલા સામાજિક લેખો :

એ સમય સંસાર સુધારાનો હતો. તેથી દરેક સામયિકમાં સંસાર સુધારાને લગતા લેખો છાપવામાં આવતા હતા. દરેક વ્યક્તિ પોતાના સંસારસુધારા વિશેના પોતાના વિચારો રજૂ કરતા હતા. તો આવો જ 'સંસાર સુધારો' લેખ અહીં રજૂ કરું છું તે નીચે મુજબ જોઈશું.

"વર્તમાન સમયમાં સંસાર સુધારા પરત્વે જે ચર્ચા ચાલી રહી છે તેણે અનેકાનેક રૂપ ધારણ કર્યા; પણ તેનું છેવટ બે વાત ઉપર આવીને અટક્યું છે. એક પીનલકોડમાં દશ વર્ષનું વય છે. તે બદલાવી બારનું કરાવવું અને બીજું પોતાની સ્ત્રીનો કબજો

મેળવવાનો દાવો લાવવા બાબતની જે કલમ દીવાની કાયદામાં છે તે રદ કરાવવી. બાલલગ્નની રૂઢિ કેટલી હાનિકારક છે, ને તેમાં કેટલા ફેરફારની જરૂર છે એ વાત વિષે અમે યથા મતિ કહી ચુક્યા છીએ. હવે આ બીજી બાબત વિષે કાંઈક વિચાર કરવાનો પ્રસંગ છે.

એમ કહેવામાં આવે છે કે સ્ત્રીનો કબજો મેળવવા માટે દાવો કરી શકાય તેવું હિંદુ ધર્મશાસ્ત્રોમાં કશું છે નહિ. ને કાયદાની એ બારીકીતો માત્ર ઈંગ્લીશ કાયદા ઉપરથી હિંદુસ્તાનના કાયદામાં ઘુસાડી દેવામાં આવી છે. આવો દાવો લાવ્યા છતાં સ્ત્રી ધણીને ઘેર ન જાય તો તેને માત્ર કોર્ટનો હુકમ ન માન્યાની સજા થાય છે. પણ તે બાબત પણ એમ કહેવામાં આવે છે કે હિંદુ ધર્મશાસ્ત્રમાં સ્ત્રીને સજા કરવાની આજ્ઞા નથી.

સરકાર ધર્મ સંબંધી બાબતોમાં મધ્યસ્થતા રાખે છે તો તેમણે ગૃહસ્થાશ્રમ યોગ્યબાલાનું વય દશ વર્ષનું ફોજદારી કાયદાના બંધારણથી ઠરાવવું અને સ્ત્રીનો કબજો લેવા માટે દાવો કરવા દેવાની કલમ દીવાની કાયદામાં રાખવી. એ હિંદુઓના ધર્મમાં હાથ ઘાલ્યા બરાબર છે. ને તેમણે ધારણ કરેલા મધ્યસ્થતાના નિયમથી વિરુદ્ધ છે. કેમ કે હિંદુશાસ્ત્રો લગ્નનું વય દશથી વધારે કહે છે ને સ્ત્રીનો કબજો લેવા બાબત તો ઈંગ્લીશ કાયદાની બારીકી અહીંના કાયદામાં ઘુસી ગઈ છે અર્થાત્ આ બન્ને બાબત સરકારે વચમાં ન આવવું, ને આવવું તો લગ્નના વયને બારનું ઠરાવવું તથા દીવાની કાયદાની કબજા બાબતની કલમ રદ કરવી."[૩૧]

## ❖ 'સુદર્શન'માં પ્રકાશિત થયેલા સાંસ્કૃતિક લેખો :

આપણા હિંદુ ધર્મમાં પાપ પુણ્યનું વિશેષ મહત્ત્વ રહ્યું છે. જે વ્યક્તિ સત્તકર્મ કરે છે. તેને પુણ્યને આભારી ગણવામાં આવે છે અને જે વ્યક્તિ દુષ્કર્મ કરે છે. તેને પાપને

આભારી ગણવામાં આવે છે. આમ, પાપ અને પુણ્ય શું છે ? તેની વિગતે સમજૂતી 'પુણ્ય–પાપ' લેખમાંથી મેળવીએ.

"दया धर्म का मूल है पाप मूल अभिमान।
तुलसी दया न छांडीए जवलग घट मे प्रान॥"

એક મુસાફરને કોઈએ પૂછયું કે તમે મુસાફરી ઘણી કરેલી છે, એટલે કહી શકશો કે આ દુનીયાં પર લોકની કેટલી જાતો છે ? તેણે ઉત્તર આપ્યું કે બે જ, સ્ત્રી અને પુરુષ. આ ચમત્કારિક ઉત્તર સર્વને બહુ સમજવા જેવું છે, ને એ મુસાફરે તો બે કહી પણ 'માણસ' એમ એક જ કહી હોત તો પણ વધારે યોગ્ય ગણાત. જે એમ જાણે છે કે અનેક રૂપ, રંગ, રીતભાત, દેશ પરદેશ, ગમે તે રીતે પણ જુદાં જુદાં જણાતાં માણસ માત્ર એકરૂપ જ છે. સર્વમાં એનો એજ આત્મા રહેલો છે. જાુદાપણું એ વાત જ ખોટી છે. આમ જેને અનુભવ થયો છે, તેને સ્ત્રી અને પુરુષ એમ બે જાતિ પણ ક્યાં રહી ? તેને તો માણસ એ એક જ જાતિ રહી; એટલું જ નહિ પણ સર્વવ્યાપી આત્માને જ ઓળખ્યો ત્યારે તો પશુ, પક્ષી, કીડી, કીટ, પતંગ, વૃક્ષ, પાષાણ, સર્વ તેને એક સરખાં જ જણાવાં જોઈએ. સગાઈ નથી, નાત નથી, વતન નથી, દેશ નથી, ભેદ નથી, આમ બોલવાનો અર્થ, જ્યાં સુધી આપણે વ્યવહારમાં છીએ ત્યાં સુધી તો એટલો જ છે."[૭૨]

## ૭.૮ 'વિવેચક' (૧૯૧૩) :

'વિવેચક' સામયિક ઈ.સ. ૧૯૧૩માં પ્રગટ થયું હતું. તેના મુખ પૃષ્ઠ પર અંક, વર્ષ, તંત્રીનું નામ, અનુક્રમણિકા અને વ્યવસ્થાપકનું નામ વગેરેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તથા તેની કિંમત છાપવામાં આવી છે.

❖ **'વિવેચક'માં પ્રકાશિત થયેલા સામાજિક લેખો :**

સંસારમાં દરેક વ્યક્તિનું પોતાનું અનોખું મહત્ત્વ હોય છે. દરેક વ્યક્તિ સંસારમાં કઈને કઈ રીતે ઉપયોગી બને છે. તો આપણા સમાજની વિધવા સ્ત્રીઓનું જીવન પણ સંસારમાં ઉપયોગી છે. આ વાતને સમજાવતો 'હિંદુ સંસારમાં વિધવા જીવનની ઉપયોગિતા' લેખમાં વિધવાઓનું જીવન પણ ઉપયોગી છે. એ વાતને વિસ્તારથી સમજાવવામાં આવી છે. તે આપણે નીચે મુજબ જોઈશું.

"સુધારો સુધારો આ શબ્દોનો આજને કાલતો સર્વ સ્થળે એક સરખો રણ શીંગડાના સાદની માફક પડઘો પડી રહ્યો છે પતિત ભારતને કયું કર્તવ્ય હાલ કરવાનું છે કયાં કાર્યોથી વિશેષ સંગીન લાભ થશે તેનો યત્‌કિંચી વિચાર કર્યા સિવાય એક અમુક વ્યક્તીએ એક પીપુડી વગાડી કે તુરત સવારના તાર માફક એક છેડાથી બીજા છેડા સુધી તેનો ઝણ ઝણાટ થઈ રહે છે. આપણાં વર્તમાન પત્રો, માસિકો આદી તેનો એક સરખો પડઘો પાડી રહે છે, વિદ્વાન મનાતા મનુષ્યો પણ કયા આંતરિક હેતુથી તેમાં પોતાનો અવાજ ઉમેરે છે. તે સમજી શકાતું નથી. ખરૂં જ કહીએ તો જે જે વિષયોનો આજને કાલ સુધારામાં સમાવેશ થયો છે. ને થાય છે, તે પછી ગમે તેવી રીતે દેશને કે સમાજને અધોગતિમાં ઉતારનાર હોય, એક પ્રજા તરીકે નાશકારક હોય – તો પણ તેની સામે એક નબળો અવાજ પણ આજના માનભુખ્યા બુદ્ધિશાળી સમજુ વિદ્વાનો કરી શકતા નથી. કાળ ! એ પણ તારી એક બલીહારી છે.

પુનર્લગ્ન એ એક એવો જ સુધારાનો રૂઢ વિષય છે. હીંદુ સમાજના મુઠ્ઠીભર મનુષ્યોને બાદ કરતાં બાકીનો આખ્ખો ભાગ તેની તરફ જ વિરુદ્ધ છે. તો પણ સુધારાના મુકરર વિષયોમાં તે અગ્રસ્થાન મેળવી ચુક્યો છે. હીંદુ સમાજમાં શું પુનર્લગ્ન થતાં

નથી ? ના, થાય છે. બ્રાહ્મણાદીક થોડી ઉચ્ચ ગણાતી જ્ઞાતીઓ બાદ કરતાં બાકીની તમામ જ્ઞાતીઓમાં તે પ્રચલીત છે અને તેનો સમૂહ પણ મોટો છે.

હીંદુ સમાજ જે જે રીવાજોથી બંધાએલો છે તે દરેકે દરેકમાં ધાર્મિક ભાવ દરેક હિંદુ હૃદયમાં સમાએલો છે બ્રાહ્મણાદીક જે જ્ઞાતીઓ પુનર્લગ્નને ધીક્કારે છે. તેઓ પુનર્લગ્ન કરવામાં એક મોટું પાપ સમજે છે, જ્યારે જે જ્ઞાતીઓમાં પુનર્લગ્નનો રીવાજ છે. તે તે જ્ઞાતીઓ પુનર્લગ્ન કરે તેમાં પુનર્લગ્ન કરનાર અને નહીં કરનાર કોઈપણ જ્ઞાતી પાપ સમજતી નથી ઉલટું ચુસ્ત ધાર્મિક રીતીએ સહાયક બને છે. આથી ઉલટી રીતે જે જે જ્ઞાતીઓ પુનર્લગ્ન કરે છે તેઓ પુનર્લગ્ન નહીં કરનાર જ્ઞાતીનાં મનુષ્યનાં પુનર્લગ્ન થતાં જોઈ મોટું પાપ સમજે છે અને વિશેષમાં તેમના ઉંડા હૃદયમાંથી પ્રબળપણે ધિક્કાર ઉભરી નીકળે છે.

અનુકરણ કરવું એ મનુષ્યનો સાહજીક સ્વભાવ છે. શિષ્ટ મનાતા વર્ગનું અનુકરણ હમેશાં મનુષ્યો કરતા આવે છે અને પોતાને ઉચ્ચકક્ષામાં ગણાતા જોવા પ્રયત્નશીલ રહે છે. તે મુજબ પુનર્લગ્ન કરનાર વર્ગમાંથી પણ કેટલીક જ્ઞાતીઓ અને કેટલાંક મનુષ્યો પુનર્લગ્ન નહીં કરવામાં પોતાની મોટી મહત્તા અને અહોભાગ્ય માને છે. દરેક દેશમાં પ્રજાના પોતાના બંધારણના ધારા છે. આ ધારાના અમલ માટે ફોજદારી કોર્ટોની જરૂર હોતી નથી. આ ધારા કાગળ પત્રો પર નથી કે તે ફાટી જાય યા ફેરવાઈ જાય પ્રજા સમૂહના હૃદયમાં તે ઓળખાએલા હોય છે અને વંશપરંપરા તે પ્રજામાં હોઠે ઉતરી જળવાઈ રહે છે. આ ધારાનું નામ શિષ્ટાચાર છે અને તેનું અપમાન કરનાર પ્રજામાં પોતાનો માનનિય દરજ્જો ગુમાવે છે. લોકસંઘ તેને ધિક્કારની દૃષ્ટિએ જાુએ છે."[૩૩]

સમાજમાં નવવિવાહીત યુગલને આશીર્વાદ આપતા પત્રો ઘણા લખાય છે. પરંતુ નવવિવાહિત મિત્રને પત્ર દ્વારા તેમના નવજીવનના આશિષ અપાય છે. તે 'નવ–વિવાહીત મિત્ર પર પત્ર' કાવ્યમાં તેને કેવા કેવા ઉપદેશ અપાયા છે. તે આપણે નીચેના કાવ્યના આધારે સમજીશું.

"પ્યારા અરે ! શું વિસરી ગયો છે ?
આશા ધરી નૂતન તેથી શું છે ?
જીવત ત્હારૂં બદલી ગયું શું ?
ઉન્માદ – કહે –હર્ષથી છેક પામ્યું ? .... (૧)
ભોક્તા થયું પ્રેમનું અન્ય કોઈ,
સ્થાઈ થયું ઉરનું અન્ય કોઈ;
બેશી શકે ના ઉરગાદીમાં બે,
ના રાજ્યગાદી ઉપરે નૃપો બે. .... (૨)
પ્રવેશ કીધો નવા જીન્દગીમાં,
(તેથી) સ્વભાવ સ્નેહાળ ફરી ગયો શું ?
હું કેમ માનું પણ ત્હોય માને,
લોભી અરે ! ઉર ફરે ન યત્ને ! .... (૩)
છેલ્લે હું યાચુ પ્રભુ પાસ દ્વિ હસ્ત જોડી,
કે દમ્પતિ ઉર સદાય વસો પ્રભુજી;
થાજો સુખી દિનપ્રાંત બની મસ્ત પ્રેમે;
હર્ષોદધિ મહિ સદા રમજો સુરંગે ! .... (૪)"[૩૪]

સમાજમાં જ્ઞાની સ્ત્રી જે કાર્ય કરે છે. તે અજ્ઞાની સ્ત્રી જે કાર્ય કરે છે. તે બંનેમાં ભેદ હોય છે. તો આવી સ્ત્રીઓને પોતાના પતિ પ્રત્યેની ફરજોનું ભાન કરાવવા માટે ઠપકો આપવામાં આવે છે. તો 'પ્રજ્ઞ અજ્ઞ સ્ત્રીનો પતી પરત્વે ઠપકો' કાવ્યમાં તેની કર્તવ્ય ભાન સમજો દર્શાવવામાં આવી છે. તે આપણે જોઈશું.

પ્રજ્ઞસ્ત્રી – ના, ના, ઘટે પ્રિયપતી ! રજની રહ્યા ક્યાં ?
તૈયાર પાક કરવા કહીને ગયા ક્યાં ?
આવે ઘડી અબઘડી, રહી રાહ જોઈ !
ગૈ મધ્ય રાત્રિ પિયુ તલ્પ પરેજ રોઈ !
તૈયાર તાંબુલ કર્યું મુખવાસ માટે !
ઈલાયચી, તજ, લવંગ, ભરેલ ઠાઠે !
શીશી સુગંધ ચિજ અત્તરની ભરેલી !
અંગે સુમર્દન થવા ધરી નાથ મે'લી !
શય્યા સુપુષ્પ તણી પ્રીતમ મેં બિછાવી !
ચંપો, ગુલાબ, જાુઈ, જાઈ સુકુંદ લાવી !
ઉમંગ અંગ ધરી મેં નવ ચક્ષુ મીંચી !
વીતી નિશા રવિ ઉગ્યો, જળકીર્ણ સીંચી !
હે સ્વામિ ! શી કસુર માહરી મન આવી ?
ભામા મુકી ભવનમાં, વિચર્યા રીસાવી ?
હે રૂપધામ ! નવ નેત્રથી દૂર રાખો !
શો દાસી દોષ પડીઓ, વદનેથી ભાખો !!

અજ્ઞસ્ત્રી – આવ્યા હવે ઢણકીને રહી રાત આખી !!
કૈં નોંધલી જણતી એ, ભુરકી જ નાંખી ?
આ બાફણું શિદ બફાવી પડી રહ્યા ત્યાં ?
છે કામ આંહિ ન કશુ લુચકોજ છે ત્યાં !
શી માહરી ફિકર છે, તમને જ વારૂં !
આવ્યું ન મ્હોત વહેલું ક્યમ ઈશ મ્હારૂં ?
માબાપને ઉદર હું પડી શીદ ખાલી ?
દેતાં મુઆં ન તમને, વળી વેઠ આલી !
ઘરમાં ઠર્યો ન પગ બે ઘડી કોઈ દીને !
ચાલુ હું તો કુલની લાજથી રોજ લ્હીને !
ધિક્કાર છે બળી તમ્હારી ધણીની રીતી !
રે જાવ જાવ નર નફટ છે ન ભીતી !
ડાચુ તમ્હારૂં દરરોજ ચઢેલું દેખું !
સ્વપ્ના મહીં સુખ કદી પરણી ન પેખ્યું !
રે આ બળ્યું ઘર અને વળી વસ્તી વાડી !
જાણે પડું જઈ કુવે, નદિ કેજ ખાડી !!
કયું વચન સુણતાં રૂડું, નર્મદ કરણે જાણ ?
પ્રજ્ઞ અજ્ઞ ઉચ્ચાર આ, વાંચી કરો પ્રમાણ !!”[૩૫]

– કવિ નર્મદાશંકર કેશવરામ પં ।

સમાજમાં નવોઢા સ્ત્રીઓને ઘણી સ્ત્રીઓ શીખામણ આપતી હોય છે. તે પ્રમાણે તારે તારા સાસરે રહેવું પડશે. આમ, ‘જ્ઞાત યૌવનાની નવોઢા પ્રતિ શીખામણ’

કાવ્યમાં આ જ વિગતને વિસ્તારથી વર્ણવવામાં આવી છે. તે આપણે નીચે મુજબ જોઈશું.

“વ્હાલી જે દઉં હું સીક્ષા, ચિત્તમાં પરોવજે;
ચિત્તમાં પરોવજે ને, અમલમાં લાવજે.
બાળા મટી મુગ્ધાની તું, પંક્તિમાં ગણાશે;
અવસ્થાનું સાર વતિ, શ્વસુર સુહાજે.
નથી માત–તાત ત્યાંહી, વળી ભાઈ બ્હેને;
સખીઓ રસિલી પણ ત્યહાં, મળે નહિ એકે.
અજાણ્યા સ્વભાવવાળાં, સાથે રહેવું છે;
થઈશ ન આકળી તું, કોઈ કટું બોલે.
લીધી સપ્તપદી માંહી જે, પ્રતિજ્ઞા તું, પાળજે;
થઈશ ન દેવ ઈશ્વરની, તું ગુન્હેગાર એ.
પતિ મુખ વાણીને તું, અમૃત જે જાણજે.
ભરી ભરી ઘુંટડા એ, રેસને તું માણજે.
પતિને પ્રમાણી ઈશ, સેવામાં ન ભૂલજે;
પતિના વચને વ્હાલી, દેહ તજી ડૂબજે.
મુગ્ધાપણામાં જોને, આજ્ઞા ભંગ થાયે;
રસનો પ્રવાહ વ્હાલી, રખે તૂટી જાયે.
શ્વશુરને સાસુની; આજ્ઞા શિર લેજે;
ત્હેનો એ પ્રતાપ ધારી, પદામ્બુજે રહેજે.
સંસ્કારી પતિને તેઓએ, ન કીધો હોતે;

કહે વ્હાલી સુખ કહાંથી, તો તે તને દેતે.
પતિને જે પૂજ્ય હોયે, પૂજ્ય આપણે તે;
નવાઈ કહેશું એમાં, ભણે શાસ્ત્ર સૌ તે.
તેજીને ઈસારો હોયે, અધિક ન છાજે;
પ્રભુ રહો ત્હારી સ્હાયે, એજ યાચું આજે."[૩૬]

સમાજમાં કૃપણ લોકો હોય છે. તેઓ પોતાના ધનનો ઉપયોગ પોતાના માટે કરતા નથી કે લોકો માટે પણ કરતા નથી અને મનમાં ખોટો દંભ રાખી ને અહંકારમાં રાચતા હોય છે. તેવા કૃપણ (કંજૂસ)ને તેની પોતાની નીતિ કેવી હોય છે. તે 'કૃપણની કુટિલતા'કાવ્ય પરથી સમજાશે.

"કૃપણની જુઓ કુટિલતારે, જણાવે આપ સુશિલતા એ
પૈસાને પરમેશ્વર જાણે, રખે રિસાવે ઘરથી;
રોપ બધો રાખે ઉપલક પણ, મરે ખર્ચના ડરથી
આપવડાઈ તણું જ વિવેચન, જનમંડળમાં ખોલે;
ખર્ચ વાત આગળ આવે તો, અક્ષર એક ન બોલે.
કરે મથન મોટામાં ખપવા, માન મફતનું ઈચ્છે;
સમો સાચવી ઘડે ઘાટ પણ, અનુભવીઓ તો પ્રીછે.
દાન ધર્મની વાત ન રૂચે, ડોળ ધર્મિનો રાખે;
અરૂચતી હા, હા, મુખ ભાખે, હૃદય નિસાસા નાખે.
અજાણમાં આબરૂ પરખાવા, આત્મ પ્રશંસા ભરડે;
ઓળખિતો તે ઠામ મળે તો, વાત ચાલતી મરડે.
અલંકાર ગણી આપ છિદ્રને, પરના કલંક ભાખે;

મળે ખરૂં કે'નારો ત્યારે, અહાહા, કરિ હસિ નાખે.
બચાવવા નિજ ધન અલબેલો, પરનું લેવા રાજી;
પરઘર કહે લસલસતું થાવા, ઘેર પકાવે ભાજી
મેળવવા જ મફતનું શોધે, લાજ ન એમાં લેશે;
પરકિર્ત્તિ સુણી થાય બળાપો, અદેખાઈ ઉર વ્હેશે.
વિશ્વાસે કદિ માલ તોળવા, વેચનાર જો આપે;
ભણે સવાયુ દો'ડુ લાગ જોઈ, હરી નામને જાપે.
ખર્ચ ગણે સુખનાં સાધનને, દુઃખ વેઠી સુખ માને;
સુખે સુવાય ન જીવ પૈસામાં, રાત દિવસ તે ધ્યાને.
હાય વરાળ ઉઠે હૈયે જો, વ્યાજ આવતું અટકે;
ધારી ચોટમાં પડે ખોટ તો, કઠણ કાળજુ ફટકે.
લોકહીત વા દયા, સખાવત, વિદ્યા વૃદ્ધી અર્થે;
જાય જીવ પૈસો વાવરતાં, છુટે ન ગ્રંથી ગર્થે.
દગલબાજી એ વસ્ત્ર વપુનાં, અધીરાઈ આભરણ;
અલજ મંજન, ઈર્ષા અંજન, ચતૂરાઈ સંગૃહણ.
કષ્ટવાહિ, ઋણદાર અને પતરાજીખોર, નઠારો;
નર્મદ પૂર્વ તણાં કૃતથી–એ, જન્મ કૃપણનો ધારો."

– કવિ નર્મદાશંકર કેશવરામ.

❖ **'વિવેચક'માં પ્રકાશિત થયેલા સાંસ્કૃતિક લેખો :**

જીવનમાં 'સેવા ધર્મ' એ મોટામાં મોટો ધર્મ છે. સેવા ધર્મથી લોકોની જગખ્યાતિ થાય છે. આપણે પ્રાચીન સમયના ગ્રંથોમાં નજર નાખીશું તો આપણને એવા

ઘણાં દાખલા મળશે કે જેમણે પોતાનું જીવન સેવા ધર્મમાં જ ગાળ્યું હોય, ઉ.દા. મધર ટેરેસા, રવિશંકર મહારાજ વગેરે. તો આપણે 'સેવા ધર્મ'નો એક દોહરો નીચે મુજબ જોઈશું.

"મૌને મીંઢો કહે છે, વળિ વધુ બકવાખોર કહે, સત્ય બોલે,
કહેતા પાસે રહેતાં શરમ વગરનો, દૂર નિર્માલ્ય તો લ્હે;
ભીરૂ ધારે ક્ષમાથી, સહન નવ કર્યું તો અકુલીન માન્યા,
સેવાનો ધર્મ સૌથી પરમ ગહન છે, યોગીઓએ અજાણ્યા."[૩૮]

વ્યક્તિ જન્મમાં વ્યક્તિ ઘણા બધા કાર્યો તેમજ તેના કર્તવ્ય નિભાવવાના હોય છે. જો વ્યક્તિ પોતાના કર્તવ્યથી વિમુખ બને તો તે નઠારો ઠરે છે. તો વ્યક્તિએ પોતાનું કર્તવ્ય કેમ નિભાવવું તે વિશે 'કર્તવ્ય' ગઝલમાં તેની વિગતે ચર્ચા થઈ છે. તે આપણે જોઈશું.

"ગઈ છે બાળ અવસ્થા, વહીને જાય આ યુવા,
પરંતુ ભાસતું નવ કંઈ પરમ્ કર્તવ્ય વિણ સૂવા.
કરે જો તૂજ કર્તવ્ય નડે શું પ્રીતિ કોઈની ?
ઉખેડી નાંખ ત્હેને મૂળથી રે તૂં બની ખૂની.
અને ઉખેડતામાં જો ખરે ઉંડી જ પેસે તો,
સ્મરીને શ્યામને રે તૂં ત્વરાથી દૂર કરી દેજે.
સ્મરે તૂં શ્રી પ્રભુને તો નડે છે શું પશુ વૃત્તિ ?
ગ્રહીને રીત સંયમ્‌ની નિરખ તૂં આ મહદ્ શક્તિ.
સુભગતા જો તું ચાહે તો કરી કર્તવ્ય ત્હારૂં લે,
કટુ સંસારની વાણી મહીંથી વિષના તૂં લે.

ક્ષણિક સંસાર બાજી તૂં ગણી મિથ્યા તજી દેજે,
સદા એ શ્રી પ્રભૂ મધ્યે મગન થઈને મચ્યો રે'જે.
તજીને તૂં વિતથ આશા કરી લે સ્મર્ણ વિભુનું;
તજીને મામ મૃગજળવત્ ગ્રહી લે શર્ણ રે પ્રભુનું.
ક્ષણિક આ વિશ્વનાં સુખો મહીં તૂં લીન ના થાજે,
પરમ કર્તવ્ય ત્હારૂં જે કરી લે આત્મને કાજે."[૩૯]

– મહેન્દ્રલાલ શિવલાલ ભટ્ટ

જીવનમાં અભય બનીને સજ્જન વ્યક્તિઓ પોતાનું જીવન વ્યતિત કરે છે. જીવનમાં કોઈપણ વસ્તુનો ભય રાખવો જોઈએ નહીં. તેથી સ્વામી શ્રી આત્માનંદ સરસ્વતીએ આપેલ 'અભય પદ' જોઈએ અને એને આચરણમાં લેવા માટેના દરેક વ્યક્તિએ પ્રયત્ન કરવા જોઈએ. તો ચાલો આપણે અભયપદને નીચે મુજબ સમજીશું.

"પામ્યો છું હું, અભય–પદ, હવે ભય કોનો ?
પૂર્ણાનંદમાં હું મત્ત, મારે ભય કોનો ?
મધુરી શીતળ છાંય !
શોક તાપ સમી જાય !
આનંદ ઉરમાં ન માય, મારે ભય કોનો ?
જીવન મરણ થતાં !
છોડીશ ન નાથ કદા !
વિમળ સુખમાં હું સદા, નથી ભય કોનો ?"[૪૦]

ભારતના પ્રાચીન ઇતિહાસમાં આપણને સતી નારીની ઘણી ગાથાઓ મળે છે. ઉદા. સતી અનસુયા, સતી સીતા, સતી દ્રૌપદી વગેરે તો આવી સતી નારીના આશીર્વાદ

લઈ પોતાનું જીવન ધન્ય બનાવવું એવો હેતુ લઈને 'સતીની મઢુલી !' કાવ્યમાં સતી ધર્મની ભાવનાને ઉચ્ચ સ્થાને બેસાડી એનું મહત્ત્વ આંકવામાં આવ્યું છે. તે કાવ્ય નીચે મુજબ છે.

"સતીની મઢુલી વ્હાલા વીર, વૃંદો વ્હાલાં,
જોવાને જઈશું હો લગીર, વૃંદો વ્હાલાં.
સતીના આશીરવાદો લેવા માટે,
દરશન જઈશું હો જરૂર, વૃંદો વ્હાલાં.
સતીનું પાતિવૃત્ય ન્યાળી નીહાળી,
ચરણે નમશુ હો જરૂર, વૃંદો વ્હાલાં.
સતીના ગુણાવિંદ પ્રેમ ધરીને,
મુખથી ગાઈશુ હો લગીર, વૃંદો વ્હાલાં.
સતીની શુભ કીર્તિ હૃદયે પ્રેમે,
લઈશું ઝીલી હો લગીર, વૃંદો વ્હાલાં"[૪૧]

– નાગરભાઈ ઈશ્વરભાઈ પટેલ

ભારતીય સંસ્કૃતિમાં સજ્જન વ્યક્તિ પ્રત્યે દરેકને પૂજ્ય ભાવ જન્મે છે. જેવા કે, સ્વામી વિવેકાનંદ, ગાંધીજી, મધર ટેરેસા, સરદાર પટેલ, જવાહરલાલ નહેરુ વગેરે તો આ પૂજ્ય ભાવના અધિકારી કોણ બની શકે ? અથવા તેમનામાં કેવા ગુણો હોય તો તે પૂજ્યભાવને અધિકારી ઠરે છે. તે 'પૂજ્ય કોણ ?' કાવ્યમાં દર્શાવ્યું છે. જે નીચે મુજબ છે.

"જેના હૃદયમાં પ્રેમ છે, તે જન અમોને પૂજ્ય છે,
જેના હૃદયમાં રે'મ છે, તે જન અમોને પૂજ્ય છે.
જે જન નિહાળે આત્મવત્, સહુ પ્રાણીને ધરણી પરે;

જે ભેદથી અળગો રહે, તે જન અમોને પૂજ્ય છે.
જે અન્યને ઉપકાર કરતાં, વિઘ્નથી કદી નવ ડરે;
ઈશ્વર પરે શ્રદ્ધા ધરે, તે જન અમોને પૂજ્ય છે.
જેના હૃદયમાં વહે અહોનિશ, પ્રેમવારિધિ અણખજ્યો;
જે પર દુઃખે દાઝે સદા, તે જન અમોને પૂજ્ય છે.
જેના હૃદયમાં દેશ સેવાનું, વહંતુ વ્હેણ છે;
સુખ શાન્તિ, દુઃખ ધીરજ ધરે, તે જન અમોને પૂજ્ય છે.
જેનું હૃદય તલપે હમેશાં, ધર્મ કાર્યે વાધવા;
જે ધર્મમય બને જગતમાં તે જન અમોને પૂજ્ય છે.
જેનું હૃદય કાર્યો કરે, વિશ્વાસ ઈશ પર રાખીને;
કર્તવ્ય નીજ બજાવતો, તે જન અમોને પૂજ્ય છે.
જેનું હૃદય નિષ્કંલક છે, જે સત્ય નિષ્ઠામાં રહે;
ઈશ સાથ પ્રીતિ બાંધશે, તે જન અમોને પૂજ્ય છે."[૪૨]

– ગુલાબભાઈ દયાળજી દેસાઈ

## ૭.૯ 'વીસમી સદી' (૧૯૧૬) :

'વીસમી સદી' સામયિક એપ્રિલ ઈ.સ. ૧૯૧૬માં પ્રકટ થયું હતું. તેના મુખ પૃષ્ઠ ઉપર પુસ્તક નંબર, સાલ અને અંક નંબર છાપવામાં આવ્યો છે અને એક સ્ત્રીનું ચિત્ર છે. જેના એક હાથમાં મશાલ અને બીજા હાથમાં પુસ્તક લઈને બેઠેલી છે.

### ❖ 'વીસમી સદી'માં પ્રકાશિત થયેલા સામાજિક લેખો :

સમાજમાં વ્યક્તિમાં સદ્‌ગુણ પ્રગટાવવા હોય તો તેમને અમૃત વચનની જરૂર પડે છે. અમૃત વચનમાં એવું ગૂઢ તત્વ રહેલું છે કે માનવી એ વાચતા તેનો અર્થ ભાવ

સાથે ગ્રહણ કરે તો તેના જીવનનું પરિવર્તન શક્ય બને છે. તો આવા 'અમૃતવચન' આપીને સમાજને એક સારા રસ્તા તરફ દોરી જવાનો પ્રયાસ કર્યો છે. તે આપણે જોઈશું.

"સન્ત પુરૂષોના હૃદય ઈશ્વરનો ખરો ખજાનો છે."

– ગઝાલી

અરે જગતજન સેવક ! દરેક પ્રભાતે મ્હારી કરૂણા ભરી અનિલ લહેરો ત્હારા ઉપર થઈને વહી છે. પરંતુ ત્હને હમેશાં વિસ્મૃતિમાં જ સૂતેલો જોયો છે અને પ્રતિ પ્રભાતે ત્હારી આ અવદશા ઉપર તે આંસુઓ ઢાળે છે.

– બહા ઉલ્હા

દરિદ્રતાના અસહ્ય દબાણથી દબાઈ શોચ કર નહિ. પ્રશાન્ત અને એકાન્ત રામિઓ રોદણાં રોઈ પસાર કરવાને બદલે જ્યાં સુધી ત્હારે પ્રભુ પ્રાર્થના કરવાની તક છે. ત્યાં સુધી એ અમુલ્ય લાભ લઈલે.

– હાફિઝ

અરે દયાનીધિ ! એક ક્ષણ પણ ત્હારી સ્મૃતિ મારૂં જીવન ચિરંજીવ કરે છે."[૪૩]

– જલાલુદ્દીન રૂમી

સમાજમાં સાચી મિત્રતાના ઘણા ઉદાહરણો આપણને ભૂતકાળમાંથી મળી રહે છે. આપણા મહાભારતના ગ્રંથમાંથી આપણને કૃષ્ણ–સુદામા, કર્ણ–દુર્યાધન વગેરેની મિત્રતા જે તેમને સદીઓ સુધી અમર કરતી ગઈ તેની વાત છે. તેવી જ રીતે મિત્રતામાં શું શું મળે છે. તેની વાત 'તમારી દોસ્તદારીમાં' ગઝલમાં વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. તે નીચે મુજબ છે.

"થયું અહીં સૌ ફના મુકામ તમારી દોસ્તદારીમાં,
મગર મેં મેલવ્યું છે નામ તમારી દોસ્તદારીમાં .... (૧)

સ્વીકાર્યું મેં ખુશીથી જે મળ્યું ઉપનામ પાગલનું,
વલી વ્હોર્યું શિરે બદનામ તમારી દોસ્તદારીમાં .... (૨)
કર્યા કંઈ, ના કર્યા, ખોયાં, સહ્યાં, કંઈ મેળવ્યાં મેં ખુબ,
રહ્યાં ના માન ને અકરામ, તમારી દોસ્તદારીમાં .... (૩)
જીુગારી ઈશ્કનો પુરો, તરફદારી કરૂં કોની,
ચહું બસ વસ્લનું ઈનામ, તમારી દોસ્તદારીમાં .... (૪)
મઝેદારી વસી વસ્લે, કરો મહેમાનદારી યાર,
વફાદારી બની બેકામ, તમારી દોસ્તદારીમાં .... (૫)
તજી મેં દુનિયાદારી, હવે તો યાદગારીમાં,
કહાવો વસ્લનો પેધામ, તમારી દોસ્તદારીમાં .... (૬)
ગઝલની રાગણી મસ્તાન, રૂચે છે ફક્ત આઠો જામ,
મને એ ઐશ ને આરામ, તમારી દોસ્તદારીમાં .... (૭)”[૪૪]

## ૭.૧૦ ‘કચ્છી જૈન મિત્ર’ (૧૯૧૭) :

‘કચ્છી જૈન મિત્ર’ સામયિક ઈ.સ. ૧૯૧૭માં પ્રગટ થયું હતું. તેમના પ્રથમ પૃષ્ઠ ઉપર શીર્ષકની બંને બાજુ સિંહની આકૃતિ મૂકેલી છે અને વચ્ચે એની ઉપર એક માણસનું ચિત્ર છે. તેના હાથમાં પકડેલા પોસ્ટરમાં દયા, શ્રદ્ધા, ઐક્ય અને સેવા દર્શાવતા ચિત્ર છે. તેની નીચે એક દોહરો છાપેલો છે. જે નીચે મુજબ છે.

“દયા, શ્રદ્ધા, ઐક્ય, સેવા, અમારા સૂત્ર એ ચારે;
ગજાવીશું ખુણે ખુણે, અહાલેક અમારા છે.”

અને નીચે પુસ્તક નંબર, સાલ, અંક નંબર આપવામાં આવ્યો છે અને અડધા પાનામાં નીચે કાવ્ય છાપવામાં આવ્યું છે.

❖ **‘કચ્છી જૈન મિત્ર’માં પ્રકાશિત થયેલા સામાજિક લેખો :**

સમાજમાં બાળલગ્નનો જે રિવાજ ચાલતો હતો તેને કારણે સમાજમાં બાળમરણની સંખ્યા વધારે હતી અને તેથી વિધવાઓનું પ્રમાણ પણ ખૂબ જ હતું. તેથી ઘણી સ્ત્રીઓ ઉંમરલાયક થતા પહેલા બાળવિધવા બની જતી. તો આવી માઠી અસર ઉપજાવનાર આ માઠા ચાલનો બળાપો ‘બાળલગ્નનો બળાપો’ કાવ્યમાં રજૂ થયો છે. તે વિગતે જોઈશું.

“શિક્ષણ ભલું લેવા અમે નિશાળમાં બેઠા હતા;
મહેનત કરી સન્માર્ગનો રસ્તો નિસ્બતનો કાંઈ થાવા;
અધવચ રખડતું ત્યાં રહ્યું આવી શુબુદ્ધિ તે ગઈ;
આ બાળ લગ્ન રીવાજથી અમ અવદશા આવી ગઈ.
સંસારના વ્યવહારમાં જે કાર્ય કેળવણી તણું,
સમજ્યા નહીં તે સારને પણ પૂછડું તાણે બહું.
સંતાનની ગત શી થશે ? વડીલો કરે ન વિચાર કાંઈ,
આ બાળ લગ્ન રીવાજથી અમ અવદશા આવી ગઈ.
થઈ પ્રેમ ઘેલી બાલિકા નિજ કંથનો કર ઝાલતી,
‘રસિયા રસિક વાતો કરે’ કંઈ હૃદય એવું વાગતી.
પણ કંથ નાનું બાળ ત્યાં ફોગટ બધી જીંદગી ગઈ,
આ બાળ લગ્ન રીવાજથી અમ અવદશા આવી ગઈ.
માતા પિતાના ‘લ્હાવ લોભે’ લ્હાય આ તનમાં બળે,
કુળવાન કે ધનવાન જોતાં અવર બુદ્ધિ ના મળે,
પૈસા તણા પૂજારીઓ આંખો તમારી ક્યાં ગઈ,

આ બાળ લગ્ન રીવાજથી અમ અવદશા આવી ગઈ.
કેવળ તમારા સ્વાર્થ ખાતર અવદશા અમ શાં કરો,
સંસારના આ તખ્ત તળે નાખી અમને શાં મારો,
કાપો અમારા જીગરને કહો લાભ એમાં છે ક્યાં,
આ બાળ લગ્ન રીવાજથી અમ અવદશા આવી ગઈ.
શેઠાઈ કરતા જ્ઞાતિની નિયમો ઘ   ા સુધારવા;
આપે ન સુધરે અવરને સુધારશે શું ધારવા,
પોકાર સંતાનો કરે અમ જીંદગી એળે ગઈ,
આ બાળ લગ્ન રીવાજથી અમ અવદશા આવી ગઈ.
ગુજરાન અમ કરવા તણી કંઈ સાધ્ય વસ્તુના મેળવી,
સંસાર બંધનના સપાટે હાથ કડીઓ ભેરવી,
પૂછો અમારા હૃદયને હા ! દુઃખ દિલાસો છે કંઈ !
આ બાળ લગ્ન રીવાજથી અમ અવદશા આવી ગઈ.
આ દેશની ઉન્નત દશા કરવા હૃદય ચાહો તમે,
નિર્વેશ કરજો બાળલગ્ન રીવાજ જે અમને હતો,
નિશ્વાસ અમ અંતર તણા નિહાળજો નિર્મળ થઈ,
આ બાળ લગ્ન રીવાજથી અમ અવદશા આવી ગઈ."[૪૫]

– મોહનલાલ જી. પં   ।

## ૭.૧૧ 'શ્રી ઋષિ મુખ' (૧૯૨૦) :

'શ્રી ઋષિ મુખ' સામયિક ઈ.સ. ૧૯૨૦માં પ્રગટ થયું હતું તેના પ્રથમ પૃષ્ઠ ઉપર ડાબી બાજુએ 'શીર્ષક' છાપવામાં આવ્યું છે અને જમણી બાજુએ એક શિક્ષિત

વ્યક્તિનો હાથમાં કાગળ સાથેનો ફોટો મૂકયો છે. તેની નીચે પુસ્તક નંબર, ઈ.સ., અંક નંબર છાપવામાં આવ્યા છે.

તેની નીચે 'ખબરદાર' શીર્ષક સાથે એક શ્લોક છાપવામાં આવ્યો છે. એની સાથે એક ઋષિનો બોધ આપતો ફોટો મૂકવામાં આવ્યો છે. અહીં જે શ્લોક આપવામાં આવ્યો છે. તેનો ભાવાર્થ નીચે મુજબ છે.

(૧) “હે બંધુઓ ! આ સંસારરૂપી અરણ્ય ઘણું ભયંકર છે !! જુઓ ! કે પૂર્વાનુભવથી જન્મ સમયે સંસારમાં પડતા જ ભાવથી બાલક ચીચીઆરી પાડવા મંડી જાય છે.

(૨) આ શરીરરૂપી ગૃહ ઘણા છિદ્રવાળુ હોવાથી સુરક્ષિત નથી. કામક્રોધાદિ તસ્કરો ગમે તે માર્ગે ગમે ત્યારે નિરંકુશપણે તેમાં પ્રવેશ કરી શકે છે.

(૩) મૃત્યુરૂપી ચોર મહા બળવાન છે. તેના પાશમાંથી કોઈપણ બચવા પામતું નથી.

(૪) મોહરૂપી રાત્રિ કેવળ અંધકારમય છે. જ્યોર્તિદીપ વિના તેનો નાશ નથી. માટે વિવેક જન્મ જ્ઞાનરૂપી ખડગ્, વૈરાગ્યરૂપી ઢાલ અને શીલરૂપી કવચ, ધારણ કરી સાવધ થઈ ખબરદારીથી જાગતા રહો !!”

આમ, સુંદર શ્લોક સાથે તેનું પ્રથમ પૃષ્ઠ છાપવામાં આવ્યું છે.

❖ **'શ્રી ઋષિ મુખ'માં પ્રકાશિત થયેલા સામાજિક લેખો :**

સમાજમાં સ્ત્રીઓને જાગૃત બનાવવા માટે સ્ત્રીને ઉપયોગી સાહિત્ય શું હોઈ શકે ? એની વાત કરવામાં આવી છે. સ્ત્રીઓ શિક્ષિત બની સાહિત્યને સમજે, પચાવે અને અનુસરે કે જેથી આવનાર પેઢી પણ સાંસ્કારિક બને એ હેતુથી 'સ્ત્રી–સાહિત્ય'નામના લેખમાં સ્ત્રીને ઉપયોગી થઈ પડે એવા સાહિત્યની નોંધ આપવામાં આવી છે.

આ વિષયમાં સ્ત્રીયોને ઉપયોગી સંસાર, વ્યવહાર, જ્ઞાન, વિજ્ઞાનને લગતી સઘળી બાબતોનો સમાવેશ કરવામાં આવશે; તેથી સ્ત્રી સાક્ષરો સ્ત્રી લેખકોને પોતાની અન્ય બહેનોના હિતને ખાતર આ વિષયમાં રસ ભર્યો ભાગ લેવા માટે આગ્રહપૂર્વક આમંત્રણ કરીએ છીએ.

❖ **સ્ત્રીશિક્ષા :**

"સાંભળજો સુઘડસન્નારી, હિતશિખામણ સારીજી;
લોક અને પરલોક સુધરવા, અંતર વાત વિચારી–સુણજો સાહેલી.
લોક વિરુદ્ધ વર્તન નવ કરીએ, ઊંચે વેણ ઉચરીએજી;
પરધન પરનિંદા મૂકીને, પરઘરને પરિહરિએ–સુણજો સાહેલી.
બ્હેનો ! સુખ સંસારે ઈચ્છો, કલેશ કદી નવ કરીએ;
કુટુંબમાં સંપીને રહીએ, દુઃખ દેખી નવ ડરીએ–સુણજો સાહેલી.
રમતાં રમતાં રીસ ન કરીએ, વેણ કટુ નવ કહીએ;
બે જણ વાત કરે જ્યાં છાની, ત્યાં ઊભા નવ રહીએ–સુણજો સાહેલી.
સ્નાન, દાનને દેવ અતીથિ, પ્રેમે પૂજન કરીએ;
ગીતા જ્ઞાન વિનયની વાતો, ભાવે ચિત્તમાં ભરીએ–સુણજો સાહેલી.
શીલ હોય તો સૌને ગમીએ, ભૂખ વિના નવ જમીએ
ધન માયાનો મદ નવ ધરીએ, નમતા સાથે નમીએ–સુણજો સાહેલી"[૪૬]

એ સમય સુધારાનો હતો. તો એ સમયે દરેક વ્યક્તિ પોતાના સમાજ માટે કંઈ ને કંઈ કરવા માટે તૈયાર થતો તે એવું શું કરી શકે કે જેને સમાજ સેવા કહી શકાય ? તો સમાજ સેવાનો અર્થ સમજાવતો 'સમાજ સેવા' લેખ નીચે મુજબ જોઈએ.

એક જ સિંહ ! એક જ તિલક ! એક જ ગાંધી ! એક જ પંડિત ! એક જ ટાગોર !

હિંદમાં દર વર્ષે કેળવણી લઈ, પરિક્ષાઓ પસાર કરી, બ્હાર પડતા કેળવાએલા જંગી લશ્કરમાંથી કોઈ રાજમાન્ય ! કોઈ લોકમાન્ય ! કોઈ દેશમાન્ય ! કોઈ વિધ્વત્માન્ય ! કોઈ મહાજનમાન્ય !ની ગણત્રિ કેટલા એકડાઓથી થાય છે ! તેનો કોઈ ઉત્તર આપશે ? બધા જ સામાન્ય ! જ્યાં જોઈએ ત્યાં સામાન્ય ! કારણ – ખામી ભરેલી કેળવણી – જે. પામ્ફ્રેટ ખરું જ કહે છે કે – "What's all the noisy jargon of the schools. But idle nonsense of laborious fools."

"પુસ્તક ભારાભરી નિશાળે, વિદ્યાર્થિ ભણવા જાતા !
લેખન, વાંચન, ગણિત આવડે, માબાપો મન મલકાતા !
'મેટ્રીક' પાસ થયા કે બેટા, બની ગયા મોટા જ્ઞાતા !
માનપત્ર ત્યાં મળે સભામાં, પેંડા ઘરઘર ઘંટાતાં !
કોલેજોમાં ભણી ભાઈશ્રી, 'ડીગરી' લઈને બ્હાર પ ।!
કેળવણીનો 'સ્ટામ્પ' મળ્યો કે, સીદ્ધા ચાકરીએ જ ચ ।!
દુઃખ દળવાને સભા 'ડીબેટીંગ, સ્થળે સ્થળે જો કે સ્થાપી !
સદી ગઈ પણ હિંદ તણી નહીં, હાલત સુધરી અદ્યાપી !"[૪૭]

આમ, ઉપરોક્ત લેખમાં કેળવણી મેળવીને પણ સમાજની સેવા કરી શકાય એ હેતું દર્શાવ્યો છે.

## ૭.૧૨ 'ભટ્ટ ભાસ્કર' (૧૯૨૦) :

'ભટ્ટ ભાસ્કર' નામનું સામયિક જુન ઈ.સ. ૧૯૨૦માં પ્રકટ થયું હતું. તેના મુખ પૃષ્ઠ પર સામયિકનું નામ, પુસ્તક નંબર, સાલ, અંક નંબર, એની નીચે અનુક્રમણિકા અને અનુક્રમણિકાની નીચે તંત્રીઓના નામ અને પ્રેસનું નામ તથા સરનામું છાપવામાં આવ્યું છે.

❖ **'ભટ્ટ ભાસ્કર'માં પ્રકાશિત થયેલા સામાજિક લેખો :**

સુધારકયુગમાં જાતિવાદનો પ્રશ્ન ખૂબ મોટી સમસ્યા હતી, પરંતુ ધીમે ધીમે એ સમસ્યાને દૂર કરવામાં સફળતા મળી. કારણ કે સામયિકમાં જાતિવાદથી થતા ફાયદા–ગેરફાયદા વિશેની માહિતી સમયાંતરે છપાતી રહેતી અને તેના કારણે જાતિઓમાં જાગૃત્તિ આવવા લાગી તો જાતિઓમાં કેવાં પ્રકારની જાગૃત્તિ આવી છે. તે આપણે 'જાતિઓમાં જાગૃત્તિ' એ લેખ પરથી તેની વિસ્તૃત માહિતી મેળવીશું.

“અંધકારયુગમાં સૈકાંનાં સૈકાં વીત્યા પછી અંગ્રેજી ઢબની કેળવણીને પ્રતાપે ભરતખંડમાં અનેક તરેહની ચળવળ ચાલી રહી છે. સામાજિક, રાજ્યકીય, ઔદ્યોગિક, ધાર્મિક, નૈતિક વગેરે વિષયોમાં પ્રવૃત્તિ જોવામાં આવે છે. મૂળે ચાર વર્ણ હતી, તે પછી અઢાર વર્ણ થઈ અને આખરે સેંકડો હજારો જાતિઓ થઈ અને તેમાં અજ્ઞાનતા, વહેમ અને અંધશ્રદ્ધાએ એવી રૂઢિઓ પેસી ગઈ કે તેથી લોકોની ખરાબીનો પાર રહ્યો નહિ. પહેલાં ચાર વર્ણના લોકો એક બીજા સાથે ખાવા પીવામાં તેમ કન્યા લેવા દેવામાં બાધ સમજતા નહિ, પરંતુ ધીમે ધીમે જાતિઓ એક બીજી સાથે સંબંધ રાખતી બંધ થઈ અને તેમના ભાગ વિભાગ થઈ નાના વાડા બંધાઈ ગયા. જે જ્ઞાતિઓ પૂર્વે પ્રજાસત્તાક રાજ્ય

જેવી હતી, તેમના આગેવાનોના જુલમ તળે તેઓ કચરાઈ જવા લાગી. અજ્ઞાન વડે લોકોમાં સારાસારનો વિચાર કરવાની શક્તિ ન હોય, ત્યાં રૂઢિબાઈનું રાજ્ય ચાલે અને લુચ્ચા, દુષ્ટ, સ્વાર્થી, અદેખા આગેવાનો મનસ્વીપણે વર્તી ગરીબ લોકોને હેરાન કરે. શાસ્ત્ર વિરૂદ્ધના અનેક દુઃખદાયક ને ખરચાળ રિવાજ ઘુસી ગયા, તેમને ખસેડવાના ઈલાજ આગેવાનો લેવા રાજી ન હોય, તેથી તે ચાલ્યા જ કરે.

આપણે દેશમાં સંપ ને ઐક્ય કરવાની વાતો કરીએ છીએ. સ્વરાજ્ય મેળવવાને અને ચલાવવાને ઐક્યની જરૂર છે. આપણે હિંદુ મુસલમાનો એક થવા મથીએ છીએ અને અંત્યજોનો ઉદ્ધાર માટે યત્ન કરીએ છીએ. પરંતુ હિંદુઓમાંજ ઐક્ય ક્યાં છે ? જ્ઞાતિ બંધારણ એવું ખરાબ થઈ ગયું છે કે જ્યાં ને ત્યાં કુસંપ જોવામાં આવે છે. એક જ જાતના જુદા જુદા સ્થળે વસનારા કે પોળ અથવા લતામાં વહેંચાઈ ગએલા જાણે પરનાતના હોય તેમ તેઓ એક બીજાની દરકાર કરતા નથી. પ્રશ્ન એ થાય છે કે આવી હજારો જ્ઞાતિઓ જળવાઈ રહે તે લાભદાયક છે કે હાનિકારક છે અને તેમનું અસ્તિત્વ દેશી ભાઈઓમાં એક સંપ કરાવશે કે તેની આડે આવશે ? ઘણા સુધારકો ધારે છે કે જ્ઞાતિ બંધન તૂ ા વગર એક સંપ થવાનો નથી અથવા કંઈ નહિ તો અસલ પ્રમાણે જ્ઞાતિઓ ચાર વર્ણમાં વહેંચાઈ જવી જોઈએ, એટલે લોકોમાં જેમ વિભાગ ઓછા, તેમ ઐક્ય થવાની સરળતા થાય. બીજા કેટલાક એમ ધારે છે કે તમે નાતો સુધારો, એટલે તેથી કુસંપનું કારણ દૂર થશે. વિદ્યા વડે સુધારાના વિચાર આવશે અને તે વડે દેશનું કલ્યાણ થશે. જુદી જુદી જાતિઓ સુધરવાથી દેશમાં ઐક્ય થવાની કે તેથી આખા દેશની ઉન્નતિ થવાની બહુ આશા નથી. તેમ છતાં કંઈ ન કરવું તેના કરતાં કંઈ પણ કરવું અને તેની શરૂઆત અમુક સ્થાનેથી કરવી એ સારી વાત છે અને તેથી જાતિયોમાં જે જાગૃતિ પેદા થઈ છે. તે ચાહવા લાયક છે.”[૪૮]

મનુષ્ય જન્મ મળ્યો તો તેને કંઈક સારા કામમાં ઉપયોગી બનાવવા માટે ઘણા લોકો સમાજસેવાના ક્ષેત્રમાં ઝંપલાવે છે. તો સમાજસેવા આપણે કોને કહીશું ? સમાજની સેવા કઈ રીતે કરી શકાય તે આપણે 'સમાજ સેવા' લેખમાં વિગતે ચર્ચીશું.

"સમાજ સેવા એ મનુષ્યદેહની ઉંચામાં ઉંચી લ્હાણી છે અને હાલની જાગ્રતિના સમયમાં એ એક અતિ ઉત્તમ તક છે. આવી તક ફરી ફરી આવતી નથી, તો પછી એ તક ન ગુમાવવા સમાજના કલ્યાણાર્થે કાર્યો કરી ભવિષ્યની પ્રજાને એક ઉત્તમ દાખલો બેસાડવા એનાથી બીજો ઉત્તમ માર્ગ હોઈ શકે નહિ. તમારામાં સમાજ સેવા માટે સ્હેજ પણ ઉત્કંઠા હશે તો તેને માટે અનેક રસ્તાઓ સૂઝશે. હાલમાં સ્થળે સ્થળે મંડળો સ્થપાયા છે એ પણ આપણામાં સેવા માટે વધતી જતી ઉત્કંઠાની સાક્ષી પૂરે છે. વિદ્યાદાન, અનાથોનું પોષણ, દુઃખીને દીલાસો, લોકમતની કેળવણી, સામાજિક સુધારો વગેરે સેવા માટે અનેક બારીઓ ખુલ્લી છે. સેવાનું ક્ષેત્ર ઘણું વિશાળ છે અને એક વખત એ સમાજ સેવા માટે મોહ લાગ્યો કે પછી આપોઆપ એ મોહ વધતો જશે. એમ ન કહેશો કે સમાજ સેવા માટે અમને તક મળતી નથી અથવા તો પુરતા સાધનો નથી. જે કોઈ નાની તક મળે અથવા તો જે કોઈ નજીવા જેવા દેખાતા સાધનો હોય તે વડે સમાજ સેવાના મન્ત્રો ભણવાનું શરૂ કરો. બદલો કે કીર્તિની આશા રાખ્યા વિના નાનામાં નાનો અવસર પણ હાથમાં લ્યો અને ટુંક વખતમાં જ તમોને માલમ પડશે કે ધીમે ધીમે તમારી સેવાનું ક્ષેત્ર વિશાળ થતું જાય છે અને મોટા અવસરો આપોઆપ જ પ્રાપ્ત થાય છે, તેમજ બળવાન સાધનો પણ પોતાની મેળે જ હાથ લાગે છે. માટે હાથ પગ જોડીને બેસી ન રહેતાં હાલના વાતાવરણને માન આપી દુઃખી બન્ધુઓની દીલમાં દાઝ આણી આ ક્ષણે જ સમાજ સેવાના પવિત્ર પાઠો શરૂ કરો અને તમને ટૂંક સમયમાં જ ખાત્રી થશે કે તમારા નજીવા દેખાતા પ્રયત્નો પણ સમાજને ઉન્નતિએ લાવવામાં સબળ કારણો થઈ પડે છે."[૪૯]

સમાજમાં સ્ત્રી કેળવણીને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. કારણ કે સ્ત્રી જો કેળવાયેલી હોય તો તે પોતાના બાળકોમાં સારા સંસ્કાર સીંચે છે અને સમાજને એક ઉત્તમ નાગરિકની ભેટ આપે છે. તેથી સમાજમાં સ્ત્રીઓને વધારેમાં વધારે કેળવણી મળે તે હેતુથી 'સ્ત્રી કેળવણી' લેખમાં સ્ત્રીમાં કેળવણીની જરૂરિયાત શા માટે છે. તેની વિગતે ચર્ચા કરી છે. તે આપણે નીચેના લેખમાં જોઈશું.

"સ્ત્રી કેળવણીને આપણે માત્ર કન્યા કેળવણીથી જ પહોંચી વળવાના નથી. હજારો કન્યા બાર વર્ષની ઉમ્મરે બાળલગ્નનો ભોગ થઈ આપણી નજરોમાંથી અલોપ થઈ જાય છે. તેઓ ગૃહિણી બને ! આ પાપી રિવાજ જ્યાં સુધી આપણામાંથી નહિ જાય ત્યાં સુધી પુરૂષોને સ્ત્રીના શિક્ષક બનતાં શીખવું પડશે. તેઓની આ વિષયની કેળવણીમાં આપણી ઘણી આશાઓ છુપાએલી પડી છે. આપણી સ્ત્રીઓ આપણા વિષયનું પાત્ર અને આપણી રસોયણ મટી આપણી સહચરી, આપણી અર્ધાંગના, આપણા સુખદુ:ખની ભાગીઅણ ન બને ત્યાં લગી આપણા સર્વ પ્રયાસ મિથ્યા જણાય છે.

કોઈ પોતાની સ્ત્રીને પશુ સમાન ગણે છે. બીજી તરફથી વિષયાંધ થઈ આપણામાંના કેટલાક સ્ત્રીને ઢીંગલીદેવી ગણી તેની પૂજા કરે છે ને જેમ ઠાકોરજીને આપણે પહોરે પહોરે નવીન આભૂષણોથી શણગારીએ છીએ તેમ શણગારે છે. આ પૂજાદોષમાંથી પણ નીકળી જવું જરૂરનું છે. છેવટે તો જેમ શંકરને ઉમા, રામને સીતા, નળને દમયંતી હતાં તેમ આપણી સ્ત્રીઓ આપણી ગોષ્ટિમાં ભાગ લેતી, આપણી સાથે વાદવિવાદ કરતી, આપણા ઉદ્‌ગારો સમજતી, તેને પોષતી, પોતાની અલૌકિક પ્રેરણા શક્તિથી આપણી બાહ્ય ઉપાધિઓને સાનમાં સમજી તેમાં ભાગ લેતી, આપણને શીતળતામય શાંતિ દેતી થશે, ત્યારે જ આપણો ઉદ્ધાર સંભવશે; પણ એ પહેલાં નહિ. એવી દશા હાલ તુરતમાં કન્યાશાળા મારફતે પ્રાપ્ત થવાનો ઘણો જ થોડો સંભવ છે. જ્યાં

લગી બાળલગ્નની હાંસડી આપણે પહેરવી સમજી હશે; ત્યાં લગી પુરૂષોએ પોતાની સ્ત્રીઓના શિક્ષક બનવું પડશે અને એ શિક્ષણ માત્ર અક્ષરનું જ નહિ ધીમે ધીમે રાજ્ય પ્રકરણી તેમજ સંસાર સુધારાના વિષયોમાં તેઓને પ્રવેશિત કરવી શક્ય છે. આ કરતાં પહેલાં અક્ષરજ્ઞાનની જરૂર જણાતી નથી. આવા પુરૂષે પોતાનું સ્ત્રી પ્રત્યેનું વલણ ફેરવવું પડશે. સ્ત્રી પુખ્ત ન થાય ત્યાં લગી શિક્ષાવસ્થામાં રહે અને ત્યાં લગી પુરૂષો તેમની પ્રત્યે બ્રહ્મચર્ય પાળે તો ? આપણે જડતારૂપી શક્તિની દાબ તળે કચરાએલા ન હોઈએ તો આપણે બાર કે પંદર વર્ષની બાળા ઉપર કદી પ્રસવની મહાવ્યથાનો બોજો ન જ મૂકીએ એ વિચાર કરતાં પણ આપણને કંપારી છુટવી જોઈએ."[૫૦]

❖ **'ભટ્ટ ભાસ્કર'માં પ્રકાશિત થયેલા સાંસ્કૃતિક લેખો :**

ઉચ્ચ જ્ઞાતિના લોકો માટે આપણે ત્યાં ઉચ્ચ કુળ શબ્દ વપરાય છે. પંરતુ ઉચ્ચ કુળ પ્રાપ્ત કરવા માટે વ્યક્તિમાં કેવા કેવા ગુણો હોવા જોઈએ કે તેને લઈને તેને ઉચ્ચકુળનો કહી શકાય. તે માટેની વિસ્તૃત માહિતી આપણને 'ઉત્તમ કુળ વિષે'ના કાવ્યમાંથી મળશે. તે નીચે મુજબ છે.

"જે કુળમાં સંપૂરણ સંપ, જે કુળમાં જનને બહુ જંપ;
કરે સદા કીર્તિનાં કામ, ઉત્તમ કુળ તો એનું નામ .... (૧)
અહોનિશા જેને આવાસ, વિદ્યાને લક્ષ્મીનો વાસ;
જ્યાં સુખ દીસે આઠે જામ, ઉત્તમ કુળ તો એનું નામ .... (૨)
ચોખાં ધારે અંગે ચીર, ભલું જ જેનું મન ગંભીર;
તેવા જન ઘરમાંહી તમામ, ઉત્તમ કુળ તો એનું નામ .... (૩)
ઉત્તમ ધંધો જે આદરે, દ્વેષ, કલેશ થકી દીલ ડરે;
દેવું નહિ શિર એકે દામ, ઉત્તમ કુળ તો એનું નામ .... (૪)

અંતરમાં ન ઘરે અભિમાન, કદી ઘરે નહિ નિંદા કાન;
ઠરે નહિ દૂષણનું ઠામ, ઉત્તમ કુળ તો એનું નામ .... (૫)
કદીએ ચઢયું ન હોય કલંક, સત્યપણું પાળે નિઃશંક;
ધર્મ તણું તે નિર્મળ ધામ, ઉત્તમ કુળ તો એનું નામ .... (૬)
અભ્યાગતને આદર કરે, સઉજન સદાચરણ આચરે;
વહાલાં સગાં તણો વિશ્રામ, ઉત્તમ કુળ તો એનું નામ .... (૭)
લોકોમાં લાખેણી લાજ, કરે સદા પરમારથ કાજ;
ભિક્ષુક કે ન ગણાય ગુલામ, ઉત્તમ કુળ તો એનું નામ .... (૮)
મહીપતિ પાસે સન્માન, ગણે બધા લોકો ગુણવાન;
હોય ઘણી હૈયામાં હામ, ઉત્તમ કુળ તો એનું નામ .... (૯)
જેની સ્ત્રી માબાપો પાસ, અશન વસનની ન કરે આશ;
અતિ સુખ અબળા પાસે આમ, ઉત્તમ કુળ તો એનું નામ .... (૧૦)
નામે ઉત્તમ કુલ તો ઘણાં, આ લક્ષણ ઉત્તમ કુળ તણાં;
દિલથી કહે છે દલપતરામ, ઉત્તમ કુળ તો એનું નામ .... (૧૧)
સદ્‌વિદ્યા સદ્‌ગુણ સઘન, સદાચરણ સુવિચાર;
ઉત્તમ કુળ તો એજ છે, જે ઘર સુખી નરનાર .... (૧૨)
કુસંગ ને કંજુસપણું, માનનિને નહિ માન;
એજ અધમથી અધમ કુળ, નિર્ધન નિર્વિદ્વાન .... (૧૩)"[૫૧]

આપણને મનુષ્ય તરીકેનો જન્મ મળ્યો તો આપણે તેનો શો ઉપયોગ કર્યો. તે થકી આપણે ભલાઈના કામો કરવા જોઈએ તો જ આપણો મનુષ્ય જન્મ સફળ ગણાય તેથી ભલાઈના કાર્ય માટે પ્રેરણારૂપ બનતું 'કોઈનું ભલું તે શું કર્યું ?' કાવ્ય જોઈશું.

"સંસારમાં ઓ માનવી ! ઉઠ કર વિચાર જરા કંઈ
જીવન બધું પુરૂં થયું – કોઈનું ભલું તે શું કર્યું ?
નાહ્યો અને ધોયો વળી, પાણી પુરૂં ઢોળ્યું ભલે,
ટીલું અને ટપકું કર્યું – કોઈનું ભલું તે શું કર્યું ?
માળા લઈ મણકા ગણ્યા, પુસ્તક લઈ મનમાં ભણ્યા,
બહુ ધ્યાન મૂર્તિનું ધર્યું – કોઈનું ભલું તે શું કર્યું ?
નિત્ય–નિયમ પાઠપૂજા, આરતી અચ્છી કરી,
સાકર સરસ નૈવેદ ધર્યું – કોઈનું ભલું તે શું કર્યું ?
ભાણું ભર્યું ખુબ ઠાઠથી, સુંદર સુશોભિત ટાટમાં,
ઠીક પાટ પર આસન કર્યું – કોઈનું ભલું તે શું કર્યું ?
સાથે રતિ પતિ સ્નહેથી, ભોજન કર્યું ભલું પ્રેમથી,
સુખે મુખે બીડું ધર્યું – કોઈનું ભલું તે શું કર્યું ?
વેપાર કે ધંધે ગયો, ધાંધલ મચી–દિવસ વહ્યો,
સમી સાંજનું ભોજન કર્યું – કોઈનું ભલું તે શું કર્યું ?
ઝુમ્મર રૂપાળાં ઝગઝગે, કે લાઈટ વીજળી ચકચકે
વળી વાયુ–યંત્ર ઉંચે ધર્યું – કોઈનું ભલું તે શું કર્યું ?
રામા રૂપાળી સાથમાં, વાતો કરી સુખસાજની,
ખુબ સુખ થયું દુઃખ સંચર્યું – કોઈનું ભલું તે શું કર્યું ?
એ રીત દિન એળે ગયા, આયુ થકી ઓછો થયો,
સૌ કાર્ય તુજ સુખનું કર્યું – કોઈનું ભલું તે શું કર્યું ?
જગનાથ જ્યારે પૂછશે, ત્યારે તહારૂં શું થશે ?
ફરમાન તેનું વીસર્યું – કોઈનું ભલું તે શું કર્યું ?

શા સારૂ જગ જનમ્યા તમે ? ખરી ફરજ તે ચૂક્યા તમે,
બસ પેટ પોતાનું ભર્યું – કોઈનું ભલું તે શું કર્યું ?
ચેત તું ચેતન જરા, જીવ તો નથી ધરણીધરા,
તે માટે તું તૈયાર થા – કોઈનું ભલું તે શું કર્યું છે ?"[૫૨]

## ૭.૧૩ 'આર્ય ધર્મ પ્રકાશ' (વિ. સં. ૧૯૨૯) :

'આર્ય ધર્મ પ્રકાશ' એ વિક્રમ સંવત ૧૯૨૯માં શરૂ થયું હતું. આ સામયિકમાં મોટાભાગના લેખો આપણા હિંદુ ધર્મને લગતા છાપવામાં આવ્યા છે. આપણા પ્રાચીનગ્રંથોની વિગતોને આ સામયિકમાં વિગતે દર્શાવવામાં આવ્યું છે. તેના મુખ પૃષ્ઠ પર સામયિકનું નામ, પુસ્તક નંબર, વિક્રમ સંવત, અંકનંબર તથા નીચે એક શ્લોક છાપવામાં આવ્યો છે. શ્લોક નીચે અનુક્રમણિકા અને તેની નીચે પ્રગટ કરનાર મંડળનું નામ તથા જે જગ્યાએ છપાયું હોય તેની વિગત તથા સામયિકની કિંમત વિગેરે મુખપૃષ્ઠ પર જ આપવામાં આવ્યું છે.

### ❖ 'આર્ય ધર્મ પ્રકાશ'માં પ્રકાશિત થયેલા સામાજિક લેખો :

સમાજમાં સંસારની વિષમતા વિશે વિવિધ ચર્ચાઓ લોકોમાં થતી રહે છે. તેનો સમાધાનકારી ઉત્તર આપણને 'શું સંસાર વિષમય હશે ?' એ કાવ્યમાંથી એનું જ્ઞાન આપણને મળી રહે છે. તે આપણે નીચે મુજબ જોઈશું.

"विषमय आ संसार – हशे शुं विषमय आ संसार ?
स्वर्गलोक सुंदरी सम सुंदर दिव्य देह धरनार;
तजी नारी नरनाथ भरथरी, छोडी गयो गृहद्वार – हशे शु ?
मैनावती सम मात न पुत्र न गोपीचंद सम सार;

एक अश्रुबिंदुए सूचव्यो, कूट लह्यो संसार – हशे शुं ?
नव सेव्यो नारदे न, सेव्यो मानस ब्रह्मकुमार,
तेथी पण सूचवाय एज के, छे न सुखद संसार हशे शुं ?
ओ पुत्र प्रिय ! उभो रहे क्षण, व्यास हरि अवतार;
वात्सल्ये आमंत्रण करता, छतां गया शुकसार हशे शुं ?
हजार जीभथी जेनी विभूति न, शेष वरणी शकनार;
एवा कैंक जनो छे जइने वसेल वन मोझार हशे शुं ?
स्वामी सकल विश्वनो इश्वर, अलग रहे सृजनार;
जरूर होय तो घरे जन्म पण, स्वलप समय टकनार
तज्यो राज दरबार मीरांए राणा घर जे नार;
सज्य लक्ष्मी पति तजी छेवटे, भज्या भुवन भरथार हशे शुं ?
पीयूषना प्रिय प्राण तमे पण, झेर भर्ये संसार;
वास करो छो हरि आश्रयथी करो सुधामय सार हशे शुं ?"[૫૩]

સમાજમાં બધાં જ વ્યક્તિઓ બહાદુર નથી હોતા. ઘણા કાયર પણ હોય છે અને એવા કાયર લોકોને પ્રોત્સાહન આપીને બહાદુર બનાવી શકાય છે. તેથી 'कायरने प्रोत्साहन' કાવ્યમાં તેમને પ્રોત્સાહિત કરવાનો ભાવ દર્શાવ્યો છે.

"छेक हिम्मत नथी धन नथी माहरे
साव निर्बल पडयो हुं विचारो,
वय नथी माहरी व्हार नथी कोईनी
थाय छे अंतरे बहु विचारो;
वखत सारो नथी शुं करू हाय हुं

खूब खातां खरे आम गोथां,
उदयनां साधनो आम मलतां नथी
अस्त आवी पड़े वाट जोतां ॥ (१)
नजर पडती नथी काम करतां कशी
छे न संयोग सारो अमारे,
छे प्रतिकूल ईश्वर खरे हालमां
कोण आ कष्टथी हाल तारे;
मदद मलती नथी अन्य जननी कशी
शुं करूं हाय हुं आम रोतां,
उदयनां साधनो आम मलतां नथी
अस्त आवी पडे वाट जोतां ॥ (२)
आधिने व्याधीओ अतिव आवी पडे,
शरीर अस्वस्थ रहे छे अमारूं;
उंघ आलस बहु अंगमां छे भर्या
शुं हवे अंतरे हुं विचारूं;
समज पड़ती नथी शुं करू हुं हवे
एम कहिने बगासां खवातां,
उदयनां साधनो आम मलतां नथी
अस्त आवी पड़े वाट जोतां ॥ (३)
सार वेपारमां हालमां छे नहीं
छेक नादान तेथी थनारो
करम छे कठण बहु हालमां माहेरां

उदय तेथी न मारो थनारो
वग नथी सरस त्यम देश सारो नथी
आम विचारमां दिवस खोतां
उदयनां साधनो आम मलतां नथी
अस्त आवी पडे वाट जोतां ॥ (४)
काम पुष्कळ हतुं आज मारे खरूं
पण मल्या लाडवा खूब खावा,
ए मजामां गयो सकल हुं विसरी
केम करवुं हवे श्रेय थावा;
हाय खोटुं कर्यु समय फोकट गयो
मुख थकी फक्त एवुं कहेतां,
उदयनां साधनो आम मलतां नथी
अस्त आवी पडे वाट जोता ॥ (५)
होय संकट गमे तेम नडतां भले
तोय तेनी न दरकार करतां;
सज्ज थावो खरा खंतथी अंतमां
उदयनो पूर्ण विचार करतां;
यत्न करशो करी पूर्ण हिम्मत धरी
अंगमां शौर्यता खूब धरतां;
उदयनां साधनो तेम मलशे खरां
अस्त आवी पड़े वाट जोतां ॥ (६)

– शास्त्री दामोदर कानजी"[५४]

## ❖ 'આર્ય ધર્મ પ્રકાશ'માં પ્રકાશિત થયેલા સાંસ્કૃતિક લેખો :

આપણી ભારતીય સંસ્કૃતિને જાણવા માટે આપણું પ્રાચીન સાહિત્ય ઉપયોગી છે. તેમાં વેદ, પુરાણ, ઉપનિષદ વગેરેનો અભ્યાસ આપણા દેશની સંસ્કૃતિની ઝાંખી કરાવે છે. તો આપણે 'उपनिषदोनुं अर्थगांभिर्य' લેખમાં ઉપનિષદ શું છે. તે આપણે સમજીશું.

"पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते।
पूर्णस्य पूर्णमादाय पूर्ण मेवावशिष्यते॥"

ઉપર લખેલો બૃહદારણ્યકોપનિષદ્‌નો મંત્ર વાંચી સર્વ કોઈના મનમાં ગોટાળો થયા વિના રહેજ નહિ કારણ કે 'આ પૂર્ણ છે, તે પૂર્ણ છે, એક પૂર્ણમાંથી બીજું પૂર્ણ ઉત્પન્ન થાય છે, પૂર્ણ કાઢી લઈએ તો બાકી પણ પૂર્ણ જ રહે છે;' આથી શું અર્થ સમજવો તે સમજાતું નથી. અમુક કોઈ વસ્તુનો દાખલો લઈને આ શ્લોકનો અર્થ લાગુ પાડીએ તો પણ તે સંભવિત થતો નથી. ત્યારે આ શ્લોક ઉપનિષદ્‌માં મિથ્યા અર્થ વગરનો તો દાખલ નહિ જ કર્યો હોય એમ છે, તો સર્વથી પૂર્ણ, ઉદાત્ત જે બ્રહ્મતત્ત્વ, પરમાત્મા ઈશ્વર તેને વિશે જો તે શ્લોકનો અર્થ ઘટાવીએ તો બરાબર બંધબેસ્તો થાય છે.

આપણને જન્મમૃત્યુ દેનાર કોઈપણ હોવો જોઈએ; એટલું જ નહિ પણ પ્રત્યેક વસ્તુ ઉત્પન્ન થાય છે અને લય પામે છે તો તેનો કોઈપણ નિયંતા હોવો જોઈએ અને તે સર્વ શક્તિમાન હોવો જોઈએ એમ સર્વ ધર્મમાં મનાય છે. તે પરમાત્મા નિયંતાએ આ વિશ્વ, પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ એ સઘળું કેવી રીતે નિર્માણ કરેલું છે. એ વિચારતાં આપણી મતિ કુંઠિત થઈ જાય છે અને કંઈ ન સૂજવાથી આપણું અજ્ઞાન આપણે કબુલ કરવું પડે છે. ત્યારે કેમ થયું ને કોણે કર્યું એમ વિચાર ન કરતાં, સર્વ ઈશ્વરે

નિર્માણ કરેલ છે અને પ્રત્યેક વસ્તુને ચલનાદિ ક્રિયા તેજ પોતાના અંશરૂપે આપે છે, એટલે પ્રત્યેક વસ્તુમાં તે અનંતશક્તિ ઈશ્વર છે, આટલું આપણે સમજ્યા એટલે ઉપલા મંત્રનો અર્થ આપણને બરાબર સમજાશે."[૫૫]

વ્યક્તિને જીવનમાં હિંમતની જરૂર સદાને માટે રહે છે. તો હિમ્મત શું છે ? તે વિશે આપણને કાવ્ય મળે છે તે આપણે જોઈશું.

**હિમ્મત વિષે**

"કિમ્મત હિમ્મતની કરો, હિમાયતી ધરી હર્ષ;
કેવો છે એ કામની, પ્રેમે કરૂં પ્રદર્શ.
અન્ય કૃત્ય કે અગત્ય તણાં કૃત્ય કરવામાં;
જુઓ મુખ જરૂરની હિમ્મત જણાય છે.
તે સિવાય કોઈ શિઘ્ર કામ સિદ્ધ હોય નહિ;
કરે તો ખરે જ સ્વાદ રહિત ગણાય છે.
હામથી તમામ કામ તેમ દામ મળે બહુ;
વળી વિષ વિશે અતિશ જે વખણાય છે.
એવી મણી શ્રેષ્ટ તણો ધણી થયો નહીં જેહ;
જેનો ભાગ્ય હિત આ ભૂમિ વિશે ભણાય છે.
આર્યો અતિશે દીર્ઘ દ્દષ્ટે તર્ક કરીયે આપણે
તો સ્પષ્ટ દેખાય સદા શું ? હામ વિણ જીતેરણે;
તેમજ શિશુ સમુદાયનું સાફલ્ય એથી ધારશો,
હિમાયતી હૈયા તણી હિમ્મત કદી નહીં હારશો.
એ ગુણન્હોયે જેહમાં તે સર્વથી કાયર સદા,

તેના થકી કાંઈ કામ સારૂં સિદ્ધ થાશે નહિં કદા;
પણ સદગુણી સંપૂર્ણ કરશે તે વિશે સંદેહશો,
હિમાયતી હૈયા તણી હિમ્મત કદી નહીં હારશો.
ઔરંગઝેબ સમાન નૃપ તાબે કરી શીવાજીએ;
પાયો કર્યો મજબૂત રૂડા રાજનોએ નૃપતીએ;
કોલમ્બસે બહુ બેટ શોધ્યા પણ નહિ પાછો ખશ્યો,
હિમાયતી હૈયાતણી હિમ્મત કદી નહીં હારશો.
કોશે પ્રથમ અટકયા પછી કયાં પૂર્ણ પંથે પહોંચવું,
માટે હિમ્મતને ગ્રહણ કરવા આર્ય પ્રેમતુર થવું,
એ ગુણ વિના કો વિશ્વમાં સુખની ન તૃષ્ણા રાખશો,
હિમાયતી હૈયા તણી હિમ્મત કદી નહીં હારશો.
કોવીદ કેવા પાંડવે સંકષ્ટ વનમાં હે સહ્યું,
તો પણ જુઓ પોતા તણું પણ સ્નેહ સાથે સાચવ્યું,
તો ધર્મ ધારી ધર્મ તે દીલ્લી તણા તખ્તે વશ્યો,
હિમાયતી હૈયા તણી હિમ્મત કદી નહીં હારશો.
દેખો અવધપુરનો પતી હરિશ્ચંદ્ર સતવાદી વડો,
તેણે અનામિક ઘર વિશે વેચાઈ શીર લીધો ઘડો;
તેણે પણ નહિ હિમ્મત તજ્યો ધરણીપતિ પદમાં ધશ્યો,
હિમાયતી હૈયા તણી હિમ્મત કદી નહીં હારશો.
જો જાનકીનું હર્ણ કીધું હરખિ દુષ્ટ દશાનને,
કીધું ઘણું એ દુઃખ તદપિ જઈ વશ્યાં લંકાવને;
સંપૂર્ણ શિયળ સાચવ્યું તેનું વૃતાંત વિચારશો,

હિમાયતી હૈયા તણી હિમ્મત કદી નહીં હારશો.
દ્રૌપદ દુહીતાની ગ્રહી વેણી દુષિત દુઃશાસને;
આખર ઉતાર્યા અંગ કેરા સભામાં ક્રોધાનને;
તદપિ ડગ્યાં નહીં એ સતી કીધો ન ક્રોધ દીલેકશો,
હિમાયતી હૈયા તણી હિમ્મત કદી નહીં હારશો.
પ્રલ્હાદકેરા પ્રાણનો પરિત્યાગ કરવા કારણે,
કીયાં પ્રપંચ ઘણા ઘણા પણ એમુઓનિજ આંગણે;
એવી અતિ વિપતિ વખતમાં માની સુખ મનમાં હશ્યો,
હિમાયતી હૈયા તણી હિમ્મત કદી નહીં હારશો.
કટુવેણ કીધાં ધ્રુવને તેની અપરમાએ બહુ,
તે સર્વ પોતે સહન કરી વન સંચર્યો ત્યાગી સહૂ,
પદ અચળ લીધું પ્રેમથી જો ફંદકૃતથી ના ફશ્યો,
હિમાયતી હૈયા તણી હિમ્મત કદી નહીં હારશો.
નાગર તણી હિમ્મત હતી તો સ્નેહધારી સર્વદા,
શ્રીકૃષ્ણ સાથે રાશક્રીડા કોડથી કીધી સદા;
સંસારમાં પણ એ પ્રમાણે સર્વ સ્નેહી ચાલશો,
હિમાયતી હૈયા તણી હિમ્મત કદી નહીં હારશો.
દમયંતીને નળને જુઓ અતિ કષ્ટ કળીએ આપીયાં,
તદપી નહીં હિમ્મત તજી અંતે સહુ સુખીઆં થયાં;
માટે કથે છે 'કાન' દીલ પર પડે તે દુખ દાબશો,
હિમાયતી હૈયા તણી હિમ્મત કદી નહીં હારશો.
કોઈ કૃત્ય કરવામાં, હિમ્મત દીલથી જવી નહિ હારી,
જેથી આ જગ માંહે, સરે અર્થ સૌ કરે કીર્તિ સારી."[૫૬]

આમ, જીવનમાં હિંમતથી જીવવાથી વ્યક્તિ ઘણી નામના મેળવે છે અને સુખી થાય છે. તે વાતને આપણા પૌરાણિક પાત્રોના ઉદાહરણ દ્વારા સુંદર રીતે સમજાવવામાં આવ્યું છે.

આપણી ભારતીય સંસ્કૃતિમાં પતિને પરમેશ્વર માનવામાં આવે છે અને સ્ત્રીઓ દરેક પ્રકારનો પતિધર્મ બજાવે તેને પતિવ્રતા કહે છે. તો આપણી ભારતીય સંસ્કૃતિમાં ઘણી નારીઓ પતિવ્રતા હતી તેના ઉદાહરણો આપણને આપણા પૌરાણિક સાહિત્યમાંથી મળી રહે છે. તો 'પતિવ્રતા' કાવ્યમાં સ્ત્રીએ પતિવ્રત ધર્મ પાળવા શું કરવું જોઈએ તે વિશેની સમજ આપવામાં આવી છે.

"पति साथे प्रेम बांधो, पतिथी नियम सांधो,
पतिथी तमारूं क्षेम पति विषे रत रहो.
पति अेज यज्ञयोग पति अेज रसभोरा,
पति थकी मटे शोक पतिने आधीन रहो.
पति अेज ज्ञान ध्यान पति अेज पुण्यदान,
पति अेज तीर्थ स्नान पतिनो सुमत ल्यो.
पति विना पत नहिं पति विना गत नहिं
सुंदर सकल विधि एक पतिव्रत छे
जलनु सनेही मीन जुदुं थतां तजे प्राण,
मणि विना अहि जेम जीवतो न जाणवो.
स्वांति बिंदुना सनेही प्रकट जगत माहि,
अेक छीप बीजां पक्षि चातकने कहीअे.
सूर्यना सनेही कली कमल सरोवरमां,

शशिनां सनेही जेम चकोर गणाय छे.
तेमज सुंदर अेक प्रभुथी सनेह जोड
बीजुं काई देखी करी लोभाई न जईए."[૫૭]

## ૭.૧૪ 'કેળવણી' (વિ. સં. ૧૯૬૫) :

'કેળવણી' સામયિકમાં મુખ પૃષ્ઠ પર શીર્ષક પુસ્તક નંબર, વિક્રમ સંવત તથા પ્રસિદ્ધકર્તાનું નામ, કિંમત, સાલ તથા છાપખાનાનું નામ અને સરનામું વગેરે છાપવામાં આવે છે.

❖ **'કેળવણી'માં પ્રકાશિત થયેલા સામાજિક લેખો :**

'કેળવણી' સામયિકમાં મોટાભાગે શિક્ષણને લગતા જ લેખો છાપવામાં આવતા હતા. જેવા કે શિક્ષણ કઈ રીતે આપી શકાય, શિક્ષણમાં સુધારો કરવા જેવા નિયમો, પુસ્તકોની પહોંચ, નવા પ્રકાશિત થયેલા પુસ્તકોની નોંધ, શિક્ષકની વિશિષ્ટતા વગેરે. તેમ છતાં સમાજમાં વ્યક્તિ નીતિવાન બને એ હેતુથી 'નીતિ વચનામૃત' આપવામાં આવ્યા છે. તે આપણે જોઈશું.

"ભલું 'મૂંગા રે'વું,' પણ નહિ અરે જૂઠ વદવું,
ભલું 'માગી ખાવું' પણ નહિ પરદ્રવ્ય હરવું;
ભલું 'મૃત્યુ' ભાઈ, પણ ન વદવું વેણ કડવું,
ભલી 'નામર્દાઈ' પણ ન પરનારીથી રમવું .... (૧)
ભલું કોઈ ઊંચા ગિરિશિખરથી હેઠે પડવું;
પડતા ભેદાયે શરીર નિજ તેથી ન ડરવું;
વળી એ તો સારૂં, ફણિપતિમુખે અંગ ધરવું,

ભલું અગ્નિ મધ્યે પતન, પણ ના શીલ તજવું .... (૨)
ભયંકારી ભારે ભવ અટવી આ છે અટપટી,
ભરેલું છે કાયાગૃહ વિવિધ છિદ્રો થકી વળી;
મહા મૃત્યુરૂપી પ્રતિદિન ફરે ચોર વનમાં.
અરે અંધારી છે રજની બહુ આ મોહ તમામમાં .... (૩)
ગ્રહો માટે મિત્ર, અસિ કર વિષે જ્ઞાન જ તણી,
ધરો શાન્તિરૂપી અડગ કરમાં ઢાલ ઢળતી;
પહેરીને વ્હાલાં કવચ સહુએ સદ્‌ગુણતણું,
રહેજો ચેતીને ધરી મન વિષે સાવધપણું .... (૪)
સદા જે સેવતા નીતિ, સદા સન્માર્ગમાં ફરે;
કરે છે ક્ષુદ્ર જંતુ એ, સા'યતા તેમને બધે
અનીતિ માર્ગમાં જાતા, પામર પ્રાણીને અરે;
તજે છે સ્નેહીઓ સર્વે, બંધુઓ તજશે ખરે."[૫૮]

– લાલજી વીરેશ્વર જાની

આપણા સમાજમાં કેળવણીનો પ્રચાર થાય અને વધુને વધુ લોકો કેળવણી મેળવે તે હેતુથી જુદાં જુદાં દેશોમાં કેળવણી કઈ રીતે આપી શકાય છે. તેની વિગતો આપીને આપણે ત્યાં શિક્ષણ લેવા માટે વધારે વ્યક્તિઓ તૈયાર થાય તે હેતુથી અહીં 'જાપાનની શિક્ષા પ્રણાલી' લેખમાં જાપાનમાં કઈ રીતે બાળકોને શિક્ષણ આપવામાં આવે છે. તેની વિગત નીચે મુજબ જોઈશું.

"નેશનલ રિવ્યુ નામના એક પત્રમાં જાપાનની શિક્ષા પ્રણાલી ઉપર એક લેખ પ્રકટ થયો છે, એમાં લખ્યું છે કે 'ન્હાનાં ન્હાનાં જાપાનીસ બાળકો – જેઓ સ્કૂલમાં

ભણવા જાય છે તે સ્હવારના છ વાગે ખાણું ખાઈ લે છે અને સાત વાગે સ્કૂલોમાં જાય છે જ્યાં તેઓ બાર વાગતાં સુધી રહે છે. આ પાંચ કલાક દરમ્યાન તેઓને ખેલવા કૂદવાનો રમ્મત ગમ્મતનો સમય પણ મળે છે. રવિવારની આખા દિવસની છૂટી મળે છે અને શનિવારે અર્ધા દિવસની સખ્ત ઠંડીમાં ૧૫ દિવસનું વેકેશન પાળવામાં આવે છે અને એક એક અઠવાડિયાની એપ્રીલ અને ઓગસ્ટમાં રજા પળાય છે. એક ત્યાંનો અનુભવી અંગ્રેજ શિક્ષક લખે છે કે, મ્હેં જાપાનીસ બાળકોને પરસ્પર ઝઘડો કંકાશ કરતાં કદી પણ જોયાં નથી. વર્ષમાં ઓછામાં ઓછું એક વખત બાળકોને બ્હાર મુસાફરી કરવા જવું પડે છે. આ મુસાફરીમાં શીખવી શકાય તેવી હકિકતો સમજાવવામાં આવે છે. જાપાનમાં સોટીની સજા કરવામાં આવતી નથી. જાપાનીસ શિક્ષકો કદી પણ ગુસ્સો કરતા નથી. ગુસ્સો કરનાર શિક્ષક ત્યાંના સમાજમાં ઉતરતા—હલકા દરજ્જાનો ગણાય છે. બાળકો પોતાનું લેસન બહુ જ ધ્યાન દઈને તૈયાર કરે છે. લેસન કરવામાં મન હઠાવવાની વાત જાપાનીસ બાળકો જાણતાં જ નથી.''[૫૯]

શિક્ષણના હિમાયતી એવા મહારાજા સયાજીરાવ ગાયકવાડના ભાષણનો અંશ અહીં મૂકવામાં આવ્યો છે કે જેથી બાળકો, સમાજના લોકો વગેરે એમાંથી બોધ લઈને વધુને વધુ કેળવણી મેળવવાનો પ્રયત્ન કરે તો 'શ્રીમંત મહારાજા સાહેબ સયાજીરાવ ગાયકવાડ એમનું મનન કરવા યોગ્ય ભાષણ' લેખ નીચે મુજબ જોઈશું.

''શ્રી મહારાજા સાહેબે કોલ્હાપુરના 'મરાઠા બોર્ડિંગ હાઉસ'માં કરેલા ભાષણનો ઉતારો મરાઠી શાળા પત્રકમાં પ્રસિદ્ધ થયો છે, તે સર્વ કોઈને મનન કરવા જેવો હોવાથી અહીં ઉતારીએ છીએ : ''તમારી આ સંસ્થા જોઈને મારા મનમાં ઘણો પ્રેમ ઉત્પન્ન થાય છે, તે આ સંસ્થા મરાઠાઓની છે તેથી નહિ; પણ શિક્ષણ વિષયક બધી સંસ્થાઓ વિષે, પછી ગમે તો તે મારા રાજ્યમાંની હોય કે બહારની હોય, તેના વિષે

મારા મનમાં ઘણી લાગણી થાય છે. વર્ણભેદમૂલક સંસ્થાઓ મને પસંદ નથી. જાતિભેદને લીધે આપણા દેશનું ઘણું નુકસાન થયું છે. તેથી કરીને આવી ભેદમૂલક સંસ્થાઓનું સમર્થન ફક્ત એક જ દૃષ્ટિથી શક્ય છે. તે એવી રીતે કે, હમણાં આપણા કર્તવ્ય ભાગની અનુકૂળતા માટે યદ્યપિ આ ભેદભાવ રાખવો પડે છે તથાપિ પરિણામે તે સઘળો દૂર કરીને આપણે એક હિંદુપ્રજારૂપે બનવાનું છે. આ સઘળો ભેદભાવ ઐક્યમાં પરિણામ પામવો જોઈએ. હાલના પૃથકપણાનું જો સમર્થન થઈ શકે તો તે આ એક જ દૃષ્ટિથી થઈ શકે.

વિદ્યાર્થી વસતિગૃહોથી ઘણા જ ફાયદા થાય છે. 'વ્યક્તિ તેટલી પ્રકૃતિ' એ ન્યાયથી ભિન્ન ભિન્ન ગુણદોષવાળા વિદ્યાર્થીઓ અહીં એકત્ર થાય છે. બીજાનું ભલું ભુડું સહન કરી લેવું પડતું હોવાથી મનનું મોટાપણું પ્રાપ્ત થાય છે. સારાની સંગતિ કરીને નઠારાની સંગતિથી દૂર રહેવાનું અવશ્ય હોવાથી મનુષ્યસ્વભાવની પરીક્ષા કરવાની પાત્રતા આવે છે. અહીં આ શિક્ષણ મેળવીને તમે પોતે સુશિક્ષિત થયા એટલે તમારૂં કર્તવ્ય પૂરૂં થયું એમ સમજશો નહિ. પોતાને મળેલો શિક્ષણનો ફાયદો બીજાને કરી આપવો એ તમારી ફરજ છે. એક વ્યક્તિ અથવા એક જ સમાજ સુશિક્ષિત થાય તો તેથી તે વ્યક્તિનું કે સમાજનું સ્થાયિ હિત થતું નથી. કેટલાક વખત સુધી તેને ઉન્નતિની સ્થિતિ પ્રાપ્ત થશે ખરી; પરંતુ પરિણામે તો આખા દેશની જે સ્થિતિ હશે તેજ સ્થિતિમાં આ સમાજ આવ્યા સિવાય રહેનાર નથી. આટલા માટે તમને મળેલું શિક્ષણ બીજાને આપીને સઘળાંની ઉન્નતિ થાય તેવો યત્ન કરો."[૬૦]

❖ **'કેળવણી'માં પ્રકાશિત થયેલા સાંસ્કૃતિક લેખો :**

વ્યક્તિને સંસારનું સત્ય સમજાવવાનો ઉપદેશ આપવામાં આવે છે કે આ સંસાર તો ક્ષણભંગુર છે. આમા રહેલી મોહમાયામાં મન ન લગાવતા હરિના ચરણોમાં મનને

રાખવાથી આપણો જન્મ સફળ થાય છે. એમ સમજવું 'ઉપદેશ' કાવ્ય નીચે મુજબ જોઈશું.

"હરિનું ભજન લે કરી, તું મનવા હરિભજન લે કરી;
પ્રભુપદ પ્રેમે અધમ ઉધર્યા, ગયા ભક્તજન તરી ....
અવનિપતિ થાતાં પણ આશા, વૈભવ વધવા ખરી;
મમતા માયા મોહ દ્રોહમાં, જરી ન બેઠો ઠરી ....
સ્વાર્થ સાધવા પામર જનને, જેમ સલામો ભરી;
પરમાર્થને કાજ પ્રભુને, એમ પ્રણામી જરી ....
વખત વિત્યો કર યાદ, યૌવનની વૃથા ગુલામી કરી;
જીવન મુક્ત થવાનું જીવડા, ગયો કેમ વિસરી ....
ધર્મ કર્મ પર ધ્યાન ધરી કંઈ, પાપ પીડા કર પરી;
જીવતર લ્હાણું આ વહી જાશે, જરૂર જવાનું મરી ....
દુર્લભ દેહ મનુજની મૂર્ખા, નહિ મળશે ફરી ફરી;
ચેત ચેત ચેતાવું તુજને, કહું શું વધુ વિસ્તારી ...."[૬૧]

– ત્રિવેદી કાલિદાસ દલસુખરામ

## ૭.૧૫ 'ખડાયતા મિત્ર' (વિ. સં. ૧૯૭૧) :

'ખડાયતામિત્ર' સામયિક વિક્રમ સંવત–૧૯૭૧માં પ્રકટ થયું હતું. તેના મુખ પૃષ્ઠ ઉપર 'ખડાયતામિત્ર'ના જુદા જુદા વિભાગના નામો સાથે ચિત્ર મૂકવામાં આવ્યા છે. તેમાં અંક નંબર, પુસ્તક નંબર, વિક્રમ સંવત અને નીચે તંત્રીના નામ તથા પ્રકાશકનું નામ આપવામાં આવ્યું છે.

❖ **'ખડાયતામિત્ર'માં પ્રકાશિત થયેલા સામાજિક લેખો :**

સમાજમાં તે સમયે કન્યા કેળવણીનો ઝોક વધ્યો હતો. તેથી દરેક સામયિકોમાં કન્યા કેળવણી વિષય પર પોતપોતાના મંતવ્ય રજૂ થયા હતા. તેમાંથી 'ખડાયતામિત્ર' માં રજૂ થયેલ 'કન્યાઓ અને કેળવણી' લેખમાં તેના મંતવ્ય રજૂ થયા છે. તે આપણે જોઈશું.

"કન્યાઓને ભણાવવી એટલે લાજ–મર્યાદાનો લોપ, એવું હજુય કેટલાંક જૂના વિચારનાં માબાપ માને છે. 'ભણાવવાથી શું વધારે છે ?' એ તેમની દલીલ છે ને ભણતી કન્યાઓ કાળે કરીને બેશરમ બની જાય છે, એવો તેમનો આક્ષેપ હોય છે, પણ લગીર ઉંડો વિચાર કરતાં સમજાશે કે આ કેવળ તરંગો છે ને આવા તરંગો થવા, એ અધૂરા વિચારનું જ પરિણામ છે. ભણતરથી જે મહાલાભ થઈ શકે છે. એનો વિચાર ન કરીએ ને ભણતરની મહત્તા પણ લાંબા વિચારપૂર્વક ન તપાસીએ, તો પણ માત્ર ઉપલક નજરે વિચાર કરવાથી યે તેનું સૂક્ષ્મ રહસ્ય સમજી શકાય તેમ છે.

એટલું તો નક્કી છે કે, 'લાજ–મર્યાદાનો લોપ' ભણતરથી તો નથી જ થતો. ભણતરથી તો લાજ–મર્યાદા વધે ને તેથી વધારે વિવેકી, વધારે સભ્યને વધારે શાણાં થવાય છે. 'લાજ–મર્યાદાનો લોપ' થતો હશે, તો તે ભણતરના દુરૂપયોગને જ લીધે. તેમાં ભણતરનો દોષ કેમ દેવાય ? ભણતરનો દુરૂપયોગ થતો અટકાવવા એ ફરજ કન્યાઓનાં મા–બાપની રહી. માબાપો પોતાની ફરજ પ્રત્યે બેકાળજી રાખે ને ભણતર વંઠે, તેથી કાંઈ ભણતરને જ નકામું ગણાય ? 'ભણાવવાથી શું વધારે છે ?' એવો સવાલ પણ ન પૂછાય. શીખેલું કશું જ નકામું નથી એ સાવ સાદી સમજની કહેવત તો આપણે જાણીએ છીએ જ. ભણાવવાથી બીજું કાંઈ જ 'વધારે' ન હોય, તો ભણી જાણવું એટલું તો નિર્વિવાદ વધારે છે. કંઈ જ ન ભણવું તે કરતાં કંઈ પણ ભણવું એ ન ભણવા કરતાં

વધારે નથી ? કન્યાઓને બચપણથી રોતાં–કૂટતાં ને કાજળીઓ જેવા પ્રસંગે ફટાણાં ગાતાં–ભણાવવામાં આવે છે; બચપણથી જ 'તારે સારૂ વર કેવો શોધીશું ?' એમ વિચિત્ર ભાવનાના સવાલથી કન્યાઓને શરમમાં નાખવામાં આવે છે, એવું એવું ભણતર ભૂલીને કન્યા ખરી પત્ની તરીકેનું ને માતા તરીકેનું સુન્દર જીવન જીવી શકે એવું ભણતર ભણાવવામાં શું ગેરલાભ છે ? કન્યાઓ એવું ભણે, જેથી પોતે પોતાના જીવનની સાચી મહત્તા સમજી શકે, આગળ જતાં કન્યા પત્ની થાય, ત્યારે ગૃહસંસાર આદર્શ નિવડે એવી કલાને પોતે પોતાની બનાવી શકે, પોતાના સ્વામીની સંસારસેવામાં સુન્દર ને ઉચ્ચતર ફાળો આપી શકે, એ શું નાપસંદ કરવા યોગ્ય છે ? ઘરની સુઘડતા, સ્વચ્છતા ને સુવ્યવસ્થા રાખતાં પોતે શીખે, પાકશાસ્ત્રને ભરત–ગૂંથણ શિવણકલા સાથે જરૂરી સંગીતકલા જાણે ને તેનો હંમેશ સદ્દુપયોગ કરે, સંયમ નિયમ ને સદાચાર પાળે. દિનચર્યા સુધારે, સગર્ભા અવસ્થામાં કેમ રહેવું, બાલઉછેર માટે કેમ વર્તવું, કરકસરથી ઘરસંસાર કેમ નિભાવવો ને શોભાવવો, એ અને એવી બીજી બાબતો આવશ્યક ભણતર સિવાય કન્યાઓ કેમ સમજી શકે ?"[૬૨]

આપણા દેશમાં ઘણી જાતિના લોકો રહે છે અને દરેક ન્યાતમાં લગ્ન પ્રસંગે જુદાં જુદાં રિવાજો થાય છે. જે પેઢી દર પેઢી ચાલ્યા આવે છે. તો અહીં આવા જ 'દક્ષિણના કેટલાક લગ્ન રિવાજો' લેખમાં દક્ષિણ પ્રાંતના લગ્ન રિવાજોની માહિતી આપી છે. તે આપણે નીચે મુજબ જોઈશું.

"બીજાપુર તથા બાગલકોટ કર્ણાટક પ્રાંતમાં આવેલાં છે. મદ્રાસ ગણને રસ્તે બાગલકોટથી ૪૬૭ માઈલ થાય છે. એટલે પોતાના ગામમાં વર ન હોય તો જ મદ્રાસ કન્યા આપે છે અથવા ત્યાંથી લાવે છે. બીજાપુરમાં દશા ખડાયતાનાં દશ ઘર અને બાગલકોટમાં ફક્ત છ ઘર છે. બીજાપુર તથા બાગલકોટમાં આપણી કોમના લોકો

ચારસો વરસ ઉપર આવ્યાનું જણાવવામાં આવે છે અને મદ્રાસમાં પણ દશ બાર ઘર છે. થોડાં વરસ પહેલાં આ ત્રણે ગામવાળાઓ ખાનદેશ સાથે કન્યા આપવા લેવાનો વ્હેવાર રાખતા હતા. હવે ખાનદેશવાળાઓએ પોતાનો ગોળ બાંધી પોતાના ગોળમાં જ કન્યાઓ આપવા લેવાનો બંદોબસ્ત કર્યો છે.

(૧) **જમણવાર :** ઉપર જણાવ્યા મુજબ બીજાપુર તથા બાગલકોટમાં જ્ઞાતિની વસ્તી ઘણી થોડી હોવાથી શુભ પ્રસંગ ભાગ્યે વરસમાં એકાદ વખત આવે છે. તેથી ત્યાંના લોકો તેવા પ્રસંગોએ ઘણી ન્યાતો કરતા. કહેવામાં આવે છે. તે મુજબ વર તથા કન્યા પક્ષ તરફથી મળી કુલ પચીસ ત્રીસ ન્યાતો થતી. સાધારણ માણસોને આ હદ ઉપરાંતના ખરચથી જીંદગીનું બચાવેલું એક લગ્નમાં વપરાઈ જતું હતું તે જોઈ શેઠ રામદાસ દરબારે ન્યાતો કમી કરી તથા બીજા કેટલાક રિવાજોમાં ફેરફાર કર્યો. હજુ પણ બન્ને પક્ષાવાળાઓ તરફથી મળી કુલ દશ બાર ભોજન અપાય છે. વિવાહ કરતી વખતે એક ન્યાત કરવાનો ત્યાં રિવાજ છે. બીજી ન્યાત માંડવો બાંધવાની કરવી પડે છે. વરનો મામો મોસાળુ ચઢાવે તો તેણે એક ન્યાત કરવી પડે છે. કન્યાના મામા સંબંધી પણ તેવો જ રિવાજ છે. તે ઉપરાંત લગ્નની તથા ગોરવની ન્યાતો થાય છે.

(૨) **પલ્લુંડ :** પલ્લાનો રિવાજ પંદરસોથી પચીસસો સુધી છે, તેટલું પલ્લુ રાખવાની જરૂર છે. ગુજરાતની માફક ત્યાં પલ્લુ ત્રીજે ઠેકાણે મૂકાવવાનો કે મારફત રખાવવાનો રિવાજ નથી. લગ્નને લગતા દરેક ન્હાના મોટા પ્રસંગે ખારેદો તથા નાળિએર વહેંચવાનો રિવાજ છે. નાળિએરને બદલે દરેક નાળિએરે આઠ પાઈ લેખે ગણીને પૈસા આપ લે કરવામાં આવે છે.

વિવાહ કરતી વખતે કન્યાપક્ષ તરફની મુખ્ય સ્ત્રીઓ વરના પગની પૂજા કરે છે તથા વરપક્ષવાળાની મુખ્ય સ્ત્રીઓ કન્યાના પગની પૂજા કરે છે. ત્યાંના લોકો ધર્મચૂસ્ત

હોવાથી વિવાહ કર્યા પછી બન્ને પક્ષવાળાઓ પાસે સાત મંદિરો માટે ભેટ કઢાવે છે તથા કોટયર્કજી માટે જાુદી ભેટ અપાવરાવે છે. આ ઉપરાંત બીજા લાગાઓ વસુલ કરવાના હેતુથી વરપક્ષવાળાઓ પાસે એકાવન રૂપીઆ ડિપોઝીટ મુકાવે છે. આ બે કાર્ય પત્યા પહેલાં માંડવા મહુરતનું કામ શરૂ થતું નથી.

(૩) **વસંત** : ઘણા ખરા રિવાજો ગૂજરાતને મળતા છે. પણ દક્ષિણમાં ઘણા વરસથી વસવાટ હોવાથી દક્ષણી લોકોના કેટલાક રિવાજોનું અનુકરણ જોવામાં આવે છે. વસંતની છાબમાં સાડી અને કબજા ઉપરાંત બીજી ઘણી ચીજો મુકવાનો રિવાજ છે. ચાંદીની ન્હાની પાલખી, ચાંદીની કાંસકી, ઢીંગલો ઢીંગલી, મીઠાઈ, મેવો, તેલ, અત્તર, ચૂડી, ચમચાં (પાનસોપારી માટે) વગેરે મોકલવામાં આવે છે.

(૪) **કન્યા મોસાળું** : કન્યાનો મામો ન હોય અથવા મોસાળુ ચઢાવવા ન માગતો હોય તો કન્યાનો બાપ કન્યાઘોડો ચઢાવે છે તે વખતે કન્યાને પુરૂષના કપડાંમાં સજ્જ થવાનો લહાવો મળે છે. કોટ, ધોતીઉ તથા ટોપી પેહેરાવી ઘોડા ઉપર બેસાડવામાં આવે છે. કાઠીઆવાડમાં કેટલીક વણિક કોમોમાં આ રિવાજ પ્રચલિત છે. ભૂતકાળમાં સ્ત્રીઓ શૂરવીર હતી તેનો આ પુરાવો રહ્યો હોય તેમ છે. મોસાળાનું સરઘસ મંદિર દર્શન કરી આવીને પાછું આવતાં કન્યા વરને ઉતારે ચાંલ્લો કરાવવા માટે આવે છે. વરમોસાળામાં કંઈ ખાસ નોંધવા જેવી વીગત છે નહિ.

(૫) **ગોરવ** : ગોરવને દિવસે બહુ ઠાઠ કરવામાં આવે છે. રંગોળી પુરીને અગરબત્તીઓ માટીમાં ખોસવામાં આવે છે. વરકન્યા માટે ખાસ પાટલાવાળી બેઠકો પંગતની વચમાં રાખવામાં આવે છે અને તેમને ચાંદીની અથવા પીત્તળની થાળીમાં પીરસવામાં આવે છે. આ રિવાજથી વડીલોની હદ ઉપરાંત જે શરમ રાખવાનો ખોટો રિવાજ છે તે દૂર થઈ શકે છે. પાટીદારોમાં વહુઓ પીરસીને અંદર જતી રહે છે અને

સસરાને કંઈ જોઈતું હોય તો માગી શકતો નથી. ગોરવ પ્રસંગે છાણની ચટણી કરીને કે બકરીની લીંડીઓના ચણા બનાવીને પીરસવામાં આવતા નથી પણ નિર્દોષ આનંદથી તો દુર રહેતા નથી. પાટલા ઉપર માટીના વેવાઈ–વેવાણ બનાવીને ગોઠવે છે અને વેવાઈનો જે ધંધો હોય તે મુજબ કપાસ વગેરે પાટલા ઉપર મૂકીને જ્યાં વેવાઈ અથવા વેવાણ બેઠાં હોય ત્યાં સામે તે પાટલો લાવીને ગોઠવે છે તેથી બધાને હસવું આવ્યા વગર રહેતું નથી. કન્યાને ત્યાં ગોરવ હોય ત્યારે વરને ભાણે બેસાડીને કન્યાના સગાઓ રૂપિયા આપે છે.

લગ્નને દિવસે હસ્તમેળાપનું મહુરત ઘડીપળ સાથે સાચવવામાં આવે છે બીજી વિધિ વ્હેલીમોડી થાય તો વાંધો નહિ. આપણા ગૂજરાતમાં મહુરત સચવાતું નથી અને નડીઆદ જેવા ગામમાં બધાં લગ્ન એક દિવસે હોવાથી પુરેપુરી વિધિ પણ થતી નથી. તેમાં દોષ ગોરોનો નથી. આપણા જ્ઞાતિભાઈઓનો છે. જમણવારનું ખરચ ઓછું થાય કરીને બધા લગ્ન એક જ દિવસે રાખે છે અને વરઘોડાઓમાં પણ અથડામણ વધારે પડે છે. જમણવારનું ખરચ બચાવવા જતાં વાજાવાળાઓને વધારે આપવું પડે છે.

(૬) **ચાંલ્લો :** માંડવા મહુરત વખતે કરવાનો રિવાજ છે. તે ચાંલ્લો ઉમેરીને પાછો આપવામાં આવે છે. પણ લગ્નને દિવસે જે ચાંલ્લો કરવામાં આવે છે. તે પાછો વાળવામાં આવતો નથી. ઉબેતર વખતે જમાઈને પહેરામણી સારી આપવામાં આવે છે. સ્ત્રીઓનો હમેશના પહેરવેશ દક્ષિણી લોકો જેવો હોય છે. પણ લગ્નના વરઘોડા વખતે ગૂજરાતી સ્ત્રીઓ માફક સાડી ઓઢે છે. માંડવો છોડતી વખતે ચંદરવા ઉપર પાંચ રોટલીઓ નાંખે છે. પીરસવાનો રિવાજ દક્ષણી લોકો જેવો જ હોય છે. પ્રથમ ભાત પીરસાય છે. ભાત જમી રહ્યા પછી પુરી, કળીનો લાડુ, બરફી, મોહનઠાર, પેંડા, જલેબી, બિરંજ અથવા જે મુખ્ય જમણ કર્યું હોય તે પીરસવામાં આવે છે. દરેક ચીજ વખતોવખત પીરસાય છે. શાક જેવી નજીવી ચીજનો પણ બગાડ થતો નથી. જમનાર

થોડા માણસો હોવાથી આ રીત પોષાય તેમ છે. પણ જ્યારે નડીઆદ અથવા અમદાવાદની માફક મોટા વશ થવાના હોય ત્યાં આ રીત ફાવે તેમ નથી. જમવામાં સવાથી દોઢ કલાક વીતી જાય છે. ગુજરાતમાં બાળકો આટલો બધો લાંબો વખત ભાણા ઉપર બેસવાનો નહિ ટેવાયલાં હોવાથી તેઓને બેસી રહેવાનો કંટાળો આવે તે સ્વાભાવિક છે આ રીતથી સહન કરવાનો ગુણ પ્રાપ્ત થઈ શકે છે. આ પ્રમાણે ત્યાંના રીતરિવાજોના ગુણદોષ બતાવીને વિરમું છું."[૬૩]

સમાજ સુધારાના સમયે દરેક ન્યાતોમાં સુધારો થાય એવી દરેક લોકોની મહેચ્છા છે અને એ પૂરી થાય તેવા પ્રયત્ન તેઓ કરતા રહ્યા છે. તો દરેક લોકો સુધારા માટે પોતપોતાની રીતે ફાળો આપશે. એમાં એક વ્યક્તિએ 'મુજ ન્યાત સુખી ક્યારે થશે'એ કાવ્ય દ્વારા ચિંતા વ્યક્ત કરી છે. તે આપણે જોઈશું.

"કોકિલ મૃદુ કૂજતી હતી, પવન મંદ વિહારતો;
બાલસૂર્ય પ્રકાશતો, તવ પ્રશ્ન દીલ ઉઠતો.
પલ્લવિત વૃક્ષો થયાં, આમ્રફળ ઝૂલી હસે;
પત્રશાં વિલસી રહ્યાં, મુજ ન્યાત સુખી ક્યારે થશે ?
મુજ બન્ધુ દુઃખી ક્યમ રહે, સંસાર કલેશો ક્યમ સહે;
કબ વિપદ જલદો વિખરશે, મુજ ન્યાત સુખી ક્યારે થશે ?
કલ્પવૃક્ષ મહાજનો, નિજ સહાનુભૂતિ દર્શાવશે;
નવદ્રુમો તવ ખીલશે, મુજ ન્યાત સુખી ત્યારે થશે ?
ખીલશે રસ ઝીલશે, ફળી ફાલીને ખીલાવશે;
નમ્ર બનશે ઋષિએ, મુજ ન્યાત સુખી ત્યારે થશે.
દૂર કરવા તિમિરને, દઢ જ્ઞાન કર પ્રકટાવશે;
ક્રમક્રમે ઉન્નતિ શૃંગે, ન્યાત તવ મુજ સુખી થશે.

પવનની મૃદુ લહરિથી, શાંત ચિત્તે હિત વસે;
સ્વાર્થ દીલેના ઠસે, મુજ ન્યાત સુખી ત્યારે થશે.
કોકિલાસમ કૂજતાં, પલ્લવોસમ રાજતાં;
હૃદય વપુથી વિકસશે, મુજ ન્યાત સુખી ત્યારે થશે.
સહાનુભૂતિ નિજ બંધુને, ભારતતણી સુખશાંતિમાં;
સહકાર વૃક્ષો સૂચવશે, મુજ ન્યાત સુખી ત્યારે થશે.
એકાંતવાસે ડોલતાં, રત રહી સ્વાનંદમાં;
જગના પ્રપંચો હઠવશે, મુજ ન્યાત સુખી ત્યારે થશે.
વસન્તે પુષ્પિત બની, ફલિત થઈ ઋતુ ગ્રીષ્મમાં;
પરિપકવ સમયે વિલસશે, મુજ ન્યાત સુખી ત્યારે થશે.
બડાઈ ખાતર નહિ કે, નહિ ખર્ચ ઉપાડીને;
નહિ વેઠવત જમણો થશે, મુજ ન્યાત સુખી ત્યારે થશે.
આમ્રફળવત યોગ્ય સમયે, રસાસ્વાદ ચખાડીને;
પ્રીતિશાંતિ અર્પશે ભોજન, તદા તે સુખી થશે.
દ્વેષ કુથલી દૂર કરી, નિજ ઉદ્યમે જબ લાગશે;
મોહ તૃષ્ણા ત્યાગશે, મુજ ન્યાત સુખી ત્યારે થશે.
કર્મ વાણી મન થકી, હિત ઈચ્છી સંપ વધારવા;
પ્રત્યેક જન જબ જાગશે, મુજ ન્યાત સુખી ત્યારે થશે.
લીલા બધી રળીયામણી, પરમાત્મા પ્રીતિ જોડીને;
ભક્તિ નીતિ શીખવશે, મુજ ન્યાત સુખી ત્યારે થશે.
રિદ્ધિસિદ્ધિ અર્પીને, વિભુ બુદ્ધિયોગ વધારજે;
તવ પાદમાં રતિ રેલીને, મોહન સ્તુતિ સ્વીકારજે."[૬૪]

— મોહનલાલ નરોત્તમદાસ શાહ

❖ **'ખડાયતા મિત્ર'માં પ્રકાશિત થયેલા સાંસ્કૃતિક લેખો :**

વ્યક્તિમાં સદ્‌વિચારો ઉત્પન્ન થાય તેમજ સારું સાહિત્ય વાંચન કરે તો તેના મન પર તેવા જ ભાવ ઉત્પન્ન થાય છે. તેથી સામયિકની શરૂઆતમાં 'મંગલાચરણ' આપવામાં આવ્યું છે. તેનો અર્થ સભર ભાવ વ્યક્તિના વ્યક્તિત્વને બદલવામાં સક્ષમ નીકળે એ મુજબ છે. તો નીચે મુજબ મંગળાચરણ જોઈશું.

"निर्वाणदीपे किमु तैलदानं
चौरे गते वा किमु सावधानम्
वयो गते किं वनिताविलासः
पयो गते किं खलु सेतुबंधः ।"

**અર્થ :**

"દીવો ઓલવાયા પછી તેમાં તેલ પૂરવાથી શો લાભ ?
ચોરના ચાલ્યા ગયા પછી સાવધ થવાથી શો લાભ ?
જુવાની જતી રહ્યા પછી વનિતાવિલાસનું શું ફળ ?
પાણીનાં પૂર ચડી ચૂક્યા પછી પૂલ બાંધવામાં શો લાભ ?
એ જ પ્રમાણે પરિષદ–સમારંભ પૂરો થાય પછી તેમાં
હાજરી ન આપનાર પશ્ચાતાપ કરે તે શા કામનો ?"[૬૫]

## ૭.૧૬ 'કચ્છ વર્તમાન' (વિ. સં. ૧૯૮૦) :

'કચ્છ વર્તમાન'ના મુખ પૃષ્ઠ પર દરવાજાનું ચિત્ર મુકવામાં આવ્યું છે. તેની ઉપર સામયિકનું નામ લખવામાં આવ્યું છે અને વિક્રમ સંવત તથા અંક નંબર છાપવામાં આવ્યા છે. દરવાજાની મધ્યમા એક શ્લોક છાપવામાં આવ્યો છે. તે નીચે મુજબ છે.

"जननी जन्मभूमि श्च स्वर्गादपि गरीयसा।"

શ્લોકની નીચે એ અંકનું મૂલ્ય અને નીચે તંત્રીનું નામ લખવામાં આવ્યું છે.

કચ્છમાં તે સમયે કચ્છી વર્તમાનપત્રોની શી સ્થિતિ હતી તેમજ પત્રકારત્વ કેટલે અંશે ત્યાં ઉપયોગી થયું હતું તેનો ચિતાર લેખકશ્રી રા. ખીમજી રાગશી શાહએ તેનો અહેવાલ રજૂ કર્યો છે. તે આપણે જોઈશું.

"અમારા કચ્છ રાજ્ય અને વર્તમાનપત્રોને કોણ જાણે કેવાં હાડવૈર છે કે આજે વર્ષો થયા કોઈ પણ એક પત્ર લાંબી મુદ્દત સુધી કચ્છની સેવા કરી શક્યું નથી. વર્તમાનપત્ર અને કચ્છ રાજ્યનાં આ વૈર કાંઈ આજકાલનાં નથી; એ તો કૈં વર્ષોનાં પુરાણાં એટલે બાપદાદા માર્યાનાં વૈર જેવાં જ છે. ભગવાન જાણે કચ્છ રાજ્ય અને વર્તમાનપત્રોને આવો મહાન બારમો ચંદ્રમાં ક્યાંથી લાગ્યો ! પણ આ સેવક જ્યાં સુધી જાણે છે. ત્યાં સુધી તો કચ્છ રાજ્યને વર્તમાપત્રો કટ્ટા શત્રુ રૂપે જ જણાય છે.

મારા બાળપણની વાતો છે. વરસ તો યાદ નથી પણ આ વખતે 'કચ્છ કેસરી' પોતાના પુર બહારમાં પ્રકટ થતું. અમો વિદ્યાર્થીઓ પણ હોંશે હોંશે વાંચતા. ઘણીવાર તેમાં આવતી કાફીઓ મીઠા સ્વરથી લલકારતા પણ, ગામે ગામની નવી જૂની ખબરો વાંચી રાજી થતા અને 'વાંચે કચ્છ જો છાપો આપ' એમ કહી અભિમાન ધરાવતા પણ પછાળથી તુરતમાં જ અમારી અજાયબી વચ્ચે પત્ર બંધ થયું. વિવિધ પ્રકારની લોકવાયકા સંભળાવવા લાગી. અમો ત્રણ ચાર સરખી ઉમરના વિદ્યાર્થીઓ અમારા મોટેરાંઓને આ બાબત પૂછી પત્તો મેળવવા લાગ્યા. કોઈ કહેતું કે કચ્છના રાજાએ બંધ કરાવ્યું તો કોઈ કહેતું એનો અધિપતિ મરી જવાથી બંધ થયું."[૬૬]

## ❋ પાદટીપ :

૧. 'સાહિત્યિક પત્રકારત્વ', કિશોર વ્યાસ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, બીજી આવૃત્તિ, ૨૦૦૯, પૃ. ૫૩

૨. 'પત્રકારત્વનો ઇતિહાસ', વિષ્ણુ પં ।, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૮, પૃ. ૩૩

૩. એજન, પૃ. ૩૫

૪. એજન, પૃ. ૩૬

૫. 'સાહિત્યિક પત્રકારત્વ', કિશોર વ્યાસ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, બીજી આવૃત્તિ, ૨૦૦૯, પૃ. ૩૭

૬. 'પત્રકારત્વનો ઇતિહાસ', વિષ્ણુ પં ।, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૮, પૃ. ૩૭

૭. એજન, પૃ. ૩૮

૮. એજન, પૃ. ૩૮

૯. 'ટીકાકાર', પુસ્તક–૧, એપ્રિલ–૧૮૬૮, અંક–૧, પૃ. ૧

૧૦. એજન, મે–૧૯૬૮, અંક–૨, પૃ. ૧

૧૧. એજન, પૃ. ૨, ૩

૧૨. એજન, પૃ. ૬, ૭

૧૩. એજન, જુન–૧૮૬૮, અંક–૪, પૃ. ૭

૧૪. એજન, ફેબ્રુઆરી–૧૮૬૮, અંક–૪, પૃ. ૩ થી ૫

૧૫. 'ટીકાકાર', પુસ્તક–૨, માર્ચ–૧૮૬૯, અંક–૫, પૃ. ૪, ૫

૧૬. એજન, પુસ્તક–૧, જુન–૧૮૬૯, અંક–૧૧, પૃ. ૩, ૪

૧૭. એજન, પૃ. ૫, ૬

૧૮. એજન, જુલાઈ–૧૮૬૯, અંક–૧૨, પૃ. ૬, ૭

૧૯. એજન, પુસ્તક–૨, ડિસેમ્બર–૧૮૬૯, અંક–૨૨, પૃ. ૧, ૨

૨૦. એજન, પુસ્તક–૧, મે–૧૮૬૮, અંક–૨, પૃ. ૫, ૬

૨૧. એજન, ઓગષ્ટ–૧૮૬૯, અંક–૧૪, પૃ. ૧, ૨

૨૨. 'જ્ઞાનવર્ધક', પુસ્તક–૪, જુલાઈ–૧૮૭૬, અંક–૭, પૃ. ૩૩૧

૨૩. 'બાળોદય', પુસ્તક–૧, સપ્ટેમ્બર–૧૮૭૭, અંક–૧, પૃ. ૩, ૪

૨૪. એજન, પૃ. ૧૨

૨૫. એજન, ફેબ્રુઆરી–૧૮૭૮, અંક–૬, પૃ. ૬૮, ૬૯

૨૬. એજન, પૃ. ૬૯, ૭૦

૨૭. એજન, સપ્ટેમ્બર–૧૮૭૭, અંક–૧, પૃ. ૮, ૯

૨૮. એજન, ઓકટોબર–૧૮૭૭, અંક–૨, પૃ. ૧૮

૨૯. એજન, ડિસેમ્બર–૧૮૭૭, અંક–૪, પૃ. ૪૪

૩૦. એજન, એપ્રિલ–૧૮૭૮, અંક–૮, પૃ. ૮૯, ૯૦

૩૧. 'સુદર્શન', પુસ્તક–૬, ડિસેમ્બર–૧૮૯૦, અંક–૩, પૃ. ૩૩

૩૨. એજન, ઓગષ્ટ–૧૮૯૧, અંક–૧૧, પૃ. ૧૨૫

૩૩. 'વિવેચક', વર્ષ–૧, ફેબ્રુઆરી–૧૯૧૩, અંક–૨, પૃ. ૪૬, ૪૭

૩૪. એજન, પૃ. ૬૦, ૬૧

૩૫. એજન, માર્ચ–૧૯૧૩, અંક–૩, પૃ. ૯૨, ૯૩

૩૬. એજન, એપ્રિલ–૧૯૧૩, અંક–૪, પૃ. ૧૨૩, ૧૨૪

૩૭. એજન, જુન–૧૯૧૩, અંક–૬, પૃ. ૧૬૬

૩૮. એજન, જાન્યુઆરી–૧૯૧૩, અંક–૧, પૃ. ૨૦

૩૯. એજન, જુલાઈ–૧૯૧૩, અંક–૭, પૃ. ૧૯૭

૪૦. એજન, પૃ. ૨૦૦

૪૧. એજન, સપ્ટેબર–૧૯૧૩, અંક–૯, પૃ. ૨૭૧

૪૨. એજન, નવેમ્બર–૧૯૧૩, અંક–૧૧, પૃ. ૩૨૮

૪૩. 'વીસમી સદી', પુસ્તક–૧, ઓગષ્ટ–૧૯૧૬, અંક–૫, પૃ. ૩૪૨

૪૪. એજન, જુલાઈ–૧૯૧૬, અંક–૪, પૃ. ૨૪૧

૪૫. 'કચ્છી જૈન મિત્ર', પુસ્તક–૧, માર્ચ/એપ્રિલ–૧૯૧૮, અંક–૧૦, ૧૧, પૃ. ૧૪૮

૪૬. 'શ્રી ઋષિ મુખ', વર્ષ–૧, ઓગષ્ટ–૧૯૨૦, અંક–૧, પૃ. ૧૭

૪૭. એજન, પૃ. ૧૨૩

૪૮. 'ભટ્ટ ભાસ્કર', પુસ્તક–૧, જુન–૧૯૨૦, અંક–૧, પૃ. ૪, ૫

૪૯. એજન, સપ્ટેમ્બર–૧૯૨૦, અંક–૪, પૃ. ૯૧

૫૦. 'ભટ્ટ ભાસ્કર', પુસ્તક–૧, નવેમ્બર–૧૯૨૦, અંક–૬, પૃ. ૧૩૦, ૧૩૧

૫૧. એજન, પૃ. ૧૨૭

૫૨. એજન, જાન્યુઆરી/ફેબ્રુઆરી–૧૯૨૧, અંક–૮, ૯, પૃ. ૧૯૦

૫૩. 'આર્ય ધર્મ પ્રકાશ', પુસ્તક–૨૯, વિ. સં. ૧૯૫૭, અંક–૧૦, પૃ. ૨૨૭

૫૪. એજન, અંક–૧૧, પૃ. ૨૪૧, ૨૪૨

૫૫. એજન, અંક–૪, પૃ. ૭૯, ૮૦

૫૬. એજન, અંક–૫, પૃ. ૧૧૭–૧૧૯

૫૭. એજન, અંક–૬, પૃ. ૧૨૬

૫૮. 'કેળવણી', પુસ્તક–૨૧, વિ. સં. ૧૯૬૫, અંક–૧, પૃ. ૩૧, ૩૨

૫૯. એજન, અંક–૫, પૃ. ૭૩

૬૦. એજન, પુસ્તક–૨૨, વિ. સં. ૧૯૬૫, અંક–૧૦, પૃ. ૧૬૬

૬૧. એજન, અંક–૧૩, પૃ. ૨૧૩, ૨૧૪

૬૨. 'ખડાયતા મિત્ર', પુસ્તક–૧૦, વિ. સં. ૧૯૮૦, અંક–૨, પૃ. ૪૫–૪૬

૬૩. એજન, અંક–૪, પૃ. ૧૧૪–૧૧૬

૬૪. એજન, અંક–૮, પૃ. ૨૭૭, ૨૭૮

૬૫. એજન, પૃ. ૨૭૫

૬૬. 'કચ્છ વર્તમાન', દીપોત્સવી અંક, વિ. સં. ૧૯૮૦, પૃ. ૬૪

પ્રકરણ–૮

# પત્રકારત્વની આજ અને આવતીકાલ


૮.૧ પત્રકારત્વ અને પત્રોનું સમગ્રલક્ષી અવલોકન

૮.૨ પત્રકારત્વની આજ

૮.૩ પત્રકારત્વની આવતીકાલ

➪ પાદટીપ

## ૮.૧ પત્રકારત્વ અને પત્રોનું સમગ્રલક્ષી અવલોકન :

પત્રકારત્વનો આજથી ૧૦૦ થી ૧૯૦ વર્ષ પહેલાંનો ઇતિહાસ ઉખેળીએ એટલે રસપ્રદ બાબતો જાણવા મળે. ત્યારે આજનાં જેવાં તોતિંગ યંત્રો નહોતાં અને તોતિંગ છાપાં નહોતાં. દૈનિક–પત્રો કે સમાચારપત્રો નહોતાં. ત્યારે નાનાં નાનાં સામયિકો અને ખાસ કરીને માસિકો મોરચો જાળવતાં. પણ એ માસિકો પણ મોટા ભાગે ખોટમાં ચાલતાં. જો કે ખોટમાં જ ચાલશે એ વાત એના તંત્રીઓ પ્રથમથી જાણતા જ હતા. થોડા ગાંઠના પૈસા ઓછા કરવાની તૈયારીથી જ છાપું નીકળે. ક્યારેક કોઈકની મદદથી એ ખોટ પુરાય અને ક્યારેક ઘરના પૈસા જાય પણ ભૂલે ચૂકે નફો થઈ જાય તો ? તો નફાનો એક પૈસો પણ ખિસ્સામાં ન રખાય. આ વાત આજે આપણા માન્યામાં કદાચ ન આવે, પણ ઇતિહાસમાં આની સાક્ષી પૂરનારા અનેક પ્રસંગો પ ા છે.

સૌરાષ્ટ્રનું સર્વપ્રથમ સામયિક 'સૌરાષ્ટ્ર–દર્પણ' રાજ્યાશ્રય ઉપર ચાલતુ હતું. એ વખતના જૂનાગઢના સાક્ષર મણિશંકર કિકાણી પોતાના પત્રના મુખપૃષ્ઠ ઉપર નવાબસાહેબની મદદથી પત્ર ચાલે છે એવો ઉલ્લેખ મૂકતા. એમની જ પ્રેરણાથી રાજકોટનું સર્વપ્રથમ સામયિક ૧૮૬૮ માં શરૂ થયું. એનું નામ 'વિજ્ઞાન–દર્પણ' એના મુખપૃષ્ઠ ઉપર ધ્યાન ખેંચતી એક સૂચના હોય 'શેઠ ઝવેરીરામ સાદીરામની મદદથી.'

આપણા એક સાક્ષર સ્વ. મણિલાલ નભુભાઈ ભાવનગરની શામળદાસ કૉલેજમાં સંસ્કૃત ભણાવવા ગયા અને ત્યાંથી ૧૮૮૮ માં 'પ્રિયંવદા' નામનું માત્ર મહિલાઓ માટેનું સામયિક શરૂ કર્યું. એના પ્રથમ અંકમાં જ એ માસિકનો ઉદ્દેશ સમજાવતા એમણે જાહેર કર્યું કે, 'એનો નફો આવે તે કદાપિ મારે પંડે વાપરી ન ખાવો પણ લોકહિતાર્થે વાપરવો એવી મારી પ્રતિજ્ઞા છે' પણ વર્ષ પૂરું થયું અને મણિભાઈએ

હિસાબ કર્યો ત્યારે જણાયું કે રૂા. ૧૦૦ની ખોટ ગઈ હતી. મણિભાઈએ નોંધ્યું કે, "તે મુદતમાં તો તેની વાચક–વર્ગમાં અતિશય પ્રિયતા છતાં રૂા.૧૦૦ નો તોટો ગયેલો છે." એ પછી થોડો સમય મણિભાઈ સખત માંદા પ ા. અને 'પ્રિયવંદા'ના થોડા અંકો પ્રગટ ન થઈ શક્યા, ત્યારે એમણે નોંધ્યું, "મારો દેહ પડો, મને ગમે તે થાઓ, પણ મેં જે ભગીરથ પ્રયત્ન મારા આર્યધર્મના ઉદ્ધારાર્થે આદર્યો છે, તે કોઈપણ બીજ રૂપે જમીનમાં ચોટે તો જ કૃતાર્થતા છે."[૧]

બીજી તરફ નવલરામે 'શાળાપત્ર' વર્ષો સુધી ચલાવ્યું, પણ એમાં ખોટ ન કરી. એનું વાર્ષિક ખર્ચ હતું રૂા.૭૮૨ અને આવક હતી, રૂા.૮૦૦ની આમાં રૂા.૧૮ નો વાર્ષિક નફો થતો. 'શાળાપત્ર'ના સંપાદક તરીકે નવલરામ માસિક રૂા.૩૦ નું મહેનતાણું લેતા. નવલરામ સારા તંત્રી ઉપરાંત સારા વ્યવસ્થાપક પણ કહેવાય.

પણ છેક ૧૯૫૦ ના અરસામાં આપણા એક પ્રસિદ્ધ વિવેચક વિજયરાય વૈદ્યે પોતાના પત્ર 'કૌમુદી'ની ખોટ તરફ લોકોનું ધ્યાન દોરવા માટે ઉપવાસ કર્યા ત્યારે સનસનાટી મચી ગઈ હતી. "ગુજરાત મારા પત્રને નહીં ટકાવે તો હું આત્મસમર્પણ કરીશ." એવી જાહેરાત સાથે એમણે ઇતિહાસ સર્જ્યો. વિજયરાય માનતા કે સાહિત્ય અને સંસ્કારની પ્રવૃત્તિને પોષવાનો દરેક સમાજનો ધર્મ છે. સમાજ પોતાના આ ધર્મથી ચ્યુત થાય ત્યારે સમાજને જાગ્રત કરવો જ જોઈએ. અંતે, સ્વ. બળવંતભાઈ મહેતા સહિત અનેક મિત્રોએ એમને સમજાવ્યા અને એમનું પત્ર ટકાવી રાખવાની ખાતરી આપી ત્યારે એમણે ઉપવાસ છો ા. હતા.

નફા અને ખોટની વાત આવે ત્યારે અલારખા હાજી મહંમદ શિવજીને કેમ ભુલાય ? ગુજરાતી ભાષામાં એક ઉત્તમ સામયિક કાઢવાની ધૂનમાં એમણે પોતાનો ધંધો ખોયો, શરીર ખોયું અને સર્વસ્વ હારી બેઠા. એમનું 'વીસમી સદી' પત્રકારત્વ માટે

ફનાગીરી અને શહીદી વહોરનાર એક વીરની અનોખી દાસ્તાન રજૂ કરે છે. કનૈયાલાલ મુનશી જેવા લેખક પાસેથી પઠાણી ઉઘરાણી કરીને ચાલુ વાર્તા લખાવનાર હાજી મહંમદ પોતે અંતે તો ગાંઠના પૈસા જ ઓછા કરતા હતા એની બહુ ઓછાને ખબર હતી. અંતે 'વીસમી સદી'ની યાત્રા અટકી ગઈ, પણ હાજી મહંમદનું નામ ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસમાં રોશન થઈ ગયું.

અમૃતલાલ શેઠે ૧૯૨૨માં મુંબઈની એક સભામાં સૌરાષ્ટ્રમાં રજવાડી રાજ્યોમાં ક્યાંક ચાલતા જુલમી શાસનની વિગતો રજૂ કરી. આ પહેલાં એમણે એ જ વિગતો ત્યારનાં વર્તમાનપત્રોને મોકલી, પણ કોઈએ છાપી નહીં, એટલે એમનો પુણ્યપ્રકોપ ફાટી નીકળ્યો. એમણે એ સભામાં કહ્યું : "આ પ્રકારનાં વર્તમાનપત્રોથી દેશસેવા થઈ શકશે નહીં. જો દેશસેવા કરવી હશે તો નવા વર્તમાનપત્રો સ્થાપવાં પડશે, નવી ભાષામાં લખવાં પડશે. એ વર્તમાનપત્રો આજની કાળી શાહીથી નહીં લખાય. એ તો લખાશે અમારા લોહીની લાલ શાહીથી. એના (પ્રજા) દુઃખના, વેદનાના, બળવાના પોકારથી ધરતી ધણધણી ઊઠશે, રાજાઓના દિલ થરથરશે અને એમનાં સિંહાસનો ડોલવા માંડશે. પ્રજાકલ્યાણના નવા યજ્ઞો અમે વર્તમાનપત્રોના કાર્યાલયમાં માંડીશું."[૨]

એમની આ વાત મિત્રોએ સ્વીકારી અને તરત પચીસ હજાર રૂપિયાનું ભંડોળ કરી આપ્યું. એમાંથી 'સૌરાષ્ટ્ર' ઉર્ફે 'ફૂલછાબ'નો જન્મ થયો. પત્રકારત્વને એ 'દેવમંદિર' ગણતો. એમાં 'સેવાભાવનું સંગીત' ગુંજતું, 'આદર્શોની પૂજા–અર્ચના થતી અને ત્યાગનાં અને બલિદાનનાં પુષ્પો ચડાવતાં.'

૧૮૯૦ માં રાજકોટથી એક સંપૂર્ણપણે અંગ્રેજી દૈનિક નીકળ્યું હતું. એનું નામ હતું 'કાઠિયાવાડ ટાઈમ્સ' ત્યારે સામાન્ય લોકો પૈસા ખર્ચીને છાપું કાં ખરીદી ન શકતા અને કાં ખરીદવાનું વલણ હજી વિકસ્યું નહોતું આથી રાજકોટના પંચનાથ પ્લોટમાં

આવેલા એના કાર્યાલયની બહાર એનો અંક ચોટાડવામાં આવતો અને લોકો ટોળે વળીને એ વાંચતા. 'નૂતન સૌરાષ્ટ્ર' દૈનિક પહેલાં એના સ્થાપકો જુગતરામભાઈ અને નર્મદાશંકરભાઈ કરાંચીમાં 'સિંધ સમાચાર' નામનું છાપું કાઢતા. એ દિવસોમાં નર્મદા શંકરભાઈ હાથમાં ઘંટ લઈને છાપું વેચવા નીકળતા. સિંધમાં છેક હૈદરાબાદ અને નગરઠઠ્ઠા સુધી એમનું છાપું પહોંચતુ. રાણપુરમાં એક જમાનામાં આજનું 'ફૂલછાબ' અને એ જમાનાનું 'સૌરાષ્ટ્ર' હાથેથી ચાલતા ટ્રેડલ ઉપર છપાતું અને મશીનમેન થાકી જાય ત્યારે અમૃતલાલભાઈ જાતે મશીન ચલાવતા.

પત્રકાર, તંત્રી, નામા–નિગાર, અખબારનવીસ અને અખબારની તવારીખમાં અનેક રસપ્રદ વાતો ભંડારાયેલી પડી છે. છાપું એક યુગમાં માત્ર સેવાનું, માત્ર લોકકલ્યાણનું, માત્ર ખોટ કરવાનું માધ્યમ ગણાતું. અમૃતલાલ શેઠ પોતાની ટુકડીને 'ખુવારોની જમાત' કહેતા. સંખ્યાબંધ લોકો આ વ્યવસાયમાં પ ા અને સ્વેચ્છાએ ખુવાર થયા.

પત્રકારત્વની ગઈકાલ સાથે એની આજ સરખાવવા જેવી છે. અનેક રસપ્રદ, મૂંઝવનારાં, અકળાવનારાં, ખુશ કરે અને નિરાશ કરે તેવાં તારણો તેમાંથી નીકળે તેમ છે.

સ્વાતંત્ર્યોત્તર ભારતીય પત્રકારત્વનો વિચાર કરીએ તો જે તથ્ય તરત જ નજરે ચડે છે, તે એ છે કે સ્વાતંત્ર્ય પૂર્વેનાં અખબારોમાં હેતુલક્ષીપણું હતું. સ્વાતંત્ર્યોત્તર પત્રકારત્વમાં એ જોવા મળતું નથી. આમાં ગુજરાતી પત્રકારત્વનો પણ સમાવેશ થઈ જાય છે. સ્વાતંત્ર્ય પૂર્વે ગાંધીજી પણ પત્રકાર હતા. ૧૪ ભાષામાં એ સામયિક ચલાવતા. એ બધાં શુદ્ધ હેતુલક્ષી સામાયિક હતાં. દેશને સ્વતંત્રતા મળે એ એનું મુખ્ય ધ્યેય હતું, પણ એની સાથે અસ્પૃશ્યતા–નિવારણ જેવા સામાજિક હેતુઓ પણ સમાયેલા

હતા. સૌરાષ્ટ્રમાંથી 'ફૂલછાબ' નીકળતું. તેનો હેતુ સૌરાષ્ટ્રની પ્રજાને દેશી રાજવીઓના ગેરવહીવટ સામે જાગ્રત કરવાનો હતો. નર્મદનું 'ડાંડિયો' અને કરસનદાસ મૂળજીનું 'સત્ય–પ્રકાશ' આ જ હેતુથી શરૂ થયાં હતાં. એમની પાછળ નફો કમાવાનો કોઈ હેતુ ન હતો. ઊલટું સમાજસુધારક તરીકે એ સતત ભયમાં જીવતા હતા. ઈચ્છારામ દેસાઈનું 'ગુજરાતી' પણ આ હરોળમાં આવે. 'મુંબઈ સમાચાર' અને 'જામે જમશેદ'નો પણ હેતુ સમાજસુધારાનો જ હતો.

આ વાતાવરણમાં દેશ આઝાદ થયો ત્યારે અખબારો સામે મોટો પ્રશ્નાર્થ ખડો થયો. મોટાભાગનાં અખબારો દેશની આઝાદી માટે લડતાં હતાં. એ આઝાદી તો આવી ગઈ, પણ એ રાજકીય આઝાદી હતી. સામાજિક રીતે દેશ જ્ઞાતિવાદ, કોમવાદ જેવાં અનેક દૂષણોથી ખરડાયેલો હતો. સાક્ષરતાનું પ્રમાણ ખૂબ જ ઓછું હતું. (આજે પણ એ ૬૫% જ છે.) ગુજરાત–સૌરાષ્ટ્રમાં જાતજાતની જ્ઞાતિઓ અને વર્ગોનું વર્ચસ્વ હતું. સ્વતંત્રતા પહેલાં સૌરાષ્ટ્રમાં ૨૦૦ જેટલાં રજવાડાં હતાં. આઝાદ ભારતમાં રજવાડાં નાબૂદ તો થયાં પણ એક નવા પ્રકારનો જ્ઞાતિસંઘર્ષ શરૂ થયો. અખબારો ધારત તો એની નાબૂદી માટે ગંભીર પ્રયત્ન કરી શકત; પણ સ્વાતંત્ર્ય પછી અખબારોના પ્રથમ પાને સતત રાજકારણ છવાયેલું રહ્યું. વાસ્તવમાં દેશ એકદમ ગરીબ અને નિરક્ષર છે, એટલે પત્રકારત્વ વિકાસલક્ષી હોવું જોઈએ. આ વિકાસ આર્થિક અને સામાજિક બંને પ્રકારનો હોઈ શકે.

દેશનું સર્વપ્રથમ અખબાર ૧૭૮૦માં કલકત્તાથી શરૂ થયેલું. એમાં ૪૦ વર્ષ પછી ૧૮૨૨ માં 'મુંબઈ સમાચાર'નો પ્રારંભ મુંબઈથી થયો. આ પત્ર ભારતનું નહિ પણ એશિયાનું સૌથી જૂનું વર્તમાનપત્ર છે, જેનું ગુજરાતને ગૌરવ હોવું જોઈએ.

સ્વાતંત્ર્ય પૂર્વે ગુજરાતી અખબારોનો ફેલાવો નજીવો હતો. આજે એણે હરણફાળ ભરી છે. 'ગુજરાત સમાચાર' એક–સાથે પાંચ શહેરોમાંથી પ્રગટ થાય છે. 'સંદેશ' એકસાથે ચાર કેન્દ્રોમાંથી પ્રગટ થાય છે. 'ચિત્રલેખા' સાપ્તાહિક હોવા છતાં એનો ફેલાવો ત્રણ લાખથી ઉપર છે. ઉપર ગણાવેલાં તે બંને દૈનિકો રોજનાં સોળથી ચોવીસ પાનાં આપે છે. એની રંગબેરંગી પૂર્તિઓ ગ્લેઝ્ડ ન્યૂઝપ્રિન્ટ ઉપર છપાય છે. સૌરાષ્ટ્રમાં 'ફૂલછાબ' અને દક્ષિણ ગુજરાતમાં 'ગુજરાત–મિત્ર' બંને ખૂબ જૂનાં અખબારો છે અને એ પણ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની પ્રજાના પ્રશ્નોને પૂરતી વાચા આપે છે.

આમ, અખબારનું કલેવર સંપૂર્ણપણે બદલાય રહ્યું છે. ગુજરાતી અખબાર દરરોજ એક વિશેષ પૂર્તિ આપે છે, જેમાં બુધવારે રંગીન પૂર્તિમાં જાતજાતના વિષયો ચર્ચાય છે. 'ગુજરાત સમાચાર' અને 'સંદેશ' શુક્રવારે સિનેમાની પૂર્તિ કાઢે છે. રવિવારે લગભગ બધાં જ છાપાં ખાસ પૂર્તિ કાઢે છે અને એમાં રાજકારણ અર્થકારણ અને સિનેમાથી માંડી હાસ્ય અને ધારાવાહિક નવલકથા પણ અપાય છે. આ પૂર્તિઓમાંથી અનેક લેખકો બહાર આવ્યા છે. પૂર્તિઓએ સાહિત્ય અને પત્રકારત્વ વચ્ચેની ભેદરેખા ભૂંસી નાખી છે. મુદ્રણ એક જમાનામાં સીસાના ટાઈપ ઉપર થતું. એમાં પણ ક્રાંતિ આવી ગઈ છે.

હવે કમ્પ્યુટરની મદદથી ઓફસેટ મશીન પર અખબાર છપાય છે. ઓફસેટનો એક લાભ એ થયો કે અખબારમાં તસવીરો છાપવાનું ચલણ વધ્યું છે. હવે તો રંગીન તસવીરો પણ છૂટથી છપાય છે. પહેલાં તસવીરોના બ્લોક બનાવવા પડતા અને એમાં ખૂબ સમય જતો. આજે હવે એ કડાકૂટ પણ રહી નથી. પરિણામે મુદ્રણ ઝડપી અને વધારે આકર્ષક બન્યું છે. રાજકારણમાં પડેલા નેતાઓની તસવીરો હોય કે ફિલ્મ કલાકારોની હોય, હવે તે જોવી ગમે તેવી હોય છે.

"રતન માર્શલે ગુજરાતી પત્રકારત્વનો ઇતિહાસ લખ્યો એમાં પત્રકારત્વના ત્રણ તબક્કા ગણાવ્યા છે. પહેલો તબક્કો 'મુંબઈ સમાચાર' ૧૮૨૨માં શરૂ થયું તે ૧૮૮૦ સુધી ચાલ્યો. બીજો તબક્કો ૧૮૮૦માં 'ગુજરાતી' સાપ્તાહિક શરૂ થયું. ત્યારથી તે ગાંધીજીએ ૧૯૧૯માં 'નવજીવન' સંભાળ્યું ત્યાર સુધીનો અને ત્રીજો તબક્કો ૧૯૧૯થી શરૂ થયો. આમાં આપણે ચોથો તબક્કો ઉમેરી શકીએ, જે ૧૯૪૭માં આઝાદી આવી ત્યારથી શરૂ થયો. પહેલા તબક્કામાં અખબારો ભાષાની દૃષ્ટિએ તેમ જ સજાવટની દૃષ્ટિએ તદ્દન પ્રાથમિક કક્ષાનાં હતાં. તેમાં પાનાં ઓછાં હતાં. મુદ્રણ તદ્દન સાદું હતું. આજના જેવી સમાચાર–સંસ્થાઓ નહોતી. એ પછી ક્રમશઃ આ બધામાં સુધારો થતો ગયો. અખબારો જે વિષયો આવરી લેતા એમાં પણ વૈવિધ્ય આવ્યું. ઈચ્છારામ દેસાઈના 'ગુજરાતી'ના આગમનની સાથે રાજકારણ પણ ઉમેરાયું. ગાંધીજીના 'નવજીવન'ના આગમનની સાથે ગુજરાતી પત્રકારત્વને નવી જ દિશા મળી. રાજકારણમાં જાગૃતિ આવતી ગઈ તેમ તેમ સમાજસુધારાની પ્રવૃત્તિમાં થોડી ઓટ આવી. ઈચ્છારામ દેસાઈએ સમાજ–સુધારાનો વિરોધ પણ કર્યો. આમ, સમાજ–સુધારાની ગતિ મંદ પડી. બીજી બાજુ રાજકારણ અને સાહિત્યને સ્થાન મળ્યું. ગાંધીજીએ રાજકારણ ઉપરાંત સમાજસુધારાને પણ વેગ આપ્યો અને સામાજિક કુરિવાજો સામે ઝૂંબેશ ચલાવી. કન્યાકેળવણીની એ હિમાયત કરતા અને અસ્પૃશ્યતાનો વિરોધ કરતા."[૩]

દેશમાં સ્વાતંત્રતા આવ્યા પછી આપણે જોયું તેમ અખબારી જગતમાં સમાજસુધારાનો મુદ્દો ભુલાઈ ગયો અખબારોનાં પાનાં વધ્યાં, ફેલાવો વધ્યો, પણ આઝાદી પહેલાંનો હેતુ ભુલાઈ ગયો. આ સંદર્ભમાં જોઈએ તો આજનાં અખબારો રૂપરંગમાં ભલે સુશોભિત લાગે, પણ સામગ્રીની દૃષ્ટિએ એ દિશાશૂન્ય લાગે છે.

ઈ.સ.૧૯૭૭–૭૮ ના ગાળામાં કટોકટી ઊઠ્યા પછી આપણા દેશમાં લગભગ બધી જ ભાષાઓમાં અખબારોનો ફેલાવો એકદમ વધ્યો હતો. આ એકાએક વધારાનું કારણ એ હતું કે કટોકટી દરયિમાન મુકાયેલી સેન્સરશિપ અને એને પરિણામે સમાચારો દબાવવાને લીધે વાચકોની વાચનભૂખ અતૃપ્ત રહી હતી. તે સેન્સરશિપ હટી જતાં એકદમ જ સ્પ્રિંગની જેમ ઊછળીને બહાર આવી અને કટોકટી દરમિયાન શું શું બન્યું એની રસપ્રદ વાતો લોકો વાંચવા માં ા. આનો લાભ અંગ્રેજી ઉપરાંત પ્રાદેશિક પત્રોને પણ મળ્યો અને ગુજરાત–સૌરાષ્ટ્રનાં અખબારોનો ફેલાવો પણ સારો વધ્યો. સૌરાષ્ટ્રનાં દૈનિકોમાં 'ફૂલછાબ' સર્વપ્રથમ એક લાખ નકલનો આંક વટાવી ગયું. અમદાવાદનાં દૈનિકો પહેલાં લાખ, પછી બે લાખ અને હવે ત્રણ લાખના આંકડાની આસપાસ ફરતાં થયાં છે. અત્યારે ગુજરાતીમાં ૮૫૦ સાપ્તાહિકો અને ૮૭ પાક્ષિકો તથા ૫૦૪ માસિકો નીકળે છે.

ઈ.સ.૧૯૫૪ માં પહેલું અખબારી પંચ નિમાયું ત્યારે ભારતમાં દૈનિકોનો કુલ ફેલાવો ૨૫ લાખનો હતો. આજે એ આંકડો બેથી અઢી કરોડે પહોંચ્યો હોય એવી ધારણા છે. રીડરશિપ દસની હોય તો પણ માત્ર વીસ કરોડ લોકો જ છાપું વાંચે છે, એ ન ભૂલવું જોઈએ. દેશમાં કેટલાંય ગામડાંઓ એવાં છે કે જ્યાં અખબારો પહોંચતાં નથી. છેલ્લા દાયકામાં ગુજરાતી દૈનિકોની સરેરાશ સંખ્યા ૫૦ થી ૬૦ ની રહી છે. ૧૯૭૨માં ૩૫ દૈનિક હતાં. ૧૯૭૪માં ૩૭ થયાં ૧૯૮૦માં ઘટીને ૨૭ થઈ ગયાં. પણ એ પછી મુંબઈથી નવાં ત્રણ દૈનિકો નીકળ્યાં છે. રાજકોટમાંથી પણ સાંજના પાંચ દૈનિકો બહાર પડે છે. ગુજરાતીમાં પ્રકટ થતાં કુલ વર્તમાનપત્રોનો આંકડો પાંચસોની આસપાસ રહે છે. મહારાષ્ટ્રમાં ગુજરાત કરતાં ચાર ગણાં દૈનિકો નીકળે છે. ૧૯૭૫માં ગુજરાતમાં દૈનિકોનો ફેલાવો છ લાખ નકલોનો હતો તે વધીને ૧૯૭૮માં ૭ લાખ ઉપર પહોંચ્યો.

આજે માત્ર 'ગુજરાત સમાચાર'નો ફેલાવો લાખ નકલોનો છે. આ જોતાં કુલ ફેલાવો પંદરેક લાખે પહોંચ્યો હોય એવી શક્યતા છે. આમ ફેલાવાની દૃષ્ટિએ ભાષાકીય અખબારોમાં ગુજરાતી પત્રો વિશિષ્ટ સ્થાન ધરાવે છે. ટી.વી.ના આટલા પ્રચંડ આક્રમણ સામે પણ એ ટકી રહ્યાં છે. બર્ટ્રાન્ડ રસેલે રેડિયો આવ્યો ત્યારે છાપું કોઈ નહીં વાંચે એવી આગાહી કરી હતી. પણ પછીની ઘટનાએ પુરવાર કર્યું કે એક માધ્યમના આવવાથી બીજું માધ્યમ નાબૂદ થઈ જતું નથી.

ગુજરાતી ભાષામાં ૧૯૮૦માં ૭૮૮/૭૮૮ વર્તમાનપત્રો હતાં, જેનો કુલ ફેલાવો ૨૭,૪૫,૦૦૦ હતો. કેરળ ગુજરાત કરતાં લગભગ અડધી વસતી ધરાવતું હોવા છતાં ત્યાં અખબારોનો ફેલાવો દોઢો છે. યુનેસ્કોએ વિશ્વમાં દર હજારની વસતીએ એકસો છાપાંના ફેલાવાનો માપદંડ નક્કી કર્યો છે. તેમાં આપણે ઘણા પાછળ છીએ. આપણે ત્યાં દર હજારની વસ્તીની સંખ્યામાં અખબારોની માત્ર ૧૩ નકલો નીકળે છે. ૧૯૩૯માં આપણે ત્યાં દૈનિકોનો કુલ ફેલાવો એક કરોડ સડસઠ લાખે પહોંચ્યો હતો. ૮૦ કરોડની વસ્તીવાળા દેશમાં દોઢ કરોડ જેટલું દૈનિકોનું વેચાણ ઓછું કહેવાય. જાપાન જેવા એશિયન દેશની સરખામણીમાં આપણે ઘણા પાછળ છીએ. દૈનિકોના ફેલાવાની બાબતમાં ઘણી મોટી શક્તિઓ હોય છે. દેશની બીજી પ્રાંતીય ભાષાઓની સ્થિતિ સાથે ગુજરાતીની તુલના રસપ્રદ તથ્યો બહાર લાવે છે.

૧૯૮૦માં બીજી ભાષાઓની સરખામણીમાં ગુજરાતીમાં વર્તમાનપત્રોનું પ્રમાણ ઠીક ઠીક ઓછું હતું. હિન્દીમાં ૪૯૪૬, બંગાળીમાં ૧૩૧૬, ઉર્દૂમાં ૧૨૩૪ અને મરાઠીમાં ૧૦૪૭ની સામે ગુજરાતી ૬૮૮ વર્તમાનપત્રો હતાં. આમ, બંગાળ કરતાં આપણે ત્યાં લગભગ અર્ધા અને મરાઠી કરતાં ૬૬% જેટલા પત્રો બહાર પડે છે.

હવે ફેલાવાની દૃષ્ટિએ સરખામણી કરીએ તો હિંદીમાં ૧,૩૭,૦૯,૮૦૦ નકલો, તાલિમમાં ૪૯,૩૮,૦૦૦ મલયાલમમાં ૩૯,૬૦,૦૦૦ અને બંગાળીમાં ૩૩,૦૪,૦૦૦ ની સામે ગુજરાતી પત્રોનો કુલ ફેલાવો ૨૭,૪૫,૦૦૦ નો હતો કેરળની વસતી ગુજરાત કરતાં અડધાથી પણ ઓછી છે, છતાં વર્તમાનપત્રોનો ફેલાવો દોઢો છે. એક હજારથી વધુ પત્રો ધરાવતાં રાજ્યોમાં ગુજરાતનું નામ નથી.

દૈનિકોના ફેલાવાની બાબતમાં 'આનંદબજાર–પત્રિકા' સવા ચાર લાખથી વધુના ફેલાવા સાથે દેશનું અગ્રણી દૈનિક છે. આમ, એ પ્રાદેશિક ભાષાનું દૈનિક દેશભરમાં મોખરે રહ્યું છે, એ નોંધનીય છે. સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી વર્તમાનપત્રો ઉપર દૃષ્ટિ કરીએ એટલે કેટલાક ચોક્કસ પ્રવાહો નજરે પડે છે. હાલ ગુજરાતી દૈનિકોની કુલ રીડરશીપ ૪૬ લાખની હોવાનો અંદાજ છે. ૧૯૪૦માં ગુજરાતમાં કુલ ૭૮૮ પત્રો નીકળતાં, તે આજે ૧૫૪૫ થયાં છે.

ગુજરાતી પત્રકાત્વને સાહિત્યકાર–પત્રકારની ભેટ આપવામાં સૌરાષ્ટ્ર મોખરે રહ્યું છે. આનો સૌથી મોટો દાખલો ખુદ અમૃતલાલ શેઠનો જ હતો. ૧૯૨૨માં જ્યારે ઝવેરચંદ મેઘાણી કલકત્તાથી ભાવનગર પાછા ફર્યા, ત્યારે હવે શું કરવું તેની મથામણમાં હતા. રાણપુરથી 'સૌરાષ્ટ્ર' ત્યારે શરૂ થઈ ગયું હતું. મેઘાણીએ 'અમીરસની પ્યાલી' અને 'ચોરાનો પોકાર' જેવા લેખો છાપવા માટે મોકલ્યા. અમૃતલાલ શેઠ આ લેખો વાંચીને મેઘાણીની પ્રતિભા પારખી ગયા. એમના જ શબ્દોમાં કહીએ તો, "ડૂબતાનો હાથ ઝાલ્યો' અને 'સૌરાષ્ટ્ર'ના તંત્રીમંડળમાં મેઘાણીને સામેલ કરી દીધા હતા. આવી લેખનશૈલી શેઠમાં ક્યાંથી આવી ?" મેઘાણી કહે છે : "આવી નવીનતા ભાઈ અમૃતલાલની કલમમાં કોણે પૂરી હતી ? દેશી રાજ્યોની આપ ખુદી જોડે બાખડનાર લડાયક જુસ્સાએ ? મહાસભાની નવ પ્રદીપ્ત નિર્ભયતાએ ? ના, મને તો લાગે છે કે એ

નવીનતા સાહિત્ય સેવનમાંથી નીપજી હતી. શ્રી શેઠ પત્રકાર બન્યા તે પૂર્વે ઘણાં વર્ષના જૂના સાહિત્યસેવી હતા, કવિ પણ હતા. 'ચાલો, વ્હાલી જગતભરના ભોગ મોજો ત્યજી દો' એ મંદાક્રાન્તા કાવ્યના કર્તા શેઠ છે, એવું તો એ કાવ્ય પર અનુરાગ થયા પછી મેં આઠેક વર્ષે જાણેલું. આ સાહિત્યપ્રેમે જ શેઠના પત્રકારત્વને ભાષાવૈભવ, ઉર્મિરંગો અને કલ્પનાયુક્ત કલાવિધાન ચડાવ્યું."[૪]

ઝવેરચંદ મેઘાણીથી માંડીને હરકિશન મહેતા, હરસુખ સંઘાણી, કાંતિ ભટ્ટ, હસમુખ ગાંધી, કુંદન વ્યાસ, દિગંત ઓઝા, ક્કલભાઈ કોઠારી, ગુણવતંરાય આચાર્ય, વજુ કોટક, જયમલ્લ પરમાર, હરિન શાહ, બાબુભાઈ શાહ, શામળદાસ ગાંધી, જુગતરામ રાવલ, કિરીટ ગણાત્રા – આ બધા જ પત્રકારો સૌરાષ્ટ્રના છે. ઉપરાંત જયભિખ્ખુ, કુમારપાળ દેસાઈ, બચુભાઈ રાવત, ભૂપત વડોદરિયા પણ સૌરાષ્ટ્રના છે. સૌરાષ્ટ્રના પત્રકારો અમદાવાદ ઉપરાંત મુંબઈ જઈને વસ્યા અને ત્યાંથી પત્રકારત્વમાં યોગદાન ચાલુ રાખ્યું એ એક નોંધપાત્ર ઘટના છે.

ગુજરાતી પત્રકારત્વમાં અત્યારે મુખ્યત્વે ચાર પ્રવાહો જોવા મળે છે.

(૧) તળ ગુજરાતનું પત્રકારત્વ

(૨) સૌરાષ્ટ્રનાં આગવી ભાત ધરાવતાં અખબારો

(૩) દક્ષિણ ગુજરાતનું પ્રાદેશિક લઢણવાળું અખબાર જગત

(૪) મુંબઈનાં દૈનિકો અને સામયિકો.

આમાં સામયિકોની વાત કરીએ તો માહિતીપ્રદ સામયિકો મુંબઈથી ગુજરાતમાં ઠલવાય છે. ઉપરાંત મુંબઈથી 'નવનીત–સમર્પણ', 'ફાર્બસ ત્રૈમાસિક' જેવા સામયિકો પણ નીકળે છે. અમદાવાદથી 'સંદેશ', 'ગુજરાત સમાચાર', 'જયહિંદ', 'જનસત્તા',

'સમભાવ', 'પ્રભાત' જેવા દૈનિકો ઉપરાંત 'અખંડ આનંદ', 'નિરીક્ષક', 'નયામાર્ગ' જેવાં સામયિકો પ્રગટ થયાં છે. 'સંદેશ' અને 'ગુજરાત સમાચાર' જૂથમાંથી 'હેલ્થકેર' જેવાં સામયિકો પણ પ્રગટે છે.

સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી વર્તમાનપત્રો ઉપર દૃષ્ટિ કરીએ એટલે કેટલાક ચોક્કસ પ્રવાહો નજરે ચડે છે.

(૧) અખબારનો ફેલાવો વધ્યો છે. હજારનો ફેલાવો ૧,૦૦,૦૦૦ના આંકડા સુધી પહોંચી ગયો છે. એક લાખ અથવા એનાથી વધુ ફેલાવો ધરાવતાં દૈનિકોની સંખ્યા ઠીક ઠીક થઈ છે. ગુજરાતીમાં આવાં પાંચથી છ દૈનિકો અત્યારે અસ્તિત્વ ધરાવે છે એમ કહી શકાય. આ ઉપરાંત ૫૦,૦૦૦ થી વધુ ફેલાવો ધરાવતાં દૈનિકોની સંખ્યા પણ ઠીક ઠીક છે.

(૨) દૈનિકો હવે એકથી વધુ સ્થળેથી પ્રગટ થાય છે. 'લોકસત્તા' અમદાવાદ ઉપરાંત વડોદરાથી નીકળે છે. 'ગુજરાત સમાચાર' અમદાવાદ ઉપરાંત સુરત, રાજકોટ, વડોદરા અને મુંબઈથી પ્રગટ થાય છે. 'સંદેશ' અમદાવાદ ઉપરાંત વડોદરા, સુરત અને રાજકોટ એમ ચાર સ્થળેથી પ્રગટ થાય છે, 'જયહિંદ' રાજકોટ ઉપરાંત અમદાવાદથી પણ પ્રગટ થાય છે. આમ, પ્રાદેશિક ભાષાનાં પત્રો અંગ્રેજી પત્રોની સાથે કેટલીક બાબતોમાં સ્પર્ધા કરી રહ્યાં છે. નવું દૈનિક 'દિવ્યભાસ્કર' અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને મુંબઈ ઉપરાંત જામનગર અને ભૂજથી પણ નીકળે છે.

(૩) દૈનિકોના મુદ્રણની સાજસજ્જામાં હવે ધરમૂળથી ફેરફારો થયા છે. જૂની લેટરપ્રેસ–મુદ્રણ પદ્ધતિના સ્થાને હવે નવી ઓફસેટ પદ્ધતિ તથા ફોટો કંપોઝની પદ્ધતિ આવી છે. જેમાં ધાતુનું સ્થાન નાબૂદ થયું છે. આ સુધરેલી પદ્ધતિઓને લીધે હવે

દૈનિકો વધુ સુઘડ અને દેખાવડાં લાગે છે. રવિવારની પૂર્તિઓ રંગીન બની છે અને એ સિવાય પણ સપ્તાહમાં બુધવાર શુક્રવાર અને બીજા વારોની જુદી પૂર્તિઓ આપવામાં આવે છે. આ બાબતમાં ગુજરાતી પત્રો બીજા પ્રાદેશિક પત્રો કરતાં આગળ છે, એની નોંધ લેવી જોઈએ. રાજકોટનું દૈનિક 'જયહિંદ' ઓફસેટ અને ફોટો કમ્પોઝ પદ્ધતિ લાવનાર દેશનું અગ્રણી દૈનિક હતું. ગુજરાતી દૈનિકો પોતાનાં માસ્ટ હેડ રંગીન બનાવે છે, વિભાગોમાં સારું એવું વૈવિધ્ય લાવે છે. લે–આઉટની દૃષ્ટિએ આપણી પૂર્તિઓ ઘણી બાબતોમાં પહેલ કરનારી બની છે. નવી પદ્ધતિને લીધે ટાઈપોના મરોડની બાબતમાં પ્રયોગશીલતા શક્ય બની છે. હવે ઓછી જગ્યામાં વધુ સામગ્રી અને લેખો સમાવી શકાય છે.

ગુજરાતી પત્રો બીજી ભાષામાં પ્રાદેશિક પત્રો કરતાં કેટલીક બાબતોમાં ભિન્નતા ધરાવતાં હોવાનું જોઈ શાય છે. એક સમયે ગાંધીજી, શામળદાસ ગાંધી, અમૃતલાલ શેઠ, ઝવેરચંદ મેઘાણી જેવા સમર્થ પત્રકારો આપનાર ગુજરાતી પત્રકારત્વ હવે 'પ્રયોજન–પ્રધાન' કે ઝૂંબેશના પત્રકારત્વના સ્થાને ફેલાવાલક્ષી માળખું ધરાવતું થયું છે અને ઉદ્યોગ સતત ધમધમતો અને ઉત્પાદન કરતો રહે તેમ માલ વેચાતો રહે તો જ પોસાય તે રીતે અખબારોએ વસાવેલાં વિશાળકાય મુદ્રણયંત્રો અને બીજી સામગ્રીને સતત કામ કરતી રાખવી પડે છે. પરિણામે દૈનિક છપાઈ રહે એટલે ફાજલ પડતી યંત્રસામગ્રીનો ઉપયોગ કરવા માટે બીજા સામયિકો કાઢવાં પડે છે. આ સામયિકો વેચાવાં પણ જોઈએ, એટલે એમાંની સામગ્રીની પસંદગીનું એકમાત્ર ધોરણ 'લોકપ્રિયતા'નું રાખવું પડે છે. આ પરિસ્થિતિએ અખબારો અને સામયિકોના સમગ્ર માળખા ઉપર ગુણાત્મક અસર પાડી છે. આ વલણનો સીધો પ્રભાવ અખબારનાં જુદાં જુદાં અંગો ઉપર દેખાય છે.

રિપોર્ટિંગની બાબતમાં થોડું સનસનાટીયુક્ત વલણ વિકસ્યું છે. પરિણામે હવે મથાળાં મોટાં બન્યાં છે અને એની આસપાસ અનેક પેટા મથાળાં દેખાય છે. ખાસ કરીને હિંસા અને તોફાનોની ઘટનાનું અહેવાલ–લેખન ઘણીવાર પ્રમાણભાન ગુમાવી દેતું હોય એમ લાગે. હિંસાની દરેક નાની–મોટી ઘટનાને પ્રથમ પાને મોટા મથાળા સાથે રજૂ કરવાનું વલણ આપણી મિશ્ર અને વૈવિધ્યપૂર્ણ સમાજરચના માટે ઘણી વાર પ્રશ્નાર્થ જેવું બની જાય છે. પોલીસ કે ગુનાખોરીના અહેવાલોમાં હજુ કોમ કે જ્ઞાતિના લેબલ સાથે અહેવાલ લખાય છે.

ગુજરાતી, વર્તમાનપત્ર હોય કે સામયિક, એમાં સાહિત્યિક, સાંસ્કૃતિક, કળા અને સંસ્કારલક્ષી, શૈક્ષણિક વગેરે વિષયોનું વૃત્તાંત–નિયોજન ઓછું થયું છે અને જ્યોતિષ, મંત્ર–તંત્ર, વહેલો, રાજકારણ, ક્રિકેટ, ફેશન, સિનેમા વગેરે વિષયોનું પ્રાચુર્ય જોવા મળે છે એ એક વાસ્તવિકતા છે.

આ પ્રવાહ નોંધનીય પણ છે અને ચિંતનીય પણ છે. એને સમજાવી શકાય છે, પણ ન્યાયી ઠેરવી શકાય તેમ નથી. આપણી પાસે ‘ચિત્રલેખા’ જેવું ત્રણ લાખથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું સાપ્તાહિક છે, જે મુંબઈ શહેરમાં કોઈ પણ અંગ્રેજી પત્ર કરતાં વધુ ફેલાવો ધરાવે છે. આ નોંધપાત્ર સિદ્ધિ કહેવાય. આટલા વિશાળ ફેલાવાવાળાં પત્રો હવે સાહિત્યિક અને સાંસ્કૃતિક કવરેજ પણ કરતાં થાય તો આપણને સંપૂર્ણ કહી શકાય એવાં પત્રો અને સામયિકો મળે.

ગુજરાતીમાં ‘કુમાર’, ‘નવચેતન’, ‘નિરીક્ષક’, ‘ભૂમિપુત્ર’, ‘નયા માર્ગ’ જેવાં વિચારપત્રો અસ્તિત્વમાં છે, પણ એમનો ફેલાવો ખૂબ જ ઓછો છે. ‘શબ્દસૃષ્ટિ’ અને ‘પરબ’ સુંદર સાહિત્યિક સામયિકો હોવા છતાં એ સંસ્થાને આશ્રયે ચાલે છે. ‘કુમાર’ અને ‘નવચેતન’નો એક જમાનો હતો. હવે નવી પેઢી એમનાં નામ પણ નહીં

જાણતી હોય. આ એક ભારે કરુણ પરિસ્થિતિ કહેવાય. આ બધાં શુદ્ધ વિચારપત્રો છે અને વિચારપત્રને ટકાવવાનું કામ પણ સમાજનું છે.

આજે મોટી સંખ્યામાં ગુજરાતીઓ વિદેશમાં સ્થાયી થયા એટલે ત્યાંથી પ્રગટ થતાં ગુજરાતી અખબારોની પણ નોંધ લેવી જ પડે. 'ગુજરાત સમાચાર' ન્યૂયોર્કથી પણ બહાર પડે છે, તો 'સંદેશ' શિકાગોથી નીકળે છે. 'નયા પડકાર'ની પણ અમેરિકી આવૃત્તિ છે. ઈંગ્લેંડથી 'ગુજરાત સમાચાર' અને 'ગરવી ગુજરાત' એમ બે પત્રો નીકળે છે.

અમેરિકાથી કેટલાંક સામયિકો પણ બહાર પડે છે. પાકિસ્તાનમાંથી 'ડોન ગુજરાતી', 'મિલત' અને 'મેમણ ન્યૂઝ' નીકળે છે. આફ્રિકાથી પણ કેટલાંક ગુજરાતી પત્રો બહાર પડે છે. આમ, ગુજરાતી પત્રકારત્વ દેશની સરહદ વટાવીને વિશ્વભરમાં છવાઈ ગયું છે. હવે ઈન્ટરનેટ ઉપર પણ સંખ્યાબંધ પત્રો પોતાની આવૃત્તિ મૂકે છે.

આમ, 'ગુજરાતી પત્રોએ' ૪૭ પછી ઘણો વિકાસ સાધ્યો છે. જામનગરથી 'ભૂમિ' અને 'નોબત' નામનાં દૈનિકો નીકળતાં, તેમાં હવે 'આજકાલ'નો ઉમેરો થયો છે. જૂનાગઢથી 'સૌરાષ્ટ્ર ભૂમિ' નીકળે છે. સૂરતથી પણ 'નવનિર્માણ' બહાર પડે છે.

ગુજરાતીમાં કટાર–લેખન ભારતની કોઈપણ ભાષા કરતાં વધારે વિકસ્યું છે. એક પત્રમાં એક સાથે ત્રીસથી ચાલીસ જેટલા લેખકો જુદા જુદા વિષયો ઉપર કટારો લખે છે. જૂના જમાનામાં જૂની પેઢીના લોકો પત્રકારત્વનું કામ કરતા. હવે એમાં યુનિવર્સિટીઓમાં ચાલતી તાલીમશાળાઓમાંથી બહાર પડતા વિદ્યાર્થીઓ દાખલ થયા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીથી માંડી ભાવનગર, વડોદરા, અમદાવાદ વગેરે સ્થળોએ પત્રકારત્વની તાલીમ અપાય છે, એટલું જ નહીં, પણ પીએચ.ડી. કક્ષાના સંશોધનની

વ્યવસ્થા અસ્તિત્વ ધરાવે છે. આમ, પત્રકારત્વમાં એક પ્રકારની વ્યવસાયલક્ષિતા જોવા મળે છે.

છેલ્લા દોઢ દાયકામાં બનેલી કેટલીક ઘટનાઓ નોંધપાત્ર છે. 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'ની ગુજરાતી આવૃત્તિ ૧૯૮૮માં શરૂ થઈ, પણ ટૂંકા ગાળામાં બંધ થઈ ગઈ. એ જ જૂથનું મહિલા સામયિક 'ફેમિના' પણ ગુજરાતીમાં આવ્યું અને બંધ થયું. પણ દિલ્હીના એક જૂથનું 'ગૃહશોભા' ચાલી રહ્યું છે. જાણીતું હિંદી સામયિક 'મનોહર કહાનિયાં' પણ ગુજરાતીમાં આવી ચૂક્યું છે. 'ઈન્ડિયા ટૂડે'ની ગુજરાતી આવૃત્તિ પાક્ષિક હતી, તે હવે સાપ્તાહિક બનીને બંધ થઈ ગઈ.

સૂરતનું 'જન્મભૂમિ' જૂથનું બપોરનું દૈનિક 'પ્રતાપ' ૧૯૯૧માં બંધ થયું. તાજેતરમાં 'ઈન્ડિયન એકસપ્રેસ' જૂથનું પાક્ષિક 'રંગતરંગ' પણ બંધ થયું છે. 'જન્મભૂમિ'ની ગુજરાતી આવૃત્તિ ગાંધીનગરથી નીકળી, પણ ચાલી નહીં 'ચિત્રલેખા' અને 'અભિયાન' શ્રેણીમાં નીકળતું મુંબઈનું 'યુવાદર્શન' બંધ થયું. 'અખંડ આનંદ', 'નિરીક્ષક', 'કુમાર' વગેરે બંધ થઈને ફરી શરૂ થયાં છે. સાહિત્યિક સામયિકોમાં 'પ્રત્યક્ષ' અને 'ઉદ્દેશ'નો ઉમેરો થયો છે.

ગુજરાતી પત્રકારત્વ ૨૦મી સદી પૂરી કરી, હવે ૨૧મી સદીમાં પ્રવેશી ચૂક્યું છે. ટેકનોલોજીનો નવો યુગ શરૂ થયો છે. દૈનિકો અને સામયિકો હજી વધુને વધુ સમૃદ્ધ બનશે તેવી આશા રાખવી અસ્થાને નથી.

જયપુર 'યુસિસ' દ્વારા અન્વેષણાત્મક 'રિપોર્ટિંગ' અંગે જે પરિસંવાદ યોજાઈ ગયો એનો ટૂંકો અહેવાલ વિનોદ મહેતાએ 'સન્ડે ઓબ્ઝર્વર'માં લખ્યો છે. આ અહેવાલ વાંચતાં લાગે છે કે પરિસંવાદ ચોક્કસ રસપ્રદ બન્યો હોવો જોઈએ. એમાં દેશના અનેક

યુવાન પત્રકારોએ ભાગ લીધો હતો અને 'ઈનેવેસ્ટિવ રિપોર્ટિંગ'ની બાબતમાં ઉત્તેજક ચર્ચા કરી હતી. ખુદ વિનોદ મહેતા ઘણીવાર એકલા પડી ગયા હતા અને મોટા ભાગના યુવાન પત્રકારો સામી બાજુ હતા, એવો મુક્ત એકરાર પણ એમણે કર્યો છે. (યુસિસ આવા પ્રશ્નોમાં રસ લે છે એ આનંદની વાત છે.)

"દુનિયામાં વર્તમાન પત્રોની સંખ્યા જર્મનીમાં ૩૭૩૮, ઈંગ્લાંડમાં ૨૫૦૯, ફ્રાન્સમાં ૨૦૦૦, ઈટાલીમાં ૧૨૨૬, ઓસ્ટ્રિયામાં ૧૨૦૦ અને રશિયામાં ૫૦૦ વર્તમાન પત્રો છે. બધાં મળીને યુરોપ ખંડમાં ૧૩૬૦૦ વર્તમાનપત્રો તથા ચોપાનીયાં છે, અમેરિકામાં ૯૧૨૯, એશિયામાં ૩૮૮, ઓસ્ટ્રેલિયામાં ૧૦૦ અને આફ્રિકામાં ૫૦ થાય છે. દુનિયામાં કુલ સંખ્યા ૨૩૨૯૦ની થાય છે."[૫]

આપણા દેશમાં છેલ્લા દાયકામાં અન્વેષણાત્મક પત્રકારત્વે ઠીક ઠીક કાઠું કાઢ્યું છે અને હવે તો આ પ્રકારના રિપોર્ટિંગની મોસમ પૂર બહારમાં ખીલી છે. હમણાં ભાષાકીય પત્રકારત્વનો ગોએન્કા એવોર્ડ મેળવી જનાર ભોપાલના યુવાન પત્રકાર કેશવાણીના અહેવાલો આનો સારો એવો નમૂનો પૂરો પાડી જાય છે. ભોપાલની દુર્ઘટના બની એના ઘણા સમય પહેલાં એમણે સત્તાવાળાઓ અને લોકોનું એના તરફ ધ્યાન દોર્યું હતું, પણ એમની વાત કોઈએ કાને ધરી નહોતી.

વિનોદ મહેતા જણાવે છે તેમ, "પરિસંવાદમાં બે રસપ્રદ મુદ્દા ઉપસ્થિત થયા હતા. એક તો એ કે પત્રકારનું કામ જે તે ઘટનાઓનો અહેવાલ આપીને અટકી જવાનું છે પછી એથી પણ એણે આગળ જવાનું છે ? આગળ જવાનું છે તો ક્યાં સુધી ? એણે માત્ર 'ઈન્વેસ્ટિગેટિવ રિપોર્ટિંગ' કરવાનું છે કે પછી એથી આગળ વધીને એડવોક્સી જર્નાલિઝમ પણ અપનાવવાનું ? માની લો કે કોઈ ચોક્કસ રાજકારણી અથવા ચોક્કસ

તંત્રમાં ચાલતી ગેરરીતિ એણે ખુલ્લી કરી, પણ એમ તંત્ર ઉપર કે વ્યક્તિ ઉપર કોઈ અસર જ ન થાય તો ? પરિસંવાદમાં હાજર રહેલા સંખ્યાબંધ પત્રકારોએ એવી ફરિયાદ કરી હતી કે અમે લખી લખીને થાકી જઈએ છીએ. પણ તંત્ર દાદ જ આપતું નથી. રાજકારણીઓ એટલા નીંભર થઈ ગયા છે કે ટીકાઓને ઘોળીને પી જાય છે. પ્રધાનો, અમલદારો અને મૂડીપતિઓ અખબારને ગાંઠતા નથી જ્યારે ખૂબ મહેનતને અંતે પત્રકાર કોઈ 'સ્કૂપ' લાવે અથવા કોઈ સંશોધનાત્મક અહેવાલ તૈયાર કરે અને પછી એની કોઈ જ અસર ન થાય ત્યારે એને નિરાશા થાય જ. એને પ્રશ્ન થાય કે આપણું કોઈ સાંભળતું જ નથી તો આ ગદ્ધામજૂરી શા માટે કરવી ? અરુણ શૌરીએ અંતુલે વિરુદ્ધ ગમે તેટલું લખ્યું પણ એણે રાજીનામું તો કોર્ટનો ચુકાદો એની વિરુદ્ધ આવ્યો ત્યારે જ આપ્યું ને ?"[૬]

આ એક એવો પેચીદો પ્રશ્ન છે કે જે નવી પેઢીના પત્રકારોને મૂંઝવે છે. નવી પેઢીના પત્રકારને નવું પત્રકારત્વ ખેડવાની મહેચ્છા છે. જોકે આ નવું પત્રકારત્વ એટલે કે 'ન્યુ જર્નાલિઝમ' શબ્દ અમેરિકાથી આવ્યો છે. નવું પત્રકારત્વ સૌ પ્રથમ અમેરિકામાં જ પાંગર્યું હતું. એની કેટલીક બાબતો ચોક્કસ રસપ્રદ અને અપનાવવા જેવી છે. આ નવા પત્રકારત્વ હેઠળ એક તો પત્રકાર પોતાના અહેવાલ લેખનમાં બને એટલો 'નિરપેક્ષ', 'ઓબ્જેક્ટિવ' રહે છે અને બીજું એ પોતાના લેખનને ઝૂંબેશ બનાવે છે. પોતાનો હેતુ સિદ્ધ ન થાય ત્યાં સુધી એની પાછળ પડે છે, એને માટે ભોગ આપે છે અને સતત પોતાના મુદ્દામાં શું બન્યું એની માહિતી પણ વાચકને આપતો રહે છે.

પણ વિનોદ મહેતા જેવા પત્રકારો પત્રકારત્વની આ નવી ભૂમિકા સાથે સંમત નથી. એ તો પ્રણાલિકાગત ભૂમિકાની જ હિમાયત કરે છે. એમનું કહેવું છે કે પત્રકારે પોતાને જે જાણવા મળે એ લખી દેવું પણ પછી એમાં આગળ શું થયું એની ચિંતા ન

કરવી કે એની પાછળ ન પડવું. પત્રકાર એ સમાજસુધારક કે ઝૂંબેશ ચલાવનાર નથી. એનું કામ માત્ર લાલ બત્તી ધરવાનું છે. એણે માત્ર અંગુલીનિર્દેશ કરવાનો છે. બાકીનું કામ સમાજે પોતે ઉપાડી લેવાનું છે. એણે તો એક અહેવાલ તૈયાર થયો એટલે બીજા અહેવાલની શોધમાં નીકળી પડવાનું છે. દરેક અહેવાલના અમલ માટે એ ઝુંબેશ ચલાવી શકે એટલો સમય, એટલું તંત્ર અને એટલી શક્તિ એની પાસે નથી.

પત્રકાર જો ક્રાંતિની મશાલ હાથમાં લઈને નીકળી પડે તો એને ભૂખે મરવાનો વારો આવે. એનું એ કામ નથી. એનું કામ લોકો જે જાણતા નથી એ બતાવવાનું છે. એ 'એકસપોઝર' આપે પછી શું કરવું એ લોકોએ વિચારવાનું છે. પત્રકાર આદર્શવાદી સંત કે સમાજને 'સુષ્ઠુ' સ્વરૂપમાં જોનાર આર્ષદૃષ્ટા નથી. પણ બીજી બાજુ યુવાન પત્રકારોની પેઢી ઉગ્ર મિજાજમાં છે એ કહે છે કે, "આપણે હવે પત્રકારત્વની દિશા બદલવી પડશે. પત્રકાર પણ લોકશાહીનું એક અનિવાર્ય અંગ છે. સંસદ, ન્યાયતંત્ર અને કારોબારીની જેમ એણે પણ સક્રિયપણે પોતાની ભૂમિકા ભજવવાની છે. એ ટેબલ–ખુરશી પર બેસીને અહેવાલ લખી નાખે ત્યાં એનું કામ પૂરું થતું નથી. ખાસ કરીને જ્યાં રાજકારણીઓ અને અમલદારો રીઢા થઈ ગયા હોય અને લોકમત અસરકારક ન હોય ત્યાં તો એણે જ મેદાનમાં આવવું પડશે. પત્રકારત્વની વ્યાખ્યા હવે નવા નવા સંજોગોમાં બદલવી પડશે."[૭]

## ૮.૨ પત્રકારત્વની આજ :

૨૦મી સદીના ઉત્તરાર્ધમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રે કલ્પનાતીત સંશોધનો થયાં, જેનાથી સમગ્ર માનવજીવન પ્રભાવિત થયું. ગ્રંથાલય અને માહિતી કેન્દ્રો પણ તેના પ્રભાવથી બાકાત રહ્યાં નથી.

પ્રગતિનો આધાર યોગ્ય માહિતીની ઉપલબ્ધિ ઉપર છે. પરંતુ પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે શું દરેક માહિતી દરેક ઉપભોકતાને ઉપયોગી છે ? શું દરેક માહિતી પ્રત્યે ઉપભોકતા જાગૃત છે ? આજના આઈ.સી.ટી.ના યુગમાં માહિતી અસ્તિત્વમાં આવે છે તે માહિતી બીજી જ ક્ષણે જૂની થઈ જાય છે. દરેક ઉપભોકતાને તેની માહિતી અસ્તિત્વમાં આવે છે તે માહિતી બીજી જ ક્ષણે જૂની થઈ જાય છે. દરેક ઉપભોકતાને તેની માહિતી પ્રાપ્ય બનતાં માહિતીનો ઉપયોગ શક્ય બને છે. તે માટે માહિતીનું પ્રત્યાયન કરવું બને છે. ટેકનોલોજી દ્વારા પ્રત્યાયન ઝડપી બને છે. આધુનિક માહિતી અને પ્રત્યાયન પ્રૌદ્યોગિકીનાં લાભ લઈ માહિતી સાક્ષરતા દ્વારા ઉપભોકતા વધુને વધુ સુલભ બનાવી શકાય છે.

માહિતીના ઔપચારિક પ્રત્યાયન માટે કોઈપણ વ્યક્તિને પ્રલેખો અને તેમાં ઉપલબ્ધ વિષયવસ્તુ ઉપર આધાર રાખવો પડે છે. આ ભૌતિક પ્રલેખોમાં સંગ્રહિત વિષયવસ્તુ સમગ્ર સમાજની વર્તમાન અને ભાવિ પેઢીને માટે અત્યંત ઉપકારક બને છે. આથી એ માહિતીનું પેઢી દર પેઢી સુધી પ્રત્યાયન કરવાનું કાર્ય વિવિધ સંસ્થાઓ હોય છે. પુસ્તકોમાં એ નિર્જીવ વસ્તુ છે. અત્યંત ઉપયોગી માહિતીથી સમૃદ્ધ હોવા છતાં તે કોઈને કશું જ કહી શકતું નથી. પુસ્તકોમાં સમાવિષ્ટ માહિતીના પ્રત્યાયન માટે ઉત્તેજન આપવાનું કાર્ય કેટલીક અગત્યની સંસ્થાઓ અને વ્યક્તિઓ કરતી હોય છે. જે આ પ્રમાણે છે :

[૧] **સમૂહ માધ્યમો :**

(અ) મુદ્રણાલય

(બ) આકાશવાણી

(ક) દૂરદર્શન

(ડ) ચલચિત્ર

[૨] **ટેકનોલોજી :**

(અ) ઈન્ટરનેટ

(બ) ઈન્ટ્રાનેટ

(ક) એક્સ્ટ્રાનેટ

(ડ) LAN

(ઇ) WAN

(ઈ) નેટવર્કિંગ

(ઉ) વેબ ટેકનોલોજી વગેરે.

"માઈક્રોપ્રોસેસરના આગમનને કારણે માહિતીના આદાન–પ્રદાનમાં ઘણી નવીનતા તથા ઝડપ આવી છે. સામાન્ય હેતુના કોમ્પ્યુટર પાસેથી વિશિષ્ટ કાર્ય લઈ શકાય. કોમ્પ્યુટરના વિવિધ પાસા ઉપરાંત માહિતીનો સંગ્રહ, તેની પુનઃપ્રાપ્તિ વગેરે માધ્યમોમાં પરિવર્તન આવતું જાય છે. જેમ કે વિવિધ મેગ્નેટિક માધ્યમો ઉપર માહિતી સંગ્રહની સુવિધા પ્રાપ્ત કરી શકાય છે. આ ઉપરાંત ફલોપી–ડિસ્ક, માઈક્રો–ફલોપી અને વીડિયો ડિસ્ક જેમાં અસંખ્ય માત્રામાં માહિતી સંગ્રહિત કરી શકાય છે. કોમ્પ્યુટર ટેક્નોલોજીના વિકાસ સાથે પ્રત્યાયન ટેક્નોલોજી જેમાં ઈન્ટરનેટ અને વેબ ટેક્નોલોજીની ભૂમિકા મુખ્ય છે તેનો વિકાસ થતાં માહિતી પ્રત્યાયનમાં અદ્‌ભૂત પરિવર્તન આવવા પામ્યું છે. કોમ્પ્યુટર ટેક્નોલોજી દ્વારા માહિતી પ્રક્રિયા, સંગ્રહ અને પુનઃપ્રાપ્તિ થઈ શકે છે જેમાં હાર્ડવેર, સોફ્ટવેર તથા નિવેશ અને નિર્ગમન પ્રયુક્તિઓ અને સાધનોનો ઉપયોગ થાય છે. માહિતી ટેક્નોલોજીમાં પ્રિન્ટર, ફોટો કોપીઅર, માઈક્રોફીલ્મીંગ, સ્કેનિંગ, ફેક્સ વગેરેનો સમાવેશ થઈ શકે છે. ત્યારે પ્રત્યાયન ટેક્નોલોજીમાં ઈન્ટરનેટ, ઈન્ટ્રાનેટ, એક્સ્ટ્રાનેટ, LAN, WAN, નેટવર્કિંગ, વેબ ટેક્નોલોજી વગેરેનો સમાવેશ

થાય છે. આ તમામ ટેક્નોલોજીના ઉપયોગની જાણકારીની પણ અગત્યતા સાંપ્રત સમયમાં પ્રાધાન્ય ધરાવે છે."[૮]

૨૧મી સદીએ જ્ઞાનની સદી છે. વર્તમાન સમયને પ્રૌદ્યોગિકીનો સમય માનવામાં આવે છે. દિન–પ્રતિદિન અવનવા લેખો કે પ્રલેખો પ્રકાશિત થતા જાય છે. માનવ જીવનની અન્ય પ્રકૃતિની જેમ કમ્પ્યુટરનો ઉપયોગ આવશ્યક બન્યો છે. આ પરિવર્તનના જુવાળનું કેન્દ્રબિંદુ છે ઈલેકટ્રોનિકસ ટેક્નોલોજીથી થતી નવી નવી શોધ અને તેના દ્વારા અસ્તિત્વમાં આવતા માહિતીના સંગ્રહ, પુનઃપ્રાપ્તિ અને પ્રત્યાયન માટેના નવા નવા ઉપકરણો અને તે દ્વારા જરૂરી માહિતી કે સેવાઓ ઝડપી અને સરળતાથી ઉપભોક્તાઓ પ્રાપ્ત કરી શકે છે.

સામાન્ય રીતે માહિતી પ્રત્યાયન એટલે 'વિચારો કે માહિતીની આપ–લે'. આજે જેમ બને તેમ ઝડપથી માહિતી લોકો સુધી પહોંચે તેવું શિક્ષણશાસ્ત્રીઓ વિચારે છે. જે સાંપ્રત આઈસીટીને કારણે થઈ રહ્યું છે. તેમાં મુખ્ય ફાળો ઈન્ટરનેટનો છે. માહિતીના આવા ઝડપી યુગમાં કૉલેજો એ ખૂબ મોટું ક્ષેત્ર છે. બધા જ પ્રકારના પ્રકાશનો ગ્રંથાલય પાસે ન હોય અથવા કેટલીકવાર ત્યાં સુધી પહોંચતા લુપ્ત થઈ જાય છે. એમ કહી શકાય કે યોગ્ય સમયે પહોંચી શકતા નથી. જે નેટવર્કના કારણે આ કામ સરળ બન્યું છે.

"આ સર્વે મુજબ હાલ ભારતમાં ઈન્ટરનેટનો ઉપયોગ ૩.૨ ટકા લોકો કરે છે. જ્યારે ચીનમાં ૭.૩ ટકા લોકો ઉપયોગ કરતા થયા છે. જે ઈન્ટરનેટ દ્વારા માહિતીનું આદાન–પ્રદાન કરે છે. બ્લોઝ, ટ્વીટર, સોશ્યલ નેટવર્કિંગ તેમજ વિકિઝ અવલોકનોને કારણે પોતાના વિચારોને ઓનલાઈન વ્યક્ત કરી શકાય છે. ઉપરાંત આધુનિક

ટેક્નોલોજીની મદદથી આજે સ્થાનિક, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કક્ષાએ સંગ્રહિત માહિતીની પ્રાપ્તિ શક્ય બને છે."[૯]

દુનિયાની આસપાસનું માહિતીનું વાતાવરણ એ વેબ પર આધારિત માધ્યમો જેવા કે માહિતી અને પ્રત્યાયન તક્નિકી (આઈસીટી) વૈશ્વિકીકરણ, નેટવર્ક અને ઈન્ટરનેટની ઝડપને લીધે તાત્કાલિક તેની દરેક મિનિટ અને અસાધારણ ઝડપમાં બદલાવ લાવે છે. તેમ છતાં, શિક્ષણની પ્રગતિ અને વિકાસ માટેની વાસ્તવિકતા તેઓને નિર્ણાયક રીતે તેના મહત્ત્વનાં પરિબળમાં શૈક્ષણિક પર્યાવરણના દ્વાર ખોલે છે અને શૈક્ષણિક મટીરિયલ્સ પૂરું પાડે છે અને તેની વ્યવસ્થાની ખાતરી આપે છે.

ઈ.સ. ૧૮૨૨માં 'મુંબઈ સમાચાર'ના આરંભ સાથે ગુજરાતી પત્રકારત્વનો ઉદ્ભવ થયો. જેમાં આજે ગુજરાતી અખબારી આલમે ૧૯૦ વર્ષની કરેલી સુદીર્ઘ અક્ષરયાત્રામાં વિકાસનાં અનેક સીમાચિહ્નો સ્પર્શી બતાવ્યાં છે. દૈનિક સમાચારપત્રો, મુદ્રિત સ્વરૂપના જનસંપર્કીય માધ્યમોમાં સૌથી વધુ અસરકારક માધ્યમ છે. એથી વિરુદ્ધ સૌથી અલ્પજીવી માધ્યમ પણ છે જ ! 'અખબાર' અથવા 'દૈનિક સમાચારપત્ર' શબ્દ કાને પડતાં જ દુનિયાભરના સમાચારોને એક સાથે રજૂ કરતા પદાર્થનો આપણામાં અનાયાસે આભાસ ઊભો થયા વિના રહેતો નથી.

સમાચારપત્રની શાસ્ત્રીય અને પારંપરિક વ્યાખ્યામાં, સામાન્ય સમાચારો સનસનીખેજ સમાચારો, વિશ્લેષણાત્મક સમાચારો, આલેખાત્મક સમાચારો, મુલાકાત આધારિત સમાચારો, માહિતીદર્શી સમાચારો જેવા માત્ર અને માત્ર સમાચારોનો જ સમાવેશ થાય છે. સમાચારપત્રની સાથે સાથે 'સમાચાર'ના લેખો અને અન્ય રસિક, વાચ્યપ્રદ, મનોરંજક વિષયો જેવા કે સમાજકારણ, રમત જગત, સાહિત્ય, ફિલ્મ, રંગભૂમિ, બાળકો, યુવાનો અને મહિલાલક્ષી સાહિત્ય પીરસતા સાપ્તાહિકો, પાક્ષિકો,

માસિકો અવતાર ધારણ કરતાં અખબારી માંધાતાઓએ પોતાના વાચકો પ્રત્યેની પોતાની જવાબદારીનો એકરાર કરીને પોતપોતાના દૈનિકપત્રોમાં સામયિક સ્વરૂપને સમાવી લેવાનું શરૂ કર્યું.

હા, આમાં દૈનિકપત્ર સામે સામયિકો સ્પર્ધામાં નથી. સ્પર્ધાનું આંશિક તત્ત્વ એ છે કે, આજે દૈનિકપત્રો બને એટલા વધુ વિષયો પર પોતાના વાચકોને જ્ઞાન–માહિતીસભર લેખ, વિભાગો આપવાનો પ્રયાસ કરે છે. આ વાત આપણે જરા જુદી રીતે જોઈએ તો ઈ.સ. ૧૯૪૬માં અર્થાત્ ગુલામી અવસ્થામાં પણ ગુજરાતી ભાષાના ૨૯ દૈનિક સમાચારપત્રોની સાથોસાથ ૭૮ સાપ્તાહિકો અને ૧૨ પાક્ષિકો સહિત ૧૧૯ જેટલા વૃત્તપત્રો પ્રગટ થાય છે. (ઈ.સ. ૧૯૯૫ના ઉપલબ્ધ આંકડાઓ મુજબ)

આમ, આજના દૈનિકપત્રોએ પોતાના અંગઉપાંગો પર સજવા માંડેલી સામયિકલક્ષી રૂપસજ્જા વધુ ને વધુ નાવીન્યપૂર્ણ રીતે વિસ્તરવા માંડી છે, ત્યારે મૂળ તો વાચકોની સમાચાર ક્ષુધાને સંતોષવાના મહાવ્રત સાથે મેદાનમાં આવેલા દૈનિક સમાચારપત્રોએ સામયિક સ્વરૂપે આપેલા જરૂર કરતાં વધુ મહત્ત્વને ધ્યાનમાં લેતા સુજ્ઞ વાચકોની અભ્યાસુ નજર તરત પૂછી બેસશે કે આ તો દૈનિકપત્રો છે કે સામયિકો ? આ સવાલનો જવાબ મેળવવા અહીં પ્રયાસ કરવામાં આવ્યો છે. આ સવાલને ચર્ચાની એરણે મૂકવામાં આવ્યો છે.

આજનાં દૈનિકપત્રો વાસ્તવમાં દૈનિકપત્રો છે કે સામયિકો ? એ તો ચર્ચાનો પ્રામાણિક અંત જ કહી આપશે. દૈનિકપત્રો એ સામયિકના સ્વરૂપને અર્થાત્ વિવિધ વિષયોસભર લેખ વિભાગ, કટારો અને વિશેષ લેખોને બહોળા પ્રમાણમાં આવરી લીધા

છે, એ હકીકત છે પણ સામયિકનું કદ ધારણ કર્યું છે કે સ્વીકાર્યું છે, એવું કહેવાનો અર્થ નથી. આઝાદી પછીના લગભગ દોઢેક દસકાના સમયગાળા દરમિયાન વૃત્તપ્રત્રોએ સારા પ્રમાણમાં વિકાસકૂચ જારી રાખી. બાદમાં ઈ.સ. ૧૯૬૫થી ૧૯૭૫ સુધીના આ દસકા દરમિયાન ગુજરાતી દૈનિકપત્રોના ફેલાવાએ ઘણો ઊંચો આંક વટાવી બતાવ્યો. કિન્તુ, સાથે સાથે માહિતીપ્રદ અને ઉત્તેજક વાચન પૂરું પાડતાં સામયિકોના વધતા જતા પ્રમાણને કારણે ઈ.સ. ૧૯૯૦ના દાયકામાં ગુજરાતી અખબારો નવીન રૂપ સજાવટ સાથે, વાચકોએ સામયિકોને કોરાણે મૂકવા પડે એ રીતે રજૂ થવા માં   ા. આઠ પાનાના વાચનને બદલે લગભગ બારથી સોળ પાનાંના રંગબેરંગી પૂર્તિવિભાગના રસથાળ સહિત અખબારો વાચકોના માનસપટ ઉપર છવાઈ જવા લાગ્યા.

આદિ પત્રકાર તરીકે આપણે મહર્ષિ નારદને ગણાવી શકીએ. એ રીતે પત્રકારત્વ આદિકાળ જૂનું છે. અખબાર એટલે જ ખબરો. જેમાં ખબર આવે તે અખબાર અને ખબરમાં તાજાપણાની અપેક્ષા રહેવાની જ ! જૂની વાતને ખબર કે સમાચાર કહી શકાય નહિ. અમુક સમય વીત્યા પછી તેનું ખબરપણું ઇતિહાસનું રૂપ ધારણ કરે છે. કેમકે તેની સાથે નિશ્ચિત કાળખંડ અને નિશ્ચિત ઘટનાક્રમ જોડાયેલો હોય છે. આમ, આજનું દૈનિકપત્ર કોઈના માટે આવતીકાલે પસ્તી બની રહે છે, તો કોઈના માટે તે ઐતિહાસિક દસ્તાવેજ પણ છે. બે સદી જૂનો ગુજરાતી અખબારોનો ઇતિહાસ ઉજ્જવળ છે. બે સદીના ત્રણ યુગ અથવા ત્રણ તબક્કા પાડી શકાય.

(૧) ‘મુંબઈ સમાચાર’ના સ્થાપના વર્ષ ઈ.સ. ૧૮૨૨થી ૧૮૮૦ સુધીનો આરંભ ગાળો.

(૨) મધ્યભાગ ઈ.સ. ૧૮૮૦માં ‘ગુજરાતી’ સાપ્તાહિકની શરૂઆતથી ઈ.સ. ૧૯૧૯નો ગાળો.

(૩) ઈ.સ. ૧૯૧૯માં ગાંધીજીએ 'નવજીવન' મુખપત્રનું સુકાન સંભાળ્યું. ત્યારથી આજે વીસમી સદીના અંત ઈ.સ. ૨૦૦૦ સુધીનો ગાળો.

ગુજરાતી પત્રકારત્વનો આરંભ પારસી સાહસિક યુવાનોએ કરી આપ્યો છે. ઘણાં પત્રો અલ્પજીવી નીવ ાં. ઈ.સ. ૧૮૩૫માં 'મુંબઈ ચાબુક'ના તંત્રી નવરોજી દોરાબજી ચાનદારૂએ 'ફરી પ્રેસ' (ફ્રી પ્રેસ) નામનું સમાચારપત્ર કાઢયું હતું. પરંતુ તે માર્ચ અને એપ્રિલ એમ બે જ માસ ચાલીને બંધ થઈ ગયું હતું. નસરવાનજી ટેમુલજી દૂરબીને 'મુંબઈ દૂરબીન' નામનું સમાચારપત્ર તા. ૧૫–૧૨–૧૮૩૭માં કાઢ્યું હતું. જે આઠેક વર્ષ ચાલ્યા બાદ તા. ૭–૧૦–૧૮૪૬ના રોજ બંધ પ ું હતું. પાંચ–છ પારસી યુવાનોએ તા. ૧–૮–૧૮૪૯થી 'સમાચાર દર્પણ' નામના દૈનિક સમાચારપત્રનો આરંભ કર્યો હતો. જે ઈ.સ. ૧૮૬૮માં 'અખબારે સોદાગર' સાથે જોડી દેવામાં આવ્યું હતું. ('અખબારે સોદાગર'નો આરંભ દાદાભાઈ કાવસજી દાઢીવાળાએ કર્યો હતો.) 'ચાબુક' નામનું સમાચાર પત્ર પણ 'અખબારે સોદાગર' સાથે તા. ૧૫–૩–૧૮૭૨થી જોડાઈ ગયું હતું.

મુંબઈમાં જ રહેતા સાહસિક યુવાન પત્રકાર રણછોડદાસ ભવાનજી લોટવાલાએ ઈ.સ. ૧૯૧૩માં 'અખબારે સોદાગર' તથા તેની સાથેના બંને સમાચારપત્રો સહિત રૂા. ૪૦૦૦/–માં ખરીદી લીધા હતા. બાદમાં તેમણે નવું નામ 'હિન્દુસ્તાન'રાખીને રોજેરોજ દૈનિક સમાચારપત્ર કાઢવાનું શરૂ કર્યું. આ સાહસિક યુવાને અડધો ડઝનથી વધુ સમકાલીન સમાચારપત્રો ખરીદ્યાં, ચલાવ્યાં ને આખરે બંધ પણ કરવા પ ાં.

ગુજરાતમાં ઈ.સ. ૧૮૬૧માં ભરૂચથી પેસ્તનજી રુસ્તમજી ભરૂચાએ 'ભરૂચ વરતમાન' નામનું સાપ્તાહિક શરૂ કર્યું હતું. જે ૨૫ વર્ષ સુધી સરસ રીતે ચાલ્યું હતું.

રાજકોટથી તા. ૭–૧૧–૧૮૬૪થી 'કાઠિયાવાડ સમાચાર' નામનું દર સોમવારે પ્રગટ થતું સાપ્તાહિક શરૂ કર્યું હતું. યુવાન પત્રકાર ટી. એ. વઝીરાણીએ ઈ.સ. ૧૮૮૮માં રાજકોટથી સપ્તાહમાં બે વાર પ્રગટ થતું સમાચારપત્ર 'કાઠિયાવાડ ટાઈમ્સ' શરૂ કર્યું હતું. આ અગાઉ તા. ૬–૧–૧૮૮૬ના રોજથી બેજનજી રુસ્તમજી દારોગાએ ભરૂચથી 'ભરૂચમિત્ર' નામનું બુધવારિયું (સાપ્તાહિક) કાઢ્યું હતું.

ઈ.સ. ૧૮૭૫ના અરસામાં ગુજરાતી સહિત વિવિધ ભારતીય ભાષાઓના મળીને મુંબઈમાંથી ૬૨ સમાચારપત્રો ઉત્તર અને મધ્યભારતમાં મળીને ૬૦ સમાચાર–પત્રો બંગાળ (હાલના બાંગ્લાદેશ સહિત) પ્રાંતમાંથી ૨૮ જેટલા તેમજ ચેન્નાઈ (મદ્રાસ) સહિતના દક્ષિણ ભારત પ્રાંતમાંથી લગભગ ૧૯ જેટલા સમાચારપત્રો પ્રગટ થતા હતા. જેમાં દૈનિક, દ્વિસાપ્તાહિક, ત્રિ–સાપ્તાહિક, સાપ્તાહિક વગેરેનો સમાવેશ થતો હતો.

સરેરાશ સમાચારપત્રોનો વિષય અત્યાર સુધી જાહેર ખબરો, વ્યાપારલક્ષી જાહેરાતો, તેમ જ થોડીઘણી માત્રામાં જ જનજીવનના સમાચાર પૂરતો મર્યાદિત રહ્યો હતો. મુંબઈમાં અંગ્રેજ અને દેશી વેપારીઓએ ઈ.સ. ૧૮૩૬માં 'ધી બોમ્બે ટાઈમ્સ એન્ડ જર્નલ ઓફ કોમર્સ' નામના સમાચારપત્રનો આરંભ કર્યો હતો. જેના પ્રથમ તંત્રી ડૉ. જે. ઈ. બ્રેનાન હતા. ઈ.સ. ૧૮૬૨માં તેનું નામ 'ધી ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' કરવામાં આવ્યું.

ઈ.સ. ૧૮૫૭ના વિપ્લવના કારણે સમાચારપત્રો ઉપર પણ અંગ્રેજોની તરાપ આવી. અલબત્ત, અંગ્રેજો સંચાલિત સમાચારપત્રોને કોઈ આંચ આવી નહિ. પરંતુ, હિન્દુસ્તાની સાહસિકો જે સમાચારપત્રો કાઢતા હતા તેને સહન કરવાનું આવ્યું. પ્રેસ સેન્સરશીપમાં સમાચારપત્રોની નોંધણી, પરવાના પદ્ધતિ, પ્રતિબંધોની લાંબી યાદી ભૂલચૂક થાય તો એ અપરાધ બદલ દંડનીય કાર્યવાહી લાદવામાં આવી. નવો કાયદો

ઈ.સ. ૧૮૨૩ના એડમ રેગ્યુલેશન્સની જાણે નવી આવૃત્તિ જેવો જ બની રહ્યો. ઈ.સ. ૧૮૬૭માં નવો પ્રેસ એકટ આવી ગયો. જેમાં સમાચારપત્રના મુદ્ર પ્રકાશકના નામ છાપવાનું પહેલીવાર ફરજિયાત બનાવાયું હતું.

રાષ્ટ્રીય સ્તરે જોવામાં આવે તો ઈ.સ. ૧૮૬૫માં અલ્હાબાદની 'પાયોનિયર' નો આરંભ થયો. ઈ.સ. ૧૮૬૮માં કોલકાતાથી બંગાળી ભાષામાં 'અમૃત બઝાર પત્રિકા' સમાચારપત્રની શરૂઆત થઈ હતી. જો કે એપ્રિલ, ૧૮૭૪થી આ સમાચારપત્ર બંગાળીના બદલે અંગ્રેજી ભાષામાં નીકળવા માં ુ. કોલકાતાથી જ ઈ.સ. ૧૮૭૫માં સરકારી નોકરી છોડીને રોબર્ટ નાઈટે 'સ્ટેટમેન' નામના અંગ્રેજી સમાચારપત્રનો આરંભ કર્યો. આ બધાં સમાચારપત્રો આજે પણ ચાલે છે.

ગુજરાતી પત્રકારત્વના બે સદી જૂના ઉજ્જવળ ઇતિહાસના મધ્યભાગમાં ઈ.સ. ૧૮૮૦ થી ૧૯૧૯નો ગાળો ગણાવી શકાય. તા. ૬–૬–૧૮૮૦ના રોજ 'ગુજરાતી' સમાચારપત્રનો પ્રથમ અંક બજારમાં આવ્યો. કવિશ્રી નર્મદાશંકરે (કવિ નર્મદે) આ સમાચારપત્રનું નામકરણ કરી આપ્યું હતું. તેના સંચાલન માટે મુંબઈના શેઠ સર મંગળદાસ નથ્થુભાઈ એ સુરતથી ઈચ્છારામ દેસાઈને મુંબઈ બોલાવ્યા હતા. 'ગુજરાતી' એટલા માટે શરૂ કરવામાં આવ્યું હતું કે, તત્કાલીન સમયે નીકળતાં સાત સમાચારપત્રોના માલિક સંચાલક પારસી જ હતા. અને સાતમાંથી છ વૃત્તપત્રો માત્ર પારસી સમાજના અને ધર્મને લાગતા સમાચાર, લેખો, લખાણો જ પ્રગટ કરતા હતા. પારસી રંગે રંગાયેલા છ વૃત્તપત્રોમાં 'મુંબઈ સમાચાર', 'જામે જમશેદ', 'સત્યમિત્ર', 'અખબારે સોદાગર', 'યઝદાં પરસ્ત' અને 'લોકમિત્ર'નો સમાવેશ થાય છે. એક માત્ર 'રાસ્ત ગોફતાર' જ પારસીધર્મ અને સમાજ ઉપરાંત રાજકીય ગતિવિધિને લગતા સમાચારો તેમ જ હિન્દુ ધર્મના હિન્દુ સમાજના લખાણો સમાચારો વગેરે પ્રગટ કરતું

હતું. આ સંજોગોમાં હિન્દુ ગુજરાતી વૃત્તપત્રની ખોટ વર્તાતી હતી, કે જે હિન્દુ સમાજની લાગણીને વાચા આપે. આ પરિસ્થિતિમાં 'ગુજરાતી'નો આરંભ થયો હતો. જે સાપ્તાહિકરૂપે નીકળતું હતું.

'ગુજરાતી' સાપ્તાહિક હિન્દની સર્વપ્રથમ 'રાષ્ટ્રીય મહાસભા' મુંબઈમાં બોલાવવામાં નિમિત્ત બન્યું હતું. જે મહાસભા પાછળથી 'ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ'માં ફેરવાઈ ગઈ. સમાજ કલ્યાણ, સમાજ સુધારા, સ્ત્રી કેળવણી વગેરે ક્ષેત્રે સુધારાવાદ લાવવામાં 'ગુજરાતી'નો મોટો ફાળો છે. ગુજરાતી સાહિત્યને સમાચાર–પત્રોમાં સૌપ્રથમ સ્થાન 'ગુજરાતી'એ આપ્યું. જાણીતા નવલકથાકાર કનૈયાલાલ માણેકલાલ મુનશીએ 'ગુજરાતી' મારફતે સમાચારપત્રોમાં ધારાવાહી નવલકથા ચલાવવાનો પાયો નાખ્યો હતો.

ગુજરાતી સમાચારપત્રો બે સદી જૂના ઇતિહાસનો ત્રીજો તબક્કો વીસમી સદી (૧૯૦૦)ના આરંભથી વીસમી સદી (ઈ.સ. ૨૦૦૦)ના અંત સુધીનો ગણાવી શકાય. વીસમી સદીના આરંભથી જ ગુજરાતી સમાચારપત્રોએ રાજકારણમાં અને ખાસ કરીને સ્વાતંત્ર્યસંગ્રામની ચળવળમાં પહેલાં કરતાં વધુ રસ લેવા માં ો હતો. હિંદની રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)ને પણ સમાચારપત્રોમાં વધુ સ્થાન મળતું ગયું. સમાજસેવી ઈન્દુલાલ યાજ્ઞિકે શરૂ કરેલા 'નવજીવન' માસિકનું તંત્રીપદ ઈ.સ. ૧૯૧૯માં ગાંધીજીએ સંભાળી લીધું અને તેને સાપ્તાહિક બનાવી દીધું. મુખ્યત્વે સમાચાર અને વિચારનું વહન કરવાની સમાચારપત્રની મૌલિક જવાબદારી રહે છે. જેને 'નવજીવન' સાપ્તાહિકે સારી રીતે નિભાવી.

ગાંધીજીએ આ સમાચારપત્ર દ્વારા સત્ય, અહિંસા, સ્વદેશી, સ્વરાજ્ય અને એકતાનો સંદેશ વહેતો મૂક્યો. જેને દેશવાસીઓએ ઝીલી લીધો. રાજકીય ઉથલ–

પાથલોના કારણે ઈ.સ. ૧૯૩૨માં ‘નવજીવન’ બંધ પ ું. ફરી ‘હરિજનબંધુ’ના નામે તેનો પુનઃ આરંભ થયો. દરમિયાન ‘હરિજન’ અને ‘હરિજનસેવક’ નામના સમાચારપત્રો પણ ગાંધીજીની પ્રેરણાથી શરૂ થયા. ઈ.સ. ૧૯૪૦–૪૫ના અરસામાં આ પ્રકાશનો બંધ થયાં. ઈ.સ. ૧૯૪૬થી ત્રણેય હરિજનપત્રો ચાલુ થયા. તા. ૩૦–૧–૧૯૪૮ના રોજ થયેલા ગાંધીજીના નિધન બાદ પુનઃ આ પ્રકાશનો મોકૂફ રહ્યા ને બે માસ બાદ એપ્રિલમાં કિશોરલાલ ઘનશ્યામદાસ મશરૂવાળાએ આ સમાચારપત્રો શરૂ કર્યા હતા. પરંતુ, વખત જતાં એ ઉદ્યમ બંધ જ થયો.

રાણપુર–કાઠિયાવાડમાંથી સપ્ટેમ્બર, ૧૯૨૧માં ‘સૌરાષ્ટ્ર’ નામના સમાચાર–પત્રનો આરંભ થયો હતો. કમનસીબે તે ૧૯૩૦માં બંધ પ ું. પરંતુ તેના થકી થયેલી દેશસેવા – સમાજસેવાની નોંધ બચુભાઈ રાવતે જુલાઈ ૧૯૪૦ના ‘રેખા’ના અંકમાં લીધી છે. “‘સૌરાષ્ટ્ર’ના સૂત્રધારો અમૃતલાલ દલપતભાઈ શેઠ, ઝવેરચંદ મેઘાણી અને ક્કલભાઈ કોઠારી હતા. દરમિયાનમાં ક્કલભાઈ કોઠારીએ અમદાવાદ આવીને, ઈ.સ. ૧૯૩૬થી ‘નવસૌરાષ્ટ્ર’ સાપ્તાહિક અને ‘પ્રભાત’ દૈનિકનો આરંભ કયો. ‘નવસૌરાષ્ટ્ર’ તો પછી બંધ પ ું પણ ‘પ્રભાત’ દૈનિક આજે પણ ઈ.સ. ૧૯૩૬થી નિયમિતરૂપ ચાલી રહ્યું છે. ૧૯૩૦માં ‘સૌરાષ્ટ્ર’ બંધ પ ા બાદ અમૃતલાલ શેઠ રાણપુર છોડીને મુંબઈ ગયા. ઈ.સ. ૧૯૩૪માં તેમણે ‘જન્મભૂમિ’ દૈનિકની શરૂઆત કરી. ૧૯૪૦માં તંત્રીપદ છોડીને તેઓ વહાણવટાના ક્ષેત્રમાં પ ા, અને વિદેશ ઉપડી ગયા. તેમના અનુગામી તંત્રી શામળદાસ ગાંધી બન્યા હતા. એક વર્ષ બાદ પાછા ફર્યા બાદ ૧૯૪૧માં અમૃતલાલ શેઠ ફરી ‘જન્મભૂમિ’ના તંત્રી બન્યા. શામળદાસ ગાંધીએ મતભેદ ઊભો થતાં નવું દૈનિક ‘વંદેમાતરમ્’ શરૂ કર્યું.”[૧૦]

ગુજરાતી પત્રકારત્વનો ઇતિહાસ બે સદીથીય જૂનો છે. વિજ્ઞાન અને ટેક્નોલોજી આગળ વધે એમ પ્રચાર–પ્રસારનાં નવાં માધ્યમો–સાધનો આવે તેમ છતાં દૈનિકપત્રોનું સ્થાન ડગ્યું નથી. રેડિયોનું પ્રચલન વધ્યું ત્યારે સહુને એમ હતું કે હવે દૈનિકપત્રો કોણ વાંચશે ? પણ, એ સવાલનો છેદ ઊડી ગયો. ટેલિવિઝન યુગ આવ્યો ત્યારે પણ આ પ્રકારનો સવાલ ઊભો થયો હતો. છતાં દૈનિકપત્રોનું સ્થાન જેમનું તેમ છે, બલકે એનો ફેલાવો વસતિ વધારાની જેમ અને એની સાથે સાથે જ વધતો રહ્યો છે તથા નવા નવા દૈનિકપત્રો પણ પ્રગટવા માં ા છે. કાળક્રમે કદાચ દૈનિકપત્રોનું કદ, સ્વરૂપ બદલાય એમ બને, પણ એની મહત્તામાં કદીય ઓટ આવશે નહિ એમ જણાય છે.

આજે આટઆટલી સેટેલાઈટ ચેનલો અસ્તિત્વ ધરાવે છે, અને બનાવ–ઘટનાનું જીવંત પ્રસારણ આપે છે, છતાં વાચક માટે દૈનિપત્ર પોતીકું અને સગવડભર્યું છે. એને ગમે ત્યાં, ગમે ત્યારે વાંચી શકાય અને વાળીને મૂકી શકાય છે. ન્યૂઝચેનલો ઉપર રજૂ થઈ ગયેલા આજના સમાચાર આવતીકાલે સવારે વાચકના હાથમાં જનાર દૈનિકપત્ર માટે 'વાસી સમાચાર' ગણાય, એ જોઈ–પારખીને જ દૈનિપત્રના સંવાહક–સંપાદકે માત્ર સમાચાર જ નહિ, એ સમાચારથીય વિશેય સામગ્રી આપવાની જવાબદારી વહન કરવાની આવે છે.

આ સ્થિતિ જ દૈનિકપત્રોમાં સમાચાર આધારિત લેખો, કટારો સહિત સમસામયિક વિષયોની પૂર્તિઓ આપવા માટે નિમિત્ત – કારણભૂત છે, એમ કહી શકાય. પાછલાં વર્ષોમાં પૂર્તિઓનો સામયિકપ્રવાહ વધ્યો છે, કારણ કે ન્યૂઝ ચેનલો ઉપર સમાચાર તો ફલેશ (ઝબકાર) થઈને ચમકી જાય છે, પણ એ સમાચાર સર્જાવા પાછળનાં પરિબળો – કારણોનું વિગતે વિશ્લેષણ અને અવલોકન દૈનિકપત્રો અને તેની પૂર્તિઓ

એ આપવાનું સ્વીકાર્યું છે. આ રીતે ન્યૂઝ ચેનલોથી કંઈક જુદા – અલગ રહેવાનો ઉપક્રમ પણ ખરો. વળી, કોઈ વિશેષ સમાચાર – ઘટનાનું કવરેજ ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં સાચવી રાખવાનું મન હોય તો દૈનિકપત્રના પાનાંથી બીજું રૂડું શું ?

ટૂંકમાં, આ સંદર્ભ ગ્રંથમાં ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસની રૂપરેખા સાથે ગુજરાતના જુદા જુદા શહેરો અને મુંબઈથી પ્રગટ થતા એવા ઘણા સામયિકો અને વર્તમાનપત્રોને અહીં રજૂ કર્યા છે. એમાં અંતે તો સમૂહ માધ્યમોના વિકાસ પ્રવાહમાં દૈનિકપત્રોનો વિજય જ છે એ સ્પષ્ટ થયા વિના ન રહે.

“આ વર્ષો ગુજરાતી પત્રકારત્વમાં નોંધપાત્ર ફેરફારોના છે. આધુનિક યંત્રો દ્વારા છપાઈ અને ઉત્પાદનની હરણફાળ ભરવામાં આવી. ગુજરાત સમાચાર, સંદેશ, દિવ્ય ભાસ્કર તથા ગુજરાતમિત્ર આ ચાર અધિક વાચક સંખ્યા ધરાવતાં પ્રાદેશિક અખબારો છે. તેથી ગુજરાતના અન્ય વિસ્તારોમાં તેની સ્થાનિક આવૃત્તિઓ પ્રકાશિત થાય છે. સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર અને દક્ષિણ ગુજરાતનાં પોતાનાં વિસ્તારનાં અખબારો પણ ટકી રહ્યાં છે. તેમાં ગુજરાતમિત્ર (સુરત), ફૂલછાબ (રાજકોટ), અકિલા (રાજકોટ), કચ્છમિત્ર (ભૂજ), કચ્છ ઉદય (ભૂજ–ગાંધીધામ), નોબત (જામનગર), આજકાલ (રાજકોટ), જયહિંદ (રાજકોટ–અમદાવાદ), સૌરાષ્ટ્રભૂમિ (જૂનાગઢ), નયા પડકાર (આણંદ), સૌરાષ્ટ્ર સમાચાર (ભાવનગર) સાંજ સમાચાર મુખ્ય છે. આ ઉપરાંત સાપ્તાહિકોની સંખ્યા પણ ઘણી મોટી છે. આમાંના મોટા ભાગનાં સમાચારલક્ષી છે તો કેટલાંક વિચારપત્રો છે. સાહિત્ય અને અન્ય સ્વરૂપોની સામગ્રી પૂરી પાડતાં સામયિકો પ્રકાશિત થાય છે, કેટલાંક બંધ પણ થયાં છે. અખંડ આનંદ, જનકલ્યાણ અને નવચેતન લાંબા સમયથી પ્રકાશિત થઈ રહેલાં જીવનલક્ષી સામયિકો છે.”[૧૧]

કેટલાંક સામયિકો ગામડાંમાંથી પ્રકાશિત થાય છે. જુદી જુદી સંસ્થાઓનાં મુખપત્રો પણ મર્યાદિત સમાચાર અને ઘટનાઓ પૂરાં પાડે છે. મુખ્યત્વે આ પ્રકાશનો ગુજરાતીમાં છે.

“ગુજરાતી પત્રકારત્વને એક તરફ બજારવાદના આકષર્ણો તરફ દોરી રહ્યો છે તો બીજી તરફ સમાજ, અર્થકારણ, શિક્ષણ અને એકંદરે સંસદીય લોકશાહી સાથેનાં સાર્વજનિક જીવનના વિવિધ પ્રવાહોની પ્રસ્તુતિ તેમજ વિશ્લેષણનો રસ્તો પણ પત્રકારત્વે લીધો છે. ભારતીય પત્રકારત્વના પરિપ્રેક્ષ્યમાં આ મુદ્દો ચર્ચવા જેવો છે. કારણ કે આ સ્થિતિ જ આગામી ૫૦ વર્ષોની આધારશિલા બનવાની છે. વિજ્ઞાન, ટેક્નોલોજી અને બજારનીતિની દૃષ્ટિએ વીસમી સદીથી તદ્દન અલગ સ્વરૂપે આ સમયનો અનુભવ થઈ રહ્યો છે. તેનો ધસમસાટ રોકી શકાય એવો કોઈ વિશાળ બંધ (ડેમ) કે દિવાલ દૃષ્ટિગોચર થતાં નથી. શબ્દને કેન્દ્રમાં રાખીને, તેના મુદ્રિત કે દૃશ્ય–શ્રાવ્ય શબ્દોના માધ્યમથી પત્રકારત્વનો રથ કઈ દિશામાં દોડશે ? તેનો સારથી વાચક, પત્રકાર કે ઉદ્યોગપતિ – કોણ રહેશે ? તેની આ સમુહ માધ્યમયાત્રા સહજ સરળ રહેવાની કે ઉબડખાબડ જમીન પર દોડવું પડશે ?”[૧૨]

આજે આપણા હાથમાં, સવારે જે અખબાર વાંચવા મળે છે, ફેરિયો કારણવસાત્ ન નાખી ગયો હોય તો દિવસ બગડે અથવા ટીવીની ન્યૂઝ ચેનલ જોવી પડે તે ‘મુદ્રિત માધ્યમ’ની ખરેખરી સ્થિતિ શી છે ? કોણ તેનું પ્રકાશન કરે છે ? કોણ તેનો વાચક છે ?

“એક સમય એવો હતો કે વ્યક્તિગત ધોરણે ચાલતાં અખબારોનો યુગ હતો. સ્વતંત્રતા અને સમાજસુધારા જેવા હેતુ સાથે પ્રકાશિત થતાં એ અખબારોના તંત્રીઓ ગાંધીજી, હોર્નિમેન, લોકમાન્ય ટિળક, અરવિંદ ઘોષ, બ્રહ્મબાંધવ ઉપાધ્યાય, બિપીનચંદ્ર

પાલ, લાલા લજપતરાય, પંડિત શ્યામજી કૃષ્ણવર્મા, લાલા હરદયાળ અને સુભાષચંદ્ર બોઝ જેવા રાષ્ટ્રીય નેતાઓ હતા."[૧૩]

સૌ પ્રથમ પત્રકારત્વ ક્ષેત્રમાં પુરુષોનો પગદંડો જામ્યો હતો. મોટા ભાગે આ સાહસિક ક્ષેત્રમાં પુરુષોનું જ સર્વત્ર વર્ચસ્વ રહ્યું હતું. પરંતુ આજના પત્રકારત્વ પર નજર નાંખતા ખ્યાલ આવશે કે મહિલા પત્રકારો પણ આ ક્ષેત્રમાં મોટાભાગે જોડાયેલી છે અને પોતાની કામગીરી ખૂબ સારી રીતે બજાવી રહી છે. આમ, પત્રકારત્વ ક્ષેત્ર પુરુષો પુરતા સીમિત ન રહેતાં મહિલાઓ માટે પણ વિસ્તાર પામ્યું છે.

પત્રકારત્વ ક્ષેત્રમાં મહિલાના આગમનને આવકાર મળ્યો સાથે સાથે આધુનિક ટેક્નોલોજીએ પણ પોતાનું સ્થાન જમાવ્યું છે અને એને કારણે પત્રકારત્વનો વિકાસ ખૂબ ઝડપી બન્યો છે. અને પત્રકારત્વનો વિસ્તાર પણ ખૂબ જ વધ્યો છે. કારણ કે આધુનિક ટેકનોલોજીને કારણે સમાચારો એક જગ્યાએથી બીજી જગ્યાએ ખૂબ જ ઝડપથી પહોંચાડી શકાય છે. અને એને કારણે સમાચારપત્રોની સંખ્યામાં પણ વધારો થયો છે. અને તેના વાચકોની સંખ્યામાં પણ વધારો થયો છે.

આધુનિક ટેક્નોલોજીના વિકાસની સાથે સમૂહ માધ્યમોનો વિકાસ પણ ઝડપી બન્યો છે. આધુનિક યંત્રોએ પોતપોતાનું સ્થાન લેતાં એવું લાગતું હતું કે સમાચારપત્રોનો યુગ આથમી જશે. પરંતુ આવા યાંત્રિકીકરણ વચ્ચે પણ અખબારોએ પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. અને તેનો વાચકવર્ગ પણ દિવસે ને દિવસે વધતો રહ્યો છે. એ જ તેની સૌથી મોટી સફળતા છે.

આમ, પત્રકારત્વની આજ તો ખૂબ જ ઊજળી છે અને આવતીકાલ પણ તેનાથી વધારે ઊજળી બનશે એવી આશા રાખીએ છીએ. કારણ કે સમાચારો આધુનિક યંત્રોને

કારણે લોકો સુધી ઝડપથી પહોંચી રહ્યા છે અને યાંત્રિકીકરણમાં દિવસે ને દિવસે વધુ વિકાસ થઈ રહ્યો છે. એને જોતાં તેની આવતીકાલ આજ કરતાં પણ વધારે ઊજળી હશે એવું માનવું કશુ અતિશયોક્તિ ભર્યું નથી.

## ૮.૩ પત્રકારત્વની આવતી કાલ :

"આજના આંકડાઓના આધારે આપણા પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની આજની તસવીર મેળવી લીધા પછી મોટો પ્રશ્નાર્થ વિચારવાનો છે કે બજારવાદના આ ધસમસતા યુગમાં અખબારો તેની પ્રસ્તુતિ, તેના પત્રકારો, તેના માલિકો અને સમાજ : આ બધા વચ્ચેનો સંબંધ કેવો છે ? એટલું તો નક્કી છે કે વિજ્ઞાન અને ટેક્નોલોજીએ અખબારી માધ્યમોને વધુ સરળ બનાવ્યાં છે; 'માહિતીનો નાયગરા' એ આજની વિશેષતા છે. વાચક–દર્શકને પ્રત્યેક મિનિટે દુનિયાના કોઈપણ ખૂણે સર્જાતી ઘટના અને તે વિશેનું વિશ્લેષણ મળે છે. વિશ્વ એક દડા જેવું બન્યું એમ વારંવાર કહેવામાં આવે છે. તેની સાથે મજાકમાં એવું પણ કહેવાયું છે કે તે આપણી ફૂટબોલની રમત જેવું નાદાર તો નથી બની ગયું ને ?"[૧૪]

સમાજશાસ્ત્રી અને ચિંતકોનો એક વર્ગ એવું માનતો થયો છે કે વિજ્ઞાન અને ટેક્નોલોજી પર આધારિત પત્રકારત્વ અને સમૂહ માધ્યમો બહું બહું તો માહિતી પૂરી પાડી શકે, તે કોઈ સમસ્યાનો ઉકેલ લાવવા જેટલા શક્તિશાળી નથી. એવું હોત તો વિયેતનામ, તિબેટ, ઈરાક, અફઘાનિસ્તાન, શ્રીલંકા જેવા લોહિયાળ પ્રશ્નો ઊભા જ ન થયા હોત અથવા તેનું યોગ્ય શાંતિપૂર્ણ સમાધાન થયું હોત. એવું બન્યું નથી તે પત્રકારત્વમાંથી ઓસરતા સેવાવ્રતી (મિશનરી) ઉત્સાહ અને આદર્શનું તો પરિણામ નથી ને ?

વિશ્વ અને ભારતમાં રાજકીય – સામાજિક લડાઈમાં પત્રકારત્વનું પ્રદાન ભારે મહત્ત્વનું હતું. તેનાં ઉદાહરણો થોડાંક વર્ષો પહેલાંના સમયમાં પ ાં છે. દક્ષિણ આફ્રિકા, પોલેન્ડ, ચેકોસ્લોવેકિયા, હંગેરી, ચિલી, આર્જેન્ટિનામાં પ્રજાકીય સંઘર્ષ દરમિયાન 'સેમિઝદાત' (ભૂગર્ભ પત્રો)ની મહત્ત્વની ભૂમિકા રહેલી. રશિયાનાં આવાં પત્રોની તવારીખ તેમજ સામગ્રી પૂરી પાડતાં પુસ્તકો આજ સુધી પ્રકાશિત થતાં રહ્યાં છે.

એકવીસમી સદીમાં પ્રજાકીય સંઘર્ષની કોઈ જરૂરત નથી રહી એવું તો કોણ કહી શકશે ? વિકાસશીલ દેશોમાં ભ્રષ્ટાચાર, હિંસાચાર અને ગરીબીના પ્રશ્નો વિકરાળ છે. ઉદ્યોગ અને ખેતી વચ્ચે અસમાનતા અને વિસંવાદે રાજકીય–આર્થિક ધરાતલને પણ સંતુલિત રહેવા દીધું નથી. તેમાં વૈશ્વિકરણ અને બજારવાદને કેટલી સીમા સુધી અપનાવવામાં આવે તે પણ મૂંઝવણ ઊભી થઈ. જેમ વિશ્વના તખતા પર મહાસત્તાઓ અને બીજા દેશોની વચ્ચેની અસામાન્ય વિસંવાદી સ્થિતિ એ એક સ્થિતિ છે તો અન્ય દેશો (એશિયા – આફ્રિકા)ની ખાસ આંતરિક સમસ્યાઓને ઉકેલવાનું ગજુ ધરાવતું રાજકીય નેતૃત્વ હોતું નથી. આમાંથી કાચી પાકી લોકશાહી, અર્ધસરમુખત્યારશાહી અને લશ્કરશાહી જેવી સ્થિતિ સર્જાય છે.

આ સંજોગોની અસર પત્રકારત્વ પર ન પડે તો જ નવાઈ ! આવા આંતરિક પડકારને ઝીલવાની ક્ષમતા આજના પત્રકારત્વમાં છે ? 'મિશનરી' (સેવાવ્રતી) પત્રકારત્વ તેનો માત્ર ભૂતકાળ છે અને વ્યાવસાયિક પત્રકારત્વ તેમજ પત્રકારત્વનું ઉદ્યોગ તરીકે અસ્તિત્વ – આ બે બાબતો અનિવાર્યપણે હાજર છે. ઈ.સ. ૧૯૭૫–૭૬ની આંતરિક કટોકટી વખતે પ્રિન્સેસરશીપ લાદવામાં આવી ત્યારે "અખબારોને ખાલી માથું નમાવવા કહ્યું હતું, પણ તેઓ તો ઘૂંટણિયે પડી ગયા !" એવું કહેવામાં આવ્યું અને બ્રિટિશ અખબાર 'ગાર્ડિયન'ના કહેવા મુજબ 'ભારતીય અખબારો જૂની

પુરાણી કે ચિત્ર વિચિત્ર બાબતોનું ગોદામ' બની ગયાં ! તેમાં આશ્વાસન લેવા જેવી બાબત એ હતી કે ૧૦૦ જેટલાં નાનાં અને કેટલાંક જ મોટાં અખબારોએ કટોકટી વિરુદ્ધ લખવાની હિંમત દાખવી હતી. તેના પરિણામો પણ તેમને (જપ્તી, જડતી, 'મીસા' હેઠળ કારાવાસ) ભોગવવાં પ   ાં હતાં."[૧૫]

આ બધું મનુષ્ય જાતિના અસ્તિત્વ અને ભવિષ્ય વિશેનું પુનરાવલોકન છે. સમૂહ માધ્યમો તેનાથી અસ્પૃશ્ય હોવાનું કોઈ કારણ નથી. 'The responsibilities of Journalism' વિષય પરના આંતરરાષ્ટ્રીય મંથનમાં લિઓનાર્ડ સિલ્કે એક મહત્ત્વની વાત કરી છે : "The aim is not just making money, but is also essentially the same as the business of university : TRUTH SEEKING AND TRUTH TELLING !"[૧૬]

ગુજરાતે તો 'સત્ય'ને કેન્દ્રમાં રાખતાં અખબારો કરસનદાસ મૂળજીનું 'સત્યપ્રકાશ', ઈન્દુલાલ યાજ્ઞિકનું 'નવજીવન' અને દાદાભાઈ નવરોજીનું 'રાસ્ત ગોફતાર' (સત્યનો પ્રવક્તા) આપ્યાં; ગુજરાતે જ વિશ્વને ગાંધીજીના 'સત્યાગ્રહ' અને 'સત્યના પ્રયોગો'ની ભેટ આપી છે.

## ✵ પાદટીપ :


૧. ‘પત્રકારત્વ પર્વ’, યાસીન દલાલ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૯, પૃ. ૭૧

૨. એજન, પૃ. ૭૨

૩. એજન, પૃ. ૭૪–૭૫

૪. એજન, પૃ. ૭૭

૫. ‘ગુજરાત શાળાપત્ર’, પુસ્તક–૧૯, મે–૧૮૮૦, અંક–૫, પૃ. ૧૧૦–૧૧૧

૬. ‘પત્રકારત્વ પર્વ’, યાસીન દલાલ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૯, પૃ. ૧૮૪–૧૮૫

૭. એજન, પૃ. ૧૮૫–૧૮૬

૮. ‘ગ્રંથાલયોમાં માહિતી પ્રત્યાયન ટેકનોલોજી’, (સંપા.) મનુભાઈ જી. પટેલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૧, પૃ. ૬૫

૯. એજન, પૃ. ૧૬૮

૧૦. ‘ગુજરાતી દૈનિકપત્રો તાસીર અને તસવીર’, દિનેશ દેસાઈ, ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૦, પૃ. ૧૦૯–૧૧૦

૧૧. ‘સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી પત્રકારત્વ’, વિષ્ણુ પં ા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૦, પૃ. ૧૩૦

૧૨. એજન, પૃ. ૧૩૧

૧૩. ‘સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી પત્રકારત્વ’, વિષ્ણુ પં ı, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૦, પૃ. ૧૩૪

૧૪. એજન, પૃ. ૧૩૭

૧૫. એજન, પૃ. ૧૩૮–૧૩૯

૧૬. એજન, પૃ. ૧૩૯

# સંદર્ભ ગ્રંથ સૂચિ

## [અ] સહાયક – સમીક્ષિત ગ્રંથો :


૧. 'અખબારી ઇતિહાસ' : યાસીન દલાલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૬.

૨. 'અખબારી દુનિયા' : રાજેન્દ્ર દવે, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૦.

૩. 'અગ્રણી અખબારો' : યાસીન દલાલ (સંપા.), પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૦.

૪. 'કલમના સિપાહી' : વિષ્ણુ પંડયા, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૦.

૫. 'ગુજરાત' દીપોત્સવી અંક : વિ. સં. ૨૦૬૦, માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૬. 'ગુજરાતી દૈનિકપત્રો તાસીર અને તસવીર' : દિનેશ દેસાઈ, ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૦.

૭. 'ગુજરાતમિત્ર પરિચય પુસ્તિકા' : સૂર્યકાન્ત શાહ, પરિચય ટ્રસ્ટ, મુંબઈ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૯

૮. ‘ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ જૂનાગઢ જિલ્લો’ : સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૮

૯. ‘ગ્રંથાલયોમાં માહિતી પ્રત્યાયન ટેકનોલોજી’ : મનુભાઈ જી. પટેલ (સંપા.), પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૧

૧૦. ‘પત્રકારત્વનો ઇતિહાસ’ : વિષ્ણુ પંડયા, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૮.

૧૧. ‘પત્રકારત્વ–પર્વ’ : ડૉ. યાસીન દલાલ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૯.

૧૨. ‘પત્રકારત્વના સિદ્ધાંતો’ : ડૉ. યાસીન દલાલ, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, બીજી આવૃત્તિ, ૨૦૦૫

૧૩. ‘પત્રકારત્વ : સિદ્ધાંત અને અધ્યયન’ : ડૉ. ચંદ્રકાન્ત મહેતા, નવભારત સાહિત્ય મંદિર, પ્રથમ પુનર્મુદ્રણ, ૧૯૯૯.

૧૪. ‘પ્રસન્નિકા જ્ઞાનકોશ’ ભાગ–૫ : બંસીધર શુક્લ, અક્ષરા પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૯.

૧૫. ‘પ્રસન્નિકા જ્ઞાનકોશ’ ભાગ–૯ : બંસીધર શુક્લ, અક્ષરા પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૯.

૧૬. ‘માધ્યમ વિમર્સ’ : યાસીન દલાલ, સાહિત્ય સંગમ, સુરત, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૭.

૧૭. ‘વાચકની દીવાદાંડી’ ભાગ–૨ : બી. એમ. પટેલ (સંપા.) સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ., અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૭.

૧૮. ‘સામયિકો સૃષ્ટિ’ : યાસીન દલાલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૦.

૧૯. ‘સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી પત્રકારત્વ’ : વિષ્ણુ પંડયા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૧.

૨૦. ‘સાહિત્ય અને પત્રકારત્વ’ : ડૉ. કુમારપાળ દેસાઈ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૦.

૨૧. ‘સાહિત્યિક પત્રકારત્વ’ : કિશોર વ્યાસ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, બીજી આવૃત્તિ, ૨૦૦૯.

૨૨. ‘સૂરત ઇતિહાસ દર્શન’ ગ્રંથ–૨ : સૂરત મહાનગરપાલિકા, સૂરત, દ્વિતીય આવૃત્તિ, ૨૦૦૪.

૨૩. ‘૨૧મી સદીમાં ગ્રંથાલયોનું ભાવિ’ : મણિભાઈ પ્રજાપતિ (સંપા.), પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૩.

૨૪. ‘૨૦૦૦ મિલેનિયમ ફ્લેશબેક’ : રજની વ્યાસ, અક્ષરા પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૦.

## [બ] વર્તમાનપત્રો અને સામયિકો :

૧. ‘આર્ય ધર્મ પ્રકાશ’ : વેદ ધર્મસભાની કાર્યભાર મંડળી

૨ ‘કચ્છી જૈનમિત્ર’ :

૩. ‘કચ્છ વર્તમાન’ :

૪. ‘કેળવણી’ : પ્રસિદ્ધ કર્તા – છોટાલાલ નરભેરામ ભટ્ટ

૫. ‘ખડાયતા મિત્ર’ : તંત્રી – કેશવલાલ હરગોવિન્દદાસ શેઠ

૬. ‘ખેડા ખેતીવાડીપત્ર’ : ખેતીવાડી ઉત્તેજક મંડળી

૭. ‘ખેડૂત’ : ખેતી સુધારક મંડળી, ભાવનગર

૮. ‘ગુજરાત’ : સાહિત્ય સંસદ : તંત્રી – કનૈયાલાલ માણેકલાલ મુનશી

૯. ‘ગુજરાતમિત્ર’

૧૦. ‘ગુજરાત નીતિ પ્રકાશ’ : ધી વિકટોરીયા પ્રેસમાં કીકાભાઈ પરભુદાસે છાપ્યું, ૧૮૭૦.

૧૧. ‘ગુજરાત શાળાપત્ર’ : વર્નાક્યુલર કૉલેજ, અમદાવાદ

૧૨. ‘ટીકાકાર’ : ૧૮૬૮

૧૩. ‘ડાંડિયો’ : નર્મદ અને સભામંડળ, ૧૮૬૪

૧૪. ‘દેશીમિત્ર’ :

૧૫. ‘ધર્મપ્રકાશ’ : પ્રગટ કરનાર ધર્મસભાના કારભારીઓ, વિ. સં. ૧૯૧૬

૧૬. ‘નવચેતન’ :

૧૭. ‘ફુરસદ’ : ફોર્ટ પ્રીટીંગ પ્રેસ, મુંબઈ

૧૮. ‘બામદાદ’ : મુંબઈ મધે ટામસ ગરેહામે છાપીઉં, ૧૮૫૮

૧૯. ‘બાળોદય’ :

૨૦. ‘બુદ્ધિપ્રકાશ’ : ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ

૨૧. ‘બુદ્ધિપ્રભા’ : પ્રકટ કર્તા – અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ, વ્યવસ્થાપક : શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડિંગ

૨૨. ‘ભટ્ટ ભાસ્કર’ : ધી આર્ય સુધારક પ્રેસ, રાવપુરા, વડોદરા – તંત્રી : પુરૂષોત્તમ શામળદાસ માતરવાળા

૨૩. ‘ભાગ્યોદય’ : અધિપતિ અને પ્રકાશક – જેઠાલાલ દેવશંકર દવે

૨૪. ‘મનોદય’ : ભાઈશંકર જદુરામ, ૧૮૬૦

૨૫. ‘માસિકમિત્ર’ : પ્રગટ કરનાર સરૂપચંદ દલીચંદ, અમદાવાદ, ૧૮૭૧

૨૬. ‘મુંબઈ સમાચાર’ : ફરદુનજી મરઝબાન, ૧૮૨૨

૨૭. ‘મુસાફર’ : અધિપતિ એ. બી. મહેતા, પાયધુણી, મુંબઈ

૨૮. ‘વસંત’ : તંત્રી – આનંદશંકર બાપુભાઈ ધ્રુવ

૨૯. ‘વિદ્યા–વિલાસ’ : સુરત સોદાગર છાપખાનામાં છપાયું

૩૦. ‘વિદ્યામિત્ર’ :

૩૧. ‘વિનોદ’ : પ્રકાશક સુરજરામ ટી. શેઠ

૩૨. ‘વિવેચક’ : તંત્રી – છગનલાલ નારાયણભાઈ મેશ્રી

૩૩. ‘વીસમી સદી’ : અધિપતિ હાજી મહમ્મદ અલારખિઆ શિવજી

૩૪. ‘વિજ્ઞાન વિલાસ’ : પ્રગટ કરનાર વિદ્યા ગુણ પ્રકાશક સભા, રાજકોટ, ૧૮૬૮

૩૫. ‘સમાલોચક’ : તંત્રી – ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી, વ્યવસ્થાપક : એન. એમ. એન્ડ કંપની, મુંબઈ

૩૬. ‘સાબરમતી’ : તંત્રી– ચુનીલાલ પુરૂષોત્તમદાસ બારોટ, ગુજરાત મહાવિદ્યાલય,

૩૭. ‘સેવક’ :

૩૮. ‘સ્ત્રીબોધ’ : પ્રગટ કરનાર સ્ત્રી બોધની સભા

૩૯. ‘સ્ત્રી સુખ દર્પણ’ : તંત્રી – શેઠ દેવચંદ દામજી, વ્યવસ્થાપક : ગુલાબચંદ લલુભાઈ શાહ, ભાવનગર

૪૦. ‘સુખ દુઃખનો સાથી’ : માણેકજી બરજોરજી મીનોચેરહોમજી

૪૧. ‘સુદર્શન’ : તંત્રી – મણિલાલ નભુભાઈ દ્વિવેદી

૪૨. ‘સુબોધ પ્રકાશ’ : સ્વદેશાનુરાગી, ભાવનગર

૪૩. ‘સુંદરી સુબોધ’ : પ્રકાશક – બન્ધુ સમાજ

૪૪. ‘સૌરાષ્ટ્ર દર્પણ’ : પ્રગટ કરનાર – જુનાગઢની જ્ઞાનગ્રાહક સભાના કારભારીઓ, ૧૮૬૩

૪૫. ‘જ્ઞાનદીપક’ :

૪૬. ‘જ્ઞાનવર્ધક’ : ફોર્ટ પ્રીટીંગ પ્રેસ, પારસી બજાર

૪૭. ‘શ્રીમાલી શુભેચ્છક’ : પ્રગટ કરનાર – શ્રીમાલી શુભેચ્છક સભા, જામનગર

૪૮. ‘શ્રી ઋષિ મુખ’ :

૪૯. ‘ત્રિમાસિક ટીકાકાર’ : ફોર્ટ પ્રીટીંગ પ્રેસ, મુંબઈ

૫૦. ‘બુદ્ધિવર્ધક ગ્રંથ’ :

# પરિશિષ્ટ




વિદ્યામિત્ર.
સાંકળીયું.



વિલાસ

VIDNYÁN VILÁS

પુસ્તક ૧. એપ્રિલ ૧૮૯૮.

પ્રગટ કરનાર

વિદ્યા ગુણ પ્રકાશક સભા,

રાજકોટ.

મુંબઈ મધ્યે.

Published by the Vidyâ Guna Prakâsak Society

RAJKOTE.



BUDDHIVARDHAK MAGAZINE.

VOL. 2.

1857

# બુધ્ધિવર્ધક ગ્રંથ.

પુસ્તક ૨ જું

જાનીવારી ૧૮૫૭ થીતે ડિસેંબર સુધી.

પ્રગટ કરનાર બુધ્ધિવર્ધક હિંદુ સભાના

કારભારીઓ.

મુંબઈ મધ્યે

આપએખતાર છાપાખાનામાં

નાહારવાંનજી તથા રૂસ્તમજીએ

છાંપ પી છે.

સને ૧૮૫૭



માસિક મિત્ર.

MONTHLY FRIEND

VOL. I. February 1871 NO. 1

અમદાવાદ

AHMEDABAD.

Printed by Suroopchund Dallichund opposite to Kagdi-Hole near Maneckchoke in Ahmedabad




THE GUTCHI-JAIN MITRA
આદ્ય પ્રેરક,





# ડાંડિયો.

અંક ૭ મો.


ધી કોહીનૂર મીલ્સ કું. લી
એજન્ટસ :- કીલીક ઈન્ડસ્ટ્રીઝ લી. મુંબઈ.


પુસ્તક ૪૭, મું.
बुद्धिप्रकाश.
BUDDHIPRAKASH.
જાનેવારી,
૧૯૦૦.
દોહરો.
જ્ઞાની જ્ઞાન વધારવા, ઉરમાં રાખે આથ;
વિધ વિધ વિષયો વાંચતાં, પ્રકટે બુદ્ધિપ્રકાશ.
છપાવી પ્રસિદ્ધ કરનાર,
गुजरात वर्नाक्युलर सोसाइटी.
અમદાવાદ.
ધી "ગુજરાત ગેઝેટ" પ્રેસમાં
પટેલ સાંકળચંદ કેવળદાસે છાપ્યું.
મૂલ્ય વર્ષ એકના પોસ્ટેજ સાથે રૂ. ૧-૮-૦
છૂટક અંકના ત્રણ આના.



વિજ્ઞાન વિલાસ

VIDNYÁṄ VILÁS.

પુસ્તક ૧. એપ્રિલ ૧૮૬૮. અંક ૧.

વિવિધ જ્ઞાનમાં નિત રમી, પૂરે મનની આશ;
એ આશિષ છે ઉરથકી, બાળ વિજ્ઞાન વિલાસ.

પ્રગટ કરનાર
વિદ્યા ગુણ પ્રકાશક સભા,
રાજકોટ.

મુંબઈ મધ્યે.
યુનિયન પ્રેસમાં ન્હાનાભાઈ રૂસ્તમજી રાણીનાએ છાપ્યું.
કિમ્મત વરસ એકના રૂ ૨.
Published by the Vidyá Gúna Prakasak Society.
RAJKOTE.



# धर्मप्रकाश.

पुस्तक १ संवत १९१५ नो भादरवो अंक २

दोहरो.

[illegible]
[illegible]

प्रगट करनार धर्म सभाना कारभारीओए.

[illegible] छापखानामां
छपायुं

अमदावाद.



# સમાલોચક.

(ત્રૈમાસિક.)

A QUARTERLY REVIEW OF POLITICS SCIENCE, & LITERATURE.

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् ।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥

भगवद्गीता. १७-१५.

પુસ્તક ૩ જું. જાન્યુઆરી ઈ. સ. ૧૮૯૮. અંક ૧.

વિષયદર્શન.


| વિષય | પૃષ્ઠ. |
| --- | --- |
| નવું વર્ષ. ... | ૧ |
| વૈકુંઠવાસી ભારતમાર્તંડ પંડિત શ્રીગટ્ટુલાલજી. ... | ૨ |
| લેખન તથા વાચન (મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી) ... | ૬ |
| ગુજરાતી લેખનપદ્ધતિ અને રા. નરસિંહરાવ ભોળાનાથ (ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી) ... | ૧૨ |
| મહાભાષ્યકાર પતંજલિનું ચરિત (એક ગ્રેજ્યુએટ)... | ૧૮ |
| સંજીવન કે સુધારો? ... | ૨૬ |
| હિંદમાં રેલ્વેસંબંધની રાજ્યનીતિ... | ૩૦ |
| તેરમી નેશનલ કોન્ગ્રેસ. ... | ૩૩ |



તંત્રીઓ. { ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી, બી. એ.
મણિલાલ છબારામ ભટ્ટ.

વ્યવસ્થાપક—એન. એમ. એન્ડ કંપની—મુંબઈ.

મુંબઈ,—નિર્ણયસાગર મુદ્રાલય.

વાર્ષિક લવાજમ પોસ્ટેજ સાથે રૂ. ૧-૮-૦ છુટક અંકની કીમત રૂ. ૦-૬-૦



# સૌરાષ્ટ્ર દર્પણ.

# SAURASHTRA DARPAN.

VOL 1. BOMBAY, JUNE 1863. NO 1.

પુસ્તક ૧. મુંબઈ, જુન ૧૮૬૩. અંક ૧.

श्लोक.

वांछा सज्जनसंगमे परगुणे प्रीति गुंरौ नम्रता
विद्याया व्यसनं स्वयोषिनिरति लोकापवादा द्भयम्
भक्तिः शूलिनि शक्ति रात्मदमने संसर्गमुक्तिः खले
एते येषु वसन्ति निर्मलगुणा स्तेभ्यो नरेभ्यो नमः

પ્રગટ કરનાર.

જુનાગઢની જ્ઞાનગ્રાહક સભાના કારભારીઓ.

મુંબઈ.

ગણપત કૃષ્ણાજીના છાપખાનામાં છાપ્યું છે.

સંવત ૧૯૧૯.

ઈ૦સ૦ ૧૮૬૩.



Reg. No. B. 463

# वसन्त.

इदं सत्यं सर्वेषां भूतानां मध्वस्य सत्यस्य सर्वाणि भूतानि मधु यश्चा-
यमस्मिन्सत्ये तेजोमयोऽमृतमयः पुरुषो यश्चायमध्यात्मं सात्यस्तेजोमयोऽमृतमयः
पुरुषोऽयमेव स योऽयमात्मेदममृतमिदं ब्रह्मेदं सर्वम् ।

उपनिषद्.

सत्यान्न प्रमदितव्यम् । धर्मान्न प्रमदितव्यम् । कुशलान्न प्रमदितव्यम् ।
भूत्यै न प्रमदितव्यम् । स्वाध्यायप्रवचनाभ्यां न प्रमदितव्यम् ।

उपनिषद्.

---

વર્ષ ૭, અંક ૩. [ માસિક. ] ચૈત્ર, સંવત ૧૯૬૪.

---

તન્ત્રી:—પ્રોફેસર આનન્દશંકર બાપુભાઈ ધ્રુવ. એમ. એ; એલ એલ બી.


વિશ્વ વિજ્ઞાની વીણા. ૧૦૫
( રા. રા. નરસિંહરાવ ભોળાનાથ. બી. ઈ. સી. એસ. )
એક નમુનાદાર નિશાળ. ૧૦૬
( વસન્ત–ઑફિસ. )
કીરસે–એ–સંતન ઉપરથી મળતી દલીલ. ૧૧૩
( રા. રા. જમશેદજી દાબજી મોદી. શમ્સુલ ઉલ ઉલ્મા. )
તેજનો ઉદ્યોગ. ૧૨૩
( રા. રા. " સ્વદેશી. " )
... તુવિધા.
( ... " )
ધિ... ૧૪૪
દી...


એત સાધ
પૂરે ધવલતા

ગીત–અમીરસ
શાન્તિમાં એ
ગૂઢ રહી, કંઈ
સુખિયે હવે મૌન



ॐ तत्सत्।

# आर्यधर्मप्रकाश..

ARYA-DHARMA-PRAKASHA.

पुस्तक २९ मुं.] वैशाख, संवत् १९५७ [अंक ७ मो.

श्लोक

बंधुरात्माऽऽत्मनस्तस्य येनात्मैवात्मना जितः।
अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ॥

गीता ६-६

उत्तम औषधनी पेठ परिणामे गुण करनार.

नीति धर्म, तथा व्यवहारसंबंधी बोध आपनार.

अनुक्रमणिका


| विषय | पृष्ठ. |
|---|---|
| १ શુદ્ધવિવાહ | ૧૪૫ |
| ૨ આલોરની શઠીઆખા નાટક | ૧૪૮ |
| ૩ અષ્ટાવક્ર | ૧૫૧ |
| ૪ અમદાવાદમાં ભરાયેલ સનાતન આર્યધર્મ | ૧૫૩ |
| ૫ વ્યાસજીનું વશીકરણ | ૧૫૭ |
| ૬ સદબોધ બ્રહ્મનિષ્ઠ પંડિત જયકૃષ્ણ જીવનરામ | ૧૬૧ |
| ૭ વેદધર્મસભાને મળેલી ભેટ | ૧૬૩ |
| ૮ દેલવાડાનો પત્ર.... | ૧૬૪ |
| ૯ સદુપદેશ પંચશતી | ૧૬૫ |
| ૧૦ સ્વર્ગવાસ | ૧૬૬ |


છપાવી પ્રગટ કરનાર

वेदधर्मसभानी कार्यभारमंडळी

तरफथी

रा. रा. विश्वनाथ वि. प्रभुराम बी. ए.

ભુલેશ્વર, અનંતવાડી.

મુંબઈ

શ્રી "ગોવર્ધન મુદ્રાલય."
સંવત ૧૯૫૭. સન ૧૯૦૧

वर्ष १ नो दोढ रुपियो



# केळवणी.

पुस्तक २१ संवत् १९६५.

प्रसिद्धकर्त्ता

छोटालाल नरभेराम भट्ट.

आचारमां मूकी शकाय तेज शास्त्र सफल छे.

वार्षिक किंमत रु. २ ). पोस्टेज रु. ०–३–०.

छुटक अंकना रु. ०–३–०.

सन १९०९.

वडोदरा

वीरक्षेत्र मुद्रालय प्रिंटिंग प्रेस कंपनी लीमीटेड.

૪૭૫૫૨

# ફુરસદ

પુસ્તક ૧ લું.] આગસ્ટ ૧૮૮૧ [અંક ૧ લો.

## હું પોતે.

પ્રીય વાંચનાર,—

અતિ લાંબા વખતની એક નાપસંદ મરણ સમાન ભયભીત ઉંઘથી બેદાર થાઈ હું પાછું તારી સેવામા હાજર થાઉં છું. મને ખબર નથી કે એ મારી છેલી અવસ્થાને મારે 'મરણ' નું ભય ભરેલું નામ આપવું, કે 'એક લાંબી ઉંઘ' તરીકે તેને ગણવી. પણ આટલુ તો નકકીજ છે કે જે તંદોરસ્ત હાલતમાં એકવાર હું નીભતું અને ટકતું હતુ તે તંદોરસ્ત હાલત ટેકવી રાખવાને મારી અને મને નીભાવનારા મારા જુના માલેક સાહેબોની હરેક કોશેશ છતાં હું તારી તરફની કાંઈ પગભર મદદ વના નિરાશ અને અશકત થઈ પડયું, અને તેવી અશકત હાલતમાં હુબતાં દોલતાં અંતે આનેજ થઈ હું એક લાંબાં વખતની ઉંઘમાં પડયું. પણ આ ઉંઘમાંથી મને બેદાર કરવામાં આવીયું છે, અને એ નવી જાગરૂતાવસ્થામાં નવેસરથી એક નવા સાહયા હેઠલ હું તારી સેવામાં પાછું જીપલાઉં છું. પણ મારી છેલી લાંબી ઉંધને લીધે જો હું તને છેલાં હતી તેવી તંદરોસ્ત હાલતમાં નહી નજરે પડું તો તને નીરાશ થવાની કશી જરૂર નથી. મને માનવાને કારણ છે કે અગરજો તારી તરફથી મને આગલ હતી તેવી મદદ મલતી જશે, અને આ મારો નવો જનમ સફલ કરવા કાજે મને બીજા મારા હીતેચ્છુ નવા મિતરોની નવી મદદ જારી થશે તો મારા નવા માલેક સાહે



Registered No. B 436

# સુન્દરીસુબોધ.

यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः । मनु.

સર્વાંગે સ્ત્રીઓ માટે પ્રકટ થતું માસિક.

પ્રકાશક,

બન્ધુસમાજ.

વિષયસૂચન.

વિષયવિભાગ. લેખક.

કાવ્યકુંજ.

વિવિધ વિહાર.

રમણીમણિમાળા.

વિદ્યાકળા.

વર્તમાનરંગ.

વાર્તાલહરી.

સમયતરંગ.



પુ.૨

# સ્ત્રી બોધ.

"દેશની હાલત શુધારવાની શરવેથી શરશ રીત એ કે માતાઓ ગનાની થાએ એહવું કરવું".

(ને॰ બોનાપારટનું કહેવું.)

પુસતક ૨ જું

જાનેવારીથી—ડીસેમબર ૧૮૫૮ શુધી.

પરગટ કરનાર સ્ત્રી બોધની સભા.

મુંબઈના

કોટમો બાજારગેટ ઈશટરીટ નાં૦ ૬ તથા ૧૧ વાલાં ઘર મધે

દફતર આશકારા છાપખાનામાં છપાઈઊં છે.

૧૮૫૮.

૨૦૧



# ज्ञानदीपक.

**GNYANADIPAK.**

(LAMP OF KNOWLEDGE.)

Vol. 2. SURAT; JANUARY. 1, 1856. No. 1

પુસતક ૨ સુરત; તારીખ ૧ માસ જાનુઆરી, સને ૧૮૫૬. અંક ૧

## GNYANADIPAK.

## ज्ञानदीपक.

*SURAT: January*., 1, 1856.

*To our Readers.*

In the best sense of the term we wish you a happy new year. We wish you prosperity in your secular pursuits. We wish you may profit by the review of your errors and mistakes during the bygone year, and we wish that your minds may be rightly directed to improve the precious time and opportunities which may yet be granted to you.

The past has been an eventful year. War has been raging fearfully in the east and in the west More than six hundred thousand of our fellow beings have fallen its victims, and this may be but the beginning of sorrows. Tyranny and oppression have ripened nations into revolt. Kingdoms are trembling to their foundations, and yet it is a fact most worthy of observation that there has been no check to the onward progress of knowledge. Comparatively little injury has been done to the arts of industry and mercantile interest. Millons are as eagerly and peacefully pursuing their several occupations as if nothing wonderful had happened, and what you should especially notice is that you are participators of these blessings.

You are preserved from the horrors of war. You are protected in your rights and privileges. Every encouragement is afforded you to relinquish what is wrong and to espouse and practise what is right In your civil relations and religious responsibilities no one can disturb you. Here you are free, and I may well add, most highly privileged. But your responsibilities


Circulation rapidly increasing.

Edited by A. B. Mehta, and Narayandas V. Thakker.

Pydooni-Bombay.

# મુસાફર

## ( ટચાક. )

## MUSAFAR (TACHAK.)

પુસ્તક ૨ જું. નવેંબર ૧૯૦૪. અંક ૪ થો.

મુંબઈની પ્રખ્યાત કેંપની કુંપનીએ

મેસર્સ કેંપની કુંપની કોટ—મુંબઈ

" રોઝ ડ્રોપ્સ.

આંખના દરદો માટે

ROSE DROPS FOR EYES

અધિપતિ તથા માલેક. એ. બી. મેહેતા, પાયધુણી—મુંબઈ.

સહાયકારી અધિપતિ:—ઠક્કુર નારાયણદાસ વિસનજી મનુભુજ.

ગુ. વ. સોસાઈટીનું

# મનોદય

પુસ્તક ૧લું. સુરત. તારીખ ૧ લી ફેબ્રુવારી સને ૧૮૫૦ આંક ૨

## આ દેશી લોકોના લગન કરવાના વૃતાંત.

આ દેશીલોકોના લગન કરવાની ચાલ કેટલી એક
અઘટીતછે. તે અનું કરમે લખુંછું.

૧ પેહલી ચાલ કહીછેકે કેટલા એક છોકરાઓનાં
મા બાપ પાંચ કીંવા છ વરસનો છોકરો અને છોકરી એ
ના લગન કરેછે. તે સમયે છોકરાને ઇઆને છોકરીને કા
ઇ પણ સમજ ઓહોતી નથી. કેટલે એક દાહાડે તે છોક
રાં મોહોટાં થાએછે. તેવામાં જો તે છોકરો વિદ્યાએ અ
ને સ્વભાવે સારો નીકલ્યો. અને છોકરીનો સ્વભાવ
પણ તેના પ્રમાણે પ્રમાણિક નીકલ્યો તો ઉભયતાની
વરુ... એક સરખી બનતી આવેછે. ને પરસ્પર પ્રીતિ
એ વિગ... ચીન છોકરો મુર્ખ નીકલ્યો કીંવા ઉભયતા
ના બાપને ... એક સરખી બનતી નહી આવી તો માહો

# ત્રિમાસિક ટિકાકાર.

# TRIMASIK TICAKAR.

પુસ્તક ૧લું.] કાર્તિક, સંવત ૧૯૩૯. [અંક ૧લો.

"But where's the man who counsel can bestow;
Still pleased to teach, and yet not proud to know?,
Unbiased, or by favour, or by spite;
Not dully prepossessed, nor blindly right;
Though learn'd well-bred; and though well-bred sincere;
Modestly bold and humanly severe;
Who to a friend his faults can freely show,
And gladly praise the merit of a foe."

Pope.

## સાંકળિઉં.


૧ આવું ઉગતું વરસ ..... ૧
૨ કુંવારી કન્યા ..... ૩
૩ આપણી પોપટિઓ પ્રતિ ..... ૧૪
૪ ગ્રંથ વિવેચન ..... ૧૯
૫ ચાબુક સોળંકી ..... ૨૫
૬ હિંદુસ્તાનના વાજબી હક ..... ૨૮
૭ હિન્દમાં ચાલતી લડાઈ ..... ૩૦
૮ દેશી આસકાંપર પડતાં મુંઝાણાં .....
૯ જમાનાવાસેની મોકાણ .....
૧૦ નવાં વરસની નવી ભેટ (સમરસ) ..... ૩૪



મુંબઇમધ્યે:

ફોર્ટ પ્રીંટીંગ પ્રેસમાં છાપ્યું છે.

કિંમત વરસે રૂપિઓ એક અગાઉથીજ. પોસ્ટેજ મફત.



VIVECHAK. Reg. N. B. 1067.

# વિવેચક.

स्वाध्यायान्मा प्रमदः

तैत्तिरीय उपनिषद्.

વર્ષ ૧ લું. અંક ૨ જો. [માસિક.] ફેબ્રુઆરી, ઈ. સ. ૧૯૧૩.

તંત્રીઃ- છગનલાલ નારાયણભાઈ મેશ્રી—નડિઆદ.

વિષય દર્શન. પૃષ્ઠ.


૧ સાહિત્યની સામગ્રી (લખનાર–તંત્રી) ... ... ... ... ૩૩
૨ ગુહરાજ્યમાં સ્ત્રી કેળવણીનો પ્રભાવ (લખનાર–રા. સાહિત્ય સેવી) ... ૩૬
૩ દૈવી પુર્વજોને કથન (લખનાર–રા. નર્મદાશંકર પ્રભાશંકર પંડ્યા) ... ૪૧
૪ મુક્તિ માર્ગના બે સોપાન (લખનાર–તંત્રી) ... ... ... ... ૪૩
૫ આહ્લાદ કથા પ્રસંગ (લખનાર–કવિ નર્મદાશંકર કેશવરામ પંડ્યા) ... ૪૫
૬ હિંદુ સંસારમાં વિધવા જીવનની ઉપયોગીતા (લેખક–રા. નર્મદાશંકર પ્રભાશંકર) ૪૬
૭ શાન્તિ સદન ... ... ... ... ... ... ... ૫૨
૮ ગુર્જર ગીરા (લખનાર–રા. નર્મદાશંકર પ્રભાશંકર પંડ્યા) ... ... ૫૭
૯ જીવન–મંત્ર (લખનાર–તંત્રી) ... ... ... ... ... ૫૮
૧૦ નવવિવાહીત મિત્ર ઉપર પત્ર (લખનાર–રા. દુબળ) ... ... ... ૬૦
૧૧ ગુજરાતના છુટા છવાયા ઐતિહાસિક લેખો (લ.–રા. છગનલાલ વિદ્યારામ રાવળ). ૬૧
૧૨ શ્રી કવિ સવરીબાઇ (લખનાર–રા. છગનલાલ વિદ્યારામ રાવળ). ... ૬૩
૧૩ ગરવી ગુજરાત (લખનાર–રા. નર્મદાશંકર પ્રભાશંકર પંડ્યા). ... ... ૬૪


વ્યવસ્થાપકઃ

હીરાભાઈ દાદાભાઈ દેશાઈ.

લાછરસ—(ગુજરાત) આર. એસ. રેલ્વે.

વાર્ષિક લવાજમ પોસ્ટેજ સહીત રૂ. ૧–૮–૦. છુટક નકલના ૦–૪–૦



# સુદર્શન.

(તંત્રી મણિલાલ નભુભાઇ દ્વિવેદી.)

—: (ધર્મ-ગૃહ-રાજ્ય-સાહિત્ય-એમનાં સ્વરૂપ અને સંબંધનો વિચાર) :—

" सत्यं परं धीमहि "—भागवत.

પુસ્તક ૯. અંક ૧. | (માસિક) | ઓક્ટોબર ૧૮૯૮

અનુક્રમ.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| [illegible] ... ... ... ... | ૧ |
| સાહિત્ય. ... ... ... ... | ૧ |
| અનુભવ વાક્ય. ... ... ... | ૩ |
| પદાર્થ વિજ્ઞાન ... ... ... ... | ૪ |
| ગુલાબસિંહ ... ... ... ... | ૧૦ |
| પૂર્વ અને પશ્ચિમ ... ... ... | ૧૫ |
| [illegible] ... ... ... ... | ૧૭ |


નડીઆદ.

"ન્યુ" ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ.



Reg. No.

# सेवक.

વર્ષ ૧ લું.] જાન્યુઆરી ૧૯૧૯. [અંક ૧.

તંત્રી અને પ્રકાશક,

ડાહ્યાભાઈ મનોરદાસ પટેલ.

અમદાવાદ.

I gave a beggar from my little store,
Of well-earned gold. He spent the shining ore,
And came again and yet again, still cold
And hungry as before.

I gave a thought and through that thought of mine
He found himself, the man supreme divine!
Fed, clothed and crowned with blessings manifold
And now he begs no more.

(The Light of Reason. Ella Wheeler Wilcox.)

**વાર્ષિક લવાજમ.**

રૂ. ૨-૦-૦ પોસ્ટેજ સાથે, સર્વ સાધારણ.

રૂ. ૧-૮-૦ „ „ રજીસ્ટર્ડ લાઇબ્રેરીઓ વિગેરે.

છુટક અંકની કિંમત રૂ. ૦-૪-૦.


સુખ દુઃખનો સાથી
આ ચોપાનયું
હર માસની અધવચમાં પ્રગટ થાય છે.
અંક ૧ લો-માસ મે, ૧૮૭૮.
મુંબઈ,
મુંબઈ સમાચાર છાપખાનામાં


વિનોદ

પ્રકાશક સુરજરામ ટી. શેઠ. ગોપીપુરા. સુરત.



विद्या विलास.

VIDIA'VILA'SA

પુસ્તક ૨. ફેબ્રુઆરી ૧૮૭૦ અંક ૨.

दोहरो

सर्व सुधारानुं सदा, विद्या मूळ विशेक
सकळ विलास विषे सरस, विद्या विलास अेक

સુરત મધ્યે

સુરત સોદાગર છાપખાનામાં છપાયું. દરિયા મહેલ.

PRINTED AT THE "SURAT SODAGUR" PRESS, DARIA MEHEL.

(કિંમત રૂ૦ ૦ાા.)



# भट्ट भास्कर.

પુસ્તક ૧ લું. જુન ૧૯૨૦. અંક ૧.

## વિષયદર્શન.


| વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ પ્રાર્થના ... | ... | ૧ |
| ૨ કવિત ... | ... | ૧ |
| ૩ નોંધ ... | તંત્રી ... | ૨ |
| ૪ જ્ઞાતિઓમાં જાગૃતિ | શ્રીમાન્ રાજરત્ન હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા ... | ૪ |
| ૫ આંખ ઉઘાડો! | રા. સીતારામ જે. શર્મા... | ૭ |
| ૬ ગુલસંસ્કાર | રા. " બ્રહ્મભટ્ટ " ... | ૧૨ |
| ૭ કવિ રાવ. | રા. જગજીવનદાસ દયાળજી મોદી... | ૧૪ |
| ૮ ભારતનું ભલું કરવાનો ઉપાય. | ચુનીલાલ પુરૂષોત્તમદાસ બ્રહ્મભટ્ટ... | |
| ૯ ગ્રંથસ્વીકાર.... | ... | ૨૧ |
| ૧૦ બ્રહ્મભટ્ટ છાત્રાલયને મળેલી મદદ.... | ... | ૨૨ |


તંત્રીઃ—

**પુરૂષોત્તમ શામળદાસ માતરવાળા.**

ઓન. જનરલ સેક્રેટરી—**બ્રહ્મભટ્ટ સમાજ** અને છાત્રાલય.

**વડોદરા.**


પ્રકાશકઃ—ધી આર્ય સુધારક પ્રેસ રાવપુરા વડોદરામાં બ્રહ્મભટ્ટ સમાજને માટે મણિભાઈ મથુરભાઈ ગુપ્તે છાપી પ્રસિદ્ધ કર્યું.

તા. ૧૪-૬-૨૦


ગુજરાત નીતિ પ્રકાશ.

GUJARAT NITI PRAKASH.

| | | |
|---|---|---|
| પુ૦ ૧ લું.] | સુરત. ફેબરવારી ૧૮૭૦ | [અંક ૨ જો. |
| VOL. 1. | FEBRUARY. 1870. | No. 2. |

સુરત.

૧૮૭૦.

SURAT.

VICTORIA PRESS.

1870

૪૭૬૪૮

# બાળોદય

હર માસે પ્રગટ થાય છે.

પુસ્તક ૧લું.] સપટેમબર ૧૮૭૭. [અંક ૧લો.

## ઇશ્વર સ્તુતિ.

અભંગ.

વંદુ વિશ્વનાથ, તમારે છે હાથ
શુભ દેની સાથ, દેવ મોરારી-વં૦ ટેક.
શક્તિ તહારી ન્યારી, ગયા જન હારી
તારી બલીહારી, દીન બંધુ-વં. ૧.
અમો નાંહાનાં બાળ, તમો પ્રતીપાળ
શુભ મતી આલ, વિશ્વાધાર-વં૦ ૨.
કૃપાળું કેહેવાયા, દુનિયાંમાં છો ડાહ્યા
કરો અમ પર શાહ્યા, જગદાધાર-વં૦ ૩.
આસરો તમારો, રેહેમ દીલ ધારો
હરનીસ તહારો, માનું ઉપકાર-વં૦ ૪.
તું છે વિશ્વાધાર, સઊનો રખેવાળ
ગરીબ તારાં બાળ, કૃપાસિંધું-વં૦ ૫.


નવચેતન.


ગુજરાત
સાહિત્ય સંસદ તરફથી.
તંત્રી રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી બી. એ. એલ એલ. બી. એડવોકેટ.
લવાજમ હિન્દુસ્તાનમાં રૂ. ૮. દેશાવર રૂ. ૧૦. છૂટક બાર આના.
ઠેકાણું:-ગુજરાત કાર્યાલય હોમજી સ્ટ્રીટ, કોટ. નં. ૧. મુંબાઈ.



# સાબરમતી

नदीमुखेनैव समुद्रमाविशेत्

પુસ્તક ૧, અંક ૧ [ ત્રૈમાસિક ] વર્ષ, સં. ૧૯૭૮


વંદે માતરમ્... ... ... ... ... અધ્યાપક નરહરિભાઈ દ્વા. પરીખ ૧
[illegible] પર ... ... ... '[illegible]' ૨
એ શિક્ષક તે કોણ? ... ... ... શ્રી. [illegible] ૩
નદીમુખેનૈવ સમુદ્રમાવિશેત્ ... ... અધ્યાપક દત્તાત્રેય બા. કાલેલકર ૪
નૂતન પ્રેમ ... ... ... ... શ્રી. [illegible] ૬
કવિ [illegible]નાં કાવ્યો ... ... અધ્યાપક રામનારાયણ વિ. પાઠક ૧૧
ફાગણ ... ... ... ... ... 'વિનોદ' ૧૭
ચાર પ્રકરણી વાર્તા ... ... ... કવિવર રવીન્દ્રનાથ ટાગોર ૧૮
કાવ્યસૃષ્ટિમાં અન્યાય... ... ... શ્રી. ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ ૨૭
નોંધ અને સમાચાર... ... ... તંત્રી [illegible]


તંત્રી

ચુનીલાલ પુરુષોત્તમદાસ બારોટ

ગુજરાત મહાવિદ્યાલય, અમદાવાદ

વાર્ષિક રૂ. ૨) છુટક ચાર આના


Shravika Reg. No. B. 1289.
શ્રી સુખ દર્પણ.
T. J. Patel
તંત્રી, શેઠ દેવચંદ દામજી-કુંડલાકર.
વ્યવસ્થાપક, ગુલાબચંદ લલુભાઈ શાહ-ભાવનગર.



# માસિક મિત્ર.

## MONTHLY FRIEND

VOL 1. February 1871 NO. 1

પુસ્તક ૧ લું. ફેબ્રુઆરી સન ૧૮૭૧ આંક ૧.

દોહરો.

રાજ કાજ વ્યવહારની, વિદ્વાન થાય પવિત્ર.
વધે જ્ઞાન વિદ્યા તણું, ભણતાં માસિક મિત્ર. ૧

અનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| આ ચોપાનીઆ વિશે. | ૧ | મુદત બાબતનો ફેસલો. | ૧૪ |
| ગુજરાતી ભાષાનું વ્યાકરણ. | ૩ | ખોટા શિક્ષા અને મહારાજ. | ૧૬ |
| ભુગોળ અને ઇતિહાસ. | ૪ | સને ૧૮૭૦ નો આક્ટ ૧૪ મો. | ૩૧ |
| ફોજદારી વહિવટ જ્ઞાન. | ૬ | જાણવા જોગ ખબરો. | ૩૯ |
| સરકારી ઠરાવો. | ૭ | માસિક પંચાંગ. | ૪૦ |
| હિંદુઓનાં લગ્ન સબંધી મુકદમો. | ૯ | | |


અમદાવાદ.

માણિકચોકમાં કાગદીઓળની સામે શા૦ હીરાભાઇ પુંજાશાના મકાનમાં
સરૂપચંદ દલીચંદે છાપી પ્રસિદ્ધ કર્યું.

AHMEDABAD.

Printed by Suroopchund Dalichund opposite to Kagdi-Hole near Maneckchoke in Ahmedabad.

કિંમત વરસના રૂ. ૩).


ખેડા ખેતાવાડી પત્ર.
પુસ્તક ૨જું. ડીસેમબર સન ૧૮૭૯ અંક. ૯
અમદાવાદ
ખેતીવાડી ઉત્તેજક મંડળી તરફથી
છાપી પ્રસિદ્ધ કર્યું.



# બામદાદ.

## THE BAMDAD, OR DAWN.

VOLUME I.

FROM JULY 1858 TO JUNE 1859.

પેહેલું પુસ્તક.

જુલાઈ સને ૧૮૫૮ થી તે જુન ૧૮૫૯ સુધી.

મુંબઈ મધે થામસ ગરેહામે છાપીઉં. સને ૧૮૫૯.

BOMBAY:
PRINTED BY T. GRAHAM.

1859.

# ગુજરાતશાળાપત્ર.

## GUJARAT SCHOOL-PAPER:

September 1865.

પુસ્તક ૪ સેપ્ટેમ્બર ૧૮૬૫ અંક ૯

અનુક્રમણિકા. પૃષ્ઠ.

૧ [illegible]
[illegible] ઉમીઆશંકર. ૧૮૫
૨. હિંદુઓ નીચી હાલતમાં
શાથી આવ્યા ૧૮૭
૩ કેળવણી બાબતની ખબર. ૧૯૫
૪ કલ્યાણદાસ કૃત ઓખાહરણ ૧૯૭
૫ સારું ગુજરાતી કોને કહેવું ૧૯૯
૬ ગુજરાતી ભાષાનું વ્યાકરણ ૨૦૧
૭ ગુજરાતી સાતમી ચોપડીની કવિતા. ૨૦૫

Contents. Page.

Lalshunker Oomiashunker ........................ 185
A Senior Normal Scholar what brought about the degeneracy of the Hindoos .................... 187
Educational Intelligence
Okha Haran by Kaliandass ........................ 197
What should be styled good Gujarati............ 199
Thoughts on Gujarati Grammar ................ 101
Poetry in the Gujarati Seventh Book ......... 105

અમદાવાદ વર્નાક્યુલર સોસાઇટી

અમદાવાદ યુનાઈટેડ પ્રિંટિંગ કંપનીના પ્રેસમાં છપાયું.

(મુલ વરસે રૂ ૧)



KNOWLEDGE IS POWER
જ્ઞાનવર્ધક
સાંકળિયું.
નીતિ વિનોદ



सुबोध प्रकाश.

THE

SUBODHA PRAKASH.

VOL. 2. FEBRUARY 1883. No. 2.

પુસ્તક ૨જું માહે ફેબ્રુઆરી સન ૧૮૮૩ અંક ૨જો.

( દર માસની અધવચમાં પ્રગટ થાય છે )

શાર્દુળ વિક્રીડીતવૃત

ધારી ચિત્ત સુનેમ મોંઘી મનને, સંહારી મદ શત્રુને,
ભારી દુઃખ નિવારી કાર્ય અઘને સંહારી સર્વત્રને;
ધિક્કારી કુડને વિચાર્શ વચને સંભારી મૂનેમને,
જારી કાર્ય કરી અધાર્ગ હણવા ધારી વિચારી મને. ૧

પ્રગટ કરનાર.

સ્વદેશાનુરાગી ભાવનગર.

नडीयाद मध्ये

સત્યસાગર પ્રેસમાં છાપ્યુ.

કિંમત આખા વર્સના માત્ર આના પાંચ
ટપાલ ખર્ચ સુધાંત આના આઠ.—


વીસમી સદી
૧૦૮ પાના:
૭૨ ચિત્રો
અને ફોટોથી
ભરપૂર.
છુટક નકલ આના
લવાજમ પોસ્ટેજ સાથે હિંદમાં: વાર્ષિક રૂ. ૬.


તંત્રી અને પ્રકાશક:
કેશવલાલ હરગોવિન્દદાસ શેઠ

# श्रीमाळी शुभेच्छक.

માસિક　　　　　　　　　　　　　ચોપાનીયું.

પુસ્તક ૧ લું.　આસો.　૧૯૪૦　અંક ૧૨ મો.

**श्लोक.**

लक्ष्मीनारायणौदेवौ, नत्वातौप्रार्थयामहे ।
येतुश्रीमालिनस्सर्वे, सुखिनस्संतुसर्वदा ॥

અર્થ—( શ્રીમાળ મહાત્મ્યમાં લખેલા ) અમારા કુળદેવ તથા ઇષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણને નમીને તેઓની પ્રાર્થના કરીએ છીએ જે સર્વે શ્રીમાળીઓ (શ્રીમાળી બ્રાહ્મણ, શ્રીમાળી વાણીઆ, શ્રીમાળી સોની, પોરવાડ તથા ઓસવાળ તેઓ પણ શ્રીમાળી છે) સદા સુખી થજો.

પ્રગટ કરનાર.

**श्रीमाळी शुभेच्छक सभा जामनगर.**

**अमदावादमध्ये.**

મામાની હવેલીમાં યુનાઇટેડ પ્રીન્ટીંગ અને જનરલ એજન્સી કંપની "લિમિટેડ" ના પ્રેસમાં

રણછોડલાલ ગંગારામે છાપી પ્રસિદ્ધ કર્યું.

મૂલ્ય રૂ. ૧) અગાઉથી, ટપાલખરચ સુધાં. નગરના ને અમદાવાદના ગ્રાહકોના બાર આના.


સચિત્ર માસિક
ભાગ્યોદય.
પુ. ૩
સ. ૧૯૧૫-સં ૧૯૭૧
અંક ૨
એપ્રીલ-ચૈત્ર
અધિપતિ અને પ્રકાશક
જેઠાલાલ દેવશંકર દવે.
ભાગ્યોદય ઓફીસ-અમદાવાદ.



Reg. No. B 876

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડિંગના હિતાર્થે પ્રકટ થતું;

# બુદ્ધિપ્રભા.

(THE LIGHT OF REASON.)

सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखम् ॥
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥ १ ॥
नाहं पुद्गलभावानां कर्ता कारयिता न च ॥
नानुमन्तापि चेत्यात्म-ज्ञानवान् लिप्यते कथम् ॥२॥

વર્ષ ૧ લું. તા. ૧૫ મી એપ્રીલ ૧૯૦૯. અંક ૧ લો.

પ્રકટ કર્ત્તા.

અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.

વિષયાનુક્રમણિકા.


| વિષય | પૃષ્ટ. | વિષય | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ ઉપકાર મહિમા. ... | ... ૧ | ૫ સમતા-સુખ. ... | ...૨૦ |
| ૨ માસિકનો ઉદ્દેશ. ... | ... ૨ | ૬ અહિંસા. ... ... | ...૨૪ |
| ૩ જૈનોનું તત્વજ્ઞાન અને નૈતિક સિદ્ધાંતો. ... | ... ૪ | ૭ કર્મોના પૂર્વાપર સંબંધ. | ...૨૭ |
| ૪ શ્રી ગુરૂબોધ. ... | ...૧૩ | ૮ શ્રી જૈન શ્વેતાંબર બોર્ડિંગનો દ્વિતીય વાર્ષિક મેળાવડો.... ... ... | ...૩૧ |


વ્યવસ્થાપક

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડિંગ.

નાગોરીસરાહ-અમદાવાદ.

વાર્ષિક લવાજમ-પોસ્ટેજ સાથે રૂ. ૧-૪-૦.

અમદાવાદ 'સત્યવિજય' પ્રેસમાં ગીરધરલાલ હકમચંદે છાપ્યું.

**: સમાપ્ત :**